
તા. ૧૦/૧૦/૨૦૧૩ હિજરી. ૪/૧૨/૧૪૩૪

પ્રકરણ : ૪

સૂરએ નિસાઅ્

સૂરએ નિસાઅ્ મદની સૂરત છે અને તેમાં ૧૭૦ આયતો અને ૨૪ રુકૂઅ છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧–૨)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

હે લોકો ! પોતાના પરવરદિગારથી ડરતા રહો, જેણે તમને એક જીવ (હઝરત આદમ અલૈ.)થી પેદા કર્યા અને તેમાંથી જ તેમનું જોડું પેદા કર્યું, અને તે બંનેથી ઘણા બધા પુરુષો અને સ્ત્રીઓ ફેલાવી દીધા, અને ડરતા રહો અલ્લાહથી જેના નામ ઉપર પરસ્પર (પોતાના અધિકારોની) માંગણી કરો છો અને સાવચેત રહો સગાંઓ વિશે (સગપણ તોડવાથી બચો); બેશક ! અલ્લાહ તઆલા તમારા ઉપર નિગેહબાન (નજર રાખે) છે. (૧) અને યતીમોને તેમનો માલ આપી દો અને ન બદલો ખરાબને પાક (સારી) વસ્તુથી, અને તેમના માલને પોતાના માલ સાથે (ભેળસેળ કરીને) ન ખાઓ, બેશક ! આ મોટો વબાલ (અપરાધ) છે. (૨)

VISIT…

LANZAROTE Caliente.COM

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરએ આલિ ઈમ્રાનની અંતિમ આયત તકવાના ઉલ્લેખ ઉપર પૂર્ણ થઈ હતી અને આ સૂરતની પણ તકવાના હુકમથી જ શરૂઆત થઈ રહી છે. સૂરએ આલિ ઈમ્રાનમાં અમુક ગઝ્વાત (પવિત્ર યુદ્ધો) અને વિરોધીઓ સાથે વહેવાર કરવાનો ઉલ્લેખ હતો. ઉપરાંત ગઝ્વાતના સંદર્ભમાં ગનીમતનો માલ (વિરોધી સૈન્ય સામે વિજય પછી પ્રાપ્ત થયેલ તેમનો શસ્ત્ર-સરંજામ અને પૂરવઠો) પ્રાપ્ત કરવાના વર્ણનની સાથે-સાથે તેમાં ખયાનત કરવાની નિંદા અને અમુક બીજા હુકમોનું વર્ણન પણ હતું. આ સૂરતની શરૂઆતમાં પોતાના સંબંધીઓથી મેળ-મિલાપ એટલે કે હુકૂકુલ ઈબાદ (બંદાના હકો) સંબંધિત હુકમોનું વર્ણન થયું છે. દાખલા તરીકે યતીમો (અનાથો)ના હકો, સગાં-વહાલાઓ અને પત્નીઓના હકો વગેરે, પરંતુ હકોમાં અમુક તો એવા છે જે ઈસ્લામી શાસન વ્યવસ્થામાં કાયદા-કાનૂનનું સ્વરૂપ ધરાવે છે, એટલે કે આ હકોની અદાયગી કાયદા દ્વારા પણ કરાવી શકાય છે. જેમકે સામાન્ય વહેવારોમાં ખરીદ-વેચાણ, કોન્ટ્રાક્ટ, મજૂરી વગેરે દ્વારા ઉપસ્થિત થનારા હકો, પરસ્પર કરાર દ્વારા અથવા સુલેહ દ્વારા ઉપસ્થિત થનારા હકો વગેરે. આમાં જો કોઈ પક્ષ સામેવાળાના હકો (અધિકારો)ની અદાયગીમાં અડોડાઈ કરે તો શાસન અને કાયદા દ્વારા આવા હકો અપાવી શકાય છે પરંતુ સંતાનો, માતા-પિતા, પતિ-પત્ની, તે યતીમ બાળકો કે, જેઓ પોતાના વાલીપણા હેઠળ હોય, અન્ય સગાં-વહાલા વગેરે આ બધા સગપણમાં દરેક વ્યક્તિના પરસ્પર એકબીજા પર હકો હોય છે તેની અદાયગીનો આધાર સભ્યતા, સન્માન, દિલદારી, હમદર્દી અને હૃદયની સાચી ભાવનાઓ તથા પરસ્પર એકબીજાનું ભલું ઈચ્છવા ઉપર છે. આ એવી બાબતો છે જે કોઈ ત્રાજવામાં તોલી શકાય એમ નથી અને કરારો દ્વારા પણ તેની પૂરેપૂરી અદાયગી કરવી અત્યંત કપરું કામ છે. એટલા માટે તેની અદાયગી માટે અલ્લાહ અને આખિરતના ડર સિવાય કોઈ બીજું માધ્યમ નથી. તે માધ્યમને "તકવા" કહેવામાં આવે છે અને વાસ્તવમાં આ તકવાની શક્તિ હુકૂમત અને કાયદાની શક્તિ કરતાં વધારે મજબૂત છે. એટલા માટે આ સૂરતને તકવાના હુકમથી શરૂ કરવામાં આવી. જેમકે,

يَـٰٓأَيُّهَا النَّاسُ اتَّقُوا رَبَّكُمُ "હે લોકો ! પોતાના પરવરદિગારથી ડરો;" રસૂલે કરીમ ﷺ આ આયતને નિકાહના ખુત્બામાં પઢ્યા કરતા હતા. કદાચ આ જ કારણે નિકાહના ખુત્બામાં આ આયત પઢવી સુન્નત છે. અત્રે આ આયતમાં એક બાબત ધ્યાન ખેંચે છે કે, સંબોધન يَـٰٓأَيُّهَا النَّاسُ (યા અય્યુહન્નાસુ) "હે લોકો" દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં બધા જ મનુષ્યો શામિલ છે; પુરૂષ હોય કે સ્ત્રી ! કુર્આનના નાઝિલ થવાના સમયે હાજર હોય કે હવે પછી કયામત સુધી પેદા થનારા લોકોમાંથી હોય, પછી હુકમ اِتَّقُوا (ઈત્તકૂ) "અલ્લાહથી ડરો" સાથે અલ્લાહ તઆલાના પવિત્ર નામોમાંથી શબ્દ رَبَّ (રબ્બ) "પરવરદિગાર"ને અપનાવવામાં આવ્યો છે, જેનાથી તકવાના હુકમની યોગ્યતા અને હિકમત તરફ પણ ઈશારો થાય છે કે, જે હસ્તી તમારો પાલક-પોષક અને કફીલ છે અને જેની માલિકીપણાની શા'નનો સાક્ષાત્કાર મનુષ્ય પોતાના જીવનની પ્રત્યેક ક્ષણે કરતો રહે છે, તો તેનો વિરોધ કે બગાવત કરવી કેટલી હદે ખતરનાક હશે ?

સાથે સાથે પરવરદિગારે આલમની એક ખાસ શા'નનો પણ અત્રે ઉલ્લેખ થયો છે કે, તેણે પોતાની હિકમત અને રહમતથી આપણ સૌને પૈદા કર્યા, પછી પૈદા કરવાના અને અસ્તિત્વમાં લાવવાના વિવિધ સ્વરૂપો હોઈ શકતા હતા, તેમાંથી એક ખાસ સ્વરૂપ એવું અપનાવવામાં આવ્યું કે બધા મનુષ્યોને એક જ વ્યક્તિ એટલે કે, હઝરત આદમ (અલૈ.) દ્વારા પેદા કરીને સમાનતા અને ભાઈચારાના એક મજબૂત સગપણમાં બાંધી દીધા. અલ્લાહ અને આખિરતના ડર ઉપરાંત ભાઈચારાના આ સગપણનો તકાદો એ છે કે, પરસ્પર હમદર્દી અને એકબીજાની ભલાઈ ચાહવાનો હક અદા કરવામાં આવે અને માનવી પોતાની માનવજાતિમાં કૌમ, જાત-પાત, ઊંચ-નીચ, ભાષા, પ્રદેશ, રંગ વગેરેને શ્રેષ્ઠતા અને નિમ્નતાનો આધાર ન બનાવે. એટલા માટે આ અંગે ફરમાવવામાં આવ્યું,

اَلَّذِىْ خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ وَّخَلَقَ مِنْهَا زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا رِجَالًا كَثِيْرًا وَّنِسَآءً

એટલે કે, "પોતાના તે પરવરદિગારથી ડરો જેણે તમને બધાને એક જ વ્યક્તિ આદમ (અલૈ.)થી એવી રીતે પૈદા કર્યા કે, તેમની પોતાના પત્ની હઝરત હવ્વા (અલૈ.)ને પણ તેમના જ શરીરના એક અવયવમાંથી પેદા કર્યા, પછી આ જોડાં દ્વારા ઘણા બધા પુરુષો અને સ્ત્રીઓ પેદા કર્યા."

મતલબ, આ સંપૂર્ણ આયત તે હુકમોની પ્રસ્તાવના છે, જે આગળ હવે

પછી આ સૂરતમાં આવશે. આ પ્રસ્તાવનામાં એક બાજુ તો પરવરદિગારે આલમના હકો સામે રાખીને તેનો વિરોધ કરવાથી રોકવામાં આવ્યા, બીજી બાજુ સમગ્ર મનુષ્યજાતિને એક પિતાના સંતાનો બતાવીને તેમના દરમિયાન મહોબ્બત, હમદર્દી તથા ભલાઈ ઇચ્છવાની ભાવનાને જાગૃત કરવામાં આવી, જેથી સગાં–સંબંધીઓ, યતીમો અને પતિ–પત્ની વચ્ચે પરસ્પરના હકોની અદાયગી હૃદયપૂર્વક ખુશી–ખુશી થઈ શકે.

ત્યાર બાદ ફરી اِتَّقُوا اللّٰهَ (ઇત્તકુલ્લાહ)નું પુનરાવર્તન કરી એક ખાસ વિષયની જાહેરાત કરી وَاتَّقُوا اللّٰهَ الَّذِىْ تَسَآءَلُوْنَ بِهٖ وَالْاَرْحَامَ એટલે કે, અલ્લાહ તઆલાથી ડરો જેના નામ પર તમે પોતાના અધિકારોની માંગણી કરો છો અને જેની કસમો આપીને અન્યો પાસેથી પોતાનો મતલબ કઢાવો છો. અંતે ફરમાવ્યું, وَالْاَرْحَامَ (વલ અરહામ) એટલે કે, સગાં–વહાલા અને સંબંધીઓ ભલે માતા–પિતા તરફના સગાં હોય કે ફક્ત માં તરફના, તેમની સાર–સંભાળ લેવામાં અને હકોની અદાયગીમાં અડોડાઈ કરવાથી બચો.

બીજી આયતમાં યતીમ બાળકોના હકોની તાકીદ અને તેમના માલની હિફાઝતના હુકમો આવ્યા છે. બંને આયતોની ટૂંકી તફસીર આ પ્રમાણે છે.

તફસીર :

હે લોકો ! પોતાના પવરદિગાર(નો વિરોધ કરવા)થી ડરો, જેણે તમને એક જીવ (એટલે કે હઝરત આદમ અલૈ.)થી પેદા કર્યા (કારણ કે બધા મનુષ્યો તેમની જ ઔલાદ છે) અને તે (જ) જીવમાંથી એક જોડું પેદા કર્યું (એટલે કે એમની પત્ની હવ્વા અલૈ.ને પેદા કર્યા) અને (પછી) તે બંને દ્વારા ઘણા બધા પુરુષો અને સ્ત્રીઓ (દુનિયામાં) ફેલાવી દીધા અને (તમને ફરીવાર તાકીદ માટે કહેવામાં આવે છે કે,) તમે તે અલ્લાહ તઆલાથી ડરો જેના નામથી એકબીજા પાસેથી (પોતાના હકોની) માંગણી કર્યા કરો છો (જે માંગણીનો હેતુ એ હોય છે કે, અલ્લાહ તઆલાથી ડરીને તે મારો હક મને આપી દે બસ, જ્યારે અન્યોને અલ્લાહનો વિરોધ કરવાથી ડરાવો છો તો જાણ થઈ કે, તમે પણ તેનાથી ડરવું જરૂરી સમજો છે, તો તમે પણ ડરો) અને (પ્રથમ તો અલ્લાહ તઆલાના બધા જ હુકમોનો વિરોધ કરવાથી બચવું અને ડરવું આવશ્યક છે પરંતુ આ સ્થળે એક

હુકમ વિશેષ સ્વરૂપે વર્ણન કરવામાં આવે છે કે) સગાં-વહાલા(ના હકો બરબાદ કરવા)થી પણ ડરો, ખરેખર અલ્લાહ તઆલા તમારા સૌ(ની પરિસ્થિતિ)ની ખબર રાખે છે (જો વિરોધ કરશો તો સજાના હકદાર થશો) અને જે બાળકોના પિતા મૃત્યુ પામે તેમનો (મિલકતના હકનો) માલ તેમને પહોંચાડતા રહો. (એટલે કે તેમના ખર્ચમાં જ લગાવતા રહો) અને (જ્યાં સુધી તમારા કબ્જામાં હોય) તમે (તેમના માલમાં ભેળસેળ કરવા માટે તેમની) સારી વસ્તુઓને તમારી ખરાબ વસ્તુઓથી ન બદલી લો. (એટલે કે એવું ન કરો કે તેમની સારી વસ્તુઓ કાઢી લો અને તેના બદલે ખરાબ વસ્તુઓ તેમના માલમાં ભેળસેળ કરી દો) અને તેમનો માલ ન ખાઓ, પોતાનો માલ બાકી રહેવા સુધી (અલબત્ત જ્યારે તમારી પાસે કંઈ ન બચે અને કંઈ જ બાકી ન રહે તો તમારી ખિદમત અને સેવાના બદલા પ્રમાણે ભરણ-પોષણની જરૂરત જેટલો તેમનો માલ લેવો બરાબર છે, જેમકે આગળ આવશે وَمَنْ كَانَ فَقِيْرًا) એવી કાર્યવાહી કરવી (કે ખરાબ વસ્તુ તેમના માલમાં ભેળવી દેવી અથવા આવશ્યકતા વિના તેમના માલથી ફાયદો ઉઠાવવો) મોટો ગુનોહ છે. (જેની ચેતવણી આગળ આવશે اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى.....)

મસ્અલા અને બોધપાઠ :

આ પ્રથમ હુકમ છે, જે પ્રસ્તાવના પછી તરત જ ઇરશાદ ફરમાવવામાં આવ્યો અને બધા જ સગાઈના સંબંધોની દેખરેખ ઉપર આ હુકમ લાગુ પડે છે.

સિલા-રહમી (હમદર્દી અને ઉદારતાનો વર્તાવ) અને તેની ફઝીલતો :

શબ્દ اَرْحَام (અરહામ) એ رَحِم (રહમ)નું બહુવચન છે. રહમ ગર્ભાશયને કહે છે, જ્યાં માતાના પેટમાં બાળક તેના જન્મ પહેલાં રહે છે. એટલા માટે સગાઈનું માધ્યમ આ રહમ (ગર્ભાશય) જ છે, તેથી આ પ્રકારના સંબંધો જાળવી રાખવાને સિલા-રહમી કહે છે, સગાઈના આધારે પ્રાકૃતિક અને સ્વાભાવિક રીતે જે સંબંધો પૈદા થયા છે તેના તરફ બેદરકારી અને નિષ્કાળજીથી વર્તવાને સંબંધો કાપી નાંખવા સમાન ગણવામાં આવે છે.

હદીષ શરીફમાં સિલા-રહમી ઉપર ઘણો ભાર આપવામાં આવ્યો છે. નબીએ કરીમ ﷺનો ઇરશાદ છે,

مَنْ اَحَبَّ اَنْ يُّبْسَطَ لَهٗ فِىْ رِزْقِهٖ وَيُنْسَأُ لَهٗ فِىْ اَثَرِهٖ فَلْيَصِلْ رَحْمَهٗ، (مشكوة، ص۴۱۹)

"જેને એ વાત પસંદ હોય કે તેની રોઝીમાં છૂટછાટ પેદા થાય અને તેની ઉંમર લાંબી થાય તો તેણે સિલા–રહમી કરવી જોઈએ." *(મિશ્કાત, પેજ : ૪૧૯)*

આ હદીષમાં સિલા–રહમીના બે અગત્યના ફાયદાની જાણ થઈ કે, આખિરતનો સવાબ તો છે જ, દુનિયામાં પણ સિલા–રહમીનો લાભ એ છે કે રોઝીની તંગી દૂર થાય છે અને આયુષ્યમાં બરકત થાય છે.

અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺ જ્યારે મદીના શરીફ તશરીફ લાવ્યા અને હું તેમની સેવામાં ઉપસ્થિત થયો, તો તેમણે સૌ પ્રથમ જે મુબારક વાક્યો મારા કાનોમાં પઢ્યા, તે આ હતા. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

يَاۤاَيُّهَا النَّاسُ اَفْشُوا السَّلَامَ وَاَطْعِمُوا الطَّعَامَ وَصِلُوا الْاَرْحَامَ وَصَلُّوْا بِاللَّيْلِ وَالنَّاسُ
يَنَامُ تَدْخُلُوا الْجَنَّةَ بِسَلَامٍ، (مِشْكٰوةُ، ص۱۰۸)

"હે લોકો ! એકબીજાને પુષ્કળ પ્રમાણમાં સલામ કર્યા કરો અને અલ્લાહની ખુશી માટે લોકોને ખાવું ખવડાવ્યા કરો, સિલા–રહમી કર્યા કરો અને એવા સમયમાં નમાઝને પ્રાધાન્ય આપો જ્યારે કે સામાન્ય લોકો ઊંઘના આનંદમાં લીન હોય, યાદ રાખો ! આ કાર્યો ઉપર અમલ કરીને તમે સુરક્ષા અને સલામતી સાથે કોઈપણ પ્રકારની અડચણ વિના જન્નતમાં પહોંચી જશો."

(મિશ્કાત શરીફ – પેજ : ૧૦૮)

એક બીજી હદીષમાં ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત મયમૂના (રદિ.)એ એક લોંડી (બાંદી)ને આઝાદ કરી દીધી હતી, જ્યારે તેમણે નબીએ કરીમ ﷺને આ બાબતની જાણ કરી તો તેમણે ફરમાવ્યું,

لَوْاَعْطَيْتِهَا اَخْوَالَكِ كَانَ اَعْظَمَ لِاَجْرِكِ، (مِشْكٰوةُ، ص۱۷۱)

"જો તમે પોતાના મામાને (તે બાંદી) આપી દીધી હોત તો વધારે સવાબ મળ્યો હોત."

ઈસ્લામમાં ગુલામ બાંદીને આઝાદ કરવાની ઘણી તાકીદ આવેલી છે અને

તેને શ્રેષ્ઠ કૃત્ય ઠરાવવામાં આવ્યું છે, આમ છતાં સિલા-રહમીનો દરજ્જો તેના કરતાં ઉચ્ચ કક્ષાનો સાબિત થાય છે.

આ જ વિષયની એક રિવાયત છે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَلصَّدَقَةُ عَلَى الْمِسْكِيْنِ صَدَقَةٌ وَهِيَ عَلٰى ذِى الرَّحِمِ ثِنْتَانِ، صَدَقَةٌ وَصِلَةٌ،

(مشکوٰۃ، ص ۱۷۱)

"કોઈ મોહતાજની મદદ કરવી ફક્ત સદકહ જ છે અને પોતાના કોઈ સગાં-વહાલાની મદદ કરવી બે (સારી) બાબતો ઉપર આધારિત છે, એક સદકહ અને બીજું સિલા-રહમી." (મિશ્કાત, પેજ : ૧૭૧)

જેના ઉપર ખર્ચ કરવામાં આવે છે તે વ્યક્તિને બદલી નાંખવાથી (એટલે કે પારકાના બદલે પોતીકાને દાન-પુણ્ય માટે પસંદ કરવાથી) બમણો સવાબ મળે છે.

ઉપરોક્ત વર્ણનથી વિપરીત સંબંધો કાપી નાંખવાના સંદર્ભમાં જે અતિભયંકર ચેતવણીઓ હદીષની રિવાયતોમાં વર્ણન થઈ છે તેનો અંદાજો નીચે ઉલ્લેખવામાં આવેલ બે હદીષોથી સારી રીતે થઈ શકે છે. રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

لَا يَدْخُلُ الْجَنَّةَ قَاطِعٌ (مشکوٰۃ، ص ۴۱۹)

"જે વ્યક્તિ સગાં-વહાલાના હકોની પરવા નથી કરતો તે જન્નતમાં નહીં જાય." (મિશ્કાત, પેજ : ૪૧૯)

لَا تُنَزَّلُ الرَّحْمَةُ عَلٰى قَوْمٍ فِيْهِ قَاطِعُ رَحِمٍ، (مشکوٰۃ، ص ۴۲)

"તે કૌમ ઉપર અલ્લાહની રહમત નહીં ઊતરે જેમાં કોઈ સગાઈના સંબંધો તોડનારો મૌજૂદ હોય." (મિશ્કાત, પેજ : ૪૨)

અંતે ફરી દિલોમાં હકો અદા કરવાની ભાવના પૈદા કરવા માટે ફરમાવવામાં આવ્યું, اِنَّ اللّٰهَ كَانَ عَلَيْكُمْ رَقِيْبًا ؕ એટલે કે, "અલ્લાહ તઆલા તમારી દેખરેખ રાખે છે, તે તમારા દિલો અને ઈરાદાઓને (પણ) જાણે છે."

જો ફક્ત સમાજના ડરથી, શરમા-શરમીથી બેદિલીથી સિલા-રહમીનું

કોઈ કામ કરી લીધું, પરંતુ દિલમાં લાગણી અને સેવાની ભાવના કે ઉમળકો નથી, તો તે સ્વીકાર્ય નથી. એટલા માટે અલ્લાહ તઆલાથી ડરવાના કારણની પણ જાણ થઈ કે, દરેક ઉપર હંમેશા નિગેહબાન (દેખરેખ રાખનાર) છે. કુર્આને કરીમની પ્રચલિત શૈલી એવી છે કે, કાનૂનને દુનિયાની હુકૂમતોના કાનૂનની જેમ ફક્ત વર્ણન કરવામાં નથી આવતા, પરંતુ કેળવણીની સાથે-સાથે તે હુકમ ઉપર અમલ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે વર્ણન કરવાની શૈલી એવી અપનાવવામાં આવે છે કે, કાનૂનના વર્ણનની સાથે-સાથે મનુષ્યના ચારિત્ર્ય અને માનસિકતાનું ઘડતર પણ થાય છે.

યતીમોના હકો અને તેમની મિલકતની સુરક્ષા :

પ્રથમ આયતમાં સગાં-વહાલાઓનું રક્ષણ અને તેમના હકો અદા કરવાની તાકીદ કરવામાં આવી હતી. બીજી આયતમાં યતીમોના માલ-મિલકતની સુરક્ષાનો આદેશ અને તેમાં કોઈપણ પ્રકારની અપ્રમાણિકતા કરવાની મનાઈ કરવામાં આવી છે. કારણ કે, યતીમ બાળકોની સાળ-સંભાળ રાખનાર વાલીઓ મોટે-ભાગે તેના કોઈ સગાં-વહાલા જ હોય છે, એટલા માટે તેનો ઉલ્લેખ પણ સગાઈના હકો અદા કરવાના વિષય હેઠળ જ આવે છે.

પ્રથમ વાક્યમાં ઈરશાદ છે, وَاٰتُوا الْيَتٰمٰٓى اَمْوَالَهُمْ જેનો તરજુમો છે કે "યતીમોનો માલ તેમને પહોંચાડી આપો." યતીમનો શાબ્દિક અર્થ "એકલો" અથવા "એક વ્યક્તિ" થાય છે, એટલા માટે જે મોતી છીપમાં એકલું હોય છે તેને "દુર્રે યતીમ" કહેવામાં આવે છે. શરીઅતની પરિભાષામાં જે બાળકના પિતા મરણ પામ્યા હોય તેવા અનાથ બાળકને "યતીમ" કહેવામાં આવે છે અને પ્રાણીઓમાં તેને યતીમ કહેવામાં આવે છે જે બચ્ચાની માં મરી ગઈ હોય. (કામૂસ) બાલિગ (શરીઅત પ્રમાણે પુખ્ત વયનો) થયા પછી શરીઅતની પરિભાષામાં તેને યતીમ કહેવામાં આવશે નહીં, જેમકે એક હદીષ શરીફમાં સ્પષ્ટતા કરવામાં આવી છે, لَا يُتْمَ بَعْدَ احْتِلَامٍ એટલે કે "બાલિગ (શરઈ પુખ્ત વય) થયા પછી યતીમી એટલે કે અનાથપણુ બાકી રહેતું નથી." *(મિશ્કાત, પેજ:૨૮૪)*

યતીમ બાળકોની મિલકતમાં જો કંઈ માલ છે, જે તેને કોઈએ બખ્શિષ આપ્યો છે અથવા કોઈનો વારસો વગેરે તેમને મળ્યો છે, તો તે યતીમના રક્ષણની

સાથે-સાથે તે માલ-મિલકતની હિફાઝત કરવી પણ યતીમના વાલીની જવાબદારી છે. ભલે તે વાલીની નિમણૂક યતીમના મરનાર પિતાએ પોતે કરી હોય અથવા (ઈસ્લામી) સરકાર તરફથી કોઈ વાલી નક્કી કરવામાં આવ્યો હોય, સાથે-સાથે વાલીપણા માટે એ પણ જરૂરી છે કે, યતીમના આવશ્યક ખર્ચાઓ તો તે યતીમના માલમાંથી પૂરા કરવામાં આવે, પરંતુ તે માલ બાલિગ થતા પહેલાં તે યતીમને સોંપવામાં ન આવે. કારણ કે તે નાસમજ બાળક છે, ક્યાંક વેડફી શકે છે. આયતના આ વાક્યમાં જે ઈરશાદ થયો છે કે, યતીમોને માલ પહોંચાડી આપો તેની સ્પષ્ટતા આગળ પાંચમી આયતમાં આવે છે, જેમાં બતાવવામાં આવ્યું છે કે, તેમનો માલ તેમના યોગ્ય સમયે પહોંચાડી આપો જ્યારે કે તમે જોઈ લો કે તે બાલિગ (શરઈ રીતે પુખ્ત વયનો) થઈ ગયો છે અને તેમનામાં નફા અને નુકસાનની તથા સારી અને ખરાબ બાબતોમાં તફાવત કરવાની યોગ્યતા આવી ચૂકી છે.

એટલા માટે આ આયતમાં યતીમોની માલ-મિલકત તેમને પહોંચાડવાનો મતલબ એ છે કે, આ માલનું રક્ષણ કરો, જેથી સમય આવ્યે તે માલ તેમને પહોંચાડી શકાય. તદુપરાંત આ વાક્યમાં એ બાબત તરફ પણ ઈશારો છે કે, યતીમના વાલીની જવાબદારી ફક્ત એટલી જ નથી કે યતીમના માલને તે પોતે ન ખાય અથવા પોતે ન વેડફે બલકે, તેની એ પણ ફરજ છે કે, તેનું રક્ષણ કરે અને તે માલ યતીમના બાલિગ થયા પછી સહી-સલામત તેને મળી જાય એવી વ્યવસ્થા કરે.

બીજા વાક્યમાં ઈરશાદ છે وَلَا تَتَبَدَّلُوا الْخَبِيْثَ بِالطَّيِّبِ એટલે કે, "સારી વસ્તુને ખરાબ વસ્તુથી બદલી ન નાંખો." અમુક લોકો એવું કરતા હતા કે, યતીમના માલનું પ્રમાણ તો સુરક્ષિત રાખતા હતા, પરંતુ તેમાં જે ઉમદા વસ્તુઓ હોય તેને પોતે લઈ લેતા હતા અને પોતાની ખરાબ વસ્તુ તેની જગ્યાએ રાખી દેતા હતા, જેમકે ઉત્તમ કક્ષાની બકરીના બદલે કમજોર અને અશક્ત બકરી યતીમના માલમાં ભેળવી દેતા હતા અથવા રોકડ સાચા સિક્કાઓના બદલામાં ખોટા સિક્કાઓ ભેળવી દેતા હતા. આ બાબત પણ યતીમના માલમાં એક પ્રકારની ખયાનત છે અને શક્ય હતું કે, કોઈ વ્યક્તિની મનેચ્છા (નફ્સ) એવા હિલા કે બહાનાબાજીઓ કરવા લાગે કે, અમે તો તેમનો માલ ખાઈ નથી ગયા પરંતુ માત્ર

બદલ્યો છે. એટલા માટે કુર્આને કરીમે સ્પષ્ટ શબ્દોમાં એની પણ મનાઈ ફરમાવી દીધી. આ મનાઈમાં જે પ્રમાણે એ બાબત પણ સામેલ છે કે પોતે પોતાની ખરાબ વસ્તુ આપીને બદલામાં સારી વસ્તુ ન લઈ લે, એ જ પ્રમાણે એ પણ સામેલ છે કે, કોઈ અન્ય વ્યક્તિ સાથે યતીમની માલ-મિલકતમાંથી એવી વસ્તુની અદલા-બદલી ન કરે કે, જેમાં યતીમ બાળકના માલમાં નુકસાન થાય.

ત્રીજા વાક્યમાં ઈરશાદ થયો وَلَا تَأْكُلُوٓا۟ أَمْوَٰلَهُمْ إِلَىٰٓ أَمْوَٰلِكُمْ એટલે કે, "યતીમોના માલમાં પોતાના માલને ભેળસેળ કરી ખાઈ ન જાઓ." દેખીતું છે કે, અત્રે ભાવાર્થ યતીમોના માલને નાજાઇઝ પદ્ધતિથી ખાઈ જવાની મનાઈ કરવાનો છે, ભલે પોતાનો માલ યતીમના માલમાં ભેળ-સેળ કરીને ખાઈ જાય અથવા અલગ કરીને ખાય, પરંતુ સામાન્ય રીતે એવું જ થાય છે કે, આ યતીમોના માલને પોતાના માલમાં ભેળવી દેવામાં આવે છે અને તેમાંથી પોતે પણ ખાય-પીએ છે અને યતીમોને પણ ખવડાવે છે. આ સ્વરૂપમાં અલગથી હિસાબ ન હોવાના કારણે એક દીનદાર, શરીઅતના પાબંદ વ્યક્તિને પણ એવો ભ્રમ થઈ શકે છે કે તેમાં કોઈ ગુનોહ નથી. એટલા માટે વિશેષ રીતે પોતાના માલની સાથે યતીમોનો માલ ભેળસેળ કરીને ખાવાની મનાઈનો ઉલ્લેખ ચેતવણી સ્વરૂપે કરવામાં આવ્યો છે અને તાકીદ કરી છે કે, યા તો યતીમોની માલ-મિલકત બિલકુલ અલગ રાખો અને અલગથી ખર્ચ કરો અને હિસાબ રાખો, જેથી કોઈ ખયાનતની શંકા ન રહે અથવા જો ભેળવીને ખાઓ તો એવો હિસાબ રાખો કે, જેમાં એ ચોક્કસ વિશ્વાસ રહે કે યતીમનો માલ તમારા અંગત ખર્ચમાં નથી આવ્યો, તેની સ્પષ્ટતા સૂરએ બકરહના ૨૭ નંબરના રુકૂઅમાં આવી ચૂકી છે. وَٱللَّهُ يَعْلَمُ ٱلْمُفْسِدَ مِنَ ٱلْمُصْلِحِ

(સૂરએ બકરહ, આયત : ૨૨૦)

આ વર્ણન કરવાની પદ્ધતિથી એ બાબત પરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે, યતીમોના માલમાં ભેળસેળ કરનારા મોટે-ભાગે એવા લોકો હોય છે, જેમની પાસે પોતાનો માલ પણ ઉપ્લબ્ધ હોય, જેથી આ વિષય દ્વારા તેમને એવું યાદ અપાવાવમાં આવ્યું છે કે, તમારો પોતાનો હલાલ માલ મૌજૂદ હોવા છતાં યતીમોની માલ-મિલકત હરામ પદ્ધતિથી ખાઈ જવી ઘણી જ શરમજનક બાબત છે.

આયતમાં યતીમોનો માલ ખાઈ જવાની મનાઈનું વર્ણન છે, એટલા માટે

માલનો સૌથી મોટો મહત્ત્વનો લાભ ખાઈ જવાની વાત છે, પરંતુ રૂઢિપ્રયોગમાં માલના પ્રત્યેક પ્રકારના દુરૂપયોગને માલ ખાઈ જવાનું કહેવામાં આવે છે. ભલે, તે વાપરવાની પદ્ધતિ ખાવામાં હોય અથવા અન્ય કોઈ ઉપયોગ કરવામાં હોય. કુર્આને કરીમમાં પણ આ રૂઢિપ્રયોગને لَا تَاْكُلُوْا (લા તઅ્કુલૂ) "ખાઓ નહીં" કહેવામાં આવ્યું છે, તેમાં અન્યની માલિકીના પ્રત્યેક પ્રકારના માલમાંથી નાજાઇઝ ખર્ચ કરવાને "માલ ખાઈ જવો" કહેવામાં આવ્યું છે. એટલા માટે યતીમની માલ-મિલકતનો કોઈપણ પ્રકારની પદ્ધતિથી નાજાઇઝ ખર્ચ કરવો હરામ છે.

આયતના છેલ્લા વાક્યમાં ઈરશાદ છે اِنَّهٗ كَانَ حُوْبًا كَبِيْرًا (બેશક ! તે ઘણો જ મોટો ગુનોહ છે) શબ્દ حُوْبٌ (હૂબ) ઇબ્ને અબ્બાસ (રદિ.)ના નિવેદન પ્રમાણે હબશી ભાષાનો શબ્દ છે, તેનો અર્થ "મોટો ગુનોહ" છે. અરબી ભાષામાં પણ આ શબ્દ આ જ અર્થમાં બોલવામાં આવે છે માટે એનો અર્થ એ થયો કે યતીમના માલમાંથી કોઈપણ પ્રકારનો નાજાઇઝ ખર્ચ કરવો ભલે તે સુરક્ષાની ઉણપના કારણે હોય અથવા ખરાબ વસ્તુ સારી વસ્તુ દ્વારા બદલી લેવાના સ્વરૂપમાં હોય અથવા પોતાના માલની સાથે યતીમોના માલમાં ભેળસેળ કરીને ખાઈ જવાના સ્વરૂપમાં હોય, દરેક પરિસ્થિતિમાં આ મોટો ગુનાહ છે અને યતીમના માલને ખાઈ જવાની સખત ચેતવણીઓ આ રુકૂઅ્ના અંતમાં આવી રહી છે.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૩)

وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا فِي الْيَتٰمٰى فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى
وَثُلٰثَ وَرُبٰعَ ۚ فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً اَوْ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ۭ ذٰلِكَ
اَدْنٰٓى اَلَّا تَعُوْلُوْا ۝۳

તરજુમો :

અને જો તમને ભય હોય કે યતીમોના હકમાં ન્યાય નહીં કરી શકો તો નિકાહ કરી લો અન્ય સ્ત્રીઓથી જે તમને સારી લાગે, બે-બે અને ત્રણ-ત્રણ અને

ચાર–ચાર; પછી જો તમને ભય હોય કે ન્યાય નહીં કરી શકો તો એક જ (નિકાહ કરો) અથવા બાંદી જે તમારી મિલકત છે, તે બસ છે; એમાં આશા છે કે તમે કોઈ એક બાજુ (પક્ષે) નહીં ઝૂકી પડો (અન્યાય નહીં કરો). (૩)

આયતનો ક્રમ અને ગોઠવણી :

આ આયત અગાઉની આયતોમાં યતીમો (અનાથો)ના હકને દબાવી દેવાની મનાઈ કરવામાં આવી હતી કે, તેમના વાલીઓએ તેમના માલમાંથી પોતાના અંગત ઉપયોગ માટે ખર્ચ કરવો હરામ છે. આ આયતમાં પણ એક બીજા વિષય અંતર્ગત આ જ હુકમનું પુનરાવર્તન થયું છે કે, જે લોકોના વાલીપણા હેઠળ યતીમ છોકરીઓ છે તેમની સાથે એવું વિચારી નિકાહ ન કરો કે પોતાના અધિકાર હેઠળ આવી જવાથી આ છોકરીની જેટલી મહર નક્કી કરી દેશો ચાલશે અને જે માલ–મિલકતની તે માલિક છે, તે પણ પોતાના કબ્જામાં આવી જશે.

મતલબ કે, કુર્આને કરીમે આ આયત દ્વારા સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે, યતીમના માલ પર કબ્જો કરવાના હેતુસર કરવામાં આવેલ કોઈપણ યુક્તિ અથવા હિલા–હવાલા કે બહાના જાઇઝ નથી અને વાલીઓની ફરજ છે કે, તે પ્રામાણિકતાથી તેમના અધિકારોની દેખરેખ રાખે. એટલા માટે ફરમાવવામાં આવ્યું,

તફસીર :

અને જો તમને એ બાબતનો ડર (પણ) હોય (અને દઢ વિશ્વાસ પણ હોય) કે તમે યતીમ છોકરીઓ(ની મહર) બાબતે ઇન્સાફ નહીં કરી શકો તો (તેમનાથી નિકાહ ન કરો બલકે); અને (હલાલ) સ્ત્રીઓમાંથી જે તમને (પોતાની પસંદગી પ્રમાણે સારી લાગે) પસંદ હોય નિકાહ કરી લો. (કારણ કે, તે લાચાર નથી, સ્વતંત્ર છે, પોતાની મરજી જાહેર કરી શકે છે અને આ નિકાહ એવી શરત સાથે કરવામાં આવે કે જો એક સ્ત્રી કરતાં વધારે સ્ત્રીઓ સાથે નિકાહ કરવા ઇચ્છે તો તેનું એક સ્વરૂપ એ પણ છે કે એક પુરુષ) બે–બે ઔરતો સાથે (નિકાહ કરી લે) અને (બીજું સ્વરૂપ એ છે કે એક પુરુષ) ત્રણ–ત્રણ ઔરતો સાથે (નિકાહ કરી લે) અને (ત્રીજું સ્વરૂપ એ છે કે, એક પુરુષ) ચાર–ચાર ઔરતો સાથે (નિકાહ કરી લે). બસ, જો તમને (ચોક્કસ એવી) શક્યતા દેખાતી હોય કે (ઘણી

પત્નીઓ કરવાથી) ન્યાયથી વર્તી નહીં શકો (બલકે કોઈ પત્નીના વાજિબ હકો બરબાદ થઈ જશે) તો પછી એક જ પત્ની ઉપર બસ કરી આપો (અને જુઓ તમે એકનો પણ હક અદા ન કરી શકો તો) જે બાંદી (શરીઅતના કાયદા—કાનૂન પ્રમાણે) તમારા માલિકીપણામાં હોય તે જ બસ છે. આ પ્રસ્તુત કાર્યમાં (એટલે કે એક પત્ની કરવાથી અથવા ફક્ત એક બાંદીને પૂરતું સમજવામાં) અતિરેક (અથવા નાઈન્સાફી) ન થવાની સંભાવના વધારે છે.

મસ્અલા અને બોધપાઠ :

યતીમ છોકરીઓના હક દબાવવા વિશે ચેતવણી :

અજ્ઞાનતાના યુગમાં જે લોકોના વાલીપણા હેઠળ યતીમ છોકરીઓ રહેતી હતી, જેઓ દેખાવડી (રૂપાળી) ગણાતી અથવા જો તેમની માલિકીની કોઈ માલ—મિલકત રહેતી હતી, તો તેમના વાલીઓ એવું કરતા હતા કે, પોતે જ તેમની સાથે નિકાહ કરી લેતા અથવા પોતાની ઔલાદમાંથી કોઈની સાથે તેનો નિકાહ કરાવી દેતા અને પોતાની મરજીથી જે ઈચ્છતા ઓછામાં ઓછી મહર નક્કી કરી દેતા હતા અને જેવી રીતે ઈચ્છતા તેમને રાખતા હતા. કારણ કે, તેઓ પોતે જ તેમના વાલી અને દેખરેખ રાખનારા હતા, યતીમ બાળકીઓના પિતા હયાત ન હતા કે, તેઓ તેમના હકોની સંપૂર્ણ સુરક્ષા કરી શકે અને તેમના લગ્નજીવનની સંપૂર્ણ તકેદારીપૂર્વકની વ્યવસ્થા કરી આપે તથા તેમના નિકાહ કોઈ સારા ખાનદાનમાં કરાવી આપે.

સહીહ બુખારીમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે કે, "રિસાલતના સમયગાળામાં એક આવી જ ઘટના બની કે, એક વ્યક્તિના વાલીપણા હેઠળ એક યતીમ છોકરી હતી અને તેનો એક બગીચો હતો, જેમાં આ છોકરી પણ ભાગીદાર હતી. આ વ્યક્તિએ તે છોકરી સાથે પોતે નિકાહ કરી લીધા અને તેને પોતાની પાસેથી મહર વગેરે આપવાના બદલે તે છોકરીના બગીચાનો ભાગ પણ પોતાના કબ્જામાં લઈ લીધો. આ ઘટનાના સંદર્ભમાં આ આયત નાઝિલ થઈ. وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا فِى الْيَتٰمٰى فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ એટલે કે, જો તમને એ ભય હોય કે યતીમ છોકરીઓને પોતાના નિકાહમાં રાખવાથી તમે ન્યાય પર કાયમ નહીં રહી શકો, બલકે તેમના અધિકારો બરબાદ થઈ જશે તો તમારા માટે અન્ય સ્ત્રીઓ ઘણી છે, તેમાં જે તમારા માટે હલાલ અને

પસંદ હોય તેમની સાથે નિકાહ કરો.''

નાબાલિગ (પુખ્ત વયના ન હોય એવા) બાળકોના નિકાહનો મસ્અલોઃ

આ આયતમાં "યતામા" શબ્દથી "યતીમ છોકરીઓ માટે"નો ભાવાર્થ છે અને શરીઅતની પરિભાષામાં યતીમ તે જ છોકરી અથવા છોકરાને કહેવામાં આવે છે, જે હજુ બાલિગ (પુખ્ત વયના) ન થયા હોય. એટલા માટે આ આયતથી પણ સાબિત થઈ ગયું કે, યતીમ છોકરીના વાલીને એ પણ અધિકાર છે કે તેના બાળપણમાં એટલે કે, બાલિગ થતા પહેલાં જ તેના નિકાહ કરી આપે, પરંતુ છોકરીની ખુશી, તેનું હિત અને તેના આવનારું જીવન સારી રીતે પસાર થવાના હેતુને નજર સમક્ષ રાખે. એવું ન થાય જેમકે, પહેલાં અનેક જ્ઞાતિઓમાં રિવાજ હતો કે મોટી ઉંમરની યુવાન છોકરીના નિકાહ નાના બાળકો સાથે કરી આપવામાં આવતા હતા. ઉંમરનો તફાવત પણ ધ્યાને લેવાતો ન હતો અથવા છોકરાની પરિસ્થિતિ અને તેની સુટેવો–કુટેવોની પણ કોઈ દરકાર રાખવામાં આવતી ન હતી. આવી રીતે નાબાલિગ બાળકોના નિકાહ કરવા બરાબર નથી.

અને તે બાલિગ (શરઈ રીતે પુખ્ત) છોકરીઓ કે, જેના પિતા મૃત્યુ પામ્યા છે, જો કે, તે બાલિગ થઈ જવાના કારણે પોતે સ્વતંત્ર છે, પરંતુ છોકરીઓ શરમ અને હયા (લજ્જા)નો સ્વભાવ ધરાવતી હોવાના કારણે બાલિગ હોવા છતાં પોતાના નિકાહની બાબતમાં પોતે કંઈ જ બોલતી હોતી નથી. વાલીઓ અને સંબંધીઓ જે કંઈ કરે તેને સ્વીકારી લેતી હોય છે. એટલા માટે તેમના વાલીઓ ઉપર પણ જરૂરી છે કે, તેમના અધિકારો માર્યા ન જાય તેની ખાસ તકેદારી રાખવામાં આવે.

અલબત્ત આ આયતમાં યતીમ છોકરીઓના લગ્નજીવન વિશેના હકોની સંપૂર્ણ દેખરેખ અને તકેદારી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે, પરંતુ જાહેર હિકમતો અને કાયદાઓની જેમ તેને પણ લાગુ કરવાની જવાબદારી સીધે–સીધી (શરઈ) સરકાર કે વ્યવસ્થા ઉપર નાંખવાના બદલે સામાન્ય નાગરિકોને અલ્લાહ તઆલાએ ડર અને ચેતવણી આપીને એવો હુકમ આપ્યો કે, જો તમે આ બાબતમાં અન્યાયનો ભય અનુભવી રહ્યા હોય તો યતીમ છોકરીઓ સાથે શાદી કરવાનો વિચાર પડતો મૂકો, અન્ય સ્ત્રીઓ તમારા માટે ઘણી બધી છે, તેમની સાથે નિકાહ કરી લો.

સાથે જ સરકારના જવાબદાર લોકોની પણ એ ફરજ છે કે, તેઓ પણ આ બાબતે દેખરેખ રાખે અને કોઈ સ્થળે કોઈનો હક માર્યો જતો નજરે પડે તો કાયદાના બળથી તેનો હક અપાવે.

કુર્આનમાં પત્નીઓની સંખ્યા (બહુપત્નીત્વ-Polygmy) અને ઇસ્લામ આવ્યા અગાઉ દુનિયાની કૌમોમાં લગ્નજીવન વિશેના રીત-રિવાજો :

એક પુરુષ માટે અનેક સ્ત્રીઓ રાખવી (બહુપત્નીત્વ પ્રથા) ઈસ્લામ પહેલાં લગભગ દુનિયાના બધા જ ધર્મોમાં જાઇઝ (માન્ય અને સ્વીકૃત) સમજવામાં આવતું હતું. અરબસ્તાન, હિન્દુસ્તાન, ઈરાન, ઈજિપ્ત, બૅબિલોન વગેરે દેશોમાં દરેક કૌમોમાં બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી અને તેની પ્રાકૃતિક જરૂરિયાતનો આજે પણ કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. વર્તમાન સમયમાં યુરોપે પોતાના ભૂતપૂર્વ વડવાઓથી વિપરીત બહુપત્નીત્વ પ્રથાને નાજાઈઝ (નિષિદ્ધ) કરવાનો પ્રયત્ન કર્યો, તો તેના પરિણામે નિકાહ કરવાની પ્રથાનો જ મૂળથી છેદ ઉડી જતો હોય એવી પરિસ્થિતિઓ નિર્માણ થવા લાગી, અંતે સ્વાભાવિક અને પ્રાકૃતિક કાયદો છવાય ગયો અને હવે ત્યાં પણ કેટલાક દુરંદેશ શાસનકર્તાઓ પોતે બહુપત્નીત્વ પ્રથાના હિમાયતી છે. મિસ્ટર ડ્યૂન પોર્ટ જે એક પ્રખ્યાત ઈસાઈ ધર્મગુરૂ હતા, બહુપત્નીત્વ પ્રથાના સમર્થનમાં ઈન્જીલની ઘણી બધી આયતો નકલ કરીને લખે છે, ''આ આયતોથી નિચોડ નીકળે છે કે બહુપત્નીત્વ પ્રથા ફક્ત પસંદ જ કરવામાં નથી આવી બલકે, ખુદાએ તેમાં ખાસ બરકતો રાખી છે.''

આ જ પ્રમાણે પાદરી નિક્સન, મિલ્સન અને ટેલરે ખૂબ ભારપૂર્વક તેના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો છે. એ જ પ્રમાણે વૈદક શિક્ષણ પત્નીઓની અચોક્કસ સંખ્યાને માન્ય રાખે છે અને તેમના શાસ્ત્રોમાં ૧૦-૧૦, ૧૩-૧૩, ૨૭-૨૭ પત્નીઓ એકીસાથે ભેગી રાખવાની પરવાનગી જોવા મળે છે.

કૃષ્ણ કે જેને હિન્દુઓ સન્માનપાત્ર અવતાર સમજે છે, તેમને સેંકડો પત્નીઓ હતી. જેઓ ધર્મ અને કાયદાની માન-મર્યાદા તથા મનુષ્યના ચારિત્ર્યને ટકાવી રાખવા માંગતા હોય તથા વ્યભિચારને જગતમાંથી નેસ્ત-નાબૂદ કરવા ઈચ્છતા હોય તેમના માટે એના સિવાય કોઈ છુટકો જ નથી કે તેઓ બહુપત્નીત્વ

પ્રથાની પરવાનગી આપે, આ પ્રથાથી વ્યભિચારનો ખાત્મો થશે પરંતુ જો બહુપત્નીત્વની પરવાનગી આપવામાં નહીં આવે તો ધંધાદારી સ્ત્રીઓ અને વૈશ્યાવૃત્તિનો સમાજમાં ફેલાવો થશે, જેના કારણે જે કૌમોમાં બહુપત્નીત્વની પરવાનગી નથી તેમનામાં વ્યભિચારનું પ્રમાણ ખૂબ મોટું છે. યુરોપીય કૌમોને જ જોઈ લો, તેમનામાં બહુપત્નીત્વ ઉપર તો પાબંદી છે, પરંતુ મૈત્રીકરાર દ્વારા જેટલી સ્ત્રીઓ સાથે પુરુષ ઇચ્છે વ્યભિચાર કરી શકે છે, તેની સંપૂર્ણ પરવાનગી છે ! આ રીતે તેમણે લગ્નજીવનને એક તમાશો બનાવી દીધો છે. એક બાજુ બહુપત્નીત્વની પ્રથાને નાજાઇઝ (અવૈધ) કહેવું અને બીજી બાજુ મૈત્રીકરાર દ્વારા અનેક સ્ત્રીઓ સાથે વ્યભિચારમાં રચ્યા-પચ્યા રહેવું, આ નાટકબાજી સમજમાં આવે એવી નથી.

મતબલ કે, ઈસ્લામ અગાઉ બહુપત્નીત્વ પ્રથા કોઈપણ પ્રકારની મર્યાદા વિના પ્રચલિત હતી. દેશો અને ધર્મોના ઈતિહાસથી જ્યાં સુધી જાણ થાય છે, કોઈ ધર્મએ અને કોઈ કાનૂને તેના ઉપર પાબંદી લગાવી ન હતી, ન તો યહૂદીઓએ અને ન જ નસારાએ, ન તો હિન્દુઓએ કે ન જ પારસીઓએ, બલકે બધા જ બહુપત્નીત્વ પ્રથામાં માનતા હતા.

ઈસ્લામના શરૂઆતના સમયમાં પણ આ બહુપત્નીત્વ પ્રથા કોઈપણ પ્રકારની મર્યાદા વિના ચાલુ રહી, પરંતુ આ અસંખ્ય સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની પ્રથાનું પરિણામ એ આવતું હતું કે લોકો શરૂઆતમાં તો લાલચમાં ઘણા બધા નિકાહ કરી લેતા હતા પરંતુ પછી તેમના હકો અદા કરી શકતા ન હતા અને આ સ્ત્રીઓ તેમની નિકાહમાં એક કૈદી સ્વરૂપે જિંદગી પસાર કરતી હતી.

પછી જે સ્ત્રીઓ એક પુરુષના નિકાહમાં હોતી તેમનામાં ઈન્સાફ અને ન્યાય કે સમાનતાનું કોઈ નામો-નિશાન ન હતું, જેની સાથે મન-મેળ હોય તેને વધારે પ્રમાણમાં નવાઝવામાં આવતી અને જેની સાથે મન-મેળ ન હોય તેના અધિકારોની કોઈ ચિંતા કરવામાં આવતી ન હતી.

ઇસ્લામે બહુપત્નીત્વ પ્રથા ઉપર જરૂરી મર્યાદા બાંધી તથા ન્યાય અને સમાનતાનો કાયદો લાગુ કર્યો :

કુર્આને સમાજમાં આ મહાન અત્યાચારને રોકવા માટે બહુપત્નીત્વ પ્રથા

ઉપર એક મર્યાદા લગાવી કે, ચારથી વધારે સ્ત્રીઓને એક સાથે પત્ની તરીકે રાખવી હરામ છે અને જે સ્ત્રીઓ એક સમયમાં નિકાહમાં છે તેમની સાથે સમાનતાનો વર્તાવ ખૂબ જ સ્પષ્ટ હુકમ દ્વારા કરવાનો આદેશ આપ્યો તથા તે આદેશનો ભંગ કરવા બદલ સખત ચેતવણી સંભળાવી. પ્રસ્તુત આયતમાં ઈરશાદ છે, فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ એટલે કે, "જે હલાલ સ્ત્રીઓ તમને પસંદ હોય તેમની સાથે નિકાહ કરી શકો છો; બે–બે, ત્રણ–ત્રણ, ચાર–ચાર."

આ આયતમાં مَا طَابَ (મા–તા'બ)નો શબ્દ આવ્યો છે. હસન બસરી (રહ.), ઈબ્ને જુબૈર (રહ.) અને ઈબ્ને માલિક (રહ.)એ مَاطَابَ (મા–તા'બ)ની તફસીર مَاحَلَّ (મા–હલ્લ) કરી છે. એટલે કે, "જે સ્ત્રીઓ તમારા માટે હલાલ છે."

અને અમુક લોકોએ مَاطَابَ ના શાબ્દિક અર્થના આધારે "તમને પસંદ હોય એવી"નો તરજુમો કર્યો છે, પરંતુ આ બંને બાબતોમાં કોઈ વિરોધાભાસ નથી. એવો પણ ભાવાર્થ હોય શકે છે કે, "જે સ્ત્રીઓ સ્વાભાવિક રીતે તમને પસંદ હોય અને તમારા માટે શરીઅતની રૂએ હલાલ પણ હોય."

આ આયતમાં એક બાજુ તો એ બાબતની પરવાનગી આપવામાં આવી કે એકથી વધારે ત્રણ કે ચાર પત્નીઓ એક સમયે નિકાહમાં રાખી શકાય છે. બીજી બાજુ ચારના આંકડા પછી એવી પાબંદી લગાવી દીધી કે, ચારથી વધારે પત્નીઓ એક સમયે નિકાહમાં ભેગી રાખી શકાશે નહીં.

રસૂલે કરીમ ﷺના વર્ણનથી કુર્આનની આ ખાસ પાબંદી અને મર્યાદાનું વધારે સ્પષ્ટીકરણ થઈ ગયું. આ આયત નાઝિલ થયા પછી એક વ્યક્તિ ગીલાન ઈબ્ને અસ્લમા ષક્ફી મુસલમાન થયા, તેમના નિકાહમાં તે સમયે દશ પત્નીઓ હતી અને તે પણ મુસલમાન થઈ ગઈ હતી. રસૂલે કરીમ ﷺએ કુર્આનના હુકમ પ્રમાણે તેમને હુકમ આપ્યો કે આ દશમાંથી ચારને નક્કી કરી લો, બાકીની પત્નીઓને તલાક આપી સ્વતંત્ર કરી આપો. ગીલાન ઈબ્ને અસ્લામા ષક્ફીએ આદેશ પ્રમાણે ચાર પત્નીઓ રાખીને બાકીની પત્નીઓને તલાક આપી દીધી.

(મિશ્કાત શરીફ, પેજ : ૨૭૪, તિરમિઝી અને ઈબ્ને માજહના હવાલાથી)

મુસ્નદે અહમદમાં આ જ રિવાયતના સંદર્ભમાં એક ઘટનાનું વર્ણન થયું છે. તે ઘટનાનું વર્ણન કરવું પણ ફાયદાથી ખાલી નથી, તેનો સંબંધ પણ સ્ત્રીઓના અધિકારો વિષે છે અને તે એ છે કે,

ગીલાન બિન અસ્લમાએ શરીઅતના હુકમ પ્રમાણે ચાર સ્ત્રીઓ રાખી લીધી હતી, પરંતુ ફારૂકે આઝમ (રદિ.)ના ખિલાફતકાળમાં તેમણે તેમને પણ તલાક આપી દીધી અને પોતાનો સઘળો માલ-સામાન પોતાના પુત્રોમાં વહેંચી દીધો. ફારૂકે આઝમ (રદિ.)ને આ બાબતની જાણ થઈ તો તેમણે તેમને બોલાવીને ફરમાવ્યું કે, "તમે તમારી પત્નીઓને તમારા વારસાથી વંચિત રાખવા માટે આવી હરકત કરી છે, જે ઉઘાડો અત્યાચાર છે. એટલા માટે તરત તેમની તલાકથી રજૂઅત કરી લો અને પોતાનો માલ તમારા પુત્રો પાસેથી પરત લઈ લો અને જો તમે એવું ન કર્યું તો યાદ રાખો ! તમને સખત શિક્ષા કરવામાં આવશે."

કૈસ બિન હારિષ અસદી (રદિ.) ફરમાવે છે કે, "હું જ્યારે મુસલમાન થયો તો મારા નિકાહમાં આઠ પત્નીઓ હતી, મેં રસૂલે કરીમ ﷺને આ બાબતે જાણ કરી તો તેમણે ફરમાવ્યું કે, તેમાંથી ચાર રાખી લો, બાકીની પત્નીઓને તલાક આપી દો." *(અબૂ દાવુદ, પેજ : ૩૦૪)*

મુસ્નદે ઈમામ શાફઈ (રહ.)માં નવફલ બિન મુઆવીયા દયલમી (રદિ.)ની ઘટના વર્ણન થઈ છે કે, તેઓ જ્યારે મુસલમાન થયા તો તેમની નિકાહમાં પાંચ પત્નીઓ હતી, રસૂલે કરીમ ﷺએ તેમને પણ એક પત્નીને તલાક આપવાનો હુકમ કર્યો; આ ઘટના મિશ્કાત શરીફ પેજ નં. ૨૮૪ ઉપર શરહુસ્સુન્નહના હવાથી નકલ કરેલ છે. રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ની આ નીતિરીતીથી કુર્આનની આયતનો ભાવાર્થ બિલકુલ સ્પષ્ટ થઈ ગયો કે, ચારથી વધારે પત્નીઓ એક સમયે નિકાહમાં રાખવી હરામ છે.

રહમતુલ્લિલ્ આલમીન ﷺ માટે બહુપત્નીત્વ :

રસૂલે કરીમ ﷺની પવિત્ર જાત નખશીખ રહમત અને બરકત છે. અલ્લાહના હુકમોનો પ્રચાર તથા અંતર (આત્મા)ની શુદ્ધિ તથા કુર્આને કરીમના શિક્ષણનો પ્રચાર-પ્રસાર તેમની બઅષતનો સૌથી મોટો હેતુ હતો. તેમણે ઈસ્લામના શિક્ષણને મૌખિક તેમજ વ્યવહારમાં દુનિયામાં પ્રસારી દીધું, એટલે કે

રસૂલે કરીમ ﷺ અલ્લાહના હુકમો બતાવતા પણ હતા અને તેના ઉપર અમલ પણ કરતા હતા, પછી જ્યારે કે, મનુષ્યના જીવનનું કોઈ એક પણ ક્ષેત્ર એવું નથી, જેમાં નબીએ કરીમ ﷺનું માર્ગદર્શન જરૂરી ન હોય. જમાઅતની નમાઝથી લઈ પત્નીઓ સાથેના સંબંધો, સંતાનોની કેળવણી, પેશાબ-પા'ખાના માટે જવાની રીત, સ્વચ્છતા અને પાકીના મસ્અલાઓ વગેરે વિશે રસૂલે કરીમ ﷺના મૌખિક આદેશો અને તેમના કૃત્યો દ્વારા મળેલા માર્ગદર્શનો હદીષની કિતાબોમાં ભર્યા પડ્યા છે. ઘરની ચાર દિવાલો મધ્યે પત્નીઓ સાથે કેવો વ્યવહાર રાખવો ? ઘરમાં આવીને મસ્આલા પૂછનારી સ્ત્રીઓને કેવા જવાબો આપવા ? એવી જ રીતે એવા સેંકડો મસ્અલાઓ છે, જેમાં રસૂલે કરીમ ﷺની પવિત્ર પત્નીઓ દ્વારા ઉમ્મતનું માર્ગદર્શન થયું છે. શિક્ષણ અને પ્રચારની દીની આવશ્યકતાઓને નજર સમક્ષ રાખી રસૂલે કરીમ ﷺ માટે પત્નીઓની વધારે સંખ્યા એક આવશ્યક બાબત હતી. ફક્ત હઝરત આયશા (રદિ.) દ્વારા હુકમો, મસ્અલાઓ, અખ્લાક અને સભ્યતા તથા નબીએ કરીમ ﷺના જીવન ચરિત્ર વિશે ૨૨૧૦ (બે હજાર બસો દસ) રિવાયતો નકલ થઈ છે, જે હદીષની કિતાબોમાં જોવા મળે છે. હઝરત ઉમ્મે સલમા (રદિ.)થી રિવાયત થયેલી હદીષોની સંખ્યા ૩૭૮ (ત્રણસો ઈઠ્ઠોતેર) સુધી પહોંચેલ છે. હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)એ "અઅ્લામુલ મુવક્કિઈન" પેજ : ૯, ભાગ : ૧માં લખ્યું છે કે "જો હઝરત ઉમ્મે સલમા (રદિ.)ના ફતાવાઓને ભેગા કરવામાં આવે જે તેમણે રસૂલે કરીમ ﷺની વફાત પછી આપ્યા છે, તો તેની એક આગવી કિતાબ સંપાદિત થઈ શકે છે."

હઝરત આયશા (રદિ.)નું રિવાયતો અને દીની શિક્ષણના પ્રચાર-પ્રસારમાં તથા ફિક્હ અને ફતાવામાં જે સ્થાન છે, તે બાબત કોઈનાથી છૂપી નથી. તેમના શાગિર્દોની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી હતી. રસૂલે કરીમ ﷺની વફાત પછી સતત ૪૮ વર્ષો સુધી તેમણે દીનનું ઈલ્મ ફેલાવ્યું.

ઉદાહરણ સ્વરૂપે માત્ર બે પવિત્ર પત્નીઓની હાલત અત્રે લખવામાં આવી છે તદુપરાંત અન્ય અઝવાજે મુતહ્હરાતની રિવાયતો પણ ઘણી જ મોટી સંખ્યામાં વર્ણન થયેલી છે. દેખીતી રીતે ઈસ્લામના પ્રચાર-પ્રસાર અને કેળવણી દ્વારા જે લાભ ઉમ્મતને અઝ્વાજે મુતહ્હરાત (રસૂલે કરીમ ﷺની પવિત્ર

પત્નીઓ) દ્વારા પહોંચ્યો છે તે અકલ્પનીય છે.

અંબિયા (અલૈ.)ના ઈસ્લામના ઉચ્ચ હેતુઓ પૂરી દુનિયાની વ્યક્તિગત અને સામૂહિક, ખાનગી અને પ્રાદેશિક સુધારણાની ચિંતાઓને દુનિયાના વાસનાના પૂજારી મનુષ્યો શું સમજી શકે ? તેઓ તો દરેક બાબતને પોતાની હાલત ઉપર અનુમાનિત કરી તેના પરિણામો વિશે વિચારે છે. આ તે કારણ છે કે, જેના લઈ સેંકડો વર્ષોથી યુરોપના મુલ્હિદો (નાસ્તિકો) અને મુસ્તશ્રિકીન (પૂર્વીય ભાષાઓના જાણકાર ક્રિશ્ચિયનો) પોતાની હઠધર્મીના કારણે ફખ્રે દો આલમ ﷺના બહુપત્નીત્વને ફક્ત એક જાતીય વાસનાપૂર્તિનું કારણ ઠરાવે છે, નઊઝુબિલ્લાહ ! જો રસૂલે કરીમ ﷺના ચારિત્ર્ય ઉપર એક ઉપરછલ્લી નજર પણ નાંખવામાં આવે તો એક સમજદાર, ન્યાયી વલણ ધરાવનાર વ્યક્તિ ક્યારેય પણ રસૂલે કરીમ ﷺના બહુપત્નીત્વને જાતીયતા અથવા વાસનાપૂર્તિ માટે હોવાનું કહી શકશે નહીં.

રસૂલે કરીમ ﷺની માસૂમ (નિર્દોષ) જિંદગી મક્કાના કુરૈશીઓની સામે પસાર થઈ હતી. ૨૫ (પચ્ચીસ) વર્ષની ઉંમરમાં એક બાળ-બચ્ચાવાળી વિધવા સ્ત્રી કે, જેના બે પતિઓ મૃત્યુ પામી ચૂક્યા હતા, તેમની સાથે નિકાહ કરીને જિંદગીના ૨૫ (પચ્ચીસ) વર્ષો તેમની સાથે જ પસાર કર્યા, તે પણ એવી રીતે કે મહિનાઓ સુધી ઘર છોડીને ગારે હિરા (હિરા નામની ગુફા)માં ઈબાદતમાં મશ્ગૂલ રહેતા હતા. તેમના બીજા જેટલા પણ નિકાહ થયા તે બધા ૫૦ (પચાસ) વર્ષની ઉંમર વટાવ્યા પછી થયા. આ ૫૦ (પચાસ) વર્ષની જિંદગી અને યુવાનીનો બધો સમય મક્કાના નિવાસીઓની સામે પસાર થયો હતો. ક્યારેય કોઈ દુશ્મનને પણ રસૂલે કરીમ ﷺ સાથે કોઈ એવી બાબત જોડવાનો મૌકો નથી મળ્યો, જે તેમના તકવા અને પવિત્રતાને અભડાવી શકે અથવા શંકાસ્પદ બનાવી શકે. રસૂલે કરીમ ﷺના દુશ્મનોએ તેમના ઉપર જાદૂગર, શાયર, ગાંડા, જૂઠા વગેરે જેવા આક્ષેપો મૂકવામાં કોઈ કસર છોડી ન હતી, પરંતુ રસૂલે કરીમ ﷺની માસૂમ જિંદગી ઉપર એક શબ્દ પણ એવો કહેવાની હિંમત નથી થઈ જેનો સંબંધ વાસના અથવા જાતિયતા કે વ્યભિચાર સાથે હોય. નઊઝુબિલ્લાહ !

શું આવી પરિસ્થિતિમાં આ બાબત ધ્યાન આપવા યોગ્ય નથી ? કે, યુવાનીના ૫૦ (પચાસ) વર્ષો એવા સંઘર્ષ અને તકવામાં તથા સમગ્ર દુનિયાથી

અને તેની રંગરંગીલીઓથી અલિપ્ત રહીને પસાર કર્યા, પછી જિંદગીના છેલ્લા વર્ષોમાં રસૂલે કરીમ ﷺ શા માટે બહુપત્નીત્વ અપનાવીને અનેક નિકાહ કરવા માટે મજબૂર થઈ ગયા ? એ કઈ બાબત હતી ? જો દિલમાં થોડી પણ ન્યાયની ભાવના હોય તો સમજવું મુશ્કેલ નથી કે, અનેક નિકાહનું કારણ જે હમણાં ઉપર વર્ણન કરવામાં આવ્યું તેના સિવાય અન્ય કંઈ જ નથી અને હવે આ બહુપત્નીત્વની વાસ્તવિકતા પણ સાંભળી લો કે, તે કેવી રીતે અસ્તિત્વમાં આવી?

૨૫ (પચ્ચીસ) વર્ષની ઉંમરથી લઈ ૫૦ (પચાસ) વર્ષની ઉંમર પૂરી થતા સુધી એકમાત્ર હઝરત ખદીજા (રદિ.) રસૂલે કરીમ ﷺના પવિત્ર પત્ની તરીકે રહ્યા, તેમની વફાત પછી હઝરત સવદહ અને હઝરત આયશા (રદિ.) સાથે નિકાહ થયા, હઝરત સવદહ (રદિ.) તો રસૂલે કરીમ ﷺના ઘરમાં તશરીફ લાવ્યા પરંતુ હઝરત આયશા (રદિ.)ની ઉંમર નાની હતી એ કારણે તેઓ પોતાના પિતાના ઘરે જ રહ્યા, પછી અમુક વર્ષો પછી સન હિજરી ૨ (બે)માં મદીના મુનવ્વરહમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની રુખ્સતી થઈ. તે સમયે રસૂલે કરીમ ﷺની ઉંમર ૫૪ (ચોપ્પન) વર્ષની થઈ ચૂકી હતી અને બે પત્નીઓ આ ઉંમરમાં તેમના નિકાહમાં ભેગી થઈ છે. અહીંયાંથી રસૂલે કરીમ ﷺના જીવનમાં બહુપત્નીત્વ શરૂ થયું છે, ત્યારબાદ એક વર્ષ પછી હઝરત હફસા (રદિ.) સાથે નિકાહ થયા, પછી અમુક મહિનાઓ પછી હઝરત ઝયનબ બિન્તે ખુઝયમા (રદિ.) સાથે નિકાહ થયા અને ફક્ત અઢાર મહિના રસૂલે કરીમ ﷺના નિકાહમાં રહ્યા અને તેમનો ઈન્તેકાલ થઈ ગયો. એક કૌલ પ્રમાણે ત્રણ મહિના તેમના નિકાહમાં જિવીત રહ્યા, ત્યારબાદ સન હિજરી ૪ (ચાર)માં હઝરત ઉમ્મે સલમહ (રદિ.) સાથે નિકાહ થયા, પછી સન હિજરી ૫ (પાંચ)માં હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.) સાથે નિકાહ થયા. આ સમયે રસૂલે કરીમ ﷺની ઉંમર ૫૮ (અઠ્ઠાવન) વર્ષ થઈ ચૂકી હતી અને આટલી મોટી ઉંમરમાં આવીને ચાર પત્નીઓ ભેગી થઈ. હાલાં કે, ઉમ્મતને જે સમયે ચાર પત્નીઓની પરવાનગી મળી ચૂકી હતી તે સમયે જ રસૂલે કરીમ ﷺ ઓછામાં ઓછા ચાર નિકાહ કરી શકતા હતા, પરંતુ તેમણે એવું કર્યું નથી, ત્યારબાદ સન હિજરી ૬ (છ)માં હઝરત જુવૈરિયહ (રદિ.) અને સન હિજરી ૭ (સાત)માં હઝરત ઉમ્મે હબીબહ (રદિ.) સાથે નિકાહ થયા અને સન હિજરી ૭ (સાત)માં જ હઝરત

સફિય્યહ (રદિ.) સાથે અને એ જ વર્ષે હઝરત મયમૂનહ (રદિ.) સાથે નિકાહ થયા.

ખુલાસો :

૫૪ (ચોપ્પન) વર્ષની ઉંમર સુધી રસૂલે કરીમ ﷺના નિકાહમાં ફક્ત એક પત્ની હતાં, એટલે કે ૨૫ (પચ્ચીસ) વર્ષ હઝરત ખદીજહ (રદિ.) સાથે અને ચાર-પાંચ વર્ષો હઝરત સવદહ (રદિ.) સાથે પસાર કર્યા, પછી ૫૮ વર્ષની ઉંમરમાં ચાર પત્નીઓ તેમના નિકાહમાં ભેગી થઈ અને બાકીની અઝ્‌વાજે મુતહ્હરાત બે-ત્રણ વર્ષોમાં જ રસૂલે કરીમ ﷺના નિકાહમાં આવી.

અને આ વાત ખાસ વર્ણન કરવાપાત્ર છે કે, તેમની બધી પત્નીઓમાં ફક્ત એક જ પત્ની એવા હતા જે કુંવારા હોવાની પરિસ્થિતિમાં રસૂલે કરીમ ﷺના નિકાહમાં આવ્યા અને તે ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત આયશા સિદ્દીકા (રદિ.) છે. બાકીની બધી જ પત્નીઓ વિધવા હતાં, જેમાંથી તો અમુકના બે-બે પતિઓ થઈ ચૂક્યા હતા અને આ સંખ્યા પણ રસૂલે કરીમ ﷺની ઉંમરના અંતિમ વર્ષોમાં આવીને ભેગી થઈ છે.

સહાબએ કિરામ (રદિ.), પુરૂષો, સ્ત્રીઓ બધા જ રસૂલે કરીમ ﷺ ઉપર પોતાનો પ્રાણ ન્યોછાવર કરતા હતા. જો તેમણે ઈચ્છ્યું હોત તો બધી કુંવારી સ્ત્રીઓ સાથે નિકાહ કરી શકતા હતા, બલકે એક-એક, બે-બે મહિના પછી...... નઊઝુબિલ્લાહ ! કરી શકયા હોત, પરંતુ તેમણે એવું કર્યું નથી.

વળી, આ બાબત પણ વર્ણન કરવાપાત્ર છે કે સરકારે દો આલમ ﷺ અલ્લાહ તઆલાના સાચા નબી હતા, નબી મનેચ્છાની પૈરવી કરનાર કે, વાસનાના ગુલામ નથી હોતા, જે કંઈ કરે છે માત્ર અને માત્ર અલ્લાહના જ હુકમથી કરે છે. તેમને નબી માની લીધા પછી પ્રત્યેક વાંધાઓ ખતમ થઈ જાય છે. જો કોઈ રસૂલે કરીમ ﷺને નબી જ ન માને અને પછી આવા આક્ષેપો લગાવે કે, તેમણે નઊઝુબિલ્લાહ ! વાસનાપૂર્તિ માટે બહુપત્નીત્વ અપનાવ્યું હતું તો એવા વ્યક્તિને કહેવામાં આવશે કે, જો એવું જ હોત તો તેમણે પોતાના બહુપત્નીત્વ વિશે પાબંદીનું એ'લાન શા માટે કર્યું ? જેનું વર્ણન કુર્આન શરીફની આયત لَا يَحِلُّ لَكَ النِّسَآءُ مِنْ بَعْدُ "તે તમારા માટે હલાલ નથી આના પછી

(વધારે) પત્નીઓ કરવું.'' (૩૩ : પર) માં આવ્યું છે. પોતાના માટે આ પાબંદીની જાહેરાત એ બાબતની સ્પષ્ટ દલીલ છે કે, તેમણે જે કંઈ કર્યું; અલ્લાહના હુકમથી કર્યું.

રસૂલે કરીમ ﷺના બહુપત્નીત્વના કારણે કેળવણી અને દીનના પ્રચાર-પ્રસારના જે ફાયદાઓ ઉમ્મતને પ્રાપ્ત થયા અને જે હુકમો ઉમ્મત સુધી પહોંચ્યા તેના ફાયદાઓ એટલા મોટા પ્રમાણમાં છે કે તેને શબ્દોમાં વર્ણવવા મુશ્કેલ છે. હદીષની કિતાબો આ બાબતની સાક્ષી આપે છે. અલબત્ત, અમુક અન્ય ફાયદાઓની જેમ અહીંયાં અમે તે લાભોની ચર્ચા ટૂંકમાં વર્ણન કરીએ છીએ.

હઝરત ઉમ્મે સલમહ (રદિ.)ના પતિ હઝરત અબૂ સલમહ (રદિ.)ના મૃત્યુ પછી રસૂલે કરીમ ﷺએ તેમની સાથે નિકાહ કરી લીધા હતા, તેઓ પોતાના આગલા પતિના બાળકો સાથે રસૂલે કરીમ ﷺના ઘરે આવ્યા અને તે બાળકોનું પાલન-પોષણ પણ રસૂલે કરીમ ﷺએ કરીને પોતાના આ કૃત્ય દ્વારા ઉમ્મતને કેળવણી આપી કે, કેવા પ્યાર અને મહોબ્બતથી ઓરમાઈ (સાવકી) ઔલાદની કેળવણી અને પાલન-પોષણ કરવું જોઈએ. રસૂલે કરીમ ﷺની પત્નીઓમાં ફક્ત આ જ એક પત્ની છે જે આગલા પતિના બાળકો સાથે આવ્યા, જો કોઈપણ પત્ની આ પ્રમાણે ન હોત તો વ્યવહારુ રીતે સાવકી-ઓરમાઈ ઔલાદનું પાલન-પોષણ અથવા કેળવણી કેવી રીતે થઈ શકે તેના તાદશ્ય નમૂનાથી ઉમ્મત વંચિત રહી ગઈ હોત અને આ બાબતે તેમને કોઈ નબવી અમલ આધારિત ઉદાહરણ પ્રમાણે માર્ગદર્શન ન મળી શક્યું હોત, તેમના પુત્ર હઝરત ઉમર બિન અબી સલમહ (રદિ.) ફરમાવે છે કે ''મેં રસૂલે કરીમ ﷺના ખોળામાં કેળવણી પામી હતી, એક વખતે રસૂલે કરીમ ﷺ સાથે ખાવું ખાતી વખતે પ્યાલામાં દરેક જગ્યાએ હાથ નાંખી રહ્યો હતો ત્યારે તેમણે ફરમાવ્યું, سَمِّ اللّٰهَ وَكُلْ بِيَمِيْنِكَ وَكُلْ مِمَّا يَلِيْكَ અલ્લાહનું નામ લઈને ખાઓ, જમણા હાથથી ખાઓ અને સામેથી ખાઓ.''

(બુખારી, મુસ્લિમ, મિશ્કાતના હવાલાથી પેજ : ૨૬૩)

હઝરત જુવૈરિયહ (રદિ.) એક જિહાદમાં કૈદ થઈને આવ્યા હતા, અને

તેમને ષાબિત બિન કૈસ અથવા તેમના પિતરાઈ ભાઈના હિસ્સામાં આપી દેવામાં આવ્યા, પરંતુ તેમણે પોતાના માલિકથી એ પ્રમાણે સમજૂતી કરી લીધી કે, હું આટલો–આટલો માલ તમને આપી દઈશ, મને સ્વતંત્ર કરી આપો. આ સમજૂતી કરીને નબીએ કરીમ ﷺ પાસે આવ્યા અને આર્થિક મદદ માંગી, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું "તેનાથી ઉત્તમ વસ્તુ બતાવું ? તે એ કે, હું તમારા તરફથી માલ આપી દઉં અને તમારી સાથે નિકાહ કરી લઉં," તેમણે ખુશી–ખુશી મંજૂર કરી લીધું, ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ તેમના માટે માલ અદા કરીને તેમની સાથે નિકાહ કરી લીધા, હઝરત જુવૈરિયહ (રદિ.)ની કૌમના સેંકડો વ્યક્તિઓ સહાબએ કિરામ (રદિ.)ના તબા હેઠળ આવી ચૂક્યા હતા. કારણ કે તે બધા કૈદ થઈને આવ્યા હતા, જ્યારે સહાબા (રદિ.)ને આ બાબતની જાણ થઈ કે જુવૈરિયહ (રદિ.) રસૂલે કરીમ ﷺની નિકાહમાં આવી ગયા છે તો રસૂલે કરીમ ﷺના સન્માન ખાતર બધાએ પોત–પોતાના ગુલામો અને બાંદીઓને આઝાદ કરી દીધા. સુબ્હાનલ્લાહ! સહાબએ કિરામ (રદિ.)ની સભ્યતાની કેટલી મોટી શા'ન હતી ! આ ભાવનાના કારણે આ લોકો સરકારે દો આલમ ﷺના સાસરી પક્ષના લોકો બની ગયા. તેઓ હઝરત જુવૈરિયહ (રદિ.)ના રિશ્તેદારોને કઈ રીતે ગુલામ બનાવીને રાખી શકતા હતા ? તેમણે બધાને સ્વતંત્ર કરી દીધા. હઝરત આયશા સિદ્દીકા (રદિ.) આ ઘટના વિશે ફરમાવે છે,

فَلَقَدْ اُعْتِقَ بِتَزْوِيْجِهٖ اِيَّاهَا مِائَةُ اَهْلِ بَيْتٍ مِّنْ بَنِى الْمُصْطَلِقِ فَمَا اَعْلَمُ اِمْرَأَةً اَعْظَمَ بَرَكَةٍ عَلٰى قَوْمِهَا مِنْهَا،

"રસૂલે કરીમ ﷺના હઝરત જુવૈરિયહ (રદિ.) સાથે નિકાહ કરી લેવાથી બનૂ મુસ્તલિકના સો ઘરો આઝાદ થઈ ગયા. મેં કોઈ સ્ત્રીને એવી નથી જોઈ જે જુવૈરિયહ (રદિ.)થી વધીને પોતાની કૌમ માટે મોટી બરકતવાળાં સાબિત થયા હોય !"

હઝરત ઉમ્મે હબીબહ (રદિ.) પોતાના પતિની સાથે ઈસ્લામની શરૂઆતના સમયમાં જ મક્કામાં જ ઈસ્લામ સ્વીકાર કરી ચૂક્યા હતા અને પછી બંને પતિ–પત્ની હિજરત કરીને કાફલાના બીજા વ્યક્તિઓ સાથે હબશા (ઈથોપિયા) ચાલ્યા ગયા હતા. ત્યાં તેમનો પતિ નસરાની (ક્રિશ્ચિયન) બની ગયો

અને અમુક દિવસો પછી મૃત્યુ પામ્યો, રસૂલે કરીમ ﷺએ નજ્જાસી દ્વારા તેમની પાસે નિકાહનો સંદેશ મોકલ્યો, જેને તેમણે કબૂલ કરી લીધો અને ત્યાં હબશામાં નજ્જાસીએ જ રસૂલે કરીમ ﷺના તેમની સાથે નિકાહ કરાવી દીધા. રસપ્રદ વાત એ છે કે, હઝરત ઉમ્મે હબીબહ (રદિ.) અબૂ સુફિયાનના પુત્રી હતા અને અબૂ સુફિયાન તે સમયે ઈસ્લામ દુશ્મન ટોળાના મુખિયા હતા, જેમણે ઈસ્લામ દુશ્મનીને જ પોતાના જીવનનો મકસદ બનાવી લીધો હતો અને તેઓ મુસલમાનોને તથા પયગમ્બરે ઈસ્લામ ﷺને તકલીફો પહોંચાડવામાં અને તેમને તબાહ–બરબાદ કરવા માટે કોઈ મૌકો પોતાના હાથથી જવા દેવા તૈયાર ન હતા. જ્યારે તેમને આ નિકાહની જાણ થઈ તો તેમની જીભથી અનાયાસે જ આ શબ્દો સરી પડયા, هُوَالْفَحْلُ لَا يُجْدَعُ اَنْفُهٗ "મુહમ્મદ (ﷺ) જવાંમર્દ છે, તેમનું નાક કાપી શકાય નહીં." મતલબ એ કે, તેઓ ઊંચા નાકવાળા સન્માનનીય વ્યક્તિ છે, તેમને અપમાનિત કરવું સહેલું નથી. આ બાજુ તો અમે તેમને અપમાનિત કરવા માટેની તૈયારીઓમાં લાગેલા રહીએ છીએ અને બીજી બાજુ અમારી પોતાની છોકરી તેમના નિકાહમાં ચાલી ગઈ !

મતલબ કે, આ નિકાહથી એક મનોવૈજ્ઞાનિક યુદ્ધમાં મુસલમાનોએ વિજય પ્રાપ્ત કર્યો, જેનાથી ઈસ્લામ અને મુસલમાનોના મુકાબલામાં કાફિરોનું નૈતિક બળ પડી ભાંગ્યુ, તેઓ હિંમત હારી ગયા. આ નિકાહના કારણે જે કૂટનીતિક (Diplomatic) ફાયદાઓ ઈસ્લામ અને મુસલમાનોને થયા તેના મહત્ત્વ અને આવશ્યકતાના ઈન્કાર થઈ શકે તેમ નથી, અને વિશ્વાસપૂર્વક કહી શકાય છે કે, અલ્લાહના દિર્ઘદષ્ટા અને કોઠાસૂઝ ધરાવતા રસૂલે કરીમ ﷺએ આ નિકાહના ફાયદાઓને જરૂર નજર સમક્ષ રાખ્યા હશે.

આ અમુક વાતો લખવામાં આવી છે, તે સિવાય સીરત (રસૂલે કરીમ ﷺના જીવનચરિત્ર) ઉપર નજર નાંખવામાં આવે તો તેમના બહુપત્નીત્વની અનેક હિકમતો જોવા મળે છે. આ સિલસિલામાં સય્યિદી હકીમુલ ઉમ્મત (રહ.)ની પુસ્તિકા "કસરતે અઝ્‌વાજ સાહિબુલ મેઅ્‌રાજ"માં જોઈ લેવું ફાયદાકરક છે.

આ સ્પષ્ટતા અમે મુલ્હિદ (નાસ્તિકો) અને મુસ્તશ્રિકીનના ફેલાવેલા ષડયંત્રકારી કપટજાળને કાપવા માટે લખી છે. કારણ કે, તેમની ષડયંત્રકારી

ચાલબાજીઓમાં ઘણા બધા શિક્ષિત અને અજ્ઞાની મુસલમાનો પણ ફસાઈ જાય છે, જેઓ રસૂલે કરીમ ﷺના જીવનચરિત્ર (સીરત) અને ઈસ્લામના ઈતિહાસથી અજાણ છે અને ઈસ્લામિયાતનું જ્ઞાન મુસ્તશ્રિકીને લખેલા પુસ્તકોમાંથી જ પ્રાપ્ત કરે છે.

જો બહુપત્નીત્વ અપનાવવામાં સમાનતા અને ઇન્સાફ ઉપર રહેવાની શક્તિ ન હોય તો ફક્ત એક જ પત્ની પૂરતી છે :

ચાર પત્નીઓ સુધી પરવાનગી આપીને ફરમાવવામાં આવ્યું છે, فَاِنۡ خِفۡتُمۡ اَنۡ لَّا تَعۡدِلُوۡا فَوَاحِدَةً اَوۡ مَا مَلَكَتۡ اَيۡمَانُكُمۡ "જો તમને એવો ડર હોય કે ન્યાય નહીં કરી શકો તો એક જ પત્ની ઉપર બસ કરો અથવા જે બાંદી (શરીઅતના સિદ્ધાંત પ્રમાણે) તમારી માલિકીની છે તેનાથી જ ચલાવી લો." (૪:૩) આનાથી સ્પષ્ટ થયું કે, એકથી વધારે નિકાહ કરવા એવા જ સ્વરૂપમાં જ જાઈઝ અને યોગ્ય છે જ્યારે કે, શરીઅત પ્રમાણે બધી પત્નીઓ સાથે સમાન વ્યવહાર અને બરાબરી થઈ શકે અને દરેકના હકો અને અધિકારોની રક્ષા કરવામાં આવે. જો આ બાબતની શક્તિ ન હોય તો એક જ પત્ની રાખવામાં આવે. અજ્ઞાનતાના યુગમાં એવો જુલમ કરવો પ્રચલિત હતો કે, એક વ્યક્તિ અનેક પત્નીઓ રાખી લેતો હતો જેનું વર્ણન અગાઉ અમુક હદીષોના હવાલાથી આ આયત સંદર્ભે આવી ચૂક્યું છે અને પત્નીઓના હકોમાં સમાનતા તથા ન્યાયની મૂળેથી કોઈ સંકલ્પના જ ન હતી. જેવી રીતે જેના તરફ વધારે આકર્ષણ થઈ ગયું તેને દરેક રીતે નવાઝવાની અને ખુશ કરવાની ચિંતામાં લાગી જતા અને અન્ય પત્નીઓના અધિકારોને ઉપેક્ષિત કરવામાં આવતા હતા. કુર્આને કરીમે ચોખ્ખા અને સ્પષ્ટ શબ્દોમાં હુકમ આપ્યો કે, "જો ન્યાય ન કરી શકો તો એક જ પત્ની રાખો અથવા તે બાંદીથી કામ ચલાવી લો, જે શરીઅત પ્રમાણે તમારી મિલકતમાં છે." અત્રે, આ બાબત વર્ણન કરવાપાત્ર છે કે બાંદી (કનીઝ) કે જેનું વર્ણન આ આયતમાં આવ્યું છે, તેની અમુક ચોક્કસ શરતો હોય છે. આધુનિક યુગમાં આ પ્રથાનું કોઈ સ્થાન નથી. એટલા માટે આ યુગમાં કોઈને શરીઅત પ્રમાણે પોતાની મિલકત હેઠળની કનીઝ કહીને તેને વિના નિકાહે રાખી લેવી હરામ છે. આ વિગતના વર્ણનનો અત્યારે મૌકો નથી, તે એક આગવો વિષય છે.

તાત્પર્ય એ છે કે, જો કે, કુર્આન મજીદમાં ચાર સ્ત્રીઓને નિકાહમાં રાખવાની પરવાનગી આપવામાં આવી છે પરંતુ તેની શરતો અને મર્યાદામાં

રહીને નિકાહ કરવામાં આવશે તો જ તે સહીહ અને જાઈઝ છે, પરંતુ એકથી વધારે પત્નીઓ હોવાના સ્વરૂપમાં તેમની સાથે ન્યાય અને સમાનતાનો વ્યવહાર રાખવો વાજિબ છે અને તેનાથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી મોટો ગુનોહ છે. એટલા માટે જો કોઈ એકથી વધારે પત્નીઓ સાથે નિકાહ કરવાનો ઈરાદો કરે તો પ્રથમ પોતાની પરિસ્થિતિનું સંપૂર્ણ નિરીક્ષણ કરી લે કે, સૌના હક અને અધિકારો ન્યાયપણે પૂરા કરવાની પોતાનામાં શક્તિ છે કે કેમ ? જો એવી સંભાવના દેખાવા લાગે કે, ન્યાય અને સમાનતાથી નહિ વર્તી શકે તો એકથી વધારે નિકાહ કરવાનો ઈરાદો કરવો ન જોઈએ, જે તમને એક મોટા ગુનાહમાં સપડાવી શકે છે. તેનાથી અળગા રહેવું જોઈએ અને આવી પરિસ્થિતિમાં ફક્ત એક જ પત્ની સુધી મર્યાદિત રહેવું જોઈએ.

ખુલાસો એ છે કે, જો કોઈએ એકી સાથે ચારથી વધુ સ્ત્રીઓ સાથે ઈજાબ અને કુબૂલ (સ્ત્રી–પુરૂષની પરસ્પર નિકાહ માટેની ગવાહો સામે શરઈ રૂએ મહર આપી જાહેર કરવામાં આવતી સહમતી) કરી લીધું, તો તે નિકાહ મૂળેથી બાતિલ છે. કારણ કે, ચારથી વધુ સ્ત્રીઓ સાથે નિકાહ કરવાનો કોઈને અધિકાર નથી અને ચારની મર્યાદામાં રહીને પણ જે નિકાહ કરવામાં આવે છે, તો નિકાહ તો થઈ જશે, પરંતુ પત્નીઓ સાથે ન્યાય અને સમાનતા રાખવી ઘણી જ જરૂરી છે, નહિતર આવું ન કરનાર ગુનેહગાર થશે અને જો કોઈએ પત્નીના અધિકારો (હકો)ને બરબાદ કર્યા તો શરઈ ન્યાયાધીશની અદાલતમાં દા'વો કરીને તેણી પોતાનો અધિકાર પ્રાપ્ત કરી શકે છે.

રસૂલે કરીમ ﷺએ બધી પત્નીઓ વચ્ચે સંપૂર્ણ સમાનતા અને ન્યાયની સખત તાકીદ કરી છે અને તેનો વિરોધ કરવાની સખત ચેતવણી આપી છે તથા પોતે પણ તેના ઉપર અમલ કરીને તેની સ્પષ્ટતા કરી દીધી છે. બલકે, રસૂલે કરીમ ﷺએ એવી બાબતોમાં પણ સમાનતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે જે બાબતે સમાનતા રાખવી જરૂરી નથી.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, "જે વ્યક્તિના નિકાહમાં બે પત્નીઓ હોય અને તે તેના અધિકારોમાં સમાનતા અને ન્યાય ન કરી શકે તો તે કયામતમાં એવી જ રીતે ઉઠાવવામાં આવશે કે, તેનું એક પડખું નમેલું હશે." *(મિશ્કાત, પેજ : ૨૭૮)*

અલબત્ત, આ સમાનતા એવા કાર્યોમાં આવશ્યક છે, જે મનુષ્યના અધિકારમાં છે. દાખલા તરીકે, ભરણ-પોષણમાં સમાનતા, રાત્રિ રોકાણમાં સમાનતા. રહી વાત એવી બાબતોની કે, જે મનુષ્યના અધિકારમાં નથી, દાખલા તરીકે દિલની ભાવના, આકર્ષણ કોઈના પ્રત્યે વધારે હોય છે તો આ બાબતો અનિચ્છાવર્તી છે અને તેના ઉપર કોઈ પૂછતાછ થશે નહીં. શરત એટલી જ છે કે, આ ભાવના અને આકર્ષણ પોતાના અધિકારમાં હોય એવી બાબતો ઉપર પ્રભાવી ન હોવી જોઈએ. રસૂલે કરીમ ﷺએ પોતે પણ પોતાના અધિકારમાં હોય એવી બાબતોમાં સંપૂર્ણ સમાનતા સ્થાપિત કરી છે અને સાથે-સાથે અલ્લાહ તઆલાના દરબારમાં આવી વિનંતી કરી છે,

اَللّٰهُمَّ هٰذَا قَسْمِیْ فِیْمَا اَمْلِکُ فَلَا تَلُمْنِیْ فِیْمَا تَمْلِکُ وَلَا اَمْلِکُ،

"હે અલ્લાહ ! આ મારી સમાનતાપૂર્ણ વહેંચણી છે, તે વસ્તુઓમાં કે, જે મારા અધિકારમાં છે અને હવે તે વસ્તુઓ કે, જે તારા અધિકારમાં છે, મારા અધિકારમાં નથી તેના ઉપર મારી પૂછતાછ કરીશ નહીં."

દેખીતું છે કે, જે વસ્તુ ઉપર રસૂલે માસૂમ ﷺ પણ કાબૂ નથી ધરાવતા તેના ઉપર કોઈ અન્ય વ્યક્તિ કેવી રીતે કાબૂ મેળવી શકે છે ? એટલા માટે કુર્આને કરીમની અન્ય આયતમાં આ અનિચ્છાવર્તી બાબતોનું વર્ણન આ રીતે આવ્યું છે.

وَلَنْ تَسْتَطِیْعُوْٓا اَنْ تَعْدِلُوْا بَیْنَ النِّسَآءِ، (٤:١٢٩)

"સ્ત્રીઓ વચ્ચે તમે સંપૂર્ણ સમાનતા કદી નહીં કરી શકો." (૪ : ૧૨૯)

જેમાં બતાવવામાં આવ્યું છે કે, દિલની મહોબ્બત એક અનિચ્છાવર્તી બાબત છે, તેમાં સમાનતા કરવી મનુષ્યના અધિકારમાં નથી, પરંતુ આગળ આ અનિચ્છાવર્તી બાબતમાં સુધારણા માટે પણ ઈરશાદ ફરમાવવામાં આવ્યો, فَلَا تَمِیْلُوْا کُلَّ الْمَیْلِ એટલે કે "જો કોઈ વ્યક્તિ એક પત્નીથી વધારે મહોબ્બત કરે અને તે તેમાં લાચાર હોય, પરંતુ આવી પરિસ્થિતિમાં અન્ય પત્નીઓ સાથે સંપૂર્ણ ઉપેક્ષિત અને બેદરકારીભર્યો વ્યવહાર રાખતો હોય તો તે જાઈઝ નથી." આ આયતના શબ્દો فَاِنْ خِفْتُمْ اَنْ لَّا تَعْدِلُوْا فَوَاحِدَةً માં જે ન્યાય અને સમાનતાનું વર્ણન છે એ મનુષ્યના અધિકારની તે જ બાબતો છે કે, જેમાં અન્યાયી વલણ મોટો

ગુનોહ છે અને જે વ્યક્તિને પોતે આ ગુનાહમાં સંડોવાય જવાનો ભય લાગે તેને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે તે એકથી વધારે નિકાહ ન કરે.

એક શંકા અને તેનો જવાબ :

પ્રસ્તુત ખુલાસા અને સ્પષ્ટીકરણથી ઉપેક્ષા સેવવાના કારણે અમુક લોકો સૂરએ નિસાઅ્ની પ્રસ્તુત આયતના ભાવાર્થમાં ભેળસેળ કરી એક ખૂબ મોટી ગેરસમજમાં ફસાય ગયા છે અને તે એ કે સૂરએ નિસાઅ્માં તો એવો હુકમ આપવામાં આવ્યો છે કે, જો ન્યાય અને સમાનતાથી વર્તી ન શકવાનો ભય હોય તો પછી એક જ નિકાહને પૂરતું સમજો અને આ બીજી આયતમાં સ્પષ્ટ રીતે એવું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે, ન્યાય અને સમાનતા થઈ જ નથી શકતી, તો તેનું પરિણામ એ આવ્યું કે એકથી વધારે નિકાહ જાઇઝ જ ન હોવા જોઈએ, પરંતુ આવો મત ધરાવનારાઓએ વિચારવું જોઈએ કે, જો અલ્લાહ જલ્લ શા'નુહૂનો હેતુ આ બધી આયતો દ્વારા એકથી વધારે નિકાહ કરવાથી રોકવાનો જ હતો તો પછી આ બાબતની સ્પષ્ટતામાં જવાની જરૂરત જ ક્યાં હતી ? فَانْكِحُوْا مَاطَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ એટલે કે, "નિકાહ કરો, જે સ્ત્રીઓ તમને પસંદ આવે; બે-બે, ત્રણ-ત્રણ, ચાર-ચાર." અને પછી ઈરશાદ કરવામાં આવ્યો, فَاِنْ خِفْتُمْ اَنْ لَّا تَعْدِلُوْا એટલે કે "જો તમને અન્યાયનો ભય લાગતો હોય" કારણ કે આવી પરિસ્થિતિમાં અન્યાય ચોક્કસ થતો જ હોય છે, તો પછી ભય લાગવાનો કોઈ અર્થ બાકી જ નથી રહેતો !

આ ઉપરાંત રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)નો વ્યવહાર, તેમના નિવેદનો તથા તેમના જીવન ચરિત્રો પણ એ બાબતની સાક્ષી આપે કે, ઈસ્લામે ક્યારેય એકથી વધારે નિકાહથી રોક્યા નથી તો વાત એ જ છે, જે ઉપર વર્ણન થઈ ચૂકી છે કે, સૂરએ નિસાઅ્ની પહેલી આયતમાં પોતાના અધિકાર અને અધિકાર ક્ષેત્રની બાબતોનું અને ન્યાયપૂર્ણ સમાનતાનું વર્ણન છે, અને બીજી આયતમાં જે વસ્તુ અધિકારમાં નથી જેમકે દિલી લાગણીઓ; તો આવી બાબતો વ્યક્તિના કાબૂમાં નથી હોતી (અને એવી બાબતોમાં વ્યક્તિ સમાનતા લાવી શકતો નથી). એટલા માટે આ બંને આયતોમાં ન તો કોઈ વિરોધાભાસ છે અને ન જ આ આયતો સદંતર બહુપત્નીત્વની મનાઈ માટેની દલીલ છે.

આયતના અંતમાં ઈરશાદ થયો, ذٰلِكَ اَدْنٰۤى اَلَّا تَعُوْلُوْا આ આયતમાં બે શબ્દો છે. એક શબ્દ اَدْنٰى (અદ્ના); આ શબ્દ دُنُوٌّ (દુનૂ)થી બન્યો છે, જે "નજીક"ના અર્થમાં આવે છે. બીજો શબ્દ لَا تَعُوْلُوْا (લા તઊલૂ) છે, عَالَ يَعُوْلُ، مَالَ يَمِيْلُ ના અર્થમાં છે જેનો અર્થ "આકર્ષણ" (مَيَلَانٌ)નો છે અને તે અત્રે નાજાઈઝ આકર્ષણ અને અત્યાચાર કે જબરદસ્તીના અર્થમાં આવ્યો છે.

મતલબ એ છે કે, આ આયતમાં જે કંઈ તમને બતાવવામાં આવ્યું છે, (એટલે કે ન્યાય ન કરી શકવાની પરિસ્થિતિમાં એક પત્ની પર બસ કરવું, અથવા બાંદી વગેરેની સાથે જ ગુઝારો કરી લેવો) આ એવી બાબત છે જેને અપનાવી લેવાથી અને તેના ઉપર અમલ કરવાથી તમે અત્યાચાર કરવાથી બચી શકો છો અને જબરદસ્તી તથા અન્યાય ખતમ કરી શકો છો.

અત્રે એક શંકા એ ઊભી થાય છે કે, જયારે એક પત્ની હશે તો અત્યાચારની પરિસ્થિતિ ઊભી થવાની શકયતા જ નથી, પછી અત્રે اَدْنٰى "અદ્ના" શબ્દ વધારીને એવું કેમ કહેવામાં આવ્યું કે, "તેના ઉપર અમલ કરવો એ બાબતની નિકટ છે કે, તમે અત્યાચાર નહીં કરો" બલકે, એવું ફરમાવવું જોઈતું હતું કે, "તમે એનાથી બિલકુલ જ જુલમ કરવાથી બચી જશો."

તેનો જવાબ એ છે કે, આ શબ્દ અદ્ના اَدْنٰى વધારીને એ બાબત તરફ ઈશારો કર્યો છે કે, ઘણા લોકો એક પત્ની ઉપર પણ અત્યાચાર અને અન્યાય કરતા રહે છે, એટલા માટે અત્યાચાર અને અન્યાયનો રસ્તો બંધ કરવા માટે ફક્ત એ પૂરતું નથી કે એકથી વધારે નિકાહ ન કરો. ત્યાં એવી આવશ્યકતા છે કે, આવા સ્વરૂપમાં અત્યાચારનો ભય ઓછો થઈ જશે અને તમે ન્યાયની નિકટ પહોંચી જશો તથા જુલમ અને જબરદસ્તીથી સંપૂર્ણ છુટકારો એવા સમયે પ્રાપ્ત થશે જયારે કે એક પત્નીના અધિકારો સંપૂર્ણ અદા કરવામાં આવે, તેની સાથે સદ્વર્તાવ કરવામાં આવે અને તેની ક્ષતિઓ અને ખામીઓથી દરગુજર (ક્ષમા) કરવામા આવે અને તેની અડોડાઈ ઉપર સબ્ર કરે.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૪)

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ۭ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ شَيْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِيْۗــــًٔا مَّرِيْۗــــًٔا ۝۴

તરજુમો :

અને સ્ત્રીઓને તેમની મહર ખુશીથી આપી દો, પછી જો તે પોતાની ખુશીથી તેમાંથી તમને કંઈ છોડી દે તો તેને રચતું-પચતું (ખુશીથી અને મનગમતું સમજીને) ખાઓ. (૪)

આયતનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતમાં બહુપત્નીત્વના કારણે જે સ્ત્રીઓ ઉપર અત્યાચાર થતો હતો તેનો ઉપચાર હતો. આ આયતમાં સ્ત્રીઓના એક ખાસ અધિકારનું વર્ણન છે અને એમાં સ્ત્રીઓ ઉપર જે અત્યાચાર અને અન્યાય થતો હતો તેનો રદિયો આપવામાં આવ્યો છે, આ મહરના અધિકાર વિશેની બાબત છે.

તફસીર :

તમે લોકો પત્નીઓને તેમની મહર દિલી ખુશીથી આપ્યા કરો, હા ! જો તે પત્નીઓ ખુશી-ખુશી તે મહરમાંથી કંઈ તમને છોડી દે (અને આ જ હુકમ મહર વિશે છે) તો (એવી પરિસ્થિતિમાં) તમે તેને ખાઓ (ઉપયોગ કરો) રસીલું અને મનગમતું જાણીને !

મસ્અલા અને બોધપાઠ :

મહર વિશે અરબ સમાજમાં કેટલાય પ્રકારના અત્યાચાર થતા હતા. એક તો એ કે, મહર જે છોકરીનો અધિકાર છે, તે તેને આપવામાં આવતી ન હતી બલકે, છોકરીના વાલીઓ તેના ધણી પાસેથી વસૂલી લેતા હતા, જે સદંતર અત્યાચાર હતો. આ કુરિવાજને દૂર કરવા માટે કુર્આને ફરમાવ્યું, وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ એટલે કે, "સ્ત્રીઓને તેમની મહર આપી દો." આ સંબોધન સ્ત્રીઓના પતિને પણ છે કે, તે પોતાની પત્નીની મહર પોતે પત્નીને આપી દે અને અન્યોને ન આપે તથા છોકરી પક્ષના વાલીઓને પણ સંબોધન છે કે, જો છોકરીઓની મહર તેઓએ વસૂલ કરી લીધી હોય તો તેઓ તે મહર છોકરીઓને આપી દે, તેની પરવાનગી વિના પોતાના માટે તેનો ઉપયોગ ન કરે. બીજો જુલમ એ પણ થતો હતો કે, જો ક્યારેક કોઈને મહર આપવી પણ પડી તો ખૂબ જ કડવાશથી અને ક-મને વળતર સમજીને આપતા હતા. આ જુલમ દૂર કરવા માટે પ્રસ્તુત

આયતમાં એક શબ્દ نِحْلَةً (નિહ્લહ) ફરમાવવામાં આવ્યો છે, કારણ કે نِحْلَةً (નિહ્લહ)નો શાબ્દિક અર્થ "એવી વસ્તુઓને કહેવામાં આવે છે જે ખુશીથી અને હૃદયપૂર્વક સારી ભાવના સાથે આપવામાં આવી હોય."

મતલબ કે, આ આયતમાં એવું શિક્ષણ આપવામાં આવ્યું છે કે, સ્ત્રીઓની મહર એક વાજિબ અધિકાર છે, તેને અદા કરવી આવશ્યક છે અને જેવી રીતે બધા વાજિબ અધિકારોને ખુશી–ખુશી પૂરા કરવા આવશ્યક છે, એ જ પ્રમાણે મહર પણ આપવી જોઈએ.

ત્રીજો અત્યાચાર મહર વિશે એ પણ હતો કે, ઘણા પતિઓ એવું સમજીને કે પત્ની તેનાથી દબાયેલી છે, વિરોધ નહીં કરી શકે; એટલા માટે દબાણ નાંખીને મહર મા'ફ કરાવી લેતા હતા, જેનાથી વાસ્તવમાં તે મા'ફ થતી ન હતી, પરંતુ તેઓ એવું સમજીને નચિંત થઈ જતા હતા કે મહર મા'ફ થઈ ગઈ.

આ અત્યાચારી કુરિવાજને દૂર કરવા માટે પ્રસ્તુત આયતમાં ઈરશાદ થયો, فَإِنْ طِبْنَ لَكُمْ عَنْ شَيْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوهُ هَنِيئًا مَّرِيئًا એટલે કે, "જો પત્નીઓ ખુશી–ખુશી પોતાની મહરનો કોઈ ભાગ તમને આપી દે તો તમે તેને ખાઈ શકો છો, તે તમારા માટે ઘણું સારું હશે."

મતલબ એ કે જબરદસ્તી, દાબ–દબાણ, ધાક–ધમકી વગેરે દ્વારા મહર મા'ફ કરાવી લેવી કોઈ સાચી રીત નથી. આવું કરવાથી મહર મા'ફ થવાની નથી, પરંતુ જો તે બિલકુલ પોતાના અધિકાર અને સ્વેચ્છાએ મહરનો કોઈ ભાગ મા'ફ કરી દે અથવા લીધા પછી પરત કરી આપે તો તે તમારા માટે જાઈઝ છે અને તેનો ઉપયોગ કરવો ઠીક છે.

આ પ્રસ્તુત અત્યાચાર અને કુરિવાજો અજ્ઞાનતાના યુગમાં અરબ જગતમાં પ્રચલિત હતા, તેના તોડ માટે કુર્આને હકીમે આ આયતમાં આ કુરિવાજને દૂર કરવાનો હુકમ ફરમાવ્યો હતો. અફસોસ છે કે, અજ્ઞાનતાના યુગની આ વાતો આજે પણ મુસલમાનોમાં હજુપણ મોટા ભાગે જોવા મળે છે, વિવિધ ખાનદાનો અને વિસ્તારોમાં આ અત્યાચાર હજુપણ કોઈને કોઈ સ્વરૂપે જોવા મળે છે. આ બધા જુલમ અને અત્યાચારથી બચવું જરૂરી છે.

આયતે શરીફામાં જે શરત લગાવવામાં આવી છે કે, રાજી–ખુશીથી અને

હૃદયપૂર્વક જો તમારી પત્નીઓ મહરનો કોઈ હિસ્સો તમને આપી દે અથવા તમારી પાસેથી વસૂલ જ ન કરે તો તમે તેને ખાઈ શકો છો. તેમાં એક ઘણું જ મોટું રહસ્ય છે. વાત એમ છે કે શરીઅતનો એ સિદ્ધાંત છે કે, બીજાનો થોડો માલ પણ ત્યાં સુધી કોઈ અન્યના માટે હલાલ નથી જ્યાં સુધી કે, માલના માલિક તરફથી દાબ-દબાણ, ધાક-ધમકી, શેહ-શરમ વિના રાજી-ખુશીથી હૃદયપૂર્વક પરવાનગી આપવામાં આવી ન હોય. શરીઅતના આ કાયદાના સંદર્ભમાં રસૂલે કરીમ ﷺનું ફરમાન છે,

اَلَا لَاتَظْلِمُوْا اَلَا لَايَحِلُّ مَالُ امْرَءٍ اِلَّا بِطِيْبِ نَفْسٍ مِّنْهُ (مشکوۃ شریف، ص ۲۵۵)

"ખબરદાર ! જુલમ ન કરો, અને સારી પેઠે સમજી લો કે કોઈ વ્યક્તિનો માલ (કોઈ અન્ય વ્યક્તિ માટે) હલાલ નથી, જ્યાં સુધી કે તે તેની હૃદયપૂર્વકની ખુશીથી પ્રાપ્ત ન થાય." *(મિશ્કાત શરીફ, પેજ : ૨૫૫)*

આ એક મહાન સિદ્ધાંત છે, આ સિદ્ધાંત હેઠળ અનેક વિભાગો આવી જાય છે.

આધુનિક યુગમાં ઘણી સ્ત્રીઓ એવું સમજે છે કે મહર મળવાની નથી, જો સવાલ કરીશ અથવા મા'ફ નહીં કરું તો સંબંધોમાં ખટરાગ અને કડવાશ પેદા થશે. એટલા માટે તે મને-ક-મને મા'ફ કરી દે છે. આ મા'ફીનો કોઈ આધાર નથી, સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત (રહ.) ફરમાવતા હતા કે, સાચા અર્થમાં હૃદયપૂર્વક મા'ફ કર્યાનું એવી જ પરિસ્થિતિમાં જાણ થઈ શકે છે કે, મહરની રકમ પત્નીના હવાલે કરી આપવામાં આવે અને ત્યાર પછી તે પોતાની ખુશીથી કોઈપણ પ્રકારના દાબ-દબાણ વિના ધણીને આપી દે. આ જ બાબત હૃદયપૂર્વક મા'ફ કર્યાનું માપદંડ છે, આ બાબત બહેનો અને વિધવાઓના વારસાના અધિકારો અંગે પણ સમજવી જોઈએ. મોટાભાગે એવું થાય છે કે, માં અથવા બાપના મૃત્યુ પછી પુત્રો જ સંપૂર્ણ સંપત્તિ ઉપર કબજો જમાવી લે છે અને પુત્રીઓને ભાગ આપતા નથી, પરંતુ જો કોઈને દીનદારીનું ભાન થયું તો બહેનો પાસેથી મા'ફી માંગી લે છે અને બહેનો પણ એવું સમજી ચૂકી હોય છે કે, કંઈ ભાગ-બાગ મળવાનો નથી, એટલા માટે પોતાની મરજી અને ઈચ્છા વિરુદ્ધ કચવાતા મને મા'ફ કરી દે છે. ઉપરાંત બાપના મૃત્યુ પછી વિધવા માં ને પણ તેનો હિસ્સો આપવામાં આવતો નથી અને ખાસ કરીને ઓરમાન (સાવકી) માં હોય

તો-તો બિલકુલ કંઈ આપવાની પ્રથા જ નથી. આ બધા હકો દબાવી લેવા મોટા ગુનાહનું કામ છે. જો કોઈ ફક્ત દિલી લાગણીવશ હૃદયપૂર્વક મા'ફ કરશે તો જ મા'ફ થશે, જેનું માપદંડ ઉપર પ્રમાણે બતાવવામાં આવ્યું છે કે, પ્રથમ તેને તેનો હિસ્સો આપી દેવામાં આવે, જો તે તેની રાજી-ખુશીથી પાછો આપી દે, અથવા મા'ફ કરી દે તો જ મા'ફ થયેલું કહેવાશે.

સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત (રહ.) એવું પણ ફરમાવ્યા કરતા હતા કે, આ સિલસિલામાં હૃદયપૂર્વક રાજી-ખુશીથી મા'ફ કરવાનું વર્ણન છે. પરંતુ દરેક બાબતોમાં કોઈ માલ હલાલ થવા માટે ફક્ત રાજી-ખુશીથી આપવું પૂરતું નથી. કારણ કે, જે લોકો લાંચ અથવા વ્યાજ આપે છે, તે પોતાના ઘણા લાભા-લાભ વિચારીને તથા આવકના હિસાબ-કિતાબ લગાવીને ખર્ચ કરે છે, પરંતુ આ ખુશી ભરોસાપાત્ર નથી. જો તટસ્થતાથી તે તેના આત્માને પૂછે તો તેનો નફ્સ આ ખર્ચ ઉપર કદાપિ પણ રાજી નહીં થાય. એટલા માટે આવી બાબતોમાં આ સિદ્ધાંત લાગુ નહીં પડે.

મસ્જિદો અને મદ્રસાઓ અથવા કોઈ અન્ય જરૂરત માટે જે ચંદો કરવામાં આવે છે, તેમાં પણ આપનારની રાજી-ખુશીનો વિચાર કરવો જરૂરી છે. પંચાયત, ચૌધરી (સરપંચ), સરદાર અથવા મોટા માણસોના દાબ-દબાણથી કે શેહ-શરમથી કોઈ વ્યક્તિ ચંદો આપે અને તેમાં એની ખુશી સામેલ ન હોય તો આવા ચંદાથી કામ કરાવવું હલાલ નથી. બલકે તેને પાછો આપી દેવો જોઈએ.

આયતમાં જે શબ્દ صَدُقَاتٌ (સદુકાત) આવ્યો છે, صَدَقَةٌ (بِفَتْحِ الصَّادِ وَضَمِّ الدَّالِ) નું બહુવચન છે. صَدُقَةٌ (સદ્કહ) અને صُدَاقٌ (સુદાક) સ્ત્રીઓની મહરને કહેવામાં આવે છે. મુલ્લા અલી કારી (રહ.) "મિરકાત શરહે મિશ્કાત"માં લખે છે, وَسُمِّيَ بِهِ لِاَنَّهُ يَظْهَرُبِهِ صِدْقُ مَيْلِ الرَّجُلِ اِلَى الْمَرْاَةِ એટલે કે મહરને صُدَاقٌ (સુદાક) અને صَدُقَةٌ (સદુકહ) એટલા માટે કહેવામાં આવે છે કે صُدَاقٌ "સુદાક" અત્રે સચ્ચાઈના અર્થમાં છે અને મહરથી પણ કારણ કે ધણીનું પોતાની પત્ની તરફ સાચું આકર્ષણ હોવું જાહેર થાય છે. એટલા માટે તેને તે સંદર્ભમાં صُدَاقٌ "સુદાક" કહેવાય છે.

અને هَنِيْئًا (હનીયન) અને مَرِيْئًا (મરીઅન્) બંને વિશેષણો છે, તેને શબ્દો

ઉપર વિશિષ્ટરૂપે ગુણવાચક ભાવ બતાવવા વાપરવામાં આવ્યા છે. (مِنْ هَنَاَ وَهَنُؤَ وَهَنِیَ) هَنِیْئًا "હનીઅન"નો શબ્દાર્થ શબ્દકોષ પ્રમાણે એ છે કે "કોઈ વસ્તુ તકલીફ અથવા મહેનત વિના પ્રાપ્ત થઈ જાય અથવા વિના મહેનતે ગળા નીચે ઊતરી જાય અને સરળતાથી પચી જાય તથા શરીરનો કોઈ ભાગ બની જાય." (مِنْ مَرَأَ الطَّعَامُ فَهُوَ مَرِیْءٌ اَیْ هَنِیْئٌ) مَرِیْئًا "મરીઅન્"ના શબ્દમાં પણ પ્રસ્તુત અર્થનો જ ઉપયોગ થાય છે. (કામૂસ) મતલબ કે, બંને શબ્દો લગભગ સમાનાર્થી છે, એ કારણે હઝરત થાનવી (રહ.)એ આ બંને શબ્દોનો તરજુમો خوش گوار "ખુશગવાર (મન-મોહક)" શબ્દથી કર્યો છે અને હઝરત શાહ અબ્દુલ કાદિર (રહ.)એ رچتا پچتا "રચતા-પચતા" શબ્દો વાપર્યા છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૫-૬)

وَلَا تُؤْتُوا السُّفَهَاءَ أَمْوَالَكُمُ الَّتِي جَعَلَ اللَّهُ لَكُمْ قِيَامًا وَّارْزُقُوهُمْ فِيهَا وَاكْسُوهُمْ
وَقُولُوا لَهُمْ قَوْلًا مَّعْرُوفًا ۝ وَابْتَلُوا الْيَتٰمٰى حَتّٰى إِذَا بَلَغُوا النِّكَاحَ ۚ فَإِنْ
آنَسْتُمْ مِّنْهُمْ رُشْدًا فَادْفَعُوا إِلَيْهِمْ أَمْوَالَهُمْ ۚ وَلَا تَأْكُلُوهَا إِسْرَافًا وَّبِدَارًا أَنْ يَّكْبَرُوا ۭ
وَمَنْ كَانَ غَنِيًّا فَلْيَسْتَعْفِفْ ۚ وَمَنْ كَانَ فَقِيرًا فَلْيَأْكُلْ بِالْمَعْرُوفِ ۭ فَإِذَا دَفَعْتُمْ
إِلَيْهِمْ أَمْوَالَهُمْ فَأَشْهِدُوا عَلَيْهِمْ ۭ وَكَفٰى بِاللَّهِ حَسِيبًا ۝

તરજુમો :

અને અબૂધો (મંદબુદ્ધિવાળાઓ)ને પોતાનો માલ ન સોંપી દો જેને અલ્લાહે તમારા માટે ગુજરાનનો સબબ બનાવ્યો છે, અને તેમાંથી તેમને ખવડાવતા અને પહેરાવતા રહો અને તેમને યોગ્ય વાત કહો. (૫) અને યતીમોને કેળવતા (અજમાવતા) રહો જ્યાં સુધી કે તેઓ નિકાહની ઉંમરે પહોંચી જાય, પછી જો તેમનામાં હોશિયારી (ક્ષમતા) જુઓ તો તેમનો માલ તેમના હવાલે કરી દો, અને તેમના માલને ઉડાઉપણે અને જરૂરતથી વધારે (એવું વિચારી જલદી-જલદી) ન ખાઓ કે તેઓ મોટા થઈ જશે, અને જો તે (યતીમના

વાલી) સદ્ધર હોય તો (યતીમના માલથી) બચતા રહે અને જો જરૂરિયાતમંદ હોય તો પ્રચલિત રીત મુજબ ખાય, પછી જ્યારે તેમનો માલ તેમના હવાલે કરો તો તેના ઉપર ગવાહ કરી લો; અને અલ્લાહ હિસાબ લેવા માટે પૂરતો છે. (૬)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતોમાં યતીમોનો માલ તેમને સોંપી દેવાનો અને સ્ત્રીઓની મહર તેમને અદા કરવાનો હુકમ આવી ચૂક્યો છે, જેમાં દેખીતી રીતે એવું લાગી શકે છે કે, જાણે યતીમો અને સ્ત્રીઓનો માલ પ્રત્યેક પરિસ્થિતિમાં તેમના હવાલે કરી દેવો જોઈએ. ભલે, તેમનામાં વ્યવહાર કરવાની ક્ષમતા હોય કે ન પણ હોય, તે પોતાના માલની સુરક્ષા કરવા માટે શક્તિશાળી હોય કે ન હોય. આવી ગેરસમજ દૂર કરવા માટે પ્રસ્તુત આયતોમાં ફરમાવવામાં આવ્યું છે કે, અબુધ (મંદબુદ્ધિના)ને તેમનો માલ ન સોંપો અને તેમને ચકાસતા રહો, જ્યારે તમને એવું લાગવા માંડે કે માલની સુરક્ષા અને તેને ખર્ચ કરવાની સૂઝબૂઝ તેઓએ કેળવી લીધી છે ત્યારે તમે તેમનો માલ તેમને સોંપી દો.

તફસીર :

(અને જો યતીમ એટલે કે અનાથ બાળક બાલિગ એટલે કે પુખ્ત વયનું થઈ જાય તો જે તેનો વાલી છે, તેણે તેનો માલ તેના હવાલે કરી દેવો જોઈએ, જેમકે આગળ આવે છે. પરંતુ જો તે યતીમ અબુધ એટલે કે મંદબુદ્ધિનો અને મૂર્ખ હોય તો) તમે (તે) મંદબુદ્ધિવાળાઓ (અબુધો)ને પોતાનો (એટલે કે તેમની માલિકીનો) તે માલ ન સોંપો, જેને અલ્લાહ તઆલાએ (એવા કામ માટે પેદા કર્યો છે કે એને) તમારા (સૌના) માટે જીવન ગુજરાન બનાવ્યો છે. (મતબલ એ કે, તે માલ કદર કરવાની વસ્તુ છે, તેને અત્યારે ન આપો કે તે બેકદરી કરીને તેને ઉડાવી દેશે) અને તે માલમાં(થી) તેને ખવાડતા રહો, પીવાડતા રહો અને તેમને યોગ્ય વાત કહેતા રહો (એટલે કે તેમને દિલાસો આપતા રહો કે, આ માલ તમારો જ છે, તમારી ભલાઈના કારણે જ અત્યારે તમને તમારા હાથમાં નથી આપતા, જરા સમજદાર થઈ જશો ત્યારે તમારો માલ તમને આપી દેવામાં આવશે) અને (જ્યારે માલ સોંપવા માટે તેમનામાં હોશિયારી જોવી જરૂરી છે તો) તમે યતીમોને

(બાલિગ થતા પહેલાં તેમની હોશિયારી, બુદ્ધિ અને ક્ષમતાને) અજમાવતા રહો. (કારણ કે, પુખ્ત થવાના સમયે તમારે માલને તેમના હવાલે કરવાનો છે તો પ્રથમ તેમને અજમાવી લો, દાખલા તરીકે અમુક-અમુક વસ્તુની ખરીદી તેમની પાસે કરાવતા રહો અને જુઓ કે, તેઓ તેને વ્યવસ્થિત રીતે ખરીદી લાવે છે ? અથવા કોઈ વસ્તુ તેમની પાસે વેચાવો કે, તે કેવી રીતે વેચે છે ?) એટલે સુધી (તેમને અજમાવવામાં આવે) કે જ્યારે નિકાહ(ની ઉંમર) સુધી પહોંચી જાય, (એટલે કે, પુખ્ત વયના થઈ જાય. કારણ કે નિકાહની સંપૂર્ણ ક્ષમતા પુખ્ત વય હોય છે) પછી (પુખ્ત વય પછી સંપૂર્ણ કસોટીમાંથી પસાર કરીને) જો તેમનામાં કાબેલિયત જુઓ (એટલે કે માલની હિફાઝત અને વ્યવહારનો સલીકો અને રીતભાત જોઈ લો) તો તેમને તેમનો માલ હવાલે કરી દો (અને જો હજુ તેમનામાં વ્યવહારની કાળજી અથવા વ્યવસ્થા કરવાની ક્ષમતા ન જુઓ તો તેમનો માલ તેમના હવાલે કરવામાં ન આવે) અને (યતીમોના) માલને જરૂરતથી વધારે એ વિચારથી કે, તે બાલિગ (પુખ્ત વયનો) થઈ જશે (પછી તેમનો માલ તેમને હવાલે કરવો પડશે) જલદી-જલદી ઉડાવીને ન ખાઓ અને (જો એવી રીતે ન ઉડાવે બલકે આવશ્યકતા અનુસાર થોડું ખાવા ચાહે તો તેનો હુકમ એ છે કે) જે વ્યક્તિ ગની (માલદાર) હોય (એટલે કે તેની પાસે પણ પોતાનું ભરણ-પોષણ કરી શકે એટલો માલ ઉપલબ્ધ હોય, ભલે તે "સાહિબે નિસાબ" ન હોય) તો તે પોતાને બિલકુલ (થોડું ખાવાથી પણ) બચાવે અને જે વ્યક્તિ જરૂરિયાતમંદ હોય તો તે યોગ્ય પ્રમાણથી (એટલે કે જેનાથી પોતાની જરૂરિયાત પૂરી થઈ જાય) ખાઈ લે (વાપરી લે), પછી જ્યારે (અમુક શરતો પૂરી થાય જેમકે, પુખ્ત વયની અને સમજદારીની; અને) તેમનો માલ તેમને હવાલે કરવા માંડો તો (ઉત્તમ એ છે કે) તેમનો (માલ તેમને આપતી વખતે) ગવાહ પણ કરી લો, (કદાચ કોઈ સમયે વિવાદ ઉપસ્થિત થઈ જાય તો આ ગવાહો કામ લાગશે) અને (આમ તો) અલ્લાહ તઆલા જ હિસાબ લેવા માટે પૂરતો છે. (જો ખયાનત ન કરી હોય તો ગવાહોનું ન હોવું પણ નુકસાકર્તા નથી, કારણ કે અસલ હિસાબ જેને લેવાનો છે, તે તો તેની અમાનતદારી જાણે છે અને જો ખયાનત કરી હશે તો ગવાહોનું હોવું પણ કોઈ લાભ નહીં પહોંચાડે અને જેને હિસાબ આપવાનો છે તે તેની ખયાનત પણ જાણે છે. એટલા માટે ફક્ત જાહેર વ્યવસ્થા માટે ગવાહોનું હોવું વધારે સારું અને ઇચ્છનીય છે.)

મસ્અલા અને બોધપાઠ :

માલ એ જિંદગીનો સરમાયો છે અને તેની સુરક્ષા આવશ્યક છે :

આ આયતોમાં એક બાજુ માલનું મહત્ત્વ અને માનવ અર્થકારણમાં તેના મોટા પ્રભાવનું વર્ણન કરી તેની સુરક્ષા માટે હૃદયમાં ભાવના પેદા કરવામાં આવી છે. બીજી બાજુ માલની સુરક્ષા વિશે એક પ્રચલિત ઉણપની સુધારણા કરવામાં આવી છે અને તે એ કે, ઘણા લોકો સ્વાભાવિક મહોબ્બતથી પ્રભાવિત થઈને બિનઅનુભવી નાબાલિગ બાળકો અને અજ્ઞાન સ્ત્રીઓને તેમનો માલ હવાલે કરી આપે છે, જેનું એક ચોક્કસ પરિણામ એવું નીકળે છે કે, તે માલ બરબાદ થઈ જાય છે અને ઘણી જ જલદી ગરીબી અને તંગદસ્તી આવી જાય છે.

સ્ત્રીઓ અને બાળકો તથા અબુધ (મંદબુદ્ધિના) લોકોને માલ હવાલે ન કરો :

મુફસ્સિરે કુર્આન હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "કુર્આને કરીમની આયતમાં એવી સૂચના આપવામાં આવી છે કે, પોતાનો સંપૂર્ણ માલ કમઅક્કલ બાળકો અને સ્ત્રીઓને સોંપીને પોતે તે માલના મોહતાજ ન બની જાઓ. બલકે, અલ્લાહ તઆલાએ તમને તે માલના વ્યવસ્થાપક અને વાલી બનાવ્યા છે, તમે તે માલ તમારી પોતાના રક્ષણમાં રાખો કે, જરૂરિયાત પ્રમાણે તેમને ખવાડવા-પીવાડવામાં ખર્ચ કરતા રહો અને જો તેઓ તે માલ પોતાના કબજામાં લેવાની માંગણી કરે તો તેમને યોગ્ય વાત કહીને સમજાવી દો, જેનાથી તેમના હૃદયને ઠેસ પણ ન પહોંચે અને માલ પણ બરબાદ ન થાય. દાખલા તરીકે, એવું કહી આપો કે, આ બધું તમારા માટે જ રાખ્યું છે અને તમે હોશિયાર થઈ જશો તો તમને આપવામાં આવશે."

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ની આ તફસીર પ્રમાણે આયતના ભાવાર્થમાં તે દરેક સ્ત્રીઓ, બાળકો અને અબુધ બિન અનુભવી તથા મંદબુદ્ધિના લોકો સામેલ છે જેમને માલ સોંપવાથી માલને નુકસાન થવાનો ભય છે. પછી પોતે તે પોતાના બાળકો હોય કે યતીમ બાળકો, ભલે તે માલ પોતાના તે બાળકોનો હોય અથવા યતીમોનો હોય કે પછી તેમના વાલીઓનો હોય. – આ તફસીર હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.) દ્વારા પણ નકલ થયેલી છે અને તફસીરના ઈમામ હાફિઝ તબરી (રહ.)એ પણ આ જ બાબતને અપનાવી છે.

પાછલી અને આગલી આયતોની વર્ણનશૈલી જો કે આ હુકમ ફક્ત યતીમ બાળકો સાથે સંબંધ હોવાનું વલણ પેદા કરી શકે છે, પરંતુ તેમાં વાપરવામાં આવેલા પ્રચલિત શબ્દો પોતાના ઠેકાણે છે જેમાં યતીમ અને સામાન્ય દરેક પ્રકારના બાળકો સામેલ છે અને કદાચ આ સ્થળે اَمْـوَالَـكُـمْ (અમવાલકુમ)ના સેગા (સર્વનામ)થી સંબોધવામાં એ જ હિકમત હોય કે, તેમાં પોતાનો માલ પણ સામેલ છે અને યતીમોનો માલ પણ, જ્યાં સુધી તેમનામાં પરિપક્વતા ન આવી જાય અને પોતાની જવાબદારીમાં હોવાના કારણે જાણે કે આ માલ તેમનો પોતાનો જ છે અને આનાથી અગાઉની આયતમાં આવી ચૂક્યું, وَاٰتُـوا الْيَتٰـمٰـى اَمْـوَالَـكُمْ ફરમાવીને અસલ વાસ્તવિકતા સ્પષ્ટ પણ કરી દેવામાં આવી કે, યતીમોને તેમનો માલ આપવાનો જ છે જેથી તેમાં કોઈ ગેરસમજ બાકી રહી શકતી નથી.

માલની સુરક્ષા એ ખૂબ જ જરૂરી બાબત છે અને તેને બરબાદ કરવો ગુનોહ છે, પોતાના માલની સુરક્ષા કરતાં-કરતાં માર્યો જાય તો તે શહીદ છે, જેવી રીતે કે પોતાના પ્રાણની રક્ષા કરતાં-કરતાં માર્યો જાય તો તેને શહાદતનો સવાબ મળે છે. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

مَنْ قُتِلَ دُوْنَ مَالِهٖ فَهُوَ شَهِيْدٌ (بخاری صفحه ۳۳۷، جلد ۱، مسلم صفحه ۸۱، جلد ۱)

"પોતાના માલનું રક્ષણ કરતાં(-કરતાં) જે વ્યક્તિ માર્યો જાય તે શહીદ છે."
(બુખારી, પેજ : ૩૩૭, જિલ્દ : ૧ / મુસ્લિમ, પેજ : ૮૧, જિલ્દ : ૧)

એટલે કે તેને શહીદો જેટલો સવાબ મળશે.

એક અન્ય હદીષમાં ફરમાવ્યું,

نِعِمَّا بِالْمَالِ الصَّالِحِ لِلرَّجُلِ الصَّالِحِ (مشكوة ص ۳۲۶)

"નેક વ્યક્તિ માટે તેનો સારો અને પવિત્ર માલ જિંદગીની ઉત્તમ મૂડી છે.
(મિશ્કાત, પેજ : ૩૨૬)

વળી, એક હદીષમાં ઈરશાદ થયો,

لَا بَاْسَ بِالْغِنٰى لِمَنِ اتَّقَى اللّٰهَ عَزَّ وَجَلَّ، (مشكوة ص ۴۹۱)

"વળી જે વ્યક્તિ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાથી ડરતો હોય તેની માલદારીથી દીનમાં કોઈ વાંધો નથી." *(મિશ્કાત, પેજ : ૪૯૧)*

અંતિમ બે હદીષોમાં એ બાબત ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે કે, નેક અને મુત્તકી લોકોએ માલ પોતાના પાસે રાખવો તેમના હકમાં નુકસાનકર્તા નથી, કારણ કે આવા લોકો અલ્લાહનો ડર રાખીને પોતાના માલને ગુનાહોમાં ખર્ચ કરવાથી બચશે. ઘણા અલ્લાહના વલીઓ, સુફીઓ અને ઈબાદતગુઝાર ઝાહિદોથી દુનિયાના માલ વિશેની જે બુરાઈઓ વર્ણન થઈ છે તે, માત્ર એવા લોકો માટે જ છે જેઓ પોતાનો માલ ગુનાહોમાં ખર્ચ કરીને પોતાના કમાયેલા માલને આખિરતમાં અઝાબનું માધ્યમ બનાવી રહ્યા છે અને કારણ કે, મનુષ્યના પ્રાકૃતિક સ્વભાવ પ્રમાણે માલદાર થયા પછી ખર્ચ અને અન્ય આર્થિક બાબતોથી વ્યક્તિ નચિંત થઈ જાય છે, જો કે, માલથી દૂર રહેવાને અમુક હદ સુધી સારું સમજવામાં આવે છે. આવશ્યકતા અનુસાર થોડું-ઘણું કમાઈ લે અને અલ્લાહનું નામ લે તથા પોતાની જાતને તે માલના હિસાબ-કિતાબથી બચાવી લે જેમકે, પ્રાચીનકાળના અલ્લાહવાળાઓનું જીવન ચરિત્ર હતું. આધુનિક યુગમાં લોકોમાં દીન અને ઈમાનનું મહત્ત્વ એટલું બધું રહ્યું નથી. દુનિયવી સરસામાન તરફ ધ્યાન વધારે કેન્દ્રિત થયું છે અને ભૌતિકતાનો નશો છવાયેલો છે, થોડી ઘણી તકલીફ અને મુસીબત તો શું ? પરંતુ ફેશન જેવી મા'મૂલી બાબત છોડવાનું કહેવામાં આવે છે તો તેના બદલે દીન છોડવા તૈયાર થઈ જાય છે ! જો કે, માલનું મહત્ત્વ સદંતર નકારનાર આવા લોકો માટે રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો,

كَادَ الْفَقْرُ اَنْ يَّكُوْنَ كُفْرًا، (مشكوٰة، ص ۴۲۹)

"તંગદસ્તી (આર્થિક ભીડ) અમુક સમયે માણસને કાફિર બનાવી શકે છે."

હઝરત સુફિયાન ષૌરી (રહ.)એ તેના ખુલાસામાં ફરમાવ્યું છે, كَانَ الْمَالُ فِيْمَا مَضٰى يُكْرَهُ، فَاَمَّا الْيَوْمَ فَهُوَ تُرْسُ الْمُؤْمِنِ એટલે કે, "પાછલા યુગમાં માલને પાસે રાખવો સારું સમજવામાં આવતું ન હતું, પરંતુ આજે આ માલ મો'મિનની ઢાલ છે."

વળી તેમણે ફરમાવ્યું, مَنْ كَانَ فِىْ يَدِهٖ مِنْ هٰذِهٖ شَيْئًا فَلْيُصْلِحْهُ فَاِنَّهٗ زَمَانٌ اِنِ احْتَاجَ كَانَ اَوَّلَ مَنْ يَّبْذُلُ دِيْنَهٗ એટલે "જેમની પાસે દિરહમ અને દીનારમાંથી કંઈક મોજૂદ છે તેણે પોતાના માલનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. કારણ કે, આ તે યુગ છે કે જો કોઈ પરિસ્થિતિ આવી પડી તો વ્યક્તિ સૌ પ્રથમ પોતાની

જરૂરિયાત પૂરી કરવા માટે પોતાના દીનને જ ખર્ચ કરશે.'' મતલબ એ છે કે, જરૂરિયાત પૂરી કરવાનું મહત્ત્વ દીન ઉપર ચાલવાથી વધારે થઈ ગયું. (અસ્તગફિરુલ્લાહ !) *(મિશ્કાત, પેજ : ૪૫૧)*

નાબાલિગોની બુદ્ધિ અને ક્ષમતાની કસોટી કરવાનો હુકમ :

પ્રથમ આયતમાં જ્યારે એ જાણ થઈ ચૂકી કે, જ્યાં સુધી વ્યવહારમાં નાબાલિગ (નાની વયના) બાળકોની પરિપક્વતા સાબિત ન થઈ જાય, તે સમય સુધી તેમને માલ સોંપવામાં ન આવે. એટલા માટે બીજી આયતમાં બાળકોના શિક્ષણ અને કેળવણીની વ્યવસ્થા કરીને તેમની કસોટી કરવા માટે તેમની ક્ષમતા અને બુદ્ધિને ચકાસતા રહેવાનો પણ હુકમ કરવામાં આવ્યો. ઈરશાદ છે,

وَابْتَلُوا الْيَتٰمٰى حَتّٰٓى اِذَا بَلَغُوا النِّكَاحَ એટલે કે, પુખ્ત વયના થતા પહેલાં જ નાના-નાના વ્યવહારો જેમકે, સામાન્ય લે-વેચનો વ્યવહાર તેમને સોંપીને તેમની ક્ષમતાની ચકાસણી કર્યા કરો અને જ્યારે તે નિકાહની યોગ્ય ઉંમરે પહોંચે એટલે કે પુખ્ત વયના થઈ જાય તો હવે વિશિષ્ટ રીતે એવું અનુમાન લગાવો કે, તે પોતાના સ્વતંત્ર વ્યવહારોમાં હોશિયાર થઈ ગયા છે કે નહીં ? જ્યારે તે હોશિયાર થઈ ગયા હોવાનું લાગવા માંડે તો તેમનો માલ તેમને સોંપી દો.

ખુલાસો :

બાળકોની ખાસ પ્રકૃતિ અને તેમની બુદ્ધિ કે સભાનતાના આધારે ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે. (૧) શરઈ રૂએ પુખ્ત વયના (બાલિગ) થતા પહેલાં, (૨) પુખ્ત વયના થયા પછી અને (૩) હોશિયારી (પરિપક્વતા) આવ્યા પછી. બાળકો પુખ્ત વયના થતાં પહેલાં તેમના વાલીઓને એવો હુકમ છે કે, તેમનું શિક્ષણ અને કેળવણીની કોશીષ કરે અને વ્યવહારોમાં તેમને હોશિયાર બનાવવા માટે નાના-નાના લે-વેચ જેવા સોદાઓ પણ તેમની પાસે કરાવતા રહે. આયતમાં وَابْتَلُوا الْيَتٰمٰى (અને યતીમોને ચકાસો)નો આ જ ભાવાર્થ છે, તેનાથી ઈમામે આ'ઝમ અબૂ હનીફહ (રહ.)એ આ મસ્અલો પ્રતિપાદિત કર્યો છે કે, ''નાબાલિગ બાળકો જે પણ લે-વેચ (ખરીદ-વેચાણ) પોતાના વાલીઓની પરવાનગીથી કરે, તે ખરી અને કાયદેસરની છે.''

બીજો હુકમ એ છે કે, જ્યારે તેઓ બાલિગ અને નિકાહ યોગ્ય થઈ જાય

તો હવે વ્યવહાર અને અનુભવના આધારે તેમની બુદ્ધિ અને ક્ષમતાની ચકાસણી કરો અને જુઓ કે, તે પોતાનો લાભ–ગેરલાભ સમજવા લાગ્યા છે કે કેમ ? અને દરેક વ્યવહારને યોગ્ય પદ્ધતિથી પૂર્ણ કરી શકે છે કે કેમ ? જો જવાબ હકારમાં હોય તો તેમનો માલ તેમના હવાલે કરી દો.

કેટલી ઉંમર પુખ્ત વય કહેવાય ? :

આ આયતમાં એક બાજુ بُلُوغ "બુલૂગ" (પુખ્ત વય)નો હુકમ વર્ણવવામાં આવ્યો છે તો પ્રશ્ન એ છે કે, કુર્આને કરીમ બાળકોને "બાલિગ" (પુખ્ત વયના) ક્યારે સમજે છે ? فَاِذَا بَلَغُوا النِّكَاحَ એ બાજુ ઈશારો કરે છે કે, વાસ્તવિક "બુલૂગ" (પુખ્ત વય) કોઈ નિશ્ચિત વય કે, ઉંમર સાથે જોડાયેલી બાબત નથી. બલકે, તેનો આધાર તે બાબતો અને નિશાનીઓ ઉપર છે જે પુખ્ત વયના લોકોમાં જોવા મળે છે. આ નિશાનીઓના આધારે જે સમયે પણ તે નિકાહના યોગ્ય થઈ જાય, તેને બાલિગ (પુખ્ત વયના) સમજવામાં આવશે. ભલે તે ઉંમર ૧૪–૧૫ વર્ષની હોય ! અલબત્ત, કોઈ બાળકમાં બાલિગ હોવાની નિશાનીઓ નજરે નથી પડતી, તો આવા સંજોગોમાં તેની ઉંમર અને બૌદ્ધિક ક્ષમતાના આધારે તેને પુખ્ત વયનો સમજી લેવામાં આવશે, જેમાં ફિક્હમાં ઘણા મતભેદો છે. અમુકે છોકરા માટે ૧૮ વર્ષ અને છોકરી માટે ૧૭ વર્ષ નક્કી કર્યા છે અને અમુકે બંને માટે ૧૫ વર્ષ નક્કી કર્યા છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ પોતાના ફતવામાં જાહેર કર્યું છે કે, છોકરી અને છોકરો બંને ૧૫ વર્ષની ઉંમરના થાય તો બંને શરઈ માપદંડ પ્રમાણે બાલિગ (પુખ્ત વયના) ગણવામાં આવશે. ભલે, તેમનામાં બાલિગ થયા હોવાની નિશાનીઓ જોવા ન મળે!

હોશિયારી (પરિપક્વતા) અને ક્ષમતાની કેવી રીતે જાણ થશે ? :

આ બાબતે اٰنَسْتُمْ مِّنْهُمْ رُشْدًا નો ખુલાસો :

કુર્આનના હુકમમાં એવું છે કે, જ્યારે તમે તેમનામાં બૌદ્ધિક ક્ષમતાનો અનુભવ કરો, હોશિયારી જુઓ તો તે સમયે તેમનો માલ તેમને સોંપી દો. આ હોશિયારી અને ક્ષમતાનું માપદંડ શું છે ? કુર્આને કરીમે આ ક્ષમતાના અંતિમ માપદંડની કોઈ છણાવટ કે સ્પષ્ટતા નથી કરી. એટલા માટે અમુક ફકીહો એ બાજુ ગયા છે કે, જ્યાં સુધી સંપૂર્ણ હોશિયારીની અનુભૂતિ ન થાય તે સમય સુધી

તેમનો માલ તેમને ન સોંપવો જોઈએ. બલકે, જે પ્રમાણે તે તેના વાલીના રક્ષણ હેઠળ તેની અમાનતમાં રહેતો હતો, એ જ પ્રમાણે રહેશે. ભલે આખી જિંદગી આવી પરિસ્થિતિમાં પસાર થઈ જાય !

અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)ની તહકીક એ છે કે, આ જગ્યાએ હોશિયારીના અભાવનો અર્થ એટલે કે જે અભાવ વ્યક્તિના બચપણના કારણે હોય છે તે છે, પરંતુ બાલિગ થયા પછીના દશ વર્ષો સુધીમાં તો બાળપણનો પ્રભાવ બિલકુલ સમાપ્ત થઈ જાય છે. એટલા માટે ૧૫ વર્ષની ઉંમર "બુલૂગ" (પુખ્ત વય)ની ઉંમર અને ત્યાર પછીના દશ વર્ષો એટલે કે, કુલ ૨૫ વર્ષની ઉંમર સુધીમાં તો તેનામાં બધી જ હોશિયારી આવી જાય છે અને આવી કાબેલિયત અને ક્ષમતા પ્રાપ્ત કરવાથી છોકરમતિયાપણું દૂર થઈ જાય છે. કુર્આને કરીમે તેને رُشْدًا (રુશદન) કહીને એ તરફ ઈશારો પણ કરી દીધો છે કે, સંપૂર્ણ હોશિયારી અથવા બુદ્ધિની શરત નથી. બલકે, અમુક હદ સુધીની હોશિયારી પણ પૂરતી છે કે, જેના આવી જવાથી તેમનો માલ તેમને હવાલે કરી દેવો જોઈએ. એટલા માટે ૨૫ વર્ષ સુધીની રાહ જોઈને જો સંપૂર્ણ હોશિયારી કે બુદ્ધિ ન પણ આવે તો પણ તેમને તેમનો માલ આપી દેવામાં આવશે. રહી વાત સંપૂર્ણ હોશિયારી અને અક્કલમંદીની, તો આવી બુદ્ધિ તો અમુક લોકોમાં પૂરી જિંદગી નથી આવતી, તેઓ સદા ભલા-ભોળા રહે છે. આ કારણથી તેમને તેમના માલથી વંચિત કરવામાં નહીં આવે. હા ! જો કોઈ બિલકુલ જ પાગલ અથવા ગાંડો હોય તો તેનો અલગ હુકમ છે કે, તેના વિશે હંમેશા નાબાલિગ બાળકોના હુકમ લાગુ પડે છે. એટલા માટે તેમનો માલ ક્યારેય..... તેમના હવાલે કરવામાં નહીં આવે, જ્યાં સુધી કે તેમનું ગાંડપણ દૂર ન થાય ! અને જો સમગ્ર જીવન આવા ગાંડપણમાં પસાર થાય તો જીવનભર તેમનો માલ તેમના હવાલે કરવામાં નહીં આવે.

યતીમોનો માલ બિનજરૂરી અને અસ્થાને ખર્ચ કરવાની મનાઈ :

જેમકે, જાણ થઈ ચૂકી છે કે, આ આયતમાં એ બાબતનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, યતીમોનો માલ તેમને ત્યાં સુધી હવાલે ન કરો જ્યાં સુધી તેમનામાં અમુક હદ સુધી હોશિયારી અને અનુભવનું જ્ઞાન ન આવી જાય, એટલા માટે દેખીતું છે કે, આ પ્રક્રિયામાં થોડો સમય રાહ જોવી પડશે.

આવી હાલતમાં એવી સંભાવના છે કે, યતીમના વાલીઓ તરફથી કદાચ કોઈ એવી અતિશયોક્તિ થઈ જાય કે, જેનાથી યતીમને નુકસાન થાય. એટલા માટે આગળ ઉપર આ આયતમાં ઈરશાદ ફરમાવ્યું,

وَلَا تَأْكُلُوْهَآ اِسْرَافًا وَّبِدَارًا اَنْ يَّكْبَرُوْا એટલે કે, "આ માલને આવશ્યકતાથી વધારે એવો વિચાર કરી જલદી-જલદી ઉડાવીને ન ખાઓ, કે તેઓ બાલિગ થઈ જશે તો તેમને તે માલ આપવો પડશે." તેમાં યતીમના વાલીઓને બે બાબતોની મનાઈ કરવામાં આવી છે, એક તેમના માલમાં જરૂરિયાતથી વધારે ખર્ચ ન કરો અને બીજી બાબત એ કે, તેમના માલમાં આવશ્યક કારણ વિના જલદી-જલદી ઉડાઉપણું દાખવીને ખર્ચ ન કરો, એવા વિચારથી કે, તેઓ જલદી મોટા થઈ જશે તો આ તેમનો માલ તેમને હવાલે કરવો પડશે અને અમારો અધિકાર પૂરો થઈ જશે.

યતીમના વાલી તેમના માલમાં આવશ્યકતા અનુસાર કંઈ લઈ શકે છેઃ

અંતિમ આયતમાં એ નિયમ પણ બતાવવામાં આવ્યો કે, જે વ્યક્તિ કોઈ યતીમ બાળકની કેળવણી અને તેના માલની હિફાઝતમાં પોતાનો સમય અને મહેનત કામે લગાડે છે, શું તેને એવો અધિકાર છે કે, યતીમના માલમાંથી પોતાની સેવાના બદલામાં કંઈ લઈ લે ? એટલા માટે ઈરશાદ થયો છે. وَمَنْ كَانَ غَنِيًّا فَلْيَسْتَعْفِفْ એટલે કે, "જે વ્યક્તિ જરૂરિયાતમંદ ન હોય, પોતાની જરૂરિયાત અન્ય માધ્યમો દ્વારા પોતે પૂરી કરી શકતો હોય, તેણે યતીમના માલમાંથી પોતાની સેવાના બદલામાં કંઈ ન લેવું જોઈએ. કારણ કે, આ સેવા તેના માટે ફરજ હતી અને તેનું વળતર લેવું જાઇઝ નથી."

પછી ફરમાવવામાં આવ્યું, وَمَنْ كَانَ فَقِيْرًا فَلْيَاْكُلْ بِالْمَعْرُوْفِ એટલે કે, જે યતીમના વાલી ફકીર અને મોહતાજ હોય અને અન્ય કોઈ માધ્યમ દ્વારા પોતાનું ભરણ-પોષણ ન કરી શકતા હોય, તો તે યતીમના માલમાંથી પોતે એક યોગ્ય પ્રમાણમાં ખાઈ શકે છે કે, જેનાથી તેની જરૂરતો પૂર્ણ થઈ શકે.

માલ સોંપણી વખતે ગવાહ બનાવવા :

છેવટે ઈરશાદ થયો, فَاِذَا دَفَعْتُمْ اِلَيْهِمْ اَمْوَالَهُمْ فَاَشْهِدُوْا عَلَيْهِمْ ؕ وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا "જ્યારે કસોટી કરીને, અજમાવીને યતીમોના માલને સોંપવા લાગો

તો અમુક સાચા અને નેક લોકોને ગવાહ બનાવી લો, (જેથી ભવિષ્યમાં કોઈ વિવાદ અથવા ઝઘડાનું સ્વરૂપ ઉપસ્થિત ન થાય) અને યાદ રાખો કે, અલ્લાહ તઆલાના હિસાબમાં દરેક વસ્તુ છે.''

સમય આપવો અને બીજી રાષ્ટ્રીય સેવાકીય પ્રવૃત્તિઓ અથવા મિલ્લી સેવાઓનું વળતર :

આયતના વિષય પ્રમાણે એક ફિક્હી નિયમ એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે, જે વ્યક્તિઓ પોતાનો સમય ખર્ચ કરે છે અથવા જેઓ મસ્જિદો કે મદ્રસાઓના વ્યવસ્થાપકો છે, અથવા તો જેમની મુસ્લિમ સરકારોની સંસ્થાઓમાં જવાબદાર હોદ્દાઓ ઉપર નિમણૂક થયેલ છે, અથવા એવી કોઈ રાષ્ટ્રીય અથવા મિલ્લી સેવાઓની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત છે કે જે પ્રવૃત્તિઓ કરવી ફરજે કિફાયા છે અને તેના ઉપર તેઓની નિમણૂક થઈ છે, તો આવા લોકો માટે પણ શ્રેષ્ઠ અને ઉત્તમ બાબત તો એ જ છે કે, જો પોતે પગભર હોય અને પોતાની પાસે પોતાનો માલ હોય કે, તે પોતે અને પોતાના બાલ-બચ્ચાનું ગુજરાન તેમાંથી ચલાવી શકતો હોય તો તે આવી સંસ્થાઓ પાસેથી અથવા ઈસ્લામી સરકારની તિજોરીમાંથી કંઈ પણ ન લે, પરંતુ જો પોતાની પાસે ગુજરાન ચલાવવા માટે માલ ઉપસ્થિત ન હોય અને તેનો મોટા ભાગનો સમય આવા કામોમાં પ્રવૃત્ત રહેવામાં જ પસાર થઈ જતો હોય તો આવશ્યકતા પ્રમાણે આવી સંસ્થાઓ પાસેથી તેને માલ લેવાનો અધિકાર છે, પરંતુ "આવશ્યકતા અનુસાર"નો શબ્દ હંમેશા નજર સમક્ષ રાખે. ઘણા લોકો નિયમ પ્રમાણે ફક્ત કાગળો ઉપર આ બાબત લખી લે છે અને પોતાનું માસિક વળતર આપમેળે નક્કી કરી લે છે, પરંતુ વિવિધ પદ્ધતિઓથી તેમાંથી ખૂબ જ નિષ્કાળજીપૂર્વક પોતાની જાત ઉપર અને પોતાના બાળકો ઉપર ખર્ચ કરતા ચાલ્યા જાય છે. આ નિષ્કાળજી ઉપર અલ્લાહનો ડર પણ નથી રાખતા, પરંતુ અલ્લાહ તઆલાએ આયતના અંતિમ ટૂકડામાં ફરમાવ્યું, وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا (અને અલ્લાહ હિસાબ લેવા માટે પૂરતો છે) અને આવું ફરમાવી ધ્યાન અપાવવામાં આવ્યું છે કે, જેને અલ્લાહના હિસાબનો ડર હોય તે જ નાજાઈઝ માલથી બચી શકે છે. વબિલ્લાહી તવફીક.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૭ થી ૧૦)

لِلرِّجَالِ نَصِيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ ۠ وَلِلنِّسَآءِ نَصِيبٌ مِّمَّا تَرَكَ
الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ مِمَّا قَلَّ مِنْهُ اَوْ كَثُرَ ؕ نَصِيبًا مَّفْرُوْضًا ﴿۷﴾ وَاِذَا حَضَرَ الْقِسْمَةَ
اُولُوا الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنُ فَارْزُقُوْهُمْ مِّنْهُ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا ﴿۸﴾
وَلْيَخْشَ الَّذِيْنَ لَوْ تَرَكُوْا مِنْ خَلْفِهِمْ ذُرِّيَّةً ضِعٰفًا خَافُوْا عَلَيْهِمْ ۠ فَلْيَتَّقُوا اللّٰهَ
وَلْيَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا ﴿۹﴾ اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا اِنَّمَا يَاْكُلُوْنَ
ع فِيْ بُطُوْنِهِمْ نَارًا ؕ وَسَيَصْلَوْنَ سَعِيْرًا ﴿۱۰﴾ ع

તરજુમો :

પુરુષો માટે પણ તેમાં હિસ્સો છે જે માં-બાપ અને નજીકના સગાંઓ મૂકી જાય, અને સ્ત્રીઓ માટે પણ તેમાં હિસ્સો છે જે માં-બાપ અને નજીકના સગાંઓ મૂકી જાય; (ભલે) પછી (તે) થોડું હોય અથવા વધારે ! હિસ્સો નક્કી કરેલો છે. (૭) અને જ્યારે વહેંચણી વખતે હાજર હોય (અન્ય) સગાંઓ અને યતીમો અને મિસ્કીનો તો તેમને પણ તેમાંથી કંઈક ખવડાવી (આપી) દો અને તેમને સારી વાત (નરમાશથી) કહો. (૮) અને એવા લોકોએ ડરવું જોઈએ જો તેઓ પોતાની પાછળ અશક્ત અવલાદ છોડી જાય તો તેમને તેમની ચિંતા હોય (કે અમારા પછી તેમની આવી હાલત થવાની છે); તો તેમણે અલ્લાહથી ડરવું જોઈએ અને સીધી વાત કહેવી જોઈએ. (૯) ખરેખર, જે લોકો જોર-જુલમથી (નાહક) યતીમોનો માલ ખાય છે; તે લોકો પોતાના પેટોમાં આગ જ ભરી રહ્યા છે, અને તેઓ જલદી જ (જહન્નમની) ધગધગતી આગમાં દાખલ થશે. (૧૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરએ નિસાઅ્માં પ્રથમ સામાન્ય વ્યક્તિના હકો ખાસ કરીને પોતાની પારિવારિક જિંદગીથી સંબંધિત હકોનું વર્ણન ચાલી રહ્યું છે, તેમાં પ્રથમ આયતમાં યતીમોના હકોનું વર્ણન હતું. પ્રસ્તુત ચાર આયતોમાં પણ સ્ત્રીઓ અને યતીમોના

ખાસ અધિકારો સંદર્ભે વારસાનું વર્ણન છે.

પ્રથમ આયતમાં જાહિલિયત (અજ્ઞાનતા)ની રીત-રસમોને ખોટી ઠરાવવામાં આવી છે, કારણ કે, તે યુગમાં સ્ત્રીઓને વારસાનો હક હોવાનું મૂળેથી જ માનવામાં આવ્યું ન હતું. આ આયત દ્વારા સ્ત્રીઓનો વારસામાં શરઈ હક હોવાને માન્યતા પ્રદાન કરવામાં આવી છે અને તેમના હકમાં ઓછું કરવાની અથવા નુકસાન પહોંચાડવાની મનાઈ કરવામાં આવી છે. ત્યારબાદ વારસના વારસદારોનું વર્ણન આવ્યું છો અને એવા સમયે જો કોઈ એવો સંબંધી અથવા યતીમ બાળક હાજર થઈ જાય કે તેનો વારસામાં હક તો નથી, પરંતુ રિશ્તેદાર છે. એ જ રીતે મિસ્કીનો અને ગરીબો આવી જાય તો બીજી આયતમાં તેમની સાથે યોગ્ય વર્તણૂક તથા ભલાઈ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. જો કે, આ હુકમ વાજિબ નથી પરંતુ માન્ય છે. ત્યાર પછી ત્રીજી અને ચોથી આયતમાં પણ યતીમોના સંદર્ભમાં આ જ હુકમોની આ જ વિષયો હેઠળ તાકીદ કરવામાં આવી છે.

તફસીર :

પુરુષો માટે પણ (ભલે તે નાના હોય કે મોટા) હિસ્સો (નક્કી) છે, તે વસ્તુમાંથી જેને (આ પુરુષોના) માં-બાપ અને (અથવા અન્ય) ઘણા નિકટના સગાં (પોતાના મૃત્યુ ટાણે) છોડી જાય અને (એ જ પ્રમાણે) સ્ત્રીઓ માટે પણ (ભલે નાની હોય અથવા મોટી) હિસ્સો (નક્કી) છે તે વસ્તુમાંથી જેને (સ્ત્રીઓના) માં-બાપ અને (અથવા અન્ય) ઘણા નજીકના સગાંઓ (પોતાના મૃત્યુ ટાણે) છોડી જાય, ભલે તે (છોડેલ) વસ્તુ થોડી હોય અથવા વધારે; (દરેકમાંથી) હિસ્સો (મળશે અને હિસ્સો પણ એવો કે જે) નિશ્ચિત સ્વરૂપે નક્કી થયેલ છે; (અને જ્યારે વારસદારોમાં વારસાની) વહેંચણી થવાના સમયે (એવા લોકો) મૌજૂદ હોય (એટલે કે દૂરના) સગાંઓ (જેમનો વારસામાં કોઈ હક નથી) અને યતીમ તથા ગરીબ લોકો (એ આશાએ કે કદાચ અમને પણ થોડું ઘણું કંઈ મળી જાય અને રિશ્તેદારો તો ચોક્કસ એવી અપેક્ષાથી આવે છે કે, સગાઈના નાતે થોડું-ઘણું મળી જાય અને અન્ય ગરીબ ગુરબા કંઈ સદકહ-ખયરાતની ઉમ્મીદથી આવે છે) તો તેમને પણ તે (વારસા)માંથી (બાલિગ-પુખ્ત વયના વારસદારો થોડું ઘણું પોતાના હિસ્સામાંથી પોતાની મરજીથી) કંઈક આપી દે અને તેમની સાથે ભલાઈ (અને વિનમ્રતા)થી વાતચીત કરો.... (આ વ્યવહાર એવા

સગાંઓ સાથે કરે કે તેઓને સમજાવવામાં આવે કે, તમારો આ વારસામાં શરીઅતની રૂએ કોઈ હક નથી, અમે લાચાર છે અને અન્ય લોકોને આપીને તેમના ઉપર અહેસાન ન જતાવે) અને (યતીમો વિશે) એવા લોકોએ ડરવું જોઈએ કે જો પોતાના મરણ પછી નાના-નાના બાળકો છોડી(ને મૃત્યુ પામી) જઈ રહ્યો છે, તો તે (બાળકો)ની એવા (લોકો)ને ચિંતા હોય (કે જુઓ તેમને કોઈ તકલીફ ન પહોંચાડે તો તેણે આવું જ અન્યના બાળકો માટે પણ વિચારવું જોઈએ કે, આપણે તેમને કોઈ તકલીફ ન આપીએ). બસ, (આ વાત વિચારીને) એવા લોકોએ (યતીમોની બાબતમાં) અલ્લાહ તઆલા(ના હુકમનો વિરોધ કરવા)થી ડરવું જોઈએ. (એટલે કે પોતાના કૃત્યો દ્વારા કોઈ નુકસાન અથવા તકલીફ ન પહોંચાડે) અને (પોતાના વેણથી પણ તેમને) યોગ્ય વાત કહે (કે જેમાં દિલાસો હોય અને તેમના દિલને સંતોષ થાય એવી વાત કહેવામાં આવે, જેમાં સભ્યતાની શીખ અને તેમની કેળવણી પણ થઈ જાય, મતબલ કે, તેમના માલ અને જાત બંનેની સુધારણા કરે). નિઃશંક ! જે લોકો યતીમોનો માલ હક વિના ખાઈ જાય છે (વાપરે છે) અને (તેઓ) પોતાના પેટમાં કંઈ જ નહીં પરંતુ (દોઝખની) આગ(ના અંગારા) ભરી રહ્યા છે. (એટલે કે આ માલ ખાવાનું પરિણામ એવું જ આવવાનું છે) અને (તેના પરિણામ આવવામાં કંઈ વાર નહીં લાગે કારણ કે,) ઘણા જ જલદી (તેઓ દોઝખના) બળતા (ભડકાઓ)માં પ્રવેશ પામશે. (આ જ તેમનો અંજામ છે).

મસ્અલા અને બોધપાઠ :

માતા-પિતા અને અન્ય સગાં-વહાલાઓના માલમાં વારસો :

ઈસ્લામ અગાઉ અરબ અને બિનઆરબ પ્રજાઓમાં મનુષ્યજાતિનો કમજોર વર્ગ યતીમ (અનાથ) બાળકો અને નાજુક નમણી સ્ત્રીઓ હંમેશા જાત-જાતના અત્યાચારોનો શિકાર બની હતી. પ્રથમ તો તેમના પણ કોઈ અધિકાર છે; એવું સ્વીકારવામાં જ આવતું ન હતું અને જો કોઈ તેમનો હક અને અધિકાર માની પણ લેતું તો તે અધિકાર અને હકને પુરુષો પાસેથી વસૂલવું અને તેને સુરક્ષિત રાખવું તેમના કાબૂમાં ન હતું.

સૌ પ્રથમ ઈસ્લામે સ્ત્રીઓ અને યતીમોને તેમના હકો અપાવ્યા, પછી આ

હકોની સુરક્ષા માટે સંપૂર્ણ વ્યવસ્થા કરી. અજ્ઞાનતાકાળના કુરિવાજોમાંથી વારસા-વહેંચણીના કાયદાઓમાં પણ દુનિયાના દરેક સમાજોમાં આ બંને અશક્ત વર્ગોને તેમના પાયાના માનવાધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા.

અરબોએ તો એવો કાયદો જ બનાવી લીધો હતો કે, વારસાનો અધિકાર ફક્ત તે જ લોકોને છે જેઓ ઘોડા ઉપર સવાર થઈ શકે છે અને દુશ્મનો સાથે મુકાબલો કરી તેનો માલ લૂંટી લઈ શકે છે. *(રૂહુલ મઆની, પેજ : ૨૧૦, જિલ્દ : ૪)*

દેખીતું છે કે, આ બંને અશક્ત અને નબળા વર્ગો, એટલે કે યતીમો (અનાથ બાળકો) અને સ્ત્રીઓ આ કાયદાનું પાલન કરી શકતા ન હતા. એટલા માટે અરબોની વારસા-વહેંચણીની પદ્ધતિ પ્રમાણે ફક્ત પુખ્ત વયના યુવાનો જ વારસાના હકદાર બની શકતા હતા અને નાબાલિગ (નાની ઉંમરના) બાળકોનો વારસામાં કોઈ હક ન હતો.

રસૂલે કરીમ ﷺના સમયકાળમાં એક ઘટના બની કે, ઔસ બિન સાબિત (રદિ.)નો ઇન્તેકાલ થઈ ગયો અને તેઓ પોતાની પાછળ ઔલાદમાં બે છોકરીઓ, એક નાબાલિગ છોકરો તથા એક પત્ની છોડી ગયા, પરંતુ અરબોના જૂના રિવાજ પ્રમાણે તેમના બે પિત્રાઈ ભાઈઓએ આવીને મરહૂમ (મૃતક)ના સંપૂર્ણ માલ ઉપર કબજો કરી લીધો અને મૃતકની ઔલાદ તથા પત્નીને તે માલમાંથી કશું જ ન આપ્યું, કારણ કે, તેમના માટે તો રિવાજ પ્રમાણે સ્ત્રીને વારસામાં કોઈ અધિકાર જ ન હતો, ભલે તે પુખ્ત વયની હોય કે ન હોય. એટલા માટે પત્ની અને બંને પુત્રીઓને તો આમ જ વંચિત કરવામાં આવી અને પુત્ર નાનું બાળક હોવાના કારણે વારસાથી વંચિત કરી દેવામાં આવ્યો, એટલા માટે સંપૂર્ણ માલના માલિક મર્હૂમના બંને પિત્રાઈ ભાઈઓ થઈ ગયા.

ઔસ બિન સાબિત (રદિ.)ની વિધવાએ એવું વિચાર્યું કે, આ પિત્રાઈ ભાઈઓ જો સંપૂર્ણ વારસા ઉપર કબજો કરી રહ્યા છે, તો તેઓ આ બંને પુત્રીઓ સાથે શાદી કરી લે, જેથી તે તેમની ચિંતાથી છુટકારો પામે. પરંતુ જ્યારે તેમણે આ પ્રસ્તાવ પણ ન સ્વીકાર્યો ત્યારે ઔસ બિન સાબિત (રદિ.)ની વિધવાએ રસૂલે કરીમ ﷺને વિનંતી કરી અને સંપૂર્ણ વિગત જણાવી તથા પોતાની અને પોતાના બાળકોની લાચારી અને વંચિતતાની શિકાયત કરી, તે સમય સુધી કુર્આને

હકીમમાં વારસા–વહેંચણીની આયત નાઝિલ થઈ ન હતી. એટલા માટે રસૂલે કરીમ ﷺએ જવાબ આપવામાં થોડો સમય લીધો, રસૂલે કરીમ ﷺને સંતોષ હતો કે, વહી દ્વારા આ જુલ્મી રિવાજને જરૂર બદલવામાં આવશે. અંતે તેના સંદર્ભમાં તે સમયે આ આયત ઊતરી.

لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوٰلِدَانِ وَالْاَقْرَبُوْنَ وَلِلنِّسَآءِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ

الْوَالِدَانِ وَالْاَقْرَبُوْنَ مِمَّا قَلَّ مِنْهُ اَوْ كَثُرَ نَصِيْبًا مَّفْرُوْضًا ط

"પુરુષો માટે તેમાં હિસ્સો છે જે માં–બાપે અને નજીકના સગાંઓએ છોડયું છે અને સ્ત્રીઓ માટે તેમાં હિસ્સો છે જે માં–બાપે અને નજીકના સગાંઓએ છોડયું છે; ભલે થોડું હોય અથવા વધારે ! તે હિસ્સો નક્કી કરેલો છે." (૪ : ૭)

ત્યારબાદ વારસાની બીજી આયત નાઝિલ થઈ, જેમાં વારસાના હિસ્સાઓની સ્પષ્ટતા કરવામાં આવી છે અને આ સૂરતના બીજા રુકૂઅ્માં તેની વિગતો વર્ણન થઈ છે. રસૂલે કરીમ ﷺએ કુર્આનના હુકમો પ્રમાણે કુલ વારસાના આઠમાં ભાગને પત્નીને આપીને બાકી બધો માલ મર્હુમના છોકરા અને છોકરીઓને એ રીતે વહેંચી દીધો કે, તેનો અડધો છોકરાને અને એક અડધામાં બે છોકરીઓ બરાબરની ભાગીદાર થઈ ગઈ. એ પિત્રાઈ ભાઈઓ ઔલાદ જેટલા નજીકના (સીધી લીટીના) સગાં ન હોવાના કારણે તેમને વારસામાંથી બાકાત રાખવામાં આવ્યા. *(રૂહૂલ મઆની)*

વારસા–વહેંચણીના હકોના નિયમો :

આ આયતથી વારસા–વહેંચણીના અમુક હુકમો નક્કી થયા છે. مِمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْاَقْرَبُوْنَ આ બંને શબ્દોએ વારસા–વહેંચણીના બે પાયાના સિદ્ધાંતો બતાવ્યા, એક પુત્ર–પુત્રીઓ સાથે લોહીનો સંબંધ, જે અવલાદ અને માતા–પિતા વચ્ચે હોય છે અને જેના માટે શબ્દ وَالِدَانِ (વાલિદાનિ) 'માં–બાપ' વર્ણન થયો છે અને બીજું સામાન્ય સગપણ છે, જેને શબ્દ اَقْرَبُوْنَ (અક્રરબૂન) 'નિકટના સગાં' સમજવામાં આવ્યું છે અને સાચું એ છે કે, શબ્દ اَقْرَبُوْنَ (અક્રરબૂન) દરેક પ્રકારના સગપણ અને સંબંધો વિશે વપરાય છે. ભલે તે સગપણ માં–બાપ અને અવલાદનું સગપણ હોય અથવા અન્ય કોઈ સગપણ,

જેમકે સામાન્ય રીતે કૌટુંબિક અને પારિવારિક સગપણ અથવા રિશ્તેદારીઓ જે લગ્ન વગેરે સંબંધો દ્વારા પેદા થાય છે, શબ્દ, اَقْـــرَبُـــوْنَ (અક્રરબૂન) આ બધા સગપણો માટે સામાન્ય છે પરંતુ માં-બાપને તેમના ખાસ મહત્ત્વના કારણે અલગ કરવામાં આવ્યા. પછી એ શબ્દએ એ પણ બતાવ્યું કે, ફક્ત સગપણ વારસાના અધિકાર જતાવવા માટે પૂરતો નથી. બલકે, સગપણ ખૂબ નજીકનું હોવાની શરત છે. કારણ કે જો નજીકના સગપણને પાયાની શરત બનાવવામાં ન આવે તો પ્રત્યેક મરણ જનાર મર્હૂમનો છોડેલો વારસો આખી દુનિયાના બધા જ મનુષ્યોમાં વહેંચવો જરૂરી થઈ જશે. કારણ કે, બધા જ માનવો એક જ માં-બાપ આદમ (અલૈ.) અને હવ્વા (અલૈ.)ની ઔલાદ છે. દૂર અથવા નજીકનું સગપણ દરેકની સાથે હોય છે અને એવી પણ શક્યતા છે કે, જો કોઈપણ રીતે પ્રયત્ન કરીને એવી વ્યવસ્થા કરી પણ લેવામાં આવે તો પણ છોડવામાં આવેલો માલ એટલા બધા ટૂકડામાં વહેંચવામાં આવશે કે તેની વહેંચણી શક્ય નહીં બને. એટલા માટે આવશ્યક છે કે, જ્યારે વારસાનો આધાર સગપણ ઉપર જ હોય તો પાયાનો સિદ્ધાંત એવો બનાવવામાં આવે કે, જો નજીકના અને દૂરના સગાં-વહાલા ભેગા થાય તો નજીકના સીધી લીટીના સગાંઓને દૂરના સગાંઓ ઉપર અગ્રીમતા આપવામાં આવે એટલે કે, નજીકના સગાંઓને આ માલમાં અધિકાર મળે અને દૂરના સગાંઓ વંચિત રહે. હા ! અમુક રિશ્તેદારો જો એવા હોય કે, તેઓ બધા એકી સાથે સીધી લીટીના નજીકના હોય, ભલે પછી સગપણનું કારણ તેમાં અલગ પ્રકારનું હોય તો આ બધા જ તે વારસામાં હકદાર બનશે. જેમકે, ઔલાદની સાથે માં-બાપ અથવા પત્ની વગેરે કે, આ બધા જ નજીકના સગાં છે. ભલે, નજીક હોવાના કારણ વિવિધ પ્રકારના સગપણ હોય શકે છે.

વળી એક અન્ય વાત આ જ શબ્દ اَقْرَبُوْنَ (અક્રરબૂન) દ્વારા એ બતાવી કે, જે પ્રમાણે પુરૂષોનો વારસાનો હક સ્વીકાર કરવામાં આવે છે, એ જ પ્રમાણે સ્ત્રીઓ અને બાળકોને પણ આ હકથી વંચિત કરી શકાય નહીં. કારણ કે, સગપણ ઔલાદનું હોય કે, માં-બાપનું, અથવા અન્ય પ્રકારનું સગપણ હોય, દરેકમાં સગપણનું સ્વરૂપ પુત્ર અને પુત્રી તરીકે સરખું છે. જે રીતે પુત્ર માં-બાપના માધ્યમથી જ પૈદા થયો છે, એ જ પ્રમાણે પુત્રી પણ તેમના દ્વારા જ પૈદા થઈ છે. જો વારસાનો આધાર અને માપદંડ સગપણ જ હોય તો નાના બાળકો અથવા

પુત્રીઓને તે વારસાના હકથી મહરૂમ (વંચિત) કરવાનો કોઈ અર્થ નથી રહેતો.

પછી કુર્આને કરીમની વર્ણનશૈલીને પણ જુઓ કે لِلرِّجَالِ وَالنِّسَآءِ (પુરુષો અને સ્ત્રીઓ માટે)ને ભેગા કરીને ટૂંકા શબ્દોમાં જ તેમના હકનું વર્ણન થઈ શકતું હતું, તેને અપનાવ્યું નહીં બલકે, જે પ્રમાણે પુરુષોના અધિકારોનું વર્ણન વિસ્તારથી કર્યું, એ જ પ્રમાણે સ્ત્રીઓના હકોનું વર્ણન વિસ્તારથી અલગ રીતે કર્યું, જેથી બંનેના અધિકારો અલગ-અલગ હોવાની અને તેનું મહત્ત્વ સરખું હોવાની સ્પષ્ટતા થઈ જાય.

વળી આ શબ્દ اَقْــرَبُــوْنَ (અક્રબૂન)થી એક વાત એ પણ જાણ થઈ કે, વારસાના માલની વહેંચણી વ્યક્તિની આર્થિક જરૂરિયાતના માપદંડ કે આધાર ઉપર નહિ થાય, બલકે, તેના માટે સગપણ માપદંડ છે. એટલા માટે એ જરૂરી નથી કે, સગાંઓમાં જે વધારે ગરીબ અને જરૂરિયાતમંદ હોય તે વારસાનો વધારે હકદાર સમજવામાં આવે. બલકે, મય્યતની સાથે સગપણમાં જે જેટલો નજીક હશે તે દૂરના સગાં કરતાં તે એટલો વધારે હકદાર હશે. ભલે, જરૂરિયાત અને આવશ્યકતા દૂરના સગાંને વધારે હોય ! જો નજીકના સગપણના બદલે મોહતાજી અને લાચારીને જ માપદંડ બનાવવામાં આવે તો તેનું કોઈ પ્રમાણ નક્કી નહીં થઈ શકે અને આ જરૂરિયાતને વારસા-વહેંચણીનો આધાર બનાવવો એક નક્કી તથા મજબૂત કાયદાનું સ્વરૂપ ક્યારેય બની શકતું નથી. કારણ કે, સગપણ સિવાય દરેક અન્ય બાબત અનુમાન અને કામચલાઉ ધોરણો ઉપર અધારિત હશે. કારણ કે, જરૂરિયાત અને મોહતાજી કે લાચારી કોઈ કાયમી વસ્તુ નથી. બલકે, આવી હાલત અને પરિસ્થિતિ બદલાતી રહે છે. આવા સ્વરૂપમાં હકના ઘણા બધા દા'વેદારો પૈદા થઈ જશે અને ફૈસલો કરનારાઓ આ બાબત ફૈસલો કદી પણ નહીં કરી શકે.

યતીમ પોત્રાઓના વારસાનો મસ્અલો :

જો કુર્આનના આ સિદ્ધાંતને સમજી લેવામાં આવે તો યતીમ પોત્રાઓના વારસાના મસ્અલાને જે આજકાલ વિના કારણે એક વિવાદાસ્પદ મસ્અલો બનાવી દેવામાં આવ્યો છે, તે આપમેળે જ એક સદંતર કતઈ (Established) ફૈસલા દ્વારા હલ થઈ જાય છે કે, જો યતીમ પોત્રાઓ પુત્ર કરતાં વધારે

જરૂરિયાતમંદ હોય પરંતુ નજીકના સગાંઓના સિદ્ધાંત અનુસાર તેઓ પુત્ર કરતાં દૂરના સગાં હોવાથી વારસાના હકદાર બની શકતા નથી. કારણ કે, તેઓ પુત્રોની હયાતીમાં أَقْرَبُوْنَ "અકરબૂન" (નજીકના) નથી. અલબત્ત તેમની જરૂરિયાત પૂરી કરવા માટે એક અલગ વ્યવસ્થા કરવામાં આવી છે જેમકે, આવી જ એક વ્યવસ્થાનું વર્ણન આગળની આયતમાં આવી રહ્યું છે.

આ મસ્અલાનો આધુનિકતાવાદીઓ અને પશ્ચિમવાદીઓ સિવાય અન્ય કોઈએ વિરોધ કર્યો નથી. સમગ્ર ઉમ્મત આજદિન સુધી કુર્આન અને હદીષની સ્પષ્ટતાથી એવું જ સમજતી ચાલી આવે છે કે, પુત્રો હયાત હોય તો પૌત્રાઓને વારસામાં હક મળશે નહીં. ભલે તે પૌત્રાનો પિતા હયાત હોય કે ન હોય.

મરણ પામેલ વ્યક્તિની મિલકતમાં જે કંઈ પણ છે બધા જ વારસદારોને હક છે :

આ આયતમાં مِمَّا قَلَّ مِنْهُ أَوْ كَثُرَ (તે વધારે હોય કે ઓછું) ફરમાવીને એક અન્ય અજ્ઞાનતાપૂર્ણ રિવાજની સુધારણા કરવામાં આવી છે. તે એ કે, અમુક પ્રજાઓ અને સમાજોમાં અમુક પ્રકારના માલમાંથી અમુક ખાસ વારસદારો માટે જ હક નક્કી સમજવામાં આવતો હતો. દાખલા તરીકે ઘોડાઓ, તલવારો વગેરે હથિયારો કે, આ બધા વારસામાં ફક્ત નવયુવાન પુરૂષોનો જ હક હતો, અન્ય વારસદારોને તેનાથી વંચિત કરી દેવામાં આવતા હતા. કુર્આને કરીમે આ માર્ગદર્શન દ્વારા સ્પષ્ટ કરી આપ્યું કે, મર્હૂમની મિલકતમાં જે કંઈ પણ વસ્તુ હશે, ભલે તે નાની હોય કે મોટી, દરેક વસ્તુમાં બધા જ વારસદારોનો અધિકાર છે, કોઈ વારસદારને કોઈ ખાસ વસ્તુના તે વસ્તુ વહેંચણીમાં મૂક્યા સિવાય સીધે-સીધા માલિક બનાવી દેવા જાઈઝ નથી.

વારસાના નક્કી થયેલા ભાગો અલ્લાહ તરફથી જ નક્કી થયા છે :

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, نَصِيبًا مَّفْرُوضًا (નિશ્ચિત ભાગ) તેમાં એ પણ બતાવી દીધું કે, દરેક વારસદારોના જે વિવિધ ચોક્કસ હિસ્સાઓ કુર્આને કરીમે નક્કી કર્યા છે, તે અલ્લાહ તઆલા તરફથી જ નક્કી કરવામાં આવેલા હિસ્સા (ભાગ) છે, તેમાં કોઈને પણ પોતાની મરજીથી કે અનુમાનથી વધતું-ઓછું કરવાનો કે, ફેરબદલી કરવાનો અધિકાર નથી.

વારસો એક આપમેળે મળતી મિલકત છે, તેમાં માલિક થનારની પરવાનગી લેવાની કોઈ શરત નથી :

અને આ જ શબ્દ مَفْرُوْضًا (મફ્રૂદન) "નિશ્ચિત"થી એક મસ્અલો એ પણ સ્પષ્ટ થયો કે, વારસા દ્વારા જે મિલકત વારસદારોને મળી રહી છે તે મિલકત આપમેળે મળતી મિલકત છે, તેને વારસદાર કબૂલ કરે એવી શરત લગાવવામાં નથી આવી. તે જબરદસ્તીથી માલિક બની રહ્યો છે અને આવા માલિકીપણા ઉપર તેનું રાજી થવું કે નારાજ થવું જરૂરી નથી. બલકે, જો તે પોતાની જીભથી સ્પષ્ટ શબ્દોમાં એવું પણ કહે કે, મારે મારો હિસ્સો નથી જોઈતો તો પણ તે શરીઅતની રૂએ પોતાના હિસ્સાનો માલિક બની ચૂક્યો છે, તે બીજી વાત છે કે, તે પોતાના હિસ્સાનો માલિક બન્યા પછી પોતાની માલિકીમાં આવેલી મિલકતને શરીઅતના કાયદા-કાનૂન પ્રમાણે કોઈ અન્યને ભેટ આપી દે અથવા તેને વેચીને વહેંચી આપે.

મર્હૂમના સગાં-વહાલાઓ કે જેઓ વારસાથી શરઈ રીતે વંચિત થઈ રહ્યા છે, તેમણે મોટું મન રાખવાની આવશ્યકતા છે :

મય્યતના રિશ્તેદારોમાંથી અમુક લોકો એવા પણ હશે, જેમને શરીઅતના નિયમ પ્રમાણે તેના વારસામાંથી કંઈપણ ભાગ નહીં મળે, પરંતુ એ દેખીતું છે કે, શરીઅતના કાયદાઓના સ્પષ્ટીકરણનું જ્ઞાન દરેક વ્યક્તિને હોતું નથી. સામાન્ય રીતે દરેક સગાંઓ એવી ઈચ્છા રાખતા હોય છે કે, મર્હૂમના વારસામાંથી તેમને પણ ભાગ મળે. એટલા માટે એવા સગાંઓ કે, જેમને શરઈરૂએ વારસામાં ભાગ ન મળે તેઓ વારસા-વહેંચણીના સમયે પોતાના દિલમાં અફસોસ અને દુઃખી ન થાય. ખાસ કરીને જ્યારે વારસા-વહેંચણીના સમયે જો તેઓ મૌજૂદ હોય તો આવો રંજ અને ગમ થવાની શક્યતા છે અને વળી જો તેઓ ગરીબ અને યતીમ તથા જરૂરિયાતમંદ હોય તો એવી પરિસ્થિતિમાં જ્યારે કે, અન્ય સગાંઓ પોતાનો ભાગ લઈને જઈ રહ્યા હશે અને તેમાંથી તેમને કંઈ જ નહીં મળતું હોય અને તેઓ એ બધું જોઈ રહ્યા હશે તો તેમને રંજ અને ગમ થવાનો તથા દિલ તૂટવાનો અંદાજો અમુક તે લોકો જ કરી શકે છે, જેઓ આવી પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂક્યા હશે.

પરંતુ હવે કુર્આન શરીફની વ્યવસ્થાની ખૂબી અને સામાજિક નિયમની શ્રેષ્ઠતા જૂઓ કે, એક બાજુ તો કુર્આન શરીફે જ એવું બતાવ્યું છે કે, ન્યાયપૂર્ણ વ્યવસ્થા એ છે કે اَقْرَبُ "અક્રબ" એટલે કે નજીકના સગાંના મુકાબલામાં اَبْعَدُ "અબ્અદ" એટલે કે દૂરના સગાંઓને ભાગ નહીં મળે. બીજી બાજુ વારસામાંથી વંચિત થનારા દૂરના સગાં (અબ્અદ)ના રંજ—ગમને પણ પસંદ કરવામાં આવ્યો નથી. એટલા માટે એક અલગ આયતમાં તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું, وَاِذَا حَضَرَ الْقِسْمَةَ اُولُوا الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنُ فَارْزُقُوْهُمْ مِّنْهُ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا، એટલે કે, "જે દૂરના રિશ્તેદારો અને યતીમ, મિસ્કીન વારસામાં હિસ્સો મેળવવાથી વંચિત રહી ગયા હોય અને જો તેઓ વારસા—વહેંચણી વખતે ઉપસ્થિત હોય તો વારસો મેળવનારાઓની આ નૈતિક ફરજ છે કે, તેઓ પોતાના માલમાંથી પોતાની મરજીથી રાજી—ખુશી થોડો—ઘણો હિસ્સો તેમને પણ આપી દે, જે એમના માટે એક પ્રકારનો સદકહ અને સવાબનું કારણ છે અને એવા સમયે જ્યારે કે, કોઈ માલ—મિલકત તમને વિના કોઈ મહેનત કે સંઘર્ષ ફક્ત અલ્લાહ તઆલાના દીનના સિદ્ધાંતોના આધારે મળી રહી છે તો સદકહ અને ખયરાત પણ ફી સબિલિલ્લાહ કરવાની દિલમાં ભાવના હોવી જોઈએ. જેમકે, તેનું ઉદાહરણ પ્રસ્તુત આયતમાં ઉપસ્થિત છે. كُلُوْا مِنْ ثَمَرِهٖٓ اِذَآ اَثْمَرَ وَاٰتُوْا حَقَّهٗ يَوْمَ حَصَادِهٖ એટલે કે "પોતાના બગીચાના ફળો ખાઓ, જ્યારે કે તે ફળ આપવા લાગે અને જે દિવસે ફળ ઉતારો (કાપો) તો તેનો હક કાઢીને ફકીરો અને મિસ્કીનોને આપી દો." (આ આયત સૂરએ અન્આમમાં આવી રહી છે.)

ખુલાસો :

ખુલાસો એ છે કે, વારસાની વહેંચણી સમયે જો કોઈ દૂરનો સગો યતીમ, મિસ્કીન વગેરે ભેગા થઈ જાય, જેમનો શરીઅતના નિયમ પ્રમાણે વારસાઈમાં કોઈ હિસ્સો લાગતો નથી, તો તેમના ભેગા થવાથી તમે મન નાનું ન કરો બલકે, જે માલ અલ્લાહ તઆલાએ તમને વિના મહેનતે અર્પણ કર્યો છે તેના શુક્રિય્યહ તરીકે તેમને કંઈક આપી દો અને આ તકને ગનીમત સમજો કે, અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાનો એક સારો મૌકો મળી રહ્યો છે. આ તકે તે લોકોને કંઈને કંઈ આપી દેવાથી તેમના દૂરના રિશ્તેદારોના દિલનો રંજ—ગમ દૂર થઈ જશે અને આ રિશ્તેદારોમાં મરનાર મર્હૂમના વારસાથી વંચિત રહી જનાર પૌત્રાઓ પણ

આવી ગયા આથી તેમના કાકા, ફોઈ અને દાદી વગેરે પોતાના હિસ્સામાંથી ખુશી-ખુશી કંઈક આપી દે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا (અને તેમની સાથે સારા શબ્દોમાં વાત કરો) જો આ લોકો આ પ્રમાણે કંઈ થોડું-ઘણું આપી દેવા ઉપર રાજી ન થાય બલકે, અન્યોના બરાબર હિસ્સાની માંગણી કરવા લાગે તો કારણ કે, આ માંગણી શરીઅતના કાનૂન વિરૂદ્ધ અને અન્યાયી માંગણી છે, એટલા માટે તેમની આ માંગણી પૂરી કરવાની કોઈ શક્યતા નથી, પરંતુ આવું હોવા છતાં પણ તેમને કોઈ એવી વાત કહેવામાં ન આવે કે, તેમનું દિલ તૂટી જાય, બલકે યોગ્ય રીતે તેમને સમજાવવામાં આવે કે, શરીઅતના કાયદા પ્રમાણે તમારો કોઈ હિસ્સો નથી. અમે જે કંઈ આપ્યું છે તે ફક્ત અલ્લાહ ખાતર આપ્યું છે તથા એક વાત જાણી લેવી જરૂરી છે કે, તે લોકોને જે કંઈ પણ આપો તે મર્હૂમના વહેંચ્યા પહેલાંના સામૂહિક માલમાંથી આપવામાં નહીં આવે, બલકે બાલિગ (પુખ્ત વયના) વારસદારો જે ત્યાં હાજર છે તે પોતાના હિસ્સાના માલિક બન્યા પછી પોતાના હિસ્સામાંથી કંઈક આપી દે. આ પ્રસંગે નાબાલિગ અને ગેરહાજર વારસદારના માલમાંથી તેમને આપવું બરાબર નથી.

અલ્લાહનો ડર રાખી વારસાની વહેંચણી કરો :

ત્રીજી આયતમાં બધા જ મુસલમાનોને સંબોધન કરવામાં આવ્યું છે કે, એ બાબતની પૂરી કાળજી રાખો કે, મૃત્યુ પામનારના વારસામાંથી તેમની ઔલાદને પૂરે-પૂરો હક મળી જાય અને દરેક એવી નીતિથી બચવામાં આવે જેમાં ઔલાદના હિસ્સા ઉપર કોઈ અણગમતો પ્રભાવ પડે. એટલા માટે નિયમમાં એ પણ છે કે, તમે કોઈ મુસલમાનને કોઈ એવી વસિય્યત અથવા ખર્ચ કરતા જુઓ જેમાં તેની ઔલાદ અને અન્ય વારસદારોને નુકસાન પહોંચવાનો ભય છે તો તમારા ઉપર ફરજ છે કે, તમે આવી વસિય્યત અથવા આવો ખર્ચ કરવાથી તેને રોકો, જેમકે રસૂલે કરીમ ﷺએ હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)ને પોતાનો પૂરો અથવા અડધો માલ સદકહ કરવાથી રોકી રાખ્યા અને ફક્ત ૧/૩ (એક તૃત્યાંશ) માલનો સદકહ કરવાની પરવાનગી આપી. કારણ કે, જો તેમણે પૂરો અથવા અડધો માલ સદકહ કરી આપ્યો હોત તો વારસદારોનો હિસ્સો ઓછો થઈ ગયો હોત અથવા સંપૂર્ણ ખતમ થઈ ગયો હોત. *(મિશ્કાત, બાબુલ વસાયા, પેજ : ૨૬૫)*

વળી, આ સિદ્ધાંતમાં એ પણ સામેલ છે કે, યતીમ બાળકોના વાલીઓ તેમના માલનું રક્ષણ કરવાની અને તેઓ પુખ્ત વયના થયા પછી તેમને પૂરે–પૂરો સોંપવાની ખૂબ કાળજી રાખે, તેમાં નાની સરખી ઉણપ પણ રહેવા ન દે અને અન્યના યતીમ બાળકોની પરિસ્થિતિની અને પોતાની ઔલાદ સાથેની મહોબ્બતની સરખામણી કરીને જૂએ અને જો તેઓ ઇચ્છે છે કે તેમના પછી તેમની ઔલાદ સાથે લોકો સારો વર્તાવ કરે અને તેઓ તકલીફ ન ભોગવે, કોઈ તેમના ઉપર અત્યાચાર ન કરે, તો એમણે પણ બીજાઓની ઔલાદ અને યતીમો સાથે ભલાઈનો વ્યવહાર કરવો જોઈએ.

યતીમનો માલ જુલમથી ખાઈ જવો પેટમાં આગના અંગારા ભરવા સમાન છે :

ચોથી આયતમાં યતીમોના માલમાંથી નાજાઇઝ ખર્ચ કરનાર માટે ઘણી જ કઠોર ચેતવણીનું વર્ણન થયું છે કે, જે વ્યક્તિ નાજાઇઝ રીતે યતીમોનો માલ ખાઈ જાય છે, તે પોતાના પેટમાં જહન્નમની આગ ભરી રહ્યો છે.

આ આયતે યતીમના માલને જહન્નમની આગ ઠરાવ્યો છે અને ઘણા બધા મુફસ્સિરો (વિવરણકારો)એ તેને જહન્નમની આગ દર્શાવવાનું કારણ એક દષ્ટાંત સ્વરૂપે હોવાનું કહ્યું છે. એટલે કે, યતીમોનો માલ નાહક ખાઈ જવો એવું છે, જાણે કોઈ પેટમાં આગ ભરી રહ્યો છે ! કારણ કે, તેનું પરિણામ છેવટે કયામતમાં એવું જ આવવાનું છે, પરંતુ સંશોધનકારોના નિવેદનો આ પ્રમાણે છે કે, આ આયતમાં કોઈ અતિશયોક્તિ કે ઉણપ નથી બલકે, જે વ્યક્તિ યતીમનો માલ નાજાઇઝ રીતે ખાઈ જાય છે તે હકીકતમાં એક આગ જ છે, જો કે, તે સમયે તે આગનું સ્વરૂપ તેને દેખાતું નથી. જેમકે કોઈ વ્યક્તિ દિવાસળીને કહે કે આ આગ છે અથવા ઝેરને કહે કે આ કાતિલ છે, તો દેખીતું છે કે દિવાસળીને હાથમાં લેવાથી હાથ સળગવાનો નથી અને ઝેરને હાથમાં લેવાથી કોઈ વ્યક્તિ મરવાનો નથી, પરંતુ દિવાસળીને થોડી ઘસવાથી તેને આગ કહેવામાં આવે છે, આ સાચું છે. એ જ પ્રમાણે ઝેર ગળાથી નીચે ઊતર્યા પછી ખબર પડે છે કે આ ઝેર કાતિલ છે અને તેને કાતિલ કહેનારો વ્યક્તિ સાચો હતો. એ જ પ્રમાણે કુર્આને કરીમના શબ્દોની પણ અસર એવી જ હોય છે કે, વ્યક્તિ જે નેક અથવા બુરા અમલો કરી રહ્યો છે, તે જ અમલ જન્નતના ઝાડો અને ફળફૂલ છે અથવા તો જહન્નમના અંગારા છે, જો

કે, તેનું સ્વરૂપ અહીંયાં દેખાતું નથી, પરંતુ કયામતના દિવસે તે અમલો પોતાના એ સ્વરૂપે સામે આવશે. કુર્આને કરીમનો ઈરશાદ છે وَوَجَدُوْا مَا عَمِلُوْا حَاضِرًا એટલે કે, "કયામતના દિવસે પોતાના કરેલા કર્મોને મૌજૂદ ભાળશે." (સૂરએ કહ્ફ ૧૮ : ૪૯) અર્થાત્ જે અઝાબ અને સવાબ તેમને નજરે પડશે તે વાસ્તવમાં તેમના પોતાનો અમલ હશે.

અમુક રિવાયતોમાં છે કે, યતીમનો માલ નાહક ખાનારો કયામતના દિવસે એવી પરિસ્થિતિમાં ઉઠાવવામાં આવશે કે, તેના પેટમાંથી આગના ભડકા તેના મ્હોં, નાક, કાન અને આંખોમાંથી નીકળી રહ્યા હશે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "એક કૌમ કયામતના દિવસે એ પ્રમાણે ઉઠાવવામાં આવશે કે તેમનું મોઢું આગથી ભડકી રહ્યું હશે," સહાબએ કિરામ રદિ.એ વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! એ કોણ લોકો છે ?" આપ ﷺએ ફરમાવ્યું કે, "શું તમે કુર્આનમાં નથી પઢ્યું ? اَلَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا (જેઓ યતીમોનો માલ અન્યાયપૂર્વક ખાઈ જાય છે.)"

(ઇબ્ને કષીર, પેજ : ૪૫૬, ભાગ : ૧)

આયતના વિષયનો ખુલાસો એ થયો કે યતીમોનો જે માલ નાહક ખાઈ જવામાં આવે છે તે વાસ્તવમાં જહન્નમની આગ છે, પરંતુ અત્યારે તે આગ હોવાની અનુભૂતિ થતી નથી. એટલા માટે રસૂલે કરીમ ﷺએ આ બાબતમાં સખત કાળજી લેવાની સ્પષ્ટ સૂચના આપી છે. હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اُحَرِّجُ مَالَ الضَّعِيْفَيْنِ الْمَرْاَةِ وَالْيَتِيْمِ، (ابن کثیر، ص ۴۵۶، ج ۱)

"હું તમને ખાસ બે કમજોરોના માલથી બચવાની તાકીદ કરું છું, એક સ્ત્રી અને બીજો યતીમ." *(ઇબ્ને કષીર, પેજ : ૪૫૬, ભાગ : ૧)*

સૂરએ નિસાઅ્નો પ્રથમ રુકૂઅ્ શરૂઆતથી અંત સુધી લગભગ યતીમોના હુકમોના સંદર્ભમાં જ છે. યતીમોના માલની દેખરેખ રાખવી, તેમના માલને પોતાનો માલ ન બનાવી લેવો, તેમને વારસામાં મળેલ માલમાંથી તેમનો હિસ્સો આપી દેવાનો હુકમ કરવામાં આવ્યો અને મોટા થઈ જવાના ડરથી તેમના માલને ઉડાઉ રીતે જલદી-જલદી ખર્ચ કરવો તથા યતીમ છોકરીઓ સાથે નિકાહ કરીને

મહર ઓછી દેવી અથવા તેમના માલ ઉપર કબજો કરી લેવો, વગેરે બાબતોની મનાઈ કરવામાં આવી.

છેવટે ફરમાવ્યું કે, યતીમોનો માલ નાહક ખાઈ જવો પેટમાં અંગારા ભરવા સમાન છે. કારણ કે યતીમોનો માલ નાહક ખાઈ જવાના પરિણામ સ્વરૂપે મૃત્યુ પછી આ પ્રકારના લોકોના પેટમાં આગ ભરવામાં આવશે. અત્રે શબ્દ يَـأْكُلُوْنَ (યઅ્કુલૂન)નો ઉપયોગ કરવામાં આવ્યો છે અને યતીમનો માલ નાહક ખાવા બાબતે સખત ચેતવણી આપવામાં આવી છે, પરંતુ યતીમના માલનો દરેક પ્રકારનો નાહક ઉપયોગ ખાવામાં હોય કે, પીવામાં કે, વાપરવામાં; હરામ અને અલ્લાહના અઝાબ તથા ક્રોધનું નિમિત્ત બને છે. કારણ કે, જ્યારે રૂઢિપ્રયોગમાં કોઈના માલને નાહક ખાઈ જવો કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ તેનો દરેક પ્રકારનો દુરુપયોગ કરવાનો સમજવામાં આવે છે.

જ્યારે કોઈ વ્યક્તિ મૃત્યુ પામે છે તો તેના માલના દરેકે દરેક ભાગમાં ભલે કોઈ વસ્તુ નાની હોય કે મોટી દરેક વારસદારનો હક છે. જો વારસદારો યતીમ નાબાલિગ (સગીર) બાળકો હોય છે ત્યારે ઘણીવાર આવા બાળકો સાથે ઘણા કુટુંબોમાં જુલમ અને અન્યાયનો વર્તાવ કરવામાં આવે છે અને દરેક તે વ્યક્તિ જે આ બાળકોના પિતાના મૃત્યુ પછી માલ ઉપર કબજેદાર હોય છે, તેઓ ભલે યતીમ બાળકોના કાકા હોય કે, મોટા ભાઈ હોય અથવા પોતે માતા હોય અથવા કોઈ વાલી હોય, ઘણીવાર તેમનાથી એવો વર્તાવ થઈ જ જાય છે કે જેની મનાઈ કુર્આનના આ રુકૂઅ્માં કરવામાં આવી છે. પ્રથમ તો ઘણા વાલીઓ વર્ષોના વર્ષો વારસાની વહેંચણી જ કરતા નથી અને બાળકોના ભરણ-પોષણનો થોડો ખર્ચ કરતા રહે છે, પછી બિદ્અતો, કુરિવાજો અને વ્યર્થ ખર્ચાઓમાં આ સહિયારી મિલકતમાંથી ખર્ચ કરતા ચાલ્યા જાય છે. પોતાની જાત ઉપર પણ ખર્ચ કરે છે અને ક્યારેક સરકારી ખાતાઓમાં પોતાના નામ ઉપર મિલકત કરીને પોતાના બાળકોના નામ ઉપર મિલકત ચઢાવી આપે છે. આ એવી વાતો છે જેનાથી ભાગ્યે જ કોઈ ઘર બચતું હશે.

મદ્રસાઓ અને યતીમખાનાઓમાં જે ચંદો યતીમ માટે આવે છે, તેને યતીમો માટે ખર્ચ ન કરવો પણ યતીમોનો માલ પચાવી પાડવાનું જ એક સ્વરૂપ છે.

મસ્અલો :

મય્યતના શરીરના કપડાં પણ વારસામાં સામેલ હોય છે, તેને હિસાબમાં લગાવ્યા વિના જ સદકહ કરી દેવામાં આવે છે, અમુક વિસ્તારોમાં તાંબા–પિત્તળના વાસણોની વહેંચણી કર્યા વિના જ ફકીરોને આપી દેવામાં આવે છે. જ્યારે કે, આ બધામાં નાબાલિગ અને ગેરહાજર હોય એવા વારસદારોનો પણ ભાગ હોય છે. પ્રથમ માલને વહેંચી લેવો જોઈએ, જેમાં મરણ પામનારની ઔલાદ, પત્ની, માતા–પિતા, બહેનો અને જેનો–જેનો શરીઅત પ્રમાણે હિસ્સો લાગતો હોય તેમને આપી દે, ત્યારબાદ પોતાની ખુશી–ખુશી જે વ્યક્તિ ઈચ્છે મરનાર તરફથી ખયરાત કરી દે અથવા બધા ભેગા મળીને ફક્ત પુખ્ત વયના અને હાજર વારસદારો આવી ખયરાત કરે તો બરાબર છે. નાબાલિગ (સગીર) વારસદારોની ઈજાઝત ભરોસાપાત્ર નથી અને જે વારસદારો ગેરહાજર છે તેમના ભાગમાંથી તેમની પરવાનગી વિના ખર્ચ કરવો બરાબર નથી.

મસ્અલો :

મય્યતને કબ્રસ્તાન લઈ જતી વખતે જનાઝહની ચાદર જે ઉપર નાંખવામાં આવે છે, તે કફનમાં સામેલ નથી, તેને મય્યતના માલમાંથી ખરીદવી જાઈઝ નથી. કારણ કે, તે માલ બધા વારસદારોનો સહિયારો માલ છે, કોઈ વ્યક્તિ પોતાના તરફથી ખર્ચ કરે તો તે જાઈઝ છે. અમુક વિસ્તારોમાં જનાઝહની નમાઝ પઢાવનારા ઈમામ માટે કફનના કપડાંમાંથી જ મુસલ્લા તૈયાર કરાવવામાં આવે છે અને પછી આ મુસલ્લાઓ ઈમામને આપી દેવામાં આવે છે. આ ખર્ચ પણ કફનની જરૂરિયાતમાં સામેલ નથી. બલકે, ફાજલ ખર્ચ છે અને વારસદારોના સહિયારા માલમાંથી તેને ખરીદવું જાઈઝ નથી.

મસ્અલો :

અમુક જગ્યાએ મય્યતના ગુસ્લ માટે માટીના નવા વાસણો ખરીદવામાં આવે છે, પછી તેને તોડી નાંખવામાં આવે છે. પ્રથમ તો નવા વાસણો ખરીદવાની આવશ્યકતા જ નથી. કારણ કે, ઘરમાં ઉપલબ્ધ વાસણોથી ગુસલ આપી શકાય છે અને જો ખરીદવાની આવશ્યકતા ઊભી થાય તો આવા વાસણો તોડી નાંખવા જાઈઝ નથી. પ્રથમ તો તેમાં માલ બરબાદ થાય છે અને ઉપરથી તેમાં યતીમો

અને હાજર ન હોય એવા વારસદારોનો હક પણ હોય છે.

મસ્અલો :

વારસાની વહેંચણીથી પહેલાં મહેમાનો માટે તેમાંથી ખર્ચ કરવો અથવા સદકહ-ખયરાત વગેરે ખર્ચ કરવો જાઇઝ નથી. આવા સહિયારા માલમાંથી વારસદારોની પરવાનગી વિના સદકહ અને ખયરાત કરવાથી મર્હૂમને કોઈ સવાબ પહોંચતો નથી, બલકે આવો માલ સવાબ સમજીને આપવો વધારે સખત ગુનોહ છે, કારણ કે, મર્હૂમના મૃત્યુ પછી આ માલ બધા જ વારસદારોનો સહિયારો છે અને તેમાં ક્યારેક યતીમ પણ હોય છે. આ સહિયારા માલમાંથી કંઈ આપવું એવું છે જેમકે, કોઈનો માલ ચોરી લઈ મય્યત માટે સદકહ કરવામાં આવે. પ્રથમ માલની હિસ્સા પ્રમાણે વહેંચણી કરી લેવામાં આવે અને તેમાંથી જો કોઈ પુખ્ત વયના વારસદારો પોતાની મરજીથી મય્યત માટે કંઈક સદકહ ખયરાત કરે તો તેનો તેમને અધિકાર છે.

વહેંચણીથી પહેલાં પણ વારસદારોની પરવાનગી લઈને વારસાના સહિયારા માલમાંથી ખયરાત ન કરે, એટલા માટે કે, જો તેમાં યતીમ બાળકો પણ સામેલ છે તો તેમની પરવાનગી માન્ય ગણાશે નહીં અને જો વારસદારો પુખ્ત વયના છે તો એવું જરૂરી નથી કે તેઓએ ખુશી-ખુશી પરવાનગી આપી હોય, એવું પણ બની શકે છે કે તેઓ શરમા-શરમીથી સમાજમાં આબરૂ જાળવવા માટે પરવાનગી આપવા મજબૂર થયા હોય અને લોકોના મહેણા-ટોણાના ડરથી કે "પોતાના મર્હૂમ માટે બે પૈસા ખર્ચ ન કર્યો !" એવા કટાક્ષથી બચવા માટે દિલ ઈચ્છતું ન હોવા છતાં "હા" ભરી હોય...... જ્યારે કે, શરીઅતમાં ફક્ત તે માલ જ હલાલ છે જેને આપનારો રાજી-ખુશીથી, મહોબ્બતથી આપી રહ્યો હોય.....જેની વિગતો અગાઉ વર્ણન થઈ ચૂકી છે.

અત્રે અમે એક બુઝૂર્ગનો કિસ્સો વર્ણવીએ છીએ, જેથી આ મસ્અલો વધારે સ્પષ્ટ થઈ જાય. આ બુઝુર્ગ એક મુસલમાનની ઈયાદત (ખબરગીરી) કરવા માટે પહોંચ્યા થોડો સમય બીમાર પાસે બેઠા હતા કે તે બીમાર મૃત્યુ પામ્યો. એ સ્થળે દિવો સળગી રહ્યો હતો, તેમણે ઊભા થઈને તરત જ તે દીવો હોલવી નાંખ્યો અને પોતાની પાસેથી પૈસા આપીને તેલ મંગાવી દીવો સળગાવી

અજવાળુ કર્યું. લોકોએ તેનું કારણ પૂછ્યું તો ફરમાવ્યું, જ્યાં સુધી આ માણસ હયાત હતો દીવો તેની મિલકતમાં હતો અને તેના પ્રકાશનો ઉપયોગ કરવો જાઈઝ હતો. હવે, તે આ દુનિયામાંથી ઈન્તેકાલ કરી ચૂક્યો છે તો તેની દરેક વસ્તુમાં વારસદારોનો હક થઈ ગયો છે. માટે બધા વારસદારોની પરવાનગીથી જ આપણે આ દીવાનો ઉપયોગ કરી શકીએ છીએ અને તેઓ બધા અહીંયાં હાજર નથી. એટલા માટે મેં મારા પૈસાનું તેલ મંગાવીને અજવાળુ કર્યું છે.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૧)

يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ ۖ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ۚ فَاِنْ كُنَّ نِسَآءً فَوْقَ
اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا تَرَكَ ۚ وَاِنْ كَانَتْ وَاحِدَةً فَلَهَا النِّصْفُ ۭ وَلِاَبَوَيْهِ لِكُلِّ
وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ مِمَّا تَرَكَ اِنْ كَانَ لَهٗ وَلَدٌ ۚ فَاِنْ لَّمْ يَكُنْ لَّهٗ وَلَدٌ وَّوَرِثَهٗٓ
اَبَوٰهُ فَلِاُمِّهِ الثُّلُثُ ۚ فَاِنْ كَانَ لَهٗٓ اِخْوَةٌ فَلِاُمِّهِ السُّدُسُ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصِيْ
بِهَآ اَوْ دَيْنٍ ۭ اٰبَاۗؤُكُمْ وَاَبْنَاۗؤُكُمْ لَا تَدْرُوْنَ اَيُّھُمْ اَقْرَبُ لَكُمْ نَفْعًا ۭ
فَرِيْضَةً مِّنَ اللّٰهِ ۭ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ۝١١

તરજુમો :

અલ્લાહ તમને હુકમ (વસિય્યત) કરે છે તમારી અવલાદ વિશે કે એક પુરુષનો હિસ્સો બે ઔરતો બરાબર છે; પછી જો ફક્ત ઔરતો જ હોય ભલે બેથી વધારે તો તેમના માટે તે માલમાંથી બે તૃત્યાંશ છે જે (મય્યતે) છોડયું; અને જો એક જ (ઔરત) હોય તો તેના માટે અડધો (ભાગ) છે અને તે (મય્યત)ના માં-બાપ માટે બંનેમાંથી દરેકનો છઠ્ઠો ભાગ છે તે માલમાંથી જે (મય્યતે) છોડયો જો તે (મય્યત)ને અવલાદ હોય; પછી જો તેને અવલાદ ન હોય અને તેના માં-બાપ જ વારસદાર હોય તો તેની માંનો ત્રીજો ભાગ છે; પછી જો તે (મય્યત)ના ઘણા ભાઈ હોય તો તેની માંનો છઠ્ઠો ભાગ છે તે

વસિય્યત પછી જે તે કરી ગયો અથવા કરજ અદા કર્યા પછી; તમારા બાપ અને તમારા પુત્રો તો તમને ખબર નથી તેમાં કોણ તમારા માટે લાભ પહોંચાડવામાં વધારે નજીક છે; આ અલ્લાહના નક્કી કરેલા ભાગ છે, બેશક! અલ્લાહ સઘળું જાણનારો (અને) હિકમતવાળો છે. (૧૧)

આયતનો ક્રમ અને ગોઠવણી :

પાછલા રુકૂઅ્માં لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَانِ માં વારસાનો હક ધરાવનાર લોકોનું સામૂહિક વર્ણન હતું. આ રુકૂઅ્માં વારસાનો હક ધરાવનાર લોકોના અમુક પ્રકારોનું વિગતવાર વર્ણન થયું છે અને વિવિધ સગપણ આધારે તેમના ભાગે આવતા હિસ્સાઓનું વર્ણન છે. આ જ સિલસિલાની અમુક સ્પષ્ટતા સૂરતના અંતે પણ આવી રહી છે અને બાકી વિભાગ હદીષોમાં વર્ણન થયો છે, ફૂકૂહાએ શરીઅતની "નસ"માં તે બધી જ સ્પષ્ટતા વર્ણન કરીને એક આગવા વિષય તરીકે વારસા-વહેંચણીના સિદ્ધાંતો અને નિયમોને સંપાદિત પણ કર્યા છે.

પ્રસ્તુત આયતમાં ઔલાદ અને માતા-પિતાના હિસ્સાનું વર્ણન કરવામાં આવ્યું છે તંથા સાથે-સાથે વારસા-વહેંચણીના અમુક મસ્અલાઓનો પણ ઉલ્લેખ થયો છે.

તફસીર :

અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે તમારી ઔલાદ(ના વારસા-વહેંચણી) બાબતે; (તે એ કે) છોકરાનો ભાગ બે છોકરીઓ બરાબર (એટલે એક છોકરાનો હિસ્સો બે છોકરી બરાબર એટલે કે છોકરાને બમણો એટલે કે બે તૃત્યાંશ અને છોકરીને અડધો એટલે કે એક તૃત્યાંશ મળશે) અને જો (ઔલાદમાં) ફક્ત છોકરીઓ જ હોય ભલે બેથી વધારે હોય તો આ છોકરીઓને બે તૃત્યાંશ મળશે, તે માલનો કે જે મરનાર છોડી ગયો છે (અને જો બે છોકરીઓ હોય ત્યારે તો બે તૃત્યાંશ મળવો દેખીતો જ છે. કારણ કે જો તે એક છોકરીની જગ્યાએ એક છોકરો હોત તો આ છોકરીનો ભાગ તેના ભાઈ કરતા ઓછો છે તો પણ એક તૃત્યાંશ કરતા ઘટયો ન હોત, બસ જ્યારે બીજી પણ છોકરી જ છે તો એક તૃત્યાંશ કરતા કોઈ કાળે ઘટી નથી શકતો અને બંને છોકરીઓની સરખી પરિસ્થિતિ છે. બસ, તેમાં પણ એક તૃત્યાંશ થશે, બંનેને મળીને ૨/૩ થયું.

અલબત્ત ત્રણ છોકરીઓમાં શંકા હતી કે, તેમને ત્રણે-ત્રણ ભાગ મળી જાય એટલે કે સંપૂર્ણ માલ મળી જાય, એટલા માટે ફરમાવ્યું કે, જો છોકરીઓ બે થી વધારે હોય, પરંતુ તે છતાં બે તૃત્યાંશ કરતાં વધશે નહીં) અને જો એક જ છોકરી હોય તો તેને (કુલ વારસાનો) અડધો ભાગ મળશે (અને પ્રથમ સ્વરૂપમાં વધેલો એક તૃત્યાંશ ભાગ અને બીજા સ્વરૂપમાં વધેલો અડધો ભાગ બીજા અન્ય નજીકના સગાંઓનો હક છે અને જો કોઈ જ ન હોય તો તે પણ તેને જ આપી દેવામાં આવશે, જેમકે "ફરાઈઝ"-વારસા વહેંચણીને લગતી કિતાબોમાં વર્ણન થયું છે) અને માં-બાપ(ને વારસો મળવાના ત્રણ સ્વરૂપ છે, પ્રથમ સ્વરૂપ) માટે એટલે કે બંનેમાંથી દરેકના માટે મય્યતના છોડેલા માલમાંથી છટ્ઠો-છટ્ઠો ભાગ (નક્કી) છે જો મય્યતની કોઈ અવલાદ હોય (ભલે તે પુરુષ હોય કે સ્ત્રી ! ભલે એક હોય અથવા વધારે અને બાકીનો વારસામાં છોડેલો માલ ઔલાદ અને બીજા ખાસ-ખાસ વારસદારોને મળશે અને પછી પણ કંઈ બચી જાય તો પછી બધાને જ આપી દેવામાં આવશે), અને જો આ મય્યતને કોઈ ઔલાદ ન હોય અને (ફક્ત) તેમના માં-બાપ જ તેમના વારસદાર હોય (આ બીજું સ્વરૂપ છે અહીંયાં "ફક્ત" શબ્દ એટલા માટે કહેવામાં આવ્યો છે કે, ભાઈ-બહેન પણ ન હોય. જેમકે આગળ આવે છે) તો (એવી પરિસ્થિતિમાં) તેની માં ને એક તૃત્યાંશ (ભાગ) છે (અને બાકી બે તૃત્યાંશ બાપનો ભાગ છે અને કારણ કે, પ્રસ્તુત સ્વરૂપમાં એ દેખીતું છે કે આ બાબતની સ્પષ્ટતાની આવશ્યકતા નથી) અને જો મય્યતના એકથી વધારે ભાઈ-બહેન (કોઈ પ્રકારે) હોય (ભલે માં-બાપ બંનેમાં ભાગીદાર હોય જેને "અયની" કહેવામાં આવે છે અથવા તો ફક્ત બાપ એક હોય અને માં અલગ-અલગ હોય જેને "અલ્લાતી" કહેવામાં આવે છે. મતલબ કે, કોઈપણ પ્રકારે ભાઈ-બહેન એકથી વધારે હોય, ઔલાદ ન હોય અને માં-બાપ હોય આ ત્રીજું સ્વરૂપ છે. તો એવા સ્વરૂપમાં) તેની માં ને (છોડેલા માલમાં) છટ્ઠો ભાગ મળશે (અને બાકીનો બાપને મળશે.... આ બધા ભાગ) વસિય્યત (પ્રમાણે માલ) કાઢી લીધા પછી કે મય્યત તેની વસિય્યત કરી જાય અથવા કરજ (જો હોય તો તેને પણ કાઢી લીધા) પછી (વહેંચણી થશે), તમારા નિયમો અને અનુમાન જે છે તમે (તેના વિશે) સંપૂર્ણ રીતે એ નથી જાણી શકતા કે તેમાં કયો વ્યક્તિ તમને (દુનિયવી રીતે અથવા આખિરતમાં) નફો પહોંચાડવામાં (તમારા અનુમાન

કરતાં) વધારે નજીક છે. (એટલે કે, જો તમારા અભિપ્રાય ઉપર દારોમદાર રાખવામાં આવ્યો હોત તો તમે જે તમને નફો પહોંચાડવાનો હોય તેને તમારા માલમાં અગ્રિમતા આપી હોત અને તેનો આધાર તમને કોણ લાભ પહોંચાડે છે તેના ઉપર રાખ્યો હોત. હવે, આ પ્રમાણેની કોઈ પદ્ધતિ કોઈની પાસે નથી તો એ બાબતનો કોઈપણ આધાર રાખવો યોગ્ય ન હતો. બસ, જ્યારે તમને કોણ લાભ પહોંચાડે છે, તે આધાર માન્ય રાખવાને યોગ્ય જ નથી, એટલા માટે અન્ય મસ્લિહતો અને અભિપ્રાયોને તમારા દિમાગમાં ન આવવા દો અને આ હુકમને અલ્લાહનો હુકમ સમજીને તેણે બનાવેલ કાયદો જાણો તથા) આ હુકમ અલ્લાહ તઆલા દ્વારા નક્કી કરવામાં આવ્યા છે (અને આ હુકમ દેખીતું છે કે તેના જ તરફથી છે કે, જે) અલ્લાહ સર્વજ્ઞ અને હિકમતવાળો છે (બસ, જે હિકમતો તેણે પોતાના જ્ઞાનથી, પોતાની મરજીથી રાખી છે તે જ ભરોસાપાત્ર છે, તેમાં તમારા અભિપ્રાયની કોઈ માન્યતા કે આધાર નથી).

મસ્અલા અને બોધપાઠ :

વારસા-વહેંચણીના હુકમો :

શરીઅતનો સિદ્ધાંત છે કે, મરનારના માલમાંથી પ્રથમ શરીઅત પ્રમાણે તેના કફન-દફનનો ખર્ચ પૂરો કરવામાં આવે, જેમાં કોઈપણ પ્રકારની ફુઝૂલખર્ચી (બિનજરૂરી ખર્ચ) કરવામાં ન આવે અને કંજૂસી પણ કરવામાં ન આવે. ત્યાર પછી તેના કરજને અદા કરવામાં આવે, જો કરજ એટલું જ હોય જેનાથી તેનો સઘળો માલ પૂરો થઈ જતો હોય અથવા તેનાથી પણ વધારે હોય તો કોઈને કંઈ જ વારસો મળશે નહીં અને કોઈપણ પ્રકારની વસિય્યત લાગુ પડશે નહીં અને જો કરજ ભરપાઈ કર્યા પછી માલ બચી જાય અથવા કરજ બિલકુલ જ ન હોય અને જો તેણે કોઈ વસિય્યત કરી હોય અથવા તે કોઈ ગુનાહની વસિય્યત ન હોય તો હવે જે માલ ઉપલબ્ધ છે તેના એક તૃત્યાંશ માલમાંથી તેની વસિય્યત પૂરી કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ સંપૂર્ણ માલની વસિય્યત કરી દે તો પણ એક તૃત્યાંશ માલની વસિય્યત જ માન્ય ગણાશે..... એક તૃત્યાંશ માલથી વધારેની વસિય્યત કરવી યોગ્ય પણ નથી અને એ જ રીતે વારસદારોને વારસાથી વંચિત કરવાના હેતુથી વસિય્યત કરવી ગુનોહ છે.

કરજની ભરપાઈ કર્યા પછી એક તૃત્યાંશ માલમાં વસિય્યત લાગુ કરીને શરીઅતની રૂએ નક્કી થયેલા વારસદારોમાં વહેંચણી કરવામાં આવશે જેની વિગતો "ફરાઈઝ" (વારસા-વહેંચણીને લગતા શરઈ મસ્અલાઓ)ની કિતાબોમાં વિસ્તારપૂર્વક મૌજૂદ છે. જો વસિય્યત ન કરી હોય તો કરજ આપ્યા પછી સંપૂર્ણ માલ વારસદારોમાં વહેંચી આપવામાં આવશે.

સંતાનોનો ભાગ :

જેમકે પાછળના રુકૂઅ્માં આવી ચૂક્યું છે કે, વારસાની વહેંચણી મય્યતના સગપણમાં કોણ વધારે નજીકનું સગપણ ધરાવે છે અને કોણ દૂરનું; તેના ઉપર આધાર રાખે છે. મરનારના સંતાનો અને તેના માતા-પિતા સૌથી નજીકના સગાં છે એટલા માટે તેમને દરેક પરિસ્થિતિમાં મય્યતના વારસાનો ભાગ મળશે. આ બંને સગપણ મનુષ્યના સૌથી નજીકના સગપણ અને સીધે-સીધા (પ્રત્યક્ષ) સગપણ છે. બીજા સગપણો સીધે-સીધા નથી, કુર્આન શરીફમાં પ્રથમ એમના જ હિસ્સાઓનું વર્ણન થયું છે અને સંતાનોના ભાગથી જ શરૂઆત કરી. એટલા માટે ઈરશાદ થયો,

يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ આ એક એવો સનાતન કાયદો છે જેનાથી છોકરા અને છોકરીઓ બંને-ને વારસાના હકદાર પણ બનાવવામાં આવ્યા છે અને તેમનો એક ચોક્કસ ભાગ પણ નક્કી કરવામાં આવ્યો છે અને હવે આ સિદ્ધાંતની જાણ થઈ ગઈ તો જ્યારે મરનારના સંતાનોમાં છોકરા અને છોકરીઓ (પુરુષો અને સ્ત્રીઓ) બંને હોય તો તેમના ભાગે જે માલની વહેંચણી થશે તે દરેક છોકરાને છોકરીઓ કરતાં બમણું મળશે. દાખલા તરીકે, કોઈને એક છોકરો અને બે છોકરીઓ હોય તો માલના ચાર ભાગ કરીને બે ચતુર્થાંશ છોકરાને અને એક ચતુર્થાંશ દરેક છોકરીને મળશે.

છોકરીઓના ભાગનું મહત્ત્વ :

કુર્આન મજીદે છોકરીઓના ભાગ અપાવવામાં એટલી કાળજી લીધી છે કે, છોકરીઓના હિસ્સા નક્કી કરીને તેના આધારે છોકરાઓના ભાગ બતાવ્યા છે અને لِلْاُنْثَيَيْنِ مِثْلُ حَظِّ الذَّكَرِ (બે છોકરીઓ એક છોકરા બરાબર) કહેવાને બદલે لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ (એક છોકરો બે છોકરીઓના ભાગ બરાબર)ના

શબ્દો કહેવામાં આવ્યા. જે લોકો બહેનોનો ભાગ નથી આપતા અને એવું સમજીને મને-ક-મને શરમા-શરમીથી બહેનો મા'ફ કરી આપે છે કે, ભાગ તો મળવાનો નથી પછી શા માટે ભાઈઓ સાથે સંબંધો ખરાબ કરે ? આવી મા'ફી શરઈ રૂએ મા'ફી આપેલી ગણાશે નહીં, તેનો હક ભાઈઓના માથે વાજિબ રહે છે. આવો વારસો દબાવવો સખત ગુનોહ છે, તેમાં નાબાલિગ બાળકો હોય છે, તેમને હિસ્સો ન આપવો એ બમણો ગુનોહ છે. એક ગુનોહ શરઈ રૂએ વારસદારનો ભાગ દબાવી દેવાનો અને બીજો યતીમનો માલ ખાઈ જવાનો ગુનોહ.

આ બાબતની વધારે સ્પષ્ટતા કરીને છોકરીઓના ભાગને આ રીતે વર્ણન કરવામાં આવ્યો. فَإِنْ كُنَّ نِسَآءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا تَرَكَ એટલે કે, જો પુરૂષ ઔલાદ ન હોય, ફક્ત સ્ત્રીઓ હોય અને એકથી વધારે હોય તો તેમને મરનારના માલનો બે તૃત્યાંશ ભાગ મળશે, જેમાં બધી જ છોકરીઓ બરાબરની ભાગીદાર હશે અને બાકીનો એક તૃત્યાંશ ભાગ અન્ય વારસદારો દાખલા તરીકે, મરનારના માતા-પિતા, પત્ની અથવા પતિ વગેરે વારસદારોને મળશે. બે છોકરીઓ અને બેથી વધારે છોકરીઓ બધા મરનારના બે તૃત્યાંશમાં ભાગીદાર થશે.

બે છોકરીઓથી વધારેનો હુકમ કુર્આન શરીફની આયતમાં સ્પષ્ટ રીતે આવેલ છે, જેમકે فَوْقَ اثْنَتَيْنِ નો શબ્દ તેની દલીલ છે અને છોકરીઓ બે હોય તો તેનો હુકમ પણ તે જ છે, જે બે થી વધારેનો હુકમ છે તેની સાબિતી હદીષ શરીફમાં પણ મળે છે.

عَنْ جَابِرِبْنِ عَبْدِ اللّٰهِ قَالَ خَرَجْنَا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حَتّٰى جِئْنَا امْرَأَةً مِّنَ الْاَنْصَارِ فِي الْاَسْوَافِ فَجَائَتِ الْمَرْأَةُ بِابْنَتَيْنِ لَهَا فَقَالَتْ يَارَسُوْلَ اللّٰهِ هَاتَانِ بِنْتَا ثَابِتِ بْنِ قَيْسٍ قُتِلَ مَعَكَ يَوْمَ اُحُدٍ وَقَدِ اسْتَفَاءَ عَمُّهُمَا مَا لَهُمَا وَمِيْرَاثَهُمَا كُلَّهٗ وَلَمْ يَدَعْ مَالًا اِلَّا اَخَذَهٗ فَمَا تَرٰى يَارَسُوْلَ اللّٰهِ فَوَاللّٰهِ لَاتُنْكَحَانِ اَبَدًا اِلَّا وَلَهُمَا مَالٌ، فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْضِى اللّٰهُ فِيْ ذٰلِكَ وَقَالَ نَزَلَتْ سُوْرَةُ النِّسَآءِ "يُوْصِيْكُمُ اللّٰهُ فِيْ اَوْلَادِكُمْ" الاية، فَقَالَ رَسُوْلُ اللّٰهِ

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اُدْعُوْا لِيَ الْمَرْئَةَ وَصَاحِبَهَا، فَقَالَ لِعَمِّهِمَا اَعْطِهِمَا الثُّلُثَيْنِ

وَاَعْطِ اُمَّهُمَا الثُّمُنَ وَمَا بَقِيَ فَلَكَ، (اَبُوْدَاؤُدَ كِتَابُ الْفَرَائِضِ، وَ بِمَعْنَاهُ فِي التِّرْمِذِيْ اَبْوَابُ الْفَرَائِضِ)

[قَالَ اَبُوْدَاؤُدَ وَاَخْطَأَبِشْرٌفِيْهِ اِنَّمَاهُمَااِبْنَتَا سَعْدِ بْنِ الرَّبِيْعِ، وَثَابِتُ بْنُ قَيْسٍ قُتِلَ يَوْمَ الْيَمَامَةِ]

"જાબિર (રદિ.)થી રિવાયત છે, ફરમાવે છે કે, એક વખતે હું રસૂલે કરીમ ﷺ સાથે બહાર નીકળ્યો, એટલામાં અમે અસ્વાફમાં એક અન્સારી સ્ત્રી પાસેથી પસાર થયા, તે સ્ત્રી પોતાની બે છોકરીઓને લઈને આવી અને કહેવા લાગી, હે અલ્લાહના રસૂલ ﷺ ! આ બંને છોકરીઓ ષાબિત બિન કૈસ (મારા પતિ)ની છે, જે તમારી સાથે રહી ગઝ્વએ ઉહદમાં શહીદ થઈ ગયા છે અને આ છોકરીઓના કાકા તેમના સંપૂર્ણ માલ અને તેમના સંપૂર્ણ વારસા ઉપર કબજેદાર થઈ ગયા છે અને તેઓના (છોકરીઓના) માટે કંઈ જ બાકી રાખ્યું નથી. આ બાબતે તમે શું કહો છો ? ખુદાની કસમ ! જો આ છોકરીઓની પાસે માલ ન હશે તો કોઈ વ્યક્તિ તેમને પોતાના નિકાહમાં રાખવા પણ તૈયાર નહિ થાય ! રસૂલુલ્લાહ ﷺએ આ સાંભળીને ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા તારા હકમાં ફૈસલો ફરમાવી આપશે. હઝરત જાબિર (રદિ.) ફરમાવે છે કે, પછી જ્યારે સૂરએ નિસાઅ્ની આ આયત "يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ" નાઝિલ થઈ તો રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, તે સ્ત્રી અને તેમના દિયરને (છોકરીઓના તે કાકાઓ જેમણે બધા માલ ઉપર કબજો કરી લીધો હતો) બોલાવો, રસૂલે કરીમ ﷺએ છોકરીઓના કાકાઓને કહ્યું કે, છોકરીઓને બધા માલનો બે તૃત્યાંશ ભાગ આપી દો. તેમની માં ને આઠમો ભાગ; અને જે બચે તે તમે પોતે રાખી લો."

આ હદીષમાં જે મસ્અલાનો ઉલ્લેખ છે તેમાં રસૂલે કરીમ ﷺએ બે છોકરીઓને પણ બે તૃત્યાંશ ભાગ આપી દીધો, જે પ્રમાણે બે થી વધારે છોકરીઓનો હુકમ પોતે પણ કુર્આને કરીમે પ્રસ્તુત આયતમાં બતાવી દીધો છે.

ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યું, وَاِنْ كَانَتْ وَاحِدَةً فَلَهَا النِّصْفُ "જો મરનારે પોતાની ઔલાદમાં ફક્ત એક છોકરી છોડી અને કોઈ પુરૂષ ઔલાદ બિલકુલ ન હોય તો તેને તેના પિતા અથવા માતાના છોડેલા માલનો અડધો હિસ્સો મળશે. બાકી બીજો અડધો હિસ્સો બીજા વારસદારો લઈ લેશે."

માતા-પિતાનો ભાગ :

ત્યારબાદ અલ્લાહ તબારક વ તઆલાએ મરનારના માતા-પિતાનો ભાગ બતાવ્યો અને ત્રણ પરિસ્થિતિઓનું વર્ણન કર્યું.

પ્રથમ એ કે માતા-પિતા બંને જીવંત હોય અને ઔલાદ પણ હોય ભલે એક જ છોકરો અથવા છોકરી હોય. આવી પરિસ્થિતિમાં માં-બાપને છટ્ઠો-છટ્ઠો ભાગ મળશે, બાકી વારસો અન્ય વારસદારો એટલે કે, ઔલાદ અને પત્ની અથવા પતિ લઈ લેશે અને અમુક પરિસ્થિતિઓમાં અમુક બચેલો માલ ફરી પિતાને મળશે, જે તેના નક્કી કરેલા છટ્ઠા ભાગ સિવાયનો હોય છે. "ફરાઇઝ"જ્ઞાનની પરિભાષામાં આ પ્રમાણેના હકને اِسْتِحْقَاقِ تَعْصِيْبْ (ઈસ્તિહ્કાકે તઅ્સીબ) કહે છે.

બીજી પરિસ્થિતિ એવી બતાવી છે કે, મરનારની ઔલાદ અને ભાઈ-બહેન ન હોય અને માં-બાપ મૌજૂદ હોય, આવી પરિસ્થિતિમાં મરનારના માલમાં એક તૃત્યાંશ માલ માં ને મળશે અને બાકીનો બે તૃત્યાંશ માલ પિતાને મળશે. આ એવી પરિસ્થિતિનો હુકમ છે, જેમાં મરનારની પાછળ તેનો પતિ અથવા તેની પત્ની પણ મૌજૂદ ન હોય. જો પતિ અથવા પત્ની મૌજૂદ છે તો સૌ પ્રથમ તેમનો ભાગ અલગ કરવામાં આવશે અને બાકીનો એક તૃત્યાંશ માતાને અને બે તૃત્યાંશ પિતાને મળશે.

ત્રીજી પરિસ્થિતિ એ છે કે, મરનારને ઔલાદ તો નથી પરંતુ ભાઈ-બહેન છે, જેની સંખ્યા બે છે, ભલે બે ભાઈ હોય, બે બહેનો હોય અથવા બે થી વધારે હોય. આવી પરિસ્થિતિમાં માતાને છટ્ઠો ભાગ મળશે અને જો અન્ય કોઈ વારસદાર નથી તો પિતાને બાકીનો પાંચ છષ્ટમાંશ (૫/૬) ભાગ મળશે. ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતિથી માતાનો ભાગ ઓછો થઈ ગયો પરંતુ ભાઈ-બહેનને પણ કંઈ નહિ મળે. કારણ કે ભાઈ-બહેનો કરતા પિતા વધારે નજીકના સગા છે, જે બચશે તે બાપને મળી જશે. આવી પરિસ્થિતિમાં માતાનો હિસ્સો એક તૃત્યાંશના બદલે એક છષ્ઠમાંશ થઈ ગયો. "ફરાઇઝ"ની પરિભાષામાં આ પરિસ્થિતિને حَجْبِ نُقْصَانْ "હજબે નુકસાન" કહેવામાં આવે છે અને આ બહેન-ભાઈ જેના કારણે માતા-પિતાનો હિસ્સો કપાઈ રહ્યો છે, ભલે સગા હોય

અથવા બાપ શરીક હોય, ભલે માં શરીક હોય. દરેક પરિસ્થિતિમાં તેમની ઉપસ્થિતિથી માં નો હિસ્સો ઘટી જશે. શરત એટલી જ છે કે, જો એકથી વધારે હોય.

નક્કી હિસ્સા વર્ણન કર્યા પછી ફરમાવ્યું, اٰبَـآءُ كُـمْ وَاَبْـنَـاءُ كُمْ لَا تَدْرُوْنَ اَيُّهُـمْ اَقْـرَبُ لَـكُـمْ نَـفْعًا فَرِيْضَةً مِّنَ اللّٰهِ ؕ اِنَّ الـلّٰـهَ كَـانَ عَـلِيْمًا حَكِيْمًا، એટલે કે, અવલાદ અને માં-બાપના આ હિસ્સા અલ્લાહ તઆલાએ પોતાની રીતે નક્કી કરી દીધા છે અને અલ્લાહને સઘળી ખબર છે અને તે હિકમતવાળો છે, જે હિસ્સો નક્કી કરવામાં આવ્યો છે, તેમાં ઘણી હિકમતો છે. જો તમારા અભિપ્રાય પ્રમાણે વારસાની વહેંચણી નક્કી કરવામાં આવે તો તમે લોકો વહેંચણીનો આધાર લાભને ધ્યાનમાં રાખીને કરશો. પરંતુ લાભ પહોંચાડનાર કોણ હશે ? અને સૌથી વધુ લાભ કોણ પહોંચાડી શકે છે ? તેનું ચોક્કસ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું તમારા માટે અત્યંત મુશ્કેલ હતું એટલા માટે લાભને આધાર બનાવવાના બદલે નજીકના સગપણને વારસા-વહેંચણીના હુકમનો આધાર બનાવવામાં આવ્યો.

કુર્આને કરીમની આ આયતે બતાવી આપ્યું છે કે, વારસાના જે ભાગ અલ્લાહ તઆલાએ નક્કી કર્યા છે, તે તેનો નક્કી કરેલો હુકમ છે, તેમાં કોઈ પોતાના અભિપ્રાયથી વધતું-ઓછું કરવાનો અધિકાર ધરાવી શકતો નથી અને તમારે સંપૂર્ણ સંતોષ સાથે આ વહેંચણીને સ્વીકારવી પડશે. તમારા સર્જક અને માલિકનો આ હુકમ અતિ ઉચ્ચ હિકમત અને હિત ઉપર આધારિત છે. તમારા નફાનું કોઈ ક્ષેત્ર તેના જ્ઞાનના ઘેરાથી બહાર નથી અને જે કંઈ પણ તે હુકમ કરે છે તે કોઈ હિકમતથી ખાલી નથી હોતો. તમને પોતે તમારા નફા-નુકસાનની વાસ્તવિક ઓળખ નથી થઈ શકતી. જો વારસા-વહેંચણીના મસ્અલાને પોતે તમારા અભિપ્રાય ઉપર છોડી દેવામાં આવ્યો હોત તો તમે જરૂર પોતાની અધૂરી બુદ્ધિના કારણે સાચો ફેંસલો ન કરી શક્યા હોત અને વારસાની વહેંચણીમાં અન્યાય થયો હોત ! અલ્લાહ જલ્લ શા'નુહૂએ આ ફરજની જવાબદારી પોતે લઈ લીધી, જેથી માલની વહેંચણીમાં ન્યાય અને ઈન્સાફની પૂરેપૂરી કાળજી લેવામાં આવે અને મરનારના વારસાને ન્યાયી રીતે વિવિધ હકદારો સુધી પહોંચાડી આપવામાં આવે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૨....)

وَلَكُمْ نِصْفُ مَا تَرَكَ أَزْوَاجُكُمْ إِنْ لَّمْ يَكُنْ لَّهُنَّ وَلَدٌ ۚ فَإِنْ كَانَ لَهُنَّ
وَلَدٌ فَلَكُمُ الرُّبُعُ مِمَّا تَرَكْنَ مِنْ بَعْدِ وَصِيَّةٍ يُّوصِينَ بِهَا أَوْ دَيْنٍ ۚ وَلَهُنَّ الرُّبُعُ
مِمَّا تَرَكْتُمْ إِنْ لَّمْ يَكُنْ لَّكُمْ وَلَدٌ ۚ فَإِنْ كَانَ لَكُمْ وَلَدٌ فَلَهُنَّ الثُّمُنُ مِمَّا
تَرَكْتُمْ مِّنْ بَعْدِ وَصِيَّةٍ تُوصُونَ بِهَا أَوْ دَيْنٍ ۗ.....

તરજુમો :

અને તમારા માટે અડધો (ભાગ) છે જે તમારી ઔરતો છોડીને મરી જાય જો તેમની કોઈ અવલાદ ન હોય, પછી જો તેમની અવલાદ હોય તો તમારા માટે ચોથો ભાગ છે તેમાંથી જે (માલ) તે છોડી ગઈ તે વસિય્યત પછી જે તેઓ કરી ગઈ અથવા કરજ ચૂકવ્યા પછી; અને ઔરતો માટે ચોથો ભાગ છે તેમાંથી જે તમે છોડી જાઓ છો જો તમારી ઔલાદ ન હોય; અને જો તમારી અવલાદ છે તો તેમના માટે આઠમો ભાગ છે તેમાંથી કે જે કંઈ તમે છોડયું, તે વસિય્યત પછી જે તમે કરી ગયા અથવા કરજ ચૂકવ્યા પછી (જો હોય તો)...

આયતનો ક્રમ અને ગોઠવણી :

અહીંયાં સુધી તે હકદારોના વારસાના ભાગનું વર્ણન હતું, જેમનું મય્યતની સાથે નસબ (વંશ) અને ઔલાદનું સગપણ હતું. પ્રસ્તુત આયતમાં અમુક અન્ય હકદારોનું વર્ણન છે અને મય્યત સાથે જેમનું સગપણ વંશનું નથી બલકે, પત્ની તરફનું છે તેમનું વર્ણન નીચે મુજબ છે.

તફસીર :

અને તમને અડધું મળશે તે વારસામાંથી જે તમારી પત્નીઓ છોડી જાય, જો તેમની કોઈ અવલાદ ન હોય (ન પુરુષ અવલાદ અથવા ન સ્ત્રી અવલાદ, ન તો એક અને ન જ વધારે) અને જો તે પત્નીઓની કોઈ અવલાદ હોય (ભલે તમારાથી હોય અથવા પ્રથમ પતિથી) તો (એવા સ્વરૂપમાં) તમને તેના

વારસામાંથી એક ચતુર્થાંશ મળશે (પરંતુ દરેક સ્વરૂપમાં આ વારસો) વસિય્યત (પ્રમાણેનો માલ) કાઢ્યા પછી કે જેની તે વસિય્યત કરી જાય અથવા કરજ (જો હોય તો તેને કાઢ્યા) પછી (મળશે); અને પત્નીઓને ચોથો ભાગ મળશે તે વારસામાંથી જેને તમે છોડી જાઓ છો (ભલે તે એક હોય અથવા અનેક તો આ ચોથાઈમાં બધા બરાબરના ભાગીદાર છે) જો તમારી કોઈ અવલાદ ન હોય (ન સ્ત્રી, ન પુરુષ, ન એક, ન વધારે); અને જો તમારે કોઈ ઔલાદ હોય તો (આ સ્વરૂપમાં) તેમને (ભલે એક હોય અથવા અનેક) તમારા વારસામાંથી આઠમો ભાગ મળશે......... (આ પણ બે સ્વરૂપો છે અને બંને સ્વરૂપોમાં બાકીનું બીજા વારસદારોને મળશે, પરંતુ આ વારસો) વસિય્યત (પ્રમાણેનો માલ) કાઢ્યા પછી જેની તમે વસિય્યત કરી જાઓ અથવા કરજ (જો હોય તો તેને પણ કાઢ્યા) પછી (મળશે)....

મસ્અલા અને બોધપાઠ :

પતિ અને પત્નીના ભાગ :

ઉપરોક્ત વર્ણનમાં પતિ અને પત્નીના ભાગોને નક્કી કરવામાં આવ્યા છે અને પ્રથમ પતિનો ભાગ બતાવવામાં આવ્યો છે. કદાચ તેને પ્રાથમિકતા આપવાનું કારણ એ છે કે, તેનું મહત્ત્વ જાહેર કરવાનો હેતુ છે. કારણ કે, પત્નીના મૃત્યુ પછી પતિ બીજા ઘરનો વ્યક્તિ બની જાય છે. જો પોતાના સાસરી પક્ષમાં પત્નીનું મૃત્યુ થાય અને પત્નીનો માલ ત્યાં જ હોય તો પતિને ભાગ આપવાની આનાકાની કરવામાં આવે છે. મતલબ કે આ અત્યાચારને રોકવા માટે પતિના ભાગને વર્ણન કરવામાં પ્રાથમિકતા આપવામાં આવી અને સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવ્યું કે, મૃત્યુ પામનાર સ્ત્રીએ જો કોઈ ઔલાદ ન છોડી હોય તો પતિને કરજની અદાયગી પછી અને વસિય્યત પૂર્ણ કર્યા પછી મરનાર પત્નીની મિલ્કતનો કુલ અડધો ભાગ મળશે અને બાકી અડધાનો બધા વારસદારો દાખલા તરીકે, મરનાર સ્ત્રીના માં-બાપ ભાઈ-બહેન વગેરે કાયદા પ્રમાણે વારસાના હકદાર બનશે.

અને જો મૃત્યુ પામનાર સ્ત્રીએ પોતાની અવલાદ છોડી હોય, એક-બે અથવા તેનાથી વધારે તો છોકરા પણ હોય અને છોકરી પણ હોય, આ પતિથી

હોય કે અગાઉના પતિથી, આ બધી ઔલાદ માટે આ સ્વરૂપમાં હાલના પતિને મરનારના માલમાંથી કરજ અને વસિય્યત પછી કુલ માલનો એક ચતુર્થાંશ મળશે અને બાકી ત્રણ ચતુર્થાંશ ભાગ બીજા વારસદારોને મળશે. આ પતિના ભાગની સ્પષ્ટતા છે.

અને જો પતિ-પત્નીમાં મરનાર પતિ હોય અને તેણે કોઈ ઔલાદ નથી છોડી તો કરજ અને વસિય્યત અદા કર્યા પછી પત્નીને મરનારના કુલ માલનો એક ચતુર્થાંશ માલ મળશે અને જો તેણે કોઈ ઔલાદ છોડી હોય, ભલે તે હાલની પત્નીથી હોય અથવા કોઈ બીજી પત્નીથી, તો આવા સ્વરૂપમાં કરજ અને વસિય્યત પછી આઠમો ભાગ મળશે અને જો પત્નીઓ એકથી વધારે છે તો પણ પ્રસ્તુત વર્ણન પમાણે એક પત્નીના ભાગે જેટલો વારસો આવે છે તે બધી પત્નીઓમાં સરખા ભાગે વહેંચી દેવામાં આવશે. એટલે કે, દરેક પત્નીને એક ચતુર્થાંશ અથવા એક અષ્ઠમાંશ ભાગ નહીં મળે બલકે, બધી પત્નીઓ ચોથા અથવા આઠમાં ભાગમાં ભાગીદાર થશે અને આ બંને પરિસ્થિતિઓમાં પતિ પત્નીને મળી ગયા પછી જે કંઈ પણ વારસો બચશે તે તેમના અન્ય વારસોમાં વહેંચી દેવામાં આવશે.

મસ્અલો :

એ જોવું જોઈએ કે પત્નીની મહર અદા થઈ ગઈ છે કે કેમ ? જો પત્નીની મહર આપવામાં નથી આવી તો અન્ય કરજની જેમ પ્રથમ કુલ માલમાંથી મહરનું કરજ પણ અદા કરવામાં આવશે અને ત્યારબાદ વારસાની વહેંચણી થશે અને મહર લીધા પછી પત્ની પોતાના વારસાનો ભાગ પણ વારસામાંથી લેવાની હકદાર છે અને તે તેને વસૂલ કરશે, અને જો મય્યતનો માલ એટલો જ છે કે, મહર અદા કર્યા પછી કશું જ નથી બચતું તો પણ બીજા અન્ય કરજની જેમ સંપૂર્ણ માલ મહરના કરજમાં પત્નીને આપી દેવો જોઈએ અને કોઈ વારસદારનો કોઈ ભાગ નહિ લાગે.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. .....૧૨)

....وَاِنْ كَانَ رَجُلٌ يُّوْرَثُ كَلٰلَةً اَوِ امْرَاَةٌ وَّلَهٗۤ اَخٌ اَوْ اُخْتٌ فَلِكُلِّ
وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ ۚ فَاِنْ كَانُوْۤا اَكْثَرَ مِنْ ذٰلِكَ فَهُمْ شُرَكَآءُ فِي
الثُّلُثِ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصٰى بِهَاۤ اَوْ دَيْنٍ ۙ غَيْرَ مُضَآرٍّ ۚ وَصِيَّةً
مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَلِيْمٌ ﴿۱۲﴾

તરજુમો :

.....અને જો તે પુરુષ કે જેની મીરાષ છે જે બાપ કે દિકરા વિનાનો હતો અથવા એવી જ સ્ત્રીનો છે (જે "કલાલહ" છે જેનો બાપ-બેટા નથી) અને તે મય્યતનો એક ભાઈ છે અથવા એક બહેન (માં જણી) છે તો બંનેમાંથી દરેકનો છઠ્ઠો ભાગ છે, પછી જો તે એનાથી વધારે હોય તો તે બધા એક તૃત્યાંશમાં ભાગીદાર છે તે વસિય્યત પછી કે જે કરવામાં આવી ચૂકી છે અથવા કરજ (અદા કર્યા પછી); જ્યારે કે બીજાઓનું નુકસાન ન કર્યું હોય, આ અલ્લાહનો હુકમ છે અને અલ્લાહ જ સઘળું જાણનાર બહુ સહનશીલ છે. (૧૨)

આયતનો ક્રમ અને ગોઠવણી :

વંશ અને પત્નીઓનું જે સગપણ પૈદા થાય છે તે અંગે ટૂંકમાં વારસા-વહેંચણીના ભાગોનું વર્ણન કર્યા પછી હવે એવી મય્યતના વારસાનો હુકમ કરવામાં આવી રહ્યો છે, જેણે ઔલાદ અથવા માતા-પિતા છોડયા નથી (હયાત નથી).

તફસીર :

.....અને જો કોઈ મય્યત જેનો વારસો બીજાઓને મળશે, ભલે તે મય્યત પુરુષ અથવા સ્ત્રી એવી હોય જેને ન આગળ કોઈ હોય (એટલે કે બાપ-દાદા) અને ન કોઈ પાછળ હોય (એટલે કે ઔલાદ) અને એ (મય્યત)નો એક ભાઈ અથવા એક બહેન હોય, તો તે બંનેમાંથી દરેકને છઠ્ઠો ભાગ મળશે અને જો આ

લોકો તેનાથી (એટલે એકથી) વધારે હોય (દાખલા તરીકે બે હોય અથવા તેનાથી વધારે) તો આ બધા એક તૃત્યાંશમાં (બરાબર) ભાગીદાર થશે (અને તેમનામાં પુરુષ સ્ત્રીનો સરખો ભાગ છે અને બાકીનો વારસો બીજા વારસદારોને મળશે અને જો કોઈ બીજો વારસદાર ન હોય તો ફરી તેમને જ આપવામાં આવશે. આ બે પરિસ્થિતિઓ થઈ અને બંને સ્વરૂપોમાં આ વારસો) વસિય્યત (પ્રમાણેનો માલ) કાઢ્યા પછી જેની વસિય્યત કરવામાં આવી અથવા (જો) કરજ (હોય તો તેને પણ કાઢ્યા) પછી (મળશે) શરત એટલી કે (વસિય્યત કરનારો) કોઈ (વારસદાર)ને નુકસાન ન પહોંચાડે (ન જાહેરમાં, ન જાણીબુઝીને ! જાહેરમાં એ રીતે કે એક તૃત્યાંશથી વધારેની વસિય્યત કરે તો આવી વસિય્યત વારસા ઉપર લાગુ નહિ પડે અને જાણીબુઝીને એ રીતે કે એક તૃત્યાંશથી અંદર હોય પરંતુ નિય્યત એ હોય કે વારસદારોને ઓછું મળે. એ જાહેરમાં તો લાગુ થઈ જશે પરંતુ ગુનોહ થશે.) આ (જે પ્રમાણે અહીંયાં સુધી વર્ણન થયું) અલ્લાહ તઆલા તરફથી હુકમ કરવામાં આવ્યો છે અને અલ્લાહ તઆલા ખૂબ જાણે છે (કે કોણ માને છે અને કોણ નથી માનતું અને ન માનનારને જે તાત્કાલિક સજા નથી મળતી તો તેનું કારણ એ છે કે તે ઘણો) સહનશીલ (પણ) છે.

મસ્અલા અને બોધપાઠ :

"કલાલહ" كَلَالَةٌ નો વારસો :

ઉપરોક્ત વર્ણનમાં "કલાલહ"ના વારસાનું વર્ણન કરવામાં આવ્યું છે. કલાલહની ઘણી વ્યાખ્યાઓ કરવામાં આવી છે, જેને અલ્લામહ કુર્તુબીએ પોતાની તફસીરમાં પણ નકલ કરી છે. પ્રખ્યાત પરિભાષા એ જ છે, જે ઉપરોક્ત તફસીરના ખુલાસામાં પ્રસ્તુત છે કે, "જે મરનારનું આગળ-પાછળ કોઈ ન હોય તે "કલાલહ" છે."

રૂહુલ મઆનીના લેખકે લખ્યું છે કે, "કલાલહ كَلَالَةٌ વાસ્તવમાં ક્રિયાપદ છે, જે "કલાલ" كَلَالٌ ના અર્થમાં છે અને "કલાલ"નો અર્થ "થાકી જવું" થાય છે, જે અશક્ત હોવાની દલીલ કરે છે. પિતા, પુત્રો સિવાયના સગપણને કલાલહ કહેવામાં આવ્યું છે. એટલા માટે આ સગપણ બાપ-બેટાના સગપણ કરતા કમજોર સગપણ છે."

પછી "કલાલહ" તે મરનારને પણ લાગુ પડે છે જેણે આગળ-પાછળ કોઈ છોડ્યું નથી, ન તો ઔલાદ અને ન જ માતા-પિતા અને એવા વારસદારો ઉપર પણ તેને લાગુ કરવામાં આવ્યું જે મરનારનો પુત્ર અથવા માતા-પિતા નથી. શબ્દકોષના આધારે જે અધિકાર બતાવવામાં આવ્યા તેનો તકાદો એ છે કે, શબ્દ ذُو "ઝૂ" અનુગ્ હોય તો કલાલહ એ "ઝૂ કલાલહ" થશે, એટલે કે "કમજોર સગપણ ધરાવનાર"; પછી આ શબ્દનો વારસાના તે માલ માટે પણ વપરાશ થવા લાગ્યો જે એવી મય્યતે છોડ્યો હોય કે, જેને ન તો કોઈ ઔલાદ હોય અને ન જ માતા-પિતા હોય.

કહેવાનો મતલબ એ છે કે, જો કોઈ વ્યક્તિ પુરૂષ અથવા સ્ત્રી મૃત્યુ પામે અને ન તો તેને બાપ હોય, ન જ દાદા હોય અને ન તો ઔલાદ હોય અને તેણે એક ભાઈ અથવા એક બહેન માં-શરીક (એક માંના જણ્યા) છોડ્યા હોય તો તેમનામાંથી જે ભાઈ છે, તેને છટ્ઠો ભાગ મળશે અને નથી તો બહેનને છટ્ઠો ભાગ મળશે અને જો એકથી વધારે હોય દાખલા તરીકે એક ભાઈ અને એક બહેન હોય અથવા બે ભાઈઓ અને બે બહેનો હોય તો બધા જ મરનારના કુલ માલના એક તૃત્યાંશ ભાગમાં ભાગીદાર થશે અને તેમાં પુરૂષને સ્ત્રી કરતા બમણું નહીં મળે. અલ્લામહ કુર્તુબી ફરમાવે છે,

وَلَيْسَ فِى الْفَرَائِضِ مَوْضَعٌ يَكُوْنُ فِيْهِ الذَّكَرُ وَالْاُنْثٰى سَوَاءً اِلَّا فِىْ مِيْرَاثِ الْاَخُوَّةِ لِلْاُمِّ

બહેન-ભાઈનો ભાગ :

સ્પષ્ટ છે કે આ આયતમાં માં શરીક બહેન-ભાઈનો હિસ્સો બતાવવામાં આવ્યો છે. જો કે, કુર્આને કરીમની આ આયતમાં એ શરત લગાવવામાં નથી આવી, પરંતુ આ શરત ઈજ્માઅ્ દ્વારા આધારપાત્ર છે. હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)ની કિરાઅતમાં પણ આ રીતે છે وَلَـهٗ اَخٌ اَوْاُخْـتٌ مِـنْ اُمِّـهٖ જેમકે અલ્લામહ કુર્તુબી, રૂહુલ મઆનીના લેખક અને અબૂબક્ર જસ્સાસ તથા અન્ય લોકોએ પણ ઉલ્લેખ કર્યો છે. જો કે, આ કિરાઅત ઉચ્ચ કક્ષાની માન્યતા પ્રાપ્ત કરેલ એટલે કે, મુતવાતિર નથી પરંતુ ઉમ્મતનો ઈજ્માઅ્ હોવાના કારણે એ જ બાબત માન્ય છે અને તેની એક સ્પષ્ટ દલીલ એ છે કે, અલ્લાહ તબારક વ તઆલાએ સૂરએ નિસાઅ્ની પૂર્ણતા ઉપર "કલાલહ"ના વારસાનું વર્ણન કર્યું છે,

તેમાં બતાવ્યું છે કે, જો એક બહેન હોય તો અડધું મળશે અને જો એક ભાઈ હોય તો પોતાની બહેનના પૂરા માલનો વારસદાર બનશે અને જો બે બહેનો હોય તો બે તૃત્યાંશ મળશે અને જો વધારે ભાઈ–બહેન હોય તો પુરૂષને સ્ત્રી કરતા બમણું મળશે. સૂરતની પૂર્ણતા ઉપર આ હુકમ ઈરશાદ ફરમાવ્યો છે. "અયૂની" એટલે કે સગા ભાઈ–બહેન અને "અલ્લાતી" એટલે કે બાપ શરીક ભાઈ–બહેનનું વર્ણન છે. જો અહીંયાં "અલ્લાતી" અને "અયૂની" ભાઈ–બહેનને સામેલ કરી લેવામાં આવે તો આ હુકમમાં વિરોધાભાસ ઊભો થશે.

વસિય્યતના મસ્અલા :

આ રુકૂઅ્માં ત્રણ વખતે વારસાની વહેંચણીના ઉલ્લેખ કરીને એ ફરમાવવામાં આવ્યું છે કે, હિસ્સાઓની વહેંચણી વસિય્યત અને કરજ પછી કરવામાં આવશે, જેમકે અગાઉ ઉલ્લેખ કરવામાં આવી ચૂક્યો છે કે, મય્યતના કફન–દફન પછી કુલ માલમાંથી કરજ અદા કર્યા પછી જે વધશે તેમાંથી ત્રીજા ભાગના માલ ઉપર વસિય્યત લાગુ પડશે અને તેનાથી વધારે વસિય્યત હોય તો તેનો શરીઅતમાં કોઈ આધાર નથી. નિયમ પ્રમાણે કરજની અદાયગી વસિય્યત લાગુ કરતા પહેલાં કરવાની છે. જો બધો જ માલ કરજ અદા કરવામાં પૂરો થઈ જાય તો ન તો વસિય્યત લાગુ પડશે અને ન જ કોઈ વારસદારને હિસ્સો મળશે. આ રુકૂઅ્માં ત્રણે સ્થળે જ્યાં–જ્યાં વસિય્યતનો ઉલ્લેખ આવ્યો છે ત્યાં વસિય્યતનો ઉલ્લેખ કરજ કરતાં પહેલાં આવ્યો છે, તેનાથી જાહેરમાં તો એવું ખબર પડે છે કે, વસિય્યતનો હક કરજ કરતાં અગ્ર સ્થાને છે, પરંતુ હઝરત અલી (રદિ.)એ આ ગેરસમજને દૂર કરતાં ફરમાવ્યું,

اِنَّكُمْ تَقْرَءُوْنَ هٰذِهِ الْاٰيَةَ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ تُوْصُوْنَ بِهَا اَوْ دَيْنٍ وَاِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَضٰى بِالدَّيْنِ قَبْلَ الْوَصِيَّةِ (مِشْكٰوةُ بَحَوَالَهٗ تِرْمِذِىْ : ص ٢٦٤)

"તમે લોકો.... આ આયત તિલાવત કરો છો مِنْۢ بَعْدِ وَصِيَّةٍ تُوْصُوْنَ بِهَا اَوْ دَيْنٍ તેમાં જો કે, શબ્દ "વસિય્યત" અગ્ર ક્રમે છે, પરંતુ અમલી રીતે રસૂલુલ્લાહ ﷺએ તેને "કરજ" પછી રાખી છે." (મિશ્કાત, બ હવાલએ તિરમિઝી, પેજ : ૨૬૪)

અત્રે એ મુદ્દો સ્પષ્ટ થઈ જવો જરૂરી છે કે, જો અમલીકરણ કરવામાં

વસિય્યત પાછલા ક્રમે છે તો તેના શબ્દો કરજ કરતા અગ્ર ક્રમે કેમ વર્ણન કરવામાં આવ્યા ? રૂહુલ મઆનીના લેખકે એના વિશે લખ્યું છે. وَتَقْدِيمُ الْوَصِيَّةِ عَلَى الدَّيْنِ ذِكْراً مَعَ اَنَّ الدَّيْنَ مُقَدَّمٌ عَلَيْهَا حُكْمًا لِإِظْهَارِ كَمَالِ الْعِنَايَةِ بِتَنْفِيذِهَا لِكَوْنِهَا مَظَنَّةً لِلتَّفْرِيطِ فِى اَدَائِهَا..... એટલે કે, આયતમાં કરજ ઉપર વસિય્યતને અગ્રિમતા આપવાનું કારણ એ છે કે, કારણ કે તે વારસાની જેમ કોઈ વળતર આપ્યા વિના મળે છે અને તેમાં સગપણ હોવું પણ જરૂરી નથી. એટલા માટે વારસદારો તરફથી તેને લાગુ કરવામાં નિષ્કાળજી થવાની અથવા મોડું થવાની સંભાવના રહેલી હતી કે, તેઓ પોતાના વારસાના માલમાંથી કશું કોઈની પાસે જતું જોવાનું નાપસંદ કરી શકતા હતા. એટલા માટે વસિય્યતના મહત્ત્વને સમજીને તેના ઉપર કાળજીપૂર્વક અમલ કરાવવા માટે વસિય્યતને કરજ કરતાં અગ્ર ક્રમે દર્શાવવામાં આવી છે. ઉપરાંત એવી વાત પણ છે કે, કરજ દરેક મય્યત ઉપર હોય જ, એવું જરૂરી પણ નથી અને જો જીવનમાં કરજ રહ્યું હોય તો મૌત સુધી તે બાકી રહ્યું જ હોય; એ પણ જરૂરી નથી અને જો મોત સુધી કરજ બાકી રહ્યું હોય તો પણ કારણ કે, લેણદાર તરફથી પોતાના લેણનો તકાદો રહેતો જ હોય છે, એટલા માટે વારસદારો તેનો ઈન્કાર પણ કરી શકતા નથી. આ કારણે કરજની બાબતમાં નિષ્કાળજી દાખવવાની ઘટનાઓ ઘણી ઓછી બને છે, તેનાથી વિપરીત વસિય્યત છે કે, જ્યારે મય્યત કોઈ માલ છોડી જાય છે તો તેનું દિલ એવું પણ ઈચ્છે છે કે, કોઈ "સદકએ જારિય્યહ" તરીકે પોતાના માલનો અમુક ભાગ અમુક ફલાણા નેક કામમાં વાપરીને જાઊં. અહીંયાં કારણ કે, આ માલમાંથી કોઈ માંગણી નથી કરી રહ્યું, એટલા માટે વારસદારો તરફથી બેદરકારી દાખવવાની શક્યતા વધારે રહેલી છે. આ શક્યતાને દૂર કરવા માટે ખાસ રીતે દરેક સ્થળે વસિય્યતને અગ્ર ક્રમે ઉલ્લેખવામાં આવી છે.

મસ્અલો :

જો કરજ અને વસિય્યત ન હોય તો કફન-દફન પછી બચેલો કુલ માલ વારસદારોમાં વહેંચી દેવામાં આવશે.

મસ્અલો :

વારસદારોના હકમાં વસિય્યત કરવી બાતિલ છે, જો કોઈએ પોતાના

છોકરા, છોકરી, પતિ અથવા પત્ની માટે અથવા કોઈ એવા વ્યક્તિ માટે વસિય્યત કરી કે, જેને વારસામાંથી ભાગ મળવાનો છે તો એવી વસિય્યતનો કોઈ એઅ્તેબાર કે આધાર નથી. વારસદારોને ફક્ત વારસાનો હક મળશે, તેનાથી વધારેના તે હકદાર નથી. રસૂલુલ્લાહ ﷺએ હજ્જતુલ વદાઅ્ના ખુત્બામાં ઈરશાદ ફરમાવ્યું,

اِنَّ اللّٰهَ قَدْ اَعْطٰى كُلَّ ذِىْ حَقٍّ حَقَّهٗ فَلَا وَصِيَّةَ لِوَارِثٍ، (مشکوٰۃ بحوالہ ابوداؤد، ص ۲۶۵)

"અલ્લાહ તઆલાએ દરેક હકદારને તેનો હક આપી દીધો છે, બસ કોઈ વારસદારના હકમાં કોઈ વસિય્યત ભરોસાપાત્ર નથી."

હા ! જો અન્ય વારસદારો પરવાનગી આપે તો જે વારસદાર માટે વસિય્યત કરવામાં આવી છે તેના હકમાં વસિય્યત લાગુ કરીને બાકીના માલની શરઈ પદ્ધતિથી વહેંચણી થશે, જેમાં આ વારસદારને પણ પોતાના ભાગનો વારસો મળશે. અમુક હદીષની રિવાયતોમાં اِلَّا اَنْ يَّشَآءَ الْوَرَثَةُ (જ્યાં સુધી વારસદારો ન ઈચ્છે)નો અપવાદ પણ ઉપસ્થિત છે. (كَمَا ذَكَرَ صَاحِبُ الْهِدَايَةِ)

غَيْرَ مُضَآرٍّ (ગય્ર મુદાર્રિન-"નુકસાન ન પહોંચાડવું")ની તફસીર :

"કલાલહ"ના વારસાના અંતે એ બતાવ્યું કે, આ વારસો વસિય્યત અને કરજ પછી લાગુ થશે. શબ્દ غَيْرَ مُضَآرٍّ કહ્યો. આ શરત જો કે, ફક્ત આ જ સ્થળે ઉપસ્થિત છે, પરંતુ તેના પહેલાં જે અન્ય બે સ્થળે વસિય્યત અને કરજનું વર્ણન થયું છે, ત્યાં પણ ભરોસાપાત્ર અને યોગ્ય આ જ છે. એનો અર્થ એ છે કે, મરનાર માટે વસિય્યત અથવા કરજ દ્વારા વારસદારોને નુકસાન પહોંચાડવું જાઈઝ નથી. વસિય્યત કરવામાં અથવા પોતાના ઉપર જૂઠા બનાવટી કરજનો સ્વીકાર કરવામાં વારસદારોને વારસાથી વંચિત રાખવાનો ઈરાદો હોય તો આવા ઈરાદા ઉપર અમલ કરવાની સખત મનાઈ છે, આ ગુનાહે કબીરા (જઘન્ય અપરાધ) છે.

કરજ અથવા વસિય્યત દ્વારા નુકસાન પહોંચાડવાના ઘણા સંભવિત સ્વરૂપો હોઈ શકે છે. દાખલા તરીકે, કરજનો જૂઠો સ્વીકાર કરવો કે, કોઈ દોસ્ત વગેરેને અપાવવા માટે અથવા પોતાના ખાસ પ્રકારના માલ-મિલ્કતને જે તેની પોતાની વ્યક્તિગત મિલ્કત છે, એવું જાહેર કરી દે કે, આ મિલ્કત ફલાણા વ્યક્તિની અમાનત છે, જેથી તેમાંથી વારસદારોને વારસો નહીં મળે. અથવા તો

મરનાર એક તૃત્યાંશ માલથી વધારેની વસિય્યત કરે અથવા કોઈ વ્યક્તિ પાસેથી પોતાની લેણી રકમ નીકળતી હોય અને હજુ તેણે પરત ન આપી હોય પરંતુ જૂઠું બોલીને એવું કહી દે કે, તેનું કરજ મને મળી ચૂક્યું છે, જેથી આ લેણી રકમમાંથી વારસદારોને કંઈ મળી ન શકે અથવા મૌતની બીમારીમાં (મરણ પથારીએ) એક તૃત્યાંશથી વધારે માલ લોકોને ભેટ–સોગાતોમાં આપી દે વગેરે.

આ સ્વરૂપો વારસદારોને નુકસાન પહોંચાડવાના સ્વરૂપોમાં સામેલ છે. દરેક વ્યક્તિ જે દુનિયાથી કૂચ કરી રહ્યો છે, તેણે જીવનની અંતિમ ક્ષણોમાં આ પ્રમાણે વારસદારોને નુકસાન ન પહોંચાડવાની કાળજી રાખવી જોઈએ.

નક્કી કરેલા ભાગ પ્રમાણે વહેંચણી કરવાની તાકીદ :

વારસાના ભાગનું વર્ણન કર્યા પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, وَصِيَّةً مِّنَ اللّٰهِ એટલે કે, જે કંઈ પણ ભાગ નક્કી કરવામાં આવ્યો, તથા કરજ અને વસિય્યત વિશે જે કંઈ પણ તાકીદ કરવામાં આવી, તે બધા ઉપર અમલ કરવો અત્યંત જરૂરી છે. આ અલ્લાહ તઆલા તરફથી એક મહાન વસિય્યત તથા ઉચ્ચ કક્ષાનો હુકમ છે, તેનાથી વિરૂદ્ધ કૃત્ય ન કરવું જોઈએ. આ બાબતે વધારે તાકીદ કરવા માટે ફરમાવવામાં આવ્યું, وَاللّٰهُ عَلِيْمٌ حَلِيْمٌ એટલે કે, અલ્લાહ તઆલા બધું જ જાણે છે અને તેના જ્ઞાનમાં દરેકની પરિસ્થિતિ હોવાથી તે પ્રમાણે હિસ્સા નક્કી કર્યા છે, જે કોઈ પણ વ્યક્તિ આ હુકમો ઉપર અમલ કરશે તે અલ્લાહ તઆલાની જાણ બહાર નથી અને તેનો સારો બદલો તેને જરૂર મળશે અને જે આ હુકમો વિરૂદ્ધ અમલ કરશે, તેની દુષ્ટતા પણ અલ્લાહના જ્ઞાનમાં જ છે અને તેના પરિણામે તેને અલ્લાહના ત્યાં હિસાબ આપવાનું ભારે પડશે.

વળી, જો કોઈ મરનાર વ્યક્તિ કરજ અથવા વસિય્યત દ્વારા વારસદારોને નુકસાન પહોંચાડશે તો અલ્લાહ તઆલા તે પણ જાણે છે અને તેનો હિસાબ આપવાનો વ્યક્તિએ ડર રાખવો જોઈએ. હા ! એવું થઈ શકે છે કે, અલ્લાહ તઆલાના હુકમનો અનાદર કરવાથી કદાચ આ દુનિયામાં તેને સજા ન પણ મળે, કારણ કે, અલ્લાહ તઆલા સહનશીલ પણ છે, અલ્લાહ તઆલાના હુકમની અવજ્ઞા અને અનાદર કરનાર એવા ભ્રમમાં ન રાચે કે, જે કંઈ પણ ઈચ્છયું કર્યું, છતાં અમે બચી ગયા !

———————

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૩-૧૪)

تِلْكَ حُدُوْدُ اللّٰهِ ۭ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ۭ وَذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۱۳﴾ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَ
يَتَعَدَّ حُدُوْدَهٗ يُدْخِلْهُ نَارًا خَالِدًا فِيْهَا ۠ وَلَهٗ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۴﴾ ع

તરજુમો :

આ અલ્લાહની બાંધેલી હદો છે અને જે કોઈ અલ્લાહના હુકમ ઉપર ચાલે અને રસૂલના, તેને (એવી) જન્નતોમાં દાખલ કરશે જેની નીચે નહેરો વહે છે, તેમાં હંમેશા રહેશે અને આ જ મોટી મુરાદ (સફળતા) પ્રાપ્ત કરવી છે. (૧૩) અને જે કોઈ નાફરમાની કરે અલ્લાહની અને તેના રસૂલની અને તેની હદો (મર્યાદાઓ)થી નીકળી જાય (તો) તેને આગમાં નાંખશે, તેમાં હંમેશા રહેશે, અને તેમના માટે અપમાનિત કરનાર અઝાબ છે. (૧૪)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

વારસાના પ્રસ્તુત હુક્મો વર્ણન કર્યા પછી આ બે આયતોના આ હુકમોને માનનારા અને તેના ઉપર અમલ કરનારા લોકોની મહાન સફળતા તથા નાફરમાની કરનાર લોકોના ખરાબ પરિણામનું વર્ણન છે, તેનાથી આ હુકમની અગત્યતા સ્પષ્ટ કરવાનો હેતુ રહ્યો છે.

તફસીર :

આ બધા પ્રસ્તુત હુકમો (વારસા અને તેના હુકમો તથા યતીમોના માલ વિશેના હુકમો) અલ્લાહની મર્યાદાઓ છે અને જે વ્યક્તિ અલ્લાહ અને રસૂલ (ﷺ)ની સંપૂર્ણ ઈતાઅત કરશે (એટલે કે આ મર્યાદાઓનું પાલન કરશે) અલ્લાહ તઆલા તેને એવી જન્નતમાં દાખલ કરશે જેના (મહેલો) નીચે નહેરો વહેતી હશે, (તેઓ) હંમેશા-હંમેશા તેમાં રહેશે અને આ મહાન સફળતા છે; અને જે વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલ (ﷺ)ના હુકમની અવજ્ઞા કરશે અને મર્યાદાઓનો ભંગ કરશે (એટલે કે મર્યાદાઓ અને અલ્લાહની હદોને જરૂરી ન સમજશે તો આ પરિસ્થિતિ કુફ્રની છે, એટલા માટે) તેને (દોઝખની) આગમાં

દાખલ કરશે, (એવી રીતે કે) તેમાં હંમેશા-હંમેશા રહેશે અને તેમને એવી સજા થશે કે જેમાં અપમાન પણ છે.

મસ્અલા અને બોધપાઠ :

કુર્આને કરીમની શૈલી એવી છે કે, હુકમો અને માન્યતાઓ વર્ણન કર્યા પછી તેના ઉપસંહાર સ્વરૂપે તે હુકમ ઉપર અમલ કરવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવે છે તથા તે હુકમોની શ્રેષ્ઠતાનું વર્ણન કરવામાં આવે છે અને ન માનનારાઓ માટે સખત ચેતવણી અને શિક્ષાનો ઉલ્લેખ કરીને તેમની ટીકા અને નિંદા કરવામાં આવે છે.

અહીંયાં પણ હુકમોનું વર્ણન હતું એટલા માટે છેવટની આ બે આયતોમાં આજ્ઞાનું પાલન કરનારા તથા આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર અવજ્ઞાકારીઓના પરિણામોનું વર્ણન કરવામાં આવ્યું છે.

વારસાના હુકમોની પૂર્ણતા :

મુસલમાનનો વારસ કાફિર નથી બની શકતો :

જો કે વારસા-વહેંચણી સગપણની અગ્રિમતા ઉપર આધાર રાખે છે, પરંતુ તેમાં પણ અમુક વસ્તુઓ અપવાદ સ્વરૂપ છે. દાખલા તરીકે, વારસદાર અથવા મરનાર બે પરસ્પર જુદા-જુદા ધર્મના અનુયાયી ન હોવા જોઈએ. એટલા માટે મુસલમાન કોઈ કાફિરનો અને કાફિર કોઈ મુસલમાનનો વારસદાર નથી બની શકતો. ભલે પરસ્પર ગમે તેટલું નજીકનું સગપણ હોય ! રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

لَا يَرِثُ الْمُسْلِمُ الْكَافِرَ وَلَا الْكَافِرُ الْمُسْلِمَ، (مشکوٰة ص ۲٦۳)

"મુસલમાન કાફિરનો અને કાફિર મુસલમાનનો વારસદાર નથી બની શકતો."

(મિશ્કાત શરીફ, પેજ : ૨૬૩)

આ હુકમ એવા સ્વરૂપ બાબતે છે જ્યારે કે, જન્મ પછી કોઈ વ્યક્તિ મુસલમાન અથવા કાફિર થયો હોય, પરંતુ જો કોઈ વ્યક્તિ પ્રથમથી જ મુસલમાન હતો પછી નઊઝુબિલ્લાહ ઈસ્લામથી ફરી ગયો અને મુર્તદ બની ગયો અને જો આવો વ્યક્તિ મૃત્યુ પામે અથવા તેની હત્યા થાય, તો તેનો માલ જે

ઈસ્લામના અનુયાયી હોવાની પરિસ્થિતિમાં અર્જિત કરવામાં આવ્યો હતો, તેમાંથી મુસલમાન વારસદારોને મળશે અને જે માલ મુર્તદ હોવાની હાલતમાં કમાયો છે તે "બયતુલ માલ" (ઈસ્લામી શાસનની સરકારી તિજોરી)માં જમા કરાવી દેવામાં આવશે.

પરંતુ જો સ્ત્રી મુર્તદ થઈ ગઈ તો તેનો સંપૂર્ણ માલ ભલે તે તેના ઈસ્લામ ઉપર હોવાની હાલતમાં કમાયો હોય અથવા તો મુર્તદ હોવાની હાલતમાં કમાયો હોય, તે તેના મુસલમાન વારસદારોને મળશે, પરંતુ વારસદાર પોતે મુર્તદ પુરૂષ અથવા સ્ત્રી હોય તો તેમાંથી તેમને ન તો કોઈ મુસલમાનનો વારસો મળશે, ન જ કોઈ મુર્તદથી વારસો મળશે.

હત્યારાનો વારસો :

જો કોઈ વ્યક્તિ એવા કોઈ વ્યક્તિની હત્યા કરી નાંખે જેના માલમાંથી તેને વારસો મળવાનો હતો, તો આ હત્યારો તે વ્યક્તિના વારસામાંથી વંચિત રહેશે. રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે,

اَلْقَاتِلُ لَا يَرِثُ (مشکوٰة، ص ٢٦٣)

"હત્યારો વારસદાર નથી." (મિશ્કાત, પેજ : ૨૬૩)

અલબત્ત, ભૂલથી હત્યા થવાના અમુક સ્વરૂપો આ મસ્અલામાં અપવાદ સ્વરૂપ છે. (આ મસ્અલાની વિગતો ફિક્હની કિતાબોમાં જોઈ લેવી.)

માતાના ગર્ભમાં જે બાળક છે તેનો વારસો :

જો કોઈ વ્યક્તિએ પોતાની અમુક અવલાદને છોડી અને પત્નીના ગર્ભમાં પણ બાળક છે તો આ બાળક પણ વારસદારોની યાદીમાં આવશે, પરંતુ એ જાણવું મુશ્કેલ કામ છે કે, જે પેટમાં બાળક છે તે છોકરો છે અથવા છોકરી, અથવા એક છે કે તેથી વધારે છે, એટલા માટે વારસાની વહેંચણી ત્યાં સુધી મુલતવી રાખવી યોગ્ય છે અને જો વહેંચણી કરવી જરૂરી જ હોય તો એક છોકરો અથવા છોકરી અનુમાન લગાવીને બંને પ્રમાણે બે સ્વરૂપો કલ્પવામાં આવે અને બંને સ્વરૂપોમાંથી જે સ્વરૂપમાં વારસદારોને ઓછું મળતું હોય તે તેમનામાં વહેંચણી કરવામાં આવે અને બાકીનું ગર્ભમાં રહેલ બાળક માટે અમાનત રાખવામાં આવે.

مُطَلَّقَہ (જે સ્ત્રીને તલાકે રજઈ આપવામાં આવી છે તે)નો વારસોઃ

જે વ્યક્તિએ પોતાની પત્નીને તલાક આપી દીધી અને તે તલાક રજઈ તલાક છે, પછી તલાકથી રુજૂઅ્ (લગ્ન સંબંધો યથાવત્) કરતાં પહેલાં અથવા ઈદ્દત પૂરી થતા પહેલાં પતિનું મૃત્યુ થયું, તો આ સ્ત્રીને વારસામાં હક મળશે. કારણ કે, તેના નિકાહ હજુ બાકી છે.

જો કોઈ વ્યક્તિ મરણ પથારી (મર્ઝુલ મૌત) ઉપર પત્નીને તલાક આપે છે, ભલે તે "તલાકે બાઈન" અથવા "તલાકે મુગલ્લજા" હોય અને પત્નીની ઈદ્દત પૂરી થતાં પહેલાં પતિ મૃત્યુ પામ્યો, તો પણ તે સ્ત્રી તેના માલમાં વારસદાર થશે અને સ્ત્રીને વારસદાર બનાવવાના કારણોમાંથી એટલે કે, બે ઈદ્દતોમાંથી જે સૌથી લાંબી હોય, તેને અપનાવવામાં આવશે જેનો ટૂંકમાં ખુલાસો આ પ્રમાણે છે.

તલાકની ઈદ્દત ત્રણ "માસિક ધર્મ" (હૈઝ) છે અને મૃત્યુની ઈદ્દત ચાર મહિના દસ દિવસ છે. આ ઈદ્દતમાં જે લાંબી હોય તેને ઈદ્દત ઠરાવવામાં આવશે, જેથી, જ્યાં સુધી શક્ય હોય સ્ત્રીને વારસો મળી શકે.

અને જો કોઈ વ્યક્તિએ મરણ પથારીની પરિસ્થિતિ પહેલાં તલાકે બાઈન અથવા તલાકે મુગલ્લજા આપી દીધી અને અમુક દિવસો પછી સ્ત્રીની ઈદ્દત પૂરી થતાં પહેલાં જ મૃત્યુ પામ્યો તો આ સ્વરૂપમાં તેને વારસામાં હક મળશે નહીં. અલબત્ત, જો તલાકે રજઈ આપી છે તો તેની પત્ની વારસદાર થશે.

મસ્અલો :

જો કોઈ સ્ત્રીએ પતિની મરણ પથારીવાળી બીમારીમાં પોતે જ ખુલઅ્ (ઈસ્લામી ન્યાયાલયના માધ્યમથી પતિથી લગ્નસંબંધ વિચ્છેદ) કરી લીધો, તો તેને વારસો નહીં મળે. ભલે, આ પતિ તેની ઈદ્દતમાં જ મૃત્યુ પામ્યો હોય.

عَصَبَاتْ "અસ્બાત"નો વારસો :

ફરાઈઝ (વારસા-વહેંચણી)ના નક્કી હિસ્સા ૧૨ પ્રકારના વારસદારો માટે નક્કી થયેલા છે અને તે વારસદારોને "અસ્હાબુલ ફુરૂઝ" કહેવામાં આવે છે, જેની વિગત મહદ્અંશે ઉપર વર્ણન થઈ ચૂકી છે. જો કોઈ અસ્હાબુલ ફુરૂઝમાંથી ન હોય અથવા અસ્હાબુલ ફુરૂઝના હિસ્સા વહેંચી દીધા પછી પણ અમુક માલ

વધી જાય તો તે عَصَبَہ "અસ્બહ"ને આપી દેવામાં આવશે અને અમુક સમયે એક જ વ્યક્તિને બંને સ્વરૂપોથી માલ મળી જાય છે. અમુક સ્વરૂપોમાં મય્યતની ઔલાદ અને મય્યતના પિતા પણ "અસ્બહ" થઈ જાય છે. દાદાની ઔલાદ, એટલે કે કાકા અને બાપની ઔલાદ પણ એટલે કે ભાઈ પણ "અસ્બહ" થઈ જાય છે.

"અસ્બાત" عَصَبَات ના કેટલાય પ્રકારો છે, જેની વિગતો ફરાઈઝની કિતાબો (વારસા-વહેંચણીના શરઈ કાનૂનોની કિતાબો)માં ઉપસ્થિત છે. અત્રે એક ઉદાહરણ આપવામાં આવે છે, દાખલા તરીકે ઝૈદ મૃત્યુ પામ્યો અને તેણે પોતાની પાછળ ચાર વારસદારો છોડ્યા; પત્ની, છોકરી, માં અને કાકા; તો તેના માલના કુલ ૨૪ (ચોવીસ) ભાગ કરવામાં આવશે, જેમાંથી અડધા એટલે કે ૧૨ (બાર) ભાગ છોકરીને, એક અષ્ઠમાંશના હિસાબથી ત્રણ ભાગ પત્નીને, એક છષ્ઠમાંશના હિસાબથી ચાર ભાગ માં ને અને બાકીના પાંચ ભાગ જે વધ્યા તે "અસ્બહ"ના સ્વરૂપે કાકાને મળશે.

મસ્અલો :

"અસ્બાત" عَصَبَاتُ જો ન હોય તો અસ્હાબે ફરાઈઝનો જે માલ વધે તેને હિસ્સા પ્રમાણે તેમને જ આપી દેવામાં આવશે અને તેને "ફરાઈઝ"ની વ્યાખ્યામાં "રદ" કહેવામાં આવે છે. અલબત્ત, પતિ અને પત્ની ઉપર "રદ" લાગુ નહિ પડે; કોઈપણ પરિસ્થિતિમાં તેમને નક્કી ભાગ કરતા વધારે આપવામાં નહિ આવે.

મસ્અલો :

જો "અસ્હાબે ફરાઈઝ"માંથી કોઈ ન હોય અને "અસ્બાત"માં પણ કોઈ ન હોય તો ذَوِی الْاَرْحَام (ઝવિલ્ અરહામિ)ને વારસો પહોંચી જશે. "ઝુલ્ અરહામ"ની યાદી લાંબી છે, જેમકે નવાસા, નવાસીઓ, બહેનની ઔલાદ, ફોઈ, મામા, માસી આ બધા લોકો "ઝુલ અરહામ"ની યાદીમાં આવે છે અને આ મસ્અલાની વિગતો લાંબી છે, જેનો અત્રે મૌકો નથી. અત્રે આટલા વર્ણનને પૂરતું સમજવામાં આવે છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૫-૧૬)

وَالّٰتِىْ يَاْتِيْنَ الْفَاحِشَةَ مِنْ نِّسَآئِكُمْ فَاسْتَشْهِدُوْا عَلَيْهِنَّ اَرْبَعَةً مِّنْكُمْ ۚ فَاِنْ
شَهِدُوْا فَاَمْسِكُوْهُنَّ فِى الْبُيُوْتِ حَتّٰى يَتَوَفّٰهُنَّ الْمَوْتُ اَوْ يَجْعَلَ اللّٰهُ لَهُنَّ
سَبِيْلًا ﴿١٥﴾ وَالَّذٰنِ يَاْتِيٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا ۚ فَاِنْ تَابَا وَاَصْلَحَا فَاَعْرِضُوْا عَنْهُمَا ؕ
اِنَّ اللّٰهَ كَانَ تَوَّابًا رَّحِيْمًا ﴿١٦﴾

તરજુમો :

અને જો કોઈ તમારી ઔરતોમાંથી બદ્કારી (વ્યભિચાર) કરે તો તેના ઉપર ગવાહ લાવો ચાર પુરુષો પોતાનાઓમાંથી; પછી જો તે ગવાહી આપે તો તે સ્ત્રીઓને ઘરોમાં બંધ રાખો, એટલે સુધી કે મૌત તેમને ઉઠાવી લે અથવા અલ્લાહ તેમના માટે કોઈ "સબીલ" (રસ્તો) નક્કી કરી આપે. (૧૫) અને જો બે પુરુષો તમારામાંથી તે જ બદ્કારી (સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય) કરે તો તેમને શિક્ષા આપો, પછી જો તેઓ બંને તવબહ કરે અને પોતાની સુધારણા કરી લે તો તેમનો વિચાર (પીછો) છોડી દો; બેશક ! અલ્લાહ તવબહ સ્વીકાર કરનારો ઘણો જ મહેરબાન છે. (૧૬)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં તે અસંતુલિત બાબતો અને કુરિવાજોની સુધારણા કરવામાં આવી છે, જે અજ્ઞાનતાના યુગમાં યતીમોના અધિકારોમાં વારસા સંબંધિત આચરવામાં આવતા હતા. આ લોકો સ્ત્રીઓ ઉપર પણ અત્યાચાર કરતા હતા અને તેમની બાબતમાં અત્યંત નિંદનીય રસમો-રિવાજમાં સપડાયેલા હતા, જે સ્ત્રીઓ સાથે નિકાહ જાઈઝ ન હોય, તેમની સાથે પણ નિકાહ કરી લેતા હતા.

આગળની આયતોમાં આ બાબતોની સુધારણા કરવામાં આવી છે અને જો કોઈ સ્ત્રીથી કોઈ એવી ભૂલ થઈ જાય જે શરીઅતની રૂએ ભૂલ છે, તો તેને શિક્ષા કરવાની પરવાનગી આપવામાં આવી છે અને સુધારણા તથા શિક્ષાનો આ વિષય આગળના બે-ત્રણ રુકૂઅ્ સુધી ચાલે છે.

તફસીર :

અને જે સ્ત્રીઓ બેહયાઈ (નિર્લજ્જતા)ના કામો (એટલે કે વ્યભિચાર) કરે તમારી (નિકાહમાં હોય એવી) સ્ત્રીઓમાંથી તો તમે લોકો તે સ્ત્રીઓ(ના આવા કૃત્ય) ઉપર ચાર પુરુષો પોતાનામાંથી (એટલે કે મુસલમાન, સ્વતંત્ર, આકિલ, પુખ્ત વયના) ગવાહ કરી લો (જેથી તેમની ગવાહી ઉપર અધિકારીઓ તેમના ઉપર શિક્ષા લાગુ કરે) બસ, જો તેઓ ગવાહી આપી દે તો (તેમની સજા એ છે કે) તમે તેમને (ઈસ્લામી કોર્ટના ન્યાયાધીશના હુકમથી) ઘરોની અંદર કેદ કરી દો, એટલે સુધી કે (યા તો) મોત તેમને ઉઠાવી લે અથવા અલ્લાહ તઆલા તેમના માટે કોઈ અન્ય રસ્તો (એટલે કે બીજો હુકમ) નક્કી કરે. (પાછળથી જે બીજો હુકમ આ બાબતે નક્કી કરવામાં આવ્યો છે, તેનું વર્ણન ''મસ્અલા અને બોધપાઠ''ના વિભાગમાં આવી રહ્યું છે) અને (વ્યભિચારની શિક્ષા કોઈ નિકાહવાળી સ્ત્રી માટે જ ખાસ નથી બલકે,) તમારામાંથી જે બે પુરુષો પણ આવું સૃષ્ટિ વિરૂદ્ધનું (એટલે કે વ્યભિચારનું નિર્લજ્જ Homosexual) કૃત્ય કરે તો તમારામાંથી (એટલે પુખ્ત વયના આકિલ, મુસલમાન) તે બંનેને પીડા આપે પછી (પીડા આપ્યા પછી) જો તે બંને (પોતાના આવા નિર્લજ્જ કૃત્યોથી) તવબહ કરી લે અને (હવે પછી પોતાની) સુધારણા કરી લે (એટલે કે તેઓ હવે પછી આવું બેહયાઈનું કૃત્ય ન કરે) તો તે બંનેને જતા કરો (કારણ કે,) નિઃશંક ! અલ્લાહ તઆલા તવબહ કબૂલ કરનારો (અને) રહમતવાળો છે (એટલા માટે પોતાની રહમતથી અલ્લાહ તઆલાએ તેમની ભૂલો મા'ફ કરી દીધી પછી તમારે પણ તેમને પીડા આપવાનું બંધ કરવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં એવા પુરુષો અને સ્ત્રીઓ વિશે શિક્ષા નક્કી કરવામાં આવી છે, જેમનાથી નિર્લજ્જતાના એટલે કે, વ્યભિચારના કૃત્યો થયાનું સાબિત થઈ જાય. પ્રથમ આયતમાં ફરમાવ્યું કે, જે સ્ત્રીઓથી આવું નિર્લજ્જ કૃત્ય થઈ જાય તો તેની સાબિતી માટે ચાર પુરુષ ગવાહો નક્કી કરવામાં આવે. એટલે કે, જો ઈસ્લામી શરીઅતના શાસન હેઠળના ન્યાયાલયમાં આ મા'મલો રજૂ કરવામાં આવે તો વ્યભિચારની સાબિતી માટે ચાર પુરુષો બોલાવવામાં આવે, જે સાક્ષી

આપવાની કાબેલિયત ધરાવતા હોય અને પુરુષોની જ ગવાહી જરૂરી છે. આ સંબંધે સ્ત્રીઓની ગવાહી ભરોસાપાત્ર નથી.

વ્યભિચારના ગવાહોમાં શરીઅતમાં બે પ્રકારે કડકાઈ વર્તી છે, કારણ કે આ બાબત ઘણી જ મહત્ત્વની છે, જેનાથી ઇજ્જત અને ઇફ્ફત (પવિત્ર ચારિત્ર) ઘવાય છે અને પરિવારોમાં આક્ષેપો અને કલંકનો મસ્અલો સામે આવે છે. પ્રથમ તો આ શરત લગાવી કે, પુરુષ જ ગવાહ હોય. સ્ત્રીઓની ગવાહીનો કોઈ ભરોસો કરવામાં નહીં આવે. બીજું, ચાર પુરુષો હોવા જરૂરી ઠરાવવામાં આવ્યું. દેખીતું છે કે, એ શરત ઘણી કડક છે જે કોઈ-કોઈ વખતે જ શક્ય બની શકે છે. આ કડકાઈ એટલા માટે અપનાવવામાં આવી કે, પત્નીના પોતાના પતિ અથવા તેની માં, બહેન કોઈ વ્યક્તિગત મનદુઃખના કારણે વાહિયાત જૂઠા આક્ષેપ ન લગાવે અથવા અન્ય બુરું ઇચ્છનાર ઈર્ષ્યાળુઓ પોતાની દુશ્મનીના કારણે આવા આક્ષેપ અને તોહમત લગાવવાની હિંમત ન કરી શકે. કારણ કે, જો ચાર વ્યક્તિઓથી ઓછા લોકો વ્યભિચારની ગવાહી આપે તો તેમની ગવાહી વિશ્વસનીય નથી. આવા સ્વરૂપમાં દા'વેદાર અને ગવાહ બધા જૂઠા ઠરાવવામાં આવશે અને એક મુસલમાન પર ઇલ્જામ (આક્ષેપ) લગાવવાના કારણે તેમના ઉપર "હદ્દે કઝફ" લાગુ કરવામાં આવશે. સૂરએ નૂરમાં સ્પષ્ટ રીતે ફરમાવવામાં આવ્યું છે,

وَلَوْلَا جَآؤُا عَلَيْهِ بِاَرْبَعَةِ شُهَدَآءَ فَاِنْ لَّمْ يَاْتُوْا بِالشُّهَدَآءِ فَاُولٰٓئِكَ عِنْدَ اللّٰهِ هُمُ الْكٰذِبُوْنَ

"જે લોકો ચાર ગવાહો ન લાવી શકે, તેઓ જૂઠા છે."

અમુક વિદ્વાનોએ ચાર ગવાહોની આવશ્યકતાની હિકમતના વર્ણનમાં ફરમાવ્યું છે કે, આ મા'મલામાં બે વ્યક્તિઓની સંડોવણી હોય છે, પુરુષ અને સ્ત્રી; એટલા માટે એક જ ઘટના જેમકે બે ઘટનાઓના હુકમમાં છે અને દરેક મા'મલામાં બે ગવાહો હોવા જરૂરી છે. એટલા માટે અહીંયાં ચાર ગવાહો હોવા જરૂરી છે.

આયતના અંતે ફરમાવ્યું કે, જો તે બંને તવબહ કરી લે અને પોતાની સુધારણા કરી લે તો તેમને તંગ ન કરો, તેનો મતલબ એ છે કે, શિક્ષા આપ્યા પછી જો તેઓએ તવબહ કરી લીધી તો પછી તેમની નિંદા ન કરો અને વધારે શિક્ષા ન આપો. એ મતલબ નથી કે, તવબહ કરવાથી સજા મા'ફ થઈ ગઈ. એટલા માટે

કે, આ તવબહનો સજા પછી ઉલ્લેખ થયો છે, જેમકે فَـ (ફાઅ્)માં ઉપયોગથી દેખીતું છે. હા ! જો તવબહ ન કરી હોય તો શિક્ષા પછી પણ પીડા આપી શકાય છે.

કુર્આને કરીમની આ બે આયતોમાં વ્યભિચાર માટે કોઈ નક્કી શિક્ષાનું વર્ણન કરવામાં આવ્યું નથી. બલકે, ફક્ત એટલું જ કહેવામાં આવ્યું છે કે, "તેમને પીડા આપો અને વ્યભિચાર કરનાર સ્ત્રીઓને ઘરોમાં બંધ કરી દો."

પીડા આપવાની પણ કોઈ ખાસ પદ્ધતિ બતાવવામાં નથી આવી અને ન્યાયાલયની મુનસફી પર તેને છોડી દેવામાં આવ્યું. ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "અહીંયાં પીડા આપવાનો અર્થ એ છે કે, તેમની મૌખિક ટીકા કરી વખોડવામાં આવે અને તેમને શરમ અપાવવામાં આવે તથા હાથથી પણ જોડા (બૂટ-ચપ્પલ) વગેરે દ્વારા તેમની ધોલાઈ કરવામાં આવે." હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નું આ નિવેદન પણ એક ઉદાહરણ સ્વરૂપે હોય એમ લાગે છે. મૂળભૂત બાબત એ જ છે કે, આ મા'મલાને ન્યાયાલયની મુનસફી ઉપર જ છોડી દેવામાં આવ્યો છે.

નાઝિલ થવાના ક્રમમાં કુર્આને કરીમની આ બે આયતોની ગોઠવણી એવી છે કે, શરૂઆતમાં તો તેમને પીડા આપવાનો હુકમ નાઝિલ થયો અને ત્યાર બાદ ખાસ પદ્ધતિથી સ્ત્રીઓ માટે એવો હુકમ વર્ણન કરવામાં આવ્યો કે, તેમને ઘરોમાં બંધ રાખવામાં આવે, ત્યાં સુધી કે, તે સ્ત્રીઓ મૃત્યુ પામે અથવા તેમની જિંદગીમાં જ કોઈ અન્ય હુકમ અલ્લાહ તરફથી આવી જાય, જેને શિક્ષા સ્વરૂપે લાગુ કરવામાં આવે.

એટલા માટે પાછળથી તે "સબીલ" سَبِيْـــل વર્ણન કરવામાં આવી જેનો અલ્લાહ જલ્લ શા'નુહૂએ આ આયતમાં વાયદો કર્યો હતો. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) સબીલની તફસીરમાં ફરમાવે છે, يَعْنِى الرَّجْمَ لِلثَّيِّبِ وَالْجَلْدَ لِلْبِكْرِ કે "શાદીશુદા માટે વ્યભિચારની શિક્ષા તેને સંગસાર કરી દેવું છે અને બિન શાદીશુદા માટે શિક્ષા સ્વરૂપે કોરડા મારવા." *(બુખારી, કિતાબુત્તફસીર, પેજ:૬૫૭)*

પ્રખ્યાત હદીષોમાં પણ આ "સબીલ"નું વર્ણન રસૂલે કરીમ ﷺએ સ્પષ્ટતા સાથે કર્યું છે અને શાદીશુદા (પરણિત) તથા બિનશાદીશુદા (અપરણિત)

દરેકના માટે અલગ-અલગ હુકમ વર્ણન કર્યા છે. રસૂલે કરીમ ﷺએ હઝરત માઈઝ બિન માલિક (રદિ.) અને કબીલએ ઈજૂદની એક સ્ત્રી ઉપર વ્યભિચારની શિક્ષા લાગુ કરી હતી. આ બંને શાદીશુદા હતા એટલા માટે તેમને "સંગસાર" (પથ્થર મારી મૃત્યુ નિપજાવવાની એક ખાસ શરઈ પદ્ધતિ) કરી દીધા હતા. વળી એક યહૂદીને પણ વ્યભિચારના કારણે "રજમ" કરવામાં આવ્યો હતો અને તેના હકમાં આ ફેંસલો તવરાતના હુકમ પ્રમાણે કરવામાં આવ્યો હતો.

બિનશાદીશુદા (અપરણિતો) માટે પોતે કુર્આને કરીમે સૂરએ નૂરમાં આ શિક્ષા નક્કી કરી છે.

الزَّانِيَةُ وَالزَّانِىْ فَاجْلِدُوْا كُلَّ وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ

"વ્યભિચાર કરનારી સ્ત્રીઓ અને વ્યભિચારી પુરૂષોમાંથી દરેકને એકસો (૧૦૦) કોરડા મારો." *(૨૪ : ૨)*

શરૂઆતમાં "રજમ"ના આ હુકમ માટે કુર્આને કરીમની આયત પણ નાઝિલ કરવામાં આવી હતી, પરંતુ પાછળથી તેની તિલાવત મન્સૂખ કરી દેવામાં આવી. અલબત્ત હુકમ બાકી રાખવામાં આવ્યો.

હઝરત ઉમર (રદિ.)નો ઈરશાદ છે,

اِنَّ اللّٰـهَ بَعَـثَ مُـحَمَّدًا بِالْحَقِّ وَاَنْزَلَ عَلَيْهِ الْكِتٰبَ فَكَانَ مِمَّا اَنْزَلَ اللّٰهُ تَعَالٰى اٰيَةَ الـرَّجْـمِ رَجَـمَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَرَجَمْنَا بَعْدَهٗ وَالرَّجْمُ فِىْ كِتَابِ اللّٰهِ حَقٌّ عَلٰى مَنْ زَنٰى اِذَا اَحْصَنَ مِنَ الرِّجَالِ وَالنِّسَآءِ.... (بخاری، مسلم، بحوالہ مشکوٰۃ ص ۳۰۹)

"અલ્લાહ તઆલાએ હઝરત મુહમ્મદ ﷺને સાચા નબી બનાવીને મોકલ્યા અને તેમના ઉપર કિતાબ પણ નાઝિલ કરી દીધી, જે કંઈ વહી અલ્લાહ તઆલાએ નાઝિલ કરી તેમાં રહમ (કૃપા)ની આયતો પણ હતી. રસૂલુલ્લાહ ﷺએ "રજમ" (પથ્થર મારી મારી નાંખવાની એક શરઈ રીત) કર્યો અને અમે પણ તેમના પછી "રજમ" કર્યો. રજમનો હુકમ તે વ્યક્તિ માટે સાબિત થયેલ છે જે વ્યભિચાર કરે અને તે શાદીશુદા હોય, ભલે પુરૂષ હોય અથવા સ્ત્રી." *(બુખારી, મુસ્લિમ બ હવાલએ મિશ્કાત, પેજ : ૩૦૯)*

ખુલાસો એ છે કે, આ આયતોમાં જે ઘરોમાં બંધ રાખવાનો અને પીડા આપવાનો હુકમ છે; તે શરીઅતની હદ (શિક્ષા)નો હુકમ નાઝિલ થયા પછી મન્સૂખ થઈ ગયો અને હવે વ્યભિચારની શિક્ષા સો (૧૦૦) કોરડા મારવા અથવા તો "રજમ" કરવો જરૂરી થઈ ગયો. વધારે વિગત ઈન્શાઅલ્લાહ ! સૂરએ નૂરની તફસીરમાં વર્ણન કરવામાં આવશે.

સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય (Homosexuality)ની સજા :

કાઝી ષનાઉલ્લાહ સાહેબ પાણીપતી (રહ.) તફસીરે મઝહરીમાં લખે છે કે, "મારા નજીક اَلَّذَانِ يَاْتِيَانِهَا તે લોકો માટે છે, જે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરે છે, એટલે કે બે પુરૂષો "ગે" કૃત્ય આચરે."

કાઝી સાહબ (રહ.) સિવાય બીજા લોકોએ પણ આ જ ભાવાર્થ લીધો છે. કુર્આન શરીફના શબ્દોમાં કારણ કે શબ્દ اَلَّذَانِ يَاْتِيَانِهَا એ مَوْصُولْ અને صِلَةْ પુરૂષવાચક સર્વનામો છે. એટલા માટે આ લોકોનો એ મત ખોટો નથી, જો કે, જે લોકોએ વ્યભિચારી પુરુષ અને વ્યભિચારી સ્ત્રીનો અર્થ લીધો છે તેમણે تَغْلِيْب તરીકે પુરૂષવાચક સર્વનામને વ્યભિચારી સ્ત્રી માટે પણ માન્ય રાખ્યું છે, જેથી સ્થળની યોગ્યતા પ્રમાણે "ગે" (લવાતત) કે Homosexuality હરામ હોવાની બાબત તથા તેની કઠોર શિક્ષાનું વર્ણન અત્રે અસ્થાને નહિ ગણાય.

હદીષો અને ઘટનાક્રમોથી જે કંઈ પણ સાબિત થાય છે, તેમાંથી અમુક નમૂના સ્વરૂપે અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે.

عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَعَنَ اللّٰهُ سَبْعَةً مِنْ خَلْقِهٖ مِنْ فَوْقِ سَبْعِ سَمٰوٰتِهٖ وَرَدَّدَ اللَّعْنَةَ عَلٰى وَاحِدٍ مِّنْهُمْ ثَلَاثًا وَلَعَنَ كُلَّ وَاحِدٍ مِنْهُمْ لَعْنَةً تَكْفِيْهِ، قَالَ.. مَلْعُوْنٌ مَنْ عَمِلَ عَمَلَ قَوْمِ لُوْطٍ، مَلْعُوْنٌ مَنْ عَمِلَ عَمَلَ قَوْمِ لُوْطٍ، مَلْعُوْنٌ مَنْ عَمِلَ عَمَلَ قَوْمِ لُوْطٍ، اَلْحَدِيْث. (اَلتَّرْغِيْبُ وَالتَّرْهِيْب)

"હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકમાંથી સાત પ્રકારના લોકો ઉપર સાત આસમાનો ઉપરથી લા'નત (ફિટકાર) મોકલી છે અને તે સાતમાંથી એક

ઉપર ત્રણ-ત્રણ વખતે લા'નત મોકલી છે અને બાકીનાઓ ઉપર એક(-એક) વખતે. ફરમાવ્યું, તે વ્યક્તિ લા'નતી છે જે કૌમે લૂતવાળો અમલ (ગે પ્રવૃત્તિ) કરતો હોય, તે વ્યક્તિ લા'નતી છે જે કૌમે લૂતવાળો અમલ કરતો હોય, તે વ્યક્તિ લા'નતી છે જે કૌમે લૂતવાળો અમલ કરતો હોય." (અત્તરગીબ વત્તરહીબ)

وَعَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ قَالَ اَرْبَعَةٌ یُصْبِحُوْنَ فِیْ غَضَبِ اللّٰهِ وَیُمْسُوْنَ فِیْ سَخَطِ اللّٰهِ قُلْتُ مَنْ هُمْ یَارَسُوْلَ اللّٰهِ قَالَ اَلْمُتَشَبِّهُوْنَ مِنَ الرِّجَالِ بِالنِّسَاءِ وَالْمُتَشَبِّهَاتُ مِنَ النِّسَاءِ بِالرِّجَالِ وَالَّذِیْ یَأْتِی الْبَهِیْمَةَ وَالَّذِیْ یَأْتِی الرِّجَالَ، (اَلتَّرْغِیْبُ وَالتَّرْهِیْب)

"હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ચાર વ્યક્તિ સવારના પહોરમાં અલ્લાહના ગુસ્સાનો ભોગ બને છે અને સાંજના સમયે પણ અલ્લાહ તઆલા તેમનાથી નારાજ હોય છે. મેં પૂછ્યું, તે કોણ લોકો છે ? તેમણે ફરમાવ્યું, તે પુરુષ જેઓ સ્ત્રીઓ જેવો શણગાર કરે છે અને તે સ્ત્રીઓ જેઓ પુરુષો જેવી બને (ઠને) છે અને તે પુરુષો જે પ્રાણીઓ સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરે છે અને તે પુરુષ જે પુરુષ સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય (ગે પ્રવૃત્તિ) કરે છે." (અત્તરગીબ વત્તરહીબ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ عَنْهُمَا قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ مَنْ وَجَدْ تُمُوْهُ یَعْمَلُ عَمَلَ قَوْمِ لُوْطٍ فَاقْتُلُوا الْفَاعِلَ وَالْمَفْعُوْلَ بِهٖ،(اَلتَّرْغِیْبُ وَالتَّرْهِیْب)

"હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, જેને તમે કૌમે લૂતની જેમ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરતા જુઓ તો બંને પુરુષો (ફાઈલ અને મફઊલ "ગે")ને મારી નાંખો." (અત્તરગીબ વત્તરહીબ)

હાફિઝ ઝકીઉદ્દીન (રહ.)એ "તરગીબ અને તરહીબ"માં લખ્યું છે કે, ચાર ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત અલી, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર અને હિશામ બિન અબ્દુલ મલિક (રદિ.)એ પોતાના શાસનકાળમાં સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય કરનારને આગમાં સળગાવી દીધા હતા.

આ સંદર્ભમાં તેમણે મુહમ્મદ બિન અલ મુન્કદિરની રિવાયતથી એક ઘટના પણ લખી છે કે, ખાલિદ બિન વલીદ (રદિ.)એ હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ને પત્ર લખ્યો કે, "અહીંયાં અરબના એક વિસ્તારમાં એક પુરુષ છે તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવે છે."

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ આ બાબતે સહાબા (રદિ.)ને ભેગા કર્યા અને તેમાં હઝરત અલી (રદિ.) પણ હાજર રહ્યા. હઝરત અલી (રદિ.)એ કહ્યું, "આ એક એવો ગુનોહ છે જેને એક કૌમ સિવાય કોઈએ નથી કર્યો અને અલ્લાહ જલ્લ શા'નુહુએ તે કૌમ સાથે એવો વર્તાવ કર્યો, જે આપણા બધાને જ ખબર છે. મારો અભિપ્રાય એ છે કે તેને આગમાં સળગાવી દેવો જોઈએ." બીજા સહાબા (રદિ.)એ પણ તેના ઉપર સહમતિ દર્શાવી અને હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ તેને આગમાં સળગાવી દેવાનો હુકમ કર્યો.

પ્રસ્તુત રિવાયતોમાં કૌમે લૂતના આ કૃત્યનો હવાલો વારંવાર આવે છે. હઝરત લૂત (અલૈ.)ને જે કૌમ તરફ મોકલવામાં આવ્યા હતા, તે કૌમના લોકો કુફ્ર-શિર્કના ગુનાહ ઉપરાંત આ અત્યંત નીચ અને નિર્લજ્જ એવા સૃષ્ટિ વિરૂદ્ધના કૃત્યો કરવાની ટેવ ધરાવતા હતા અને જ્યારે હઝરત લૂત (અલૈ.)ની દઅ્વત અને તબ્લીગનો તેમના ઉપર કોઈ અસર ન થયો, તો અલ્લાહ જલ્લ શા'નુહૂના હુકમથી ફરિશ્તાએ તે કૌમની વસ્તીઓને જમીનથી ઉઠાવી પછી ઊંધી કરીને જમીન ઉપર પટકી દીધી, જેનું વર્ણન સૂરએ અઅ્રાફમાં આવશે. ઈન્શાઅલ્લાહ !

ઉપરોક્ત રિવાયતો સૃષ્ટિ વિરૂદ્ધના કૃત્યો બાબતે હતી. રિવાયતોમાં સ્ત્રીઓ સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય (મળદ્વાર વાટે સંભોગ) કરવાની પણ સખત ચેતવણીઓ આવેલી છે.

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَنْظُرُ اللّٰهُ عَزَّوَجَلَّ اِلٰى رَجُلٍ اَتٰى رَجُلًا اَوِ امْرَئَةً فِيْ دُبُرِهَا. (اَلتَّرْغِيْبُ وَالتَّرْهِيْب)

"હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, અલ્લાહ જલ્લ શા'નુહુ તે પુરુષ તરફ કૃપા (રહમત)ની દૃષ્ટિથી નથી જોતો જે પુરુષ સ્ત્રી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરે (મળદ્વાર વાટે સંભોગ કરે)."

عَنْ خُزَيْمَةَ بْنِ ثَابِتٍ قَالَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اللّٰهَ لَا يَسْتَحْيِيْ مِنَ الْحَقِّ ثَلَاثَ مَرَّاتٍ لَا تَأْتُوا النِّسَاءَ فِيْ اَدْبَارِهِنَّ، (اَلتَّرْغِيْبُ وَالتَّرْهِيْب)

"ખુઝયમા બિન ષાબિત (રદિ.) ફરમાવે છે રસૂલુલ્લાહ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, અલ્લાહ જલ્લ શા'નુહુ વર્ણન કરવામાં શરમ નથી કરતો; રસૂલે કરીમ ﷺએ આ શબ્દો ત્રણ વખતે કહ્યા (પછી ફરમાવ્યું,) સ્ત્રીઓ પાસે સૃષ્ટિ વિરુદ્ધની પદ્ધતિએ (મળદ્વારના માર્ગે) ન જાઓ."

وَعَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَلْعُوْنٌ مَنْ اَتَى امْرَئَةً فِيْ دُبُرِهَا، (اَلتَّرْغِيْبُ وَالتَّرْهِيْب) وَعَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ اَتٰى حَائِضًا اَوِ امْرَئَةً فِيْ دُبُرِهَا اَوْ كَاهِنًا فَصَدَّ قَهٗ فَقَدْ كَفَرَ بِمَا اُنْزِلَ عَلٰى مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمْ.

"હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, તે વ્યક્તિ ધિક્કારપાત્ર છે જે સૃષ્ટિ વિરુદ્ધ પદ્ધતિથી પત્ની સાથે સંભોગ કરે. હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી જ રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, જે પુરુષ માસિકધર્મની પરિસ્થિતિમાં પત્ની સાથે સંભોગ કરે છે અથવા સૃષ્ટિ વિરુદ્ધ પદ્ધતિથી સંભોગ કરે છે અથવા કોઈ જ્યોતિષી પાસે જાય છે અને તેની ગયૂબની (અદશ્ય) બાબતોની ખબરનું સમર્થન કરે છે, તો એવા લોકો એ દીનના ઈન્કારી થઈ ગયા, જે મુહમ્મદ ﷺ ઉપર નાઝિલ થયો."

આ નિર્લજ્જ કૃત્ય માટે કોઈ નક્કી હદ (શિક્ષા) નક્કી કરવામાં તો ફુક્હામાં મતભેદો છે, જેની વિગત ફિક્હની કિતાબોમાં મૌજૂદ છે. જો કે, એટલું ચોક્કસ છે કે, તેના માટે ખૂબ કઠોર શિક્ષાઓ વર્ણન કરવામાં આવી છે. દાખલા તરીકે, આગમાં સળગાવી દેવું, દિવાલ ફેંકીને કચડી નાંખવું, ઊંચી જગ્યાએથી ફેંકીને સંગસાર કરી દેવું, તલવારથી કતલ કરી નાંખવું વગેરે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૭-૧૮)

إِنَّمَا التَّوْبَةُ عَلَى اللَّهِ لِلَّذِينَ يَعْمَلُونَ السُّوٓءَ بِجَهَالَةٍ ثُمَّ يَتُوبُونَ مِن قَرِيبٍ
فَأُولَٰٓئِكَ يَتُوبُ اللَّهُ عَلَيْهِمْ ۗ وَكَانَ اللَّهُ عَلِيمًا حَكِيمًا ﴿١٧﴾ وَلَيْسَتِ التَّوْبَةُ لِلَّذِينَ
يَعْمَلُونَ السَّيِّئَاتِ ۚ حَتَّىٰٓ إِذَا حَضَرَ أَحَدَهُمُ الْمَوْتُ قَالَ إِنِّي تُبْتُ الْـٰٔنَ وَلَا
الَّذِينَ يَمُوتُونَ وَهُمْ كُفَّارٌ ۚ أُولَٰٓئِكَ أَعْتَدْنَا لَهُمْ عَذَابًا أَلِيمًا ﴿١٨﴾

તરજુમો :

બેશક ! અલ્લાહે તવબહ કબૂલ કરવી અવશ્ય તેઓની છે જેઓ બુરું કામ નાદાની (જહાલત)થી કરે છે, પછી જલદીથી તવબહ કરે છે તો અલ્લાહ તેમને મા'ફ કરી આપે છે; અને અલ્લાહ સઘળું જાણનારો મહાન હિકમતવાળો છે. (૧૭) અને એવા લોકોની તવબહ (સ્વીકાર્ય) નથી જેઓ બુરા કૃત્યો કર્યે જાય છે, એટલે સુધી કે જ્યારે તેમનામાંથી કોઈની મૌત સામે આવી જાય તો કહેવા લાગ્યો, હું હવે તવબહ કરું છું; અને ન એવા લોકોની તવબહ કે જેઓ કુફ્રની હાલતમાં મૃત્યુ પામે છે; તેમના માટે તો અમે દર્દનાક અઝાબ તૈયાર કર્યો છે. (૧૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતમાં તવબહનું વર્ણન આવ્યું હતું, હવે આ બે આયતોમાં તવબહના સ્વીકાર્ય હોવાની શરતો અને તવબહ કબૂલ થવાના અને ન થવાના સ્વરૂપો બતાવ્યા છે.

તફસીર :

તવબહ (જેને કબૂલ કરવી વાયદા પ્રમાણે) અલ્લાહ તઆલાની જવાબદારી છે, તે (વાયદો) તો તેમના જ માટે છે જેઓ નાદાનીથી કોઈ ગુનાહ (નાનો હોય અથવા મોટો, સગીરહ હોય અથવા કબીરહ) કરી બેસે છે, પછી તાત્કાલિક (એટલે કે મોત પહેલાં-પહેલાં જેનો ઉલ્લેખ આગળ આવે છે) તવબહ કરી લે છે, માત્ર એવા લોકો ઉપર તો અલ્લાહ તઆલા (તવબહ કબૂલ

કરવા વિશે) ધ્યાન આપે છે (એટલે કે તવબહ કબૂલ કરી લે છે) ! અને અલ્લાહ તઆલા ઘણી સારી રીતે જાણે છે (કે કોણે દિલથી તવબહ કરી છે કારણ કે, તે મહાન), હિકમતવાળો છે (કે દિલથી તવબહ ન કરનારને અપમાનિત નથી કરતો) અને એવા લોકોની તવબહ (સ્વીકાર્ય) નથી જેઓ (સતત) ગુનાહ કરતા રહે છે, એટલે સુધી કે જ્યારે તેમનામાંથી કોઈની સામે મોત જ આવીને ઊભું થઈ ગયું (મોત સામે આવીને ઊભું થવાનો અર્થ એ છે કે, તેને બીજી દુનિયાની વસ્તુઓ નજરે દેખાવા લાગે) તો કહેવા લાગે કે, હું હવે તવબહ કરું છું (બસ, ન તો એવા લોકોની તવબહ કબૂલ છે) અને ન જ તે લોકોની (તવબહ એટલે કે ઈમાન લાવવું આવા સમયમાં સ્વીકાર્ય છે) જેમને કુફ્રની હાલત ઉપર મોત આવી જાય છે તે (કાફિર) લોકો માટે અમે એક દર્દનાક સજા (એટલે કે દોઝખની આગ) તૈયાર રાખી છે.

મસ્અલા અને બોધપાઠ :

શું જાણીબૂઝીને ઇરાદાપૂર્વક કરેલો ગુનોહ મા'ફ નથી થતો ? :

અત્રે એક વાત વર્ણન કરવા યોગ્ય છે કે, કુર્આને મજીદમાં શબ્દ بِجَهَالَةٍ (બિ જહાલતિન્) આવ્યો છે, તેનો દેખીતો અર્થ એ થાય છે કે, અજાણતામાં નાદાનીથી ગુનાહ કરે તો તેની તવબહ કબૂલ થશે, જાણીબૂઝીને ગુનોહ કરે તો તવબહ કબૂલ નહીં થાય. પરંતુ સહાબએ કિરામ (રદિ.)એ આ આયતની જે તફસીર વર્ણન કરી છે તે એ છે કે, جَهَالَة (જહાલત)નો આ સ્થળે એવો ભાવાર્થ નથી કે, તેને ગુનાહને ગુનાહ હોવાની ખબર જ ન હોય અથવા ગુનાહનો ઈરાદો કર્યો જ ન હોય. બલકે, અર્થ એ છે કે, આ ગુનાહના ખરાબ પરિણામ અને આખિરતના અઝાબથી બેદરકારી આ ગુનાહ કરવાનું કારણ બની ગયું હોય. જો કે, ગુનાહને ગુનોહ સમજતો હોય અને તેનો ઈરાદો પણ કર્યો હોય.

બીજા શબ્દોમાં "જહાલત"નો શબ્દ આ જગ્યાએ મૂર્ખાઈ અને બેવકૂફીના અર્થમાં છે, જેમકે તફસીરના ખુલાસામાં વર્ણન થઈ ચૂક્યું છે. તેનું ઉદાહરણ સૂરએ યૂસુફમાં છે. હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાના ભાઈઓને કહ્યું હતું, هَلْ عَلِمْتُمْ مَّا فَعَلْتُمْ بِيُوسُفَ وَاَخِيْهِ اِذْ اَنْتُمْ جَاهِلُوْنَ તેમાં ભાઈઓને જાહિલ કહેવામાં આવ્યા છે, જ્યારે કે તેમણે જે કામ કર્યું તે કોઈ ભૂલ અથવા નાદાનીથી

નહિ, બલકે, ઈરાદાપૂર્વક જાણીબૂઝીને કરેલું કૃત્ય હતું, પરંતુ આ કૃત્યના પરિણામથી અજાણ હોવાના કારણે તેમને જાહિલ કહેવામાં આવ્યા છે.

અબૂલ આલિયા અને કતાદહ (રદિ.)થી નકલ થયું છે કે, સહાબએ કિરામ (રદિ.) એ બાબતે સહમત છે કે, كُلُّ ذَنْبٍ اَصَابَهُ عَبْدٌ فَهُوَ جَهَالَةٌ عَمَدًا كَانَ اَوْغَيْرَهُ એટલે કે, "બંદો જે ગુનાહ કરે છે, ભલે તે ઈરાદાપૂર્વક હોય અથવા ઈરાદાપૂર્વક ન હોય, દરેક પરિસ્થિતિમાં જહાલત (અજ્ઞાનતા) છે."

તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું, كُلُّ عَامِلٍ بِمَعْصِيَةِ اللّٰهِ فَهُوَ جَاهِلٌ حِيْنَ عَمِلَهَا એટલે કે, "જે વ્યક્તિ કોઈ કામમાં અલ્લાહ તઆલાની નાફરમાની કરી રહ્યો છે, તે આવું કૃત્ય કરવામાં જાહિલ જ છે. જો કે, દેખાવમાં તે ગમે તેટલો મોટો વિદ્વાન અને જાણકાર હોય."

(ઈબ્ને કષીર)

અને અબૂ હય્યાનની તફસીર "ઈબ્ને મુહીત"માં ફરમાવવામાં આવ્યું છે કે, "આ એવું જ છે જેમકે હદીષમાં વર્ણન થયું છે لَا يَزْنِى الزَّانِىْ وَهُوَ مُؤْمِنٌ" એટલે કે, "વ્યભિચાર કરનાર મો'મિન હોવાની હાલતમાં વ્યભિચાર નથી કરતો." તેનો અર્થ એ છે કે, જે સમયે તે આ દુષ્કૃત્યમાં સંડોવાયેલો હોય છે, તે સમયે તે ઈમાનના તકાદાઓથી દૂર જઈ પડે છે.

એટલા માટે હઝરત ઈકરીમા (રદિ.)એ ફરમાવ્યું, اُمُوْرُالدُّنْيَا كُلُّهَا جَهَالَةٌ એટલે કે "દુનિયાના તે બધા જ કામો જેમાં અલ્લાહ તઆલાની ફરમાંબરદારી અને આજ્ઞાપાલનથી વ્યક્તિ નીકળી જાય તે સઘળું અજ્ઞાનતા (જહાલત) છે અને તેનું કારણ દેખીતું છે કે, અલ્લાહ તઆલાની નાફરમાની કરનાર થોડા સમયના આનંદને હંમેશા બાકી રહેનારી લિજ્જત ઉપર અગ્રિમતા આપે છે અને જે થોડીવારના આનંદના બદલામાં હંમેશા-હંમેશનો કઠોર અઝાબ ખરીદી રહ્યો છે, તેને બુદ્ધિશાળી કદાપિ કહી શકાય નહીં. તેને દરેક વ્યક્તિ જાહિલ અજ્ઞાની જ કહેશે, ભલે તે પોતાના દુષ્કૃત્યથી વાકેફ (જ્ઞાત) હોય અને તેણે આ દુષ્કૃત્ય આચરવાનું ઈરાદો પણ કર્યો હોય.

ખુલાસો એ છે કે, વ્યક્તિ કોઈ ગુનોહ જાણીબૂઝીને કરે અથવા ભૂલથી, બંને પરિસ્થિતિમાં ગુનોહ જહાલત જ છે, એટલા માટે સહાબા (રદિ.) અને

તાબિઈન (રહ.) તથા તમામ ઉમ્મતનો એ બાબત ઉપર ઈજ્માઅ્ છે કે, જે વ્યક્તિ જાણીબૂઝીને કોઈ ગુનોહ કરતો હોય તેની પણ તવબહ કબૂલ થઈ શકે છે.

(બહરે મુહીત)

પ્રસ્તુત આયતમાં એક વાત ધ્યાન ખેંચે છે, તે એ છે કે, તવબહ કબૂલ થવા માટે એ શરત લગાવવામાં આવી છે કે, જલદી (તાત્કાલિક) તવબહ કરી લે. તવબહ કરવામાં મોડું ન કરે, તેમાં "જલદી"નો શું અર્થ છે અને કેટલો સમય જલદી કરવાનો સમજવામાં આવશે ? રસૂલે કરીમ ﷺની હદીષ તેની તફસીરમાં આવેલ છે, જે આ રીતે વર્ણન થઈ છે.

اِنَّ اللّٰهَ يَقْبَلُ تَوْ بَةَ الْعَبْدِ مَالَمْ يُغَرْغِرْ હદીષનો અર્થ આ છે, "અલ્લાહ તઆલા પોતાના બંદાઓની તવબહ તે સમય સુધી સ્વકારે છે જ્યાં સુધી તેના ઉપર મૌત અને સકરાત (રૂહ કબ્જે થવાનો) ગળગળો ન આવે."

હદીષવેત્તા ઈબ્ને મરદૂયા (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત કરી છે કે, તેમણે રસૂલુલ્લાહ ﷺને એવું ફરમાવતા સાંભળ્યા છે કે, "જે મો'મિન બંદો મૌતથી એક મહિના પહેલાં પોતાના ગુનાહોની તવબહ કરે અથવા એક દિવસ પહેલાં અથવા એક ઘડી પહેલાં તવબહ કરે તો અલ્લાહ તઆલા તેની તવબહ કબૂલ કરે છે, શરત માત્ર એટલી છે કે, બિલકુલ ઈખ્લાસ (નિખાલસતા)થી અને સાચા દિલથી તવબહ કરી હોય." *(ઈબ્ને કષીર)*

ખુલાસો આ છે કે, مِنْ قَرِيْبٍ (મિન કરીબિન્)ની તફસીર પોતે રસૂલે કરીમ ﷺએ કરી છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે, વ્યક્તિનું સમગ્ર જીવન એ "નજીકનો સમય"માં જ સામેલ છે. મૌતથી પહેલાં-પહેલાં જે તવબહ કરી લેવામાં આવે તે સ્વીકાર્ય થશે અલબત્ત, મૌતના ગળગળા (સકરાત)ના સમયે તવબહ સ્વીકાર્ય નથી.

તેની વધુ સ્પષ્ટતા હકીમુલ ઉમ્મત હઝરત મવલાના થાનવી (રહ.)એ તફસીરે બયાનુલ કુર્આનમાં વર્ણન કરી છે કે, "મૌત નજીક હોવાના સમયે બે પરિસ્થિતિઓ સામે આવે છે, એક તો નિરાશા અને નાઉમ્મીદી, જ્યારે કે વ્યક્તિ દરેક દવા અને યુક્તિ-પ્રયુક્તિઓથી લાચાર થઈને એવું સમજી લે છે કે, હવે મૌત આવીને જ રહેશે. એવી પરિસ્થિતિ بَأْسِ بِالْبَا (બઅ્સ બિલ્બા) સમજવામાં

આવશે. બીજી પરિસ્થિતિ તેના પછીની છે, જ્યારે કે રૂહ નીકળવાની શરૂઆત થઈ જાય છે અને સકરાતનો સમય આવી જાય છે, આવી પરિસ્થિતિને بَأْس કહેવામાં આવે છે. પહેલી પરિસ્થિતિ એટલે કે بأس સુધી તો مِنْ قَرِيْبٍના અર્થમાં સામેલ છે અને તે સમય સુધી તવબહ સ્વીકાર્ય થાય છે. પરંતુ બીજી પરિસ્થિતિ એટલે કે "હાલતે યાસ"ના સમયે તવબહ સ્વીકાર્ય નથી, જ્યારે કે ફરિશ્તા અને આખિરતના દશ્યો વ્યક્તિની સામે આવી જાય, કારણ કે તે مِنْ قَرِيْبٍ ની વ્યાખ્યામાં સામેલ નથી.

આ આયતમાં قَرِيْب (કરીબ)નો શબ્દ વધારીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, મનુષ્યની સમગ્ર જિંદગી જ એક ટૂંકો સમયગાળો છે અને મૌત જેને તે ખૂબ દૂર સમજી રહ્યો છે તે તો તેના બિલકુલ નજીક છે.

قَرِيْب (કરીબ)ની આ તફસીર જે રસૂલે કરીમ ﷺએ કરી છે, બીજી આયતમાં ખુદ કુર્આને કરીમે પણ એના તરફ ઈશારો કર્યો છે, જેમાં એવું બતાવવામાં આવ્યું છે કે મૌતના સમયે તવબહ સ્વીકાર્ય નથી.

આ આયતના વિષયનો ખુલાસો આ થયો કે, જે વ્યક્તિ કોઈ ગુનોહ કરે છે, ભલે જાણીબૂઝીને ઈરાદાપૂર્વક કરે અથવા તેને ભૂલથી અથવા અજાણતામાં કરે તે દરેક પરિસ્થિતિમાં જહાલત (અજ્ઞાનતા) હોય છે અને દરેક આવા ગુનાહની તવબહ અલ્લાહ તઆલાએ પોતાના ઝિમ્મે લીધી છે. શરત માત્ર એટલી છે કે, મૌત પહેલાં-પહેલાં સાચી તવબહ કરે.

પોતાના ઝિમ્મે લેવાનો ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલાએ એનો વાયદો કર્યો છે અને તે વાયદો પૂરો થવો બિલકુલ ચોક્કસ અને નક્કી જ છે. નહિતર અલ્લાહ તઆલા ઉપર કોઈ ફરજ અથવા વાજિબ અથવા કોઈનો કંઈ હક નથી હોતો. પ્રથમ આયતમાં એ તવબહનું વર્ણન હતું જે અલ્લાહ તઆલા સમીપ સ્વીકાર્ય છે. બીજી આયતમાં તે તવબહનું વર્ણન છે જે સ્વીકાર્ય નથી.

વર્ણન કરવામાં આવ્યું છે કે, તે લોકોની તવબહ સ્વીકાર્ય નથી જેઓ સમગ્ર જીવન નફ્ફટાઈ સાથે ગુનાહ કરતા રહે અને જ્યારે મૌત માથા પર આવી પહોંચે તથા રૂહ કબ્જે થવાની શરૂઆત થાય અને મૌતના ફરિશ્તા સામે આવી જાય, તે સમયે કહેવા લાગે કે, અમે તવબહ કરીએ છીએ. તેમણે પોતાના

જીવનનો ફુરસદનો સમય ગુમાવીને તવબહનો સમય ખોઈ નાંખ્યો, એટલા માટે તેમની તવબહ સ્વીકાર્ય નહીં થાય, જેમકે ફિરઔન અને ફિરઔનની અવલાદે ડૂબતાં-ડૂબતાં કહ્યું હતું કે, "અમે મૂસા અને હારૂનના પરવરદિગાર ઉપર ઈમાન લાવીએ છીએ," ત્યારે તેમને જવાબ આપવામાં આવ્યો હતો કે, "હવે ઈમાન લાવો છો ? જ્યારે કે ઈમાન લાવવાનો સમય પસાર થઈ ચૂક્યો !"

આ જ આયતના અંતિમ વાક્યમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, "એવા લોકોની તવબહ પણ સ્વીકાર્ય નથી જેમનું કુફ્રની હાલતમાં જ મૃત્યુ આવ્યું અને સકરાતના સમયે ઈમાનનો ઈકરાર કરવા લાગ્યા. આવા ઈમાનનો ઈકરાર ક-સમયનો અને લાભરહિત છે. તેમના માટે અઝાબ તૈયાર કરવામાં આવ્યો છે."

તવબહની વ્યાખ્યા (પરિભાષા) અને તેની વાસ્તવિકતા :

બંને આયતોની શાબ્દિક તફસીરમાં અમુક આવશ્યક વાતો એ બાકી રહી જાય છે કે, તવબહની વ્યાખ્યા શું છે ? અને તેની વાસ્તવિકતા શું છે ? અને તેનો દરજ્જો (કક્ષા) શું છે ?

ઈમામ ગઝાલીએ ''અહ્યાઉલ ઉલૂમ''માં ફરમાવ્યું છે કે, "ગુનાહો કરવાની ત્રણ કક્ષાઓ છે.

પ્રથમ એ કે, કોઈ ગુનોહ ક્યારેય પણ ન કરે, આ માત્ર ફરિશ્તાઓની અથવા અંબિયા (અલૈ.)ની ખાસિયત છે. બીજી કક્ષા એ છે કે, ગુનાહો કરે અને તેના ઉપર ડટેલો રહે, ક્યારેય તેનો અફસોસ કે પસ્તાવો ન હોય અને તેને છોડવાનો દિલમાં વિચાર પણ ન આવે. આ દરજ્જો શયતાનનો છે. ત્રીજી કક્ષા મનુષ્યજાતિની છે કે, ગુનાહ થઈ જાય કે, તરત તેના ઉપર પસ્તાવો કરે અને હવે પછીના જીવનમાં તેને છોડી દેવાનો પાકો નિર્ધાર કરે."

આનાથી સ્પષ્ટ થયું કે, ગુનાહ થઈ ગયા પછી તવબહ ન કરવી તે ફક્ત શયતાનોનું જ કામ છે. એટલા માટે ઉમ્મતનો ઈજ્માઅ્ છે કે, ગુનાહોની તવબહ કરવી ફરજ છે. કુર્આન શરીફમાં ઈરશાદ છે,

يـٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْٓا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحًا، عَسٰى رَبُّكُمْ اَنْ يُّكَفِّرَ عَنْكُمْ
سَيِّاٰتِكُمْ وَيُدْخِلَكُمْ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ، (66 : 8)

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલાથી તવબહ કરો; સાચી તવબહ; તો કોઈ

આશ્ચર્ય નથી કે અલ્લાહ તઆલા તમારા ગુનાહોનો કફ્ફારો (મા'ફ) કરી આપે; અને તમને એવી જન્નતોમાં પ્રવેશ કરાવી દે જેની નીચે નહેરો વહે છે."

કરીમોના કરીમ, દયાળુઓના દયાળુ, મહાકૃપાળુના દરબારમાં રહમતની શા'ન તો જુઓ કે, કોઈ મનુષ્ય સમગ્ર જીવન દરમિયાન તેની નાફરમાનીમાં રાચેલો રહ્યો, પરંતુ મૌત પહેલાં સાચા દિલથી તવબહ કરી લીધી તો ફક્ત એટલું જ નહીં કે, તેના ગુનાહોને મા'ફ કરી દેવામાં આવ્યા બલકે, તેને પોતાના પ્રિય બંદાઓમાં સામેલ કરીને જન્નતનો વારસદાર પણ બનાવી દેવામાં આવ્યો.

હદીષ શરીફમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

اَلتَّائِبُ حَبِيْبُ اللّٰهِ وَ التَّائِبُ مِنَ الذَّنْبِ كَمَنْ لَّا ذَنْبَ لَهٗ (اِبْنُ مَاجَهْ)

"ગુનાહોથી તવબહ કરનારો અલ્લાહને ખૂબ પ્રિય છે અને જેણે ગુનાહોની તવબહ કરી, તે એવો થઈ ગયો જાણે કે તેણે ગુનોહ કર્યો જ ન હતો."

(ઈબ્ને માજહ)

અમુક રિવાયતોમાં છે કે, જ્યારે બંદો કોઈ ગુનાહની તવબહ કરે અને તે અલ્લાહ સમીપ સ્વીકાર્ય થઈ જાય તો ફક્ત એટલું જ નહીં કે, તેના ગુનાહ ઉપર કોઈ પકડ નહીં થાય બલકે, તેને ફરિશ્તાઓએ લખેલ નામ-એ- આ'માલમાંથી ભૂંસી નાંખવામાં આવે છે, જેથી તેનું અપમાન પણ ન થાય.

અલબત્ત, એ જરૂરી છે કે, આ તવબહ સાચી અને "તવબતુન્નસૂહ" હોય, જેના ત્રણ વિભાગો છે. પ્રથમ પોતાના કરેલા કૃત્યો પર પસ્તાવો અને શરમ અનુભવે. હદીષમાં ઈરશાદ છે, اِنَّمَا التَّوْبَةُ النَّدَمُ એટલે કે, "તવબહનું નામ જ નદામત (અફસોસ) છે." તવબહનો બીજો વિભાગ એ છે કે, જે ગુનોહ થયો હોય તેને તરત જ છોડી દે અને આવનારા જીવનમાં તેને ક્યારેય ન કરવાનો પાકો નિર્ધાર કરે.

ત્રીજો વિભાગ એ છે કે, મા'ફી અને તેની ભરપાઈની ચિંતા કરે, એટલે કે, જે ગુનોહ થઈ ચૂક્યો છે, તે ગુનાહની પોતાની શક્તિ પ્રમાણે ભરપાઈ કરે. દાખલા તરીકે નમાઝ અને રોઝા છોડ્યા છે તો તેની કઝા કરી લે, છોડેલી નમાઝો અને રોઝાઓની સાચી સંખ્યા યાદ ન હોય તો વિચાર અને ચિંતન કરીને અમુક

સંખ્યા નક્કી કરે અને "નમાઝે-કઝા-એ-ઉમરી" પઢી લે. એ જ પ્રમાણે વિવિધ સમયમાં રોઝાઓની કઝાની કાળજી રાખે. ફરજ ઝકાત અદા નથી કરી, તો પાછલા સમયની ઝકાત પણ એકી સાથે અથવા ક્રમે-ક્રમે અદા કરે. કોઈ વ્યક્તિનો હક દબાવી લીધો હોય તો તેને તે પરત આપી દે, કોઈને તકલીફ પહોંચાડી હોય તો તેની ક્ષમા માંગે, પરંતુ જો પોતાના કરેલા ગુનાહો ઉપર અફસોસ અને પસ્તાવો ન હોય અથવા પસ્તાવો તો હોય, પરંતુ આવનાર સમયમાં એ ગુનાહને છોડે નહીં તો આવી તવબહ; તવબહ નથી. ભલે તે હજાર વખતે જીભથી તવબહ-તવબહ કહ્યા કરે.

توبہ برلب سُبحہ برکف دل پُر از ذوقِ گناہ معصیت را خندہ می آید ز استغفارِ ما

"મુખ પર તવબહ, હથેળીમાં તસ્બીહ અને દિલ ગુનાહો તરફ આકર્ષાયેલું હોય;
અમારા ઈસ્તિગફાર (તવબહ) ઉપર તો ગુનાહોને હસવું આવે છે !"

જ્યારે કોઈ વ્યક્તિ ઉપરોક્ત વિગત અને દર્શાવેલ નિયમો પ્રમાણે તવબહ કરી લે તો તે દરેક પ્રકારના ગુનાહ કરી ચૂક્યો હોવા છતાં અલ્લાહનો પ્યારો બંદો બની શકે છે.

અને જો ફરી ક્યારેક માનવસ્વભાવની કમજોરીના કારણે કોઈ ગુનોહ થઈ પણ જાય અને તરત જ તેની તવબહ કરીને ગફૂરો-રહીમ (મહાન ક્ષમાવાન-દયાવાન)ની બારગાહમાં મા'ફીની યાચના કરે, તો તે દરેક સમયે તવબહ કબૂલ થવાની ઉમ્મીદ રાખે.

ایں درگہِ مادرگہِ نومیدی نیست صد بار اگر توبہ شکستی باز آ

"આ અમારો દરબાર નાઉમ્મીદીનો દરબાર નથી,
તવબહ તોડીને સો વખતે ફરીવાર તવબહ કરવા આવશો તો પણ સ્વીકાર્ય છે."

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૯-૨૦-૨૧)

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا يَحِلُّ لَكُمْ أَن تَرِثُوا۟ ٱلنِّسَآءَ كَرْهًا ۖ وَلَا تَعْضُلُوهُنَّ
لِتَذْهَبُوا۟ بِبَعْضِ مَآ ءَاتَيْتُمُوهُنَّ إِلَّآ أَن يَأْتِينَ بِفَٰحِشَةٍ مُّبَيِّنَةٍ ۚ وَعَاشِرُوهُ
هُنَّ بِٱلْمَعْرُوفِ ۚ فَإِن كَرِهْتُمُوهُنَّ فَعَسَىٰٓ أَن تَكْرَهُوا۟ شَيْـًٔا وَيَجْعَلَ ٱللَّهُ فِيهِ

خَيْرًا كَثِيْرًا ﴿١٩﴾ وَاِنْ اَرَدْتُّمُ اسْتِبْدَالَ زَوْجٍ مَّكَانَ زَوْجٍ ۙ وَّاٰتَيْتُمْ اِحْدٰىهُنَّ
قِنْطَارًا فَلَا تَاْخُذُوْا مِنْهُ شَيْـًٔا ؕ اَتَاْخُذُوْنَهٗ بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ﴿٢٠﴾ وَكَيْفَ
تَاْخُذُوْنَهٗ وَقَدْ اَفْضٰى بَعْضُكُمْ اِلٰى بَعْضٍ وَّاَخَذْنَ مِنْكُمْ مِّيْثَاقًا غَلِيْظًا ﴿٢١﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમારા માટે હલાલ નથી કે તમે સ્ત્રીઓને જબરદસ્તી મીરાષમાં લઈ લો, અને ન (જ) તેમને રોકી રાખો એ કારણે કે તેમની પાસેથી પોતાનું આપેલું કંઈક (પાછું) લઈ લો, પરંતુ એ કે તેઓ જાહેર બેશરમી(નું કૃત્ય) આચરે; અને ઔરતો સાથે સારી (પ્રચલિત) રીતે ગુજરાન કરો; પછી જો તે તમને નાપસંદ હોય (તો એવું સંભવિત છે કે), કદાચ તમને એક વસ્તુ નાપસંદ હોય અને અલ્લાહે તેમાં પુષ્કળ ભલાઈ રાખી હોય. (૧૯) અને જો એક ઔરત (પત્ની)ના બદલે બીજી ઔરત (પત્ની) બદલવા ઈચ્છતા હોય અને એકને પુષ્કળ માલ આપી ચૂક્યા હોય તો તેમાંથી કંઈ પાછું ન લો, શું તમે નાહક (આરોપ લગાવીને) તે (પાછું) લેવા ઈચ્છો છો ? અને ખુલ્લમ-ખુલ્લા ગુનાહ દ્વારા ? (૨૦) અને કઈ રીતે તેને (પાછું) લઈ શકો છો ? અને તમે આપસમાં એક બીજા સુધી (શરીરસુખ પ્રાપ્ત કરવા) પહોંચી ચૂક્યા છે અને તે સ્ત્રીઓ તમારી પાસેથી પાકું વચન લઈ ચૂકી છે. (૨૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરોક્ત આયતોમાં તવબહનું વર્ણન એક પરિસ્થિતિ અનુરૂપ આવ્યું હતું, આ અગાઉ સ્ત્રીઓ વિશેના હુકમોનો વિષય ચાલી રહ્યો હતો. આ આયતોમાં પણ સ્ત્રીઓ સંબંધિત હુકમો છે. અજ્ઞાનતાના યુગમાં સ્ત્રીઓ ઉપર તેમના પતિઓ તરફથી પણ અત્યાચાર થતો હતો અને તેમના વારસદારો તરફથી પણ.

જ્યારે સ્ત્રીઓના પતિ મરણ પામતા ત્યારે પતિના વારસદારો પોતાની મનમાની કરતા હતા. દિલ ઈચ્છતું તો તેઓ આવી સ્ત્રી સાથે જ નિકાહ કરી લેતા અથવા બીજાઓની સાથે તેનો નિકાહ કરાવી આપતા અને જો તેના પ્રત્યે જરા પણ લાગણી ન ધરાવતા હોય તો ન તો પોતે નિકાહ કરતા અને ન જ અન્યોને

નિકાહ કરવા દેતા અને તેમને કેદીની જેમ ગોંધી રાખતા, જેથી તેના દ્વારા આવક ઉપજાવતા અને એટલા માટે આવી પરિસ્થિતિમાં તે યા તો પોતાની માલ-દૌલત તેમને આપીને પોતાની જાતને છોડાવી લેતી, અથવા આ જ પ્રમાણે ઘરમાં કેદી બનીને જીવન વ્યતિત કરતી અને આવી પરિસ્થિતિમાં જ તેમને મૌત આવી જતી હતી.

પતિ પણ પોતાની પત્નીઓ ઉપર અત્યાચાર કર્યા કરતો હતો અને જો જરા પણ લાગણી ન હોય તો, ન તો લગ્નજીવનની ફરજો અદા કરતો અને ન જ તેને તલાક આપતો, જેથી તે સ્ત્રી આ અત્યાચારથી બચવા પોતાનો માલ આપીને તલાક મેળવી લેતી.

આ આયતોમાં આ જ પ્રકારના દરેક કુરિવાજોને દૂર કરવાનું વર્ણન છે અને عَاشِرُوْهُنَّ "આશિરૂહુન્ન" (તેમની સાથે રહો)થી ખાસ પતિને સંબોધન કરવામાં આવ્યું છે وَاِنْ اَرَدْتُّمُ اسْتِبْدَالَ زَوْجٍ થી مِيْثَاقًا غَلِيْظًا સુધી આ બે આયતો પણ આ જ વિષય ઉપર આધારિત છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમારા માટે એ વાત હલાલ નથી કે, સ્ત્રીઓના (માલ અથવા જાનના) જબરદસ્તીથી માલિક બની બેસો. (માલના માલિક ત્રણ પ્રકારે બની શકાય છે, એક એ કે, તે સ્ત્રીનો જે શરઈ વારસો હોય તેને પોતે લઈ લે અને તેને ન આપે, બીજું એ કે, તે સ્ત્રીનો નિકાહ કરવામાં ન આવે, એટલે સુધી કે તે ત્યાં જ મૃત્યું પામે પછી તેનો માલ લઈ લે અથવા તે સ્ત્રી પોતાની જાતે કંઈ આપી દે. ત્રીજું એ કે, પતિ તેને વિના કારણે મજબૂર કરે કે તે સ્ત્રી પાસે પોતાનો કંઈ માલ હોય તો તે માલ આપીને તે પોતાની જાતને છોડાવી લે.

પ્રથમ અને ત્રીજા સ્વરૂપમાં જબરદસ્તીની શરત મૂકવાથી એ લાભ છે કે, જો આ કૃત્ય બિલકુલ સ્ત્રીની ખુશીથી થઈ રહ્યું છે તો જાઈઝ અને હલાલ છે અને બીજા સ્વરૂપમાં આ જબરદસ્તી વાસ્તવમાં નિકાહ કરવાથી રોકી રાખવામાં છે અને તેનો હેતુ માલ લઈ લેવાનો હતો એટલા માટે તેની સાથે શબ્દોનો સંબંધ જોડી દીધો. એનાથી પણ એ જ લાભ થયો એટલે કે, જો તેણી પોતાની ખુશીથી નિકાહ ન કરે, તો આ લોકોને કોઈ ગુનોહ નથી.

અને જીવનો માલિક થવું એ હતું કે, મરનારની પત્નીને પણ મરનારની

અન્ય માલ-મિલકતની જેમ પોતાના વારસાનો માલ સમજતા હતા.

આ સ્વરૂપમાં જબરદસ્તીની શરત વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્રણ કરવા માટે છે કે, તેઓ આ પ્રમાણે કરતા હતા, પરંતુ તેનો એ અર્થ નથી કે, સ્ત્રી પોતાની ખુશીથી પોતાને મય્યતના અન્ય માલની જેમ વારસાની વસ્તુ બનાવવા માટે રાજી થઈ જાય કે, જેથી તે વારસાના માલની જેમ મિલકત બની જાય.) અને તે સ્ત્રીઓને એવી નિય્યતે ગોંધી ન રાખો કે જે કંઈ તમો લોકોએ (એટલે પોતે તમે અથવા તમારા સગાં-વહાલાઓએ) તેમને આપ્યું છે, એમાંથી કોઈ ભાગ (પણ તેમની પાસેથી પરત) વસૂલ કરી લો. (આ વિષયમાં પણ ત્રણ સ્વરૂપો આવી ગયા, એક એ કે, મય્યતના વારસદાર આ મય્યતની પત્નીને નિકાહ ન કરવા દે જેથી તે સ્ત્રી તેમને કંઈ આપી દે. બીજું એ કે, પતિ તેને મજબૂર કરે કે મને કંઈ આપી દે તો તને તલાક આપી છોડી દઉં, ત્રીજું એ કે, પતિ તલાક આપ્યા પછી પણ અને કંઈ લઈ લીધા પછી પણ તેને બીજા નિકાહ ન કરવા દે. અત્રે પ્રથમ સ્વરૂપ એ ઉપરના બીજા સ્વરૂપનો એક ભાગ છે, અને અહીંયાંનું બીજું સ્વરૂપ ઉપર વર્ણવેલ ત્રીજા પ્રકારનું સ્વરૂપ છે અને ઉપરનું પ્રથમ સ્વરૂપ અને અહીંયાં ત્રીજું સ્વરૂપ બંને અલગ-અલગ છે.) પરંતુ (અમુક સ્વરૂપોમાં તેમનો માલ લેવો અથવા તેમને ઘરોમાં ગોંધી રાખવું જાઈઝ છે, તે) એ કે, તે સ્ત્રીઓ કોઈ ખુલ્લમ-ખુલ્લી નિર્લજ્જ પ્રવૃત્તિ કરે (અને તેમાં પણ ત્રણ સ્વરૂપો આવી ગયા, એક નિર્લજ્જ પ્રવૃત્તિ એ કે, પતિની નાફરમાની કરે અને બદમાશ હોય તો પતિ માટે જાઈઝ છે કે, માલ લીધા વિના જે મહરથી વધારે ન હોય, તેને ન છોડે. બીજું એ કે, નિર્લજ્જ કૃત્ય વ્યભિચાર હોય તો ઈસ્લામની શરૂઆતમાં "હદ-શિક્ષા" નક્કી થતા પહેલાં પતિ માટે જાઈઝ હતું કે, તેને દંડ સ્વરૂપે પોતે આપેલો માલ પાછો લઈ લે અને તેને કાઢી મૂકે. હવે આ હુકમ મન્સૂખ "રદ" છે, વ્યભિચારથી મહર વાજિબ હોવું રદ નથી થતું. જો કે, ઉપરોક્ત બે સ્વરૂપોમાં માલ લઈ લેવામાં આવશે અને ત્રીજું સ્વરૂપ એ કે, નિર્લજ્જ કૃત્ય વ્યભિચાર હોય તો પતિને અને અન્ય વારસદારોને જેમકે શરૂઆતના રુકૂઅ્માં આવ્યું છે કે, સજા સ્વરૂપે સ્ત્રીઓને ઘરોમાં ગોંધી રાખવું જાઈઝ હતું, પછી આ હુકમ પણ રદ થઈ ગયો. જો કે, આ ગોંધી રાખવું સજા સ્વરૂપે હતું, માલ પાછો લેવાના હેતુથી ન હતું. અલબત્ત આ અપવાદ સ્વરૂપ અમલ છે, ન કે કેદ કરવાનું સ્વરૂપ માલ પ્રાપ્ત

કરવાના ઈરાદે હતું.....! આગળ પતિઓ માટે ખાસ હુકમ છે) અને તે સ્ત્રીઓ સાથે સારી રીતે જીવન વ્યતિત કર્યા કરો (એટલે કે સારી રીતે સદ્‌વર્તણૂક કરી તેમનું ભરણ-પોષણ અને ખબરગીરી કર્યા કરો) અને જો (સ્વભાવના તકાદા પ્રમાણે) તેઓ તમને નાપસંદ છે (પરંતુ તેમના તરફથી કોઈ નાપસંદ કરવાનું કારણ ઉપસ્થિત ન થયું હોય) તો (બુદ્ધિનો તકાદો સમજીને આ બધું સહન કરો કારણ કે) શક્ય છે કે તમે એક બાબતને નાપસંદ કરો અને અલ્લાહ તઆલા તેમાં કોઈ પુષ્કળ (દુનિયવી અથવા દીની) લાભ મૂકી દે (દાખલા તરીકે, તેઓ તમારી સેવા-સુશ્રુષા કરે તથા તમારી લાગણી ધરાવતી હોય, આ દુનિયાનો લાભ થયો અને તેમના દ્વારા કોઈ અવલાદ પેદા થાય અને બાળપણમાં જ મૃત્યુ પામે અથવા જીવંત રહે તથા તે અવલાદ નેક અને સાલિહ હોય કે, જે આખિરતનું ભાથું બને અથવા તો નાપસંદ વસ્તુઓ ઉપર સબ્ર કરવાનો સવાબ અને સારો બદલો ચોક્કસ મળશે.) અને જો તમે (પોતે જ પોતાની ઈચ્છાથી) એક પત્નીના (એટલે કે પ્રથમ પત્નીના) બદલે બીજી પત્ની કરવા ઈચ્છો (અને પ્રથમ પત્નીનો કોઈ દોષ ન હોય) અને તમે તેમાંથી એકને (મહરમાં અથવા એ જ પ્રમાણે ભેટ-સોગાતમાં) પુષ્કળ માલ આપી ચૂક્યા હોય (ભલે તેમની માલિકીમાં આપી દીધો હોય અથવા ખાસ મહર માટે ફક્ત વચન આપ્યું હોય) તો તમે તે (દીધેલો માલ અથવા આપેલા વચન)માંથી (સ્ત્રીને ત્રાસ આપીને) કંઈ પણ (પાછું) ન લો (અને મા'ફ કરાવવું પણ વાસ્તવમાં પાછું લેવું જ છે) શું તમે તેમનાથી (પરત) લો છો ? (તેણીના ઉપર નાફરમાની અથવા બદકારીનું બોહતાન) આરોપ મૂકીને અને (તેના માલમાં) ખુલ્લો ગુનોહ (એટલે કે અત્યાચાર) આચરીને ? (ભલે આક્ષેપ ખુલ્લમ-ખુલ્લો હોય અથવા તો એ પ્રમાણેનું વાતાવરણ ઉપસ્થિત કરવામાં આવે કે, ફક્ત નાફરમાની અને બદકારીના સ્વરૂપમાં જ તેનો માલ લઈ લેવાની પરવાનગી હતી. બસ, જ્યારે તેનો માલ લઈ લેવો હતો તો જાણે તેની નાફરમાની અને નિર્લજ્જતાનું અન્ય લોકો સમક્ષ ચિત્ર રજૂ કર્યું. અને આ અત્યાચાર માલના કારણે જ કર્યો એટલે દેખીતું છે કે, સ્ત્રીએ પોતાની ખુશી વિના જ આ બધું આપી દીધું છે. અને ભેટ બાબતે આવો જુલમ એટલા માટે કહેવાશે કે પતિ-પત્ની પરસ્પર કોઈ હદિયો આપી દે તો તેને પાછો લેવાનો શરીઅતમાં કોઈ અધિકાર નથી અને પાછો લેશે તો તે એક પ્રકારનો હક દબાવ્યો ગણાશે અને

તેનાથી આક્ષેપ પણ માથે આવશે. કારણ કે, આ રીતે પાછું લઈ લેવું એવું ગણાશે કે, આ મારી પત્ની ન હતી અને પતિ દ્વારા આક્ષેપ લગાવવો દેખીતું છે કે, તે પોતાની પત્નીને જૂઠી અને સમાજમાં બદકાર જાહેર કરી રહ્યો છે) અને તમે એ (આપેલા માલ)ને (પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે) કઈ રીતે લઈ લો છો ? જ્યારે કે (બોહતાન અને અત્યાચાર સિવાય તેમાંથી લઈ લેવાના બે સ્વરૂપો અમાન્ય છે. એક એ કે,) તમે પરસ્પર એકબીજાને બેપર્દા મળી ચૂક્યા છો (એટલે કે શરીરસુખ ભોગવી ચૂક્યા છો, અને મહર પણ તેનું જ વળતર હોય છે. બસ, વળતરનો બદલો લઈને વળતર પાછું લઈ લેવું અથવા તો વળતર જ ન આપવું બુદ્ધિ અને તર્કથી પણ વિરૂદ્ધ લેખાય છે અને જો તે મહરનો માલ નથી બલકે, કોઈ ભેટ-સોગાત હતી તો આ પ્રમાણે બેપર્દા મુલાકાત પછી લગ્નજીવનના કારણે પાછું લેવાની પણ મનાઈ છે અને વાસ્તવિક મનાઈ લગ્નસંબંધોના કારણે જ છે) અને (બીજી મનાઈ એ છે કે,) તે સ્ત્રીઓ તમારી પાસેથી એક વચન લઈ ચૂકી છે (તે વચન એ છે કે, નિકાહના સમયે તમે મહર આપવાની જવાબદારી લીધી હતી અને વચન આપીને વચનભંગ કરવો પણ બુદ્ધિ અને તર્કની દૃષ્ટિએ નિંદનીય છે અને જો આ ભેટ-સોગાત છે તો બેપર્દા મળતા પહેલાં પણ લગ્નજીવન યથાવત્ હોવાના કારણે આ રીતે મહર પાછી લેવાની મનાઈ છે. મતલબ કે, દરેક સ્વરૂપમાં માલ પાછો લેવો સખત નિંદનીય છે).

મસ્અલા અને બોધપાઠ :

ઇસ્લામ અગાઉ સ્ત્રીઓ ઉપર થનારા અત્યાચારોની રોકથામ :

આ ત્રણ આયતોમાં તે અત્યાચારોની રોકથામ છે, જે ઈસ્લામ અગાઉ નમણી-નાજુક નારીજાતિ ઉપર કરવામાં આવતા હતા, તેમાંથી સૌથી મોટો અત્યાચાર એ હતો કે, પુરુષ સ્ત્રીના પ્રાણ અને માલને પોતાની મિલકત સમજતો હતો, એક સ્ત્રી જેના પણ નિકાહમાં ચાલી ગઈ, તે પુરુષ તેના જાન-માલનો માલિક બની જતો હતો અને તેના મર્યા પછી તેના વારસદારો મરનારના અન્ય વારસાના માલની જેમ સ્ત્રીને પણ એક વારસાનો માલ જ સમજતા હતા. એ જ પ્રમાણે તેઓ મરનારની પત્નીના પણ વારસદાર અને માલિક બની જતા હતા. ભલે તે પોતે તેમનાથી નિકાહ કરી લે, અથવા અન્ય કોઈની પાસેથી માલ લઈને

તેનો નિકાહ કરાવી આપે. પતિનો પુત્ર જે કોઈ અન્ય સ્ત્રીથી હોય, તે પોતે પણ બાપના મૃત્યુ પછી આવી ઓરમાન (સાવકી) માતા સાથે નિકાહ કરી લેતો હતો અને જ્યારે સ્ત્રીની જાતને જ પોતાની મિલકત સમજી લેવામાં આવતી હતી, તો તેના માલની બાબતે તો દેખીતું છે કે, તેમાં એક નાની સરખી ભૂલના પરિણામે પણ સ્ત્રીઓ ઉપર જાત-જાતના જુલમ કરવામાં આવતા હતા. દાખલા તરીકે, એક જુલમ એ હતો કે જે માલ સ્ત્રીને કોઈ જગ્યાએથી વારસામાંથી મળ્યો હોય અથવા પોતાના પિયર પક્ષ તરફથી ભેટ સ્વરૂપે તોહફામાં મળ્યો હોય, બીચારી સ્ત્રીને તે બધાથી જ વંચિત કરી દેવામાં આવતી હતી અને આ બધો જ માલ સાસરી પક્ષના પુરુષો પચાવી પાડતા હતા.

બીજો જુલમ એ હતો કે, જો સ્ત્રીએ પોતાના ભાગના માલ ઉપર કબજો કરી લીધો હોય તો પુરુષ તેને નિકાહ કરવાથી એટલા માટે રોકતા હતા કે, આ સ્ત્રી માલ બહાર ન લઈ જઈ શકે. બલકે, અહીંયાં જ મૃત્યુ પામે અને માલ છોડી જાય, જેથી તે અમારા કબજામાં આવી જાય. ત્રીજો અત્યાચાર કોઈ-કોઈ જગ્યાએ એવો પણ થતો હતો કે, અમુક સમયે પત્નીનો કોઈ વાંક-ગુનોહ ન હોવા છતાં ફક્ત પતિને નાપસંદ હોવાના કારણે પતિ તેના લગ્નજીવન સંબંધિત હકો અદા કરતો ન હતો, પરંતુ તેને તલાક પણ ન આપતો હતો અને તે એટલા માટે કે, આ સ્ત્રી ત્રાસીને છેવટે ઘરેણા અથવા મહર તથા કોઈ માલ આપી દે, અથવા તો મા'ફ કરાવી લે, જેથી તેને આઝાદી મળી જાય અને અમુક સમયે પતિ તલાક પણ આપી દેતો હતો, પરંતુ તે પોતાની આ ત્યકતા સ્ત્રીને બીજા નિકાહ પણ કરવા દેતો ન હતો, જેથી તેણી મજબૂર થઈને તેની દીધેલી મહર પાછી આપી દેતી અથવા તો જે મહર આપવાની જિમ્મેદારી છે, તે પતિને મા'ફ કરી દેતી.

ચોથો અત્યાચાર અમુક સમયે એવો પણ થતો હતો કે, પતિ મૃત્યુ પામ્યો અને તેના વારસદારો તેની વિધવા સાથે કોઈને નિકાહ કરવા દેતા ન હતા યા તો અજ્ઞાનતાપૂર્ણ કુરિવાજના કારણે; અથવા તો તેના માલની લાલચમાં; કે, તેના દ્વારા કંઈ માલ વસૂલ કરીશું.

આ બધા જુલમો-સિતમ એ આધારે થતા હતા કે સ્ત્રીની માલ-મિલકત બલકે, તેની જાતના પણ પોતે માલિક હોવાનું સમજતા હતા. કુર્આને કરીમે આ કુરિવાજ અને ફસાદને જડમૂળથી ઉખેડી નાંખ્યા અને તે સંદર્ભે કરવામાં આવતા

પ્રત્યેક અત્યાચારનો નાશ કરવા માટે ફરમાવ્યું,

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا يَحِلُّ لَكُمۡ اَنۡ تَرِثُوا النِّسَآءَ كَرۡهًا ؕ

"હે ઈમાનવાળાઓ ! તમારા માટે એ હલાલ નથી કે, તમે જબરદસ્તીથી સ્ત્રીઓના માલિક બની બેસો."

જબરદસ્તીની શરતનો અર્થ એ નથી કે, જો પોતે સ્ત્રી રાજી-ખુશીથી કોઈને પોતાના માલિક બની જવા ઉપર સહમત થઈ જાય તો તે સાચું ઠરી જશે ! બલકે, આ વર્ણનનો ભાવાર્થ એ છે કે, સ્ત્રીઓની જાત અને માલના શરઈ અથવા તાર્કિક દલીલો આપી માલિક બની બેસવું દેખીતું છે કે બળજબરીએ જ થઈ શકે છે, કોઈપણ બુદ્ધિશાળી વ્યક્તિ રાજી નહિ થાય કે તેનો કોઈ માલિક બની બેસે. (બહરે મુહીત) એટલા માટે જો કોઈ સ્ત્રી બેવકૂફીભરી રીતે મૂર્ખામીથી પોતે કોઈની મિલકત બનવા રાજી થઈ જાય તો શરીઅતે આ બાબતને તેની રજામંદી (ખુશી) ઉપર અવલંબિત નથી રાખ્યું કે ઈસ્લામ તેની પરવાનગી આપે. બલકે, ઈસ્લામી કાનૂન એ બાબતે સદંતર રાજી નથી કે કોઈ સ્વતંત્ર વ્યક્તિ અન્ય માલની જેમ કોઈની મિલકત બને.

જુલમ અને ફસાદની મનાઈ સામાન્ય રીતે નકારના શબ્દ "ના" દ્વારા કરી આપવામાં આવે છે, પરંતુ અહીંયાં કુર્આને કરીમે તે પ્રચલિત પદ્ધતિ છોડીને શબ્દ لَا يَحِلُّ (લા યહિલ્લુ)નો એટલા માટે ઉલ્લેખ કર્યો છે કે, આવી બાબતમાં કઠોર ગુનોહ હોવા ઉપરાંત તે તરફ પણ ઈશારો થઈ શકે છે કે, અગર કોઈ વ્યક્તિએ જો કોઈ પુખ્ત વયની સ્ત્રી સાથે તેની પરવાનગી અને ખુશી વિના નિકાહ પણ કરી લીધા તો તે નિકાહ શરીઅતની રૂએ હલાલ નથી. બલકે, તે નિકાહ અમાન્ય છે. આવા નિકાહથી ન તો તે બંને વચ્ચે પતિ-પત્નીનું સગપણ સ્થાપિત થાય છે અને ન જ વારસાના અથવા અન્ય સગપણના હુકમો તેનાથી લાગુ પડે છે.

આ પ્રમાણે જો કોઈ વ્યક્તિએ કોઈ સ્ત્રીને મજબૂર કરીને તેને આપેલી મહર પાછી લઈ લીધી અથવા તો જે મહર અદા કરવી વાજિબ હતી, તે જબરદસ્તી મા'ફ કરાવી લીધી, તો આ બળજબરીએ પાછી લીધેલી અથવા મા'ફ કરાવેલી મહરનો શરીઅતમાં કોઈ આધાર નથી. ન તો તેનો લીધેલો માલ પુરુષ માટે હલાલ થાય છે અને ન જ કોઈનો વાજિબ હક મા'ફ થાય છે. આ જ

વિષયની વધારે સ્પષ્ટતા માટે ફરમાવવામાં આવ્યું,

وَلَا تَعْضُلُوْهُنَّ لِتَذْهَبُوْا بِبَعْضِ مَا اٰتَيْتُمُوْهُنَّ એટલે કે, સ્ત્રીઓને પોતાની મરજીથી નિકાહ કરવાથી એ વિચારે ન રોકો કે, જે માલ તમે અથવા તમારા સગાં-વહાલાઓએ તેમને મહર સ્વરૂપે અથવા હદિયા સ્વરૂપે આપી દીધો છે, તે તેમની પાસેથી પાછો લઈ શકો. મહર આપવામાં અને પાછી લઈ લેવામાં એ પણ સામેલ છે કે, જે મહર આપવાનું નક્કી થઈ ચૂક્યું છે, તેને મા'ફ કરાવી લેવામાં આવે. મતલબ કે, આપેલી મહર બળજબરીએ પાછી લઈ લેવી અથવા જે હક અદા કરવા વાજિબ છે તેને જબરદસ્તી મા'ફ કરાવી લેવો. આ બધું નાજાઈઝ અને હરામ છે, આ જ પ્રમાણે જે માલની હદિયા અને ભેટ સ્વરૂપે પત્નીઓને માલિક બનાવી દેવામાં આવી છે, તે પાછું લેવું ન તો પોતે પતિ માટે હલાલ છે અને ન જ તેના વારસદારો માટે. કોઈ વસ્તુના માલિક બનાવી દેવાનો અર્થ એ છે કે, જે તે વસ્તુને માલિકીહકે માલિક બનાવી આપવામાં આવે, પરંતુ જો પતિએ કોઈ ઘરેણા અથવા અન્ય કોઈ વપરાશની વસ્તુ પત્નીને ફક્ત વાપરવા માટે આપી છે; માલિક બનાવીને નથી આપી, તો તે પત્નીની મિલકત જ નથી. એટલા માટે આવી વસ્તુ પાછી લેવાની કોઈ મનાઈ નથી.

ત્યાર પછી اِلَّآ اَنْ يَّاْتِيْنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ફરમાવીને અમુક એવી પરિસ્થિતિ અપવાદ સ્વરૂપે બતાવવામાં આવી છે, જેમાં પતિ માટે પત્ની પાસેથી પોતાનો માલ, મહર વગેરે પાછું લેવું જાઈઝ થઈ જાય છે.

આયતનો અર્થ એ છે કે, જો સ્ત્રી તરફથી કોઈ ખુલ્લમ-ખુલ્લી નિર્લજ્જતાની બેશરમીભરી હરકત એવી થઈ જાય કે જેના કારણે પતિ સ્વાભાવિક રીતે સ્ત્રીને તલાક આપવા માટે મજબૂર થઈ જાય, તો આવી પરિસ્થિતિમાં કોઈ વાંધો નથી કે, પતિ તે સમય સુધી તલાક ન આપે, જ્યાં સુધી પત્ની તેનો આપેલો માલ અથવા મહર વગેરે પાછી ન આપે અથવા જે હક અદા કરવો વાજિબ હતો તે અથવા મહર મા'ફ ન કરાવી લે.

અને આ સ્થળે શબ્દ "ફાહિશહ" فَاحِشَة એટલે કે, કોઈ "નિર્લજ્જ કૃત્ય"નો ભાવાર્થ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હઝરત આયશા સિદ્દીકા (રદિ.) અને હઝરત ઝહ્હાક (રદિ.) વગેરે નજીક તો પતિની નાફરમાની અને કંકાશભર્યો સ્વભાવ છે, પરંતુ અબૂલ કલાબહ (રહ.), હસન બસરી (રહ.)

વગેરેએ "ફાહિશહ"નો ભાવાર્થ "બેહયાઈ અને વ્યભિચાર"નો લીધો છે, માટે ભાવાર્થ એ છે કે, જો આ સ્ત્રીઓએ કોઈ બેશરમીનું કામ કર્યું હોય અથવા તો તે નાફરમાની અને કંકાશ કરતી હોય, જેનાથી મજબૂર થઈ પુરુષ તલાક આપવા માટે તૈયાર થઈ રહ્યો છે તો કારણ કે, દોષ સ્ત્રીનો છે, એટલા માટે પતિને એ અધિકાર પ્રાપ્ત છે કે, તેને તે સમય સુધી પોતાના નિકાહમાં રોકી રાખે, જ્યાં સુધી તેને પોતે આપેલો માલ પરત વસૂલ ન કરી લે અથવા તો નક્કી કરેલ મહર મા'ફ ન કરાવી લે.

આગલી બે આયતોમાં આ જ વિષયની સ્પષ્ટતા વર્ણન કરવામાં આવી છે. ઈરશાદ છે કે, જ્યારે સ્ત્રી તરફથી કોઈ નિર્લજ્જ અને બેશરમીનું કૃત્ય ન થયું હોય, પરંતુ પતિ ફક્ત પોતાની મનેચ્છા અને ખુશી માટે આ પત્નીને છોડીને અન્ય સ્ત્રી સાથે નિકાહ કરવા ઈચ્છે છે, તો જો આવી પરિસ્થિતિમાં તે પત્નીને પુષ્કળ માલ આપી ચૂક્યો હોય તો પણ તેના માટે એ જાઈઝ નથી કે તે દીધેલા માલનો કોઈ ભાગ તલાકના વળતર સ્વરૂપે પાછો લઈ લે, અથવા તો વાજિબ હકો મહર વગેરે મા'ફ કરાવી લે, કારણ કે સ્ત્રીનો આ પરિસ્થિતિમાં કોઈ દોષ નથી અને જે કારણથી મહર વાજિબ થાય છે તે કારણ પણ પૂરું થઈ ચૂક્યું છે, એટલે કે, નિકાહ પૂર્ણ થઈ ચૂક્યો છે અને પરસ્પર બંને બેપર્દા મળી પણ ચૂક્યા છે, તો હવે આપેલો માલ પાછો લેવો અથવા વાજિબ હક મહર વગેરે મા'ફ કરાવવાનો તેને કોઈ અધિકાર રહેતો નથી.

ત્યાર પછી આ રકમ પાછી લેવી જુલમ અને ગુનાહ હોવાનું ત્રણ તબક્કાઓમાં વર્ણન ફરમાવવામાં આવ્યું, પ્રથમ ફરમાવ્યું, اَتَاْخُذُوْنَهٗ بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا એટલે કે, "શું તમે એવું ઈચ્છો છો કે, પત્ની ઉપર વ્યભિચાર વગેરેનો આરોપ મૂકીને ખુલ્લો ગુનોહ કરીને પોતાનો માલ પાછો લઈ લેવાનો માર્ગ કાઢો?" એટલે કે, જ્યારે એવી જાણ થઈ ચૂકી છે કે, માલ પરત લેવો ફક્ત એવા સમયે જ જાઈઝ છે જ્યારે કે પત્ની કોઈ નિર્લજ્જ કૃત્ય આચરે, તો હવે તેની પાસેથી માલ પાછો લેવો વાસ્તવમાં એ બાબતની જાહેરાત કરવા જેવું છે કે, તેની પત્નીએ કોઈ નિર્લજ્જ હરકત કરી છે અથવા બેશરમીનું કૃત્ય આચર્યું છે. ભલે, મૌખિક રીતે તે પત્ની ઉપર વ્યભિચારનો આક્ષેપ કરે અથવા ન કરે. દરેક પરિસ્થિતિમાં આ એક તોહમત અને આરોપનું જ સ્વરૂપ છે, જેને اِثْــمِ مُبِيْــن (ઈષ્મે મુબીન) એટલે કે,

"ખુલ્લો જઘન્ય અપરાધ" કહેવામાં આવ્યો છે.

બીજું વાક્ય એ ઈરશાદ કરવામાં આવ્યું, وَكَيْفَ تَاْخُذُوْنَهٗ وَقَدْ اَفْضٰى بَعْضُكُمْ اِلٰى بَعْضٍ એટલે કે, "હવે તમારો માલ તેમની પાસેથી કેવી રીતે પરત લઈ શકો છો, જ્યારે કે ફક્ત તેમની સાથે નિકાહ જ નથી થયા બલકે, તમે પરસ્પર એકબીજાને બેપર્દા મળી ચૂક્યા છો ?" કારણ કે આ સ્વરૂપમાં દીધેલો માલ જો મહરનો છે, તો સ્ત્રીનો તેના ઉપર સંપૂર્ણ અધિકાર છે, તે તેની માલિક બની ચૂકી છે. કારણ કે, તેણે પોતાની જાતને પતિના હવાલે કરી દીધી છે. હવે તે મહર પરત લેવાનો કોઈ અર્થ નથી; અને જો આપેલો માલ હદિયા અથવા ભેટનો છે, તો પણ હવે તે પરત લેવો શક્ય નથી. કારણ કે, પતિ-પત્ની જે પરસ્પર એકબીજાને ભેટ-સોગાત આપે છે, તે શરીઅતની રૂએ પાછી લેવી જાઇઝ નથી અને કાનૂની રીતે પણ એ જ હુકમ લાગુ કરવામાં આવે છે. મતલબ કે, લગ્ન સંબંધોમાં ભેટ આપેલી વસ્તુ પાછી લેવાની મનાઈ છે.

અને આ જ વિષયના ત્રીજા વાક્યમાં ઈરશાદ ફરમાવ્યું, وَاَخَذْنَ مِنْكُمْ مِّيْثَاقًا غَلِيْظًا એટલે, "તે સ્ત્રીઓએ તમારી પાસેથી પાકું વચન લઈ લીધું છે," તેનો ભાવાર્થ નિકાહનું વચન લીધું હોવાનો છે. જે કરાર અલ્લાહના નામથી હાજરજનો સામે ખુત્બો પઢીને કરવામાં આવે છે.

ખુલાસો એ છે કે, લગ્નજીવનમાં નિકાહ થયા પછી અને પરસ્પર બેપર્દા મળ્યા પછી આપેલો માલ પરત લેવા માટે સ્ત્રીને મજબૂર કરવી ખુલ્લો ગુનોહ અને બળજબરી છે, મુસલમાનોએ તેનાથી બચવું અત્યંત જરૂરી છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૨૨-૨૩-૨૪)

وَلَا تَنْكِحُوْا مَا نَكَحَ اٰبَآؤُكُمْ مِّنَ النِّسَآءِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّهٗ كَانَ فَاحِشَةً
وَّمَقْتًا ؕ وَسَآءَ سَبِيْلًا ﴿۲۲﴾ حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ وَبَنٰتُكُمْ وَاَخَوٰتُكُمْ وَعَمّٰتُكُمْ وَخٰلٰتُكُمْ
وَبَنٰتُ الْاَخِ وَبَنٰتُ الْاُخْتِ وَاُمَّهٰتُكُمُ الّٰتِيْٓ اَرْضَعْنَكُمْ وَاَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ وَاُمَّهٰتُ
نِسَآئِكُمْ وَرَبَآئِبُكُمُ الّٰتِيْ فِيْ حُجُوْرِكُمْ مِّنْ نِّسَآئِكُمُ الّٰتِيْ دَخَلْتُمْ بِهِنَّ ؗ فَاِنْ لَّمْ
تَكُوْنُوْا دَخَلْتُمْ بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ ؗ وَحَلَآئِلُ اَبْنَآئِكُمُ الَّذِيْنَ مِنْ اَصْلَابِكُمْ ۙ
وَاَنْ تَجْمَعُوْا بَيْنَ الْاُخْتَيْنِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿۲۳﴾

પારહ (૫)

وَّالْمُحْصَنٰتُ مِنَ النِّسَآءِ اِلَّا مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ۚ كِتٰبَ اللّٰهِ عَلَيْكُمْ ۚ وَاُحِلَّ لَكُمْ
مَّا وَرَآءَ ذٰلِكُمْ اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ مُّحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ ۭ فَمَا
اسْتَمْتَعْتُمْ بِهٖ مِنْهُنَّ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ فَرِيْضَةً ۭ وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا تَرٰضَيْتُمْ
بِهٖ مِنْۢ بَعْدِ الْفَرِيْضَةِ ۭ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ﴿٢٤﴾

તરજુમો :

અને તે ઔરતો સાથે નિકાહ ન કરો જેની સાથે તમારા પિતાએ નિકાહ કર્યા હોય, પરંતુ જે (ભલે અગાઉ) થઈ ચૂક્યું; બેશક ! આ બેહયાઈ અને ક્રોધની (નિંદનીય) બાબત છે અને એક કુરિવાજ છે. (૨૨) તમારા ઉપર હરામ કરવામાં આવી છે તમારી માતાઓ, અને પુત્રીઓ, અને બહેનો, અને ફોઈઓ, અને માસીઓ, અને ભાઈની પુત્રીઓ (ભત્રીજીઓ), અને બહેનની (પુત્રીઓ એટલે કે ભાણકીઓ), અને (તમારી) તે માતાઓ જેમણે તમને દૂધ પીવાડયું, અને દૂધ શરીક (રજાઈ) બહેનો, અને તમારી પત્નીઓની માતાઓ (સાસુમાં), અને તમારી તે પત્નીઓ જેની સાથે તમે સમાગમ કરી ચૂક્યા છો તેમની (આગલા ઘરની) તે બેટીઓ જે તમારી દેખરેખ હેઠળ છે, બસ જો તમે તેમની સાથે સમાગમ નથી કર્યો તો તમારા ઉપર (તેની સાથેના નિકાહમાં) કંઈ ગુનોહ નથી, અને તમારા તે પુત્રોની પત્નીઓ જે (પુત્રો) તમારી નસ્લમાંથી છે, અને એ કે તમે બે બહેનોને (પોતાના નિકાહમાં) ભેગી કરો, પરંતુ જે અગાઉ થઈ ચૂક્યું (ભલે), બેશક ! અલ્લાહ બખ્શનાર મોટો મહેરબાન છે. (૨૩) અને પતિવાળી (શાદીશુદા) સ્ત્રીઓ (પણ હરામ છે) પરંતુ જેઓના તમે (પવિત્ર યુદ્ધ વડે) માલિક થઈ જાઓ, આ તમારા ઉપર અલ્લાહનો હુકમ થયો અને તેના સિવાય બધી સ્ત્રીઓ તમારા માટે હલાલ છે, એ શરતે કે તેમને પોતાના માલના બદલે (નિકાહના) બંધનમાં લાવવા ઈચ્છો, ન કે આનંદ-પ્રમોદ માટે; પછી તે ઔરતોમાંથી જેને તમે કામમાં લાવ્યા તો તેમને તેમનો નક્કી કરેલ હક

(મહર) આપી દો, અને તમને એ વાતમાં ગુનોહ નથી કે તમે (મહર) નક્કી કર્યા પછી જેટલા ઉપર પરસ્પર રાજી થઈ જાઓ; બેશક ! અલ્લાહ સઘળું જાણનારો, મહાન હિકમતવાળો છે. (૨૪)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરથી અજ્ઞાનતાના કુરિવાજોની નિંદા ચાલી આવી રહી છે તેમાં એક રિવાજ એ પણ હતો કે અમુક હરામ કરવામાં આવેલ સ્ત્રીઓ સાથે પણ નિકાહ કરી લેવામાં આવતા હતા. દાખલા તરીકે, પોતાની સાવકી માતા સાથે, એક બહેન નિકાહમાં હોય તો બીજી બહેન સાથે; આ જ કારણે નિકાહ હરામ હોવાનું વર્ણન કરવામાં આવ્યું. વળી, તે લોકો દત્તક પુત્રોની ત્યકતા પત્નીઓ સાથે નિકાહ કરવાનું હરામ સમજતા હતા તેનો પણ રદિયો આપવામાં આવ્યો. આ જ ક્રમમાં અમુક તે સ્ત્રીઓ હલાલ હોવાનું વર્ણન કરવામાં આવ્યું જેમાં મુસલમાનોને શંકા થઈ હતી. દાખલા તરીકે તે બાંદીઓ જે મુસલમાનોના કબજામાં આવી ગઈ હોય અને તેમના પ્રથમ પતિ "દારુલ હરબ"માં હોય, તેની સાથે નિકાહની શરતો અને તેને નક્કી મહર વગેરે આપવાનું વર્ણન પણ કરવામાં આવ્યું.

તફસીર :

અને તમે તે સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો, જેનાથી તમારા પિતા (દાદા અથવા નાના)એ નિકાહ કર્યા હોય પરંતુ (ખૈર,) જે વાત થઈ ચૂકી એ થઈ ચૂકી ! (હવે પછી ક્યારેય આવું ન થવું જોઈએ) બેશક ! આ (બાબત સામાજિક તેમજ તાર્કિક દૃષ્ટિએ પણ) ઘણી જ નિર્લજ્જતા છે અને (શુદ્ધ ચારિત્ર્ય તથા નૈતિક દૃષ્ટિએ પણ) અત્યંત નિંદનીય બાબત છે અને (શરઈ રૂએ પણ) ઘણો જ ખરાબ રિવાજ છે; તમારા ઉપર (આ સ્ત્રીઓ) હરામ કરવામાં આવી છે (એટલે તેમની સાથે નિકાહ કરવા હરામ અને બાતિલ છે તેના ઘણા પ્રકારો છે.

નિકાહ હરામ હોવાનો પ્રથમ પ્રકાર સગપણ પ્રમાણે) તમારી માતાઓ અને તમારી પુત્રીઓ (એમાં બધા જ પ્રત્યક્ષ અથવા પરોક્ષ સ્વરૂપો સામેલ છે), અને તમારી બહેનો, (ભલે સગી હોય અથવા "અલ્લાતી-બાપ શરીક સાવકી" અથવા "અખિયાફી-માં શરીક સાવકી" હોય) અને તમારી ફોઈઓ (અને તેમાં પિતાની બધી જ ઉપરોક્ત સ્વરૂપોની ત્રણે પ્રકારની બહેનો આવી ગઈ) અને

તમારી માસીઓ (તેમાં માં ની બધી જ ઉપરોક્ત પ્રકારની ત્રણે બહેનો આવી ગઈ) અને ભત્રીજીઓ (તેમાં ત્રણે પ્રકારના ભાઈઓની ઔલાદ પ્રત્યક્ષ અથવા પરોક્ષ બધું જ આવી ગયું), અને ભાણકીઓ (તેમાં ત્રણે પ્રકારની બહેનોની ઔલાદ પ્રત્યક્ષ અથવા પરોક્ષ બધું આવી ગયું), અને

(નિકાહ હરામ હોવાનો બીજો પ્રકાર દૂધ શરીક સગપણનો છે, તે એ છે કે), તમારી તે માતાઓ જેમણે તમને દૂધ પીવાડ્યું છે (એટલે કે "અન્ના" માતાઓ) અને તમારી તે બહેનો જે દૂધ પીવાના કારણે બહેન છે (દૂધ શરીક બહેન છે, એટલે કે તમને તેની સગી માં એ અથવા રજાઈ માં એ દૂધ પીવાડ્યું છે અથવા તેને તમારી સગી અથવા રજાઈ માં એ દૂધ પીવાડ્યું છે. મતલબ કે, વિવિધ સ્વરૂપોમાં આ રીતે દૂધ પીધું હોય) અને

(નિકાહ હરામ હોવાનો સગપણનો ત્રીજો પ્રકાર એ છે કે), તમારી પત્નીઓની માતાઓ (જેમાં પત્નીના બધા જ ઉપરોક્ત પ્રમાણેના સગાં અને સાવકા સગપણો પણ આવી ગયા) અને તમારી પત્નીઓની પુત્રીઓ (જેમાં પત્નીના બધા જ ઉપરોક્ત પ્રમાણેના સગાં અને સાવકા સગપણો પણ આવી ગયા) જે તમારી દેખરેખ હેઠળ છે (પરંતુ તેમાં એક શરત એ મૂકી છે કે, તે છોકરીઓ) એ પત્નીઓની (હોય) કે જેની સાથે તમે સહશયન કર્યું છે (અને કોઈ સ્ત્રી સાથે ફક્ત નિકાહ કરી લેવાથી તેની પુત્રી હરામ નથી થતી બલકે, જ્યારે તે સ્ત્રી સાથે નિકાહ પછી સહશયન પણ થઈ જાય ત્યારે તેની પુત્રી સાથે નિકાહ કરવા હરામ થઈ જાય છે) અને જો (હજુ) તમે તે પત્નીઓ સાથે સહશયન ન કર્યું હોય તો (ભલે નિકાહ થઈ ચૂક્યા છે તો આવી પત્નીઓની પુત્રીઓ સાથે નિકાહ કરવામાં તમને) કોઈ ગુનોહ નથી, અને તમારા તે પુત્રોની પત્નીઓ (સાથે પણ નિકાહ કરવા હરામ છે) જે તમારી નસ્‌લમાંથી છે (તેમાં પુરુષો માટેના બધા જ ઉપરોક્ત પ્રમાણેના સગપણો ધરાવતા પુત્રોની પત્નીઓ આવી ગઈ અને નસ્‌લની શરતનો અર્થ એ છે કે, દત્તક પુત્રો એટલે કે "મ્હો બોલ્યા પુત્રો" જેમને "મુતબન્ના" કહેવામાં આવે છે તેમની ત્યકતા પત્નીઓ હરામ નથી), અને એ (કૃત્ય પણ હરામ છે) કે તમે બે બહેનોને (દૂધ શરીક હોય અથવા સગી હોય પોતાના નિકાહમાં) એક સાથે રાખો પરંતુ જો (આ હુકમ આવતાં) પહેલાં થઈ ચૂક્યું હોય (તો મા'ફ છે) બેશક ! અલ્લાહ તઆલા મોટો બખ્શનાર રહમતવાળો

છે (કે પોતાની અપાર રહમતથી ગુનાહ મા'ફ કરી આપે છે)

અને (નિકાહ હરામ હોવાનો ચોથો પ્રકાર) તે સ્ત્રીઓ છે જેઓ શાદીશુદા છે પરંતુ (આ પ્રકારમાં તેઓ અપવાદ છે) જ્યારે કે (શરઈ રીતે) તેણી તમારી માલિકીમાં આવી જાય (અને તેનો હરબી પતિ દારુલ હરબમાં મૌજૂદ હોય અને એક માસિકધર્મ આવી ગયા પછી અથવા ગર્ભની મુદત પૂરી થયા પછી હલાલ છે —કઝા ફિલ હિદાયા) અલ્લાહ તઆલાએ આ હુકમોને તમારા ઉપર ફરજ કરી દીધા છે અને તે સ્ત્રીઓ સિવાયની અન્ય (બાકી બધી જ) સ્ત્રીઓ તમારા માટે હલાલ કરવામાં આવી છે પરંતુ એ કે, તમે તેને પોતાના માલ દ્વારા (નિકાહમાં લાવવા) ઈચ્છો (એટલે કે, મહર હોવી નિકાહમાં જરૂરી છે અને) એ રીતે કે તમે (તેમને) પત્ની બનાવો (જેની શરતો શરીઅતમાં મશહૂર છે દાખલા તરીકે, ગવાહ પણ હોય અને નિકાહ કોઈ સમય મર્યાદાની શરત સાથે બંધાયેલ ન હોય વગેરે) ફક્ત આનંદ-પ્રમોદ માટે ન હોય (હરામના આ પ્રકારમાં વ્યભિચાર અને "મુતૂઆ" બધું જ સામેલ થઈ ગયું. બસ, એમાં પણ માલ ખર્ચ કરવામાં આવે છે) પછી (નિકાહ થઈ ગયા પછી) જે પ્રમાણે (ઉપરોક્ત ભરોસાપાત્ર શરઈ પદ્ધતિથી) તમે જે સ્ત્રીઓથી લાભ ઉઠાવો તો અલબત્ત, તેમને (તેમનું વળતર) મહર આપી દો, જે કંઈ નક્કી થઈ ચૂક્યું છે અને (એવું ન સમજો કે, આ નક્કી થયેલમાંથી કોઈપણ રીતે નમાઝ અને રોઝાની જેમ ઓછું-વત્તું કરવું શક્ય નથી બલકે,) નક્કી થયા પછી પણ જેટલા (પ્રમાણ) ઉપર તમે (પતિ-પત્ની) પરસ્પર રાજી થઈ જાઓ તેમાં તમારા ઉપર કોઈ ગુનોહ નથી. (દાખલા તરીકે, પતિએ મહર વધારી દીધી અથવા તો પત્નીએ ઓછી કરી દીધી અથવા મા'ફ કરી દીધી, બધી રીતે બરાબર છે.) બેશક ! અલ્લાહ તઆલા ખૂબ જાણનારો છે (તમારા હિતને ખૂબ સારી રીતે જાણે છે), ખૂબ હિકમતવાળો છે (આ હિતોને લક્ષમાં રાખી હુકમો નક્કી કરે છે, ભલે તમારી સમજમાં ન આવતું હોય).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં જેમની સાથે નિકાહ કરવા હરામ છે તેની સ્પષ્ટતા વર્ણન કરવામાં આવી છે, પછી અમુક નિકાહ કરવા હરામ હોય તે સ્ત્રીઓનો ઉલ્લેખ છે જે કોઈપણ પરિસ્થિતિમાં હલાલ નથી થઈ શકતી. જેમને સદંતર હરામ (મુહર્રમાતે અબદિય્યહ) કહેવામાં આવે છે, જે દરેક પરિસ્થિતિમાં કોઈપણ

સમયે હરામ જ રહે છે, અને અમુક તે સ્ત્રીઓનું વર્ણન છે, જેમની સાથે નિકાહ કરવા દરેક પરિસ્થિતિમાં હરામ નથી બલકે, અમુક પરિસ્થિતિઓમાં હલાલ પણ થઈ જાય છે.

શરૂઆતમાં ત્રણ પ્રકાર છે, એક, લોહીના સગપણના કારણે હરામ (મુહર્રમાતે નસબિય્યહ), બીજું, દુધ શરીક સગપણના કારણે હરામ (મુહર્રમાતે રજાઈય્યહ) અને ત્રીજું, "મુહર્રમાતે બિલમુસાહરહ" જે અન્ય સગપણોના કારણે હરામ થઈ જાય છે, અને છેલ્લો એક પ્રકાર તે શાદીશુદા સ્ત્રીઓ છે કે, જ્યાં સુધી તે અન્યના નિકાહમાં છે, તેમની સાથે નિકાહ કરવા હરામ છે.

وَلَا تَنۡكِحُوۡا مَا نَكَحَ اٰبَآؤُكُمۡ અજ્ઞાનતાના યુગમાં એ બાબતની કોઈ સુગ ન હતી કે, પિતાના મૃત્યુ પછી પોતાની સાવકી માતા સાથે નિકાહ કરી લેવામાં આવતો હતો. આ આયતમાં અલ્લાહ તઆલાએ આ નિર્લજ્જ અને બેહયાઈનું કૃત્ય કરવાની મનાઈ કરી અને તેને અલ્લાહના ક્રોધ તથા તેની નારાજગી વહોરતું નિંદનીય કૃત્ય બતાવ્યું. દેખીતું છે કે, આ બાબત સંસ્કારોનું મૃત્યુ અને નૈતિકતાનું અધઃપતન છે કે, જેને એક લાંબા ગાળા સુધી માં કહેતો રહ્યો હવે, પિતાના મૃત્યુ પછી તે સાવકી માતાને પોતાની પત્ની બનાવીને રાખી લે.

મસ્અલો :

આયતમાં પિતાની નિકાહમાં હોય એવી સ્ત્રી સાથે નિકાહ કરવા હરામ કરી દેવામાં આવ્યા છે, તેમાં એ બાબતની શરત નથી લગાવી કે પિતાએ તેની સાથે સહશયન કર્યું હોય કે ન હોય. એટલા માટે કોઈપણ સ્ત્રી સાથે જો પિતાના નિકાહ માત્ર થઈ જાય તો તે સ્ત્રી સાથે પુત્રએ નિકાહ કરવા ક્યારેય હલાલ નહીં થાય.

આ જ પ્રમાણે પુત્રની પત્ની સાથે પિતાના નિકાહ કરવા પણ જાઈઝ નથી. ભલે, પુત્રના ફક્ત નિકાહ જ થયા છે,

قَالَ الشَّامِیُ وَتُحَرَّمُ زَوۡجَةُ الۡاَصۡلِ وَالۡفَرۡعِ بِمُجَرَّدِالۡعَقۡدِ دَخَلَ بِهَااَوۡلَا،

મસ્અલો :

જો પિતાએ કોઈ સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હોય તો પણ પુત્ર માટે તે સ્ત્રી સાથે નિકાહ કરવા હલાલ નથી.

حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ એટલે પોતાની માતા સાથે નિકાહ કરવા હરામ છે અને આ શબ્દના اُمَّهٰتُكُمْ (ઉમ્મહાતુકુમ) સામાન્ય અર્થમાં દાદીઓ અને નાનીઓ બધું જ આવી ગયું.

وَبَنٰتُكُمْ (વ બનાતુકુમ) પોતાની સગી પુત્રી અથવા પુત્રીની પુત્રી એવી જ રીતે પુત્રની પુત્રી વગેરે સાથે પણ નિકાહ કરવા હરામ છે.

ખુલાસો એ છે કે, પુત્રી, પૌત્રી, પરપૌત્રી, નવાસી, પરનવાસી, આ બધા સાથે નિકાહ કરવા હરામ છે અને સાવકી પુત્રી જો આગલા પતિથી હોય અને પત્ની સાથે લાવી હોય તેની સાથે નિકાહ ન કરવાની સ્પષ્ટતા આગળ આવી રહી છે અને જે પુત્ર-પુત્રી સગાં અને પોતાની નસ્‌લમાંથી ન હોય, જેને દત્તક લઈને ભરણ-પોષણ કર્યું હોય, તેમની સાથે અને તેમની ઔલાદ સાથે નિકાહ જાઈઝ છે, એ શરતે કે કોઈ અન્ય પદ્ધતિથી નિકાહ કરવા હરામ ન થતા હોય. એ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિએ કોઈ સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો તો તેનાથી જે છોકરી પૈદા થઈ તે પણ તેની પુત્રીના જ હુકમમાં છે. એટલા માટે તેની સાથે પણ નિકાહ કરવા જાઈઝ નથી.

وَاَخَوٰتُكُمْ (વ અખવાતુકુમ), પોતાની સગી બહેન સાથે નિકાહ કરવા હરામ છે અને તે બહેન સાથે પણ જે બાપ શરીક સાવકી અને તે બહેન જે માં શરીક સાવકી હોય તે પણ હરામ છે.

وَعَمّٰتُكُمْ (વ અમ્માતુકુમ), પોતાના પિતાની સગી બહેન, બાપ શરીક અથવા માં શરીક સાવકી બહેન, આ ત્રણે પ્રકારની બહેનો સાથે નિકાહ કરવા હરામ છે. મતલબ કે, ત્રણે પ્રકારની ફોઈઓ સાથે નિકાહ થઈ શકતા નથી.

وَخٰلٰتُكُمْ (વ ખાલાતુકુમ), પોતાની માં ની બહેન સગી હોય અથવા બાપ શરીક અથવા માં શરીક સાવકી હોય દરેકની સાથે નિકાહ કરવા હરામ છે.

وَبَنٰتُ الْاَخِ (વ બનાતુલ અખિ), ભાઈની પુત્રીઓ એટલે કે ભત્રીજીઓ સાથે પણ નિકાહ હરામ છે, ભલે તે બાપ શરીક અથવા માં શરીક હોય, ત્રણે પ્રકારના ભાઈઓની પુત્રીઓ નિકાહ માટે હલાલ નથી.

وَبَنٰتُ الْاُخْتِ (વ બનાતુલ ઉખ્તિ), બહેનની પુત્રીઓ એટલે કે ભાણેજો સાથે પણ નિકાહ હરામ છે અને અહીંયાં પણ એ જ હુકમ છે કે, બહેનો સગી

હોય, બાપ શરીક હોય કે માં શરીક હોય તેમની પુત્રીઓ સાથે શરઈ રૂએ નિકાહ કરવા હરામ છે.

وَأُمَّهٰتُكُمُ الّٰتِىٓ اَرْضَعْنَكُمْ (વ ઉમ્મહાતુકુમુલ્લાતી અરદઅ્નકુમ), જે સ્ત્રીઓનું દૂધ પીધું છે, ભલે તે સગી માતાઓ ન હોય તેમની સાથે પણ નિકાહ કરવા હરામ છે અને તે પણ નિકાહ સંદર્ભે માતાના હુકમમાં જ આવે છે. થોડું દૂધ પીધું હોય કે વધારે, એક વખતે પીધું હોય કે અનેક વખતે. દરેક સ્વરૂપમાં તે હરામ થઈ જશે. ફૂક્હાની વ્યાખ્યામાં તેને حُرْمَتِ رَضَاعَتْ (હુરમતે રજાઅત) એટલે કે, "દૂધ પીવાથી હરામ થતી બાબત" ગણવામાં આવે છે.

અલબત્ત એટલી વાત યાદ રાખવી જરૂરી છે કે, "હુરમતે રજાઅત" એટલે કે, કોઈ સ્ત્રીનું દૂધ પીવાથી હરામ હોવાનો હુકમ ત્યારે જ લાગુ પડે છે જે બાળપણનો દૂધ પીવાનો સમયગાળો હોય છે. રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે, اِنَّمَا الرَّضَاعَةُ مِنَ الْمَجَاعَةِ એટલે કે, "રજાઅતથી જે હરામ હોવાનું સાબિત થશે તે; તે સમયગાળામાં જ દૂધ પીવાથી સાબિત થશે (લાગુ પડશે) જે સમયગાળામાં દૂધ પીવાથી બાળકનો ઉછેર થાય છે." *(બુખારી અને મુસ્લિમ)*

અને આ સમયગાળો ઈમામ અબૂ હનીફહ (રહ.) નજીક બાળકના જન્મથી લઈ અઢી વર્ષ સુધીનો છે અને બીજા ફૂક્હાના મતે જેમાં ઈમામ અબૂ હનીફહના ખાસ શાગિર્દ ઈમામ અબૂ યુસૂફ અને ઈમામ મહુમ્મદ (રહ.) પણ છે, ફક્ત બે વર્ષની મુદત સુધી રજાઅત સાબિત થાય છે અને તેના ઉપર ઈમામ મુહમ્મદ (રહ.)નો ફત્વો પણ છે. જો કોઈ છોકરા અથવા છોકરીએ આ ઉંમર પછી કોઈ સ્ત્રીનું દૂધ પીધું તો તેનાથી "હુરમતે રજાઅત" લાગુ નહીં પડે.

وَاَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ એટલે કે, દૂધ પીવાના સગપણમાં જે બહેનો છે તેમની સાથે પણ નિકાહ કરવા હરામ છે. તેની સ્પષ્ટતા એ છે કે, જ્યારે કોઈ છોકરા અથવા છોકરીએ દૂધ પીવાની ઉંમરમાં કોઈ સ્ત્રીનું દૂધ પીધું તો તે સ્ત્રી તેની દૂધ-માતા બની ગઈ અને તે સ્ત્રીનો પતિ તેનો દૂધ-પિતા બની ગયો અને તે સ્ત્રીની નસ્લના સગપણની ઔલાદ તેના બહેન-ભાઈ બની ગયા અને તે સ્ત્રીની બહેનો તેની માસીઓ બની ગઈ અને તે સ્ત્રીઓ જેઠ, દિયર આ બાળકના દૂધ-કાકા બની ગયા, અને આ સ્ત્રીના પતિની બહેનો તે બાળકની ફોઈઓ બની

ગઈ અને પરસ્પર આ બધામાં "હુરમતે રજાઅત" લાગુ પડશે. નસ્લના સગપણથી જે નિકાહ પરસ્પર હરામ છે દૂધના સગપણમાં પણ હરામ થઈ જાય છે. રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે, يَحْرُمُ مِنَ الرَّضَاعَةِ مَا يَحْرُمُ مِنَ الْوَلَادَةِ (بخاری) અને મુસ્લિમ શરીફની એક રિવાયતમાં છે,

إِنَّ اللّٰهَ حَرَّمَ مِنَ الرَّضَاعَةِ مَا حَرَّمَ مِنَ النَّسَبِ (بحوالهء مشكوة، ص ۲۷۳)

મસ્અલો :

જો કોઈ એક સ્ત્રીએ કોઈ એક છોકરા અને એક છોકરીને દૂધ પીવાડ્યું, તો તે બંનેના પરસ્પર નિકાહ નથી થઈ શકતા, એ જ પ્રમાણે દૂધ-ભાઈ અને દૂધ-બહેનની છોકરીઓ સાથે પણ નિકાહ નથી થઈ શકતા.

મસ્અલો :

દૂધ-ભાઈ અથવા દૂધ બહેનોની નસબી માતાઓ સાથે નિકાહ જાઈઝ છે અને નસબી બહેનોની દૂધ માતાઓ સાથે પણ હલાલ છે અને દૂધ બહેનોની નસબી બહેનો સાથે પણ અને નસબી બહેનોની દૂધ બહેનો સાથે પણ નિકાહ જાઈઝ છે.

મસ્અલો :

મોઢા અથવા નાક દ્વારા દૂધ પીવાડવાના સમયગાળામાં દૂધ બાળકના શરીરમાં પ્રવેશવાથી હુરમત (હરામ હોવું) સાબિત થઈ જશે અને જો કોઈ અન્ય માર્ગે દૂધ બાળકના શરીરમાં પહોંચાડવામાં આવ્યું અથવા તો ઈંજેક્શન દ્વારા બાળકના શરીરમાં દૂધ પહોંચાડવામાં આવ્યું તો "હુરમતે રજાઅત" લાગુ પડશે નહીં.

મસ્અલો :

સ્ત્રીના દૂધ સિવાય કોઈ અન્યનું દૂધ દાખલા તરીકે, જાનવરોનું દૂધ અથવા કોઈ પુરુષનું; તો તેનાથી હુરમતે રજાઅત લાગુ પડશે નહીં.

મસ્અલો :

દૂધ જો દવા તરીકે અથવા બકરી, ગાય, ભેંસના દૂધમાં ભેળવીને આપ્યું હોય તો હુરમતે રજાઅત તે સમયે સાબિત થશે જ્યારે કે સ્ત્રીના દૂધનું પ્રમાણ

ગાલિબ (વધારે) હોય અને જો બંને બરાબર હોય તો પણ "હુરમતે રજાઅત" લાગુ પડશે, પરંતુ જો દૂધના આ મિશ્રણમાં સ્ત્રીનું દૂધ પ્રમાણમાં ઓછું હોય અને અન્ય જાનવરોનું દૂધ વધારે હોય તો "હુરમતે રજાઅત" લાગુ નહીં પડે.

મસ્અલો :

જો પુરુષને દૂધ નીકળે તો તેનાથી "હુરમતે રજાઅત" સાબિત નથી થતી.

મસ્અલો :

જો દૂધ પીવામાં શંકા હોય તો તેનાથી "હુરમતે રજાઅત" સાબિત નહીં થાય. જો કોઈ સ્ત્રીએ કોઈ બાળકને મોઢામાં સ્તન આપ્યો, પરંતુ દૂધ બાળકના શરીરમાં ઊતરવાનું ચોક્કસ યકીન ન હોય તો તેનાથી "હુરમતે રજાઅત" સાબિત નહીં થાય અને નિકાહના હુકમોમાં તેનો કોઈ અસર નહીં પડે.

મસ્અલો :

જો કોઈ સ્ત્રીએ કોઈ વ્યક્તિ સાથે નિકાહ કરી લીધા અને કોઈ અન્ય સ્ત્રીએ કહ્યું કે, મેં તમને બંને પતિ-પત્નીને દૂધ પીવાડ્યું છે, તો જો બંને પતિ-પત્ની આ બાબતનું સમર્થન કરે તો નિકાહ તૂટી જવાનો નિર્ણય લેવામાં આવશે અને આ બંને તેનું સમર્થન ન કરે અને સ્ત્રી દીનદાર અને અલ્લાહથી ડરનારી હોય તો નિકાહ તોડવાનો નિર્ણય તો કરવામાં નહીં આવે, પરંતુ તલાક આપી આ શંકાનું સમાધાન કરી લેવું ઉત્તમ છે.

મસ્અલો :

"હુરમતે રજાઅત"ની સાબિતી માટે બે દીનદાર પુરૂષોની ગવાહી જરૂરી છે, એક પુરુષ અને એક સ્ત્રીની ગવાહીથી રજાઅત સાબિત નહીં થાય, પરંતુ કારણ કે મા'મલો હલાલ અને હરામ બાબતનો છે એટલા માટે ખૂબ કાળજી રાખવી સારી બાબત છે. એટલે સુધી કે, અમુક ફુક્હાએ આ સ્પષ્ટતા લખી છે કે, જો કોઈ સ્ત્રીએ નિકાહ કરવા છે અને એક દીનદાર પુરૂષ ગવાહી આપે કે, આ બંને રજાઈ એટલે કે દૂધ ભાઈ-બહેન છે, તો આવા નિકાહ કરવા જાઇઝ નથી અને જો નિકાહ પછી આવી ગવાહી આપે તો સારી વાત છૂટા પડવામાં જ છે. બલકે, જો એક સ્ત્રી પણ આવી ગવાહી આપે તો છૂટા પડવામાં જ બહેતરી છે.

મસ્અલો :

જે પ્રમાણે બે દીનદાર પુરુષોની ગવાહીથી "હુરમતે રજાઅત" સાબિત થઈ જાય છે, એ જ પ્રમાણે એક દીનદાર પુરુષ અને બે દીનદાર સ્ત્રીઓની ગવાહીથી પણ તેની સાબિતી થઈ જાય છે. અલબત્ત, કાળજી એમાં જ છે કે, જો શરઈ ગવાહી પૂરી ન થાય તો પણ શંકાથી બચવા માટે "હુરમતે રજાઅત"ને જ અગ્રિમતા આપવામાં આવે.

وَاُمَّهٰتُ نِسَآئِكُمْ (વ ઉમ્મહાતુ નિસાઇકુમ), પત્નીઓની માતાઓ સાથે નિકાહ કરવા પણ પતિ માટે હરામ છે. અહીંયાં પણ اُمَّهٰتُ (ઉમ્મહાત)ની સ્પષ્ટતા છે.

તેમાં પત્નીની નાનીઓ, દાદીઓ, નસબી હોય કે દૂધ શરીક, બધા જ સામેલ છે.

મસ્અલો :

જે પ્રમાણે શાદીશુદા પત્નીની માતા સાથે નિકાહ કરવા હરામ છે, એ જ પ્રમાણે તે ઔરતની માતા પણ હરામ છે જેની સાથે સહશયન કર્યું હોવાની શંકા હોય અથવા જેની સાથે વ્યભિચાર કર્યો હોય અથવા તો તેને વાસનાપૂર્ણ જાતીય આવેગમાં સ્પર્શ કર્યો હોય.

મસ્અલો :

માત્ર નિકાહ કરવાથી જ પત્નીની માતા હરામ થઈ જાય છે, સહશયન થયું હોય કે ન હોય તે બાબત આવશ્યક નથી.

وَرَبَآئِبُكُمُ الّٰتِىْ فِىْ حُجُوْرِكُمْ مِنْ نِّسَآئِكُمُ الّٰتِىْ دَخَلْتُمْ بِهِنَّ જે સ્ત્રી સાથે નિકાહ કર્યા અને નિકાહ કર્યા પછી સહશયન પણ થયું તો તે સ્ત્રીની પુત્રી જે આગલા પતિથી છે, એ જ પ્રમાણે તેની પૌત્રી, નવાસી નિકાહ માટે હરામ થઈ ગયા, તેની સાથે નિકાહ કરવા જાઇઝ નથી. પરંતુ જો સહશયન નથી કર્યું, ફક્ત નિકાહ કર્યા છે તો ફક્ત નિકાહથી પ્રસ્તુત પ્રકાર હરામ નહીં થાય, પરંતુ નિકાહ પછી જો તેને જાતીય આવેગો સાથે સ્પર્શ કર્યો અથવા તો તેને જાતીય આવેગો સાથે લૉલૂપ દષ્ટિથી જોયું તો પણ એ સહશયનના જ હુકમમાં છે, તેનાથી પણ તે સ્ત્રીની પુત્રી વગેરે નિકાહ માટે હરામ થઈ જાય છે.

મસ્અલો :

અહીંયાં પણ તે પત્નીની પુત્રી, પૌત્રી, નવાસી વગેરે પણ હરામ થઈ ગયા જેની સાથે સહશયન કર્યાની શંકા હોય અથવા તો વ્યભિચાર વગેરે કર્યો હોય.

وَحَلَآئِلُ اَبۡنَآئِكُمُ الَّذِيۡنَ مِنۡ اَصۡلَابِكُمۡ પુત્રની પત્ની સાથે નિકાહ કરવા હરામ છે અને પુત્રનો સામાન્ય અર્થમાં પૌત્ર અને નવાસો પણ સામેલ છે. એટલા માટે તેમની ત્યકતા પત્નીઓ સાથે પણ નિકાહ કરવા હરામ છે.

مِنۡ اَصۡلَابِكُمۡ ની શરતથી مُتَبَنّٰى "મુતબન્ના" (દત્તક)ને આ હરામ હોવાના હુકમમાંથી બહાર કરવાનો હેતુ છે. એટલે કે, તેની પત્ની સાથે (તેના તલાક આપ્યા પછી) નિકાહ હલાલ છે. અને દૂધ-પુત્ર પણ નિકાહના મા'મલામાં સગા પુત્રના હુકમમાં જ છે, માટે તેની ત્યકતા પત્ની સાથે પણ નિકાહ કરવા હરામ છે.

وَاَنۡ تَجۡمَعُوۡا بَيۡنَ الۡاُخۡتَيۡنِ બે સગી બહેનોને પોતાના નિકાહમાં ભેગી કરવી હરામ છે, સગી બહેનો હોય, માં શરીક હોય કે, બાપ શરીક, નસબના સગપણથી હોય કે દૂધ-બહેનો હોય, આ હુકમમાં બધા શામિલ છે. અલબત્ત, તલાક થઈ ગયા પછી આ સિવાયની અન્ય બહેનો સાથે નિકાહ જાઈઝ છે, પરંતુ આ જાઈઝ હોવું ઈદ્દત પૂર્ણ થયા પછી છે, ઈદ્દત દરમિયાન નિકાહ કરવા જાઈઝ નથી.

મસ્અલો :

જે પ્રમાણે બે બહેનોને એક સાથે પોતાના નિકાહમાં ભેગી કરવી હરામ છે, એ જ પ્રમાણે ફોઈ-ભત્રીજી અને માસી-ભાણેજને પણ કોઈ એક વ્યક્તિના નિકાહમાં ભેગી કરવી હરામ છે. قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَ لَا يُجۡمَعُ بَيۡنَ الۡمَرۡئَةِ وَعَمَّتِهَا وَلَا بَيۡنَ الۡمَرۡئَةِ وَخَالَتِهَا (بخاری ومسلم)

મસ્અલો :

ફુકહાએ કિરામે સર્વમાન્ય કાયદા સ્વરૂપે લખ્યું છે કે, એવી બે સ્ત્રીઓ જેમાંથી જો કોઈ સ્ત્રીને પુરૂષ ધારી લેવામાં આવે તો શરઈ રીતે તે બંનેના પરસ્પર નિકાહ કરવા હલાલ ન હોય, એવી બે સ્ત્રીઓને કોઈ એક પુરૂષના નિકાહમાં ભેગી કરી શકાતી નથી.

اِلَّا مَا قَدْ سَلَفَ એટલે કે, "જહાલતના યુગમાં જે કંઈ થતું રહ્યું તેનો કોઈ હિસાબ નથી," આ શબ્દો وَلَا تَنْكِحُوا مَا نَكَحَ اٰبَآؤُكُمْ ની આયતમાં પણ વર્ણન થયા છે અને ત્યાં પણ તેનો અર્થ એ જ છે કે, અજ્ઞાનતામાં જે કંઈ પણ તમારાથી થઈ ગયું હોય તો બસ થઈ ચૂક્યું, હવે ઈસ્લામ લાવ્યા પછી તેનો હિસાબ લેવામાં નહીં આવે, પરંતુ હવે પછી આવી બાબતોથી બચવું જરૂરી છે.

એ જ પ્રમાણે જ્યારે હરામ હોવાનો હુકમ નાઝિલ થયો તે સમયે પિતાની સાથે નિકાહ કરેલી સ્ત્રી એટલે કે, સાવકી માતા અથવા એ જ પ્રમાણે બે બહેનોને એક સાથે ભેગી કરવામાં તફાવત કરવો જરૂરી છે અને બે બહેનો હોય એવી પરિસ્થિતિમાં એક બહેનને અલગ કરી દેવી જરૂરી છે.

હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.)ની રિવાયત છે કે, "નબીએ કરીમ ﷺએ હઝરત અબૂ બુરદહ બિન નિયાર (રદિ.)ને એક વ્યક્તિને કતલ કરવા માટે મોકલ્યો હતો. એટલા માટે કે તે વ્યક્તિએ બાપની પત્ની સાથે નિકાહ કરી લીધા હતા." *(મિશ્કાત, પેજ : ૨૭૪)*

ઈબ્ને ફિરોજ વયલમીની રિવાયત છે; તે પોતાના પિતાથી નકલ કરે છે કે, "જ્યારે હું ઈસ્લામ લઈ આવ્યો તો મારા નિકાહમાં બે બહેનો હતી, હું નબીએ કરીમ ﷺની સેવામાં હાજર થયો, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, તેમાંથી એકને તલાક આપીને અલગ કરી દો અને એકને બાકી રાખો." *(મિશ્કાત, પેજ : ૨૭૪)*

આ રિવાયતોથી જાણ થઈ કે, ઈસ્લામની શરૂઆતની પરિસ્થિતિમાં પિતાની સાથે નિકાહમાં રહી ચૂકી હોય એવી સ્ત્રી તથા બે બહેનોને ભેગી કરવી જાઈઝ ન હતી. એ જ પ્રમાણે જો કુફ્રની પરિસ્થિતિમાં આ પ્રમાણેના નિકાહ કર્યા હોય તો ઈસ્લામ લાવી ચૂક્યા પછી આવા નિકાહને બાકી રાખવા જાઈઝ નથી.

اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا "ઈસ્લામ પહેલાં જે કંઈ તેમણે મૂર્ખામી કરી હતી, હવે ઈસ્લામ લાવ્યા પછી અલ્લાહ જલ્લ શા'નુહુ તેમની સાથે દરગુજર કરશે અને તેમની તરફ અલ્લાહની રહમત કેન્દ્રિત થશે."

وَالْمُحْصَنٰتُ مِنَ النِّسَآءِ પતિવાળી (શાદીશુદા) સ્ત્રીઓ પણ હરામ કરવામાં આવી છે. એટલે કે, જ્યાં સુધી કોઈ સ્ત્રી કોઈ વ્યક્તિના નિકાહમાં હોય, અન્ય વ્યક્તિ તેની સાથે નિકાહ નથી કરી શકતો, તેમાં સ્પષ્ટ રીતે એ જાણ થાય

છે કે, એક સ્ત્રી એકી સાથે એકથી વધારે પતિવાળી હોઈ નથી શકતી. આ આધુનિક યુગના જાહિલ મુલ્હિદો કહી રહ્યા છે કે, પુરૂષોને જો એકથી વધારે પત્નીઓ કરવાની પરવાનગી હોય તો સ્ત્રીઓને પણ એકથી વધારે પતિ કરવાની પરવાનગી મળવી જોઈએ. આ માંગણી આ આયતથી બિલકુલ વિરૂદ્ધ છે, આવી જહાલતભરી વાતો કરનારા લોકો એવું નથી સમજતા કે પુરૂષ માટે બહુપત્નીત્વ એક નેઅ્મત છે, જેને દરેક ધર્મ અને સમાજના લોકોએ જાઇઝ ઠરાવ્યું છે. જેના ઉપર મનુષ્યનો ઈતિહાસ સાક્ષી છે, પરંતુ સ્ત્રી માટે એક સમયમાં એકથી વધારે પતિ હોવા તે સ્ત્રી માટે પણ મુસીબતનું કારણ બની શકે છે અને જો બે પુરૂષો એક સ્ત્રીના પતિ બની પણ જાય તો એમના માટે પણ આ બાબત વાદ-વિવાદ અને વૈમનસ્યવાળી છે, તથા ખુલ્લમ-ખુલ્લી બેહયાઈ અને નિર્લજ્જતાની વાત છે. વળી, તેમાં બાળક કોનું તે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે અને નસબ કોના નામથી ચલાવવો તેનો પણ કોઈ માર્ગ નહીં રહે. જ્યારે કોઈ બે પુરુષ કોઈ સ્ત્રી સાથે રહે તો પેદા થનાર અવલાદ તેમાંથી કોઈ એકનો પુત્ર હોવાનું નક્કી કરવાની પદ્ધતિ બાકી નથી. આ પ્રમાણેની નિર્લજ્જતાયુક્ત માંગણીઓ તે લોકો જ કરી શકે છે, જેઓ માનવતાના ઊઘાડા દુશ્મન છે અને જેમના સ્વમાન અને શરમનો જનાઝો નીકળી ચૂક્યો છે. આવા લોકો અવલાદ અને માતા-પિતાના હકોના સંદર્ભમાં અસ્તિત્વમાં આવનારી રહમતો અને કૃપાઓથી સમગ્ર માનવતાને વંચિત કરવાના સમર્થનમાં લાગ્યા છે. જો નસબ અને વંશ જ સાબિત નહીં થાય તો પરસ્પર હકો અને ફરજોની જવાબદારી કોના ઉપર આવશે ?

સ્વાભાવિક રીતે બુદ્ધિ તથા તર્કની દષ્ટિએ જોવામાં આવે તો પણ એક સ્ત્રી માટે અનેક પતિ હોવાની કોઈ છૂટછાટ નજરે પડતી નથી. તેના કારણો નીચે પ્રમાણે છે.

(૧) પતિ-પત્નીના લગ્નસંબંધનો એક હેતુ વંશને આગળ વધારવાનો પણ છે, આ આધારે અનેક સ્ત્રીઓ એક પુરુષથી ગર્ભવતી બની શકે છે પરંતુ એક સ્ત્રી અનેક પુરુષોથી ગર્ભવતી નથી થઈ શકતી અને તે માત્ર એક જ પુરુષથી ગર્ભવતી થઈ શકે છે. માટે અનેક પતિ હોવાના સ્વરૂપમાં એક સિવાય બાકી પતિઓની શક્તિ વ્યર્થ ગઈ અને વાસનાપૂર્તિ સિવાય તેનાથી કંઈ જ લાભ પ્રાપ્ત ન થઈ શક્યો.

(૨) અનુભવોથી સાબિત થયેલ છે કે, સ્ત્રી પુરુષ કરતા નાજુક હોય છે, તે વર્ષના મોટા ભાગમાં સહશયનના યોગ્ય પણ નથી હોતી. અમુક પરિસ્થિતિમાં તેના માટે એક જ પતિના અધિકારો પૂરા કરવા શક્ય નથી હોતા, તો પછી એકથી વધારે પુરૂષોના અધિકારો તેણી કઈ રીતે પૂર્ણ કરી શકે છે ?!

(૩) પુરુષ શારીરિક રીતે સ્ત્રી કરતાં વધારે શરીર સૌષ્ઠવ હોય છે, એટલા માટે જો કોઈ પુરુષની જાતિય શક્તિ સામાન્ય કરતાં વધારે હોય અને એક સ્ત્રીથી તેને સંતોષ ન થઈ શકતો હોય તો તેને જાઇઝ પદ્ધતિથી બે અથવા ત્રણ નિકાહ કરવાનો મૌકો મળવો જોઈએ, નહિતર તે અન્ય નાજાઈઝ પદ્ધતિઓ અપનાવશે અને સમગ્ર સમાજને બગાડી નાંખશે. પરંતુ સ્ત્રી માટે આવો બગાડ ફેલાવવાનો કોઈ ભય નથી.

શરીઅતે ઈસ્લામમાં આ મસ્અલાનું મહત્ત્વ એટલું વધારે છે કે, ન જ ફક્ત કોઈ વ્યક્તિના નિકાહમાં હોય એવી સ્ત્રીના અન્ય કોઈની સાથે નિકાહ કરવા હરામ ઠરાવ્યું બલકે, કોઈ સ્ત્રીને તેનો પતિ તલાક આપી દે અથવા મૃત્યુ પામે તો તેની ઈદ્દત પૂર્ણ થતા સુધી કોઈ અન્ય પુરુષ સાથે તે સ્ત્રીના નિકાહ નથી થઈ શકતા. આ વાક્ય وَالْمُحْصَنٰتُ مِنَ النِّسَآءِ اِلَّا مَامَلَكَتْ اَيْمَانُكُمْ થી આ બાબતમાં અપવાદ છે, તેનો અર્થ એ છે કે, શાદીશુદા સ્ત્રીઓ સાથે કોઈ અન્ય પુરુષના નિકાહ કરવા જાઇઝ નથી. પરંતુ એ કે, જો કોઈ સ્ત્રી બાંદી બનીને કોઈ મુસલમાનની મિલકતમાં આવી જાય, જેનું સ્વરૂપ એવું હોય કે, મુસલમાનોનો દારુલ હરબના કાફિરો સાથે જિહાદ થયો અને ત્યાંથી અમુક સ્ત્રીઓ કેદી તરીકે પકડાઈ, આ સ્ત્રીઓમાં જે સ્ત્રી દારુલ ઈસ્લામમાં લાવવામાં આવી અને તેમના પતિ દારુલ હરબમાં રહી ગયા તો આવી સ્ત્રી માટે દારુલ ઈસ્લામમાં આવવાથી પોતાના આગલા પતિ સાથેના નિકાહ ખતમ થઈ ગયા અને હવે આ ઔરત જો અહલે કિતાબ અથવા મુસ્લિમ હોય તો તેની સાથે દારુલ ઈસ્લામનો કોઈપણ મુસલમાન નિકાહ કરી શકે છે અને જો મુસલમાનોના અમીર તેને બાંદી બનાવીને કોઈ લશ્કરના સૈનિકને ગનીમતના માલ તરીકે વહેંચી આપે તો પણ તેની સાથે સહશયન જાઇઝ છે..... પરંતુ આ નિકાહ અને સહશયન એક માસિક ધર્મ પછી જ જાઇઝ છે અને જો ગર્ભ હોય તો તે ગર્ભના નિકાલ સુધી થોભવું જરૂરી છે.

મસ્અલો :

જો કોઈ કાફિર સ્ત્રી દારુલ હરબમાં મુસલમાન થઈ જાય અને તેનો પતિ કાફિર હોય તો શરીઅતના શાસનકર્તાએ તેના પતિને ઈસ્લામનું આમંત્રણ આપવું જોઈએ અને જો તે મુસલમાન થવાથી ઈન્કાર કરે તો કાઝી તે બંનેને છૂટા પાડી દેશે અને આ છૂટા પાડવું તલાક જ ગણાશે, ત્યાર પછી ઈદ્દત પૂરી કરીને તે સ્ત્રી કોઈ મુસલમાન સાથે નિકાહ કરી શકે છે.

كِتٰبَ اللّٰهِ عَلَيْكُمْ એટલે કે, નિકાહ હરામ હોવાના જે હુકમો વર્ણન કરવામાં આવ્યા છે તેને હરામ હોવાનું અલ્લાહ તઆલા તરફથી નક્કી થયું છે. قَالَ الْقُرْطَبِیُّ اَیْ حُرِّمَتْ هٰذِهِ النِّسَآءُ كِتَابًا مِنَ اللّٰهِ عَلَيْكُمْ،

وَاُحِلَّ لَكُمْ مَّاوَرَآءَ ذٰلِكُمْ એટલે કે, હરામ હોવાના જે હુકમો અત્યાર સુધી આવી ચૂક્યા તેના સિવાય અન્ય સ્ત્રીઓ તમારા માટે હલાલ છે. દાખલા તરીકે, કાકાની પુત્રી, માસીની પુત્રી, મામાની પુત્રી, મામા અથવા કાકાની સાથે નિકાહમાં રહી ચૂકી હોય એવી સ્ત્રી, એટલે કે કાકા અથવા મામાના ઈન્તેકાલ પછી અથવા તેમના તલાક આપ્યા પછી તેમની પત્નીઓ વગેરે, આ પ્રસ્તુત પ્રકારની સ્ત્રીઓ સાથે નિકાહ જાઈઝ છે પરંતુ શરત આ છે કે, આ સ્ત્રીઓ સિવાય અન્ય કોઈ સગપણથી તેઓ હરામ ન થતી હોવી જોઈએ.

એ જ પ્રમાણે જેમની સાથે નિકાહ કરવા જાઈઝ છે, તેમાં પોતાના મ્હોં બોલ્યા પુત્રની પત્ની જ્યારે તે પુત્ર તેણીને તલાક આપી દે અથવા તો મૃત્યુ પામે. એ જ પ્રમાણે પોતાની પત્ની મૃત્યુ પામે તો તેની બહેન સાથે; વગેરે આવા અસંખ્ય સ્વરૂપો અને પરિસ્થિતિઓ બની શકે છે. આ બધા وَرَآءَ ذٰلِكُمْ(વરા-અ ઝાલિકુમ)ના વર્તુળમાં સમાવવામાં આવ્યા છે.

મસ્અલો :

એક સમયે ચાર સ્ત્રીઓથી વધારે સ્ત્રીઓને નિકાહમાં રાખવી જાઈઝ નથી, તેની સ્પષ્ટતા સૂરએ નિસાઅ્ની શરૂઆતમાં જ થઈ ચૂકી છે. નજીકની આયતોમાં તેનું વર્ણન ન જોઈને કોઈને એવી શંકા ન રહેવી જાઈએ કે مَا وَرَآءَ ذٰلِكُمْ ના સામાન્ય હુકમમાં કોઈ અન્ય મર્યાદા સ્ત્રી સાથેના નિકાહના સંદર્ભમાં બાંધવામાં નથી આવી. વળી, અન્ય ઘણા બધા સ્વરૂપો એવા છે જેનું વર્ણન

હદીષની કિતાબોમાં છે અને તેના તરફ આયતોમાં ઈશારા પણ જોવા મળે છે, જેને અમે તફસીરમાં વર્ણન કરી રહ્યા છે.

اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ એટલે કે, હરામ હોવાના હુકમોનું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું છે કે, તમે પોતાના માલ દ્વારા હલાલ સ્ત્રીઓ શોધો અને તેમને પોતાના નિકાહમાં લાવો.

અબૂબક્ર જસ્સાસ (રહ.) "અહકામુલ કુર્આન"માં લખે છે કે, "તેનાથી બે વાતોની જાણ થઈ, એક એ કે, નિકાહ મહરથી ખાલી નથી હોઈ શકતી, (એટલે સુધી કે, જો પતિ-પત્ની પરસ્પર એવું નક્કી કરી લે કે, નિકાહ મહર વગર જ થશે તો પણ મહર જરૂરી છે, જેની સ્પષ્ટતા ફિક્હની કિતાબોમાં વર્ણન થઈ છે) બીજું એ બાબતની જાણ થઈ કે, મહર તે વસ્તુ હોવી જોઈએ જેને માલ કહી શકાય છે."

હનફી લોકોનો મસ્લક એ છે કે, દસ દિરહમથી ઓછી મહર ન હોવી જોઈએ. એક દિરહમ સાડા ત્રણ માશહ (ગ્રામ) ચાંદીનો હોય છે.

مُحْصِنِيْنَ غَيْرَ مُسَافِحِيْنَ એટલે કે, પોતાના માલ દ્વારા હલાલ સ્ત્રીઓને શોધો અને એ સમજી લો કે સ્ત્રીઓની તલાશ ફક્ત ઈજ્જત અને ઈસ્મત સાચવવા માટે છે, જે નિકાહનો મહાન હેતુ છે અને નિકાહ દ્વારા આ બાબતને પ્રાપ્ત કરો. માલ ખર્ચ કરીને વ્યભિચાર કે વાસનાપૂર્તિ માટે સ્ત્રીઓ ન શોધો.

આ બાબતથી જાણ થઈ કે, જો કે વ્યભિચારી વ્યક્તિ પણ માલ ખર્ચ કરે છે, પરંતુ તે માલ ખર્ચ કરવો હરામ છે અને તે માલ દ્વારા જે સ્ત્રીને પ્રાપ્ત કરવામાં આવશે તેની સાથે સહશયન કરવું હલાલ નથી.

શબ્દ غَيْرَ مُسَافِحِيْنَ વધારીને વ્યભિચારની મનાઈ કરવામાં આવી અને એ બાબત તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે, વ્યભિચારમાં ફક્ત વાસનાપૂર્તિ અને પોતાની શહવત પૂરી કરવાનો મકસદ હોય છે. તેનાથી સંતાનપ્રાપ્તિ અને પોતાનો વંશવેલો આગળ વધારવાનો કોઈ ઈરાદો નથી હોતો. મુસલમાનોએ હંમેશા પાક દામન રહેવું જોઈએ અને વંશવેલો વધારવા માટે પોતાની શક્તિને યોગ્ય સ્થળે ખર્ચ કરવી જોઈએ, જેની પદ્ધતિ નિકાહ છે.

فَمَا اسْتَمْتَعْتُمْ بِهٖ مِنْهُنَّ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ فَرِيْضَةً એટલે કે, નિકાહ પછી જે

સ્ત્રીઓ સાથે સહશયન કરી લો તો તેમને મહર આપી દો, આ મહર ફરજ કરવામાં આવી છે.

આ આયતમાં પત્નીઓ સાથે સહશયનનો અર્થ اِسْتِمْتَاعٌ (ઇસ્તિમ્તાઅ્) "શય્યા સુખ" છે, જો ફક્ત નિકાહ થઈ જાય અથવા રુખ્સતી (વિદાય) ન થાય અને પતિને સહશયનનો મૌકો ન મળે બલકે, એ પહેલાં જ તલાક આપી દેવામાં આવે તો અડધી મહર વાજિબ થાય છે અને જો સહશયન (શરીર સુખ)નો મૌકો મળી જાય તો પૂરી મહર આપવી વાજિબ થાય છે. આ આયતમાં ખાસ ધ્યાન દોરવામાં આવ્યું છે કે, જ્યારે નિકાહ પછી સ્ત્રી સાથે સહશયન કરી લેવામાં આવે તો તેને મહર આપવી દરેક પરિસ્થિતિમાં વાજિબ થઈ ગઈ, તેમાં આનાકાની કરવી શરીઅતે ઈસ્લામ વિરૂદ્ધ બાબત છે અને માનવીય સ્વમાનનો પણ એવો તકાદો છે કે, જ્યારે નિકાહનો હેતુ પ્રાપ્ત થઈ ગયો તો પત્નીના અધિકારોમાં આનાકાની કરવી ન જોઈએ. અલબત્ત, શરીઅતે સ્ત્રીને એવો અધિકાર પણ આપ્યો છે કે, જો મહર ઉધાર છે તો મહર વસૂલ કરતા સુધી પતિને પાસે આવવાથી ઈન્કાર કરી શકે છે.

"મુત્આ" હરામ છે :

શબ્દ اِسْتِمْتَاعٌ (ઈસ્તિમ્તાઅ્) એ م - ت - ع થી બને છે, જેનો અર્થ કોઈ લાભ પ્રાપ્ત કરવો થાય છે. કોઈ વ્યક્તિથી અથવા માલથી લાભ પ્રાપ્ત કરવાને اِسْتِمْتَاعٌ (ઈસ્તિમ્તાઅ્) કહેવામાં આવે છે. અરબી કાયદાની રૂએ કોઈ વાક્યના માદહમાં س અને ت નો વધારો કરવામાં આવે તો પ્રાપ્ત કરવાનો હેતુ પૈદા થઈ જાય છે. આ શાબ્દિક સંશોધનના આધારે فَمَا اسْتَمْتَعْتُمْ (ફમસ્તમ્તઅ્તુમ)નો સીધો અર્થ સમગ્ર ઉમ્મત નજીક એ જ છે કે, જે અમે હમણા ઉપર વર્ણન કર્યું છે, પરંતુ એક ફિરકો એવું કહે છે કે, તેની વ્યાખ્યા "મુત્આ" થાય છે અને તે લોકો નજીક આ આયત આવા નિકાહ હલાલ હોવાની દલીલ છે. જ્યારે કે, જેને "મુત્આ" કહેવામાં આવે છે તેનો તો કુર્આને કરીમે સખત શબ્દોમાં રદિયો આપ્યો છે. ઉપરોક્ત આયતના શબ્દ مُحْصِنِيْنَ غَيْرَ مُسَافِحِيْنَ દ્વારા તે રદિયો મૌજૂદ છે, જેની સ્પષ્ટતા આગળ આવી રહી છે.

"મુત્આ"ની વ્યાખ્યા કે જે જાઈઝ હોવાનો એક ફિરકો દા'વો કરે છે, તે એ

છે કે, એક પુરૂષ કોઈ સ્ત્રીને એવું કહે કે હું તારી સાથે આટલા દિવસો માટે આટલા પૈસા દ્વારા અથવા આટલા ઘરેણા દ્વારા "મુત્આ" કરું છું. મુત્આની આ પ્રમાણેની વ્યાખ્યાને આ આયત સાથે કોઈ સંબંધ નથી. ફક્ત "માદએ ઈશ્તિકાક"ને જોઈને આ ફિરકો દા'વો કરે છે કે આ આયતથી "મુત્આ" જાઈઝ હોવાની સાબિતી મળે છે.

પ્રથમ બાબત તો એ છે કે, જ્યારે અન્ય કોઈ અર્થની શક્યતા પણ હોય (જો કે અમારા મતે એવી શક્યતા બિલકુલ જ નથી) તો આ સાબિતી કયા આધારે છે ?

બીજી બાબત એ કે, કુર્આન મજીદે હરામના હુકમો એવું કહીને વર્ણન કર્યા છે કે, "તેના સિવાય પોતે નિયમ પ્રમાણે હલાલ સ્ત્રીઓને તલાશ કરો. એવી હાલતમાં કે ફક્ત વાસનાપૂર્તિનો હેતુ ન હોય," એટલે કે, ફક્ત મનેચ્છાઓ પૂર્ણ કરવાનો કે, આનંદ-પ્રમોદનો મકસદ ન હોય અને સાથે-સાથે مُحۡصِنِيۡنَ (મુહસિનીન)ની શરત પણ લગાવી દીધી છે, એટલે કે આવી શોધખોળમાં હલાલ સ્ત્રીઓની ઈજ્જત, ઈફ્ફત અને ઈસ્મતનું પણ ધ્યાન રાખવાનું છે..... "મુત્આ" કારણ કે એક ચોક્કસ સમય માટે કરવામાં આવે છે, માટે તેમાં સંતાનપ્રાપ્તિનો કોઈ હેતુ હોતો નથી, ન જ ઘરગૃહસ્થી વસાવવાનો હેતુ હોય છે અને આ પદ્ધતિમાં પરસ્પર એકબીજાના વારસામાં પણ કોઈ શામિલ ઠરાવવામાં નથી આવતું અને તેને પત્ની હોવાની વ્યાખ્યામાં પણ ગણવામાં નથી આવતી...... અને કારણ કે મકસદ ફક્ત અને ફક્ત પોતાની મનેચ્છા અને વાસના પૂર્ણ કરવાનો હોય છે, એટલા માટે પુરૂષ અને સ્ત્રી કામચલાઉ ધોરણે નવા-નવા જોડાં તલાશ કરતા રહે છે. જ્યારે પરિસ્થિતિ આવી છે તો "મુત્આ" ઈજ્જત, ઈફ્ફત અને ઈસ્મતનો જામિન કઈ રીતે થઈ શકે છે ? બલકે, તે તો ઈજ્જત, ઈફ્ફત અને ઈસ્મતનો દુશ્મન છે.

કેટલાક લોકોએ હિદાયાના કર્તાએ હઝરત ઈમામ માલિક (રહ.) તરફ આ બાબતનો સંબંધ જોડ્યો છે કે તેમના નજીક "મુત્આ" જાઈઝ છે, પરંતુ આવી નિસ્બત જોડવી બિલકુલ ખોટું છે, જેમકે "શર્હે હિદાયા" અને અન્ય અકાબિરોએ એની સ્પષ્ટતા કરી છે કે, હિદાયાના કર્તાને આ બાબતે કોઈ ગેરસમજ થઈ છે.

અલબત્ત, અમુક લોકો એવો દા'વો કરે છે કે, હઝરત ઈબ્ને અબ્બાસ

(રદિ.) છેવટ સુધી "મુત્આ" હલાલ હોવાનો મત ધરાવતા હતા, જ્યારે કે, એવું કંઈ જ નથી. ઈમામ તિરમિઝી (રહ.)એ "બાબ મા જાઅ ફિન્નિકાહુલ મુત્આ" بَابُ مَا جَاءَ فِي نِكَاحِ الْمُتْعَةِ નું મથાળું બાંધીને બે હદીષો વર્ણન કરી છે. પ્રથમ હદીષ આ છે,

عَنْ عَلِيِّ بْنِ اَبِيْ طَالِبٍ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنْ مُتْعَةِ النِّسَاءِ وَعَنْ لُحُوْمِ الْحُمُرِ الْاَهْلِيَّةِ زَمَنَ خَيْبَرَ

"હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ગઝ્વએ ખયબરના પ્રસંગે સ્ત્રીઓ સાથે મુત્આ કરવાની અને પાલતુ ગધેડાનો માંસ ખાવાની મનાઈ ફરમાવી."

હઝરત અલી (રદિ.)ની આ હદીષ બુખારી અને મુસ્લિમમાં પણ છે.

બીજી હદીષ જે ઈમામ તિરમિઝીએ નકલ કરી છે, તે આ પ્રમાણે છે,

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ اِنَّمَا كَانَتِ الْمُتْعَةُ فِيْ اَوَّلِ الْاِسْلَامِ حَتّٰى اِذَا نَزَلَتِ الْاٰيَةُ اِلَّا عَلٰى اَزْوَاجِهِمْ اَوْمَا مَلَكَتْ اَيْمَانُهُمْ، قَالَ ابْنُ عَبَّاسٍ فَكُلُّ فَرْجٍ سِوَاهُمَا فَهُوَ حَرَامٌ،

"હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે, ફરમાવે છે, મુત્આ ઈસ્લામના શરૂઆતના સમયમાં પ્રચલિત હતો. એટલે સુધી કે આયતે કરીમા اِلَّا عَلٰى اَزْوَاجِهِمْ اَوْمَا مَلَكَتْ اَيْمَانُهُمْ નાઝિલ થઈ તો તે મન્સૂખ (રદ) થઈ ગયું. ત્યાર પછી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, શરઈ રૂએ પત્ની અથવા શરઈ રીતે બાંદી સિવાય દરેક પ્રકારની શર્મગાહો (ગુપ્તાંગો)નો ઉપભોગ હરામ છે."

અલબત્ત, એટલી વાત ચોક્કસ છે કે, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અમુક સમય સુધી "મુત્આ"ને જાઈઝ સમજતા હતા, પછી હઝરત અલી (રદિ.)ના સમજાવવાથી (જેમકે સહીહ મુસ્લિમ જિલ્દ : ૧, પેજ : ૪૫૨ ઉપર છે) આ આયતે શરીફા اِلَّا عَلٰى اَزْوَاجِهِمْ اَوْمَا مَلَكَتْ اَيْمَانُهُمْ થી જાણ કરવામાં આવી તો તેમણે પોતાનો મત બદલી નાંખ્યો. જેમકે, તિરમિઝીની ઉપરોક્ત રિવાયતથી જાણ થાય છે.

આ આશ્ચર્યની વાત છે કે, જે ફિરકો મુત્આ હલાલ હોવાનો મત ધરાવે છે, એ છતાં કે, હઝરત અલી (રદિ.)ના મહોબ્બતના દા'વેદાર અને ફરમાંબરદાર હોવાનો દમ ભરે છે, પરંતુ આ મસ્અલામાં તેઓ તેમનો પણ વિરોધ કરી રહ્યા છે. فَسَيَعْلَمُ الَّذِيْنَ ظَلَمُوْٓا اَىَّ مُنْقَلَبٍ يَّنْقَلِبُوْنَ

''રૂહુલ મઆની''ના કર્તા, કાઝી અયાઝ (રહ.)થી નકલ કરે છે કે, "ગઝ્વએ ખયબર પહેલાં મુત્આ હલાલ હતો, પછી ગઝ્વએ ખયબરમાં હરામ કરવામાં આવ્યો. ત્યાર બાદ ફત્હે મક્કાના દિવસોમાં હલાલ કરવામાં આવ્યો, પરંતુ પછી ત્રણ દિવસ બાદ સદાના માટે હરામ કરવામાં આવ્યો."

વળી, આ બાબત પણ વિચાર કરવા યોગ્ય છે કે, અલ્લાહ તઆલાનો હુકમ وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حَافِظُوْنَ اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ، (ગયૂરુ મલૂમીન) એવો સ્પષ્ટ હુકમ છે, જેમાં તા'વીલ કરવાની કોઈ સંભાવના જ નથી. તેનાથી મુત્આ હરામ હોવાનું સ્પષ્ટ અને સાફ જાહેર થાય છે. એના મુકાબ્લામાં અમુક શબ્દોની રમત રમી તા'વીલો (ખોટા અર્થઘટનો)નો સહારો લેવો સદંતર ખોટી વાત છે.

જેમકે, અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે, اِسْتَمْتَعْتُمْ (ઈસ્તમ્તઅ્તુમ્)થી મુત્આ હોવાની કોઈ કતઈ (ઠોસ) દલીલ નથી. ફક્ત એક શક્યતા જેવું છે. આ શક્યતા اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ ની કતઈ દલીલો વિષયથી કદાપિ વિરોધાભાસી હોઈ જ નથી શકતી અને ધારી લો કે જો બંને દલીલો પોતાની જગ્યાએ મજબૂત અને સરખી છે તો એવું કહેવામાં આવશે કે, બંને દલીલો હલાલ અને હરામ હોવામાં વિરોધાભાસી છે. ધારી લો કે, જો આવો વિરોધાભાસ માની લેવામાં આવે તો પણ માણસની અકલે સલીમ-હકારાત્મક વલણનો તકાદો એ છે કે, હરામને ''મુબાહ'' બાબત ઉપર અગ્રિમતા હોવી જોઈએ.

મસ્અલો :

મુત્આની જેમ અમુક ચોક્કસ સમયની શરત નક્કી કરી કરવામાં આવતા નિકાહ પણ હરામ અને બાતિલ છે. નિકાહ અમુક સમયગાળા માટેની શરત લગાવી નક્કી કરવું એ છે કે, કોઈ ચોક્કસ મુદત સુધી જ નિકાહ નક્કી કરવામાં આવે... અને આ બંનેમાં ફરક એ છે કે, મુત્આમાં શબ્દ મુત્આ બોલવામાં આવે છે

અને આવા નિકાહમાં "નિકાહે મુવક્કત" نِكَاحِ مُوَقَّتُ ના શબ્દથી નિકાહ થાય છે.

وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا تَرَاضَيْتُمْ بِهِ مِنْ بَعْدِ الْفَرِيْضَةِ આયતના આ વાક્યનો ભાવાર્થ એ છે કે, પરસ્પર મહર નક્કી કર્યા પછી નક્કી મહર કાયમી વસ્તુ નથી બની જતી કે તેમાં ઓછું-વત્તું કરવું દુરુસ્ત ન હોય બલકે, પતિ નક્કી મહરમાં પોતાના તરફથી વધારો પણ કરી શકે છે અને પત્ની જો પોતાની ખુશીથી ઈચ્છે તો તેને ઘટાડી પણ શકે છે અને મા'ફ પણ કરી શકે છે. શબ્દોના સામાન્ય અર્થથી જાણ થાય છે કે, સ્ત્રી જો કોઈ ઉધાર મહર નક્કી કરીને પાછળથી તે ઉધાર લેવાનું મંજૂર રાખે તો પણ બરાબર છે, તેમાં કોઈ ગુનોહ નથી.

اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ط આયતના અંતે આ વાક્ય વધારીને એક તો એ બતાવવામાં આવ્યું કે, અલ્લાહ તઆલાને બધી જ ખબર છે. ઉપરોક્ત હુકમોનો જો કોઈ વ્યક્તિ ભંગ કરે તો જો તેની ખબર કાઝી અથવા ઈસ્લામિક શાસનના શાસનકર્તા અથવા કોઈ અધિકારી અથવા કોઈ અન્ય વ્યક્તિને ન પણ હોય; પરંતુ અલ્લાહ તઆલાને આ બધી જ ખબર છે અને આ બાબતથી દરેક પરિસ્થિતિમાં ડરતા રહેવું જોઈએ.

એ પણ બતાવવામાં આવ્યું કે, જે હુકમો કરવામાં આવ્યા છે તે બધા જ કોઈને કોઈ હિકમત ઉપર આધારિત છે. હિકમત તે ઉચ્ચ પ્રકારની બાબત છે જે દરેક વ્યક્તિની સમજમાં નથી આવી શકતી. હરામ અને હલાલના હુકમો જે પ્રસ્તુત આયતમાં આવ્યા છે, તેનું વિશ્લેષણ કોઈની સમજમાં આવે કે ન આવે દરેક પરિસ્થિતિમાં તેને માનવું જરૂરી છે. આપણે આ બધી "જો-તો" સમજવાની પળોજણમાં પડવાની જરૂર નથી. કારણ કે, અલ્લાહ તબારક વ તઆલાને બધી જ ખબર છે, તે સર્વજ્ઞ છે અને મહાન હિકમતવાળો પણ છે.

આધુનિક યુગના અમુક ભણેલા જાહિલ લોકો અલ્લાહના હુકમોમાં આવા "જો-તો" અને વિશ્લેષણો શોધ્યા કરે છે અને જો કોઈ બાબત સમજમાં નથી આવતી તો નઊઝુબિલ્લાહ ! અલ્લાહના હુકમને અયોગ્ય ઠરાવે છે અથવા તો હાલની પરિસ્થિતિઓના તકાદાઓના ખિલાફ હોવાનું કહીને ટાળી દે છે. અત્રે આ શબ્દો દ્વારા એવા લોકોનું મોઢું બંધ કરવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે, તમે નાદાન છો, અલ્લાહ જલ્લ શા'નુહુ સર્વજ્ઞ છે, તમે નાસમજ છો અને

અલ્લાહ મહાન હિકમતવાળો છે. પોતાની સમજના મર્યાદિત માપદંડને અલ્લાહની મહાન હક્કાનિયત તોલવાનો કાંટો ન બનાવો. وَاللّٰهُ اَعْلَمُ وَ عِلْمُهٗ اَتَمُّ وَاَحْكَمُ

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૨૫)

وَمَنْ لَّمْ يَسْتَطِعْ مِنْكُمْ طَوْلًا اَنْ يَّنْكِحَ الْمُحْصَنٰتِ الْمُؤْمِنٰتِ فَمِنْ مَّا مَلَكَتْ
اَيْمَانُكُمْ مِّنْ فَتَيٰتِكُمُ الْمُؤْمِنٰتِ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِكُمْ ؕ بَعْضُكُمْ مِّنْۢ بَعْضٍ ۚ
فَانْكِحُوْهُنَّ بِاِذْنِ اَهْلِهِنَّ وَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ بِالْمَعْرُوْفِ مُحْصَنٰتٍ غَيْرَ
مُسٰفِحٰتٍ وَّلَا مُتَّخِذٰتِ اَخْدَانٍ ۚ فَاِذَآ اُحْصِنَّ فَاِنْ اَتَيْنَ بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ
نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ الْعَذَابِ ؕ ذٰلِكَ لِمَنْ خَشِيَ الْعَنَتَ مِنْكُمْ ؕ
وَاَنْ تَصْبِرُوْا خَيْرٌ لَّكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٥﴾ ع

તરજુમો :

અને જો કોઈ તમારામાંથી શક્તિ ધરાવતો ન હોય કે તે મુસલમાન (આઝાદ) સ્ત્રીઓ સાથે નિકાહ કરે, તો જે તમારી આપસની મુસલમાન બાંદીઓ તમારી મિલકત (કબજા)માં હોય તેમની સાથે નિકાહ કરો; અને અલ્લાહ તમારા ઈમાન(ની હાલત)ને ખૂબ જાણે છે, તમે આપસમાં એક જ (સરખા) છો; બસ, તેમના માલિકોની પરવાનગીથી તેમની સાથે નિકાહ કરો અને તેમની મહર કાયદા મુજબ આપો; (તે નિકાહના) બંધનમાં (પત્ની તરીકે) આવનારીઓ (હોય), ન કે વાસના સંતોષનારીઓ કે ગુપ્ત મૈત્રી કરનારીઓ હોય, પછી જ્યારે (તેણીઓ નિકાહના) બંધનમાં આવી જાય પછી જો નિર્લજ્જતાનું કૃત્ય આચરે તો તેમના ઉપર અડધી સજા છે જે આઝાદ સ્ત્રીઓ ઉપર છે; આ તેના માટે છે કે જે કોઈ તમારામાંથી (વ્યભિચારની) તકલીફમાં પડવાથી ડરે; અને તમે સબ્ર કરો તો તમારા હકમાં અતિઉત્તમ છે; અને અલ્લાહ ઘણો મા'ફ કરનાર, મહેરબાન છે. (૨૫)

આયતનો ક્રમ અને ગોઠવણી :

ઉપરથી નિકાહના હુકમોનું વર્ણન થઈ રહ્યું છે, એટલા માટે તેના સંદર્ભમાં હવે શરઈ બાંદીઓ સાથે નિકાહ કરવાનું વર્ણન શરૂ થયું છે અને પછી તેમના વિષે વ્યભિચારની "હદ" (શિક્ષા)નું પણ વર્ણન કરવામાં આવ્યું કે, બાંદીઓ અને ગુલામોની શિક્ષા આઝાદ પુરુષો અને સ્ત્રીઓ કરતાં અલગ પ્રકારની હોય છે.

તફસીર :

અને જે વ્યક્તિ તમારામાં પૂરી શક્તિ (અને ક્ષમતા) ન ધરાવતો હોય કે આઝાદ સ્ત્રીઓ સાથે નિકાહ કરે તો પોતાના (અંદર)માંથી મુસલમાન બાંદીઓ કે જેઓ તમારા લોકોની (શરઈ) મિલકતમાંથી છે નિકાહ કરી લે (કારણ કે મોટા ભાગે બાંદીઓની મહર વગેરે ઓછું હોય છે અને તેમને ગરીબની સાથે નિકાહ કરાવી આપવામાં કોઈ આક્ષેપ પણ નહીં રહે) અને (બાંદીઓ સાથે નિકાહ કરવામાં ક્ષોભ ન રાખે કારણ કે, શરીઅતની રૂએ શક્ય છે કે, તે તમારાથી બિલકુલ શ્રેષ્ઠ હોય કારણ એ છે કે, શ્રેષ્ઠતાનો આધાર દીન અને ઈમાન છે અને) તમારા ઈમાનની સંપૂર્ણ હાલત અલ્લાહને જ ખબર છે (કે તેમાંથી કોનું ઈમાન ઉચ્ચ કક્ષાનું છે અને કોનું નિમ્ન કક્ષાનું, કારણ કે ઈમાનનો સંબંધ દિલ સાથે છે જેની સંપૂર્ણ જાણકારી માત્ર અલ્લાહને જ છે અને દુનિયાની રૂએ નિકાહનું મોટું કારણ વંશવેલો આગળ વધારવો હોય છે, તો તેમાં જે વંશ આગળ વધવા માટેના મૂળમાં જવાબદાર હઝરત આદમ અલૈ. અને હઝરત હવ્વા અલૈ.ની ઔલાદ હોવાના આધારે) તમે બધા પરસ્પર એકબીજાના સમકક્ષ છો (પછી સૂગનું કોઈ કારણ ન હોવું જોઈએ) બસ, (જ્યારે સૂગનું કોઈ કારણ નથી રહ્યું તો આવશ્યકતા હોય એવા સમયે) તેમની સાથે નિકાહ કરી લો (પરંતુ શરત એ પણ છે કે) તેમના માલિકોની પરવાનગીથી (આવા નિકાહ થાય) અને તેઓ(ના તે માલિકો)ને તેમની મહર (શરઈ) કાયદા પ્રમાણે આપી દો (અને આ મહર આપવી) એ પ્રમાણે (હોય) કે તેને પત્ની બનાવવામાં આવે, ન તો વ્યભિચાર માટે હોય અને ન જ ગુપ્ત રીતે મૈત્રી કરનારીઓ હોય (એટલે કે, તે મહર નિકાહ પ્રમાણે હોય અને ન તો વ્યભિચારના વળતર સ્વરૂપે, જો એવું હશે તો તે હલાલ નહીં થાય,) પછી જ્યારે તે બાંદીઓને પત્ની બનાવવામાં આવે, ત્યારબાદ જો કોઈ જઘન્ય

નિર્લજ્જતાનું કૃત્ય આચરે (એટલે કે વ્યભિચાર કરે) તો (શરઈ સાબિતી થઈ ગયા પછી અને જો તેણીઓ મુસલમાન હોય તો) તેમના ઉપર અડધી સજા (લાગુ) કરવામાં આવશે, કે જે (કુંવારી) સ્વતંત્ર સ્ત્રીને કરવામાં આવે છે, (જેમકે નિકાહ પહેલાં પણ બાંદીઓની આ જ સજા હતી અને એ જ પ્રમાણે ગુલામોની પણ) આ (બાંદીઓ સાથે નિકાહ કરવા) તે વ્યક્તિ માટે (યોગ્ય) છે જે તમારામાં (જાતીય આવેગોથી ત્રાસેલો હોય અને આઝાદ સ્ત્રીઓ તેને ન મળી શકવાના કારણે) વ્યભિચાર(માં સપડાઈ જવા)ની આશંકા રાખતો હોય (અને જેને આવો ભય ન હોય તેના માટે આવું કરવું યોગ્ય નથી) અને (જો આવા ભયની પરિસ્થિતિમાં પણ પોતાના નફ્સ ઉપર કાબૂ ધરાવતો હોય તો) તમારા માટે સબ્ર કરવી અતિઉત્તમ છે (તે બાંદીઓ સાથે નિકાહ કરવા કરતાં); અને (આ રીતે) અલ્લાહ તઆલા મોટો મા'ફ કરનારો છે (જો સૂગની પરિસ્થિતિમાં પણ નિકાહ કરી લીધા તો તેની કોઈ પકડ નહીં કરે અને તે) મોટો દયાળુ છે (કે હરામ હોવાનો હુકમ ન કર્યો).

મસ્અલા અને બોધપાઠ :

طَوْلْ (તવ્લ) શક્તિ અને સામર્થ્યને કહે છે. આયતનો ભાવાર્થ એ છે કે, જે વ્યક્તિની આઝાદ સ્ત્રીઓ સાથે નિકાહ કરવાની શક્તિ ન હોય અથવા તેમની પાસે ઘરગૃહસ્થી માટે આવશ્યક ભૌતિક સાધનો ઉપલબ્ધ ન હોય, તો બાંદીઓ સાથે નિકાહ કરી શકે છે. આથી જાણ થઈ કે, જ્યાં સુધી શક્ય હોય સ્વતંત્ર સ્ત્રી સાથે જ નિકાહ કરવા જોઈએ, શક્ય હોય ત્યાં સુધી બાંદીઓ સાથે નિકાહ ન કરે અને જો બાંદીઓ સાથે નિકાહ કરવાની આવશ્યકતા ઊભી થાય તો મો'મિન બાંદી જ તલાશ કરે.

હઝરત ઈમામ અબૂ હનીફા (રહ.)નો આ જ મત છે કે, આઝાદ સ્ત્રી સાથે નિકાહની શક્તિ ધરાવતા હોય તો બાંદી સાથે નિકાહ કરી લેવા અથવા અહલે કિતાબ ધર્મ પાળતી બાંદી સાથે નિકાહ કરવા મકરૂહ (તિરસ્કૃત) છે.

અને હઝરત ઈમામ શાફઈ તથા અન્ય ઈમામો નજીક આઝાદ સ્ત્રીઓ સાથે નિકાહની શક્તિ હોવા છતાં બાંદીઓ સાથે નિકાહ કરવા હરામ છે અને અહલે કિતાબની બાંદીઓ સાથે નિકાહ કરવા સદંતર જાઈઝ નથી.

જો કે, બાંદીઓ સાથે નિકાહ કરવાથી બચવું, આઝાદ પુરુષ માટે દરેક પરિસ્થિતિમાં બહેતર છે અને જો મજબૂરીથી નિકાહ કરવા પડે તો મો'મિન બાંદી સાથે જ નિકાહ કરે. તેનું કારણ એ છે કે, બાંદીના પેટથી જો ઔલાદ પૈદા થશે તો તે ઔલાદ તે વ્યક્તિની ગુલામ હોય છે જે બાંદીનો માલિક હોય છે અને ગૈરમો'મિન બાંદીની જે ઔલાદ થશે તો સંભવિત છે કે તે તેની માતાની જેમ અન્ય ધર્મ અપનાવે, એટલા માટે ઔલાદને ગુલામીથી બચાવવા માટે અને મો'મિન બનાવવા માટે એ જરૂરી છે કે, બાળકોની માતા આઝાદ હોય અને જો બાંદી હોય તો ઓછામાં ઓછું મો'મિન હોવી જરૂરી છે. જેથી બાળકોનું ઈમાન સુરક્ષિત રહે. એટલા માટે ઉલમાએ કિરામ ફરમાવે છે કે, અહલે કિતાબ સ્ત્રી જે સ્વતંત્ર હોય તેની સાથે જો કે, નિકાહ કરવા જાઈઝ છે પરંતુ તેનાથી બચવું ઉત્તમ છે અને આ યુગમાં તો તેની અગત્યતા ઘણી જ વધી જાય છે. કારણ કે યહૂદી અને ઈસાઈઓની સ્ત્રી મોટે ભાગે મુસલમાનો સાથે એટલા માટે નિકાહ કરે છે કે, પોતે પતિને અને પતિની ઔલાદને પોતાના ધર્મ ઉપર લાવી દે.

પછી ફરમાવ્યું, وَاللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِكُمْ بَعْضُكُمْ مِنْ بَعْضٍ એટલે કે, અલ્લાહ તઆલાને તમારા ઈમાનની ખૂબ જાણકારી છે. ઈમાન શ્રેષ્ઠતાનો આધાર છે, અમુક સમયે ગુલામ અને બાંદીઓ ઈમાની શ્રેષ્ઠતામાં આઝાદ પુરૂષો અને સ્ત્રીઓ કરતાં વધી જાય છે. એટલા માટે મો'મિન બાંદી સાથે નિકાહ કરવાને સુગની દૃષ્ટિથી જોવામાં ન આવે. બલકે, તેના ઈમાનની કદર કરે.

આયતના અંતે ફરમાવ્યું, بَعْضُكُمْ مِنْ بَعْضٍ એટલે કે, આઝાદ અને ગુલામ બધા એક જ જાતિ એટલે કે, આદમ (અલૈ.)ની ઔલાદ છે અને બધા એક જ પિતા એટલે કે આદમ (અલૈ.)થી પૈદા થયા છે. એટલા માટે શ્રેષ્ઠતાનો આધાર ઈમાન અને તકવો છે. قَالَ فِى الْمَظْهَرِىِّ فَهَاتَانِ الْجُمْلَتَانِ لِتَأْنِيْسِ النَّاسِ بِنِكَاحِ الْاِمَاءِ وَمَنْعِهِمْ عَنِ الْاِسْتِنْكَافِ مِنْهُنَّ، એટલે કે, આ બંને વાક્યોનો ભાવાર્થ એ છે કે, લોકોને બાંદીઓ સાથે નિકાહ કરવાની પ્રેરણા મળે અને તેમની સાથે નિકાહ કરવાને સુગની દૃષ્ટિથી ન જુએ.

فَانْكِحُوْهُنَّ بِاِذْنِ اَهْلِهِنَّ وَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ بِالْمَعْرُوْفِ એટલે કે, બાંદીઓ સાથે નિકાહ તેમના માલિકોની પરવાનગીથી કરો અને તે પરવાનગી ન આપે તો બાંદીઓ સાથે નિકાહ કરવા યોગ્ય ન હશે. એટલા માટે કે, બાંદીઓ પોતે પોતાની

જાત ઉપર વાલીપણાનો અધિકાર ધરાવતી નથી હોતી. આવો જ હુકમ ગુલામો માટે પણ છે કે, તેઓ પોતાના માલિકોની પરવાનગી વગર નિકાહ કરી શકતા નથી.

પછી ફરમાવ્યું કે, બાંદીઓ સાથે નિકાહ કરો તો તેમની મહર ખુશી-ખુશી નિયમ પ્રમાણે અદા કરી દો. એટલે કે આનાકાની ન કરો અને પૂરી મહર અદા કરો, બાંદી સમજીને આ બાબતે તેમને તકલીફ ન આપો.

આ બાબતે ઈમામ માલિક (રહ.)નો મત એ છે કે, "મહર બાંદીનો અધિકાર છે." બીજા ઈમામો ફરમાવે છે કે, "બાંદીને મહરનો જે માલ મળશે તેનો માલિક પણ બાંદીનો આકા (માલિક) જ છે."

مُحْصَنٰتٍ غَيْرَ مُسٰفِحٰتٍ وَّلَا مُتَّخِذٰتِ اَخْدَانٍ એટલે કે, 'મો'મિન બાંદીઓ સાથે નિકાહ કરો, તે એવી હાલતમાં કે, તેણીઓ પાક દામન હોય. ન તો વ્યભિચારણી હોય કે, જે ખુલ્લમ-ખુલ્લા વ્યભિચારના દુષ્કૃત્ય આચરતી હોય અને ન તો ગુપ્ત રીતે આવા દુરાચારમાં સપડાયેલી હોય.' બસ, આ સ્થળે બાંદીઓ વિશે ફરમાવવામાં આવ્યું છે કે, નિકાહ માટે પવિત્ર અને શુદ્ધ ચારિત્ર્યવાન બાંદીઓને તલાશ કરો, એ જ રીતે આઝાદ સ્ત્રીઓ જો વ્યભિચારણી હોય તો તેમની સાથે નિકાહ કરવાથી બચવાની કાળજી લેવી વધારે શ્રેષ્ઠ અને ઉત્તમ છે.

જેમકે, આ આયતથી જાણ થઈ કે જો આઝાદ (સ્વતંત્ર-ગુલામ ન હોય એવી) સ્ત્રી સાથે નિકાહ કરવાની શક્તિ ન હોય તો બાંદીઓ સાથે નિકાહ કરો, તેનાથી આ સાબિત થયું કે, "મુત્આ" કરવા જાઈઝ નથી. એટલા માટે કે, જો "મુત્આ" જાઈઝ હોત તો આઝાદ સ્ત્રીઓ ઉપલબ્ધ ન હોવાની હાલતમાં કોઈપણ વ્યક્તિ માટે સૌથી સરળ માર્ગ "મુત્આ" કરવાનો હતો કે, તેમાં જાતીય વાસનાપૂર્તિ પણ થાય છે અને તેનાથી આર્થિક ભાર પણ નિકાહ કરતાં ઓછો પડે છે.

વળી આયત مُحْصَنٰتٍ غَيْرَ مُسٰفِحٰتٍ સાથે બાંદીઓના નૈતિક અને ચારિત્ર્ય સંબંધિત લક્ષણો પણ વર્ણવી દીધા છે અને મુત્આની પરિસ્થિતિમાં તો આવી શક્યતા જ નથી, કેમકે એક સ્ત્રી લાંબા સમય સુધી અનેક પુરુષોના

સહવાસમાં આવે છે અને એ કારણે, બાળક કોનું છે તે પણ નક્કી નથી કરી શકાતું. એટલા માટે વંશવેલો વધારવાનો લાભ પણ પ્રાપ્ત નથી થતો અને દરેકની શક્તિ માત્ર વાસના સંતોષવામાં જ વ્યર્થ વેડફાય જાય છે.

પછી ફરમાવ્યું, فَاِذَآ اُحْصِنَّ فَاِنْ اَتَيْنَ بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ الْعَذَابِ એટલે કે, જ્યારે બાંદીઓ.... નિકાહમાં આવી ગઈ અને તેમના પવિત્ર રહેવાનો અને ચારિત્ર્યની શુદ્ધિનો બંદોબસ્ત થઈ ગયો તો હવે જો તેણીઓ વ્યભિચાર કરી બેશે તો સ્વતંત્ર સ્ત્રીઓ માટે જે સજા નક્કી કરવામાં આવી છે તેની અડધી સજા મળશે. એનો ભાવાર્થ અત્રે શાદીશુદા (પરણેલ) ન હોય એવી કુંવારી સ્ત્રીઓ અને શાદીશુદા ન હોય એવા કુંવારા પુરૂષો છે. જો ગેરશાદીશુદા (અપરણિત) આઝાદ કુંવારા પુરુષ અથવા સ્ત્રી વ્યભિચારનું દુષ્કૃત્ય આચરે તો તેને ઈસ્લામી હુકૂમતના માધ્યમ દ્વારા સો કોરડા મારવામાં આવશે, જેનું વર્ણન સૂરએ નૂરની બીજી આયતમાં છે પરંતુ જો કોઈ શાદીશુદા પુરુષ અથવા સ્ત્રી વ્યભિચાર આચરે તો તેની સજા "રજમ" છે. એટલે કે, તેમને પથ્થર મારી-મારીને મારી નાંખવામાં આવશે. કારણ કે, રજમમાં શિક્ષા અડધી કરવાનું કોઈ સ્વરૂપ નથી હોઈ શકતું, એટલા માટે ચારે ઈમામોનો મત એ જ છે કે, ગુલામ અથવા બાંદી ભલે શાદીશુદા હોય અથવા કુંવારા હોય, જો તેમનાથી વ્યભિચારનું દુષ્કૃત્ય થઈ જાય તો તેમની સજા પચાસ (૫૦) કોરડા છે. બાંદીઓનો હુકમ તો આયતમાં ઉપસ્થિત છે અને દલીલ સ્વરૂપે "નસ" આધારે ગુલામનો મસ્અલો પણ આ જ પ્રમાણે સમજવામાં આવશે.

ذٰلِكَ لِمَنْ خَشِيَ الْعَنَتَ مِنْكُمْ એટલે કે બાંદીઓ સાથે નિકાહ કરવાની પરવાનગી એવા વ્યક્તિ માટે છે જેને વ્યભિચારમાં સંડોવાઈ જવાનો ભય હોય.

وَاَنْ تَصْبِرُوْا خَيْرٌ لَّكُمْ એટલે કે, વ્યભિચારમાં સંડોવાય જવાની સંભાવના હોવા છતાં જો કોઈ મક્કમતાપૂર્વક ધીરજ ધરી ધૈર્ય રાખે અને સબ્ર કરે તથા પોતાના ચારિત્ર અને નૈતિકતાને પવિત્ર રાખે તો આ બાબત બાંદીઓ સાથે નિકાહ કરવા કરતાં અતિઉત્તમ છે.

આયતના છેવટમાં ફરમાવવામાં આવ્યું, وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ એટલે કે, બાંદીઓ સાથે નિકાહ કરવા મકરૂહ છે અને જો આવી કરાહત ઉપર અમલ કરી

લેશો તો પણ અલ્લાહ મા'ફ કરનારો છે અને તે દયાળુ પણ છે. કારણ કે, તેણે બાંદીઓ સાથે નિકાહ કરવાની પરવાનગી આપી દીધી છે અને તેને હરામ નથી ઠરાવ્યું.

ફાયદો :

ઉપરોક્ત આયતની તફસીરમાં જે ગુલામો અને બાંદીઓનું વર્ણન આવ્યું છે તેનાથી શરઈ ગુલામ અને શરઈ બાંદીઓ ભાવાર્થ સ્વરૂપે છે. જે કાફિર પુરુષો અથવા સ્ત્રીઓ જિહાદમાં કેદી બનાવી લેવામાં આવતા હતા અને મો'મિનોના અમીર તેમને મુજાહિદોમાં વહેંચી દેતા હતા. આ કેદીઓ ગુલામ અથવા બાંદી બની જતા હતા, પછી તેમનો વંશ પણ ગુલામ જ રહેતો હતો. (અમુક સ્વરૂપો તેમાં અપવાદરૂપ છે) જેનું વિગતવાર વર્ણન ફિક્હની કિતાબોમાં મૌજૂદ છે. જ્યારથી મુસલમાનોએ શરઈ પદ્ધતિથી જિહાદ કરવાનું છોડી દીધું છે અને પોતાના જિહાદ, સુલેહ તથા યુદ્ધનો આધાર દીનના દુશ્મનોના ઈશારાઓ ઉપર અને તેમના હિતો સાચવવા માટે રાખ્યો છે તથા ગૈરશરઈ સિદ્ધાંતોના પાબંદ બની ગયા છે, તે સમયથી ગુલામ અને બાંદીઓથી પણ વંચિત થઈ ગયા છે. હાલમાં જે સેવકો અથવા ઘરોમાં કામ કરનારી નોકરડીઓ હોય છે તેઓ ગુલામ કે બાંદી નથી, એટલા માટે તેઓ આઝાદ છે.

અમુક વિસ્તારોમાં બાળકોને વેચી દેવામાં આવે છે અને તેમને ગુલામ બનાવવામાં આવે છે, આ સદંતર હરામ છે અને આવું બાળક ખરીદવાથી તે ગુલામ કે બાંદી નથી બની જતું.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૨૬-૨૭-૨૮)

يُرِيْدُ اللّٰهُ لِيُبَيِّنَ لَكُمْ وَيَهْدِيَكُمْ سُنَنَ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ وَيَتُوْبَ عَلَيْكُمْ ۭ
وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٢٦﴾ وَاللّٰهُ يُرِيْدُ اَنْ يَّتُوْبَ عَلَيْكُمْ ۣ وَيُرِيْدُ الَّذِيْنَ
يَتَّبِعُوْنَ الشَّهَوٰتِ اَنْ تَمِيْلُوْا مَيْلًا عَظِيْمًا ﴿٢٧﴾ يُرِيْدُ اللّٰهُ اَنْ يُّخَفِّفَ عَنْكُمْ ۚ
وَخُلِقَ الْاِنْسَانُ ضَعِيْفًا ﴿٢٨﴾

તરજુમો :

અલ્લાહ ઈચ્છે છે કે, તમારા માટે (હુકમોને સ્પષ્ટ રીતે) વર્ણન કરે અને તમારાથી આગલા (નબી)ઓના તરીકાઓ ઉપર ચલાવે અને તમને મા'ફ કરે, અને અલ્લાહ સર્વજ્ઞ (અને) બહુ હિકમતવાળો છે. (૨૬) અને અલ્લાહ ઈચ્છે છે કે, તે તમારા ઉપર કૃપા દષ્ટિ કરે અને જે લોકો મનેચ્છાઓ (મોજમજાઓ)નું અનુસરણ કરે છે તેઓ ઈચ્છે છે કે, તમે (સીધા માર્ગથી) ઘણા દૂર જઈ (ભટકી) પડો. (૨૭) અલ્લાહ ઈચ્છે છે કે, તમારા ઉપરથી ભાર હળવો કરે; અને મનુષ્યને કમજોર (અશક્ત) પેદા કરવામાં આવ્યો છે. (૨૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં હુકમોની સ્પષ્ટતા આવી હતી. આ આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહુ પોતાના ઈનામ અને અહેસાન બતાવે છે અને એ કે, તે હુકમોની શરતોમાં તમારા માટે નફો અને સુધારણાની બાબતો રાખવામાં આવી છે અને ભલે, તમે તેની વિગતોને ન સમજી શકો ! પછી સાથે-સાથે તે હુકમોના અમલ કરવાની પ્રેરણા પણ આપવામાં આવી છે તથા ગુમરાહો અને નાપાક ઈરાદાઓ ધરાવનારાઓ વિશે ચેતવણી આપવામાં આવી છે કે, એ લોકો તમારું અહિત ઈચ્છનારા લોકો છે તેઓ તમને સીધા માર્ગથી ભટકાવવા માંગે છે.

તફસીર :

અલ્લાહ તઆલાને (આ ઉપરોક્ત વિષયોના વર્ણન કરવાથી કે, આ પ્રમાણેના અન્ય વિષયોથી કોઈ પોતાના લાભનો હેતુ નથી, તે અતાર્કિક બાબત છે બલકે, તેને તો તમને લાભ પહોંચાડવા માટે) એ મંજૂર છે કે (હુકમોની આયતોમાં તો) તમને (તમારા હિત સંબંધી હુકમો) વર્ણન કરી આપે અને (કિસ્સાઓની આયતોમાં) તમારાથી અગાઉના લોકોના અહેવાલ તમને બતાવી આપે (જેથી તમને અનુસરણ કરવાની પ્રેરણા જાગે અને એ માર્ગદર્શન વિરૂદ્ધ જવાનો ભય લાગે) અને (આ બધા ખુલાસાનો હેતુ એ છે કે) તમારા ઉપર (રહમતની સાથે) ધ્યાન કેન્દ્રિત કરે (અને તે ધ્યાન કેન્દ્રિત કરવું એ જ અર્થમાં છે કે, જેમાં બધે-બધો બંદાઓને જ લાભ છે, જેમકે વર્ણન થયું) અને અલ્લાહ

તઆલા સર્વજ્ઞ છે (કે બંદાઓના હિતોને જાણે છે), મહાન હિકમતવાળો છે (કે વિના માંગણીએ આવા હિત પૂરા કરે છે) અને અલ્લાહ તઆલાને તો (હુકમો અને કિસ્સાઓને વર્ણન કરવામાં જેમકે હમણા વર્ણન થઈ ચૂક્યું) તમારી પરિસ્થિતિ ઉપર (રહમતની સાથે) તવજ્જુહ (ધ્યાન) આપવાનું મંજૂર છે અને જે લોકો (કાફિરો અને દુરાચારીઓમાંથી) મનેચ્છાના પૂજારી છે, તેઓ એવું ઇચ્છે છે કે તમે (સીધા માર્ગથી) ખૂબ દૂર ભટકી જાઓ (અને તેમના જેવા થઈ જાઓ જેથી તેઓ પોતાની ફાસિદ ગુમરાહ વિચારસરણીને મુસલમાનોના કાનોમાં નાંખતા રહેતા હતા.... અલ્લાહ તઆલાના હુકમોમાં જે પ્રમાણે તમારું હિત છે તે પ્રમાણે તમારા માટે સરળતા ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું છે, જેમકે ઇરશાદ થયો છે) અલ્લાહ તઆલાને (હુકમોમાં) તમારી સાથે સરળતા કરવી મંજૂર છે અને (તેનું કારણ એ છે કે) મનુષ્ય (તકલીફો વેઠવામાં અને હિંમતમાં બંને રીતે) અશક્ત સર્જવામાં આવ્યો છે (તેની આ કમજોરી પ્રમાણે યોગ્ય હુકમો નક્કી કર્યા છે. નહિતર રિઆયત અને મસ્લિહતના આધારે થોડા સખત હુકમો નક્કી કરવા પણ કોઈ વાંધાજનક ન હતું, પરંતુ અલ્લાહે બંને બાબતો એટલે કે, તકલીફો વેઠવાની હિંમત અને માણસની શક્તિ બંનેને ધ્યાનમાં રાખ્યું છે અને આ બધું જ તેના જ્ઞાન, હિકમત, દયા અને તેની લાગણી ઉપર આધારિત છે).

મસ્અલા અને બોધપાઠ :

નિકાહના ઘણા હુકમો વર્ણન કર્યા પછી આ આયતોમાં એવું બતાવવામાં આવ્યું છે કે, અલ્લાહ પાક સ્પષ્ટ રીતે ખૂબ ખોલી-ખોલીને તમારા માટે હુકમો વર્ણન કરે છે અને અંબિયા (અલૈ.) તથા નેક પૂર્વજોના તરીકાઓનું માર્ગદર્શન આપે છે. તમે એવું ન સમજો કે, આ હલાલ અને હરામની વિગતો ફક્ત તમારા જ માટે છે બલકે, તમારાથી અગાઉ જે ઉમ્મતો ગુજરી ચૂકી છે તેમને પણ આ જ રીતે હુકમો બતાવવામાં આવ્યા હતા, જેમણે અમલ કર્યો તેઓ અલ્લાહના ખાસ વહાલા બંદાઓ બની ગયા.

જે લોકો પોતાની મનેચ્છાઓ, વાસના અને વ્યભિચારના દુરાચારમાં પડી ગયા અથવા તે પ્રજાઓ અને બાતિલ ધર્મના અનુયાયીઓ જેમના નજીક હલાલ અથવા હરામ કોઈ બાબત નથી, તેઓ તો તમને પણ સીધા માર્ગથી હટાવીને પોતાના ખોટા ઇરાદાઓ તરફ દોરવા માંગે છે, તમે તેમનાથી હોશિયાર રહેજો.

અમુક ધર્મોમાં પોતાની મહરમ સ્ત્રીઓ સાથે પણ નિકાહ કરી લેવા દુરુસ્ત સમજી લેવામાં આવે છે અને ઘણા મુલ્હિદો આ યુગમાં પણ નિકાહની પ્રથાને ખતમ કરવાનો મત પણ ધરાવે છે અને અમુક દેશોમાં સ્ત્રીઓને બધાની સંયુક્ત મિલકત ઠરાવવાની વાતો પણ થઈ રહી છે. આ વાતો તે લોકો કરે છે, જેઓ નખશિખ મનેચ્છાઓના ગુલામ હોય છે. ઈસ્લામનો કલિમો પઢનારા અમુક ઈમાનના કમજોર લોકો જેઓ આ મુલ્હિદો સાથે ઊઠે-બેસે છે તેઓ તેમની વાતોમાં આવી જઈને પોતાના દીન પ્રત્યે અપરાધભાવ ધરાવવા લાગે છે અને દુશ્મનોની વાતોને માનવતાની પ્રગતિ સમજી બેસે છે. અમુક અજ્ઞાનપણે જ અને ફક્ત નરી કલ્પનાઓના આધારે જ દીવા-સ્વપ્નોમાં રાચે છે કે, જે રીતે આ લોકો આઝાદ વિચારસરણી ધરાવે છે, કાશ ! અમારો દીન પણ આવી પરવાનગી આપતો હોત! નઊઝુબિલ્લાહ ! અલ્લાહ પાક ચેતવણી આપે છે કે, તમે લોકો આ દુરાચારી દુષ્ટોથી અને તમારા પ્રત્યે સુગ અને નફરત ધરાવતી વિચારસરણીથી દૂર રહેજો.

પછી ફરમાવ્યું, يُرِيْدُ اللّٰهُ اَنْ يُّخَفِّفَ عَنْكُمْ અલ્લાહ પાક તમારા ઉપર હુકમોને સરળ અને હળવા કરવા ઈચ્છે છે. તમારી તકલીફોને દૂર કરવા માટે નિકાહ વિશે એવા સરળ અને હળવા હુકમો આપ્યા, જેના ઉપર બધા જ અમલ કરી શકે છે અને જો આઝાદ સ્ત્રીઓ સાથે નિકાહ કરવાની શક્તિ ન હોય તો બાંદીઓ સાથે પણ નિકાહની પરવાનગી આપી દેવામાં આવી છે. મહર બંને પક્ષોમાં પરસ્પર રાજી-ખુશીથી નક્કી કરવાનો અધિકાર આપી દીધો અને જરૂરતના સમયે એકથી વધારે પત્નીઓ સાથે નિકાહ કરવાની પણ પરવાનગી આપવામાં આવી. શરત માત્ર એટલી છે કે, ન્યાયપૂર્ણ અને સમાન રીતે બધી પત્નીઓ સાથે વર્તવામાં આવે.

પછી ફરમાવ્યું, وَخُلِقَ الْاِنْسَانُ ضَعِيْفًا એટલે કે, મનુષ્યને ઘણો કમજોર પ્રકૃતિનો પૈદા કરવામાં આવ્યો છે અને તેની અંદર મનેચ્છાઓની માત્રા પણ મૂકવામાં આવી છે. જો સ્ત્રીઓથી બિલકુલ જ દૂર રહેવાનો હુકમ આપવામાં આવ્યો હોત તો ઈતાઅત અને ફરમાંબરદારી કરવાથી તે લાચાર થઈ ગયો હોત. એટલા માટે તેની કમજોરી અને ઈચ્છાઓને ધ્યાનમાં રાખીને સ્ત્રીઓ સાથે નિકાહ કરવાની પરવાનગી જ નહીં, પરંતુ તેનું પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું છે અને નિકાહ પછી પરસ્પર એકબીજા પ્રત્યે આત્માની અને ચારિત્ર્યની પવિત્રતાના લાભ દ્વારા પરસ્પર ફાયદો થાય છે અને તેમનું મનોબળ મજબૂત બને છે. નિકાહ

દ્વારા એક રીતે પતિ-પત્નીની પરસ્પરની કમજોરીઓ અને ઉણપોને દૂર કરવાનો કરાર થાય છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૨૯-૩૦)

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَاْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ اِلَّآ اَنْ تَكُوْنَ
تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ ۣ وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ ۭ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا ۝۲۹
وَ مَنْ يَّفْعَلْ ذٰلِكَ عُدْوَانًا وَّظُلْمًا فَسَوْفَ نُصْلِيْهِ نَارًا ۭ وَ كَانَ ذٰلِكَ
عَلَى اللّٰهِ يَسِيْرًا ۝۳۰

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! એકબીજાનો માલ માંહો-માંહે નાહક ન ખાઈ જાઓ, પરંતુ એ કે પરસ્પરની ખુશીથી (કોઈ) વેપાર હોય, અને આપસમાં (એકબીજાની) હત્યા ન કરો; બેશક ! અલ્લાહ તમારા ઉપર ઘણો મહેરબાન છે. (૨૯) અને જે વ્યક્તિ મર્યાદા ઓળંગીને (બળજબરીથી) અને અત્યાચારથી આવું કરશે તો અમે તેને (ઘણા જ જલદી જહન્નમની) આગમાં નાંખીશું, અને આ(વું કરવું) અલ્લાહ માટે ઘણું સરળ છે. (૩૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરએ નિસાઅ્ની શરૂઆતમાં બધા જ મનુષ્યો એક માં-બાપથી પેદા થયા હોવાનું અને બધા એક જ ભાઈચારાના સગપણના બંધનથી બંધાયેલા હોવાનું વર્ણન થયું હતું અને તેના દ્વારા સામાન્ય માનવીના અધિકારોની રક્ષા અને તેની અદાયગી તરફ અછડતો ઈશારો કરવામાં આવ્યો હતો. પછી યતીમો અને સ્ત્રીઓ સિવાય અન્ય સગાં-વહાલાઓના અધિકારો (હકો) અદા કરવાની તાકીદ કરવામાં આવી. ત્યારબાદ નિકાહના હુકમો આવ્યા કે કઈ ઔરત સાથે નિકાહ કરવા હલાલ છે અને કઈ ઔરત સાથે નિકાહ કરવા હરામ છે ? કારણ કે, નિકાહ એક એવો કરાર છે જેનાથી પુરુષને સ્ત્રીના જાન અને માલને વાપરવાનો અધિકાર મળે છે.

પ્રસ્તુત આયતોમાં સામાન્ય મનુષ્યોના પ્રાણ અને દૌલતની સુરક્ષાનું અને તેના દરેક પ્રકારના નાજાઇઝ વપરાશની મનાઈનું વર્ણન છે. ભલે તે મનુષ્ય સ્ત્રીઓ હોય કે પુરુષ, સગાં-વહાલાં હોય કે પારકા, એટલે સુધી કે, મુસ્લિમ હોય કે ગેરમુસ્લિમ કે જેમની સાથે યુદ્ધબંધીનો કોઈ કરાર થઈ ચૂક્યો હોય.

(જેમકે મઝહરીમાં વર્ણન કરવામાં આવ્યું છે)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! પરસ્પર એકબીજાનો માલ નાહક રીતે (એટલે કે મુબાહ ન હોય એવો) ન ખાઈ જાઓ, પરંતુ (મુબાહ હોય તો દાખલા તરીકે) કોઈ વેપાર વગેરે હોય જે પરસ્પર રાજી-ખુશીથી થયો હોય (શરત માત્ર એટલી છે કે, આવા વેપારની બધી જ શરઈ શરતો પૂર્ણ થઈ હોય) તો કોઈ વાંધો નથી. (આ તો માલ વાપરવા બાબતનો હુકમ હતો, આગળ ઉપર મનુષ્યના પ્રાણની કિંમત દર્શાવતો હુકમ થયો) અને તમે પરસ્પર એકબીજાની હત્યા ન કરો, નિઃશંક ! અલ્લાહ તઆલા તમારા ઉપર ઘણો મહેરબાન છે. (એટલા માટે નુકસાન પહોંચાડવાના દરેક સ્વરૂપોની મનાઈ કરવામાં આવી, ખાસ કરીને જ્યારે કે, તેની એવી અસર હોય કે, અન્ય વ્યક્તિ ફરી તમને તેના બદલામાં નુકસાન પહોંચાડે તો આ અલ્લાહ તઆલાની મહેરબાની છે કે, તમને આવા નુકસાનથી પણ બચાવી લીધા) અને (કારણ કે હત્યા તે બંને બાબતોમાં ખૂબ જ સખત બાબત છે. એટલા માટે ખાસ કરીને આવી ચેતવણીઓ સંભળાવવામાં આવે છે કે,) જે વ્યક્તિ આવું કૃત્ય (એટલે કે હત્યા) કરશે એ પ્રમાણે કે (શરીઅતની) મર્યાદાને ઓળંગી જાય અને (એ મર્યાદાનું ઉલ્લંઘન પણ કોઈ ભૂલચૂકથી અથવા અજ્ઞાનતાના કારણે ન થયું હોય બલકે), એ રીતે કે (જાણીબૂઝીને) અત્યાચાર કરે તો અમે ઘણા જ જલદી (એટલે કે મોત પછી) તેને (જહન્નમની) આગમાં દાખલ કરીશું અને આ કામ (એટલે કે આવી સજા દેવાનું કામ) અલ્લાહ તઆલા માટે (બિલકુલ) સરળ છે. (તેમાં તેને કોઈ બળ પડશે નહીં, એવી શકયતા કે સંભાવનાની કલ્પના પણ ન કરી શકાય કે કદાચ કોઈ વખતે સજા આપવા માટે જરૂરી સામાન ભેગો કરવાનો છે અને પછી સજા આપશે).

મસ્અલા અને બોધપાઠ :

જે પ્રમાણે અન્ય લોકોનો માલ નાહક ખાઈ જવો જાઇઝ નથી, એ જ રીતે પોતાનો માલ ખોટા માર્ગે ખર્ચ કરવો પણ જાઇઝ નથી :

આયતના શબ્દોમાં اَمْـوَالَـكُـمْ بَيْـنَـكُـمْ નો શબ્દ આવ્યો છે, તેનો અર્થ "પોતાના માલને અંદર-અંદર" થાય છે, તેમાં એ બાબતે તો બધા જ મુફસ્સિરો સર્વાનુમતે સહમત છે કે, કોઈ વ્યક્તિ અન્યના માલને નાજાઇઝ પદ્ધતિથી ન ખાઈ જાય. અબૂ હય્યાને પોતાની તફસીર "તફસીરે બહરે મુહીત"માં ફરમાવ્યું છે કે, તેના ભાવાર્થમાં એ સામેલ છે કે "કોઈ પોતાના માલને પણ ખોટા માર્ગે નાજાઇઝ પદ્ધતિથી ન વાપરે." દાખલા તરીકે, એવા કામોમાં ખર્ચ કરે જે શરીઅતની દૃષ્ટિએ ગુનાહ છે અથવા અસ્થાને ફુઝૂલખર્ચી કરે તો આ બાબત પણ આ આયતની રૂએ હરામ અને નાજાઇઝ છે.

આયતમાં لَا تَـاْكُلُوْٓا (લા તઅ્કુલૂ)નો શબ્દ આવ્યો છે, તેનો અર્થ છે "ન ખાઓ" પરંતુ સામાન્ય રૂઢિપ્રયોગોના આધારે તેનો ભાવાર્થ એ છે કે, અન્યના માલને નાહક પદ્ધતિથી પોતાના કોઈપણ પ્રકારના ઉપયોગમાં ન લાવો. ભલે, તે ખાવા-પીવામાં ઉપયોગ કરતા હોય કે અન્ય કોઈ બાબતમાં. સામાન્ય બોલ-ચાલની બાબતમાં કોઈ માલનો ઉપયોગ કરવાને "માલ ખાઈ જવો" જ કહેવામાં આવે છે. ભલે, તે વસ્તુ ખાવા-પીવાની ન હોય ! શબ્દ "બાતિલ" بـاطل નો તરજુમો "નાહક" કરવામાં આવ્યો છે. અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) અને જમહૂર સહાબાઓના મતે બધા જ સ્વરૂપો ઉપર આ સ્વરૂપ છવાયેલું છે, જેની શરીઅતમાં મનાઈ કરવામાં આવી છે અને તે નાજાઇઝ છે, જેમાં ચોરી, લૂંટફાટ, માલ હડપ કરી લેવો, ખયાનત કરવી, લાંચ લેવી, વ્યાજ, જુગાર અને બધી જ માલ કમાવવાની નાજાઇઝ પદ્ધતિઓ તેમાં સામેલ છે. *(બહરે મુહીત)*

ખોટી રીતે કોઈના માલને ખાઈ જવાની સ્પષ્ટતા અને તેની વિગત :

કુર્આને કરીમમાં એક શબ્દ بِـالْبَـاطِلِ (બિલ્ બાતિલિ) ફરમાવીને બધા જ પ્રકારની નાજાઇઝ પદ્ધતિથી પ્રાપ્ત કરેલા માલને હરામ ઠરાવ્યો છે, પછી નાજાઇઝ પદ્ધતિની સ્પષ્ટતા કરવાનું રસૂલે કરીમ ﷺના હવાલે કરી આપવામાં આવ્યું. રસૂલે કરીમ ﷺએ દરેક નાજાઇઝ લેવડ-દેવડની સ્પષ્ટતા અને વિગતો

વર્ણન કરી દીધી છે.

આથી એ પણ જાણ થઈ ગઈ કે, જે વિગતો નાજાઇઝ ખરીદ-વેચાણની હોય અથવા નાજાઇઝ ઈજારા (કોન્ટ્રાક્ટ) વગેરેની હોય, તે બધી પદ્ધતિઓનું વર્ણન અને હુકમો રસૂલે કરીમ ﷺની હદીષોમાં મૌજૂદ છે અને વાસ્તવમાં આ હદીષો કુર્આનના હુકમોની જ સ્પષ્ટતા છે. એટલા માટે તે બધા જ હુકમો એક રીતે કુર્આનની જ હેસિયતના હુકમો છે. રસૂલુલ્લાહ ﷺની હદીષોમાં જેટલા પણ શરીઅતના હુકમો થયા છે બધા જ મોટે ભાગે એવું જ સ્થાન ધરાવે છે કે, તે કોઈને કોઈ રીતે કુર્આનના હુકમોની સ્પષ્ટતા જ છે. ભલે, આપણને તેની જાણ થાય કે ન થાય કે, તે કઈ આયતની સ્પષ્ટતા છે.

આયતના પ્રથમ વાક્યમાં નાહક અને નાજાઇઝ પદ્ધતિથી કોઈના માલનો ઉપયોગ કરવાને હરામ ઠરાવવામાં આવ્યું છે. બીજા વાક્યમાં જાઇઝ પદ્ધતિથી હરામને અલગ કરવા માટે ઈરશાદ ફરમાવ્યો, اَلَّآ اَنْ تَكُوْنَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ એટલે કે, "અન્યોનો તે માલ હરામ નથી, જે વેપાર દ્વારા અથવા પરસ્પર રાજી-ખુશીથી પ્રાપ્ત કરવામાં આવ્યો હોય."

જાઇઝ પદ્ધતિ જો કે, વેપાર સિવાય અન્ય બાબતોમાં પણ હોઈ શકે છે. દાખલા તરીકે, કોઈને ભેટ-સોગાત આપવી, સદકહ, વારસો વગેરે, પરંતુ એક વ્યક્તિનો માલ બીજા વ્યક્તિના ઉપયોગમાં આવવાની પ્રખ્યાત રીત જે પ્રચલિત છે, તે વેપારની જ રીત છે.

પછી વેપારનો અર્થ સામાન્ય રીતે ખરીદ-વેચાણ કરવામાં આવે છે, પરંતુ તફસીરે મઝહરીમાં "ઈજારો" (કોન્ટ્રાક્ટ), નોકરી, મજૂરી, ભાડું વગેરે જેવા આર્થિક વ્યવહારો પણ વેપારના સ્વરૂપોમાં જ સામેલ ગણ્યા છે. કારણ કે, ખરીદ-વેચાણમાં તો ફક્ત માલના બદલે માલ અથવા રકમના બદલે માલ પ્રાપ્ત કરવામાં આવે છે અને ઈજારામાં તો મહેનત અને સેવાના બદલામાં માલ પ્રાપ્ત કરવામાં આવે છે એટલા માટે વેપારનો શબ્દ આ બધી જ બાબતોને લાગુ પડે છે.

આયતના વિષયનો ખુલાસો એ થયો કે, કોઈનો માલ નાહક ખાઈ જવો હરામ છે પરંતુ જો રાજી-ખુશીથી એટલે કે ખરીદ-વેચાણ અથવા નોકરી કે, મજૂરી દ્વારા આવા માલની લેવડ-દેવડ થઈ હોય તો આવી પદ્ધતિઓમાં અન્યોનો

માલ પ્રાપ્ત કરવો અને તે માલનો પોતાના માટે ઉપયોગ કરવો જાઇઝ છે.

આર્થિક ઉપાર્જનના માધ્યમોમાં વેપાર અને મહેનત-મજૂરી સૌથી શ્રેષ્ઠ છે

અન્યોના માલને પ્રાપ્ત કરવાના જાઇઝ સ્વરૂપોમાંથી આ આયતમાં ફક્ત વેપારનું વર્ણન કરવાનું એક કારણ એ પણ છે કે, આર્થિક ઉપાર્જનના માધ્યમોમાંથી વેપાર અને મહેનત-મજૂરી સૌથી ઉત્તમ અને હલાલ પવિત્ર રોજી છે.

હઝરત રાફેઅ્ બિન ખદીજ (રદિ.)એ રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે, "કઈ કમાણી હલાલ અને પવિત્ર છે ?" રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો,

عَمَلُ الرَّجُلِ بِيَدِهِ وَكُلُّ مَبِيعٍ مَبْرُوْرٌ، رَوَاهُ اَحْمَدُ وَالْحَاكِمُ، (مَظْهَرِى وَ تَرْغِيْبُ وَ تَرْهِيب)

"માણસના હાથની મજૂરી અને દરેક સાચું ખરીદ-વેચાણ (જેમાં જૂઠ અને ધોકાબાજી ન હોય) !" *(મઝહરી અને તરગીબ વ તરહીબ)*

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

اَلتَّاجِرُ الصَّدُوْقُ الْاَمِيْنُ مَعَ النَّبِيِّيْنَ وَالصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَاءِ (تِرْمِذِى)

"સાચો વેપારી જે અમાનતદાર (પ્રામાણિક) હોય તે અંબિયા (અલૈ.) અને સિદીકો તથા શહીદોની સાથે હશે." *(તિરમિઝી)*

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَلتَّاجِرُ الصَّدُوْقُ تَحْتَ ظِلِّ الْعَرْشِ يَوْمَ الْقِيٰمَةِ، رَوَاهُ الْاَصْبَهَانِىُّ (تَرْغِيب)

"સાચો વેપારી કયામતના દિવસે અર્શના છાંયડામાં હશે." *(તરગીબ)*

પાક-પવિત્ર કમાણીની ખાસ શરતો :

હઝરત મઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

"સૌથી વધારે પાક (પવિત્ર) કમાણી વેપારીની કમાણી છે, એ શરતે કે જ્યારે વાત કરે જૂઠું ન બોલે અને જ્યારે વાયદો કરે તો વાયદાના વિરુદ્ધ ન કરે અને

જ્યારે તેમની પાસે કોઈ અમાનત રાખવામાં આવે તો તેમાં ખયાનત કરવામાં ન આવે અને જ્યારે કોઈ સામાન (કોઈની પાસેથી) ખરીદે તો (વેપારીઓની આદત પ્રમાણે) તે સામાનને બુરો અને ખરાબ ન બતાવે અને જ્યારે પોતાનો માલ વેચે તો (વાસ્તવિકતા કરતાં વધારે) વખાણ ન કરે અને જ્યારે તેના માથે કોઈનું કરજ હોય તો તેને ન ટાળે અને જ્યારે તેનું કરજ કોઈના માથે હોય તો તેને ત્રાસ ન આપે." (اَخْرَجَهُ الْاَصْبَهَانِیُّ، اَزْحَاشِیَۃَ مَظْهَرِیْ)

એક હદીષમાં ઈરશાદ છે,

اِنَّ التُّجَّارَ يُبْعَثُوْنَ يَوْمَ الْقِيَامَةِ فُجَّارًا اِلَّامَنِ اتَّقَى اللّٰهَ وَبَرَّ وَصَدَّقَ

(اَخْرَجَهُ الْحَاكِمُ عَنْ رِفَاعَةَ بْنِ رَافِعٍ)

"કયામતના દિવસે વેપારી લોકો દુરાચારીઓ અને ગુનેહગારોની હરોળમાં હશે, તે વ્યક્તિ સિવાય કે જે અલ્લાહથી ડરે અને ભલાઈનો વ્યવહાર કરે અને સાચું બોલે."

બીજાઓનો માલ હલાલ થવા માટે વેપાર અને "તરાજી" (રઝામંદી)ની બે શરતોઃ

આયતના આ વાક્યમાં વેપારની સાથે عَنْ تَرَاضٍ مِّنْكُمْ ફરમાવીને એ પણ બતાવી દીધું કે, જ્યાં વેપાર જ ન હોય બલકે, વેપારના નામ ઉપર જુગાર, સટ્ટો હોય અથવા કોઈ માલ જ મૌજૂદ ન હોય, ફક્ત કાલ્પનિક રીતે માલ ઠરાવવામાં આવે અને સોદા કરવામાં આવે તો આવો વેપાર પણ બાતિલ અને હરામ છે.

એ જ પ્રમાણે જે વેપારમાં માલની અદલા–બદલી તો હોય, પરંતુ તેમાં બંને પક્ષે રાજી–ખુશી ન હોય, તેવી ખરીદ–વેચાણ પણ અમાન્ય અને નાજાઈઝ છે અને આ બંને સ્વરૂપો اَكْلِ اَمْوَالْ بِالْبَاطِلْ (નાહક રીતે હરામ માલ ખાઈ જવા)માં સામેલ છે. પ્રથમ સ્વરૂપને ફુકહા بَيْعِ بَاطِلْ "બયૂએ બાતિલ" (નાહક ખરીદ–વેચાણ)ના નામથી ઓળખાવે છે અને બીજા સ્વરૂપને بَيْعِ فَاسِدْ "બયૂએ ફાસિદ" (અમાન્ય ખરીદ–વેચાણ) કહે છે.

તેની સ્પષ્ટતા એ છે કે, એક માલને બીજા માલથી અદલા–બદલી કરવાનું

નામ વેપાર છે. જો તેમાં કોઈ એક પક્ષે માલ હોય અને તેના મુકાબલામાં સામે પક્ષે માલ જ ન હોય તો તે વેપાર જ નથી. બલકે, એક પ્રકારનો ધોકો છે. વ્યાજના વ્યવહારમાં પણ એવી જ પરિસ્થિતિ છે કે, વ્યાજની રકમ એ ઉધારની મુદ્દતનું વળતર હોય છે અને આ મુદ્દત એ કોઈ માલ નથી. એ જ પ્રમાણે સટ્ટો, જુગારમાં પણ એક બાજુ તો નક્કી માલ મૌજૂદ હોય છે અને બીજી બાજુ માલ હોવો અથવા ન હોવો શંકાસ્પદ છે. એ જ પ્રમાણે તે વાયદાના વેપાર કે સોદાબાજી જેમાં હજુ સુધી માલ અસ્તિત્વમાં જ નથી આવ્યો અને તેનો સોદો કરી લેવામાં આવે, તો એક બાજુ માલ અને બીજી બાજુ કોરો ઢાકોર વાયદો માત્ર જ છે. એટલા માટે વાસ્તવમાં આ કોઈ વેપાર થતો જ નથી બલકે, એક પ્રકારનો ધોકો અને છેતરપિંડી છે. એટલા માટે ફુકહાએ તેને નાહક અને અમાન્ય ખરીદ-વેચાણ بَيْعِ بَاطِل (બયૂએ બાતિલ) ઠરાવ્યું છે.

બીજું સ્વરૂપ એ છે કે, બંને બાજુથી માલની અદલા-બદલી તો થાય છે પરંતુ કોઈ એક પક્ષ તરફથી આ અદલા-બદલી રાજી-ખુશીથી નથી થતી (કોઈ દાબ-દબાણ કે ધાક-ધમકી હોય છે) તો પણ આવો વેપાર અમાન્ય અને ખોટી પદ્ધતિનો વેપાર છે. એટલા માટે તેને بَيْعِ فَاسِد (બયૂએ ફાસિદ) "અમાન્ય વેપાર" કહેવામાં આવે છે અને તે નાજાઈઝ છે.

આ સ્પષ્ટતાથી ખરીદ-વેચાણ અને વેપારના જેટલા નાજાઈઝ સ્વરૂપો છે તે બધા જ જાહેર થઈ જાય છે.

"તરાજી" (માલની રઝામંદી)ની વાસ્તવિકતા :

અલબત્ત, એક ત્રીજો પ્રકાર પણ છે જેમાં બંને પક્ષો માલની અદલા-બદલી તો થાય છે અને દેખીતી રીતે બંને પક્ષ રાજી-ખુશી પણ હોય છે, પરંતુ તે રાજી-ખુશી વાસ્તવમાં મજબૂરીની રાજી-ખુશી છે, સાચી રાજી-ખુશી નથી હોતી. એટલા માટે શરીઅતે આ ત્રીજા પ્રકારને પણ બીજા પ્રકારમાં જ સામેલ કરી દીધું છે. દાખલા તરીકે, સામાન્ય જરૂરિયાતની ચીજ-વસ્તુઓને ચારે બાજુથી ભેગી કરી લઈને કોઈ એક વ્યક્તિ અથવા કોઈ એક કંપની તેનો સંગ્રહ કરી લે અને પછી તેની કિંમતોમાં પોતાની મનમાની રીતે વધારો કરીને વેચાણ કરે, તો કારણ કે બજારમાં અન્ય સ્થળે આ ચીજ-વસ્તુઓ મળતી જ નથી, ગ્રાહક

મજબૂર છે કે જીવન જરૂરી ચીજ-વસ્તુ મોંઘી અથવા સસ્તી જ્યાંથી મળતી હશે ત્યાંથી ખરીદવી પડશે. આવી પરિસ્થિતિમાં ગ્રાહક સામે ચાલીને વેપારી પાસે આવે છે અને જાહેરમાં તો તે રાજી-ખુશીથી આ વસ્તુ ખરીદે છે, પરંતુ તેની આ રાજી-ખુશી તેની મજબૂરી છે. એટલા માટે આવી સંગ્રહખોરી દ્વારા કરવામાં આવેલો વેપાર પણ અમાન્ય છે (સંગ્રહખોરી કાળાબજારનું સૌથી તિરસ્કૃત સ્વરૂપ છે).

એ જ પ્રમાણે કોઈ પતિ પોતાની પત્ની સાથે કોઈ એવું સામાજિક કારણ ઊભું કરે કે, પત્ની પોતાની મહર મા'ફ કરવા માટે મજબૂર થઈ જાય; તો ભલે તે મા'ફી સમયે તે પોતાની ખુશી જાહેર કરતી હોય છે, પરંતુ તે વાસ્તવમાં ખુશ હોતી નથી.

અથવા કોઈ વ્યક્તિ જ્યારે એવું જુએ કે, મારું જાઇઝ કામ પણ લાંચ આપ્યા વિના નહીં થાય તો રાજી-ખુશીથી તે લાંચ આપવા માટે તૈયાર થઈ જાય આવા સમયે કારણ કે, આ રાજી થવું પણ વાસ્તવમાં દિલથી રાજી થવું નથી હોતું. એટલા માટે તે પણ શરઈ રીતે અમાન્ય છે.

આથી જાણ થઈ કે, اِلَّآ اَنۡ تَكُوۡنَ تِجَارَةً عَنۡ تَرَاضٍ مِّنۡكُمۡ થી ખરીદ-વેચાણ અને વેપારના ફક્ત તે જ સ્વરૂપો જાઇઝ હોવાનું સાબિત થયું, જેનું જાઇઝ હોવું રસૂલુલ્લાહ ﷺની હદીષોથી સાબિત થયેલ છે અને ફુક્હાઓએ તેને કાયદેસર રીતે કિતાબોમાં સંપાદિત કરી દીધું છે; અને જેટલા સ્વરૂપો ખરીદ-વેચાણ અને વેપારના શરઈ રીતે અમાન્ય અને નાજાઇઝ છે, તે બધા જ સ્વરૂપો રદબાતલ છે. કુર્આને કરીમે માત્ર એક શબ્દમાં જ ખરીદ-વેચાણ અને ઈજારાના ફિક્હી નિયમોને સંપૂર્ણ રીતે વર્ણન કરી દીધા.

આયતનું ત્રીજું વાક્ય છે, وَلَا تَقۡتُلُوۡۤا اَنۡفُسَكُمۡ જેનો શાબ્દિક અર્થ એ છે કે, "તમે પોતાની જાતને કતલ ન કરો," તેમાં બધા મુફસ્સિરોએ સર્વાનુમતે આત્મહત્યાને પણ સામેલ કર્યું છે અને એ પણ કે, એકબીજાની નાહક હત્યા ન કરો.

આયતના પ્રથમ વાક્યમાં સામાન્ય વ્યવહારોમાં માનવીના આર્થિક અધિકારો અને તેની સુરક્ષાનું વર્ણન હતું. આ વાક્યમાં તેના જીવનની સુરક્ષાનું

વર્ણન આવી ગયું..... અને આ સ્થળે માલને અગ્રિમ સ્થાને અને જીવનને પાછળથી લાવવાનો હેતુ કદાચ એ છે કે, આર્થિક અધિકારોમાં અત્યાચાર અને જબરદસ્તી અથવા ઉણપો અને બેદરકારી મોટા ભાગે ખૂબ પ્રચલિત બાબત છે. જ્યારે કે, નાહક હત્યા અને ખૂનામરકી જો કે, તેનાથી વધારે સખત બાબત છે, પરંતુ સ્વાભાવિક રીતે તેનું પ્રમાણ આર્થિક ભ્રષ્ટાચાર કરતાં ઓછું છે. એટલા માટે તેનું પાછલા ક્રમે વર્ણન થયું.

રઆયતના અંતે ઈરશાદ છે, اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا એટલે કે, જે હુકમો આ આયતમાં આપવામાં આવ્યા છે કે, લોકોનો માલ નાહક ન ખાઈ જાઓ અથવા કોઈની નાહક હત્યા ન કરો. આ બધા હુકમો તમારા હકમાં અલ્લાહની રહમત છે, જેથી તમે તે કામોના આખિરતના વબાલથી પણ સુરક્ષિત રહો અને દુનિયવી સજાઓથી પણ બચેલા રહો.

ત્યારબાદ બીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યું, وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ عُدْوَانًا وَّظُلْمًا فَسَوْفَ نُصْلِيْهِ نَارًا એટલે કે, કુર્આનની હિદાયત હોવા છતાં જો કોઈ વ્યક્તિ તેનાથી વિરૂદ્ધ અમલ કરે અને જાણીબૂઝીને બળજબરી અને અત્યાચાર કરે તથા શરીઅતની મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને કોઈના માલને નાહક રીતે પચાવી પાડે અથવા કોઈની નાહક હત્યા કરી નાંખે તો અલ્લાહ ઘણો જ જલદી તેને જહન્નમમાં નાંખી દેશે..... મર્યાદાઓનું ઉલ્લંઘન અને અત્યાચારની શરત લગાવવાથી સ્પષ્ટ થયું કે, જો કોઈ ભૂલથી આવું થઈ ગયું તો તે આ ચેતવણીમાં સામેલ નથી.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૩૧)

اِنْ تَجْتَنِبُوْا كَبَآئِرَ مَا تُنْهَوْنَ عَنْهُ نُكَفِّرْ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَنُدْ
خِلْكُمْ مُّدْخَلًا كَرِيْمًا ﴿٣١﴾

તરજુમો :

જો તમે એવી વસ્તુઓથી બચતા રહેશો જે ગુનાહોમાં ઘણી મોટી (ગુનાહે કબીરહ) છે તો અમે તમારા નાના ગુનાહો (ગુનાહે સગીરહ) મા'ફ કરી આપીશું; અને અમે તમને ઈજ્જતવાળા સ્થળ (જન્નત)માં પ્રવેશ આપીશું. (૩૧)

આયતનો ક્રમ અને ગોઠવણી :

આ આયતથી અગાઉની આયતમાં અમુક મોટા-મોટા ગુનાહોનો ઉલ્લેખ કરી તેને આચરનારા લોકો ઉપર કઠોર અઝાબનું વર્ણન થયું છે. કુર્આને કરીમની ખાસ શૈલી એ જ છે કે, જ્યારે સજા અથવા ગુનાહથી ડરાવવામાં આવે છે જેને تَرْهِيْب "તરહીબ" (ચેતવણી) કહે છે, તો તેની સાથે تَرْغِيْب "તરગીબ" (પ્રેરણા-પ્રોત્સાહન) પણ આપવામાં આવે છે, તે એ કે, જો તમે મોટા-મોટા ગુનાહોથી બચી ગયા તો તમારા નાના ગુનાહોને પોતે મા'ફ કરી આપીશું અને એ રીતે તમને દરેક રીતે નાના-મોટા સગીરહ-કબીરહ ગુનાહોથી પાક અને પવિત્ર કરીને ઈજ્જત અને રાહતના એવા સ્થળમાં પ્રવેશ આપીશું કે જેનું નામ 'જન્નત' છે.

તફસીર :

જે કામોની તમને (શરીઅતમાં) મનાઈ કરવામાં આવી છે (એટલે કે ગુનાહના કામો) તેમાંથી જે ભારે-ભારે કામો છે (એટલે કે મોટા-મોટા ગુનાહો છે) જો તમે તેનાથી બચતા રહો તો (તે બચવા ઉપર અમે વાયદો કરીએ છીએ કે, તમારા નેક અમલો જ્યારે સ્વીકાર્ય થઈ જશે તો) અમે તમારી નાની બુરાઈઓ (એટલે કે નાના-નાના ગુનાહો જે દોઝખમાં લઈ જઈ શકે છે તેને) તમારાથી દૂર કરી આપીશું (એટલે કે મા'ફ કરી આપીશું અને તમને દોઝખથી સુરક્ષિત કરી આપીશું) અને અમે તમને એક પ્રતિષ્ઠાવાળા સ્થળ (એટલે કે જન્નત)માં પ્રવેશ આપીશું.

મસ્અલા અને બોધપાઠ :

ગુનાહોના બે પ્રકારો :

પ્રસ્તુત આયતથી જાણ થઈ કે, ગુનાહોના બે પ્રકારો છે. અમુક "કબીરહ" મોટા અને જઘન્ય ગુનાહો છે અને અમુક "સગીરહ" નાના છતાં નિંદનીય ગુનાહો છે અને એ પણ જાણ થઈ કે, જો કોઈ વ્યક્તિ હિંમત કરીને કબીરહ ગુનાહોથી બચી જાય તો અલ્લાહ તઆલાનો વાયદો છે કે, તેના નાના ગુનાહોને તે મા'ફ કરી આપશે.

કબીરહ ગુનાહોથી બચવામાં એ પણ સામેલ છે કે, બધા જ ફરજો અને

વાજિબોને અદા કરે. કારણ કે, ફરજ અને વાજિબને છોડવા પોતે એક "કબીરહ" ગુનાહ છે, તો ખુલાસો એ છે કે, જે વ્યક્તિ એ બાબતની સંપૂર્ણ કાળજી રાખે કે બધા જ ફરજો અને વાજિબોને અદા કરે અને તમામ કબીરહ ગુનાહોથી પોતાને બચાવે તો અલ્લાહ તઆલા તેના સગીરહ ગુનાહોનો કફ્ફારો કરી આપે છે.

નેક અમલો સગીરહ ગુનાહોનો કફ્ફારો (ક્ષમા) થઈ જાય છે :

ગુનાહોનો કફ્ફારો હોવાનો મતલબ આ છે કે, જે તે વ્યક્તિના નેક અમલોને સગીરહ ગુનાહોનો કફ્ફારો બનાવીને તેને હિસાબથી નચિંત કરી આપવામાં આવશે અને તેને અઝાબના બદલે સવાબ અને જહન્નમના બદલે જન્નત નસીબ થશે..... જેમકે ઘણી સહીહ હદીષોમાં વર્ણન થયું છે કે, જ્યારે કોઈ વ્યક્તિ નમાઝ માટે વુઝૂ કરે છે તો દરેક અવયવ ધોવાની સાથે-સાથે તેના ગુનાહોનો કફ્ફારો પણ થતો જાય છે, ચહેરો ધોયો તો આંખ, કાન, નાક વગેરેનો કફ્ફારો થઈ ગયો. કોગળો કર્યો તો જીભથી કરેલા ગુનાહોનો કફ્ફારો થઈ ગયો, પગ ધોયા તો પગના ગુનાહો ધોવાઈ ગયા, પછી જ્યારે તે મસ્જિદ તરફ ચાલે છે તો દરેક ડગલા ઉપર ગુનાહોનો કફ્ફારો થતો રહે છે.

કબીરહ (મોટા) ગુનાહ ફક્ત તવબહ કરવાથી જ મા'ફ થાય છે :

આ આયતથી જાણ થઈ કે, વુઝૂ, નમાઝ વગેરે નેક અમલો દ્વારા ગુનાહોનો કફ્ફારો થવો જે હદીષોમાં આવ્યું છે તેનો અર્થ સગીરહ (નાના) ગુનાહ છે અને કબીરહ (મોટા) ગુનાહ તો તવબહ કર્યા વિના મા'ફ થતા નથી અને સગીરહ ગુનાહોના કફ્ફારાની શરત એ છે કે, વ્યક્તિ હિંમત અને પ્રયત્ન કરીને કબીરહ ગુનાહોથી બચેલો રહેતો હોય..... માટે હવે જાણ થઈ કે, જો કોઈ વ્યક્તિ કબીરહ ગુનાહોમાં ફસાયેલો રહ્યો અને નમાઝ માટે વુઝૂ કરે છે તો ફક્ત વુઝૂ, નમાઝ અથવા બીજા નેક અમલોથી તેનો સગીરહ ગુનાહોનો કફ્ફારો નહીં થાય અને કબીરહ ગુનાહો તો પોતાની જગ્યાએ ઊભા જ છે..... એટલા માટે કબીરહ ગુનાહોનું એક મોટું નુકસાન પોતે તે ગુનાહોનું અસ્તિત્વ છે જેના વિશે કુર્આન અને હદીષમાં સખત ચેતવણીઓ વર્ણન થઈ છે અને તે સાચી તવબહ વિના મા'ફ નહીં થાય. તે સિવાય બીજી મહરૂમી (વંચિતતા) એ પણ છે કે, તેના કારણે નાના ગુનાહો પણ મા'ફ થશે નહીં અને આ વ્યક્તિ મહશરમાં સગીરહ અને કબીરહ

ગુનાહોના ભારથી લદાયેલો હાજર થશે અને તે સમયે કોઈ પણ તેના બોજને હલકો નહીં કરી શકે.

ગુનાહ અને તેના બે પ્રકારો; સગીરહ અને કબીરહ (નાના અને મોટા) :

આયતમાં كَبَـــائِــرُ (કબાઈર)નો શબ્દ આવ્યો છે, માટે એ સમજી લેવું જોઈએ કે, ગુનાહે કબીરહ કોને કહેવામાં આવે છે ? અને સગીરહ ગુનાહોની શું વ્યાખ્યા છે ? અને તેની સંખ્યા કેટલી છે ?

ઉમ્મતના ઉલમાએ આ મસ્અલા ઉપર વિવિધ સ્વરૂપે અનેક કિતાબો લખી છે.

ગુનાહે કબીરહ અને સગીરહની વહેંચણી અને તેમની વ્યાખ્યાઓ પહેલાં એ સારી રીતે સમજી લો કે, ગુનાહ એવા કામને કહેવામાં આવે છે જે કામ અલ્લાહ તઆલાની મરજી વિરૂદ્ધ હોય. એટલાથી જ આપને એ અંદાજો પણ થઈ જશે કે, જેને સગીરહ ગુનાહ તરીકે ઓળખવામાં આવે છે વાસ્તવમાં તે પણ નાના નથી. અલ્લાહ તઆલાની નાફરમાની અને તેની મરજી વિરૂદ્ધ કામ કરવું દરેક પરિસ્થિતિમાં ખુબ જ સખત અને મોટો અપરાધ છે. આ હેસિયતના કારણે ઈમામુલ હરમૈન અને ઘણા ઉલમાએ ઉમ્મત ફરમાવે છે કે અલ્લાહ તઆલાની નાફરમાની અને તેની મરજી વિરુદ્ધ કરવું ગુનાહે કબીરહ જ છે..... કબીરહ અને સગીરહનો તફાવત ફક્ત ગુનાહોની પરસ્પરની સરખામણીના આધારે કરવામાં આવે છે, તેની દલીલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થઈ છે કે, كُـلُّ مَـانُهِـىَ عَـنْهُ فَهُوَ كَبِيْرَةٌ એટલે કે, "જે કામની શરીઅતે ઈસ્લામમાં મનાઈ કરવામાં આવી છે તે બધા જ કબીરહ ગુનાહો છે."

ખુલાસો એ છે કે, જે ગુનાહોને પરિભાષામાં સગીરહ અથવા નાના ગુનાહો સમજવામાં આવે છે, તેનો અર્થ કોઈના પણ મતે એ નથી કે, આવા ગુનાહોથી બચવામાં ગફલત તથા સુસ્તી (આળસ) અને બેદરકારી કરવી જોઈએ અને તેને મા'મૂલી સમજીને ઉપેક્ષિત કરવા જોઈએ, બલકે સગીરહ ગુનાહોનું અલ્લડપણે અને લાપરવાહીથી આચરણ કરતા રહેવાથી તે સગીરહ ગુનાહ પણ કબીરહ ગુનાહ બની જાય છે.

કોઈ બુઝૂર્ગે ફરમાવ્યું છે કે, "નાના ગુનાહ અને મોટા ગુનાહનું ઉદાહરણ અનુભવના આધારે એવું છે જેમકે, નાનો વીંછી અથવા મોટો વીંછી અથવા આગનો મોટો અંગારો કે નાની ચિંગારી. મનુષ્ય આ બંનેમાંથી કોઈની તકલીફને બરદાશ્ત નથી કરી શકતો." એટલા માટે મુહમ્મદ બિન કઅ્બ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાની સૌથી મોટી ઈબાદત એ છે કે, ગુનાહોને છોડી દેવામાં આવે. જે લોકો નમાઝ તસ્બીહની સાથે-સાથે ગુનાહોને નથી છોડતા તેમની ઈબાદત સ્વીકાર્ય નથી." હઝરત ફુઝૈલ બિન અયાઝ (રહ.)એ ફરમાવ્યું કે, "તમે જે પ્રમાણે કોઈ ગુનાહને હલકો સમજશો અલાહ સમીપ તે એટલો જ મોટો અપરાધ થઈ જશે." અને સલફે સાલિહીન ફરમાવે છે કે, "દરેક ગુનાહ અમાન્ય (અસ્વીકાર્ય) છે, તે વ્યક્તિને કુફ્રિય્યહ અમલો અને ચારિત્રહીનતા તરફ આમંત્રણ આપે છે."

મુસ્નદે અહમદમાં છે કે, હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ હઝરત મઆઝ (રદિ.)ને એક પત્રમાં લખ્યું કે, "બંદો જયારે અલ્લાહ તઆલાની નાફરમાની કરે છે તો તેના વખાણ કરવાવાળા પણ તેની નિંદા કરવા માંડે છે અને દોસ્તો પણ દુશ્મન બની જાય છે. ગુનાહોથી લાપરવાહી (બેદરકારી) મનુષ્ય માટે કાયમી તબાહીનું કારણ છે....." સહીહ હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "મો'મિન જ્યારે કોઈ ગુનોહ કરે છે તો તેના દિલ ઉપર એક કાળો ડાઘ લાગી જાય છે, પછી જો તવબહ અને ઈસ્તિગફાર કરી લે છે તો આ ડાઘ ભૂંસાય જાય છે અને જો તવબહ ન કરે તો આ ડાઘ વધતો રહે છે, એટલે સુધી કે તેના આખા દિલ ઉપર છવાય જાય છે." કુર્આનમાં તેનું નામ رَين છે. كَلَّا بَلْ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ એટલે કે "તેમના દિલો ઉપર તેમના આ'માલોના બદલામાં કાટ લગાવી દેવામાં આવ્યો છે." (૮૩ : ૧૪) અલબત્ત, ગુનાહોના નુકસાનો અને તેના ખરાબ પરિણામો તથા નુકસાન કરનાર ગેરલાભોના આધારે તેમાં તફાવત કરવો જરૂરી છે. આ તફાવતના કારણે કોઈ ગુનાહને સગીરહ કહેવામાં આવે છે અને કોઈ ગુનાહને કબીરહ કહેવામાં આવે છે.

ગુનાહે કબીરહ (મોટા જઘન્ય અપરાધ) :

ગુનાહે કબીરહની વ્યાખ્યા કુર્આન અને હદીષ તથા અગાઉના સલફ (પૂરોગામી વડીલ) લોકોની વ્યાખ્યાના આધારે એ છે કે, જે ગુનાહો ઉપર

કુર્આનમાં કોઈ શરઈ હદ અથવા સજા નક્કી કરવામાં આવી છે અથવા જેના ઉપર લા'નતના શબ્દો વર્ણન કરવામાં આવ્યા છે અથવા જેના ઉપર જહન્નમ વગેરેની ધમકીઓ આવી છે તે બધા જ ગુનાહે કબીરહ છે. એ જ પ્રમાણે દરેક તે ગુનાહ ગુનાહે કબીરહમાં સામેલ થઈ જશે, જેના નુકસાન અને ખરાબ પરિણામો કોઈ કબીરહ ગુનાહના સમકક્ષ અથવા તેનાથી વધારે હોય. આમ, જે ગુનાહે સગીરહ નીડરતાથી અને અલ્લડતાથી કરવામાં આવે અથવા જેને છાતી કાઢીને દા'વો કરીને કરવામાં આવે છે તો તે પણ ગુનાહે કબીરહમાં શામિલ થઈ જાય છે.

ઈબ્ને અબ્બાસ (રદિ.) સામે કોઈએ કબીરહ ગુનાહની સંખ્યા સાત બતાવી તો તેમણે ફરમાવ્યું, "સાત નથી સાતસો કહેવામાં આવે તો વધારે યોગ્ય છે."

ઈમામ ઈબ્ને હજર મક્કી (રહ.)એ પોતાની કિતાબ "અલ ઝવાજિર"માં આ બધા જ ગુનાહોની યાદી અને દરેકની સંપૂર્ણ સ્પષ્ટતા વર્ણન કરી છે, જે ઉપરોક્ત પ્રમાણેની વ્યાખ્યાના આધારે કબીરહ ગુનાહોમાં સામેલ છે. તેમની કિતાબમાં કબીરહ ગુનાહોની સંખ્યા ૪૭૦ (ચારસો સિત્તેર) સુધી પહોંચી છે અને વાસ્તવિકતા એ છે કે, અમુકે મોટા-મોટા ગુનાહોના પ્રકરણોની માત્ર ગણતરીને પૂરતું સમજ્યું છે, આથી તેની સંખ્યા ઓછી બતાવી છે. અમુકે તેની વિગત અને તેના પ્રકારોને સંપૂર્ણ રીતે લખ્યા તો સંખ્યા વધારે થઈ ગઈ. એટલા માટે આ કોઈ વાંધાજનક અને મતભેદની બાબત નથી.

રસૂલે કરીમ ﷺએ વિવિધ સ્થળોએ ઘણા બધા ગુનાહોને કબીરહ હોવાનું જણાવ્યું અને પરિસ્થિતિઓ અનુસાર કોઈ સ્થળે ત્રણ, કોઈ સ્થળે છ, કોઈ સ્થળે સાત અને કોઈ સ્થળે તેનાથી પણ વધારે વર્ણન કર્યા છે. એનાથી જ ઉમ્મતના ઉલમાએ એવું સમજ્યું છે કે, કોઈ નિશ્ચિત સંખ્યામાં તેને મર્યાદિત કરવાનો હેતુ નથી. બલકે, પરિસ્થિતિઓ અને સંજોગો અનુસાર જેટલું સમજવામાં આવ્યું એટલું વર્ણન કરવામાં આવ્યું.

બુખારી અને મુસ્લિમની એક હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "કબીરહ ગુનાહોમાં પણ જે સૌથી મોટા છે હું તમને તેની જાણ કરું છું, તે ત્રણ છે. અલ્લાહ તઆલા સાથે કોઈ મખ્લૂકને ભાગીદાર-જોડીદાર

ઠરાવવો, માં-બાપની નાફરમાની કરવી અને જૂઠી ગવાહી આપવી અથવા જૂઠું બોલવું.''

એ જ પ્રમાણે બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺને કોઈને પૂછ્યું કે, ''સૌથી મોટો ગુનોહ શું છે ?'' રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ''તમે અલ્લાહ તઆલા સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો, જ્યારે કે તેણે જ તમને પૈદા કર્યા છે.'' પછી પૂછ્યું કે, ''ત્યાર પછી કયો ગુનોહ સૌથી મોટો છે ?'' ફરમાવ્યું, ''તમે પોતાના સંતાનને એ ડરથી મારી નાંખો કે, એ તમારા ખાવામાં ભાગીદાર થઈ ગયો, તમારે તેને ખવડાવવું પડશે.'' ફરી પૂછ્યું, ''ત્યાર બાદ કયો ગુનોહ સૌથી મોટો છે ?'' ફરમાવ્યું, ''તમારા પડોશીની પત્ની સાથે વ્યભિચાર કરવો.'' વ્યભિચાર પોતે એક મોટો ગુનોહ છે અને પડોશીના ઘરવાળાઓનું રક્ષણ પણ પોતાના ઘરના માણસો જેમ જ કરવી દરેક વ્યક્તિ માટે જરૂરી છે. એટલા માટે આ ગુનાહની સંખ્યા બમણી થઈ ગઈ.

સહીહૈનમાં એક હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ''એ બાબત કબીરહ ગુનાહોમાંથી છે કે, કોઈ વ્યક્તિ પોતાના માં-બાપને ગાળો આપે.'' સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, ''યા રસૂલુલ્લાહ ﷺ ! એ કેવી રીતે થઈ શકે કે કોઈ વ્યક્તિ પોતાના જ માં-બાપને ગાળો આપવા માંડે ?'' ફરમાવ્યું કે, ''હા ! જે વ્યક્તિ કોઈ અન્ય વ્યક્તિના માં-બાપને ગાળો આપે છે અને તેના પરિણામે પેલો વ્યક્તિ તેના માં-બાપને ગાળો આપે છે, તો એ પણ એવું જ છે, જેમકે તેણે પોતે પોતાના માં-બાપને ગાળો આપી હોય. કારણ કે, તે જ આ ગાળોનું કારણ બન્યો છે.''

અને સહીહ બુખારીની એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ શિર્ક, નાહક હત્યા કરવી, યતીમોના માલને નાજાઈઝ પદ્ધતિથી ખાઈ જવો, વ્યાજની આવક, જિહાદના મેદાનમાંથી નાસી છૂટવું, પાક દામન સ્ત્રીઓ ઉપર તોહમત લગાવવી, માં-બાપની નાફરમાની કરવી અને બયતુલ્લાહની બેહુરમતી (અપમાન) કરવાને કબીરહ ગુનાહોમાં ગણ્યું છે.

અમુક હદીષની રિવાયતોમાં એને પણ કબીરહ ગુનાહ ઠરાવવામાં આવ્યું છે કે, કોઈ વ્યક્તિ દારુલ કુફ્રમાંથી હિજરત કર્યા પછી દારુલ હિજરતને છોડીને દારુલ કુફ્રમાં ફરીવાર ચાલ્યો જાય.

બીજી અન્ય હદીષની રિવાયતોમાં એ બાબતોને પણ ગુનાહે કબીરહની યાદીમાં સામેલ કરવામાં આવી છે જેમકે, જૂઠી કસમ ખાવી, પોતાની જરૂરતથી વધારે પાણી રોકી રાખવું અને બીજા જરૂરતમંદોને પાણી ન આપવું, જાદૂ શીખવું, જાદૂનો અમલ કરવો, દારૂ પીવું આ મોટા-મોટા કબીરહ ગુનાહો છે અને ફરમાવ્યું કે, દારૂ પીવું اُمُّ الْفَوَاحِشْ "ઉમ્મુલ્ ફવાહિશ" (તમામ બુરાઈઓની જનેતા) છે. કારણ કે, દારૂના નશામાં ધૂત થઈને વ્યક્તિ કોઈપણ પ્રકારનું ખરાબ કૃત્ય આચરી શકે છે.

એ જ પ્રમાણે એક હદીષમાં ઈરશાદ ફરમાવ્યો કે, "સૌથી મોટો કબીરહ ગુનોહ એ છે કે, કોઈ વ્યક્તિ પોતાના મુસલમાન ભાઈ ઉપર એવી તોહમત લગાવે કે જેનાથી તેની ઈજ્જત બરબાદ થઈ જાય."

એક હદીષમાં છે કે, "જે વ્યક્તિ કોઈ શરઈ કારણ વિના બે નમાઝોને એક સમયમાં ભેગી કરી દે તો તેણે કબીરહ ગુનોહ આચર્યો." મતલબ એ છે કે, કોઈ નમાઝને પોતાના નિયત સમયે ન પઢી બલકે, કઝા કરીને બીજી નમાઝ સાથે પઢી લીધી.

અમુક હદીષની રિવાયતોમાં ઈરશાદ છે કે, "અલ્લાહ તઆલાની રહમતથી નિરાશ થઈ જવું પણ કબીરહ ગુનોહ છે, એ જ પ્રમાણે અલ્લાહના અઝાબ અને શિક્ષાથી નચિંત અને નીડર થઈ જવું પણ કબીરહ ગુનોહ છે."

એક રિવાયતમાં છે કે, 'વારસદારને નુકસાન પહોંચાડવું અને તેના વારસાને ઓછો કરવા માટે કોઈને વસિય્યત કરવી પણ કબીરહ ગુનાહમાંથી છે.'

સહીહ મુસ્લિમની એક રિવાયતમાં છે કે, રસૂલે કરીમ ﷺએ એક વખતે ફરમાવ્યું કે, "ગુનેહગાર અનેક નુકસાનમાં પડ્યા તથા તબાહ થઈ ગયા" ત્રણ વખતે આ વાક્યનું પુનરાવર્તન કર્યું, હઝરત અબૂઝર ગિફારી (રદિ.)એ વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! આ કિસ્મતના મહરૂમ તથા તબાહ અને બરબાદ થનાર કોણ લોકો છે ?" તો રસૂલે કરીમ ﷺએ જવાબ આપ્યો, "એક તે વ્યક્તિ, જે અભિમાનની સાથે લેંગા અથવા લૂંગી અથવા કુરતો અને અબાઅ્ને ઘૂંટીઓ નીચે લટકાવે છે. બીજા તે વ્યક્તિ, જે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરીને અહેસાન જતાવે છે, ત્રીજો તે વ્યક્તિ, જે ઘરડો હોવા છતાં વ્યભિચાર આચરે છે, ચોથો તે

વ્યક્તિ, જે બાદશાહ અથવા અધિકારી હોવા છતાં જૂઠું બોલે છે, પાંચમો તે વ્યક્તિ જે બાળ–બચ્ચાવાળો હોવા છતાં અભિમાન કરે છે, છઠ્ઠો તે વ્યક્તિ, જે કોઈ ઈમામના હાથ ઉપર ફક્ત દુનિયા માટે બયૂઅત કરે છે."

સહીહૈનની એક હદીષમાં છે કે, "(ચાડી) ચુગલી કરનારા જન્નતમાં જશે નહીં."

નસઈ અને મુસ્નદે અહમદ વગેરેની એક હદીષ છે કે, "અમુક વ્યક્તિઓ જન્નતમાં જશે નહીં. શરાબી (દારૂડિયો), માં–બાપનો નાફરમાન, સગાં–વહાલાઓથી વિના કારણે સંબંધ કાપી નાંખનાર, અહેસાન જતાવનાર, જિન્નાત, શયતાનો અને અન્ય માધ્યમો દ્વારા ગયૂબની ખબરો સંભળાવનાર, ડય્યુસ એટલે કે પોતાના સંતાનોને નિર્લજ્જ (બેહયાઈના) કૃત્યોથી ન રોકનાર."

મુસ્લિમ શરીફની એક હદીષમાં છે કે, "લા'નત છે અલ્લાહ તઆલાની તે વ્યક્તિ ઉપર; જે કોઈ જાનવરને અલ્લાહ સિવાય કોઈ અન્યના માટે કુરબાન કરે."

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૩૨–૩૩)

وَلَا تَتَمَنَّوْا مَا فَضَّلَ اللّٰهُ بِهٖ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ ؕ لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا اكْتَسَبُوْا ؕ
وَلِلنِّسَآءِ نَصِيْبٌ مِّمَّا اكْتَسَبْنَ ؕ وَسْـَٔلُوا اللّٰهَ مِنْ فَضْلِهٖ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِكُلِّ شَيْءٍ
عَلِيْمًا ﴿۳۲﴾ وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ مِمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ ؕ وَالَّذِيْنَ عَقَدَتْ
اَيْمَانُكُمْ فَاٰتُوْهُمْ نَصِيْبَهُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدًا ﴿۳۳﴾ ع

તરજુમો :

અને લાલસા ન રાખો (એમાં કે) જે વસ્તુમાં અલ્લાહે અમુકને અમુક ઉપર શ્રેષ્ઠતા આપી; પુરુષોનો હિસ્સો છે પોતાની કમાણીમાંથી અને સ્ત્રીઓનો હિસ્સો છે પોતાની કમાણીમાંથી; અને અલ્લાહ તઆલા પાસે તેનો ફઝ્લ (કૃપા) માંગો; બેશક ! અલ્લાહ તઆલાને દરેક વસ્તુની ખબર છે. (૩૨) અને અમે દરેકના માટે વારસદાર નક્કી કરી આપ્યા છે તે માલના જે

માતા-પિતા અને સગાં (મૃત્યુ પછી) છોડી જાય, અને જે લોકો સાથે તમારો કરાર થયો છે તો તેમને તેમનો હિસ્સો આપી દો; બેશક ! બધી જ વસ્તુઓ અલ્લાહ તઆલાની સામે છે. (૩૩)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં વારસાના હુકમો આવી ચૂક્યા છે, તેમાં પણ એવું બતાવવામાં આવ્યું હતું કે, મય્યતના વારસદારમાં જો પુરુષ અને સ્ત્રી હોય અને મય્યત સાથે સગપણ એક જ પ્રકારનું હોય, તો પુરુષને સ્ત્રી કરતાં બે ગણો ભાગ મળશે. એ જ પ્રમાણે તેની અન્ય શ્રેષ્ઠતાઓ પણ પુરુષો માટે સાબિત છે. હઝરત ઉમ્મે સલમા (રદિ.)એ એક વખતે રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે, "અમને અડધો વારસો મળે છે અને ફલાણાં-ફલાણાં કામમાં અમારા અને પુરુષો દરમિયાન તફાવત છે."

આવું કહેવાનો અર્થ કોઈ વાંધો કાઢવો ન હતો બલકે, એવી તમન્ના હતી કે, જો અમે લોકો પણ પુરુષ હોત તો પુરુષોની શ્રેષ્ઠતા અમને પણ પ્રાપ્ત થઈ હોત. અમુક સ્ત્રીઓએ એવી તમન્ના કરી કે કાશ ! અમે પણ પુરુષ હોત તો અમે પણ જિહાદમાં ભાગ લઈ શક્યા હોત અને જિહાદની શ્રેષ્ઠતાઓ અમને પણ પ્રાપ્ત થઈ હોત.

એક સ્ત્રીએ રસૂલે કરીમ ﷺને વિનંતી કરી, "પુરુષને વારસામાં બે ઘણો ભાગ મળે છે અને સ્ત્રીની ગવાહી પણ પુરુષ કરતાં અડધી છે, તો શું ઈબાદતો અને અમલોમાં પણ અમને અડધો જ સવાબ મળશે ?" આ બાબતે આ આયત નાઝિલ થઈ, જેમાં બંને નિવેદનોનો જવાબ મળી ગયો છે. હઝરત ઉમ્મે સલમા (રદિ.)ના નિવેદનનો જવાબ وَلَا تَتَمَنَّوْا (વલા તતમન્નવ)થી આપવામાં આવ્યો અને આ ઔરતના નિવેદનનો જવાબ لِلرِّجَالِ نَصِيبٌ (લિર્રિજાલિ નસીબુન્)થી આપવામાં આવ્યો.

તફસીર :

અને તમે (બધા પુરુષો અને સ્ત્રીઓ અલ્લાહની વહીના હુકમોમાંથી) એવા કોઈ કૃત્યની તમન્ના ન કર્યા કરો જેમાં અલ્લાહ તઆલાએ અમુકને અમુક ઉપર (દાખલા તરીકે પુરુષોને અમુક અંશે સ્ત્રીઓ ઉપર) શ્રેષ્ઠતા બક્ષી છે (જેમકે

પુરુષ હોવું અથવા સ્ત્રી હોવું, પુરુષોના વારસામાં બે ભાગ હોવા, તેમની ગવાહી માન્ય હોવી વગેરે) પુરુષો માટે તેમના અમલો(ના સવાબ)નો હિસ્સો (આખિરતમાં) સાબિત છે અને સ્ત્રીઓ માટે તેમના અમલો(ના સવાબ)નો હિસ્સો (આખિરતમાં) સાબિત છે (અને છુટકારાનો આધાર નિયમ પ્રમાણે અમલો જ છે અને તેમાં કોઈને કોઈ શ્રેષ્ઠતા નથી, તો જો અન્ય શ્રેષ્ઠતાઓ પ્રાપ્ત કરવાનો શોખ હોય તો અમલોમાં જે મૂળ બાબત છે, કોશીશ કરીને અન્યોથી વધારે સવાબ પ્રાપ્ત કરી લો. આવા સવાબના અમલો કર્યા વિના શ્રેષ્ઠતા અને ઉચ્ચતાની ફક્ત તમન્ના રાખવી વ્યર્થ છે.) અને (જો શ્રેષ્ઠતા અને ઉચ્ચતાનો શોખ છે તો જે અમલો ઉમદા, ઉચ્ચ ચારિત્ર્ય તરફ દોરે છે તો તે કરવા માંડો, પરંતુ તેની રીત એ નથી કે ફક્ત તમન્ના કર્યા કરો, બલકે એવું કરવું જોઈએ કે) અલ્લાહ તઆલાના (ખાસ) ફઝ્લની દરખાસ્ત (એટલે કે દુઆ) કર્યા કરો બેશક ! અલ્લાહ તઆલા દરેક બાબતને સારી રીતે જાણનારો છે. (તેમાં દરેક જ બાબતો આવી ગઈ એટલે કે, ફઝીલતો અને શ્રેષ્ઠતાના બધા જ પ્રકારો, ન્યાયના સ્વરૂપો તથા નેક અને સારા કૃત્યો ઉપર સવાબ આપવો તથા શ્રેષ્ઠતા અને ઉચ્ચતાના અન્ય સ્વરૂપોની દરખાસ્ત, બસ, આ વાક્ય સૌના વિશે છે.) અને દરેક એવા માલના માટે જેને માતા-પિતા અને (અન્ય) સગાંઓ (પોતાના મૃત્યુ પછી) છોડી જાય, અમે વારસદાર નક્કી કરી દીધા છે, અને જે લોકો સાથે તમારો કરાર (પ્રથમથી જ) થઈ ચૂક્યો હોય (જેને مَوْلَى الْمُوَالَاتْ કહે છે), તેને (હવે જ્યારે કે શરીઅતથી સગાંઓ વારસદાર નક્કી થઈ ગયા, તો સમગ્ર વારસો ન આપો બલકે ફક્ત) તે હિસ્સો (એટલે કે છઠ્ઠો ભાગ) આપી દો. બેશક ! અલ્લાહ તઆલા દરેક બાબતને જાણે છે (બસ, તેને સમગ્ર વારસો ન આપી દેવાની હિકમત અને છઠ્ઠો ભાગ નક્કી કરી દેવાની મસ્લિહત બધું જાણે છે અને એ પણ જાણે છે કે, આવો હિસ્સો કોણ આપે છે અને કોણ નથી આપતો).

મસ્અલા અને બોધપાઠ :

ઇચ્છાવર્તી અને અનિચ્છાવર્તી (વ્યક્તિના નિયંત્રણ હેઠળ હોય એવી અને નિયંત્રણ હેઠળ ન હોય એવી) બાબતોની તમન્ના કરવી :

આયતમાં તે અનિચ્છાવર્તી શ્રેષ્ઠતા અને ઉચ્ચતાઓની તમન્ના કરવાની

મનાઈ કરવામાં આવી છે, જે અન્યોને પ્રાપ્ત થઈ હોય..... તેનું કારણ એ છે કે, વ્યક્તિ જ્યારે પોતાને અન્યોના માલ-દૌલત, ઐશો-આરામ, સુંદરતા, ખુબીઓ, જ્ઞાન અને બુદ્ધિ વગેરે કરતા ઓછો (કમતર) જુએ છે તો માનવસ્વભાવ પ્રમાણે તેના દિલમાં એક પ્રકારની ઈર્ષ્યાની લાગણી જન્મે છે, જેનું ઓછામાં ઓછું પરિણામ એ હોય છે કે, હું પણ આ વ્યક્તિના સમકક્ષ થઈ જાઉં અથવા તેનાથી વધી જાઉં એવી લાગણી જન્મે છે, પરંતુ ઘણા વખતે તેના માટે આવી કોઈ શક્યતા હોતી નથી. કારણ કે, ઘણી આવડતો અને કૌશલ્ય એવા છે જે મનુષ્ય પોતાની મહેનત અને કોશીશ કરવાથી પ્રાપ્ત નથી કરી શકતો, તે ફક્ત અલ્લાહના ઈનામ સ્વરૂપે જ જે-તે વ્યક્તિને પ્રાપ્ત થાય છે. જેમકે કોઈ વ્યક્તિ પુરુષ છે અથવા કોઈ વ્યક્તિ ઉચ્ચ ખાનદાનમાં જન્મ લે છે અથવા તો કોઈ નબીના ઘરે પૈદા થાય છે અથવા તો કોઈ રાજાનો પુત્ર હોય છે, કોઈ ખૂબસૂરત જન્મે છે વગેરે...વગેરે.... હવે જે વ્યક્તિને આવા ઈનામો પ્રાપ્ત નથી થતા, ભલે તે સમગ્ર જીવન તેને પ્રાપ્ત કરવાની કોશીશમાં લાગેલો રહે દાખલા તરીકે, સ્ત્રી પુરુષ બનવાનો પ્રયત્ન કરે અથવા કોઈ વ્યક્તિ નબીના ખાનદાન એટલે કે સય્યિદ બનવાનો પ્રયત્ન કરે અથવા તો કોઈ વ્યક્તિ પોતાનો ચહેરો-મહોરો બદલી સુંદર બનવાનો પ્રયત્ન કરે, તો આ બધું તેની શક્તિ અને સામર્થ્યમાં નથી અને ન જ તે કોઈ દવા, ઈલાજ અથવા યુક્તિથી તે આ ખૂબી પ્રાપ્ત કરી શકે છે અને જ્યારે તેનામાં અન્યોની બરાબરી કરવાની શક્તિ નથી હોતી તો હવે તેના નફ્સમાં એવી ઈચ્છા જન્મ લે છે કે, અન્યો પાસેથી પણ અલ્લાહની આ નેઅ્મત છીનવાઈ જાય, જેથી તે તેના સમકક્ષ અથવા તેનાથી ઓછો થઈ જાય તેનું નામ જ "હસદ" (ઈર્ષ્યા) છે. જે માનવસ્વભાવની એક અત્યંત શરમજનક નુકસાનકર્તા કુટેવ અને દુર્ગુણ છે, જેણે જગતમાં અનેક ઝઘડા અને ફસાદ કરાવ્યા છે, જે અનેક હત્યાઓ અને ખૂનામરકીઓનું કારણ પણ બને છે.

કુર્આને કરીમની આ આયતે આ ફસાદનો દરવાજો બંધ કરવા માટે ઈરશાદ ફરમાવ્યો, وَلَا تَتَمَنَّوْا مَافَضَّلَ اللّٰهُ بِهٖ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ એટલે કે, અલ્લાહ તઆલાએ હિકમત અને મસ્લિહતના તકાદાના લીધે જે કૌશલ્યો અને વિવિધ શ્રેષ્ઠતઓની લોકોમાં વહેંચણી કરી છે, કોઈને અમુક પ્રકારના લક્ષણ અને ખાસિયત આપી દીધી તો બીજાને અન્ય કાંઈ, કોઈને ઓછું આપ્યું તો કોઈને

વધારે, તેમાં દરેક વ્યક્તિએ પોતાની કિસ્મત ઉપર રાજી-ખુશી રહેવું જોઈએ. બીજાની વિશિષ્ટતાઓ અને શ્રેષ્ઠતાઓની તમન્નામાં રાચેલા ન રહેવું જોઈએ કે, તેના પરિણામે પોતાને રંજ, ગમ અને ઈર્ષ્યાના મહાન ગુનાહ સિવાય કંઈ જ પ્રાપ્ત થતું નથી.

જેને અલ્લાહ તઆલાએ પુરુષ બનાવ્યો તે તેના માટે અલ્લાહનો ઉપકાર માને, જેને સ્ત્રી બનાવી તે તેના ઉપર રાજી રહે અને સમજે કે, જો હું પુરુષ બની હોત તો કદાચ પુરુષ તરીકેની જવાબદારીઓ પૂર્ણ ન કરી શકી હોત અને ગુનેહગાર બની હોત. જેને અલ્લાહ તઆલાએ ખૂબસૂરત બનાવ્યા છે તે પોતાની ખૂબસૂરતીનો શુક્ર અદા કરે કે, તેને આ નેઅ્મત મળી અને જે ખૂબસૂરત નથી તેણે પણ ગમગીન થવું જોઈએ, બલકે એવું સમજવું જોઈએ કે મારા માટે અલ્લાહે તેમાં કોઈ ભલાઈ મૂકી હશે. જો મને ખૂબસૂરત બનાવ્યો હોત તો કદાચ કોઈ ફિત્ના અથવા ખરાબીમાં સપડાઈ ગયો હોત. જો વ્યક્તિ નસબના આધારે સય્યિદ અથવા હાશમી છે, તે એનો શુક્ર અદા કરે કે, અલ્લાહ તઆલાનું આ એક મહાન ઈનામ છે અને જે સય્યિદ નથી તે તેની ફિકર-ચિંતામાં ન પડે અને તેની તમન્ના પણ ન કરે, કારણ કે જે વસ્તુ કોઈના પ્રયત્નો કરવાથી પ્રાપ્ત થઈ શકતી નથી, તેની તમન્ના ગુનાહોમાં સપડાવી દેશે અને રંજ-ગમ સિવાય કંઈ જ પ્રાપ્ત નહીં થાય. પોતાના નસબ ઉપર અફસોસ કરવા કરતાં નેક અમલો કરવાની ફિકર-ચિંતામાં લાગી જવું જોઈએ, આવું કરવાથી તે મોટા નસબવાળા લોકોથી પણ આગળ વધી શકે છે.

કુર્આનની આયતો અને રસૂલુલ્લાહ ﷺના ફરમાનોમાં مُسَابَقَتٌ فِى الْخَيْرَاتُ "મુસાબકત ફિલ ખયરાત" એટલે કે, "નેક કામોમાં અન્યો કરતાં આગળ વધી જવાની કોશીશ" કરતા રહેવાનો હુકમ અથવા અન્યોની ખાસિયતો અને કૌશલ્યો અને વિશિષ્ટતાઓને જોઈને તેને પ્રાપ્ત કરવાના પ્રયત્નો અને સંઘર્ષોની પ્રેરણા આવી છે, આવું પ્રોત્સાહન તે અમલો અને કાર્યોના સંદર્ભમાં છે, જે મનુષ્યના અધિકારમાં છે અને મહેનત તથા સંઘર્ષ કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. દાખલા તરીકે જ્ઞાનની વિશિષ્ટતા અને અમલ તથા અખ્લાકની ઉચ્ચતા કોઈનામાં નિહાળીને તેને પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ અને સારો નેક રસ્તો અપનાવવા સંઘર્ષ કરવો એક સરાહનીય કૃત્ય છે. આ આયત તેની વિરોધી નથી બલકે, આયતનો અંતિમ

ભાગ આ જ બાબતને સમર્થન આપે છે, તેમાં ઈરશાદ છે لِلرِّجَالِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبُوا وَلِلنِّسَآءِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبْنَ એટલે કે, "જે કંઈ પુરુષે પોતાના (સંઘર્ષ અને) મહેનત દ્વારા પ્રાપ્ત કર્યું તેનો હિસ્સો તેને મળશે અને જે કંઈ સ્ત્રીઓએ મહેનત અને પ્રયત્નો દ્વારા પ્રાપ્ત કર્યું, તેનો હિસ્સો તેને મળશે."

તેમાં એ ઈરશાદ મૌજૂદ છે કે, ઉચ્ચ સ્થાન અને અમુક વિશિષ્ટતાઓ તથા કૌશલ્યો પ્રાપ્ત કરવા માટે મહેનત અને યોગ્ય માર્ગે સંઘર્ષ કરવાથી તે બેકાર નહીં જાય બલકે, દરેક પુરુષ-સ્ત્રીને તેના પ્રયત્નો અને અમલો (કર્મો)નો હિસ્સો અવશ્ય મળશે.

આથી એ પણ જાણ થઈ કે, કોઈ વ્યક્તિનું જ્ઞાન અથવા અમલ અથવા ચારિત્ર્યની વિશિષ્ટતા જોઈને તેની તમન્ના કરવી અને પછી તે તમન્ના પૂરી કરવા માટે પ્રયત્નો અને યોગ્ય માર્ગે સંઘર્ષ કરવો ઈચ્છનીય અને પસંદ કરવામાં આવેલ બાબત છે.

અત્રે એક ગેરસમજ દૂર થઈ ગઈ જેમાં ઘણા અજ્ઞાન લોકો સપડાઈ જાય છે. અમુક તો અનિચ્છાવર્તી વિશિષ્ટતાઓની તમન્નામાં લાગી જાય છે (જે પોતાના અધિકારમાં હોતી નથી) અને પોતાના ઐશો-આરામ, શાંતિ અને સંતોષને દુનિયામાં બરબાદ કરી નાંખે છે અને અમુક સમયે તો ઈર્ષ્યા સુધી નોબત પહોંચે છે. એટલે કે અન્યોની ખૂબીઓ અને ઉચ્ચ સ્થાનોને પડતી અને અધોગતિમાં જોવાની તમન્ના કરવા માંડે છે અને તેનાથી પોતાની આખિરત બરબાદ કરે છે. કારણ કે, આવું કરીને તે હસદ (ઈર્ષ્યા)નો મોટો ગુનોહ આચરે છે.

અમુક લોકો એવા પણ છે જેઓ પોતાની આળસ, કાયરતા બલકે બેગૈરતીથી પોતાના અધિકારમાં હોય એવી વિશિષ્ટતાઓ અને ગુણ-લક્ષણોને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન પણ નથી કરતા અને કોઈ ધ્યાન દોરે તો પોતાની કાયરતા અને આળસ ઉપર પડદો નાંખવા માટે કિસ્મત અને તકદીરનો હવાલો આપવા માંડે છે.

આ આયતે એક અત્યંત હિકમતભર્યા અંદાજમાં ન્યાયોચિત્ નિયમ બતાવ્યો કે, જે વિશિષ્ટતાઓ અને કૌશલ્યો અનિચ્છાવર્તી છે એટલે કે, પોતાના અધિકારમાં નથી, તેમાં મનુષ્યના પ્રયત્નો અને સંઘર્ષનો કોઈ પ્રભાવ નહીં પડે

જેમકે, કોઈ ઉચ્ચ ખાનદાનમાં પૈદા થવું અથવા ખૂબસૂરત પેદા થવું વગેરે. આવી શ્રેષ્ઠતાઓને તકદીરના હવાલે કરીને વ્યક્તિ જે હાલતમાં પણ છે તેના ઉપર રાજી રહેવું અને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ, તેનાથી વધારેની તમન્ના પણ વ્યર્થ અને બેકાર છે, જે અંતે ગમ, રંજ અને ઈર્ષ્યાનું કારણ બને છે.

અને જે વિશિષ્ટતાઓ અને ખાસિયતો ઈચ્છાવર્તી છે, એટલે કે, પોતાના અધિકાર ક્ષેત્રમાં છે, જેને મહેનત અને યોગ્ય દિશામાં સંઘર્ષ કરીને પ્રાપ્ત કરી શકાય છે, તેની તમન્ના કરવી ફાયદાકારક છે, એ શરતે કે, સંઘર્ષ અને મહેનત યોગ્ય દિશામાં જાઇઝ પદ્ધતિથી કરવામાં આવે અને આ આયતમાં એ પણ વાયદો કરવામાં આવ્યો છે કે, આ પ્રમાણે મહેનત અને સંઘર્ષ કરનારની મહેનત વ્યર્થ જતી નથી. બલકે, દરેકને પોતાની મહેનત પ્રમાણે હિસ્સો અવશ્ય મળશે, ભલે તે પુરુષ હોય કે સ્ત્રી.

તફસીરે બહરે મુહીતમાં છે કે, આ આયત અગાઉ لَاتَاْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ અને لَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ નો હુકમ આવ્યો હતો, જેમાં કોઈના માલને નાહક પદ્ધતિએ ઉપયોગ કરવાની અને કોઈની નાહક હત્યા કરવાની મનાઈ છે અને આ આયતમાં આ બંને ગુનાહોના મૂળ સ્ત્રોતોને જ બંધ કરવા માટે એવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, અન્ય લોકોની માલ-દૌલત, ઐશો-ઈસરત, ઈજ્જત, હોદ્દો વગેરેમાં તમારા ઉપર અલ્લાહે તેમને ઉચ્ચતા બખ્શી છે, તો તમે એની તમન્ના પણ ન કરો.... તેમાં વિચાર કરવામાં આવે તો જાણ થશે કે, ચોરી, લૂંટફાટ અને અન્ય નાજાઇઝ પદ્ધતિઓથી કોઈનો માલ લઈ લેવો અથવા તો નાહક હત્યા કરવી, ખૂનરેઝી કરવી આ બધા અપરાધોનો મૂળ હેતુ એ જ હોય છે કે, એક વ્યક્તિ જ્યારે અન્ય વ્યક્તિને માલ-દૌલતમાં પોતાના કરતાં ખુબ આગળ વધેલો જુએ છે તો પ્રથમ તેના દિલમાં તેના સમકક્ષ અથવા તેનાથી આગળ વધી જવાની મહેચ્છા અને તમન્ના પેદા થાય છે. પછી આ તમન્ના જ તે બધા અપરાધો સુધી તેને ખેંચી જાય છે. કુર્આનના માર્ગદર્શનમાં આ બધા અપરાધોના મૂળ સ્ત્રોતોને બંધ કરવા માટે અન્યોની વિશિષ્ટતાઓ અને ફઝીલતોની ઈચ્છા કરવાથી રોકવામાં આવ્યા છે.

આયતમાં ત્યાર પછી ઈરશાદ છે, وَاسْئَلُوا اللّٰهَ مِنْ فَضْلِهٖ તેમાં એવું માર્ગદર્શન છે કે, જ્યારે તમે કોઈનો માલ પોતાના કરતાં વધારે જુઓ તો તેની આ

આગવી લાક્ષણિકતામાં પોતે સમકક્ષ બનવાની ઈચ્છા કરવા કરતાં અલ્લાહ તઆલા પાસે રહમ અને કૃપાની દરખાસ્ત કરો, કારણ કે, અલ્લાહની કૃપા.... દરેક વ્યક્તિ માટે વિવિધ સ્વરૂપોમાં જાહેર થાય છે. કોઈને માલ-દૌલતની છૂટછાટ હોય છે, જો તે નિર્ધન થઈ જાય તો શક્ય છે કે, ગુનાહો અને કુફ્રમાં સપડાઈ જાય, અને કોઈના માટે આર્થિક સંકડામણમાં જ તેની ભલાઈ હોય છે. જો તે માલદાર થઈ જાય તો શક્ય છે કે, હજારો ગુનાહોનો શિકાર થઈ જાય, આ જ પ્રમાણે કોઈની ઈજ્જત અને હોદ્દાના સ્વરૂપમાં પણ અલ્લાહની કૃપા જ હોય છે. કોઈના માટે ગુમનામી અલ્લાહની મસ્લિહત અને કૃપા ઉપર જ અવલંબિત હોય છે. જો વાસ્તવિકતા ઉપર દૃષ્ટિપાત કરીશું તો ખબર પડશે કે, તેને જો ઈજ્જત અને હોદ્દો મળ્યો હોત તો તે ઘણા ગુનાહોમાં સપડાઈ ગયો હતો.

એટલા માટે આ આયતમાં એવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, જ્યારે અલ્લાહ પાસે માંગો તો કોઈ ખાસ સિફત અથવા વિશિષ્ટતા માંગવાના બદલે અલ્લાહ તઆલાની કૃપા માંગો, જેથી તે પોતાની હિકમત પ્રમાણે તમારા ઉપર તેની કૃપાના દરવાજા ખોલી નાંખે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, إِنَّ اللَّهَ كَانَ بِكُلِّ شَيْءٍ عَلِيمًا એટલે કે, અલ્લાહ તઆલા દરેક વસ્તુ જાણનારો છે, તેમાં ઈશારો કરવામાં આવ્યો કે, અલ્લાહ તઆલાની વહેંચણી હિકમત પ્રમાણે ન્યાયના સિદ્ધાંત આધારે જ થઈ છે, જેમાં જેને જે પરિસ્થિતિમાં રાખવામાં આવ્યો છે તે પરિસ્થિતિ તેના માટે યોગ્ય હતી, તેના માટે હિકમત અને ન્યાય હતો. પરંતુ મનુષ્યને પોતાના કર્મોની અને તેના પરિણામોની સંપૂર્ણ ખબર હોતી નથી. માત્ર અલ્લાહ તઆલા જ સારી રીતે જાણે છે કે, કોને કેવી પરિસ્થિતિમાં રાખવો વધારે લાભદાયક છે.

પ્રસ્તુત આયતનો શા'ને નુઝૂલ વર્ણન થઈ ગયો છે કે, જ્યારે વારસામાં પુરુષોનો બમણો ભાગ નક્કી થયો તો અમુક સ્ત્રીઓએ એવી તમન્ના કરી કે, જો અમે પુરુષ હોત તો અમને પણ બમણો હિસ્સો મળ્યો હોત. એટલા માટે આ અનુસંધાને બીજી આયતમાં વારસા-વહેંચણીના કાનૂનોનું વર્ણન એવી શૈલીમાં કરવામાં આવ્યું કે, "તેમાંથી જે કંઈ હિસ્સો નક્કી કરવામાં આવ્યો છે તે સંપૂર્ણ હિકમત અને ન્યાય પ્રમાણે કરવામાં આવ્યો છે." મનુષ્યની બુદ્ધિ દુનિયાની બધી મસ્લિહતો (હિતો) અને નુકસાનોને સમજી નથી શકતી. એટલા માટે તે એ

હિકમતોના મૂળ સુધી નહીં પહોંચી શકે જે અલ્લાહ તઆલાના નક્કી કરેલા કાનૂનમાં ઉપસ્થિત છે. એટલા માટે જે હિસ્સો જેના માટે નક્કી કરવામાં આવ્યો છે, તેણે તેના ઉપર રાજી રહી અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ.

કરાર અને વચન આધારે વારસો પહોંચવાનો હુકમ :

આ આયતના અંતમાં જે પરસ્પર કરારના આધાર પર હિસ્સો દેવાનું નક્કી છે તે ઈસ્લામની શરૂઆતમાં હતું, પાછળથી આ આયત وَاُولُـوا الْاَرْحَـامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ (૩૩ : ૬) દ્વારા તે મન્સૂખ (રદ) થઈ ગયું. હવે, જો બીજા વારસદારો મૌજૂદ હોય તો બે વ્યક્તિઓએ પરસ્પર કરેલ કરારની વારસા–વહેંચણી ઉપર કોઈ અસર થશે નહીં.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૩૪–૩૫)

اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ بَعْضَهُمْ عَلٰى بَعْضٍ وَّبِمَآ اَنْفَقُوْا
مِنْ اَمْوَالِهِمْ ؕ فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ ؕ وَالّٰتِىْ تَخَافُوْنَ
نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ فِى الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ ۚ فَاِنْ اَطَعْنَكُمْ
فَلَا تَبْغُوْا عَلَيْهِنَّ سَبِيْلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا كَبِيْرًا ﴿٣٤﴾ وَاِنْ خِفْتُمْ شِقَاقَ
بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَحَكَمًا مِّنْ اَهْلِهَا ۚ اِنْ يُّرِيْدَآ اِصْلَاحًا يُّوَ
فِّقِ اللّٰهُ بَيْنَهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا خَبِيْرًا ﴿٣٥﴾

તરજુમો :

પુરુષો સ્ત્રીઓ ઉપર હાકિમ (દેખરેખ રાખનાર) છે, એટલા માટે કે અલ્લાહે અમુકને અમુક ઉપર મોટાઈ આપી, અને એટલા માટે કે તેમણે પોતાનો માલ ખર્ચ કર્યો; પછી જે સ્ત્રીઓ નેક છે, આજ્ઞાપાલક છે, (પતિની) ગેરહાજરીમાં અલ્લાહના રક્ષણથી (પતિના માલ અને ઈજ્જતની) દેખરેખ રાખે છે; અને જે(સ્ત્રીઓ)ની નાફરમાનીનો તમને ડર હોય તો તેમને (નરમીથી) સમજાવો અને શયન(કક્ષ)થી અલગ કરી દો અને (તે છતાં ન

માને તો) તેમને મારો, પછી જો તમારું કહ્યું માને તો તેમના ઉપર (ત્રાસ આપવા માટે) આક્ષેપબાજી કરવાનો (કોઈ) માર્ગ (બહાનું) ન શોધો; બેશક! અલ્લાહ સૌથી ઉચ્ચ (અને) સૌથી મહાન છે. (૩૪) પછી જો તમે ડરો કે તે બંને આપસમાં જીદ (અણબનાવ) રાખે છે તો પુરુષના ખાનદાનમાંથી એક (ઈન્સાફ પસંદ) લવાદ અને એક (ઈન્સાફ પસંદ) લવાદ સ્ત્રીના ખાનદાનમાંથી નક્કી કરો; જો આ બંને (દિલથી) ઈચ્છે કે સુલેહ કરાવી આપીએ, તો અલ્લાહ તેમની વચ્ચે મેળાપ કરી આપશે; બેશક! અલ્લાહ સર્વજ્ઞ, (અને) ખૂબ માહિતગાર છે. (૩૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સ્ત્રીઓ વિશે જે હુકમો આવી ચૂક્યા છે તેમાં તેમના હક દબાવવાની મનાઈ કરવામાં આવી, હવે આગળ પુરુષોના હકોનું વર્ણન છે અને તેમના હકો બરબાદ કરવાના સ્વરૂપમાં પત્નીને શિક્ષાની પણ ઈજાઝત આપવામાં આવી છે. સાથે-સાથે હકોમાં મતભેદ ઉપસ્થિત થવાના સ્વરૂપમાં તેના સમાધાનની પદ્ધતિ અને હકો પૂર્ણ કરનારાઓની શ્રેષ્ઠતાનું વર્ણન પણ પ્રસ્તુત છે, સાથે-સાથે એ બાબતની પણ સ્પષ્ટતા છે કે, પુરુષોનું સ્થાન સ્ત્રીઓ કરતાં અમુક અંશે વધારે છે, તેનો એ જવાબ પણ નીકળી આવ્યો કે, જ્યારે પુરુષ સ્ત્રીઓ કરતાં દરજ્જામાં મોટો છે તો તેમાં કોઈ શંકા ન રહેવી જોઈએ કે, વારસામાં પણ તેનો હિસ્સો સ્ત્રીઓ કરતાં વધારે કેમ હોય છે ?

તફસીર :

પુરુષો સરદાર છે સ્ત્રીઓ ઉપર (બે કારણો થી, એક તો) આ કારણથી કે અલ્લાહ તઆલાએ અમુકને (એટલે કે, પુરુષોને) અમુક ઉપર (એટલે કે સ્ત્રીઓ ઉપર કુદરતી) ફઝીલત આપી છે (આ બાબત માનવ પ્રકૃતિને અનુરૂપ પણ છે) અને (બીજું) કારણ એ છે કે પુરુષોએ (સ્ત્રીઓ ઉપર) પોતાનો માલ (મહરમાં અને ભરણ-પોષણમાં) ખર્ચ કર્યો છે (અને ખર્ચ કરનારો હાથ ઊંચો અને ઉત્તમ હોય છે એનાથી કે જેના ઉપર ખર્ચ કરવામાં આવે અને આ કાર્ય મહેનત અને સંઘર્ષનું છે) બસ, જે ઔરતો નેક છે (તે પુરુષોની આ શ્રેષ્ઠતા અને તેના હકોના કારણે તેમની) ફરમાંબરદારી કરે છે (અને) પુરુષોની ગેરહાજરીમાં (પણ)

અલ્લાહની હિફાઝત (અને તવફીક) વડે (પતિના માલ અને ઈજ્જતની) દેખરેખ રાખે છે અને જે સ્ત્રીઓમાં (આ લક્ષણ નથી હોતું બલકે,) એવું હોય કે તમને (પત્નીઓના) કંકાશની (મજબૂત) શક્યતા હોય તો તેમને (પ્રથમ) મૌખિક શિખામણ આપો અને (ન માને તો) તેમને શયનકક્ષોમાં એકલી છોડી દો (એટલે કે તેમના ઓરડામાં ન સૂવો) અને (તો પણ ન માને તો) તેમને (હળવો) માર મારો પછી જો તે તમારી ફરમાંબરદારી કરવાનું શરૂ કરી આપે તો તેમના ઉપર (અતિરેક કરવા માટે પજવવાના હેતુથી) બહાના (અને મોકા) ન શોધો. (કારણ કે) નિઃશંક ! અલ્લાહ તઆલા અતિઉચ્ચ અને સૌથી મહાન છે. (જો તમે આવું કરશો તો પછી તે પણ તમારા ઉપર પોતાના હકો બાબતે હજારો આક્ષેપો લગાવી શકે છે) અને જો તમને ઉપરવાળા (સગાં-સંબંધી)ઓને તે બંને પતિ-પત્નીમાં (એવી ખેંચતાણની) શંકા હોય (કે તેઓ પરસ્પર સમાધાન નહીં કરી શકે) તો તમે લોકો એક પુરુષ જે સમાધાન કરવાની ક્ષમતા ધરાવતો હોય પુરુષના ખાનદાનમાંથી અને એક પુરુષ (આ જ પ્રમાણે) સમાધાન કરાવવાની ક્ષમતા ધરાવતો હોય, સ્ત્રીના ખાનદાનમાંથી (લવાદ તરીકે નક્કી કરીને આ ખેંચતાણ અને કંકાશને દૂર કરવા માટે તેમની પાસે) મોકલો (કે તેઓ તહકીક કરીને પરિસ્થિતિ જાણે અને જેની વાત ખોટી હોય તે બંનેને પોત-પોતાનો દોષ સમજાવે) જો તે બંને પુરુષોને (સાચા દિલથી) સુધારણા (કરવાનું) મંજૂર હશે તો અલ્લાહ તઆલા આ પતિ-પત્નીમાં (એ શરતે કે, આ લવાદના મશવરા ઉપર અમલ કરે) સુલેહ કરી આપશે. નિઃશંક ! અલ્લાહ તઆલા મોટો ઈલ્મવાળો અને ખૂબ માહિતગાર છે, (જે પ્રમાણે તેમનામાં પરસ્પર સુલેહ થઈ શકે છે તેને પણ જાણે છે અને લવાદની નિય્યત ઠીક હોય તો અલ્લાહ તેમના દિલોમાં સુલેહ-સંપની કોઈ તક ચોક્કસ ઉપસ્થિત કરશે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ નિસાઅ્ની શરૂઆતથી અહીંયાં સુધી મોટા ભાગના હુકમો અને હિદાયતો સ્ત્રીઓના અધિકારોના સંદર્ભમાં આવી છે, જેમાં તે અત્યાચારોને દૂર કરવામાં આવ્યા છે, જે ઈસ્લામ અગાઉ આખી દુનિયામાં આ નમણી-નાજુક નારી ઉપર કરવામાં આવતા હતા. ઈસ્લામે સ્ત્રીઓને તે તમામ માનવીય અધિકારો આપ્યા જે પુરુષોને પ્રાપ્ત છે. જો સ્ત્રીઓની જવાબદારી પુરુષોની અમુક

સેવાઓ કરવાની છે તો પુરુષો માટે પણ સ્ત્રીઓના અધિકારો પૂર્ણ કરવાની જવાબદારી ફરજ કરવામાં આવી છે.

સૂરએ બકરહની આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَلَهُنَّ مِثْلُ الَّذِىْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ એટલે કે, સ્ત્રીઓના અધિકારો પુરુષોના જિમ્મે એ જ પ્રમાણે વાજિબ છે જે પ્રમાણે પુરુષોના હકો સ્ત્રીઓના જિમ્મે છે અને તેમાં બંનેના અધિકારો (હકો)ની અદાયગીનો હુકમ આપીને તેની સ્પષ્ટતાઓ નિયમનો હવાલો આપી વર્ણન કરવામાં આવી. આખા જગતમાં પ્રચલિત અજ્ઞાનતાપૂર્ણ જુલમી રીત-રિવાજોનો આ હુકમ દ્વારા નાશ કરવામાં આવ્યો. હા ! એ જરૂરી નથી કે, પતિ-પત્ની બંનેના અધિકારોનું સ્વરૂપ બિલકુલ જ સમાન હોય, બલકે સ્ત્રીઓ ઉપર એક પ્રકારનું કામ જરૂરી છે તો સામે પક્ષે પુરુષો ઉપર પણ બીજા પ્રકારની જવાબદારી હોય છે. સ્ત્રીઓ ઘરગૃહસ્થીની જવાબદારી અને બાળકોની કેળવણી તથા તેની સુરક્ષાની જવાબદારી નિભાવે છે, તો પુરુષો પણ આવશ્યક જીવન-જરૂરી ખર્ચ માટે તથા આર્થિક ઉપાર્જનની જવાબદારી નિભાવે છે. સ્ત્રીઓની જવાબદારી પુરુષોની સેવા અને તેમની આજ્ઞાનું પાલન છે, તો પુરુષોની જવાબદારી તેમની મહર અને ભરણ-પોષણના સંપૂર્ણ ખર્ચની વ્યવસ્થા કરવાની છે. મતલબ કે, આ આયત દ્વારા સ્ત્રી અને પુરુષોને એકબીજાના પૂરક અધિકારો આપવામાં આવ્યા છે.

પરંતુ એક બાબત એવી પણ છે જેમાં પુરુષોને સ્ત્રીઓ ઉપર કંઈક અંશે શ્રેષ્ઠતા બખ્શવામાં આવી છે અને એક વિશિષ્ટ પ્રકારની ઉચ્ચતા અર્પવામાં આવી છે. એટલા માટે આ આયતના અંતે ફરમાવ્યું, وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ એટલે કે, "પુરુષોને સ્ત્રીઓ ઉપર એક વિશેષ દરજ્જો પ્રાપ્ત છે."

આ આયતોમાં એ જ દરજ્જાનું વર્ણન કુર્આને કરીમે હિકમતભરી શૈલીમાં એ રીતે કર્યું છે કે, પુરુષોની આ વિશેષતા અને શ્રેષ્ઠતા પોતે સ્ત્રીઓ માટે લાભદાયક અને તેમના હકમાં અને હિતમાં મસ્લિહત આધારિત છે, તેમાં સ્ત્રીના માન-મોભા કે મર્યાદા વિરુદ્ધ કશું જ નથી અને એમાં સ્ત્રીઓનું કોઈ નુકસાન પણ નથી.

ફરમાવ્યું, اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ આ આયતમાં આવતો શબ્દ قَوَّامٌ

(કવ્વામ), قَيَّامٌ (કય્યામ), قَيِّمٌ (કય્યિમ) અરબી ભાષામાં તે વ્યક્તિને કહેવામાં આવે છે જે કોઈ કાર્યનો વ્યવસ્થાપક હોય અથવા કોઈ બાબતને ચલાવવાની જવાબદારી નિભાવતો હોય. એટલા માટે આ આયતમાં "કવ્વામ"નો તરજુમો સામાન્ય રીતે "હાકિમ" (સરદાર)નો કરવામાં આવ્યો છે, એટલે કે પુરુષો સ્ત્રીઓ ઉપર "હાકિમ" (સરદાર) છે. તેનો ભાવાર્થ એ છે કે, દરેક સામૂહિક વ્યવસ્થાઓમાં બૌદ્ધિક અને તાર્કિક રીતે એ આવશ્યક હોય છે કે, કોઈપણ વ્યવસ્થાનો સરદાર અથવા અમીર કે હાકિમ હોય છે અને મતભેદોના સમયે તેના ફૈસલાને આખરી નિર્ણય સમજવામાં આવે છે, જેનાથી આગળ કામ ચાલે છે. જે પ્રમાણે દેશ, રાજ્ય અથવા શા'સન માટે આવા હાકિમની આવશ્યકતા હોય છે એ જ પ્રમાણે કૌટુંબિક વ્યવસ્થાઓમાં પણ એવી આવશ્યકતા હંમેશા અનુભવવામાં આવે છે અને કોઈ એક વ્યક્તિને કુટુંબનો સરદાર અથવા હાકિમ બનાવવામાં આવે છે. એ જ પ્રમાણે આ સામાજિક વ્યવસ્થાઓમાં જેને ઘરગૃહસ્થી કહેવામાં આવે છે, તેમાં પણ એક અમીર અને સરદારની જરૂર હોય છે. સ્ત્રીઓ અને બાળકોના બદલે આ કાર્ય માટે અલ્લાહ તઆલાએ પુરુષોને નિયુક્ત કર્યા છે. તેમનું જ્ઞાન, કાર્ય કરવાની ક્ષમતા તથા સામર્થ્ય સ્ત્રીઓ અને બાળકો કરતાં વધારે હોય છે અને આ એવું સનાતન સત્ય છે કે, કોઈ પણ સમજદાર સ્ત્રી અથવા પુરુષ આ બાબતનો ઈન્કાર નહીં કરી શકે.

ખુલાસો એ છે કે, સૂરએ બકરહની આયતમાં وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ ફરમાવીને અને સૂરએ નિસાઅ્ની આયતમાં આ વર્ણન કરીને اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ બતાવી દીધું કે, જો કે સ્ત્રીઓના અધિકારો પુરુષો ઉપર એ જ પ્રમાણે વાજિબ અને આવશ્યક છે જે રીતે પુરુષોના સ્ત્રીઓ ઉપર છે અને બંનેના પરસ્પર હકો એકબીજાના પૂરક છે, પરંતુ એક બાબતમાં પુરુષોને વિશેષતા પ્રાપ્ત છે કે, તેને "હાકિમ" (સરદાર) બનાવવામાં આવ્યો છે..... અને કુર્આને કરીમની બીજી આયતોથી એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે આ સરદારી જે રીતે પુરુષોને સ્ત્રીઓ ઉપર આપવામાં આવી છે તે ફક્ત સરદારી અને હુકમ ચલાવવા માટેનો વિશેષાધિકાર નથી. બલકે, પોતે સરદાર એટલે કે, પતિ પોતે પણ શરીઅતના કાનૂન પ્રમાણે મશ્વરાનો બંધાયેલો છે. ફક્ત પોતાની ઈચ્છા પ્રમાણે કોઈ કામ નથી કરી શકતો, તેને હુકમ આપવામાં આવ્યો છે عَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ એટલે

કે, "સ્ત્રીઓ સાથે નિયમ પ્રમાણે સારો વર્તાવ કરો."

એ જ પ્રમાણે બીજી આયતમાં عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍનો તા'લીમ આપવામાં આવી, જેમાં એવું માર્ગદર્શન આપ્યું છે કે, ઘરગૃહસ્થીમાં પત્નીના સલાહ-મશ્વરાથી કામ કરે. આ સ્પષ્ટતા પછી પુરુષની સરદારી સ્ત્રીઓ માટે કોઈ લઘુતાગ્રંથીથી પીડાવાનું કારણ ન હોઈ શકે. અત્રે આવી સંભાવના હોવાના કારણે કે, પુરુષોના આ વિશેષાધિકારના લીધે અને પોતે પુરુષોના તાબે'દાર હોવાના કારણે સ્ત્રીઓને એ બાબત પસંદ નહીં પડે એટલા માટે અલ્લાહ તઆલાએ આ સ્થળે ફક્ત હુકમ બતાવીને અને તેને લાગુ પાડવાને પૂરતું નથી સમજ્યું. બલકે, પોતે તેની હિકમત અને કારણોને પણ જાહેર કરી દીધા. એક તો પ્રાકૃતિક કારણ છે જેમાં કોઈની પણ દખલગીરી શક્ય નથી અને બીજો ઈચ્છાવર્તી અને અધિકારમાં હોય એવું કાર્ય અને તેનો પ્રભાવ છે.

પ્રથમ કારણ આ જાહેર કર્યું, بِمَا فَضَّلَ اللّٰهُ بِهٖ بَعْضَهُمْ عَلٰى بَعْضٍ એટલે કે, અલ્લાહ તઆલાએ દુનિયામાં ખાસ, હિકમત અને હિત હેઠળ એકને બીજા ઉપર વિશેષતા આપી છે. કોઈને શ્રેષ્ઠ તો કોઈને સામાન્ય કક્ષાનો બનાવ્યો છે. જેમકે, એક ખાસ મકાનને અલ્લાહ તઆલાએ પોતાનું "બયતુલ્લાહ" અને "કિબ્લો" ઠરાવી દીધો અને "બયતુલ મુકદ્દસ"ને પણ ખાસ મહત્ત્વ આપ્યું, એ જ પ્રમાણે પુરુષોની સરદારી પણ એક અલ્લાહનો અર્પણ કરેલ વિશેષાધિકાર છે, જેમાં પુરુષોના પ્રયત્નો અને તેના કાર્યો અથવા તો સ્ત્રીઓની ઉણપો અને અશક્તિની કોઈ દખલગીરી વગેરે કારણો જવાબદાર નથી.

બીજું કારણ ઈચ્છાવર્તી અને મનુષ્યના અધિકારમાં હોય એવું છે કે, પુરુષો પોતાનો માલ સ્ત્રીઓ ઉપર ખર્ચ કરે છે. તેમની મહર અદા કરે છે અને તેની તમામ જીવન-જરૂરિયાતની આવશ્યકતાઓની જવાબદારી ઉઠાવે છે.... આ બે કારણોથી પુરુષને સ્ત્રીઓનો સરદાર બનાવવામાં આવ્યો છે.

ખુલાસો :

અત્રે એક વાત ધ્યાન કેન્દ્રિત કરે છે, ઈબ્ને હબ્બાન (રહ.) "બહરે મુહીત"માં લખે છે કે, "આયતમાં પુરુષની સરદારીના બે કારણોના વર્ણનથી એ સાબિત થઈ ગયું કે, કોઈનો વાલીપણાનો અથવા સરદારીનો હક ફક્ત

બળજબરીથી અથવા તો અત્યાચારથી સ્થાપિત નથી થતો. બલકે, કાર્ય કરવાની ક્ષમતા અને કુશળતા પણ હુકૂમતના હકદાર બનાવી શકે છે.

પુરુષોના વિશેષાધિકારના વર્ણન માટે કુર્આને હકીમની આશ્ચર્યજનક વર્ણનશૈલી :

પ્રથમ કારણના વર્ણનમાં ટૂંકી પદ્ધતિ એ હતી કે, "રિજાલ" (પુરુષ) અને "નિસાઅ્" (સ્ત્રી) તરફ "જમીરો" લગાવીને فَضَّلَهُمْ عَلَيْهِنَّ ફરમાવી શકાયું હોત, પરંતુ કુર્આને કરીમે વિષય બદલીને بَعْضَهُمْ عَلٰى بَعْضٍ નો શબ્દ અપનાવ્યો, તેમાં એ હિકમત છે કે, સ્ત્રીઓ અને પુરુષોને પરસ્પર એકબીજાના પૂરક ઠરાવવામાં આવ્યા અને એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, કોઈ બાબતમાં પુરુષોની વિશેષતા અને શ્રેષ્ઠતા સાબિત પણ થઈ જાય તો તેનું ઉદાહરણ એવું છે, જેમકે માનવીના શરીરનું માથું તેના હાથથી ઉચ્ચ સ્થાને છે અથવા મનુષ્યનું હૃદય તેના પાચન અવયવો કરતાં વધારે મહત્ત્વ ધરાવે છે, તો જે પ્રમાણે માથું હાથથી શ્રેષ્ઠ હોય છે, પરંતુ આ માથું હાથનું મહત્ત્વ ઓછું નથી કરતું એ જ પ્રમાણે પુરુષ સરદાર બની જવાથી સ્ત્રીઓનો દરજ્જો ઘટી નથી જતો, કારણ કે આ બંને એક જ શરીરના અવયવોની જેમ એકબીજાના પૂરક છે. પુરુષ માથું છે, તો સ્ત્રી તેનું બાકીનું શરીર છે.

અને અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે, આ વિષયથી એ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, આ વિશેષાધિકાર જે પુરુષને સ્ત્રીઓ ઉપર પ્રાપ્ત છે તે પુરુષ પ્રજાતિ (Gender) હોવાના કારણે છે. જ્યાં સુધી મનુષ્યનો સંબંધ છે તો ઘણું જ શક્ય છે કે, કોઈ સ્ત્રી જ્ઞાન અને કળામાં કોઈ પુરુષ કરતાં આગળ વધી જાય અને સરદારીના ગુણમાં પણ પુરુષ કરતાં શ્રેષ્ઠ હોય.

પુરુષ અને સ્ત્રીના વિવિધ કૃત્યોની વહેંચણી પ્રકૃતિના સિદ્ધાંત ઉપર આધારિત છે :

બીજું કારણ ઈચ્છાવર્તી છે, જે આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે કે, "પુરુષ પોતાનો માલ સ્ત્રીઓ માટે ખર્ચ કરે છે," તેમાં પણ અમુક મહત્ત્વના સિદ્ધાંતો તરફ ઈશારો કરવામાં આવ્યો છે. દાખલા તરીકે, એક તો એ શંકાનું નિવારણ છે જે વારસા–વહેંચણીની આયતોમાં પુરુષોનો ભાગ સ્ત્રીઓ કરતાં

બમણો હોવાથી ઉત્પન્ન થઈ શકે છે. કારણ કે, આ આયતે તેનું પણ એક કારણ જાહેર કરી દીધું કે, બધા જ પ્રકારના ખર્ચની જવાબદારીઓ પુરુષોના જિમ્મે છે. સ્ત્રીઓની પરિસ્થિતિ તો એવી છે કે શાદી અગાઉ તેના બધા જ ખર્ચની જવાબદારી પિતાના શિરે હોય છે અને શાદી પછી આ જવાબદારી પતિના શિરે હોય છે. એટલા માટે જો વિચાર કરવામાં આવે તો પુરુષનો બમણો ભાગ આપવો તેને કંઈ વધારે આપેલું ન ગણાય, તે ફરી પાછું સ્ત્રીને જ મળશે.

બીજા એક મહત્ત્વના સિદ્ધાંત તરફ ઈશારો કરવામાં આવ્યો કે, સ્ત્રી પોતાની પ્રકૃતિ અને સ્વભાવના આધારે એટલી મજબૂત નથી કે, તે પોતાનો ખર્ચ પોતે કમાઈને ઉપાર્જિત કરી શકે, ન તો તેના માટે એવી પરિસ્થિતિ અનુકૂળ હોય છે કે, તે મહેનત-મજૂરી અને અન્ય આર્થિક ઉપાર્જનના માધ્યમોનો ઉપયોગ કરીને પુરુષોની જેમ બજારો અને કચેરીઓમાં આંટા-ફેરા કર્યા કરે.... એટલા માટે અલ્લાહ તઆલાએ સંપૂર્ણ આર્થિક જવાબદારી પુરુષો પર નાંખી દીધી. શાદી પહેલાં પિતા તેનો બોજો ઉપાડે છે અને શાદી પછી પતિ.... તેનાથી વિપરીત વંશ વધારવાનું માધ્યમ સ્ત્રીઓને બનાવવામાં આવ્યું, બાળકોનો ઉછેર અને ઘરગૃહસ્થીની જવાબદારી સ્ત્રીને સોંપવામાં આવી. પુરુષોની પ્રકૃતિ ગર્ભાધાનની જહેમત સહન કરી શકે એમ ન હતી.

એટલા માટે એવું ન સમજવું જોઈએ કે, સ્ત્રીઓને પોતાના જીવન-જરૂરી ખર્ચમાં પુરુષોની મોહતાજ કરીને તેના સન્માનને ઓછું કરવામાં આવ્યું છે, બલકે અલ્લાહની વહેંચણીના આ સિદ્ધાંત આધારે દરેકની ફરજોની વિભિન્ન પ્રકારની વહેંચણી કરવામાં આવી છે. આ ફરજોની વહેંચણી દરમિયાન જે પરસ્પર શ્રેષ્ઠતાઓ અને વિશેષતાઓ હોય છે તે અહીંયાં પણ છે.

ખુલાસો એ છે કે, ઉપરોક્ત બંને કારણો દ્વારા એ બતાવવામાં આવ્યું છે કે, પુરુષોની સરદારીના કારણે ન તો તેમનો દરજ્જો ઓછો થાય છે અને ન જ તેમાં તેમનું કોઈ નુકસાન છે બલકે તેનો ફાયદો સ્ત્રીઓને જ થાય છે.

સાલેહ (નેક) પત્ની :

આ આયતની શરૂઆતમાં નિયમ તરીકે બતાવવામાં આવ્યું કે, પુરુષ એ સ્ત્રી ઉપર સરદાર છે અને ત્યાર પછી નેક અને ખરાબ (બદ) બંને પ્રકારની

સ્ત્રીઓનું વર્ણન કર્યું, فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ એટલે કે, નેક સ્ત્રીઓ તે છે જે પુરુષોની સરદારીનો સ્વીકાર કરે છે, તેમની આજ્ઞાનું પાલન કરે છે અને પુરુષોની ગેરહાજરીમાં પોતાની આત્મરક્ષા અને માલની પણ સુરક્ષા કરે છે. એટલે કે પોતાની "ઇસ્મત" (ચારિત્ર્ય) અને ઘર તથા તેના પતિના માલનું રક્ષણ કે જે ઘરગૃહસ્થીની સૌથી મહત્ત્વની જવાબદારી છે તેને પૂર્ણ કરે છે. શરીઅતમાં ઘરગૃહસ્થીની જવાબદારી નિભાવતી વખતે સ્ત્રીઓએ પુરુષની હાજરી અથવા ગેરહાજરી બંને પરિસ્થિતિઓમાં સમાન રીતે વર્તવાનું છે. એવું ન હોવું જોઈએ કે પુરુષોની હાજરીમાં તો આ જવાબદારી પૂર્ણ કરવાની કાળજી લેવામાં આવે અને તે ગેરહાજર હોય તો આ બાબતોમાં નિષ્કાળજી દાખવે.

રસૂલે કરીમ ﷺએ આયતની તફસીર તરીકે ફરમાવ્યું,

خَيْرُ النِّسَآءِ اِمْرَأَةٌ اِذَا نَظَرْتَ اِلَيْهَا سَرَّتْكَ وَاِذَا اَمَرْتَهَا اَطَاعَتْكَ وَاِذَا غِبْتَ عَنْهَا حَفِظَتْكَ فِىْ مَالِهَا وَنَفْسِهَا،

"શ્રેષ્ઠતમ્ સ્ત્રીઓ તે છે જ્યારે તમે તેમને જુઓ તો ખુશ થાઓ અને જ્યારે તેને કોઈ હુકમ આપો તો આજ્ઞાનું પાલન કરે અને જ્યારે તમે ગેરહાજર હોવ તો પોતાની જાતનું અને માલનું રક્ષણ કરે."

કારણ કે, સ્ત્રીઓની આ જવાબદારીઓ એટલે કે, પોતાની ઈસ્મત (શીલ રક્ષા) અને પતિના માલનું રક્ષણ બંને સરળ કામ નથી. એટલા માટે આગળ ફરમાવવામાં આવ્યું, بِمَا حَفِظَ اللّٰهُ એટલે કે, "તેની હિફાઝત કરવામાં અલ્લાહ તઆલા સ્ત્રીઓની મદદ કરે છે," તેની મદદ અને તવફીકથી જ તે આ જવાબદારીઓ અને વચનોને નિભાવે છે. નહિતર વ્યક્તિનો નફ્સ (મનેચ્છાઓ) અને શયતાનની ધોકાબાજીઓ દરેક સમયે પ્રત્યેક પુરુષ અને સ્ત્રીને ઘેરી રાખતી હોય છે અને સ્ત્રીઓ ખાસ કરીને પોતાના જ્ઞાન અને અમલીકરણમાં પુરુષોના મુકાબલામાં થોડી અશક્ત પણ હોય છે, તે છતાં તે આ જવાબદારીઓમાં પુરુષોથી વધારે મજબૂત દષ્ટિગોચર થાય છે. આ બધું અલ્લાહ તઆલાની તવફીક અને મદદ જ છે, આ જ કારણ છે કે, બેહયાઈ (નિર્લજ્જતા)ના ગુનાહોમાં પુરુષો કરતાં સ્ત્રીઓ ઘણી ઓછી સંડોવાય છે.

આજ્ઞાપાલક, ફરમાંબરદાર, તાબે'દાર સ્ત્રીઓ દુનિયાની શ્રેષ્ઠતમ્ પત્નીઓ છે, તે આ આયતનો ભાવાર્થ સમજવામાં આવે છે, આ સંદર્ભે હદીષો પણ વર્ણન કરવામાં આવી છે.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

"જે સ્ત્રી પોતાના પતિની તાબે'દાર અને આજ્ઞાપાલક હોય; તેમના માટે પક્ષીઓ હવામાં અને માછલીઓ દરિયામાં અને ફરિશ્તાઓ આસમાનમાં અને જંગલી જાનવરો જંગલોમાં ઈસ્તિગફાર (ક્ષમા–યાચના) કરે છે." *(બહરે મુહીત)*

નાફરમાન અને પતિના હુકમોની અવજ્ઞા તથા અનાદર કરનાર સ્ત્રીઓની સુધારણાની પદ્ધતિ :

ત્યાર પછી તે સ્ત્રીઓનું વર્ણન છે, જે પોતાના પતિઓની ફરમાંબરદાર નથી અથવા જેમનાથી તેમના કામમાં ઉણપ રહી જતી હોય છે. કુર્આને કરીમમાં તેમની સુધારણા માટે પુરુષોને આવી સ્ત્રીઓની કેળવણીની ત્રણ પદ્ધતિઓ બતાવી છે. وَالّٰتِىْ تَخَافُوْنَ نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ فِى الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ એટલે કે, સ્ત્રીઓ તરફથી જો કોઈ આજ્ઞાનો અનાદર થતો હોય અથવા થવાની શંકા હોય તો તેની સુધારણા માટેનું પ્રથમ પગલું એ છે કે, વિનમ્રતાથી તેમને સમજાવો અને જો તે ફક્ત સમજાવવાથી ન સમજે અને ન સુધરે તો બીજો હુકમ એ છે કે તેમને શયનકક્ષથી અલગ કરી દો, જેથી તેમને પતિની નારાજગીનો અહેસાસ થાય અને પોતાના કૃત્યો ઉપર અફસોસ થાય. કુર્આને કરીમના શબ્દો فِى الْمَضَاجِعِ (ફિલ્ મદાજિઈ) છે, તેનો ફુકહાએ એ ભાવાર્થ કાઢયો છે કે ફક્ત શયનકક્ષથી જુદા કરવાનો અર્થ છે, મકાનથી જુદાઈ ન કરે કે, સ્ત્રીઓને મકાનમાં એકલી છોડી દે, તેમાં તેમને વધારે દુઃખ પહોંચશે અને આવું કરવાથી ફસાદ તથા અણબનાવ વધવાની સંભાવના વધારે છે.

એક સહાબી (રદિ.)થી રિવાયત છે,

قُلْتُ يَارَسُوْلَ اللّٰهِ ﷺ مَاحَقُّ زَوْجَةِ اَحَدِنَا عَلَيْهَا قَالَ اَنْ تُطْعِمَهَا اِذَا طَعِمْتَ وَتَكْسُوْهَا اِذَا اكْتَسَيْتَ وَلَا تَضْرِبِ الْوَجْهَ وَلَا تُقَبِّحْ وَلَا تَهْجُرْ اِلَّا فِى الْبَيْتِ

(مِشْكٰوةْ، ص ٢٨١)

"મેં રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે, અમારી પત્નીઓનો અમારા ઉપર શું હક છે? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, જ્યારે તમે જમો તો તેમને પણ જમાડો અને જ્યારે તમે પહેરો તો તેમને પણ પહેરાવો અને ચહેરા ઉપર ન મારો અને જો તેને અલગ કરવા ઈચ્છો તો ફક્ત એટલી કરો કે (શયનકક્ષથી અલગ કરી દો) મકાનથી અલગ ન કરો."

અને જો તેણીઓ ઉપર આ વિનમ્રતાપૂર્વક કરવામાં આવેલ હળવી શિક્ષા અને ચેતવણીની પણ કોઈ અસર ન થાય તો પછી તેમને સામાન્ય માર મારવાની પણ પરવાનગી છે, જેનાથી તેના શરીર ઉપર પ્રભાવ ન પડે અને હાડકું તૂટવા અથવા ઘા લાગવા સુધીની નોબત ન આવે અને ચહેરા પર મારવાની તો સદંતર મનાઈ કરવામાં આવી છે.

શરૂઆતની બે શિક્ષાઓ તો વિનંમ્રતાપૂર્વકની હળવી શિક્ષા છે, એટલા માટે અંબિયા (અલૈ.) અને નેક લોકોના નિવેદનોમાં તો તેની પરવાનગી જોવા મળે છે અને તેના ઉપર અમલ થયાનું પણ સાબિત થયેલ છે, પરંતુ ત્રીજી સજા એટલે કે મજબૂરીની કક્ષામાં જો કે, એક ખાસ પદ્ધતિથી મારપીટની પુરુષને પરવાનગી આપવામાં આવી છે, પરંતુ તેની સાથે-સાથે હદીષમાં એ પણ ઈરશાદ છે وَلَنْ يَّضْرِبَ خِيَارُكُمْ એટલે કે, "સારા પુરુષો આ મારવાની શિક્ષા સ્ત્રીઓને ન આપે." એટલા માટે અંબિયા (અલૈ.)એ ક્યારેય આવો અમલ કર્યાનું સાબિત થયું નથી.

ઈબ્ને સઅદ અને બયહકીએ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની પુત્રીની આ રિવાયત નકલ કરી છે કે, "શરૂઆતમાં પુરુષો માટે સ્ત્રીઓને મારપીટ કરવાની સદંતર મનાઈ કરવામાં આવી હતી. પરંતુ જ્યારે સ્ત્રીઓ નીડર બની ગઈ તો આ પરવાનગી પુનઃસ્થાપિત કરવામાં આવી."

પ્રસ્તુત આયતનો સંબંધ પણ આ પ્રકારની એક ઘટનાથી છે, તેનો શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) એ છે કે, હઝરત ઝૈદ બિન ઝહીર (રદિ.)એ પોતાની પુત્રી હબીબહના નિકાહ હઝરત સઅદ બિન રબીઅ્ (રદિ.) સાથે કર્યા હતા, તેમનામાં પરસ્પર મતભેદ ઊભો થઈ ગયો, પતિએ પત્નીને એક તમાચો મારી દીધો. હબીબહ (રદિ.)એ પોતાના પિતાને ફરિયાદ કરી, પિતા તેને

લઈને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા, રસૂલે કરીમ ﷺએ હુકમ આપ્યો કે, "હબીબહ (રદિ.)ને અધિકાર છે કે, જેટલા જોરથી સઅદ બિન રબીઅ્ (રદિ.)એ તમાચો માર્યો છે, તે પણ એટલા જ જોરથી તેમને તમાચો મારે."

આ બંને નબી ﷺનો હુકમ સાંભળીને ચાલ્યા ગયા કે તે પ્રમાણે સઅદ બિન રબીઅ્ (રદિ.) પાસેથી તેનો બદલો લે, પરંતુ તે સમયે આ પ્રસ્તુત આયત નાઝિલ થઈ જેમાં છેલ્લી હદની પરિસ્થિતિઓમાં પુરુષ માટે સ્ત્રીની મારપીટ કરવાને પણ જાઇઝ ઠરાવવામાં આવ્યું અને તેના ઉપર પુરુષ પાસેથી વળતર અથવા બદલો લેવાની પરવાનગી આપવામાં ન આવી. આયત નાઝિલ થવાથી રસૂલે કરીમ ﷺએ તે બંનેને બોલાવીને અલ્લાહ તઆલાનો હુકમ સંભળાવ્યો અને પ્રથમ બદલો લેવાનો કરેલો હુકમ રદ કરી દીધો.

આયતના અંતે ઈરશાદ ફરમાવ્યું કે, જો આ ઉપરોક્ત વર્ણન કરવામાં આવેલ ત્રણે પદ્ધતિઓ અપનાવવાથી પત્નીઓ ઉપર અસર થાય અને તેઓ આજ્ઞાપાલક બની જાય તો પછી તમે આંખ આડા કાન કરી દરગુઝરથી કામ લો અને નાની-નાની વાતો પર આક્ષેપબાજી કરવાના માર્ગો ન શોધ્યા કરો અને સમજી લો કે, અલ્લાહની કુદરત બધા જ ઉપર પ્રભાવી છે.

વિષયનો ખુલાસો :

આયતના મૂળભૂત સિદ્ધાંતોના આધારે જે વાત ખૂલીને સામે આવે છે, તે એ છે કે, જો કે, પાછલી આયતોના હુકમ પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓ પરસ્પરના અધિકારોમાં એકસમાન છે, પરંતુ સ્ત્રીઓના હકોની અદાયગીમાં એ કારણથી વધારે કાળજી રાખવામાં આવી છે કે તે પુરુષ કરતાં પ્રાકૃતિક રીતે કમજોર હોય છે, પોતાના અધિકારો પોતાના બાવડાંના બળે પુરુષ પાસેથી પ્રાપ્ત નથી કરી શકતી, પરંતુ આ સમાનતાનો એ અર્થ નથી કે, સ્ત્રી અને પુરુષોની પરસ્પરની ઉચ્ચતા અથવા દરજ્જામાં કોઈ ક્ષુલ્લક તફાવત પણ ન હોય. બલકે, હિકમત અને ન્યાયના તકાદા પ્રમાણે પુરુષોને સ્ત્રીઓ ઉપર સરદાર બનાવવામાં આવ્યા છે.

પ્રથમ તો પુરુષ પ્રજાતિ (Male Gender) પોતાના જ્ઞાન અને ગુણોના

આધારે સ્ત્રી પ્રજાતિ ઉપર એક અલ્લાહે અર્પેલ શ્રેષ્ઠતા અને અગ્રિમતા ભોગવે છે, આવી કુદરતી રીતે પ્રાપ્ત થયેલ પ્રતિષ્ઠા સ્ત્રી પ્રજાતિ માટે શક્ય નથી. વ્યક્તિગત અપવાદો અથવા અમુક ઘટનાઓ આમાંથી બાકાત છે, પરંતુ તે કોઈ સર્વસામાન્ય નિયમ નથી.

બીજું એ કે, સ્ત્રીઓની બધી જ આવશ્યકતાઓની જવાબદારી પુરુષ પોતાની કમાઈ અને પોતાના માલમાંથી કરે છે.... પ્રથમ કારણ તો ગેરઈખ્તિયારી (અનિચ્છાવર્તી – એટલે કે મનુષ્યના અધિકારક્ષેત્રમાં ન હોય એવું) હતું, પરંતુ આ બીજું કારણ ઈચ્છાવર્તી એટલે કે મનુષ્યના અધિકારક્ષેત્રમાં છે અને એવું પણ કહી શકાય છે કે, એક જ માં-બાપના સંતાનોમાંથી અમુકને સરદાર અને અમુકને તેમના તા'બામાં આજ્ઞાંકિત બનાવવા માટે બુદ્ધિ અને ન્યાયની રૂએ બે વસ્તુઓ આવશ્યક હતી. એક, જેને હાકિમ (સરદાર) બનાવવામાં આવે તેનામાં જ્ઞાન અને અમલના આધારે સરદારીની ક્ષમતા; બીજું, તેની સરદારી ઉપર તેના તા'બા હેઠળના લોકોની રાજી-ખુશી. કારણ કે, નિકાહના સમયે જ્યારે સ્ત્રી પોતાની મહર અને ભરણ-પોષણની જવાબદારીની શરત ઉપર નિકાહની પરવાનગી આપે છે ત્યારે તે પતિની સરદારીને પણ સ્વીકારે છે.

મતલબ કે, આ આયતના પહેલાં વાક્યમાં ઘરગૃહસ્થીનો એક સામાજિક પાયાનો સિદ્ધાંત બતાવવામાં આવ્યો છે કે, મોટા-ભાગની વસ્તુઓમાં હકોની સમાનતા હોવા છતાં પુરુષને સ્ત્રીઓ ઉપર એક પ્રકારે સરદારીની શ્રેષ્ઠતા પ્રાપ્ત છે અને સ્ત્રીઓ તેમના તા'બા હેઠળ આજ્ઞાંકિત છે.

આ પાયાના સિદ્ધાંતોના સંદર્ભે વાસ્તવમાં જગતમાં સ્ત્રીઓ બે વિભાગમાં વહેંચાઈ ગઈ છે. એક, તે જેણે આ પાયાના સિદ્ધાંત અને પોતાના કરારની પાબંદી કરી અને વચન પાળ્યું, તથા પતિની સરદારીનો સ્વીકાર કરીને તેનું આજ્ઞાપાલન કર્યું.... અને બીજો વિભાગ તે, જેઓ આ સિદ્ધાંત ઉપર સંપૂર્ણ રીતે કાયમ ન રહ્યા, પહેલો વિભાગ તો ઘરગૃહસ્થીની શાંતિ-સલામતી અને સંતોષનો પોતે જ નમૂનો છે, તેમાં કોઈને સુધારણા કરવાની કોઈ આવશ્યકતા નથી.

બીજા વિભાગની સુધારણા માટે આયતના બીજા વાક્યમાં એક એવી સંગઠિત અને વ્યવસ્થિત વ્યવસ્થાનો નિયમ બતાવવામાં આવ્યો કે, જેના દ્વારા

ઘરગૃહસ્થીની સુધારણા ઘરની ચાર દિવાલોમાં રહીને થઈ જાય છે તથા પતિ-પત્નીના ઝઘડા અને કંકાશ ઘરમાંને ઘરમાં જ નિપટી જાય છે. કોઈ ત્રીજા પક્ષની દખલગીરીની કે લવાદની આવશ્યકતા નથી હોતી, તેમાં પુરુષોને સંબોધીને ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, જો સ્ત્રીઓની ફરમાંબરદારી અથવા આજ્ઞાપાલનમાં કોઈ ઉણપ અનુભવવામાં આવે તો સૌ પ્રથમ કામ એ કરો કે, તેમને વિનમ્રતાથી સમજાવીને તેમને માનસિક રીતે આજ્ઞાપાલન માટે સજ્જ કરો અને જો તેનાથી કામ ચાલી જાય તો મા'મલો અહીંયાં જ પૂરો થઈ જાય છે. સ્ત્રી કાયમી ધોરણે ગુનાહોથી અને પુરુષ માનસિક ત્રાસથી અને બંને કજિયા કંકાશથી બચી જાય છે અને જો આવી વિનમ્ર સમજાવટથી કામ ન ચાલે તો સુધારણાનો બીજો પ્રકાર એ છે કે, તેને ચેતવણી આપીને પોતાની નારાજગીની જાહેરાત કરવા માટે પોતે તેમના શયનકક્ષથી દૂર રહે. આ એક મા'મૂલી શિક્ષા અને ઉત્તમ કક્ષાની ચેતવણી છે. જો સ્ત્રી તેનાથી ચેતી જાય તો કજિયો કંકાશ અહીંયાં જ પૂરો થઈ ગયો; અને જો તે આ વિનમ્ર શિક્ષા ઉપર પણ પોતાની નાફરમાની અને ખોટા વલણને ચાલુ રાખે અને સુધારણા ન કરે, તો ત્રીજા પ્રકારમાં મા'મૂલી મારપીટની પરવાનગી આપવામાં આવી છે, જેની મર્યાદા એ છે કે, આ મારપીટથી શરીર ઉપર કોઈ ઘા અથવા કોઈ તંદૂરસ્તી સંબંધિત ખરાબ પ્રભાવ ન પડે.... પરંતુ આ ત્રીજા પ્રકારની શિક્ષાને અપનાવવાનું રસૂલે કરીમ ﷺએ પસંદ કર્યું નથી. બલકે, ઈરશાદ ફરમાવ્યો કે, "ડાહ્યા અને સારા લોકો આવું કરતા નથી."

મતલબ કે, આ સામાન્ય કક્ષાની મારપીટથી પણ જો વાત સુધરી જાય તો પણ મકસદ પ્રાપ્ત થઈ ગયો, જ્યાં પુરુષોને સ્ત્રીઓની સુધારણા માટે આ ત્રણ પ્રકારના અધિકારો આપવામાં આવ્યા છે, ત્યાં આયતના અંતે એ પણ ઈરશાદ ફરમાવ્યો, فَإِنْ أَطَعْنَكُمْ فَلَا تَبْغُوا عَلَيْهِنَّ سَبِيلًا એટલે કે, "જો તે ત્રીજા પ્રકારની છૂટછાટ ઉપર તમારી વાતને માની જાય તો હવે તમે તેને વધારે ખણખોદ ન કર્યા કરો અને આક્ષેપબાજીઓ કરીને બહાના ન શોધ્યા કરો. બલકે, આંખ આડા કાન કરી લો અને થોડું જતું કરવાની વૃત્તિ કેળવો અને ખૂબી સારી રીતે જાણી લો કે, જો અલ્લાહ તઆલાએ સ્ત્રીઓ ઉપર તમને કોઈ શ્રેષ્ઠતા આપી છે તો અલ્લાહ તઆલાની મોટાઈ તમારા ઉપર પણ છવાયેલી છે. તમે અતિરેક કરશો તો તમે પણ તેની શિક્ષા ભોગવશો."

કજિયો કંકાશ જો વધી જાય તો બંને પક્ષના કુટુંબીજનો તરફથી લવાદ નક્કી કરી સુલેહ કરાવવી :

આ વ્યવસ્થા તો તે હતી કે જેના દ્વારા ઘરનો ઝઘડો ઘરમાં જ પતિ જાય, પરંતુ અમુક સમયે એવું પણ હોય છે કે ઝઘડો લાંબો ચાલે છે ભલે, એ કારણે કે પત્નીના સ્વભાવમાં કંકાશ અને બળવાખોર વૃત્તિ હોય અથવા એ કારણે કે, પતિનો વાંક હોય અને તેના તરફથી બિન વાંક ગુનાહે સ્ત્રી ઉપર અત્યાચાર કરવામાં આવતો હોય. મતલબ કે આવી પરિસ્થિતિમાં ઘરની વાત ઘરની ચાર દિવાલોથી ચોક્કસ બહાર જશે, પરંતુ પ્રચલિત રિવાજ પ્રમાણે તો એવું થાય છે કે, બંને પક્ષના ટેકેદારો પરસ્પર એકબીજાને બુરું-ભલું કહે છે અને આક્ષેપો કરતા રહે છે, જેનું પરિણામ બંને પક્ષે ઉશ્કેરાટ સ્વરૂપે સામે આવે છે અને પછી બંને વ્યક્તિઓનો ઝઘડો બે કુટુંબોના ઝઘડાનું સ્વરૂપ અપનાવી લે છે.

આ બીજી આયતમાં કુર્આને કરીમે આ ભયાનક કજિયાનો દરવાજો બંધ કરવા માટે સમકાલીન ઈસ્લામિક હુકૂમતોના સત્તાધીશોને બંને પક્ષના વાલીઓ અને ટેકેદારોને અને મુસલમાન સમુદાયને સંબોધીને એક એવી પવિત્ર પદ્ધતિ બતાવી છે કે જેનાથી બંને પક્ષોનો ઉશ્કેરાટ શાંત થઈ જાય છે અને આક્ષેપબાજીઓનો માર્ગ પણ બંધ થઈ જાય છે અને તેમનામાં પરસ્પર સુલેહ-સંપનો કોઈ માર્ગ પણ નીકળી આવે છે, અને કદાચ ઘરનો ઝઘડો ઘરમાં ખતમ ન થયો તો પણ ઓછામાં-ઓછું કુટુંબ અને લવાદના માધ્યમથી આ કજિયો શાંત થઈ જાય છે. કૉર્ટ-કચેરીઓમાં તથા રસ્તાઓ ઉપર આ ઘરનો ઝઘડો જશે નહીં.

અને તે એ કે, ઈસ્લામી શા'સનના સત્તાધીશો અથવા બંને પક્ષના વાલીઓ અથવા મુસલમાનોના કોઈ સન્માન અને પ્રતિષ્ઠાપાત્ર સમુદાય આ કામ કરે કે, તેમના પરસ્પરમાં સુલેહ-સંપ કરાવવા માટે બે લવાદ નક્કી કરે. એક પુરુષના કુટુંબમાંથી અને બીજો સ્ત્રીના કુટુંબમાંથી અને બંને સ્થળે ફક્ત حَكَم (હકમ) શબ્દ વાપરીને કુર્આન શરીફે આ બંને વ્યક્તિઓના આવશ્યક ગુણો પણ નક્કી કરી દીધા કે, તે બંનેમાં ઝઘડાઓ અને કંકાશ નિવારવાનો ફૈસલો કરવાની ક્ષમતા હોવી જોઈએ અને આ ક્ષમતા દેખીતું છે કે, એવા વ્યક્તિમાં જ હોઈ શકે છે જે જ્ઞાન અને કોઠાસૂઝ ધરાવનાર તથા નિખાલસ હોય.

ખુલાસો એ છે કે, એક "હકમ" (લવાદ) પુરુષના કુટુંબમાંથી અને એક સ્ત્રીના કુટુંબમાંથી નક્કી કરીને બંનેને પતિ-પત્ની પાસે મોકલવામાં આવે.... હવે ત્યાં પહોંચીને આ બંને લવાદ શું કામ કરશે ? અને તેમના અધિકારો શું છે ?.... કુર્આને કરીમે તે અધિકારો નક્કી નથી કર્યા, અલબત્ત અંતે એક વાક્યમાં ઈરશાદ ફરમાવ્યો, إِنْ يُرِيدَا إِصْلَاحًا يُوَفِّقِ اللَّهُ بَيْنَهُمَا એટલે કે, "જો આ બંને "હકમ" (લવાદ) પરસ્પર સુલેહ-સંપ કરાવવા સુધારણાનો ઈરાદો કરશે તો અલ્લાહ તઆલા તેમના કામમાં મદદ કરશે અને પતિ-પત્નીમાં મેળ-મિલાપ અને સહમતિ ઉત્પન્ન કરી આપશે."

આ વાક્યના બે અર્થ સમજાય છે.

એક તો એ કે, સુલેહ કરાવનારા બંને લવાદ જો નિખાલસ અને નેક નિય્યત હોય અને એવું દિલથી ઈચ્છે કે, પરસ્પર સુલેહ થઈ જાય, તો અલ્લાહ તઆલા તરફથી તેમની ગયૂબી (અદશ્ય) મદદ થશે કે, તેઓ પોતાના મકસદમાં સફળ થઈ જશે અને તેમના દ્વારા બંને પતિ-પત્નીના દિલોમાં અલ્લાહ તઆલા એકતા અને મહોબ્બત પેદા કરી દેશે. અત્રે એ પણ સમજી શકાય છે કે, જો પરસ્પર સુધારણા નથી થઈ જતી તો બંને લવાદોમાંથી કોઈ પક્ષે નિખાલસતામાં થોડી ઉણપ અથવા સુલેહ કરાવવાની યોજના માટેની મહેનતમાં ખામી રહી ગઈ હોવી જોઈએ.

બીજી બાબત આ વાક્યથી એ પણ સમજી શકાય છે કે, તે બંને લવાદોને મોકલવાનો હેતુ પતિ-પત્નીમાં સુલેહ કરાવવાનો છે, તેનાથી વધારે કોઈ કામ લવાદ મોકલવાના હેતુમાં સામેલ નથી. હા ! એ બીજી વાત છે કે, બંને પક્ષો રાજી-ખુશીથી તે બંને લવાદોને પોતાના વકીલ અને મુખ્તિયાર બનાવી દે અને એવું સ્વીકારી લે કે, તમે બંને મળીને જેવો અમારા માટે નિર્ણય કરશો, અમને મંજૂર હશે. આવી પરિસ્થિતિમાં આ બંને લવાદોને સંપૂર્ણ રીતે તેમના મા'મલામાં ફેંસલો કરવાનો અધિકાર મળી જશે. બંને તલાક ઉપર સહમત થઈ જાય તો તલાક થઈ જશે, બંને મળીને "ખુલઅ્" વગેરેનું કોઈ સ્વરૂપ નક્કી કરે તો બંને પક્ષે પતિ તરફથી આપવામાં આવેલ અધિકારની રૂએ પતિનો લવાદ પત્નીને તલાક આપી દે, તો બંને પક્ષોએ તે માન્ય રાખવું પડશે. સલફમાં હસન બસરી (રહ.) અને ઈમામ અબૂ હનીફા (રહ.)નો આ જ અભિપ્રાય છે. *(રૂહુલ મઆની વગેરે)*

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહૂ સામે એક આવી જ ઘટના રજૂ કરવામાં આવી અને બંને પક્ષોની સાથે ઘણા મોટા જૂથો હતા. હઝરત અલી (રદિ.)એ હુકમ આપ્યો કે, એક લવાદ પુરુષના કુટુંબમાંથી અને એક સ્ત્રીના કુટુંબમાંથી નક્કી કરવામાં આવે. જ્યારે આ "હકમ" (લવાદ) નક્કી થઈ ગયા તો તે બંનેને સંબોધન કરીને હઝરત અલી (રદિ.)એ ફરમાવ્યું, "તમે જાણો છો તમારી જવાબદારીઓ શું છે ? અને તમારે શું કરવાનું છે ?.... સાંભળી લો ! જો તમે બંને આ પતિ-પત્નીને ભેગા કરવામાં અને પરસ્પર સુલેહ કરાવી આપવા માટે સહમત થઈ જાઓ તો એવું જ કરી લો. અને જો તમે એવું સમજો કે, આ બંનેમાં સુલેહ થઈ શકતી નથી અથવા તો સુલેહ ટકી શકતી નથી અને તમે બંને એ બાબત ઉપર સહમત થઈ જાઓ કે, તેમને અલગ કરી દેવામાં જ ભલાઈ છે, તો એવું જ કરી લો." આવું સાંભળીને સ્ત્રી બોલી કે, "મને આ મંજૂર છે. આ બંને લવાદો અલ્લાહના હુકમ પ્રમાણે જે ફેંસલો કરશે તે ભલે મારી મરજી પ્રમાણે હોય કે મારી મરજી વિરુદ્ધનો હોય, મને મંજૂર છે."

પરંતુ પુરુષે કહ્યું કે, "જુદાઈ અને તલાક તો હું કોઈપણ સ્વરૂપે પસંદ કરતો નથી, અલબત્ત લવાદને એ અધિકાર આપું છું કે, મારી પાસેથી જે કંઈ પણ આર્થિક વળતર લઈને ઈચ્છે તેને રાજી કરી લે."

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહૂ (રદિ.)એ ફરમાવ્યું, "નહીં ! તમારે પણ લવાદોને એવો જ અધિકાર આપવો જોઈએ, જેવો કે સ્ત્રીએ આપ્યો છે."

આ ઘટના પછી અમુક મુજ્તહિદીન ઈમામોએ આ મસ્અલો સંપાદિત કર્યો છે કે, આ લવાદોને અધિકાર હોવો જરૂરી છે, જેમકે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહૂએ બંને પક્ષોને આવું કહીને તેમને અધિકાર સુપ્રત કરાવ્યો હતો અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને હસન બસરી (રહ.)એ એવું ઠરાવ્યું કે, "જો આ લવાદોને અધિકાર હોવો શરીઅતનો હુકમ અને જરૂરી હોત તો હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહૂનું તે ફરમાન અને પરસ્પર બંને પક્ષને રાજી કરવાની કોઈ જરૂરિયાત જ ન હતી. બંને પક્ષને રાજી કરવાનો પ્રયત્ન પોતે જ એ બાબતની દલીલ છે કે, અસલમાં આ લવાદોને અધિકાર હોતો નથી. હા ! પતિ-પત્ની તેમને અધિકાર સોંપી દે તો પછી તેમને અધિકાર છે."

કુર્આને કરીમના આ શિક્ષણે લોકોના પરસ્પરના કજિયા-કંકાશ અને

ઝઘડાઓનો ફેંસલો કરવાના સંદર્ભમાં એક નવો અત્યંત લાભદાયક વિષયનો વધારો કર્યો, જેના દ્વારા કોર્ટ-કચેરીઓ કે સરકારો સુધી પહોંચવાની ઝંઝટ ન રહી તથા ઘણા બધા મુકદ્દમા અને ઝઘડાઓનો ફેંસલો ખાનદાનો, બિરાદરીઓ અને પંચાયતોમાં થઈ શકે છે.

અન્ય ઝઘડાઓ અને વાદ-વિવાદમાં પણ "હકમ" (લવાદ) દ્વારા સુલેહ કરાવી શકાય છે :

ઉમ્મતના ફૂક્હાઓએ પરસ્પર સુલેહ કરાવવા માટે બે હકમ (લવાદો)ને મોકલવાની આ તજવીજ ફક્ત પતિ-પત્નીના કજિયા કંકાશ સુધી મર્યાદિત હોવાનું નથી કહ્યું બલકે, અન્ય વિવાદો અને ઝઘડાઓમાં તેનાથી કામ લઈ શકાય છે અને કામ લેવું જ જોઈએ. ખાસ કરીને જ્યારે કે, ઝઘડો કરનાર બંને પક્ષો પરસ્પર સગા-સંબંધીઓ પણ હોય. કારણ કે, કોર્ટ-કચેરીના ફેંસલાઓ દ્વારા કામચલાઉ ધોરણે ઝઘડા ખતમ તો થઈ જાય છે, પરંતુ તે ફેંસલાઓથી દિલોમાં ધૃણા અને એક પ્રકારના ખોટના જીવાણુઓ બાકી રહે છે, જે પાછળથી અત્યંત અનિચ્છનીય સ્વરૂપોમાં જીવન પર્યંત જાહેર થતા રહે છે.

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ ન્યાયાધીશો માટે આ ફરમાન લાગુ કર્યું હતું.

رُدُّوا الْقَضَاءَ بَيْنَ ذَوِى الْاَرْحَامِ حَتّٰى يَصْطَلِحُوْا فَاِنَّ فَصْلَ الْقَضَاءِ يُوْرِثُ الضَّغَائِنَ

(مُعِيْنُ الْحُكَّامِ، ص ٢١٤)

"સગા-સંબંધીઓના મુકદ્દમાઓને તેમને જ પાછા સોંપી દો, જેથી તેઓ પોતે પોતાના કુટુંબીજનોની મદદથી પરસ્પર સુલેહ-સંપનું કોઈ સ્વરૂપ શોધી લે. કારણ કે, ન્યાયધીશોના ફેંસલા દિલોમાં કિનો અને અદાવત પેદા કરવાનું કારણ હોય છે."

હનફી ફુક્હાઓમાંથી કાઝી કુદ્દસ અલાઊદ્દીન તરાબલસીએ પોતાની કિતાબ "મુઈનુલ હુક્કામ"માં અને ઈબ્ને શુહનાએ "લિસાનુલ હુક્કામ"માં આ ફારૂકી ફરમાનને એવા પંચાયતી ફેંસલાઓ માટે ખાસ આધાર બનાવ્યો છે કે, જેના દ્વારા બંને પક્ષે સહમતી અને રાજી-ખુશીથી સુલેહનું કોઈ સ્વરૂપ કાઢવામાં આવે અને સાથે એ પણ લખ્યું છે કે, "જો કે, ફારૂકી ફરમાનમાં આ હુકમ

સગાં-વહાલાઓના પરસ્પર ઝઘડાઓ બાબતે છે, પરંતુ તેનું જે કારણ તેમણે બતાવ્યું તે એ છે કે, અદાલતી ફેંસલાઓથી સગાં-વહાલા અથવા અન્યો સાથે દિલોમાં વૈમનસ્ય અને અદાવત પૈદા થાય છે અને વેર-ઝેરના આ મૂળ સ્ત્રોતથી મુસલમાનોને બચાવવા માટે સત્તાધીશો અને ન્યાયાધીશો માટે યોગ્ય એ છે કે, મુકદમાની સુનાવણી પહેલાં એવો પ્રયત્ન કરવામાં આવે કે, કોઈપણ સ્વરૂપે બંને પક્ષે સહમતી સધાઈ જાય અને સુલેહ-સંપનો માર્ગ મોકળો થઈ થાય અને બંને પક્ષો રાજી-ખુશીથી સુલેહ કરી લે.''

મતલબ કે, આ બે આયતોમાં વ્યક્તિની ખાનગી અને સામાજિક જિંદગીનો એક એવો ઠોસ અને સંપૂર્ણ સિદ્ધાંત તથા વ્યવસ્થા નક્કી કરવામાં આવી કે, જો તેનું સંપૂર્ણ અમલીકરણ થાય તો દુનિયામાંથી મોટા-ભાગના ઝઘડા-ફસાદ તથા યુદ્ધો અને ખૂનામરકી ખતમ થઈ જાય. પતિ-પત્ની, કુટુંબો વગેરે બધાને સંતોષ થઈ જાય અને તેઓ પોતાનું વ્યક્તિગત જીવન એક જન્નતનું જીવન હોવાની અનુભૂતિ કરવા લાગે તથા વ્યક્તિગત ઝઘડાઓથી જે કૌટુંબિક પછી સામૂહિક તથા પરસ્પરના રાષ્ટ્રોના ટકરાવ તથા યુદ્ધોની નોબત પહોંચે છે, તેમાં શાંતિ અને સલામતી સ્થાપિત થઈ જાય.

અંતે ફરી એકવાર આ આશ્ચર્યજનક કુર્આનની વ્યવસ્થાના ટકાઉપણા ઉપર એક ચિંતનયુક્ત અભ્યાસના અંતે તારણ કાઢીએ તો તેણે ઘરના ઝઘડાઓથી માંડી સમાજ અને કુટુંબ, જાતિ તેમજ રાષ્ટ્રોના ઝઘડાઓને નિર્મૂળ કરીને દુનિયાને જે આપ્યું છે તે આ છે.

(૧) ઘરના ઝઘડા ઘરમાં જ વિવેકબુદ્ધિ અને કોઠાસૂઝ દ્વારા ખતમ થઈ જાય.

(૨) જો આવું સ્વરૂપ શક્ય ન હોય તો સત્તાધીશો અથવા કુટુંબીજનોના બે હકમો (લવાદો) દ્વારા તેમના દરમિયાન સુલેહ કરાવવામાં આવે, જેથી ઘરમાં નહીં તો ખાનદાનમાં આ ઝઘડાઓ મર્યાદિત રહે અને લવાદો દ્વારા સુલેહ કરાવી ઝઘડો શાંત કરવામાં આવે.

(૩) જ્યારે એ પણ શક્ય ન હોય અને મા'મલો કૉર્ટ-કચેરી સુધી પહોંચે તો બંનેની પરિસ્થિતિ અને મા'મલાની તહકીક કરીને ન્યાયપૂર્ણ ફેંસલો કરવામાં આવે.

અંતે આયતમાં إِنَّ اللّٰهَ كَانَ عَلِيمًا خَبِيرًا ફરમાવીને બંને હકમો

2

13

(લવાદો)ને પણ ચેતવણી આપી છે કે, તમે કોઈ અન્યાય અથવા ખોટો પક્ષ-પાત કરશો તો તમારે પણ એક માત્ર સર્વજ્ઞ અને સર્વત્ર છવાયેલ અલ્લાહ સમક્ષ ઉપસ્થિત થવાનું છે, તેને યાદ રાખજો !

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૩૬-૩૭-૩૮)

وَاعْبُدُوا اللّٰهَ وَلَا تُشْرِكُوْا بِهٖ شَيْـًٔا وَّبِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّبِذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى
وَالْمَسٰكِيْنِ وَالْجَارِ ذِى الْقُرْبٰى وَالْجَارِ الْجُنُبِ وَالصَّاحِبِ بِالْجَنْۢبِ وَابْنِ السَّبِيْلِ ۙ وَمَا
مَلَكَتْ اَيْمَانُكُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ مُخْتَالًا فَخُوْرَا ۙ﴿۳۶﴾ الَّذِيْنَ يَبْخَلُوْنَ
وَيَاْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ وَيَكْتُمُوْنَ مَآ اٰتٰهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ
عَذَابًا مُّهِيْنًا ۚ﴿۳۷﴾ وَالَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَلَا
بِالْيَوْمِ الْاٰخِرِ ؕ وَمَنْ يَّكُنِ الشَّيْطٰنُ لَهٗ قَرِيْنًا فَسَآءَ قَرِيْنًا ﴿۳۸﴾

તરજુમો :

અને અલ્લાહની ઈબાદત કરો, અને કોઈ વસ્તુને તેનો ભાગીદાર ન કરો, અને માં-બાપ સાથે સદ્‌વર્તન કરો અને નજીકના સગાંઓ સાથે અને યતીમો, અને મોહતાજો (મિસ્કીનો), અને નજીકના પાડોશી, અને દૂરના (અજનબી) પાડોશી, અને પાસે બેસનારા (ઉઠનારા)ઓ, અને મુસાફરની સાથે, અને જે તમારી મિલકત છે (બાંદી અથવા ગુલામ) તેમની સાથે; બેશક! અલ્લાહને પસંદ નથી શેખીખોર (બડાઈ હાંકનાર) અને મિથ્યાભિમાની. (૩૬) જે લોકો કંજૂસાઈ કરે છે અને લોકોને કંજૂસાઈ શિખવાડે છે અને જે તેમને અલ્લાહે પોતાની કૃપાથી આપ્યું છે (તેને) છુપાવે છે; અને અમે (આવા નગુણા) કાફિરો માટે અપમાનિત કરનાર અઝાબ તૈયાર રાખ્યો છે. (૩૭) અને જે લોકો પોતાનો માલ લોકોને બતાવવા માટે ખર્ચ કરે છે; અને અલ્લાહ ઉપર ઈમાન નથી લાવતા, અને ન જ કયામતના દિવસ ઉપર; અને શયતાન જેનો મિત્ર થયો, તો તે ઘણો જ બુરો મિત્ર છે. (૩૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરએ નિસાઅ્ની તફસીરમાં તમે જોતા આવ્યા છો કે, આ સૂરતમાં "હુકૂકુલ ઈબાદ" (બંદાના હકો)ની વધારે કાળજી લેવામાં આવી છે. શરૂઆતની સૂરતથી અહીંયાં સુધી સામાન્ય માનવીના અધિકારોના મહત્ત્વનું સામૂહિક વર્ણન થયું, ત્યારબાદ યતીમ (અનાથ) અને સ્ત્રીઓના અધિકારોના મહત્ત્વની સાથે-સાથે આ અધિકારોની અદાયગીમાં ઉણપ અથવા બેદરકારી દાખવવા બદલ શિક્ષાની ચેતવણીઓ અને તેના દ્વારા દુનિયામાં જે બે કમજોર પ્રજાતિ એટલે કે, બાળકો અને સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરવામાં આવતો હતો તે બધા અત્યાચારી કુરિવાજોની સુધારણા, ત્યારબાદ વારસાના હકોનું વર્ણન આવ્યું, તે પછી માં-બાપ અને અન્ય સગાં-વહાલા તથા સંબંધીઓ, પડોશીઓ અને સામાન્ય મનુષ્યોના હકોનું અમુક ખુલાસાવાર વર્ણન આવી રહ્યું છે. કારણ કે આ હકો સંપૂર્ણ રીતે તે વ્યક્તિ જ અદા કરી શકે છે જે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺ તથા કયામત ઉપર સાચો અકીદહ ધરાવતો હોય. વળી કંજૂસ, અભિમાની અને પ્રદર્શનવૃત્તિ ધરાવનાર રિયાકાર પણ ન હોય. એટલા માટે કે, આ દુર્ગુણો હકોની અદાયગીમાં બાધક બને છે. એટલા માટે આ આયતોમાં તૌહીદની પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે અમુક વિષયો ઈરશાદ ફરમાવ્યા તથા શિર્ક કયામતનો ઈન્કાર, રસૂલે કરીમ ﷺનો ઈન્કાર, બખીલાઈ વગેરેની અને અન્યો સાથે ગૈરવર્તણૂકની નિંદાનું પણ વર્ણન થયું.

તફસીર :

અને તમે અલ્લાહની ઈબાદત અપનાવો (તેમાં તવહીદનો અકીદો સામેલ છે) અને તેની સાથે કોઈ વસ્તુને (ભલે તે મનુષ્ય હોય અથવા અન્ય કોઈ પદાર્થ, તેને અલ્લાહની ઈબાદતમાં અથવા તેની કોઈ ખાસ સિફતમાં) ભાગીદાર ન કરો અને (પોતાના) માતા-પિતા સાથે સદ્‌વર્તાવ કરો અને (અન્ય) સગાં-વહાલાઓ સાથે પણ અને ગરીબ ગુરબાઓ સાથે પણ અને પાસેવાળા પડોશી સાથે પણ અને દૂરવાળા પડોશી સાથે પણ અને સહવાસી મિત્રો સાથે પણ (ભલે તે મજલિસ કાયમી હોય જેમકે, કોઈ લાંબી મુસાફરીમાં સફરનો મિત્ર હોય અથવા કોઈ મુબાહ કામમાં ભાગીદાર હોય અથવા કામચલાઉ રીતે કોઈ બાબતમાં

સહભાગી હોય, નાના પ્રવાસ અથવા કોઈ જલસા વગેરેમાં સાથે ભેગા થયા હોય વગેરે) અને મુસાફર સાથે પણ (ભલે તે તમારો ખાસ મહેમાન હોય કે ન હોય) અને તે (ગુલામ બાંદીઓ)ની સાથે પણ જે (શરઈ રૂએ) તમારા માલિકીપણા હેઠળ કબજામાં છે. (મતલબ કે, તે બધાની સાથે જ સદ્‌વર્તાવ કરો જેની સ્પષ્ટતા શરીઅતે અન્ય સ્થળોએ કરી છે અને જે લોકો તેમના હકો અદા નથી કરતા, મોટે ભાગે તેના કેટલાય કારણો છે. યા તો તેમના સ્ભાવમાં અભિમાન છે કે, કોઈને મહત્ત્વ આપતા નથી અથવા તો તે તરફ ધ્યાન કેન્દ્રિત કરતા જ નથી અને યા તો તેઓ બખીલ છે કે, કોઈને આપવા-અપાવવામાં જીવ નીકળી જાય છે, અથવા તો તેમને રસૂલુલ્લાહ ﷺ ઉપર ભરોસો નથી કે, આપ ﷺના હુકમોને અને હકોના અદાયગીના સવાબના વાયદાઓ અને તિલાવતના હકોને તથા અઝાબની ચેતવણીઓને સાચી નથી સમજતા અને આવું તેમના કુફ્રના કારણે છે અથવા તો તેમની આદત પ્રદર્શન કરવાની અને નામના કમાવવાની છે. એટલા માટે જ્યાં નામના અને શોહરત હોય ત્યાં જ આપે છે, ભલે ત્યાં આપવાનો હક ન હોય અને જ્યાં નામના અને શોહરત હોતી નથી ત્યાં આપવાની હિંમત થતી નથી, ભલે ત્યાં આપવું જરૂરી હોય અથવા તો તેઓ મૂળેથી જ અલ્લાહ તઆલા સાથે અકીદહ ધરાવતા નથી અથવા તે કયામતની માન્યતામાં જ નથી માનતા અને એ પણ કુફ્ર છે. એટલા માટે તેમના આવા નિંદનીય કૃત્યો માટે વ્યક્તિગત અથવા સામૂહિક રીતે આવું કરનાર લોકોની પરિસ્થિતિ સાંભળી લો) બેશક ! અલ્લાહ તઆલા એવા લોકોથી મહોબ્બત નથી રાખતો જે (દિલમાં) પોતાને મોટો સમજે છે (અને મૌખિક રીતે) શેખીખોર (અને બડાઈ હાંકનાર) હોય છે. જેઓ બખીલાઈ કરે છે અને અન્ય લોકોને પણ બખીલાઈ કરવાનું શિખવાડે છે (ભલે મૌખિક રીતે હોય અથવા એવી રીતે કે તેમના દેખાદેખી અન્ય લોકો પણ બખીલાઈ શીખે છે) અને તે એવી બાબતોને છુપાવી રાખે છે જે અલ્લાહ તઆલાએ તેની કૃપાથી તેમને આપી છે (તેનો અર્થ યા તો માલ-દૌલત છે જેને કોઈ મસ્લિહત વિના જ ફક્ત બખીલાઈના કારણે છુપાવી રાખ્યો છે અને હકદારો તેની અપેક્ષા જ ન રાખે, અથવા તો તેનો અર્થ તે દીનનું જ્ઞાન છે જે યહૂદીઓને રસૂલુલ્લાહ ﷺની રિસાલતની જાણકારી વિશે હતું, તેને છુપાવી રાખતા હતા. બસ, બખીલાઈ પણ આમ સર્વસામાન્ય થઈ જશે, જેમાં બખીલો અને રસૂલુલ્લાહ ﷺના ઇન્કારીઓ

પણ સામેલ છે) અને અમે એવા નગુણા કાફિરો માટે (જેઓ અલ્લાહની આપેલ માલની નેઅ્મત અથવા રસૂલુલ્લાહ ﷺની રિસાલતની ખુશખબરીના જ્ઞાનને છુપાવે છે તેમના માટે) અપમાનજનક અઝાબ તૈયાર કરી રાખ્યો છે અને જે લોકો કે જેઓ પોતાનો માલ લોકોને બતાવવા માટે ખર્ચ કરે છે અને અલ્લાહ તઆલા ઉપર અને અંતિમ દિવસ (એટલે કે કયામતના દિવસ) ઉપર વિશ્વાસ નથી રાખતા (તેમની પણ એ જ હાલત છે કે અલ્લાહ તઆલા તેમની સાથે મહોબ્બત નથી રાખતો) અને (વાત એમ છે કે) શયતાન જેનો સાથી હોય (જેમકે આ પ્રસ્તુત લોકોનો સાથી છે) તો તેઓ તેમનો ઘણો જ ખરાબ સાથી છે (કે એવો મશવરો આપે છે જેનું પરિણામ ભયંકર દુઃખ-દર્દ પહોંચાડનાર અને નુકસાનકર્તા છે).

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત આયતોમાં અધિકારોના વર્ણન પહેલાં "તવહીદ"નો ઉલ્લેખ શા માટે કરવામાં આવ્યો છે ?

અધિકારોના વર્ણન પહેલાં અલ્લાહ તઆલાના આજ્ઞાપાલન અને ઈબાદત તથા તવહીદના વિષયને આ રીતે ઈરશાદ ફરમાવવામાં આવ્યો. وَاعْبُدُ واللّٰهَ وَلَا تُشْرِكُوْا بِهٖ شَيْئًا એટલે કે, "અલ્લાહની ઈબાદત કરો અને તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવો."

અધિકારોના વર્ણન પહેલાં અહીંયાં ઈબાદત અને તૌહીદના વિષયને ઉલ્લેખ કરવામાં ઘણી બધી હિકમતો રહેલી છે, જેમાંથી એક એ છે કે, જે વ્યક્તિને અલ્લાહ તઆલાનો ડર ન હોય અને તેના અધિકારોનું મહત્ત્વ સમજતો ન હોય તો તે દુનિયામાં અન્ય કોઈના અધિકારોની કાળજી રાખવાની પરવા કઈ રીતે રાખી શકે છે ? અને તેનાથી એવી આશા પણ કઈ રીતે રાખી શકાય ? કુટુંબ, સમાજની શરમ અથવા હુકૂમતના કાયદાથી બચવા માટે તેઓ હજારો યુક્તિઓ શોધી કાઢે છે, તે વસ્તુ જે મનુષ્યના અધિકારોની કદર કરવા માટે તેની ઉપસ્થિતિ અથવા અનુપસ્થિતિમાં વ્યક્તિને મજબૂર કરે છે, તે ફક્ત અલ્લાહ તઆલનો ડર અને તકવા છે. અલ્લાહનો આ ડર અને તકવા ફક્ત તૌહીદ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. એટલા માટે વિવિધ સગપણો તથા સંબંધોના અધિકારોની સ્પષ્ટતા પહેલાં અલ્લાહ તઆલા દ્વારા તવહીદ અને ઈબાદતને યાદ અપાવવું યોગ્ય જ છે.

તવહીદ પછી માં-બાપના અધિકારોનું વર્ણન :

ત્યારબાદ બધા જ સગાંઓ અને સંબંધીઓમાં સૌ પ્રથમ માતા-પિતાના અધિકારોનો ઉલ્લેખ કર્યો અને અલ્લાહ તઆલાએ પોતાની ઈબાદત અને પોતાના અધિકારો પછી તરત જ માતા-પિતાના અધિકારોનું વર્ણન કરીને એ તરફ પણ ઈશારો કર્યો છે કે, વાસ્તવમાં તો બધા જ ઉપકાર અને ઈનામો અલ્લાહ તઆલા તરફથી જ છે, પરંતુ કાર્યકારણના સંબંધની રૂએ જોઈએ તો અલ્લાહ તઆલા પછી સૌથી વધારે ઉપકાર મનુષ્ય ઉપર તેના માતા-પિતાનો હોય છે. કારણ કે, મનુષ્યનું દુનિયામાં અસ્તિત્વમાં આવવાનું માધ્યમ તો માં-બાપ જ છે અને જન્મથી લઈને તેના યુવાન થવા સુધીની જેટલી પણ કઠિન પરિસ્થિતિઓ હોય છે તે બધામાં જ દેખીતા સબબો માં-બાપે જ પૂરા પાડ્યા છે. જેમકે, તેના જન્મથી લઈ તેના અસ્તિત્વને ટકાવી રાખવાની જામિનગીરી વગેરે. એટલા માટે કુર્આને કરીમે અન્ય સ્થળોએ પણ માં-બાપના અધિકારોને અલ્લાહ તઆલાની ઈબાદત અને આજ્ઞાપાલનની સાથે જ વર્ણન કરીને ફરમાવ્યું છે, એક જગ્યાએ ઈરશાદ છે,

اَنِ اشْكُرْلِىْ وَلِوَالِدَيْكَ

"મારો ઉપકાર માનો (શુક્ર અદા કરો) અને પોતાના માં-બાપનો પણ ઉપકાર માનો." *(૩૧ : ૧૪)*

બીજી જગ્યાએ ઈરશાદ છે,

وَاِذْاَخَذْنَا مِيْثَاقَ بَنِىْٓ اِسْرَآئِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا، (2 : 83)

આ બંને આયતોમાં માં-બાપના સંદર્ભમાં એવું નથી ફરમાવ્યું કે, "તેમના હકો અદા કરો, અથવા તેમની સેવા-ચાકરી કરો." બલકે, શબ્દ اِحْسَانْ "ઈહસાન" લાવવામાં આવ્યો છે, જેનો સામાન્ય અર્થ એ છે કે, આવશ્યકતા અનુસાર તેમના ભરણ-પોષણમાં પોતાનો માલ ખર્ચ કરો અને તેમાં એ પણ સામેલ છે કે, જેવી જરૂરત હોય તે પ્રમાણે શારીરિક સેવા-ચાકરી પણ કરતા રહો. એ પણ સામેલ છે કે તેમની સાથે વાતચીતમાં કઠોર અવાજથી અથવા મોટા અવાજથી ન બોલો કે જેમાં એક પ્રકારની અસભ્યતા હોય. કોઈ એવું વાક્ય ન

કહો જેનાથી તેમનું દિલ તૂટે, તેમના દોસ્તો અને સંબંધીઓ સાથે કોઈ એવો વર્તાવ ન કરો જેનાથી માતા–પિતાને દુઃખ પહોંચે. બલકે, તેમને સંતોષ અને શાંતિ પહોંચાડો, તેમને ખુશ રાખવા માટે જેટલા પણ સ્વરૂપો અપનાવવા પડે તે બધા જ અપનાવો. એટલે સુધી કે, જો માં–બાપે અવલાદના હકો પૂરા કરવામાં કોઈ ઉણપ પણ રાખી હોય તો પણ ઔલાદ માટે માતા–પિતા સાથે અસભ્ય વર્તન કરવું કોઈ પણ પરિસ્થિતિમાં યોગ્ય નથી.

હઝરત મઆઝ બિન જબલ (રદિ.) ફરમાવે છે કે, "મને રસૂલુલ્લાહ ﷺએ દશ વસિય્યતો કરી હતી. એક એ કે, અલ્લાહ તઆલા સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો, ભલે તમારી હત્યા કરી નાંખવામાં આવે અથવા આગમાં સળગાવી દેવામાં આવે. બીજું એ કે, પોતાના માં–બાપની નાફરમાની ન કરો અથવા તેમના દિલને દુઃખ ન પહોંચાડો, ભલે તે હુકમ આપે કે તમે પોતાના أهل અહ્લ (પત્ની તથા બાળકો) અને માલને છોડી દો." *(મુસ્નદે અહમદ)*

રસૂલે કરીમ ﷺના આદેશોમાં જે પ્રમાણે માં–બાપનું આજ્ઞાપાલન કરવાની અને તેમની સાથે સદ્વર્તાવ કરવાની તાકીદો વર્ણન થઈ છે, એ જ પ્રમાણે તેની ઘણી ફઝીલતો અને સવાબના દરજ્જાઓ પણ વર્ણન થયા છે.

બુખારી અને મુસ્લિમની એક હદીષમાં છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, જે વ્યક્તિ એવું ઇચ્છતો હોય કે, પોતાની રોજી અને ઉંમરમાં બરકત થાય તો સિલા–રહમી (ઉપકાર) કરે, એટલે કે, પોતાના સગાં–વહાલાઓના હકો અદા કરે."

તિરમિઝીની એક રિવાયતમાં છે કે "અલ્લાહ તઆલાની રજામંદી બાપની રજામંદીમાં અને અલ્લાહ તઆલાની નારાજગી બાપની નારાજગીમાં છે"

શોઅ્બુલ ઈમાનમાં ઈમામ બયહકીએ રિવાયત કરી છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જે પુત્ર પોતાના માં–બાપનો આજ્ઞાપાલક અને ફરમાંબરદાર હોય, જ્યારે તે પોતાના માતા–પિતાને ઈજ્જત અને મહોબ્બતની દષ્ટિથી નિહાળે છે તો દરેક દષ્ટિના બદલામાં તેને એક સ્વીકૃત હજ્જનો સવાબ મળે છે."

બયહકીની જ એક રિવાયતમાં છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, બધા જ ગુનાહો અલ્લાહ તઆલા મા'ફ કરી દે છે, પરંતુ જે વ્યક્તિ માં–બાપની

નાફરમાની કરતો હોય અને તેમનું દિલ દુઃખાવતો હોય તેને આખિરતથી પહેલાં દુનિયામાં જ જાત-જાતની આફતોમાં સપડાવી દેવામાં આવે છે."

સગાં-વહાલાઓ સાથે સદ્વર્તણૂક કરવાની તાકીદ :

આયતમાં માતા-પિતા પછી નજીકના સગાંઓ એટલે કે બધા જ રિશ્તેદારો સાથે સદ્વર્તાવ કરવાની તાકીદ કરવામાં આવી છે. કુર્આને કરીમની એક ઠોસ અને મશહૂર આયતમાં જેને રસૂલુલ્લાહ ﷺ મોટેભાગે પોતાના ખુત્બા (પ્રવચન)ના અંતમાં તિલાવત કર્યા કરતા હતા; આ વિષયને આ રીતે વર્ણન કર્યો છે.

إِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْإِحْسَانِ وَإِيتَآءِ ذِى الْقُرْبٰى (૧૬ : ૯૦) એટલે કે, "અલ્લાહ તઆલા હુકમ આપે છે સૌની સાથે ન્યાય અને સદ્વર્તનનો અને રિશ્તેદારોના હકોને અદા કરવાનો, જેમાં સગાં-વહાલાંઓની પોતાની ક્ષમતા અને સામર્થ્ય અનુસાર આર્થિક અને શારીરિક સેવા-ચાકરી કરવી પણ સામેલ છે અને તેમની મુલાકાત કરવી અને તેમની ખબરગીરી કરવી પણ.

હઝરત સલમાન બિન આમિર (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, સદકહ સામાન્ય મિસ્કિનો અને ફકીરોને આપવાથી તો ફક્ત સદકહનો સવાબ મળે છે અને જો પોતાના નજીકના સગાં-વહાલાંઓને આપવામાં આવે તો તેના બે સવાબ મળે છે. એક સદકહનો અને બીજો સિલા-રહમીનો એટલે કે સગાં-વહાલાંઓનો હક અદા કરવાનો."

(મુસ્નદે અહમદ, નસાઈ, તિરમિઝી)

પ્રસ્તુત આયતમાં પ્રથમ માતા-પિતાના હકોની તાકીદ કરવામાં આવી, પછી સામાન્ય સગાં-વહાલાંઓની.

યતીમો અને મિસ્કિનોનો હક :

ત્રીજા નબંરમાં ઈરશાદ ફરમાવ્યું, وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنَ યતીમો અને મિસ્કીનોના અધિકારોનું વિસ્તૃત વર્ણન જો કે, સૂરતની શરૂઆતમાં આવી ચૂક્યું છે પરંતુ તેનું પુનરાવર્તન સગાં-વહાલાંઓના ઉલ્લેખની સાથે કરીને એ તરફ પણ ઈશારો કરી દીધો કે, લાવારિસ બાળકો અને નિરાધાર લોકોની મદદ કરતા રહો અને તેમની ખબરગીરી કરવી પણ જરૂરી સમજો, જેવી રીતે કે તમે પોતાના સગાં-વહાલાંઓ માટે કરો છો.

પાડોશીના હકો :

ચોથા નંબરમાં ઈરશાદ ફરમાવ્યું, وَالْجَارِذِی الْقُرْبٰی અને પાંચમાં નંબરમાં وَالْجَارِالْجُنُبِ અહીંયાં جَارٌ (જાર)નો અર્થ "પાડોશી" થાય છે. આ આયતમાં તેના બે પ્રકારો વર્ણન કરવામાં આવ્યા છે. એક جَارِذِی الْقُرْبٰی (જારિઝીલ કુર્બા) અને બીજો جَارِ جُنُبٌ (જારે જુનુબ). આ બંને પ્રકારોની તફસીર અને ખુલાસામાં અને સ્પષ્ટતામાં સહાબએ કિરામ (રદિ.)ના વિવિધ નિવેદનો છે.

સામાન્ય મુફસ્સિરોએ ફરમાવ્યું કે, جَارِذِی الْقُرْبٰی નો ભાવાર્થ તે પાડોશીઓ છે જે તમારા મકાનની લગોલગ રહેતા હોય અને جَارِ جُنُبٌ તે પાડોશીઓ કે, જે તમારા મકાનથી થોડા અંતરે રહેતા હોય.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, جَارِذِی الْقُرْبٰی થી તે વ્યક્તિ સમજવામાં આવશે જે પાડોશી પણ હોય અને સગો પણ હોય. તેમાં બે હકો ભેગા થઈ ગયા અને جَارِجُنُبٌ નો ભાવાર્થ છે કે, ફક્ત પાડોશી છે સગો નથી. એટલા માટે તેનો દરજ્જો પહેલા કરતાં પાછળના ક્રમે આવે છે.

અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે, جَارِذِی الْقُرْبٰی તે પાડોશી છે જે ઈસ્લામી બિરાદરીમાં સામેલ છે અને મુસલમાન છે. جَارِجُنُبٌ ગેરમુસ્લિમ પાડોશીના અર્થમાં છે.

કુર્આનના શબ્દો આ બધા અર્થોમાં મોઘમ છે અને વાસ્તવિક આધારે પણ દરજ્જાઓમાં તફાવત હોવું યોગ્ય બાબત છે અને ભરોસાપાત્ર પણ છે તથા પાડોશી સગો હોવાના આધારે પણ અને મુસલમાન તથા ગૈરમુસ્લિમ હોવાના આધારે પણ આ વિધાન યોગ્ય છે..... અને આ બાબત ઉપર બધા જ સહમત છે કે, પાડોશી ભલે નજીકનો હોય અથવા દૂરનો રિશ્તેદાર હોય, મુસલમાન હોય અથવા ગૈરમુસ્લિમ, દરેક પરિસ્થિતિમાં તેનો હક છે કે તમારી શક્તિ અને સામર્થ્ય પ્રમાણે તેમની મદદ અને ખબરગીરી કરતા રહેવું જોઈએ.

અલબત્ત, જેનો હક પાડોશી સિવાય અન્ય પ્રકારનો પણ છે, તે બીજા પાડોશીઓના દરજ્જા કરતાં અગ્ર સ્થાને છે. એક હદીષમાં..... પોતે રસૂલે કરીમ ﷺએ આ બાબતને સ્પષ્ટ કરવા માટે ઈરશાદ ફરમાવ્યો કે, "અમુક પાડોશીઓ તે છે જેનો ફક્ત એક હક છે, અમુક તે છે જેના બે હકો છે, અને અમુક તે જેના

ત્રણ હકો છે. એક હકવાળો પાડોશી તે ગૈરમુસ્લિમ છે જેની સાથે કોઈ સગપણ પણ નથી, બે હકવાળો પાડોશી તે છે જે પાડોશી હોવાની સાથે-સાથે મુસલમાન પણ છે, ત્રણ હકવાળો પાડોશી તે છે જે પાડોશી પણ છે મુસલમાન છે અને સગો પણ છે." *(ઈબ્ને કષીર)*

રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "જિબ્રઈલ અમીન (અલૈ.) હંમેશા મને પાડોશીની દરકાર લેવાની અને મદદ કરવાની તાકીદ કરતા રહ્યા, એટલે સુધી કે મને એવું અનુમાન થવા લાગ્યું કે, કદાચ ! પાડોશીને પણ સગાં-વહાલાંઓની જેમ વારસા-હકમાં ભાગીદાર બનાવવામાં આવશે."

(બુખારી અને મુસ્લિમ)

તિરમિઝી અને મુસ્નદે અહમદની એક રિવાયતમાં છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, કોઈ મહોલ્લાના લોકોમાં અલ્લાહ તઆલા સમીપ સૌથી વધારે શ્રેષ્ઠ અને ઉત્તમ તે વ્યક્તિ છે જે પોતાના પાડોશીઓના હક (અદા કરવામાં) સારો હોય."

મુસ્નદે અહમદની એક હદીષમાં ઈરશાદ છે કે, "એક પાડોશીએ ત્યાં સુધી પેટ ભરીને ખાવું જાઈઝ નથી જ્યાં સુધી કે તેનો પાડોશી ભૂખ્યો હોય."

સાથે ઉઠક-બેઠક રાખનાર સહવાસી મિત્રનો હક :

છઠ્ઠા નંબર ઉપર ઈરશાદ ફરમાવ્યું, وَالصَّاحِبِ بِالْجَنْبِ તેનો શાબ્દિક અર્થ "સાથે ઉઠવા-બેસવાવાળા" અથવા "સહવાસી" થાય છે, જેમાં પ્રવાસના સાથી પણ સામેલ છે, જે રેલગાડી, જહાઝ, બસ વગેરે વાહનોમાં તમારી સાથે બેઠા હોય અને તે વ્યક્તિ પણ સામેલ છે જે કોઈ સાર્વજનિક સ્થળે અથવા કોઈ મજલિસમાં તમારી સાથે બેઠા હોય.

શરીઅતે ઈસ્લામે જે પ્રમાણે નજીક અને દૂરના કાયમી પાડોશીઓના અધિકારો વાજિબ ફરમાવ્યા, એ જ પ્રમાણે તે વ્યક્તિઓની મિત્રતાના અધિકારો પણ જરૂરી કરી દીધા, જે થોડા સમય માટે જ કોઈ મજલિસ અથવા મુસાફરીમાં તમારી સાથે બેઠા હોય, જેમાં મુસલમાન અને ગૈરમુસ્લિમ, સગાં અને બિનસગાં બધા જ સમાન છે. તેમની સાથે પણ સદ્વર્તાવ કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે, જેની નાનામાં-નાની કક્ષા એ છે કે, તમારા કોઈ નિવેદન અથવા

કૃત્યથી તેને મન-દુઃખ ન થવું જોઈએ. કોઈ વાતચીત એવી ન કરો જેનાથી તેને તકલીફ પહોંચે, કોઈ કામ એવું ન કરો જેનાથી તેને વેઠવું પડે. દાખલા તરીકે, બીડી-સિગારેટ પી ને ધૂમાડા તેના મોઢા તરફ ન છોડો, પાન ખાઈને તેના તરફ ન થૂંકો અને એ પ્રમાણે ન બેસો જેના કારણે જગ્યા તંગ થઈ જાય અને બેસવામાં તકલીફ પડે.

કુર્આને કરીમના આ માર્ગદર્શન ઉપર જો લોકો અમલ કરવા માંડે તો રેલગાડીઓ અને સાર્વજનિક યાત્રાના સાધનોમાં પ્રવાસીઓના પરસ્પરના કજિયા ખતમ થઈ જાય. દરેક વ્યક્તિ એ બાબત ઉપર વિચાર કરે કે, મને ફક્ત એક જ વ્યક્તિની જગ્યાનો ઉપયોગ કરવાનો અધિકાર છે, તેનાથી વધારે જગ્યા રોકવાનો કોઈ હક નથી. બીજો કોઈ વ્યક્તિ જો નજીક બેઠો છે તો તેનો પણ એટલો જ હક છે જેટલો કે મારો છે.

અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું છે કે, صَاحِبُ بِالْجَنْبِ (સાહિબ્ બિલ જન્બ)માં દરેક તે વ્યક્તિ સામેલ છે જે કોઈ કાર્ય અથવા ધંધા કે વેપાર-વાણિજ્યમાં આપની સાથે છે. ઉદ્યોગ, મજૂરી, ઑફિસ, નોકરી, પ્રવાસ અથવા કોઈ સાર્વજનિક સ્થળે આપની સાથે છે. *(રૂહુલ મઆની)*

પ્રવાસીનો હક :

સાતમાં નંબર ઉપર ઈરશાદ ફરમાવ્યું, وَابْنَ السَّبِيْلِ એટલે કે પ્રવાસી તે વ્યક્તિ છે જે પ્રવાસ દરમિયાન તમારી સાથે આવે અથવા તમારો મહેમાન બને. કારણ કે, તે અજનબી વ્યક્તિનું આપની સાથે કોઈ સગપણ કે સંબંધ હોતો નથી. એટલા માટે કુર્આને તેના ઈસ્લામી બલકે, માનવીય સંબંધની દરકાર લઈને તેનો પણ હક તમારા ઉપર જરૂરી કરી દીધો કે, તમારી શક્તિ અને સામર્થ્ય પ્રમાણે તેમની સાથે સદ્વર્તાવ કરો.

ગુલામો, બાંદીઓ અને નોકરોનો હક :

આઠમાં નંબર ઉપર ઈરશાદ ફરમાવ્યું, وَمَا مَلَكَتْ اَيْمَانُكُمْ જેનો અર્થ આપની મિલકતમાં હોય એવા ગુલામ અને બાંદીઓ છે. તેમનો પણ એ હક આવશ્યક કરવામાં આવ્યો કે, તેમની સાથે પણ સદ્વર્તાવ કરવામાં આવે. શક્તિ અને ક્ષમતા પ્રમાણે તેમને ખવડાવવા, પીવડાવવા અને પહેરાવવા વગેરેમાં કોઈ

ઉણપ ન રાખે અને તેમની શક્તિથી વધારે તેમના ઉપર કામનો ભાર ન નાંખે.

જો કે, આયતના શબ્દો સ્પષ્ટ રીતે મિલકતમાં હોય તેવા ગુલામ અને બાંદીઓ માટે દલીલ હોવાનું દેખીતું છે, પરંતુ નબીએ કરીમ ﷺના ઈરશાદોની બીના પર આ હુકમ તેમની સમકક્ષ એવા નોકરો અને સેવકો માટે પણ લાગુ પડે છે કે, તેમનો પણ એ જ હક છે કે, નક્કી કરેલ પગાર અને જમવાનું વગેરે આપવામાં કંજૂસાઈ અથવા મોડું ન કરે અને તેની શક્તિથી વધારે તેનાથી કામ ન લે.

હકો અદા કરવામાં ઉણપ તે જ લોકો રાખે છે જેમના દિલોમાં તકબ્બુર (અભિમાન) હોય છે :

આયતના અંતમાં ઈરશાદ ફરમાવ્યું, اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ مُخْتَالًا فَخُوْرًا એટલે કે, "અલ્લાહ તઆલા એવા વ્યક્તિને પસંદ નથી કરતો જે અભિમાની અને અન્યો ઉપર પોતાની બડાઈ હાંકનારો હોય."

આયતનું આ અંતિમ વાક્ય ઉપર વર્ણન થયેલ બધા જ હુકમોની પૂર્ણતા છે કે, અગાઉના આઠ નંબરોમાં જે હુકમોની તાકીદ વર્ણન થઈ છે તેમાં ઉણપ તે જ લોકો રાખે છે જેમના દિલોમાં અભિમાન છે અને જેઓ ઘમંડી તથા મિથ્યાભિમાની છે. અલ્લાહ તઆલા બધા મુસલમાનોને આ દુર્ગુણથી સુરક્ષિત રાખે. આમીન.

અભિમાન, અજ્ઞાનતા તથા ઘમંડની ચેતવણીઓ સંદર્ભે ઘણી બધી હદીષો નકલ થઈ છે,

عَنِ ابْنِ مَسْعُوْدٍ رَضِیَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَدْخُلُ النَّارَ احَدٌ فِیْ قَلْبِهٖ مِثْقَالُ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ مِّنْ اِيْمَانٍ وَلَا يَدْخُلُ الْجَنَّةَ اَحَدٌ فِیْ قَلْبِهٖ مِثْقَالُ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ مِّنْ كِبْرٍ ، (مِشْكوٰة، ص ۴۳۳ بَحَوالَه مُسْلِم)

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે, તે વ્યક્તિ જહન્નમમાં (હંમેશાના માટે) નહીં રહે જેના દિલમાં રાઈના દાણા બરાબર ઈમાન છે અને જન્નતમાં એવો કોઈ વ્યક્તિ નહીં જઈ શકે જેના દિલમાં રાઈના દાણા બરાબર તકબ્બુર છે." *(મિશ્કાત, પેજ : ૪૩૨, મુસ્લિમના હવાલા સાથે)*

عَنِ ابْنِ مَسْعُوْدٍ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَدْخُلُ الْجَنَّةَ مَنْ كَانَ فِيْ قَلْبِهٖ مِثْقَالُ ذَرَّةٍ مِنْ كِبْرٍ فَقَالَ رَجُلٌ اِنَّ الرَّجُلَ يُحِبُّ اَنْ يَّكُوْنَ ثَوْبُهٗ حَسَنًا وَّنَعْلُهٗ حَسَنًا، قَالَ اِنَّ اللّٰهَ تَعَالٰى جَمِيْلٌ يُحِبُّ الْجَمَالَ اَلْكِبْرُ بَطْرُ الْحَقِّ وَغَمْطُ النَّاسِ، (مِشْكٰوة، ص ۴۳۳ بَحوَاله مُسْلِمُ)

"હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, જન્નતમાં તે વ્યક્તિ પ્રવેશ નહીં પામી શકે જેના દિલમાં રજકણ બરાબર પણ તકબ્બુર (અભિમાન) હોય. હાજરજનોમાંથી એક વ્યક્તિએ પ્રશ્ન પૂછ્યો, લોકો ઈચ્છે છે કે, તેમના કપડાં સારા હોય, તેમના જોડા (પગરખા) સારા હોય. આપ ﷺએ ફરમાવ્યું, અલ્લાહ તઆલા ખૂબસૂરત છે અને ખૂબસૂરતીને પસંદ કરે છે. (તો શું આ પણ તકબ્બુરમાં સામેલ છે ? તો કહ્યું કે,) તકબ્બુર નામ છે હક રદ કરવાનું (દબાવી દેવાનું) અને લોકોને તુચ્છ સમજવાનું."

(મિશ્કાત, પેજ : ૪૩૩, બ હવાલા મુસ્લિમ)

ત્યાર પછી اَلَّذِيْنَ يَبْخَلُوْنَ (અલ્લઝીન યબ્ખલૂન)માં વર્ણન છે કે, જે વ્યક્તિ અભિમાની હોય છે તે વાજિબ અધિકારોમાં પણ બખીલાઈ કરે છે. પોતાની જવાબદારીઓને સમજતો નથી અને બીજાઓને પણ પોતાના નિવેદનો અને વર્તનથી આવા દુર્ગુણને અપનાવવાની પ્રેરણા આપે છે.

આયતમાં "બખીલાઈ"નો શબ્દ આવ્યો છે, જેનો ભાવાર્થ સામાન્ય બોલચાલની ભાષામાં આર્થિક અધિકારોમાં ઉણપ રાખવી સમજવામાં આવે છે, પરંતુ આયતના શા'ને નુઝૂલ (આયત ઉતરવાની પૂર્વભૂમિકા)થી સ્પષ્ટ થાય છે કે, અત્રે બખીલાઈનો શબ્દ પ્રચલિત અર્થમાં વાપરવામાં આવ્યો છે એટલે કે, તેમાં આર્થિક બખીલાઈ અથવા ઈલ્મની બખીલાઈ પણ સામેલ છે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી જાણ થાય છે કે, આ આયત મદીનાના યહૂદીઓની વર્તણૂકના સંદર્ભમાં નાઝિલ થઈ હતી. તે લોકો ખૂબ જ અભિમાની હતા, અંતિમ કક્ષાના કંજૂસ પણ હતા, માલ ખર્ચ કરવામાં પણ બખીલાઈ કરતા હતા અને તેમના જ્ઞાનને પણ છુપાવતા હતા જે જ્ઞાન તેમને

તેમના ધર્મપુસ્તકો દ્વારા પ્રાપ્ત થયું હતું. આ પુસ્તકોમાં આપ ﷺની બઅ્ષતની ખુશખબરી આપવામાં આવી હતી અને આપ ﷺની નિશાનીઓનું વર્ણન હતું. પરંતુ યહૂદીઓએ આ બધી બાબતોનું પ્રમાણ મેળવી લીધા પછી પણ બખીલાઈ કરી. ન તો પોતે આ જ્ઞાનના તકાદા ઉપર અમલ કર્યો અને ન જ અન્યોને બતાવ્યું કે તેઓ અમલ કરે.

આગળ ફરમાવ્યું કે, આવા લોકો જેઓ અલ્લાહની આપેલી માલ-દૌલતમાં પણ બખીલાઈ કરે છે અને જ્ઞાન તથા ઈમાનના મા'મલામાં પણ બખીલાઈ કરે છે, એવા લોકો અલ્લાહની નેઅ્મતોના નાશુક્રા (નગુણા) છે અને તેમના માટે અપમાનિત કરનાર અઝાબ તૈયાર કરવામાં આવ્યો છે.

અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરવાની ફઝીલત અને બખીલાઈની નિંદા વિશે નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું,

عَنْ اَبِیْ هُرَیْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ مَا مِنْ یَوْمٍ یُصْبِحُ الْعِبَادُ فِیْهِ اِلَّا مَلَکَانِ یَنْزِلَانِ فَیَقُوْلُ اَحَدُ هُمَا اَللّٰهُمَّ اَعْطِ مُنْفِقًا خَلَفًا وَیَقُوْلُ الْاٰخَرُ اَللّٰهُمَّ اَعْطِ مُمْسِکًا تَلْفًا، (بُخَارِیْ وَ مُسْلِمْ)

"હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, દરેક સવારના સમયે બે ફરિશ્તાઓ ઊતરે છે, તેમાંથી એક એવું કહે છે, હે અલ્લાહ ! ભલાઈના માર્ગમાં ખર્ચ કરનારને સારું વળતર આપ અને બીજો કહે છે, હે અલ્લાહ ! કંજૂસ(ના માલ અને દૌલત)નો સર્વનાશ કર."

(બુખારી અને મુસ્લિમ)

عَنْ اَسْمَاءَؓ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اَنْفِقِیْ وَ لَا تُحْصِیْ فَیُحْصِیَ اللّٰهُ عَلَیْکِ وَلَا تُوْعِیْ فَیُوْعِیَ اللّٰهُ عَلَیْکِ وَارْضَخِیْ مَا اسْتَطَعْتِ،

(بُخَارِیْ وَ مُسْلِمْ)

"હઝરત અસ્માઅ્ (રદિ.)થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, હે અસ્માઅ્ ! ભલાઈના માર્ગમાં ખર્ચ કર્યા કરો અને ગણી-ગણીને ન આપો

નહિતર અલ્લાહ પણ તમારા હકમાં ગણવાનું શરૂ કરશે અને માલ ખર્ચ કરવાથી બચવા માટે ખૂબ વધારે આરક્ષિત(વૃત્તિથી) ન વર્તો, નહિતર અલ્લાહ તઆલા પણ આવું આરક્ષણ શરૂ કરી દેશે અને ઓછામાં ઓછું જો તારાથી થઈ શકે તો તેના આપવાથી પીછેહઠ ન કરો." (બુખારી અને મુસ્લિમ)

عَنْ اَبِیْ هُرَیْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ اَلسَّخِیُّ قَرِيْبٌ مِّنَ اللّٰهِ، قَرِيْبٌ مِّنَ الْجَنَّةِ، قَرِيْبٌ مِّنَ النَّاسِ، بَعِيْدٌ مِّنَ النَّارِ، وَالْبَخِيْلُ بَعِيْدٌ مِّنَ اللّٰهِ، بَعِيْدٌ مِّنَ الْجَنَّةِ، بَعِيْدٌ مِّنَ النَّاسِ، قَرِيْبٌ مِّنَ النَّارِ، وَلَجَاهِلٌ سَخِیٌّ اَحَبُّ اِلَى اللّٰهِ مِنْ عَابِدٍ بَخِيْلٍ، (ترمذی)

"હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું, સખી (દાનવીર) અલ્લાહની નજીક છે, જન્નતની પણ નજીક છે અને લોકોની નજરોમાં પણ પ્રિય છે, તથા જહન્નમની આગથી દૂર છે અને બખીલ (કંજૂસ) અલ્લાહથી પણ દૂર છે, જન્નતથી પણ દૂર છે, લોકોથી પણ દૂર છે અને આગની નજીક છે અને જાહિલ વ્યક્તિ જો સખાવત કરે છે (અને ફરજો અદા કરવાની તથા હરામ વસ્તુઓથી બચવાની કાળજી રાખે છે તો આવો વ્યક્તિ) કંજૂસ કરતાં શ્રેષ્ઠ છે જે ઈબાદતગુઝાર હોય." (તિરમિઝી)

وَعَنْ اَبِیْ سَعِيْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خَصْلَتَانِ لَا تَجْتَمِعَانِ فِیْ مُؤْمِنٍ، اَلْبُخْلُ وَسُوْءُ الْخُلُقِ، (ترمذی)

"હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે, નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું, બે ટેવો કોઈ મો'મિનમાં ભેગી નથી થતી, બખીલાઈ અને અનાચાર (દુરાચાર)." (તિરમિઝી)

وَالَّذِيْنَ يُنْفِقُوْنَ (વલ્લઝીન યુન્ફિકૂન) દ્વારા અભિમાની લોકોનો એક બીજો દુર્ગુણ બતાવ્યો છે કે, આ લોકો પોતે પણ ખર્ચ નથી કરતા અને અન્યોને પણ બખીલાઈ કરવાની પ્રેરણા આપે છે. અલબત્ત લોકોને બતાવવા માટે ખર્ચ કરતા રહે છે અને કારણ કે, આ લોકો અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર

ઈમાન નથી રાખતા, એટલા માટે અલ્લાહની ખુશી અને આખિરતના સવાબની નિય્યતથી ખર્ચ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. આવા લોકો તો શયતાનના મિત્રો છે, એટલા માટે તેમનો અંજામ પણ તે જ થશે જે તેમના મિત્ર શયતાનનો થશે.

આ આયતથી સ્પષ્ટ થયું કે, જે રીતે વાજિબ હકો અદા કરવામાં ઉણપ રાખવી, કંજૂસી કરવી વગેરે નિંદનીય દુર્ગુણો છે, એ જ પ્રમાણે લોકોને બતાવવા માટે અને પ્રદર્શનવૃત્તિ સંતોષવાના હેતુસર ખર્ચ કરવો પણ ખૂબ ટીકાપાત્ર છે. તે લોકો જેઓ નિખાલસપણે અલ્લાહ તઆલા માટે નહીં બલકે, લોકોને બતાવવા માટે નેકીઓ કરે છે તેમનો તે અમલ અલ્લાહ પાસે સ્વીકાર્ય નથી અને હદીષમાં પણ તેને શિર્ક ઠરાવવામાં આવ્યું છે.

عَنْ اَبِیْ هُرَيْرَةؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اللّٰهُ تَعَالٰى اَنَا اَغْنَى الشُّرَكَاءِ عَنِ الشِّرْكِ مَنْ عَمِلَ عَمَلًا اَشْرَكَ فِيْهِ مَعِیَ غَيْرِیْ تَرَكْتُهٗ وَشِرْكَهٗ،

"હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, અલ્લાહ તઆલા ફરમાવે છે, હું શિર્કથી બિલકુલ લાપરવાહ છું, જે વ્યક્તિ કોઈ નેક કામ કરે છે અને તેમાં મારી સાથે કોઈ અન્યને ભાગીદાર ઠરાવે છે તો હું તેના અમલને તે ભાગીદાર માટે જ છોડી આપું છું અને તે અમલ કરનારને પણ છોડી આપું છું."

وَعَنْ شَدَّادِبْنِ اَوْسٍ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ صَلّٰى يُرَائِیْ فَقَدْ اَشْرَكَ وَمَنْ صَامَ يُرَائِیْ فَقَدْ اَشْرَكَ، وَمَنْ تَصَدَّقَ يُرَائِیْ فَقَدْ اَشْرَكَ، (اَحْمَدُ بَحَوَالَهِء مِشْكٰوة)

"શદ્દાદ બિન ઔસ (રદિ.)થી રિવાયત છે, ફરમાવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને આવું ફરમાવતા સાંભળ્યા, જેણે બતાવવા માટે નમાઝ પઢી તો તેણે શિર્ક કર્યું, જેણે બતાવવા માટે રોઝા રાખ્યા તો તેણે શિર્ક કર્યું અને જેણે કોઈ સદકહ બતાવવા માટે કર્યો તો તેણે શિર્ક કર્યું." (અહમદ મિશ્કાતના હવાલાથી)

عَنْ مَحْمُوْدِ بْنِ لَبِيْدٍ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ اَخْوَفَ مَا اَخَافُ عَلَيْكُمُ الشِّرْكُ الْاَصْغَرُ، قَالُوْا يَارَسُوْلَ اللّٰهِ وَمَا الشِّرْكُ الْاَصْغَرُ، قَالَ الرِّيَاءُ.

(اَحْمَدُ بَحَوَالَۂِ مِشْكٰوةْ)

"મહમૂદ બિન લુબયદ (રદિ.)થી રિવાયત છે, નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું, તમારા વિશે મને ખૂબ જ વધારે ભય નાના શિર્કનો છે. સહાબા (રદિ.)એ પૂછ્યું, નાનું શિર્ક શું છે? આપ ﷺએ ફરમાવ્યું, રિયા (પ્રદર્શન વૃત્તિ)."

(અહમદ બ હવાલ-એ-મિશ્કાત)

અને બયહકીની રિવાયતમાં એ વધારો પણ છે કે, કયામતના દિવસે જ્યારે સદ્કૃત્યોના સવાબની વહેંચણી થશે તો અલ્લાહ તઆલા રિયા (દેખાડો કરવા માટે સારા કામો) કરનારાઓને ફરમાવશે,

"તે લોકો પાસે ચાલ્યા જાઓ, જે લોકોને બતાવવા માટે તમે દુનિયામાં નેક અમલો કરતા હતા અને જોઈ લો કે, શું તેમની પાસે તમારા અમલોનો સવાબ અને તેનો બદલો છે?"

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૩૯ થી ૪૨)

وَمَاذَا عَلَيْهِمْ لَوْ اٰمَنُوْا بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَاَنْفَقُوْا مِمَّا رَزَقَهُمُ اللّٰهُ ۗ وَكَانَ اللّٰهُ
بِهِمْ عَلِيْمًا ﴿٣٩﴾ اِنَّ اللّٰهَ لَا يَظْلِمُ مِثْقَالَ ذَرَّةٍ ۚ وَاِنْ تَكُ حَسَنَةً يُّضٰعِفْهَا وَيُؤْتِ
مِنْ لَّدُنْهُ اَجْرًا عَظِيْمًا ﴿٤٠﴾ فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍ ۭ بِشَهِيْدٍ وَّجِئْنَا بِكَ
عَلٰى هٰٓؤُلَاۗءِ شَهِيْدًا ﴿٤١﴾ يَوْمَئِذٍ يَّوَدُّ الَّذِيْنَ كَفَرُوْا وَعَصَوُا الرَّسُوْلَ لَوْ تُسَوّٰى بِهِمُ
الْاَرْضُ ۭ وَلَا يَكْتُمُوْنَ اللّٰهَ حَدِيْثًا ﴿٤٢﴾ ع

તરજુમો :

અને તેમનું શું નુકસાન હતું જો ઈમાન લઈ આવ્યા હોત અલ્લાહ ઉપર અને

કયામતના દિવસ ઉપર અને અલ્લાહના આપેલામાંથી (સાચા માર્ગે) ખર્ચ કર્યો હોત ! અને અલ્લાહને તેમની સારી પેઠે બધી ખબર છે. (૩૯) બેશક ! અલ્લાહ રજકણ બરાબર પણ કોઈનો હક નથી રાખતો (જુલમ નથી કરતો), અને જો નેકી હોય તો તેને અનેકઘણી કરી આપે છે, અને પોતાની પાસેથી મોટો સવાબ (શ્રેષ્ઠ બદલો) આપે છે. (૪૦) પછી શું હાલત થશે જ્યારે અમે દરેક ઉમ્મતમાંથી એક અહેવાલ કહેનાર (ગવાહ) બોલાવીશું અને તમને તે લોકો ઉપર અહેવાલ બતાવનાર (ગવાહ બનાવીને) બોલાવીશું? (૪૧) તે દિવસે તે લોકો તમન્ના કરશે જેઓ કાફિર થયા હતા અને રસૂલની નાફરમાની કરી હતી કે (કાશ !) તેઓ (માટીમાં દફન થઈને) જમીન સમથળ થઈ જાય ! અને તેઓ અલ્લાહથી કોઈ જ વાત છુપાવી શકવાના નથી ! (૪૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં અલ્લાહના ઈન્કાર, આખિરતનો ઈન્કાર અને બખીલાઈ વગેરેની નિંદા કરવામાં આવી હતી અને આ આયતોમાં અલ્લાહ તથા આખિરત ઉપર ઈમાન તથા અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની પ્રેરણા આપવામાં આવી છે અને અંતે હશ્રના અહેવાલનું વર્ણન કરીને તે લોકોને ભયાનક અંજામથી ડરાવવામાં આવ્યા છે જે લોકો ઈમાન નથી લાવતા અને નેક અમલો નથી કરતા.

તફસીર :

અને તેમના ઉપર શું મુસીબત નાઝિલ થઈ જવાની છે જો તે લોકો અલ્લાહ તઆલા ઉપર અને અંતિમ દિવસ (કયામત) ઉપર ઈમાન લઈ આવે અને અલ્લાહ તઆલાએ જે તેમને આપ્યું છે તેમાંથી કંઈક (નિખાલસતા પૂર્વક) ખર્ચ કરતા રહે (એટલે કે તેમને કંઈ નુકસાન નથી, દરેક રીતે નફો જ નફો છે), અને અલ્લાહ તઆલા તે (નેક અને ખરાબ)ને સારી પેઠે જાણે છે (બસ, ઈમાન અને અલ્લાહના રસ્તા ઉપર ખર્ચ કરવાના બદલામાં હક તઆલા સવાબ આપશે અને ખરાબ કૃત્યો કરવા ઉપર અઝાબ આપશે) નિઃશંક ! અલ્લાહ તઆલા એક

રજકણ બરાબર પણ જુલમ કરશે નહીં (કે કોઈના સારા કૃત્યોનો સવાબ ન આપે અથવા તો વિના કારણે કોઈને અઝાબ આપવા માંડે, પરંતુ અલ્લાહ આવું કરશે નહીં કારણ કે, આવું કરવું ઉઘાડો જુલમ છે જે અલ્લાહ કરશે નહીં) અને (બલકે તે તો એવો મહાકૃપાળુ છે કે,) જો એક નેકી હશે તો તેને અનેકગણી (કરીને સવાબ આપશે, જેમકે બીજી આયતમાં તેનો વાયદો આવી રહ્યો છે); અને આ સવાબ ઉપરાંત) તેની પાસેથી (કોઈ કૃત્યના અમલ સ્વરૂપે નહીં પરંતુ ઈનામ સ્વરૂપે) મહાન બદલો (અલગથી) આપશે. બસ, તે સમયે શું હાલત થશે જ્યારે કે દરેક ઉમ્મતમાંથી એક-એક ગવાહ હાજર કરવામાં આવશે અને તમને તે લોકો ઉપર (જેનાથી તમારે વાસ્તો પડ્યો છે) ગવાહી આપવા માટે હાજર કરાશે, (એટલે કે જે લોકોએ દુનિયામાં અલ્લાહના હુકમો ન માન્યા હતા તેમના કેસની સુનાવણી વખતે અંબિયા અલૈ.ને ગવાહી આપવા માટે ગવાહ સ્વરૂપે રજૂ કરવામાં આવશે કે જે-જે ઘટનાઓ અંબિયા અલૈ.ની ઉપસ્થિતિમાં બની હતી તેઓ તે બધાને જાહેર કરે અને આ ગવાહીના આધારે વિરોધીઓના અપરાધને સાબિત કરીને તેમને સજા કરવામાં આવશે, અને ઉપર ફરમાવ્યું હતું કે, તે સમયે શું હાલત થશે ? આગળ હવે તે હાલતને વર્ણન કરી ફરમાવવામાં આવ્યું કે,) તે દિવસે (એવી હાલત થશે કે) જે લોકોએ (દુનિયામાં) કુફ્ર કર્યું હશે અને રસૂલ (ﷺ)નું કહેવું ન માન્યું હશે તો તેઓ એ બાબતની તમન્ના કરશે કે કાશ ! (અત્યારે) અમે જમીનમાં સમાઈ જઈએ (જેથી અમે અપમાન અને મુસીબતથી સુરક્ષિત રહીએ) અને (ગવાહો ઉપરાંત પોતે પણ પોતાના કૃત્યોનો ઈકરાર કરનાર અપરાધી હશે, કારણ કે,) અલ્લાહ તઆલાથી કોઈ બાબત (જે તેમનાથી દુનિયામાં થઈ હતી) છુપી ન રહી શકશે (બસ, બંને પ્રકારે તેઓ અપરાધી હોવાનું સાબિત થઈ જશે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં ફરમાવ્યું, وَمَاذَا عَلَيْهِمْ لَوْ اٰمَنُوْا بِاللّٰهِ એટલે કે, તેમનું શું બગડી જવાનું હતું અથવા તેમને શું મુસીબત પડવાની હતી જો તે લોકો અલ્લાહ ઉપર અને આખિરત ઉપર ઈમાન લાવ્યા હોત ? જો આ લોકો અલ્લાહ ઉપર અને આખિરત ઉપર ઈમાન લાવે અને અલ્લાહના આપેલા માલમાંથી તેના

રસ્તામાં ખર્ચ કરે તો આ બધા તો સરળ કામો છે, તેમને આ કામો અપનાવવામાં કોઈપણ તકલીફ ન થવી જોઈએ, તો પણ શા માટે નારફમાન બનીને આખિરતની ભયંકર તબાહી પોતાના માથે લઈ રહ્યા છે ? ત્યાર પછી ફરમાવ્યું,

إِنَّ اللّٰهَ لَا يَظْلِمُ مِثْقَالَ ذَرَّةٍ એટલે કે, અલ્લાહ તઆલા કોઈના સારા કૃત્યનો સવાબ અને તેના સારા બદલામાંથી રજકણ બરાબર પણ ઓછું નહીં કરે બલકે, પોતાના તરફથી......... તેને અનેકગણું કરી આપશે અને આખિરતના સવાબને વધારીને તેનું સન્માન કરશે અને પોતાના તરફથી મહાન બદલો અર્પણ કરશે.

અલ્લાહ તઆલાના ત્યાં સવાબનું ઓછામાં ઓછું પ્રમાણ એ છે કે, એક નેકીની દશ નેકીઓ લખવામાં આવે છે અને તે ઉપરાંત વિવિધ બહાનાઓ હેઠળ તેમાં વધારા પર વધારો થતો રહે છે. અમુક હદીષની રિવાયતોથી જાણ થાય છે કે, અમુક અમલો એવા છે જેનો સવાબ વીસ (૨૦) લાખ ઘણો વધારે થઈ જાય છે અને અલ્લાહ તઆલાની જાત તો મહાકૃપાળુ છે, તે પોતાની અમર્યાદ રહમતથી એટલું વધારીને આપી શકે છે કે, જેનો હિસાબ-કિતાબ પણ શક્ય ન હોય ! وَاللّٰهُ يُضَاعِفُ لِمَنْ يَّشَآءُ આ મહાન બદલાની કલ્પના શું થઈ શકે છે, જે બદલો બારગાહે રબ્બુલ ઈજ્જતમાંથી મળે છે وَيُؤْتِ مِنْ لَّدُنْهُ اَجْرًا عَظِيْمًا

આયતમાં જે શબ્દ ذَرَّةٍ "ઝર્રતિન" આવ્યો છે, તેનો એક તરજુમો તો ખૂબ પ્રચલિત છે જે આ અગાઉ આવી ચૂક્યો છે અને અમુક લોકોએ કહ્યું છે કે, "ઝર્રહ" લાલ રંગની એક સૌથી નાની કીડીને કહેવામાં આવે છે. અરબના લોકો ઓછી વજનવાળી અને તુચ્છ વસ્તુને આ શબ્દ દ્વારા ઉદાહરણ સ્વરૂપે રજૂ કરે છે.

فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍ થી આખિરતના મેદાનની ભયાનકતા તરફ ધ્યાન દોર્યું છે અને જેનાથી કુરૈશના કાફિરોને ચેતવણી આપવાનો પણ હેતુ હતો.

તે લોકોની 'મયૂદાને હશ્ર'માં શું હાલત થશે જ્યારે દરેક ઉમ્મતના નબી પોત-પોતાની ઉમ્મતના નેક અને ખરાબ અમલોના ગવાહ તરીકે રજૂ કરવામાં આવશે ? અને રસૂલે કરીમ ﷺ પણ પોતાની ઉમ્મત ઉપર ગવાહ બનાવી હાજર કરવામાં આવશે અને એક ખાસ સ્વરૂપે કાફિરો અને મુશ્રિકો સંબંધી અલ્લાહની અદાલતમાં ગવાહી આપશે કે, તેમણે ખુલ્લમ-ખુલ્લા મોઅ્જિઝાઓ

જોઈને પણ તેને જૂઠાડ્યા અને તારી તવહીદનો તથા મારી રિસાલતનો ઈન્કાર કર્યો અને ઈમાન ન લાવ્યા.

બુખારી શરીફની રિવાયતમાં છે કે, "રસૂલુલ્લાહ ﷺએ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ને ફરમાવ્યું કે, મને કુર્આન સંભળાવો ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ વિનંતી કરી કે, આપ ﷺ મારાથી સાંભળવા ઈચ્છો છો? જ્યારે કે કુર્આન આપ ﷺ ઉપર નાઝિલ થયું છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હા, પઢો ! મેં સૂરએ નિસાઅ્ની તિલાવત શરૂ કરી કરી અને જ્યારે فَكَيْفَ اِذَا جِئْنَا مِن كُلِّ اُمَّةٍ بِشَهِيْدٍ ઉપર પહોંચ્યો તો આપ ﷺએ ફરમાવ્યું કે, હવે બસ કરો અને જ્યારે મેં રસૂલે કરીમ ﷺ તરફ નજર ઉઠાવીને જોયું તો આપ ﷺની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા."

અલ્લામહ કસ્તલાની (રહ.) લખે છે કે, "રસૂલુલ્લાહ ﷺની સામે આ આયતથી આખિરતનું દષ્ય ખડું થઈ ગયું અને પોતાની ઉમ્મતની ઉણપો તથા બેઅમલ લોકો બાબતે વિચાર આવ્યો અને તેમની આંખો મુબારકમાંથી આંસુ વહેવા લાગ્યા."

ખુલાસો :

અમુક લોકોએ ફરમાવ્યું કે, هٰٓؤُلَآءِ (હા-ઉલાઈ)નો ઈશારો રિસાલતના સમયમાં હયાત હતા તે કાફિરો અને મુનાફિકો તરફ છે અને અમુક ફરમાવે છે કે, કયામત સુધી સમગ્ર ઉમ્મત માટે આ ઈશારો છે. એટલા માટે અમુક રિવાયતોથી જાણ થાય છે કે, રસૂલે કરીમ ﷺની ઉમ્મતના આ અમલો તેમની સામે રજૂ થતા રહે છે.

મતલબ કે, જાણ થાય છે કે અગાઉની ઉમ્મતના અંબિયા (અલૈ.) પોત-પોતાની ઉમ્મત ઉપર ગવાહ તરીકે રજૂ કરવામાં આવશે અને રસૂલે કરીમ ﷺ પણ પોતાની ઉમ્મતના કૃત્યોની ગવાહી આપશે.... કુર્આને કરીમની આ વર્ણનશૈલીથી જાણ થાય છે કે, રસૂલે કરીમ ﷺ પછી કોઈ નબી આવનાર નથી કે જે તેમની ઉમ્મત વિશે ગવાહી આપે. નહિતર કુર્આને કરીમમાં તેમનું અને તેમની ગવાહીનું જરૂર વર્ણન થયું હોત. આ સંદર્ભમાં આ આયત "ખત્મે નુબુવ્વત" (નબીઓનો સિલસિલો ખતમ થઈ જવા)ની દલીલ છે.

يَوْمَئِذٍيَّوَدُّالَّذِيْنَ كَفَرُوْا માં આખિરતના મૈદાનમાં કાફિરોની દુર્દશાનું વર્ણન છે કે, આ લોકો કયામતના દિવસે તમન્ના કરશે કે, કાશ ! અમે જમીનમાં સમાઈ જઈએ. કાશ ! આ જમીન ફાટી જાય અને અમે તેમાં સમાઈ જઈએ અને તે માટી સમથળ થઈ જાય અને તે વખતની પૂછપરછ, અઝાબ અને હિસાબ-કિતાબથી છુટકારો મેળવી લઈએ.

હશ્રના મૈદાનમાં જ્યારે કાફિરો જોશે કે, બધા જ પ્રાણીઓ એકબીજાના અત્યાચાર વગેરેનો બદલો લીધા-દીધા પછી માટી બનાવી દેવામાં આવ્યા, તો તેમને પણ ખૂબ અફસોસ થશે અને તેઓ તમન્ના કરવા લાગશે કે કાશ ! અમે પણ માટી બની ગયા હોત. જેમકે, "સૂરએ નબાઅ્"ની આયતમાં ફરમાવ્યું છે, وَيَقُوْلُ الْكَافِرُيَالَيْتَنِىْ كُنْتُ تُرَابًا ط

અંતે ફરમાવ્યું, وَلَا يَكْتُمُوْنَ اللّٰهَ حَدِيْثًا ط એટલે કે, આ કાફિરો પોતાના અકીદહ અને કૃત્યો વિશે કંઈ પણ છુપાવી નહીં શકે, તેમના પોતાના હાથ-પગ તેમના અપરાધોનો સ્વીકાર કરશે. અંબિયા (અલૈ.) ગવાહી આપશે અને નામ-એ-આ'માલમાં પણ બધું જ મૌજૂદ હશે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ને પૂછવામાં આવ્યું કે, "કુર્આને કરીમમાં એક સ્થળે આ ઈરશાદ છે કે, કાફિરો કંઈ પણ છુપાવશે નહીં અને બીજા સ્થળે એ પણ છે કે, તેઓ કસમ ખાઈને કહેશે وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ કે અમે શિર્ક નથી કર્યું.... દેખીતી રીતે બંને આયતો વિરાધાભાસી છે.... તો તેમણે જવાબ આપ્યો કે, થશે એમ કે, જ્યારે શરૂઆતમાં કાફિરો એવું જોશે કે મુસલમાનો સિવાય કોઈ જન્નતમાં પ્રવેશ પામતું જ નથી તો તેઓ એવું નક્કી કરશે કે, અમારે પોતાના શિર્ક અને ખરાબ કૃત્યોનો ઈન્કાર કરવો જોઈએ. શક્ય છે કે, કદાચ આવી રીતે અમારો પણ છુટકારો થઈ જાય; પરંતુ આ ઈન્કાર પછી પોતે તેમના અવયવો તેમના વિરૂદ્ધ ગવાહી આપશે અને પોતાના કૃત્યો છુપાવવાનો જે તેમનો હેતુ હતો, તેમાં બિલકુલ નિષ્ફળ જશે. તે વખતે બધા (પોતાનો અપરાધ) સ્વીકારી લેશે. એટલા માટે ફરમાવ્યું, وَلَا يَكْتُمُوْنَ اللّٰهَ حَدِيْثًا ط "કંઈ પણ છુપાવી શકશે નહીં."

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૪૩)

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكٰرٰى حَتّٰى تَعْلَمُوْا مَا تَقُوْلُوْنَ
وَلَا جُنُبًا اِلَّا عَابِرِىْ سَبِيْلٍ حَتّٰى تَغْتَسِلُوْا ۭ وَاِنْ كُنْتُمْ مَّرْضٰٓى اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَاۗءَ
اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَاۗىِٕطِ اَوْ لٰمَسْتُمُ النِّسَاۗءَ فَلَمْ تَجِدُوْا مَاۗءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا
فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ ۭ اِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا غَفُوْرًا ﴿٤٣﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમે નમાઝની નજીક (પણ) ન જાઓ જ્યારે કે તમે નશા(ની હાલત)માં હોય, એટલે સુધી કે તમે (જીભથી) જે કહો છો તે સમજવા લાગો (શાન-ભાનમાં આવી જાઓ), અને ન જ એવા સમયે જ્યારે કે (ફરજ) ગુસ્લ (સ્નાન)ની હાજત હોય, -પરંતુ માર્ગે ચાલતી વખતે- એટલે સુધી કે ગુસ્લ કરી લો; અને જો તમે બીમાર હોય અથવા મુસાફરીમાં અથવા તમારામાંથી કોઈ વ્યક્તિ જરૂરી હાજતે (પેશાબ-પાખાના માટે) જઈ આવે અથવા ઔરતો (પત્નીઓ) પાસે ગયા (સહશયન કર્યું), પછી તમને પાણી ન મળ્યું તો પાક માટીથી તયમ્મુમ કરો, પછી મસહ કરી લો પોતાના ચહેરા અને પોતાના હાથોનો; બેશક ! અલ્લાહ મોટો મા'ફ કરનાર (અને) બખ્શનાર છે. (૪૩)

શા'ને નુઝૂલ (આયત નાઝિલ થવાની પૂર્વભૂમિકા) :

તિરમિઝીમાં હઝરત અલી (રદિ.)ની આ ઘટના વર્ણન થયેલ છે કે, દારૂ હરામ થતાં પહેલાં એક વખતે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ (રદિ.)એ અમુક સહાબએ કિરામ (રદિ.)ની દા'વત કરી હતી, જેમાં દારૂ પીવાની પણ વ્યવસ્થા હતી. જ્યારે આ બધા લોકો ખાઈ-પી ચૂક્યા તો મગરિબની નમાઝનો સમય થયો અને હઝરત અલી (રદિ.)ને ઈમામ બનાવવામાં આવ્યા, તેમનાથી નમાઝમાં قُلْ يَآيُّهَا الْكٰفِرُوْنَ ની તિલાવતમાં નશાની હાલતના કારણે સખત ભૂલ થઈ ગઈ, તેના ઉપર આ આયત નાઝિલ થઈ કે, નશાની હાલતમાં નમાઝ પઢવામાં ન આવે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમે નમાઝની પાસે પણ એવી હાલતમાં ન જાઓ (એટલે કે એવી હાલતમાં નમાઝ ન પઢો) કે તમે નશામાં હોય, એટલે સુધી કે તમે તે સમજવા લાગો જેને મોઢેથી બોલો છો (તે સમય સુધી નમાઝ ન પઢો, મતલબ એ છે કે, નમાઝ અદા કરવી તો પોતાના સમયમાં ફરજ જ છે અને આવી નશાની પરિસ્થિતિ નમાઝને વખત પર અદા કરવામાં બાધક નથી, એનો અર્થ એ થયો કે નમાઝના સમયમાં નશાકારક દ્રવ્યોનો ઉપયોગ ન કરો. ક્યાંક તમારા મોઢેથી નમાઝમાં ઊલટી–સીધી વાત ન નીકળે !) અને જનાબતની હાલતમાં પણ (એટલે કે જ્યારે ગુસ્લ ફરજ હોય ત્યારે પણ નમાઝ ન પઢો), જ્યાં સુધી કે ગુસ્લ કરી લો, (જો કે) મુસાફરીની પરિસ્થિતિ આમાંથી બાકાત છે, (કે તેનો હુકમ ઘણો જલદી આવે છે એટલે કે જનાબતનું ગુસ્લ નમાઝ સહીહ થવાની શરતોમાંથી છે અને આ હુકમ એટલે કે જનાબત પછી ગુસ્લ વિના નમાઝ ન પઢવી, એ પણ નમાઝ ન પઢવાના ઉઝ્રમાંથી બાકાત છે), અને જો તમે (કોઈ ઉઝ્ર હોય દાખલા તરીકે,) બીમાર હોય (અને પાણીનો ઉપયોગ નુકસાનકર્તા હોય જેમકે આગળ આવે છે), અથવા મુસાફરીની હાલતમાં હોય (જેમકે ઉપરોક્ત હુકમમાંથી પણ બાકાત રાખવામાં આવ્યું છે, તેનો હુકમ પણ આગળ આવશે એટલે કે, પાણી ન મળે તો જેમકે ઉપર વર્ણન થઈ ગયું તો આ બંને પરિસ્થિતિઓમાં તયમ્મુમની પરવાનગી આપવામાં આવે છે અને તયમ્મુમ જાઈઝ થવું કંઈ આ બે પ્રસ્તુત કારણો એટલે કે મુસાફરી અને બીમારી માટે ખાસ નથી બલકે, ભલે તમે એવી પરિસ્થિતિમાં હોય) અથવા (એ કે ખાસ એવી પરિસ્થિતિમાં ન હોય એટલે કે તમે ન તો બીમાર હોય અને ન જ તમે પ્રવાસમાં હોય, બલકે, એમ જ કોઈનું વુઝૂ અથવા ગુસ્લ તૂટી જાય, દાખલા તરીકે) તમારામાંથી કોઈ વ્યક્તિ (પેશાબ અથવા પાખાના માટે) કુદરતી હાજત જઈ આવ્યો હોય (કે જેનાથી વુઝૂ તૂટી જાય છે) અથવા તમે પત્નીઓ સાથે સહશયન કર્યું (જેનાથી ગુસ્લ તૂટી જાય છે અને) પછી (આ બધી પરિસ્થિતિઓમાં તમે બીમારી અથવા મુસાફરીના સ્વરૂપમાં હોય અથવા તો ન બીમાર હોય, ન સફરમાં હોય, બસ એમ જ ગુસ્લ અને વુઝૂની જરૂરત હોય) તમને પાણી(ના ઉપયોગનો મોકો) ન મળે (ભલે તે બીમારીમાં નુકસાનકર્તા હોય એ કારણે

અથવા તો એટલા માટે કે ત્યાં પાણી જ ઉપલબ્ધ ન હોય, ભલે મુસાફરીમાં હોય અથવા ન હોય) તો (આ બધી પરિસ્થિતિઓમાં) તમે પાક માટીથી તયમ્મુમ કરી લો (એટલે કે તે પાક માટી પર બે વખતે હાથ મારીને) પોતાના ચહેરા અને હાથો પર (હાથ) ફેરવી લો, નિઃશંક ! અલ્લાહ તઆલા મોટો મા'ફ કરનાર (અને) મોટો બક્ષનાર છે (અને તેની એવી ટેવ છે કે, હુકમોને સરળ કરી આપે છે, એટલા માટે અલ્લાહ તઆલાએ એવા-એવા સરળ હુકમો આપ્યા છે કે તમને તકલીફ અને મુસીબત ન પડે).

મસ્અલા અને બોધપાઠ :

દારૂ (નશાકારક દ્રવ્યો)ના હરામ થવાના ક્રમબદ્ધ હુકમો :

શરીઅતે ઈસ્લામિય્યહને અલ્લાહ તઆલાએ ખાસ વિશિષ્ટતા અર્પણ કરી છે કે, તેના હુકમોમાં સરળતા અને સહૂલત કરવામાં આવી છે. આ જ સિલસિલાની એક કડી એ છે કે, દારૂ પીવું અરબની જૂની ટેવ હતી અને સમગ્ર કૌમ આ આદતમાં સપડાયેલી હતી. અમુક ખાસ લોકો સિવાય કે જેમનો સ્વભાવ જ અલ્લાહ તઆલાએ એવો સાલસ અને સરળ બનાવ્યો હતો કે, તેઓ આ આ નાપાક વસ્તુની પાસે ક્યારેય પણ ન ગયા હતા. જેમકે, રસૂલે કરીમ ﷺએ નુબુવ્વત પહેલાં દારૂને ક્યારેય હાથ પણ લગાવ્યો નથી અને એ બાબત પણ બધા જ જાણે છે કે, આદત કોઈપણ પ્રકારની હોય તેને છોડવી મનુષ્ય માટે ઘણી જ મુશ્કેલ હોય છે. ખાસ કરીને દારૂ અને નશાકારક દ્રવ્યોના સેવનની આદત તો મનુષ્યના સ્વભાવ ઉપર એવો કબ્જો જમાવી લે છે કે, આ આદત છોડવાને વ્યક્તિ પોતાની મૌત સમજવા લાગે છે.

અલ્લાહ તઆલા નજીક દારૂ પીવું અને નશાકારક દ્રવ્યોનું સેવન કરવું હરામ હતું અને ઈસ્લામ લાવ્યા પછી મુસલમાનોને તેનાથી બચાવવાનો હેતુ હતો, પરંતુ અચાનક જ તાત્કાલિક તેને હરામ કરવામાં આવે તો લોકો માટે આ હુકમનું પાલન કરવું ખૂબ કઠિન થઈ ગયું હોત. એટલા માટે શરૂઆતમાં તેના ઉપર તબક્કાવાર મનાઈ કરવામાં આવી અને તેના દુષ્પ્રભાવો ઉપર ચેતવણી આપીને મુસલમાનોને માનસિક રીતે તૈયાર કરવામાં આવ્યા. એટલા માટે શરૂઆતમાં આ આયતમાં ફક્ત એ હુકમ થયો કે, નશાની પરિસ્થિતિમાં નમાઝની પાસે પણ ન

જાઓ, જેનો હેતુ એ હતો કે નમાઝના સમયે નમાઝનો ઈરાદો કરવો તો ફરજ છે, નમાઝના સમયમાં દારૂનું સેવન ન કરવું જોઈએ. જેનાથી મુસલમાનોને એવી અનુભૂતિ થવા લાગી કે, આ એવી ખરાબ વસ્તુ છે જે વ્યક્તિને નમાઝથી રોકે છે. ઘણા લોકોએ તો તે જ સમયે તેને છોડી દેવાની કાળજી લીધી અને અન્ય લોકોએ પણ તેના દુષ્પ્રભાવો અને ખરાબીઓને વિચારીને છોડવાનું મન બનાવી લીધું. અંતે સુરએ માઈદહની આયતમાં દારૂ નાપાક અને હરામ હોવાનો "કતઈ" (સ્પષ્ટ) હુકમ આવી ગયો અને દરેક પરિસ્થિતિમાં દારૂ (અને પ્રત્યેક નશાકારક પદાર્થો)નું સેવન હરામ ઠરાવવામાં આવ્યું.

મસ્અલો :

જે પ્રમાણે નશાની હાલતમાં નમાઝ હરામ છે, અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે, જ્યારે વ્યક્તિ પર ઘેન (તંદ્રાવસ્થા) છવાય જાય અને વ્યક્તિ પોતાની જીભ ઉપર કાબૂ ન રાખી શકે તો, એવી પરિસ્થિતિમાં નમાઝ પઢવી દુરુસ્ત નથી. જેમકે એક હદીષમાં ઈરશાદ છે,

اِذَانَعَسَ اَحَدُكُمْ فِى الصَّلٰوةِ فَلْيَرْقُدْحَتّٰى يَذْهَبَ عَنْهُ النَّوْمُ فَاِنَّهٗ لَايَدْرِىْ لَعَلَّهٗ يَسْتَغْفِرُ فَيَسُبَّ نَفْسَهٗ (قرطبى)

"જો તમારામાંથી કોઈને નમાઝમાં ઊંઘ આવવા લાગે તો તેણે અમુક સમય માટે સૂઈ જવું જોઈએ, જેથી ઊંઘનો પ્રભાવ દૂર થઈ જાય, નહિતર ઊંઘની હાલતમાં તે સમજી નહીં શકે અને દુઆ તથા ઈસ્તિગફારના બદલે (કદાચ) પોતાની જાતને જ ગાળો આપવા માંડશે." *(કુર્તુબી)*

તયમ્મુમનો હુકમ એક ઇનામ છે, જે આ ઉમ્મતની વિશેષતા છે :

અલ્લાહ તઆલાનું એટલુ મોટું અહેસાન અને કરમ છે કે, વુઝૂ અને પાકી માટે એવી વસ્તુને પાણીના સ્થાને મૂકી દીધી, જે પાણી કરતાં વધારે સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે અને દેખીતું છે કે, જમીન અને માટી દરેક સ્થળે મૌજૂદ છે. હદીષમાં આવે છે કે, આ સહૂલત ફક્ત ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને અર્પણ કરવામાં આવી છે. તયમ્મુમના જરૂરી મસ્અલાઓ ફિક્હની કિતાબો અને ઊર્દૂની પુસ્તિકાઓમાં મોટા પ્રમાણમાં છપાઈ ચૂક્યા છે, તેનો અભ્યાસ કરવા વિનંતી છે.

———————

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૪૪-૪૫-૪૬)

أَلَمْ تَرَ إِلَى الَّذِينَ أُوتُوا نَصِيبًا مِّنَ الْكِتَابِ يَشْتَرُونَ الضَّلَالَةَ وَيُرِيدُونَ أَن تَضِلُّوا
السَّبِيلَ ﴿٤٤﴾ وَاللَّهُ أَعْلَمُ بِأَعْدَائِكُمْ ۚ وَكَفَىٰ بِاللَّهِ وَلِيًّا وَكَفَىٰ بِاللَّهِ نَصِيرًا ﴿٤٥﴾
مِّنَ الَّذِينَ هَادُوا يُحَرِّفُونَ الْكَلِمَ عَن مَّوَاضِعِهِ وَيَقُولُونَ سَمِعْنَا وَعَصَيْنَا وَاسْمَعْ
غَيْرَ مُسْمَعٍ وَرَاعِنَا لَيًّا بِأَلْسِنَتِهِمْ وَطَعْنًا فِي الدِّينِ ۚ وَلَوْ أَنَّهُمْ قَالُوا سَمِعْنَا
وَأَطَعْنَا وَاسْمَعْ وَانظُرْنَا لَكَانَ خَيْرًا لَّهُمْ وَأَقْوَمَ وَلَٰكِن لَّعَنَهُمُ اللَّهُ بِكُفْرِهِمْ فَلَا
يُؤْمِنُونَ إِلَّا قَلِيلًا ﴿٤٦﴾

તરજુમો :

શું તમે તેમને નથી જોયા જેમને કિતાબનો કંઈક ભાગ મળ્યો છે ! તેઓ ગુમરાહી ખરીદે છે અને ઈચ્છે છે કે તમે પણ માર્ગથી ભટકી જાઓ. (૪૪) અને અલ્લાહ તમારા દુશ્મનોને સારી પેઠે જાણે છે અને અલ્લાહ પૂરતો છે હિમાયતી અને અલ્લાહ પૂરતો છે મદદગાર (તરીકે). (૪૫) અમુક યહૂદી લોકો (અલ્લાહના) કલામને (વાક્યો અને શબ્દોને) તેના સ્થળેથી બદલી નાંખે છે (તહરીફ અર્થાત ફેરબદલી કરે છે) અને કહે છે, "અમે સાંભળ્યું અને ન માન્યું," અને કહે છે કે "સાંભળો ! નહિ સાંભળનાર થજો" અને પોતાની જીભને વાળીને "રાઈના" કહે છે, અને "દીન" ઉપર એબ લગાવવા (કટાક્ષ કરવા) માટે; અને જો તેઓએ કહ્યું હોત "અમે સાંભળ્યું અને માન્યું," (અને કહ્યું હોત) "સાંભળો ! અને અમારા ઉપર દૃષ્ટિપાત કરો" તો આ તેમના માટે ઉત્તમ હતું અને વધારે યોગ્ય હતું; પરંતુ અલ્લાહે તેમના કુફ્રના કારણે તેમના ઉપર લા'નત (ફિટકાર) કરી, બસ તેઓ ઈમાન નથી લાવતા પરંતુ ઘણું થોડું. (૪૬)

તફસીર :

(હે સાંભળનાર !) શું તમે તે લોકોને નથી જોયા ? (એટલે કે તે લોકો જોવા

જેવા છે, તેમને નિહાળો તો આશ્ચર્ય થશે) જેમને કિતાબ (એટલે કે તવરાતના જ્ઞાન)નો એક મોટો ભાગ મળ્યો છે (એટલે કે તવરાતનું ઈલ્મ ધરાવે છે તે છતાં) તે લોકો ગુમરાહી (એટલે કે કુફ્ર) અપનાવી રહ્યા છે અને (પોતે તો માર્ગ ભટકેલા જ હતા પરંતુ તેઓ) એવું ઈચ્છે છે કે તમે (પણ સીધો) માર્ગ ભટકી જાઓ (એટલે કે જાત-જાતની યુક્તિઓ કરતા રહે છે જેમકે, અગાઉ સૂરએ બકરહમાં આવી ચૂક્યું છે) અને (જો તે લોકોને અત્યાર સુધી ખબર ન હોય તો શું થયું ?) અલ્લાહ તઆલા (તો) તમારા (તે) દુશ્મનોને સારી રીતે જાણે છે (એટલા માટે તમને જાણ કરી આપી, બસ તમે તેમનાથી બચતા રહો) અને (તેમની વિવિધ પ્રકારની પરિસ્થિતિઓ સાંભળીને વધારે ફિકર કરવાની આવશ્યકતા નથી કારણ કે,) અલ્લાહ તઆલા (તમારો) પૂરતો હિમાયતી છે (કે તમારી આવશ્યકતાને પૂર્ણ કરે છે) અને અલ્લાહ તઆલા (તમારા માટે) પૂરતો મદદગાર છે (કે તેમના પ્રપંચોથી તમારી સુરક્ષા કરશે અને) આ લોકો (જેમનું વર્ણન થઈ ચૂક્યું છે) યહૂદીઓમાંથી છે (અને તેમનું ગુમરાહી અપનાવવું જે ઉપર વર્ણન થઈ ચૂક્યું કે,) કલામ (એટલે કે તવરાત)ને તેના મૂળ સ્થળેથી (શાબ્દિક અથવા અર્થની દૃષ્ટિએ) બીજી જગ્યાએ ફેર-બદલી કરી નાંખે છે અને (એક ગુમરાહી તેમની જેમાં ધોકાથી અન્ય ભોળા-ભલા વ્યક્તિઓ ફસાઈ જવાની શકયતા છે, તે એ છે કે તેઓ રસૂલુલ્લાહ ﷺ સાથે વાતચીત કરતી વખતે) એવા શબ્દો કહે છે (જે ઉપર વર્ણન થયા છે, આ શબ્દોના બે અર્થો છે, એક સારો અને બીજો ખરાબ. તે લોકો ખરાબ અર્થ લેતા હતા અને અન્યો પર જાહેર કરતા હતા કે અમે સારા મતલબથી કહીએ છીએ અને તેનાથી કોઈ મુસલમાન ધોકામાં આવીને અમુક એવા શબ્દોથી રસૂલુલ્લાહ ﷺને સંબોધન કરી શકતા હતા, એટલા માટે સૂરએ બકરહના રુકૂઅ્ નં. ૧૨માં મો'મિનોને શબ્દ "રાઈના" કહેવાની મનાઈ કરવામાં આવી છે. બસ, આ આધારે યહૂદીઓમાં તે શબ્દો કહેવું એક રીતે અન્યોને ગુમરાહ કરવાની એક ચાલ-બાજી પણ છે. ભલે, શબ્દો જ હોય, પરંતુ તેમાં يُرِيْدُوْنَ اَنْ تَضِلُّوْا નો શબ્દ કે જે ઉપર આવ્યો છે, વર્ણન પણ થઈ ગયો. જેમકે, مِنَ الَّذِيْنَ هَادُوْا માં વર્ણન હતું اَلَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا નું અને يُحَرِّفُوْنَ માં વર્ણન હતું يَشْتَرُوْنَ ના આ શબ્દોમાંથી એક આ છે سَمِعْنَا وَعَصَيْنَا જેનો તરજુમો તો આ પ્રમાણે છે કે, "અમે સાંભળી લીધું, અમે માનીએ નહીં." તેનો સારો મતલબ તો એ છે કે "આપ ﷺનો ઈરશાદ અમે સાંભળી લીધો અને આપ ﷺના વિરૂદ્ધનું

કોઈ નિવેદન કે વિધાન જે અમને બહેકાવતું હતું તે અમે ન માન્યું." અને ખરાબ મતલબ દેખીતો છે કે, "અમે આપ ﷺની વાત તો સાંભળી લીધી પરંતુ અમે અમલ કરીશું નહીં.") અને (બીજા શબ્દો આ પ્રમાણે છે) اِسۡمَعۡ غَيۡرَ مُسۡمَعٍ (તેનો શાબ્દિક અર્થ એ છે કે, "તમે અમારી વાત સાંભળો અને અલ્લાહ કરે તમને કોઈ વાત ન સંભળાય." તેનો સારો મતલબ તો એ છે કે "તમને કોઈ વિરોધી અને પીડા પહોંચાડે એવી વાત ન સંભળાય બલકે, આપ ﷺનો એવો દરજ્જો રહે કે જે વાત ફરમાવે બધાના મુખેથી તે વાતનું સમર્થન જ આપ ﷺ સાંભળો." અને ખરાબ મતલબ તો એ છે કે, "તમે કોઈ સમર્થન તથા ખુશી થાય એવી વાત ન સાંભળો બલકે, આપ ﷺ જે વાત કહે તેના વિરોધમાં જ વાતો આપ ﷺના કાનમાં પડે.") અને (ત્રીજો શબ્દ આ છે) "રાઈના" رَاعِنَا (તેના બંને સારા અને ખરાબ અર્થો સૂરએ બકરહમાં આવી ચૂક્યા છે કે સારો અર્થ તો એ છે કે, "અમારી રિઆયત કરો" અને ખરાબ અર્થ યહૂદીઓના શબ્દકોષ પ્રમાણે "شَتَمَ" "ગાળો" છે.) એ રીતે (કહે છે) કે પોતાની જીભથી (બોલવાની લઢણમાં ઉચ્ચાર બદલીને) ફેરફાર કરી અને (દિલથી) દીનમાં મહેણાં-ટોણા મારવા (અને અપમાન કરવા)ની નિય્યતથી (કારણ એ છે કે નબી ﷺ સાથે મહેણા-ટોણા, કટાક્ષ અને ઠઠ્ઠા-મશકરી દીનની જ ઠઠ્ઠા-મશકરી અને મહેણા-ટોણા છે) અને જો આ લોકોએ (દ્વિઅર્થી અર્થોવાળા શબ્દોના) આ વાક્યો કહ્યા હોત (سَمِعۡنَا وَعَصَيۡنَا ના બદલે) سَمِعۡنَا وَاَطَعۡنَا (જેનો અર્થ એ છે કે, "અમે સાંભળી લીધું અને અમે માની લીધું") અને (اِسۡمَعۡ غَيۡرَ مُسۡمَعٍ ના બદલે ફક્ત) اِسۡمَعۡ (જેનો અર્થ એ થાય છે કે "તમે સાંભળી લો") અને (رَاعِنَا ના બદલે) اُنۡظُرۡنَا (જેનો અર્થ એ છે કે, "અમારા હિતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરો" અને આ શબ્દોનો અર્થ શરારતથી પાક છે, તો જો આ શબ્દો કહ્યા હોત) તો એ વાત એમના માટે ઉત્તમ (અને ફાયદાકારક) હતી અને (વાસ્તવિક રીતે પણ) મોકાની વાત હતી. પરંતુ (તેમણે તો લાભકારક અને મોકાસર યોગ્ય વાત કહી જ નથી બલકે, તે જ બેહૂદી વાહિયાત વાતો બકતા રહ્યા, એટલા માટે તેમને એવી તકલીફ પહોંચી કે) તેમને અલ્લાહ તઆલાએ તેમના કુફ્રના કારણે (જેમાં આ શબ્દો પણ આવી ગયા અને તેમના અન્ય નિવેદનો અને કુફ્રના કૃત્યો પણ સામેલ છે. બસ, આ તેમના કુફ્રના કારણે અલ્લાહ તઆલાએ તેમને) પોતાની રહમતથી દૂર ફેંકી દીધા. હવે તેઓ ઈમાન નહીં લાવે પરંતુ હા ! ઘણા થોડા (લોકો, એ કારણે કે

તેઓ આવી હરકતોથી દૂર રહ્યા તો તે અલ્લાહની ખાસ રહમતને આકર્ષિત કરવાનું કારણ બન્યા અને તેઓ ઈમાન પણ લઈ આવ્યા, જેમકે અબ્દુલ્લાહ બિન સલામ રદિ. વગેરે).

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં તકવાના પ્રસંગોનું વર્ણન હતું, જેમાં વધારે પડતો ઉલ્લેખ પરસ્પરના વ્યવહારોનો હતો, વચ્ચે અમુક ઈબાદતના હુકમો નમાઝ સંદર્ભે પણ વર્ણન કરવામાં આવ્યા, જે મનુષ્યમાં અલ્લાહનો ડર અને આખિરતની ચિંતા પૈદા કરે અને વ્યવહારોની સુધારણાને સરળ બનાવી દે છે. પ્રસ્તુત આયતોથી વિરોધીઓ સાથે વ્યવહાર કરવાનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં યહૂદીઓની શરારતોનો ઈલાજ અને મુસલમાનોને શબ્દો તથા વિષયોમાં પણ અદબ, સભ્યતા, શિસ્ત અને એકબીજાની રિઆયત કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૪૭)

يَآ اَيُّهَا الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اٰمِنُوْا بِمَا نَزَّلْنَا مُصَدِّقًا لِّمَا مَعَكُمْ مِّنْ قَبْلِ اَنْ نَّطْمِسَ
وُجُوْهًا فَنَرُدَّهَا عَلٰٓى اَدْبَارِهَآ اَوْ نَلْعَنَهُمْ كَمَا لَعَنَّآ اَصْحٰبَ السَّبْتِ ؕ
وَكَانَ اَمْرُ اللّٰهِ مَفْعُوْلًا ﴿٤٧﴾

તરજુમો :

હે કિતાબવાળાઓ ! ઈમાન લાવો તેના ઉપર જે (કુર્આન) અમે નાઝિલ કર્યું સમર્થન કરનાર છે (તે કિતાબનું) જે તમારી પાસે છે, એ પહેલાં કે અમે ઘણા બધા ચહેરાઓ મિટાવી (બગાડી) નાંખીએ, પછી તેમને પીઠ તરફ ફેરવી નાંખીએ, અથવા તેમના ઉપર લા'નત કરીએ જેમકે "શનિવારના દિવસવાળાઓ" ઉપર લા'નત કરી; અને અલ્લાહનો હુકમ તો (પૂરો) થઈને જ રહેવાનો છે. (૪૭)

તફસીર :

હે લોકો ! જેમને કિતાબ (તવરાત) આપવામાં આવી છે, તમે તે કિતાબ (એટલે કે કુર્આન) ઉપર ઈમાન લાવો, જેને અમે નાઝિલ ફરમાવ્યું છે (અને તમારે તેના ઉપર ઈમાન લાવવાથી ગભરાવું ન જોઈએ, કારણ કે તેને) એવી પરિસ્થિતિમાં (નાઝિલ કર્યું) કે, તે સાચી બતાવે છે તે કિતાબને જે તમારી પાસે છે (એટલે કે તમારી અસલ કિતાબ માટે તે ખરાઈ કરે છે, બાકી ફેર-બદલ કરેલા ભાગને તેનાથી અલગ કરે છે. બસ, તમે કુર્આન ઉપર) તે (અલ્લાહ તરફથી હોવા ઉપર યકીન કરીને એ) પહેલાં-પહેલાં (ઈમાન લઈ આવો) કે અમે (તમારા) ચહેરાઓ(ના નાક-નકશા વગેરે)ને બિલકુલ મિટાવી નાંખીએ અને તે (ચહેરાઓ)ને તેમની ઉલટી દિશા (એટલે કે પાછળ પીઠ) તરફ ફેરવી આપીએ અથવા તેમના (ઈમાન ન લાવનારાઓ) ઉપર અમે એવી (ખાસ પદ્ધતિથી) લા'નત કરીએ જેવી લા'નત તે "શનિવારના દિવસવાળાઓ" ઉપર કરી હતી (જે યહૂદીઓમાં થઈ ચૂક્યા છે, જેનું વર્ણન સૂરએ બકરહમાં આવી ચૂક્યું છે, એટલે કે તેમને પણ વાંદરા જેવા બનાવી દઈએ.) અને અલ્લાહ તઆલાનો (જે) હુકમ (નક્કી થઈ જાય છે તે) પૂરો થઈને જ રહે છે (બસ, અલ્લાહ તઆલા તમારા ઈમાન ન લાવવા ઉપર જે ચહેરા બગાડી નાંખવાનો હુકમ કરે પછી એવું થવું જરૂરી થઈ જાય છે એટલા માટે તમારે ડરવું જોઈએ અને ઈમાન લઈ આવવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

ખુલાસો ૧ :

અલ્લાહ તઆલા ફરમાવે છે, فَنَرُدَّهَا عَلٰۤى اَدْبَارِهَا "ઉલટાવી દે તેમની પીઠ તરફ" ઉલટાવવામાં બે સંભાવનાઓ છે કે, ચહેરાની શકલો-સૂરતને મિટાવીને આખા ચહેરાને પીઠ બાજુ ઉલટાવી દે અને એવું પણ થઈ શકે છે કે ચહેરાને બિલકુલ સપાટ કરી દે એટલે કે, ચહેરાને પાછળ ન ફેરવે બલકે તેને સપાટ અને સાફ કરી દે. *(મઝહરી, રૂહુલ મઆની)*

ખુલાસો ૨ :

અત્રે એ સવાલ ઉપસ્થિત થાય છે કે, આવો ચહેરો બગાડવાની ઘટના

ક્યારે ઘટી કે ઘટશે ? અમુકે કહ્યું કે, આ અઝાબ કયામત પહેલાં યહૂદીઓને થશે અને અમુક લોકોનું કહેવું છે કે, આ અઝાબ એટલા માટે ન થયો કે, તેમનામાંથી અમુક લોકો ઈમાન લઈ આવ્યા હતા.

હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.) ફરમાવે છે કે, "મારા મતે મૂળેથી આ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો કારણ કે, કુર્આનમાં કોઈ શબ્દ એવો નથી જેનાથી ખબર પડે કે, જો ઈમાન ન લાવશે તો ચહેરા બગાડવાની અથવા મિટાવી દેવાની સજા ચોક્કસ થશે જ ! બલકે, આ બાબતની સંભાવના બતાવી છે, એટલે કે જો તેમનો ગુનોહ જોવામાં આવે તો તેઓ આ જ સજાના હકદાર છે અને જો અલ્લાહ તેમને સજા ન કરે તો તે તેની રહમત (દયા-કૃપા) છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૪૮-૪૯-૫૦)

إِنَّ اللّٰهَ لَا يَغْفِرُ أَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ۚ وَمَنْ يُّشْرِكْ
بِاللّٰهِ فَقَدِ افْتَرٰٓى إِثْمًا عَظِيْمًا ﴿٤٨﴾ أَلَمْ تَرَ إِلَى الَّذِيْنَ يُزَكُّوْنَ أَنْفُسَهُمْ ۚ بَلِ اللّٰهُ
يُزَكِّيْ مَنْ يَّشَآءُ وَلَا يُظْلَمُوْنَ فَتِيْلًا ﴿٤٩﴾ أُنْظُرْ كَيْفَ يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ ۚ
وَكَفٰى بِهٖٓ إِثْمًا مُّبِيْنًا ﴿٥٠﴾ ع

તરજુમો :

બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો જે (કોઈને) તેનો ભાગીદાર ઠરાવે અને તેના સિવાય જેના ચાહે (તેનાથી) ઊતરતી કક્ષાના ગુનાહ બખ્શી આપે છે, અને જેણે અલ્લાહનો ભાગીદાર ઠરાવ્યો બસ તેણે જઘન્ય અપરાધ કર્યો (મોટું બુહતાન બાંધ્યું). (૪૮) શું તમે નથી જોયા તેમને જેઓ પોતાને પવિત્ર કહે છે ? બલકે, અલ્લાહ જ પવિત્ર કરે છે જેને ચાહે, અને તેમના ઉપર (ખજૂરના ઠળિયાના) રેસા બરાબર (પણ) અત્યાચાર થશે નહીં. (૪૯) જુઓ ! અલ્લાહ પર કેવું જૂઠ (બુહતાન) બાંધે છે ? અને આ જ ખુલ્લો ગુનાહ પૂરતો છે. (૫૦)

તફસીર :

બેશક ! અલ્લાહ તઆલા એ બાબતને (સજા આપીને પણ) મા'ફ કરશે નહીં કે, તેની સાથે કોઈને ભાગીદાર ઠરાવવામાં આવે (બલકે, કાયમી સજામાં ફેંકી દેવામાં આવશે) અને તેના સિવાય અન્ય જેટલા ગુનાહો છે (ભલે નાના હોય કે મોટા) જેના માટે મંજૂર હશે (શિક્ષા વિના જ) તે ગુનાહો બક્ષી આપશે (અલબત્ત, જો તે મુશ્રિક મુસલમાન થઈ જાય તો પછી મુશ્રિક જ ન રહ્યો. હવે, તેની કાયમી શિક્ષા પણ રદ્‌બાતલ થઈ ગઈ) અને (આ શિર્કને મા'ફ ન કરવાનું કારણ આ છે કે) જે વ્યક્તિ અલ્લાહ તઆલા સાથે (કોઈને) ભાગીદાર ઠરાવે છે તે મોટો ગુનોહ આચરી રહ્યો છે (જે ગુનોહ જઘન્ય અપરાધ હોવાના અને અત્યંત ધૃણાસ્પદ હોવાના કારણે મા'ફી પાત્ર જ નથી).

(હે સાંભળનાર !) શું તેં તે લોકોને નથી જોયા !? (એટલે કે, શું આ બાબત આશ્ચર્ય પમાડે એવી નથી કે) તેઓ પોતાની જાતને પવિત્ર બતાવે છે (તેમના બતાવવાથી કંઈ જ નથી થતું) બલકે, અલ્લાહ તઆલા જેને ઇચ્છે પવિત્ર બનાવે છે (અને અલ્લાહ તઆલા જેને પવિત્ર બનાવે છે, તેઓ જ ભરોસાપાત્ર છે અને અલ્લાહ તઆલા કુર્આનમાં મો'મિનોને પવિત્ર બતાવી ચૂક્યો છે, જેમકે સૂરહ "સબ્બિહિસ્મ"માં اَشْقٰى "અશ્કા" એટલે કે કાફિરોના મુકાબલામાં મો'મિનો માટે ફરમાવવામાં આવ્યું, قَدْ اَفْلَحَ مَنْ تَزَكّٰى બસ, તેઓ જ પવિત્ર હશે, ન કે કુફ્ર કરનારા જેમકે, યહૂદીઓ વગેરે) અને (તે યહૂદીઓને કયામતમાં તે જૂઠા દા'વાઓ જેના કારણે કુફ્રને ઈમાન સમજે છે તેની જે સજા થશે તે સજામાં) તેમના ઉપર દોરા બરાબર પણ અત્યાચાર કરવામાં નહીં આવે (એટલે કે તે સજા તેમના ગુનાહથી વધારે નહીં બલકે, એવા ગુનાહો ઉપર યોગ્ય સજા જ થશે, જરા !) જુઓ તો (આ દા'વામાં) આ લોકો અલ્લાહ ઉપર કેવી જૂઠી તોહમત લગાવે છે (કારણ કે જ્યારે તેઓ કુફ્ર કરતા હોવા છતાં અલ્લાહના ત્યાં સ્વીકૃત હોવાના દા'વેદાર છે, તો જાણે કહી રહ્યા છે કે, નઊઝુબિલ્લાહ અલ્લાહને કુફ્ર પસંદ છે. જ્યારે કે, એ માત્ર અલ્લાહ ઉપર લગાવવામાં આવતી જૂઠી તોહમત છે, એટલા માટે અલ્લાહ તઆલાએ દરેક શરીઅતોમાં એ બાબતની સ્પષ્ટતા કરી દીધી છે કે, કુફ્ર મારા નજીક સૌથી વધુ નાપસંદ કરવામાં આવેલ નિંદનીય અને ધૃણાસ્પદ કૃત્ય છે) અને આ જ બાબત (અલ્લાહ ઉપર તોહમત લગાવવામાં આવી તે) ખુલ્લમ-ખુલ્લો અપરાધી હોવા માટે પૂરતી છે.

મસ્અલા અને બોધપાઠ :

શિર્કની વ્યાખ્યા અને તેના અમુક પ્રકારો :

અલ્લાહ તઆલા ફરમાવે છે, إِنَّ اللّٰهَ لَا يَغْفِرُ أَنْ يُّشْرَكَ بِهٖ અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતો (ગુણ-લક્ષણો-ખાસિયતો) વિશે જે માન્યતાઓ છે તેમાં એ પ્રમાણેનો કોઈ અકીદહ અથવા માન્યતા કોઈ મખ્લૂક (સૃષ્ટિના કોઈ અંશ) માટે રાખવી એ શિર્ક છે, તેની અમુક વિગતો નીચે પ્રમાણે છે.

(૧) અલ્લાહના ઇલ્મ (જ્ઞાન)માં કોઈને ભાગીદાર ઠરાવવું :

એટલે કે કોઈ બુઝૂર્ગ અથવા પીર માટે એવી માન્યતા ધરાવવી કે, તેઓને હરપળે અમારી દરેક પરિસ્થિતિની ખબર હોય છે અથવા કોઈ જ્યોતિષી, પંડિત વગેરે પાસેથી ગૈબ (અદશ્ય) બાબતો વિશે પૂછવું અને તેને સાચું માનવું અથવા કોઈ બુઝૂર્ગના વાક્યોમાં "ફાલ" જોઈને તેને વિશ્વાસપૂર્વક સાચું સમજવું અથવા કોઈને દૂર-સુદૂર સ્થળેથી પોકારવું અને એવું સમજવું કે તેને ખબર થઈ ગઈ છે અથવા કોઈના નામનો રોઝો રાખવો વગેરે શિર્ક છે.

(૨) નફો-નુકસાન પહોંચાડવામાં કોઈને અલ્લાહ સાથે ભાગીદાર ઠરાવવું :

એટલે કે કોઈને લાભ અથવા નુકસાન પહોંચાડવા માટે સંપૂર્ણ મુખ્તાર (સર્વાધિકારી) સમજવો, કોઈની પાસે પોતાની મુરાદો માંગવી જેમકે રોઝી અથવા ઔલાદ માંગવી વગેરે શિર્ક છે.

(૩) ઇબાદતમાં અલ્લાહ સાથે અન્યને ભાગીદાર ઠરાવવું :

કોઈને સિજદહ કરવો, કોઈના નામનું જાનવર છોડવું, કોઈના નામનો ચઢાવો ચઢાવવો, કોઈના નામની મન્નત માનવી, કોઈ કબ્ર અથવા મકાનનો તવાફ કરવો, અલ્લાહના હુકમના મુકાબલામાં અન્ય કોઈ બીજાના વિધાન-નિવેદન અથવા હુકમને અગ્રિમતા આપવી, કોઈની રૂબરૂ તેના સન્માનમાં રુકૂઅ્ કરતા હોય એ પ્રમાણે ઝૂકવું, દુનિયાના કારોબારમાં તારાઓ અને ગ્રહોનો પ્રભાવ હોય છે એવું સમજવું અને કોઈ મહિના અથવા દિવસને મનહૂસ (અપશુકનિયાળ) સમજવું, કોઈના નામ પર જાનવર ઝબહ કરવું વગેરે.

પોતાના વખાણ (આત્મશ્લાઘા)માં પોતે દરેક ખામીઓ અને ઉણપોથી પવિત્ર હોવાનો દા'વો કરવો જાઇઝ નથી :

અલ્લાહ તઆલા ફરમાવે છે, اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يُزَكُّوْنَ اَنْفُسَهُمْ યહૂદીઓ પોતાને આપમેળે પવિત્ર જાહેર કરતા હતા, એટલા માટે અલ્લાહ તઆલાએ આ આયતમાં તેમની ટીકા કરીને ફરમાવ્યું કે, જરા તે લોકોને જુઓ તો ખરા ! પોતાની જાતને પવિત્ર બતાવી રહ્યા છે, તેમના ઉપર આશ્ચર્ય થવું જોઈએ !

એનાથી જાણ થાય છે કે, કોઈના માટે પોતાની અથવા અન્યોની પવિત્રતા જાહેર કરવી જાઈઝ નથી. આ મનાઈ ત્રણ પ્રકારે છે.

(૧) પોતાના વખાણ (આત્મશ્લાઘા)નું કારણ મોટા ભાગે મિથ્યાભિમાન જ હોય છે. વાસ્તવમાં આ અભિમાનની જ મનાઈ છે.

(૨) દરેકના અંતની હાલત અલ્લાહ તઆલાને જ ખબર છે કે, તેનો ખાત્મો તકવા અને પાકીઝગી ઉપર થશે અથવા નહીં થાય, એટલા માટે પોતાની જાતને પવિત્ર બતાવવી અલ્લાહના ડરથી વિરોધી બાબત છે. એક રિવાયતમાં હઝરત ઝૈનબ બિન્તે અબી સલમા (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺએ મને પૂછ્યું કે, તમારું નામ શું છે ? તે વખતે મારું નામ بَـرَّةٌ "બર્રહ" હતું (જેનો અર્થ "ગુનાહોથી પાક" થાય છે), મેં તે બતાવ્યું તો આપ ﷺએ ફરમાવ્યું, لَا تُـزَكُّـوْا اَنْـفُسَـكُـمْ، اَللّٰـهُ اَعْـلَـمُ بِـاَهْلِ الْبِرِّمِنْكُمْ، سَمُّوْهَا زَيْنَبَ (رَوَاهُ بَـحْـوَالَـه مِشْكٰوةٌ) એટલે કે, તમે પોતાની ગુનાહોથી પાકી વર્ણન ન કરો કારણ કે, એ જ્ઞાન ફક્ત અલ્લાહને જ છે કે તમારામાંથી કોણ પાક છે ? પછી "બર્રહ"ના બદલે રસૂલે કરીમ ﷺએ "ઝૈનબ" નામ રાખ્યું."

(મઝહરી)

(૩) મનાઈનું ત્રીજું કારણ એ છે કે, મોટા ભાગે આવા દા'વાઓથી લોકોને એવો આભાસ થવા લાગે છે કે, આ વ્યક્તિ તો અલ્લાહના ત્યાં ઘણો મકબૂલ (સ્વીકૃતિ પ્રાપ્ત) છે કે, તે બધી જ ઉણપો અને ખામીઓથી પાક છે, જ્યારે કે તે જૂઠો છે કારણ કે, બંદામાં ઘણી બધી ખામીઓ મૌજૂદ હોય છે.

(બયાનુલ કુર્આન)

મસ્અલો :

જો પ્રસ્તુત કારણો ન હોય તો નેઅ્મતને જાહેર કરવા માટે પોતાના વિશેષ કૌશલ્ય અથવા વિશિષ્ટતાને વર્ણન કરવાની પરવાનગી છે. *(બયાનુલ કુર્આન)*

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૫૧-૫૨)

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يُؤْمِنُوْنَ بِالْجِبْتِ وَالطَّاغُوْتِ وَيَقُوْلُوْنَ لِلَّذِيْنَ كَفَرُوْا هٰٓؤُلَآءِ اَهْدٰى مِنَ الَّذِيْنَ اٰمَنُوْا سَبِيْلًا ﴿۵۱﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ اللّٰهُ ۭ وَمَنْ يَّلْعَنِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ نَصِيْرًا ﴿۵۲﴾

તરજુમો :

શું તમે તેમને નથી જોયા જેમને કિતાબનો એક ભાગ મળ્યો છે ? જેઓ (જિબ્ત) મૂર્તિ(ઓ)ને માને છે અને (તાગૂત) શયતાનને; અને કાફિરો વિશે કહે છે કે આ (કાફિર) લોકો મુસલમાનો કરતાં વધારે સીધા (સત્ય) માર્ગ ઉપર છે. (૫૧) આ તે જ લોકો છે જેમના ઉપર અલ્લાહે લા'નત કરી છે અને જેના ઉપર અલ્લાહ લા'નત કરે તો (કદાપિ) તું તેમનો કોઈ મદદગાર નહીં જુએ. (૫૨)

તફસીર :

(હે સાંભળનાર !) શું તેં તે લોકોને નથી જોયા જેમને (અલ્લાહની) કિતાબ (એટલે કે તવરાતના જ્ઞાન)નો એક ભાગ મળ્યો છે (તે છતાં) તેઓ મૂર્તિઓ અને શયતાનને માને છે (કારણ કે, મુશ્રિકોનો દીન મૂર્તિપૂંજા અને શયતાનનું અનુસરણ કરવાનો છે, આ લોકો આવા દીનને સારો બતાવી મૂર્તિઓ અને શયતાનનું સમર્થન કરી રહ્યા છે) અને આ લોકો (એટલે કે અહલે કિતાબ) કાફિરો (એટલે કે મુશ્રિકોના) માટે કહે છે કે, આ લોકો મુસલમાનો કરતાં વધારે સીધા માર્ગ ઉપર છે (આ તો તેઓ ખુલ્લમ-ખુલ્લું કહે છે), આ લોકો (જેમણે કુફ્રની આ માન્યતાને ઈસ્લામી માન્યતા કરતાં શ્રેષ્ઠ બતાવી) તે છે જેમને અલ્લાહ તઆલાએ લા'નતી બતાવ્યા છે. (આ જ લા'નતી હોવાની અસર છે કે તેઓ આવી

કુફ્રની વાહિયાત વાતો નીડર થઈને બકી રહ્યા છે) અને અલ્લાહ તઆલા જેને લા'નતી બનાવી દે તેનો (અઝાબના સમયે) કોઈ વ્યક્તિ મદદગાર નહીં હોય. (મતલબ એ છે કે, તેમને દુનિયામાં અને આખિરતમાં સખત સજા થશે, કારણ કે, દુનિયામાં અમુક તો કત્લ, કેદ, અપમાનિત વગેરે થતા રહેશે અને આખિરતમાં જે થવાનું છે તે થઈને જ રહેશે).

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયત اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يَشْتَرُوْنَ الضَّلٰلَةَ થી યહૂદીઓની ધૃણાસ્પદ ખસલતો અને નિંદનીય ટેવોનું વર્ણન ચાલી રહ્યું છે. આ આયતોનો સંબંધ પણ આ જ સંદર્ભમાં છે.

મસ્અલા અને બોધપાઠ :

اَلْجِبْتُ وَالطَّاغُوْتُ નો શું અર્થ છે ?

ઉપરની આયત નં. ૫૧માં બે શબ્દો اَلْجِبْتُ (જિબ્ત) અને اَلطَّاغُوْتُ (તાગૂત)નું વર્ણન થયું છે, તેનો શું અર્થ છે ? મુફસ્સિરોએ તેના વિશે અનેક નિવેદનો કર્યા છે. હઝરત ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઝુબૈર અને અબૂલ આલિયા (રદિ.) ફરમાવે છે, "جِبْتُ "જિબ્ત" હબશી શબ્દકોષમાં "સાહિર" سَاحِرُ "જાદૂગર"ને કહેવામાં આવે છે અને "તાગૂત" طَاغُوْتُ નો અર્થ જ્યોતિષી "કાહિન" છે."

હઝરત ઉમર (રદિ.) ફરમાવે છે કે, "જિબ્તનો અર્થ જાદૂ છે અને તાગૂતનો અર્થ શયતાન છે." માલિક બિન અનસ (રદિ.)થી નકલ થયું છે કે, "અલ્લાહ સિવાય જે વસ્તુઓની ઈબાદત કરવામાં આવે, તે બધી જ તાગૂત કહેવામાં આવે છે."

ઈમામ કુર્તુબી (રહ.) ફરમાવે છે કે, "માલિક બિન અનસ (રદિ.)નો કૌલ વધારે પસંદ કરવા લાયક છે. કારણ કે, તેમાં કુર્આનની સાબિતી પણ ઉપલબ્ધ છે, ઈરશાદ છે, اَنِ اعْبُدُوا اللّٰهَ وَاجْتَنِبُوا الطَّاغُوْتَ (૧૬ : ૩૬) પરંતુ આ વિવિધ નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી, એટલા માટે બધાનો જ અર્થ એકસમાન જ છે. જે પ્રમાણે "જિબ્ત" વાસ્તવમાં એક મૂર્તિનું નામ હતું પરંતુ પાછળથી તેનો

ઉપયોગ અલ્લાહ સિવાય બીજી કોઈપણ ઈબાદત કરવામાં આવતી વસ્તુ માટે થવા લાગ્યો.''

(રૂહુલ મઆની)

પ્રસ્તુત આયતનો શા'ને નુઝૂલ :

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, ''યહૂદીઓના સરદાર હુય્ય બિન અખ્તબ અને કઅ્બ બિન અશરફ પોતાના એક ગૃપને લઈને મક્કામાં કુરૈશને મળવા આવ્યા, યહૂદીઓના સરદાર કઅ્બ બિન અશરફ અબૂ સુફિયાન પાસે આવ્યો અને તેણે રસૂલે કરીમ ﷺ વિરૂદ્ધ તેને મદદ કરવાનો વાયદો કર્યો, મક્કાવાળાઓએ કઅ્બ બિન અશરફને કહ્યું, તમે એક ધોકો આપનારી કૌમ છો, જો તમે ખરેખર તમારા વચનમાં સાચા છો તો અમારી આ બે મૂર્તિઓ ("જિબ્ત" અને "તાગૂત") સામે સિજદહ કરો.''

એટલા માટે તેમણે કુરૈશને સંતોષ અપાવવા માટે એવું જ કર્યું, ત્યાર પછી કઅ્બે કુરૈશને કહ્યું કે, ''ત્રીસ માણસો તમારામાંથી અને ત્રીસ માણસો અમારામાંથી સામે આવે જેથી કા'બાની રબની સામે એ બાબતનો કરાર કરીએ કે, આપણે બધા મળીને મુહમ્મદ (ﷺ) વિરૂદ્ધ યુદ્ધ કરીશું.''

કઅ્બની આ યોજનાને કુરૈશે પસંદ કરી અને એવી રીતે તેમણે મુસલમાનો વિરૂદ્ધ એક સંયુક્ત મોરચો કાયમ કર્યો, ત્યાર પછી અબૂ સુફિયાને કઅ્બને કહ્યું કે, ''તમારી પાસે અલ્લાહની કિતાબ છે, પરંતુ અમે તો બિલકુલ જાહિલ છે, એટલા માટે તમે અમારા વિશે બતાવો કે અમે સચ્ચાઈ ઉપર ચાલનારા છે કે મુહમ્મદ (ﷺ) ?''

કઅ્બે પૂછ્યું કે, ''તમારો દીન શું છે ?'' અબૂ સુફિયાને કહ્યું કે, ''અમે હજ્જ માટે પોતાના ઊંટોને ઝબહ કરીએ છીએ અને તેનું દૂધ પીવાડીએ છીએ. મહેમાનોની મહેમાનગતી કરીએ છીએ, પોતાના સગાં-વહાલાં અને લાગતા-વળગતાઓ સાથે સંબંધ કાયમ રાખીએ છીએ અને બયતુલ્લાહનો તવાફ અને ઉમરહ કરીએ છીએ, તેનાથી વિપરીત મુહમ્મદ (ﷺ)એ પોતાના બાપ-દાદાનો ધર્મ છોડી દીધો છે, તે પોતાનાઓથી અલગ થઈ ચૂક્યો છે અને તેણે અમારા જૂના ધર્મ વિરૂદ્ધ પોતાનો એક નવો ધર્મ રજૂ કર્યો છે.''

આ વાતો સાંભળીને કઅ્બ બિન અશરફે કહ્યું કે, ''તમે લોકો હક પર છો અને મુહમ્મદ (ﷺ નઊઝુબિલ્લાહ !) ગુમરાહ થઈ ચૂક્યો છે.''

આ અનુસંધાનમાં અલ્લાહ તઆલાએ પ્રસ્તુત આયતો નાઝિલ ફરમાવીને તેમના ષડયંત્રો અને ધોકાબાજીઓની નિંદા કરી છે. *(રૂહુલ મઆની)*

મનેચ્છાઓ અમુક સમયે વ્યક્તિને દીન અને ઈમાનથી વંચિત કરી દે છે

કઅ્બ બિન અશરફ યહૂદીઓનો એક મોટો આલિમ હતો, જે અલ્લાહ ઉપર પણ અકીદહ રાખતો હતો અને અલ્લાહની જ ઈબાદત કરતો હતો, પરંતુ જ્યારે તેના દિલ અને દિમાગ ઉપર મનેચ્છાઓનું ભૂત સવાર થઈ ગયું તો, તેણે મુસલમાનો વિરૂદ્ધ કુરૈશ હક પર હોવાનું વિધાન કર્યું. મક્કાના કુરૈશીઓએ તેને સાથ આપવાની એ શરત લગાવી કે, તે અમારી મૂર્તિઓ સામે સિજદહ કરે, તેણે તે પણ કબૂલ-મંજૂર રાખ્યું, જેની વિગત ઉપર આવી ચૂકી છે. તેણે પોતાના ધર્મ વિરૂદ્ધ કુરૈશની શરતને તો પૂરી કરી, પરંતુ પોતાની ધાર્મિક માન્યતાઓને કાયમ રાખવા માટે તેણે આ શરતથી દૂર રહેવાનું પસંદ ન કર્યું. કુર્આને કરીમે આ જ પ્રકારની એક અન્ય ઘટના બલઅમ બિન બાઊરા بَلْعَمُ بَاعُوْرَاءْ વિશે વર્ણન કરી છે. ઈરશાદ છે, (૭ : ૧૭૫)

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِىْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ مِنَ الْغٰوِيْنَ ط

મુફસ્સિરો (વિવરણકારો)એ લખ્યું છે કે, બલઅમ બિન બાઊરા એક મોટો આલિમ અને વિખ્યાત દુરવેશ હતો, પરંતુ જ્યારે તેણે પોતાની મનેચ્છાઓ પૂરી કરવા માટે હઝરત મૂસા (અલૈ.) વિરૂદ્ધ નાપાક ષડયંત્રો રચવાના શરૂ કર્યા, તો તેમનું તો કંઈ ન બગાડી શક્યો પરંતુ પોતે મરદૂદ (નિંદાપાત્ર) અને ગુમરાહ થઈ (માર્ગ ભટકી) ગયો.

હવે જાણ થઈ કે, ફક્ત કિતાબનું જ્ઞાન લાભકારક નથી બની શકતું જ્યાં સુધી કે, સાચા અર્થમાં તેનું અનુસરણ કરવામાં ન આવે, અને દુનિયવી લાલચ તથા મનેચ્છાઓની પૈરવીથી સંપૂર્ણ બચવામાં ન આવે, નહિતર વ્યક્તિ પોતાના ધર્મ જેવી પ્રાણ પ્યારી બાબતને પણ પોતાની મનેચ્છાઓની ભેટ ચઢાવવાથી ખચકાતો નથી. આધુનિક યુગમાં પણ અમુક લોકો એવા પ્રકારના છે જેઓ ભૌતિક અને રાજકીય સ્વાર્થ તથા હિત માટે પોતાના સાચા દીનને આસાનીથી છોડી દે છે અને ગેરદીની અકીદાઓ તથા વિચારસરણીઓને ઈસ્લામનો લબાદો ઓઢાડવાની ભરપૂર કોશીશો કરતા રહે છે, ન તો તેમને અલ્લાહ સાથે કરેલા

વાયદા, વચન કે કરારની પરવા હોય છે અને ન જ આખિરતનો ડર ! આ બધી અધમતા સાચા અને સત્ય ધર્મ "ઈસ્લામ" છોડીને શયતાનના ઈશારાઓ ઉપર નાચવાથી થાય છે.

અલ્લાહની લા'નત (ફિટકાર) દુનિયા અને આખિરતમાં અપમાનનું કારણ છે :

લા'નત અલ્લાહની રહમતથી દૂર થઈ જવાનું અને અંતિમ કક્ષાના અપમાનનું નામ છે, જેના ઉપર અલ્લાહની લા'નત થાય છે તે અલ્લાહની નિકટતા પ્રાપ્ત નથી કરી શકતો, તેના વિશે એટલી સખત ચેતવણીઓ આવી છે કે, مَلْعُوْنِيْنَ اَيْنَمَا ثُقِفُوْا اُخِذُوْا وَقُتِّلُوْا تَقْتِيْلًا ط "જેના ઉપર અલ્લાહની લા'નત છે તેઓ જ્યાં કંઈ પણ મળે તેમની ગરદન ઉડાવી દો." ૩૩:૬૧ આ તો તેનું દુનિયાનું અપમાન છે અને આખિરતનું અપમાન તો તેનાથી પણ વધારે ભયાવહ છે.

અલ્લાહની લા'નતના હકદાર કોણ લોકો છે ? :

وَمَنْ يَّلْعَنِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ نَصِيْرًا ط આ આયતથી જાણ થાય છે કે, જેના ઉપર અલ્લાહની લા'નત છે તેનો કોઈ મદદગાર નથી હોતો. હવે, વિચારવા યોગ્ય બાબત છે કે અલ્લાહની લા'નતના હકદાર કોણ લોકો છે ?

એક હદીષમાં ઈરશાદ છે કે, "રસૂલુલ્લાહ ﷺએ વ્યાજ દેવા અને લેવાવાળા, વ્યાજ ખાનારા, તેને લખનારા અને તેની ગવાહી આપનારા બધા ઉપર લા'નત કરી છે અને તે બધા ગુનાહોમાં સમાન છે." *(રવાહુ મુસ્લિમ બ હવાલા મિશ્કાત)*

એક બીજી હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, مَلْعُوْنٌ مَنْ عَمِلَ عَمَلَ قَوْمِ لُوْطٍ (رَوَاهُ رَزِيْنٌ بَحَوَالَةِ مِشْكٰوة) એટલે કે, "જે વ્યક્તિ લૂત (અલૈ.)ની કૌમ જેવો અમલ કરે (સજાતીય સંબંધ બાંધે) તેઓ લા'નતી છે." પછી ઈરશાદ ફરમાવ્યો કે, "અલ્લાહ તઆલા ચોર ઉપર લા'નત મોકલે છે, જે ઈંડાથી લઈ દોરડા જેવી તુચ્છ વસ્તુ ચોરી કરવાથી પણ અટકતો નથી, જેના પરિણામે તેના હાથ કાપવામાં આવે છે." *(મુત્તફિક અલયહિ બ હવાલા મિશ્કાત)*

એક અન્ય હદીષમાં ઈરશાદ છે,

لَعَنَ اللّٰهُ اٰكِلَ الرِّبٰو وَمُوْ كِلَهٗ وَالْوَاشِمَةَ وَالْمُسْتَوْشِمَةَ وَالْمُصَوِّرَ (رَوَاهُ الْبُخَارِىْ بَحَوَالَه مِشْكٰوة)

"અલ્લાહની લા'નત છે વ્યાજ ખાનારા અને ખવાડનારા ઉપર અને તે સ્ત્રીઓ ઉપર જે પોતાના શરીર ઉપર છુંદણા (Tatoo) ગોદનારી (એટલે કે સોયની અણીથી શરીરમાં કાણા પડાવીને છુંદણા ટંકાવે છે) અથવા ગોદાવનારી છે અને એ જ પ્રમાણે ચિત્ર ખેંચનાર (સજીવના ફોટા પાડનાર) ઉપર પણ લા'નત છે."

એક અન્ય હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા લા'નત મોકલે છે દારૂ ઉપર અને તેના પીનારાઓ ઉપર, પીવાડનારાઓ ઉપર, તેને વેચનારાઓ ઉપર, ખરીદનારાઓ ઉપર, તેને બનાવનારાઓ ઉપર, તેને ઉઠાવનારાઓ ઉપર, તેને મંગાવનારા બધા જ ઉપર."

(રવાહુ અબૂ દાવુદ, ઈબ્ને માજહ બ હવાલએ મિશ્કાત)

એક અન્ય હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું છે કે, "છ વ્યક્તિઓ એવા છે, જેના ઉપર હું લા'નત મોકલું છું અને અલ્લાહ તઆલાએ પણ તેમના ઉપર લા'નત કરી છે અને દરેક નબી "મુસ્તજાબુદઅ્વાત" (જેમની દુઆ કબૂલ કરવામાં આવે છે) હોય છે અને તે છ માણસો આ છે.

(૧) અલ્લાહની કિતાબમાં સુધારો-વધારો કરનાર, (૨) અને તે વ્યક્તિ જે અત્યાચાર અને જુલમથી સત્તા પ્રાપ્ત કરીને એવા વ્યક્તિનું સન્માન કરે જેને અલ્લાહે અપમાનિત કર્યો છે અને જેને અલ્લાહે ઈજ્જત આપી છે તેવા વ્યક્તિને અપમાનિત કરે, (૩) અલ્લાહની તકદીરને જૂઠાડે, (૪) અલ્લાહની હરામ કરેલી વસ્તુઓને હલાલ સમજે, (૫) મારી અવલાદમાંથી તે વ્યક્તિ હરામને હલાલ કરનારો હોય અને (૬) મારી સુન્નતને છોડી દેનાર."

(રવાહુલ બયહકી ફિલ મુદખલ બ હવાલએ મિશ્કાત)

એક અન્ય હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, لَعَنَ اللّٰهُ النَّاظِرَ وَالْمَنْظُوْرَ اِلَيْهِ એટલે કે, "જે કોઈ નામહરમ (જેમની સાથે નિકાહ કરવા નાજાઇઝ છે તેમના) ઉપર બુરી નજર નાંખે (અને જેના ઉપર નજર નાંખી છે તેમાં તેનો ઈરાદો અને મરજી પણ સામેલ હોય)."

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે لَعَنَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الرَّجُلَ يَلْبَسُ لُبْسَةَ الْمَرْئَةِ وَالْمَرْئَةَ تَلْبَسُ لُبْسَةَ الرَّجُلِ એટલે કે, "રસૂલુલ્લાહ ﷺએ એવા પુરુષ ઉપર લા'નત કરી છે, જે સ્ત્રીઓ જેવો પહેરવેશ

ધારણ કરે અને એવી સ્ત્રીઓ ઉપર લા'નત કરી છે જે પુરુષો જેવો પહેરવેશ ધારણ કરે." *(મિશ્કાત)*

عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ امْرَئَةً تَلْبَسُ النَّعْلَ قَالَتْ لَعَنَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الرَّجُلَةَ مِنَ النِّسَاءِ (رَوَاهُ اَبُوْدَاوُدُ بَحَوَالَه مِشْكٰوةُ، ص ٣٨٣)

"હઝરત આયશા (રદિ.)ને કોઈએ વિનંતી કરી કે, એક સ્ત્રી (પુરુષો જેવા) જોડા પહેરે છે, હઝરત આયશા (રદિ.)એ ફરમાવ્યું કે, અલ્લાહના રસૂલ ﷺએ એવી સ્ત્રીઓ ઉપર લા'નત કરી છે જે પુરુષો જેવી નિતી–રિતી અપનાવે." *(રવાહુ અબૂ દાવુદ બ હવાલએ મિશ્કાત, પેજ : ૩૮૩)*

عَنْ اِبْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ عَنْهُمَا قَالَ لَعَنَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْمُخَنَّثِيْنَ مِنَ الرِّجَالِ وَالْمُتَرَجِّلَاتِ مِنَ النِّسَاءِ وَقَالَ اَخْرِجُوْهُمْ مِنْ بُيُوْتِكُمْ،

(رَوَاهُ الْبُخَارِىْ بَحَوَالَهِ مِشْكٰوةُ)

"હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ તે પુરુષો ઉપર લા'નત કરી જે સ્ત્રીઓ જેમ ચહેરો–મહોરો બનાવીને હિજડાઓ બને અને તે સ્ત્રીઓ ઉપર લા'નત કરી જે પુરુષો જેવી વેશ–ભૂષા (ચહેરો–મહોરો) અપનાવે અને ઈરશાદ ફરમાવ્યો કે, તેમને પોતાના ઘરોમાંથી કાઢી મૂકો." *(રવાહુલ બુખારી બ હવાલએ મિશ્કાત)*

બુખારી શરીફમાં છે કે, અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે,

لَعَنَ اللّٰهُ الْوَاشِمَاتِ وَالْمُسْتَوْشِمَاتِ وَالْمُتَنَمِّصَاتِ وَالْمُتَفَلِّجَاتِ لِلْحُسْنِ الْمُغَيِّرَاتِ خَلْقَ اللّٰهِ،

"અલ્લાહ તઆલાની લા'નત થાય છૂંદણા ગોદાવનારીઓ ઉપર અને ગોદનારીઓ ઉપર અને જે (પાંપણો અને ભવાંના વાળ) તોડતી હોય, (જેથી ભવાં પાતળા થઈ જાય) અને અલ્લાહની લા'નત છે તે સ્ત્રીઓ ઉપર જે રૂપાળી બનવા માટે દાંતો વચ્ચે જગ્યા કરે છે તે અલ્લાહના સર્જનને બદલનારીઓ છે."

લા'નત (ફિટકાર)ના હુકમો :

લા'નત જેટલી મોટી ખરાબ વસ્તુ છે, એટલા જ મોટા પ્રમાણમાં તેની મર્યાદાઓ પણ નક્કી કરવામાં આવી છે. કોઈ મુસલમાન ઉપર લા'નત કરવી હરામ છે અને કાફિરો ઉપર પણ ફક્ત એવા સ્વરૂપમાં જ લા'નત કરી શકાય છે જ્યારે કે, તે કુફ્ર ઉપર મૃત્યુ પામ્યો હોવાનું સાબિત થઈ જાય. આ વિશે રસૂલે કરીમ ﷺના અનેક ફરમાનો હદીષોમાં વર્ણન થયા છે.

عَنِ ابْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَيْسَ الْمُؤْمِنُ بِالطَّعَّانِ وَلَا بِاللَّعَّانِ وَلَاالْفَاحِشِ وَلَاالْبَذِيِّ، (رَوَاهُ التِّرْمِذِىْ بَحَوَالَهءِ مِشْكٰوةُ)

"હઝરત ઈબ્ને મસઊદ (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, તે મો'મિન નથી જે મહેણા-ટોણા મારનાર અને લા'નત કરનાર હોય અને (તે પણ મો'મિન નથી જે) એલફેલ બોલનાર તથા બુરુ બોલનાર હોય."

(રવાહુ તિરમિઝી બ હવાલએ મિશ્કાત)

عَنْ اَبِى الدَّرْدَاءِ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِنَّ الْعَبْدَ اِذَالَعَنَ شَيْئًا صَعِدَتِ اللَّعْنَةُ اِلَى السَّمَاءِ فَتُغْلَقُ اَبْوَابُ السَّمَاءِ دُوْنَهَا ثُمَّ تَهْبِطُ اِلَى الْاَرْضِ فَتُغْلَقُ اَبْوَابُهَادُوْنَهَا ثُمَّ تَاْخُذُ يَمِيْنًا وَّشِمَالًا فَاِذَا لَمْ تَجِدْ مَسَاغًا رَجَعَتْ اِلَى الَّذِىْ لَعَنَ فَاِنْ كَانَ لِذَالِكَ اَهْلًا وَاِلَّا رَجَعَتْ اِلٰى قَائِلِهَا،

(رَوَاهُ اَبُوْدَاوُدُ بَحَوَالَه مِشْكٰوةُ)

"હઝરત અબૂ દાવુદ (રદિ.) ફરમાવે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺને એ ફરમાવતા સાંભળ્યું કે, જ્યારે બંદો કોઈ વસ્તુ ઉપર લા'નત કરે છે તો તે લા'નત આસમાન તરફ ચઢે છે, જેના ઉપર આસમાનના દરવાજા બંધ કરી દેવામાં આવે છે, પછી તે જમીન તરફ ઊતરે છે તો જમીનના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. (એટલે કે જમીન તે લા'નતને સ્વીકારતી નથી) પછી તે ડાબે-જમણે ફરે છે, જ્યારે તેને કોઈ જગ્યાએ રસ્તો નથી મળતો તો જેના ઉપર લા'નત કરવામાં આવી છે તેની પાસે પહોંચે છે, જો તે ખરેખર લા'નતનો

હકદાર છે તો તે તેના ઉપર પડે છે, નહિતર પછી તે પોતાના કહેનારા ઉપર પડે છે.” *(રવાહુ અબૂ દાવુદ બ હવાલએ મિશ્કાત)*

عَنِ ابْنِ عَبَّاسٍ اَنَّ رَجُلًا نَازَعَتْهُ الرِّيْحُ رِدَائَهُ فَلَعَنَهَا فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ لَا تَلْعَنْهَا فَاِنَّهَا مَا مُوْرَةٌ وَاِنَّهُ مَنْ لَعَنَ شَيْئًا لَيْسَ لَهُ بِاَهْلٍ رَجَعَتِ اللَّعْنَةُ عَلَيْهِ، (رَوَاهُ التِّرْمِذِىْ بَحَوَالَه مِشْكٰوةُ، ص ۴۱۳)

“હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થયું છે કે, પવને એક વ્યક્તિની ચાદર ઉડાવી તો તેણે હવા ઉપર લા'નત કરી, તે વિશે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, તું તેના ઉપર લા'નત ન કર, એટલા માટે કે, તે અલ્લાહના હુકમ હેઠળ છે અને (યાદ રાખો !) જે વ્યક્તિ એવી વસ્તુઓ ઉપર લા'નત કરે જેનો તે હકદાર નથી, તો આ લા'નત તે કહેનાર ઉપર જ પાછી વળે છે.”

(રવાહુ તિરમિઝી બ હવાલએ મિશ્કાત, પેજ : ૪૧૩)

મસ્અલો :

કોઈ નક્કી વ્યક્તિ વિશે જ્યાં સુધી એ જાણ ન થાય કે તેનું મૃત્યુ કુફ્રની હાલતમાં જ થયું છે, તેના ઉપર લા'નત કરવી જાઈઝ નથી. ભલે તે દુરાચારી હોય. આ સિદ્ધાંત ઉપર યઝીદ ઉપર લા'નત કરવાની અલ્લામહ શા'મીએ મનાઈ કરી છે, પરંતુ નક્કી કાફિર ઉપર કે જેની મૌત કુફ્ર ઉપર થઈ હોવાનું વિશ્વાસપૂર્વક સાબિત થઈ જાય, દાખલા તરીકે અબૂજહલ, અબૂલહબ, તો તેમના ઉપર લા'નત કરવી જાઈઝ છે. *(શા'મી, જિલ્દ : ૨, પેજ : ૮૩૬)*

મસ્અલો :

કોઈનું નામ લીધા વિના એવી રીતે લા'નત કરવી જાઈઝ છે કે, “અત્યાચારીઓ અને જૂઠાઓ ઉપર અલ્લાહની લા'નત છે.”

મસ્અલો :

શાબ્દિક રીતે લા'નતનો અર્થ અલ્લાહની રહમતથી દૂર થવાનો થાય છે, શરીઅતની રૂએ કાફિરો માટે તેનો અર્થ અલ્લાહની રહમતથી દૂર થવાનો છે અને મો'મિનો માટે નેક અને સાલેહ લોકોના દરજ્જાથી નીચી કક્ષાએ જવાનો થાય છે.

(نَقَلَهُ الشَّامِيُ عَنِ الْقُهُسْتَانِي، ج ٢ ص ٨٣٦) એટલા માટે કોઈ મુસલમાન માટે તેના નેક અમલો ઓછા થઈ જવાની દુઆ કરવી પણ જાઈઝ નથી.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૫૩-૫૪-૫૫)

اَمْ لَهُمْ نَصِيبٌ مِّنَ الْمُلْكِ فَاِذًا لَّا يُؤْتُوْنَ النَّاسَ نَقِيرًا ﴿٥٣﴾ اَمْ يَحْسُدُوْنَ النَّاسَ عَلٰى
مَآ اٰتٰهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۚ فَقَدْ اٰتَيْنَآ اٰلَ اِبْرٰهِيْمَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَاٰتَيْنٰهُمْ
مُّلْكًا عَظِيمًا ﴿٥٤﴾ فَمِنْهُمْ مَّنْ اٰمَنَ بِهٖ وَمِنْهُمْ مَّنْ صَدَّ عَنْهُ ۭ وَكَفٰى بِجَهَنَّمَ سَعِيْرًا ﴿٥٥﴾

તરજુમો :

શું તેમનો સલતનત (રાજ્ય)માં કોઈ ભાગ છે ? પછી તો તેઓ લોકોને એક "તલ" જેટલું પણ નહીં આપે. (૫૩) અથવા લોકોની ઈર્ષ્યા કરે છે તેના ઉપર જે તેમને અલ્લાહે પોતાની કૃપાથી આપ્યું છે ! બસ, અમે તો ઈબ્રાહીમ (અલૈ.)ના કુટુંબને કિતાબ અને હિકમત (Wisdom) આપી છે અને અમે તેમને મોટી સલતનત આપી છે. (૫૪) પછી તેમનામાંથી કોઈએ તેને માન્યું અને કોઈ તેનાથી હટેલો રહ્યો, અને જહન્નમની ધગધગતી આગ(ની જ્વાળાઓ તેમના માટે) પૂરતી છે. (૫૫)

તફસીર :

હા ! તેમની પાસે કોઈ સલતનતનો કોઈ હિસ્સો છે ? બસ, આવી હાલતમાં તો તેઓ લોકોની નાની સરખી વસ્તુ પણ નહીં આપે અથવા અન્ય વ્યક્તિ (જેમકે રસૂલુલ્લાહ ﷺ)થી તે વસ્તુઓ ઉપર ઈર્ષ્યા કરે છે જે તેમને અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી અર્પણ કરી છે. બસ, (આપને એવી વસ્તુઓ મળી જવી કોઈ નવી વાત નથી, કારણ કે) અમે (પહેલેથી જ હઝરત) ઈબ્રાહીમ (અલૈ.)ના કુટુંબ(વાળાઓ)ને (આસમાની) કિતાબ પણ આપી છે અને ઈલ્મ પણ આપ્યું છે અને અમે તેમને ઘણી મોટી સલતનત પણ આપી છે. (એટલા માટે બની ઈસ્રાઈલમાં ઘણા બધા અંબિયા અલૈ. થઈ ચૂકયા છે. અમુક અંબિયા અલૈ. બાદશાહો પણ હતા જેમકે, હઝરત યુસૂફ અલૈ., હઝરત દાવુદ અલૈ. અને હઝરત

દાવુદ અલૈ. બહુપત્નીત્વ ધરાવતા હતા તે પણ મશહૂર બાબત છે અને આ બધા હઝરત ઈબ્રાહીમ અલૈ.ની અવલાદમાંથી છે. બસ, જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ પણ ઈબ્રાહીમ અલૈ.ની અવલાદમાંથી છે તો આપ ﷺને આ નેઅ્મતો અને ઈનાયતો મળી ગઈ તે કોઈ આશ્ચર્યની વાત નથી) બસ, (તે અંબિયા અલૈ.ના યુગમાં પણ કે જેઓ ઈબ્રાહીમ અલૈ.ના કુટુંબમાંથી થઈ ચૂક્યા છે, જે લોકો મૌજૂદ હતા) તેમાંથી અમુક તો એ (કિતાબ અને હિકમત) ઉપર ઈમાન લાવ્યા અને અમુક એવા હતા કે તેમણે ન માન્યું (બસ, જો આપ ﷺની રિસાલત અને કુર્આન ઉપર પણ આપ ﷺના યુગના અમુક લોકો ઈમાન ન લાવે તો કોઈ રંજ કરવાની કે દિલગીર થવાની બાબત નથી) અને (આ કાફિરો તથા વાંધો કાઢનાર લોકોને જો દુનિયામાં સજા ન થાય તો શું થયું ? તેમના માટે આખિરતમાં) દોઝખની ધગધગતી જ્વાળાઓ પૂરતી છે.

મસ્અલા અને બોધપાઠ :

યહૂદીઓની ઇર્ષ્યાની સખત ટીકા :

અલ્લાહ તઆલાએ નબીએ કરીમ ﷺને જે જ્ઞાન અને કૃપા તથા મરતબા અને સન્માનથી નવાજ્યા હતા, તેનાથી યહૂદીઓ ખૂબ બળતા હતા. અલ્લાહ તઆલાએ ઉપરોક્ત આયત નં. ૫૩ અને ૫૪માં તેમની ઈર્ષ્યા અને કિનાની સખત શબ્દોમાં ટીકા કરી છે અને તેમની ઈર્ષ્યાને અયોગ્ય અને અસ્થાને ઠરાવીને તેના બે કારણો વર્ણન કર્યા છે. એક કારણ આયત નં. ૫૩માં વર્ણન કર્યું અને બીજું કારણ આયત નં. ૫૪માં વર્ણન કર્યું. પરંતુ બંનેનો હેતુ એકસમાન છે કે તમારો હસદ કઈ બાબતે છે ? જો એ બાબત ઉપર કે સાચી બાદશાહત તમારી છે અને તમારી બાદશાહત તેમને મળી ગઈ ? તો તેનું ખોટું હોવું બિલકુલ જાહેર છે કે, તમે સલતનતથી આપમેળે વંચિત થઈ ગયા છો. તમોને જો સલતનતનો કોઈ ભાગ મળી પણ ગયો હોત તો તમે એક તસુ માત્ર પણ તેમને ન આપ્યું હોત અને જો તમારો હસદ એ બાબતે છે કે, ભલે સલતનત અમારી પાસેથી તેમની પાસે નથી પહોંચી, તો પણ એમને કેમ મળી ? તેમને સલતનત સાથે શું લેવા-દેવા ? તેનો જવાબ આ છે કે, તેઓ પણ અંબિયા (અલૈ.)ના કુટુંબોમાંથી છે, જેમાં સલતનત પહેલેથી જ ચાલી આવે છે. એટલા માટે આ સલતનત કોઈ અજનબી જગ્યાએ નથી આવી, એટલા માટે તમારી ઈર્ષ્યા કરવી અસ્થાને અને અયોગ્ય છે.

હસદ (ઇર્ષ્યા)ની વ્યાખ્યા, હુકમ અને તેના દુષ્પ્રભાવો અને નુકસાનોનું વર્ણન :

અલ્લામહ નવવી (રહ.) "શારિહે મુસ્લિમ"માં હસદની વ્યાખ્યા આ રીતે કરે છે, اَلْحَسَدُ تَمَنِّى زَوَالِ النِّعْمَةِ (મુસ્લિમ, જિલ્દ : ૨) એટલે કે, "અન્ય વ્યક્તિની નેઅ્મતની પડતી થાય એવી તમન્ના કરવી 'હસદ' કહેવાય છે અને તે હરામ છે."

રસૂલુલ્લાહ ﷺનો ઇરશાદ છે,

لَا تَبَاغَضُوْا وَلَا تَحَاسَدُوْا وَلَا تَدَابَرُوْا وَكُوْنُوْا عِبَادَ اللّٰهِ اِخْوَانًا وَلَا يَحِلُّ لِمُسْلِمٍ اَنْ يَّهْجُرَ اَخَاهُ فَوْقَ ثَلَاثٍ. (مُسْلِمْ، ج ۲)

"તમે પરસ્પર કપટ અને ઈર્ષ્યા ન કરો અને ન જ એકબીજાથી પીઠ ફેરવો, બલકે, અલ્લાહના બંદા અને ભાઈ બની જાઓ અને કોઈ મુસલમાન માટે જાઈઝ નથી કે તે પોતાના ભાઈ સાથે ત્રણ દિવસ કરતાં વધારે સંબંધ કાપી નાંખે."

(મુસ્લિમ, જિલ્દ : ૨)

અન્ય એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اِيَّاكُمْ وَالْحَسَدَ فَاِنَّ الْحَسَدَ يَاْكُلُ الْحَسَنَاتِ كَمَا تَاْكُلُ النَّارُ الْحَطَبَ،

(رَوَاهُ اَبُوْدَاؤُدُ بَحَوَالَهٖ مِشْكٰوةٌ)

"તમે હસદથી બચો, એટલા માટે કે હસદ નેકીઓને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે કે આગ લાકડીઓને ખાઈ જાય છે."

(રવાહુ અબૂ દાવુદ બ હવાલએ મિશ્કાત)

عَنِ الزُّبَيْرِؓ قَالَ قَالَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ دَبَّ اِلَيْكُمْ دَاءُ الْاُمَمِ قَبْلَكُمْ الْحَسَدُ وَالْبُغْضَاءُ هِىَ الْحَالِقَةُ لَا اَقُوْلُ تَحْلِقُ الشَّعَرَ وَلٰكِنْ تَحْلِقُ الدِّيْنَ،

(رَوَاهُ اَحْمَدُ وَالتِّرْمِذِىْ، بَحَوَالَهٖ مِشْكٰوةٌ)

"હઝરત ઝુબૈર (રદિ.)એ ફરમાવ્યું કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, તમારી તરફ (પણ) અગાઉની કોમો જેમ બીમારી ધીમેથી ચાલી પડી છે અને તે હસદ

છે, અને બુગ્ઝ (વૈમનસ્ય) એવી ટેવ છે જે મૂંડી નાંખનારી છે, હું એવું નથી કહેતો કે તે બાલોને મૂંડી નાંખે છે બલકે, તે દીનને મૂંડી નાંખે છે."

(રવાહુ અહમદ વ તિરમિઝી બ હવાલએ મિશ્કાત)

હસદ (ઈર્ષ્યા) દુનિયવી કૌશલ્યો, ગુણો અથવા વિશિષ્ટતાઓ બાબતે હોય અથવા દીની ગુણો ઉપર, બંને હરામ છે. એટલા માટે અલ્લાહ તઆલાના ફરમાન أَمْ لَهُمْ نَصِيبٌ مِّنَ الْمُلْكِ દ્વારા એ તરફ ઈશારો થયો હોવાનું જાણ થાય છે અને બીજો ઈશારો الْكِتٰبَ وَالْحِكْمَةَ દ્વારા થયો છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૫૬–૫૭)

إِنَّ الَّذِينَ كَفَرُوا بِاٰيٰتِنَا سَوْفَ نُصْلِيهِمْ نَارًا ۖ كُلَّمَا نَضِجَتْ جُلُودُهُمْ بَدَّلْنٰهُمْ
جُلُودًا غَيْرَهَا لِيَذُوقُوا الْعَذَابَ ۗ إِنَّ اللّٰهَ كَانَ عَزِيزًا حَكِيمًا ﴿٥٦﴾ وَالَّذِينَ اٰمَنُوا
وَعَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهٰرُ خٰلِدِينَ فِيهَا أَبَدًا ۖ
لَهُمْ فِيهَا أَزْوَاجٌ مُّطَهَّرَةٌ ۖ وَّنُدْخِلُهُمْ ظِلًّا ظَلِيلًا ﴿٥٧﴾

તરજુમો :

બેશક ! જે અમારી આયતોના ઈનકારી થયા તેમને અમે (જહન્નમની) આગમાં નાંખીશું, જે વખતે તેમની ચામડી બળી જશે તો અમે તેમને બીજી ચામડી બદલી દઈશું, જેથી અઝાબ ચાખતા રહે; બેશક ! અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે. (૫૬) અને જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા, અલબત્ત અમે તેમને બગીચાઓમાં દાખલ કરીશું જેની નીચે નહેરો વહે છે, તેમાં હંમેશા રહ્યા કરે, તેમના માટે ત્યાં સ્વચ્છ (સુઘડ અને પવિત્ર) સ્ત્રીઓ છે, અને અમે તેમને ઘટાદાર (શીતળ) છાંયડામાં દાખલ કરીશું. (૫૭)

તફસીર :

નિ:શંક ! જે લોકો અમારી આયતો (હુકમો)નો ઈનકાર કરે છે (અમે

તેમને) નિકટમાં જ એક સખત આગમાં દાખલ કરીશું (અને ત્યાં તેમની એવી પરિસ્થિતિ સતત ચાલતી રહેશે કે,) જ્યારે એક વખતે તેમની ચામડી (આગથી) બળી જશે, તો અમે તે(ચામડી)ના બદલે તરત બીજી (તાજી) ચામડી પેદા કરી આપીશું, જેથી (તેઓ હંમેશા) અઝાબ ભોગવતા રહે (કારણ કે, પ્રથમ ચામડી બળી ગયા પછી તેમાં સળગવાની અનુભૂતિ અને લાગણી ખતમ થઈ શકે છે, એટલા માટે આવું સંભળાવી દેવામાં આવ્યું); નિઃશંક ! અલ્લાહ તઆલા જબરદસ્ત છે (કે તે આવી સજા આપી શકે છે અને) હિકમતવાળો (પણ) છે, (એટલા માટે કે બળેલી ચામડીને પણ તે તકલીફ પહોંચાડી શકે છે, પરંતુ હિકમત હેઠળ તેને બદલી નાંખવામાં આવશે, જેમકે હમણાં વર્ણન થયું) અને જે લોકો ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા, અમે તેમને નિકટમાં જ એવા બાગોમાં પ્રવેશ આપીશું કે, તેના (મહેલો) નીચે નહેરો વહે છે, તેમાં હંમેશા રહેશે, તેમના માટે તે (બગીચાઓ)માં પાક, સ્વચ્છ પત્નીઓ હશે અને અમે તેમને ખૂબ ઘટાદાર છાંયડા(ના સ્થળ)માં પ્રવેશ આપીશું.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત મઆઝ (રદિ.) كُلَّمَا نَضِجَتْ جُلُوْدُهُمْ بَدَّ لْنٰهُمْ ની તફસીર કરતાં ફરમાવે છે કે, જ્યારે તેમની ચામડી બળી જશે તો તેને બદલી નાંખવામાં આવશે, અને આ કામ એટલી ઝડપથી થશે કે, એક સેકંડમાં સો વખતે ચામડી બદલવામાં આવશે.

تَاْكُلُ النَّارُ كُلَّ يَوْمٍ سَبْعِيْنَ اَلْفَ مَرَّةٍ كُلَّمَا اَكَلَتْهُمْ قِيْلَ لَهُمْ عُوْدُوْا فَيَعُوْدُوْنَ كَمَا كَانُوْا

(اَخْرَجَ الْبَيْهَقِىُّ عَنِ الْحَسَنِ بَحْوَالهِ مَظْهَرِىْ ج ٢)

"અગ્નિ એક દિવસમાં સિત્તેર હજાર વખતે તેમને ખાઈ જશે, જ્યારે તેમને ખાઈ ચૂકશે તો આ લોકોને કહેવામાં આવશે કે, તમે પુનઃ સ્થિતિએ પરત આવો, બસ તેઓ મૂળ સ્થિતિએ આવી જશે."

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ اَهْوَنَ اَهْلِ النَّارِ عَذَابًا رَجُلٌ فِىْ اَخْمَصِ قَدَمَيْهِ جَمْرَتَانِ يَغْلِىْ مِنْهُمَا دِمَاغُهٗ كَمَا يَغْلِى الْمِرْجَلُ بِالْقُمْقُمِ،

(رَوَاهُ الْبُخَارِىْ وَمُسْلِمْ، بَحْوَالهِ اَلتَّرْغِيْب وَالتَّرْهِيْب، ج ٤ س ٢٣٩)

"નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું કે, જહન્નમમાં સૌથી ઓછો અઝાબ તે વ્યક્તિને થશે જેના (પગના) તળિયાઓમાં આગની બે ચિંગારીઓ હશે, જેના કારણે તેનું દિમાગ હાંડલીની જેમ ઉકળશે."

اَزْوَاجٌ مُّطَهَّرَةٌ "અઝવાજે મુતહ્હરહ" (પવિત્ર પત્નીઓ)ની તફસીર :

હાકિમે અબૂ સઈદ ખુદરી (રદિ.)થી નકલ કર્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, જન્નતની સ્ત્રીઓ પાક હશે, એટલે કે તેઓ માસિક ધર્મ (હૈઝ), નિફાસ અને નાકમાંથી નીકળનાર ગંદકીથી પાક હશે."

હઝરત મુજાહિદ (રહ.)એ પ્રસ્તુત વસ્તુઓમાં વધારો કરીને ફરમાવ્યું છે કે, "તેઓ બાળક પૈદા કરવાથી અથવા તો નાપાક નુત્ફા (ગર્ભ ધારણ કરવા) વગેરેથી પાક હશે." *(મઝહરી)*

ظِلًّا ظَلِيْلًا (ઝિલ્લન ઝલીલા)માં ظِلٌّ (ઝિલ્લુન) પછી ظَلِيْلٌ (ઝલીલુન)નો શબ્દ લાવીને ઈશારો કર્યો કે, તે છાંયડો હંમેશા રહેનારો છે અને ઘટાદાર છાંયડો હશે, જેમકે કહેવામાં આવે છે شَمْسٌ شَامِسٌ અને لَيْلٌ لَيِّلٌ તેમાં એ વાત તરફ ઈશારો છે કે, જન્નતની નેઅ્મતો હંમેશા રહેનારી કાયમી હશે.

عَنْ اَبِىْ هُرَيْرَةَؓ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ فِى الْجَنَّةِ لَشَجَرَةً يَسِيْرُ الرَّاكِبُ فِىْ ظِلِّهَا مِائَةَ عَامٍ مَايَقْطَعُهَا اِقْرَءُوْا اِنْ شِئْتُمْ وَظِلٍّ مَّمْدُوْدٍ،

(مُتَّفَقٌ عَلَيْه، بَحَوَالَهءِ مَظْهَرِىْ)

"હઝરત અબૂ હુરયરહ (રદિ.) રસૂલુલ્લાહ ﷺથી નકલ કરે છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ખરેખર જન્નતમાં એક એવું ઝાડ છે જેના છાંયડાને એક સવાર સો વર્ષમાં પણ પૂરું ન કરી શકશે. જો તમે ઈચ્છતા હોય તો આ આયત وَظِلٍّ مَّمْدُوْدٍ પઢો." *(મુત્તફક અલયહ બ હવાલએ તિરમિઝી)*

રબીઅ્ બિન અનસે ظِلًّا ظَلِيْلًا (ઝિલ્લન ઝલીલા)ની તફસીરમાં કહ્યું, هُوَظِلُّ الْعَرْشِ الَّذِىْ لَايَزُوْلُ એટલે કે, તે છાંયડો અર્શનો છાંયડો છે, જે ક્યારેય નષ્ટ નહીં થાય.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૫૮–૫૯)

إِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ أَنْ تُؤَدُّوا الْأَمٰنٰتِ إِلٰٓى أَهْلِهَا ۙ وَإِذَا حَكَمْتُمْ بَيْنَ النَّاسِ أَنْ
تَحْكُمُوْا بِالْعَدْلِ ۭ إِنَّ اللّٰهَ نِعِمَّا يَعِظُكُمْ بِهٖ ۭ إِنَّ اللّٰهَ كَانَ سَمِيْعًا بَصِيْرًا ﴿٥٨﴾
يٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا أَطِيْعُوا اللّٰهَ وَأَطِيْعُوا الرَّسُوْلَ وَأُولِي الْأَمْرِ مِنْكُمْ ۚ
فَإِنْ تَنَازَعْتُمْ فِيْ شَيْءٍ فَرُدُّوْهُ إِلَى اللّٰهِ وَالرَّسُوْلِ إِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ
وَالْيَوْمِ الْاٰخِرِ ۭ ذٰلِكَ خَيْرٌ وَّأَحْسَنُ تَأْوِيْلًا ﴿٥٩﴾

તરજુમો :

બેશક ! અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો અમાનતવાળાઓને પહોંચાડી આપો, અને જ્યારે લોકો દરમિયાન ફેંસલો કરવા લાગો તો ન્યાયપૂર્ણ ફેંસલો કરો; બેશક ! અલ્લાહ તમને સારી શિખામણ આપે છે, બેશક ! અલ્લાહ સઘળું સાંભળનારો (અને) સઘળું જોનારો છે. (૫૮) હે ઈમાનવાળાઓ ! અલ્લાહનો હુકમ માનો, અને રસૂલનો હુકમ માનો, અને ઊલિલ્ અમ્ર (શરઈ હાકિમો)નો જે તમારામાંથી હોય; પછી જો કોઈ વસ્તુમાં ઝઘડી પડો તો તેને રુજૂઅ્ કરો અલ્લાહ તરફ અને રસૂલ તરફ જો તમે વિશ્વાસ ધરાવતા હોવ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર; આ વાત સારી છે અને તેનું પરિણામ ઘણું ઉત્તમ છે. (૫૯)

તફસીર :

(હે હુકૂમત કરનારાઓ ! ભલે ઓછા લોકો ઉપર હુકૂમત કરતા હોય કે વધારે લોકો ઉપર) નિઃશંક ! અલ્લાહ તઆલા તમને એ વાતનો હુકમ કરે છે કે, હકવાળાઓને તેમનો હક (જે તમારી જવાબદારી છે) પહોંચાડ્યા કરો અને (તમને) એ (પણ હુકમ આપવામાં આવે છે) કે જ્યારે (તમારા તા'બા હેઠળના) લોકો માટે ફેંસલો કરો (એવા હકો બાબતે જેમાં પ્રરસ્પર એકબીજાની જવાબદારી હોય છે) તો ઈન્સાફથી ફેંસલો કર્યા કરો; બેશક ! અલ્લાહ તઆલા જે વાતોની તમને નસીહત કરે છે તે વાતો ઘણી સારી છે (દુનિયાના આધારે પણ... કે તેમાં

હુકૂમતનું ટકાઉપણુ પણ છે અને આખિરતના આધારે પણ કે તે અલ્લાહની નિકટતા અને સવાબનું કારણ છે) બેશક ! અલ્લાહ તઆલા (તમારા કાર્યોને જે તમારા દ્વારા અમાનત પહોંચાડવામાં તમે કરો છો) ખૂબ સાંભળે છે (અને તમારા કૃત્યોને જે તમારાથી તેના વિશે થાય છે) ખૂબ જુએ છે (તો જો કોઈ ઉણપ કે બેદરકારી કરશો તો જાણી લો કે, તમને સજા આપવામાં આવશે, આ હુકમ તો હાકિમો માટે થયો, આગળ તેમના તા'બા હેઠળના લોકો માટે ઈરશાદ છે કે,) હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહનું કહ્યું માનો અને રસૂલ (ﷺ)નું કહ્યું માનો (અને આ હુકમ તો તમારા અને હાકિમો બંને માટે સમાન છે કે,) તમારા (મુસલમાનો)માં જે લોકો હુકૂમતવાળા છે તેમનું પણ (કહ્યું માનો અને આ હુકમ ખાસ છે તમારા તા'બા હેઠળના લોકો માટે) પછી (એના હુકમોનું અલ્લાહ અને રસૂલ ﷺના હુકમો વિરૂદ્ધ ન જવું હાકિમ અને તા'બા હેઠળના મહકૂમ લોકો માટે સરખું છે, તો) જો (હાકિમોના હુકમોમાંથી) કોઈ બાબતમાં તમે પરસ્પર મતભેદ કરવા લાગો (કે એ અલ્લાહ અને રસૂલ ﷺના કહ્યાના વિરૂદ્ધ છે અથવા નથી) તો (રસૂલ ﷺની હયાતીમાં આપ ﷺને પૂછીને અને આપ ﷺની હયાતી પછી મુજતહિદીન ઈમામો અને ઉલમાએ દીન તરફ રુજૂઅ્ કરીને) આ બાબતને અલ્લાહ(ની કિતાબ) અને રસૂલ (ﷺની સુન્નત)ના હવાલે કર્યા કરો. (અને તે લોકો દ્વારા જેઓ ફત્વો મળે તેના ઉપર હાકિમ અને મહકૂમ-રાજા અને રૈયત બધા જ અમલ કરો), જો તમે અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન ધરાવતા હોય, (કારણ કે ઈમાનનો તકાદો એ જ છે કે, કયામતના દિવસે અલ્લાહ તઆલાની પૂછતાછ તેનો વિરોધ કરનારાઓને થશે, માટે તેનાથી ડરો) આ (જે હુકમો ઉપર વર્ણન થઈ ચૂકયા એટલે કે અલ્લાહની ઈતાઅત, રસૂલની ઈતાઅત અને ઉલમાની ઈતાઅત તથા કોઈપણ વાદ-વિવાદના સમયે કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલ તરફ રુજૂઅ્ કરવું) બધા હુકમો (દુનિયામાં પણ) ઉત્તમ છે અને (આખિરતમાં પણ) તેનું પરિણામ ઘણું સારું છે (કારણ કે, તેનાથી દુનિયામાં શાંતિ અને સલામતી તથા આખિરતમાં છુટકારો પ્રાપ્ત થાય છે).

મસ્અલા અને બોધપાઠ :

આયતનો શા'ને નુઝૂલ (આયત ઉતરવાની પૂર્વભૂમિકા) :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયત નાઝિલ થવાની એક ખાસ ઘટના એ

છે કે, કા'બાની સેવા કરવી ઈસ્લામ પહેલાં પણ ખૂબ મોટી ઈજ્જતનું કામ સમજવામાં આવતું હતું અને જે લોકો બયતુલ્લાહની કોઈ ખાસ સેવા માટે નક્કી થતા હતા, તેઓ સમગ્ર કૌમમાં પ્રિય અને ઊંચા સમજવામાં આવતા હતા. એટલા માટે બયતુલ્લાહની વિવિધ સેવાઓ વિવિધ લોકોમાં વહેંચી નાંખવામાં આવી હતી. અજ્ઞાનતાના કાળમાં પણ હજ્જના દિવસોમાં હાજીઓને ઝમઝમનું પાણી પીવડાવવાની સેવા રસૂલે કરીમ ﷺના કાકા હઝરત અબ્બાસ (રદિ.)ને સોંપવામાં આવી હતી, જે سقايه "સકાયા" કહેવામાં આવતા હતા. આ પ્રમાણેની અમુક સેવાઓ રસૂલે કરીમ ﷺના બીજા કાકા અબૂતાલિબને સોંપવામાં આવી હતી, એ જ પ્રમાણે બયતુલ્લાહની ચાવી રાખવાની અને તેને અમુક ચોક્કસ દિવસોમાં ખોલવા અને બંધ કરવાની જવાબદારી ઉસ્માન બિન તલહા પાસે હતી.

ઉસ્માન બિન તલહાનું પોતાનું નિવેદન છે કે, "અજ્ઞાનતાના કાળમાં અમે સોમવાર અને જુમેરાતના દિવસે બયતુલ્લાહને ખોલ્યા કરતા હતા અને લોકો તેમાં પ્રવેશ પામવાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતા હતા. હિજરત પહેલાં રસૂલે કરીમ ﷺ પોતાના અમુક સહાબા (રદિ.) સાથે બયતુલ્લાહમાં પ્રવેશ માટે આવ્યા, (તે સમય સુધી ઉસ્માન બિન તલહાએ ઈસ્લામ સ્વીકાર કર્યો ન હતો) તેમણે રસૂલે કરીમ ﷺને અંદર જવાથી રોક્યા અને ખૂબ અક્કડતા બતાવી, રસૂલે કરીમ ﷺએ ખૂબ વિનમ્ર રીતે તેમના કઠોર શબ્દોને બરદાસ્ત કર્યા, પછી ફરમાવ્યું, "હે ઉસ્માન ! કદાચ તમે એક દિવસે આ બયતુલ્લાહની ચાવીઓ મારા હાથમાં જોશો, જ્યારે મને અધિકાર હશે કે હું જેને ચાહું તેને સોંપી આપું." ઉસ્માન બિન તલહાએ કહ્યું કે, "જો એવું થશે તો કુરૈશ હલાક અને અપનાનિત થઈ જશે." રસૂલે કરીમ ﷺએ કહ્યું, "નહીં ! તે સમયે કુરૈશ આબાદ અને ઈજ્જતવાળા થઈ જશે." રસૂલે કરીમ ﷺ આવું કહીને બયતુલ્લાહની ભીતર તશરીફ લઈ ગયા, ત્યારબાદ જ્યારે મેં મારા દિલને ટટોળ્યું તો મને વિશ્વાસ થઈ ગયો કે, રસૂલે કરીમ ﷺએ જે કંઈ ફરમાવ્યું છે, તે થઈને રહેશે, મેં તે જ સમયે મુસલમાન થઈ જવાનો ઈરાદો કરી લીધો, પરંતુ મેં મારી કૌમના બદલાયેલા તેવર જોયા, તેઓ બધા સખત રીતે મારી ટીકા કરવા લાગ્યા, એટલા માટે હું મારા ઈરાદાને પૂરો ન કરી શક્યો, જ્યારે મક્કા ફતેહ થયું, તો રસૂલુલ્લાહ ﷺએ મને બોલાવીને બયતુલ્લાહની ચાવી માંગી, મેં રજૂ કરી દીધી."

અમુક રિવાયતોમાં છે કે, ઉસ્માન બિન તલહા ચાવી લઈને બયતુલ્લાહની ઉપર ચઢી ગયા હતા, હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ રસૂલે કરીમ ﷺના હુકમને પૂર્ણ કરવા માટે જબરદસ્તી તેમના હાથમાંથી ચાવી લઈને રસૂલે કરીમ ﷺને આપી દીધી હતી. બયતુલ્લાહમાં પ્રવેશ કરી ત્યાં નમાઝ અદા કર્યા પછી જ્યારે રસૂલે કરીમ ﷺ બહાર આવ્યા તો ચાવી મને પરત આપીને ફરમાવ્યું કે, "લો ! હવે આ ચાવી હંમેશા માટે તમારા ખાનદાન પાસે કયામત સુધી રહેશે, જે વ્યક્તિ આ ચાવી તમારી પાસેથી લેશે તે જાલિમ હશે." હેતુ એ હતો કે કોઈ અન્ય વ્યક્તિનો એ હક નથી કે આ ચાવી તમારી પાસેથી લઈ લે, તેની સાથે જ એ હિદાયત પણ કરી કે, બયતુલ્લાહની સેવાના બદલામાં તમને જે કંઈ માલ મળી જાય તેને શરીઅતના કાયદા પ્રમાણે ઉપયોગ કરો.

ઉસ્માન બિન તલહા કહે છે કે, "જ્યારે હું ચાવી લઈને ખુશી-ખુશી ચાલવા લાગ્યો તો રસૂલે કરીમ ﷺએ ફરી મને અવાજ આપ્યો અને ફરમાવ્યું ! "કેમ ઉસ્માન ! જે વાત મેં તમને કહી હતી તે પૂરી થઈ કે નહીં ?" હવે તે વાત મને યાદ આવી ગઈ જે રસૂલે કરીમ ﷺએ હિજરત પહેલાં મને કહી હતી કે, એક દિવસે તમે આ ચાવી મારા હાથમાં જોશો. મેં વિનંતી કરી કે, "બેશક ! આપ ﷺનું કહ્યું પૂરું થઈને રહ્યું અને તે જ સમયે કલિમો પઢીને હું મુસલમાન થઈ ગયો."

(મઝહરી બ રિવાયત ઈબ્ને સઅદ)

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) ફરમાવે છે કે, "એક દિવસે જ્યારે રસૂલે કરીમ ﷺ બયતુલ્લાહની બહાર આવ્યા, તો આ આયત તેમની જીભ મુબારક ઉપર હતી اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا તે પહેલાં આ આયત મેં ક્યારેય રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળી ન હતી. દેખીતું છે કે, આ આયત તે સમયે કા'બાના વિસ્તારમાં નાઝિલ થઈ હતી, તે જ આયત ઉપર અમલ કરવા માટે રસૂલે કરીમ ﷺએ ફરીવાર ઉસ્માન બિન તલહાને બોલાવીને ચાવી તેમને સોંપી દીધી. કારણ કે, ઉસ્માન બિન તલહાએ આ ચાવી જ્યારે રસૂલે કરીમ ﷺને આપી હતી ત્યારે એવું કહીને આપી હતી કે, હું આ અમાનત આપને સોંપી રહ્યો છું. જો કે, નિયમ પ્રમાણે તેનું આવું કહેવું બરાબર ન હતું બલકે, રસૂલે કરીમ ﷺને દરેક રીતે અધિકાર હતો કે જે ઇચ્છે તે કરે, પરંતુ કુર્આને કરીમના અમાનતના આ હુકમ ઉપર અમલ કરીને રસૂલે કરીમ ﷺએ તે ચાવી ઉસ્માનને

જ પાછી સોંપી દીધી. જ્યારે કે તે સમયે હઝરત અબ્બાસ અને હઝરત અલી (રદિ.) પણ રસૂલે કરીમ ﷺ સામે એ દરખાસ્ત કરી ચૂક્યા હતા કે, જે પ્રમાણે બયતુલ્લાહની સેવા سِقَایَۃ અને سَدَانَۃ અમારી પાસે છે, આ ચાવીની ખિદમત પણ અમને અર્પણ કરવામાં આવે, પરંતુ પ્રસ્તુત આયતના માર્ગદર્શન પ્રમાણે રસૂલે કરીમ ﷺએ તેમની દરખાસ્તને રદ કરીને ચાવી ઉસ્માન બિન તલહાને પાછી આપી." *(તફસીરે મઝહરી)*

આટલે સુધી આયતની પૂર્વભૂમિકા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો અને તેના ઉપર બધા જ સહમત છે કે, આયતો ઊતરવાની કોઈ ચોક્કસ ભૂમિકા એટલે કે શા'ને નુઝૂલ હોય છે પરંતુ હુકમ સર્વસામાન્ય હોય છે, જેની પાબંદી કરવી સમગ્ર ઉમ્મત માટે જરૂરી હોય છે. હવે, તેનો અર્થ અને મતલબ સમજો.

ઈરશાદ છે اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا "અલ્લાહ તઆલા તમને હુકમ કરે છે કે, અમાનતો તેમના હકદારોને પહોંચાડ્યા કરો." આ હુકમનું સંબોધન સામાન્ય મુસલમાનો માટે પણ હોઈ શકે છે અને એ પણ સંભાવના છે કે, આ હુકમ ખાસ કરી અમીરો અને શાસકો કે સત્તાધીશોને સંબોધીને કરવામાં આવ્યો હોય અને વધારે પડતી સંભાવના એ જ છે કે, દરેક તે વ્યક્તિ આ આયતના સંબોધન હેઠળ આવે છે, જે કોઈની અમાનતનો અમાનતદાર હોય, જેમાં સામાન્ય મુસ્લિમો અને શાસકો બધા જ સમાન રીતે સામેલ છે.

અમાનત અદા કરવાની તાકીદ :

આ ઈરશાદનું તાત્પર્ય એ છે કે, જેના હાથમાં કોઈ અમાનત છે, તેના માટે જરૂરી છે કે, આ અમાનત તે તેના હકદારને પહોંચાડી આપે. રસૂલે કરીમ ﷺએ અમાનત પહોંચાડવાની ખૂબ તાકીદ કરી છે. હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે, "ઘણુ ઓછું એવું બન્યું હશે કે રસૂલે કરીમ ﷺએ કોઈ ખુત્બો આપ્યો હોય અને તેમાં આ ઈરશાદ ન ફરમાવ્યો હોય."

لَا اِيْمَانَ لِمَنْ لَا اَمَانَةَ لَهٗ وَلَا دِيْنَ لِمَنْ لَا عَهْدَ لَهٗ (بَيْهَقِىْ فِىْ شُعَبِ الْاِيْمَانِ)

"જેનામાં અમાનતદારી (પ્રામાણિકતા) નથી તેનામાં ઈમાન નથી અને જે વ્યક્તિમાં કરાર (વચન) પૂરો કરવાની વચનબદ્ધતા નથી, તેનામાં દીન નથી."

(આ રિવાયત બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં નકલ કરી છે.)

ખયાનત (અપ્રામાણિકતા) નિફાક (દોગલાપણા)ની નિશાની છે :

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.) અને ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺએ એક દિવસે નિફાકની નિશાનીઓ બતાવતા એક નિશાની એ બતાવી કે, જ્યારે અમાનત તેમની પાસે મૂકવામાં આવે તો ખયાનત કરે."

અમાનતના પ્રકારો :

આ સ્થળે એ બાબત વિચાર કરવા યોગ્ય છે કે, કુર્આને હકીમમાં શબ્દ أَمَٰنَٰتِ "અમાનત" બહુવચનમાં ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં એ ઈશારો છે કે, અમાનત ફક્ત તે નથી કે, કોઈનો માલ કોઈની પાસે રાખ્યો હોય જેને સામાન્ય રીતે અમાનત સમજવામાં આવે છે, બલકે અમાનતના અમુક પ્રકારો પણ છે, જે ઘટના આ આયતના શા'ને નુઝૂલમાં હમણાં વર્ણન થઈ ચૂકી પોતે તેમાં પણ કોઈ માલી અમાનત ન હતી. બયતુલ્લાહની ચાવી કોઈ ખાસ માલ ન હતો બલકે, આ ચાવી બયતુલ્લાહની ખિદમતનો એક ખાસ હોદ્દો અને પ્રતિષ્ઠાનું પ્રતીક હતું.

હુકૂમતના હોદ્દાઓ અલ્લાહની અમાનતો છે :

તેનાથી જાણ થઈ કે, જે હુકૂમતના હોદ્દાઓ છે તે બધા અલ્લાહની અમાનત છે, જેના અમીન તે અધિકારીઓ અને ઑફિસરો છે, જેના હાથમાં સત્તાના સુત્રો હોય છે. તેમના માટે એ જાઈઝ નથી કે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરે અથવા કોઈ હોદ્દો કોઈ એવા વ્યક્તિને સોંપે જે તેની ક્ષમતા અને કાબિલિયત ધરાવતો નથી, બલકે તેના માટે જરૂરી છે કે, દરેક કામ અને દરેક હોદ્દા માટે પોતાની સત્તાના વર્તુળમાં રહીને તેના લાયક વ્યક્તિ શોધે.

કોઈ હોદ્દા ઉપર અક્ષમ વ્યક્તિને બેસાડનાર ધિક્કારપાત્ર છે :

સંપૂર્ણ ક્ષમતા અને સામર્થ્યવાળો કોઈ વ્યક્તિ ન મળે તો જે પણ લોકો ઉપસ્થિત છે તે બધામાં સૌથી વધારે કાબેલ વ્યક્તિ હોય તેને અગ્રિમતા આપવી જોઈએ.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "જે વ્યક્તિને સામાન્ય મુસલમાનોની કોઈ જવાબદારી સોંપવામાં આવી હોય પછી તે વ્યક્તિ કોઈ હોદ્દો

કોઈ વ્યક્તિને ફક્ત દોસ્તી અને સંબંધના કારણે તેની ક્ષમતા (કાબેલિયત) જાણ્યા વિના આપી દે, તેના ઉપર અલ્લાહની લા'નત છે. ન તો તેના ફરજ સ્વીકાર્ય છે અને ન જ નફલ ! એટલે સુધી કે તે જહન્નમમાં દાખલ થઈ જશે."

(જમઉલ ફવાઈદ, પેજ : ૩૨૫)

અમુક રિવાયતોમાં છે કે, જે વ્યક્તિ કોઈ હોદ્દો કોઈ વ્યક્તિને સોંપે, જ્યારે કે, તેને જાણ હતી કે અન્ય વ્યક્તિ આ વ્યક્તિ કરતાં વધારે સક્ષમ અને કાબેલ છે, તો તેણે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺ તથા સમગ્ર મુસલમાન કૌમની ખયાનત કરી. આજે જ્યાં રાજ્ય વ્યવસ્થાની અધોગતિ નજરે પડે છે, તે બધું આ કુર્આનના શિક્ષણને ઉપેક્ષિત કરવાનું જ પરિણામ છે કે, સંબંધો, સિફારસો (ભલામણો) અને લાંચ-રૂશ્વત દ્વારા હોદ્દાઓની નિમણૂક કરવામાં આવે છે, જેનું પરિણામ એ આવે છે કે અયોગ્ય અને અક્ષમ લોકો હોદ્દાઓ ઉપર કબજો જમાવીને અલ્લાહની મખ્લૂકને પરેશાન કરતા રહે છે, જેના કારણે હુકૂમતની સમગ્ર વ્યવસ્થા બરબાદ અને અસ્તવ્યસ્ત થઈ જાય છે.

એટલા માટે રસૂલે કરીમ ﷺની એક હદીષમાં ઈરશાદ છે, اِذَا وُسِّدَ الْاَمْرُ اِلٰى غَيْرِ اَهْلِهٖ فَانْتَظِرِ السَّاعَةَ એટલે કે, "જ્યારે જુઓ કે કાર્યોની જવાબદારી એવા લોકોને સોંપવામાં આવે, જે તે કામ માટે સક્ષમ અને કાબેલ નથી તો (આ ફસાદનો કોઈ ઈલાજ નથી) કયામતની રાહ જુઓ." આ સૂચના સહીહ બુખારીની "કિતાબુલ ઈલ્મ"માં છે.

ખુલાસો એ છે કે, કુર્આને કરીમના શબ્દ اَمٰنٰتُ (અમાનાતુ) બહુવચનમાં દર્શાવીને એ બાજુ ઈશારો કર્યો છે કે, અમાનત ફક્ત એનું નામ નથી, જેમકે કોઈ વ્યક્તિનો માલ અન્ય કોઈ વ્યક્તિ પાસે અમાનત તરીકે મૂકવામાં આવે. બલકે, અમાનતના ઘણા બધા પ્રકારો છે, જેમાં રાજ્ય શાસનના સત્તાધીશોના હોદ્દાઓ પણ સામેલ છે.

એક હદીષમા રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

اَلْمَجَالِسُ بِالْاَمَانَةِ

"મજલિસો અમાનતદારી સાથે થવી જોઈએ."

મતલબ એ છે કે, મજલિસમાં જે (ખાનગી) વાત કહેવામાં આવે તે, તે

મજલિસની અમાનત છે, તેમની પરવાનગી વિના તેને અન્યોને જણાવવું અને તેનો પ્રચાર–પ્રસાર કરવો જાઈઝ નથી.

આ પ્રમાણે એક હદીષમાં છે, اَلْمُسْتَشَارُ مُؤْتَمَنٌ એટલે કે, "જે વ્યક્તિ પાસેથી કોઈ સલાહ–મશવરો લેવામાં આવે તો તે અમાનતદાર છે." તેના માટે જરૂરી છે કે, સલાહ–મશવરો તે જ આપે જે તેના મતે મશવરો લેનાર વ્યક્તિના હિતમાં હોય અને જાણતા હોવા છતાં તેનાથી ઊલટો મશવરો આપી દીધો તો તેણે અમાનતમાં ખયાનત કરી. એ જ પ્રમાણે કોઈએ આપને પોતાની કોઈ ખાનગી રાઝ (રહસ્ય)ની વાત કહી તો તે તેની અમાનત છે, તેની પરવાનગી વિના તે કોઈને કહેવી ખયાનત કરી કહેવાશે. પ્રસ્તુત આયતમાં આ બધી અમાનતોનો હક અદા કરવાની તાકીદ છે.

અહીંયાં સુધી પ્રથમ આયતના શરૂઆતના વાક્યની તફસીર હતી. આગળ પ્રથમ આયતના બીજા વાક્યની તફસીર છે. وَاِذَا حَكَمْتُمْ بَيْنَ النَّاسِ اَنْ تَحْكُمُوْا بِالْعَدْلِ એટલે કે, "જ્યારે તમે લોકોના પરસ્પરના ઝઘડાઓનો ફેંસલો કરવા માંડો તો ન્યાય અને ઇન્સાફની સાથે કર્યા કરો." દેખીતી રીતે આ સંબોધન શાસકો અને સત્તાધીશો માટે છે, જેઓ વાદ–વિવાદ અને ઝઘડાના ફેંસલાઓ કર્યા કરે છે અને તે અનુસંધાને અમુક લોકોએ પ્રથમ વાક્યને પણ શાસકો અને સત્તાધીશો માટે હોવાનું ઠરાવ્યું છે, પરંતુ પ્રથમ વાક્યની જેમ તેમાં પણ એ બાબતની શક્યતા છે કે, અધિકારીઓ, સત્તાધીશો અને સામાન્ય જનસમૂહ બધાના માટે આ સંબોધન એકસમાન છે. કારણ કે, સામાન્ય જનસમૂહના મોટાભાગના વિવાદમાં ઉલઝેલા પક્ષો કોઈ ત્રીજાને લવાદ બનાવી પોતાનો ફેંસલો કરાવ્યા કરતા હોય છે અને તેમાં એ જ પ્રમાણે ઝઘડાઓનો ફેંસલો કરવો સામાન્ય જનસમૂહમાં પણ પ્રચલિત હોઈ શકે છે, પરંતુ એમાં શંકા નથી કે પ્રથમ દૃષ્ટિએ આ બંને વાક્યોનું સંબોધન અધિકારીઓ, શાસકો અને સત્તાધીશો હોવાની જાણ થાય છે, તેમાં એવું કહી શકાય છે કે, તેનું પ્રથમ સંબોધન અધિકારીઓ, શાસકો અને સત્તાધીશો માટે છે અને ત્યારબાદ તેનું સંબોધન દરેક તે વ્યક્તિને પણ લાગુ પડે છે જેની પાસે કોઈની અમાનતો હોય અથવા તો જેને કોઈ વિવાદનો ફેંસલો કરવા માટે લવાદ અથવા મુનસફ બનાવવામાં આવે.

આ વાક્યમાં અલ્લાહ તઆલાએ بَيْنَ النَّاسِ (બયનન્નાસ) ફરમાવ્યું,

بَيۡنَ الۡمُسۡلِمِيۡنَ (બયનલ મુસ્લિમીન) અથવા بَيۡنَ الۡمُؤۡمِنِيۡنَ (બયનલ મુઅ્મિનીન) નથી ફરમાવ્યું, તેમાં ઈશારો કર્યો છે કે, વિવાદોના ફેંસલાઓમાં બધા વ્યક્તિઓ એકસમાન છે, મુસ્લિમ હોય કે ગૈરમુસ્લિમ, દોસ્ત હોય કે દુશ્મન, પોતાના પ્રદેશનો હોય કે વિદેશી, પોતાના રંગ-નસ્‌લ કે ભાષાનો હોય કે અન્ય કોઈ, જ્યારે વિવાદી પક્ષો વચ્ચે ફેંસલો કરે તો તેનો એ ફરજ છે કે, આ બધા જ સંબંધોથી તટસ્થ થઈને નિષ્પક્ષ રીતે જે પણ સત્ય હોય અને જે પણ ન્યાયનો તકાદો હોય તેના ઉપર ફેંસલો કરે.

ન્યાય અને ઇન્સાફ દુનિયાની સલામતીની જામિનગીરી છે :

મતલબ કે, આયતના પ્રથમ વાક્યમાં અમાનત સોંપવાનો હુકમ છે અને બીજા વાક્યમાં ન્યાય અને ઈન્સાફ કરવાનો આદેશ છે, તેમાં અમાનત સોંપવાને અગ્રસ્થાને રાખવાનું કારણ કદાચ એ હોઈ શકે કે, સમગ્ર પ્રદેશમાં ન્યાય અને ઈન્સાફની સ્થાપના અમાનતની જે-તે વ્યક્તિને સોંપણી કર્યા વિના થઈ જ નથી શકતી કે, જેના હાથમાં રાષ્ટ્રનું સુકાન છે, તે પ્રથમ તો અમાનતો હકદારોને સોંપવાની ફરજને સારી રીતે પૂરી કરે. એટલે કે, હુકૂમતના હોદ્દાઓ ઉપર ફક્ત તે લોકોને જ નક્કી કરે જેમનામાં કાર્ય કરવાની ક્ષમતા, કાબેલિયત, અમાનતદારી અને નિષ્ઠા હોય અને તે આ હોદ્દા માટે બિલકુલ યોગ્ય હોય, તેના સિવાય અન્ય કોઈ આ હોદ્દા માટે યોગ્ય ન હોય. મિત્રતા, સંબંધ, સિફારસ અથવા લાંચ-રુશવત દ્વારા આવી નિમણૂકોમાં પક્ષપાત કરવામાં ન આવે. નહિતર પરિણામ એ હશે કે અયોગ્ય, અક્ષમ, ભ્રષ્ટાચારી અને અત્યાચારી લોકો હોદ્દાઓ ઉપર કબજો જમાવી લેશે, પછી જો શાસકો દિલથી પણ એવું ઈચ્છે કે રાષ્ટ્રમાં ન્યાય અને ઈન્સાફ વ્યાપેલો હોવો જોઈએ તો તેમના માટે પણ એવું કરવું અશક્ય થઈ જશે. કારણ કે, આ સત્તાધીશો જ હુકૂમતના હાથ અને પગ છે. જ્યારે તેઓ જ ભ્રષ્ટાચારી અને અયોગ્ય હશે તો ન્યાય અને ઈન્સાફની સ્થાપના કરવાનો કોઈ અન્ય માર્ગ નથી.

આ આયતમાં આ બાબત ખાસ યાદ રાખવા યોગ્ય છે કે, તેમાં અલ્લાહ જલ્લ શા'નુહુએ હુકૂમતના હોદ્દાઓને પણ અમાનત ઠરાવ્યા છે અને તેના દ્વારા સ્પષ્ટ કરી દીધું કે, જે પ્રમાણે અમાનત તેને જ આપવી જોઈએ જે તેનો માલિક છે કોઈ ફકીર, ગરીબ ઉપર દયા ખાઈને કોઈ અન્યની અમાનત તેને આપી દેવી

જાઇઝ નથી અથવા કોઈ સગાં-વહાલાં અથવા મિત્રનો હક અદા કરવા માટે કોઈ વ્યક્તિની અમાનત તેમને આપી દેવી બરાબર નથી. એ જ પ્રમાણે હુકૂમતના હોદ્દાઓ જેની સાથે સામાન્ય જનતાનો સંબંધ હોય છે, તે પણ અલ્લાહની અમાનતોમાંથી છે અને આ અમાનતોના હકદાર ફક્ત તે જ લોકો છે, જેઓ પોતાની ક્ષમતા, નિષ્ઠા અને કાબેલિયત દ્વારા આ હોદ્દા માટેના દા'વેદારોમાં સૌથી શ્રેષ્ઠ હોય અને પ્રમાણિકતા તથા નિષ્ઠાના આધારે કાર્ય કરવા હંમેશા તત્પર રહેતા હોય, તેના સિવાય અન્ય કોઈને આવા હોદ્દાઓ સોંપવા અમાનતમાં ખયાનત કરેલી કહેવાશે.

પ્રાદેશિક અને કેન્દ્રિય વહીવટી વ્યવસ્થાના આધારે હુકૂમતના હોદ્દાઓ સોંપવા એક સૈદ્ધાંતિક ભૂલ છે :

તેની સાથે-સાથે કુર્આને હકીમે આ વાક્ય દ્વારા તે ભૂલને પણ દૂર કરી જે મોટા ભાગના દેશોના બંધારણોમાં હોય છે કે, હુકૂમતના હોદ્દાઓને જે-તે દેશના નાગરિકોનો અધિકાર ઠરાવી દેવામાં આવ્યો અને આ સૈદ્ધાંતિક ભૂલની બીનાએ એવો કાનૂન પણ બનાવવામાં આવે છે કે, હુકૂમતના હોદ્દાઓ વસ્તીના ધોરણે વહેંચવામાં આવશે. દરેક રાજ્ય માટે અમુક કોટા નક્કી કરવામાં આવે છે. એક રાજ્યના કોટામાં બીજા રાજ્યનો વ્યક્તિ મૂકી નથી શકાતો, ભલે તે ગમે તેટલો યોગ્ય અને કાબેલ હોય અને તેના બદલે અયોગ્ય ભ્રષ્ટાચારી વ્યક્તિને કોટા સિસ્ટમના નિયમ પ્રમાણે નિમણૂક આપવામાં આવે છે કારણ કે, તે વ્યક્તિ તે જ રાજ્યનો હોય છે. કુર્આને કરીમે આ બાબતને સ્પષ્ટ એલાન કરીને ફરમાવ્યું કે, હોદ્દાઓમાં આ પ્રમાણે કરવાનો અધિકાર કોઈને નથી બલકે, તે તો અમાનતો છે જે ફક્ત તે અમાનતના હકદારોને જ આપી શકાય છે, ભલે તે કોઈ પણ રાજ્યમાં વસવાટ કરતો હોય. અલબત્ત, કોઈ ખાસ પ્રદેશ અથવા રાજ્યની હુકૂમત માટે તે જ પ્રદેશના વ્યક્તિને અગ્રિમતા આપી શકાય છે કે, તેમાં ઘણી બધી મસ્લિહતો હોય છે, પરંતુ શરત એ છે કે કામની કાબેલિયત, ક્ષમતા અને નિષ્ઠા માટે સંપૂર્ણ સંતોષકારક વ્યક્તિ હોય.

રાજ્ય બંધારણના અમુક પાયાના સિદ્ધાંતો :

એ જ પ્રમાણે આ નાની આયતમાં રાજ્ય બંધારણના અમુક પાયાના સિદ્ધાંતો આવી ગયા, જે નીચે પ્રમાણે છે.

પ્રથમ એ કે, આયતના પહેલો ટૂકડો اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ થી શરૂ કરીને તે તરફ ઈશારો કર્યો કે, વાસ્તવમાં હુકમ તો અલ્લાહ તઆલાનો જ છે, બાદશાહો કે શાસકો બધા જ દુનિયામાં અલ્લાહના હુકમને આધીન જ છે. તેનાથી સાબિત થાય છે કે, રાજ્યનું ખરું શાસન તો એકમાત્ર અલ્લાહનું જ છે.

બીજું એ કે, હુકૂમતના હોદ્દાઓ રાજ્યના બધા નાગરિકોનો હક નથી કે, જેથી તેને વસ્તીના ધોરણે વહેંચવામાં આવે બલકે, અલ્લાહ તઆલા તરફથી આપેલી અમાનત છે, તેના ઉપર યોગ્ય, સક્ષમ અને નિષ્ઠાવાન વ્યક્તિની જ નિમણૂક કરી શકાય છે.

ત્રીજું એ કે, પૃથ્વી ઉપર મનુષ્યનું શાસન ફક્ત એક નાયબ અને અમાનતદારના સ્વરૂપે જ હોય શકે છે, તે શાસક કે શાસકો દેશના કાનૂન બનાવવામાં અલ્લાહના હુકમોનો બંધાયેલા છે. કારણ કે, તે એકમાત્ર અલ્લાહ જ હાકિમે મુતલક સર્વ સત્તાધીશ છે અને આ હુકમો તેણે વહી દ્વારા મનુષ્યને બતાવી દીધા છે.

ચોથું એ કે, શાસકો અને અધિકારીઓની ફરજ છે કે, જ્યારે કોઈ મુકદમો તેમની પાસે આવે તો નસ્લ (જ્ઞાતી), વતન, રંગ, ભાષા એટલે સુધી કે ધર્મ કે, સંપ્રદાયના પક્ષપાત વિના તટસ્થતાથી ઈન્સાફ અને ન્યાયના હકમાં ફેંસલો કરે.

આ આયતમાં રાજ્ય શાસનના પાયાના સિદ્ધાંતો બતાવીને અંતે ઈરશાદ થયો કે, અલ્લાહ તઆલાએ તમને જે નસીહત કરી છે, તે ઘણી જ સારી છે કારણ કે, અલ્લાહ તઆલા દરેક વ્યક્તિનું સાંભળે છે, એટલા માટે તેના બનાવેલા અને બતાવેલા સિદ્ધાંતો એવા છે જે હંમેશા દરેક પ્રદેશમાં અને દરેક યુગમાં અમલ કરવા યોગ્ય હોઈ શકે છે. માનવસર્જિત સિદ્ધાંતો અને બંધારણ ફક્ત પોતાની આસપાસની પરિસ્થિતિ અનુસાર મર્યાદિત હોય છે અને બદલાતા પરિવર્તનોની સાથે તેને બદલવું અનિવાર્ય હોય છે, જે પ્રમાણે પ્રથમ આયતનું સંબોધન શાસકો અને અમીરોને હતું, બીજી આયતનું સંબોધન સામાન્ય જનસમૂહને કરીને ઈરશાદ ફરમાવ્યો કે, "હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહ અને તેના રસૂલની અને પોતાના ઊલૂલ અમ્રની આજ્ઞાનું પાલન કરો."

"ઊલૂલ અમ્ર" કોણ લોકો છે ? :

اُولِی الْاَمْرِ "ઊલૂલ અમ્ર" શાબ્દિક અર્થ પ્રમાણે તે લોકોને કહેવામાં આવે

છે જેમના હાથમાં કોઈ બાબતની વ્યવસ્થા અને વહીવટ હોય, એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ (રહ.), હસન બસરી (રહ.) જેવા કુર્આનના વિવરણકારોએ ઊલૂલ અમ્ર ઉલમા અને ફુકહાને ઠરાવ્યા છે. કારણ કે, તેઓ રસૂલુલ્લાહ ﷺના નાયબ છે અને દીનની વ્યવસ્થા તેમના હાથમાં છે.

મુફસ્સિરીનના એક જુથે જેમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.) પણ સામેલ છે, ફરમાવ્યું કે, "ઊલૂલ અમ્રનો અર્થ શાસકો અને સત્તાધીશો છે, જેમના હાથમાં રાજ્યનો વહીવટ છે."

તફસીરે ઈબ્ને કષીર અને તફસીરે મઝહરીમાં છે કે, "આ શબ્દમાં બંને પક્ષો સામેલ છે, એટલે કે ઉલમા પણ અને શાસકો તથા સત્તાધીશો પણ. કારણ કે, રાજ્ય શાસનનો કારભાર આ બંને પક્ષો સાથે સંકળાયેલો છે."

આ આયતમાં દેખીતી રીતે ત્રણની આજ્ઞાઓનું પાલન કરવાનો હુકમ હતો. અલ્લાહ, રસૂલુલ્લાહ (ﷺ) અને ઊલૂલ અમ્ર. પરંતુ કુર્આનની અન્ય આયતે સ્પષ્ટ કરી દીધું કે, આજ્ઞાપાલન અને તાબે'દારી વાસ્તવમાં માત્ર એક અલ્લાહની જ છે. إِنِ الْحُكْمُ إِلَّا لِلَّهِ પરંતુ તેના હુકમ અને તેના આજ્ઞાપાલનને અમલી સ્વરૂપમાં ચાર વિભાગોમાં વહેંચ્યા છે.

હુકમ અને આજ્ઞાપાલનના ત્રણ સ્વરૂપો :

એક એ છે કે, જે વસ્તુનો હુકમ ખુલ્લમ–ખુલ્લો પોતે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં નાઝિલ કર્યો અને તેમાં કોઈ વિગતની કે સ્પષ્ટતાની આવશ્યકતા નથી, જેમકે કુફ્ર અને શિર્કને એક જઘન્ય અપરાધ સમજવો, એકમાત્ર અલ્લાહની ઈબાદત કરવી, આખિરત અને કયામત ઉપર વિશ્વાસ રાખવો, રસૂલુલ્લાહ ﷺને અંતિમ અને સાચા નબી માનવા, નમાઝ, રોઝહ, ઝકાત અને હજ્જને ફરજ સમજવું. આ બધી એવી બાબતો છે, જે સીધે–સીધી પરવરદિગારના હુકમો છે, તેના ઉપર અમલ કરવો સીધે–સીધી અલ્લાહની ઈતાઅત (આજ્ઞાપાલન) છે.

હુકમોનો બીજો વિભાગ એ છે, જેની વિગતો જાણવા–સમજવા માટે કોઈ સ્પષ્ટતા થવાની ખાસ આવશ્કયતા છે, જેમાં કુર્આને કરીમ ખાસ એક મોઘમ હુકમ આપે છે અને તેની સ્પષ્ટતા અને ખુલાસો નબીએ કરીમ ﷺના હવાલાથી

કરવામાં આવે છે, પછી તે સ્પષ્ટતા અને ખુલાસો રસૂલે કરીમ ﷺ પોતાની હદીષો દ્વારા કરે છે તે પણ એક પ્રકારની વહી જ હોય છે. જો આ સ્પષ્ટતા અને ખુલાસામાં કોઈ ઈજ્તેહાદી ક્ષતિ અથવા ઉણપ રહી જાય છે તો વહી દ્વારા તેની સુધારણા કરવામાં આવે છે અને અંતે રસૂલે કરીમ ﷺના નિવેદનો અને અમલો અલ્લાહ તઆલાના હુકમોનું પ્રતિનિધિત્વ જ હોય છે.

આ પ્રકારના હુકમોની ફરમાંબરદારી પણ જો કે વાસ્તવમાં અલ્લાહ તઆલાની જ ફરમાંબરદારી છે, પરંતુ જાહેર સ્વરૂપે કારણ કે, આ હુકમો ખુલ્લમ-ખુલ્લા કુર્આનના નથી, રસૂલે કરીમ ﷺના મુખ મુબારકથી ઉમ્મતને પહોંચ્યા છે, એટલા માટે તેની ઈતાઅત જાહેર સ્વરૂપે રસૂલે કરીમ ﷺની ઈતાઅત કહેવાય છે, જે વાસ્તવમાં અલ્લાહની જ આજ્ઞાનું પાલન છે. આમ, આ હુકમો અલ્લાહની સાથે ભેગા હોવા છતાં બાહ્ય સ્વરૂપે એક અલગ પ્રકારની હેસિયત ધરાવે છે. એટલા માટે સંપૂર્ણ કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાએ તેની આજ્ઞાઓના પાલન કરવાની સાથે-સાથે રસૂલે કરીમ ﷺના હુકમોને અનુસરવાનો અલગથી હુકમ આપ્યો છે.

હુકમોનો ત્રીજો વિભાગ એ છે કે, જે ન તો કુર્આન શરીફમાં પ્રસ્તુત છે અને ન જ હદીષ શરીફમાં અથવા તો હદીષના સંગ્રહોમાં તેના વિશે વિરોધાભાસી રિવાયતો મળે છે. આવા હુકમોમાં મુજતહિદીન ઈમામો કુર્આન અને સુન્નતોનો આધાર લઈ "નુસૂસ" વડે ચિંતન અને મનન દ્વારા કોઈ મસ્અલાના ઊંચ-નીચની લાભ-મર્યાદાને ધ્યાનમાં રાખી કોઈ હુકમ શોધે છે. આ હુકમોની ઈતાઅત પણ જો કે, વાસ્તવમાં કુર્આન અને સુન્નતના આધાર દ્વારા જ ઉપલબ્ધ કરાવેલ હોવાથી તે પણ અલ્લાહની જ ઈતાઅત છે, પરંતુ બાહ્ય સ્વરૂપના આધારે આ ફિક્હી ફતાવા કહેવાય છે અને ઉલમા સાથે તેનો સંબંધ જો ,વામાં આવે છે.

અને ત્રીજા પ્રકારમાં એવા હુકમો પણ છે, જેમાં કુર્આન અને સુન્નતની રૂએ કોઈ પાબંદી લાગુ પડતી નથી. બલકે, તેમાં અમલ કરનારને અધિકાર છે, જે પ્રમાણે ચાહે કરે, જેને વ્યાખ્યામાં "મુબાહ" કહેવામાં આવે છે. આવા હુકમોમાં વહીવટી વ્યવસ્થા સત્તાધીશો અને શાસકોને સોંપવામાં આવી છે કે, તેઓ પરિસ્થિતિ અનુસાર સર્વ જન હિતાર્થે કોઈ કાયદો બનાવી લોકોને તેના ઉપર ચલાવે. દાખલા તરીકે, કરાચી શહેરમાં પચાસ પોષ્ટ ઑફિસ હોવી જોઈએ ?

અથવા સો પૉલિસ સ્ટેશન હોવા જોઈએ ? રેલવેની વ્યવસ્થા કેવી હોય ? સુધરાઈના કાયદાઓ કેવા હોય ? આ બધું "મુબાહ" હુકમો છે, તેમાં કોઈ વાજિબ અથવા હરામ નથી, બલકે, તે સત્તાધીશો અને શાસકોના અધિકારક્ષેત્રમાં હોય છે. કારણ કે, જો આ અધિકાર સામાન્ય જનતાને આપવામાં આવે તો કોઈ વ્યવસ્થા ચાલી ન શકે. એટલા માટે આ વ્યવસ્થાની જવાબદારી સરકાર ઉપર છે.

પ્રસ્તુત આયતમાં ઊલૂલ અમ્રના આજ્ઞાપાલનમાં આલિમો અને શાસકો બંનેની આજ્ઞાનું પાલન કરવું જરૂરી છે. એટલા માટે આ આયતની રૂએ ફિક્હી મસ્અલાઓમાં ફુક્હાનું અનુસરણ અને વહીવટી બાબતોમાં શાસકો અને સત્તાધીશોનું આજ્ઞાપાલન જરૂરી હોય છે.

આ આજ્ઞાપાલન પણ વાસ્તવમાં અલ્લાહ જલ્લ શા'નુહુના હુકમોની જ ઈતાઅત છે. બાહ્ય સ્વરૂપે આ હુકમો ન તો કુર્આનમાં છે અને ન જ સુન્નતમાં. બલકે, તેનું વર્ણન યા તો ઉલમા તરફથી થયું અથવા તો શાસકો તરફથી. એટલા માટે આ આજ્ઞાપાલનનું ત્રીજુ સ્વરૂપ ભિન્ન પ્રકારનું ઠરાવવામાં આવ્યું છે અને તેને "ઊલૂલ અમ્ર"ની આજ્ઞાનું પાલન કરવાનું નામ આપવામાં આવ્યું છે અને જેવી રીતે કુર્આન અને સુન્નતના હુકમોની તાબે'દારી જરૂરી છે એ જ પ્રમાણે કુર્આન અને સુન્નતની "નુસૂસ" (કુર્આન અને સુન્નતના આધારે જ મુજતહિદો અને નિષ્ણાત ઉલમા દ્વારા કોઈ મસ્અલો પ્રતિપાદિત કરે તેના) દ્વારા ઊલૂલ અમ્રએ સંશોધિત કરેલ હુકમની તાબે'દારી કરવી પણ જરૂરી છે અને આ જ અર્થ ઊલૂલ અમ્રની ઈતાઅત વિશેનો સમજી શકાય છે.

શરીઅત વિરૂદ્ધ કામોમાં શાસકો કે સત્તાધીશોની તા'બેદારી કરવી જાઇઝ નથી :

إِنَّ اللَّهَ يَأْمُرُكُمْ أَنْ تُؤَدُّوا الْأَمٰنٰتِ إِلٰى أَهْلِهَا (الآية) આ આયતમાં અલ્લાહ તઆલાએ જે કામોનો હુકમ કર્યો છે કે, જો તમે લોકો દરમિયાન કોઈ ફેંસલો કરો તો ન્યાય અને ઈન્સાફથી કરો અને તે પહેલાં અલ્લાહ તઆલાએ લોકોને ઊલૂલ અમ્રની આજ્ઞાનું પાલન કરવાનું શિક્ષણ આપ્યું, તેનાથી એ વાત તરફ ઈશારો થાય છે કે, જો સત્તાધીશ ન્યાય અને ઈન્સાફ ઉપર કાયમ ન રહે તો તેની તાબે'દારી કરવી વાજિબ નથી અને જો તે ન્યાય અને ઈન્સાફને છોડીને શરીઅતના વિરૂદ્ધ ફરમાનો બહાર પાડે તો તેમાં સત્તાધીશની આજ્ઞાનું પાલન કરવામાં નહીં આવે.

કારણ કે, રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, لَا طَاعَةَ لِمَخْلُوقٍ فِي مَعْصِيَةِ الْخَالِقِ એટલે કે, "મખ્લૂક (સર્જન)ની એવી તાબે'દારી જાઇઝ નથી જેમાં સર્જનહારની નાફરમાની થતી હોય."

وَإِذَا حَكَمْتُمْ بَيْنَ النَّاسِ اَنْ تَحْكُمُوا بِالْعَدْلِ આ આયતમાં અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો છે કે, "જો તમે લોકો વચ્ચે ફૅસલો કરો તો ન્યાય સાથે કરો," તેનાથી એ બાબતની જાણ થાય છે કે, જો વ્યક્તિ ન્યાય અને ઈન્સાફ કાયમ રાખવાની તાકાત અને ક્ષમતા ન ધરાવતો હોય તો તેણે ન્યાયાધીશ પણ ન બનવું જોઈએ. કારણ કે, ન્યાયયુક્ત હુકમ પણ એક અમાનત છે, જેની સુરક્ષા અશક્ત અને અયોગ્ય વ્યક્તિ કરી શકતો નથી. એટલા માટે જ્યારે હઝરત અબૂઝર (રદિ.)એ રસૂલે કરીમ ﷺને દરખાસ્ત કરી કે, "તમે મને કોઈ સ્થળે સત્તાધીશ (હાકિમ) નક્કી કરી દો," તો રસૂલે કરીમ ﷺએ જવાબમાં ફરમાવ્યું કે,

يَا اَبَاذَرٍّ اِنَّكَ ضَعِيفٌ وَاِنَّهَا اَمَانَةٌ وَاِنَّهَا يَوْمَ الْقِيٰمَةِ خِزْىٌ وَنَدَامَةٌ اِلَّا مَنْ اَخَذَ بِحَقِّهَا

وَاَدَّى الَّذِى عَلَيْهِ فِيْهَا، (رَوَاهُ مُسْلِمٌ بَحَوَالَهءِ مَظْهَرِىْ)

"હે અબૂઝર તમે અશક્ત વ્યક્તિ છો અને હોદ્દો એક અમાનત છે, જેના કારણે કયામતના દિવસે અત્યંત અપમાન અને રૂસ્વાઈ થશે. સિવાય તે વ્યક્તિના જેણે અમાનતનો હક પૂરો કર્યો હોય (એટલે કે તે વ્યક્તિ અપમાનથી બચી જશે)."

ન્યાયી વ્યક્તિ અલ્લાહનો સૌથી પ્રિય બંદો છે :

એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, "ન્યાયી વ્યક્તિ અલ્લાહ તઆલાનો અતિપ્રિય અને સૌથી નિકટ વ્યક્તિ છે અને જાલિમ (અત્યાચારી) અલ્લાહની રહમત અને તેની કૃપાદષ્ટિથી દૂર હોય છે."

એક બીજી હદીષમાં આવે છે કે, "નબીએ કરીમ ﷺએ સહાબા (રદિ.)ને ફરમાવ્યું કે, તમે જાણો છો કે સૌથી પહેલાં અલ્લાહના (અર્શના) છાંયડા નીચે કોણ જશે ? તેમણે જવાબ આપ્યો કે, અલ્લાહ અને રસૂલને જ આ

વાતનું વધારે જ્ઞાન છે, તો પછી રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો કે, આ તે લોકો હશે જેમની સામે જ્યારે સચ્ચાઈ આવી જાય તો તે તરત જ સ્વીકાર કરી લે છે અને જ્યારે તેઓ તમારો ફેંસલો કરે છે તો એવો ન્યાયપૂર્ણ કરે છે જેવો કે, તેમણે પોતાના માટે કર્યો હોય."

ઇજ્તેહાદ અને કયાસ (અનુમાન)ની સાબિતી :

અલ્લાહ તઆલા ફરમાવે છે, فَاِنْ تَنَازَعْتُمْ فِىْ شَىْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَالرَّسُوْلِ આ આયતમાં અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે, "જો તમારામાં કોઈ બાબતમાં વિવાદ અને મતભેદ થઈ જાય તો તમે અલ્લાહ અને રસૂલ ﷺ તરફ રુજૂઅ્ કરો (શરણમાં જાઓ)."

કુર્આન અને સુન્નત તરફ રુજૂઅ્ કરવાના બે સ્વરૂપો છે. એક એ કે, કુર્આન અને સુન્નતના હુકમોને નુસૂસ (સ્પષ્ટ અને ખુલ્લા હુકમો) દ્વારા મેળવવામાં આવે. બીજું સ્વરૂપ એ છે કે, જો નુસૂસ પ્રમાણે હુકમો મૌજૂદ નથી તો તેમાં ચિંતન-મનન અને કયાસ કરીને રુજૂઅ્ કરવામાં આવે. فَرُدُّوْهُ (ફરુદ્દૂહુ)નો શબ્દ સામાન્ય છે, જેમાં બંને સ્વરૂપો સામેલ છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૬૦ થી ૬૪)

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يَزْعُمُوْنَ اَنَّهُمْ اٰمَنُوْا بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ
يُرِيْدُوْنَ اَنْ يَّتَحَاكَمُوْٓا اِلَى الطَّاغُوْتِ وَقَدْ اُمِرُوْٓا اَنْ يَّكْفُرُوْا بِهٖ ؕ وَيُرِيْدُ الشَّيْطٰنُ
اَنْ يُّضِلَّهُمْ ضَلٰلًاۢ بَعِيْدًا ۞ ٦٠ وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا اِلٰى مَآ اَنْزَلَ اللّٰهُ وَاِلَى الرَّسُوْلِ
رَاَيْتَ الْمُنٰفِقِيْنَ يَصُدُّوْنَ عَنْكَ صُدُوْدًا ۞ ٦١ فَكَيْفَ اِذَآ اَصَابَتْهُمْ
مُّصِيْبَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ثُمَّ جَآءُوْكَ يَحْلِفُوْنَ ۖ بِاللّٰهِ اِنْ اَرَدْنَآ اِلَّآ اِحْسَانًا
وَّتَوْفِيْقًا ۞ ٦٢ اُولٰٓئِكَ الَّذِيْنَ يَعْلَمُ اللّٰهُ مَا فِىْ قُلُوْبِهِمْ ۗ فَاَعْرِضْ عَنْهُمْ وَعِظْهُمْ وَقُلْ

لَّهُمْ فِيٓ أَنفُسِهِمْ قَوْلًۢا بَلِيغًا ﴿٦٣﴾ وَمَآ أَرْسَلْنَا مِن رَّسُولٍ إِلَّا لِيُطَاعَ بِإِذْنِ

ٱللَّهِ ۚ وَلَوْ أَنَّهُمْ إِذ ظَّلَمُوٓا أَنفُسَهُمْ جَآءُوكَ فَٱسْتَغْفَرُوا ٱللَّهَ وَٱسْتَغْفَرَ لَهُمُ ٱلرَّسُولُ

لَوَجَدُوا ٱللَّهَ تَوَّابًا رَّحِيمًا ﴿٦٤﴾

તરજુમો :

શું તમે તે લોકોને નથી જોયા જેઓ દા'વો કરે છે કે ઈમાન લાવ્યા છે તેના ઉપર જે તમારા ઉપર ઊતર્યું અને જે તમારાથી પહેલાં ઊતર્યું; ઈચ્છે છે કે કજિયો (ચૂકાદા માટે) તાગૂત (શયતાન) પાસે લઈ જાય, અને તેમને હુકમ થઈ ચૂક્યો છે કે તે (શયતાન)ને ન માને, અને શયતાન ઈચ્છે છે કે તેમને બહેકાવીને દૂર ફેંકી (ગુમરાહીમાં માર્ગ ભટકાવી) દે. (૬૦) અને જ્યારે તેમને કહો કે અલ્લાહના હુકમ તરફ આવો જે તેણે ઉતાર્યું, અને રસૂલ તરફ; તો તમે મુનાફિકો (દંભીઓ)ને જોશો કે તમારાથી ખચકાઈને હટે છે. (૬૧) પછી શું થાય ! જ્યારે કે તેમને મુસીબત પહોંચે પોતાના હાથોના કર્યાથી ! પછી તમારી પાસે અલ્લાહની કસમો ખાતા(-ખાતા) આવે કે અમને તો ફક્ત ભલાઈ અને સુમેળ (કરવા)ની ગરજ હતી. (૬૨) આ તે લોકો છે કે અલ્લાહ જાણે છે જે તેમના દિલોમાં છે, બસ તમે તેમનાથી અજાણ બની જાઓ અને તેમને શિખામણ આપો અને તેમને તેમના હકમાં કામની (અસરકારક) વાત કહો. (૬૩) અને અમે કોઈ રસૂલ નથી મોકલ્યો, પરંતુ એટલા જ માટે કે તેનો હુકમ માને અલ્લાહના કહ્યાથી; અને જો તે લોકો જે વખતે તેમણે પોતાનું બુરું કર્યું હતું, તમારી પાસે આવ્યા હોત, પછી અલ્લાહથી મા'ફી માંગી હોત અને રસૂલે પણ તેમને બખ્શાવ્યા હોત તો અલબત્ત અલ્લાહને મા'ફ કરનારો મહાકૃપાળુ પામ્યો હોત. (૬૪)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ !) શું તમે તે લોકોને નથી જોયા ? જેઓ (જીભથી) દા'વા કરે છે કે તેઓ તે કિતાબ ઉપર પણ ઈમાન રાખે છે જે તમારા ઉપર નાઝિલ કરવામાં આવી (એટલે કે કુર્આન શરીફ) અને તે કિતાબો ઉપર પણ જે

તમારાથી અગાઉ નાઝિલ કરવામાં આવી (એટલે કે તવરાત, કારણ કે તેમાં મુનાફિકોનું વર્ણન છે અને મોટા ભાગના મુનાફિકો યહૂદીઓમાંથી હતા, મતલબ એ કે ફક્ત મૌખિક દા'વો કરે છે કે જે રીતે અમે તવરાતને માનીએ છીએ એ જ પ્રમાણે કુર્આનને પણ માનીએ છીએ, એટલે કે ઇસ્લામના દા'વેદાર છીએ. બલકે, તેમની પરિસ્થિતિ તો એવી છે કે) પોતાના મુકદમા શયતાન પાસે લઈ જવા ઇચ્છે છે (કારણ કે ગેરશરઈ રીતે મુકદમો લઈ જવા માટે તેમને શયતાન શિખવાડે છે, બસ તેના ઉપર અમલ કરવો એવું જ છે જેમકે, શયતાન પાસે કોઈ કજિયાનો ફેંસલો કરાવવા પોતાનો મુકદમો લઈ જવામાં આવે.) જ્યારે કે, (તેના બે પ્રતિબંધિત હુકમો મૌજૂદ છે, એક એ કે) તેમને (શરીઅત તરફથી) એ હુકમ થયો છે કે તે (શયતાન)ને ન માને (એટલે કે માન્યતાઓની દ્રષ્ટિએ અને અમલીકરણ બંનેમાં તેનો વિરોધ કરે) અને (બીજો પ્રતિબંધ એ છે કે) શયતાન (તેમનો એવો દુશ્મન અને બુરું ઇચ્છનાર છે કે) તેમને (સત્ય માર્ગથી) ભટકાવીને ઘણે દૂર સુધી લઈ જવા ઇચ્છે છે (બસ, આ બંને પ્રતિબંધિત બાબતો કે જેનો તકાદો એ છે કે, શયતાનના કહ્યા પર અમલ કરવામાં ન આવે તો પણ આ લોકો તેની સાથે મેળ-મિલાપ રાખે છે) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો, તે હુકમ તરફ જે અલ્લાહ તઆલાએ ફરમાવ્યો છે અને (આવો) રસૂલ (ﷺ) તરફ (કે આપ ﷺ તે હુકમ પ્રમાણે ફેંસલો કરી આપે), તો આપ (ﷺ તે સમયે મુનાફિકોની એવી પરિસ્થિતિ) જોશો કે આપ (ﷺ પાસે આવવા)થી ખચકાય છે, પછી કોઈ મુસીબત આવી પડે છે તેમની હરકતના કારણે જે (આ મુસીબત આવતા પહેલાં) કરી ચૂક્યા હતા (આ હરકત એટલે કે શરીઅતને છોડીને અન્ય સ્થળે પોતાનો મુકદમો લઈ જાય છે અને મુસીબતનો અર્થ જેમકે હત્યા, ખયાનત વગેરે જાહેર થઈ જાય છે અને તે સમયે વિચારમાં પડી જાય છે કે, હવે શું કરવું જેનાથી ઇજ્જત બચી જાય અને તેની પકડ ન થાય ?) પછી (યુક્તિ વિચારીને) તમારી પાસે આવે છે, અલ્લાહની કસમો ખાતા-ખાતા કે (અમે જે અન્ય સ્થળે ફેંસલા માટે ચાલ્યા ગયા હતા તેનાથી) અમારો બીજો કોઈ હેતુ ન હતો એ સિવાય કે (કજિયાના બંને પક્ષો માટે) કોઈ ભલાઈ(નું સ્વરૂપ) નીકળી આવે અને (તેમનામાં) પરસ્પર મેળ-મિલાપ થઈ જાય. (મતબલ એ કે કાનૂન તો શરીઅતનો હક છે, અમે અન્ય સ્થળે શરીઅતને નાહક સમજીને ન ગયા હતા, પરંતુ વાત એમ છે કે, કાનૂની ફેંસલામાં તો હક ધરાવનાર વ્યક્તિને ફેંસલો કરનાર

જતું કરવા માટે કહી શકતો નથી અને પરસ્પરના ફૈંસલામાં મોટે ભાગે જતું કરવામાં જ આવતું હોય છે. એ જ કારણ હતું કે અમે બીજી જગ્યાએ ચાલ્યા ગયા હતા અને કોઈની હત્યાનો બચાવ એવી રીતે કરવામાં આવે છે કે, મરનારના કોઈ કૃત્યનો હવાલો આપવામાં આવે, જેનાથી પોતાના છુટકારાનો હેતુ હતો અથવા હઝરત ઉમર રદિ. પર હત્યાનો દા'વો કરવો પણ હશે, અલ્લાહ તઆલા તેમની આવી તા'વીલો અને યુક્તિઓને જૂઠાડીને ફરમાવે છે કે,) આ તે લોકો છે કે અલ્લાહ તઆલાને ખબર છે જે કંઈ (નિફાક અને કુફ્ર) તેમના દિલોમાં છે (કે તેઓ કુફ્ર અને નિફાકના કારણે શરીઅતના હુકમોને તોડીને અન્ય સ્થળે ફૈંસલા માટે જાય છે અને નક્કી સમયે તેઓ તેની શિક્ષા પણ મેળવી લેશે) બસ, (હિત એમાં જ છે કે) આપ (ﷺ અલ્લાહના જ્ઞાન અને અલ્લાહની પકડને તેમના માટે પૂરતી સમજીને) તેમનાથી અજાણ બની જાઓ (એટલે કે તેમને કંઈ પૂછતાછ ન કરો) અને (પોતાના રિસાલતના હોદ્દાની રૂએ તેના તકાદા પ્રમાણે) તેમને નસીહત કરતા રહો (કે તમે આવી હરકતો છોડી દો) અને તેમને ખાસ તેમની પોતાની જાત(ની સુધારણા) વિશે અસરકારક વેણ કહો. (જેથી તેમના ઉપર હુજ્જત પૂરી થઈ જાય, પછી જો ન માને તો તેઓ જાણે !) અને અમે બધા જ પયગમ્બરોને ખાસ એ જ કારણે મોકલ્યા હતા કે અલ્લાહના હુકમથી (જેમકે રસૂલે કરીમ ﷺની આજ્ઞાપાલનના વિષયમાં ફરમાવવામાં આવ્યું છે) તેમની આજ્ઞાનું પાલન કરવામાં આવે. (બસ, પ્રથમ તો તે લોકો માટે શરૂઆતથી જ આજ્ઞાપાલન કરવું વાજિબ હતું) અને જો (તેમણે નફ્સના ધોકામાં આવીને મૂર્ખામી કરી હતી તો) જે સમયે (આ ગુનોહ કરીને) પોતાનું નુકસાન કરી બેઠા હતા તે સમયે (અફસોસ સાથે) તમારી સેવામાં હાજર થયા હોત પછી (હાજર થઈને) અલ્લાહ તઆલા પાસે (પોતાના ગુનાહોની) મા'ફી માંગી હોત અને રસૂલ (ﷺ)એ (પણ) તેમના માટે અલ્લાહ તઆલા પાસે મા'ફી માંગી હોત.... તો અલ્લાહ તઆલાને તેમણે જરૂર તવબહ સ્વીકાર કરનારો અને દયાળુ પામ્યો હોત, (એટલે કે અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી તેમની તવબહ કબૂલ કરી લીધી હોત !).

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ : પ્રથમ આયતમાં બધા જ વ્યવહારોને અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે પૂરા કરવાનો હુકમ હતો, આગળની આ આયતોમાં શરીઅત

વિરૂદ્ધના કાયદાઓ તરફ પોતાના મુકદમાના ફેંસલાઓ માટે જવાની ટીકા કરવામાં આવી છે.

આયતોનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) :

આ આયતો નાઝિલ થવાની એક ખાસ ઘટના છે, જેની વિગત એ છે કે, બશર નામનો એક મુનાફિક હતો, તેને એક યહૂદી સાથે ઝઘડો થઈ ગયો. યહૂદીએ કહ્યું, "ચાલ મુહમ્મદ (ﷺ) પાસે ! તેમની પાસે ફેંસલો કરાવીએ." પરંતુ બશર મુનાફિકે તેનો સ્વીકાર ન કર્યો બલકે, કઅ્બ બિન અશરફ યહૂદી પાસે જવાની અને તેની પાસે ફેંસલો કરાવવાની ભલામણ રજૂ કરી. કઅ્બ બિન અશરફ યહૂદીઓનો સરદાર અને રસૂલે કરીમ ﷺ તથા મુસલમાનોનો સખત દુશ્મન હતો. આ આશ્ચર્યની વાત હતી કે યહૂદીએ તો પોતાના સરદારને છોડીને રસૂલે કરીમ ﷺ પાસે ફેંસલો કરાવવાનું પસંદ કર્યું અને પોતાને મુસલમાન કહેનારા બશરે રસૂલે કરીમ ﷺના બદલે યહૂદી પાસે ફેંસલો કરાવવાની તજવીજ હાથ ધરી, પરંતુ એમાં રહસ્ય એ હતું કે તે બંનેને એ બાબતનું યકીન હતું કે, રસૂલે કરીમ ﷺ સાચો અને ન્યાયપૂર્ણ ફેંસલો કરશે, તેમાં કોઈને પક્ષપાત કે ગેરસમજની શંકા નહીં હોય અને કારણ કે આ ઝઘડામાં યહૂદી હક પર હતો એટલા માટે તેને પોતાના સરદાર કઅ્બ બિન અશરફ કરતાં વધારે ભરોસો રસૂલે કરીમ ﷺ ઉપર હતો અને બશર મુનાફિક ખોટો હતો, સચ્ચાઈ ઉપર ન હતો. એટલા માટે જાણતો હતો કે રસૂલે કરીમ ﷺનો ફેંસલો મારા વિરૂદ્ધ થશે, ભલે મને મુસલમાન કહેવામાં આવે છે.

પરસ્પર વાતચીત પછી આ બંનેએ એવો નિર્ણય કર્યો કે, બંને એ બાબત ઉપર રાજી થાય કે રસૂલે કરીમ ﷺ પાસે હાજર થઈને તેમની પાસે જ પોતાના મુકદમાનો ફેંસલો કરાવે. મુકદમો રસૂલે કરીમ ﷺ પાસે પહોંચ્યો, રસૂલે કરીમ ﷺએ ઘટનાની ઊલટ તપાસ કરી, તો જોયું કે યહૂદી સાચો હતો એટલા માટે તેના હકમાં ફેંસલો કરી દીધો અને બશર જે જાહેરમાં તો મુસલમાન હતો તે નિષ્ફળ ગયો. એટલા માટે તે આ ફેંસલા ઉપર રાજી ન થયો અને તેણે એક નવો રસ્તો કાઢ્યો અને કોઈ પણ રીતે તેણે યહૂદીને એ વાત ઉપર રાજી કરી લીધો કે, આપણે ઉમર બિન ખત્તાબ (રદિ.) પાસે ફેંસલો કરાવવા જઈએ. યહૂદીએ તેનો પણ સ્વીકાર કરી લીધો, એમાં રહસ્ય એ હતું કે બશર એવું સમજતો હતો કે

હઝરત ઉમર (રદિ.) કાફિરો વિશે ઘણા કડક છે, તે યહૂદીના હકમાં ફેંસલો આપવના બદલે મારા હકમાં જ ફેંસલો કરશે.

મતલબ કે, આ બંને હઝરત ઉમર ફારૂક (રદિ.) પાસે પહોંચ્યા, યહૂદીએ હઝરત ઉમર ફારૂક (રદિ.) સામે સમગ્ર ઘટના વર્ણન કરી કે, "અમે મુકદમાનો ફેંસલો રસૂલુલ્લાહ ﷺ પાસે કરાવી ચૂક્યા છે, પરંતુ આ વ્યક્તિને તેના ઉપર સંતોષ નથી અને આપની પાસે મુકદમો લઈને આવ્યો છે."

હઝરત ઉમર (રદિ.)એ બશરને પૂછ્યું કે, "શું આ વાત સાચી છે ?" તેણે સ્વીકાર કર્યો. હઝરત ઉમર ફારૂક (રદિ.)એ ફરમાવ્યું, "ઊભા રહો હું આવું છું." ઘરમાં ગયા અને એક તલવાર લઈને આવ્યા અને તે મુનાફિકનું ઢીમ ઢાળી દીધું. "જે વ્યક્તિ રસૂલ ﷺના ફેંસલા ઉપર રાજી ન થાય તેનો આ જ ફેંસલો છે."

(આ કિસ્સો રૂહુલ મઆનીમાં થોઅ્લબીથી અને ઈબ્ને અબી હાતિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિ.થી નકલ થયો છે)

મુફસ્સિરોએ તેમાં એ પણ લખ્યું છે કે, હઝરત ઉમરના હાથે માર્યા ગયેલા મુનાફિકના વારસદારોએ હઝરત ઉમર (રદિ.) વિરૂદ્ધ એવો દા'વો પણ કર્યો કે, તેમણે એક મુસલમાનને કોઈ શરઈ દલીલ વિના મારી નાંખ્યો છે અને તેને મુસલમાન સાબિત કરવા માટે તેના કુફ્રની મૌખિક અને અમલી દલીલો તથા તા'વીલો રજૂ કરવામાં આવી. પ્રસ્તુત આયતમાં અલ્લાહ તઆલાએ મા'મલાની અસલ વાસ્તવિકતા અને તે માર્યા ગયેલાને મુનાફિક જાહેર કરીને હઝરત ઉમર (રદિ.)ને આરોપથી મુક્ત કરી દીધા.

આ વિશે અમુક અન્ય બીજી ઘટનાઓ પણ ઘટી છે, જેમાં અમુક લોકોએ શરઈ ફેંસલો છોડીને કોઈ જ્યોતિષ અથવા નુજૂમીના ફેંસલાનો સ્વીકાર કર્યો હતો. હોઈ શકે છે કે, પ્રસ્તુત આયતો તે બધાના સંદર્ભમાં પણ નાઝિલ થઈ હોય.

આ આયતની તફસીર જુઓ, પહેલી આયતમાં ઈરશાદ થયો કે, આ વ્યક્તિને જુઓ કે તે એવો દા'વો કરે છે કે.... હું પાછલી કિતાબો તવરાત અને ઈન્જીલ ઉપર ઈમાન લાવ્યો હતો અને જે કુર્આન રસૂલે કરીમ ﷺ પર નાઝિલ કરવામાં આવ્યું તેના ઉપર પણ ઈમાન લાવું છું. એટલે કે, પ્રથમ અહલે કિતાબમાં સામેલ હોવું ફક્ત મૌખિક દા'વો હતો, દિલમાં તો કુફ્ર જ ભરેલું હતું,

પછી મુસલમાનોમાં સામેલ થઈ ગયો, પરંતુ આ મુસલમાનોમાં સામેલ થવું પણ ફક્ત મૌખિક દા'વો હતો, દિલમાં તે જ કુફ્ર ભરેલું હતું, જેની જાહેરાત ઝઘડાના સમયે એ પ્રમાણે થઈ ગઈ છે કે, રસૂલે કરીમ ﷺને છોડીને યહૂદીઓના સરદાર કઅ્બ બિન અશરફ પાસે પોતાનો મુકદ્દમો રજૂ કરવાની યોજના હાથ ધરી અને ત્યાર પછી રસૂલે કરીમ ﷺએ જ્યારે એક સ્પષ્ટ અને ખુલ્લો ફેંસલો આપી દીધો તો તેના ઉપર રાજી ન થયો.

શબ્દ طَاغُوْتُ "તાગૂત"નો શાબ્દિક અર્થ "સરકશી કરવી" થાય છે અને તે ઈસ્લામિક પરિભાષામાં "શયતાન"ને કહેવામાં આવે છે. આ આયતમાં કઅ્બ બિન અશરફ સામે જે મુકદ્દમો લઈ જવાને શયતાન તરફ લઈ જવાનું ઠરાવવામાં આવ્યું છે, અથવા તો તે કારણથી કે કઅ્બ બિન અશરફ પોતે એક શયતાન હતો અથવા તો એ કારણથી કે શરીઅતનો ફેંસલો છોડીને શરીઅત વિરૂદ્ધ ફેંસલો કરાવવા માટે જવું શયતાનનું જ શિક્ષણ હોઈ શકે છે, તેની તાબે'દારી કરનારો તેના જેવો જ છે અને તેની પાસે પોતાનો મુકદ્દમો લઈ જનાર જાણે કે શયતાન પાસે જ પોતાનો મુકદ્દમો લઈ જઈ રહ્યો છે. એટલા માટે આયતના અંતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, જે વ્યક્તિ શયતાનની પૈરવી કરશે તો શયતાન તેને દૂર સુધી ગુમરાહીમાં ભટકાવી દેશે.

બીજી આયતમાં બતાવવામાં આવ્યું કે, પરસ્પર કજિયા અને વિવાદના સમયે રસૂલે કરીમ ﷺના શરઈ ફેંસલાઓથી મતભેદ કરવો કોઈ મુસલમાનનું કામ હોઈ જ નથી શકતું, એવું કામ કરનારો મુનાફિક જ હોઈ શકે છે અને જ્યારે આ મુનાફિકનું કુફ્ર ખુલ્લમ-ખુલ્લું અમલી રીતે જાહેર થઈ ગયું કે, રસૂલે કરીમ ﷺના ફેંસલા ઉપર રાજી ન થયો અને તેથી જ ફારૂકે આ'ઝમ (રદિ.)એ તેને માર્યો તે બરાબર હતું. કારણ કે, હવે તે મુનાફિક મટીને મુર્તદ કાફિર બની ગયો હતો. એટલા માટે ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે કે, "આ લોકો એવા છે કે જ્યારે એમને કહેવામાં આવે છે કે, આવી જાઓ તે હુકમ તરફ જે અલ્લાહ તઆલાએ ઊતાર્યું છે અને તેના રસૂલ (ﷺ) તરફ ! તો આ મુનાફિકો આપ ﷺ તરફ આવવાથી અટકી જાય છે."

ત્રીજી આયતમાં એ તા'વીલો બાતિલ અને ગલત હોવાનું સ્પષ્ટ કરવામાં

આવ્યું છે કે, જે કોઈપણ વ્યક્તિ શરીઅતના ફેંસલાને છોડીને ગૈરશરઈ ફેંસલા તરફ પોતાના મુકદ્દમાને રજૂ કરે છે, તેઓ પોતાના આ કૃત્યને ન્યાયી સાબિત કરવા માટે એવો ખુલાસો કરતા ફરે છે કે, "અમે રસૂલુલ્લાહ ﷺને નાહક અને અન્યાયી સમજીને તેમના ફેંસલાને છોડી નથી દીધો અને અન્યોના ફેંસલાઓને સાચો સમજીને અપનાવી નથી લીધો પરંતુ અમુક મસ્લિહતોના કારણે અમે આવું કર્યું. દાખલા તરીકે, એ મસ્લિહત હતી કે રસૂલે કરીમ ﷺની પાસે તો કાયદા પ્રમાણે ફેંસલો થયો હોત, જેમાં પરસ્પર બાંધછોડ કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત ન થયો હોત, પરંતુ અમે અમારા મુકદ્દમાને અન્ય સ્થળે એટલા માટે લઈને ગયા કે, પરસ્પર બંને પક્ષોમાં કોઈ સમાધાન કરવાનું અથવા જતું કરવાનું સ્વરૂપ નીકળી આવે અને બંને પક્ષોમાં સમાધાન કરાવી દેવામાં આવે."

આવી તા'વીલો આ લોકોએ એવા સમયે રજૂ કરી જ્યારે કે, તેમની ગુપ્ત વાતો જાહેર થઈ ગઈ અને તેમના મનની ગંદકી અને નિફાક સ્પષ્ટ થઈ ગયો અને તેમનો એક વ્યક્તિ હઝરત ઉમર (રદિ.)ના હાથે માર્યો ગયો. મતલબ કે, જ્યારે તેમના ખરાબ કૃત્યોના પરિણામે તેમના ઉપર અપમાન અને હત્યાની મુસીબત આવી પડી તો કસમો ખાઈ-ખાઈને તા'વીલો કરવા લાગ્યા અને જાત-જાતની યુક્તિઓથી આ બાબતનો બચાવ કરવા લાગ્યા. અલ્લાહ તઆલાએ આ આયતમાં સ્પષ્ટ ફરમાવી દીધું કે, તે પોતાની કસમો અને ખુલાસામાં જૂઠા છે, તેમણે જે કંઈ પણ કર્યું પોતાના કુફ્ર અને નિફાકના કારણે કર્યું છે. ઈરશાદ ફરમાવ્યો કે, "જ્યારે તેમના ઉપર કોઈ ખરાબ કૃત્યોના પરિણામે કોઈ મુસીબત આવી પડે છે દાખલા તરીકે, ખયાનત અને નિફાક જાહેર થવાથી અપમાન થયું અથવા તેના પરિણામે હત્યાની ઘટના બની, તો એવા સમયે આ લોકો રસૂલે કરીમ ﷺ પાસે કસમો ખાતા-ખાતા આવે છે (અને કહે છે), અમારું તમને છોડીને અન્યો પાસે પોતાના મુકદ્દમાને લઈ જવાનું કારણ કુફ્ર અથવા તમારા ફેંસલાને નાહક સમજવું ન હતું બલકે, અમારો મુકદ્દમો ભલાઈ અને મેળ-મિલાપ માટે હતો. એટલે કે, બંને પક્ષો માટે કોઈ ભલાઈ અને સુલેહનો રસ્તો શોધવાનો અમારો હેતુ હતો."

ચોથી આયતમાં તેનો જવાબ આવ્યો છે કે, તેમના દિલોમાં જે કુફ્ર અને નિફાક છે અલ્લાહ તઆલા તેનાથી ખૂબ સારી રીતે વાકેફ છે અને તેમની તા'વીલો

તથા કસમો જૂઠી છે. એટલા માટે હે રસૂલ (ﷺ) તમે તેમના ખુલાસાઓનો સ્વીકાર ન કરો અને હઝરત ઉમર (રદિ.) વિરૂદ્ધ દા'વાઓ કરનારના દા'વાઓને રદ કરો. કારણ કે, આ મુનાફિકનું કુફ્ર સ્પષ્ટ અને જાહેર થઈ ચૂક્યું હતું.

ત્યારબાદ ફરમાવ્યું કે, આ મુનાફિકોને પણ હે રસૂલ (ﷺ) તમે ભલાઈની વાતો અને નસીહત કરતા રહો જે એમના દિલો ઉપર અસર કરે એટલે કે, આખિરતનો ડર અપાવીને તેમને નિખાલસતાથી ઈસ્લામનું આમંત્રણ આપો અથવા ન્યાયપૂર્ણ રીતે દુનિયાની સજાનું વર્ણન કરો કે, જો તમે નિફાકને છોડશો નહીં તો જે સમયે તમારો નિફાક (દોગલાપણું) જાહેર થઈ જશે તો તમારો પણ એ જ અંજામ થશે જે બશર મુનાફિકનો થયો હતો.

પાંચમી આયતમાં પ્રથમ તો એક સર્વસામાન્ય નિયમ બતાવવામાં આવ્યો કે, અમે જે રસૂલ ﷺને મોકલ્યા તે એટલા માટે મોકલ્યા કે, બધા જ લોકો અલ્લાહના ફરમાન પ્રમાણે તેમના હુકમોનું પાલન કરે, તો તેનું પરિણામ અવશ્ય એ આવશે કે જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺના હુકમોનો વિરોધ કરે તો તેમની સાથે કાફિરો જેવો જ વ્યવહાર કરવામાં આવશે. એટલા માટે હઝરત ઉમર ફારૂક (રદિ.)એ જે અમલ કર્યો તે સહીહ હતો. ત્યારબાદ તેમની ભલાઈ માટેનો મશવરો આપવામાં આવ્યો છે કે, આ લોકો ખોટી-ખોટી તા'વીલો અને ખુલાસાઓ તથા જૂઠી કસમોના બદલે પોતાના ગુનાહનો સ્વીકાર કરી લે અને રસૂલે કરીમ ﷺ પાસે હાજર થઈને પોતે પણ અલ્લાહ તઆલાથી મા'ફી માંગે અને રસૂલે કરીમ ﷺ પણ તેમની મા'ફીની દુઆ કરે તો અલ્લાહ તઆલા ચોક્કસ તેમની દુઆનો સ્વીકાર કરી લેશે.

આ સ્થળે તવબહના સ્વીકાર માટે રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થવાની અને પછી રસૂલે કરીમ ﷺની મગફિરતની દુઆ કરવાની શરત કદાચ એટલા માટે છે કે, તે લોકોએ રસૂલે કરીમ ﷺના નુબુવ્વતના હોદ્દા ઉપર હુમલો કર્યો હતો અને રસૂલે કરીમ ﷺના ફેંસલાને ઉપેક્ષિત કરીને તેમને પીડા પહોંચાડી હતી. એટલા માટે તેમના ગુનાહની તવબહ માટે રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજરી આપવી અને રસૂલુલ્લાહ ﷺ દ્વારા અલ્લાહ પાસે મા'ફી માંગવાની શરત કરવામાં આવી છે.

આ આયત જો કે, તે ખાસ ઘટનાના સંદર્ભમાં મુનાફિકો વિશે નાઝિલ થઈ છે, પરંતુ તેના શબ્દોનો એક સામાન્ય સિદ્ધાંત એ પણ છે કે, જે વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થઈ જાય અને રસૂલે કરીમ ﷺ તેના માટે મગફિરતની દુઆ કરે તો તેની મગફિરત જરૂર થઈ જશે અને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજરી જેમકે રસૂલે કરીમ ﷺની દુનિયાની જિંદગીમાં થઈ શકતી હતી, એ જ પ્રમાણે આજે પણ રોઝએ અકદસ પર હાજરી આપવી આ જ હુકમમાંથી છે.

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ ફરમાવ્યું કે, "અમે રસૂલુલ્લાહ ﷺને દફન કરીને ફારિગ થયા તો તેના ત્રણ દિવસ પછી એક ગામડિયો આવ્યો અને કબર પાસે આવીને પડી ગયો તથા ખૂબ આક્રંદ કરવા લાગ્યો, રડતાં-રડતાં એ આયતનો હવાલો આપીને તેણે વિનંતી કરી, જેમાં અલ્લાહ તઆલાએ એ બાબતનો વાયદો કર્યો છે કે, જો ગુનેહગાર રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ઉપસ્થિત થઈ જાય અને રસૂલુલ્લાહ ﷺ તેના માટે મગફિરત (મા'ફી)ની દુઆ કરી આપે તો તેની મગફિરત થઈ જશે. એટલા માટે હું રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો છું કે, રસૂલે કરીમ ﷺ મારા માટે મગફિરતની દુઆ કરો! તે સમયે જે લોકો ઉપસ્થિત હતા તેમનું નિવેદન છે કે, તેના જવાબમાં રોઝએ અકદસમાંથી એ અવાજ આવ્યો قَدْ غُفِرَ لَكَ (કદ્દ ગુફિ-ર લ-ક) એટલે કે, "મગફિરત કરવામાં આવી." *(બહરે મુહીત)*

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૬૫)

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتَّىٰ يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوا فِي

أَنفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوا تَسْلِيمًا ﴿٦٥﴾

તરજુમો :

બસ, કસમ છે તારા પરવરદિગારની! તેઓ મો'મિન ન થશે ત્યાં સુધી કે તમને જ ફૈસલો કરનાર (મુનસિફ) જાણે તે ઝઘડામાં જે તેમના દરમિયાન ઊભા થાય, પછી પોતાના દિલોમાં તમારા ફૈસલાથી કોઈ તંગી (ખોટ) ન પામે અને (સંપૂર્ણ) ખુશીથી સ્વીકારી લે. (૬૫)

તફસીર :

પછી કસમ છે તમારા પરવરદિગારની ! તે લોકો (જેઓ ફક્ત મૌખિક રીતે ઈમાનને જાહેર કરતા ફરે છે, તેઓ અલ્લાહ પાસે) કદાપિ ઈમાનવાળા ન થશે જ્યાં સુધી એ વાત ન બને કે તેમના પરસ્પર જે ઝઘડાઓ ઉપસ્થિત થાય તેમાં આ લોકો આપ (ﷺ) પાસે (અને જો આપ ﷺ ન હોય તો આપ ﷺની શરીઅત પ્રમાણે) ફેંસલો કરાવે, પછી (જ્યારે આપ ﷺ ફેંસલો કરી આપે તો) તેઓ આપ (ﷺ)ના ફેંસલાથી પોતાના દિલોમાં કોઈ (ઇન્કારની) ખોટ ન લાવે અને (તે ફેંસલાને) સંપૂર્ણ રીતે (જાહેરમાં અને દિલથી પણ) સ્વીકારી (અપનાવી) લે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં રસૂલુલ્લાહ ﷺની શ્રેષ્ઠતા અને તેમના ઉચ્ચ સ્થાનને જાહેર કરવાની સાથે-સાથે રસૂલે કરીમ ﷺની આજ્ઞાનું પાલન કરવા માટે જે અનેક કુર્આનની આયતો આવી છે તે બધી આયતોનો સ્પષ્ટ ખુલાસો વર્ણન કરવામાં આવ્યો છે. આ આયતમાં અલ્લાહ તઆલા કસમ ખાઈને ફરમાવે છે કે, કોઈ વ્યક્તિ તે સમય સુધી મો'મિન અથવા મુસલમાન નથી બની શકતો જ્યાં સુધી કે તે રસૂલે કરીમ ﷺનો હૃદયથી સંતોષપૂર્વક સંપૂર્ણ સ્વીકાર ન કરી લે કે, તેમના દિલમાં પણ રસૂલે કરીમ ﷺએ કરેલા ફેંસલા વિશે કોઈ ખોટ ન હોય.

રસૂલુલ્લાહ ﷺ રસૂલ સ્વરૂપે પોતે ઉમ્મતના શાસક અને દરેક ઊભા થતા વિવાદના ફેંસલો કરનાર ન્યાયધીશની જવાબદારી ધરાવે છે. રસૂલે કરીમ ﷺની હુકૂમત અને તેમનો ફેંસલો કોઈ લવાદ બનાવવા ઉપર અવલંબિત નથી. અત્રે આ આયતમાં મુસલમાનોને હકમ (લવાદ) બનાવવાની પ્રેરણા એટલા માટે આપવામાં આવી છે કે, હુકૂમતના નક્કી કરેલા ન્યાયધીશો અને તેમના ફેંસલાઓ ઉપર ઘણા લોકોને સંતોષ નથી હોતો જેટલો સંતોષ અને વિશ્વાસ પોતે નક્કી કરેલા લવાદ ઉપર હોય છે, પરંતુ રસૂલે કરીમ ﷺ ફક્ત ન્યાયાધીશ જ નથી બલકે, "રસૂલે મા'સૂમ" પણ છે, "રહમતુલ્લિલ્ આલમીન" પણ છે, સમગ્ર ઉમ્મતના દયાળુ બાપ ﷺ પણ છે. તેમણે એવું શિક્ષણ આપ્યું છે કે, જ્યારે પણ કોઈ બાબતમાં અથવા સમસ્યામાં પરસ્પર વિવાદ ઊભો થાય તો બંને પક્ષોનો

ફરજ છે કે, રસૂલે કરીમ ﷺને લવાદ અને ન્યાયાધીશ બનાવી પોતાનો ફેંસલો કરાવે અને પછી તેમના ફેંસલાને સંપૂર્ણ ખુશીથી દિલથી સ્વીકારે અને અમલ કરે.

વિવાદ અને કજિયામાં રસૂલે કરીમ ﷺને લવાદ બનાવવા તેમની હયાતી સુધી મર્યાદિત નથી. :

મુફસ્સિરો (વિવરણકારો)એ ફરમાવ્યું છે કે, કુર્આનના ફરમાનો ઉપર અમલ કરવો માત્ર રસૂલે કરીમ ﷺની હયાતીના સમયગાળા માટે જ નથી બલકે, તેમના પછી તેમની પવિત્ર શરીઅતનો ફેંસલો તે પોતે રસૂલે કરીમ ﷺનો ફેંસલો છે. એટલા માટે આ હુકમ કયામત સુધી આ જ પ્રમાણે લાગુ પડે છે, જેમકે રસૂલે કરીમ ﷺના યુગમાં પોતે તેઓ પ્રત્યક્ષ રીતે ફેંસલો કરતા હતા અને તેમના પછી શરીઅતના ફેંસલાને અપનાવવામાં આવે તો વાસ્તવમાં તે રસૂલે કરીમ ﷺના ફેંસલાને અપનાવ્યો જ કહેવાશે.

અમુક મહત્ત્વના મસ્અલાઓ :

પ્રથમ એ કે, તે વ્યક્તિ મુસલમાન નથી જે પોતાના વિવાદ અને ઝઘડાઓના બધા જ મુકદ્દમાઓમાં રસૂલે કરીમ ﷺના ફેંસલાઓ ઉપર સંતોષ ન પામે. કારણ એ છે કે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ તે વ્યક્તિને મારી નાંખ્યો હતો જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺના ફેંસલા ઉપર રાજી ન થયો અને પછી પોતાના કજિયાને હઝરત ઉમર ફારૂક (રદિ.) પાસે લઈ ગયો. આ મરનારના વારસદારોએ રસૂલે કરીમ ﷺની અદાલતમાં હઝરત ઉમર ફારૂક (રદિ.) વિરુદ્ધ દા'વો કર્યો કે, તેમણે એક મુસલમાનની વિના કારણે હત્યા કરી છે. જ્યારે રસૂલે કરીમ ﷺની સેવામાં ગવાહો રજૂ થયા તો તેમના મુખ મુબારકથી આ શબ્દો આપોઆપ સરી પડ્યા مَاكُنْتُ اَظُنُّ اَنَّ عُمَرَيَجْتَرِءُ عَلٰى قَتْلِ رَجُلٍ مُّؤْمِنٍ એટલે કે, "મને આશા ન હતી કે, ઉમર કોઈ મો'મિન પુરૂષની હત્યા કરવાની હિંમત કરે!" તેનાથી સાબિત થયું કે, સર્વોચ્ચ ન્યાયાધીશ પાસે જો કોઈ પોતાના હાથ નીચેના નાયબ ન્યાયાધીશ અથવા ફેંસલાની અપીલ કરવામાં આવે તો તેને પોતાના નાયબ ન્યાયાધીશના પક્ષપાતથી બચીને તટસ્થ રીતે ફેંસલો કરવો જોઈએ. જેમકે આ ઘટનામાં આયત નાઝિલ થતા પહેલાં રસૂલે કરીમ ﷺએ હઝરત ઉમર (રદિ.)ના ફેંસલા ઉપર નારાજગી દર્શાવી હતી, પછી જ્યારે આ આયત નાઝિલ

થઈ તો વાસ્તવિકતા જાહેર થઈ ગઈ કે, આ આયતની રૂએ તે વ્યક્તિ મો'મિન જ ન હતો.

બીજો મસ્અલો આ આયતથી એ પ્રતિપાદિત થાય છે કે, શબ્દ فِيْمَا شَجَرَ (ફીમા શજર) ફક્ત વ્યવહાર અને અધિકારો સાથે સંબંધ નથી ધરાવતો બલકે, અકીદહ (માન્યતાઓ), વિચારસરણી અને અન્ય ઈસ્લામિક વિચારસરણી આધારિત પાયાના મસ્અલાઓ માટે પણ જરૂરી છે. *(બહરે મુહીત)*

દરેક મુસલમાનનો ફરજ છે કે, જ્યારે પણ કોઈ બાબતમાં પરસ્પર વિવાદ ઊભો થાય તો પોતે વિવાદમાં ઝઘડતા રહેવાને બદલે બંને પક્ષો રસૂલે કરીમ ﷺ તરફ અને તેમના પછી તેમની શરીઅત તરફ રજૂ થઈને પોતાની સમસ્યાનો અને વિવાદનો હલ શોધે.

ત્રીજો મસ્અલો એ જાણ થાય છે કે, જે કામ રસૂલે કરીમ ﷺના પોતાના મૌખિક હુકમ દ્વારા અથવા અમલથી સાબિત છે, તેને સ્વીકારવામાં અને તેના ઉપર અમલ કરી અપનાવવામાં દિલમાં કોઈ પ્રકારની ખોટ ન અનુભવે. આવું ન કરવું ઈમાનની કમજોરીની નિશાની છે. દાખલા તરીકે, શરીઅતે જે રીતે તયમ્મુમ કરીને નમાઝ પઢવાની પરવાનગી આપી ત્યાં તયમ્મુમ કરવાથી માણસનું દિલ રાજી ન થાય તો તે વ્યક્તિ તેને તકવો ન સમજે બલકે, આવી મનોસ્થિતિને પોતાની માનસિક બીમારી સમજે. કારણ કે, રસૂલે કરીમ ﷺથી વધારે કોઈ મુત્તકી નથી હોઈ શકતો, જે પરિસ્થિતિમાં રસૂલે કરીમ ﷺએ બેસીને નમાઝ પઢવાની પરવાનગી આપી અને પોતે પણ બેસીને નમાઝ પઢી, જો કોઈ વ્યક્તિનું દિલ એના ઉપર રાજી ન થાય અને અસહ્ય મુસીબત અને પીડા સહન કરીને ઊભા-ઊભા જ નમાઝ પઢે તો તે સમજી લે કે, તે પણ તેની માનસિક બીમારી છે. હા ! સામાન્ય જરૂરત અને તકલીફના સમયે જો છૂટછાટ ઉપર અમલ ન કરીને થોડી ઘણી તકલીફ વેઠી લે તો રસૂલે કરીમ ﷺના શિક્ષણ પ્રમાણે બરાબર છે, પરંતુ સદંતર શરીઅતે આપેલ ખાસ મુસીબત અને તકલીફ વખતની છૂટછાટોને દિલથી રાજી થઈ ન સ્વીકારે તો તે તકવો નથી બલકે, માનસિક રોગ છે. એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اِنَّ اللّٰهَ تَعَالٰی یُحِبُّ اَنْ تُؤْتٰی رُخَصُهٗ کَمَا یُحِبُّ اَنْ تُؤْتٰی عَزَائِمُهٗ،

"અલ્લાહ તઆલા જે પ્રમાણે મહેનત કરીને અમલો કરવાથી ખુશ થાય છે, એ

જ પ્રમાણે (શરઈ) છૂટછાટો ઉપર અમલ કરવાને પણ પસંદ કરે છે."

સામાન્ય ઈબાદતો અથવા ઝિક્ર અને તસ્બીહ, દુરૂદ વગેરેમાં સૌથી ઉત્તમ રીત એ જ છે, જે રસૂલે કરીમ ﷺએ પોતે અપનાવી હતી અને તેમના પછી આપ ﷺના સહાબએ કિરામ (રદિ.)એ જેના ઉપર અમલ કર્યો. મુસલમાનોની ફરજ છે કે, સહીહ રિવાયતોની હદીષથી જાણીને તેના ઉપર અમલ કરે.

એક અગત્યનો લાભ :

ઉપરોક્ત વિગતોથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે રસૂલે કરીમ ﷺ ઉમ્મતના ફક્ત સુધારક અથવા તેમના નૈતિક અને વ્યવહારિક માર્ગદર્શન માટે આવ્યા ન હતા બલકે, તેઓ એક ન્યાય તોલનાર ન્યાયાધીશ પણ હતા અને ન્યાયાધીશ પણ એવા કે, તેમના ફેંસલાને કુફ્ર અને ઈમાનનું માપદંડ બનાવવામાં આવ્યું, જેમકે બશર મુનાફિકની ઘટનાથી સ્પષ્ટ થઈ જાય છે. આ બાબતના ખુલાસા માટે અલ્લાહ તઆલાએ પોતાની પવિત્ર કિતાબમાં અનેક સ્થળે પોતાની આજ્ઞાનું પાલન કરવાના શિક્ષણની સાથે-સાથે રસૂલે કરીમ ﷺની આજ્ઞાનું પાલન કરવાને પણ જરૂરી ઠરાવ્યું છે. અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે, اَطِیْعُوا اللّٰهَ وَاَطِیْعُوا الرَّسُوْلَ "તમે અલ્લાહની આજ્ઞાનું પાલન કરો અને અલ્લાહના રસૂલ (ﷺ)ની આજ્ઞાનું પાલન કરો." (૩:૩૨, ૩:૧૩૨, ૪:૫૯)

એક અન્ય સ્થળે ઈરશાદ ફરમાવ્યું, مَنْ یُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ "જે રસૂલ (ﷺ)ની આજ્ઞાનું પાલન કરે છે, તેણે વાસ્તવમાં અલ્લાહની આજ્ઞાનું પાલન કર્યું." (૪ : ૮૦)

આ આયતોમાં વિચાર કરવામાં આવે તો રસૂલે કરીમ ﷺનું એક શાસક તરીકેનું કૌશલ્ય પણ નિખરીને સામે આવે છે, જેનું પ્રેક્ટિકલ (અમલી) સ્વરૂપ જાહેર કરવા માટે અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺ પાસે પોતાનો કાનૂન મોકલ્યો, જેથી તેઓ મુકદ્દમાના ફેંસલાઓ એ જ પ્રમાણે કરે. અલ્લાહનો ઈરશાદ છે, اِنَّآ اَنْزَلْنَآ اِلَیْکَ الْکِتٰبَ بِالْحَقِّ لِتَحْکُمَ بَیْنَ النَّاسِ بِمَآ اَرٰىکَ اللّٰهُ એટલે કે, "અમે તમારા ઉપર કિતાબને સચ્ચાઈ સાથે નાઝિલ કરી, જેથી તમે એ જ પ્રમાણે લોકો વચ્ચે ફેંસલો કરો જે પ્રમાણે અલ્લાહ આપને માર્ગદર્શન આપે અને સમજાવે." (૪ : ૧૦૫)

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૬૬-૬૭-૬૮)

وَلَوْ اَنَّا كَتَبْنَا عَلَيْهِمْ اَنِ اقْتُلُوْٓا اَنْفُسَكُمْ اَوِاخْرُجُوْا مِنْ دِيَارِكُمْ مَّا فَعَلُوْهُ اِلَّا
قَلِيْلٌ مِّنْهُمْ ۭ وَلَوْ اَنَّهُمْ فَعَلُوْا مَا يُوْعَظُوْنَ بِهٖ لَكَانَ خَيْرًا لَّهُمْ وَاَشَدَّ تَثْبِيْتًا ﴿٦٦﴾
وَّاِذًا لَّاٰتَيْنٰهُمْ مِّنْ لَّدُنَّآ اَجْرًا عَظِيْمًا ﴿٦٧﴾ وَّلَهَدَيْنٰهُمْ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿٦٨﴾

તરજુમો :

અને જો અમે તેમના ઉપર હુકમ કર્યો હોત કે પોતાની જાતને કતલ કરો અથવા પોતાના ઘર(બાળ) છોડીને નીકળી જાઓ, તો તેમનામાંથી (અમુક) થોડાક સિવાય કોઈએ (ક્યારેય પણ આવું) ન કર્યું હોત, અને જો આ લોકો એવું કરે જેની તેમને શિખામણ આપવામાં આવે છે, તો અલબત્ત (આ) તેમના માટે ઉત્તમ હોત અને દીનમાં વધારે મક્કમ (ચુસ્ત) રાખવાવાળું હોત. (૬૬) અને તે વેળા અલબત્ત અમે તેમને પોતાની પાસેથી મહાન સવાબ (ઉત્તમ બદલો) આપીએ. (૬૭) અને તેમને સીધા (હિદાયતના) માર્ગે ચલાવીએ. (૬૮)

તફસીર :

અને અમે જો લોકો ઉપર એ બાબત (હુકમ સ્વરૂપે) ફરજ કરી આપીએ કે તમે આત્મહત્યા કરી લો અથવા પોતાના વતનથી બેવતન થઈ જાઓ તો અમુક ગણતરીના લોકો સિવાય (કે જેઓ સંપૂર્ણ મો'મિન છે) તેઓએ આ હુકમ ઉપર અમલ ન કર્યો હોત (એનાથી સાબિત થાય છે કે આજ્ઞાપાલન કરવાની ખાસિયત ઘણા ઓછા લોકો પાસે છે) અને જો આ (મુનાફિક) લોકો; જે કંઈ તેમને (રસૂલ ﷺની દિલો જાનથી આજ્ઞાનું પાલન કરવાની) નસીહત કરવામાં આવે છે, તેના ઉપર અમલ કર્યો હોત તો તેમના માટે (દુનિયામાં સવાબના હકદાર બનવાના કારણે) સારું હતું અને (વળી, દીન ઉપર સંપૂર્ણ અમલ કરવાના કારણે તેમની માનસિક હાલત અને માન્યતાઓના યકીનમાં ચોક્કસ પ્રગતિ થઈ હોત) અને એવી હાલતમાં (જ્યારે કે અમલોથી ભલાઈ અને દીનની પૂર્ણતા પ્રાપ્ત થઈ ગઈ હોત તો આખિરતમાં) અમે તેમને ખાસ પોતાની પાસેથી ભવ્ય બદલો અર્પણ

કર્યો હોત અને અમે તેમને (જન્નતનો) સીધો રસ્તો બતાવી આપ્યો હોત (કે તે લોકો રોક-ટોક વિના જન્નતમાં પ્રવેશ પામ્યા હોત, જે ઉત્તમ બદલા માટેનું શ્રેષ્ઠ સ્થળ છે).

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) :

જે ઘટનાના અનુસંધાને આ આયત અને તેના અગાઉની આયત નાઝિલ થઈ તેમાં બશર મુનાફિકની ઘટના પૂર્વભૂમિકા સ્વરૂપે હતી, જેણે પોતાના કજિયાનો ફેંસલો પ્રથમ કઅ્બ બિન અશરફ યહૂદી પાસે લઈ જવાની યોજના બનાવી હતી, પછી મજબૂર થઈને રસૂલે કરીમ ﷺ પાસે ગયો અને રસૂલે કરીમ ﷺનો ફેંસલો કારણ કે, તેના વિરૂદ્ધ હતો, એટલે તેના ઉપર તે રાજી ન થયો અને ફરીવાર ફેંસલો કરાવવા માટે હઝરત ઉમર (રદિ.) પાસે પહોંચ્યો. આ ઘટના મદીનામાં મશ્હૂર થઈ, તો યહૂદીઓએ મુસલમાનોને આત્મસન્માન યાદ અપાવ્યું કે, તમે કેવા લોકો છો કે જે રસૂલને માનો છો, જેની આજ્ઞાનું પાલન કરો છો, જેમની તાબે'દારી કરવાના દા'વેદાર છો, પરંતુ તેમના ફેંસલાનો સ્વીકાર નથી કરતા, જુઓ ! યહૂદીઓને કે જેમના ગુનાહની તવબહ અનુસંધાને એ હુકમ મળ્યો હતો કે, તમે એકબીજાને કતલ કરો, અમે તો તે સખત હુકમ ઉપર પણ અમલ કર્યો, એટલે સુધી કે અમારા સિત્તેર હજાર માણસો માર્યા ગયા, જો તમને કોઈ એવો હુકમ આપવામાં આવ્યો હોત, તો તમે શું કર્યું હોત ? તેના ઉપર આ આયત નાઝિલ થઈ, وَلَوْ اَنَّا كَتَبْنَا عَلَيْهِمْ એટલે કે, આ મુનાફિકો અથવા સામાન્ય લોકો જેમાં કાફિરો અને મો'મિનો બધા જ સામેલ છે તેમની એ જ હાલત છે કે, ''જો તેમને બની ઈસ્રાઈલની જેમ કોઈ કઠોર હુકમ પરસ્પર એકબીજાને કતલ કરવાનો અથવા દેશનિકાલનો આપવામાં આવે તો તેમાંથી ઘણા ઓછા લોકોએ આ હુકમની તાબે'દારી કરી હોત.''

તેમાં તે લોકોને સખત ચેતવણી આપવામાં આવી છે, જેઓ પોતાના કજિયા અને વિવાદનો ફેંસલો રસૂલે કરીમ ﷺ અથવા રસૂલ ﷺની શરીઅતને છોડીને કોઈ અન્યની પાસે લઈ જાય છે અને આ ચેતવણીમાં યહૂદીઓના મહેણા અને કટાક્ષનો જવાબ પણ છે કે, આ હાલત મુનાફિકોની છે, પાકા મુસલમાનો

આવું કદાપિ કરશે નહીં અને તે ઘટના એ બાબતની સાબિતી સ્વરૂપે રજૂ કરી શકાય છે કે, જ્યારે આ આયત નાઝિલ થઈ તો સહાબએ કિરામ (રદિ.)માંથી એક વ્યક્તિએ કહ્યું કે, "અલ્લાહે અમને આ કસોટીમાં નથી નાંખ્યા." સહાબી (રદિ.)ના આ વાક્યો રસૂલે કરીમ ﷺ પાસે પહોંચ્યા, તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "મારી ઉમ્મતમાં એવા લોકો પણ છે જેમના દિલોમાં ઈમાન મજબૂત પહાડોથી વધારે અડગ છે." ઈબ્ને વહબનું વર્ણન છે કે, "આ વાક્યો હઝરત સિદ્દીક (રદિ.)ના છે."

એક રિવાયતમાં છે કે, "હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ આ આયત સાંભળીને કહ્યું કે, જો આ હુકમ નાઝિલ થયો હોત તો અલ્લાહની કસમ ! સૌથી પહેલાં હું પોતાની જાતને અને મારા કુટુંબીજનોને તેના ઉપર કુર્બાન કરી આપત."

અમુક રિવાયતોમાં છે કે, "આ આયતના નાઝિલ થવા પર રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જો આ પરસ્પર એકબીજાને કતલ કરવાનો અથવા વતન છોડવાનો હુકમ અલ્લાહ તરફથી આવી ગયો હોત તો ઉમ્મે અબ્દ એટલે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે જરૂર તેના ઉપર અમલ કર્યો હોત." અને રહી વાત બીજા હુકમની, એટલે કે વતન છોડવાની તો સહાબએ કિરામ (રદિ.)એ તેના ઉપર તો અમલ કરીને બતાવી દીધું કે, પોતાના વતન મક્કા અને પોતાની સમગ્ર માલ-મિલકત, વેપાર-ધંધો છોડીને મદીના તય્યિબહની હિજરત અપનાવી.

છેલ્લી આયતમાં ફરમાવ્યું, "જો કે, ઘણું મુશ્કેલ છે પરંતુ જો તેઓએ અમારી આજ્ઞા પ્રમાણે તેનો સ્વીકાર કર્યો હોત તો અંતે પરિણામે એ જ તેમના માટે ઉત્તમ હોત અને આ અમલ તેમના ઈમાનને મજબૂત અને મક્કમ બનાવી આપત અને અમે તેના બદલામાં તેમને મહાન બદલો અર્પણ કર્યો હોત અને તેમને સીધા માર્ગે ચલાવ્યા હોત."

ત્યારપછી અંતિમ આયતમાં અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺની આજ્ઞાનું પાલન કરનારાઓના મહાન દરજ્જાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં તેમને ખુશખબરી આપવામાં આવી છે કે, આ લોકો જન્નતમાં અંબિયા,

સિદ્દીકીન, શુહદા (અલ્લાહના રસ્તામાં શહીદ થનારા) અને નેક લોકો સાથે હશે.

આ આયત નાઝિલ થવાની એક ખાસ ઘટના છે તથા અંબિયા, સિદ્દીકીન, શુહદા અને સાલિહીન, આ ચારે દરજ્જાઓની વિગતનું વર્ણન કે જે આ આયતમાં આવ્યું છે, તેની સ્પષ્ટતા અને જન્નતમાં તેમની સાથે હોવાની તફસીર ઈન્શાઅલ્લાહ આગળ આવશે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૬૯-૭૦)

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ
وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ ۚ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ﴿٦٩﴾ ذٰلِكَ الْفَضْلُ
مِنَ اللّٰهِ ۭ وَكَفٰى بِاللّٰهِ عَلِيْمًا ﴿٧٠﴾ ع

તરજુમો :

અને જે કોઈ અલ્લાહનો હુકમ માને અને તેના રસૂલનો, બસ તેઓ તેમની સાથે છે જેમના ઉપર અલ્લાહે ઈનામ કર્યું કે તે નબીઓ અને સિદ્દીકીન, અને શહીદો, અને સાલિહીન (નેક લોકો) છે, અને તેમની મિત્રતા સારી છે. (૬૯) આ અલ્લાહ તરફથી કૃપા (ફઝ્લ) છે અને અલ્લાહ પૂરતો છે; સર્વજ્ઞ. (૭૦)

તફસીર :

અને જે વ્યક્તિ (જરૂરી હુકમોમાં પણ) અલ્લાહ અને રસૂલે કરીમ (ﷺ)નું કહેવું માની લે છે (ભલે આજ્ઞાપાલનમાં શ્રેષ્ઠ દરજ્જો પ્રાપ્ત ન કરી શકે) તો આવા લોકો પણ (જન્નતમાં) તે લોકોની સાથે હશે, જેમના ઉપર અલ્લાહ તઆલાએ (સંપૂર્ણ) ઈનામ (દીન અને તેના સ્વીકારનું) કર્યું છે, એટલે કે અંબિયા (અલૈ.), અને સિદ્દીકીન (જે લોકો અંબિયા અલૈ.ની ઉમ્મતમાં તેમના પછી સૌથી ઉચ્ચ કક્ષાનું સ્થાન ધરાવે છે, જેમના ગુણો અને અંતર પણ શુદ્ધ અને પવિત્ર હોય છે, જેમને ઈસ્લામિક પરિભાષામાં "અવલિયા" કહેવામાં આવે છે), અને શહીદો (જેમણે દીનની મહોબ્બતમાં પોતાનો જીવ સુદ્ધાં ન્યોછાવર કર્યો),

અને સાલિહીન (જેઓ શરીઅતના પૂરેપૂરા તાબે'દાર હોય છે અને વાજિબો તથા સુન્નતોની અદાયગીના પાબંદ હોવાથી જેમને નેક અને દીનદાર કહેવામાં આવે છે) અને આ લોકો (જેમના મિત્રો હોય તેઓ) ઘણા જ સારા મિત્રો છે (અને આજ્ઞાપાલકની તેમની સાથે દોસ્તી મજબૂત છે, બસ તેનું પરિણામ એ હશે કે અલ્લાહના આજ્ઞાપાલનના બદલામાં તેને આવા મિત્રો મળ્યા). આ (કૃપા અને મોટું ઈનામ આ લોકોને ફક્ત) અલ્લાહની કૃપાથી તેના તરફથી મળ્યું છે (એટલે કે તેમના અમલોનો બદલો નથી, કારણ કે, તેનો તકાદો તો એ હતો કે જે દરજ્જા પ્રમાણે અમલ કરવો જોઈએ, તેમાં ચોક્કસ ઉણપ રહી જ જતી હોય છે, એટલા માટે આ તો અલ્લાહ તઆલાનું ઈનામ જ છે) અને અલ્લાહ તઆલા પૂરતો છે, સઘળુ જાણવા માટે. (એટલે કે દરેક અમલ અને તેના તકાદાને અને તે તકાદા પ્રમાણે ઈનામના પ્રમાણને ખૂબ સારી રીતે જાણે છે. કારણ કે, આ ઈનામમાં પણ તફાવત હશે, કોઈને વધારે મળશે તો કોઈને ઓછું મળશે. વલ્લાહુ અઅ્લમુ !)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરોક્ત વર્ણનમાં અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના આજ્ઞાપાલન ઉપર ખાસ સંબોધન કરવામાં આવ્યું છે, જેમાં નેક અમલોના બદલામાં ભવ્ય બદલાનો વાયદો હતો. હવે આ આયતોમાં એક મજબૂત નિયમ સ્વરૂપે અલ્લાહની તાબે'દારી કરવા ઉપર જાહેર વાયદાનું વર્ણન છે.

મસ્અલા અને બોધપાઠ :

જન્નતના દરજ્જાઓ અમલો ઉપર આધારિત હશે :

જે લોકો તે બધી જ બાબતો ઉપર અમલ કરે છે, જેને કરવાનો હુકમ અલ્લાહ તઆલાએ અને તેના રસૂલે કરીમ ﷺએ આપ્યો છે અને તે બધી બાબતોથી બચેલો રહે, જેના કરવાથી અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺએ મનાઈ કરી છે.... તો અમલના આધારે તેના વિવિધ દરજ્જાઓ હશે, પ્રથમ દરજ્જો તે હશે કે, અલ્લાહ તઆલા તેમને અંબિયા (અલૈ.) સાથે જન્નતમાં ઉચ્ચ સ્થાને અર્પણ કરશે અને બીજો દરજ્જો તે નેક લોકોને તેમની સાથે સ્થાન અર્પણ કરશે જેઓ અંબિયા (અલૈ.) પછી ઉમ્મતમાં સૌથી શ્રેષ્ઠ છે, જેમને સિદ્દીકીન કહેવામાં આવે છે. એટલે કે તેઓ સહાબા (રદિ.) છે, જેમણે કોઈપણ

પ્રકારના ખચકાટ અને વિરોધ વગર પ્રથમથી જ ઈમાન સ્વીકારી લીધું, જેમકે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.). પછી ત્રીજા દરજ્જાના લોકો શહીદો સાથે હશે, શહીદો તે લોકો છે જેમણે અલ્લાહના માર્ગમાં પોતાના જાન અને માલને કુરબાન કરી દીધો, પછી ચોથા દરજ્જામાં સાલિહીન હશે અને સાલિહીન તે લોકો છે, જેમણે પોતાના જાહેર, શારીરિક અને આધ્યાત્મિક જીવનને નેક અમલોનું પાબંદ બનાવ્યું.

ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺની સંપૂર્ણ તાબે'દારી કરનારાઓ તે લોકો સાથે હશે, જેઓ અલ્લાહ તઆલા નજીક સૌથી વધારે પ્રિય અને સ્વીકાર્ય છે. જેમના ચાર દરજ્જાઓ બતાવવામાં આવ્યા, અંબિયા (અલૈ.), સિદ્દીકીન, શુહદા અને સાલિહીન.

આયતનો શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) :

આ આયત એક ખાસ ઘટનાની બીના ઉપર નાઝિલ થઈ હતી, જેને તફસીરના ઇમામ હાફિઝ ઇબ્ને કષીરે અનેક સનદો સાથે નકલ કરી છે.

ઘટના એમ છે કે, હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ફરમાવે છે કે, "એક દિવસે એક સહાબી રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! મારા દિલમાં તમારી મહોબ્બત મારા જીવ કરતાં વધારે છે, પોતાની પત્ની કરતાં પણ વધારે, પોતાની ઔલાદ કરતાં પણ વધારે, અમુક સમયે હું મારા ઘરમાં બેચેન થઈ જાઉં છું, એટલે સુધી કે તમારી સેવામાં હાજર થઈને તમારી ઝિયારત (દર્શન) કરી લઉં છું ત્યારે જ મને શાંતિ થાય છે. હવે, મને ચિંતા છે કે, જ્યારે તમે આ દુનિયાથી સિધાવી જશો અને મને પણ મૌત આવી જશે, તો હું જાણુ છું કે, તમે અંબિયા (અલૈ.) સાથે ઉચ્ચ કક્ષાના દરજ્જાઓમાં હશો અને મને પ્રથમ તો એ જ ખબર નથી કે, હું જન્નતમાં હોઈશ કે નહીં ? જો પહોંચી પણ ગયો તો મારો દરજ્જો આપનાથી નીચો જ હશે, હું ત્યાં તમારી ઝિયારત નહીં કરી શકું, તો હું કેવી રીતે ધૈર્ય રાખીશ ?

રસૂલે કરીમ ﷺએ તેની વાત સાંભળીને કંઈ જવાબ ન આપ્યો, એટલે સુધી કે, પ્રસ્તુત આયત નાઝિલ થઈ, وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ તે સમયે રસૂલે

કરીમ ﷺએ આ ખુશખબરી સંભળાવી કે, આજ્ઞાપાલક લોકોને જન્નતમાં અંબિયા (અલૈ.), સિદ્દીકો, શહીદો અને સાલિહીન (નેક લોકો)ની મુલાકાતનો મોકો મળતો રહેશે, એટલે કે જન્નતના દરજ્જાઓમાં શ્રેષ્ઠ અને ઉચ્ચ તથા તેનાથી ઊતરતી કક્ષાના દરજ્જાઓ હોવા છતાં પરસ્પર મુલાકાત અને ભેગા થવાની તક મળતી રહેશે.''

જન્નતમાં મુલાકાતના અમુક સ્વરૂપો :

જેમાંથી એક સ્વરૂપ એ પણ હશે કે, પોત-પોતાના સ્થળે એકબીજાઓને જોશે, જેમકે મુઅત્તા ઈમામ માલિક (રહ.)માં અબૂ સઈદ ખુદરી (રદિ.)થી નકલ થયું છે કે, ''રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, જન્નતવાળા પોતાના ઝરૂખાઓમાંથી પોતાનાથી ઉપરના દરજ્જાવાળાઓને જોશે, જેમકે તમે દુનિયામાં તારાઓને જુઓ છો.''

એક સ્વરૂપ એવું પણ હશે કે, વિવિધ દરજ્જાઓમાં જન્નતીઓ પરસ્પર મુલાકાત માટે આવ્યા કરશે, જેમકે ઈબ્ને જરીર (રહ.)એ રબીઅ્ની રિવાયતથી નકલ કર્યું છે કે, ''રસૂલુલ્લાહ ﷺએ આ આયતની તફસીરમાં એ ઈરશાદ ફરમાવ્યું કે, ઊંચી કક્ષાવાળા (દરજ્જાવાળા) નીચી કક્ષાવાળા તરફ ઊતરીને આવ્યા કરશે અને તેમની સાથે મુલાકાત અને મજલિસો થતી રહેશે.''

એ પણ શક્ય છે કે, નીચી કક્ષાવાળાઓને મુલાકાત માટે ઉચ્ચ કક્ષામાં જવાની પરવાનગી હશે, આ આયતના આધારે રસૂલે કરીમ ﷺએ ઘણા લોકોને જન્નતમાં પોતાની સાથે રહેવાની ખુશખબરી આપી.

સહીહ મુસ્લિમમાં છે કે, હઝરત કઅ્બ બિન અસ્લમી (રદિ.) રસૂલે કરીમ ﷺ સાથે રાત્રી પસાર કરતા હતા. એક રાત્રે તહજ્જુદના સમયે કઅ્બ અસ્લમી (રદિ.)એ રસૂલે કરીમ ﷺ માટે વુઝૂનું પાણી અને દાંતણ વગેરે જરૂરી વસ્તુઓ લાવીને મૂકી, તો રસૂલે કરીમ ﷺએ ખુશ થઈને કહ્યું, ''માંગો, શું માંગો છો?'' કઅ્બ અસ્લમી (રદિ.)એ વિનંતી કરી કે, ''હું જન્નતમાં તમારો સાથ-સંગાથ ઈચ્છું છું.'' રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, ''બીજું કંઈ ?'' તો તેમણે વિનંતી કરી, ''બીજું કંઈ જ નહીં !'' ત્યાર પછી રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, ''જો તમે મારી સાથે જન્નતમાં રહેવા ઈચ્છતા હોય તો

اَعِنِّیْ عَلٰی نَفْسِکَ بِکَثْرَۃِ السُّجُوْدِ એટલે કે, તમારો હેતુ પ્રાપ્ત થઈ જશે, પરંતુ તેમાં તમે પણ મારી મદદ એ પ્રમાણે કરો કે, વધારે પ્રમાણમાં સિજ્દહ કર્યા કરો, એટલે કે નફલો વધારે પ્રમાણમાં અદા કરો."

મુસ્નદે અહમદમાં છે કે, રસૂલુલ્લાહ ﷺ પાસે એક વ્યક્તિ આવ્યો અને વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! હું એ વાતની ગવાહી આપી ચૂક્યો છું કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતના લાયક નથી અને તમે સાચા રસૂલ છો અને હું પાંચ સમયની નમાઝનો પણ પાબંદ છું અને ઝકાત પણ અદા કરું છું અને રમઝાનના રોઝા પણ રાખું છું." આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જે વ્યક્તિ આવી હાલતમાં મૃત્યુ પામે તે અંબિયા (અલૈ.), સિદ્દીકીન અને શુહદાની સાથે હશે. શરત માત્ર એટલી છે કે, પોતાના માં-બાપની નાફરમાની ન કરે."

એ જ પ્રમાણે તિરમિઝીની એક હદીષમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

اَلتَّاجِرُ الصَّدُوْقُ الْاَمِیْنُ مَعَ النَّبِیِّیْنَ وَالصِّدِّیْقِیْنَ وَ الشُّهَدَآءِ،

"તે વેપારી જે સાચો અને પ્રામાણિક હોય, તે અંબિયા (અલૈ.) અને સિદ્દીકીન અને શુહદાની સાથે હશે."

નિકટ હોવાની શરત મહોબ્બત છે :

રસૂલે કરીમ ﷺની મહોબ્બત અને મિત્રતા (તથા સંગાથ) રસૂલે કરીમ ﷺ સાથે મહોબ્બત કરવાથી પ્રાપ્ત થશે. એટલા માટે સહીહ બુખારીમાં "મુતવાતિર" (અનેક) સહાબએ કિરામ (રદિ.)થી નકલ થયું છે કે, "રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે, તે વ્યક્તિની શું કક્ષા હશે જે કોઈ જમાઅતથી મહોબ્બત અને સંબંધ રાખે છે પરંતુ અમલમાં તેમની કક્ષાએ નથી પહોંચ્યો ?" રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَلْمَرْءُ مَعَ مَنْ اَحَبَّ એટલે કે, "મહશરમાં દરેક વ્યક્તિ તેની સાથે હશે જેનાથી તેને મહોબ્બત હશે."

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે, "સહાબએ કિરામ (રદિ.)ને દુનિયામાં કોઈ વસ્તુની એટલી ખુશી નથી થઈ જેટલી કે આ હદીષથી ! કારણ કે,

આ હદીષમાં તેમને એવી ખુશખબરી આપવામાં આવી છે કે, રસૂલે કરીમ ﷺ સાથે મહોબ્બત કરનાર મહશરમાં અને જન્નતમાં પણ આપ ﷺની સાથે હશે.''

રસૂલુલ્લાહ ﷺનો સથવારો કોઈ રંગ અથવા નસ્લ પર અવલંબિત નથી :

તબરાનીએ મુઅ્જમે કબીરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની આ રિવાયત નકલ કરી છે કે, ''એક હબશી વ્યક્તિ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો, અને વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! તમે ખૂબસૂરતીમાં અને ખૂબસૂરત રંગમાં પણ શ્રેષ્ઠ છો અને નુબુવ્વત અને રિસાલતમાં પણ ! હવે જો હું પણ એ વસ્તુ ઉપર ઈમાન લઈ આવું, જેના ઉપર તમે ઈમાન રાખો છો, અને તે જ અમલ કરું જે તમે કરો છો, તો શું હું પણ જન્નતમાં તમારી સાથે હોઈ શકું છું ?

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હા ! જરૂર, (તમે પોતાના હબશી હોવાના સ્વરૂપે પણ) કસમ છે તે પરવરદિગારની ! જેના કબજામાં મારો પ્રાણ છે, જન્નતમાં કાળા રંગના હબશી સફેદ અને ખૂબસૂરત થઈ જશે અને એક હજાર વર્ષના અંતરેથી ચમકતા દેખાશે અને જે વ્યક્તિ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહ ઈલ્લલ્લાહ)ની માન્યતા ધરાવતો થયો તેની સફળતા અને છુટકારો અલ્લાહ તઆલાની જવાબદારી થઈ જાય છે અને જે વ્યક્તિ سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ (સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી) પઢે છે, તેના નામ-એ-આ'માલમાં એક લાખ ચોવીસ હજાર નેકીઓ લખવામાં આવે છે.''

આ સાંભળીને મજલિસમાંથી એક વ્યક્તિએ વિનંતી કરી, ''યા રસૂલુલ્લાહ ﷺ ! જ્યારે અલ્લાહ તઆલાના દરબારમાં ભલાઈઓની આટલી સખાવત છે તો અમે કેવી રીતે હલાક થઈ શકીએ છીએ ? અથવા અઝાબમાં કેવી રીતે સપડાઈ શકીએ છીએ ?'' રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, ''(વાત એમ નથી), વાસ્તવિકતા એ છે કે, કયામતમાં અમુક લોકો એટલા અમલ અને નેકીઓ લઈને આવશે કે જો તેને એક પહાડ ઉપર મૂકી દેવામાં આવે તો પહાડ પણ તેનું વજન વેઠી ન શકે, પરંતુ તેના મુકાબલામાં જ્યારે અલ્લાહ તઆલાની નેઅ્મતો આવે છે અને (આ નેકીઓને) તેની સાથે સરખાવવામાં આવે છે, તો વ્યક્તિના અમલ તેના મુકાબલામાં પૂરા થઈ જાય છે, પરંતુ એ કે, અલ્લાહ તઆલા તેને પોતાની રહમતથી નવાઝે છે.''

આ હબશીના સવાલ અને જવાબનું પ્રતિબિંબ જ સૂરએ દહ્રની આ આયતમાં જોઈ શકાય છે. هَلْ اَتٰى عَلَى الْاِنْسَانِ حِيْنٌ مِّنَ الدَّهْرِ لَمْ يَكُنْ شَيْـًٔا مَّذْكُوْرًا (૭૬ : ૧) હબશીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો, "યા રસૂલુલ્લાહ ﷺ ! મારી આંખો પણ એ નેઅ્મતોને જોશે જેનો તમારી આંખોએ નજરોનજર જોયું છે ?"

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "હા, જરૂર !" આ સાંભળીને તે હબશી નવમુસ્લિમે રડવાનું શરૂ કર્યું, એટલે સુધી કે રડતાં-રડતાં ત્યાં જ મૃત્યુ પામ્યો અને રસૂલે કરીમ ﷺએ પોતાના હાથોથી તેની કફન-દફનવિધી કરી.

જન્નતના દરજ્જાઓ (કક્ષાઓ)ની વિગત :

આયતની તફસીર શા'ને નુઝૂલ સાથે અને સંબંધિત ખુલાસાઓ સાથે વર્ણન થઈ ચૂકી, હવે એક વાત ધ્યાન આપવા યોગ્ય બાકી રહી ગઈ કે, અલ્લાહ તઆલાનું જે લોકો ઉપર ઈનામ છે, તેની ચાર કક્ષાઓ વર્ણન કરવામાં આવી છે. આ કક્ષાઓ કયા આધારે છે ? અને તે ચાર કક્ષાઓનો પરસ્પરનો સંબંધ અને તફાવત શું છે ? અને શું આ ચાર કક્ષાઓ કોઈ એક વ્યક્તિમાં પણ ભેગી થઈ શકે છે કે નહીં ?

મુફસ્સિર લોકોએ આ વિશે વિવિધ નિવેદનો અને લંબાણપૂર્વકના ખુલાસાઓ લખ્યા છે, અમુકે ફરમાવ્યું કે "આ ચારે દરજ્જાઓ (કક્ષાઓ) એક વ્યક્તિમાં પણ ભેગા થઈ શકે છે" અને આ ખાસિયતો ક્રમબદ્ધ છે. કારણ કે, કુર્આને કરીમમાં જેને નબી કહેવામાં આવ્યા છે, તેના માટે સિદ્દીક વગેરેના ઉપનામો પણ આપવામાં આવ્યા છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) વિશે ઈરશાદ છે اِنَّهٗ كَانَ صِدِّيْقًا نَّبِيًّا (૧૯ : ૪૧) અને હઝરત યહ્યા (અલૈ.) વિશે આવ્યું છે, وَنَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ (૩ : ૩૯) એ જ પ્રમાણે હઝરત ઈસા (અલૈ.) વિશે આવ્યું છે, وَكَهْلًا وَّمِنَ الصّٰلِحِيْنَ (૩ : ૪૬)

તેનો ખુલાસો એ છે કે, જો કે, અર્થ અને વ્યાખ્યાની દૃષ્ટિએ આ ચારે ખાસિયતો અને દરજ્જાઓ (કક્ષાઓ) ભિન્ન-ભિન્ન છે, પરંતુ આ ચારે ખાસિયતો એક વ્યક્તિમાં સંયુક્ત રીતે ભેગી હોઈ શકે છે, તેનો દાખલો એવો છે જેમકે, મુફસ્સિર (વિવરણકાર), મુહદ્દીસ (હદીષવેત્તા), ફકીહ (ઈસ્લામિક

કાયદાશાસ્ત્રી), મુઅર્રિખ (ઇતિહાસકાર) અને મુતકલ્લિમ (વક્તા). આમ, વિવિધ ખાસિયતો ઉલમામાં પણ છે, પરંતુ અમુક ઉલમા એવા પણ હોઈ શકે છે જેઓ મુફસ્સિર પણ હોય, મુહદ્દીસ પણ હોય, ફકીહ પણ હોય, મુઅર્રિખ પણ હોય અને મુતકલ્લિમ પણ હોય અથવા તો જે પ્રમાણે ડૉક્ટર, એન્જિનિયર, પાયલૉટ વગેરે વિવિધ ખાસિયતો કોઈ એક વ્યક્તિમાં ભેગી હોઈ શકે છે.

અલબત્ત, પ્રચલિત કાયદા પ્રમાણે જે વ્યક્તિ ઉપર જે ખાસિયત અને ગુણનો પ્રભાવ વધારે હોય છે તેના જ નામથી તે પ્રખ્યાત થઈ જાય છે. કક્ષાઓ ઉપર પુસ્તકો લખનારા તેમની તે જ કક્ષામાં ગણતરી કરે છે, એ જ કારણે બધા જ મુફસ્સિરોએ લખ્યું છે કે, સિદ્દીકીનનો અર્થ સહાબા (રદિ.) અને શુહદાનો અર્થ ઉહદના શહીદો તથા સાલિહીનનો અર્થ સામાન્ય નેક મુસલમાનો છે.

ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.)એ ચાર દરજ્જાઓ ભિન્ન-ભિન્ન પ્રકારના દરજ્જાઓ ઠરાવ્યા છે. તફસીરે બહરે મુહીત, રૂહુલ મઆની અને મઝહરીમાં પણ આ જ પ્રસ્તુત છે, એટલે એ કે, આ આયતમાં અલ્લાહ તઆલાએ મો'મિનોને ચાર પ્રકારોમાં વહેંચણી કરીને દરેકના માટે ઉચ્ચ અને ઉતરતી કક્ષાઓ નક્કી કરી છે અને સામાન્ય મુસલમાનોને તેની પ્રેરણા આપી છે કે, તેઓ તેમાં કોઈપણ દરજ્જાથી પાછળ ન રહે. જ્ઞાન અને અમલ, સંઘર્ષ અને અલ્લાહના રસ્તામાં મહેનત દ્વારા આ ચાર દરજ્જાઓ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે, તેમાં નુબુવ્વત એક એવી કક્ષા છે, જે મહેનતથી પણ કોઈ પ્રાપ્ત નથી કરી શકતું પરંતુ અંબિયા (અલૈ.)ની નિકટતા અવશ્ય પ્રાપ્ત થઈ શકે છે. ઈમામ રાગિબ (રહ.)એ ફરમાવ્યું કે, "આ દરજ્જાઓમાં સૌ પ્રથમ દરજ્જો અંબિયા (અલૈ.)નો છે, જેમને અલ્લાહ તઆલાની શક્તિની સહાય પ્રાપ્ત થાય છે અને તેમનું ઉદાહરણ એવું છે, જેમકે કોઈ વ્યક્તિ કોઈ વસ્તુને ખૂબ નજીકથી જોઈ રહ્યો હોય, એટલા માટે અલ્લાહે ઈરશાદ ફરમાવ્યો, أَفَتُمَارُونَهُ عَلَىٰ مَا يَرَىٰ" (૫૩:૧૨)

સિદ્દીકીન લોકોનો પારિભાષિક અર્થ :

બીજો દરજ્જો સિદ્દીકીન લોકોનો છે અને તે લોકો મઅ્રિફત (અલ્લાહ તઆલાના પરિચય)માં અંબિયા (અલૈ.)થી ઘણા નિકટ છે અને તેમનું ઉદાહરણ એવું છે, જેમકે કોઈ વ્યક્તિ કોઈ દૂરની વસ્તુને જોઈ રહ્યો છે. હઝરત અલી

કર્રમલ્લાહુ વજ્હહુને કોઈએ પૂછ્યું કે, "શું તમે અલ્લાહ તઆલાને જોયા છે ?" તેમણે ફરમાવ્યું, "હું કોઈ એવી વસ્તુની ઈબાદત નથી કરી શકતો જેને ન જોયો હોય !" પછી ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાને લોકોની આંખો નથી જોઈ શકતી, પરંતુ તેમના દિલોમાંના ઈમાનની સચ્ચાઈ દ્વારા તેને જોઈ શકાય છે," આ જોવાથી હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુના કહેવાનો અર્થ એ પ્રકારનું દર્શન છે કે, જેને મઅ્રિફત (અલ્લાહના પરિચય)ના જ્ઞાન વડે જોઈ શકાય છે.

શહીદનો પારિભાષિક અર્થ :

ત્રીજો દરજ્જો શહીદોનો છે. આ તે લોકો છે, જેઓ મકસદને દલીલો દ્વારા સર્વસ્વ કુરબાન કરીને પ્રાપ્ત કરે છે, તેમનું ઉદાહરણ એવું છે જેમકે કોઈ વ્યક્તિ કોઈ વસ્તુને અરીસામાં નજીકથી જોઈ રહ્યો છે. જેમકે હઝરત હારિષા (રદિ.) ફરમાવે છે કે, "મને એવી અનુભૂતિ થાય છે કે, હું મારા રબ્બે કરીમના અર્શને જોઈ રહ્યો છું."

આ હદીષ اَنْ تَعْبُدَ اللّٰهَ كَاَنَّكَ تَرَاهُ માં પણ આવા જ પ્રકારના દર્શનનો વિષય હોઈ શકે છે.

સાલિહીન (નેક લોકો)નો પારિભાષિક અર્થ :

ચોથો દરજ્જો નેક લોકોનો છે, આ તે લોકો છે જેઓ ધ્યેયને અનુસરણ અને આજ્ઞાપાલન કરીને ઓળખે છે. તેમનું ઉદાહરણ એવું છે જેમકે કોઈ વસ્તુને અરીસામાં દૂરથી જોવામાં આવે, હદીષમાં છે કે, فَاِنْ لَّمْ تَكُنْ تَرَاهُ فَاِنَّهٗ يَرَاكَ તેમાં પણ આ જ પ્રકારના દર્શનનો આ જ દરજ્જો ભાવાર્થ તરીકે હોઈ શકે છે. ઈમામ રાગિબ અસ્ફહાનીએ આ સંશોધનનો ખુલાસો બતાવ્યો છે કે, "આ દરજ્જો "મઅ્રિફતે રબ" (અલ્લાહનો પરિચય) છે" અને મઅ્રિફતના વિવિધ દરજ્જાઓની બીના પર તેની અનેક પેટા કક્ષાઓ છે. અર્થાત્, આયતનો વિષય સ્પષ્ટ છે કે, તેમાં મુસલમાનોને એ ખુશખબરી આપવામાં આવી છે કે અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺનું સંપૂર્ણ આજ્ઞાપાલન કરનારા ઉચ્ચ કક્ષાના દરજ્જાઓમાં રહેનારાઓ સાથે હશે. અલ્લાહ તઆલા આવી મહોબ્બત આપણ સૌને નસીબ કરે. આમીન.

———————

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૭૧-૭૨-૭૩-૭૪)

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا خُذُوْا حِذْرَكُمْ فَانْفِرُوْا ثُبَاتٍ اَوِ انْفِرُوْا جَمِيْعًا ﴿٧١﴾ وَاِنَّ مِنْكُمْ لَمَنْ
لَّيُبَطِّئَنَّ ۚ فَاِنْ اَصَابَتْكُمْ مُّصِيْبَةٌ قَالَ قَدْ اَنْعَمَ اللّٰهُ عَلَيَّ اِذْ لَمْ اَكُنْ مَّعَهُمْ
شَهِيْدًا ﴿٧٢﴾ وَلَئِنْ اَصَابَكُمْ فَضْلٌ مِّنَ اللّٰهِ لَيَقُوْلَنَّ كَاَنْ لَّمْ تَكُنْ بَيْنَكُمْ وَبَيْنَهٗ
مَوَدَّةٌ يّٰلَيْتَنِيْ كُنْتُ مَعَهُمْ فَاَفُوْزَ فَوْزًا عَظِيْمًا ﴿٧٣﴾ فَلْيُقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ الَّذِيْنَ
يَشْرُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا بِالْاٰخِرَةِ ؕ وَمَنْ يُّقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ فَيُقْتَلْ اَوْ يَغْلِبْ
فَسَوْفَ نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ﴿٧٤﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! પોતાના (સ્વબચાવના) હથિયારો લઈ લો (શસ્ત્રસજ્જ થઈ જાઓ), પછી અલગ-અલગ (લશ્કરી) ટૂકડી બની અથવા બધા એકસાથે નીકળો (કૂચ કરો). (૭૧) અને બેશક ! તમારામાં અમુક એવો છે કે અલબત્ત મોડું કરશે, પછી જો તમને કોઈ મુસીબત પહોંચે તો કહે કે અલ્લાહે મારા ઉપર કૃપા કરી કે હું તેમની સાથે ન થયો. (૭૨) અને જો તમને અલ્લાહ તરફથી ફઝ્લ (વિજય-ગનીમત) પહોંચે તો એવી રીતે કહેવા લાગશે કે જાણે તમારા અને તેના દરમિયાન કોઈ સ્નેહ સંબંધ ન હતો 'હાય અફસોસ ! હું તેમની સાથે હોત તો મોટો ફાયદો મેળવ્યો હોત.' (૭૩) બસ, તે લોકોએ અલ્લાહના રસ્તામાં લડવું જોઈએ જેઓ દુનિયાની જિંદગી આખિરતના બદલામાં વેચે છે; અને જે અલ્લાહના રસ્તામાં લડે પછી માર્યો જાય અથવા વિજયી થાય તો (બંને સ્થિતિમાં) અમે તેને મહાન સવાબ (બદલો) આપીશું. (૭૪)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! (કાફિરોના મુકાબલામાં) પોતાના સ્વબચાવમાં સાવધ રહો (એટલે કે તેમના ષડયંત્રોથી સાવધ અને હોશિયાર રહો અને તેમના મુકાબલા માટે યુદ્ધનો સામાન, હથિયારો દાખલા તરીકે તલવાર, ઢાલ તૈયાર

રાખો) પછી (તેમના મુકાબલા માટે) અલગ-અલગ ટૂકડીઓમાં અથવા તો સામૂહિક રીતે (જે પ્રમાણે પરિસ્થિતિ હોય) કૂચ કરો અને તમારા સમૂહમાં (જેમાં અમુક મુનાફિકો પણ સામેલ થઈ રહ્યા છે) અમુક-અમુક વ્યક્તિઓ એવા છે (એટલે કે, એવા મુનાફિકો પણ છે) જેઓ હટી જાય છે (એટલે કે, જિહાદમાં ભાગ લેતા નથી) પછી જ્યારે તમને કોઈ મુસીબત પહોંચે, (જેમકે પરાજય વગેરે) તો (પોતાના જિહાદમાં ભાગ ન લેવા બાબતે ખુશ થઈને) કહે છે, બેશક ! અલ્લાહ તઆલાએ મોટી મહેરબાની કરી કે હું તે લોકો સાથે (લડાઈમાં) હાજર ન હતો. (નહીં તો મારા ઉપર પણ મુસીબત આવી હોત) અને જો તમારા ઉપર અલ્લાહની કૃપા થઈ જાય (દાખલા તરીકે, વિજય પ્રાપ્ત કરો અથવા ગનીમતનો માલ પ્રાપ્ત કરો) તો એવી પરિસ્થિતિમાં (સ્વાર્થી બનશે) કે જેમકે તમારામાં અને તેમનામાં કોઈ સંબંધ જ નથી (અને માલ ન મળવા ઉપર અફસોસ કરીને) કહેશે કાશ ! કેટલું સારું થયું હોત જો મેં પણ તે લોકો સાથે (જિહાદમાં) ભાગ લીધો હોત! તો મને પણ મોટી સફળતા પ્રાપ્ત થઈ હોત (કે માલ-દૌલત લાવ્યો હોત અને સ્વાર્થ તથા ખુદગરજી આવી બાબતથી જાહેર થાય છે, જો ખરેખર સંબંધ અને તઅલ્લુક હોત તો મુસલમાનોની આવી સફળતા ઉપર તેણે પણ ખુશ થવું જોઈતું હતું પરંતુ તેના બદલે પોતાને કંઈ મળ્યું નહીં તેનો અફસોસ કરી બેસી જાય છે અને ખુશ થવાના બદલે અફસોસ કરે છે, અલ્લાહ તઆલા આવા વ્યક્તિ માટે કહે છે કે, સફળતા મફતમાં નથી મળતી, જો સફળતાના ઇચ્છુક હોય) તો તે વ્યક્તિ અલ્લાહના રસ્તામાં (એટલે કે, અલ્લાહના કલિમાને બુલંદ કરવાની નિય્યતથી ખાલિસ મો'મિન બની) તે (કાફિર) લોકો સાથે લડે જેઓ આખિરત(ને છોડીને તે)ના બદલામાં દુનિયાની જિંદગીને અપનાવી રહ્યા છે (એટલે કે તે વ્યક્તિને જો મહાન યોદ્ધા બનવાનો શોખ છે તો પોતાના દિલની હાલતને સુધારી લે, હાથ-પગ હલાવે, સંઘર્ષ કરે, તકલીફો વેઠે, તલવાર સામે છાતી કાઢીને ઊભો રહે પછી જુએ કે મહાન યોદ્ધો બને છે કે નહીં ? અને શું આ કોઈ રમત વાત છે ? પછી જે વ્યક્તિ આટલી તકલીફ વેઠીને સાચી સફળતા પ્રાપ્ત કરે છે તો દુનિયાની સફળતા તુચ્છ વસ્તુ છે, ક્યારેક વિજય પ્રાપ્ત થાય અને ન પણ થાય ! પરંતુ આખિરતની સફળતા જે આવા લોકો માટે નક્કી કરવામાં આવી છે, તે એટલી ભવ્ય અને મહાન છે કે, તે દરેક પરિસ્થિતિમાં તેમને મળશે, કારણ કે અલ્લાહનો

કાયદો છે કે,) જે વ્યક્તિ અલ્લાહના રસ્તામાં લડશે પછી ભલે (પરાજિત થઈને) માર્યો જાય અથવા તો વિજયી થઈ જાય (દરેક પરિસ્થિતિમાં) તેને (આખિરતનો) મહાન બદલો આપવામાં આવશે (અને તે મહાન યોદ્ધો કહેવાડવાના લાયક છે).

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉ અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની આજ્ઞાપાલનનું વર્ણન હતું, આગળ આ આયતો દ્વારા ફરમાંબરદાર ઈમાનવાળા દીનદાર લોકોને જિહાદનો હુકમ આપવામાં આવ્યો છે. *(કુર્તુબી)*

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહના રસ્તામાં જિહાદ માટે શસ્ત્રસજ્જ થઈ કૂચ કરવાના લાભો :

يَـٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا خُذُوْا حِذْرَكُمْ.... આ આયતના પ્રથમ વિભાગમાં જિહાદ કરવા માટે શસ્ત્રસજ્જ થવાનો હુકમ આપવામાં આવ્યો છે અને બીજા વિભાગમાં જિહાદ માટે પ્રવૃત્ત થવાનો હુકમ છે, તેમાં એક વાત જેને અનેક સ્થળોએ સ્પષ્ટ કરવામાં આવી છે તેની જાણ થાય છે કે, દેખીતા કારણો અપનાવીને અલ્લાહ ઉપર તવક્કુલ (ભરોસો) રાખવો જોઈએ અને આ બાબત અલ્લાહ ઉપરના તવક્કુલના ખિલાફ નથી.

બીજી બાબત એ જાણ થઈ કે, અત્રે શસ્ત્રસજ્જ થવાનો હુકમ આપવામાં આવ્યો છે, પરંતુ વાયદો કરવામાં નથી આવ્યો કે, તેના કારણે તમે ચોક્કસ સુરક્ષિત થઈ જશો. એટલે તેનાથી એ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, દરેક પ્રકારના ઉપલબ્ધ શસ્ત્રો, અન્ય સ્ત્રોતો વગેરે અપનાવવા ફક્ત મનની શાંતિ માટે હોય છે, નહિતર અલ્લાહના હુકમ વિના આપમેળે આ શસ્ત્રોમાં પણ કોઈ નફો-નુકસાન પહોંચાડવાની શક્તિ નથી. જેમકે ઈરશાદ છે,

قُلْ لَّنْ يُّصِيْبَنَآ اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا،

"હે નબી ! તમે કહી આપો કે અમને કોઈ તકલીફ નહીં પહોંચે પરંતુ તે જ; જે અમારા મુકદ્દરમાં લખાઈ ચૂકી છે." *(૯ : ૫૧)*

આ આયતમાં પ્રથમ તો જિહાદની તૈયારીનો હુકમ આપવામાં આવ્યો છે,

ત્યારબાદ તેના માટે નીકળવાની પદ્ધતિ બતાવી છે, જેના માટે બે વાક્યો વર્ણન કરવામાં આવ્યા, એટલે કે فَانْفِرُوْا ثُبَاتٍ اَوِانْفِرُوْا جَمِيْعًا તેમાં ثُبَاتٌ "ષુબાત્" એ ثُبَةٌ "ષુબતુન"નું બહુવચન છે, જેનો અર્થ નાની ટૂકડી થાય છે, જેને લશ્કરી ટૂકડી કહેવામાં આવે છે. એટલે કે, જો તમે જિહાદ માટે નીકળો તો એકલા ન નીકળો બલકે, નાની–નાની ટૂકડીઓના સ્વરૂપમાં નીકળો અથવા એક મોટા લશ્કર સ્વરૂપે જાઓ. કારણ કે, એકલા લડવા જવામાં નુકસાન થવાની વધારે શક્યતા રહેલી છે અને દુશ્મન એવી તકનો પૂરેપૂરો લાભ ઉઠાવી લે છે.

આ તા'લીમ તો જિહાદના સમયે મુસલમાનોને આપવામાં આવી છે, પરંતુ સામાન્ય પરિસ્થિતિમાં પણ શરીઅતની એ જ તા'લીમ છે કે, એકલા મુસાફરી ન કરો કારણ કે, એક હદીષમાં એકલા મુસાફરી કરનારને એક શયતાન કહેવામાં આવ્યો છે અને બે મુસાફરોને બે શયતાન કહેવામાં આવ્યા છે અને ત્રણને જમાઅત કહેવામાં આવી છે.

એ જ પ્રમાણે એક અન્ય હદીષમાં ઈરશાદ છે,

خَيْرُ الصَّحَابَةِ اَرْبَعَةٌ وَخَيْرُ السَّرَايَا اَرْبَعُ مِائَةٍ وَخَيْرُ الْجُيُوْشِ اَرْبَعَةُ اٰلافٍ،

(رَوَاهُ الطَّبْرَانِىْ بَحوَالَهِ مِشْكٰوةٌ)

"ઉત્તમ મિત્રો ચાર છે અને ઉત્તમ લશ્કરી ટૂકડી ૪૦૦ ની છે અને ઉત્તમ લશ્કર ૪૦૦૦ છે."

(રવાહુ તબરાની બ હવાલએ મિશ્કાત)

وَاِنَّ مِنْكُمْ..... આ આયતથી સ્પષ્ટ રીતે જાણ થાય છે કે, આ સંબોધન ઉપરછલ્લી રીતે જોતાં મો'મિનોને કરવામાં આવ્યું હોય એવું લાગે છે, જ્યારે કે આગળ જે ખાસિયતો વર્ણન કરવામાં આવી છે તે મો'મિનોની નથી હોઈ શકતી. આથી તેનું સંબોધન મુનાફિકો માટે છે, કારણ કે, તેઓ જાહેરમાં મુસલમાન હોવાનો દા'વો કરતા હતા એટલા માટે સંબોધનમાં તેમને પણ મો'મિનોની એક જમાઅત કહેવામાં આવી છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૭૫-૭૬)

وَمَا لَكُمْ لَا تُقَاتِلُونَ فِي سَبِيلِ اللَّهِ وَالْمُسْتَضْعَفِينَ مِنَ الرِّجَالِ وَالنِّسَاءِ
وَالْوِلْدَانِ الَّذِينَ يَقُولُونَ رَبَّنَا أَخْرِجْنَا مِنْ هَٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ أَهْلُهَا
وَاجْعَل لَّنَا مِن لَّدُنكَ وَلِيًّا وَاجْعَل لَّنَا مِن لَّدُنكَ نَصِيرًا ﴿٧٥﴾ الَّذِينَ آمَنُوا
يُقَاتِلُونَ فِي سَبِيلِ اللَّهِ ۖ وَالَّذِينَ كَفَرُوا يُقَاتِلُونَ فِي سَبِيلِ الطَّاغُوتِ فَقَاتِلُوا أَوْلِيَاءَ
الشَّيْطَانِ ۖ إِنَّ كَيْدَ الشَّيْطَانِ كَانَ ضَعِيفًا ﴿٧٦﴾

તરજુમો :

અને તમને શું થયું કે અલ્લાહના રસ્તામાં લડતા નથી ? અને તેમના માટે જેઓ "મુસ્તદ્અફીન" (કમજોર-કચડાયેલા-મજલૂમ) પુરુષો અને સ્ત્રીઓ અને બાળકો છે; જેઓ કહે છે, હે અમારા પરવરદિગાર ! અમને આ વસ્તીમાંથી બહાર કાઢ કે અહીંયાંના લોકો જાલિમ છે, અને અમારા માટે પોતાની પાસેથી કોઈ હિમાયતી કરી દે, અને અમારા માટે પોતાની પાસેથી કોઈ મદદગાર કરી દે. (૭૫) જે લોકો ઈમાનવાળા છે, બસ અલ્લાહના રસ્તામાં લડે છે, અને જેઓ કાફિર છે, બસ શયતાન (તાગૂત)ના માર્ગમાં લડે છે; બસ, તમે શયતાનના હિમાયતીઓ સામે લડો; બેશક ! શયતાનના પ્રપંચો કમજોર (નબળા-સુસ્ત) છે. (૭૬)

તફસીર :

અને તમારી પાસે શું બહાનું છે કે તમે જિહાદ નહીં કરો ? (એમ છતાં કે તેનું મજબૂત કારણ મૌજૂદ છે, કારણ કે, આ જિહાદ) અલ્લાહના રસ્તામાં (હોય છે, એટલે કે, અલ્લાહના કલિમાને બુલંદ કરવા માટે હોય છે, જિહાદનું મહત્ત્વ જાણી તેમાં ભાગ લેવો જરૂરી છે) અને (આ જિહાદ દીનની બુલંદીમાં એક નિશાની સ્વરૂપે છે કે, એક મહત્ત્વની આવશ્યકતા આવી પડી છે અને તે એ કે) કમજોર (ઈમાનદાર-મઝલૂમ-કચડાયેલા) વર્ગ માટે (પણ લડવું જરૂરી છે, જેથી કાફિરોના જુલમો સિતમના ક્રૂર પંજામાંથી તેમને મુક્તિ મળે) જે (બીચારાઓ)માં અમુક પુરુષો છે, અમુક સ્ત્રીઓ છે, અમુક બાળકો છે જેઓ (કાફિરોથી તંગ અને

પરેશાન થઈને) દુઆ કરી રહ્યા છે કે, હે અમારા પરવરદિગાર ! અમને (કોઈપણ રીતે) આ વસ્તીમાંથી (એટલે કે મક્કામાંથી જે અમારા માટે જેલખાનું બનાવી દેવામાં આવ્યું છે) બહાર કાઢ ! જેના નિવાસીઓ ક્રૂર અત્યાચારીઓ છે (કે અમારા ઉપર મુસીબતોનો પહાડ તોડી રહ્યા છે) અને અમારા માટે અદૃશ્ય રીતે કોઈ સહાયક મોકલી આપ (કે તેઓ અમારી હિમાયત કરીને આ જાલિમોના ક્રૂર પંજામાંથી અમને છોડાવે) અને જે લોકો પાકા ઈમાનવાળા છે (તેઓ તો આ હુકમોને સાંભળીને) અલ્લાહના માર્ગમાં (એટલે કે ઈસ્લામને સરબુલંદી અપાવવા) જિહાદ કરે છે અને જે લોકો (તેમના મુકાબલામાં) કાફિરો છે તેઓ શયતાનના માર્ગમાં (એટલે કે કુફ્રને વિજય અપાવવા માટે) લડે છે (અને દેખીતું છે કે, આ બંનેમાં અલ્લાહની મદદ ઈમાનવાળાઓ તરફ હશે જયારે ઈમાનવાળાઓ સાથે અલ્લાહની મદદ છે તો હે ઈમાનવાળાઓ !) તમે શયતાનના સાથીદારો સાથે (એટલે કે કાફિરો સાથે જેઓ અલ્લાહની મદદથી વંચિત છે) જિહાદ કરો (અને ભલે તેઓ પણ વિજયી થવાની વિવિધ યુક્તિઓ કરે છે, પરંતુ) વાસ્તવમાં (તે શયતાની યુક્તિઓ છે કે, શયતાન તેમને કુફ્રના ષડયંત્રો કરવાનો હુકમ આપે છે પરંતુ) શયતાનના ષડયંત્રો અતિકમજોર હોય છે. (કારણ કે, તેમાં અલ્લાહની અદૃશ્ય મદદ નથી હોતી અને જો સંજોગવસાત્ વિજય પ્રાપ્ત થઈ જાય તો પણ અમુક દિવસની મહોલત અને ઢીલ મળે છે, જ્યારે કે, ગયૂબી મદદ મો'મિનોની સાથે જ છે પછી તેમના ષડયંત્રોની અલ્લાહની મદદ સામે શું વિસાત છે).

ખુલાસો :

મતલબ કે, ખુલાસો એ છે કે, સંપૂર્ણ કારણ પણ ઉપસ્થિત છે અને અલ્લાહની મદદનો વાયદો પણ છે, પછી (જિહાદ ન કરવાનું) શું બહાનું છે ? એટલા માટે પુનરાવર્તિત સ્વરૂપે અત્રે તાકીદ કરવામાં આવી છે.

મસ્અલા અને બોધપાઠ :

મજલૂમની ફરિયાદ સાંભળવી અને તેને અત્યાચારીના પંજામાંથી મુક્ત કરાવવો ઇસ્લામનો એક અગત્યનો ફરજ છે :

મક્કામાં એવા કચડાયેલા વર્ગના મુસલમાનો રહી ગયા હતા, જેઓ

શારીરિક રીતે અશક્ત અને વંચિતતાની દશામાં જીવતા હતા. એ કારણે હિજરત ન કરી શક્યા હતા અને પાછળથી કાફિરોએ પણ તેમને જવાથી રોક્યા હતા અને જાત-જાતની પીડાઓ અને ત્રાસ આપવાનું શરૂ કર્યું કે, જેથી આ લોકો ઈસ્લામથી ફરી જાય, તે લોકોમાંથી અમુકના નામો પણ અમુક તફસીરોમાં આવ્યા છે. દાખલા તરીકે, ઈબ્ને અબ્બાસ (રદિ.) અને તેમની વાલિદહ, સલમા બિન્તે હિશામ (રદિ.), વલીદ બિન વલીદ (રદિ.) અને અબૂ ઝુન્દુલ બિન સહલ (રદિ.). (કુર્તુબી) આ લોકો ઈમાનના પાકા હોવાના કારણે તેમના ઉપર થતા અત્યાચારો વેઠતા રહ્યા અને ઈસ્લામ ઉપર ખૂબ મજબૂતીથી અડગ રહ્યા. અલબત્ત, અલ્લાહ તઆલા પાસે તે મુસીબતોથી છુટકારો મેળવવાની દુઆઓ સતત કરતા રહ્યા, અંતે અલ્લાહ તઆલાએ તેમની દુઆ કબૂલ ફરમાવી અને મુસલમાનોને હુકમ આપ્યો કે, તેઓ જિહાદ કરીને આ કાફિરોના અત્યાચારથી તેમને છુટકારો અપાવે.

આ આયતમાં મો'મિનોએ અલ્લાહ તઆલાને બે બાબતોની દરખાસ્ત કરી હતી, એક એ કે અમને આ વસ્તીમાંથી બહાર કાઢ ! (અહીંયાં વસ્તીનો અર્થ મક્કા છે) બીજું એ કે અમારા માટે કોઈ હિમાયતી અને સહાયક-મદદગાર મોકલી આપ, જેથી અલ્લાહ તઆલાએ તેમની આ બંને માંગણીઓનો સ્વીકાર કર્યો. આમ, આ પ્રમાણે અમુકને તો ત્યાંથી નીકળવાની તક મળી ગઈ, જેનાથી તેમની પહેલી દરખાસ્ત પૂરી થઈ અને હજુ અમુક લોકો તે સ્થળે જ રહી ગયા હતા, એટલે સુધી કે, મક્કા મુસલમાનોના હાથે ફતહ (વિજયી) થયું, ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ઈતાબ બિન ઉસૈદ (રદિ.)ને તેમના વાલી નક્કી કર્યા, જેમણે મજલૂમોને જાલિમોના જુલમો-સિતમમાંથી છુટકારો અપાવ્યો. આ પ્રમાણે તેમની બીજી માંગણી પણ પૂરી થઈ. આ આયતમાં સ્પષ્ટ શબ્દોમાં લડાઈનો હુકમ આપવાના બદલે કુર્આન શરીફે આ શબ્દો અપનાવ્યા છે, مَا لَكُمْ لَا تُقَاتِلُوْنَ જેમાં એ તરફ ઈશારો છે કે, આવી પરિસ્થિતિમાં યુદ્ધ અને જિહાદ કરવો એક સ્વાભાવિક અને નૈતિક ફરજ છે કે, કોઈ સારો માણસ તેના ઉપર અમલ ન કરે એવું બની ન શકે. ચોક્કસ તે અમલ કરશે જ !

અલ્લાહ તઆલાએ દુઆને બધી જ મુસીબતોનો અક્સીર ઇલાજ બતાવ્યો છે :

આ આયત يَقُوْلُوْنَ رَبَّنَا اَخْرِجْنَا થી એ બતાવવામાં આવ્યું કે, લડાઈના

હુકમનું એક કારણ તે કમજોર, કચડાયેલા, દબાયેલા મુસલમાન પુરુષો અને સ્ત્રીઓની દુઆ હતી જેનો સ્વીકાર કરીને મુસલમાનોને જિહાદનો હુકમ આપવામાં આવ્યો અને તેમની તકલીફો તાત્કાલિક દૂર થઈ.

યુદ્ધ તો બધા જ કરે છે પરંતુ તેમાં મો'મિનો અને કાફિરોના લક્ષ્ય અને હેતુ જુદા-જુદા હોય છે :

....اَلَّذِيْنَ يُقَاتِلُوْنَ فِىْ سَبِيْلِ اللّٰهِ આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે, મુસલમાનો અલ્લાહના માર્ગમાં લડે છે અને કાફિરો શયતાનના માર્ગમાં લડે છે, જેનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે, મો'મિનોનો સંઘર્ષ અને યુદ્ધ એ જ હેતુસર હોય છે કે, દુનિયામાં અલ્લાહ તઆલાનો કાનૂન પ્રસ્થાપિત થઈ જાય અને અલ્લાહ તઆલાનો કાનૂન બુલંદ થાય. કારણ કે, અલ્લાહ તઆલા બધી જ મખ્લૂકોનો માલિક છે અને તેનો કાનૂન માત્ર અને માત્ર ન્યાય ઉપર આધારિત છે અને જ્યારે ન્યાય ઉપર આધારિત રાજ્ય વ્યવસ્થા કાયમ થઈ જશે તો આપોઆપ શાંતિ અને સલામતીની સ્થાપના થશે. દુનિયાની શાંતિ માટે એ બાબત આવશ્યક છે કે, દુનિયામાં એવો કાનૂન સ્થાપિત કરવામાં આવે જે અલ્લાહનો કાનૂન છે. એટલા માટે કામિલ (સંપૂર્ણ) મો'મિન જ્યારે જિહાદ કરે છે ત્યારે તેની સામે આ જ હેતુ અને લક્ષ્ય હોય છે.

પરંતુ એનાથી વિપરીત કાફિરોની ઇચ્છા હોય છે કે, કુફ્રની બોલબાલા થાય અને કુફ્ર વિજય પામે તથા શયતાની શક્તિઓ સત્તાના સિંહાસન ઉપર બિરાજમાન થાય, જેથી દુનિયામાં કુફ્ર અને શિર્ક ખૂબ પ્રસરે. કુફ્ર અને શિર્ક શયતાનનો માર્ગ છે. એટલા માટે કાફિરો શયતાનના કામમાં તેની મદદ કરે છે.

શયતાનના ષડયંત્રો ઘણા નબળા હોય છે :

اِنَّ كَيْدَ الشَّيْطٰنِ كَانَ ضَعِيْفًا આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે, શયતાનના ષડયંત્રો અત્યંત કમજોર અને નબળા હોય છે. એટલા માટે તેઓ મો'મિનોનું કંઈ જ બગાડી નથી શકતા, જેથી મુસલમાનોએ શયતાનના મિત્રો એટલે કે કાફિરોથી લડવામાં કોઈ પાછીપાની કરવી ન જોઈએ. કારણ કે, મો'મિનોનો મદદગાર અલ્લાહ છે અને કાફિરોને શયતાનની યુક્તિઓથી કોઈ લાભ થવાનો નથી.

એ જ કારણે બદ્રના યુદ્ધમાં એવું જ થયું કે, પ્રથમ શયતાન કાફિરો સામે મોટી-મોટી ડીંગો અને બડાઈ હાંકતો હતો અને તે કાફિરોને વિશ્વાસ અપાવતો હતો કે, لَا غَالِبَ لَكُمُ الْيَوْمَ આજના દિવસે તમે લોકો પરાજિત નહીં થઈ શકો, એટલા માટે કે إِنِّي جَارٌ لَّكُمْ "હું તમારો મદદગાર છું, હું મારા તમામ લાવ-લશ્કર સાથે તમારી મદદ કરીશ." જ્યારે યુદ્ધ શરૂ થયું તો તે પોતાના લશ્કર સાથે આગળ વધ્યો પરંતુ જ્યારે તેણે જોયું કે, મુસલમાનોની સહાયતા માટે ફરિશ્તાઓ આવી પહોંચ્યા છે, તો તેણે પોતાની યુક્તિઓ નિષ્ફળ થતી જોઈને પાછા પગે નાસી જવાનું શરૂ કરી દીધું અને પોતાના મિત્રોને એટલે કે કાફિરોને કહ્યું, إِنِّي بَرِيءٌ مِّنكُمْ، إِنِّي أَرَىٰ مَا لَا تَرَوْنَ إِنِّي أَخَافُ اللَّهَ، وَاللَّهُ شَدِيدُ الْعِقَابِ "મારે તમો લોકો સાથે કોઈ લેવા-દેવા નથી, એટલા માટે કે હું તે વસ્તુ જોઈ રહ્યો છું, જેની તમને ખબર નથી. (એટલે કે ફરિશ્તાઓના લશ્કર) હું અલ્લાહથી ડરું છું, કારણ કે, તે સખત અઝાબ આપનારો છે." *(મઝહરી)*

આ આયતમાં શયતાનની યુક્તિઓ અને ષડયંત્રોને કમજોર બતાવવામાં આવ્યા છે. એટલા માટે આ આયતની બે શરતો સમજી શકાય છે. એક એ કે, તે વ્યક્તિ જેના મુકાબલામાં શયતાન ષડયંત્ર કરી રહ્યો છે, જો તે મુસલમાન હોય અને બીજું એ કે, આ કામ ફક્ત અલ્લાહ માટે જ હોય, કોઈ દુનિયવી હેતુ માટે અથવા મનેચ્છાઓ કે સ્વાર્થ સંતોષવા માટે ન હોય, જો આ બંને શરતો પૂર્ણ ન થતી હોય એટલે કે, પહેલી શરત الَّذِينَ آمَنُوا થી અને બીજી يُقَاتِلُونَ فِي سَبِيلِ اللَّهِ જો આ બંને સ્વરૂપોમાંથી કોઈ છૂટી જાય તો પછી જરૂરી નથી કે, શયતાનની તદ્બીરો તેમના મુકાબલામાં કમજોર રહે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું, "જ્યારે તમે શયતાનને જુઓ તો કોઈપણ પ્રકારના ડર કે ભય પામ્યા વિના તેના ઉપર હુમલો કરો." ત્યાર પછી તેમણે આ જ આયતની તિલાવત કરી, إِنَّ كَيْدَ الشَّيْطَانِ كَانَ ضَعِيفًا

(અહકામુલ કુર્તુબી લિલ્ સુયૂતિ)

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૭૭-૭૮-૭૯)

أَلَمْ تَرَ إِلَى الَّذِينَ قِيلَ لَهُمْ كُفُّوا أَيْدِيَكُمْ وَأَقِيمُوا الصَّلٰوةَ وَآتُوا الزَّكٰوةَ ج
فَلَمَّا كُتِبَ عَلَيْهِمُ الْقِتَالُ إِذَا فَرِيقٌ مِّنْهُمْ يَخْشَوْنَ النَّاسَ كَخَشْيَةِ اللّٰهِ أَوْ
أَشَدَّ خَشْيَةً ج وَقَالُوا رَبَّنَا لِمَ كَتَبْتَ عَلَيْنَا الْقِتَالَ ج لَوْلَا أَخَّرْتَنَا إِلَىٰ أَجَلٍ
قَرِيبٍ ط قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيلٌ ج وَالْآخِرَةُ خَيْرٌ لِّمَنِ اتَّقٰى قف وَلَا تُظْلَمُونَ فَتِيلًا ﴿٧٧﴾
أَيْنَ مَا تَكُونُوا يُدْرِككُّمُ الْمَوْتُ وَلَوْ كُنتُمْ فِي بُرُوجٍ مُّشَيَّدَةٍ ط وَإِن تُصِبْهُمْ
حَسَنَةٌ يَّقُولُوا هٰذِهٖ مِنْ عِندِ اللّٰهِ ج وَإِن تُصِبْهُمْ سَيِّئَةٌ يَّقُولُوا هٰذِهٖ مِنْ
عِندِكَ ط قُلْ كُلٌّ مِّنْ عِندِ اللّٰهِ ط فَمَالِ هٰؤُلَاءِ الْقَوْمِ لَا يَكَادُونَ يَفْقَهُونَ
حَدِيثًا ﴿٧٨﴾ مَا أَصَابَكَ مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ ز وَمَا أَصَابَكَ مِن سَيِّئَةٍ فَمِن
نَّفْسِكَ ط وَأَرْسَلْنٰكَ لِلنَّاسِ رَسُولًا ط وَكَفٰى بِاللّٰهِ شَهِيدًا ﴿٧٩﴾

તરજુમો :

શું તમે તે લોકોને નથી જોયા ? જેમને હુકમ થયો હતો કે પોતાના હાથ રોકી રાખો (લડાઈ ન કરો), અને નમાઝ કાયમ રાખો, અને ઝકાત આપતા રહો, પછી જ્યારે તેમના ઉપર લડાઈનો હુકમ થયો તે જ સમયે તેમનામાં એક જૂથ લોકોથી ડરવા લાગ્યું જેવો કે અલ્લાહનો ડર હોય અથવા તેનાથી પણ વધારે ડર ! અને કહેવા લાગ્યા, હે અમારા પરવરદિગાર ! કેમ અમારા ઉપર લડાઈ (જિહાદ) ફરજ કરી ? કેમ અમને થોડી મુદ્દત સુધી (મહોલત આપી) છોડી ન રાખ્યા ? કહી આપો કે દુનિયાનો ફાયદો થોડો છે અને આખિરત પરહેઝગાર (અલ્લાહથી ડરનાર) માટે ઉત્તમ છે, અને તમારો એક રેસા બરાબર (પણ) હક રહેશે નહીં. (૭૭) તમે જ્યાં કંઈ પણ હશો મૌત તમને પકડી લેશે, ભલે તમે મજબૂત કિલ્લાઓમાં હોય; અને જો લોકોને કંઈ ભલાઈ (લાભ) પહોંચે તો કહે, આ અલ્લાહ તરફથી છે; અને જો લોકોને

કંઈ બુરાઈ (નુકસાન) પહોંચે તો કહે, આ તમારા તરફથી છે; કહી આપો કે આ બધું અલ્લાહ તરફથી છે, બસ શું હાલત છે તે લોકોની, કદાપિ એવા નથી લાગતા કે કોઈ વાત સમજે ! (૭૮) તમને જે કોઈ ભલાઈ (લાભ) પહોંચે બસ અલ્લાહ તરફથી છે, અને તમને જે બુરાઈ (નુકસાન) પહોંચે બસ તમારા નફ્સ તરફથી છે; અને અમે તમને લોકોના સંદેશાવાહક (બનાવી) મોકલ્યા અને અલ્લાહ સામે જોનાર (ગવાહ તરીકે) પૂરતો છે. (૭૯)

તફસીર :

(હે સાંભળનાર !) શું તેં તે લોકોને નથી જોયા (જિહાદનો હુકમ નાઝિલ થતા પહેલાં તો યુદ્ધ માટેની પરવાનગીની એવી માંગણી કરતા હતા કે) તેમને (રોકવા માટે) એવું કહેવામાં આવ્યું હતું કે (અત્યારે) પોતાના હાથોને (લડાઈથી) રોકી રાખો અને (જે હુકમ આપવામાં આવી ચૂક્યો છે, તેના ઉપર અમલ કરતા રહો દાખલા તરીકે,) નમાઝોની પાબંદી કરો અને ઝકાત આપતા રહો (પણ હવે એવી પરિસ્થિતિ છે કે,) પછી તેમના ઉપર જિહાદ ફરજ કરવામાં આવ્યો તો શું હાલ થયો કે તેમનામાંથી અમુક–અમુક લોકો (વિરોધી) લોકોથી (સ્વભાવગત) એવા ડરવા લાગ્યા (કે તેઓ અમારી હત્યા કરી નાંખશે) જેમકે, (કોઈ) અલ્લાહ તઆલાથી ડરતા હોય બલકે, તેનાથી પણ વધારે ડરવા લાગ્યા (વધારે ડરવાના બે અર્થ હોઈ શકે છે, એક તો એ કે અલ્લાહ તઆલાથી ડરવું હંમેશા બૌદ્ધિક રીતે હોય છે અને દુશ્મનથી ડરવું માનવ સ્વભાવની પ્રકૃતિમાં હોય છે અને સામાન્ય નિયમ એ છે કે સ્વભાવગત ડર બૌદ્ધિક ડર કરતાં વધારે સખત હોય છે. બીજું એ કે અલ્લાહ તઆલાથી જેવો ડર હોય છે એવી જ તેની રહમત અને કૃપાની ઉમ્મીદ પણ હોય છે, જ્યારે કાફિર દુશ્મનોથી તો ફક્ત નુકસાન જ નુકસાનનો ડર હોય છે, કારણ કે આ ડર સ્વભાવગત હતો, એટલા માટે તેનો કોઈ ગુનોહ નથી) અને (આ લડાઈનો હુકમ મુલ્તવી રાખવાની ઈચ્છાથી) એવું કહેવા લાગ્યા (ભલે, મૌખિક રીતે અથવા દિલથી અને અલ્લાહ તઆલાના જ્ઞાનમાં મનની ઈચ્છા પણ મૌખિક રીતે કોઈ ઈચ્છા જાહેર કરવા બરાબર હોય છે, મતલબ કે કહેવા લાગ્યા) કે, હે અમારા પરવરદિગાર ! તેં અત્યારે અમારા ઉપર જિહાદ કેમ ફરજ કરી દીધો ? (પોતાની કૃપાદષ્ટિથી) હજુ થોડી મહોલત આપી દીધી હોત (થોડા

નચિંત થઈને અમે અમારી જરૂરતો પૂરી કરી લીધી હોત અને આવી તમન્ના કરવી જિહાદના હુકમનો વિરોધ કરવા માટે તથા ઈન્કાર કરવા માટે ન હતું. એટલા માટે કોઈ ગુનોહ નથી થયો, આગળ જવાબ આપવામાં આવે છે કે, હે મુહમ્મદ ﷺ !) તમે ફરમાવી આપો કે, દુનિયાથી લાભ લેવો (જેના માટે તમે મહોલતની તમન્ના કરો છો) ફક્ત અમુક દિવસ માટે છે અને આખિરત (જેને પ્રાપ્ત કરવા માટેનું શ્રેષ્ઠ માધ્યમ જિહાદ છે), દરેક રીતે ઉત્તમ છે (પરંતુ તે) એવા વ્યક્તિ માટે (છે) જે અલ્લાહ તઆલાનો વિરોધ કરવાથી બચે (કારણ કે, જો કુફ્ર સ્વરૂપે વિરોધ કર્યો ત્યારે તો તેના માટે આખિરતના સામાનમાં કંઈ પણ નથી અને જો ગુનાહો કર્યા તો શ્રેષ્ઠ દરજ્જાથી વંચિત રહેશે) અને તમારા ઉપર જરા પણ જુલમ કરવામાં નહીં આવે (એટલે કે, જેટલા અમલો હશે તેનો પૂરે-પૂરો સવાબ મળશે તો પછી જિહાદ જેવો અમલ સવાબથી કઈ રીતે ખાલી હોઈ શકે છે ! અને જો જિહાદ ન કર્યો તો નક્કી સમય પર શું તમે મૌતથી બચી જશો ? કદાપિ નહીં ! કારણ કે, મૌત એવી નિશ્ચિત છે કે,) તમે ભલે ગમે ત્યાં હોય, મૌત આવીને પકડી લેશે, ભલે તમે મજબૂત કિલ્લાઓમાં (જ કેમ ન) હોય! (મતલબ કે, જ્યારે મૌત તેના નક્કી સમયે આવવાની છે અને મૃત્યુ આવવાથી આ દુનિયા છોડવાની જ છે, તો આખિરતમાં ખાલી હાથે શા માટે જવું જોઈએ ? બલકે, બુદ્ધિની વાત તો એ જ છે કે, થોડાક દિવસોની મહેનત કરીને હંમેશા માટેની જન્નત કમાવવી જોઈએ) અને જો તેઓ (મુનાફિકો)ને કોઈ લાભ પહોંચે છે (જેમકે વિજય અથવા સફળતા) તો તેઓ કહે છે કે, આ અલ્લાહ તરફથી (અચાનક) થઈ ગયું (નહિતર મુસલમાનોની યોજનામાં કોઈ ભલીવાર ન હતો) અને જો તેમને કોઈ ખરાબ પરિસ્થિતિનો સામનો થાય છે (જેમકે જિહાદમાં હત્યા અથવા નુકસાન વગેરે) તો (હે મુહમ્મદ ﷺ ! તમારા વિશે નઊઝુબિલ્લાહ) કહે છે કે, આ તમારા (અને મુસલમાનોની નિષ્ફળ યોજનાઓના) કારણે છે (નહિતર જો આરામથી ઘરોમાં બેસી રહ્યા હોત તો આ મુસીબતનો સામનો ન કરવો પડ્યો હોત) તમે કહી આપો કે, (મારો તો એમાં જરા પણ હાથ નથી, બલકે) બધું જ કંઈ (ઈનામ અને નુકસાન) અલ્લાહ તરફથી જ છે (ભલે એ પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે હોય, જેમકે ઘણી જ જલદી તેની સ્પષ્ટતા આગળ આવી રહી છે, જેનો ખુલાસો એ છે કે, ઈનામ તો ફક્ત અલ્લાહના ફઝ્લ અને કૃપાથી અમલોના કારણે મળે છે, જ્યારે

નુકસાન અને મુસીબત તો અલ્લાહના ન્યાયના તકાદા સ્વરૂપે બંદાના ગુનાહોના કારણે છે, બસ જે મુસીબત તમે મારા તરફથી હોવાનું સમજો છો, વાસ્તવમાં તમારા બુરા અમલોના કારણે છે, જેમકે ઉહદમાં હાર જેવી પરિસ્થિતિના કારણો આગળ પસાર થઈ ચૂક્યા છે અને આ વાત અત્યંત સ્પષ્ટ અને જાહેર છે, જો વ્યક્તિ થોડોક જ વિચાર કરે તો પોતાની સારી પરિસ્થિતિ નેક અમલના બદલામાં જોશે ત્યારે પોતાના કોઈ નેક અમલનો દરજ્જો એવો નહીં જુએ, ફક્ત તેમાં અલ્લાહની કૃપાદષ્ટિ જ સાબિત થશે અને એ જ પ્રમાણે પોતાની બુરી પરિસ્થિતિ ઉપર ચોક્કસ કોઈ ખરાબ કૃત્ય જોશે, જેની સજા સ્વરૂપે આ પરિસ્થિતિ આવી છે, જ્યારે આ વાત સ્પષ્ટ છે) તો તે (મૂર્ખ) લોકોને શું થયું છે કે, વાત સમજવાની પાસે પણ નથી ફરકતા ? (અને તેઓ ક્યારે સમજશે ? આ સ્પષ્ટતાનો ખુલ્લો જવાબ એ છે કે,) હે ઈન્સાન ! તને જે કોઈ સારી પરિસ્થિતિ આવે છે તે ફક્ત અલ્લાહ તઆલા તરફથી (તેની કૃપાદષ્ટિથી) છે અને જે કોઈ ખરાબ પરિસ્થિતિ આવે તો તે તારા જ (ખરાબ કૃત્યોના) કારણે છે (બસ, આ ખરાબ પરિસ્થિતિને શરીઅતના હુકમો ઉપર અમલ કરવાનું પરિણામ કહેવું અને શરીઅત તરફ તેનો સંબંધ જોડવો સંપૂર્ણ જહાલત છે, જેમકે મુનાફિકો જિહાદ અને જિહાદના ઈમામ સાથે તેનો સંબંધ જોડતા હતા) અને અમે તમને બધા જ લોકો તરફ પયગમ્બર બનાવીને મોકલ્યા છે અને (જો કોઈ મુનાફિક, કાફિર ઈન્કાર કરે તો તેના ઈન્કારની શું વિસાત હોઈ શકે છે ? કારણ કે,) અલ્લાહ તઆલા (આપ ﷺની રિસાલતના) ગવાહ તરીકે પૂરતો છે (જેણે પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપે ગવાહી આપી દીધી છે, જેમકે, وَاَرْسَلْنٰكَ અને મોઅ્જિઝાઓ પણ આપ ﷺને નુબુવ્વતની દલીલ તરીકે આપવામાં આવ્યા છે).

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) :

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ قِيْلَ لَهُمْ كُفُّوْا اَيْدِيَكُمْ.... મક્કામાં હિજરત કરતા પહેલાં કાફિરો મુસલમાનોને ખૂબ સતાવ્યા કરતા હતા. મુસલમાન રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થઈને ફરિયાદ કરતા અને એવી પરવાનગી માંગતા હતા કે, અમને કાફિરો સાથે યુદ્ધ કરવાની રજા આપો, જેથી અમે તેમના

અત્યાચારોનો બદલો લઈએ. રસૂલે કરીમ ﷺએ મુસલમાનોને લડાઈથી રોકી રાખ્યા હતા કે, અલ્લાહ તરફથી મને લડાઈ કરવાનો હુકમ આપવામાં આવ્યો નથી. બલકે, ધૈર્ય રાખવાનો અને દરગુઝરથી કામ લઈ સબ્ર કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તથા નમાઝ અને ઝકાતના જે હુકમો આવી ચૂક્યા છે, તેને બરાબર કરતા રહો, કારણ કે, જ્યાં સુધી વ્યક્તિ અલ્લાહની આજ્ઞાનું પાલન કરવામાં પોતાની જાત સાથે જિહાદ કરવાની શારીરિક તકલીફો વેઠવાની ટેવ ન પાડે, પોતાનો માલ ખર્ચ કરવાની આદત ન પાડે ત્યાં સુધી તેના માટે જિહાદ કરીને પોતાના પ્રાણ અલ્લાહના રસ્તામાં ન્યોછાવર કરવા અત્યંત કઠણ કામ હોય છે. આ વાતનો મુસલમાનોએ સ્વીકાર કરી લીધો હતો, ત્યારબાદ હિજરત પછી જ્યારે મુસલમાનોને જિહાદનો હુકમ થયો તો તેમણે ખુશ થવું જોઈતું હતું કે, અમારી દરખાસ્ત કબૂલ કરવામાં આવી, પરંતુ અમુક કાચા મુસલમાનો કાફિરો સાથે યુદ્ધ કરવાથી એવા ડરવા લાગ્યા જેવી રીતે કે કોઈએ માત્ર અલ્લાહના અઝાબથી આવું ડરવું જોઈએ અથવા તેનાથી પણ વધારે ડરવા લાગ્યા અને એવી તમન્ના કરવા લાગ્યા કે, થોડી મહોલત હજુપણ મળી જાય અને યુદ્ધનો હુકમ ન આવે અને અમે જીવતા રહીએ તો કેટલું સારું ! આ બાબત ઉપર આ આયત નાઝિલ થઈ. *(રૂહુલ મઆની)*

જિહાદનો હુકમ નાઝિલ થયા પછી મુસલમાનો તરફથી આ હુકમને મુલતવી રાખવાની તમન્ના કયા કારણોસર કરવામાં આવી હતી ? :

જિહાદના હુકમ ઉપર મુસલમાનો તરફથી મહોલતની તમન્ના કરવી વાસ્તવમાં આ હુકમનો વાંધો ઉઠાવવાના હેતુથી ન હતી બલકે, એક રસપ્રદ ફરિયાદ હતી, જેનું કારણ એ હતું કે સ્વાભાવિક રીતે બનતું એવું હોય છે કે, જ્યારે વ્યક્તિને અંતિમ કક્ષાની આર્થિક ભીડ, તકલીફો અને મુસીબતો પહોંચતી હોય છે, તો તેની લાગણીઓ અને ભાવનાઓ ભડકી ઉઠે છે. એટલા માટે એવા ઉશ્કેરાટના સમયે બદલો લેવો વધારે સરળ હોય છે. પરંતુ આરામ અને રાહતના સમયે વ્યક્તિનું મન લડાઈ માટે તૈયાર થતું નથી. આ એક મનુષ્યની પ્રકૃતિમાં વણાયેલી સ્વાભાવગત બાબત છે. એટલા માટે આ મુસલમાનો જ્યારે મક્કામાં હતા ત્યારે તે સમયે કાફિરોની પીડા, ત્રાસ અને અત્યાચારથી તંગ આવી જઈને જિહાદના હુકમની ઈચ્છા કર્યા કરતા હતા, પરંતુ મદીનામાં આવીને જ્યારે તેમને

શાંતિ અને સલામતી પ્રાપ્ત થઈ અને એવી પરિસ્થિતિમાં જ્યારે જિહાદનો હુકમ થયો ત્યારે તે સમયે તેમના ભૂતકાળની બદલાની ભાવનાઓ થોડી શાંત થઈ ચૂકી હતી અને તેમના દિલોમાં જે ઉત્સાહ અને ઉશ્કેરાટ હતો તે ઓછો થઈ ચૂક્યો હતો, એટલા માટે તેમણે ફક્ત એક ઈચ્છા કરી કે, જો આ સમયે જિહાદનો હુકમ ન હોત તો સારું થયું હોત ! આવી ઈચ્છા કરવી અલ્લાહના હુકમ ઉપર વાંધો ઉઠાવવાના કારણે ન હતું, આથી આવું કારણ ધરી આવી તમન્ના કરનાર મુસલમાનો સાથે ગુનાહનો સંબંધ જોડવો બરાબર નથી. આ ઈચ્છા બે પ્રકારે દર્શાવી શકાય છે. એક, પોતે મૌખિક શિકાયત કરી હોય અને બીજું, મૌખિક નહીં પરંતુ દિલમાં આવી ઈચ્છા પૈદા થઈ હોય તો આવી દિલમાં આવતી ઈચ્છાઓ (વસવસાઓ)ને શરીઅતે ગુનોહ ગણ્યો નથી. અત્રે આ બંને વસ્તુઓ હોઈ શકે છે. આ આયતમાં શબ્દ قَالُوْا (કાલૂ)ના કારણે એ બાબત ઉપર શંકા ન કરવામાં આવે કે, તેમણે મૌખિક પણ આ બાબત જાહેર કરી હતી. કારણ કે, તેનો એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે, તેમણે આવી તમન્ના પોતાના દિલમાં જ રાખી હોય.

(બયાનુલ કુર્આન)

અમુક મુફસ્સિરોએ આ આયતો વિશે નોંધ્યું છે કે, તેનો સંબંધ મો'મિનો સાથે નથી બલકે, મુનાફિકો સાથે છે. આ સ્વરૂપમાં તેના વિશે મુસલમાનોએ આ હુકમનો વાંધો ઉઠાવ્યો ન હતો એ બાબતમાં કોઈ શંકા બાકી રહેતી નથી.

(તફસીરે કબીર)

રાજ્યની સુધારણા કરતાં પોતાની જાતની સુધારણા અગ્ર સ્થાને છે :

اَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ અલ્લાહ તઆલાએ પ્રથમ નમાઝ અને ઝકાતના હુકમો વર્ણન ફરમાવ્યા, જે વ્યક્તિની પોતાની જાતની સુધારણા માટેના માધ્યમો છે અને ત્યારપછી જિહાદનો હુકમ આપ્યો છે, જે રાજ્ય (પ્રદેશ)ની સુધારણાનું કામ હોય છે. એટલે કે, તેના દ્વારા અત્યાચાર અને અતિરેકનો નાશ કરવામાં આવે છે અને પ્રદેશમાં શાંતિ અને સલામતીની સ્થાપના થાય છે. એનાથી જાણ થાય છે કે, વ્યક્તિએ બીજાઓની સુધારણાથી પહેલાં પોતાની જાતને સુધારવી જોઈએ. કારણ કે, દરજ્જાના આધારે પણ પોતાની જાતની સુધારણા કરવી ફરજે ઐન (દરેકના ઉપર વ્યક્તિગત રીતે ફરજ) છે અને રાજ્ય તથા પ્રદેશની સુધારણા માટે જિહાદ કરવો ફરજે કિફાયા છે, તેના કરતાં પોતાની

જાતની સુધારણા વધારે મહત્ત્વ ધરાવે છે અને તે આ બંને ફરજોમાં અગ્ર સ્થાને હોવાની બાબત સ્પષ્ટ છે. *(મઝહરી)*

દુનિયા અને આખિરતની નેઅ્મતોનો તફાવત :

આયતમાં દુનિયાની નેઅ્મતોના મુકાબલામાં આખિરતની નેઅ્મતોને શ્રેષ્ઠ અને ઉત્તમ કહેવામાં આવી છે, તેના નીચે પ્રમાણે ચાર કારણો છે.

(૧) દુનિયાની નેઅ્મતો ઓછી છે અને આખિરતની નેઅ્મતો ઘણી જ વધારે છે.

(૨) દુનિયાની નેઅ્મતો નષ્ટ થવાની છે અને આખિરતની નેઅ્મતો કાયમી અને હંમેશા બાકી રહેનારી છે.

(૩) દુનિયાની નેઅ્મતો સાથે જાત-જાતની તકલીફો પણ હોય છે અને આખિરતની નેઅ્મતો આ બધી ઉણપો અને ખામીઓથી પવિત્ર છે.

(૪) દુનિયાની નેઅ્મતો પ્રાપ્ત થવાની ખાતરી આપી શકાય નહિ અને આખિરતની નેઅ્મતો દરેક મુત્તકી મો'મિનોને ચોક્કસ મળશે.

(તફસીરે કબીર)

وَلَا خَيْرَ فِي الدُّنْيَا لِمَنْ لَمْ يَكُنْ لَّهُ مِنَ اللّٰهِ فِيْ دَارِ الْمَقَامِ نَصِيْبُ

فَإِنْ تُعْجِبُ الدُّنْيَا رِجَالًا فَإِنَّهَا مَتَاعٌ قَلِيْلٌ وَالزَّوَالُ قَرِيْبُ

"આ નષ્ટ થનારી દુનિયામાં એવા વ્યક્તિઓ માટે કોઈ ભલાઈ નથી જેમના માટે અલ્લાહ તઆલા તરફથી કાયમી ઘર એટલે કે, આખિરતમાં કોઈ જગ્યા ન હોય, પછી જો દુનિયા કોઈને આકર્ષિત કરે તો ચેતી જાઓ કે દુનિયાની સંપત્તિ થોડી છે અને તેની પડતી તથા અધોગતિ નિશ્ચિત છે અને તે ખૂબ નજીક છે. એટલા માટે આ બાજુ આંખ મીચાઈ અને પેલી બાજુ આખિરત સામે આવી."

એક બોધદાયક ઘટના :

اَيْنَ مَا تَكُوْنُوْا يُدْرِكْكُّمُ الْمَوْتُ.... અલ્લાહ તઆલાએ આ જિહાદની આયતને રોકવાની ઈચ્છા ધરાવનાર લોકોની શંકા એવી રીતે દૂર કરી દીધી કે, કદાચ જિહાદથી જીવ બચાવીને મૌતથી બચી શકાય છે, એવું જો વિચારતા હોય

તો તે તમારો ભ્રમ છે. કારણ કે મૌત એક દિવસે આવીને રહેશે, ભલે તમે જ્યાં કંઈ પણ હોય મૌત આવીને જ રહેશે. જો વાત એમ જ છે તો પછી તમારું જિહાદથી મુખ ફેરવવું વ્યર્થ છે.

હાફિઝ ઈબ્ને કષીરે આ આયતના વિવરણમાં એક બોધદાયક ઘટના ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમ અને મુજાહિદ (રહ.)થી વર્ણન કરેલ છે કે, "અગાઉની ઉમ્મતમાં એક સ્ત્રી હતી, જ્યારે તેના બાળક જન્મવાની ઘડી શરૂ થઈ અને થોડા સમય પછી બાળક પૈદા થયું, તો તેણે પોતાના નોકરને આગ લાવવા માટે મોકલ્યો, તે દરવાજામાંથી નીકળી રહ્યો હતો કે, અચાનક એક વ્યક્તિ પ્રગટ થયો, તેણે પૂછ્યું કે, 'આ સ્ત્રીએ કોને જન્મ આપ્યો છે ?' નોકરે જવાબ આપ્યો, 'બાળક એક છોકરી છે,' તો તે વ્યક્તિએ કહ્યું કે, 'તમે યાદ રાખજો ! આ છોકરી સો પુરુષો સાથે વ્યભિચાર કરશે અને અંતે એક કરોળિયાના કરડવાથી મૃત્યુ પામશે.' નોકર આ સાંભળીને પાછો ફર્યો અને તરત તેણે એક ચાકુ વડે છોકરીનું પેટ ચીરી નાંખ્યું અને વિચાર્યું કે, હવે તે મરી ગઈ છે, એવું સમજી ત્યાંથી નાસી છૂટયો, પરંતુ છોકરીની માતાએ તેને ટાંકા લગાવીને તેનું પેટ સીવી લીધું, એટલે સુધી કે તે છોકરી સાજી થઈ ગઈ અને જ્યારે યુવાન થઈ, તો એટલી રૂપાળી હતી કે, શહેરમાં તેના જેવી સ્વરૂપવાન યુવતી અન્ય કોઈ ન હતી. આ બાજુ પેલો નોકર ત્યાંથી નાસી છૂટી દરિયાઈ માર્ગે બીજા પ્રદેશમાં જતો રહ્યો અને લાંબી મુદત સુધી માલ-દૌલત કમાતો રહ્યો, જ્યારે તે શાદી કરવા માટે શહેરમાં પાછો આવ્યો, તે સમયે તેને એક વૃદ્ધ સ્ત્રી મળી, નોકરે કહ્યું કે, 'હું એવી યુવતી સાથે લગ્ન કરવા ઈચ્છું છું, જે ખૂબ સ્વરૂપવાન હોય અને શહેરમાં તેના જેવી અન્ય કોઈ સ્વરૂપવાન ન હોય.' તે વૃદ્ધ સ્ત્રીએ કહ્યું, 'ફલાણી યુવતી સૌથી વધુ સ્વરૂપવાન છે, તમે તેનાથી શાદી કરી લો.' છેવટે તેણે પ્રયત્ન કર્યો અને તેની સાથે શાદી કરી લીધી, આ યુવતીએ તેને પૂછ્યું કે, 'તમે કોણ છો અને ક્યાં રહો છો ?' તેણે કહ્યું કે, 'હું આ જ શહેરનો રહેનારો છું પરંતુ એક છોકરીનું પેટ ચીરીને નાસી છૂટયો હતો,' પછી તેણે આખી ઘટના કહી સંભળાવી. આ સાંભળીને તે યુવતી બોલી, 'તે છોકરી તો હું જ છું !' આવું કહીને તેણે પોતાનું પેટ બતાવ્યું, જેના ઉપર ઘાના નિશાન મૌજૂદ હતા. આ જોઈને તે નોકરે કહ્યું, 'જો તું તે જ સ્ત્રી છે તો તારા વિશે બે વાતો બતાવું છું, એક એ કે, તું સો પુરુષો સાથે વ્યભિચાર કરીશ,' તે

સ્ત્રીએ કહ્યું, 'હા ! હું સ્વીકારું છું, મેં એવું કર્યું છે, પરંતુ સંખ્યા યાદ નથી.' પેલા નોકરે કહ્યું, 'સંખ્યા સો છે, બીજી વાત એ કે, તારું મૃત્યું કરોળિયો કરડવાથી થશે.'

ત્યારબાદ પેલા નોકરે એટલે કે, હવે તે સ્ત્રીના પતિએ એક આલિશાન મહેલ બનાવડાવ્યો, જેમાં એક પણ કરોળિયાના જાળાનું નામ-નિશાન ન હતું. એક દિવસે તે આ મહેલમાં સૂતો હતો કે, ભીંત ઉપર એક કરોળિયો દેખાયો, સ્ત્રી બોલી 'શું આ તે જ કરોળિયો છે જેનાથી તું મને ડરાવે છે ?' તેણે કહ્યું, 'હા !' તે તરત જ ઊઠી અને કહ્યું, 'હું તેને હમણાં મારી નાંખું છું,' આવું કહીને તેને નીચે પાડી પોતાના પગથી મસળી તે કરોળિયાને મારી નાંખ્યો.

કરોળિયો તો મરી ગયો પરંતુ તેના ઝેરના છાંટાઓ તેના પગ અને નખો ઉપર પડ્યા, જે અંતે તેના મૌતનું કારણ બન્યું." *(ઇબ્ને કષીર)*

આ સ્ત્રી, ચોખ્ખા અને સ્વચ્છ શાનદાર મહેલમાં અચાનક એક કરોળિયા દ્વારા મૃત્યુ પામી, તેના મુકાબલામાં કેટલાય એવા માણસો છે, જે આખી જિંદગી જંગલોમાં અને યુદ્ધોમાં પસાર કરે છે, તે છતાં તેમને ત્યાં મૌત ન આવ્યું. હઝરત ખાલિદ બિન વલીદ (રદિ.) ઇસ્લામના સૈનિક અને પ્રખ્યાત જનરલ હતા. તેમને "સયફુલ્લાહ" (અલ્લાહની તલવાર)નો લકબ આપવામાં આવ્યો હતો. આખી જિંદગી શહાદતની તમન્નામાં જિહાદમાં પ્રવૃત્ત રહ્યા અને હજારો કાફિરોને ઠેકાણે લગાડ્યા, દરેક ભયની ખીણમાંથી નીડર થઈને નીકળી ગયા. હંમેશા એવી દુઆ કરતા હતા કે, મારું મૌત સ્ત્રીઓ જેવું મૌત ન હોય, ખાટલામાં સૂતાં-સૂતાં ન હોય બલકે, એક નીડર સૈનિકની જેમ જિહાદના મૈદાનમાં મૌત આવે. પરંતુ અંતે તેમનું મૌત પથારી ઉપર જ આવ્યું. આ બાબતથી સ્પષ્ટ થાય છે કે, જિંદગી અને મૌતની વ્યવસ્થા મહાન શક્તિશાળી અલ્લાહે પોતાના હાથમાં રાખી છે, જ્યારે તે ઇચ્છે તો આરામથી પથારી ઉપર એક કરોળિયા દ્વારા મારી નાંખે અને બચાવવા ઇચ્છે તો તલવારના છાંયડામાં બચાવી લે.

પાકું મજબૂત ઘર બનાવવું "તવક્કુલ" (અલ્લાહ ઉપર વિશ્વાસ)ની વિરોધી બાબત નથી :

وَلَوْ كُنْتُمْ فِي بُرُوْجٍ مُّشَيَّدَةٍ આ આયતમાં કહેવામાં આવ્યું છે કે, "મૌત તમને દરેક પરિસ્થિતિમાં પકડી લેશે. ભલે, તમે મજબૂત કિલ્લાઓમાં જ કેમ ન

હોય.'' આ બાબતથી જાણ થાય છે કે, રહેવા-સહેવા માટે તથા માલ અને મિલકતની સુરક્ષા માટે મજબૂત અને ઉત્તમ કક્ષાનું ઘર બનાવવું તવક્કુલની વિરોધી બાબત નથી અને શરીઅત વિરૂદ્ધ બાબત પણ નથી. *(કુર્તુબી)*

મનુષ્યને નેઅ્મતો ફક્ત અલ્લાહની કૃપાથી મળે છે :

وَمَا اَصَابَكَ مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ અત્રે حَسَنَةٌ નો ભાવાર્થ નેઅ્મત છે. *(મઝહરી)*

આ આયતથી એ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, મનુષ્યને જે નેઅ્મત મળે છે તેને તે નેઅ્મતનો અધિકાર કે હક નથી હોતો. બલકે, ફક્ત અલ્લાહનો કરમ (કૃપા) હોય છે, મનુષ્ય ગમે એટલી ઈબાદત કરે, તે એ નેઅ્મતનો હકદાર નથી બની શકતો. એટલા માટે કે, ઈબાદતની તવફીક પણ અલ્લાહ તરફથી જ હોય છે. પછી અલ્લાહની નેઅ્મતો તો અઘઘઘ છે, તેને મર્યાદિત ઈબાદત વડે અને ઈતાઅત (આજ્ઞાપાલન) વડે કઈ રીતે પ્રાપ્ત કરી શકાય છે ? ખાસ કરીને જ્યારે કે, આપણી ઈબાદતો પણ રબ્બુલ આલમીન સર્વ શક્તિમાન અલ્લાહની શા'ન અનુરૂપ હોતી નથી.

એટલા માટે એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યું છે,

مَااَحَدٌ يَدْخُلُ الْجَنَّةَ اِلَّابِرَحْمَةِ اللّٰهِ قِيْلَ وَلَا اَنْتَ قَالَ وَلَا اَنَا، (مُتَّفَقٌ عَلَيْه)

(بحواله مَظْهَرِى)

''અલ્લાહ તઆલાની રહમત (કૃપા) સિવાય કોઈ વ્યક્તિ જન્નતમાં પ્રવેશ પામશે નહીં. રિવાયત કરનારે વિનંતી કરી, આપ પણ પ્રવેશ નહીં પામી શકો ? ફરમાવ્યું, હા! હું પણ નહીં.''

મુસીબત મનુષ્યના દુષ્કૃત્યોનું પરિણામ પણ હોઈ શકે છે :

وَمَا اَصَابَكَ مِنْ سَيِّئَةٍ فَمِنْ نَّفْسِكَ અહીંયાં سَيِّئَةٌ (સય્યિઅતુન)નો અર્થ મુસીબત છે. *(મઝહરી)*

મુસીબતનું સર્જન અલ્લાહ તઆલાએ જ કર્યું છે, પરંતુ તેનું કારણ પોતે મનુષ્યના દુષ્કૃત્યો હોય છે. હવે, જો કોઈ વ્યક્તિ કાફિર છે તો એના માટે દુનિયામાં જે મુસીબતો આવે છે, આ તેના માટે તે અઝાબનો એક નજીવો નમૂનો

હોય છે અને આખિરતનો અઝાબ તેના કરતાં અનેકઘણો વધારે છે અને જો કોઈ મો'મિન છે તો તેના માટે મુસીબતો અને તકલીફો તેના ગુનાહોનો કફ્ફારો બનીને આખિરતના છુટકારાનું કારણ બની જાય છે. એટલા માટે એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

مَا مِنْ مُصِيْبَةٍ تُصِيْبُ الْمُسْلِمَ اِلَّا كَفَّرَ اللّٰهُ بِهَا عَنْهُ حَتَّى الشَّوْكَةُ يُشَاكُهَا،

(ترمذی بحوالہ مظہری)

"કોઈ મુસીબત એવી નથી જે કોઈ મુસલમાનને પહોંચે, પરંતુ તે તેના ગુનાહોનો કફ્ફારો બની જાય છે. એટલે સુધી કે, જે કાંટો તેના પગમાં ભોંકાય છે." *(તિરમિઝી, બ હવાલએ મઝહરી)*

એક અન્ય હદીષમાં ઈરશાદ ફરમાવ્યું,

عَنْ اَبِىْ مُوْسٰى اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تُصِيْبُ عَبْدًا نَكْبَةٌ فَمَا فَوْقَهَا وَمَا دُوْنَهَا اِلَّا بِذَنْبٍ وَمَا يَعْفُوْا اَكْثَرُ، (ترمذی بحوالہ مظہری)

"હઝરત અબૂ મૂસા ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, બંદાને જે કોઈ હલકી અથવા ભારે મુસીબત પડે છે તો તે તેના ગુનાહોનું પરિણામ હોય છે અને તે ઘણા ગુનાહોને મા'ફ કરી આપે છે." *(તિરમિઝી બ હવાલએ મઝહરી)*

રસૂલે કરીમ ﷺની રિસાલત સમગ્ર દુનિયા માટે સમાન રીતે જાહેર છે

وَاَرْسَلْنٰكَ لِلنَّاسِ رَسُوْلًا આ આયતથી સાબિત થાય છે કે, રસૂલે કરીમ ﷺ લોકો માટે રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા હતા. તેઓ ફક્ત અરબો માટે નબી અથવા રસૂલ ન હતા બલકે, રસૂલે કરીમ ﷺની રિસાલત સમગ્ર દુનિયાના મનુષ્યો માટે સર્વસામાન્ય છે. ભલે, તે સમયે તે મૌજૂદ હતા અથવા પાછળથી કયામત સુધી પૈદા થાય. *(મઝહરી)*

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૮૦)

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ وَمَنْ تَوَلّٰى فَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ﴿٨٠﴾

તરજુમો :

જેણે રસૂલનો હુકમ માન્યો તેણે અલ્લાહનો હુકમ માન્યો, અને જે ઊલટો ફર્યો (વિમુખ થયો) તો અમે તમને તેમના ઉપર નિગેહબાન (રખેવાળ બનાવી) નથી મોકલ્યા. (૮૦)

તફસીર :

જે વ્યક્તિએ રસૂલ (ﷺ)ની ઈતાઅત કરી, તેણે અલ્લાહ તઆલાની ઈતાઅત કરી (અને જેણે આપ ﷺની નાફરમાની કરી, તેણે અલ્લાહ તઆલાની નાફરમાની કરી અને અલ્લાહ તઆલાની ઈતાઅત બૌદ્ધિક રીતે પણ વાજિબ છે, બસ આ આધારે રસૂલે કરીમ ﷺની ઈતાઅત કરવી પણ વાજિબ છે) અને જે વ્યક્તિ (આપ ﷺની આજ્ઞાનું પાલન કરવાથી) વિમુખ થઈ જશે, બસ (આપ ﷺ તેનાથી દિલગીર ન થશો કારણ કે, અમે) તમને (જવાબદારી સ્વરૂપે) તેમના રખેવાળ બનાવીને નથી મોકલ્યા (કે આપ ﷺ તેમને કુફ્ર કરવાથી રોકી રાખે, બલકે તમારો ફરજ સંદેશ પહોંચાડવાનો છે, જે પૂરો થઈ જાય છે. ત્યારપછી પણ તેઓ કુફ્ર કરે તો તમને તેની કોઈ પૂછતાછ નહીં થાય, તેનાથી તમે નચિંત થઈ જાઓ).

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૮૧-૮૨)

وَيَقُولُونَ طَاعَةٌ فَإِذَا بَرَزُوا مِنْ عِندِكَ بَيَّتَ طَائِفَةٌ مِّنْهُمْ غَيْرَ الَّذِي تَقُولُ
وَاللَّهُ يَكْتُبُ مَا يُبَيِّتُونَ فَأَعْرِضْ عَنْهُمْ وَتَوَكَّلْ عَلَى اللَّهِ وَكَفَىٰ بِاللَّهِ وَكِيلًا ﴿٨١﴾
أَفَلَا يَتَدَبَّرُونَ الْقُرْآنَ وَلَوْ كَانَ مِنْ عِندِ غَيْرِ اللَّهِ لَوَجَدُوا فِيهِ اخْتِلَافًا كَثِيرًا ﴿٨٢﴾

તરજુમો :

અને કહે છે, 'કબૂલ છે'; પછી જ્યારે તમારી પાસેથી બહાર ગયા તો તેમનામાંથી અમુક-અમુક (મુનાફિકો) રાત્રે તેના વિરૂદ્ધ મશવરો કરે છે જે તમને કહી ચૂકયા હતા (ગુપ્ત ષડ્યંત્રો રચે છે); અને અલ્લાહ તઆલા લખે છે જે તેઓ મશવરો કરે છે; બસ તમે તેમના તરફ લક્ષ ન આપો અને

અલ્લાહ ઉપર ભરોસો કરો અને અલ્લાહ પૂરતો કાર્યસાધક છે. (૮૧) શું કુર્આનમાં વિચાર (ચિંતન) નથી કરતા ? અને જો આ (કુર્આન) અલ્લાહ સિવાય કોઈ અન્યનું હોત તો અવશ્ય તેમાં ઘણા તફાવત (વિરોધાભાસ) જોયા હોત. (૮૨)

તફસીર :

અને આ (મુનાફિક) લોકો (આપ ﷺના હુકમો સાંભળીને તમારી સામે મૌખિક) કહે છે કે, અમારું કામ (તમારી) આજ્ઞાનું પાલન કરવાનું છે, પછી જ્યારે તમારી પાસેથી (ઊઠીને) બહાર જાય છે તો તેમનામાંથી એક વર્ગ રાત્રિના સમયે (ગુપ્ત) મંત્રણાઓ કરે છે, (એટલે કે તેમના આગેવાનોનો વર્ગ) તે (બાબતો)ના વિરૂદ્ધ કે જે કંઈ તેઓ મૌખિક કહી ચૂક્યા હતા (અને આ આગેવાનો જ ગુપ્ત મંત્રણાઓ કરી ષડયંત્રો રચે છે અને બાકીના તેમના તાબે'દાર રહે છે, આ બધાની આવી પરિસ્થિતિને) અલ્લાહ તઆલા લખી રાખે છે જે કંઈ તેઓએ રાત્રે મશવરો કર્યો છે (ષડયંત્રો રચ્યા છે અને આ ષડયંત્રોની યોગ્ય સમયે શિક્ષા આપવામાં આવશે), બસ તમે તેમના (વાહિયાતપણા) ઉપર ધ્યાન ન આપો અને (કંઈ ફિકર-ચિંતા ન કરો બલકે, સમગ્ર કિસ્સો) અલ્લાહ તઆલાના હવાલે કરી આપો અને અલ્લાહ તઆલા પૂરતો કાર્યસાધક છે (તે પોતે યોગ્ય પદ્ધતિથી તેમને દફા કરશે. એટલા માટે ક્યારેય તેમની શરારતોથી કોઈ નુકસાન પહોંચવાનું નથી), શું આ લોકો (કુર્આનની ઉચ્ચ કક્ષાની સાહિત્ય વર્ણનશૈલી અને તેણે આપેલ અદશ્ય બાબતોની સાચી-સાચી વિગતો જોઈ રહ્યા છે છતાં) કુર્આનમાં ચિંતન કરતા નથી ? (જેથી તે અલ્લાહનું કલામ હોવાનું સ્પષ્ટ થઈ જાય) અને જો એ અલ્લાહ સિવાય અન્ય કોઈના તરફથી હોત તો તે(ના વિષયો)માં (તેના લંબાણપૂર્વકના વર્ણનોના કારણે) ઘણા બધા વિરોધાભાસ જોયા હોત (જો દરેકે દરેક વિષયમાં એક-એક વિરોધાભાસ હોય તો પણ ઘણા બધા વિષયોમાં ઘણા બધા વિરોધાભાસ હોત, જ્યારે કે, કુર્આનના એક વિષયમાં પણ કોઈ સ્થળે કોઈ વિરોધાભાસ નથી અને એટલા માટે તે નિઃશંક ! અલ્લાહ સિવાય કોઈ અન્યનું કલામ હોઈ જ નથી શકતું).

મસ્અલા અને બોધપાઠ :

وَيَقُولُونَ طَاعَةٌ فَإِذَا بَرَزُوا مِنْ عِندِكَ بَيَّتَ طَائِفَةٌ مِّنْهُمْ غَيْرَ الَّذِي تَقُولُ

2

20

આ આયતમાં તે લોકોની ટીકા કરવામાં આવી છે, જેઓ ડબલ પૉલિસી (ક્રોસ પૉલિસી—દોગલાપણું) અપનાવે છે. મૌખિક કંઈ કહે છે અને દિલમાં બીજું હોય છે. ત્યાર પછી એવા લોકો વિશે રસૂલે કરીમ ﷺને એક ખાસ પ્રકારનો વ્યવહાર કરવાની સૂચના આપવામાં આવી છે.

આગેવાનો માટે એક અગત્યની સૂચના فَاَعْرِضْ عَنْهُمْ وَتَوَكَّلْ عَلَى اللّٰهِ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا **છે :**

જ્યારે મુનાફિકો રસૂલે કરીમ ﷺ સામે આવતા હતા ત્યારે કહેતા હતા કે, અમે તમારી આજ્ઞાનો સ્વીકાર કર્યો અને જ્યારે પરત જતા તો પરસ્પર રસૂલે કરીમ ﷺની અવજ્ઞા કરવાની મંત્રણા કરતા, તેનાથી રસૂલે કરીમ ﷺને ખૂબ મન-દુઃખ થતું, આથી આ બાબતે અલ્લાહ તઆલાએ સૂચના આપી કે, તેમની પરવા ન કરો. તમે પોતાનું કામ અલ્લાહના ભરોસે ચાલુ રાખો. કારણ કે, અલ્લાહ તઆલા તમારા માટે પૂરતો છે.

એનાથી જાણ થાય છે કે, જે વ્યક્તિ લોકોનો આગેવાન અને માર્ગદર્શક હોય છે તેને જાત-જાતની અને ભાત-ભાતની મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. લોકો જાત-જાતના ઊલટા-સીધા આક્ષેપો તેમના ઉપર કરે છે. મિત્રોના સ્વરૂપમાં દુશ્મનો પણ હોય છે, આ બધી વસ્તુઓ હોવા છતાં તે આગેવાને પાકા નિર્ધાર અને દૃઢ વિશ્વાસ સાથે અલ્લાહ ઉપર ભરોસો કરી, પોતાના કામમાં ધ્યાન કેન્દ્રિત કરી, એકાગ્ર થઈ વળગી રહેવું જોઈએ. જો તેની નિય્યત સાફ હશે તો ઇન્શાઅલ્લાહ ! તે જરૂર સફળ થશે.

કુર્આનમાં ચિંતન કરવું :

اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ આ આયતમાં અલ્લાહ તઆલા કુર્આનમાં ચિંતન-મનન કરવાનું આમંત્રણ આપે છે, તેમાં અમુક બાબતો વિચાર કરવા યોગ્ય છે, એક એ કે, અલ્લાહ તઆલાએ اَفَلَا يَتَدَبَّرُوْنَ ફરમાવ્યું છે, اَفَلَا يَقْرَءُوْنَ નથી ફરમાવ્યું, તેનાથી દેખીતી રીતે એક રસપ્રદ ઇશારો એ બાબત તરફ થયો હોવાની જાણ થાય છે કે, આ આયત દ્વારા એ બાબત સમજાવવામાં આવી રહી છે કે, તેઓ જો ચિંતન અને મનનની ઊંડી નજરથી કુર્આનને જોશે તો તેમને તેના વિષયો અને ભાવાર્થમાં કોઈ વિરોધાભાસ દેખાશે નહીં અને આ સમજણ

"તદબ્બુર" (ચિંતન) દ્વારા જ અદા થઈ શકે છે. ફક્ત તિલાવત અને કિરાઅતમાં ચિંતન ન હોવાના કારણે તેમાં ઘણા બધા વિરોધાભાસ દેખાશે, જે વાસ્તવિકતાથી ભિન્ન બાબત છે.

બીજી બાબત આ આયતથી એ જાણ થાય છે કે, કુર્આનનો હક એ છે કે, દરેક વ્યક્તિ તેના અર્થોમાં ચિંતન-મનન કરે. એટલા માટે એવું સમજવું કે, કુર્આનમાં ચિંતન અને મનન કરવું ફક્ત ઈમામો અને મુજતહિદોનું જ કામ છે, એ સાચું નથી. અલબત્ત, ચિંતન અને મનનના દરજ્જાઓ જ્ઞાન અને સમજની કક્ષાઓ પ્રમાણે વિભિન્ન હોઈ શકે છે. મુજતહિદીન ઈમામોનું ચિંતન એક-એક આયતમાંથી હજારો મસ્અલાઓ પ્રતિપાદિત કરવાનું હોય છે. સામાન્ય ઉલમાનું ચિંતન તે મસ્અલાઓને સમજાવવાનું હોય છે. જો સામાન્ય વ્યક્તિ કુર્આનનો તરજુમો અને તફસીર પોતાની ભાષામાં પઢે અને તેમાં ચિંતન અને મનન કરે તો તેનાથી અલ્લાહ તઆલાની શ્રેષ્ઠતા અને મહોબ્બત તથા આખિરતની ફિકર-ચિંતા પૈદા થાય છે, જે સફળતાની ચાવી છે. અલબત્ત સામાન્ય લોકો માટે ગેરસમજો અને ખોટી ધારણાઓથી બચવાનો ઉત્તમ ઉપાય એ છે કે, કોઈ આલિમ પાસેથી કુર્આનનો સબક શીખીને પઢે. એવું ન થઈ શકે, તો કોઈ પ્રામાણિક ભરોસાપાત્ર તફસીરનો અભ્યાસ કરે અને જ્યાં કોઈ શંકા ઉપસ્થિત થાય તો પોતાના અભિપ્રાયથી કોઈ ફૈંસલો ન કરે બલકે, એ બાબતને સમજવા માટે ઉલમાઓના શરણમાં જાય.

કુર્આન અને સુન્નતના વિવરણ અને સ્પષ્ટતા ઉપર કોઈ સમુદાય અથવા વ્યક્તિની ઇજારાદારી નથી પરંતુ તેના માટે અમુક શરતો છે :

પ્રસ્તુત આયતથી જાણ થાય છે કે, દરેક વ્યક્તિને એ હક છે કે, તે કુર્આનમાં ચિંતન અને મનન કરે, પરંતુ જેમકે અમે કહ્યું તેમ ચિંતન અને મનન કરવાના વિવિધ દરજ્જાઓ અને તબક્કાઓ છે અને દરેકનો હુકમ જુદો-જુદો છે. મુજ્તહિદ ઇજ્તેહાદના દષ્ટિકોણથી ચિંતન-મનન કરીને કુર્આને હકીમમાંથી મસ્અલા અને કાયદા-કાનૂનો પ્રતિપાદિત કરે છે. એટલા માટે જરૂરી છે કે, તેઓ તેના વિષયનું સંપૂર્ણ ઇતર જ્ઞાન પણ પ્રાપ્ત કરે, જેથી તેઓ તેના સાચા પરિણામો સુધી પહોંચી શકે. હવે, જો તેઓ આ વિષયનું જ્ઞાન પ્રથમથી બિલકુલ જ ધરાવતા

નથી અથવા તો અધૂરું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જે ખાસિયતો અને શરતો એક મુજ્તહિદ માટે હોવી જરૂરી છે, તે તેની પાસે નથી તો દેખીતું છે કે, તે ખોટા પરિણામો ઉપર પહોંચશે અને ખોટા મસ્અલાઓ પ્રતિપાદિત કરશે અને આવી પરિસ્થિતિમાં જો ઉલમા તેના ઉપર લગામ લગાવે તો તે બરાબર છે.

જો એક વ્યક્તિ જેણે ક્યારેય મૅડિકલ કૉલેજની બિલ્ડીંગ સુદ્ધાં જોઈ નથી, હવે તે ડૉક્ટરી જ્ઞાનમાં ભૂલો શોધવા લાગે અને દેશમાં ડિગ્રી ધરાવનાર ડૉક્ટરો સાથે બીમારી અને ઉપચાર વિશે દલીલબાજી કરે અને એવો વાંધો ઊભો કરે કે, ડિગ્રીધારી ડૉક્ટરોને જ શા માટે બીમારીના ઉપચારની ઈજારાદારી આપવામાં આવી છે ? મને પણ એક માનવ તરીકે આ હક મળવો જોઈએ !

અથવા કોઈ અક્કલનો ઓથમીર એવું કહેવા લાગે કે, દેશમાં નહેરો, પુલો, બંધ વગેરે બાંધવા માટેનું કૉન્ટ્રાક્ટ (ઈજારો) ફક્ત નિષ્ણાત ઍન્જિનિયરોને જ કેમ આપવામાં આવે છે ? દેશના એક નાગરિક તરીકે મને પણ આ અધિકાર મળવો જોઈએ !

અથવા તો કોઈ અક્કલનો બારદાન હોય એવો વ્યક્તિ એવો વાંધો ઉઠાવવા માંડે કે, દેશના કાયદા-કાનૂનોના ખુલાસા અને વ્યાખ્યા માટે ફક્ત કાયદા-કાનૂનોના નિષ્ણાતોને જ કેમ વકીલાતનું લાયસન્સ આપવામાં આવે છે ? હું પણ બુદ્ધિશાળી અને પુખ્ત વયનો છું અને આ કામ કરી શકું છું. આવી પરિસ્થિતિમાં આવા વ્યક્તિને એવો જવાબ આપવામાં આવશે કે, નિઃશંક ! તમને આ બધા જ કામોનો એક નાગરિક તરીકે અધિકાર પ્રાપ્ત છે, પરંતુ આ કામો કરવા માટેની ક્ષમતા પૈદા કરવા માટે વર્ષોના વર્ષો પુસ્તકોના થોથાં ઉથલાવવા પડે છે, નિષ્ણાત શિક્ષકો પાસેથી માન્ય યુનિવર્સિટીઓમાં શિક્ષણ મેળવવું પડે છે, ત્યાર પછી ડિગ્રીઓ માટે પરીક્ષા આપવી પડે છે, તમે પ્રથમ આ બધી મહેનત તો કરો ! પછી નિઃશંક ! તમને પણ તે બધી જ સેવાઓ આપવા માટે લાયસન્સ મળી જશે, પરંતુ જો આ જ વાત કુર્આન અને સુન્નતના ખુલાસા અને ઈસ્લામના અતિમહત્ત્વના નાજુક મસ્અલાઓ માટે કહેવામાં આવે છે, તો તેના ઉપર ઉલમાની ઈજારાદારી હોવાના મહેણા-ટોણા મારવામાં આવે છે. શું કુર્આન અને સુન્નતના ખુલાસા અને વ્યાખ્યા કરવા માટે કોઈ ક્ષમતા અને કાબેલિયત જરૂરી

નથી ? શું સમગ્ર દુનિયામાં એક કુર્આન અને સુન્નતનું જ્ઞાન જ એવું લાવારિસ રહી ગયું છે કે, તેના વિશે દરેક વ્યક્તિ પોત-પોતાની રીતે ખુલાસા અને વ્યાખ્યા કરવાનો અધિકાર પ્રાપ્ત કરી લે ? ભલે તેણે કુર્આન અને સુન્નતનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે બે-ચાર મહિના પણ ખર્ચ્યા ન હોય !

"કયાસ" (અનુમાન)ની સાબિતી :

આ આયતથી એ બાબત પણ સ્પષ્ટ થઈ ગઈ કે, જો કોઈ મસ્અલાનો ખુલાસો કુર્આન અને સુન્નતમાં ન મળે તો તેમાં ચિંતન અને મનન કરીને તે સમસ્યાનો હલ શોધવાનો પ્રયત્ન કરવામાં આવે અને આ જ અમલને ઈસ્લામિક પરિભાષામાં "કયાસ" કહેવામાં આવે છે. *(કુર્તુબી)*

અનેક વિરોધાભાસોની સ્પષ્ટતા :

لَوْ كَانَ مِنْ عِنْدِ غَيْرِ اللّٰهِ لَوَجَدُوْا فِيْهِ اخْتِلَافًا كَثِيْرًا "ઈખ્તેલાફે કષીરહ" (અનેક વિરોધાભાસો)નો અર્થ એ છે કે, જો કોઈ એક વિષયમાં વિરોધાભાસ હોય તો વિવિધ વિષયોમાં અસંખ્ય વિરોધાભાસો ઊભા થશે. (બયાનુલ કુર્આન) પરંતુ આ કુર્આન શરીફમાં કોઈ એક વિષયમાં પણ વિરોધાભાસ નથી. એટલા માટે આ અલ્લાહનું જ કલામ છે, કોઈ મનુષ્યના કલામમાં આવું સાતત્ય ન હોઈ શકે, ન જ કોઈ સ્થળે ઉચ્ચતમ્ કક્ષાની વર્ણનશૈલીમાં ક્યાંય કોઈ ઉણપ બાકી રહે છે, જેમકે તવહીદ અને કુફ્ર તથા હલાલ અને હરામના વર્ણનોમાં કોઈ વિરોધાભાસ કે તફાવત ઊભો જ નથી થતો. એ જ પ્રમાણે અદશ્ય બાબતોની જાણકારી આપવામાં પણ કોઈ ખબર એવી નથી જે વાસ્તવમાં ન ઘટી હોય, ન તો કુર્આન શરીફની સાહિત્યિક ગુણવત્તામાં કોઈ એવો તફાવત છે કે, જેમાં અમુક વિભાગ તો ખૂબ ઉચ્ચતમ્ શૈલીમાં અને અમુક બિલકુલ નિમ્ન કક્ષાના હોય. દરેક મનુષ્યના ભાષણ અને લખાણો ઉપર આસપાસના પર્યાવરણનો પ્રભાવ પડતો હોય છે. ખુશીના સમયે અલગ રંગ હોય છે અને જ્યારે રંજ અને ગમ હોય તો વર્ણનશૈલી બદલાય જાય છે પરંતુ કુર્આને કરીમ દરેક પ્રકારના આવા તફાવત અને વિરોધાભાસોથી બિલકુલ પવિત્ર છે અને આ જ તેના કલામે ઈલાહી હોવાની સ્પષ્ટ દલીલ છે.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૮૩)

وَ اِذَا جَآءَهُمْ اَمْرٌ مِّنَ الْاَمْنِ اَوِ الْخَوْفِ اَذَاعُوْا بِهٖ ؕ وَلَوْ رَدُّوْهُ اِلَى الرَّسُوْلِ وَاِلٰٓى اُولِي الْاَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِيْنَ يَسْتَنْۢبِطُوْنَهٗ مِنْهُمْ ؕ وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ لَاتَّبَعْتُمُ الشَّيْطٰنَ اِلَّا قَلِيْلًا ﴿۸۳﴾

તરજુમો :

અને જ્યારે તેમની પાસે શાંતિની અથવા ભયની કોઈ ખબર પહોંચે છે તો તેને (તરત જ) મશ્હૂર કરી (ફેલાવી) દે છે; અને જો તેને રસૂલ સુધી પહોંચાડી આપી હોત અથવા પોતાના હાકિમો (શરઈ શાસકો) સુધી તો તેની તહકીક કરી હોત જે તેમનામાં તેની તહકીક કરનારા છે; અને જો અલ્લાહનો તમારા ઉપર ફઝ્લ (કૃપા) ન હોત અને તેની મહેરબાની તો અલબત્ત તમે શયતાનની પાછળ થઈ ગયા હોત; પરંતુ ઘણા થોડા (સિવાય). (૮૩)

તફસીર :

અને જ્યારે તેમને કોઈ બાબતની ખબર પહોંચે છે, ભલે (તે બાબત) શાંતિની હોય અથવા ભયની હોય (દાખલા તરીકે, કોઈ મુસલમાનોનું લશ્કર કોઈ સ્થળે જિહાદ માટે ગયું છે અને તેમના વિજયી થવાની ખબર આવી તો આ સંતોષ અને આનંદની ખબર છે અને જો કોઈ ખબર તેમના પરાજિત થવાની આવી તો આ ભય પમાડનારી ખબર છે), તો એ (ખબર)ને (તરત જ) ફેલાવી દે છે (જ્યારે કે, અમુક સમયે તે ખબર જૂઠી પણ હોઈ શકે છે અથવા સાચી પણ હોઈ શકે છે તો પણ અમુક સમયે આવી ખબરો ફેલાવી દેવી વહીવટ અને વ્યવસ્થાની દૃષ્ટિએ ખોટું છે) અને જો (પોતે ખબર ફેલાવવાના બદલે) આ લોકો તે (ખબર)ને રસૂલ (ﷺ)ને અથવા જે (અકાબિર સહાબાઓ) તેમનામાં વહીવટનું કામકાજ સંભાળે છે તેમને પહોંચાડી હોત (અને પોતે કંઈ દખલગીરી ન કરી હોત) તો તે (ખબરની સાચા-જૂઠા હોવાની અથવા તેને સામાન્ય લોકો સુધી પહોંચાડવા વિશે)ની તહકીક (અને ઝીણવટભરી તપાસ) કરી લીધી હોત (જેમકે હંમેશા તેઓ આવી

ઝીણવટભરી તપાસ કરે છે, પછી તેના ઉપર આ લોકોએ કોઈ કાર્યવાહી કરી હોત, એટલા માટે આવી ખબરો ફેલાવનાર લોકોએ તેમાં કોઈ દખલગીરી કરવાના બદલે આ ખબરને આવા સત્તાધીશો સુધી દુનિયવી અને ઈસ્લામિક શાસનના હિતને નજર સમક્ષ રાખી પહોંચાડવી જોઈએ. આ હુકમ સંભળાવ્યા પછી એ લોકોને જાણ કરવામાં આવે છે કે) જો તમારા ઉપર અલ્લાહ તઆલાનો (ખાસ) ફઝ્લ અને રહમત (જેમકે તમને કુર્આન શરીફ આપવું, પોતાનો પયગમ્બર મોકલવો વગેરે) ન હોત તો તમે બધા જ (દુનિયા અને આખિરતના નુકસાન ઉઠાવનારાઓમાંથી હોત અને) ફક્ત અમુક લોકો સિવાય શયતાનની પૈરવી કરવા લાગ્યા હોત (અલ્લાહની અર્પણ કરેલ બુદ્ધિ પણ અલ્લાહની એક ખાસ રહમત અને કૃપા છે કે, આ બુદ્ધિ વડે તમે સુરક્ષિત રહો છો, નહિતર તમે વધારે નુકસાનમાં પડ્યા હોત, બસ તમારે આવા પયગમ્બર અને આવા કુર્આનને કે જે સુધારણા અને ભલાઈના હુકમો કરે છે, તેમને આ મુનાફિકો કરતાં ગનીમત સમજવા જોઈએ અને તેમની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

આયતનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) :

وَاِذَا جَآءَهُمْ اَمْرٌ مِّنَ الْاَمْنِ اَوِ الْخَوْفِ اَذَاعُوْا بِهٖ ط હઝરત ઈબ્ને અબ્બાસ, ઝહ્હાક અને અબૂ મઆઝ (રદિ.)ના મતે આ આયત મુનાફિકો વિશે નાઝિલ થઈ છે અને હઝરત હસન તથા બીજા અન્ય લોકોના મતે આ આયત અશક્ત મુસલમાનો વિશે નાઝિલ થઈ છે. *(રૂહુલ મઆની)*

અલ્લામહ ઈબ્ને કષીર (રહ.)એ આ આયત વિશે અમુક ઘટનાઓ નકલ કર્યા પછી ફરમાવ્યું છે કે, "આ આયતના શા'ને નુઝૂલમાં હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)ની હદીષનું વર્ણન કરવું જોઈએ, તે એ કે, હઝરત ઉમર (રદિ.)ને ખોટી ખબર મળી કે રસૂલુલ્લાહ ﷺએ પોતાની પત્નીઓને તલાક આપી દીધી છે, તો તેઓ પોતાના ઘરેથી મસ્જિદ તરફ આવ્યા, જ્યારે દરવાજા ઉપર પહોંચ્યા તો તેમણે સાંભળ્યું કે, લોકોમાં આ જ વાત થઈ રહી છે, તેમણે કહ્યું, ચાલો ! આપણે આ ખબરની તહકીક કરવી જોઈએ ! એટલા માટે તેઓ રસૂલે કરીમ ﷺ પાસે પહોંચ્યા અને પૂછ્યું કે, શું આપે (ﷺ) પોતાની પત્નીઓને તલાક આપી

દીધી છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, નહીં ! હઝરત ઉમર (રદિ.) ફરમાવે છે કે, હું મસ્જિદ તરફ પાછો ગયો અને દરવાજા પર ઊભો થઈને એવું એ'લાન કર્યું કે, રસૂલુલ્લાહ ﷺએ પોતાની પત્નીઓને તલાક આપી નથી, જે તમે લોકો કહી રહ્યા છો તે બધું જૂઠું છે. ત્યાર બાદ આ ઘટના સંદર્ભે આ આયત નાઝિલ થઈ, " وَإِذَا جَآئَهُمْ اَمْرٌ..... " *(તફસીર ઈબ્ને કષીર)*

તપાસ અને તહકીક કર્યા વિના અફવાઓ ઉડાવવી મોટો ગુનોહ અને મહાન ફિત્નો છે :

આ આયતથી જાણ થાય છે કે, દરેક સાંભળેલી ખબર વિના તહકીકે ફેલાવવી જોઈએ નહીં, એટલા માટે રસૂલે કરીમ ﷺએ એક હદીષમાં ફરમાવ્યું છે કે, كَفٰى بِالْمَرْءِ كَذِبًا اَنْ يُّحَدِّثَ بِكُلِّ مَاسَمِعَ "કોઈ વ્યક્તિના જૂઠા હોવા માટે એટલી બાબત પૂરતી છે કે, તે દરેક સુની-સુનાઈ (માત્ર ગમે ત્યાંથી સાંભળેલી) વાતને તહકીક કર્યા વિના ફેલાવવા માંડે."

એક બીજી હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, مَنْ حَدَّثَ بِحَدِيْثٍ وَهُوَيَرٰى اَنَّهٗ كَذِبٌ فَهُوَاَحَدُالْكَاذِبَيْنِ એટલે કે, "જે વ્યક્તિ કોઈ એવી વાત વર્ણન કરે કે તે જાણે છે કે આ જૂઠી છે, તો બે જૂઠાઓમાં એક જૂઠો તે પણ છે."

(તફસીરે ઈબ્ને કષીર)

ઊલૂલ અમ્ર કોણ છે ? :

وَلَوْ رَدُّوْهُ اِلَى الرَّسُوْلِ وَاِلٰٓى اُولِى الْاَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِيْنَ يَسْتَنْبِطُوْنَهٗ مِنْهُمْ...

અહીંયાં શબ્દ اِسْتِنْبَاط "ઈસ્તિમ્બાત્" વાસ્તવમાં "કૂવાના તળિયેથી પાણી કાઢવા"ને કહેવામાં આવે છે. કૂવો ખોદવામાં જે પાણી શરૂઆતમાં નીકળે છે તેને مَاءِ مُسْتَنْبَط "મા-એ-મુસ્તમ્બત્" કહેવામાં આવે છે, પરંતુ અહીંયાં અર્થ એ છે કે, "કોઈ વાતના ઊંડે સુધી પહોંચીને તેની સાચી તહકીક અને તપાસ કરી હકીકત જાણવી." *(કુર્તુબી)*

اُولُوا الْاَمْر (ઊલૂલ અમ્ર) કોણ છે ? તેના વિશે અસંખ્ય કૌલ અને નિવેદનો થયા છે, હઝરત હસન, કતાદહ અને ઈબ્ને અબી લયલા (રહ.)ના મતે ઉલમા અને ફુકહા "ઊલૂલ અમ્ર" છે. હઝરત સુદ્દી (રહ.) ફરમાવે છે, સાચું એ છે કે, બંને "ઊલૂલ અમ્ર" છે, એટલા માટે ઊલૂલ અમ્ર તે બંનેને લાગુ પડે છે.

અલબત્ત, આ બાબતમાં અમુક લોકો એવી શંકા કરે છે કે, ઊલૂલ અમ્ર ફુક્હા નથી હોઈ શકતા. કારણ કે, ઊલૂલ અમ્ર પોતાના શાબ્દિક અર્થના આધારે તે લોકો છે જેમનો હુકમ ચાલે છે અને દેખીતું છે કે, ફુક્હાનું એ કામ નથી. વાસ્તવિકતા એ છે કે, હુકમ ચલાવવાના બે સ્વરૂપો છે. એક બળ વડે અને તે તો ફક્ત સરકાર અને સત્તાધીશો જ કરી શકે છે અને બીજું સ્વરૂપ કોઈના ઉપર ભરોસો હોવાના કારણે તેનો હુકમ માનવાનું છે. આ પ્રતિષ્ઠા ફુક્હાઓને પ્રાપ્ત છે, જેનો પ્રત્યક્ષ અનુભવ સામાન્ય મુસલમાનોને દરેક પરિસ્થિતિમાં દરેક યુગમાં થતો રહે છે કે, દીનના મા'મલામાં સામાન્ય મુસલમાનો પોતાની મરજીથી ઉલમા અને ફુક્હાના જ હુકમોને પોતાના માટે અમલ કરવાનું વાજિબ ઠરાવે છે અને શરીઅતની રૂએ તેમના ઉપર તેમના હુકમોની તાબે'દારી કરવી વાજિબ પણ છે. એટલા માટે આ કારણથી "ઊલૂલ અમ્ર"ની વ્યાખ્યા તેમને પણ લાગુ પડે છે.

(અહકામુલ કુર્આન લિલ્ જસ્સાસ)

આ ચર્ચાની વધુ સ્પષ્ટતા قُلْ اَطِيْعُوااللّٰهَ وَاَطِيْعُواالرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ (૪ : ૫૯) આયત હેઠળ આવી ચૂકી છે.

આધુનિક યુગમાં ઉપસ્થિત થતા મસ્અલાઓમાં કયાસ અને ઇજ્તેહાદ સામાન્ય લોકો માટે ઇમામોની તકલીદ (અનુસરણ) કરવાની સાબિતી છેઃ

આ આયતથી જાણ થાય છે કે, જે મસ્અલાઓમાં કોઈ "નસ" (કુર્આન અને હદીષનો ખુલ્લો અને સ્પષ્ટ હુકમ) ન હોય તેના હુકમો ઈજ્તેહાદ અને કયાસના સિદ્ધાંતો ઉપર કુર્આનની હેસિયત પ્રમાણે પ્રતિપાદિત કરવા જોઈએ. કારણ કે, આ આયતમાં એ વાતનો હુકમ આપવામાં આવ્યો છે કે, નવા મસ્અલાઓને હલ કરવા માટે જો રસૂલે કરીમ ﷺ મૌજૂદ છે, તો તેમના શરણમાં જવું જોઈએ અને જો તે મૌજૂદ ન હોય તો ઉલમા અને ફુક્હાના શરણમાં જવું જોઈએ. કારણ કે, તેઓ હુકમોને "મુસ્તમ્બત" (પ્રતિપાદન) કરવાની ક્ષમતા (સમજ) ધરાવે છે.

આ વર્ણનથી અમુક લાભદાયક બાબતો પ્રાપ્ત થાય છે.

એક એ કે, કુર્આન અને સુન્નતની "નસ" ન હોવાના સ્વરૂપમાં ફુક્હા અને ઉલમા તરફ રુજૂઅ્ કરવામાં આવશે.

બીજું એ કે, અલ્લાહના હુકમના બે પ્રકારો છે, અમુક તે છે, જેની સ્પષ્ટ "નસ" અને ખુલ્લા હુકમ મૌજૂદ છે અને અમુક તે છે, જે અસ્પષ્ટ અને સંદિગ્ધ છે, જેને આયતોની ઊંડાઈમાં અલ્લાહ તઆલાએ સંગ્રહિત કર્યા છે.

ત્રીજું એ કે, ઉલમાની એ ફરજ છે કે, માત્ર એવા જ ભાવાર્થોને ઈજ્તેહાદ અને કયાસ દ્વારા પ્રતિપાદિત કરે જેના વિશે સ્પષ્ટ હુકમો ઉપલબ્ધ નથી.

ચોથું એ કે, સામાન્ય લોકો માટે જરૂરી છે કે, તેઓ આ મસ્અલાઓમાં ઉલમાનું અનુસરણ (તકલીદ) કરે. *(અહકામુલ કુર્આન લિલ્ જસ્સાસ)*

રસૂલે કરીમ ﷺ પણ "ઇસ્તિમ્બાત" (ઇજ્તેહાદ કરી મસ્અલાઓ પ્રતિપાદિત કરવા)ને અને દલીલોને માન્ય રાખતા હતા :

આ આયતથી જાણ થાય છે કે, રસૂલે કરીમ ﷺ પણ દલીલો દ્વારા હુકમો પ્રતિપાદિત કરવાને માન્ય રાખતા હતા. એટલા માટે પ્રથમ આયતમાં બે વ્યક્તિઓ તરફ રુજૂઅ્ થવાનો હુકમ આપવામાં આવ્યો છે. એક રસૂલે કરીમ ﷺ અને બીજા ઊલૂલ અમ્ર તરફ. ત્યાર બાદ ફરમાવ્યું, لَعَلِمَهُ الَّذِيْنَ يَسْتَنْبِطُوْنَهٗ مِنْهُمْ અને આ જાહેર હુકમ છે, જેમાં પ્રસ્તુત બંને પક્ષોમાંથી કોઈ એક માટે ખાસ સંબોધન નથી. એટલા માટે એનાથી સાબિત થાય છે કે, રસૂલે કરીમ ﷺ જાતે પણ ઈજ્તેહાદ કરી હુકમો પ્રતિપાદિત કરવાની ક્રિયા કરતા હતા.

(અહકામુલ કુર્આન લિલ્ જસ્સાસ)

ખુલાસો :

જો કોઈને એવી શંકા હોય કે, આ આયતથી ફક્ત એટલી જ જાણ થાય છે કે, દુશ્મનો તરફથી શાંતિ કે ભય હોવા વિશે તમે આપમેળે કોઈ ખબર ન ઉડાવો બલકે, જે જ્ઞાન અને વિવેકબુદ્ધિ ધરાવનાર આગેવાન લોકો છે, તેમના તરફ રુજૂઅ્ કરો, પછી તેઓ જે કંઈ ચિંતન-મનન કરીને બતાવે તેના ઉપર અમલ કરો. દેખીતું છે કે, મસ્અલાઓ અને ઘટનાઓ સાથે તેનો કોઈ સંબંધ નથી.

હવે, આ શંકાનો જવાબ એ છે કે, આ આયત وَاِذَا جَآءَهُمْ اَمْرٌ مِّنَ الْاَمْنِ اَوِ الْخَوْفِ માં દુશ્મનોનું કોઈ વર્ણન નથી, એટલા માટે શાંતિ અને ભય એક સામાન્ય પરિસ્થિતિ છે, જેવી રીતે તેનો સંબંધ દુશ્મનોથી છે, એવી જ રીતે મસ્અલાઓ અને ઉપસ્થિત થતી પરિસ્થિતિઓ માટે પણ છે. કારણ કે, જ્યારે કોઈ નવો મસ્અલો સામે આવે છે તો તેના હલાલ અથવા હરામ હોવા વિશે જો

કોઈ "નસ" નથી તો તેના વિશે મુસલમાનો વિમાસણમાં પડી જાય છે કે, કઈ બાબત અપનાવવી જોઈએ ? બંને પરિસ્થિતિઓમાં નફો અને નુકસાન થવાની ભીતી રહેલી છે, તો તેનો ઉત્તમ માર્ગ શરીઅતે એ કાઢયો છે કે, જે લોકો ઈજ્તેહાદ કરી કુર્આન અને સુન્નતમાંથી મસ્અલા પ્રતિપાદિત કરવાની ક્ષમતા ધરાવતા હોય, તેમના તરફ રુજૂઅ્ કરો. તેઓ જે વાત બતાવે તેના ઉપર અમલ કરો. *(અહકામુલ કુર્આન લિલ્ જસ્સાસ)*

"ઇજ્તેહાદ" અને "ઇસ્તિમ્બાત" કોઈ બાબતના હરામ-હલાલ હોવાનું વલણ સ્પષ્ટ કરે છે, નહીં કે ચોક્કસ નિશ્ચિત જાણકારીનું ! :

"ઈસ્તિમ્બાત" (કુર્આન અને સુન્નતની "નસ" વડે કયાસ કરીને મસ્અલાઓ પ્રતિપાદિત કરવાની ક્રિયા) દ્વારા જે હુકમો ફુક્હાઓ પ્રતિપાદિત કરશે તેના વિશે દઢ વિશ્વાસ સાથે એવું કહી ન શકાય કે, અલ્લાહ નજીક બસ આ જ એકમાત્ર સત્ય અને સાચું છે. બલકે, આ ઈજ્તેહાદ કરી પ્રતિપાદિત કરેલ હુકમમાં ઉણપ કે ભૂલ હોવાની શકયતા બાકી રહે છે. હા ! જો કે, તે સાચું હોવાનું સ્પષ્ટ વલણ પ્રાપ્ત થાય છે, જે અમલ કરવા માટે પૂરતું છે.

(અહકામુલ કુર્આન લિલ્ જસ્સાસ, તફસીરે કબીર)

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૮૪)

فَقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ ۚ لَا تُكَلَّفُ اِلَّا نَفْسَكَ وَحَرِّضِ الْمُؤْمِنِيْنَ ۚ عَسَى اللّٰهُ
اَنْ يَّكُفَّ بَاْسَ الَّذِيْنَ كَفَرُوْا ۭ وَاللّٰهُ اَشَدُّ بَاْسًا وَّ اَشَدُّ تَنْكِيْلًا ﴿٨٤﴾

તરજુમો :

બસ તમે અલ્લાહના માર્ગમાં લડો, તમે જવાબદાર નથી પરંતુ પોતાની જાતના, અને મુસલમાનોને તાકીદ કરો; નજીક છે કે અલ્લાહ કાફિરોની લડાઈ બંધ કરી દે, અને અલ્લાહ લડાઈમાં ઘણો સખત છે અને ઘણો કઠોર છે સજા આપનારો. (૮૪)

તફસીર :

(જ્યારે જિહાદની આવશ્યકતા જણાય) બસ, તમે (હે મુહમ્મદ ﷺ!)

અલ્લાહના માર્ગમાં (કાફિરો સામે) લડો, (અને ધારો કે, કોઈપણ તમારી સાથે નથી તો તેની ચિંતા ન કરો, કારણ કે) તમારી જાત સિવાય (અન્ય વ્યક્તિઓના કૃત્યોની તમારા ઉપર) કોઈ જવાબદારી નથી અને (તેની સાથે-સાથે) મો'મિનોનો ઉત્સાહ વધારતા રહો (પછી જો કોઈ સાથ ન આપે તો તમે જવાબદારીથી મુક્ત છે, ન તો કોઈ ફિકર-ચિંતા કરો અને ન જ એકલા પડી જવાનો કોઈ ગમ કરો, જેનું કારણ એ છે કે) અલ્લાહ તઆલાથી આશા છે કે, (અને આ આશા રાખવાનો વાયદો પણ છે કે,) કાફિરોના યુદ્ધના બળને રોકવામાં આવશે (અને તેમને પરાજિત કરવામાં આવશે) અને (ભલે તેઓ જાહેરમાં ગમે તેટલા શક્તિશાળી દેખાતા હોય પરંતુ) અલ્લાહ તઆલાનું યુદ્ધબળ (તેમના કરતાં) અત્યંત સખત (અને મજબૂત) છે અને (વિરોધીઓને) કઠોર સજા આપે છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતનો શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) :

જ્યારે ગઝ્વએ ઉહદ શવ્વાલમાં થઈ ચૂકી ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ જિલ્કદમાં કાફિરો સાથે બદ્રમાં મુકાબલા માટે જવાની ઈચ્છા જાહેર કરી, તેને ઈતિહાસકારો "બદ્રે સુગરા"ના નામથી ઓળખે છે. તે સમયે અમુક લોકોએ તેમના જખ્મો તાજા હોવાના કારણે તથા અમુકે અફવાઓ સાંભળીને ત્યાં જવાથી થોડી ધીર ખમી, ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી, જેમાં રસૂલે કરીમ ﷺને એ માર્ગદર્શન આપવામાં આવ્યું કે, જો આ કાચા મુસલમાનો લડાઈથી ડરે છે તો હે રસૂલ ﷺ ! તમે એકલા જ પોતાની જાતે જિહાદ કરવાથી અટકશો નહીં, અલ્લાહ તઆલા તમારો મદદગાર છે. આ આદેશ મળતાં જ રસૂલે કરીમ ﷺ ૭૦ સાથીઓ સાથે "બદ્રે સુગરા"ના સ્થળે ગયા, જ્યાં અબૂસુફિયાન સાથે ગઝ્વએ ઉહદ પછી યુદ્ધ કરવાનો વાયદો થયો હતો. અલ્લાહ તઆલાએ અબૂસુફિયાન અને કુરૈશના કાફિરોના દિલમાં રુઆબ અને ધાક બેસાડી દીધી અને કોઈ મુકાબલા માટે ફરક્યું પણ નહીં, તેઓ પોતાના વાયદામાં જૂઠા પડ્યા. અલ્લાહ તઆલાએ પોતાના ઈરશાદ પ્રમાણે કાફિરોની લડાઈને અટકાવી દીધી અને રસૂલે કરીમ ﷺ પોતાના સાથીઓ સહિત સહી સલામત પરત આવ્યા. *(કુર્તુબી, મઝહરી)*

કુર્આનના આદેશોની રસપ્રદ શૈલી :

فَقَاتِلْ فِي سَبِيلِ اللّٰهِ..... આ આયતના પ્રથમ વાક્યમાં રસૂલુલ્લાહ ﷺને એવો હુકમ આપવામાં આવ્યો છે કે, હે રસૂલ ﷺ ! તમે એકલા જ યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ, કોઈ અન્ય તમારી સાથે આવવા તૈયાર થાય કે ન થાય ! પરંતુ સાથે જ બીજા વાક્યમાં એ પણ ઈરશાદ ફરમાવ્યો કે, અન્ય મુસલમાનોને જિહાદ માટે પ્રોત્સાહિત કરવાનું કાર્ય છોડશો નહીં અને જો પ્રોત્સાહિત કર્યા પછી પણ તેઓ તૈયાર ન થાય તો તમે પોતાની આ ફરજ પૂર્ણ કરી ચૂક્યા અને તેમના કૃત્યોની તમને કોઈ પૂછતાછ થશે નહીં.

એની સાથે-સાથે એકલા જ જિહાદ કરવામાં જે ભયસ્થાનો હોઈ શકે છે, તેને નિર્મૂળ કરવા માટે ફરમાવ્યું કે, આશા એ છે કે, અલ્લાહ તઆલા કાફિરોને યુદ્ધ કરવાથી અટકાવી દે અને તેમને હતોત્સાહ તથા પરાજિત કરે અને તમે એકલા હોવા છતાં સફળ થઈ જાઓ. ત્યારબાદ આ સફળ થવા બાબતે દલીલ સ્વરૂપે ફરમાવ્યું કે, જ્યારે અલ્લાહ તઆલાની મદદ તમારી સાથે જ હોય કે જેની શક્તિ અમર્યાદ છે, જેના યુદ્ધબળ સામે કાફિરોની કોઈ વિસાત નથી, તો પછી તમારી કામિયાબી નિશ્ચિત છે. ઉપરથી કાફિરોની સજાનું પણ વર્ણન કરવામાં આવ્યું અને આ સજા કયામતમાં થશે તે દેખીતું છે, જેમકે અમુકે કહ્યું કે, આ સજા દુનિયામાં પણ થશે. મતલબ કે, અલ્લાહની યુદ્ધની શક્તિ અને સામર્થ્ય જે રીતે અમર્યાદ છે એ જ રીતે અલ્લાહ તઆલાની સજા પણ ઘણી સખત અને કઠોર છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૮૫-૮૬-૮૭)

مَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَّكُنْ لَّهٗ نَصِيْبٌ مِّنْهَا ۚ وَمَنْ يَّشْفَعْ شَفَاعَةً
سَيِّئَةً يَّكُنْ لَّهٗ كِفْلٌ مِّنْهَا ۗ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ مُّقِيْتًا ﴿۸۵﴾ وَاِذَا
حُيِّيْتُمْ بِتَحِيَّةٍ فَحَيُّوْا بِاَحْسَنَ مِنْهَآ اَوْ رُدُّوْهَا ۗ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَيْءٍ
حَسِيْبًا ﴿۸۶﴾ اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۗ لَيَجْمَعَنَّكُمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَا رَيْبَ فِيْهِ ۗ النصف
وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا ﴿۸۷﴾ ع ۸

તરજુમો :

જે કોઈ નેક (ભલી) વાતની સિફારસ (ભલામણ) કરે તેને પણ તેમાંથી એક હિસ્સો મળશે, અને જે કોઈ બુરી વાતમાં સિફારસ કરે તેના ઉપર પણ તેમાંથી એક ભાર છે; અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર કુદરત (કાબૂ) ધરાવનાર છે. (૮૫) અને જ્યારે તમને કોઈ દુઆ આપે તો તમે પણ તેનાથી સારી દુઆ આપો અથવા પાછું એવું જ કહી દો; બેશક ! અલ્લાહ દરેક વસ્તુનો હિસાબ કરનારો છે. (૮૬) અલ્લાહના સિવાય કોઈની બંદગી નથી, બેશક ! તમને કયામતના દિવસે એકઠા કરશે, તેમાં કોઈ શંકા નથી; અને અલ્લાહ કરતાં સાચી વાત કોની (વાત) !? (૮૭)

તફસીર :

જે વ્યક્તિ સારી ભલામણ કરે, (એટલે કે જે પ્રમાણેનો હેતુ અને ધ્યેય હોય) તેને તે (ભલામણ)ના કારણે (સવાબનો) ભાગ મળશે અને જે વ્યક્તિ બુરી ભલામણ કરે (એટલે કે, જેની નિય્યત સાચી અને શરીઅત પ્રમાણે ન હોય) તેને તે (ભલામણ)ના કારણે (ગુનાહનો) ભાગ મળશે અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવનાર છે (તે પોતાની કુદરતથી નેકી ઉપર સવાબ અને બુરાઈ ઉપર અઝાબ આપી શકે છે) અને જ્યારે તમારામાંથી કોઈ (શરીઅત પ્રમાણે) સલામ કરે તો તમે તેના (સલામ)થી સારા શબ્દોમાં સલામ કરો (એટલે કે જવાબ આપો) અથવા (જવાબમાં) એવા જ શબ્દો કહી આપો (તમને બંને અધિકાર આપવામાં આવે છે) નિઃશંક ! અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર (એટલે કે દરેક કાર્યોનો) હિસાબ લેશે (એટલે કે, તેનો કાયદો એ જ છે અને ફક્ત તે પોતાની કૃપાથી મા'ફ કરી દે તો તે વધારે સારું છે). અલ્લાહ એવો છે કે, તેના સિવાય કોઈ ઈબાદત કરવાના પાત્ર નથી, તે જરૂર તમને બધાને કયામતના દિવસે ભેગા કરશે એમાં કોઈ શંકા નથી અને અલ્લાહ તઆલાથી વધારે કોની વાત સાચી હશે ? (જ્યારે તે ખબર આપી રહ્યો છે તો તે બિલકુલ સાચી જ છે).

મસ્અલા અને બોધપાઠ :

સિફારસ (ભલામણ)ની વાસ્તવિકતા અને તેના હુકમો અને પ્રકારો :

وَمَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً.... આ આયતમાં સિફારસ (ભલામણ)ને સારા

અને ખરાબ બે પ્રકારોમાં વહેંચીને તેની વાસ્તવિકતા સ્પષ્ટ કરવામાં આવી છે અને એ પણ બતાવવામાં આવ્યું છે કે, ન તો દરેક સિફારસ ખરાબ હોય છે અને ન જ દરેક સિફારસ સારી હોય છે. એ પણ બતાવ્યું કે, સારી સિફારસ કરનારને સવાબમાં ભાગ મળશે અને બુરી સિફારસ કરવાથી તેનો અઝાબ પણ થશે. આયતમાં સારી ભલામણની સાથે نَصِيبٌ (નસીબુન)નો શબ્દ આવ્યો છે અને ખરાબ ભલામણ સાથે كِفْلٌ (કિફ્લુન) શબ્દ આવ્યો છે. શબ્દકોષમાં બંનેનો અર્થ એક જ છે, એટલે કે "કોઈ વસ્તુનો એક વિભાગ" પરંતુ સામાન્ય બોલચાલની ભાષામાં نَصِيبُ (નસીબ) શબ્દ સારા વિભાગ માટે બોલવામાં આવે છે અને શબ્દ كِفْلُ (કિફ્લ) મોટે ભાગે ખરાબ વિભાગ માટે બોલવામાં આવે છે. જો કે, ક્યારેક ક્યારેક સારા ભાગ માટે પણ આ શબ્દ كِفْلٌ (કિફ્લુન)નો ઉપયોગ થાય છે, જેમકે કુર્આને કરીમમાં كِفْلَيْنِ مِنْ رَّحْمَتِهٖ ઈરશાદ થયો છે.

સિફારસનો શાબ્દિક અર્થ "મળવું" અથવા "ભેગું કરવું" થાય છે, તે કારણે આ શબ્દ شُفْعَةٌ (શુફ્અહ) અરબી ભાષામાં તે જોડા (Couple)ના અર્થમાં પણ આવે છે અને તેનો વિરોધાર્થી શબ્દ وِتْرُ એ طَاقٌ માટે ઉપયોગ થાય છે. આથી સિફારસનો શાબ્દિક અર્થ એ થાય છે કે, "કોઈ અશક્ત એવા સચ્ચાઈના ઈચ્છુક વ્યક્તિ સાથે પોતાની શક્તિ મેળવીને તેને મજબૂત કરવો" અથવા "એક એવા એકલા વ્યક્તિની સાથે પોતે ભેગા થઈને જોડી બનાવી લેવી."

આ ઉપરોક્ત બાબતથી સ્પષ્ટ થાય છે કે, જાઈઝ ભલામણ અને સિફારસ માટે શરત એ છે કે, જેની સિફારસ કરવામાં આવે તેની ઈચ્છા હક અને જાઈઝ હોય. બીજું એ કે, તે પોતાના અધિકારને કમજોર હોવાના કારણે મોટા લોકો પાસેથી પોતે નથી લઈ શકતો તો તમે તેને તેમાં મદદ કરો. આ બાબતથી સ્પષ્ટ થાય છે કે, સચ્ચાઈ વિરુદ્ધ ગૈરશરઈ સિફારસ કરવી અને અન્યોને તેને સ્વીકાર કરવા મજબૂર કરવા "શફાઅતે સય્યિઅહ" (ગુનાહયુક્ત સિફારસ) એટલે કે, બુરી સિફારસ છે. તદુપરાંત કોઈપણ કામની સિફારસમાં પોતાના સંબંધો અથવા હોદ્દો કે પોતાની પોઝીશનનો ઉપયોગ કર્યો હોય તો તે પણ જુલમ છે અને જાઈઝ નથી. એટલા માટે તે "શફાઅતે સય્યિઅહ"માં સામેલ છે.

હવે, પ્રસ્તુત આયતના વિષયનો ખુલાસો એ છે કે, જે વ્યક્તિ કોઈ

વ્યક્તિના જાઇઝ કામ માટે જાઇઝ પદ્ધતિથી જાઇઝ સિફારસ કરે તો તેને તે સવાબમાંથી એક હિસ્સો મળશે અને એ જ પ્રમાણે જો કોઈ નાજાઇઝ કામ માટે નાજાઇઝ પદ્ધતિથી સિફારસ કરશે તો તેને તેના અઝાબનો એક હિસ્સો મળશે.

હિસ્સો મળવાનો અર્થ એ છે કે, જ્યારે વ્યક્તિને સિફારસ કરવામાં આવે છે ત્યારે તે મજલૂમ અથવા કચડાયેલ વંચિત વ્યક્તિનું કામ કરાવી આપે છે તો હવે જેવી રીતે તે કામ કરનાર ઑફિસરને સવાબ મળશે એવી જ રીતે સિફારસ કરનાર વ્યક્તિને પણ તેનો સવાબ મળશે.

એ જ પ્રમાણે કોઈ નાજાઇઝ કામની ભલામણ કરનારો પણ ગુનેહગાર થશે અને આ અગાઉ જાણ થઈ ચૂકી છે કે, સિફારસ કરનારાનો સવાબ અથવા અઝાબ એ બાબત ઉપર અવલંબિત નથી કે, ભલામણ અસરકારક થઈ છે કે, કેમ ? સફળ થઈ છે કે, કેમ ? બલકે, તેને પોતાનો હિસ્સો સિફારસ કરવાના આધારે મળશે.

રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, اَلدَّالُّ عَلَى الْخَيْرِ كَفَاعِلِهٖ (رَوَاهُ الْبَزَّارُ عَنِ ابْنِ مَسْعُوْدٍ وَالطَّبْرَانِىُّ عَنْهُ وَعَنْ سَهْلِ بْنِ سَعْدٍ، بَحَوَالَهٖ مَظْهَرِىْ) એટલે કે, "જે વ્યક્તિ કોઈ નેકી માટે કોઈને પ્રોત્સાહિત કરે તો તેને પણ તેનો એવો જ સવાબ મળશે જેમકે, તે નેક અમલ કરનારને."

એ જ પ્રમાણે ઈબ્ને માજહમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થયું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

مَنْ اَعَانَ عَلٰى قَتْلِ مُؤْمِنٍ بِشَطْرِ كَلِمَةٍ لَقِىَ اللّٰهَ مَكْتُوْبٌ بَيْنَ عَيْنَيْهِ اٰيِسٌ مِّنْ رَّحْمَةِ اللّٰهِ (مَظْهَرِىْ)

"જે વ્યક્તિએ કોઈ મુસલમાનની હત્યામાં એક શબ્દથી પણ મદદ કરી, તો કયામતમાં અલ્લાહ તઆલા સમક્ષ એવી રીતે હાજર કરવામાં આવશે કે, તેની પેશાની (કપાળ) ઉપર લખ્યું હશે કે, આ વ્યક્તિ અલ્લાહની રહમતથી વંચિત અને માયૂસ (નિરાશ) છે." (મઝહરી)

આથી જાણ થાય છે કે, જે પ્રમાણે નેકી માટે કોઈને પ્રોત્સાહિત કરી નેક અમલની પ્રેરણા આપવાથી તેને તેના સવાબનો હિસ્સો મળે છે, એ જ પ્રમાણે

ગુનાહ અને બુરાઈઓ ઉપર કોઈને ઉત્તેજન આપવાથી અથવા મદદ કરવાથી તેને તેના ગુનાહમાંથી બરાબર ભાગ મળશે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યું, وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ مُّقِيْتًا અહીંયાં શબ્દ مُقِيْتٌ (મુકીત)નો શાબ્દિક અર્થ "શક્તિશાળી" અથવા "બળવાન" થાય છે તથા "દેખરેખ રાખનાર" અને "ઉપસ્થિત રહેનાર" પણ થાય છે. આ ઉપરાંત "રોઝી વહેંચનાર" પણ થાય છે. આ વાક્યમાં આ ત્રણે અર્થો હોય શકે છે.

પ્રથમ અર્થના આધારે ભાવાર્થ એ થશે કે, અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર શક્તિ (કાબૂ) ધરાવે છે. અમલ કરનાર અથવા ભલામણ કરનારને સારો બદલો આપવો અથવા સજા કરવી તેના માટે કોઈ મુશ્કેલ કાર્ય નથી.

બીજો અર્થના આધારે ભાવાર્થ એ થશે કે, અલ્લાહ તઆલા દરેક વસ્તુની દેખરેખ રાખનાર અને હરપળે હાજર છે, તેને બધી જ બાબતની જાણકારી છે કે, કોણ કઈ નિય્યતે સિફારસ કરી રહ્યું છે. ફક્ત અલ્લાહ ખાતર પોતાના ભાઈની મદદ કરવાનો એકમાત્ર ઉદ્દેશ છે કે, પોતાનો કોઈ સ્વાર્થ સાધવાનો અથવા લાંચ વગેરે પ્રાપ્ત કરવાનો ઈરાદો છે ?

ત્રીજા અર્થના આધારે ભાવાર્થ એ થશે કે, રોઝી અને આજિવીકાની વહેંચણી ફક્ત અલ્લાહની જવાબદારી છે, જેટલું પણ જેના માટે લખવામાં આવ્યું છે, એટલું તેને મળીને રહેશે. ભલે કોઈ સિફારસ કરે અથવા ન કરે. અલ્લાહ મજબૂર નથી બલકે, જેને જેટલી રોજી આપવા ઈચ્છશે એટલી અર્પણ કરશે, બલકે, ભલામણ કરનારને મફતમાં સવાબ મળી જશે કે તેણે એક કમજોર વ્યક્તિની મદદનો ઈરાદો કર્યો.

હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

كَانَ اللّٰهُ فِيْ عَوْنِ عَبْدِهٖ مَا دَامَ فِيْ عَوْنِ اَخِيْهِ

"અલ્લાહ તઆલા તે સમય સુધી પોતાના બંદાઓની મદદમાં લાગેલો રહે છે જ્યાં સુધી તે પોતાના મુસલમાન ભાઈની મદદમાં પ્રવૃત્ત રહે."

આ જ પ્રકારે સહીહ બુખારીની એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો

ઈરશાદ છે,

اِشْفَعُوْا فَلْتُوْجَرُوْا وَيَقْضِى اللّٰهُ عَلٰى لِسَانِ نَبِيِّهٖ مَاشَاءَ(بُخَارِىْ، ج۲، ص ۸۹۱)

"તમે ભલામણ કરો તમને સવાબ મળશે, પછી અલ્લાહ તઆલા પોતાના નબી દ્વારા જે ફેંસલો ફરમાવે તેના ઉપર રાજી થઈ જાઓ."

(બુખારી, જિલ્દ : ૨, પેજ : ૮૯૧)

આ હદીષમાં જ્યાં સિફારસને સવાબ મળવાનું કારણ બતાવ્યું છે, ત્યાં એ પણ બતાવ્યું છે કે, સિફારસની મર્યાદા એ છે કે, કમજોર વ્યક્તિ જે પોતે પોતાની કોઈ વાત કોઈ મોટા વ્યક્તિ સુધી પહોંચાડવામાં અથવા તો પોતાની જરૂરિયાતને સાચી રીતે વર્ણન કરવાની શક્તિ ધરાવતો ન હોય, તો તમે તેની વાત ત્યાં સુધી પહોંચાડો. આગળ ઉપર તે સિફારસ માનવામાં આવે કે ન પણ માનવામાં આવે અને તે વ્યક્તિનું કામ પૂરું થાય કે ન થાય, તેમાં તમારી કોઈ દખલગીરી ન હોવી જોઈએ અને તેના વિરુદ્ધ થવાના સ્વરૂપમાં તમને કોઈ મનદુઃખ પણ ન થવું જોઈએ. હદીષના છેલ્લા વાક્ય وَيَقْضِى اللّٰهُ عَلٰى لِسَانِ نَبِيِّهٖ مَاشَاءَ નો આ જ અર્થ છે અને એ જ કારણ છે કે, કુર્આને કરીમના શબ્દોમાં એ બાજુ ઈશારો મૌજૂદ છે કે, સિફારસનો સવાબ અથવા અઝાબ એ બાબત ઉપર અવલંબિત નથી કે સિફારસ સફળ થઈ કે ન થઈ બલકે, તેના અઝાબ અને સવાબનો સંબંધ ફક્ત સિફારસ કરવા ઉપર આધારિત છે. તમે જો "શફાઅતે હુસ્ના" (સારી ભલામણ) કરી તો સવાબના હકદાર બની ગયા અને જો "શફાઅતે સય્યિઅહ" (બુરી ભલામણ) કરી તો અઝાબના હકદાર બન્યા. ભલે, તમારી ભલામણ ઉપર અમલ થાય કે ન થાય!

તફસીરે બહરે મુહીત અને બયાનુલ કુર્આન વગેરેમાં مَنْ يَّشْفَعْ (મય્યંશફઅ્)માં શબ્દ مِنْهَا (મિન્હા)ને "સય્યિઅહ" ઠરાવ્યું છે અને એ તરફ ઈશારો હોવાનું બતાવ્યું છે અને તફસીરે મઝહરીમાં તફસીરના ઈમામ મુજાહિદનો કૌલ નકલ થયો છે કે, "સિફારસ કરનારને સિફારસનો સવાબ મળશે, ભલે તેની સિફારસનો સ્વીકાર થાય કે ન થાય." અને આ વાત ફક્ત રસૂલુલ્લાહ ﷺ સાથે ખાસ નથી કોઈ અન્ય વ્યક્તિ પાસે પણ જો ભલામણ કરવામાં આવે તો તેનો પણ આ જ નિયમ છે કે, સિફારસ કરીને વ્યક્તિ છુટો પડી જાય, હવે તેને સ્વીકારવા ન સ્વીકારવા માટે સામાવાળો વ્યક્તિ કે જેને સિફારસ કરવામાં આવી છે તેને

મજબૂર ન કરવામાં આવે, જેમકે પોતે રસૂલે કરીમ ﷺએ હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની આઝાદ કરેલ બાંદી (કનીઝ)ને એવી સિફારસ કરી કે, "તેને પોતાના પતિ મુગૈશથી તલાક મળી છે પરંતુ તેઓ તેણીની મહોબ્બતમાં પરેશાન ફરે છે, તો ફરીવાર તેની સાથે નિકાહ કરી લો." તે કનીઝ બુરયરહ (રદિ.)એ વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! જો આ તમારો હુકમ છે તો તે હુકમ સર આંખો પર; મને સ્વીકાર્ય છે અને જો તે ભલામણ છે તો મારી તબિયત તેના માટે બિલકુલ તૈયાર નથી." રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "આ હુકમ નથી, ભલામણ છે." બુરયરહ (રદિ.) જાણતી હતી કે, રસૂલે કરીમ ﷺને શરઈ નિયમ પ્રમાણે કોઈ મનદુઃખ નહીં થાય, એટલા માટે તેમણે સ્પષ્ટ વિનંતી કરી આપી કે "તો પછી મને આ ભલામણ સ્વીકાર્ય નથી." રસૂલે કરીમ ﷺએ ખુશી-ખુશી તેને દિલથી સ્વીકારી લીધું અને તેને તેના હાલ ઉપર છોડી દીધી.

આ વાસ્તવિકતા હતી સિફારસ (ભલામણ)ની ! જે શરઈ રીતે સવાબનું કારણ હતી, પરંતુ આજકાલ લોકોએ ભલામણ કરવાનું સ્વરૂપ બગાડી નાંખ્યું છે, તે વાસ્તવમાં સિફારસ કહી શકાય એમ જ નથી. બલકે, પોતાના સંબંધો, હોદ્દા અને પોતાના રૂઆબ તથા પ્રભાવનું દબાણ લાવી સામેવાળાને વાત કબૂલ કરવા મજબૂર કરવામાં આવે છે અને એટલા માટે તેને ભલામણ ન કહી શકાય. કારણ કે, જ્યારે આવી ભલામણ માનવામાં આવતી નથી તો તેઓ નારાજ થાય છે બલકે, દુશ્મની કરવા ઉપર ઊતરી આવે છે. જ્યારે કે કોઈ એવા વ્યક્તિ ઉપર એવું દબાણ નાંખવું કે, જે તેની ઇચ્છા અને મરજી વિરુદ્ધ હોય અને તે પણ તે કામ કરવા મજબૂર થાય તો તે બળજબરી અને અત્યાચારમાં સામેલ છે. તે વ્યક્તિ શરઈ અને કાનૂની રીતે ખુદ મુખ્તિયાર હોવો જોઈએ. રસૂલે કરીમ ﷺએ તે કનીઝને મજબૂર કરીને તેની આઝાદી છીનવી લીધી ન હતી. બળજબરી કરી પોતાની સિફારસ (ભલામણ) મનાવવાનું ઉદાહરણ એવું થશે કે, જાણે તમે કોઈ મોહતાજની જરૂરિયાતને પૂરી કરવા માટે કોઈ અન્ય વ્યક્તિનો માલ ચોરીને તેને આપી દીધો.

સિફારસ (ભલામણ) કરવાના બદલામાં કોઈ વળતર લેવું લાંચ છે અને તે હરામ છે :

જ્યારે સિફારસ કરવાના બદલામાં કોઈ વળતર લેવામાં આવે તો તે લાંચ

છે, હદીષમાં તેને હરામ ઠરાવવામાં આવ્યું છે. આથી તે લાંચ-રુશ્વતમાં જ સામેલ છે, ભલે તે આર્થિક બદલો હોય કે બીજું કંઈ જેમકે, કોઈની સિફારસ કરવાના બદલામાં તેની પાસે પોતાનું કોઈ કામ કરાવી લેવું, આ બધું પણ લાંચ છે.

તફસીરે કશ્શાફ વગેરેમાં છે કે, "શફાઅતે હુસ્ના" (સારી સિફારસ) એ છે કે, તેની નિય્યત કોઈ મુસલમાનનો હક પૂરો કરવાની હોય અથવા તેને કોઈ જાઇઝ લાભ પહોંચાડવાની હોય અથવા તેને કોઈ નુકસાન અથવા પીડાથી બચાવવાની હોય અને આ સિફારસનું કામ પણ કોઈ દુનિયવી જોડ-તોડ માટે ન હોય. બલકે, ફક્ત અલ્લાહ ખાતર અશક્ત લોકોની મદદ કરવાના હેતુથી ભલામણ કરવામાં આવી હોય અને સિફારસના બદલામાં કોઈ વળતર આર્થિક અથવા શારીરિક સ્વરૂપે ન લેવામાં આવે અને આ સિફારસ કોઈ નાજાઇઝ કામ માટે પણ ન હોય. વળી, આ સિફારસ કોઈ સાબિત થઈ ગયેલા ગુનાહની સજાની મા'ફી માટે ન હોય કે જેની સજા કુર્આનમાં નક્કી કરવામાં આવી છે.

તફસીરે બહરે મુહીત અને મઝહરી વગેરેમાં છે કે, કોઈ મુસલમાનની જરૂરિયાત પૂરી કરવા માટે અલ્લાહ તઆલાથી દુઆ માંગવી પણ "શફાઅતે હુસ્ના"માં સામેલ છે અને દુઆ કરનારાને પણ તેનો સવાબ મળે છે. એક હદીષમાં છે કે, જ્યારે કોઈ વ્યક્તિ પોતાના મુસલમાન ભાઈ માટે ભલાઈની દુઆ કરે છે તો ફરિશ્તા કહે છે, وَلَکَ بِمِثْلٍ (વ લક બિમિષ્લિન) એટલે કે, "અલ્લાહ તઆલા તારી જરૂરિયાત પણ પૂરી કરે."

સલામ અને ઇસ્લામ :

وَاِذَا حُيِّيْتُمْ بِتَحِيَّةٍ فَحَيُّوْا بِاَحْسَنَ مِنْهَا.... આ આયતમાં અલ્લાહ તઆલા સલામ કરવાની અને તેનો જવાબ આપવાની પદ્ધતિ અને નિયમો બતાવે છે.

تحية (તહિય્યહ) શબ્દની સ્પષ્ટતા અને તેનું ઐતિહાસિક પાસું :

تَحِيَّةٌ (તહિય્યહ) શબ્દનો અર્થ કોઈને حَيَّاكَ اللّٰهُ (હય્યાકલ્લાહ) કહેવું એટલે કે, "અલ્લાહ તમને જીવતો રાખે" થાય છે. ઈસ્લામ પહેલાં અરબોની ટેવ હતી કે, જ્યારે પરસ્પર મળતા તો એકબીજાને حَيَّاكَ اللّٰه અથવા اَنْعَمَ اللّٰهُ بِكَ عَيْنًا અથવા اَنْعِمْ صَبَاحًا વગેરે શબ્દોથી સલામ કરતા હતા. ઈસ્લામે આ પદ્ધતિ

બદલીને اَلسَّلَامُ عَلَيْكُمْ (અસ્સલામુ અલયકુમ) કહેવાની પદ્ધતિ અપનાવી, જેનો અર્થ છે, "તમે દરેક પ્રકારની તકલીફ અને મુસીબતથી સુરક્ષિત રહો."

ઈબ્ને અરબીએ "અહકામુલ કુર્આન"માં ફરમાવ્યું કે, "સલામ શબ્દ અલ્લાહ તઆલાના પવિત્ર નામોમાંથી છે અને અસ્સલામુ અલયકુમનો અર્થ થાય છે, اَللّٰهُ رَقِيْبٌ عَلَيْكُمْ એટલે કે, અલ્લાહ તઆલા તમારો રક્ષક છે."

ઇસ્લામી સલામ કરવાની પદ્ધતિ દુનિયાની તમામ સભ્યતાઓની સલામ કરવાની પદ્ધતિ કરતાં ઉત્તમ છે :

દુનિયાના દરેક ધર્મો અને કૌમોમાં એવો રિવાજ છે કે, જ્યારે તેઓ આપસમાં મુલાકાત કરે છે ત્યારે કોઈ શબ્દ કહીને પરસ્પર પ્રેમ અને લાગણી જાહેર કરે છે. પરંતુ જો સરખામણી કરવામાં આવે તો ઈસ્લામની સલામ જેટલી મજબૂત અને ઉત્તમ કોઈ પદ્ધતિ કે રિવાજ જોવા નહીં મળે કારણ કે, તેમાં પ્રેમ અને લાગણીની ભાવના દર્શાવવાની સાથે-સાથે મહોબ્બતનો હક અદા કરવાના સ્વરૂપમાં અલ્લાહ તઆલા પાસે એવી દુઆ કરવામાં આવે છે કે, "દરેક પ્રકારની આફતો અને મુસીબતોથી અલ્લાહ તમને સલામત રાખે." પછી આ દુઆ પણ અરબની પદ્ધતિ પ્રમાણે ફક્ત જીવતા રાખવા માટે નથી બલકે, પવિત્ર જીવન અર્પણ કરવા માટેની દુઆ છે. એટલે કે, દરેક પ્રકારની આફતો અને મુસીબતોથી સુરક્ષિત રહેવાની દુઆ અને તેની સાથે-સાથે એવી જાહેરાત પણ છે કે, હું અને તમે બધા જ અલ્લાહ તઆલાના મોહતાજ છે, એકબીજાને કોઈ નફો અને નુકસાન પહોંચાડી શકવા માટે સમર્થ નથી. માત્ર અલ્લાહના હુકમથી જ એકબીજાને નફો અને નુકસાન પહોંચે છે. આમ, અર્થના આધારે આ વાક્ય એક ઈબાદત પણ છે અને પોતાના મુસલમાન ભાઈને અલ્લાહ તઆલાની યાદ અપાવવાનું માધ્યમ પણ છે.

એની સાથે-સાથે જો એવું જોવામાં આવે કે, જે વ્યક્તિ અલ્લાહ તઆલાથી આ દુઆ માંગી રહ્યો છે કે, મારા મિત્રને દરેક પ્રકારની આફતો અને તકલીફોથી સુરક્ષિત રાખજે તો તેના દ્વારા તે જાણે વાયદો પણ કરી રહ્યો છે કે, તમે મારા હાથ અને જીભથી સુરક્ષિત રહેશો. તમારી જાન, માલ, ઈજ્જત, આબરૂનો અલ્લાહ રક્ષક છે.

ઈબ્ને અરબીએ અહકામુલ કુર્આનમાં ઈમામ ઈબ્ને અઈનિય્યહ (રહ.)નો આ કૌલ નકલ કર્યો છે,

اَتَدْرِیْ مَاالسَّلَامُ ؟ یَقُوْلُ اَنْتَ آمِنٌ مِّنِّیْ،

"તમે જાણો છો કે, સલામ શું વસ્તુ છે ? સલામ કરનારો કહે છે કે, તમે મારાથી સુરક્ષિત રહેશો."

ખુલાસો એ છે કે, ઈસ્લામી સલામ કરવાની પદ્ધતિ (Greetings) આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ ધરાવે છે. (૧) તેમાં અલ્લાહ તઆલાનો પણ ઉલ્લેખ છે, (૨) તેમાં ઝિક્ર–દુઆ પણ છે, (૩) પોતાના મુસલમાન ભાઈ સાથે સંબંધ અને મહોબ્બતની જાહેરાત પણ છે, (૪) તેના માટે શ્રેષ્ઠ અને ઉત્તમ દુઆ પણ છે, (૫) અને તેની સાથે–સાથે એવો કરાર પણ છે કે, તમને મારા હાથ અને જીભથી કોઈ તકલીફ નહીં પહોંચે. જેમકે, સહીહ હદીષમાં રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો,

اَلْمُسْلِمُ مَنْ سَلِمَ الْمُسْلِمُوْنَ مِنْ لِّسَانِهٖ وَيَدِهٖ، (اَلْحَدِيْث)

"મુસલમાન તો તે જ છે, જેના હાથ અને જીભથી બધા મુસલમાનો સુરક્ષિત રહે, કોઈને તકલીફ ન પહોંચે."

કાશ ! મુસલમાનો આ વાક્યને સામાન્ય લોકોની જેમ માત્ર રીત–રસમ સ્વરૂપે અદા ન કરે, બલકે તેની વાસ્તવિકતાને સમજી તેને અપનાવે તો કદાચ સમગ્ર સમાજની સુધારણા માટે આ પૂરતું થઈ જાય એમ છે. એ જ કારણ છે કે, રસૂલે કરીમ ﷺએ મુસલમાનોને પરસ્પર તેનો રિવાજ અપનાવવાની ખૂબ તાકીદ કરી અને તેને અમલોમાં ઉત્તમ કક્ષાનો અમલ બતાવ્યો તથા તેની ફઝીલતો અને બરકતો અને તેના સારો બદલા અને સવાબનું વર્ણન કર્યું. સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

"તમે જન્નતમાં તે સમય સુધી પ્રવેશ નહીં પામી શકો જ્યાં સુધી કે મો'મિન ન હોવ, અને તમારું ઈમાન (ત્યાં સુધી) સંપૂર્ણ નથી થઈ શકતું જ્યાં સુધી તમે પરસ્પર એકબીજાથી મહોબ્બત ન કરો. હું તમને એવી વસ્તુ બતાવું છું કે, જો તમે તેના ઉપર અમલ કરી લો તો તમારામાં પરસ્પર મહોબ્બત કાયમ થઈ

જશે, તે એ કે પરસ્પર "સલામ"ને પ્રચલિત કરો, એટલે કે દરેક મુસલમાન માટે ભલે તેને ઓળખતો હોય કે ન હોય."

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) ફરમાવે છે કે, "એક વ્યક્તિએ રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે, ઈસ્લામના અમલોમાં સૌથી શ્રેષ્ઠ અમલ કયો છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, તમે લોકોને ખાવું ખવડાવો અને સલામને પ્રચલિત કરો, ભલે તમે તેને ઓળખતા હોય કે ન હોય." *(સહીહૈન)*

મુસ્નદે અહમદ, તિરમિઝી અને અબૂ દાવુદે હઝરત અબૂ ઉમામા (રદિ.)થી નકલ કર્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા સમીપ સૌથી વધારે નિકટ તે વ્યક્તિ છે જે સલામ કરવાની શરૂઆત કરે."

મુસ્નદે બઝાર અને મુઅજ્જમે કબીર તબરાનીમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)ની હદીષ વર્ણન થઈ છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, સલામ અલ્લાહના નામોમાંથી છે, જેને અલ્લાહ તઆલાએ જમીન ઉપર ઉતાર્યું છે, એટલા માટે તમે પરસ્પર સલામને પ્રચલિત કરો. કારણ કે, મુસલમાન વ્યક્તિ જ્યારે કોઈ મજલિસ (સભા)માં જાય છે અને તેમને સલામ કરે છે તો તે વ્યક્તિને અલ્લાહ તઆલા નજીક ફઝીલતનું એક ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થાય છે. કારણ કે, તેણે બધાને સલામ કરી એટલે કે, અલ્લાહ તઆલાની યાદ અપાવી. જો મજલિસવાળાઓએ તેના સલામનો જવાબ ન આપ્યો તો એવા લોકો તેનો જવાબ આપશે જે તે મજલિસવાળાઓ કરતાં સારા છે, એટલે કે અલ્લાહ તઆલાના ફરિશ્તા."

અન્ય એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે કે, "તે વ્યક્તિ ખૂબ મોટો કંજૂસ છે જે સલામમાં કંજૂસાઈ કરે છે."

(તબરાની, મુઅજ્જમે કબીર અન અબી હુરયરહ રદિ.)

રસૂલે કરીમ ﷺના ફરમાનોનો સહાબાએ કિરામ (રદિ.) ઉપર જે પ્રભાવ પડ્યો તેનો અંદાજો આ રિવાયતથી થાય છે કે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) મોટા ભાગે બજારમાં ફક્ત એટલા માટે જતા હતા કે, જો કોઈ મુસલમાન મળે તો તેને સલામ કરીને ઈબાદતનો સવાબ પ્રાપ્ત કરે, કંઈ ખરીદ-વેચાણ કરવાનો હેતુ રહેતો ન હતો. આ રિવાયત મુઅત્તા ઈમામ

માલિકમાં તુફયૂલ બિન ઉબય બિન કઅ્બ (રદિ.)એ નકલ કરી છે.

કુર્આને મજીદની ઉપર વર્ણન કરવામાં આવેલ આયતમાં ઈરશાદ એ પ્રમાણે છે કે, જ્યારે તમને સલામ કરવામાં આવે તો તેનો જવાબ તેનાથી સારા શબ્દોમાં આપો અથવા ઓછામાં ઓછું તે જ શબ્દો જવાબમાં કહી આપો, તેની સ્પષ્ટતા રસૂલે કરીમ ﷺએ પોતાના અમલથી આ રીતે કરી છે કે, એક સમયે રસૂલે કરીમ ﷺની પાસે એક વ્યક્તિ આવ્યો અને કહ્યું, "અસ્સલામુ અલયક યા રસૂલુલ્લાહિ વરહમતુલ્લાહુ" અને જવાબમાં એક શબ્દ વધારીને કહ્યું, "વઅલયકુમુસ્સલામ વરહમતુલ્લાહિ વબરકાતુહુ" પછી એક વ્યક્તિ આવ્યો, તેણે પોતાના સલામમાં ત્રણે શબ્દો વધારીને કહ્યું, "અસ્સલામુ અલયક યા રસૂલુલ્લાહિ વરહમતુલ્લાહિ વબરકાતુહુ." રસૂલે કરીમ ﷺએ જવાબમાં ફક્ત "વઅલયક" કહ્યું, તેના દિલમાં ફરિયાદ પૈદા થઈ અને વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! મારા માં-બાપ તમારા ઉપર કુરબાન, પ્રથમ જે લોકો આવ્યા તમે તેમને જવાબમાં ઘણા દુઆના શબ્દો કહ્યા અને જ્યારે મેં તે બધા જ શબ્દો સાથે સલામ કરી તો તમે માત્ર "વઅલયક" કહ્યું." રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "તમે અમારા માટે કોઈ શબ્દ છોડ્યો જ નથી કે અમે જવાબમાં વધારો કરીએ, તમે બધા જ શબ્દો પોતાના સલામમાં ભેગા કરી દીધા છે. એટલા માટે અમે કુર્આની શિક્ષણ પ્રમાણે તમને સલામનો જવાબ એ જ પ્રમાણે કહેવાને પૂરતું સમજી લીધું." આ રિવાયતને ઈબ્ને અબી જરીર અને ઈબ્ને અબી હાતિમે વિવિધ સનદો સાથે નકલ કરી છે.

પ્રસ્તુત હદીષથી એક બાબત તો એ જાણ થઈ કે, સલામનો જવાબ એનાથી સારા શબ્દોમાં આપવાનો જે હુકમ પ્રસ્તુત આયતમાં આવ્યો છે, તેનું સ્વરૂપ એ છે કે, સલામના શબ્દોને વધારીને જવાબ આપવામાં આવે. દાખલા તરીકે, તેણે કહ્યું, "અસ્સલામુ અલયકુમ" તો તમે જવાબમાં "વઅલયકુમુસ્સલામ વરહમતુલ્લાહ" કહો, અને જો તેણે "અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ" કહ્યું, તો તમે જવાબમાં "વઅલયકુમુસ્સલામ વરહમતુલ્લાહિ વબરકાતુહુ" કહો.

બીજી બાબત એ જાણ થઈ કે, આ શબ્દોમાં વધારો ફક્ત ત્રણ શબ્દો સુધી સુન્નત છે, તેનાથી વધારે કરવું સુન્નત નથી અને તેનાથી હિકમત એ જાહેર થાય છે કે, સલામના મોકાનો તકાદો આ રીતે ટૂંકા સલામના વાક્યથી વાતચીત શરૂ

કરવાનો છે, તેમાં એટલો બધો વધારો કરવો યોગ્ય નથી કે, જેથી તે કોઈ કામમાં બાધારૂપ બની જાય અથવા તો સાંભળનારને ભારે પડે, એટલા માટે જ્યારે કોઈ વ્યક્તિએ શરૂઆતમાં સલામમાં ત્રણે શબ્દોને ભેગા કરી દીધા તો રસૂલુલ્લાહ ﷺએ તેમાં વધારો કરવાને મુનાસિબ નથી સમજ્યું, તેનો વધારે ખુલાસો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ રીતે કર્યો છે, પ્રસ્તુત શબ્દોથી વધારે કહેનારને આ રીતે રોકી દીધો કે, اِنَّ السَّلَامَ قَدْ اِنْتَهٰى اِلَى الْبَرَكَةِ (મઝહરી અનલ બગવી) એટલે કે, સલામ શબ્દ બરકત ઉપર પૂર્ણ થઈ જાય છે, એનાથી વધારે કરવું સુન્નત નથી. *(વ મિષલુહુ અન ઈબ્ને કષીર)*

ત્રીજી બાબત પ્રસ્તુત હદીષમાં એ જાણ થઈ કે, સલામમાં ત્રણ શબ્દો કહેનારના જવાબમાં જો ફક્ત એક શબ્દ જ કહી આપવામાં આવે તો પણ તે જવાબમાં તેના જ જેવા શબ્દો કહ્યા ગણાશે અને તે કુર્આનના હુકમ اَوْرُدُّوْهَا (અવ્રુદ્દૂહા) ઉપર અમલ કરવા માટે પૂરતા ગણાશે. જેમકે, આ ઉપરોક્ત હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ ફક્ત એક શબ્દ કહેવાને પૂરતું સમજ્યું. *(તફસીરે મઝહરી)*

ઉપરોક્ત આયતના વિષયનો ખુલાસો એ થયો કે, જ્યારે કોઈ મુસલમાનને સલામ કરવામાં આવે તો તેને જવાબ આપવો તો વાજિબ છે જ, પરંતુ કોઈ શરઈ કારણ વિના જવાબ નહીં આપે તો ગુનેહગાર થશે. અલબત્ત, જવાબ આપવામાં બે વાતો અપનાવી શકે છે, એક એ કે, જે શબ્દોમાં સલામ કરવામાં આવી છે, તેનાથી સારા શબ્દોમાં જવાબ આપવામાં આવે. બીજું એ કે, સલામ કરનારના જ શબ્દોમાં જવાબ આપવામાં આવે.

આ આયતમાં સલામનો જવાબ આપવાને ખુલ્લમ-ખુલ્લું વાજિબ બતાવવામાં આવ્યું છે, પરંતુ સલામની શરૂઆત કરનારનો દરજ્જો શું છે તેની સ્પષ્ટતા થઈ નથી, પરંતુ اِذَا حُيِّيْتُمْ માં એ હુકમ તરફ પણ ઈશારો મૌજૂદ છે, કારણ કે, આ શબ્દને ગર્ભિત રીતે કર્તા (ફાઈલ)ને નક્કી કર્યા વિના વર્ણન કરવામાં એ ઈશારો હોઈ શકે છે કે, સલામ એવી વસ્તુ છે જે ટેવ મુજબ દરેક મુસલમાન કરતા જ હોય છે.

મુસ્નદે અહમદ, તિરમિઝી અને અબૂદાવુદમાં રસૂલે કરીમ ﷺનો

ઈરશાદ નકલ થયો છે કે, "અલ્લાહ સમીપ સૌથી વધારે નિકટ તે વ્યક્તિ છે જે સલામની શરૂઆત કરે."

સલામની તાકીદ અને ફઝીલત રસૂલે કરીમ ﷺના ઈરશાદોથી હમણા ચર્ચા કરી ચૂક્યા છે, તેનાથી એટલી જાણ થાય છે કે, સલામની શરૂઆત કરવી પણ સુન્નતે મુઅક્કદહ કરતાં ઓછી નથી. તફસીરે બહરે મુહીતમાં છે કે, સલામની શરૂઆત મોટા ભાગના ઉલમા નજીક સુન્નતે મુઅક્કીદહ છે અને હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, اَلسَّلَامُ تَطَوُّعٌ وَالرَّدُّ فَرِيْضَةٌ એટલે કે, "સલામની શરૂઆત કરવામાં તો અધિકાર છે પરંતુ સલામનો જવાબ દેવો ફરજ છે."

રસૂલે કરીમ ﷺએ કુર્આનના હુકમની વધારે સ્પષ્ટતા સ્વરૂપે સલામ અને સલામના જવાબ વિશે વિગતવાર સ્પષ્ટતા કરી છે, તેની પણ અત્રે ચર્ચા કરી લઈએ. સહીહૈનની હદીષમાં છે કે, "જે વ્યક્તિ સવારી ઉપર હોય તેણે પગપાળા ચાલનારને પોતે સલામ કરવી જોઈએ અને જે ચાલી રહ્યો છે તે બેઠેલાને સલામ કરે અને જે લોકો ઓછી સંખ્યામાં હોય તે કોઈ મોટી સંખ્યાવાળા લોકો પાસેથી પસાર થાય તો તેમણે સલામની શરૂઆત કરવી જોઈએ."

તિરમિઝીની એક હદીષમાં છે કે, "જ્યારે પોતાના ઘરમાં જાય તો પોતાના ઘરવાળાઓને સલામ કરવી જોઈએ કે, તેનાથી તેના માટે બરકત પણ થશે અને તેના ઘરવાળાઓ માટે પણ."

અબૂ દાવુદની એક હદીષમાં છે કે, "એક મુસલમાન સાથે વારંવાર મુલાકાત થાય તો દરેક વખતે સલામ કરવી જોઈએ અને જે પ્રમાણે પ્રથમ મુલાકાતના સમયે સલામ કરવી સુન્નત છે એ જ પ્રમાણે છૂટા પડતી વખતે પણ સલામ કરવી સુન્નત અને સવાબ છે." તિરમિઝી અને અબૂ દાવુદમાં આ હુકમ કતાદહ અને અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થયો છે.

આ હુકમ જે હમણા વર્ણન કરવામાં આવ્યો કે, સલામનો જવાબ આપવો વાજિબ છે તેમાં અમુક પરિસ્થિતિઓ અપવાદ સ્વરૂપ છે, જેમકે જે વ્યક્તિ નમાઝ પઢી રહ્યો છે અને કોઈ આવીને સલામ કરે તો નમાઝ પઢનાર વ્યક્તિ માટે જવાબ આપવો વાજિબ નથી, બલકે જો જવાબ આપશે તો નમાઝ તૂટી જશે. એ

જ પ્રમાણે જે વ્યક્તિ ખુત્બો આપી રહ્યો છે અથવા કુર્આન શરીફની તિલાવતમાં મશ્ગૂલ છે અથવા અઝાન કે ઈકામત કરી રહ્યો છે અથવા દીની કિતાબોનો સબક પઢાવી રહ્યો છે અથવા નૈસર્ગિક હાજતો ઈસ્તિન્જા વગેરે કરવામાં મશ્ગૂલ છે, તો આવી પરિસ્થિતિમાં સલામ કરવી જાઇઝ નથી અને જો કોઈ સલામ કરે તો તેનો જવાબ આપવો પણ વાજિબ નથી.

આયતના અંતે ફરમાવ્યું, اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَيْءٍ حَسِيْبًا ؕ એટલે કે, "અલ્લાહ તઆલા દરેક વસ્તુનો હિસાબ લેનારો છે," જેમાં મનુષ્ય અને તેના ઈસ્લામી હકો; સલામ, સલામનો જવાબ વગેરે બધા જ અમલો સામેલ છે અને અલ્લાહ તઆલા તેનો પણ હિસાબ લેશે.

પછી ફરમાવ્યું, اَللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ لَيَجْمَعَنَّكُمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَا رَيْبَ فِيْهِ ؕ એટલે કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, તેને ઈબાદતને પાત્ર સમજો અને જે કામ કરો ઈબાદતની નિય્યતથી કરો, તે તમને કયામતના દિવસે ભેગા કરશે જેમાં કોઈ શંકા નથી, તે દિવસે બધાનો બદલો આપવામાં આવશે." કયામતનો વાયદો તથા સારા બદલા અને ખરાબ કૃત્યોની સજા બધું જ સત્ય છે ؕ وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا કારણ કે, આ અલ્લાહની આપેલી ખબર છે અને અલ્લાહની વાતથી વધીને કોની વાત સાચી હોઈ શકે છે ?

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૮૮-૮૯-૯૦-૯૧)

فَمَا لَكُمْ فِي الْمُنٰفِقِيْنَ فِئَتَيْنِ وَاللّٰهُ اَرْكَسَهُمْ بِمَا كَسَبُوْا ؕ اَتُرِيْدُوْنَ اَنْ
تَهْدُوْا مَنْ اَضَلَّ اللّٰهُ ؕ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ سَبِيْلًا ﴿۸۸﴾ وَدُّوْا لَوْ تَكْفُرُوْنَ
كَمَا كَفَرُوْا فَتَكُوْنُوْنَ سَوَآءً فَلَا تَتَّخِذُوْا مِنْهُمْ اَوْلِيَآءَ حَتّٰى يُهَاجِرُوْا فِيْ
سَبِيْلِ اللّٰهِ ؕ فَاِنْ تَوَلَّوْا فَخُذُوْهُمْ وَاقْتُلُوْهُمْ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ ۪ وَلَا تَتَّخِذُوْا
مِنْهُمْ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿۸۹﴾ ۙ اِلَّا الَّذِيْنَ يَصِلُوْنَ اِلٰى قَوْمٍۭ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِّيْثَاقٌ
اَوْ جَآءُوْكُمْ حَصِرَتْ صُدُوْرُهُمْ اَنْ يُّقَاتِلُوْكُمْ اَوْ يُقَاتِلُوْا قَوْمَهُمْ ؕ وَلَوْ شَآءَ

اللّٰهُ لَسَلَّطَهُمْ عَلَيْكُمْ فَلَقٰتَلُوْكُمْ ۚ فَاِنِ اعْتَزَلُوْكُمْ فَلَمْ يُقَاتِلُوْكُمْ وَاَلْقَوْا اِلَيْكُمُ السَّلَمَ ۙ
فَمَا جَعَلَ اللّٰهُ لَكُمْ عَلَيْهِمْ سَبِيْلًا ﴿٩٠﴾ سَتَجِدُوْنَ اٰخَرِيْنَ يُرِيْدُوْنَ اَنْ يَّاْمَنُوْكُمْ
وَيَاْمَنُوْا قَوْمَهُمْ ؕ كُلَّمَا رُدُّوْٓا اِلَى الْفِتْنَةِ اُرْكِسُوْا فِيْهَا ۚ فَاِنْ لَّمْ يَعْتَزِلُوْكُمْ
وَيُلْقُوْٓا اِلَيْكُمُ السَّلَمَ وَيَكُفُّوْٓا اَيْدِيَهُمْ فَخُذُوْهُمْ وَاقْتُلُوْهُمْ حَيْثُ ثَقِفْتُمُوْهُمْ ؕ
ع وَاُولٰٓئِكُمْ جَعَلْنَا لَكُمْ عَلَيْهِمْ سُلْطٰنًا مُّبِيْنًا ﴿٩١﴾

તરજુમો :

પછી તમને શું થયું કે મુનાફિકોના મા'મલામાં બે પક્ષો થઈ રહ્યા છો ? અને અલ્લાહે તેમને તેમના અમલોના કારણે પલટાવી દીધા, શું તમે ઇચ્છો છો કે જેને અલ્લાહે ગુમરાહ કર્યો (તેને) માર્ગ ઉપર લાવો ? અને જેને અલ્લાહ ગુમરાહ કરે તમે કદાપિ તેના માટે કોઈ માર્ગ પામશો નહીં. (૮૮) ઇચ્છે છે કે તમે પણ કાફિર થઈ જાઓ જેવા તેઓ કાફિર થયા, પછી તમે બધા સરખા થઈ જાઓ; બસ, તમે તેમનામાંથી કોઈને મિત્ર ન બનાવો, ત્યાં સુધી કે અલ્લાહના માર્ગમાં વતન છોડી (હિજરત કરી) આવે, પછી જો તેને ન સ્વીકારે તો તેમને પકડો અને કતલ કરો, જ્યાં (પણ) જુઓ; અને તેમનામાંથી કોઈને મિત્ર ન બનાવો અને ન (જ) મદદગાર. (૮૯) પરંતુ તે લોકો જેઓ એક કૌમ સાથે મેળાપ (સંબંધ) રાખે છે કે તમારા અને તેમના વચ્ચે કરાર (સંધિ) છે, અથવા તમારી પાસે (એવી પરિસ્થિતિમાં) આવ્યા છે કે તેમના દિલો તમારી લડાઈથી તંગ થઈ (ત્રાસી) ચૂક્યા છે, અને પોતાની કૌમની લડાઈથી પણ; અને જો અલ્લાહે ઇચ્છયું હોત તો તેમને તમારા ઉપર કાબૂ આપ્યો હોત (મુસલ્લત કરી આપ્યા હોત) તો અવશ્ય તમારી સામે લડ્યા હોત, પછી જો તેઓ તમારાથી (એક બાજુ) અળગા રહે, પછી તમારી સામે ન લડે અને તમારા ઉપર સુલેહ(નો સંદેશ) રજુ કરે તો અલ્લાહે તેમના ઉપર તમને (ત્રાસ આપવાનો) માર્ગ આપ્યો નથી. (૯૦) હવે તમે એક બીજી કૌમને જોશો જેઓ ઇચ્છે છે કે સલામતીમાં રહે તમારાથી પણ અને પોતાની કૌમથી પણ, જ્યારે કદી તેઓ ફસાદ તરફ

બોલાવવામાં આવે છે તો તેના તરફ પલટી જાય છે; પછી જો તેઓ તમારાથી એક બાજુ (અળગા) ન રહે અને તમારા ઉપર સુલેહ(નો સંદેશ) રજુ ન કરે, અને પોતાના હાથ ન રોકે, તો તેમને પકડો અને કતલ કરો જ્યાં (પણ) જુઓ; અને અમે તેમના ઉપર તમને ખુલ્લી (જાહેર) સનદ આપી છે. (૯૧)

તફસીર :

ત્રણ અલગ-અલગ પ્રકારના જૂથોનું વર્ણન અને તેના હુકમો

પ્રથમ જૂથનું વર્ણન :

(જ્યારે તમે મુર્તદ થયેલ લોકોની પરિસ્થિતિ જોઈ ચૂક્યા) પછી તમને શું થઈ ગયું છે કે, તે મુનાફિકો વિશે તમે (વિરોધાભાસી અભિપ્રાય ધરાવીને) બે વિભાગો થઈ ગયા (કે એક વર્ગ તો હજુપણ તેમને મુસલમાન કહે છે) જ્યારે કે, અલ્લાહ તઆલાએ તેમને (તેમના જાહેર કુફ્ર તરફ) ઊલટા ફેરવી દીધા તેમના દુષ્કૃત્યોના કારણે (તેઓએ મુર્તદ થવાના દુષ્કૃત્ય દ્વારા દારુલ ઈસ્લામને શક્તિ હોવા છતાં છોડી દીધું, જે તે સમયે ઈસ્લામના ઈકરારને છોડી દેવાની કુફ્રની નિશાની હતી અને વાસ્તવમાં તો તેઓ પ્રથમથી જ મુસલમાન ન હતા અને એટલા માટે જ તેમને મુનાફિક કહેવામાં આવ્યા), શું તમે લોકો (કે જેમને તેમનું દારુલ ઈસ્લામને છોડી દેવું કુફ્રની નિશાની હોવું ખબર નથી) એવો ઈરાદો રાખો છો કે એવા લોકોની હિદાયત કરો જેમને અલ્લાહ તઆલાએ (તે લોકોના પોતે ગુમરાહી અપનાવવાના કારણે) ગુમરાહીમાં નાંખી રાખ્યા છે ? (જેમકે અલ્લાહ તઆલાની સુન્નત છે કે, કોઈ કૃત્યના ઈરાદા સમયે તે કામને પેદા કરી દે છે, મતલબ એ કે, ગેરમો'મિન ગુમરાહને તમે જે હિદાયત પામેલા મો'મિનો કહો છો, એ તમારા માટે જાઈઝ નથી) અને જેને અલ્લાહ તઆલા ગુમરાહીમાં નાંખી દે તેના (મો'મિન થવા) માટેનો કોઈ માર્ગ પામશો નહીં. (બસ, તે લોકોને મો'મિન ન કહેવા જોઈએ અને તે કેવી રીતે મો'મિન હોઈ શકે છે, તેમના કુફ્રની પરિસ્થિતિ તો એવી છે કે) તેઓ એવી તમન્ના કરે છે કે જેવા તેઓ કાફિર છે, તમને પણ (અલ્લાહ ન કરે) કાફિર બનાવી આપે, જેથી તમે અને તે બધા એકસમાન થઈ જાઓ. બસ, (જ્યારે તેમની આવી હાલત છે તો) તેમનામાંથી કોઈને મિત્ર ન બનાવો (એટલે કે, તેમની સાથે મુસલમાનો જેવો વર્તાવ ન કરો, કારણ કે ગાઢ

દોસ્તી જાઇઝ રાખવા માટે ઈસ્લામ શરત છે) જ્યાં સુધી તે અલ્લાહના માર્ગમાં (એટલે કે, સંપૂર્ણ ઈસ્લામના સ્વીકાર માટે) હિજરત ન કરે (કારણ કે, તે સમયે હિજરતનો એવો હુકમ હતો કે જે કરાર અથવા સુલેહનો છે અને તે ઈસ્લામની પૂર્ણતાની શરત એટલા માટે છે કે, ફક્ત દારુલ ઈસ્લામમાં આવવું પૂરતું નથી, આમ તો કાફિરો અને વેપારીઓ આવ-જા કર્યા કરતા હતા બલકે, તેઓ ઈસ્લામની હેસિયતથી આવે, એટલે કે ઈસ્લામ પણ જાહેર કરે જેથી એક મજબૂત ઈસ્લામનો સ્વીકાર અને હિજરત થઈ જાય અને દરેકના દિલની સચ્ચાઈનું જ્ઞાન તો ફક્ત અલ્લાહ તઆલાને જ હોઈ શકે છે. મુસલમાનોએ તેની છાનબીન કરવાની આવશ્યકતા નથી) અને જો તેઓ (ઈસ્લામથી) વાંધો ઉઠાવે (અને કાફિર જ રહે) તો તેમને પકડો અને કતલ કરી નાંખો જે સ્થળે તેમને જુઓ. (આ પકડવું કતલ કરવા માટે છે અથવા તો ગુલામ બનાવવા માટે) અને ન તો તેમનામાંથી કોઈને મિત્ર બનાવો અને ન જ સહાયક બનાવો, (મતલબ એ કે કોઈપણ પરિસ્થિતિમાં તેમની સાથે કોઈ સંબંધ ન રાખો, ન તો શાંતિમાં અને ન જ મિત્રતામાં અને ન જ ભયના સમયે તેમની કોઈ મદદ વગેરે કરો બલકે, તેમનાથી બિલકુલ અળગા રહો).

બીજા જૂથનું વર્ણન :

પરંતુ (આ કાફિરોમાં) જે લોકો એવા છે જેઓ (તમારી સાથે સુલેહ-સંપથી રહેવા ઈચ્છે છે, જેની બે રીતો છે, એક તો એ કે સુલેહ દ્વારા હોય એટલે કે, તેઓ) એવા લોકોથી જઈ મળે છે (એટલે કે કરારબદ્ધ થઈ જાય છે) કે તમારા અને તેમના વચ્ચે (શાંતિનો) કરાર છે (જેમકે, બનૂ મુદલજ કે તેમની સાથે સુલેહ થઈ છે તો તેમની સાથે કરારબદ્ધ થયેલા લોકો પણ આ કરારમાં સામેલ થઈ ગયા અને બનૂ મુદલજ પ્રથમથી જ કરારબદ્ધ થયા હતા, એટલે તેઓ આ આયતના હુકમથી બાકાત છે) અથવા (બીજી રીત એ છે કે પરોક્ષ રીતે સુલેહ થાય અને તે એવી રીતે કે) પોતે તમારી પાસે એવી પરિસ્થિતિમાં આવે કે તેમના દિલો તમારી સાથે અને પોતાની કૌમ સાથે પણ લડવાથી ત્રાસી ચૂક્યા હોય. (એટલા માટે ન તો પોતાની કૌમ સાથે રહીને તમારી સામે લડે અને ન જ તમારી સાથે થઈને તેમની કૌમ સામે લડે. બલકે, તેમની સાથે સુલેહ-સંપ રાખે અને તમારી સાથે પણ. બંને રીતોમાં જે પ્રમાણેની પણ સુલેહ કરે તે ઉપરોક્ત હુકમ

એટલે કે પકડવા અને કતલ કરવામાંથી બાકાત છે) અને (તમે તે લોકોની સુલેહની દરખાસ્તમાં અલ્લાહ તઆલાનો ઉપકાર માનો કે તેમના દિલમાં તમારી ધાક બેસી ગઈ છે નહિતર) જો અલ્લાહ તઆલાએ ઇચ્છ્યું હોત તો તેમને તમારા ઉપર થોપી બેસાડ્યા હોત (અને તમારાથી નિર્ભય અને નચિંત થઈ ગયા હોત) પછી તેઓ તમારાથી લડવા લાગ્યા હોત (પરંતુ અલ્લાહ તઆલાએ તમને તે મુસીબતથી બચાવી લીધા) પછી જો (સુલેહ કરીને) તેઓ તમારાથી અળગા રહે કે તમારી સાથે ન લડે અને તમારી સાથે સુલેહ-શાંતિનો વ્યવહાર રાખે (આ શબ્દોનો અર્થ એ છે કે તેઓ સુલેહ-સંપથી રહે, આ બધા શબ્દો તાકીદ માટે વર્ણન થયા છે), તો (આ સુલેહની પરિસ્થિતિમાં) અલ્લાહ તઆલાએ તમને તેમના ઉપર (કતલ અથવા કેદ વગેરે કરવાનો) કોઈ માર્ગ આપ્યો નથી (એટલે કે, કોઈ પરવાનગી આપી નથી).

ત્રીજા જૂથનું વર્ણન :

અમુક એવા લોકો પણ તમને જરૂર મળશે (એટલે કે તેમની એવી પરિસ્થિતિની જાણ થઈ ગઈ) કે (દગાબાજી દ્વારા) તેઓ એવું (પણ) ઇચ્છે છે કે, તમારાથી પણ નચિંત થઈને રહે અને પોતાની કૌમથી પણ નચિંત થઈને રહે (અને સાથે જ) જ્યારે પણ તેમને (ખુલ્લા વિરોધીઓ તરફથી) શરારત (અને ફિત્ના-ફસાદ) તરફ આમંત્રણ આપવામાં આવે છે (એટલે કે તેમને મુસલમાનો સાથે લડવા માટે કહેવામાં આવે છે) તો તેઓ (તરત જ) એ (શરારત)માં સામેલ થઈ જાય છે (એટલે કે મુસલમાનો સામે લડવા માટે તૈયાર થઈ જાય છે અને ધોકાથી સુલેહ તોડી નાંખે છે અને દગાબાજી કરે છે) બસ, એવા લોકો જો (સુલેહ તોડી નાંખે અને) તમારાથી (એટલે કે, તમારી સાથે લડવાથી) દૂર ન રહે અને ન તો તમારી સાથે શાંતિથી રહે અને ન જ પોતાના હાથોને (તમારો મુકાબલો કરવાથી) રોકે (બધાનો અર્થ ઉપર આવ્યા પ્રમાણે એક જ છે કે સુલેહ-કરારનો ભંગ કરે) તો તમે (પણ) તેમને પકડો અને જ્યાં કંઈ પણ જુઓ કતલ કરી નાંખો અને અમે તમને તેમના ઉપર સ્પષ્ટ હુજ્જત (દલીલ) આપી છે (જેનાથી તેમનું કતલ કરવું જાહેર થાય છે અને તે હુજ્જત સુલેહ-કરારના ભંગ ઉપર આપવામાં આવી છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં ત્રણ પ્રકારના જૂથોનું વર્ણન છે, જેના વિશે બે હુકમો પ્રસ્તુત છે, તે જૂથોની વાસ્તવિકતા નીચે પ્રમાણેની રિવાયતોથી વધુ સ્પષ્ટ થાય છે.

પ્રથમ રિવાયત :

અબ્દુલ્લાહ બિન હમીદે મુજાહિદ (રહ.)થી રિવાયત કરી છે કે, "મક્કાના અમુક મુશ્રિકો મક્કાથી મદીના આવ્યા અને જાહેર કર્યું કે, અમે મુસલમાન અને મુહાજિર થઈને આવ્યા છે, પછી મુર્તદ થઈ ગયા અને હઝરત રસૂલે મકબૂલ ﷺ સામે વેપારનો સામાન લાવવાનું બહાનું કાઢીને મક્કા પાછા ચાલ્યા ગયા અને પછી પાછા ન આવ્યા. તેમના વિશે મુસલમાનોમાં અલગ-અલગ અભિપ્રાય હતો. અમુકે કહ્યું કે, તેઓ કાફિર છે, અમુકે કહ્યું કે, તેઓ મો'મિન છે. અલ્લાહ તઆલાએ તેમનું કાફિર હોવું આ આયત فَمَا لَكُمْ فِي الْمُنَافِقِينَ فِئَتَيْنِમાં વર્ણન કરી દીધું અને તેમને કતલ કરવાનો હુકમ આપ્યો."

હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.) ફરમાવે છે કે, "તેમને મુનાફિક કહેવું એ અર્થમાં છે કે, તેમણે જ્યારે ઈસ્લામનો દા'વો કર્યો હતો ત્યારે પણ તેઓ મુનાફિક જ હતા, દિલથી ઈમાન લાવ્યા ન હતા અને મુનાફિકોને કતલ કરવામાં આવતા ન હતા, પરંતુ ત્યાં સુધી જ, જ્યાં સુધી કે તેઓ પોતાનું કુફ્ર છુપાવતા હતા, પરંતુ આ લોકોનું મુર્તદ હોવું હવે જાહેર થઈ ચૂક્યું હતું. અમુકે તેમને મુસલમાન કહ્યા, કદાચ ! આવું કહેવું સારો અભિપ્રાય અને તેમના પ્રત્યે સારું ગુમાન રાખવાના કારણે હતું. તેમણે તેમની મુર્તદ હોવાની દલીલ વિશે કોઈ તા'વીલ કરી લીધી હોવી જોઈએ. આ તા'વીલને માત્ર તેમનો પોતાનો અંગત અભિપ્રાય ગણવામાં આવશે અને તે કોઈ શરઈ દલીલ અથવા તેને શરીઅતના કાનૂનનું કોઈ સમર્થન પ્રાપ્ત નહીં થાય. એટલા માટે તેમની દલીલને ભરોસાપાત્ર ગણવામાં ન આવી.

બીજી રિવાયત :

ઈબ્ને અબી શયબહથી હસને રિવાયત કરી છે કે, "સુરાકા બિન માલિક મુદલજીએ બદ્ર અને ઉહદની ઘટના પછી રસૂલુલ્લાહ ﷺ પાસે આવીને દરખાસ્ત કરી કે, અમારી કૌમ બની મુદલજ સાથે સુલેહ કરી લો. રસૂલે કરીમ

ﷺએ હઝરત ખાલિદને સુલેહની વિધિ પૂર્ણ કરવા માટે ત્યાં મોકલી આપ્યા. સુલેહની શરત આ હતી,

"અમે રસૂલુલ્લાહ ﷺ વિરુદ્ધ કોઈની મદદ નહીં કરીએ અને કુરૈશ મુસલમાન થઈ જશે તો અમે પણ મુસલમાન થઈ જઈશું અને જે કૌમ અમારી સાથે ભેગી થઈ જશે, તેઓ પણ આ કરારમાં અમારી સાથે સામેલ છે."

એના ઉપર આ આયત وَدُّوالَوْ تَكْفُرُوْنَ اِلٰى قَوْلِهٖ اِلَّاالَّذِيْنَ يَصِلُوْنَ.... નાઝિલ થઈ."

ત્રીજી રિવાયત :

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરવામાં આવી છે કે, "سَتَجِدُوْنَ اٰخَرِيْنَ.... આયતમાં જેનું વર્ણન છે તેનાથી "અસદ" અને "ગિતફાન"ના કબીલાઓ છે, તેઓ મદીનામાં આવ્યા ત્યારે તેઓ જાહેરમાં ઈસ્લામનો દા'વો કરતા હતા પરંતુ પોતાની કૌમને કહેતા હતા કે, અમે તો વાંદરા અને વીંછી ઉપર ઈમાન લાવ્યા છે અને મુસલમાનોને કહેતા હતા કે, અમે તમારા દીન ઉપર છીએ."

ઝહ્હાકે ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ જ પ્રમાણે બની અબ્દિદારથી નકલ કર્યું છે, પ્રથમ અને બીજી રિવાયત રૂહુલ મઆનીમાં અને ત્રીજી મુઆલિમમાં છે.

હઝરત થાનવી (રહ.)એ ફરમાવ્યું છે કે, "આ ત્રીજી રિવાયતવાળાઓની હાલત પ્રથમ રિવાયતવાળાઓ જેવી જ છે કે, દલીલથી તેમનું મુસલમાન ન હોવું સાબિત થઈ ગયું હતું, એટલા માટે તેનો હુકમ જાહેર કાફિરો જેવો છે. એટલે કે, સુલેહ-સંપના કરારની પરિસ્થિતિમાં તેમને કતલ કરવામાં ન આવે અને સુલેહ-કરાર ન થયો હોય તો એવી પરિસ્થિતિમાં તેમની સાથે યુદ્ધ કરી તેમને કતલ કરવામાં આવે. એટલા માટે પ્રથમ રિવાયતવાળાઓના વિષયમાં બીજી આયત એટલે કે, فَاِنْ تَوَلَّوْا فَخُذُوْهُمْ وَاقْتُلُوْهُمْમાં તેમને પકડવા અને કતલ કરવાનો હુકમ અને ત્રીજી આયતમાં اِلَّا الَّذِيْنَ يَصِلُوْنَ.... કરાર કરી તેમને બાકાત રાખવાનો હુકમ મૌજૂદ છે. જેમના સુલેહ-સંપનું વર્ણન બીજી રિવાયતમાં આવ્યું છે અને બાકાત રાખવાની તાકીદ માટે ફરી, فَاِنِ اعْتَزَلُوْكُمْ ફરમાવવામાં

આવ્યું અને તેની સ્પષ્ટતા કરી દેવામાં આવી."

અને ત્રીજી રિવાયતવાળાઓના વિષયમાં ચોથી આયત એટલે કે, ...سَتَجِدُوْنَ اٰخَرِيْنَ માં વર્ણન કર્યું કે, જો આ લોકો તમારી સાથે તમારાથી દૂર ન રહે બલકે, મુકાબલો કરે તો તમે પણ તેમની સાથે જિહાદ કરો. તેનો અર્થ એ થયો કે, જો તેઓ સુલેહ કરે, તો તેમની સાથે લડાઈ કરવામાં ન આવે.

(બયાનુલ કુર્આન)

અત્રે નીચે પ્રમાણેના ત્રણ જૂથોનું વર્ણન કરવામાં આવ્યું.

(૧) જે સમયમાં ઈસ્લામમાં હિજરત ફરજ થઈ ચૂકી હોય અને શક્તિ હોવા છતાં હિજરત ન કરે અથવા હિજરત કર્યા પછી દારુલ ઈસ્લામને છોડીને દારુલ હર્બ (કુફ્રિસ્તાન)માં ચાલ્યા જાય.

(૨) મુસલમાનો સાથે યુદ્ધ ન કરવાનો કરાર પોતે કરી લે અથવા મુસલમાનો સાથે જેઓએ એવો કરાર કર્યો હોય તેઓ પણ તેમની સાથે કરાર કરી લે.

(૩) જેઓ પરિસ્થિતિ પ્રમાણે કામચલાઉ ધોરણે પોતાનો સ્વાર્થ સાધવા સુલેહ-કરાર કરી લે અને જ્યારે મુસલમાનો વિરુદ્ધ યુદ્ધનું આમંત્રણ આપવામાં આવે તો તેમાં સામેલ થઈ જાય અને પોતાના વાયદા અને કરાર ઉપર કાયમ ન રહે અને કરારભંગ કરે.

પ્રથમ જૂથનો હુકમ સામાન્ય કાફિરો જેવો છે, બીજા જૂથને પકડવાથી અથવા કતલ કરવાથી બાકાત રાખવાના છે અને ત્રીજું જૂથ સજાનું હકદાર છે. આ આયતોમાં કુલ બે હુકમોનો ઉલ્લેખ થયો છે, એટલે કે જ્યારે સુલેહ-સંપનો કરાર ન થયો હોય ત્યારે તેમની સાથે લડાઈ કરવી અને જ્યારે સુલેહ થઈ હોય ત્યારે લડાઈ પ્રતિબંધિત છે.

હિજરતના વિવિધ સ્વરૂપો અને તેના હુકમો :

અલ્લાહ તઆલાનું ફરમાન છે, ...حَتّٰى يُهَاجِرُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ ઈસ્લામની શરૂઆતમાં હિજરત દારુલ કુફ્રમાં રહેતા બધા જ મુસલમાનો ઉપર ફરજ હતી (હિજરતના હુકમો વિશે વધારે વિગત સૂરએ નિસાઅ્ની ૧૦૦ નંબરની આયતતમાં આવે છે), એટલા માટે અલ્લાહ તઆલાએ એવા લોકો સાથે મુસલમાનો જેવો વર્તાવ કરવાની મનાઈ કરી છે જેમણે આ ફરજને છોડી દીધી

હોય. પછી જયારે મક્કા ફતહ થયું તો સરવરે કાઈનાત ﷺએ ફરમાવ્યું, لَا هِجْرَةَ بَعْدَ الْفَتْحِ (રવાહુલ બુખારી) એટલે કે, જયારે મક્કા ફતહ થઈને દારુલ ઈસ્લામ બની ગયું છે તો હવે, અહીંયાથી હિજરત કરવી ફરજ ન રહી. આ તે સમયનો હુકમ છે જયારે હિજરત ઈમાનની શરત હતી અને તે વ્યક્તિને મુસલમાન સમજવામાં આવતો ન હતો જે શક્તિ હોવા છતાં હિજરત ન કરે, પરંતુ પાછળથી આ હુકમ મન્સૂખ (રદ) થઈ ગયો. હવે, આ સ્વરૂપ બાકી રહ્યું નથી.

હિજરતનું બીજું સ્વરૂપ એ છે, જે કયામત સુધી બાકી રહેશે, જેના વિશે હદીષમાં આવે છે لَا تَنْقَطِعُ الْهِجْرَةُ حَتّٰى تَنْقَطِعَ التَّوْبَةُ એટલે કે, "હિજરત તે સમય સુધી બાકી રહેશે જ્યાં સુધી તવબહની કબૂલિયતનો સમય બાકી રહે છે."

(સહીહ બુખારી)

અલ્લામહ અયની બુખારીની શરાહમાં આ હિજરત વિશે લખે છે, اَنَّ الْمُرَادَ بِالْهِجْرَةِ الْبَاقِيَةِ هِيَ هَجْرُ السَّيِّئَاتِ એટલે કે, "આ હિજરતનો અર્થ ગુનાહોને છોડવું છે." જેમકે, એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે, اَلْمُهَاجِرُ مَنْ هَجَرَ مَا نَهَى اللّٰهُ عَنْهُ એટલે કે, "મુહાજિર તે છે જે તમામ એવી વસ્તુઓથી બચેલો રહે જેને અલ્લાહ તઆલાએ હરામ કરી છે."

(મિરકાતના હવાલાથી, જિલ્દ : ૧)

પ્રસ્તુત ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે, હિજરતની બે પ્રકારની વ્યાખ્યા થાય છે. એક, દીન ખાતર વતનને છોડી દેવું જેમકે, સહાબા અજમઈન (રદિ.) પોતાના વતન મક્કાને છોડીને મદીના અને હબશા હિજરત કરીને ચાલ્યા ગયા. બીજું, ગુનાહોને છોડી દેવું.

وَلَا تَتَّخِذُوْا مِنْهُمْ وَلِيًّا وَّلَا نَصِيْرًا આ આયતથી જાણ થાય છે કે, કાફિરો પાસે મદદ માંગવી હરામ છે. એટલા માટે એક રિવાયતમાં આવે છે કે, કાફિરો વિરુદ્ધ અનસારોએ જ્યારે યહૂદીઓથી સહાય માંગવાની રસૂલે કરીમ ﷺ પાસે પરવાનગી માંગી તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَلْخَبِيْثُ لَا حَاجَةَ لَنَا بِهِمْ એટલે કે, "આ ખબીસ કૌમ (શયતાનના ચેલા) છે, તેમની આપણને કોઈ જરૂરત નથી."

(મઝહરી, જિલ્દ : ૨)

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૯૨-૯૩)

وَمَا كَانَ لِمُؤْمِنٍ اَنْ يَّقْتُلَ مُؤْمِنًا اِلَّا خَطَـًٔا ۚ وَمَنْ قَتَلَ مُؤْمِنًا خَطَـًٔا
فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ وَّدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖٓ اِلَّآ اَنْ يَّصَّدَّقُوْا ۭ فَاِنْ كَانَ مِنْ
قَوْمٍ عَدُوٍّ لَّكُمْ وَهُوَ مُؤْمِنٌ فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۭ وَاِنْ كَانَ مِنْ قَوْمٍۢ بَيْنَكُمْ وَ
بَيْنَهُمْ مِّيْثَاقٌ فَدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖ وَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۚ فَمَنْ لَّمْ يَجِدْ
فَصِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ ۡ تَوْبَةً مِّنَ اللّٰهِ ۭ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿٩٢﴾ وَمَنْ
يَّقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا فَجَزَاۗؤُهٗ جَهَنَّمُ خٰلِدًا فِيْهَا وَغَضِبَ اللّٰهُ عَلَيْهِ وَ
لَعَنَهٗ وَاَعَدَّ لَهٗ عَذَابًا عَظِيْمًا ﴿٩٣﴾

તરજુમો :

અને મુસલમાનનું કામ નથી કે મુસલમાનને કતલ કરે, પરંતુ ભૂલથી; અને જે મુસલમાનને ભૂલથી કતલ કરે તો (તે) એક મુસલમાન ગુલામ આઝાદ કરે, અને દિય્યત (ખૂનનું વળતર) તેના ઘરવાળાઓને પહોંચાડે, પરંતુ એ કે તેઓ મા'ફ કરી આપે; પછી જો મરનાર એવી કૌમમાંથી હતો કે તેઓ તમારા દુશ્મન છે અને પોતે તે મુસલમાન હતો તો એક મુસલમાન ગુલામ આઝાદ કરે, અને જો તે એવી કૌમમાંથી હતો કે તમારા અને તેમના વચ્ચે (શાંતિ) કરાર છે તો તેના ઘરવાળાઓને દિય્યત પહોંચાડે, અને એક મુસલમાન ગુલામ આઝાદ કરે; પછી જેને મયસ્સર (આર્થિક શક્તિ) ન હોય તો બે મહિનાના લગાતાર રોઝા રાખે અલ્લાહથી ગુનોહ બખ્શાવવા; અને અલ્લાહ સઘળુ જાણનારો, હિકમતવાળો છે. (૯૨) અને જો કોઈ મુસલમાનને જાણીબૂઝીને કતલ કરે તો તેની સજા જહન્નમ છે, તેમાં જ પડ્યો રહેશે, અને અલ્લાહનો તેના ઉપર ગઝબ (ક્રોધ) થયો અને તેને લા'નત કરી, અને તેના માટે મોટો (ભયંકર) અઝાબ તૈયાર કર્યો. (૯૩)

તફસીર :

અને કોઈ મો'મિનની એ શા'ન નથી કે, તે કોઈ મો'મિનને કતલ કરે પરંતુ ભૂલથી (થઈ જાય તો એ બીજી બાબત છે) અને જે વ્યક્તિ કોઈ મો'મિનને ભૂલથી કતલ કરી નાંખે તો (શરીઅત પ્રમાણે) એક મુસલમાન ગુલામ (અથવા બાંદી) આઝાદ કરવી (વાજિબ છે) અને દિય્યત (પણ વાજિબ) છે, જે તે (મરનાર)ના કુટુંબીજનોને (અથવા તેના જે વારસદારો છે તેને વારસાના હિસ્સા પ્રમાણે) હવાલે કરવામાં આવે (અને જેનો કોઈ વારસદાર ન હોય તો બયતુલ માલ વારસદારોના સ્થાને છે) પરંતુ એ કે તે લોકો (આ દિય્યતને) મા'ફ કરી આપે (ભલે પૂરેપૂરું મા'ફ કરી દે અથવા થોડું મા'ફ કરે) અને જો તે (ભૂલથી કતલ થયેલ વ્યક્તિ) એવી કૌમમાંથી હોય જે તમારા વિરોધીઓ છે (એટલે કે, હરબી છે અને તેમનામાં જ કોઈ કારણસર રહેતો હતો) અને તે વ્યક્તિ પોતે મો'મિન છે તો (ફક્ત) એક ગુલામ અથવા મુસલમાન બાંદીને આઝાદ કરવી (પડશે અને દિય્યત એટલા માટે નથી કે, જો આ મરનારના વારસદારો મુસલમાન છે તો ઈસ્લામી હુકૂમત હેઠળ ન હોવાના કારણે તે તેના હકદાર નથી અને જો કાફિર છે તો એવા સ્વરૂપમાં પણ દિય્યત બયતુલ માલનો હક હોય છે અને દારુલ હરબમાં દારુલ ઈસ્લામનો બયતુલ માલનો છોડેલો માલ લાવવામાં નથી આવતો) અને જો તે (ભૂલથી હત્યા થયેલ મરનાર) એવી કૌમમાંથી છે કે, તમારામાં અને તેમનામાં (સુલેહ અથવા શાંતિનો) કરાર છે (એટલે કે, જિમ્મી અથવા અન્ય પ્રકારે છે) તો દિય્યત (પણ વાજિબ) છે જે તે (મરનાર)ના ઘરવાળાઓને (એટલે કે તેના જે વારસદારો છે તેમના) હવાલે કરવામાં આવશે. (કારણ કે કાફિર, કાફિરનો વારસ હોય છે) અને એક ગુલામ અથવા મુસલમાન બાંદીને આઝાદ કરવી (પડશે) પછી (ગુલામ અથવા બાંદીને આઝાદ કરવાની વાજિબ છે પરંતુ) જે વ્યક્તિને (ગુલામ અથવા બાંદી) ન મળે (અને ન તો એટલા પૈસા છે કે તે ખરીદી શકે) તો (તેના માથે જરૂરી છે કે, તેને આઝાદ કરવાના બદલે) લગાતાર (સતત) બે મહિનાના રોઝા રાખે (આ આઝાદ કરવું ન બની શકે તો રોઝા રાખવા) તવબહ સ્વરૂપે અલ્લાહ તરફથી નક્કી થયેલ છે (એટલે કે તેની આ પદ્ધતિ શરીઅત પ્રમાણે છે) અને અલ્લાહ તઆલા સઘળુ જાણનારો (અને) મહાન હિકમતવાળો છે (પોતાના જ્ઞાન અને હિકમતની મસ્લિહતથી યોગ્ય હુકમો

નક્કી કરે છે, બસ દરેક સ્થળે શું હિકમત છે તે બંદાને જાણ ન પણ થાય) અને જે વ્યક્તિ મુસલમાનને જાણીબૂઝી કતલ કરી નાંખે તો તેની (અસલી) સજા જહન્નમ છે કે તેમાં હંમેશા-હંમેશા રહેશે. (પરંતુ અલ્લાહ તઆલાનો ફઝ્લ છે કે, આ અસલી સજા લાગુ નહીં પડે બલકે, ઈમાનની બરકતથી છેવટે છુટકારો થઈ જશે) અને તેના ઉપર (એક નક્કી સમય સુધી) અલ્લાહ તઆલા ક્રોધિત રહેશે અને તેને પોતાની (ખાસ) રહમતથી દૂર કરશે અને તેના માટે ભયંકર સજા તૈયાર રાખવામાં આવી છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરોક્ત આયતોમાં હત્યા અને લડાઈનું વર્ણન ચાલી રહ્યું છે, હત્યાના કુલ આઠ સ્વરૂપો છે. કારણ કે, કોઈપણ કતલ થનાર ચાર પરિસ્થિતિઓથી ખાલી નથી, યા તો તે મો'મિન છે અથવા ઝિમ્મી, અથવા જેમની સાથે સુલેહ કરવામાં આવી છે તે કરારબદ્ધ અથવા હર્બી (જે મુસલમાનો વિરુદ્ધ યુદ્ધમાં પ્રવૃત્ત) છે અને હત્યા બે પ્રકારની છે, યા તો જાણીબૂઝીને કરવામાં આવી છે અથવા તો ભૂલથી થઈ ગઈ છે. બસ, આ આધારે કુલ આઠ સ્વરૂપ હત્યાના છે. પ્રથમ મો'મિનને જાણીબુઝીને કતલ કરવું, બીજું મો'મિનને ભૂલથી કતલ કરવું, ત્રીજું ઝિમ્મીને જાણીબૂઝીને કતલ કરવું, ચોથું ઝિમ્મીને ભૂલથી કતલ કરવું, પાંચમું સુલેહથી કરારબદ્ધ થયેલ વ્યક્તિને જાણીબૂઝીને કતલ કરવું, છઠ્ઠું સુલેહના કરારબદ્ધ થયેલ વ્યક્તિને ભૂલથી કતલ કરવું, સાતમું હર્બીને જાણીબૂઝીને કતલ કરવું અને આઠમું હર્બીને ભૂલથી કતલ કરવું.

આ સ્વરૂપોમાં અમુકના હુકમો ઉપર આવી ચૂક્યા છે અને અમુકના આગળ આવશે અને અમુકના હુકમો હદીષોમાં મૌજૂદ છે. એટલા માટે પ્રથમ સ્વરૂપનો દુનિયવી હુકમ સૂરએ બકરહમાં "કિસાસ" સ્વરૂપે પ્રસ્તુત છે અને આખિરતનો હુકમ આગળની આયત وَمَنْ يَّقْتُلْ માં આવે છે અને બીજા સ્વરૂપનું વર્ણન وَمَا كَانَ لِمُؤْمِنٍ (الٰى قوله) وَهُوَ مُؤْمِنٌ فَتَحْرِيْرُ رَقَبَةٍ આયતમાં આવે છે, અને ત્રીજા સ્વરૂપનો હુકમ હદીષે દારે કુતનીમાં છે કે, ઝિમ્મીના બદલે રસૂલ ﷺએ મુસલમાનો પાસેથી કિસાસ લીધો. (اَخْرَجَهُ الزَّيْلَعِىُّ فِىْ تَخْرِيْجِ الْهِدَايَةِ) ચોથા

સ્વરૂપમાં અલ્લાહનો ઈરશાદ છે, وَاِنْ كَانَ مِنْ قَوْمٍ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِيثَاقٌ અને પાંચમાં સ્વરૂપમાં ઉપરની આયતમાં અલ્લાહ તઆલાએ فَمَا جَعَلَ اللّٰهُ لَكُمْ عَلَيْهِمْ سَبِيلًا માં ફરમાવી દીધું. છટ્ઠા સ્વરૂપનો હુકમ ચોથા સ્વરૂપ સાથે જ પ્રસ્તુત છે. કારણ કે, સામાન્ય વ્યાખ્યામાં તે કામચલાઉ અને કાયમી બંને રીતે સામેલ છે. બસ, ઝિમ્મી અને સુલેહના કરારથી બંધાયેલ બંને તેમાં આવી ગયા અને મુખ્તારની કિતાબ "અલ દિય્યાત"માં સુલેહના કરારબદ્ધ થયેલા વ્યક્તિની દિય્યત વાજિબ હોવાનું સહીહ કહેવામાં આવ્યું છે. સાતમા અને આઠમા સ્વરૂપનો હુકમ પોતે જિહાદની શરત પ્રમાણે ઉપરોક્ત વર્ણનથી જાણ થઈ ચૂકી. કારણ કે, જિહાદમાં હર્બીને જાણીબૂઝીને કતલ કરવામાં આવે છે અને ભૂલથી જાઈઝ હોવું અગ્ર ક્રમે સાબિત થશે. *(બયાનુલ કુર્આન)*

કતલના ત્રણ પ્રકારો અને તેના શરઈ હુકમો :

પ્રથમ પ્રકાર; عَمَدٌ (અમદ્) જાણીબૂઝીને કતલ કરવું :

જાહેરમાં જાણીબૂઝીને એવા હથિયાર દ્વારા કતલ કરવામાં આવે જે લોઢાનું હોય અથવા જેને હથિયારોના પ્રકારમાં લોઢાના હથિયાર જેવું ગણવામાં આવે છે. જેમકે, ધારદાર વાંસ અથવા ધારદાર પથ્થર વગેરે.

બીજો પ્રકાર; شِبْهِ عَمَدٌ (શિબ્હે અમદ્) :

આ હત્યા જાણીબૂઝીને તો છે, પરંતુ એવા હથિયારથી નથી જે ઉપર પ્રમાણે છે.

ત્રીજો પ્રકાર; خَطَاءٌ (ખતાઅ્) ભૂલથી હત્યા કરવી :

દાખલા તરીકે, કોઈ વ્યક્તિ કોઈ શિકારી જાનવરને અથવા હર્બી કાફિર સમજીને નિશાન લગાવે અને આ કૃત્યમાં નિશાન તો જાનવરને જ લગાવ્યું હતું પરંતુ તે અન્ય વ્યક્તિને જઈને વાગ્યું, જેમાં ભૂલથી વિના ઈરાદે તેને વાગ્યું છે, તો બીજો અને ત્રીજો પ્રકાર તેમાં આવી ગયો, બંનેમાં દિય્યત પણ છે અને ગુનોહ પણ છે પરંતુ તે બંને કૃત્યમાં બે પ્રકારો સંયુક્ત છે. બીજા પ્રકારમાં દિય્યત સો ઊંટ છે, એટલે કે એક જ પ્રકારના ૨૫-૨૫ ઊંટ અને ત્રીજા પ્રકારની દિય્યત પણ સો ઊંટ છે. એટલે કે, એક-એક પ્રકારના ૨૦-૨૦ ઊંટ છે અલબત્ત જો દિય્યતમાં રોકડ

રકમ આપવામાં આવે તો બંને પ્રકારમાં દિય્યત ૧૦,૦૦૦ દિરહમ શરઈ અથવા ૧૦૦૦ દિનાર શરઈ છે અને ગુનોહ બીજા પ્રકારમાં વધારે છે કારણ કે હત્યા જાણીબૂઝીને કરી છે અને ત્રીજા પ્રકારમાં ગુનોહ ઓછો છે કારણ કે, તેમાં નિષ્કાળજી દાખવી હતી. (કઝા ફિલ હિદાયા) અત્રે દિય્યત વાજિબ છે અને તવબહ પણ કરવી જરૂરી છે, આમ તેની વાસ્તવિકતા આ ત્રણે પ્રકારોમાં દુનિયામાં લાગુ પાડવામાં આવતા શરીઅતના હુકમો છે અને ગુનાહના આધારે તે જાણીબૂઝીને અથવા ભૂલથી થયેલું હોવાનો આધાર માણસના દિલ અને ઈરાદા ઉપર છે, જેના ઉપર આખિરતના હુકમનો આધાર છે, તે માત્ર અલ્લાહને જ ખબર છે. શક્ય છે કે, આખિરતમાં આ આધારે પ્રથમ પ્રકારની ભૂલથી થઈ ગયેલું એ બીજા પ્રકારે જાણીબૂઝીને કરેલું સાબિત થાય.

મસ્અલો :

દિય્યતનું મજકૂર પ્રમાણ ત્યારે છે જ્યારે કે, જેની હત્યા થઈ છે તે પુરુષ હોય અને જો તે સ્ત્રી છે તો દિય્યત અડધી હશે. *(કઝા ફિલ હિદાયા)*

મસ્અલો :

મુસ્લિમ અને ઝિમ્મીની દિય્યત સરખી છે. આ બાબતે રસૂલ ﷺનો ઈરશાદ છે,

دِيَةُ كُلِّ ذِىْ عَهْدٍ فِىْ عَهْدِهٖ اَلْفُ دِيْنَارٍ، (كَذَافِى الْهِدَايَةِ اَخْرَجَهٗ اَبُوْدَاوُدَ فِىْ مَرَاسِيْلِهٖ)

મસ્અલો :

કફ્ફારો એટલે કે, تَحْرِيْرُ رَقَبَةٍ (ગુલામ આઝાદ કરવો) અથવા રોઝા રાખવા આ પોતે હત્યારાએ કરવું પડતું હોય છે અને દિય્યત હત્યારાના મદદગારો (વાલી-વારસો) ઉપર હોય છે, જેને શરીઅતની વ્યાખ્યામાં عَاقِلَةٌ "આકિલહ" કહે છે. *(બયાનુલ કુર્આન)*

અત્રે એ શંકા ન થવી જોઈએ કે, હત્યારાના ગુનાહનો ભાગ તેના વાલી-વારસો અને મદદગારો પર કેમ નાંખવામાં આવે છે ? કારણ કે, તેઓ તો નિર્દોષ છે ! વાસ્તવમાં તેનું કારણ એ છે કે, તેમાં હત્યારાના વાલી-વારસો પણ અમુક અંશે દોષિત હોય છે કે, એમણે એ પ્રકારની બેદરકારી દાખવી અને તેને

આવું હત્યાનું કૃત્ય કરતાં રોક્યો નહીં અને દિય્યતના ડરથી હવે તે લોકો આ બાબતની કાળજી લેવામાં બેદરકારી કરશે નહીં.

મસ્અલો :

કફ્ફારામાં બાંદી અને ગુલામ બંને સમાન છે, શબ્દ رَقَبَـــــة "રકબહ" પ્રચલિત શબ્દ છે. અલબત્ત, તેના અવયવો સહી-સલામત હોવા જોઈએ (અપંગ ન હોય).

મસ્અલો :

દિય્યત માર્યા ગયેલાના શરઈ વારસદારોમાં વહેંચાઈ જશે અને જે પોતાનો હિસ્સો મા'ફ કરી આપે, હત્યારાને તે પ્રમાણે મા'ફી મળશે અને જો બધા મા'ફ કરી આપે તો બધું મા'ફ થઈ જશે.

મસ્અલો :

જો માર્યા ગયેલાનો કોઈ શરઈ વારસદાર ન હોય તો તેની દિય્યત બયતુલ માલમાં જમા થશે, કારણ કે દિય્યત એ વારસામાં છોડેલો જ માલ છે અને તેનો હુકમ વારસામાં છોડેલા માલ સમાન છે. *(બયાનુલ કુર્આન)*

મસ્અલો :

"અહલે મિષાક" (ઝિમ્મી અથવા જેમની સાથે કરાર થયા છે તે) બાબતે વિષયમાં જે દિય્યત વાજિબ છે, દેખીતું છે કે, આ તે વખતે છે જ્યારે તે ઝિમ્મી અથવા સુલેહના કરારથી બંધાયેલાના ઘરવાળાઓ મૌજૂદ હોય. જો તેના ઘરવાળા મૌજૂદ ન હોય અથવા તો તેના ઘરવાળા મુસલમાન હોય, તો મુસલમાન કાફિરનો વારસદાર બની નથી શકતો. એટલા માટે તેમાં પણ ઘરવાળા મૌજૂદ નથી એમ સમજવામાં આવશે. હવે, જો તે ઝિમ્મી છે તો તેની દિય્યત બયતુલ માલમાં જમા થશે, કારણ કે, ઝિમ્મી લાવારિસનો વારસો કે જેમાં દિય્યત પણ સામેલ છે, બયતુલ માલમાં જમા થાય છે. (દુર્રે મુખ્તારમાંથી) નહિતર વાજિબ નહીં થાય.

(બયાનુલ કુર્આન)

મસ્અલો :

રોઝામાં જો બીમારી વગેરેના કારણે રોઝાનું સાતત્ય (લગાતાર-બિનચૂક

-સતત રાખવાની પ્રક્રિયા) જળવાઈ ન રહે તો નવેસરથી રોઝા રાખવા પડશે. અલબત્ત સ્ત્રીના માસિક ધર્મ વગેરેના કારણે સાતત્ય ખતમ નહીં થાય.

મસ્અલો :

જો કોઈ શરઈ ઉઝરના કારણે રોઝા રાખવાની શકિત ન હોય તો શકિત આવતા સુધી તવબહ કર્યા કરે.

મસ્અલો :

قَتْلِ عَمَدْ "કતલે અમદ" (જાણીબૂઝીને કરેલી હત્યા)માં આ કફ્ફારો નથી, તવબહ કરવી જોઈએ. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૯૪-૯૫-૯૬)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا ضَرَبْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ فَتَبَيَّنُوْا وَلَا تَقُوْلُوْا لِمَنْ اَلْقٰۤى
اِلَيْكُمُ السَّلٰمَ لَسْتَ مُؤْمِنًا ۚ تَبْتَغُوْنَ عَرَضَ الْحَيٰوةِ الدُّنْيَا ۫ فَعِنْدَ اللّٰهِ مَغَانِمُ
كَثِيْرَةٌ ؕ كَذٰلِكَ كُنْتُمْ مِّنْ قَبْلُ فَمَنَّ اللّٰهُ عَلَيْكُمْ فَتَبَيَّنُوْا ؕ اِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ
خَبِيْرًا ﴿۹۴﴾ لَا يَسْتَوِي الْقٰعِدُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ غَيْرُ اُولِي الضَّرَرِ وَالْمُجٰهِدُوْنَ فِيْ
سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ؕ فَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ عَلَى
الْقٰعِدِيْنَ دَرَجَةً ؕ وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ؕ وَفَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ عَلَى الْقٰعِدِيْنَ
اَجْرًا عَظِيْمًا ﴿۹۵﴾ دَرَجٰتٍ مِّنْهُ وَمَغْفِرَةً وَّرَحْمَةً ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۹۶﴾ ع

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જ્યારે અલ્લાહના માર્ગમાં મુસાફરી કરો તો તહકીક (ખાતરી) કર્યા કરો; અને જે વ્યકિત તમને સલામ (અલયૂક) કરે તેને ન કહો કે તું મુસલમાન નથી, તમે દુનિયાની જિંદગીનો સર-સામાન ઈચ્છો છો ? બસ, અલ્લાહના ત્યાં ઘણી ગનીમતો છે, તમે પણ તો આથી પહેલાં આવા જ

હતા ! પછી અલ્લાહે તમારા ઉપર કૃપા કરી, બસ હવે તહકીક કરી લો; બેશક ! અલ્લાહ તમારા કામોથી ખબરદાર (ખૂબ વાકેફ) છે. (૯૪) સમાન નથી બેસી રહેનાર મુસલમાન જેમને કોઈ (શરઈ) ઉઝર (કારણ) નથી અને તે મુસલમાન જેઓ અલ્લાહના માર્ગમાં પોતાના માલથી અને પ્રાણથી લડનારા છે, અલ્લાહે મુજાહિદીન (અલ્લાહના માર્ગમાં લડનારાઓ)નો બેસી રહેનારાઓ ઉપર દરજ્જો વધારી દીધો પોતાના માલ અને પ્રાણથી, અને દરેકને અલ્લાહે ભલાઈનો વાયદો કર્યો, અને અલ્લાહે મુજાહિદીનને બેસી રહેનારાઓ કરતાં મહાન બદલામાં વધારે કર્યા. (૯૫) કે જે દરજ્જાઓ છે અલ્લાહ તરફથી, અને બખ્શિશ છે, અને રહમત છે, અને અલ્લાહ મહાન મા'ફ કરનાર મહેરબાન છે. (૯૬)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે અલ્લાહના રસ્તામાં (જિહાદ માટે) મુસાફરી કર્યા કરો તો દરેક કાર્યમાં (કોઈને કતલ કરતા હોય અથવા અન્ય કોઈ બાબત હોય) તહકીક કરીને કર્યા કરો અને એવો વ્યક્તિ કે જે તમારી સામે (કોઈ નિશાની સ્વરૂપે) ઈતાઅત જાહેર કરે (જેમકે કલિમો પઢે અથવા મુસલમાનો જેમ સલામ કરે) એવું ન કહી આપો કે આ તો (દિલથી) મુસલમાન નથી (એ તો પોતાનો જીવ બચાવવા સલામ કરી રહ્યો છે, એવું ન કહો એ જ પ્રમાણે) તમે દુનિયાની જિંદગીના સર-સામાનની ઈચ્છા કરો છો ? કારણ કે અલ્લાહની પાસે (એટલે કે તેના જ્ઞાન અને શક્તિમાં તમારા માટે) પુષ્કળ ગનીમતનો માલ છે (જે તમને જાઈઝ પદ્ધતિથી મળશે અને યાદ કરો કે) શરૂઆતમાં (એક સમય હતો જેમાં) તમે પણ તેમના જેવા જ હતા (કે તમારો ઈસ્લામ સ્વીકાર કરવાનો આધાર ફક્ત તમારા દા'વાની જાહેરાત જ હતી) પછી અલ્લાહ તઆલાએ તમારા ઉપર અહેસાન કર્યું (કે આ તમારા જાહેર ઈસ્લામને પૂરતો સમજવામાં આવ્યો અને તમારા બાતિન-દિલની હાલતની ખણખોદ કરવામાં ન આવી) બસ, (જરા) વિચાર (તો) કરો, બેશક ! અલ્લાહ તઆલા તમારા આ કાર્યોની સંપૂર્ણ ખબર રાખે છે (એટલે કે, આ હુકમ પછી તેના ઉપર કોણ અમલ કરે છે અને કોણ અમલ નથી કરતું); તે મુસલમાન જે વિના કારણે ઘરમાં બેસી રહે (એટલે કે જિહાદમાં ન જાય) અને તે લોકો જે અલ્લાહના રસ્તામાં પોતાના જાન અને

માલથી (એટલે કે જિહાદમાં માલને ખર્ચ કરીને અને જાનને ખપાવીને) જિહાદ કરે (બંને) એકસમાન નથી (બલકે,) અલ્લાહ તઆલાએ જે પોતાના માલ અને જાનથી જિહાદ કરે છે તે લોકોના દરજ્જાને વધાર્યો છે તેમના કરતાં જેઓ ઘરોમાં બેસી રહે છે અને (જિહાદ ફરજે ઐન ન હોવાના કારણે તેમના ઉપર પણ ગુનોહ નથી બલકે, ઈમાનના કારણે અને બીજા ફરજો બજાવી લાવવાના કારણે) સૌને (એટલે કે મુજાહિદોને પણ કાયદાની દષ્ટિએ) અલ્લાહ તઆલાએ ભલાઈનો (એટલે કે આખિરતમાં જન્નતમાં) વાયદો કરી રાખ્યો છે અને (ઉપર જે કહેવામાં આવ્યું છે કે, મુજાહિદોનો મોટો દરજ્જો છે, તેનું કારણ એ છે કે) અલ્લાહ તઆલાએ મુજાહિદોને (પ્રસ્તુત) ઘરમાં બેસી રહેનારા લોકો ઉપર સવાબમાં વધારી આપ્યા છે (આ દરજ્જો મહાન સવાબની સામૂહિક રીતે સ્પષ્ટતા કરે છે), એટલે (મુજાહિદોને પોતાના મહાન કાર્યના બદલામાં સવાબના) ઘણા બધા દરજ્જા જે અલ્લાહ તરફથી મળશે, અને (ગુનાહોથી) મગફિરત અને રહમત (આ બધી મહાન સવાબની વિગતો છે) અને અલ્લાહ તઆલા ઘણો મોટો મા'ફ કરનારો અને મહાન રહમતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળની આયતોમાં મો'મિનોની હત્યા કરવા બાબતે સખત ચેતવણી આપવામાં આવી હતી, આગળ ફરમાવે છે કે, શરીઅતના હુકમો લાગુ પાડવા માટે અને મો'મિનના મો'મિન હોવા બાબતે ફક્ત જાહેર ઈસ્લામ પૂરતો છે, જે વ્યક્તિ ઈસ્લામની જાહેરાત કરે તેને કતલ કરવાથી હાથ રોકી લેવો વાજિબ છે અને ફક્ત શંકા કુશંકાના કારણે તેના બાતિન (દિલની પરિસ્થિતિ)ની ખણખોદ ન કરવી જોઈએ અને શરીઅતના હુકમો લાગુ પાડવામાં તેના ઈમાનની પાકી સાબિતી મેળવવાની રાહ જોવી જાઇઝ નથી, જેમકે અમુક સહાબા (રદિ.)થી અમુક ગઝ્વાઓમાં આ પ્રમાણેની ભૂલો થઈ ગઈ હતી કે, અમુક લોકોએ પોતાને મુસલમાન જાહેર કર્યા, પરંતુ અમુક સહાબા (રદિ.)એ તેમની ઈસ્લામની નિશાનીઓને જૂઠ ઉપર આધારિત હોવાનું બતાવીને તેમને કતલ કરી નાંખ્યા અને કતલનો માલ ગનીમત તરીકે લઈ લીધો. અલ્લાહ તઆલાએ તેમના આ કાર્યને વખોડ્યું અને કારણ કે, તે સમય સુધી સહાબાઓને આ મસ્અલાની સ્પષ્ટ રીતે

જાણ ન હતી, એટલા માટે અલ્લાહ તઆલાએ માત્ર તેમને સૂચના આપી અને આ કાર્ય ઉપર કોઈ સખત વઈદ (ચેતવણી) ન આપી. *(બયાનુલ કુર્આન)*

ઇસ્લામની અલામત (નિશાની) હોવું પૂરતું છે, કોઈ વ્યક્તિના અંતરાત્માની ખણખોદ કરવી જાઇઝ નથી :

કોઈ પોતે મુસલમાન છે એવું જાહેર કરે તો કોઈ મુસલમાન માટે જાઈઝ નથી કે, તહકીક કર્યા વિના તેના નિવેદનને મુનાફિકપણું સમજે. આ આયત નાઝિલ થવાનું કારણ અમુક એવી ઘટનાઓ છે જેમા સહાબએ કિરામ (રદિ.)થી આ બાબતે અમુક ભૂલો થઈ ગઈ હતી.

તિરમિઝીમાં અને મુસ્નદે અહમદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થયું છે કે, "કબીલએ બનુ સલીમનો એક વ્યક્તિ સહાબએ કિરામ (રદિ.)ની એક જમાઅતને મળ્યો જ્યારે કે તે લોકો જિહાદ માટે જઈ રહ્યા હતા. આ વ્યક્તિ પોતાની બકરીઓ ચરાવી રહ્યો હતો, તેણે સહાબા (રદિ.)ને સલામ કરી, જે જાહેરમાં એ બાબતની જાહેરાત હતી કે હું મુસલમાન છું, સહાબએ કિરામ (રદિ.)એ સમજ્યું કે, અત્યારે તે ફક્ત પોતાનો પ્રાણ અને માલ બચાવવા મુસલમાન હોવાનો ઢોંગ કરી રહ્યો છે અને મુસલમાનો જેમ સલામ કરીને પોતાની જાતને બચાવી રહ્યો છે, એટલા માટે તેમણે તેને તકલ કરી નાંખ્યો અને તેની બકરીઓને ગનીમતનો માલ ઠરાવીને રસૂલુલ્લાહ ﷺની સેવામાં રજૂ કર્યો, એના ઉપર આ આયત નાઝિલ થઈ કે, જે વ્યક્તિ તમને ઈસ્લામી પદ્ધતિ પ્રમાણે સલામ કરે, તો તેને તહકીક કર્યા વિના એવું ન સમજો કે, તેણે ધોકો આપવાના કારણે પોતાને મુસલમાન જાહેર કર્યો છે, અને તેના માલને ગનીમતનો માલ સમજીને આંચકી ન લો." *(ઈબ્ને કષીર)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની બીજી રિવાયત છે, જેને બુખારીએ ટૂંકમાં અને બઝારે વિગતવાર નકલ કરી છે કે, "રસૂલુલ્લાહ ﷺએ મુજાહિદોની એક ટૂકડીને રવાના કરી, જેમાં હઝરત મિકદાદ બિન અસ્વદ (રદિ.) પણ હતા, જ્યારે તેઓ નિશ્ચિત સ્થળે પહોંચ્યા તો સામેવાળા બધા લોકો નાસી છૂટ્યા, ફક્ત એક વ્યક્તિ બાકી રહ્યો, જેની પાસે ઘણો બધો માલ હતો, તેણે સહાબએ કિરામ (રદિ.)ને કહ્યું, اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ પરંતુ હઝરત મિકદાદ

(રદિ.)એ એવું સમજીને કે આ તેણે દિલથી નથી કહ્યું, ફક્ત પોતાના પ્રાણ અને માલ બચાવવા માટે ઈસ્લામનો કલિમો પઢયો છે; તેને કતલ કરી નાંખીએ. હાજરજનોમાંથી એક સહાબીએ કહ્યું, તમે ઘણું ખરાબ કર્યું, એક એવા વ્યક્તિને કતલ કરી નાંખ્યો જેણે لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ની ગવાહી આપી હતી. જો હું રસૂલુલ્લાહ ﷺની સેવામાં ઉપસ્થિત થઈશ તો આ ઘટનાને જરૂર વર્ણન કરીશ. જ્યારે તે લોકો મદીના પાછા આવ્યા તો રસૂલુલ્લાહ ﷺને આ ઘટના કહી સંભળાવી, રસૂલે કરીમ ﷺએ હઝરત મિકદાદ (રદિ.)ને બોલાવીને સખત તાકીદ કરી અને ફરમાવ્યું કે, કયામતના દિવસે તમારો શું જવાબ હશે જ્યારે لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ કલિમો તમારા મુકાબલામાં દા'વો કરશે ? આ ઘટના વિશે આ આયત નાઝિલ થઈ لَا تَقُوْلُوْا لِمَنْ اَلْقٰى اِلَيْكُمُ السَّلٰمَ لَسْتَ مُؤْمِنًا ۚ

પ્રસ્તુત આયત વિશે આ બે ઘટનાઓ સિવાય બીજી ઘણી ઘટનાઓનો ઉલ્લેખ થયો છે, પરંતુ સંશોધનકાર વિવરણકારોએ ફરમાવ્યું છે કે, આ રિવાયતોમાં કોઈ વિરોધાભાસ નથી, એટલા માટે આ અમુક ઘટનાઓ સામૂહિક સ્વરૂપે આયત ઊતરવાનું કારણ હોઈ શકે છે.

આયતના શબ્દો اَلْقٰٓى اِلَيْكُمُ السَّلٰمَ માં ઈરશાદ છે, તેના શબ્દ سَلَامٌ (સલામ) જો વ્યાખ્યાની દષ્ટિએ "સલામ"નો અર્થ લેવામાં આવે તો પ્રથમ ઘટના તેની સાથે વધારે બંધ બેસે છે અને જો શાબ્દિક અર્થની દષ્ટિએ સલામતી અને આજ્ઞાપાલનનો અર્થ લેવામાં આવે તો આ બધી જ ઘટનાઓ તેના આધારે બંધ બેસે છે. એટલા માટે મોટા ભાગના લોકોએ "સલામ"નું ભાષાંતર આ જગ્યાએ ઈતાઅત (આજ્ઞાપાલન) કર્યું છે.

ઘટનાની તહકીક (ખાતરી) કર્યા વગર ફેંસલો કરવો જાઇઝ નથી :

આ આયતના પ્રથમ વાક્યમાં એક મહત્ત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, મુસલમાન કોઈપણ કામ તહકીક કર્યા વિના માત્ર અનુમાનથી ન કરે, ઈરશાદ છે, اِذَا ضَرَبْتُمْ فِىْ سَبِيْلِ اللّٰهِ فَتَبَيَّنُوْا એટલે કે, જ્યારે તમે અલ્લાહના માર્ગમાં સફર કરો તો દરેક કામ તહકીક સાથે (ખાતરી પૂર્વક) કર્યા કરો. ફક્ત અનુમાન અને પૂર્વગ્રહથી કોઈ કામ કરવામાં ઘણી વખતે ભૂલ થવાની શકયતા રહેલી છે, તેમાં મુસાફરીની શરત પણ એ કારણે વર્ણન કરી છે કે, આવી

ઘટનાઓ મુસાફરીમાં બનતી હોય છે અથવા શંકા ઉદ્ભવવાનું કારણે મોટે ભાગે મુસાફરીમાં બનતું હોય છે. પોતાના શહેરમાં તો એકબીજાની પરિસ્થિતિથી લગભગ બધા જ વાકેફ હોય છે, નહિતર હુકમ સર્વસામાન્ય છે. સફરમાં હોય કે, સ્થાયી; વિના તહકીક કોઈપણ કાર્ય કરવું કે પગલાં લેવા જાઇઝ નથી. એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે, "સમજી વિચારીને કામ કરવું અલ્લાહ તરફથી હોય છે અને ઉતાવળે શયતાન તરફથી." *(બહરે મુહીત)*

બીજું વાક્ય એટલે تَبْتَغُوْنَ عَرَضَ الْحَيٰوةِ الدُّنْيَا છે, તેમાં બીમારીનો ઉપચાર છે, જે આ ભૂલ ઉપર પ્રવૃત્ત થાવના કારણે લાગુ પડી. એટલે કે, દુનિયાની દૌલત, માલે ગનીમત પ્રાપ્ત કરવાનો વિચાર.

આગળ એ પણ બતાવી આપ્યું કે, તમારા માટે અલ્લાહ તઆલાએ પુષ્કળ ગનીમતનો માલ નક્કી કર્યો છે, તમે માલ-દૌલતની ચિંતામાં ન પડો. ત્યાર પછી એક સૂચના આપવામાં આવી કે, જરા તેના ઉપર પણ નજર નાંખો કે, શરૂઆતમાં તમારામાંથી પણ ઘણા બધા લોકો આવા જ હતા કે, મક્કએ મુકર્રમહમાં પોતાના ઈસ્લામની જાહેરાત કરી શકતા ન હતા, પછી અલ્લાહ તઆલાએ તમારા ઉપર અહેસાન કર્યું કે, કાફિરોના ઘેરામાંથી છુટકારો અપાવ્યો ત્યારે ઈસ્લામની જાહેરાત કરી. તો શું એ શક્ય નથી કે, તે વ્યક્તિ જ્યારે ઈસ્લામનું લશ્કર જોઈને કલિમો પઢી રહ્યો છે તો તે વાસ્તવમાં પ્રથમથી જ ઈસ્લામનો અકીદતમંદ હોય ? પરંતુ કાફિરોના ભયના કારણે ઈસ્લામની જાહેરાત ન કરી શક્યો હોય અને તે સમયે ઈસ્લામનું લશ્કર જોઈને જાહેરાત કરી દીધી અથવા શરૂઆતમાં જ્યારે તમે ઈસ્લામનો કલિમો પઢીને પોતાને મુસલમાન કહી રહ્યા હતા, તે સમયે તમને મુસલમાન ઠરાવવા માટે શરીઅતે એ શરત ન લગાવી હતી કે, તમારા દિલોને પણ ચકાસવામાં આવે અને દિલમાં ઈસ્લામની સાબિતી મળે તો જ તમને મુસલમાન ઠરાવવામાં આવે. બલકે, ફક્ત ઈસ્લામનો કલિમો પઢી લેવાને તમારા મુસલમાન ઠરાવી લેવા માટે પૂરતું સમજવામાં આવ્યું હતું, એ જ પ્રમાણે હવે જે તમારી સામે કલિમો પઢે છે તેને પણ મુસલમાન સમજો.

અહલે કિબ્લા (કિબ્લાવાળા)ને કાફિર ન કહેવાનો અર્થ :

આ આયતે કરીમાથી એક અગત્યના મસ્અલાની જાણ થઈ કે, જે વ્યક્તિ

પોતાને મુસલમાન બતાવે છે, ભલે તે કલિમો પઢીને અથવા અન્ય કોઈ ઈસ્લામી પ્રતિકની જાહેરાત કરીને. દાખલા તરીકે, અઝાન, નમાઝ વગેરેમાં શરીક થાય છે. મુસલમાનો માટે જરૂરી છે કે, તેને મુસલમાન સમજે અને તેની સાથે મુસલમાનો જેવો વ્યવહાર કરે, એ બાબતની રાહ ન જુએ કે તે દિલથી મુસલમાન થયો છે કે નહીં, અથવા કોઈ મસ્લિહતથી ઈસ્લામની જાહેરાત કરી રહ્યો છે.

વળી આ બાબતમાં તેના અમલો ઉપર પણ આધાર ન હશે, કલ્પના કરી લો કે, તે નમાઝ નથી પઢતા, રોઝા નથી રાખતા, દરેક પ્રકારના ગુનાહોમાં પ્રવૃત્ત રહે છે તો પણ તેમને ઈસ્લામથી ખારિજ કહેવાનો અથવા તેમની સાથે કાફિરો જેવો વ્યવહાર કરવાનો કોઈને અધિકાર નથી. આથી ઈમામે આ'ઝમ અબૂ હનીફહ (રહ.) ફરમાવે છે, لَا نُكَفِّرُ اَهْلَ الْقِبْلَةِ بِذَنْبٍ એટલે કે, "અમે અહલે કિબ્લાને કોઈ ગુનાહના કારણે કાફિર નથી કહેતા." અમુક હદીષની રિવાયતોમાં પણ આ પ્રકારના શબ્દો આવ્યા છે કે, "અહલે કિબ્લાને કાફિર ન કહો, ભલે તે કેટલોય ગુનેહગાર અને દુષ્કૃત્યો આચરનાર કેમ ન હોય !"

પરંતુ અત્રે એક વાત ખાસ ધ્યાનમાં રાખો કે, કુર્આન અને હદીષથી સાબિત છે કે, જે વ્યક્તિ પોતાની જાતને મુસલમાન કહે તેને કાફિર કહેવો અથવા સમજવો જાઇઝ નથી, તેનો સ્પષ્ટ અર્થ એ છે કે, જ્યાં સુધી તેના કોઈ કાર્ય અથવા નિવેદનથી એવું સાબિત ન થાય કે, આ બાબત તેના કુફ્રની ચોખ્ખે-ચોખ્ખી નિશાની છે, ત્યાં સુધી તેના ઈસ્લામ સ્વીકારને સાચો સમજો અને તેને મુસલમાન કહેવામાં આવશે અને તેની સાથે મુસલમાનો જેવો વ્યવહાર કરવામાં આવશે. તેના દિલની હાલત, ઈખ્લાસની હાલત, નિફાક વગેરેની ચર્ચા કરવાનો કોઈને અધિકાર નથી.

પરંતુ જે વ્યક્તિ ઈસ્લામની જાહેરાત અને ઈમાનના સ્વીકારની સાથે-સાથે અમુક શબ્દો કુફ્રના પણ બકે છે અથવા કોઈ મૂર્તિ વગેરેને સિજદહ પણ કરે છે અથવા ઈસ્લામના કોઈ એવા હુકમનો ઈન્કાર કરે છે, જે ઈસ્લામી હુકમ કતઈ અને જરૂરિયાતે દીન છે, અથવા કાફિરોના કોઈ ધાર્મિક પ્રતીકને અપનાવે છે. જેમકે, જનોઈ વગેરે પહેરે છે, તો નિઃશંક આવા ખુલ્લા કુફ્રના કૃત્યોથી તેને કાફિર ઠરાવવામાં આવશે. પ્રસ્તુત આયતમાં تَبَيَّنُوْا (તબય્યનૂ) શબ્દથી એ તરફ ઈશારો મૌજૂદ છે, નહિતર યહૂદી અને નસારા તો બધા જ

પોતાને મો'મિન અને મુસલમાન કહે છે અને મુસયલમા કઝ્ઝાબ કે જે સહાબા (રદિ.)ના નજીક સર્વાનુમતે કાફિર ઠરાવવામાં આવ્યો હતો અને કતલ કરવામાં આવ્યો હતો, તે ફક્ત ઈસ્લામના કલિમાનો સ્વીકાર જ ન કરતો હતો, બલકે ઈસ્લામના પ્રતીકો જેમકે, નમાઝ, અઝાન વગેરેનો પણ પાબંદ હતો. પોતાની અઝાનમાં اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ સાથે اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ પણ કહેતો હતો, પરંતુ સાથે-સાથે તે પોતાને પણ નબી અને રસૂલ તથા સાહિબે વહી કહેતો હતો, જે કુર્આન અને સુન્નતની નુસૂસનો ખુલ્લો ઈન્કાર હતો. એટલા માટે તેને મુર્તદ ઠરાવવામાં આવ્યો અને તેના વિરુદ્ધ સહાબાના ઈજ્માઅ્થી જિહાદ કરવામાં આવ્યો.

મસ્અલાનો ખુલાસો એ થયો કે, દરેક કલિમો પઢનાર અહલે કિબ્લાને મુસલમાન સમજો અને તેના બાતિન તથા દિલમાં શું છે તેની ખણખોદ કરવી માણસનું કામ નથી, તેને અલ્લાહ તઆલાના હવાલે કરી દો. અલબત્ત, ઈમાનની જાહેરાત સાથે ઈમાન વિરુદ્ધ કોઈ બાબત સાબિત થઈ જાય તો તેને મુર્તદ સમજો. એ શરતે કે, તે બાબત ઈમાન વિરુદ્ધ કુફ્ર સાબિત થવું કતઈ અને બિલકુલ યકીની (વિશ્વાસપૂર્વકનું) હોય અને તેમાં કોઈ અન્ય બાબતની સંભાવના કે તા'વીલની શક્યતા ન હોય.

આ બાબતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, શબ્દ كَلِمَهْ گو (કલિમા ગો) અથવા اَهْلِ قِبْلَهْ (અહલે કિબ્લા)ની વ્યાખ્યા ફક્ત તે વ્યક્તિઓને લાગુ પડે છે જે ઈસ્લામનો દા'વેદાર થયા પછી કાફિરો જેવા કુફ્ર-શિર્કના કોઈ નિવેદન કે કાર્ય ન કરે.

જિહાદ વિશેના હુકમો :

બીજી આયતમાં لَا يَسْتَوِى الْقٰعِدُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ માં જિહાદના અમુક હુકમો વર્ણન કરવામાં આવ્યા છે કે, જે લોકો કોઈપણ પ્રકારની મજબૂરી વિના જિહાદમાં સામેલ નથી થતા તેઓ એવા લોકો સમાન અને સમકક્ષ નથી હોઈ શકતા જેઓ અલ્લાહ રસ્તામાં પોતાના પ્રાણ અથવા માલથી જિહાદ કરે છે. બલકે, અલ્લાહ તઆલાએ મુજાહિદોને ગેરમુજાહિદો ઉપર દરજ્જામાં શ્રેષ્ઠતા અને અગ્રિમતા આપી છે. સાથે જ એ પણ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ બંને

સમૂહો એટલે કે, મુજાહિદો અને ગેરમુજાહિદો સાથે સારા બદલાનો વાયદો કર્યો છે. જન્નત અને મગફિરત (મા'ફી) બંનેને પ્રાપ્ત થશે. ફરક માત્ર દરજ્જાઓનો રહેશે.

વિવરણકાર ઉલમાએ ફરમાવ્યું કે, આ આયતથી જાણ થાય છે કે, સામાન્ય પરિસ્થિતિમાં જિહાદ "ફરજે કિફાયા" છે કે, અમુક લોકો તેને અદા કરી લે તો બાકી મુસલમાનો આ ફરજથી મુક્ત થઈ જાય છે. એ શરતે કે, જે લોકો જિહાદમાં પ્રવૃત્ત છે તેઓ તે જિહાદ માટે પૂરતી સંખ્યામાં હોય અને જો તેઓ પૂરતા નથી તો તેમની આજુબાજુના મુસલમાનો ઉપર જિહાદ "ફરજે ઐન" (દરેક મુસલમાન ઉપર ફરજ) થઈ જશે કે, તેઓ મુજાહિદીનની મદદ કરે.

ફરજે કિફાયાની વ્યાખ્યા :

ફરજે કિફાયા શરીઅતમાં એવા ફરજને કહેવામાં આવે છે જેને અદા કરવો દરેક મુસલમાન ઉપર જરૂરી નથી. બલકે, અમુક લોકોએ કરી લેવું પૂરતું છે અને સામાન્ય રીતે કૌમી અને સામૂહિક કાર્યો આ દરજ્જામાં આવે છે. દીની ઇલ્મનું શિક્ષણ અને પ્રચાર પણ આવો જ ફરજ છે. અમુક લોકો તેમાં પ્રવૃત્ત હોય અને તે પૂરતા હોય તો અન્ય મુસલમાનો આ ફરજથી મુક્ત થઈ જાય છે, પરંતુ જો કોઈપણ વ્યક્તિ આ પ્રવૃત્તિ ન કરે તો બધા ગુનેહગાર થાય છે.

જનાઝહની નમાઝ અને કફન-દફન પણ એક કૌમી વસ્તુ છે કે, એક ભાઈ પોતાના બીજા મુસલમાન ભાઈનો હક અદા કરે છે અને તેનો હુકમ પણ આ જ છે. મસ્જિદો અને મદ્રસાઓ બનાવવા તથા અન્ય સામૂહિક હિતના કાર્યો કરવા આ જ હુકમમાં સામેલ છે. એટલે કે, અમુક મુસલમાન કરી લે તો બાકીના આ ફરજથી મુક્ત થઈ જાય છે.

આ આયત وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى માં તે લોકોને પણ સંતોષિત કરી આપ્યા છે કે, જેઓ જિહાદ સિવાય અન્ય દીની જરૂરિયાતોમાં પ્રવૃત્ત છે, પરંતુ આ હુકમ સામાન્ય પરિસ્થિતિનો છે. જ્યારે કે અમુક લોકો ઇસ્લામના દુશ્મનોથી સંરક્ષણ માટે પૂરતા હોય અને જો તેમનો જિહાદ પૂરતો ન રહે અને તેમને વધારે ટૂકડીઓની જરૂરિયાત હોય તો પ્રથમ આજુબાજુના મુસલમાનો ઉપર જિહાદ ફરજે ઐન થઈ જાય છે. તે પણ પૂરતા ન હોય તો તેમની આસપાસના લોકો ઉપર

ફરજે ઐન થઈ જાય છે અને તે પણ પૂરતા ન રહે તો અન્ય મુસલમાનો ઉપર એટલે સુધી કે પૂર્વ અને પશ્ચિમના દરેક મુસલમાનોનો આ ફરજ થઈ જાય છે કે, તેમાં ભાગ લે.

ત્રીજી આયતમાં પણ આ જ ફઝીલતના દરજ્જાઓનું વર્ણન છે, જે મુજાહિદોને અન્યો ઉપર પ્રાપ્ત છે.

મસ્અલો :

લંગડા, લૂલા, આંધળા, બીમાર અને અન્ય શરઈ રીતે મા'ઝૂર (અશક્ત–પાંગળા) લોકો ઉપર જિહાદ ફરજ નથી.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૯૭–૯૮–૯૯–૧૦૦)

إِنَّ الَّذِيْنَ تَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ظَالِمِيٓ أَنْفُسِهِمْ قَالُوْا فِيْمَ كُنْتُمْ ۖ قَالُوْا كُنَّا
مُسْتَضْعَفِيْنَ فِي الْأَرْضِ ۖ قَالُوْٓا أَلَمْ تَكُنْ أَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيْهَا ۖ
فَأُولٰٓئِكَ مَأْوٰىهُمْ جَهَنَّمُ ۖ وَسَآءَتْ مَصِيْرًا ﴿٩٧﴾ إِلَّا الْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَالنِّسَآءِ
وَالْوِلْدَانِ لَا يَسْتَطِيْعُوْنَ حِيْلَةً وَّلَا يَهْتَدُوْنَ سَبِيْلًا ﴿٩٨﴾ فَأُولٰٓئِكَ عَسَى اللّٰهُ أَنْ
يَّعْفُوَ عَنْهُمْ ۖ وَكَانَ اللّٰهُ عَفُوًّا غَفُوْرًا ﴿٩٩﴾ وَمَنْ يُّهَاجِرْ فِيْ سَبِيْلِ اللّٰهِ يَجِدْ فِي
الْأَرْضِ مُرٰغَمًا كَثِيْرًا وَّسَعَةً ۖ وَمَنْ يَّخْرُجْ مِنْ بَيْتِهٖ مُهَاجِرًا إِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ
ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ أَجْرُهٗ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ع ﴿١٠٠﴾

તરજુમો :

તે લોકો કે જેમનો જીવ ફરિશ્તાઓ કાઢે છે એવી હાલતમાં કે તેઓ પોતાનું બુરું કરી રહ્યા છે; તેમને ફરિશ્તાઓ કહે છે, તમે કઈ હાલતમાં હતા ? તેઓ કહે છે, અમે આ મુલ્ક (પ્રદેશ)માં બેબસ (લાચાર) હતા; ફરિશ્તાઓ કહે છે, શું અલ્લાહની જમીન વિશાળ ન હતી, જો વતન છોડી (હિજરત કરી) ત્યાં ચાલ્યા ગયા હોત ? બસ, એવા લોકોનું ઠેકાણું જહન્નમ છે અને તે ઘણું

બુરું ઠેકાણું છે. (૯૭) પરંતુ જેઓ બેબસ છે પુરુષો અને સ્ત્રીઓ અને બાળકોમાંથી, જેઓ કોઈ તદ્બીર (આયોજન) નથી કરી શકતા અને ક્યાંયનો રસ્તો નથી જાણતા. (૯૮) બસ, ઉમ્મીદ છે કે એવા લોકોને અલ્લાહ મા'ફ કરે, અને અલ્લાહ મોટો મા'ફ કરનાર બખ્શનાર છે. (૯૯) અને જે કોઈ અલ્લાહના રસ્તામાં વતન છોડે (હિજરત કરે), એના મુકાબલામાં ઘણી જગ્યા અને વિશાળતા પામશે; અને જે કોઈ પોતાના ઘરેથી હિજરત કરીને અલ્લાહ અને રસૂલ તરફ નીકળે, પછી તેને મૌત આવીને પકડે તો તેનો સવાબ અલ્લાહના ત્યાં નક્કી થઈ ચૂક્યો, અને અલ્લાહ મહાન બખ્શનાર મહેરબાન છે. (૧૦૦)

તફસીર :

બેશક ! એવા લોકોની રૂહ ફરિશ્તાઓ કબજે કરે છે, જેમણે (હિજરતની શક્તિ હોવા છતાં હિજરત છોડીને) પોતાને ગુનેહગાર બનાવી રાખ્યા હતા તો (તે સમયે) તેઓ (ફરિશ્તા) તેમને કહે છે કે તમે (દીનના) ક્યા (ક્યા) કામમાં હતા ? (એટલે કે દીનના કયા–કયા જરૂરી કામ કર્યા કરતા હતા ?) તેઓ (જવાબમાં) કહે છે કે, અમે (પોતાના રહેઠાણના) પ્રદેશમાં ફક્ત મગલૂબ (દબાયેલા–કચડાયેલા) હતા. (એટલા માટે ઘણી બધી જરૂરિયાતે દીન ઉપર અમલ કરી શકતા ન હતા, એટલે કે તે ફરજોને છોડવા માટે મા'ઝૂર હતા.) તે (ફરિશ્તાઓ) કહે છે, (જો આ સ્થળે ન કરી શકતા હતા તો) શું અલ્લાહ તઆલાની જમીન વિશાળ ન હતી ? તમારે વતન છોડીને તે(ના બીજા કોઈ ભાગ)માં ચાલ્યા જવું જોઈતું હતું (ત્યાં જઈને ફરજોને અદા કરી શકતા હતા, તેનો તેઓ જવાબ આપી નહીં શકે અને તેમનો ગુનોહ સાબિત થઈ જશે). બસ, તે લોકોનું ઠેકાણું જહન્નમ છે અને જવા માટે તે બુરું ઠેકાણું છે. પરંતુ જે પુરુષો અને સ્ત્રીઓ અને બાળકો (વાસ્તવમાં હિજરત કરવા ઉપર પણ) શક્તિશાળી ન હોય કે, ન કોઈ તદ્બીર કરી શકે છે, ન જ રસ્તાના જાણકાર છે. બસ, તેમના માટે ઉમ્મીદ છે કે, અલ્લાહ તઆલા મા'ફ કરી દે અને અલ્લાહ તઆલા મોટો મા'ફ કરનારો, મોટો મગફિરત કરનારો છે અને (જે લોકો માટે હિજરત જરૂરી છે તેમનામાંથી) જે વ્યક્તિ અલ્લાહ તઆલાના રસ્તામાં (એટલે કે દીન માટે) હિજરત કરશે તો તેમને પૃથ્વી ઉપર જવાની ઘણી જગ્યાઓ મળશે અને (દીનની જાહેરાત માટેની) ઘણી

શક્યતાઓ (મળશે. બસ, જો એવા સ્થળે પહોંચી ગયા તો દુનિયામાં પણ આ મુસાફરી અને પ્રચારથી સફળતા જાહેર છે) અને (જો સંજોગવસાત્ આ પ્રસ્તુત સફળતા ન મળે તો પણ આખિરતની સફળતામાં તો કોઈ શંકા નથી. કારણ કે, અમારો કાનૂન છે કે,) જે વ્યક્તિ પોતાના ઘરેથી એવી નિય્યત સાથે નીકળી જાય કે, અલ્લાહ અને રસૂલ(ના દીનને જાહેર કરી શકવાની જગ્યા–મૌકા) તરફ હિજરત કરીશ પછી (મકસદ પ્રાપ્ત કરવાથી પહેલાં) તેને મૌત આવીને પકડી લે, તો પણ તેનો સવાબ (જેનો વાયદો હિજરત કરવા ઉપર છે) સાબિત થઈ ગયો (જે વાયદાના કારણથી એવું છે જેમકે,) અલ્લાહ તઆલાના માથે; (બસ, હમણા આ મુસાફરીને હિજરત નથી કહી શકતા પરંતુ ફક્ત સારી નિય્યતથી તેણે હિજરત શરૂ કરવાથી તેને પૂરો બદલો મળી ગયો) અને અલ્લાહ તઆલા મહાન બખ્શનાર છે (આ હિજરતની બરકતથી ભલે તે અધૂરી રહી, ઘણા બધા ગુનાહો મા'ફ કરી દેશે જેમકે, હદીષમાં હિજરતની ફઝીલત આવી છે કે, હિજરતથી પાછલા ગુનાહો મા'ફ થઈ જાય છે અને તે) મોટો રહમતવાળો છે (કે અમલને સારી નિય્યતથી શરૂ કરવા માત્રથી જ અમલના સંપૂર્ણ હોવા બરાબર સવાબ અર્પણ કરે છે).

મસ્અલા અન બોધપાઠ :

હિજરતની વ્યાખ્યા :

આ ચાર આયતોમાં હિજરતની ફઝીલતો, બરકતો અને હુકમોનું વર્ણન છે. શબ્દકોષમાં "હિજરત", "હિજરાન" અને "હિજ્ર"નો અર્થ "કોઈ વસ્તુથી બેઝાર (દુઃખી) થઈને તેને છોડી દેવું" અને પ્રચલિત રૂઢિપ્રયોગોમાં હિજરતનો શબ્દ વતન છોડવા માટે બોલવામાં આવે છે. શરીઅતની પરિભાષામાં "દારુલ કુફ્ર"ને છોડીને "દારુલ ઈસ્લામ"માં ચાલ્યા જવાને હિજરત કહે છે. *(રૂહુલ મઆની)*

મુલ્લા અલી કારી (રહ.)એ "શરહે મિશ્કાત"માં ફરમાવ્યું છે કે, "પોતાના વતનને દીની કારણોના લીધે છોડી દેવું પણ હિજરતમાં સામેલ છે."

(મિરકાત, પેજ : ૩૯, જિલ્દ : ૧)

સૂરએ હશ્રની આયત اَلَّذِيْنَ اُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ وَاَمْوَالِهِمْ (૫૯ : ૮) જે મુહાજિર સહાબા (રદિ.) વિશે નાઝિલ થઈ છે, તેનાથી જાણ થઈ કે, જો કોઈ

પ્રદેશના કાફિરો મુસલમાનોને તેમના મુસલમાન હોવાના કારણે જબરદસ્તી કાઢી મૂકે તો એ પણ હિજરતમાં સામેલ છે.

આ વ્યાખ્યાથી જાણ થઈ કે, હિન્દુસ્તાનથી પાકિસ્તાન તરફ આવેલા મુસલમાનો જેઓ "દારૂલ કુફ્ર"થી બેઝારીના કારણે પોતાની મેળે આ તરફ આવ્યા છે અથવા જેમને ગૈરમુસ્લિમોએ ફક્ત તેમના મુસલમાન હોવાના કારણે જબરદસ્તી કાઢી મૂક્યા છે, આ બધા લોકો શરઈ અર્થના આધારે "મુહાજિર" છે. અલબત્ત, જેમણે વેપારની પ્રગતિ અથવા નોકરીની સહૂલતોની નિય્યતથી પ્રવાસ કર્યો, તે શરઈ રૂએ "મુહાજિર" કહેવડાવવાના હકદાર નથી.

સહીહ બુખારી અને મુસ્લિમની એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે,

اَلْمُهَاجِرُ مَنْ هَجَرَ مَا نَهَى اللّٰهُ عَنْهُ وَرَسُوْلُهٗ

"મુહાજિર તે છે જે તે તમામ વસ્તુઓને છોડી દે, જેનાથી અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺએ મનાઈ કરી છે."

બસ, તેનો મતલબ આ હદીષના પહેલા વાક્યથી જાહેર થઈ જાય છે, જેમાં આ ઈરશાદ છે,

اَلْمُسْلِمُ مَنْ سَلِمَ الْمُسْلِمُوْنَ مِنْ لِسَانِهٖ وَيَدِهٖ

"મુસલમાન તે છે, જેની જીભ અને હાથોની તકલીફથી બધા મુસલમાનો સુરક્ષિત અને સલામત રહેતા હોય."

તેનો અર્થ જાહેર છે કે, સાચો અને પાકો મુસલમાન તે જ છે જે અન્યોને તકલીફ ન પહોંચાડે. એ જ રીતે સાચો અને સફળ મુહાજિર તે જ છે જે ફક્ત વતન છોડીને પરવારી ન ચૂક્યો હોય બલકે, જેટલી વસ્તુઓ શરીઅતે હરામ અને નાજાઇઝ ઠરાવી છે તે બધાને પણ છોડી દે.

હિજરતની ફઝીલતો :

કુર્આને કરીમમાં જે પ્રમાણે જિહાદ સંબંધિત આયતો સંપૂર્ણ કુર્આનમાં ફેલાયેલી છે, એ જ પ્રમાણે હિજરતનું વર્ણન ઘણી બધી સૂરતોમાં અનેક વખતે

આવ્યું છે. બધી આયતોને ભેગી કરવાથી જાણ થાય છે કે, હિજરતની આયતોમાં ત્રણ પ્રકારના વિષયો છે. પ્રથમ, હિજરતની ફઝીલતો, બીજું, તેની દુનિયવી આખિરતની બરકતો, ત્રીજું, શક્તિ હોવા છતાં દારુલ કુફ્રમાંથી હિજરત ન કરવાની વઈદો (ચેતવણીઓ).

આ વિષય એટલે કે, હિજરતની ફઝીલતોની એક આયત સૂરએ બકરહમાં છે,

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَاجَرُوْا وَجَاهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اُوْلٰٓئِكَ يَرْجُوْنَ رَحْمَةَ اللّٰهِ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ○

"તેઓ જે ઈમાન લાવ્યા અને જેમણે અલ્લાહના રસ્તામાં હિજરત અને જિહાદ કર્યો, તે અલ્લાહ તઆલાની રહમતના ઉમ્મીદવાર છે, અને અલ્લાહ તઆલા મોટો ગફૂરો રહીમ (મહાન મા'ફ કરનાર અને મહાદયાળુ) છે." (૨ : ૨૧૮)

બીજી આયત સૂરએ તવબહમાં છે,

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْ وَهَاجَرُوْا وَجَاهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ اَعْظَمُ دَرَجَةً عِنْدَ اللّٰهِ وَاُوْلٰٓئِكَ هُمُ الْفَائِزُوْنَ ○

"જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે અલ્લાહના રસ્તામાં હિજરત અને જિહાદ અપનાવ્યો તેઓ અલ્લાહ પાસે મોટા દરજ્જામાં છે, અને આ જ લોકો સફળ અને મુરાદ પામનારા છે." (૯ : ૨૦)

અને ત્રીજી આયત સૂરએ નિસાઅ્‌ની છે,

وَمَنْ يَّخْرُجْ مِنْ بَيْتِهٖ مُهَاجِرًا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ اَجْرُهٗ عَلَى اللّٰهِ،

"અને જે કોઈ પોતાના ઘરેથી હિજરત માટે નીકળે અલ્લાહ અને તેના રસૂલ તરફ, પછી તેને મૌત આવીને પકડે તો તેનો સવાબ અલ્લાહ ઉપર સાબિત (નક્કી) થઈ ગયો." (૪ : ૧૦૦)

આ આયત અમુક રિવાયતો પ્રમાણે હઝરત ખાલિદ બિન હિઝામ વિશે હબશાની હિજરતના સમયકાળમાં નાઝિલ થઈ, તેઓ મક્કાથી હબસા (ઈથોપિયા) તરફ હિજરતની નિય્યતે નીકળ્યા હતા. રસ્તામાં તેમને સાપ કરડ્યો,

જેનાથી તેમનું મૃત્યુ થઈ ગયું. મતલબ કે, તે ત્રણ આયતોમાં દારુલ કુફ્રમાંથી હિજરતનું પ્રોત્સાહન અને તેની મોટી ફઝીલતોનું વર્ણન સ્પષ્ટ રીતે આવી ગયું.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, اَلْهِجْرَةُ تَهْدِمُ مَا كَانَ قَبْلَهَا એટલે કે, "હિજરત તે બધા જ ગુનાહોને ખતમ કરી નાંખે છે, જે હિજરતથી પહેલાં કર્યા હોય."

હિજરતની બરકતો :

હિજરતની બરકતો વિશે સૂરએ નહ્લની એક આયતમાં ઈરશાદ છે,

وَالَّذِيْنَ هَاجَرُوْا فِى اللّٰهِ مِنْ بَعْدِ مَاظُلِمُوْا لَنُبَوِّئَنَّهُمْ فِى الدُّنْيَا حَسَنَةً وَّلَاَجْرُ الْاٰخِرَةِ اَكْبَرُ، لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ط

"જે લોકોએ અલ્લાહ માટે હિજરત કરી, એ પછી કે તેમના ઉપર જુલમ કરવામાં આવ્યો, અમે તેમને દુનિયામાં સારું ઠેકાણું આપીશું અને આખિરતનો સવાબ તો ઘણો મોટો છે; કાશ ! આ લોકોએ સમજી લીધું હોત." (૧૬ : ૪૧)

સૂરએ નિસાઅ્ની ચાર આયતો જે ઉપર લખવામાં આવી છે તેમાંથી ચોથી આયતનો પણ લગભગ આ જ વિષય છે, જેમાં ઈરશાદ છે,

وَمَنْ يُّهَا جِرْ فِىْ سَبِيْلِ اللّٰهِ يَجِدْ فِى الْاَرْضِ مُرَاغَمًا كَثِيْرًا وَّسَعَةً،

"અને જેઓ અલ્લાહના રસ્તામાં હિજરત (વતનનો ત્યાગ) કરે તેઓ પૃથ્વીમાં ઘણા રહેવાના સ્થળ અને વિશાળતા મેળવશે."

આયતનો શબ્દ مُرَاغَمْ (મુરાગમ) مَصْدَرْ (મસ્દર-ક્રિયાપદ) છે, જેનો અર્થ છે "એક જમીન (પ્રદેશ)થી બીજી જમીન તરફ ચાલ્યા જવું (મુન્તકિલ થવું)" અને આ "મુન્તકિલ" થવાના સ્થળને પણ مُرَاغَمْ (મુરાગમ) કહેવામાં આવે છે.

આ બંને આયતોમાં હિજરતની જાહેર અને અદશ્ય બરકતોનું વર્ણન છે, જેમાં અલ્લાહ તઆલાનો એ વાયદો છે કે, જે વ્યક્તિ અલ્લાહ અને રસૂલે કરીમ ﷺ માટે હિજરત કરે છે, અલ્લાહ તઆલા તેના માટે દુનિયામાં રસ્તાઓ ખોલી નાંખે છે અને તેને દુનિયામાં સારું ઠેકાણું આપે છે અને આખિરતનો સવાબ તથા દરજ્જાઓ તો કલ્પનામાં પણ સમાય ન શકે એવા મોટા છે.

સારા ઠેકાણાની તફસીર મુજાહિદ (રહ.)એ "હલાલ રોજી" અને હઝરત હસન બસરી (રહ.)એ "ઉત્તમ મકાન" અને અમુક બીજા મુફસ્સિરોએ "વિરોધીઓ ઉપર વિજય તથાં પ્રતિષ્ઠા" હોવાની કરી છે અને હકીકત એ છે કે, આયતના ભાવાર્થમાં આ બધી વસ્તુઓ સામેલ છે. એટલા માટે દુનિયાનો ઈતિહાસ ગવાહ છે કે, જ્યારે કોઈએ અલ્લાહ માટે વતન છોડ્યું છે તો અલ્લાહ તઆલાએ તેના વતનના મકાન કરતાં સારું મકાન, વતનની ઈજ્જત અને આબરું કરતાં વધારે ઈજ્જત, વતનના આરામથી વધારે આરામ અર્પણ કર્યો છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના ઈરાકી વતનને છોડીને સિરીયા તરફ હિજરત કરી તો અલ્લાહ તઆલાએ આ બધી વસ્તુઓ તેમને એનાયત કરી અને હઝરત મૂસા (અલૈ.) અને તેમની સાથે બની ઈસ્રાઈલે અલ્લાહ માટે પોતાનું વતન મિસ્રને છોડ્યું, તો અલ્લાહ તઅલાએ તેમને તેનાથી સારું વતન સિરીયા અર્પણ કર્યું અને પછી મિસ્ર પણ તેમને મળી ગયું. આપણા આકા હઝરત ખાતિમુલ અંબિયા ﷺ અને આપ ﷺના સહાબા (રદિ.)એ અલ્લાહ અને રસૂલે કરીમ ﷺ માટે મક્કાને છોડ્યું, તો મુહાજિરોને મક્કાથી ઉત્તમ ઠેકાણું મદીના પ્રાપ્ત થયું. દરેક પ્રકારની ઈજ્જત, વિજય, રાહત અને સંતોષ અર્પણ કર્યો. હિજરતના શરૂઆતના સમયમાં થોડા દિવસ તકલીફ અને મુસીબત કોઈ ગણતરીમાં નથી. આ થોડા સમયના દૌર પછી જે નેઅ્મતો અલ્લાહ તઆલાએ આ લોકોને અતા કરી અને તેમની કેટલીય પેઢીઓ સુધી તે ચાલુ રહી તે ગણતરીમાં લેવાશે.

સહાબએ કિરામ (રદિ.)ની ભૂખ-પ્યાસની જે ઐતિહાસિક ઘટનાઓ મશ્હૂર છે તે મોટે ભાગે હિજરતના શરૂઆતના દૌરની છે અથવા તે ફકીરી તેમણે પોતે અપનાવેલી છે કે, તેમણે દુનિયાના માલ અને દૌલતને પસંદ જ ન કર્યું અને જે કંઈ પ્રાપ્ત થયું અલ્લાહના રસ્તામાં ખર્ચ કરી નાંખ્યું. જેમકે, પોતે રસૂલુલ્લાહ ﷺની હાલત પણ એ જ હતી કે રસૂલે કરીમ ﷺના ફક્રો-ફાકા (ભૂખ-તરસ) ફક્ત ઈખ્તિયારી (સ્વૈચ્છિક) હતા. રસૂલે કરીમ ﷺએ ગિના, અને માલદારીને ન અપનાવી અને તે છતાં હિજરતના છઠ્ઠા વર્ષે ખયૂબરના વિજય પછી રસૂલે કરીમ ﷺના બધા ઘરવાળાઓના પૂરતા ભરણ-પોષણની વ્યવસ્થા થઈ ગઈ હતી. એ જ પ્રમાણે ખુલફાએ રાશીદીન (રદિ.)માં બધાની જ એવી પરિસ્થિતિ હતી કે, મદીના પહોંચ્યા પછી અલ્લાહ તઆલાએ તેમને બધું જ આપ્યું હતું,

પરંતુ ઈસ્લામી જરૂરિયાત સામે આવવાથી હઝરત સિદીકે અકબર (રદિ.)એ પોતાના ઘરનો સમગ્ર માલ લાવીને રજૂ કરી દીધો. ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત ઝયનબ (રદિ.)ને જે કંઈ વઝીફો મળતો હતો, બધો ફકીરો અને મિસ્કીનોમાં વહેંચીને પોતે ફકીરાના જિંદગી ગુજારતા હતા. આ કારણથી તેમનો લકબ "ઉમ્મુલ મસાકીન" થઈ ગયો હતો અને આમ છતાં તે માલદાર સહાબાઓ જેમણે મોટા પ્રમાણમાં માલ અને જાયદાદ પાછળ મૂકી હતી એવા સહાબા (રદિ.)ની સંખ્યા ઓછી ન હતી. ઘણા બધા સહાબા (રદિ.) એવા પણ હતા જે પોતાના વતન મક્કા મુકર્રમહમાં મુફલિસ અને નાદાર હતા, હિજરત પછી અલ્લાહ તઆલાએ તેમને માલ-દૌલત અને દરેક પ્રકારની નેઅ્મતોથી નવાજ્યા. હઝરત અબૂ હુરયરહ (રદિ.) જ્યારે એક પ્રાંતના વાલી બનાવવામાં આવ્યા, તો ઘણી રસપ્રદ રીતે પોતાની ભૂતકાળની જિંદગીનો નકશો ઉતાર્યા કરતા હતા અને પોતાના નફ્સને સંબોધીને ફરમાવ્યા કરતા હતા કે, "હે અબૂ હુરયરહ (રદિ.) ! તું તે જ છે જે ફલાણા કબીલાનો નોકર હતો અને તારો પગાર ફક્ત પેટ ભરીને રોટી હતી અને તારી ડ્યુટી એ હતી કે, જ્યારે તે લોકો સફરમાં જાય તો તું પગપાળા તેમની સાથે ચાલે અને જ્યારે તે કોઈ મંઝિલ ઉપર ઊતરે તો તું તેમના માટે સળગાવવા માટે લાકડાં ભેગા કરી લાવે. આજે ઈસ્લામના પ્રતાપે તું ક્યાંથી ક્યાં પહોંચ્યો ! તને ઈમામ અને અમીરુલ મુઅ્મિનીન કહેવામાં આવે છે !"

ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલાએ જે વાયદો મુહાજિરો માટે કુર્આનમાં ફરમાવ્યો છે તેને દુનિયાએ પૂરો થતો પોતાની આંખોએ જોયો છે. અલબત્ત આ આયતની શરત આ છે કે, هَاجَرُوْا فِى اللّٰهِ "માત્ર અલ્લાહ માટે હિજરત" હોય. દુનિયાના માલ અને દૌલત અથવા હુકૂમત અને સલતનત અથવા ઈજ્જત અને હોદ્દાની લાલચમાં હિજરત ન કરવામાં આવે. સહીહ બુખારીની એક હદીષમાં છે કે, "રસૂલે કરીમ ﷺનો ઈરશાદ એ પણ છે કે, જે વ્યક્તિ અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺની નિય્યતથી હિજરત કરે છે, તો તેમની હિજરત અલ્લાહ અને રસૂલ ﷺ માટે જ છે. એટલે કે આ સાચી હિજરત છે. જેની ફઝીલતો અને બરકતો કુર્આનમાં વર્ણન થઈ છે અને જે વ્યક્તિએ કોઈ માલની તલબ અથવા કોઈ સ્ત્રીથી નિકાહના વિચારે હિજરત કરી તો તેની હિજરતનું વળતર તે જ વસ્તુ છે, જેના તરફ તેણે હિજરત કરી."

આજે જે અમુક મુહાજિરો પરેશાન હાલ છે અથવા તો તે પોતાના તે જ તકલીફના કામચલાઉ દૌરમાં છે જેમકે શરૂઆતમાં હિજરત વખતે પરેશાની સામે આવતી હોય છે, તો કદાચ તે સાચા અર્થમાં મુહાજિરો નથી, તેમણે તેમની પોતાની નિય્યત અને વર્તમાન હાલતની સુધારણા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. નિય્યત અને અમલની સુધારણા પછી તેઓ અલ્લાહ તઆલાના વાયદાની સચ્ચાઈનું પોતાની આંખોથી અવલોકન કરશે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૦૧ થી ૧૦૪)

وَاِذَا ضَرَبْتُمْ فِي الْاَرْضِ فَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَقْصُرُوْا مِنَ الصَّلٰوةِ ۖ اِنْ
خِفْتُمْ اَنْ يَّفْتِنَكُمُ الَّذِيْنَ كَفَرُوْا ۭ اِنَّ الْكٰفِرِيْنَ كَانُوْا لَكُمْ عَدُوًّا مُّبِيْنًا ﴿١٠١﴾ وَاِذَا
كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ لَهُمُ الصَّلٰوةَ فَلْتَقُمْ طَاۗىِٕفَةٌ مِّنْهُمْ مَّعَكَ وَلْيَاْخُذُوْٓا
اَسْلِحَتَهُمْ ۣ فَاِذَا سَجَدُوْا فَلْيَكُوْنُوْا مِنْ وَّرَاۗىِٕكُمْ ۠ وَلْتَاْتِ طَاۗىِٕفَةٌ اُخْرٰى
لَمْ يُصَلُّوْا فَلْيُصَلُّوْا مَعَكَ وَلْيَاْخُذُوْا حِذْرَهُمْ وَاَسْلِحَتَهُمْ ۚ وَدَّ الَّذِيْنَ
كَفَرُوْا لَوْ تَغْفُلُوْنَ عَنْ اَسْلِحَتِكُمْ وَاَمْتِعَتِكُمْ فَيَمِيْلُوْنَ عَلَيْكُمْ مَّيْلَةً وَّاحِدَةً ۭ
وَلَا جُنَاحَ عَلَيْكُمْ اِنْ كَانَ بِكُمْ اَذًى مِّنْ مَّطَرٍ اَوْ كُنْتُمْ مَّرْضٰٓى اَنْ تَضَعُوْٓا اَسْلِحَتَكُمْ ۚ
وَخُذُوْا حِذْرَكُمْ ۭ اِنَّ اللّٰهَ اَعَدَّ لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ﴿١٠٢﴾ فَاِذَا قَضَيْتُمُ الصَّلٰوةَ فَاذْكُرُوا
اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّعَلٰي جُنُوْبِكُمْ ۚ فَاِذَا اطْمَاْنَنْتُمْ فَاَقِيْمُوا الصَّلٰوةَ ۚ اِنَّ الصَّلٰوةَ كَانَتْ
عَلَي الْمُؤْمِنِيْنَ كِتٰبًا مَّوْقُوْتًا ﴿١٠٣﴾ وَلَا تَهِنُوْا فِي ابْتِغَاۗءِ الْقَوْمِ ۭ اِنْ تَكُوْنُوْا تَاْلَمُوْنَ فَاِنَّهُمْ
يَاْلَمُوْنَ كَمَا تَاْلَمُوْنَ ۚ وَتَرْجُوْنَ مِنَ اللّٰهِ مَا لَا يَرْجُوْنَ ۭ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١٠٤﴾ ع ١٥ ١٧

તરજુમો :

અને (હે નબી ﷺ !) જ્યારે તમે મુલ્ક (પ્રદેશ)માં મુસાફરી કરો તો તમારા

ઉપર કોઈ ગુનોહ નથી કે તમે નમાઝમાંથી કંઈ ઓછું (કસ્ર) કરો જો તમને ડર હોય કે તમને કાફિરો સતાવશે; અલબત્ત, કાફિરો તમારા ઊઘાડા દુશ્મન છે. (૧૦૧) અને જ્યારે તમે તેમનામાં મૌજૂદ હોય, પછી નમાઝમાં ઊભા કરો તો તેમના એક જૂથે તમારી સાથે ઊભા થવું જોઈએ, અને પોતાના હથિયાર સાથે લઈ લે (શસ્ત્રસજ્જ રહે), પછી જ્યારે આ સિજદહ કરે તો તમારી પાસેથી હટી જાય અને બીજું જૂથ આવે જેણે (હજુ) નમાઝ નથી પઢી, તેઓ તમારી સાથે નમાઝ પઢે, અને સાથે પોતાનો બચાવ અને હથિયાર લઈ લે; કાફિરો ઈચ્છે છે કે કોઈપણ રીતે તમે પોતાના શસ્ત્રો અને સામાનથી ગાફેલ રહો, જેથી તમારા ઉપર એકસામટા (અચાનક) હુમલો કરે; અને તમારા ઉપર કોઈ ગુનોહ નથી જો તમને વરસાદથી તકલીફ હોય, અથવા તમે બીમાર હોય કે પોતાના હથિયાર ઉતારી રાખો, અને પોતાનો બચાવ સાથે લઈ લો; બેશક ! અલ્લાહે કાફિરો માટે અપમાન (ઝિલ્લત)નો અઝાબ તૈયાર કરી રાખ્યો છે. (૧૦૨) પછી જ્યારે તમે નમાઝ પઢી ચૂકો તો અલ્લાહને યાદ કરો ઊભાં(-ઊભાં) અને બેઠાં(-બેઠાં) અને (પોતાના પડખાંઓ ઉપર) સૂતાં(-સૂતાં); પછી જ્યારે ભય દૂર થાય તો નમાઝને દુરુસ્ત (કાયમ) કરો, બેશક ! નમાઝ મુસલમાનો ઉપર પોતાના નિશ્ચિત વખતોમાં ફરજ છે. (૧૦૩) અને તેમનો (કાફિરોનો) પીછો કરવાથી હિંમત ન હારો, જો તમે આરામ વિનાના (દુ:ખી) થાઓ છો તો તેઓ પણ આરામ વિનાના (દુ:ખી) થાય છે જેવી રીતે કે તમે થાઓ છો, અને તમને અલ્લાહથી ઉમ્મીદ છે જે તેમને નથી, અને અલ્લાહ સઘળુ જાણનારો હિકમતવાળો છે. (૧૦૪)

તફસીર :

અને જ્યારે તમે પ્રદેશમાં મુસાફરી કરો (જેનું માપ ત્રણ મંઝિલો છે) બસ, તમને તેમાં કોઈ ગુનોહ ન થશે (બલકે, જરૂરી છે) કે તમે (ઝુહ્ર અને અસ્ર અને ઈશાંની ફરજ) નમાઝો(ની રકા'તો)ને ઓછી કરી આપો (એટલે કે ચાર રકા'તોના બદલે બે રકા'તો પઢ્યા કરો) જો તમને એ ભય હોય કે તમને કાફિર લોકો પરેશાન કરશે (અને આ ભયના કારણે એક સ્થળે વધારે સમય થોભવું હિત વિરુદ્ધ સમજવામાં આવે, કારણ કે) નિ:શંક ! કાફિર લોકો તમારા ખુલ્લા દુશ્મન

છે અને જ્યારે (હે નબી ﷺ !) તમે તેમનામાં હાજર હોય (અને એ જ પ્રમાણે આપ ﷺ પછી અન્ય જે ઈમામ હોય) પછી તમે તેમને નમાઝ પઢાવવા ઈચ્છો (અને ભય હોય કે જો બધા નમાઝમાં લાગી જઈશું તો કોઈ દુશ્મન મોકો જોઈને હુમલો કરી દેશે) તો (આવી પરિસ્થિતિમાં) એવું કરવું જોઈએ કે, (જમાઅતના બે જૂથ થઈ જાય પછી) તેમાંથી એક જૂથ તો તમારી સાથે (નમાઝમાં) ઊભા થઈ જાય (અને બીજું ગૃપ પહેરો ભરવા માટે દુશ્મનના મુકાબલામાં ઊભું રહે, જેથી દુશ્મનને જોતા રહે) અને તે લોકો (જે તમારી સાથે નમાઝમાં સામેલ છે તે પણ થોડા-થોડા) હથિયારો લઈ લે (એટલે કે નમાઝની શરૂઆત પહેલાં લઈને પોતાની સાથે રાખે, કદાચ મુકાબલાની જરૂરત પડી જાય તો હથિયારો લેવામાં વાર ન લાગે, તરત લડાઈ કરવા લાગે તો નમાઝ લડાઈથી તૂટી જશે પરંતુ ગુનોહ નથી) અને આ લોકો (પહેરા માટે) તમારી પાછળ થઈ જાય (એટલે કે રસૂલે કરીમ ﷺની અને બીજા જૂથની પાછળ કે જેઓ હમણાં નમાઝમાં સામેલ થશે, જેનું વર્ણન આગળ આવે છે. આ પહેલું જૂથ તે બધાની પાછળ થઈ જાય) અને બીજું જૂથ જેમણે હજું નમાઝ નથી પઢી (એટલે શરૂ પણ નથી કરી કે, તે આ પહેલા જૂથની જગ્યાએ ઈમામની પાસે) આવી જાય અને તમારી સાથે (નમાઝની એક રકા'ત જે બાકી રહી છે તેને) પઢી લે અને એ લોકો પણ પોતાના બચાવનો સામાન અને પોતાના હથિયારો લઈ લે (અને સામાન અને હથિયારો સાથે લેવાનો એટલા માટે હુકમ કર્યો છે કે) કાફિર લોકો એવું ઈચ્છે છે કે, જો તમે પોતાના હથિયારો અને સામાનોથી (થોડા પણ) ગાફેલ થઈ જાઓ તો તમારા ઉપર એકસામટો હુમલો કરી દે, (બસ આવી પરિસ્થિતિમાં કાળજી રાખવી જરૂરી છે) અને જો તમને વરસાદ (વગેરે)ના કારણે (હથિયાર લઈને ચાલવામાં) તકલીફ હોય અથવા તમે બીમાર હોય (અને તે કારણથી હથિયાર બાંધી નથી શકતા) તો તમને તેમાં (પણ) કંઈ ગુનોહ નથી કે હથિયાર ઉતારી રાખો અને (તો પણ) પોતાનો બચાવ(નો સામાન જરૂર) લઈ લો (અને એવો વિચાર ન કરો કે કાફિરોની દુશ્મનીનો ફક્ત દુનિયામાં ઈલાજ કરવામાં આવ્યો છે બલકે, આખિરતમાં તેનાથી વધીને તેમનો ઈલાજ થશે. કારણ કે,) નિઃશંક ! અલ્લાહ તઆલાએ કાફિરો માટે અપમાનજનક અઝાબ તૈયાર કરી રાખ્યો છે, પછી જ્યારે તમે નમાઝ-(એ-ખૌફ)ને અદા કરી ચૂકો તો (નિયમ પ્રમાણે) અલ્લાહ તઆલાની યાદમાં લાગી જાઓ, ઊભાં પણ અને બેઠાં પણ, અને સૂતાં પણ.

(એટલે કે, દરેક પરિસ્થિતિમાં એટલે સુધી કે, બિલકુલ લડાઈના સમયે પણ અલ્લાહનો ઝિક્ર ચાલુ રાખો, દિલથી પણ અને શરીઅતના હુકમોનું અનુસરણ કરીને પણ; કે તે પણ ઝિક્રમાં સામેલ છે. લડાઈમાં શરીઅતના ખિલાફ કોઈ કાર્યવાહી કરવાથી બચતા રહો. મતલબ નમાઝ તો પૂર્ણ થઈ, ઝિક્ર પૂર્ણ નથી થયો, સફર અથવા ડરના કારણે નમાઝમાં તો કસર થઈ ગઈ હતી, પરંતુ ઝિક્ર પોતાના મૂળ હાલત ઉપર જ છે) પછી જ્યારે તમે સંતોષિત થઈ જાઓ (એટલે કે મુસાફરી કરીને સ્થાયી થઈ જાઓ અને એ જ પ્રમાણે ડર પણ દૂર થયા પછી નચિંત થઈ જાઓ) તો નમાઝને (મૂળ) કાયદા પ્રમાણે પઢવા માંડો (એટલે કે નમાઝમાં આળસ વગેરે છોડી દો, કારણ કે તે શરઈ ઉઝરના કારણે જાઈઝ કર્યું હતું) ખરેખર, નમાઝ મુસલમાનો ઉપર ફરજ છે અને નિશ્ચિત સમયની સાથે છે (બસ, ફરજ થવાના કારણે અદા કરવી જરૂરી અને વખતની સાથે નિશ્ચિત હોવાના કારણે તે સમયમાં જ અદા કરવી જરૂરી છે. એટલા માટે અમુક-અમુક તેના સ્વરૂપોમાં ફેરફાર કરવામાં આવ્યો. નહિતર નમાઝનું મૂળ સ્વરૂપ તે અસલી સ્વરૂપ જ છે. બસ, બધું પૂર્ણ થયા પછી નમાઝની મૂળ સ્વરૂપમાં જ હિફાઝત કરવી જરૂરી થઈ ગઈ) અને હિંમત ન હારો તે વિરોધી કૌમનો પીછો કરવામાં (જ્યારે કે એ બાબત જરૂરી છે) જો તમે (જખમોથી) તકલીફમાં સપડાયેલા છો તો (શું થયું ?) તે પણ પીડામાં સપડાય છે જેવા તમે પીડામાં સપડાઓ છો (તો તે તમારાથી વધારે શક્તિ નથી ધરાવતા, પછી શા માટે ડરો છો) અને (તમારામાં એક વિશેષતા તેમના કરતાં એ છે કે,) તમે અલ્લાહ તઆલા તરફથી એવી વસ્તુઓની ઉમ્મીદ રાખો છો કે તે લોકો (તેની) ઉમ્મીદ નથી રાખતા (એટલે કે, સવાબની, તો દિલની શક્તિમાં તમે વધારે છો અને શરીરની કમજોરીમાં એકસમાન, તો તમારે વધારે ચુસ્ત હોવું જોઈએ.) અલ્લાહ તઆલા સર્વજ્ઞ છે (તેને કાફિરોનું કમજોર દિલ અને કમજોર શરીર ખબર છે અને) મોટો હિકમતવાળો છે (તમારી શક્તિ અને સહનશીલતાથી વધારે હોય એવો હુકમ કરતો નથી).

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર જિહાદ અને હિજરતનું વર્ણન હતું, જિહાદ અને હિજરત માટે

મુસાફરી કરવી પડતી હોય છે અને આવી મુસાફરીમાં મોટે ભાગે દુશ્મનો તરફથી ભય પણ રહેતો હોય છે. એટલા માટે મુસાફરી અને આવા ભયને નજર સમક્ષ રાખી જે નમાઝોમાં અમુક ખાસ સહૂલતો અને કસર કરવામાં આવી છે, આગળ તેનું વર્ણન કરવામાં આવ્યું.

મુસાફરી અને કસરના હુકમો :

મસ્અલો :

જે મુસાફરી ત્રણ મંઝિલો કરતાં ઓછી હોય તે મુસાફરીમાં નમાઝ પૂરી પઢવામાં આવે છે.

મસ્અલો :

અને જ્યારે સફર પૂર્ણ કરીને મંઝિલ ઉપર પહોંચો તો જો ત્યાં પંદર દિવસ કરતાં ઓછું થોભવાનો ઈરાદો હોય ત્યારે તો તે મુસાફરીના હુકમમાં છે. ચાર રકા'તોવાળી ફરજ નમાઝ અડધી-અડધી પઢવામાં આવશે અને તેને કસર કહે છે અને જો પંદર દિવસ અથવા એથી વધારે એક જ વસ્તીમાં રહેવાનો ઈરાદો હોય તો તે "વતને ઈકામત" (થોભવાનું વતન) બની જાય છે. ત્યાં પણ "વતને અસલી" (મૂળ વતન)ની જેમ કસર નહીં થાય બલકે, નમાઝ સંપૂર્ણ પઢવી પડશે.

મસ્અલો :

કસર ફક્ત ત્રણ સમયની નમાઝોમાં છે અને મગરિબ તથા ફજ્રમાં અને સુન્નત તથા વિત્રમાં નથી.

મસ્અલો :

મુસાફરીમાં ભય ન હોય તો પણ નમાઝ કસર કરીને પઢવામાં આવશે.

મસ્અલો :

અમુક લોકોને પૂરી નમાઝના બદલે કસરમાં ગુનોહ થયાનો વસવસો પૈદા થાય છે તે સાચું નથી. એટલા માટે કે, કસર પણ શરીઅતનો હુકમ છે, જેના ઉપર અમલ કરવાથી ગુનોહ નથી થતો બલકે, સવાબ મળે છે.

મસ્અલો :

આયતમાં છે وَاِذَا كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ لَهُمُ الصَّلٰوةَ એટલે કે, જ્યારે આપ

(ﷺ) તેમનામાં મૌજૂદ હોય, તેનાથી એવું સમજવામાં ન આવે કે, હવે "સલાતે ખૌફ"નો હુકમ બાકી નથી રહ્યો. કારણ કે, રસૂલે કરીમ ﷺની ઝાતે બાબરકત હવે આપણી વચ્ચે મૌજૂદ નથી. એટલા માટે આ શરત તે સમયના આધારે વર્ણન કરવામાં આવી છે. કારણ કે, નબી હાજર હોવાની પરિસ્થિતિમાં વિના ઉઝરે કોઈ બીજો વ્યક્તિ ઈમામ બની નથી શકતો. રસૂલે કરીમ ﷺ પછી હવે જે ઈમામ હશે તે જ આપ ﷺનો કાઈમ મકામ (તેમની જગ્યાએ) છે અને તે જ "સલાતે ખૌફ" પઢાવશે. બધા જ ઈમામો નજીક "સલાતે ખૌફ"નો હુકમ રસૂલે કરીમ ﷺ પછી પણ ચાલુ છે, મન્સૂખ (રદ) થયો નથી.

મસ્અલો :

જેવી રીતે વ્યક્તિ માટે ડરના સમયે "સલાતે ખૌફ" પઢવી જાઈઝ છે, એવી જ રીતે જો કોઈ સિંહ, સાપ વગેરેને ડર હોય અને નમાઝનો સમય ઓછો હોય, તેવા વખતે પણ જાઈઝ છે.

મસ્અલો :

આયતમાં બંને જૂથનું એક-એક રકા'ત પઢવાનું તો વર્ણન કરવામાં આવ્યું, બીજી રકા'તનો તરીકો હદીષમાં આવ્યો છે કે, રસૂલુલ્લાહ ﷺએ જ્યારે બે રકા'ત ઉપર સલામ ફેરવી દીધી તો બંને જૂથોએ પોત-પોતાની એક-એક રકા'ત પઢી લીધી. વધારે વિગત હદીષોમાં છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૦૫ થી ૧૧૩)

إِنَّآ أَنزَلْنَآ إِلَيْكَ ٱلْكِتَٰبَ بِٱلْحَقِّ لِتَحْكُمَ بَيْنَ ٱلنَّاسِ بِمَآ أَرَىٰكَ ٱللَّهُ ۚ وَلَا تَكُن
لِّلْخَآئِنِينَ خَصِيمًا ﴿١٠٥﴾ وَٱسْتَغْفِرِ ٱللَّهَ ۖ إِنَّ ٱللَّهَ كَانَ غَفُورًا رَّحِيمًا ﴿١٠٦﴾ وَلَا
تُجَٰدِلْ عَنِ ٱلَّذِينَ يَخْتَانُونَ أَنفُسَهُمْ ۚ إِنَّ ٱللَّهَ لَا يُحِبُّ مَن كَانَ خَوَّانًا أَثِيمًا ﴿١٠٧﴾
يَسْتَخْفُونَ مِنَ ٱلنَّاسِ وَلَا يَسْتَخْفُونَ مِنَ ٱللَّهِ وَهُوَ مَعَهُمْ إِذْ يُبَيِّتُونَ مَا لَا يَرْضَىٰ
مِنَ ٱلْقَوْلِ ۚ وَكَانَ ٱللَّهُ بِمَا يَعْمَلُونَ مُحِيطًا ﴿١٠٨﴾ هَٰٓأَنتُمْ هَٰٓؤُلَآءِ جَٰدَلْتُمْ عَنْهُمْ فِى

الْحَيٰوةِ الدُّنْيَا ۟ فَمَنْ يُّجَادِلُ اللّٰهَ عَنْهُمْ يَوْمَ الْقِيٰمَةِ اَمْ مَّنْ يَّكُوْنُ عَلَيْهِمْ وَكِيْلًا ﴿١٠٩﴾

وَمَنْ يَّعْمَلْ سُوْٓءًا اَوْ يَظْلِمْ نَفْسَهٗ ثُمَّ يَسْتَغْفِرِ اللّٰهَ يَجِدِ اللّٰهَ غَفُوْرًا رَّحِيْمًا ﴿١١٠﴾

وَمَنْ يَّكْسِبْ اِثْمًا فَاِنَّمَا يَكْسِبُهٗ عَلٰى نَفْسِهٖ ۭ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١١١﴾ وَ

مَنْ يَّكْسِبْ خَطِيْٓئَةً اَوْ اِثْمًا ثُمَّ يَرْمِ بِهٖ بَرِيْۗـــًٔا فَقَدِ احْتَمَلَ بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ﴿١١٢﴾ ع

وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكَ وَرَحْمَتُهٗ لَهَمَّتْ طَّاۗىِٕفَةٌ مِّنْهُمْ اَنْ يُّضِلُّوْكَ ۭ وَمَا يُضِلُّوْنَ

اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَضُرُّوْنَكَ مِنْ شَيْءٍ ۭ وَاَنْزَلَ اللّٰهُ عَلَيْكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ

وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ۭ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿١١٣﴾

તરજુમો :

(હે નબી ﷺ !) બેશક ! અમે તમારા તરફ સાચી કિતાબ ઉતારી કે (જેથી) તમે લોકો વચ્ચે ન્યાય કરો જે કંઈ આપને અલ્લાહ સમજાવે, અને તમે (ખયાનત કરનારા) દગાબાજો તરફથી ઝઘડનારા (વિવાદ કરનારા) ન થજો. (૧૦૫) અને અલ્લાહથી બખ્શીશ માંગો, બેશક ! અલ્લાહ મોટો બખ્શનાર ઘણો મહેરબાન છે. (૧૦૬) અને તેમના તરફથી ન ઝઘડો જેઓ પોતાના નફસ (જાત)માં દગો રાખે છે, અલ્લાહને પસંદ નથી જે કોઈ દગાબાજ ગુનેહગાર હોય. (૧૦૭) લોકોથી શરમાય છે અને અલ્લાહથી શરમાતા નથી, અને તેઓ તેમની સાથે છે જ્યારે કે રાત્રે એ વાતનો મશવરો કરે છે જેનાથી અલ્લાહ રાજી નથી, અને જે કંઈ તેઓ કરે છે બધું અલ્લાહના કાબૂમાં છે. (૧૦૮) સાંભળો છો !? તમે લોકો દુનિયાની જિંદગીમાં તેમના તરફથી ઝઘડો (વિવાદ) કરો છો, પછી તેમના બદલે કયામતના દિવસે અલ્લાહ સામે કોણ ઝઘડો કરશે ? અથવા કોણ તેમનો કાર્યસાધક હશે ? (૧૦૯) અને જે કોઈ ગુનાહ કરે અથવા પોતાનું બુરું કરે, પછી અલ્લાહ પાસે બખ્શાવે તો અલ્લાહને બખ્શનારો મહેરબાન પામે. (૧૧૦) અને જે કોઈ ગુનાહ કરે; બસ, પોતાના જ હકમાં કરે છે, અને અલ્લાહ સઘળું જાણનારો હિકમતવાળો છે. (૧૧૧) અને જે કોઈ કસૂર (ખતા) કરે અથવા

ગુનાહ, પછી કોઈ બેગુનાહ ઉપર તોહમત લગાવી દે, તેણે પોતાના માથે તોફાન ઉઠાવ્યું અને ખુલ્લો ગુનાહ. (૧૧૨) અને જો અલ્લાહનો ફઝ્લ (કૃપા) અને તેની રહમત તમારા ઉપર ન હોત તો તેમનામાં એક જૂથ ઈરાદો કરી જ ચૂક્યું હતું કે તમને બહેકાવી દે, અને નથી બહેકાવી શકતા પરંતુ પોતાની જાતને ! અને તમારું કંઈ બગાડી નથી શકતા, અને અલ્લાહે તમારા ઉપર કિતાબ ઉતારી અને હિકમત, અને તમને તે વાતો શિખવાડી જે તમે જાણતા ન હતા અને અલ્લાહનો ફઝ્લ તમારા ઉપર ઘણો મોટો છે. (૧૧૩)

તફસીર :

બેશક ! અમે તમારી પાસે આ કિતાબ મોકલી, (જેનાથી) વાસ્તવિકતા આધારે ફેંસલો કરો, જેમકે અલ્લાહ તઆલાએ (વહી દ્વારા) આપ (ﷺ)ને (વાસ્તવિક પરિસ્થિતિ) બતાવી દીધી છે (તે વહી એ છે કે વાસ્તવમાં બશીર ચોર છે અને કબીલા બનૂ ઉબયરિક જે તેમનો સહાયક છે, તેઓ જુઠ્ઠા છે) અને (જ્યારે સાચી પરિસ્થિતિની જાણ થઈ ગઈ તો) તમે તે ખયાનતકારોની તરફદારીની વાત ન કરો (જેમકે બનૂ ઉબયરિકની ઈચ્છા એવી જ હતી, એટલા માટે બીજા રુકૂઅ્માં આવે છે لَهَمَّتْ طَّآئِفَةٌ مِّنْهُمْ اَنْ يُّضِلُّوْكَ પરંતુ આપ ﷺએ એવું કર્યું ન હતું, પોતે આ જ વાક્યથી આપ ﷺએ તેના ઉપર અમલ ન કર્યો હોવાની પણ જાણ થઈ જાય છે. તેનો ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલાના ફઝ્લએ આપ ﷺને ભૂલથી બચાવી લીધા, જેમાં દરેક પ્રકારની ભૂલનો નકાર થઈ ગયો અને મનાઈ કરવાથી એવું જરૂરી નથી થતું કે તે કાર્ય ભૂતકાળમાં થઈ જ ચૂક્યું હોય, બલકે વાસ્તવિક લાભ મનાઈ કરવાનો એ છે કે, હવે પછી વાસ્તવિક પરિસ્થિતિથી આગાહ થઈને તેને કરવાથી રોકાઈ છે. બસ, આપ ﷺની હાલત અને નકારનો ખુલાસો એ થયો કે, જેવી રીતે અત્યાર સુધી તમે તેમની તરફદારી નથી કરી, આવનારા સમયમાં પણ ન કરજો અને આ વ્યવસ્થા પણ નબીને સંપૂર્ણપણે મા'સૂમ એટલે કે ગુનાહોથી પાક રાખવા માટે છે અને આયતમાં તે ઘટનાના સંદર્ભે સૌને ખયાનતકાર કહ્યા –જ્યારે કે, બધા ખયાનતકાર ન હતા. એટલા માટે કે, જે લોકો ખયાનતકાર ન હતા તે પણ ખયાનતકારની મદદ કરી રહ્યા હતા. આથી તેઓ પણ ખયાનતકાર ઠર્યા અને લોકોના કહેવાથી "હુસ્ને ઝન"–સારો અભિપ્રાય ધરાવવાના કારણે રસૂલે કરીમ ﷺએ બનૂ ઉબયરિકને દીનદાર

2
5

સમજી લીધા હતા, જો કે આવું સમજવું ગુનોહ તો નથી પરંતુ કારણ કે, તેમાં સંભાવના એ હતી કે આપનું આટલું કહી દેવાથી હકવાળા પોતાનો હક છોડી દેશે. એટલા માટે એવું જ થયું કે, હઝરત રિફાઆ રદિ. ચૂપ થઈને બેસી રહ્યા. એટલા માટે એ કામ અયોગ્ય થયું, તેથી જ તેનાથી) તમે ઈસ્તિગફાર કરો (કે આપની મહાન શા'ન છે, આટલું કામ પણ આપ ﷺ માટે ઈસ્તિગફાર કરવા યોગ્ય છે), નિ:શંક ! અલ્લાહ તઆલા ખૂબ મગફિરત કરનારો મોટો રહમતવાળો છે અને તમે તે લોકો તરફથી કોઈ જવાબદારીની વાત ન કરો (જેમકે તે લોકો તમારાથી ઈચ્છતા હતા) જો કે, (લોકોની ખયાનત અને નુકસાન કરીને તેના વબાલ અને નુકસાન સ્વરૂપે વાસ્તવમાં) તેઓ પોતાનું નુકસાન કરી રહ્યા છે. નિ:શંક ! અલ્લાહ તઆલા એવા વ્યક્તિને પસંદ નથી કરતો (બલકે, તેને ધિક્કારે છે) જે મોટો ખયાનત કરનારો છે (જેમકે, થોડા ખયાનત કરનારાઓને પણ પસંદ નથી કરતો પરંતુ બશીરને મોટો ખયાનતકાર બતાવવાનો જ અત્રે હેતુ છે, એટલા માટે અતિશયોક્તિ અલંકાર વાપરવામાં આવ્યો) જે લોકોની પરિસ્થિતિ એવી છે કે, (પોતાની) ખયાનતને લોકોથી તો (શરમાઈને) છુપાવે છે અને અલ્લાહ તઆલાથી નથી શરમાતા, જ્યારે કે તેઓ (દરેક વખતની જેમ) એવા વખતે (પણ) તેમની પાસે છે જ્યારે કે તે અલ્લાહની મરજીના વિરુદ્ધ વાતચીત વિશે યુક્તિઓ કર્યા કરે છે અને અલ્લાહ તઆલાએ તેમના બધા અમલોને પોતાના (જ્ઞાનના) ઘેરામાં લઈ રાખ્યા છે, (જે બશીર વગેરેની હિમાયતમાં અમુક મહોલ્લાવાળા ભેગા થઈને આવ્યા હતા, તેઓ સાંભળી લે કે) તમે એવા છો કે, તમે દુનિયાની જિંદગીમાં તો તેમના તરફથી જવાબદારીની વાતો કરી લીધી, બસ (એ બતાવો કે) અલ્લાહ તઆલાના રૂબરૂ કયામતના દિવસે તેમની જવાબદારી કોણ લેશે ? તે કોણ વ્યક્તિ હશે જે તેમનું કામ બનાવનારો હશે ? (એટલે કે, ન તો કોઈ મૌખિક જવાબદારી લઈ શકશે અને ન જ કોઈ તેમના અમલોની દુરુસ્તી તેમના મુકદમા વિશે કરી શકશે) અને (આ ખયાનતકારો જો હજુ પણ શરઈ કાયદા પ્રમાણે તવબહ કરી લે તો મા'ફ થઈ જશે, કારણ કે અમારો કાનૂન એ છે કે,) જે વ્યક્તિ કોઈ બુરાઈ કરે અથવા (ફક્ત) પોતાની જાતને નુકસાન કરે (એટલે કે એવો ગુનોહ ન કરે કે જેનો અસર અન્યો સુધી પહોંચતો હોય અને) પછી અલ્લાહ તઆલા પાસે (શરીઅતના કાયદા પ્રમાણે) મા'ફી માંગે (જેમાં

બંદાઓના હકો અદા કરવાનું અથવા તેને મા'ફ કરાવવાનું પણ સામેલ છે), તો તે અલ્લાહ તઆલાની મોટી મગફિરત મેળવશે અને (જરૂર ગુનેહગારોએ આવી કોશિશ કરવી જોઈએ, કારણ કે) જે વ્યક્તિ કોઈ ગુનાહનું કામ કરે છે તો તે ફક્ત પોતાની જાત માટે જ કરે છે અને અલ્લાહ તઆલા મહાન ઈલ્મવાળો (સર્વજ્ઞ) છે, (બધા ગુનાહોની ખબર રાખે છે), મહાન હિકમતવાળો છે (યોગ્ય-યોગ્ય શિક્ષા નક્કી કરે છે) અને (આ તો પોતે ગુનાહ કરવાનું પરિણામ થયું અને જો કે અન્યો ઉપર તોહમત લગાવે તેનો હાલ સાંભળો કે,) જે વ્યક્તિ કોઈ નાનો ગુનાહ કરે અથવા મોટો ગુનાહ કરે પછી (તેની તવબહ કરવાના બદલે એવું કામ કરે કે) તે (ગુનાહ)ની તોહમત કોઈ બેગુનાહ પર લગાવી દે. બસ, તેણે તો મોટું બોહતાન અને ખુલ્લો ગુનોહ પોતાના (માથા) ઉપર લાદી દીધો (જેમકે બશીરે કર્યું કે, પોતે ચોરી કરી અને તે નેક બુઝૂર્ગ વ્યક્તિ લુબયદ પર ચોરીની તોહમત મૂકી દીધી) અને જો (આ મુકદમામાં હે મુહમ્મદ ﷺ !) તમારા ઉપર અલ્લાહ તઆલાનો ફઝ્લ અને રહમત ન હોત (જેમકે હંમેશા તમારા ઉપર રહે છે) તો તે (ચાલાક) લોકોમાંથી એક જૂથે તો આપને ભૂલમાં નાંખવાનો ઈરાદો કરી લીધો હતો (પરંતુ અલ્લાહ તઆલાના ફઝ્લથી તેમની રંગીન વાતોની તમારા ઉપર કોઈ અસર ન થઈ અને હવે પછી પણ ન થશે. એટલા માટે અલ્લાહ તઆલા ફરમાવે છે) અને તેઓ (ક્યારેય પણ આપ ﷺને) ભૂલમાં નહીં નાંખી શકે, પરંતુ (આવા ઈરાદાથી) પોતાની જાનોને (ગુનાહમાં અને અઝાબના હકદાર બનાવે છે) અને તમને જરા બરાબર (આ પ્રકારે) નુકસાન નથી પહોંચાડી શકતા અને (આપ ﷺને ભૂલથી નુકસાન પહોંચાડવાનું ક્યારેય શક્ય નહીં બની શકે, કારણ કે) અલ્લાહ તઆલાએ તમારા ઉપર કિતાબ અને જ્ઞાનની વાતો નાઝિલ કરી છે. (જેના એક ભાગમાં આ ઘટનાની જાણકારી પણ આપી દીધી) અને તમને એવી-એવી ફાયદાકારક (અને ઉચ્ચ કક્ષાની) વાતો બતાવી છે જે તમે (પ્રથમથી) જાણતા ન હતા અને તમારા ઉપર અલ્લાહનો મોટો ફઝ્લ (કૃપા) છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરોક્ત વર્ણનમાં ઉઘાડા અને જાહેર કાફિરોની ઘટનાના સંદર્ભમાં અમુક

સ્થળે મુનાફિકોનું વર્ણન પણ આવ્યું છે કે, કુફ્રમાં બંને સરખા છે, આગળ મુનાફિકોના એક ખાસ કિસ્સાના સંદર્ભમાં પ્રસ્તુત વિષય આવ્યો છે.

(બયાનુલ કુર્આન)

આયતોનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) :

પ્રસ્તુત સાત આયતો એક ખાસ ઘટનાના સંદર્ભમાં છે, પરંતુ કુર્આનની એક ખાસ શૈલી પ્રમાણે જે માર્ગદર્શન આ સંદર્ભમાં આપવામાં આવ્યું તે ખાસ આ ઘટના સાથે સંલગ્ન નથી બલકે, હાલના અને ભવિષ્યમાં આવનારા મુસલમાનો માટે સર્વસામાન્ય છે અને ઘણા જ સૈદ્ધાંતિક તથા ગૌણ મસ્અલાઓ ઉપર એકસમાન રીતે લાગુ પડે છે.

પ્રથમ ઘટના શું છે તે જાણી લો ! પછી તેના સંબંધમાં માર્ગદર્શન અને તેનાથી પ્રતિપાદિત થતા મસ્અલાઓ ઉપર વિચાર કરો, ઘટના આ પ્રમાણે છે કે, મદીનામાં એક કુટુંબ "બનૂ ઉબયરિક"ના નામથી પ્રખ્યાત હતું, તેમાં એક વ્યક્તિ જેનું નામ તિરમિઝી અને હાકિમની રિવાયત પ્રમાણે બશીર બતાવવામાં આવ્યું છે અને બગવી તથા ઈબ્ને જરીરની રિવાયતોમાં તઅ્મહ નામ બતાવવામાં આવ્યું છે, તેણે હઝરત કતાદહ બિન નુઅ્માનના કાકા રિફાઆ (રદિ.)ના ઘરમાં બુકાની બાંધી ચોરી કરી.

તિરમિઝીની રિવાયતમાં પણ છે કે, આ વ્યક્તિ વાસ્તવમાં મુનાફિક હતો, મદીનામાં રહેતો હોવા છતાં સહાબએ કિરામ (રદિ.) માટે અપમાનજનક શાયરીઓ લખ્યા કરતો હતો અને બીજાના નામોથી તેને પ્રચલિત પણ કરતો હતો.

તેની ચોરીનું સ્વરૂપ એ હતું કે, હિજરતના શરૂઆતના સમયમાં સામાન્ય મુસલમાનો આર્થિક તંગી અને તંગદસ્તીમાં સમય પસાર કરતા હતા, તેમનો સામાન્ય ખોરાક જવનો આટો અથવા ખજૂરો અથવા ઘઉંનો આટો હતો, જેની ઘણી જ અછત હતી અને મદીનામાં મળતો પણ ન હતો. જ્યારે એનો જથ્થો સિરીયાથી આવતો હતો ત્યારે અમુક લોકો મહેમાનો માટે અથવા કોઈ ખાસ જરૂરત માટે ખરીદી લેતા હતા. હઝરત રિફાઆ (રદિ.)એ એ જ પ્રમાણે અમુક ઘઉંનો આટો ખરીદીને એક કોથરામાં પોતાના માટે રાખી લીધો, તેમાં અમુક

હથિયારો વગેરે પણ મૂકીને એક નાની ખોલીમાં સુરક્ષિત મૂકી દીધો. ઈબ્ને ઉબયરિક, બશીર અથવા તમ્અહએ આ જોઈ લીધું, તેણે દિવાલમાં બાકોરું પાડી આ કોથરો કાઢી લીધો. હઝરત રિફાઆ (રદિ.)એ જ્યારે સવારમાં આ જોયું તો પોતાના ભત્રીજા કતાદહની પાસે આવ્યા અને ચોરીની ઘટનાનું વર્ણન કર્યું. બધાએ મળીને મહોલ્લામાં તપાસ આદરી, અમુક લોકોએ બતાવ્યું કે, આજે રાત્રે અમે જોયું કે બનૂ ઉબયરિકના ઘરમાં આગ સળગતી હતી. અમારું માનવું છે કે, ત્યાં જમવાનું રાંધવામાં આવ્યું છે. બનુ ઉબયરિકને જ્યારે આ રહસ્ય જાહેર થઈ જવાની ખબર મળી તો પોતે આવ્યો અને કહેવા લાગ્યા કે, આ કામ લુબયદ બિન સહલનું છે. હઝરત લુબયદ (રદિ.)ને આપણે જાણીએ છીએ કે, તેઓ નિખાલસ અને નેક બુઝૂર્ગ મુસલમાન હતા. એમને જ્યારે આ ખબર થઈ તો તેઓ ઉઘાડી તલવાર લઈને આવ્યા અને કહ્યું કે, "ચોરી મારા માથે પાડો છો ? હવે, આ તલવાર હું ત્યાં સુધી મ્યાનમાં નહીં મૂકું જ્યાં સુધી ચોરીની હકીકત જાહેર ન થઈ જાય !"

બનુઉબયરિકે ધીમેથી કહ્યું કે, "તમે નચિંત રહો ! આપનું નામ કોઈ નથી લેતું અને ન જ આ કામ આપનું હોઈ શકે છે." બગવી અને ઈબ્ને જરીરની રિવાયતમાં આ સ્થળે આવ્યું છે કે, બનૂ ઉબયરિકે ચોરી એક યહૂદીના માથે પાડી અને હોશિયારી એ કરી કે, આટાનો કોથરાને થોડો ફાડી નાંખ્યો હતો, જેથી આટો વેરાવાના નિશાન રિફાઆના ઘરથી લઈને તે યહૂદીના મકાન સુધી પડી ગયા. જ્યારે ચોરીની વાત પ્રખ્યાત થઈ તો ચોરી કરેલ હથિયારો અને બખ્તર પણ તે યહૂદી પાસે મૂકી દીધું અને તહકીકના સમયે તેના ઘરમાંથી નીકળ્યું. યહૂદીએ કસમ ખાધી કે, "આ બખ્તરો મને ઈબ્ને ઉબયરિકે આપ્યા છે."

તિરમિઝીની રિવાયત અને બગવીની રિવાયતમાં સમાનતા આ રીતે હોઈ શકે છે કે, બનૂ ઉબયરિકે પ્રથમ તો ચોરી લુબયદ બિન સહલ (રદિ.)ના માથે પાડી હોય, પછી જ્યારે વાત બગડતી લાગી તો તેણે યહૂદીના માથે ઢોળી દીધું. અલબત્ત, હવે મા'મલો યહૂદી અને બનૂ ઉબયરિકનો બની ગયો.

આ બાજુ હઝરત કતાદહ (રદિ.) અને રિફાઆ (રદિ.)ને આ બધી ઘટનાના બધા પાસાઓ ઉપરથી એવું ચોક્કસ અનુમાન થઈ ગયું હતું કે, આ કામ બનૂ ઉબયરિકનું જ છે. હઝરત કતાદહ (રદિ.)એ રસૂલે કરીમ ﷺની સેવામાં

હાજર થઈને ચોરીની ઘટના અને ત્યાર પછી તેની તપાસનું ક્રમવાર વર્ણન કરી બનૂ ઉબયરિકે ચોરી કર્યાનું ચોક્કસ અનુમાન હોવાનું વર્ણન કર્યું. બનૂ ઉબયરિકને આ ખબર મળી તો રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને હઝરત રિફાઆ અને કતાદહ (રદિ.)ની શિકાયત કરી કે, "શરઈ સાબિતી વિના ચોરી અમારા માથે પાડી રહ્યા છે, જ્યારે કે ચોરીનો માલ યહૂદીના ઘરમાંથી મળ્યો છે. તમે તેમને રોકો કે, ચોરી અમારા માથે ન પાડે, યહૂદી ઉપર દા'વો કરે !"

જાહેર પરિસ્થિતિ અને સાંયોગિક પૂરાવાઓથી રસૂલે કરીમ ﷺનું વલણ પણ તે તરફ થઈ ગયું કે, આ કામ યહૂદીનું જ છે. બનૂ ઉબયરિક ઉપર આક્ષેપ બરાબર નથી. અહીંયાં સુધી બગવીની રિવાયતમાં છે કે, રસૂલે કરીમ ﷺનો ઈરાદો થઈ ગયો કે યહૂદી ઉપર ચોરીની સજા લાગુ પાડવામાં આવે અને તેનો હાથ કાપવામાં આવે.

આ બાજુ જ્યારે હઝરત કતાદહ (રદિ.) રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "તમે કોઈ દલીલ અને સાબિતી વિના એક મુસલમાન કુટુંબ ઉપર ચોરીનો આક્ષેપ લગાવી રહ્યા છો." હઝરત કતાદહ (રદિ.) આ ઘટનાથી પ્રથમ તો ખૂબ ગમગીન થયા અને અફસોસ કર્યો કે, કાશ ! મેં આ ઘટના વિશે રસૂલે કરીમ ﷺ સામે કોઈ વાત ન કરી હોત ! ભલે મારો માલ પણ ચાલ્યો ગયો. આ બાજુ હઝરત રિફાઆ (રદિ.)ને જ્યારે આ ખબર થઈ કે રસૂલે કરીમ ﷺએ આવું ફરમાવ્યું છે, તો તેમણે સબ્ર કરી અને કહ્યું, وَاللّٰهُ الْمُسْتَعَانُ "વલ્લાહુલ મુસ્તઆન !"

આ ઘટના ઉપર થોડો સમય પસાર થયો હતો કે, કુર્આને કરીમનો એક આખો રુકૂઅ્ આ વિષયમાં નાઝિલ થઈ ગયો, જેના દ્વારા રસૂલે કરીમ ﷺ ઉપર ઘટનાની હકીકત જાહેર કરવામાં આવી અને આવી ઘટનાઓ વિશે જાહેર માર્ગદર્શન આપવામાં આવ્યું.

કુર્આને કરીમે બનૂ ઉબયરિકની ચોરી જાહેર કરી દીધી અને યહૂદીને આક્ષેપમાંથી મુક્ત કર્યો, તો બનૂ ઉબયરિક મજબૂર થયા અને ચોરીનો માલ રસૂલે કરીમ ﷺની સેવામાં રજૂ કર્યો. રસૂલે કરીમ ﷺએ તે માલ રિફાઆ (રદિ.)ને પાછો અપાવ્યો અને તેમણે તે બધા જ હથિયારો હવે જિહાદ માટે વક્ફ કરી દીધા. આ બાજુ જ્યારે બનૂ ઉબયરિકની ચોરી જાહેર થઈ ગઈ તો બશીર

બિન ઉબયરિક મદીનાથી મક્કા ભાગી છૂટયો અને મુશ્રિકો સાથે મળી ગયો. જો તે પહેલેથી જ મુનાફિક હતો તો હવે તે ખુલ્લો કાફિર થઈ ગયો અને જો તે પહેલેથી મુસલમાન હતો તો હવે મુર્તદ થઈ ગયો.

તફસીરે બહરે મુહીતમાં છે કે, અલ્લાહ અને રસૂલે કરીમ ﷺનો વિરોધ કરવાની વબાલથી બશીર બિન ઉબયરિકને મક્કામાં પણ ચેનથી રહેવાનું નસીબ ન થયું. જે સ્ત્રીના મકાનમાં તે રહેતો હતો, તેને આ ઘટનાની જાણ થઈ તો તેણે તેને તેના ઘરમાંથી કાઢી મૂક્યો. આ રીતે રખડતાં-રઝળતાં એક અન્ય વ્યક્તિના મકાનમાં ચોરી કરવા બાકોરું પાડ્યું, તે સમયે દિવાલ તેના ઉપર પડી અને તે ત્યાં જ દબાઈને મરી ગયો.

અહીંયાં સુધી ઘટનાની સંપૂર્ણ વિગત હતી, હવે તેના વિશે કુર્આનના ઈરશાદ ઉપર વિચાર કરો.

પ્રથમ આયતમાં રસૂલે કરીમ ﷺને ચોરીની અસલ ઘટનાની હકીકત બતાવીને ફરમાવવામાં આવ્યું કે, અમે તમારા ઉપર કુર્આન અને વહી એટલા માટે નાઝિલ કરી છે કે, અલ્લાહ તઆલાએ જે ઈલ્મ અને મઅ્રિફત તમને અતા કરી છે, એ પ્રમાણે ફેંસલો કરો અને ખયાનતકારો એટલે કે, બનૂ ઉબયરિકની તરફદારી ન કરો અને જો કે, જાહેર પરિસ્થિતિ અને સાંયોગિક પૂરાવાઓની રૂએ ચોરીની ઘટનામાં યહૂદી તરફ તમારું વલણ થઈ જવું કોઈ ગુનોહ ન હતો પરંતુ તે સચ્ચાઈથી વિપરીત બાબત હતી. એટલા માટે બીજી આયતમાં રસૂલે કરીમ ﷺને ઈસ્તિગફાર કરવાનો હુકમ આપવામાં આવ્યો કે, અંબિયા (અલૈ.)નું સ્થાન ઘણું ઊંચું છે, તેમનાથી આવી વાત પણ પસંદ કરવામાં આવતી નથી.

આયત નં. ૧૦૭માં ફરીવાર એ બાબતની તાકીદ કરવામાં આવી કે, ખયાનત કરનારાઓની તમે કોઈ તરફેણ ન કરો કારણ કે, તે અલ્લાહને પસંદ નથી.

આયત નં. ૧૦૮માં આ ખયાનત કરનારાઓની ખરાબ પરિસ્થિતિ અને બેવકૂફીનું વર્ણન કર્યું છે કે, આ લોકો પોતાના જ જેવા મનુષ્યોથી તો શરમાય છે અને ચોરી છુપાવે છે અને અલ્લાહ તઆલાથી નથી શરમાતા, તે અલ્લાહ દરેક સમયે તેમની સાથે છે અને તેમના દરેક કામને જોઈ રહ્યો છે. ખાસ કરીને આવી

ઘટનાનો જ્યારે કે, તેઓ પરસ્પર મશ્વરો કરીને એવું નક્કી કરે છે કે, ઈલ્ઝામ (આરોપ) યહૂદી ઉપર લગાવી દો અને કતાદાહ તથા રિફાઆની શિકાયત રસૂલુલ્લાહ ﷺને કરો કે, તેઓ અમારા ઉપર વિના કારણે ચોરીનો આક્ષેપ કરે છે અને રસૂલે કરીમ ﷺને એવી દરખાસ્ત કરો કે, તમે યહૂદીના મુકાબલામાં અમારી તરફેણ કરો.

આયત નં. ૧૦૯માં બનૂ ઉબયરિકની મદદ કરનાર હિમાયતીઓને ચેતવણી આપવામાં આવી છે કે, દુનિયામાં તો તમે તેમની હિમાયત કરી લીધી પરંતુ મા'મલો આટલેથી પૂર્ણ નથી થતો. કયામતમાં જ્યારે હક સુબ્હાનહુ વ તઆલાની અદાલતમાં મા'મલો રજૂ થશે ત્યાં કોણ હિમાયત કરશે ? આ આયતમાં તેમને વખોડવામાં પણ આવ્યા છે અને આખિરતનો ડર બતાવીને તેમને આવા કૃતયોથી તવબહ કરવાનું પ્રોત્સાહન અને પ્રેરણા પણ આપવામાં આવી છે.

આયત નં. ૧૧૦માં કુર્આને કરીમની વર્ણનશૈલી પ્રમાણે અપરાધીઓ અને ગુનેહગારોને નિરાશા અને હતાશાથી બચાવવા માટે ફરમાવવામાં આવ્યું કે, નાનો ગુનોહ હોય કે મોટો, જ્યારે ગુનેહગાર અલ્લાહ તઆલાથી ઈસ્તિગફાર કરે છે તો અલ્લાહ તઆલાને ગફૂરો રહીમ જુએ છે. (મહાકૃપાળુ અને મહાદયાળુ જુએ છે.) તેમાં તે લોકોને કે, જેમનાથી આ ગુનોહ થયો હતો તેમને પ્રોત્સાહન અને પ્રેરણા પણ આપવામાં આવી છે કે, આવી પ્રવૃત્તિથી દૂર રહો અને દિલથી તવબહ કરી લો તો કંઈ જ બગડયું નથી. અલ્લાહ તઆલા બધાને મા'ફ કરશે.

આયત નં. ૧૧૧માં એવું માર્ગદર્શન કરવામાં આવ્યું છે કે, જો આ લોકો હજુ પણ તવબહ નથી કરતા તો અલ્લાહ તઆલા અને તેના રસૂલનું તથા મુસલમાનોનું કંઈ જ બગાડી શકવાના નથી, તેની વબાલ પોતે તે વ્યક્તિ ઉપર છે.

આયત નં. ૧૧૨માં એક સામાન્ય સિદ્ધાંતનું સ્વરૂપ બતાવવામાં આવ્યું કે, પોતે કોઈ ગુનોહ કરે અને પછી તે ગુનોહ કોઈ નિર્દોષ વ્યક્તિના માથે પાડે (જેમકે, આ ઘટનામાં બનૂ ઉબયરિકે ચોરી પોતે કરી અને તેનો આક્ષેપ હઝરત લુબયદ અથવા યહૂદી પર લગાવ્યો) તો તેણે ઘણું મોટું બોહતાન અને ખુલ્લો ગુનોહ પોતાના ઉપર લાદયો.

આયત નં. ૧૧૩માં રસૂલે કરીમ ﷺને સંબોધીને ફરમાવવામાં આવ્યું કે,

જો તમારી સાથે અલ્લાહની કૃપા અને તેની રહમત ન હોત, જેણે વહી દ્વારા તમને આ ઘટનાની હકીકત બતાવી દધી તો આ લોકોએ તમને ભૂલમાં સંડોવી દીધા હોત, પરંતુ કારણ કે, અલ્લાહ તઆલાની કૃપા અને રહમત તમારી સાથે છે. એટલા માટે તેઓ કદાપિ તમને ભૂલમાં નાંખી શકતા નથી. બલકે, પોતે જ ગુમરાહીમાં સપડાય છે અને તમને તો આ લોકો રજકણ બરાબર પણ નુકસાન નથી પહોંચાડી શકતા. કારણ કે, અલ્લાહ તઆલાએ તમારા ઉપર કિતાબ અને બુદ્ધિની વાતો નાઝિલ ફરમાવી છે, જેને તમે જાણતા ન હતા.

રસૂલે કરીમ ﷺને ઇજ્તેહાદ કરવાનો હક પ્રાપ્ત હતો :

اِنَّـا اَنْـزَلْنَـا اِلَيْكَ الْكِتٰبَ بِـالْحَقِّ.... આ આયતમાં પાંચ મસ્અલાઓ સાબિત થયા. એક તો એ કે, રસૂલે કરીમ ﷺને એવા મસ્અલાઓમાં જેમાં કુર્આને કરીમનો કોઈ ખુલ્લો હુકમ નાઝિલ ન થયો હોય, પોતાના અભિપ્રાય મુજબ ઇજ્તેહાદ કરવાનો હક પ્રાપ્ત થયો હતો અને ઘટનાઓના ફેંસલાઓમાં રસૂલે કરીમ ﷺ ઘણા બધા ફેંસલાઓ પોતાના ઇજ્તેહાદથી પણ કરતા હતા.

બીજી વાત એ જાણ થઈ કે, અલ્લાહ તઆલા નજીક ઇજ્તેહાદનો અભિપ્રાય તે જ ભરોસાપાત્ર છે, જે કુર્આનના સિદ્ધાંતો અને નુસૂસમાંથી પ્રતિપાદિત કર્યો હોય અને ફક્ત પોતાના અભિપ્રાય તથા વિચારો ભરોસાપાત્ર નથી અને ન જ તેને શરીઅતમાં ઇજ્તેહાદ કહેવામાં આવે છે.

ત્રીજી વાત એ જાણ થઈ કે, રસૂલે કરીમ ﷺનો ઇજ્તેહાદ અન્ય મુજ્તહિદીન ઇમામો જેવો ન હતો, જેમાં ભૂલની શક્યતા કે સંભાવના હંમેશા બાકી રહે છે. બલકે, જ્યારે રસૂલે કરીમ ﷺ પોતાના ઇજ્તેહાદથી કોઈ ફેંસલો કરતા અને જો તેમાં કોઈ ભૂલ થઈ જતી તો અલ્લાહ તઆલા તેના ઉપર રસૂલે કરીમ ﷺને જાણ કરી સાચો અને હક પ્રમાણે ફેંસલો કરાવી આપતા હતા અને જ્યારે રસૂલે કરીમ ﷺએ કોઈ ફેંસલો પોતાના ઇજ્તેહાદથી કર્યો અને અલ્લાહ તઆલા તરફથી તેના વિરુદ્ધ કોઈ બાબત ન આવી તો તે એ બાબતની નિશાની હતી કે, આ ફેંસલો અલ્લાહ તઆલાને પસંદ છે અને અલ્લાહ તઆલા નજીક સાચો છે.

ચોથી વાત એ જાણ થઈ કે, નબીએ કરીમ ﷺ જે કંઈ કુર્આનથી

સમજતા હતા તે અલ્લાહ તઆલાનું જ સમજાવેલું હતું, તેમાં કોઈ ગેરસમજની શક્યતા ન હતી, તેનાથી વિપરીત અન્ય ઉલમા અને મુજ્તહિદોનું સમજેલું અલ્લાહ તરફથી હોવું તે નબીએ કરીમ ﷺ પ્રમાણે હોવાનું સમજી ન શકાય કે, અલ્લાહ તઆલાએ જ તેમને આ બતાવ્યું છે. જેમકે, આ આયતમાં રસૂલે કરીમ ﷺ વિશે بِمَا اَرٰىكَ اللّٰهُ આવ્યું છે. આ જ કારણ છે કે, જ્યારે એક વ્યક્તિએ ફારુકે આ'ઝમ (રદિ.)ને કહ્યું, فَاحْكُمْ بِمَا اَرٰىكَ اللّٰهُ તો તેમણે તેને ધમકાવ્યો કે, આ વિશેષતા માત્ર રસૂલે કરીમ ﷺની છે.

પાંચમો મસ્અલો એ જાણ થઈ કે, જૂઠા મુકદમા અને જૂઠા દા'વાની પૈરવી અથવા વકીલાત કરવી અથવા તેનું સમર્થન કે હિમાયત કરવી બધું હરામ છે.

તવબહની હકીકત :

આયત નં. ૧૧૦ એટલે કે, ...وَمَنْ يَّعْمَلْ سُوْٓءًا اَوْيَظْلِمْ نَفْسَهٗ થી એ જાણ થઈ કે, ગુનોહ ભલે હુકૂકુલ્લાહ વિશેનો હોય કે હુકૂકુલ ઈબાદ (હુકૂકુલ ઈબાદ બંદાઓના હકો અદા કર્યા પછી અથવા મા'ફ કરાવ્યા પછી અલ્લાહ પાસે તવબહ કરવાથી મા'ફ થાય છે) વિશેનો હોય, દરેક પ્રકારના ગુનાહ તવબહ અને ઈસ્તિગફારથી મા'ફ થઈ શકે છે. અલબત્ત, તવબહ અને ઈસ્તિગફારની હકીકત જાણવી જરૂરી છે. ફક્ત મૌખિક રીતે اَسْتَغْفِرُ اللّٰهَ وَاَتُوْبُ اِلَيْهِ (અસ્તગફિરુલ્લાહ વઅતૂબુ ઈલયહિ) કહેવાનું નામ તવબહ કે ઈસ્તિગફાર નથી. એટલા માટે ઉલમા એ બાબત ઉપર સહમત છે કે, જે વ્યક્તિ કોઈ ગુનાહમાં સંડોવાય છે અને તેનો તેને અફસોસ પણ નથી અને તેને છોડતો પણ નથી અથવા આવનાર સમયમાં છોડવાનો ઈરાદો પણ નથી અને આવી પરિસ્થિતિમાં જીભથી તો તવબહ-તવબહ! કરે છે, તો આવું કરવું તવબહની મજાક કરવા સમાન છે.

ખુલાસો એ છે કે, તવબહ માટે ત્રણ વસ્તુઓ હોવી જરૂરી છે, એક પાછલા ગુનાહો ઉપર અફસોસ અને પસ્તાવો કરવો, બીજું જે ગુનાહમાં સંડોવાયા છો તેને તે જ સમયે છોડી દેવો, ત્રીજું આવનાર સમયમાં તે ગુનાહોથી બચવાનો પાકો ઈરાદો કરી લેવો. અલબત્ત, જે ગુનાહોનો સંબંધ હુકૂકુલ ઈબાદ સાથે છે તે ગુનાહો તે હકદાર પાસે જ મા'ફ કરાવવાથી અથવા તેમના હકો અદા કરવાથી મા'ફ થાય છે અને હુકૂકુલ ઈબાદની તવબહની આ જ મુખ્ય શરત છે.

પોતાના ગુનાહોનો આક્ષેપ અન્ય લોકો ઉપર લગાવવો બમણા અઝાબનું કારણ બને છે :

આયત નં. ૧૧૨ وَمَنْ يَّكْسِبْ خَطِيْٓـَٔةً اَوْ اِثْمًا ثُمَّ يَرْمِ بِهٖ થી જાણ થઈ કે, જે વ્યક્તિ કોઈ ગુનોહ પોતે કરે અને તેનો આક્ષેપ અન્ય બેગુનાહ વ્યક્તિ ઉપર લગાવે, તો તેણે પોતાના ગુનાહને બમણો અને ખૂબ સખત બનાવી લીધો અને તે અઝાબનો સખત હકદાર બન્યો. એક તો પોતે અસલ ગુનાહનો અઝાબ અને બીજો અન્ય નિર્દોષ વ્યક્તિ પર બોહતાન લગાવવાનો સખત અઝાબ.

કુર્આન અને સુન્નતની હકીકત :

આયત નં. ૧૧૩ وَاَنْزَلَ اللّٰهُ عَلَيْكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ... માં કિતાબની સાથે હિકમતને પણ સામેલ કરીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, હિકમત રસૂલે કરીમ ﷺની સુન્નત અને તેમના શિક્ષણનું નામ છે અને તે પણ અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયું છે. ફરક ફક્ત એ છે કે, તેમાં શબ્દો અલ્લાહ તઆલાના નથી. એટલા માટે તે કુર્આનમાં નથી અને તેનો અર્થ અને કુર્આન, બંને અલ્લાહ તરફથી જ છે. એટલા માટે બંને ઉપર અમલ કરવો વાજિબ છે.

તેનાથી આ કલામની પણ હકીકત જાણ થઈ ગઈ કે, જેના વિશે અમુક ફૂકહાઓએ લખ્યું છે કે, વહીના બે પ્રકારો છે. وَحْيِ مَتْلُوْ "વહીએ મતલૂ" (જેની તિલાવત કરવામાં આવે છે) અને وَحْيِ غَيْرِ مَتْلُوْ "વહીએ ગયૂરમતલૂ" (જેની તિલાવત કરવામાં આવતી નથી). "વહીએ મતલૂ" કુર્આનનું નામ છે, જેના અર્થ અને શબ્દો બંને અલ્લાહ તરફથી છે અને "વહીએ ગયૂરમતલૂ" રસૂલુલ્લાહ ﷺની હદીષોનું નામ છે, જેના શબ્દો રસૂલે કરીમ ﷺના છે અને અર્થ અલ્લાહ તઆલા તરફથી છે.

રસૂલે કરીમ ﷺનું ઇલ્મ સમગ્ર દુનિયાના ઇલ્મ કરતાં વધારે છે :

બીજો મસ્અલો ...عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ થી એ સાબિત થાય છે કે, રસૂલે કરીમ ﷺનું મખ્લૂક વિશેનું ઈલ્મ અલ્લાહ તઆલા સમકક્ષ કે અલ્લાહ તઆલા જેટલું વિશાળ ન હતું, જેમકે કેટલાક જાહિલ લોકો કહે છે. બલકે, જેટલું ઈલ્મ અલ્લાહ તઆલા અતા કરતા હતા તેમને મળી જતું હતું. હા ! તેમાં કોઈ

બેમત નથી કે, રસૂલે કરીમ ﷺને જે ઇલ્મ અતા થયું તે સમગ્ર મખ્લૂકના ઇલ્મ કરતાં વધારે છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૧૪-૧૧૫)

لَا خَيْرَ فِيْ كَثِيْرٍ مِّنْ نَّجْوٰىهُمْ اِلَّا مَنْ اَمَرَ بِصَدَقَةٍ اَوْ مَعْرُوْفٍ اَوْ اِصْلَاحٍۢ بَيْنَ النَّاسِ ۭ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ ابْتِغَاۗءَ مَرْضَاتِ اللّٰهِ فَسَوْفَ نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ﴿١١٤﴾ وَمَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُ الْهُدٰى وَيَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصْلِهٖ جَهَنَّمَ ۭ وَسَاۗءَتْ مَصِيْرًا ﴿١١٥﴾ ع

તરજુમો :

તેમના મોટા ભાગના (ઘણા ખરા) મશ્વરાઓ કંઈ સારા નથી, પરંતુ જે કોઈ કે સદકહ કરવાનું કહે અથવા નેક કામને, અથવા લોકોમાં સુલેહ કરાવવા માટે, અને જે કોઈ આવું કામ કરે અલ્લાહની ખુશી માટે તો અમે તેને મોટો સવાબ આપીશું. (૧૧૪) અને જે કોઈ રસૂલનો વિરોધ કરે જ્યારે કે તેમના ઉપર સીધો માર્ગ ખુલ્લો (જાહેર) થઈ ચૂક્યો; અને બધા મુસલમાનોના માર્ગથી વિરુદ્ધ ચાલે તો અમે તેને તેના જ તરફ હવાલે કરીશું જે (માર્ગ) તેણે અપનાવ્યો, અને અમે તેને જહન્નમમાં નાંખીશું અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે. (૧૧૫)

તફસીર :

સામાન્ય જનસમૂહની મોટા ભાગની કાનાફૂસીઓ (ગુપ્ત મંત્રણાઓ) ભલાઈ (એટલે કે સવાબ અને બરકત) નથી હોતી, હા ! પરંતુ જે લોકો એવા છે કે, ખયરાતને અથવા કોઈ નેક કામને અથવા લોકોમાં પરસ્પર સુલેહ કરવાને પ્રોત્સાહન આપે છે (અને તેના શિક્ષણ અને પ્રોત્સાહનની સંપૂર્ણ વ્યવસ્થા માટે અમુક મસ્લિહતોના કારણે ગુપ્ત આયોજનો કરે છે, તો તેમના મશ્વરાઓમાં અલબત્ત એટલે કે સવાબ અને બરકત છે) અને જે વ્યક્તિ એવા કામ કરશે (એટલે કે આવા અમલોને પ્રોત્સાહન આપશે) અલ્લાહ તઆલાની ખુશી

મેળવવા માટે (ન કે કોઈ માન-સન્માન કે શોહરતના કારણે) તો અમે તેને ઘણા જ જલદી તેનો મહાન બદલો અર્પણ કરીશું; અને જે વ્યક્તિ રસૂલ (ﷺ)નો વિરોધ કરે એ પછી કે હક કાર્ય જાહેર થઈ ચૂક્યું હતું અને મુસલમાનોનો (દીની) માર્ગ છોડીને અન્ય માર્ગ અપનાવે (જેમકે, બશીર મુર્તદ થઈ ગયો અને જ્યારે કે ઈસ્લામનું સાચું હોવું અને વળી એક ખાસ ઘટનામાં રસૂલ ﷺનો ફેંસલો તેને પોતે સાચો હોવાની જાણ હતી તો પણ તેને તેની બદબખ્તીએ ઘેરી લીધો) તો અમે તેને (દુનિયામાં) જે કંઈ તે કરે છે કરવા દઈશું અને (આખિરતમાં) તેને જહન્નમમાં દાખલ કરીશું અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે.

મસ્અલા અને બોધપાઠ :

પરસ્પર સલાહ-મશ્વરા અને મજલિસોના અદબો (શિષ્ટાચાર) :

ઈરશાદ છે, لَا خَيْرَ فِي كَثِيرٍ مِّن نَّجْوَاهُمْ એટલે કે, લોકોના પરસ્પર મશ્વરા અને તદ્‌બીરો જે આખિરતની ફિકર અને તેના પરિણામ ઉપર વિચાર કરવાથી સ્વતંત્ર થઈને ફક્ત દુનિયાના અમુક દિવસોના કામચલાઉ ફાયદાઓ માટે હોય છે, તેમાં કોઈ ભલાઈ નથી.

આગળ ઈરશાદ ફરમાવ્યો, إِلَّا مَنْ أَمَرَ بِصَدَقَةٍ أَوْ مَعْرُوفٍ أَوْ إِصْلَاحٍ بَيْنَ النَّاسِ એટલે કે, આવા મશ્વરાઓ અને ચર્ચાઓમાં જો કોઈ ભલાઈની વસ્તુ હોઈ શકે છે તો તે એ છે કે, એકબીજાને સદકહ-ખયરાતનું પ્રોત્સાહન આપે અથવા નેકીનો હુકમ કરે અથવા લોકોની પરસ્પર સુલેહ કરાવવાનો મશ્વરો આપે. એક હદીષમાં ઈરશાદ છે કે, "વ્યક્તિનું દરેક કલામ (ઉચ્ચારણ) તેના માટે નુકસાનકારક જ છે, એ કલામ સિવાય કે, જેમાં અલ્લાહનો ઝિક્ર હોય અથવા ભલાઈનો હુકમ હોય અથવા બુરાઈથી રોકવાની બાબત હોય."

مَعْرُوفٌ (મઅ્રૂફ)નો અર્થ છે, દરેક તે કામ જે શરીઅતમાં સારું સમજવામાં આવે છે અને જેને શરીઅતવાળાઓને પહોંચાડવામાં આવે, તેના મુકાબલામાં مُنْكَرٌ (મુન્કર) છે. એટલે કે, દરેક તે કામ જે શરીઅતમાં પસંદ કરવામાં નથી આવ્યું અને શરીઅતવાળાઓમાં અપ્રિય અને અજનબી હોય.

"અમ્ર બિલ મઅ્રૂફ"માં દરેક નેકીનો હુકમ અને તેનું પ્રોત્સાહન સામેલ છે, જેમાં મજલૂમની મદદ કરવી, જરૂરિયાતમંદોને કરજ આપવું, ભટકેલાઓને

માર્ગ બતાવવો વગેરે બધી જ નેકીઓના કામો સામેલ છે અને સદકહ તથા લોકો વચ્ચે સુલેહ કરાવવી પણ જો કે એમાં સામેલ છે, પરંતુ તેને અલગ કરીને ખાસ સ્વરૂપે બતાવવામાં આવ્યું કે, તેમાં બંને વસ્તુઓનો નફો સમાયેલ છે. તેનાથી મિલ્લતની સામૂહિક જિંદગીની સુધારણા થાય છે.

વળી, આ બંને કામ "ખિદમતે ખલ્ક" (મખ્લૂકની સેવા)ના મહત્ત્વના કાર્યમાંથી છે. એક, તેનાથી અલ્લાહના સર્જનને ફાયદો પહોંચાડવામાં આવે છે અને બીજું, નુકસાનોને દૂર કરવામાં આવે છે, એટલે કે, લોકોને તકલીફ અને રંજ-ગમથી બચાવવામાં આવે છે. સદકહ નફો પહોંચાડવાનો મહત્ત્વનો વિષય છે, એટલા માટે જમહૂર વિવરણકાર ઉલમાનો કૌલ છે કે, આ સ્થળે બધા જ પ્રકારના સદકહનો હુકમ છે, જેમાં ઝકાત, વાજિબ સદકાઓ પણ સામેલ છે અને નફલ સદકાઓ પણ સામેલ છે અને દરેક તે જાઈઝ લાભની બાબત પણ સામેલ છે જે નફો પહોંચાડે છે.

સુલેહ કરાવવાની ફઝીલત :

લોકોના પરસ્પરના મન-દુ:ખને દૂર કરાવવા અને તેમના પરસ્પરના વિવાદોમાં સુલેહ કરાવવાનો માર્ગ તૈયાર કરવા વિશે રસૂલે કરીમ ﷺના ઈરશાદો ખૂબ મહત્ત્વ ધરાવે છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

"શું હું તમને એવું કામ ન બતાવું જેના દરજ્જાઓ રોઝા, નમાઝ અને સદકામાં સૌથી શ્રેષ્ઠ છે ? સહાબા (રદિ.)એ વિનંતી કરી, જરૂર બતાવો ! રસૂલે કરીમ ﷺએ બતાવ્યું કે, તે કામ પરસ્પર સુલેહ કરાવવાનું છે. એટલે કે બે વ્યક્તિઓ વચ્ચે કોઈ મન-દુ:ખ પૈદા થઈ જાય તો પરસ્પર સુલેહ કરાવવી અને ફસાદને ખતમ કરવી."

વળી, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, فَسَادُ ذَاتِ الْبَيْنِ هِيَ الْحَالِقَةُ "લોકોના આપસના ઝઘડા-ફસાદ મૂંડી નાંખનારી વસ્તુ છે." પછી તેની સ્પષ્ટતા એ રીતે કરી કે, "આ ઝઘડા માથું નથી મૂંડતા બલકે વ્યક્તિના દીનને મૂંડી નાંખે છે."

આયતના અંતમાં એક અન્ય મહત્ત્વનો વિષય એ ઈરશાદ ફરમાવ્યો કે, નેકીઓ, સદકહ અને "અમ્ર બિલ મઅ્રૂફ" (ભલાઈનો હુકમ કરવો) તથા

પરસ્પર સુલેહ કરાવવી એ જ વખતે ભરોસાપાત્ર અને સ્વીકાર્ય હોઈ શકે છે જ્યારે કે, તે ઈખ્લાસ સાથે ફક્ત અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે કરવામાં આવે, તેમાં કોઈ મનેચ્છા અથવા સ્વાર્થ સામેલ ન હોય.

ઇજ્માએ ઉમ્મત (ઉમ્મતનો સર્વસહમત અભિપ્રાય) હુજ્જત (શરઈ કાનૂનની દલીલ) છે :

આ وَمَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُ الْهُدٰى...(آیت نمبر ۱۱۵) આયતમાં બે વસ્તુઓને મહાન ગુનોહ અને જહન્નમમાં દાખલ થવાનું કારણ બતાવવામાં આવ્યું છે. એક બાબત રસૂલે કરીમ ﷺનો વિરોધ છે અને દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺનો વિરોધ કુફ્ર અને મોટી બરબાદી છે. બીજું એ કે, જે બાબત ઉપર બધા જ મુસલમાનો સહમત છે તેને છોડીને કોઈ બીજો માર્ગ અપનાવે. આથી જાણ થઈ કે, ઈજ્માએ ઉમ્મત હુજ્જત છે, એટલે કે, જે રીતે કુર્આન અને સુન્નતના વર્ણન કરેલા હુકમો ઉપર અમલ કરવો વાજિબ હોય છે, એવી જ રીતે ઉમ્મતની સહમતિ જે બાબત માટે થઈ જાય તેના ઉપર પણ અમલ કરવો વાજિબ છે અને તેનો વિરોધ કરવો મહાન ગુનોહ છે, જેમકે રસૂલે કરીમ ﷺએ એક હદીષમાં ઈરશાદ ફરમાવ્યો, يَدُ اللّٰهِ عَلَى الْجَمَاعَةِ مَنْ شَذَّ شُذَّ فِى النَّارِ એટલે કે, "જમાઅત (સમૂહ)ના માથા ઉપર અલ્લાહનો હાથ છે અને જે વ્યક્તિ મુસલમાનોની જમાઅતથી અલગ થઈ ગયો તેને અલગ કરીને જહન્નમમાં નાંખવામાં આવશે."

હઝરત ઈમામ શાફઈ (રહ.)ને કોઈએ સવાલ કર્યો કે, "ઈજ્માએ ઉમ્મત હુજ્જત હોવાની દલીલ કુર્આન મજીદમાં છે ?" તેમણે કુર્આનથી દલીલ જાણવા ત્રણ દિવસ સુધી સતત કુર્આનની તિલાવતનો ક્રમ બનાવ્યો. દરરોજ દિવસમાં ત્રણ વખતે અને રાત્રે ત્રણ વખતે આખું કુર્આન ખતમ કરતા હતા. અંતે પ્રસ્તુત આયત દિમાગમાં આવી અને તેને ઉલમા સામે વર્ણન કરી તો બધાએ સ્વીકાર કર્યો કે, ઈજ્માઅની હુજ્જત માટે આ દલીલ પૂરતી છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયતો : ૧૧૬ થી ૧૨૧)

إِنَّ اللّٰهَ لَا يَغْفِرُ أَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ۚ وَمَنْ يُّشْرِكْ
بِاللّٰهِ فَقَدْ ضَلَّ ضَلٰلًا بَعِيْدًا ﴿١١٦﴾ إِنْ يَّدْعُوْنَ مِنْ دُوْنِهٖٓ إِلَّآ إِنٰثًا ۚ وَإِنْ يَّدْعُوْنَ
إِلَّا شَيْطٰنًا مَّرِيْدًا ﴿١١٧﴾ لَّعَنَهُ اللّٰهُ ۘ وَقَالَ لَأَتَّخِذَنَّ مِنْ عِبَادِكَ نَصِيْبًا
مَّفْرُوْضًا ﴿١١٨﴾ وَّلَأُضِلَّنَّهُمْ وَلَأُمَنِّيَنَّهُمْ وَلَاٰمُرَنَّهُمْ فَلَيُبَتِّكُنَّ اٰذَانَ الْأَنْعَامِ
وَلَاٰمُرَنَّهُمْ فَلَيُغَيِّرُنَّ خَلْقَ اللّٰهِ ۚ وَمَنْ يَّتَّخِذِ الشَّيْطٰنَ وَلِيًّا مِّنْ دُوْنِ اللّٰهِ فَقَدْ
خَسِرَ خُسْرَانًا مُّبِيْنًا ﴿١١٩﴾ يَعِدُهُمْ وَيُمَنِّيْهِمْ ۚ وَمَا يَعِدُهُمُ الشَّيْطٰنُ إِلَّا
غُرُوْرًا ﴿١٢٠﴾ أُولٰٓئِكَ مَأْوٰىهُمْ جَهَنَّمُ ۡ وَلَا يَجِدُوْنَ عَنْهَا مَحِيْصًا ﴿١٢١﴾

તરજુમો :

બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો જે કોઈને તેનો ભાગીદાર (શરીક) કરે (ઠરાવે), અને તેના સિવાય જેને ઈચ્છે બખ્શી (મા'ફ કરી) આપે છે, અને જેણે અલ્લાહનો ભાગીદાર ઠરાવ્યો તે બહેકીને દૂર જઈ પડયો. (૧૧૬) અલ્લાહ સિવાય નથી પોકારતા પરંતુ સ્ત્રીઓને, અને નથી પોકારતા પરંતુ ઉપદ્રવી (સરકશ) શયતાનને. (૧૧૭) જેના ઉપર અલ્લાહે લા'નત કરી, અને શયતાને કહ્યું કે અલબત્ત હું તારા બંદાઓ પાસેથી નિશ્ચિત હિસ્સો લઈશ. (૧૧૮) અને તેમને બહેકાવીશ અને તેમને (ખોટી) આશાઓ અપાવીશ અને તેમને શિખવાડીશ કે જાનવરોના કાન ચીરે, અને તેમને શિખવાડીશ કે અલ્લાહની બનાવેલી સૂરતો (સ્વરૂપો) બદલે; અને જે કોઈ અલ્લાહને છોડીને શયતાનને મિત્ર બનાવે તો તે ઉઘાડા નુકસાનમાં પડયો. (૧૧૯) તેમને વાયદો આપે છે અને (ખોટી) ઉમ્મીદો અપાવે છે, અને શયતાન તેમને જે કંઈ વાયદો આપે છે, બસ બધું (નર્યો) ધોકો (ફરેબ) છે. (૧૨૦) એવા લોકોનું ઠેકાણું જહન્નમ છે અને ત્યાંથી ક્યાંય નાસી છૂટવાની જગ્યા ન પામશે. (૧૨૧)

તફસીર :

બેશક ! અલ્લાહ તઆલા એ વાતને (સજા આપીને પણ) બખ્શશે નહીં કે, તેની સાથે કોઈને ભાગીદાર ઠરાવવામાં આવે (બલકે, હંમેશા–હંમેશની સજામાં નાંખી રાખશે) અને તેના સિવાય અન્ય જેટલા ગુનાહો છે (ભલે સગીરહ હોય અથવા કબીરહ, નાના હોય અથવા મોટા) જેના માટે મંજૂર હશે (વિના સજાએ પણ) તે ગુનાહો બખ્શી આપશે. (અલબત્ત, જો તે મુશ્રિક મુસલમાન થઈ જાય તો હવે તે મુશ્રિક જ ન રહ્યો, હવે તેની કાયમી સજા પણ ન રહી) અને (આ શિર્ક મા'ફ ન કરવાનું કારણ એ છે કે) જે વ્યક્તિ અલ્લાહ તઆલા સાથે (કોઈને) ભાગીદાર ઠરાવે છે તે (સચ્ચાઈના કાર્યથી) ઘણો દૂર ગુમરાહીમાં જઈ પડ્યો (અને સચ્ચાઈ એકમાત્ર તવહીદ છે, જે બૌદ્ધિક રીતે પણ સાબિત છે અને સર્જનહારની શ્રેષ્ઠતાને માનવી તેનો હક છે. મુશ્રિકોએં સર્જનહારના આ હકને અદા ન કર્યો એટલા માટે તેઓ સજાના હકદાર બન્યા. એનાથી વિપરીત બીજા ગુનાહો કે, તે ગુમરાહી તો છે જ પરંતુ તે તવહીદના ખિલાફ અને તેનાથી દૂર નથી એટલા માટે તેને મા'ફીના પાત્ર ઠરાવ્યા. જ્યારે શિર્કની જેમ બીજો પ્રકાર કુફ્ર પણ છે તો તે પણ મા'ફી પાત્ર નથી. કારણ કે, તેમાં પણ તવહીદનો ઈન્કાર થાય છે. સર્જનહારની કોઈ બતાવેલી વાતનો ઈન્કાર કરવો કુફ્ર કહેવાય છે. બસ, તેઓ સર્જનહારનો જ ઈન્કાર કરી રહ્યા છે અને અમુક કાફિરો અલ્લાહ તઆલાની જાતના જ ઈન્કારી છે, જ્યારે અમુક કાફિરો તેની અમુક સિફતોના ઈન્કારી છે અને અમુક સિફતો અને તેની જાત બંનેના ઈન્કારી છે અને સર્જનહારની જાતનો અથવા તેની સિફતોનો ઈન્કાર એ તવહીદનો જ ઈન્કાર છે અને તેનાથી દૂર ભટકી જવું છે, બસ કુફ્ર અને શિર્ક મા'ફી પાત્ર નથી. આગળ મુશ્રિકોની મૂર્ખાઈ અને તેમના ધાર્મિક રીતિ–રિવાજને વર્ણન કરવામાં આવે છે). આ (મુશ્રિક) લોકો અલ્લાહ તઆલાને છોડીને (એક તો) ફક્ત અમુક સ્ત્રૈણ (નારીજાતિની) વસ્તુઓની ઈબાદત કરે છે અને (એક) ફક્ત શયતાનની ઈબાદત કરે છે, જે (અલ્લાહ તઆલાના) હુકમની બહાર છે (અને) જેને (આ જઘન્ય કૃત્યના કારણે) અલ્લાહ તઆલાએ પોતાની (ખાસ) રહમતથી દૂર નાંખી દીધો છે અને જેણે (જે સમયે ખાસ રહમતથી દૂર અને ધિક્કારપાત્ર થવા લાગ્યો હતો) એવું કહ્યું હતું (કે, જેનાથી તેની દુશ્મની સ્પષ્ટ જાહેર થઈ રહી હતી) કે હું (સંપૂર્ણ કોશીશ

કરવાનો ઈરાદો રાખું છું કે,) જરૂર તારા બંદાઓ પાસેથી પોતાનો ચોક્કસ હિસ્સો ફરમાંબરદારીનો લઈ લઈશ અને (આ હિસ્સાની વિગત એ છે કે,) હું તેમને (અકીદાઓમાં) ગુમરાહ કરીશ અને હું તેમને (વિચારોમાં) મનેચ્છાઓ(ની ખોટી આશાઓ) અપાવીશ (જેના કારણે તેમનું વલણ ગુનાહો તરફ થઈ જાય અને તેમાં તેમને નુકસાન ન દેખાય) અને હું તેમને (ખરાબ અમલો કરવાની) તા'લીમ આપીશ, જેનાથી તેઓ (મૂર્તિઓના નામ ઉપર) જાનવરોના કાન ચીરશે (અને આ બાબત કુફ્રિય્યહ અમલોમાંથી છે) અને હું તેમને (હજુ પણ વધારે) તા'લીમ આપીશ, જેનાથી તેઓ અલ્લાહની બનાવેલી સૂરતો બગાડી નાંખશે, (અને આ બાબત ફાસિક અમલોમાંથી છે, જેમકે દાઢી મૂંડાવવી, છૂંદણા-ટેટૂ વગેરે ત્રોફાવવા) અને જે વ્યક્તિ અલ્લાહ તઆલાને છોડીને શયતાનને પોતાનો મિત્ર બનાવશે (એટલે કે અલ્લાહ તઆલાની ઈતાઅત ન કરશે અને શયતાનની પૈરવી કરશે) તે (વ્યક્તિ) ખુલ્લા નુકસાન (અને ગુનાહ)માં સપડાયો હશે (અને એ ગુનાહ તેને જહન્નમમાં લઈ જશે) શયતાન તે લોકોને (અકીદાઓ બાબતે જૂઠા) વાયદાઓ કર્યા કરે છે (કે તમે બેફિકર રહો, ન કોઈ હિસાબ થવાનો છે, ન કિતાબ) અને (ખોટી કલ્પનાઓમાં) તેમને મનેચ્છાઓ (અને ખોટી આશાઓ) અપાવે છે (કે આ ગુનાહમાં આવી-આવી મજા છે અને હરામ માધ્યમ દ્વારા આવી-આવી કમાઈ છે, પરંતુ શયતાની અમલોના અસ્તિત્વ અને વાહિયાતપણામાં તેના નુકસાનો પોતે સ્પષ્ટ છે) અને શયતાન તેમને ફક્ત જૂઠા (ધોકાયુક્ત) વાયદા કરે છે (કારણ કે, વાસ્તવમાં હિસાબ અને કિતાબ સત્ય છે અને તેમની મનેચ્છાઓ ફક્ત ધોકો હોવું ઘણું જ જલદી ખબર પડશે અને ખુલ્લું અને જાહેર થઈ જશે) એવા લોકોનું (જેઓ શયતાનના માર્ગે ચાલે છે) ઠેકાણું જહન્નમ છે (અને તેઓ મોટા નુકસાનમાં પડ્યા છે) અને તેઓ તેનાથી (એટલે કે જહન્નમથી) ક્યાંય બચવાની જગ્યા મેળવી નહીં શકે (કે ત્યાં જઈને આશરો લઈ શકે).

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત જિહાદના વર્ણનમાં બધા જ ઈસ્લામના વિરોધીઓ સામેલ છે, પરંતુ અત્યાર સુધીના વર્ણનમાં યહૂદીઓ અને મુનાફિકોની હાલત વર્ણન થઈ હતી અને વિરોધીઓમાં એક જૂથ એટલે કે, અન્યથી મોટું જૂથ મુશ્રિકોનું હતું.

આગળ ઉપર તેમના અમુક અકીદાઓની હાલત અને તેમની ધાર્મિક વિધીઓની ટીકા અને તેની સજાનું વર્ણન બતાવ્યું છે અને આ સ્થળે તેમના માટે એ વધારે યોગ્ય થઈ ગયું. ઉપર જે ચોરીનો કિસ્સો અને વિવાદ વર્ણન કરવામાં આવ્યો છે, તેમાં પણ ઉલ્લેખ છે કે તે ચોર મુર્તદ હતો. બસ, એનાથી તેની કાયમી સજાની પરિસ્થિતિ વિશે જાણ થઈ ગઈ. *(બયાનુલ કુર્આન)*

પ્રથમ આયત اِنَّ اللّٰهَ لَا يَغۡفِرُ اَنۡ يُّشۡرَكَ بِهٖ وَيَغۡفِرُ مَادُوۡنَ ذٰلِكَ لِمَنۡ يَّشَآءُ શરૂઆતમાં સૂરએ નિસાઅ્માં આ શબ્દો સાથે આવી ચૂકી છે, ફરક ફક્ત એટલો છે કે, ત્યાં આયતની પૂર્ણતા ઉપર وَمَنۡ يُّشۡرِكۡ بِاللّٰهِ فَقَدِ افۡتَرٰۤى اِثۡمًا عَظِيۡمًا આવ્યું છે અને અહીંયાં وَمَنۡ يُّشۡرِكۡ بِاللّٰهِ فَقَدۡ ضَلَّ ضَلٰلًاۢ بَعِيۡدًا આવ્યું છે. આ ફરકનું કારણ વિવરણકાર ઈમામોના ખુલાસા પ્રમાણે એ છે કે, જેને સંબોધન કરવામાં આવ્યું છે તે સીધે–સીધા યહૂદીઓ અને અહલે કિતાબ હતા, જેમને તવરાત દ્વારા તવહીદ સત્ય હોવાનું અને શિર્ક બાતિલ હોવાનું તથા રસૂલે કરીમ ﷺ સાચા નબી હોવાનું બધું જ જ્ઞાન હતું અને તેઓને આ બાબતની સંપૂર્ણ ખબર હતી, તે છતાં તેઓ શિર્કમાં પડી ગયા તો જાણે તેમણે પોતાની પ્રવૃત્તિઓથી એવું જાહેર કર્યું કે તવરાતનું પણ આવું જ શિક્ષણ છે, પરંતુ આવી અમલી જાહેરાત ખુલ્લમ–ખુલ્લી અતિશયોક્તિ અને બોહતાન છે. એટલા માટે આ આયતના અંતમાં فَقَدِ افۡتَرٰۤى اِثۡمًا عَظِيۡمًا ઈરશાદ થયો અને બીજી આયતમાં સીધે–સીધા મક્કાના મુશ્રિકોનું વર્ણન કરવામાં આવ્યું હતું, જેમની પાસે આનાથી પહેલાં ન તો કોઈ કિતાબ હતી, ન જ કોઈ પયગમ્બર હતા, પરંતુ તવહીદની સ્પષ્ટ બૌદ્ધિક દલીલો હતી અને પોતાના હાથોથી કંડારેલી મૂર્તિઓને પોતાના મઅ્બૂદ બનાવી લેવા સામાન્ય બુદ્ધિ ધરાવનાર વ્યક્તિ માટે પણ વાહિયાત અને ગુમરાહીની બાબત હતી. એટલા માટે અહીંયાં ઈરશાદ થયો, فَقَدۡ ضَلَّ ضَلٰلًاۢ بَعِيۡدًا

શિર્ક અને કુફ્રની સજા કાયમી છે :

અત્રે અમુક લોકો એવી શંકા કરે છે કે, સજા અપરાધના પ્રમાણમાં હોવી જોઈએ. મુશ્રિકો અને કાફિરોએ જે કુફ્ર અને શિર્કનો અપરાધ કર્યો છે તે એમની ખાસ મર્યાદિત ઉંમર સુધી કર્યો છે, તો તેની સજા અમર્યાદિત અને કાયમી કેમ છે? તેનો જવાબ એ છે કે, કુફ્ર અને શિર્ક કરનારા કારણ કે, તેને ગુનોહ જ નથી સમજતા બલકે નેકી સમજે છે. એટલા માટે તેમના ઈરાદા અને પાકો નિર્ધાર એ

જ હોય છે કે, તેઓ હંમેશા—હંમેશ તેના ઉપર કાયમ રહેશે અને જ્યારે મૃત્યુની છેલ્લી ઘડી સુધી તેના ઉપર અડીખમ રહ્યા, તો પોતાના અધિકારની હદ સુધી તેમણે આ ગુનાહને કાયમી કરી લીધો. એટલા માટે તેની સજા પણ કાયમી છે.

જુલમ (અત્યાચાર)ના ત્રણ પ્રકારો :

જુલમનો એક પ્રકાર એવો છે, જેને અલ્લાહ તઆલા કદી મા'ફ નહીં કરે. બીજો પ્રકાર એવો છે જેમાં મા'ફી થઈ શકશે અને ત્રીજો પ્રકાર એવો છે જેનો અલ્લાહ તઆલા બદલો લીધા વિના નહીં છોડે.

પ્રથમ પ્રકારનો જુલમ શિર્ક છે, બીજો પ્રકારનો જુલમ અલ્લાહના હકોમાં ઉણપ છે અને ત્રીજા પ્રકારનો જુલમ બંદાના હકો (હુકુકૂલ ઈબાદ)ને દબાવવા છે.

(ઈબ્ને કષીર બ હવાલા મુસ્નદે બઝ્ઝાર)

શિર્કની હકીકત :

શિર્કની હકીકત એ છે કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ મખ્લૂકને ઈબાદત અથવા મહોબ્બત અથવા સન્માનમાં અલ્લાહ તઆલાની સમકક્ષ સમજવું. કુર્આને કરીમમાં મુશ્રિકોનું આ વિધાન કે, જે તેઓ જહન્નમમાં પહોંચીને કહેશે, નકલ કર્યું છે,

تَاللّٰهِ اِنۡ كُنَّا لَفِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ ۝ اِذۡ نُسَوِّيۡكُمۡ بِرَبِّ الۡعٰلَمِيۡنَ ۝

"કસમ અલ્લાહ તઆલાની ! અમે ઉઘાડી ગુમરાહીમાં હતા, જ્યારે કે અમે તમને અલ્લાહ રબ્બુલ આલમીન સમકક્ષ ઠરાવી દીધા હતા." (૨૬ : ૯૭-૯૮)

દેખીતું છે કે, મુશ્રિકોનો પણ એ અકીદહ ન હતો કે, અમારા ઘડેલા આ પથ્થરો આ દુનિયાના માલિક અને સર્જનહાર છે, બલકે તેમની બીજી ગેરસમજોની બિના ઉપર તેમણે ઈબાદત અથવા મહોબ્બત અથવા સન્માનમાં તેમને અલ્લાહ તઆલાની સમકક્ષ ઠરાવી રાખ્યા હતા. આ જ તે શિર્ક હતું જેણે તેમને જહન્નમમાં પહોંચાડી દીધા. *(ફત્હુલ મુલહમ فتح الملهم)*

જાણ થઈ કે, અલ્લાહ તઆલાની ખાસ સિફતો જેમકે, ખાલિક (સર્જનહાર), રાઝિક (રોજી આપનાર), કાદિરે મુત્લક (સર્વ શક્તિમાન), આલિમુલ ગયબ વશ્શહાદહ (દરેક દશ્ય અને અદશ્ય બાબતનો જાણકાર) વગેરેમાં કોઈ મખ્લૂકને અલ્લાહના સમકક્ષ સમજવું શિર્ક છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૨૨ થી ૧૨૬)

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ وَعْدَ اللّٰهِ حَقًّا ؕ وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا ﴿۱۲۲﴾ لَيْسَ بِاَمَا
نِيِّكُمْ وَلَآ اَمَانِيِّ اَهْلِ الْكِتٰبِ ؕ مَنْ يَّعْمَلْ سُوْٓءًا يُّجْزَ بِهٖ ۙ وَلَا يَجِدْ لَهٗ مِنْ
دُوْنِ اللّٰهِ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿۱۲۳﴾ وَمَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ مِنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ
مُؤْمِنٌ فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ وَلَا يُظْلَمُوْنَ نَقِيْرًا ﴿۱۲۴﴾ وَمَنْ اَحْسَنُ دِيْنًا
مِّمَّنْ اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ مُحْسِنٌ وَّاتَّبَعَ مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ؕ وَاتَّخَذَ اللّٰهُ
اِبْرٰهِيْمَ خَلِيْلًا ﴿۱۲۵﴾ وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ مُّحِيْطًا ﴿۱۲۶﴾ ع

તરજુમો :

અને જે લોકો ઈમાન લાવ્યા અને સારા અમલ કર્યા, તેમને અમે બગીચાઓમાં દાખલ કરીશું કે જેની નીચે નહેરો વહે છે, તેમાં જ હંમેશા રહ્યા કરે; અલ્લાહનો વાયદો સાચો છે, અને અલ્લાહથી વધારે સાચો કોણ ? (૧૨૨) ન તમારી ઉમ્મીદો ઉપર આધાર છે અને ન અહલે કિતાબની ઉમ્મીદો ઉપર; જે કોઈ બુરું કામ કરશે તેની સજા પામશે, અને અલ્લાહ સિવાય પોતાનો કોઈ હિમાયતી પામશે નહીં અને ન (જ) કોઈ મદદગાર. (૧૨૩) અને જે કોઈ સારા કામો કરે પુરુષ હોય અથવા સ્ત્રી, અને તે ઈમાન રાખતો હોય; બસ, તે લોકો જન્નતમાં દાખલ થશે, અને તેમનો હક માર્યો ન જશે તલ બરાબર (પણ). (૧૨૪) અને તેનાથી ઉત્તમ કોનો દીન જેણે અલ્લાહના હુકમ ઉપર કપાળ (માથું) મૂક્યું, અને નેક કામોમાં લાગેલો છે, અને ઈબ્રાહીમ (અલૈ.)ના દીન ઉપર ચાલ્યો જે એક જ બાજુના હતા, અને અલ્લાહે ઈબ્રાહીમ (અલૈ.)ને નિખાલસ દોસ્ત (ખલીલ) બનાવી લીધા. (૧૨૫) અને અલ્લાહનું જ છે જે કંઈ આસમાનોમાં છે, અને જે કંઈ જમીનમાં છે; અને દરેક વસ્તુ અલ્લાહના કાબૂમાં છે. (૧૨૬)

તફસીર :

અને જે લોકો ઈમાન લાવ્યા અને (તેમણે) સારા કામો કર્યા, અમે તેમને ઘણા જ જલદી એવા બગીચાઓમાં પ્રવેશ આપીશું કે, તેના (મહેલો) નીચે નહેરો વહેતી હશે અને તેમાં તેઓ હંમેશા-હંમેશા રહેશે, અલ્લાહ તઆલાએ એનો વાયદો કર્યો છે અને અલ્લાહ તઆલાથી વધારે કોનું કહ્યું સાચું હશે ? ન તો તમારી તમન્નાઓથી (કામ ચાલે છે અને) ન જ અહલે કિતાબની તમન્નાઓથી (કે, ખાલી પોકળ વાતો જીભથી કહીને પોતાની શ્રેષ્ઠતાનું વર્ણન કરે છે બલકે, આધાર તો અલ્લાહના હુકમોની ઈતાઅત ઉપર છે. બસ,) જે વ્યક્તિ (આજ્ઞાપાલનમાં ઉણપ રાખશે અને) કોઈ બુરું કામ કરશે (ભલે અકીદહથી હોય અથવા અમલથી) તો તેના બદલામાં સજા આપવામાં આવશે (જો તે બુરાઈ કુફના અકીદહ સુધીની છે તો સજા કાયમી અને હંમેશા-હંમેશની છે અને જો તેનાથી ઓછી છે તો સજા હંમેશા માટે નથી) અને તે વ્યક્તિને અલ્લાહ તઆલા સિવાય કોઈ હિમાયતી અને મદદગાર નહીં મળે (કે તેને અલ્લાહના અઝાબથી છોડાવી લે) અને જે વ્યક્તિ કોઈ નેક કામ કરશે, ભલે તે પુરુષ હોય અથવા સ્ત્રી, એ શરતે કે મો'મિન હોય. બસ, આવા લોકો જન્નતમાં પ્રવેશ પામશે અને તેમના ઉપર તલભાર પણ જુલમ કરવામાં નહીં આવે (કે તેમની કોઈ નેકી વ્યર્થ કરવામાં નહીં આવે) અને (ઉપર જે મો'મિન હોવાની શરત લગાવવામાં આવી છે, આ બાબત દરેક ફિરકાને લાગુ નથી પડતી બલકે, તે ફિરકો જેનો દીન અલ્લાહ તઆલા નજીક સ્વીકાર્ય હોવામાં સૌથી શ્રેષ્ઠ છે અને એવો ફિરકો ફક્ત ઈસ્લામને માનનારાઓનો જ છે, જેની દલીલ એ છે કે, તેમનામાં આવી સિફતો છે; સંપૂર્ણ અનુસરણ, ઈખ્લાસ, મિલ્લતે ઈબ્રાહીમ અલૈ.ની પૈરવી અને) આવા વ્યક્તિ(ના દીન)થી વધારે ઉત્તમ કોનો દીન હશે ? જે પોતાનું મુખ અલ્લાહ તઆલા સમક્ષ ઝુકાવી દે (એટલે કે ફરમાંબરદારી અપનાવી હોય, ફક્ત મસ્લિહત જાહેર ન કરી હોય) અને મિલ્લતે ઈબ્રાહીમ (એટલે કે ઈસ્લામ)ની તાબે'દારી કરવી જેમાં જૂઠનું નામો-નિશાન નથી અને (મિલ્લતે ઈબ્રાહીમ અવશ્ય તાબે'દારી કરવા પાત્ર છે, કારણ કે) અલ્લાહ તઆલાએ ઈબ્રાહીમ (અલૈ.)ને પોતાના ખાસ મિત્ર (ખલીલ) બનાવ્યા હતા, (તો દેખીતું છે કે મિત્રના તરીકા ઉપર ચાલનારા પણ મહબૂબ અને સ્વીકૃત બને છે) બસ, ઈસ્લામનો તરીકો સ્વીકૃત બન્યો, બસ ઈસ્લામને પાળનારા

જ મો'મિનનો લકબ કહેવાડવાને લાયક ઠર્યા (અને અન્ય ફિકરકાઓએ ઈબ્રાહીમ અલૈ.ની પૈરવી છોડી દીધી કે તેઓ ઈસ્લામ ન લાવ્યા, એટલા માટે ફક્ત મુસલમાન જ એવા સાબિત થયા કે જેઓનો ફક્ત) ઈમાન(ની તમન્નાઓ) ઉપર સહારો નથી) બલકે તેઓ તાબે'દાર છે, બસ કામ તેનાથી જ ચાલશે અને (અલ્લાહ તઆલાની સંપૂર્ણ ફરમાંબરદારી કરવી તો જરૂરી જ છે કારણ કે, તેની બાદશાહત અને શક્તિ અને તેનું સમગ્ર સૃષ્ટિને ઘેરી રાખનારું જ્ઞાન બંને સંપૂર્ણ છે અને) આ જ કાર્યો ઉપર આધાર છે (ઈતાઅતના વાજિબ હોવાનો; કારણ કે,) અલ્લાહ તઆલાની જ મિલકત છે, જે કંઈ પણ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (આ તો બાદશાહતની વિશેષતા થઈ) અને અલ્લાહ તઆલાએ બધી વસ્તુઓને (પોતાના જ્ઞાનમાં) ઘેરી રાખી છે (આ તેના જ્ઞાનની વિશેષતા થઈ).

મસ્અલા અને બોધપાઠ :

મુસલમાનો અને અહલે કિતાબ વચ્ચે ગર્વિષ્ઠ પ્રકારની વાતચીત :

....لَيْسَ بِاَمَانِيِّكُمْ وَلَآ اَمَانِيِّ اَهْلِ الْكِتٰبِ આ આયતોમાં પ્રથમ એક સંવાદ અને વાતચીતનું વર્ણન છે, જે મુસલમાનો અને અહલે કિતાબ વચ્ચે થઈ હતી અને પછી આ સંવાદની સમીક્ષા કરીને હુકમ આપવામાં આવ્યો છે. બંને પક્ષોને હિદાયતનો સાચો માર્ગ બતાવવામાં આવ્યો છે. અંતે અલ્લાહ તઆલા સમીપ સ્વીકૃત, ઉત્તમ અને શ્રેષ્ઠ હોવાનું એક માપદંડ બતાવવામાં આવ્યું છે, જેને સામે રાખવામાં આવે તો મનુષ્ય ક્યારેય ભૂલ અથવા ગુમરાહીનો શિકાર નહીં બને.

હઝરત કતાદહ (રદિ.) ફરમાવે છે કે, "એક વખતે અમુક મુસલમાનો અને અહલે કિતાબ વચ્ચે ગર્વિષ્ઠ પ્રકારની વાતો થવા લાગી. અહલે કિતાબે કહ્યું કે, અમે તમારા કરતાં ઉત્તમ અને શ્રેષ્ઠ છે, કારણ કે અમારા નબી તમારા નબીથી પહેલાં અને અમારી કિતાબ તમારી કિતાબથી પહેલાં આવી છે. મુસલમાનોએ કહ્યું કે, અમે બધાથી શ્રેષ્ઠ છે, એટલા માટે કે અમારા નબી ખાતમુન્નબિય્યીન (નબીઓના ક્રમમાં અંતિમ નબી) છે અને અમારી કિતાબ અંતિમ કિતાબ છે, જેણે અગાઉની બધી કિતાબોને મન્સૂખ (રદ) કરી દીધી છે, તેના વિશે આ આયત નાઝિલ થઈ." ....لَيْسَ بِاَمَانِيِّكُمْ وَلَآ اَمَانِيِّ اَهْلِ الْكِتٰبِ એટલે કે, ગર્વ કોઈના

માટે પણ શોભાસ્પદ નથી અને ફક્ત વિચારો અને તમન્નાઓ તથા દા'વો કરવાથી કોઈપણ શ્રેષ્ઠ નથી બની જતું, બલકે સમગ્ર આધાર અમલો ઉપર છે, કોઈના નબી અને કિતાબ કેટલા પણ શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાના હોય, પરંતુ તે અનુયાયીઓ ખોટા અમલો કરશે, તો તેની સજા અવશ્ય ભોગવશે કે તેને બચાવનારો પણ કોઈ નહીં મળે.

આ આયત જ્યારે નાઝિલ થઈ તો સહાબએ કિરામ (રદિ.)ને એ બાબત ઘણી કઠોર લાગી. ઈમામ મુસ્લિમ, તિરમિઝી, નસાઈ અને ઈમામ અહમદ (રહ.)એ હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી આ રિવાયત નકલ કરી છે કે, તેમણે ફરમાવ્યું, "જ્યારે આ આયત નાઝિલ થઈ مَنْ يَّعْمَلْ سُوْٓءًا يُّجْزَ بِهٖ એટલે કે, "જે કોઈ બુરાઈ કરશે તેની સજા ભોગવશે." તો અમોને સખત રંજ અને ગમ થયો અને ફિકરમાં પડી ગયા, અમે રસૂલુલ્લાહ ﷺને વિનંતી કરી કે, આ આયતે તો કંઈ જ છોડ્યું નથી, નાની સરખી બુરાઈ પણ થશે તો તેનો બદલો ભોગવવો પડશે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, ચિંતામાં ન પડો અને પોતાની શક્તિ અને ક્ષમતા પ્રમાણે અમલ કરતા રહો, કારણ કે (જે સજાનું અહીંયાં વર્ણન છે, જરૂરી નથી કે, જહન્નમની જ સજા હોય બલકે,) તમને દુનિયામાં જે કંઈ મુસીબત અથવા તકલીફ પડે છે તે તમારા ગુનાહોનો કફ્ફારો અને બુરાઈનો બદલો હોય છે. એટલે સુધી કે, જો કોઈના પગમાં કાંટો વાગી જાય તો તે પણ ગુનાહનો કફ્ફારો છે."

એક રિવાયતમાં છે કે, "મુસલમાનોને દુનિયામાં જે કોઈ પણ ગમ, તકલીફ, બીમારી અથવા ચિંતા થાય છે તે તેના ગુનાહોનો કફ્ફારો બની જાય છે."

જામેઅ્ તિરમિઝી અને તફસીર ઈબ્ને જરીર વગેરેએ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)થી રિવાયત કરી છે કે, "નબીએ કરીમ ﷺએ જ્યારે આ આયત وَمَنْ يَّعْمَلْ سُوْٓءًا يُّجْزَ بِهٖ તેમને સંભળાવી તો તેમના ઉપર એવો અસર થયો, જેમકે કમર તૂટી ગઈ હોય. રસૂલે કરીમ ﷺએ આ અસર જોઈને ફરમાવ્યું, શું વાત છે? તો હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! અમારામાંથી કોણ એવો છે જેણે કોઈ બુરાઈ નથી કરી અને જ્યારે દરેક બુરાઈનો બદલો મળે છે તો અમારામાંથી કોણ બચશે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હે

અબૂબક્ર ! તમે અને તમારા મો'મિન ભાઈ કોઈ ફિકર-ચિંતા ન કરે, કારણ કે દુનિયાની તકલીફો દ્વારા તમારા લોકોના ગુનાહોનો કફ્ફારો થઈ જશે.''

એક રિવાયતમાં છે કે, ''રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, શું તમે બીમાર નથી થતા ? શું તમને કોઈ મુસીબત અને ગમ નથી પહોંચતો ? સિદ્દીકે અકબર (રદિ.)એ વિનમ્રતાથી કહ્યું, બેશક ! બધી વસ્તુઓ પહોંચે છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, બસ, આ જ બદલો છે તમારી બુરાઈઓનો !''

હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની એક હદીષમાં છે, જેને અબૂદાવુદ વગેરેએ રિવાયત કરી છે કે, ''બંદાને જે તાવ અથવા તકલીફ પહોંચે છે અથવા કાંટો વાગે છે, તો એ તેના ગુનાહોનો કફ્ફારો બની જાય છે. એટલે સુધી કે, કોઈ વ્યક્તિ પોતાની કોઈ વસ્તુ એક ખિસ્સામાં શોધે પરંતુ બીજા ખિસ્સામાંથી મળે, આટલી તકલીફથી પણ તેના ગુનાહોનો કફ્ફારો થાય છે.''

ખુલાસો એ છે કે, આ આયતથી મુસલમાનોને પણ આ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, ફક્ત દા'વાઓ અને તમન્નાઓમાં ન રાચો બલકે, અમલની ચિંતા કરો. કારણ કે, સફળતા ફક્ત એ નથી કે તમે ફલાણા નબી અથવા ફલાણા કિતાબના નામ લેનારા છો ! બલકે, અસલી સફળતા તેમાં છે કે, તેમના ઉપર સહીહ ઈમાન અને તેમના બતાવ્યા પ્રમાણે નેક અમલોના પાબંદ રહો. ઈરશાદ છે, وَمَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ مِنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ وَلَا يُظْلَمُوْنَ نَقِيْرًا ''જે પુરુષ અથવા સ્ત્રી નેક અમલ કરે એ શરતે કે, આ અમલની સાથે ઈમાન પણ હોય તો અવશ્ય જન્નતમાં જશે અને તેમના અમલોનો બદલો પૂરે-પૂરો મળશે, જેમાં જરા પણ કમી કરવામાં નહીં આવે,'' એમાં ઈશારો એ ફરમાવ્યો છે કે, અહલે કિતાબ અથવા બીજા ગેરમુસ્લિમો જો તેમના અમલો નેક પણ હોય તો તેમનું ઈમાન સહીહ ન હોવાના કારણે તેમના આ અમલો સ્વીકાર્ય નથી અને મુસલમાનોનું કારણ કે, ઈમાન પણ સહીહ છે અને અમલો પણ નેક છે એટલા માટે તેઓ સફળ છે અને અન્યો કરતાં શ્રેષ્ઠ છે.

અલ્લાહ તઆલા નજીક સ્વીકૃતીનું એક માપદંડ :

ત્રીજી આયતમાં શ્રેષ્ઠતા અને અલ્લાહ તઆલા નજીક સ્વીકૃત હોવાનું

માપદંડ બતાવવામાં આવ્યું, જેમાં એ બાબતનો સાચો ફેંસલો થઈ શકે છે કે, કોણ સ્વીકૃત છે અને કોણ ધિક્કારપાત્ર ! આ માપદંડના બે વિભાગો છે, તેમાં જો એકમાં પણ ગરબડ થાય તો બધા પ્રયત્નો બેકાર અને વ્યર્થ થઈ જાય છે અને જો વિચાર કરવામાં આવે તો દુનિયામાં જ્યાં પણ કોઈ ગુમરાહી અથવા દુષ્કૃત્યો છે ત્યાં આ જ બે વિભાગોમાંથી કોઈ એક વિભાગમાં ગરબડ પૈદા થઈ ગઈ હોવાના કારણે છે. મુસલમાનો અને ગેરમુસ્લિમોમાં સરખામણી કરવામાં આવે અથવા પોતે મુસલમાનોના ફિરકાઓ, જૂથો અને પાર્ટીઓમાં મુકાબલો કરીએ તો જાણ થશે કે, આ જ બે મુદ્દા છે જેમાંથી કોઈ એક ઉપરથી હટી જવું પણ માણસને અપમાન અને ઝિલ્લતના ખાડામાં ફેંકી દે છે. ઈરશાદ છે, وَمَنْ اَحْسَنُ دِيْنًا مِّمَّنْ اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ مُحْسِنٌ وَّ اتَّبَعَ مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ط એટલે કે, તે વ્યક્તિથી ઉત્તમ કોઈનો દીન નથી હોઈ શકતો, જેમાં બે વાતો જોવા મળે. એક اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ એટલે કે, પોતાની જાતને અલ્લાહને સોંપી દે, રિયાકારી (દેખાડો) અથવા દુનિયા બનાવવા માટે નહીં બલકે, ઈખ્લાસ સાથે અલ્લાહને રાજી કરવા માટે અમલ કરે.

અને બીજું وَهُوَ مُحْسِنٌ એટલે કે, "તે અમલ પણ સીધા માર્ગે કરે," ઈમામ ઈબ્ને કષીર (રહ.) પોતાની તફસીરમાં ફરમાવે છે કે, "સાચી પદ્ધતિ ઉપર અમલ કરવાનો અર્થ એ છે કે, તેનો અમલ ફક્ત પોતે બનાવેલ પદ્ધતિ પ્રમાણે ન હોય બલકે, શરીઅતે મુતહ્હરહના બતાવેલા તરીકા ઉપર હોય. અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺની તા'લીમ પ્રમાણે હોય."

આ બાબતથી જાણ થઈ કે, અલ્લાહ તઆલા નજીક કોઈપણ અમલ સ્વીકાર્ય હોવાની બે શરતો છે. એક ઈખ્લાસ અને બીજું અમલને સાચી રીતે એટલે કે, શરીઅત અને સુન્નત પ્રમાણે કરવામાં આવે. આ બંને શરતોમાંથી પ્રથમ શરત ઈખ્લાસનો સંબંધ માણસના બાતિન (અંતરાત્મા) અને દિલ સાથે છે અને બીજી શરત એટલે કે, શરીઅત પ્રમાણે હોવાનો સંબંધ માણસના જાહેર સ્વરૂપ ઉપર છે. જ્યારે આ બંને શરતો કોઈ વ્યક્તિ પૂરી કરી લે તો તેનું બાહ્ય સ્વરૂપ અને આંતરિક સ્વરૂપ દુરુસ્ત થઈ ગયું અને જ્યારે તેમાંથી કોઈ શરત છૂટી ગઈ તો અમલ વ્યર્થ થઈ ગયો. ઈખ્લાસ ન રહ્યો તો તે અમલી મુનાફિક બની ગયો અને શરીઅતની તાબે'દારી છૂટી ગઈ તો તે ગુમરાહ થઈ ગયો.

કૌમોની ગુમરાહી (સીધા માર્ગથી ભટકવા)નું કારણ ઇખ્લાસ અને અમલની સુધારણાનો અભાવ છે :

કૌમો અને ધર્મોના ઈતિહાસ ઉપર નજર નાંખો તો જાણ થશે કે, જેટલા પણ માર્ગ ભટકેલ ફિરકાઓ અને કૌમો દુનિયામાં છે, તે કોઈનામાં ઈખ્લાસ નથી, કોઈનામાં સાચો અમલ નથી. આ જ બે જૂથો છે જેનું વર્ણન સૂરએ ફાતિહામાં "સિરાતે મુસ્તકીમ"થી હટી જવાના બારામાં مَغْضُوبِ عَلَيْهِمْ અને ضَآلِّيْنَ ના શબ્દો દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. مَغْضُوبِ عَلَيْهِمْ તે લોકો છે જેમનામાં ઈખ્લાસ નથી અને ضَآلِّيْنَ તે લોકો છે જેમનો અમલ દુરુસ્ત નથી. પ્રથમ જૂથ મનેચ્છાઓનો શિકાર છે અને બીજું જૂથ શંકાઓનો !

પ્રથમ શરત એટલે કે, ઈખ્લાસની જરૂરત અને એના ન હોવાના સ્વરૂપમાં અમલનું બેકાર થવું તો સામાન્ય રીતે બધા સમજે છે, પરંતુ સારા અમલો એટલે કે, શરીઅતની તાબે'દારીની શરત ઉપર ઘણા મુસલમાનો ધ્યાન નથી આપતા. એવું સમજે છે કે, નેક અમલોને જેવી રીતે ચાહો કરી લો, જ્યારે કે કુર્આને કરીમે અને સુન્નતે સ્પષ્ટતા કરી દીધી છે કે, નેક અમલો ફક્ત નબીએ કરીમ ﷺની તા'લીમ અને તેમની સુન્નતની તાબે'દારી ઉપર અવલંબિત છે, તેનાથી ઓછો અમલ કરવો પણ ગુનોહ છે અને તેને વધારી લેવું પણ ગુનોહ છે. જે પ્રમાણે ઝુહ્રની ચાર રકા'તના બદલે ત્રણ રકા'ત નમાઝ પઢવી ગુનોહ છે એ જ પ્રમાણે પાંચ રકા'ત પઢવી પણ ગુનોહ છે. કોઈપણ ઈબાદતમાં જે શરત અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺએ લગાવી છે, તેમાં પોતાના તરફથી શરતોમાં વધારો કરવો અથવા રસૂલે કરીમ ﷺની બતાવેલી પદ્ધતિથી અલગ સ્વરૂપ અને તરીકો અપનાવવો આ બધું નાજાઇઝ અને નેક અમલો વિરુદ્ધ બાબત છે. ભલે દેખાવમાં તે ગમે તેટલો સારો અમલ કેમ ન લાગતો હોય ! બિદ્અતો અને નાપાકીઓ જેને રસૂલે કરીમ ﷺએ ગુમરાહી ઠરાવી છે અને તેનાથી બચવાની તાકીદ અને હિદાયતો કરી છે; આ બધું આ જ પ્રકારમાંથી છે, અજ્ઞાની વ્યક્તિ તેને સંપૂર્ણ ઈખ્લાસ સાથે અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺની ખુશી પ્રાપ્ત કરવા તથા ઈબાદત અને સવાબ સમજી કરતો રહે છે પરંતુ શરીઅતે મુહમ્મદી ﷺમાં તેનો આ અમલ વ્યર્થ અને બેકાર છે અને ગુનાહનું કારણ બને છે. એ જ કારણે કુર્આને કરીમે વારંવાર નેક અમલો એટલે કે, સુન્નતે રસૂલની તાબે'દારી

કરવાની તાકીદ ફરમાવી. સૂરએ મુલ્કમાં છે, لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا અહીંયાં اَحْسَنُ عَمَلًا (અહ્‌સનુ અમલા) ફરમાવ્યું, અને اَكْثَرُ عَمَلًا (અકષરુ અમલા) ન ફરમાવ્યું. એટલે કે, વધારે અમલ કરવાનું વર્ણન કર્યું નથી, બલકે, સારા અમલ કરવાનું વર્ણન કર્યું છે અને સારો અમલ તે જ છે જે રસૂલુલ્લાહ ﷺની સુન્નત પ્રમાણે થયો હોય.

કુર્આને કરીમમાં એક બીજી આયતમાં આ જ નેક અમલો (કર્મો) અને સુન્નતની તાબે'દારીને આ શબ્દોમાં ઓળખાવી છે. وَمَنْ اَرَادَ الْاٰخِرَةَ وَسَعٰى لَهَا سَعْيَهَا એટલે કે, પ્રયત્નો અને અમલ તે લોકોના જ સ્વીકાર્ય છે જેમની નિય્યત પણ ખાલિસ આખિરતની હોય અને જેમના પ્રયત્નો પણ યોગ્ય દિશામાં હોય અને એ પ્રમાણે હોય જે પ્રમાણે રસૂલે કરીમ ﷺએ પોતાની ઉમ્મતને પોતાના હુકમો અને અમલ દ્વારા બતાવ્યા છે. એનાથી હટીને જો પ્રયત્નોમાં ઉણપ રહી જાય અથવા વધારે થાય તો એ બંને વસ્તુઓ યોગ્ય પ્રયત્નો નથી અને યોગ્ય પ્રયત્નો તે જ છે જેનું બીજું નામ હુસ્ને અમલ (નેક અમલો) છે, જે આ આયતમાં પ્રસ્તુત થયા છે.

ખુલાસો :

ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલા નજીક કોઈ અમલ સ્વીકાર્ય હોવાની બે શરતો છે. એક, ઈખ્લાસ અને બીજું, હુસ્ને અમલ અને હુસ્ને અમલ સુન્નતે રસૂલ ﷺની તાબે'દારી કરવાનું નામ છે. એટલા માટે ઈખ્લાસની સાથે હુસ્ને અમલ કરનારા લોકોની એ ફરજ છે કે, અમલ કરતા પહેલાં જાણી લે કે, રસૂલુલ્લાહ ﷺએ આ અમલ કેવી રીતે કર્યો છે ? અને તેના વિશે શું માર્ગદર્શન આપ્યું છે ? અમારા જે અમલો સુન્નત તરીકાથી હટી ગયા હશે તો તે સ્વીકાર્ય નહીં થાય. નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, સદકહ, ખયરાત અને અલ્લાહનો ઝિક્ર તથા દુરૂદો સલામ બધામાં આ જ કાળજી રાખવી જરૂરી છે કે, રસૂલે કરીમ ﷺએ આ અમલને કેવી રીતે કર્યો હતો ? અને કેવી રીતે કરવાનો હુકમ કર્યો છે ? છેલ્લી આયતમાં ઈખ્લાસ અને નેક અમલોનું એક ઉદાહરણ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું રજૂ કરીને તેમની તાબે'દારીનો હુકમ આપવામાં આવ્યો, وَاتَّخَذَ اللّٰهُ اِبْرٰهِيْمَ خَلِيْلًا ફરમાવીને એ બાજુ ઈશારો કરી આપ્યો કે, હઝરત ખલીલ (અલૈ.)નું ઉચ્ચ સ્થાન

એ જ કારણે છે કે, તેઓ નિખાલસ પણ હતા અને ઉચ્ચ કક્ષાનું સ્થાન પણ ધરાવતા હતા અને તેમના અમલ (કર્મો) પણ અલ્લાહ તબારક વ તઆલાના હુકમ પ્રમાણે સહીહ અને દુરુસ્ત હતા.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૨૭ થી ૧૩૦)

وَيَسْتَفْتُونَكَ فِي النِّسَاءِ ۖ قُلِ اللَّهُ يُفْتِيكُمْ فِيهِنَّ وَمَا يُتْلَىٰ عَلَيْكُمْ فِي
الْكِتَابِ فِي يَتَامَى النِّسَاءِ اللَّاتِي لَا تُؤْتُونَهُنَّ مَا كُتِبَ لَهُنَّ وَتَرْغَبُونَ أَنْ
تَنْكِحُوهُنَّ وَالْمُسْتَضْعَفِينَ مِنَ الْوِلْدَانِ وَأَنْ تَقُومُوا لِلْيَتَامَىٰ بِالْقِسْطِ ۚ
وَمَا تَفْعَلُوا مِنْ خَيْرٍ فَإِنَّ اللَّهَ كَانَ بِهِ عَلِيمًا ﴿١٢٧﴾ وَإِنِ امْرَأَةٌ خَافَتْ مِنْ بَعْلِهَا
نُشُوزًا أَوْ إِعْرَاضًا فَلَا جُنَاحَ عَلَيْهِمَا أَنْ يُصْلِحَا بَيْنَهُمَا صُلْحًا ۚ وَالصُّلْحُ خَيْرٌ ۗ
وَأُحْضِرَتِ الْأَنْفُسُ الشُّحَّ ۚ وَإِنْ تُحْسِنُوا وَتَتَّقُوا فَإِنَّ اللَّهَ كَانَ بِمَا تَعْمَلُونَ
خَبِيرًا ﴿١٢٨﴾ وَلَنْ تَسْتَطِيعُوا أَنْ تَعْدِلُوا بَيْنَ النِّسَاءِ وَلَوْ حَرَصْتُمْ ۖ فَلَا تَمِيلُوا
كُلَّ الْمَيْلِ فَتَذَرُوهَا كَالْمُعَلَّقَةِ ۚ وَإِنْ تُصْلِحُوا وَتَتَّقُوا فَإِنَّ اللَّهَ كَانَ
غَفُورًا رَحِيمًا ﴿١٢٩﴾ وَإِنْ يَتَفَرَّقَا يُغْنِ اللَّهُ كُلًّا مِنْ سَعَتِهِ ۚ وَكَانَ اللَّهُ وَاسِعًا حَكِيمًا ﴿١٣٠﴾

તરજુમો :

અને તમારી પાસે સ્ત્રીઓના નિકાહની રજા માંગે છે, કહી આપો ! તમને તેમની પરવાનગી આપે છે અને તે જે તમને કુર્આનમાં સંભળાવવામાં આવે છે, બસ તે યતીમ સ્ત્રીઓનો હુકમ છે જેમને તમે નથી આપતા જે તેમના માટે નક્કી કર્યું છે, અને ઇચ્છો છો કે તેમને નિકાહમાં લઈ આવો અને "મુસ્તદ્અફીન" (અશક્ત) બાળકોનો હુકમ છે; અને એ કે યતીમોના હકમાં ઇન્સાફ ઉપર કાયમ રહો અને જે ભલાઈ કરશો, બસ તે અલ્લાહને ખબર છે. (૧૨૭) અને જો કોઈ સ્ત્રી પોતાના પતિના લડવા (કજિયા-કંકાસ)થી

ડરે અથવા (તેના) જીવ (મન) ભરાઈ જવાથી; તો બંને ઉપર કંઈ ગુનોહ નથી કે પરસ્પર કોઈ રીતે સુલેહ કરી લે, અને સુલેહ ભલી વસ્તુ છે અને દિલોની સામે (માનવ સ્વભાવમાં) લાલચ મોજૂદ છે, અને જો તમે નેકી (ભલાઈ) કરો અને પરહેઝગારી કરો (અલ્લાહથી ડરો) તો અલ્લાહને તમારા બધા કામોની ખબર છે. (૧૨૮) અને તમે કદાપિ સ્ત્રીઓ વચ્ચે (સાચી) સમાનતા રાખી શકશો નહીં, ભલે તેની હિરસ (તમન્ના) કરો, બસ (એક પક્ષે એવા) બિલકુલ ન ઢળી જાઓ કે એક સ્ત્રીને જાણે કે અદ્ધર લટકતી રાખો, અને જો સમાધાન કરતા રહો અને પરહેઝગારી કરતા રહો તો અલ્લાહ મહાન બખ્શનાર મહેરબાન છે. (૧૨૯) અને જો બંને અલગ (છૂટા) થઈ જાય તો અલ્લાહ પોતાની વિશાળતા (સામર્થ્ય) વડે દરેકને બેપરવા કરી દેશે, અને અલ્લાહ વિશાળતાવાળો (સમર્થ) તદ્‌બીરવાળો (હકીમ) છે. (૧૩૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

શરૂઆતની આયતમાં યતીમો અને સ્ત્રીઓના ખાસ હુકમો અને તેમના અધિકારો અદા કરવા વાજિબ હોવાનું વર્ણન હતું. કારણ કે, અજ્ઞાનતાના યુગમાં ઘણા લોકો તેમને વારસો જ આપતા ન હતા, અમુક લોકો જે માલ તેમને વારસામાં અથવા અન્ય કોઈ રીતે મળતો હતો તેને નાજાઈઝ પદ્ધતિથી ખાઈ જતા હતા અને અમુક તેમની સાથે નિકાહ કરીને તેમને પૂરી મહર પણ આપતા ન હતા. ઉપરોક્ત વર્ણનમાં આ બધી ખરાબીઓ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો, એ બાબતે અમુક ઘટનાઓ ઘટી. અમુકે તો એવો વિચાર કર્યો કે, સ્ત્રીઓ અને બાળકો વ્યક્તિગત રીતે વારસાના અધિકારી જ નથી, કોઈ સમયે મસ્લિહતના કારણે આ હુકમ અમુક લોકો માટે થઈ ગયો છે. આશા છે કે, કદાચ રદ થઈ જાય! અને અમુક લોકો એવી રાહ જોવા લાગ્યા, પરંતુ જ્યારે આ હુકમ રદ ન થયો ત્યારે તેમણે એ મશ્વરો કર્યો કે, પોતે રસૂલુલ્લાહ ﷺને પૂછવું જોઈએ અને તેઓએ રસૂલુલ્લાહ ﷺની સેવામાં ઉપસ્થિત થઈને આ વિશે પૂછ્યું. ઇબ્ને જરીરે અને ઈબ્નુલ મંઝરે આ આયતનો સબબે નુઝૂલ (આયત ઊતરવાનું કારણ) આ જ સવાલ હોવાનું વર્ણન કર્યું છે અને ત્યાર પછીની આયતોમાં સ્ત્રીઓ વિશે અમુક અન્ય મસ્અલાઓ વર્ણન કરવામાં આવ્યા છે. *(બયાનુલ કુર્આન)*

તફસીર :

અને જે લોકો તમને સ્ત્રીઓ(ના વારસા અને મહર) વિશે હુકમ પૂછે છે, આપ (ﷺ) ફરમાવી આપો કે, અલ્લાહ તઅલાએ તમને તેમના વિશે (તે જ પાછલો) હુકમ આપ્યો છે અને તે આયતો પણ (તમને હુકમ આપે છે) કે જે (તેનાથી પહેલાં નાઝિલ થઈ ચૂકી છે અને) કુર્આનની અંદર તમને પઢીને સંભળાવવામાં આવે છે (કારણ કે કુર્આનની તિલાવતમાં તે આયતોની તિલાવત પણ દેખીતું છે કે, થયા જ કરતી હતી) કે જે તે યતીમ સ્ત્રીઓ વિશે (નાઝિલ થઈ ચૂકી) છે, જે(ની સાથે તમારો આ વ્યવહાર છે કે, જો તે પૈસાદાર અને ખૂબસૂરત હોય તો તમે તેનાથી નિકાહ કરો છો, પરંતુ) તેમને (શરીઅત પ્રમાણે) તેમનો હક (વારસો અથવા મહરનો) નક્કી છે તે નથી આપતા અને (જો તે ખૂબસૂરત ન હોય, ફક્ત માલદાર હોય તો) તેમની સાથે (ખૂબસૂરત ન હોવાના કારણે) નિકાહ કરવાથી નફરત કરો છો (પરંતુ માલદાર હોવાના કારણે એ ડરથી કે, ક્યાંક આ માલ અન્ય સ્થળે ન ચાલ્યો જાય, જેથી અન્ય કોઈની સાથે નિકાહ કરવા દેતા નથી) અને (જે આયતો કે) કમજોર બાળકોના વિશે અને (જે આયતો કે) એ વિશે (છે) કે યતીમોની (બધી) કાર્યવાહી (સામાન્ય રીતે તેમની મહર અથવા વારસા સંબંધી હોય અથવા અન્ય કોઈ બાબત વિશે) ન્યાયની સાથે કરો (આ પાછલી આયતોના વિષય વિશે હુકમ થયો, બસ તે આયતો પોતાના વિષયમાં હવે તમારી જવાબદારી વાજિબ કરી રહી છે અને તેનો હુકમ જેવો છે એવો જ બાકી રાખવામાં આવ્યો છે, હવે તમે તે પ્રમાણે અમલ કરો) અને જે નેક કામ કરશો (સ્ત્રીઓ વિશેના હુકમમાં અથવા અન્ય હુકમો પૂરા કરીને તો) નિઃશંક ! અલ્લાહ તઆલા ખૂબ જાણનારો છે, (તમને તેનો સારો બદલો આપશે અને અલ્લાહ જે નેક કામો નથી તેને પણ જાણે છે પરંતુ અત્રે ભલાઈનું પ્રોત્સાહન આપવાનો હેતુ છે, એટલા માટે આવું વિશેષ સ્વરૂપે કહેવામાં આવ્યું) અને જો કોઈ સ્ત્રીને (ચોક્કસ અનુમાન હોય કે) પોતાના પતિથી ચોક્કસ એવી બદ્દિમાગી (કજિયા-કંકાસ)ની સંભાવના હોય અથવા બેપરવાહી (અને બેરુખી-અવગણના)નો ડર હોય, બસ (એવી પરિસ્થિતિમાં) બંનેને એ બાબતમાં કોઈ ગુનોહ નથી કે તેઓ બંને પરસ્પર એક ખાસ પદ્ધતિથી સુલેહ કરી લે (એટલે કે, સ્ત્રી પોતાના એવા પતિની પાસે રહેવા ઇચ્છે જે સંપૂર્ણ હક અદા કરવા

ઈચ્છતો નથી, એટલા માટે તેને તે છોડી દેવા ઈચ્છે છે તો સ્ત્રી માટે જાઈઝ છે કે, પોતાના અમુક હકોને છોડી દે, દાખલા તરીકે, ભરણ-પોષણ મા'ફ કરી દે અથવા તેનું પ્રમાણ ઓછું કરી દે અથવા પોતાનો વારો મા'ફ કરી દે, જેથી તે છોડી ન દે અને પતિ માટે પણ જાઈઝ છે કે તેની મા'ફીનો સ્વીકાર કરી લે) અને (વિવાદ અથવા કજિયામાં તો) આ સુલેહ (જ) ઉત્તમ છે અને (આવી સુલેહ કરવી કંઈ મુશ્કેલ વાત નથી કારણ કે, માનવ) સ્વભાવ (સ્વાભાવિક રીતે) લાલચની સાથે જોડાયેલ હોય છે. (જ્યારે તેની લાલચ પૂરી થઈ જાય છે તો તે રાજી થઈ જાય છે, બસ જ્યારે પતિ જોશે કે મને આર્થિક અને શારીરિક આઝાદીમાં કોઈ સ્વાભાવિક રીતે નુકસાન નથી અને મફતમાં પત્ની મળે છે તો તે કદાચ તેને પોતાના નિકાહમાં જ રાખવા તૈયાર થઈ જશે અને પત્નીની નિકાહમાં રહેવાની લાલચ ભલે ગમે તેના લીધે હોય, દેખીતું છે કે સુલેહનું તે જ મૂળ કારણ છે. બસ, બંને પક્ષે એક ખાસ પ્રકારના લાભની પૂર્ણતા થઈ ગઈ અને એટલે તેમણે સુલેહ કરી લીધી) અને (હે પુરુષો !) જો તમે (પોતે સ્ત્રીઓ સાથે) સારો વર્તાવ રાખો (અને તેમના હકો મા'ફ કરાવવાના ઈચ્છુક ન હોવ) અને તેમની સાથે (ખોટો વર્તાવ અને નિરસતા દાખવવાથી) બચતા રહો તો (તમને સવાબ મળશે કારણ કે,) નિઃશંક ! અલ્લાહ તઆલા તમારા આ'માલોની સારી રીતે ખબર રાખે છે (અને નેક અમલો ઉપર સવાબ આપ્યા કરે છે) અને (સ્વાભાવિક રીતે) તમારાથી એવું તો કદી નહીં થઈ શકે કે બધી પત્નીઓમાં (દરેક રીતે) સમાનતા રાખો (એટલે સુધી કે તમારા દિલની આકર્ષણના વલણમાં પણ) બસ, (આ સમાનતાને તમે ગમે એટલી ઈચ્છા કરો અને તમે ગમે એટલા પ્રયત્નો કરો પરંતુ કારણ કે, દિલનું વલણ અનિચ્છાવર્તી એટલે કે કાબૂ બહાર હોય છે, એટલા માટે તે તમારા કાબૂ બહારની વાત છે. બસ, જે સ્વાભાવિક રીતે તમારા કાબૂમાં નથી તેમાં પણ જો કદાચ તમે સમાનતા રાખો તો આ આયતથી તેનો નકાર કરવાનો હેતુ નથી. મતલબ કે, જ્યારે તમારા અધિકારમાં નથી તો તમે તેના માટે જવાબદાર પણ નથી પરંતુ આ અનિચ્છાવર્તી હોવાના કારણથી એ જરૂરી નથી હોતું કે, જાહેર હકોમાં પણ સમાનતા અપનાવવામાં ન આવે. બલકે, તે તો ઈચ્છાવર્તી છે અને જ્યારે તે તમારા કાબૂમાં છે) તો (તમારા ઉપર વાજિબ છે કે,) તમે બિલકુલ એક જ પક્ષે ન ઢળી જાઓ (બિલકુલનો મતલબ એ છે કે, તમારા

બાતિનથી પણ જેમાં તમે અશક્ત હતા અને બાહ્ય રીતે પણ જેમાં તમે અધિકાર ધરાવો છો, એટલે કે શરીઅતના હકો અદા કરવામાં વાંધા-વચકા ન કરો) જેનાથી તે (મઝલૂમા)ને એવું કરો કે જેના કારણે તે ન આ બાજુ, ન તે બાજુ (એટલે કે અધવચ્ચે) લટકતી હોય (એટલે ન તો તેનાં હકો અદા કરવામાં આવે કે તેને પતિવાળી સ્ત્રી સમજવામાં આવે અને ન જ તેને તલાક આપવામાં આવે કે તેને પતિ વિનાની સમજવામાં આવે. બલકે, રાખો તો એવી રીતે રાખો) અને (રાખવાના સ્વરૂપમાં જો ભૂતકાળના સમયમાં કોઈ નાપસંદ વ્યવહાર તેની સાથે કરવામાં આવ્યો) જો (આ વ્યવહારમાં અત્યારે) સુધારણા કરી લો અને (આવનાર સમયમાં આવા વ્યવહારથી) બચતા રહો તો (તે પાછલા વ્યવહાર મા'ફ કરવામાં આવશે કારણ કે,) નિઃશંક ! અલ્લાહ તઆલા મોટો બખ્શનાર (અને) મોટો રહમ કરનાર છે. (કારણ કે, સુલેહ દ્વારા બંને પક્ષે હુકૂકુલ ઈબાદ મા'ફ કરાવી લેવામાં આવે છે અને સુલેહ હુકૂકુલ ઈબાદનું મા'ફ કરવાનું જ કામ છે. બસ, સુલેહમાં આ મા'ફી પણ આવી ગઈ. આવું કરવાથી શરઈ દષ્ટિએ તવબહ પણ સહીહ થઈ ગઈ કે હવે હુકૂકુલ ઈબાદ પણ બાકી નથી, તો હવે આવી તવબહ સ્વીકાર્ય થઈ જશે) અને જો બંને પતિ-પત્ની(માં કોઈપણ રીતે મેળ બેસતો નથી અને બંને) જુદા થઈ જાય (એટલે કે તલાક અથવા ખુલાઅ્ થઈ જાય) તો (કોઈ તેમનામાંથી ભલે પુરુષનો અત્યાચાર છે અથવા તો પત્નીનો વાંક છે, તો એવું ન સમજે કે બંનેને એકબીજા વિના ચાલી જ નહીં શકે. કારણ કે,) અલ્લાહ તઆલા પોતાની ઉદારતાથી (અને કુદરતથી) બંનેને (દરેકને એકબીજાથી) બેપરવા કરી દેશે (એટલે કે દરેકના જરૂરી કામ, એકબીજા વિના ચાલી જશે) અને અલ્લાહ તઆલા ઘણો ઉદાર અને મોટો હિકમતવાળો છે (કે દરેકને તેનો યોગ્ય માર્ગ કાઢી આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

લગ્નજીવન સંબંધિત કુર્આનના અમુક માર્ગદર્શનો :

وَاِنِ امْـرَاَةٌ خَافَتْ مِنْۢ بَعْلِهَا (اِلٰی قَوْلِهٖ) وَاسِـعًا حَكِيْمًا આ ત્રણ આયતોમાં અલ્લાહ તઆલાએ લગ્નજીવનના અમુક કડવા-મીઠા પાસાંઓ વિશે માર્ગદર્શન આપ્યું છે, જેનો આ લાંબી જિંદગીના વિવિધ સમયમાં દરેક પતિ-પત્નીને ક્યારેક

તો સામનો કરવો જ પડતો હોય છે, તે છે પરસ્પર મનદુઃખ, તનાવ વગેરે. આ એવી વસ્તુઓ છે કે, એના ઉપર સાચા સિદ્ધાંતો હેઠળ કાબૂ મેળવવાનો પ્રયત્ન કરવામાં ન આવે તો એનાથી ફક્ત પતિ-પત્ની માટે જ દુનિયા જહન્નમ નહીં બને પરંતુ ઘણી વખતે આ ઘરેલુ મનદુઃખ કુટુંબો અને ખાનદાનોમાં પરસ્પર લડાઈ, ઝઘડા, ખૂનામરકી સુધીની નોબત પહોંચાડી દે છે. કુર્આને કરીમમાં સ્ત્રી-પુરુષ બંનેની બધી જ ભાવનાઓ અને લાગણીઓને નજર સમક્ષ રાખી દરેક પક્ષને એક એવી જીવન વ્યવસ્થા બતાવવામાં આવી છે કે, જેના ઉપર અમલ કરવાના પરિણામે મનુષ્યનું ઘર ચોક્કસ દુનિયામાં જ જન્નત બની જશે. ઘરમાં ઊભી થયેલી કડવાશ મહોબ્બત અને રાહતમાં પરિવર્તિત થઈ જશે અને જો અનિવાર્ય સંજોગો ઉપસ્થિત થાય અને છૂટા થવાની નોબત પણ આવી જાય તો પણ સારી રીતે એકબીજા સાથે ભલો વર્તાવ કરી છૂટા પડવાનું છે. સંબંધ વિચ્છેદ પણ એવી રીતે થાય કે અદાવત, દુશ્મની, એકબીજાને તકલીફ આપવાની વૃત્તિ વગેરે બાબતો પોતાની પાછળ છોડી ન જાય.

આયત નં. ૧૨૮ આવી પરિસ્થિતિ વિશે છે, જેમાં અનિચ્છાએ પતિ-પત્ની વચ્ચે સંબંધોમાં તાણ ઊભી થઈ જાય ત્યારે બંને પક્ષને પોતાની જગ્યાએ મા'ઝૂર સમજવામાં આવે અને પરસ્પર કડવાશના કારણે એવી શંકા થઈ જાય કે, પરસ્પર એકબીજાના હકો અદા કરવામાં ઉણપ રહી જશે, જેમકે કોઈ પતિનું તેની પત્નીથી દિલ નથી મળતું અને આ દિલ ન મળવાના કારણો દૂર કરવાનો સ્ત્રીના હાથમાં અધિકાર નથી. દાખલા તરીકે, પત્ની કદરૂપી છે અથવા વૃદ્ધ છે અને પતિ ખૂબસૂરત છે તો દેખીતું છે કે ન તો તેમાં પુરુષનો કોઈ કુસૂર છે અને ન જ પુરુષને ગુનેહગાર સમજી શકાય છે.

એટલા માટે આ આયતના શા'ને નુઝૂલમાં આ જ પ્રકારના અમુક પ્રસંગો મઝહરી વગેરેએ નકલ કર્યા છે. આવી પરિસ્થિતિમાં પુરુષ માટે તો એક સામાન્ય નિયમ કુર્આને કરીમે આ બતાવ્યો કે, فَاِمْسَاكٌ بِمَعْرُوْفٍ اَوْتَسْرِيْحٌ بِاِحْسَانٍ (૨:૨૨૯) તે સ્ત્રીને નિયમ પ્રમાણે રાખવી હોય તો તેના પૂરા હકો અદા કરીને રાખો અને જો તેની શક્તિ ન હોય તો તેને ભલાઈથી સદ્‌વર્તન કરી સ્વતંત્ર કરી આપો, હવે આ સ્ત્રી પણ આઝાદ થવા માટે તૈયાર છે તો મા'મલો ચોખ્ખો થઈ

ગયો કે, સંબંધનો વિચ્છેદ પણ સારી રીતે સારા વાતાવરણમાં થઈ જશે. પરંતુ આવી પરિસ્થિતિમાં સ્ત્રી કોઈ કારણથી આઝાદી નથી ઈચ્છતી, ભલે તે પોતાની ઔલાદના ફાયદાના કારણથી અથવા એ કારણથી કે તેનો કોઈ બીજો સહારો નથી, તો અહીંયાં એક રસ્તો છે કે, પતિને કોઈ વસ્તુ ઉપર રાજી કરી લે. દાખલા તરીકે, સ્ત્રી પોતાના બધા જ અથવા તો અમુક હકોની માંગણી છોડી દે અને પતિ એવો વિચાર કરે કે, ઘણા બધા હકોથી તો છૂટછાટ મળે છે, પત્ની મફતમાં મળે છે તો હવે સુલેહ થઈ જાય.

કુર્આને કરીમે આ આયતમાં એક તો આ પ્રકારની સુલેહ સંભવિત હોવાનું માર્ગદર્શન આ રીતે કર્યું, وَاُحْضِرَتِ الْاَنْفُسُ الشُّحَّ એટલે કે, લાલચ દરેક વ્યક્તિની સામે પડેલી હોય છે. આવી સુલેહમાં સ્ત્રીને તો એવી લાલચ હોય છે કે, જો મને આઝાદ કરી દેવામાં આવશે, તો મારી ઔલાદ બરબાદ થઈ જશે અથવા મારી જિંદગી બીજી જગ્યાએ વધારે કડવી હશે અને પતિને એ લાલચ છે કે, જ્યારે સ્ત્રીએ પોતાની બધી મહર અથવા થોડી મહર અથવા અન્ય હકો મા'ફ કરી દીધા, તો હવે તેને રાખવામાં મારી શું મુશ્કેલી છે ? એટલા માટે પરસ્પર સુલેહ સરળ બની જશે, એની સાથે ઈરશાદ ફરમાવ્યો, وَاِنِ امْرَاَةٌ خَافَتْ مِنْۢ بَعْلِهَا نُشُوْزًا اَوْ اِعْرَاضًا فَلَا جُنَاحَ عَلَيْهِمَا اَنْ يُّصْلِحَا بَيْنَهُمَا صُلْحًا، એટલે, "જો કોઈ સ્ત્રી પોતાના પતિથી લડાઈ-ઝઘડો અથવા બેરૂખીનો ખતરો મહસૂસ કરે તો બંનેમાંથી કોઈના માટે ગુનોહ નહીં થાય જો તેઓ પરસ્પર ખાસ શરતો ઉપર સુલેહ કરી લે" અને ગુનોહ ન થવાના વિષયથી તેને એટલા માટે ઓળખાવ્યો કે, આ મા'મલાનું સ્વરૂપ જાહેરમાં લાંચ-રૂશ્વત જેવું લાગે છે કે, પતિને મહર વગેરે મા'ફીની લાલચ આપી લગ્નજીવનનો સંબંધ બાકી રાખવામાં આવ્યો છે. પરંતુ કુર્આનના આ ઈરશાદે સ્પષ્ટ કરી દીધું કે, આ બાબત રૂશ્વત (લાંચ)માં સામેલ નથી. બલકે, મસ્લિહત (હિત સંબંધી) છે, જેમાં બંને પક્ષ પોત-પોતાની માંગણીઓ છોડીને કોઈ વચ્ચેના રસ્તા ઉપર રાજી થઈ જાય છે અને આવું કરવું જાઇઝ છે.

પતિ-પત્નીના ઝઘડામાં અન્યોએ વિના કારણે દખલગીરી કરવી યોગ્ય નથી :

તફસીરે મઝહરીમાં છે કે, આ સ્થળે અલ્લાહ તઆલાએ اَنْ يُّصْلِحَا بَيْنَهُمَا

صُلْحًا ફરમાવ્યું. એટલે કે, પતિ–પત્ની બંને પરસ્પર કોઈ વચ્ચેના માર્ગ ઉપર સુલેહ કરી લે, તેમાં શબ્દ بَيْنَهُمَا (બયનહુમા)થી એ તરફ ઈશારો થાય છે કે, પતિ–પત્નીના મા'મલામાં બહેતર એ જ છે કે, કોઈ ત્રીજી વ્યક્તિએ દખલગીરી ન કરવી, તે બંને પોતે જ પરસ્પર કોઈ બાબત નક્કી કરી લે. કારણ કે, ત્રીજી વ્યક્તિની દખલગીરીથી ક્યારેક સુલેહ કરવી જ શક્ય નથી હોતી અને જો સુલેહ થઈ પણ જાય તો બંને પક્ષની એબો (ખામીઓ) ત્રીજા વ્યક્તિની સામે વિના કારણે જાહેર થઈ જાય છે, જેનાથી બચવું બંને માટે સારી બાબત છે.

પ્રસ્તુત આયતમાં અંતે ફરમાવ્યું, وَاِنْ تُحْسِنُوْا وَتَتَّقُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ؕ એટલે કે, આવી પરિસ્થિતિમાં જ્યારે કે તમારું દિલ પત્નીથી નથી મળતું અને એ કારણે તમે તેના હકો અદા કરવા મુશ્કેલ સમજીને તેને આઝાદ કરવા ઈચ્છો છો, જો કે નિયમ પ્રમાણે તમને આઝાદ કરવાનો અધિકાર પ્રથમથી જ પ્રાપ્ત થયો છે અને આયતના શરૂઆતના વાક્યની રૂએ સ્ત્રી અમુક માંગણીઓ છોડી દે તો સુલેહ કરી લેવી પણ જાઈઝ છે. પરંતુ જો અલ્લાહ તઆલાનો ડર સામે રાખે અને ઉપકારથી કામ લે તથા દિલ ન મળતું હોવા છતાં તેની સાથે સંબંધ નિભાવે અને તેમના હકો પણ પૂરા કરે, તો તમારા આ નેક અમલો અલ્લાહ તઆલાની સામે છે, જેનું પરિણામ દેખીતું છે કે, અલ્લાહ તઆલા તમારી આ સહનશીલતા અને નેક અમલના બદલામાં એવી નેઅ્મતો અને હકો આપશે કે જેની તમે કલ્પના પણ નથી કરી શકતા. કદાચ, આ જ કારણે અહીંયાં ફક્ત આટલું બતાવીને છોડી દીધું કે, "તમારો આ નેક અમલ અમારી સામે છે" એવું વર્ણન ન કર્યું કે તેનો બદલો શું આપીશું ? ઈશારો એ બાજુ છે કે, બદલો તમારી કલ્પના અને અપેક્ષાથી વધારે હશે.

સંબંધિત આયતોના વિષયમાં ખુલાસો એ થયો કે, પતિ જ્યારે એવું જુએ કે, કોઈ કારણસર તેનું દિલ પોતાની પત્ની સાથે નથી મળતું અને તેના હકો પૂરા નથી થતા તો જ્યાં સુધી પત્નીના ઈખ્તિયારી (ઈચ્છાવર્તી) મા'મલાનો સંબંધ છે, તેને સુધારવાનો પ્રયત્ન કરે. ચેતવણી સ્વરૂપે કામચલાઉ ધોરણે બેરૂખી, મૌખિક ચેતવણી અને મજબૂરી હોય તો એકદમ હળવી ધોલ–ધપાટ કરવી પડે તો પણ કરે, જેમકે સૂરએ નિસાઅ્ની શરૂઆતની આયતમાં આવી ચૂક્યું છે અને જો બધી જ કોશીશો કરવા છતાં સુલેહ અને સુધારણા થવાથી નિરાશા સાંપડે અથવા

મા'મલો કોઈ એવો છે જેને સુધારવો સ્ત્રીના અધિકારમાં નથી તો હવે તેને શરીઅતનો કાનૂન આ હક બતાવી આપે છે કે, કોઈપણ પ્રકારના કજિયા–કંકાસ કે ટંટા–ફસાદ વિના ભલાઈથી તલાક આપીને સ્ત્રીને આઝાદ કરી દે, પરંતુ જો તેના સંબંધને આવી પરિસ્થિતિમાં પણ નિભાવે, પોતાના હકોને જતા કરે અને તેના હકોને પૂરેપૂરા અદા કરે તો આ તેના માટે અતિશ્રેષ્ઠ તથા મહાન સવાબનું નિમિત્ત બને છે. એનાથી વિપરિત જો મા'મલો ઊલટો છે કે, પુરુષ વાજિબ હકો અદા નથી કરતો એટલા માટે પત્ની આઝાદી ઈચ્છે છે તો આવા સ્વરૂપમાં જો પતિ પણ આઝાદ કરવા માટે રાજી થઈ જાય તો મા'મલો ચોખ્ખો છે. પત્નીને પણ એ હક મળે છે કે, જ્યારે પતિ તેના હક અદા કરવામાં ઉણપ રાખે છે અને આ કારણે તે તેને આઝાદ કરવા ઈચ્છે તો પત્ની પણ પોતાની આઝાદી અપનાવી લે અને જો પતિ પોતાની જાતે આઝાદ કરવા તૈયાર નથી તો પત્નીને એ અધિકાર છે કે, ઈસ્લામી અદાલતમાં પોતાના અધિકારોની માંગણી કરીને પોતે આઝાદ થઈ જાય પરંતુ જો તે પતિની બેરૂખી અને તેના દુર્વ્યવહાર ઉપર સબ્ર કરીને પોતાના હકોની માંગણી છોડીને તેને નિભાવે અને પતિના હકો અદા કરે તો એ તેના માટે શ્રેષ્ઠ અને મહાન સવાબ છે.

ખુલાસો એ છે કે, એક બાજુ પોતાની તકલીફને દૂર કરવા અને પોતાના હકો વસૂલ કરવાના બંને પક્ષોના કાનૂની હકો કુર્આને કરીમે આપી દીધા. બીજી બાજુ બંનેને ઉચ્ચ કક્ષાની વર્તણૂક અને પોતાના અધિકારોને છોડવા ઉપર સબ્ર અને ધૈર્યનું પ્રોત્સાહન આપ્યું અને એવું માર્ગદર્શન આપ્યું કે, જ્યાં સુધી એવું શક્ય હોય કે, પતિ–પત્નીના સંબંધો વિચ્છેદ થવાથી બચાવવા જોઈએ અને કદાચ બંને પક્ષે થોડા–થોડા હકો છોડીને પણ કોઈ ખાસ સ્વરૂપ ઉપર સુલેહ કરી લેવામાં આવે તો તે ઉત્તમ છે.

આ આયતની શરૂઆતમાં પતિ–પત્નીમાં પરસ્પર મતભેદના સમયે સુલેહ ફક્ત જાઈઝ હોવાનું બતાવવામાં આવ્યું છે અને છેલ્લી આયતમાં સુલેહ ન થવાના સ્વરૂપમાં પણ સબ્ર અને સહનશીલતા સાથે સંબંધ નિભાવવાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. વચ્ચે એક એવું વાક્ય ઈરશાદ ફરમાવ્યું છે, જેનાથી સુલેહ પ્રિય, શ્રેષ્ઠ અને ઉત્તમ હોવાનું સાબિત થાય છે. ઈરશાદ છે, وَالصُّلْحُ خَيْرٌ એટલે કે, "પરસ્પર સુલેહ કરવી ઉત્તમ છે" અને આ વાક્ય એવા

જાહેર વિષય હેઠળ વર્ણન કર્યું, જેની ચર્ચા હેઠળ પતિ–પત્નીના ઝઘડાઓને પણ સામેલ કરવામાં આવ્યા છે અને ઘરમાં ઉપસ્થિત થતા અન્ય પ્રકારના મતભેદો તથા દુનિયાના બધા મા'મલામાં પરસ્પર ઝઘડા અને મનદુઃખો તથા મુકદમાઓને તેમાં આવરી લેવામાં આવ્યા છે. કારણ કે, કુર્આનના શબ્દો સામાન્ય રીતે જાહેર હિતમાં છે કે સુલેહ ઉત્તમ વસ્તુ છે.

ખુલાસો :

ખુલાસો આ વિષયનો એ છે કે, પોત–પોતાની માંગણીઓ ઉપર અડગ રહેવાના બદલે ઉત્તમ એ છે કે, બંને પક્ષ પોતાના અમુક અધિકારો છોડીને જતા કરે અને કોઈ વચ્ચેનો માર્ગ કાઢી તેના ઉપર રાજી થઈ સુલેહ કરી લે. રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

كُلُّ صُلْحٍ جَائِزٌ بَيْنَ الْمُسْلِمِيْنَ اِلَّا صُلْحًا اَحَلَّ حَرَامًا اَوْحَرَّمَ حَلَالًا وَالْمُسْلِمُوْنَ عَلٰى شُرُوْطِهِمْ اِلَّا شَرْطًا حَرَّمَ حَلَالًا، (رَوَاهُ الْحَاكِمُ عَنْ كَثِيْرِ بْنِ عَبْدُ اللّٰه، تَفْسِيْرِ مَظْهَرِىْ)

"મુસલમાનો વચ્ચે દરેક પ્રકારની સુલેહ જાઈઝ છે એ સુલેહ સિવાય કે, જેમાં કોઈ હરામને હલાલ અને હલાલને હરામ ઠરાવવામાં આવ્યું હોય અને મુસલમાનોએ પોતાની સ્વીકારેલ શરતો ઉપર કાયમ રહેવું જોઈએ. ફક્ત એ શરતો સિવાય કે જેના દ્વારા કોઈ હલાલને હરામ ઠરાવવામાં આવ્યું હોય."

(રવાહુલ હકીમ, અન કષીર બિન અબ્દુલ્લાહ, તફસીરે મઝહરી)

દાખલા તરીકે, કોઈ સ્ત્રીએ એ વાત પર સુલેહ કરી લેવી જાઈઝ નથી કે તેની સાથે તેની બહેનને પણ નિકાહમાં રાખવામાં આવે. કારણ કે, બે બહેનો એક પુરુષના નિકાહમાં ભેગી કરવી શરીઅતમાં હરામ છે અથવા એવી શરતે સુલેહ કરે કે બીજી પત્નીના અધિકારો અદા કરીશ નહીં. કારણ કે, તેમાં પણ એક હલાલને હરામ ઠરમાવામાં આવી રહ્યું છે.

રિવાયતમાં જાહેર રીતે બધાના જ માટે સુલેહ જાઈઝ ઠરાવવામાં આવી છે. આ જાહેર હુકમના કારણે ઈમામે આ'ઝમ અબૂહનીફા (રહ.)એ આ મસ્અલો પ્રતિપાદિત કર્યો છે કે, સુલેહના બધા જ સ્વરૂપો જાઈઝ છે, ભલે પછી તે સ્વીકાર કરવા ઉપર અવલંબિત હોય, જેમકે જેના ઉપર દા'વો કરવામાં આવ્યો છે તે

સ્વીકાર કરે કે, દા'વેદારના દા'વા પ્રમાણે મારી જવાબદારી એક હજાર રૂપિયા આપવાની છે. પછી સુલેહ એ શરત ઉપર થઈ જાય કે, દા'વેદાર તેમાંથી અમુક રકમ છોડી દે અથવા તે રકમના વળતર સ્વરૂપે તેની પાસેથી કોઈ વસ્તુ લઈ લે અથવા જેના ઉપર દા'વો છે તે દા'વા વિશે સ્વીકાર-અસ્વીકાર કશું ન કરે અને કહે કે, વાસ્તવમાં જે કંઈ પણ છે હું ઇચ્છું છું કે તમે તે સ્વરૂપમાં સુલેહ કરી લો. દાખલા તરીકે, જેના ઉપર દા'વો છે તે દા'વેદારના દા'વાનો ખુલ્લો ઈન્કાર કરે પરંતુ આવા ઈન્કાર કરવા છતાં ઝઘડો મિટાવવા માટે કંઈ આપવા માટે રાજી થઈ જાય અને તેના ઉપર સુલેહ થઈ જાય. આ બધા પ્રકારોની સુલેહ જાઈઝ છે. મૌન ધારણ કરવામાં અને ઈન્કાર કરવાના સ્વરૂપમાં અમુક ઈમામો અને ફકીહોનો મતભેદ પણ છે.

અંતે એક મસ્અલો વર્ણન કરવા પાત્ર છે, જેનો સંબંધ પતિ-પત્નીની પરસ્પર સુલેહ સંબંધિત છે જેનું વર્ણન આ આયતમાં કરવામાં આવ્યું છે, તે એ કે, જો કોઈ સ્ત્રીએ પોતાના અમુક હકોની માંગણી છોડી દેવાની શરતે સુલેહ કરી લીધી, તો આ સુલેહ સ્ત્રીના તે હકને સદંતર ખતમ નથી કરી દેતી જે સુલેહના સમયે પતિ ઉપર લાગુ પડી ચૂક્યા છે, જેમકે મહર આપવી કે તે શોહર ઉપર આ સુલેહથી પહેલાં આપવી વાજિબ થઈ ચૂકી છે. અલબત્ત જ્યારે તે સંપૂર્ણ મહર અથવા તેનો કોઈ ભાગ મા'ફ કરી દેવાની શરતે સુલેહ કરે, તો આ મહર અથવા તેનો કોઈ ભાગ સુષુપ્ત (મા'ફ) થઈ જશે, ત્યાર પછી તેને તેનો માંગવાનો હક બાકી ન રહેશે, પરંતુ જે હકો એવા છે કે સુલેહના સમયે તેને અદા કરવા પતિ માટે વાજિબ જ ન હતા, દાખલા તરીકે આવનાર સમયનું ભરણ-પોષણ અથવા રાતવાસાનો હક જે આવનારા સમયમાં હવે પછી વાજિબ થવાનું છે. અત્યારે તેને તે અદા કરવું વાજિબ નથી. આ હકોને છોડી દેવા ઉપર સુલેહ કરવામાં આવી તો સ્ત્રીનો હક હંમેશા માટે ખતમ નથી થઈ જતો, બલકે, તેનું દિલ જ્યારે ઇચ્છે તે કહી શકે છે કે હવેથી હું મારો હક છોડવા માટે તૈયાર નથી. આવા સ્વરૂપમાં પતિને અધિકાર હશે કે તે તેણીને આઝાદ કરી દે.

(તફસીરે મઝહરી વગેરે)

છેલ્લી આયત وَاِنۡ يَّتَفَرَّقَا يُغۡنِ اللّٰهُ كُلًّا مِّنۡ سَعَتِهٖ ؕ માં બંને પક્ષને દિલાસો આપવામાં આવ્યો છે કે, જો સુલેહ અને સમાધાનના બધા જ પ્રયત્નો નિષ્ફળ જાય

તો તેમાં પરેશાન થવાની કોઈ જરૂર નથી. અલ્લાહ તઆલા દરેકને બેપરવા કરી દેશે, સ્ત્રી માટે કોઈ બીજું ઠેકાણું અને તેના ભરણ–પોષણનો ઝરિયો અને પુરુષ માટે કોઈ બીજી સ્ત્રી મળી જશે. અલ્લાહ તઆલાની કુદરત ઘણી વિશાળ છે, તેમાં નિરાશ થવાનું કોઈ કારણ નથી, તેમાંથી દરેક પક્ષ નિકાહ અગાઉના જીવન ઉપર નજર નાંખે કે, તેઓ એકબીજાને ઓળખતા પણ ન હતા, અલ્લાહ તઆલાએ જોડું બનાવ્યું, આજે પણ ફરી એકવાર એવી પરિસ્થિતિ પૈદા થઈ શકે છે.

છેલ્લી આયતમાં وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ફરમાવીને એ બાબતને વધારે પાકી કરી દીધી કે, અલ્લાહ તઆલાના ત્યાં ઘણી વિશાળતા છે અને તેનું દરેક કામ હિકમત ઉપર આધારિત છે. શક્ય છે કે આ છૂટા પડવામાં પણ કોઈ હિકમત અને મસ્લિહત હોય, જુદાઈ પછી બંનેને એવા જોડાં મળી જાય કે બંનેની જિંદગી સુધરી જાય.

અનિચ્છાવર્તી (જેના ઉપર માણસનો કાબૂ નથી એવી) બાબતો ઉપર કોઈ પકડ થશે નહીં :

લગ્નજીવનને ખુશીઓથી ભરપૂર અને ટકાઉ બનાવવા માટે કુર્આને કરીમે પ્રસ્તુત આયતમાં જે માર્ગદર્શન બંને પક્ષોને આપ્યું છે, તે આયતોમાં એક આયત આ છે, وَلَنْ تَسْتَطِيْعُوْٓا اَنْ تَعْدِلُوْا بَيْنَ النِّسَآءِ જેમાં બંને પક્ષને એક ખાસ પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે, તે એ કે એક પુરુષના નિકાહમાં એકથી વધારે પત્નીઓ હોય તો કુર્આને કરીમે સૂરએ નિસાઅ્ની શરૂઆતમાં તેના વિશે એવું માર્ગદર્શન આપ્યું કે, બધી પત્નીઓમાં ન્યાય અને સમાનતા કાયમ રાખવી પતિના માથે ફરજ છે અને જો એવો વિચાર કરે કે, તે ફરજ અદા નહીં કરી શકે તો તેણે એકથી વધારે પત્નીઓ કરવી જ ન જોઈએ. ઈરશાદ છે, فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً "જો તમને એ ભય હોય કે, બે પત્નીઓમાં સમાનતા સ્થાપી નહીં શકો તો પછી એકને જ પૂરતી સમજો."

રસૂલે કરીમ ﷺએ પોતાના નિવેદનો અને અમલ (કાર્ય) દ્વારા પત્નીઓમાં ન્યાય અને સમાનતાને ખૂબ તાકીદી હુકમ ઠરાવ્યો છે અને તેના વિરુદ્ધ વર્તન કરવા ઉપર સખત ચેતવણીઓ (વઈદો) સંભળાવી છે. હઝરત

આયશા સિદીકા (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺ પોતાની પત્નીઓમાં સમાનતા અને ન્યાયની પૂરી કાળજી રાખતા હતા અને સાથે જ અલ્લાહ જલ્લ શા'નુહુના દરબારમાં વિનંતી કર્યા કરતા હતા.

اَللّٰهُمَّ هٰذَا قَسْمِىْ فِيْمَا اَمْلِكُ فَلَا تَلُمْنِىْ فِيْمَا تَمْلِكُ وَلَا اَمْلِكُ

હે અલ્લાહ ! આ મારી ન્યાયપૂર્ણ વહેંચણી અને સમાનતા એવી વસ્તુમાં છે કે જે મારા અધિકારમાં છે, આથી જે વસ્તુઓ તારા અધિકારમાં છે મારા અધિકારમાં નથી એટલે કે દિલનું વલણ અને આકર્ષણ, તો તેના વિશે મારી પકડ કરીશ નહીં."

રસૂલે કરીમ ﷺથી વધારે પોતાની જાત ઉપર કાબૂ રાખનાર કોણ હોઈ શકે છે !? પરંતુ દિલનું આકર્ષણ અને વલણ રસૂલે કરીમ ﷺના અધિકાર બહાર હોવાનું ઠરાવવામાં આવ્યું અને અલ્લાહ તઆલાના દરબારમાં તેનો ઉઝર રજૂ કર્યો.

સૂરએ નિસાઅ્ની શરૂઆતની આયતમાં જાહેર શબ્દોથી પત્નીઓમાં સદંતર સમાનતા અને બરાબરી કરવી ફરજ હોવાનું સાબિત થાય છે, જેમાં દિલના વલણમાં પણ સમાનતા રાખવી સામેલ છે અને આ બાબત માણસના અધિકારમાં નથી, એટલા માટે સૂરએ નિસાઅ્ની આયતમાં વાસ્તવિક પરિસ્થિતિની સ્પષ્ટતા કરવામાં આવી કે, જે બાબતો તમારા કાબૂમાં નથી તેમાં સમાનતા રાખવી ફરજ નથી, અલબત્ત જે બાબતો તમારા કાબૂમાં છે તેમાં સમાનતા રાખવી દાખલા તરીકે, ભરણ–પોષણ, નાન–નફકો, રાતવાસો વગેરે. અલ્લાહ તઆલાએ આ હુકમને એ વિષય હેઠળ ફરમાવ્યો જેનાથી સામાન્ય રીતે દરેક વ્યક્તિ અમલ કરવા મજબૂર થઈ જાય, ફરમાવ્યું,

وَلَنْ تَسْتَطِيْعُوْٓا اَنْ تَعْدِلُوْا بَيْنَ النِّسَآءِ وَلَوْ حَرَصْتُمْ فَلَا تَمِيْلُوْا كُلَّ الْمَيْلِ
فَتَذَرُوْهَا كَالْمُعَلَّقَةِ તમને જાણ છે કે તમે બધા પત્નીઓમાં જો કોશીશ કરો તો પણ દિલના આકર્ષણ વિશે સમાનતા નહીં રાખી શકો, કારણ કે, તે તમારા અધિકારમાં નથી, તો પછી આવું ન કરો કે સંપૂર્ણ એક બાજુ ઢળી જાઓ, એટલે કે, દિલનું આકર્ષણ અને વલણ તો તે તરફ હતું જ, પરંતુ હવે જે બાબતો તમારા અધિકારમાં છે તેમાં પણ તમે તેને અગ્રિમતા આપવા માંડો, જેનું પરિણામ એ આવશે કે,

અન્ય પત્નીઓ લટકતી રહી જશે એટલે કે, પતિ તેમના હકો અદા પણ ન કરે અને તેમને આઝાદ પણ ન કરે.

જાણ થઈ કે, આ આયતમાં ન્યાય ઉપર કોઈનો કાબૂ ન હોવાનું જે વર્ણન થયું છે તે હૃદયમાં જન્મતું આકર્ષણ છે અને આવા આકર્ષણમાં સમાનતા રાખવી મનુષ્યના અધિકારની વાત નથી અને આ આયતના શબ્દો فَلَا تَمِيْلُوْا كُلَّ الْمَيْلِ માં પોતે તેના મફહૂમ (ભાવાર્થ)નો ઈશારો મૌજૂદ છે. કારણ કે, આ શબ્દોનો અર્થ એ છે કે જો કે દિલના આકર્ષણમાં બરાબરી કરવી તમારા કાબૂમાં નથી પરંતુ એક જ પક્ષે ઝૂકી ન જાઓ કે તમારા અધિકારમાં હોય એવી બાબતોમાં પણ તમે તેને અગ્રિમતા આપવા માંડો.

આ રીતે આ આયત સૂરએ નિસાઅ્ની પ્રથમ આયતની સ્પષ્ટતા કરે છે કે, તેના જાહેર શબ્દોથી દિલમાં જન્મતા આકર્ષણમાં બરાબરી રાખવી ફરજ હોવાની જાણ થઈ રહી હતી. આ આયતે સ્પષ્ટ કરી આપ્યું કે, જે અનિચ્છાવર્તી બાબતો છે તે તમારા ઉપર ફરજ નથી બલકે, જે તમારા અધિકારમાં છે એવી બાબતોમાં સમાનતા અને બરાબરી રાખવી ફરજ છે.

આ આયતથી પત્નીઓની સંખ્યા વિશે દલીલ કરવી સદંતર ખોટું છે :

પ્રસ્તુત સ્પષ્ટતાથી તે લોકોની ગેરસમજનો પણ ખુલાસો થઈ ગયો કે, જેઓ આ બંને આયતોને મિલાવીને એ પરિણામ કાઢવા ઈચ્છે છે કે, સૂરએ નિસાઅ્ની શરૂઆતની આયતમાં આ હુકમ આપવામાં આવ્યો કે, જો અમુક પત્નીઓમાં બરાબરી ન કરી શકો તો પછી એકની સાથે જ નિકાહ કરવાને પૂરતું સમજો. બીજા નિકાહ ન કરો અને તેની બીજી આયતે એ બતાવી દીધું કે બે પત્નીઓ વચ્ચે સમાનતા સ્થાપવી શક્ય જ નથી. એટલા માટે આ પરિણામ નીકળ્યું કે, બે પત્નીઓને નિકાહમાં રાખવી જાઈઝ જ નથી અને આશ્ચર્યની વાત તો એ છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુએ પોતે આ બંને આયતોમાં જ આ ગેરસમજને દૂર કરવાની વ્યવસ્થા કરી દીધી છે. બીજી આયતમાં આવેલ ઈશારો હમણા જ વર્ણન થઈ ચૂક્યો, فَلَا تَمِيْلُوْا كُلَّ الْمَيْلِ ના શબ્દો છે અને પહેલી આયતમાં ફરમાવ્યું, فَاِنْ خِفْتُمْ اَنْ لَّا تَعْدِلُوْا فَوَاحِدَةً તેમાં શરત સ્વરૂપે એ ફરમાવવું કે, "જો તમને ડર હોય" આ શબ્દો સ્પષ્ટ અને ખુલ્લો એ વાતનો ઈશારો છે કે, બે પત્નીઓમાં ન્યાય અને સમાનતા અસંભવ અને વ્યક્તિના

અધિકારથી બિલકુલ ખારિજ નથી નહિતર આ લાંબા લખાણની અને પછીની બે આયતોમાં તેના ઉલ્લેખની કોઈ જરૂરત જ ન હતી, જેમકે حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهَاتُكُمْ وَبَنٰتُكُمْવાળી આયતમાં તે સ્ત્રીઓની વિગત વર્ણન કરવામાં આવી છે, જેમની સાથે નિકાહ હરામ છે અને وَاَنْ تَجْمَعُوْا بَيْنَ الْاُخْتَيْنِ (૪ : ૨૩) ફરમાવીને બે બહેનોને એક પુરુષે નિકાહમાં ભેગી કરવાનું હરામ બતાવ્યું છે. એ જ રીતે એવું પણ ફરમાવવામાં આવી શક્યું હોત કે, "એક સમયમાં એકથી વધારે પત્નીઓ રાખવી હરામ છે" અને આવું ફરમાવવાથી اَنْ تَجْمَعُوْا ની સાથે بَيْنَ الْاُخْتَيْنِ ની શરત વ્યર્થ થઈ જાય છે. બલકે, એક જ વાક્યમાં એવું ફરમાવવામાં આવ્યું હોત وَاَنْ تَجْمَعُوْا بَيْنَ امْرَأَتَيْنِ એટલે કે, "સદંતર બે સ્ત્રીઓને નિકાહમાં ભેગી કરવી હરામ છે" પરંતુ કુર્આને કરીમે આ ટૂંકા વાક્યને છોડીને ન ફક્ત એક લાંબુ વાક્ય અપનાવ્યું બલકે, બે આયતોમાં તેની વિગતો પણ વર્ણન કરી, એનાથી એ પણ જાણ થાય છે કે, આયત وَاَنْ تَجْمَعُوْا بَيْنَ الْاُخْتَيْنِ પણ એક સ્વરૂપે તે જાઇઝ હોવું જ બતાવી રહી છે કે, "એકથી વધારે સ્ત્રીઓને નિકાહમાં ભેગી રાખવી તો જાઇઝ છે પરંતુ શરત એ છે કે, તે બંને પરસ્પર બહેનો ન હોય."

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૩૧ થી ૧૩૪)

وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ وَلَقَدْ وَصَّيْنَا الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ
قَبْلِكُمْ وَاِيَّاكُمْ اَنِ اتَّقُوا اللّٰهَ ۭ وَاِنْ تَكْفُرُوْا فَاِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي
الْاَرْضِ ۭ وَكَانَ اللّٰهُ غَنِيًّا حَمِيْدًا ﴿١٣١﴾ وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ
وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿١٣٢﴾ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ اَيُّهَا النَّاسُ وَيَاْتِ بِاٰخَرِيْنَ ۭ وَكَانَ
اللّٰهُ عَلٰي ذٰلِكَ قَدِيْرًا ﴿١٣٣﴾ مَنْ كَانَ يُرِيْدُ ثَوَابَ الدُّنْيَا فَعِنْدَ اللّٰهِ ثَوَابُ الدُّنْيَا
وَالْاٰخِرَةِ ۭ وَكَانَ اللّٰهُ سَمِيْعًۢا بَصِيْرًا ﴿١٣٤﴾ ع

તરજુમો :

અને અલ્લાહનું છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે; અને

અમે પહેલા કિતાબવાળાઓને હુકમ આપ્યો છે અને તમને (પણ) કે અલ્લાહથી ડરતા રહો, અને જો માનશો નહીં તો અલ્લાહનું છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે, અને અલ્લાહ બેપરવા બધી ખૂબીઓવાળો છે. (૧૩૧) અને અલ્લાહનું છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે, અને અલ્લાહ પૂરતો કાર્યસાધક (ભરોસાપાત્ર) છે. (૧૩૨) જો ઈચ્છે તો તમને દૂર કરી (હટાવી) દે હે લોકો ! અને બીજા લોકોને લઈ આવે, અને અલ્લાહને એવી તાકાત છે. (૧૩૩) જે કોઈ દુનિયાનો સવાબ (બદલો) ઈચ્છતો હોય તો અલ્લાહ પાસે દુનિયા અને આખિરતનો સવાબ (બદલો) છે; અને અલ્લાહ સઘળું સાંભળે જુએ છે. (૧૩૪)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સ્ત્રીઓ અને યતીમોના હકો વિશેના હુકમો બયાન કર્યા પછી કુર્આન શરીફે પોતાની શૈલી પ્રમાણે ફરી એકવાર આ હુકમો ઉપર અમલ કરવા માટે પ્રોત્સાહન અને પ્રેરણાનો વિષય ઈરશાદ ફરમાવ્યો.

તફસીર :

અને અલ્લાહ તઆલાની જ મિલકત છે જે કંઈ બધું આસમાનો અને જમીનોમાં છે (તો એવા માલિકના હુકમો માનવા ઘણા જ જરૂરી છે) અને (હુકમો બજાવી લાવવાનું સંબોધન ખાસ તમને જ કરવામાં આવ્યું નથી બલકે,) હકીકતમાં અમે તે લોકોને પણ હુકમ આપ્યા જ હતા જેઓને તમારાથી અગાઉ (આસમાની) કિતાબ (એટલે કે તવરાત અને ઈન્જીલ) મળી હતી અને તમને પણ (હુકમ આપવામાં આવ્યો છે) કે અલ્લાહ તઆલાથી ડરો (જેને "તકવો" કહેવામાં આવે છે, જેમાં દરેક હુકમને પૂરો કરવો સામેલ છે, એટલા જ માટે આ સૂરતને તકવાથી શરૂ કરીને તેની વિગતોમાં વિવિધ હુકમો લાવવામાં આવ્યા છે) અને (એ પણ તેમના અને તમારા માટે સંભળાવવામાં આવ્યું છે કે) જો તમે નાશુક્રી કરશો (એટલે કે, તમે અલ્લાહના હુકમોનો વિરોધ કરશો) તો (અલ્લાહ તઆલાને તમારી કોઈ જરૂર નથી બલકે, તમને તેની જરૂર છે કારણ કે,) અલ્લાહ તઆલાનું જ (તો) છે સઘળુ કંઈ જે આસમાનોમાં છે અને જે કંઈ જમીનોમાં છે

અને (આવા મોટા સુલતાનને તમારી શું જરૂર હશે ? અલબત્ત, આવા મોટા અધિપતિનો વિરોધ કરવો, નિઃશંક ! નુકસાનકર્તા છે; કારણ કે) અલ્લાહ તઆલા કોઈ(ની ફરમાંબરદારી)નો હાજતમંદ નથી (અને) પોતે પોતાની જાતમાં સંપૂર્ણ (એટલે કે દરેક સિફતોમાં સંપૂર્ણ) છે (બસ, કોઈના વિરોધથી તેની સિફતને કોઈ નુકસાન થવાનું નથી) અને અલ્લાહ તઆલાની જ મિલકત છે જે વસ્તુઓ આસમાનોમાં છે અને જે વસ્તુઓ જમીનમાં છે અને (જ્યારે તે આવો સર્વશક્તિમાન છે તો પોતાના ફરમાંબરદાર બંદાઓ માટે તે) અલ્લાહ તઆલા સંપૂર્ણ કારસાઝ (કાર્યસાધક) છે (બસ, તે કાર્યસાધક હોવાથી ફરમાંબરદારોને કોણ નુકસાન પહોંચાડી શકે છે ? બસ, તેમણે કોઈનાથી ન ડરવું જોઈએ અને અલ્લાહ તઆલા તમને દીનનું કામ બતાવે છે તો તે તો તમારી જ ખૂશનસીબી છે નહિતર તે અન્યોથી પણ આ કામ લઈ શકે છે, કારણ કે તેનામાં એવી શક્તિ છે કે,) જો અલ્લાહ તઆલા ઈચ્છે તો તે તમને બધાને નષ્ટ કરી નાંખે અને અન્યોને (તમારી જગ્યાએ) લઈ આવે (અને તેમનાથી કામ લઈ લે, જેમકે બીજી આયતમાં છે ....إِنْ تَتَوَلَّوْا يَسْتَبْدِلْ) અને અલ્લાહ આવું કરવાની સંપૂર્ણ શક્તિ (કાબૂ) ધરાવે છે (પછી એવું જો ન કર્યું તો તે તેની કૃપાદષ્ટિ છે, હુકમની તાબે'દારી કરવાને ગનીમત સમજીને ખુશનસીબી પ્રાપ્ત કરો અને જુઓ કે દીનના કામોનો અસલી બદલો આખિરતમાં છે, દુનિયામાં જો કંઈ ન મળે તો મનદુઃખ ન થવું જોઈએ બલકે,) અલ્લાહ તઆલા પાસે (એટલે કે, તેની કુદરતમાં) તો દુનિયા અને આખિરત બંનેનો બદલો (મૌજૂદ) છે (જ્યારે કે તે નાની અને મોટી દરેક બાબત ઉપર શક્તિ ધરાવે છે, તો શા માટે શ્રેષ્ઠ વસ્તુ જ ન માંગવામાં આવે!) અને અલ્લાહ તઆલા સઘળુ સાંભળનારો, સઘળુ જોનારો છે. (બધાના નિવેદનો અને દરખાસ્તોને દુનિયાની હોય અથવા દીનની સાંભળે છે અને બધાની નિય્યતોને પણ જૂએ છે. બસ, આખિરતના તલબગારોને આખિરતનો સવાબ આપશે અને દુનિયાના તલબગારોને આખિરતથી વંચિત રાખશે, જેથી આખિરતની જ નિય્યત અને દરખાસ્ત કરવી જોઈએ. અલબત્ત, દુનિયાની જરૂરિયાત આગવી રીતે માંગવામાં કોઈ વાંધો નથી, પરંતુ પોતાની ઈબાદતનો ફક્ત દુનિયા માટે જ ઈરાદો ન કરે).

મસ્અલા અને બોધપાઠ :

ફાયદો :

لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ એટલે "અલ્લાહ તઆલા માટે જ છે આસમાનો અને જમીનની સઘળી મખ્લૂક (સર્જન)" આ સ્થળે આ શબ્દોનું ત્રણ વખતે પુનરાવર્તન થયું છે. પ્રથમ, તેની વિશાળતા અને વિસ્તારનો હેતુ છે કે, તેના ત્યાં કોઈ વસ્તુની ખોટ નથી. બીજું, તે બેપરવા અને બેનિયાઝ બતાવવાનો મકસદ છે કે, તેને કોઈની પરવા નથી, જો તમે બધા ઈન્કારી થઈ જશો તો પણ તેને કોઈ પરવા નથી, ત્રીજી વખતે તેની રહમત અને કાર્યસાધકતાની જાહેરાત છે કે, જો તકવા અને ઈતાઅત અપનાવશો તો તે તમારા બધા કામો બનાવી દેશે.

ત્રીજી આયતમાં એ વાતને સ્પષ્ટ કરવામાં આવી છે કે, અલ્લાહ તઆલા એ બાબતની સંપૂર્ણ શક્તિ ધરાવે છે કે, તમારા બધાનો નાશ કરી નાંખે અને દુનિયાથી ઉઠાવી લે તથા તમારી જગ્યાએ અન્ય લોકોને ફરમાંબરદાર અને તાબે'દાર પૈદા કરે, એટલા માટે પણ આ વર્ણનથી અલ્લાહ તઆલાની બેનિયાઝી અને ઈસ્તિગના જાહેર થઈ ગયો અને નાફરમાનોનું કમીનાપણું અને નીચતા પણ જાહેર થઈ.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૩૫)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ بِالْقِسْطِ شُهَدَآءَ لِلّٰهِ وَلَوْ عَلٰۤى اَنْفُسِكُمْ
اَوِ الْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ ۚ اِنْ يَّكُنْ غَنِيًّا اَوْ فَقِيْرًا فَاللّٰهُ اَوْلٰى بِهِمَا ۚ فَلَا تَتَّبِعُوا
الْهَوٰۤى اَنْ تَعْدِلُوْا ۚ وَاِنْ تَلْوٗۤا اَوْ تُعْرِضُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿۱۳۵﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! ન્યાય ઉપર કાયમ (મક્કમ) રહો, અલ્લાહ માટે ગવાહી આપો ભલે તમારું નુકસાન હોય અથવા માં-બાપનું અથવા સગાં-સંબંધીઓનું; જો કોઈ માલદાર છે અથવા મોહતાજ છે તો અલ્લાહ

તેનો ખૈરખ્વાહ (ભલું ઈચ્છનાર) તમારાથી વધીને છે; બસ, તમે ઈન્સાફ કરવામાં દિલોની ઈચ્છાઓ (મનેચ્છાઓ)ની પૈરવી ન કરો, અને જો તમે જીભ ચાવશો અથવા બચાવ કરી જશો તો અલ્લાહ તમારા બધા કામોથી વાકેફ છે. (૧૩૫)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! (બધા જ વ્યવહારોમાં હક અદા કરવામાં પણ અને ફૈસલો કરવાના સમયે પણ) ન્યાય ઉપર ખૂબ કાયમ રહેનારા (તથા સ્વીકાર કરવામાં અને ગવાહી આપવાની નોબત આવે ત્યારે) અલ્લાહ(ની ખુશી) માટે (સાચી) ગવાહી આપનારા બનો, ભલે (તે ગવાહી અને જાહેરાત) પોતાની જાત વિરુદ્ધ કેમ ન હોય ! (જેને ઈકરાર કહે છે) અથવા માતા-પિતા અને અન્ય સગાં-વહાલાં વિરુદ્ધ હોય (અને ગવાહીના સમયે એ વિચાર ન કરો કે, જેના વિરુદ્ધ હું ગવાહી આપી રહ્યો છું તે માલદાર છે, તેને લાભ પહોંચવો જોઈએ, જેથી તેનાથી બેમુરૂવ્વતી-બેઈજ્જતી ન થાય અથવા એ કે તે ગરીબ છે, એટલા માટે તેનું નુકસાન કરી બેસો. તમે ગવાહી આપવામાં કોઈની ગરીબી અથવા અમીરી તથા નફો અને નુકસાન ન જુઓ, કારણ કે) આ વ્યક્તિ (જેના વિરુદ્ધ ગવાહી આપવી પડશે) તે અમીર છે અથવા ગરીબ છે તો બંનેની સાથે અલ્લાહ તઆલાને વધારે સંબંધ છે (એટલો સંબંધ તમારે નથી, કારણ કે તમારો સંબંધ જે પ્રકારે છે તે પણ તેનો જ આપેલો છે અને અલ્લાહ તઅલાનો જે સંબંધ છે તે તમારો આપેલો નથી, પછી આટલા ગાઢ સંબંધ હોવા છતાં અલ્લાહ તઆલાએ તેનું હિત એમાં જ રાખ્યું છે કે, ગવાહીમાં હક વાત કહેવામાં આવે, ભલે તે કામચલાઉ ધોરણે કંઈ નુકસાન પણ પહોંચાડે તો તમે કમજોર હોવા છતાં પોતાની ગવાહીમાં તેના એક કામચલાઉ હિતનો શા માટે વિચાર કરો છો ?) બસ, તમે (આ ગવાહીમાં) નફ્સની ખ્વાહીશની તાબે'દારી ન કરો, ક્યારેય તમે હક (સચ્ચાઈ)થી ન હટી જાઓ, જો તમે જૂઠું વર્ણન કરશો (એટલે કે, ખોટી ગવાહી આપશો) અથવા જીભ ચાવશો (એટલે કે, ગવાહી આપવાનું ટાળશો) તો (યાદ રાખજો !) નિઃશંક ! અલ્લાહ તઆલાને તમારા બધા અમલોની પૂરેપૂરી ખબર છે.

મસ્અલા અને બોધપાઠ :

દુનિયામાં અંબિયા (અલૈ.) અને આસમાની કિતાબો મોકલવાનો અસલ હેતુ ન્યાય અને ઇન્સાફ કાયમ કરવાનો છે અને તેના દ્વારા જ દુનિયામાં શાંતિ અને સલામતીની સ્થાપના થઈ શકે છે :

સૂરએ નિસાઅ્ની આ આયતમાં બધા જ મુસલમાનોને ન્યાય અને ઈન્સાફ ઉપર કાયમ રહેવા અને સાચી ગવાહી આપવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે અને જે વસ્તુઓ ન્યાયની સ્થાપનામાં અથવા સાચી ગવાહીમાં અવરોધ બની શકે છે તેને ખૂબ ઉચ્ચ કક્ષાની શૈલીમાં દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ વિષયની એક આયત "સૂરએ માઈદહ"માં પણ આવવાની છે. બંનેના વિષયો બલકે, શબ્દો પણ લગભગ સરખા જેવા છે અને "સૂરએ હદીદ"ની આયતથી જાણ થાય છે કે, દુનિયામાં આદમ (અલૈ.)ને અલ્લાહના ખલીફા બનાવીને મોકલવાનો અને તેમના પછી અન્ય અંબિયા (અલૈ.)ને એક પછી એક અલ્લાહના ખલીફા તરીકે મોકલતા રહેવાનો અને તેમની સાથે ઘણી બધી કિતાબો અને સહીફા નાઝિલ કરવાનો મુખ્ય હેતુ એ જ હતો કે, દુનિયામાં ઈન્સાફ કાયમ કરવામાં આવે જેથી તેના દ્વારા શાંતિ અને સલામતીની સ્થાપના થાય. દરેક માનવી પોત-પોતાના અધિકારક્ષેત્રના વર્તુળમાં ન્યાયને પોતાનો જીવનમંત્ર બનાવી લે અને જે તોફાની તત્ત્વો છે અથવા બગાવત આચરનાર લોકો છે, જો તેઓ શિખામણ, શિક્ષણ અને સાચી વાતના પ્રચાર દ્વારા ન્યાય અને ઈન્સાફ ઉપર ન આવે બલકે, પોતાની અધમતા ઉપર મક્કમ રહે તો તેમને રાજ્યના કાયદા તથા સજા દ્વારા ન્યાય ઉપર કાયમ રાખવા માટે મજબૂર કરવામાં આવે.

સૂરએ હદીદની પચ્ચીસમી આયતમાં આ હકીકતને આ રીતે સ્પષ્ટ કરવામાં આવી છે.

وَلَقَدْ اَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنٰتِ وَاَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ وَالْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ
وَاَنْزَلْنَا الْحَدِيْدَ فِيْهِ بَاْسٌ شَدِيْدٌ وَّمَنَافِعُ لِلنَّاسِ،

"અમે અમારા રસૂલ (અલૈ.) નિશાનીઓ આપીને મોકલ્યા છે અને ઉતારી તેમની સાથે કિતાબ અને ત્રાજવું, જેથી લોકો ન્યાય ઉપર સીધા રહે અને અમે ઉતાર્યું લોખંડ, તેમાં ઘણી વેધકતા છે અને તેમાં લોકો માટે ઘણા ફાયદાઓ છે."

આનાથી જાણ થાય છે કે, અંબિયા (અલૈ.)ની બઅ્ષત અને આસમાની કિતાબો નાઝિલ થવાની સંપૂર્ણ વ્યવસ્થા ન્યાયના લીધે જ ઊભી કરવામાં આવી છે. રસૂલોનું મોકલવું અને કિતાબોનું નાઝિલ કરવું આ જ મકસદ માટે અસ્તિત્વમાં આવ્યું છે અને અંતે લોખંડ ઉતારવાનું વર્ણન કરીને એ તરફ પણ ઈશારો કરી દીધો કે, બધા લોકોને ન્યાય ઉપર કાયમ રાખવા માટે ફક્ત વઅ્ઝ, શિખામણ કે નસીહત પૂરતી નથી બલકે, અમુક તોફાની તત્ત્વો એવા પણ છે કે, જેમના માટે લોખંડની સાંકળો અને બીજા હથિયારોનો ઉપયોગ કરીને તેમને ન્યાય ઉપર કાયમ રાખવામાં આવે.

ન્યાય અને ઇન્સાફ ઉપર કાયમ રહેવું ફક્ત હુકૂમતની ફરજ નથી બલકે, દરેક મનુષ્યને તે લાગુ પડે છે :

સૂરએ હદીદની પ્રસ્તુત આયતમાં અને સૂરએ નિસાઅ્ની આ આયતમાં તથા સૂરએ માઈદહની આ આયત (૫ : ૮) كُوْنُوا قَوَّامِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَنْ لَّا تَعْدِلُوْا ؕ اِعْدِلُوْا هُوَ اَقْرَبُ لِلتَّقْوٰى ۫ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ થી સ્પષ્ટ રીતે આ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, ન્યાય ઉપર કાયમ કરવું અને રહેવું ફક્ત સરકાર અને ન્યાયપાલિકાની ફરજ નથી. બલકે, દરેક મનુષ્યને તે લાગુ પડે છે અને આ સંબોધન સમગ્ર માનવજાતિ માટે છે કે, તે પોતે ઈન્સાફ ઉપર કાયમ રહે અને અન્યોને ઈન્સાફ ઉપર કાયમ રાખવા માટે પ્રયત્નો કરે. આ ન્યાયનો ફક્ત એક દરજ્જો સરકાર અને અધિકારીઓ સાથે ખાસ રીતે જોડાયેલ છે કે, તેઓ અરાજક તથા તોફાની તત્ત્વોને કે જેઓ ન્યાય વિરુદ્ધ કામ કરી રહ્યા છે, ન તો પોતે ઈન્સાફ ઉપર કાયમ રહે છે અને ન જ બીજાઓને ન્યાય પ્રમાણે વર્તવા દે છે, જેથી સત્તાની રૂએ તેમને સજા કરવાની જરૂરત છે અને આ ઈન્સાફ અને ન્યાય દેખીતું છે કે, સરકાર જ કરી શકે છે, જેમના હાથમાં સત્તા છે.

આજે દુનિયામાં અજ્ઞાન સામાન્ય જનતાને છોડી, ભણેલા-ગણેલા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ લોકો પણ એવું સમજે છે કે, ન્યાય કરવો ફક્ત સરકાર અને ન્યાયપાલિકાઓની ફરજ છે, સામાન્ય માનવી તેનો જવાબદાર નથી અને એ જ સૌથી મોટું કારણ છે કે, જેણે દરેક દેશની સરકાર અને નાગરિકોને બે વિરોધાભાસી જૂથોમાં પરિવર્તિત કરી નાંખ્યા છે. સરકાર અને પ્રજાજનો વચ્ચે

વિરોધ-વંટોળની એવી ઊંડી ખાઈ ઉપસ્થિત કરી દીધી છે કે દરેક પ્રદેશનો નાગરિક પોતાની સરકાર પાસે ન્યાય અને ઈન્સાફની માંગણી કરતો રહે છે પરંતુ પોતે કોઈ ન્યાય ઉપર કાયમ રહેવા માટે તૈયાર નથી. તેનું પરિણામ એ આવ્યું છે કે જેને આજે દુનિયા પોતાની આંખોથી જોઈ રહી છે, દરેક સ્થળે કાયદો સ્થિતિપ્રજ્ઞ છે, ગુનાહો અને અપરાધો દરરોજ પ્રગતિ પર છે, આજે દરેક દેશમાં કાયદા ઘડનારી સંસ્થાઓ, વિધાનસભાઓ ઉપલબ્ધ છે, તેના ઉપર કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે, તેના પ્રતિનિધિઓ ચૂંટી કાઢવા માટે ચૂંટણીઓમાં અલ્લાહની સમગ્ર જમીનને હલાવી નાંખવામાં આવે છે અને પછી આખા દેશના દિલ અને દિમાગ, દેશની જરૂરિયાતો, લોકોની લાગણીઓ અને જઝબાતોને સામે રાખીને ખૂબ કાળજી લઈને કાનૂનો બનાવવામાં આવે છે, અને પછી પ્રદેશના નાગરિકોની સર્વસહમતી મેળવવા માટે તેને પ્રકાશિત કરવામાં આવે છે, લોકોની સર્વસહમતી જાણી લીધા બાદ આ કાનૂન લાગુ પાડવા યોગ્ય સમજવામાં આવે છે, પછી તેને લાગુ પાડવા માટે સરકારની અનેક સંસ્થાઓ ગતિમાં આવે છે, જેના હજારો બલકે, લાખો વિભાગો હોય છે અને દરેક વિભાગમાં દેશના મોટા-મોટા કાબેલ નિષ્ણાત લોકોની મહેનતોથી કામ લેવામાં આવે છે, પરંતુ જ્યારે દુનિયામાં કાર્યરત આ પ્રથા ઉપર જરા નજર ઊંચી કરીને દષ્ટિપાત કરીશું અને જે લોકો સભ્યતા-સભ્યતાના તથા સંસ્કૃતિ અને પ્રગતિના ઠેકેદાર બની બેઠા છે, શાંતિથી તેમના અંગત જીવન વિશે સમીક્ષા કરીશું, તો દરેક વ્યક્તિ અનાયાસે આ કહેવા મજબૂર થશે,

نگاہِ خلق میں دنیا کی رونق بڑھتی جاتی ہے؛ مِری نظروں میں پھیکا رنگِ محفل ہوتا جاتا ہے۔

મખ્લૂકની નિગાહમાં દુનિયાની રોનક વધતી જાય છે,
મારી નજરોમાં મહેફિલનો રંગ ફિક્કો થઈ રહ્યો છે.

આજથી ઘણા વર્ષો પહેલાં ઈ.સ. ૧૮૫૭ થી ૧૯૫૭ની પરિસ્થિતિઓની સમીક્ષા કરો, આંકડાઓ સુરક્ષિત છે, તેઓ સાક્ષી આપશે કે જેમ-જેમ કાયદાઓ વધતા ગયા, કાયદામાં સામાન્ય જનતાનું પ્રતિનિધિત્વ વધતું ગયું તથા કાયદા લાગુ પાડનારી સંસ્થાઓ વધતી ગઈ, એક પૉલિસના બદલે અનેક પૉલિસોના પ્રકારો અસ્તિત્વમાં લાવવામાં આવ્યા, પરંતુ અપરાધો દરરોજ કૂદકેને ભૂસકે

વધતા રહ્યા, લોકો ન્યાયથી દૂર થતા ગયા અને આવી જ ગતિથી દુનિયામાં અસંતોષ અને અસલામતી વધતી ચાલી.

દુનિયાની શાંતિની જામિનગીરી ફક્ત આખિરતનો અકીદહ અને અલ્લાહનો ડર આપી શકે છે :

છે કોઈ બહાદુર વ્યક્તિ ! જે આંખ ખોલીને જૂએ અને દુનિયામાં ચાલતા કુરિવાજોના બંધનોને તોડીને જરા રસૂલે અરબી ﷺના લાવેલા પયગામને વિચારે અને સમજે તથા એ વાસ્તવિકતા ઉપર વિચાર કરે કે, દુનિયામાં શાંતિ અને સલામતી ન તો પરિવર્તનોથી મળી છે, અને ન જ આવનારા ભવિષ્યમાં મળી શકવાની છે. દુનિયામાં શાંતિ અને સલામતીની જામિનગીરી ફક્ત આખિરતનો અકીદહ અને અલ્લાહનો ડર આપી શકે છે, જેના દ્વારા બધી જ પ્રજાકીય ફરજો તથા સામાન્ય નાગરિકો અને સરકાર વચ્ચે સુમેળ સધાય છે અને દરેક વ્યક્તિ પોતાની જવાબદારીને અનુભવવા લાગે છે. કાયદાના રક્ષણ અને ઈજ્જત માટે સામાન્ય નાગરિકો એવું કહીને સ્વતંત્ર નથી થઈ જતા કે, આ કામ સરકારનું છે. કુર્આન મજીદની પ્રસ્તુત આયતો ક્રમવાર ન્યાયના આ જ ક્રાંતિકારી અકીદહ માટે પ્રોત્સાહિત કરી પ્રેરણા આપે છે.

સૂરએ નિસાઅ્‌ની આ આયતના અંતે اِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا નો ઈરશાદ થયો અને સૂરએ માઈદહની આયતના અંતે પ્રથમ તકવાની હિદાયત કરી અને પછી ફરમાવ્યું, اِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ અને સૂરએ હદીદની આયતના અંતે ઈરશાદ થયો, اِنَّ اللّٰهَ قَوِىٌّ عَزِيْزٌ

આ ત્રણે આયતોમાં સત્તાધીશો અને નાગરિકો બંનેને ઈન્સાફ ઉપર કાયમ રાખવાનું માર્ગદર્શન આપ્યા પછી આયતના અંતે બધાની દષ્ટિને એ વાસ્તવિકતા તરફ ફેરવવામાં આવી છે, જે મનુષ્યની જિંદગી અને તેના વિચારો, તેની લાગણીઓમાં મહાન ક્રાંતિ જન્માવી શકે છે. એટલે કે, અલ્લાહ તઆલાની કુવ્વત અને સલતનત તેની સામે હાજરી અને હિસાબ-કિતાબ, સજા અને સારો બદલો, આ બધાની કલ્પના અને અકીદહ જ એ વસ્તુ હતી જેણે આજથી સેંકડો વર્ષો પહેલાંની અભણ દુનિયાને આજના કરતાં વધુ શાંતિ અને સલામતી બક્ષી હતી અને આ જ તે બાબતો છે જેને ઉપેક્ષિત કરવાથી આજના પ્રગતિ સંપન્ન અવકાશ

સાથે વાતો કરનાર, ગ્રહો-ઉપગ્રહોનું આરોહણ કરનાર, કહેવાતી પ્રગતિશીલ દુનિયા શાંતિ અને સલામતીથી વંચિત થઈ ચૂકી છે.

આધુનિકતાવાદી વિચારધારા ધરાવનારા સાંભળી લે કે, વિજ્ઞાનની આશ્ચર્યજનક પ્રગતિથી તેઓ અવકાશમાં તો આરોહણ કરી શકે છે, ગ્રહો-ઉપગ્રહો ઉપર જઈ શકે છે, સમંદરના તળિયા ખૂંદી શકે છે, પરંતુ શાંતિ અને સલામતી, શાંતિ અને સંતોષ જે તેમના બધા જ ભૌતિક સાધનો અને બધા જ કારખાનાઓનો અસલી મકસદ છે, ન તો તેમને કોઈ ગ્રહમાં મળશે, ન જ કોઈ નવા-નવા સંશોધનોથી મળશે, જો એ મળશે તો પયગમ્બરે અરબી રસૂલે કરીમ ﷺના સંદેશ અને તેમની તા'લીમમાં મળશે. અલ્લાહ તઆલાને માનવા અને આખિરતના હિસાબ ઉપર અકીદહ રાખવામાં શાંતિ અને સલામતી રહેલી છે. اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ (૧૩ : ૨૮) વિજ્ઞાનના આશ્ચર્યજનક સંશોધનો દીન-પ્રતિદીન અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતને અને તેની અજોડ કારીગીરીને વધારે જાહેર કરતા જાય છે, જેની સામે દરેક માનવીય પ્રગતિ પોતાના તુચ્છ અને અશક્ત હોવાનો સ્વીકાર કરી લે છે.

چہ سود چوں دل دانا و چشم بینا نیست

શું ફાયદો જ્યારે કે દિલ નાદાન છે અને આંખ જોતી નથી !

કુર્આને હકીમે એક બાજુ તો દુનિયાની બધી વ્યવસ્થાઓનો હેતુ જ ન્યાયની સ્થાપના બતાવી છે. બીજી બાજુ તેની એક આશ્ચર્યજનક અને અજોડ એવી વ્યવસ્થા બતાવી કે, જો તેની સંપૂર્ણ વ્યવસ્થાને અપનાવવામાં આવે અને તેના ઉપર અમલ કરવામાં આવે, તો આ જ ખૂંખાર અને દુષ્કૃત્યોના દલદલમાં લથડતી દુનિયા એવા પવિત્ર સમાજમાં પરિવર્તિત થઈ જશે, જે આખિરતમાં આવનાર જન્નત પહેલાં દુનિયાને જન્નત બનાવી દેશે. અલ્લાહનો ઈરશાદ છે, وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ જેની એક તફસીર એ પણ છે કે, અલ્લાહથી ડરનારાઓને બે જન્નતો મળશે, એક આખિરતમાં અને બીજી રોકડી જન્નત દુનિયામાં. તે અસ્તિત્વમાં આવી શકે છે, કારણ કે, આ કોઈ ફક્ત કપોળ-કલ્પિત કલ્પનાઓ આધારિત ગપગોળા નથી, આ પયગામ લાવનાર મુકદસ વ્યક્તિ (પવિત્ર) રસૂલે કરીમ ﷺએ તેને અમલી સ્વરૂપે કરીને બતાવ્યું છે અને તેમના

પછી ખુલફાએ રાશીદીન (રદિ.) અને અન્ય સુન્નતના તાબે'દાર સુલતાનોએ જ્યારે પણ તેના ઉપર અમલ કર્યો તો વાઘ અને બકરી એક ઘાટ ઉપર પાણી પીવાનું કાલ્પનિક ઉદાહરણ વાસ્તવિકતા બનીને લોકો માટે આદર્શ બની ગયું. ગરીબ અને અમીર, મજૂર અને મૂડીપતિનો તફાવત મૂળેથી નાશ પામ્યો, કાયદાનું પાલન દરેક વ્યક્તિ પોતાના ઘરના બંધ દરવાજાઓની ભીતર રાતના ઘોર અંધકારમાં પણ કરવા લાગ્યા. આ કોઈ કાલ્પનિક વાર્તા નથી, આ ઐતિહાસિક સત્યો અને તથ્યો છે, જેનો સ્વીકાર ગેરો (પારકાઓ)એ પણ કર્યો છે અને દરેક સાફ દિલ ગેરમુસ્લિમ પણ આ બાબત માનવા મજબૂર થયો છે.

આયતના વિષય પછી આયતની તફસીર વિગતવાર જોઈએ.

પ્રસ્તુત આયતમાં كُوْنُوْا قَوَّامِيْنَ بِالْقِسْطِ ફરમાવવામાં આવ્યું, قِسْطٌ بِكَسْرِ الْقَافِ નો અર્થ ન્યાય અને ઈન્સાફ થાય છે અને ઈન્સાફની વાસ્તવિકતા એ છે કે, દરેક હકદારને તેનો હક પૂરે-પૂરો આપવામાં આવે, તેમાં સામાન્ય રીતે અલ્લાહના હકો પણ સામેલ છે અને દરેક પ્રકારના બંદાના હકો પણ તેમાં આવી જાય છે. એટલા માટે قِيَامٌ بِالْقِسْطِ (કિયામ બિલ કિસ્ત)ના સમજવામાં આવતા ભાવાર્થમાં એ પણ સામેલ છે કે, કોઈ કોઈના ઉપર અત્યાચાર નહીં કરે અને એ પણ સામેલ છે કે, જાલિમને જુલમ કરવાથી અટકાવવામાં આવે, મજલૂમની હિમાયત કરવામાં આવે અને એ પણ સામેલ છે કે, જાલિમના જુલમને રોકવા માટે અને મજલૂમને તેનો હક અપાવવા માટે ગવાહીની આવશ્યકતા ઊભી થાય તો ગવાહી આપવાથી પણ પાછા ન હટે અને એ પણ સામેલ છે કે, ગવાહીમાં સત્ય અને વાસ્તવિકતાની જાહેરાત કરવામાં આવે. ભલે તે કોઈના વિરુદ્ધ જાય કે કોઈની તરફેણમાં જાય, એ પણ સામેલ છે કે જે લોકોના હાથમાં વહીવટ અને સરકારની વ્યવસ્થા છે, જ્યારે બે પક્ષોનો કોઈ મુકદ્દમો તેમની સામે રજૂ થાય તો બંને પક્ષે સમાનતાનો વ્યવહાર કરે, કોઈ એક તરફે કોઈપણ પ્રકારનો પક્ષપાત ન કરે, ગવાહોના નિવેદનો ધ્યાનથી સાંભળે અને તેના ઉપર વિચાર કરે, ઘટનાની તહકીક કરવા પોતાનાથી બનતો સંપૂર્ણ પ્રયત્ન કરે, ત્યારબાદ ફેંસલો પૂરેપૂરા ન્યાય અને ઈન્સાફથી કરે.

ન્યાયની સ્થાપનામાં અવરોધ બનનારા કારણો :

સૂરએ નિસાઅ્ અને સૂરએ માઈદહની આ બંને આયતો જો કે,

અલગ-અલગ સૂરતોની આયતો છે, પરંતુ બંનેનો વિષય લગભગ સરખો છે. ફરક માત્ર એટલો છે કે, ન્યાયના માર્ગમાં અવરોધ નાંખનારી સ્વાભાવિક બે વસ્તુઓ હોય છે. એક કોઈની મહોબ્બત, સંબંધ, દોસ્તી અથવા મિત્રતા, જેનો તકાદો ગવાહના દિલ ઉપર એવો હોય છે કે, ગવાહી તેમની તરફેણમાં આપવામાં આવે, જેથી તેઓ નુકસાનથી સુરક્ષિત રહે અને ફેંસલો તેમના તરફેણમાં થાય. બીજી વસ્તુ કોઈની અદાવત, દુશ્મની વગેરે છે, જે ગવાહને તેના દુશ્મન વિરુદ્ધ ગવાહી આપવા માટે પ્રોત્સાહિત કરી શકે છે, જે ન્યાયાધીશ અથવા કાઝીને તેમના વિરુદ્ધ ફેંસલો આપવાનું કારણ બની શકે છે. મતલબ કે, મહોબ્બત અને દુશ્મની એવી વસ્તુઓ છે, જે ન્યાયના માર્ગેથી હટાવીને વ્યક્તિને અત્યાચાર અને જબરદસ્તીમાં સપડાવી શકે છે. સૂરએ નિસાઅ્ અને સૂરએ માઇદહની બંને આયતોમાં આ જ બંને અવરોધોને દૂર કરવામાં આવ્યા છે. સૂરએ નિસાઅ્ની આયતમાં ન્યાયના માર્ગમાંથી સગાઈ-સંબંધોના અવરોધ દૂર કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ઈરશાદ છે, اَوِالْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ (૪ : ૧૩૫) એટલે કે, જો તમારી ગવાહી તમારા પોતાના માતા-પિતા અથવા નજીકના સગાંઓ વિરુદ્ધ પણ હોય તો પણ સત્ય વાત કહેવામાં અને સાચી ગવાહી આપવામાં આ સંબંધોને ધ્યાનમાં ન લેવા.

સૂરએ માઇદહની આયતમાં વેરભાવ અને દુશ્મનીના અવરોધને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એટલા માટે ફરમાવ્યું, لَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَنْ لَّا تَعْدِلُوْا اِعْدِلُوْا هُوَاَقْرَبُ لِلتَّقْوٰى (૫ : ૨) એટલે કે, કોઈ કૌમનો કીનો અને અદાવત પણ તમારા માટે એ બાબતનું કારણ ન બનવું જોઈએ કે, તમે ઈન્સાફનો માર્ગ છોડીને તેમના વિરુદ્ધ ગવાહીઓ અને ફેંસલા આપવા માંડો.

બંને આયતોના વિષય અને વ્યાખ્યામાં થોડો ફરક છે, સૂરએ નિસાઅ્ની આયતમાં قَوّٰمِيْنَ بِالْقِسْطِ شُهَدَآءَ لِلّٰهِ (૪ : ૧૩૫) ફરમાવવામાં આવ્યું, અને સૂરએ માઇદહની આયતમાં قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ ઈરશાદ થયો. પ્રથમ આયતમાં બે વસ્તુઓનું માર્ગદર્શન છે, એક قِيَامٌ بِالْقِسْطِ (કિયામ બિલ કિસ્ત) છે અને બીજું شَهَادَتٌ لِلّٰهِ (શહાદત લિલ્લાહ) છે. અને બીજી આયતમાં પણ બંને વસ્તુઓ એક જ પ્રકારની છે પરંતુ વિષય બદલીને قِيَامٌ لِلّٰهِ (કિયામ લિલ્લાહ) અને شَهَادَتٌ بَالْقِسْط (શહાદત બિલ કિસ્ત) ફરમાવવામાં આવ્યું છે.

ઘણા વિવરણકારોએ ફરમાવ્યું કે, વિષય બદલવાથી જાણ થઈ કે આ બંને વસ્તુઓ વાસ્તવમાં એક જ હકીકતની બે વ્યાખ્યાઓ છે. ક્યાંક "કયામ બિલ કિસ્ત" અને "શહાદત લિલ્લાહ"થી ઓળખાવવામાં આવ્યું છે તો ક્યાંક "કયામ લિલ્લાહ" અને "શહાદત બિલ કિસ્ત"થી વર્ણન કરવામાં આવ્યું છે. આ બંને આયતોની વર્ણનશૈલીમાં આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે, كُوْنُوْا قَوّٰامِيْنَ بِالْقِسْطِ يا قَوّٰامِيْنَ لِلّٰهِ નું લાંબું વાક્ય અપનાવવામાં આવ્યું. જ્યારે કે, ન્યાયનો હુકમ ફક્ત એક શબ્દ اَقْسِطُوْا (અકિસતૂ) દ્વારા પણ આપી શકાતો હતો. આ લાંબુ વાક્ય અપનાવવાથી એ બાબત તરફ ઈશારો કરવો મંજૂર છે કે, અનાયાસે કોઈ ઘટનામાં ન્યાય કરવાથી જવાબદારી પૂરી નથી થઈ જતી. કારણ કે, ક્યારેક કોઈ મા'મલામાં ન્યાય થઈ જવો એક એવું સ્વાભાવિક કૃત્ય છે કે, દરેક ખરાબમાં ખરાબ અને જાલિમથી જાલિમ સત્તાધીશ પણ તેને અપનાવે છે કે, તેનાથી પણ કોઈ મા'મલામાં તો ન્યાય થઈ જ જાય છે. આ વાક્યમાં શબ્દ قَوّٰامِيْنَ (કવ્વામીન)નો ઉપયોગ કરીને બતાવવામાં આવ્યું કે, ન્યાય ઉપર હંમેશા દરેક સમયે દરેક પરિસ્થિતિમાં દોસ્ત હોય કે દુશ્મન, કાયમ રહેવું જરૂરી છે.

પછી આ બંને આયતોમાં સમગ્ર દુનિયાને ન્યાય ઉપર કાયમ રાખવા માટે અને ન્યાયને સ્થાપિત કરાવવા માટે જે પાયાના સિદ્ધાંતો અપનાવવાની વાત કરવામાં આવી છે, તે પણ કુર્આને કરીમની આગવી ખાસિયતોમાંથી છે, તેમાંથી એક મહત્ત્વની બાબત તો એ છે કે, સત્તાધીશો અને સામાન્ય જનતા બધાને અલ્લાહની કહ્હારની સિફતથી અને આખિરતના હિસાબથી ડરાવીને તેમને માનસિક રીતે તૈયાર કરવામાં આવ્યા છે કે, સામાન્ય જનતા પોતે પણ કાયદાનું પાલન કરે અને સત્તાધીશો કે જેમના માથે કાયદો લાગુ પાડવાની જવાબદારી છે, તે પણ કાયદો લાગુ પાડવામાં અલ્લાહ અને આખિરતને સામે રાખીને અલ્લાહની મખ્લૂકના સેવક બને, કાયદાને મખ્લૂકની સેવા અને દુનિયાની સુધારણાનું માધ્યમ બનાવે, લોકોની તકલીફો અને પરેશાનીઓમાં વધારો કરી અને મજલૂમને ઑફિસોના ચક્કરોમાં ફસાવી વધારે જુલમ ઉપર જુલમનું કારણ ન બનાવે, કાયદાને પોતાની તુચ્છ મહેચ્છાઓ અથવા થોડી નજીવી કિંમતમાં વેચી ન મારે, قَوّٰامِيْنَ لِلّٰهِ અથવા شُهَدَآءَ لِلّٰهِ ફરમાવીને સત્તાધીશો અને સામાન્ય જનતા બંનેને લિલ્લાહિયત અને ઈખ્લાસ (નિખાલસતા) ઉપર અમલ કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

બીજી પાયાની બાબત એ છે કે, ન્યાયની સ્થાપનાની જવાબદારી સમગ્ર મનુષ્યજાતિ ઉપર નાંખવામાં આવી છે. સૂરએ નિસાઅ્ અને માઈદહમાં તો يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا ફરમાવી સમગ્ર મુસ્લિમ ઉમ્મતને એ બાબતનું સંબોધન થયું છે અને સૂરએ હદીદમાં لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ (૫૭ : ૨૫) ફરમાવી આ ફરજને બધી જ મનુષ્યજાતિ ઉપર લાગુ પાડવામાં આવી છે. સૂરએ નિસાઅ્ની આયતમાં وَلَوْ عَلٰى اَنْفُسِكُمْ ફરમાવીને એ તરફ માર્ગદર્શન આપવામાં આવ્યું કે, ન્યાયની માંગણી ફક્ત અન્યો માટે ન હોય. બલકે, પોતાના નફ્સ માટે પણ હોવી જોઈએ, પોતાના નફ્સ (મનેચ્છા) વિરુદ્ધ કોઈ નિવેદન અથવા જાહેરાત કરવી પડે તો પણ સત્ય અને ન્યાયના વિરુદ્ધ કશું જ ન બોલે. ભલે તેનું નુકસાન તેની પોતાની જાતને પણ ઉઠાવવું પડતું હોય તો પણ આ નુકસાન તુચ્છ અને થોડા સમય માટેનું કામચલાઉ નુકસાન છે અને જૂઠું બોલીને જો તે પોતાની જાતને બચાવી લેશે તો કયામતના દિવસે સખત અઝાબ પોતાની જાત માટે ખરીદી લેશે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૩૬-૧૩૭)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْ نَزَّلَ عَلٰى رَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْۤ
اَنْزَلَ مِنْ قَبْلُ ؕ وَمَنْ يَّكْفُرْ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَالْيَوْمِ الْاٰخِرِ فَقَدْ
ضَلَّ ضَلٰلًا بَعِيْدًا ﴿۱۳۶﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ
ازْدَادُوْا كُفْرًا لَّمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ سَبِيْلًا ﴿۱۳۷﴾ؕ

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! ઈમાન (યકીન) લાવો અલ્લાહ ઉપર અને તેના રસૂલ ઉપર, અને તેની કિતાબ (કુર્આન) ઉપર જે પોતાના રસૂલ ઉપર ઉતારી છે, અને તે કિતાબ ઉપર જે તમારાથી પહેલાં ઉતારી, અને જે કોઈ યકીન કરશે નહીં અલ્લાહ ઉપર અને તેના ફરિશ્તાઓ ઉપર અને કિતાબો ઉપર અને રસૂલો ઉપર અને કયામતના દિવસ ઉપર તે બહેકીને દૂર જઈ પડયો. (૧૩૬) ખરેખર ! જે લોકો મુસલમાન થયા પછી કાફિર થયા, ફરી

મુસલમાન થયા ફરી કાફિર થયા, પછી કુફ્રમાં વધતા રહ્યા તો અલ્લાહ તેમને કદી મા'ફ કરનારો નથી, અને તેમને માર્ગ નહીં બતાવે. (૧૩૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ આયતો અગાઉ મોટા ભાગનું વર્ણન નૈતિકતાને લગતા વિષયનું હતું અત્રે ઈમાન અને કુફ્રની ચર્ચા પણ અમુક–અમુક સ્થળે વિરોધીઓના સંદર્ભમાં આવી ગઈ છે. અહીં આ ચર્ચા વિગતવાર પ્રસ્તુત છે અને સૂરત પૂર્ણ થવાની બિલકુલ નજીક સુધી આ ચર્ચા ચાલતી રહે છે. વર્ણન કરવાના ક્રમમાં પ્રથમ એ બાબતનું વર્ણન છે કે, શરીઅતમાં ઈમાન માન્ય કયું છે ? પછી કાફિરોના અનેકવિધ ફિરકાઓની ટીકા અને તેમના અમુક અકીદાઓને પણ વખોડવામાં આવ્યા છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! (એટલે કે જેઓ ઈમાન લાવીને મો'મિનોના વર્ગમાં સામેલ થઈ ચૂક્યા છે) તમે (અકીદહની આ સ્પષ્ટતા સાંભળી લો કે,) અલ્લાહ ઉપર વિશ્વાસ રાખો (તેની જાત અને સિફાત ઉપર પણ) અને તેના રસૂલ (મુહમ્મદ ﷺની રિસાલત ઉપર) અને તે કિતાબ(ના સત્ય હોવા ઉપર) જે તેણે (એટલે કે અલ્લાહ તઆલાએ) પોતાના રસૂલ (મુહમ્મદ ﷺ) ઉપર નાઝિલ કરી અને તે કિતાબો(ના સત્ય હોવા) ઉપર (પણ) જે (રસૂલ ﷺથી) અગાઉ (અન્ય નબીઓ ઉપર) નાઝિલ થઈ ચૂકી છે (અને રસૂલે કરીમ ﷺ તથા આગલી કિતાબો ઉપર ઈમાન લાવવામાં ફરિશ્તાઓ અને અન્ય અંબિયા અલૈ. તથા કયામતના દિવસ ઉપર ઈમાન લાવવું પણ સામેલ થઈ ગયું) અને જે વ્યક્તિ અલ્લાહ(ની જાત અથવા સિફાત)નો ઈન્કાર કરે અને (એ જ રીતે જે) તેના ફરિશ્તાઓનો (ઈન્કાર કરે) અને (એ જ પ્રમાણે જે) તેની કિતાબોનો (જેમાં કુર્આન શરીફ પણ આવી ગયું, ઈન્કાર કરે) અને (એ જ પ્રમાણે જે) તેના રસૂલોનો (જેમાં રસૂલે કરીમ ﷺ પણ સામેલ છે, ઈન્કાર કરે) અને (એ જ પ્રમાણે જે) કયામતના દિવસનો (ઈન્કાર કરે) તો તે વ્યક્તિ ગુમરાહીમાં ખૂબ દૂર (સુધી) ભટકી ગયો. નિઃશંક ! જે લોકો (પહેલાં તો) મુસલમાન થયા, પછી કાફિર થઈ ગયા, પછી મુસલમાન થઈ ગયા (અને આ વખતે પણ ઈસ્લામ ઉપર

કાયમ ન રહ્યા, નહિતર પ્રથમ વખતનું મુર્તદ થવું મા'ફ થઈ ગયું હોત, પરંતુ) પછી કાફિર થઈ ગયા.... પછી (મુસલમાન જ ન થયા, નહિતર તો પણ ઈમાન સ્વીકાર્ય થઈ ગયું હોત, બલકે, તેઓ તો) કુફ્રમાં જ વધતા ચાલ્યા ગયા, (એટલે કે કુફ્ર ઉપર મૌત સુધી અડગ રહ્યા) અલ્લાહ તઆલા એવા લોકોને કદાપિ બખ્શશે નહીં અને ન (જ) તેમને (ઈચ્છિત મંઝિલ એટલે કે જન્નતનો) રસ્તો બતાવશે (કારણ કે, મા'ફી અને જન્નત માટે મૌત સુધી ઈમાન ઉપર રહેવું શરત છે).

મસ્અલા અને બોધપાઠ :

ફાયદો :

....اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا નો ભાવાર્થ મુનાફિકો છે અને અમુક ફરમાવે છે કે, આ આયત યહૂદીઓ માટે છે કે પ્રથમ ઈમાન લાવ્યા, પછી વાછરડાની પૂજા શરૂ કરી કાફિર થઈ ગયા, ફરી તવબહ કરી મો'મિન થઈ ગયા, પછી ઈસા (અલૈ.)નો ઈન્કાર કરી કાફિર થઈ ગયા. ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺનો ઈન્કાર કરી કુફ્રમાં વધતા ચાલ્યા. *(રૂહુલ મઆની)*

لَمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ سَبِيْلًا આ આયતનો અર્થ એ છે કે, તેમના વારંવાર કુફ્ર તરફ પાછા ફરવાથી તેમનામાં સત્યને અનુસરવાની તવફીક જતી રહી અને તેમનામાં સત્ય સમજવાની શક્તિ જ નષ્ટ પામી અને હવે તેમને આવનારા સમયમાં તવબહ કરી ઈમાન લાવવાનો મોકો જ પ્રાપ્ત નહીં થાય. નહિતર જે કાયદો કુર્આન અને સુન્નતની નુસૂસથી કતઈ રીતે સાબિત છે, તે એ છે કે, કોઈપણ કાફિર અથવા મુર્તદ થયો તે સાચી તવબહ કરી લે તો પાછલા ગુનાહો મા'ફ થઈ જાય છે અને આ લોકો પણ જો તવબહ કરી લે તો મા'ફીનો કાનૂન તેમના માટે પણ ખુલ્લો છે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૩૮ થી ૧૪૧)

بَشِّرِ الْمُنٰفِقِيْنَ بِاَنَّ لَهُمْ عَذَابًا اَلِيْمًا ۝١٣٨ الَّذِيْنَ يَتَّخِذُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ
دُوْنِ الْمُؤْمِنِيْنَ ۗ اَيَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ۝١٣٩ وَقَدْ نَزَّلَ
عَلَيْكُمْ فِي الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَيُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا

مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ غَيْرِهٖٓ ۖ اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ ۭ اِنَّ اللّٰهَ جَامِعُ

الْمُنٰفِقِيْنَ وَالْكٰفِرِيْنَ فِيْ جَهَنَّمَ جَمِيْعَا ۝١٤٠ الَّذِيْنَ يَتَرَبَّصُوْنَ بِكُمْ ۚ فَاِنْ كَانَ لَكُمْ فَتْحٌ

مِّنَ اللّٰهِ قَالُوْٓا اَلَمْ نَكُنْ مَّعَكُمْ ڮ وَاِنْ كَانَ لِلْكٰفِرِيْنَ نَصِيْبٌ ۙ قَالُوْٓا اَلَمْ نَسْتَحْوِذْ

عَلَيْكُمْ وَنَمْنَعْكُمْ مِّنَ الْمُؤْمِنِيْنَ ۭ فَاللّٰهُ يَحْكُمُ بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ۭ وَلَنْ يَّجْعَلَ

اللّٰهُ لِلْكٰفِرِيْنَ عَلَى الْمُؤْمِنِيْنَ سَبِيْلًا ۝١٤١ ع

તરજુમો :

મુનાફિકોને ખુશખબરી સંભળાવી દો કે તેમના માટે દર્દનાક અઝાબ છે. (૧૩૮) (તે) જેઓ કાફિરોને પોતાના મિત્ર બનાવે છે મુસલમાનોને છોડીને, શું તેમની પાસે ઈજ્જત ઢૂંઢે છે !? બસ, ઈજ્જત તો અલ્લાહના જ માટે છે સઘળી ! (૧૩૯) અને તમારા ઉપર કુર્આનમાં હુકમ ઉતારી ચૂક્યો, જ્યારે અલ્લાહની આયતો ઉપર ઈન્કાર થતો અને ઠઠ્ઠા-મશ્કરી થતી સાંભળો તો તેમની સાથે ન બેસો, એટલે સુધી કે પોતાની બીજી કોઈ વાતમાં પ્રવૃત્ત થાય, નહિતર તમે પણ તેમના જ જેવા થઈ ગયા, અલ્લાહ મુનાફિકોને અને કાફિરોને દોઝખમાં એક સ્થળે એકઠા કરશે. (૧૪૦) તે મુનાફિકો જે તમારી તાકમાં છે, પછી જો તમને અલ્લાહના ઈરાદાથી વિજય મળે તો કહે, શું અમે તમારી સાથે ન હતા ? અને જો કાફિરોને નસીબ થાય તો કહે, શું અમે તમને ઘેરી ન લીધા હતા ? અને તમને મુસલમાનોથી બચાવી દીધા ! બસ, અલ્લાહ તમારી વચ્ચે કયામતના દિવસે ફૈસલો કરશે અને અલ્લાહ કાફિરોને મુસલમાનો ઉપર કદી પણ (વર્ચસ્વનો) માર્ગ નહીં આપે. (૧૪૧)

તફસીર :

મુનાફિકોને ખુશખબરી સંભળાવી દો, એની કે તેમના માટે (આખિરતમાં) કષ્ટદાયક સજા (નક્કી કરવામાં આવી) છે, જેમની એવી હાલત છે કે (ઈમાનવાળાઓ જેવા અકીદહ તો નથી રાખતા પરંતુ ઈમાનવાળાઓ જેવો હુલિયો-દેખાવ પણ ન રાખી શક્યા, કારણ કે) કાફિરોને દોસ્ત બનાવે છે

મુસલમાનોને છોડીને, શું તેમની પાસે (જઈને) ઈજ્જત પ્રાપ્ત કરવા ઈચ્છે છે ? બસ, (ખૂબ સમજી લો કે) ઈજ્જત તો સઘળી અલ્લાહ તઆલાના કબ્જામાં છે (તે જેને ઈચ્છે છે તેને આપે છે, બસ અલ્લાહ તઆલા તેમને અથવા જેમની પાસે તેઓ જાય છે તે દોસ્તોને ઈજ્જત ન આપે તો ક્યાંથી તેઓ ઈજ્જતવાળા આબરૂદાર બની શકે છે ?!) અને (હે મુસલમાનો ! જુઓ તમે મુનાફિકોની જેમ કાફિરોને ખાસ ન બનાવો, ખાસ ગાઢ મિત્ર કરીને જે સમયે તેઓ કુફ્રની વાતનું વર્ણન કરતા હોય, જેથી આ મદની સૂરત પહેલાં પણ) અલ્લાહ તઆલા તમારી પાસે આ ફરમાન (સૂરએ અન્આમમાં કે જે મક્કી સૂરહ છે) મોકલી ચૂક્યો છે, (જેનો ખુલાસો એ છે) કે જ્યારે (કોઈ મહેફીલમાં) અલ્લાહના હુકમોની સાથે ઠેકડી અને કુફ્ર થતું સાંભળો તો તે લોકોની પાસે ન બેસો, જ્યાં સુધી કે તેઓ કોઈ અન્ય વાત શરૂ ન કરે (અને આ વિષય તથા આ આયતનો પાયો છે وَاِذَارَاَيْتَ الَّذِيْنَ يَخُوْضُوْنَ..... બસ, આ ઠેકડી ઉડાવનારા મક્કમાં મુશ્રિકો હતા અને મદીનામાં યહૂદી હતા, સરેઆમ આવું કરતા હતા અને મુનાફિકો ફક્ત ગરીબ અને કમજોર મુસલમાનો રૂબરૂ આવું કરતા હતા. બસ, જેવી રીતે ત્યાં મુશ્રિકોની સાથે મહેફીલ માણવાની તે વખતે મનાઈ હતી, અહીંયાં યહૂદીઓ અને મુનાફિકો સાથે મહેફીલ માણવાની મનાઈ એટલા માટે કરીએ છીએ) કે એ હાલતમાં તમે પણ (ગુનાહમાં) તેમના જેવા થઈ જશો. (જો બંનેની હાલતનો તફાવત હોય તો એક ગુનોહ કુફ્ર છે અને બીજું ફિસ્ક છે અને તે મહેફીલ માણવાની મનાઈમાં કાફિરો અને મુનાફિકો બંને સરખા છે. કારણ કે, તે બંનેની વાતોનો વિષય કુફ્રનું વર્ણન કરવું છે અને તેનો હેતુ કુફ્ર જ છે અને તે બંને આ બાબતમાં સરખા છે. એટલા માટે કુફ્રની સજા એટલે કે, દોઝખનું ઈંધણ બનવામાં તેઓ બંને બરાબર છે. કારણ કે) ચોક્કસ અલ્લાહ તઆલા મુનાફિકો અને કાફિરોને બધાને દોઝખમાં ભેગા કરી દેશે (અને) તે (મુનાફિકો) એવા છે કે તમારા ઉપર આફત આવવાની રાહ જૂએ છે (અને એની તમન્ના પણ કરતા રહે છે) પછી (તેમની રાહ જોયા પછી) જો તમને અલ્લાહ તરફથી વિજય પ્રાપ્ત થઈ જાય તો (તમારી પાસે આવીને) વાતો બનાવે છે કે, શું અમે તમારી સાથે (જિહાદમાં સામેલ) ન હતા ? (કારણ કે બનાવટ કરીને નામ પૂરતા મુસલમાન હોવાનું જાહેર કરતા રહેતા હતા, મતલબ કે તેમનો હેતુ ગનીમતના માલમાં હિસ્સો મેળવવાનો હતો) અને જો તે

કાફિરોને (વિજયનો) કોઈ ભાગ મળી ગયો (એટલે કે તેઓ અનાયાસે વિજયી થઈ ગયા) તો (તેમની પાસે જઈને) વાતો બનાવે છે કે, શું અમે તમારી ઉપર ગાલિબ ન આવવા લાગ્યા હતા ? (પરંતુ અમે જાણીબૂઝીને તમને વિજયી કરવા માટે મુસલમાનોની મદદ ન કરી અને એવી યુક્તિઓ કરી કે, લડાઈ બગડી ગઈ) અને શું અમે (જ્યારે તમે પરાજિત થવા લાગ્યા હતા) તમને મુસલમાનોથી બચાવી ન લીધા હતા ? (એ રીતે કે અમે તેમની મદદ ન કરી અને યુક્તિઓ કરી લડાઈનું રૂખ ફેરવી દીધું, મતલબ એ કે, અમારું અહેસાન માનો અને જે કંઈ તમારા હાથ લાગ્યું છે, તેમાંથી અમને પણ કંઈ ભાગ આપો, મતલબ કે બંને બાજુ આ પ્રમાણે હાથ મારતા હતા) બસ, (દુનિયામાં જો કે ઈસ્લામની જાહેરાતની બરકતથી મુસલમાનોની જેમ જિંદગી પસાર કરી રહ્યા છે પરંતુ) અલ્લાહ તઆલા તમારો અને તેમનો (અમલ સંબંધી) કયામતમાં ફેંસલો કરી દેશે અને (આ ફેંસલામાં) કદાપિ અલ્લાહ તઆલા કાફિરોને મુસલમાનોના મુકાબલામાં ગાલિબ કરશે નહીં (બલકે, કાફિરોને અપરાધી ઠરાવીને જહન્નમમાં નાંખી દેવામાં આવશે અને મુસલમાનો સચ્ચાઈ ઉપર સાબિત થઈને જન્નતમાં જશે અને સાચો અંતિમ ફેંસલો આ જ છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં મુનાફિકો માટે કષ્ટદાયક અઝાબની ખબર આપવામાં આવી છે અને આ ગમનાક ખબરને ખુશખબરીના શબ્દથી વર્ણન કરવામાં એ તરફ ઈશારો થયો છે કે, દરેક વ્યક્તિ પોતાના ભવિષ્ય માટે ખુશખબરી સાંભળવા આતુર રહે છે, પરંતુ મુનાફિકો માટે આના સિવાય કોઈ ખબર નથી, એટલે તેમની ખુશખબરીના બદલામાં આ જ ખબર છે (અને આ ખુશખબરીનો શબ્દ કદાચ કટાક્ષ માટે વ્યંગ સ્વરૂપે પણ કહેવામાં આવ્યો હોય એ શક્ય છે).

ઇજ્જત-આબરૂ અલ્લાહ પાસે જ માંગવી જોઈએ :

બીજી આયતમાં કાફિરો અને મુશ્રિકો સાથે મિત્રતાનો વ્યવહાર રાખીને તેમની સાથે ઓળઘોળ થઈ હળી-મળી જવાની મનાઈ કરવામાં આવી છે અને એવું કરનારાઓ માટે ચેતવણી પણ વર્ણન થઈ છે અને તેની સાથે-સાથે આ બીમારીમાં સપડાયેલા હોવાનો અસલ હેતુ અને કારણ વર્ણન કરીને તેને વ્યર્થ

અને વાહિયાત હોવાનું પણ બતાવવામાં આવ્યું છે. ઈરશાદ ફરમાવ્યો, اَيَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا એટલે કે, કાફિર મુશ્રિકોની સાથે મિત્રતાભર્યો વ્યવહાર રાખવા અને તેમની સાથે હળવા–મળવાનો હેતુ એ હોય છે કે, તેમની જાહેર ઈજ્જત, શક્તિ અને મોટા જથ્થાથી પ્રભાવિત થઈને એવું સમજવામાં આવે છે કે, તેમની સાથે દોસ્તી રાખવામાં આવે તો અમને પણ ઈજ્જત–આબરૂ અને શક્તિ પ્રાપ્ત થશે. અલ્લાહ તઆલાએ આ વાહિયાત વાતની વાસ્તવિકતા એ પ્રમાણે સ્પષ્ટ કરી કે, તમે તેમના દ્વારા ઈજ્જત પ્રાપ્ત કરવા ઈચ્છો છો ? જ્યારે કે, તેમની પોતાની કોઈ ઈજ્જત નથી. ઈજ્જત જેનો અર્થ શક્તિ અને મોભાનો છે, તે ફક્ત અલ્લાહ તઆલાને ત્યાં ખાસ છે અને મખ્લૂકમાંથી જે કોઈને જ્યારે પણ શક્તિ અથવા માન–મોભો પ્રાપ્ત થાય છે, તે બધું અલ્લાહ તઆલાનું આપેલું હોય છે, તો એ કેટલી બુદ્ધિહીનતાની બાબત છે કે ઈજ્જત–આબરૂ પ્રાપ્ત કરવા માટે ઈજ્જતના સાચા માલિક ઈજ્જત આપનાર અલ્લાહને તો નારાજ કરવામાં આવે અને તેના દુશ્મનો દ્વારા ઈજ્જત પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે !

કુર્આને કરીમમાં સૂરએ મુનાફિકૂનમાં પણ આ જ વિષય આ વિશેષ વધારા સાથે આ પ્રમાણે આવ્યો છે.

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ،

"ઈજ્જત તો ફક્ત અલ્લાહ માટે છે અને તેના રસૂલ (ﷺ) માટે અને મુસલમાનો માટે, પરંતુ મુનાફિકો આ ગુણને સમજતા નથી." (૬૩:૮)

તેમાં અલ્લાહ તઆલાની સાથે રસૂલે કરીમ ﷺ અને મો'મિનોનો વધારો કરીને એ પણ બતાવી દીધું કે, અસલ ઈજ્જતનો માલિક ફક્ત અલ્લાહ તઆલા જ છે અને જેને ઈચ્છે છે ઈજ્જતનો અમુક હિસ્સો અર્પણ કરી આપે છે અને અલ્લાહ તઆલાના રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવનારા અલ્લાહને પ્રિય અને સ્વીકાર્ય છે. એટલા માટે તેમને ઈજ્જત અને માન–મોભો આપવામાં આવે છે. કાફિરો અને મુશ્રિકોને તો પોતે જ કોઈ ઈજ્જત પ્રાપ્ત નથી થઈ, તો તેમના દ્વારા બીજાઓને કેવી રીતે ઈજ્જત–આબરૂ મળી શકે છે ? એટલા માટે હઝરત ફારૂકે આઝમ (રદિ.)એ ફરમાવ્યું,

مَنِ اعْتَزَّ بِالْعَبِيْدِ اَذَلَّهُ اللّٰهُ،

"જે વ્યક્તિ મખ્લૂક (અલ્લાહના દરેક સર્જન) અને બંદાઓ દ્વારા ઈજ્જત પ્રાપ્ત કરવા ઈચ્છે તો અલ્લાહ તઆલા તેને અપમાનિત કરે છે." (જસ્સાસ)

મુસ્તદ્રક હાકિમમાં છે કે, હઝરત ફારૂકે આઝમ (રદિ.)એ સીરિયાના ગવર્નરને ફરમાવ્યું, كُنْتُمْ اَقَلَّ النَّاسِ وَاَذَلَّ النَّاسِ فَكَثَّرَكُمْ بِالْاِسْلَامِ وَكُنْتُمْ اَذَلَّ النَّاسِ فَاَعَزَّكُمُ اللّٰهُ بِالْاِسْلَامِ مَهْمَا تَطْلُبُوا الْعِزَّةَ بِغَيْرِ اللّٰهِ يُذِلُّكُمُ اللّٰهُ (مستدرک،ص٨٢) "(હે અબૂ ઉબયદહ રદિ. !) તમે સંખ્યામાં ઘણા ઓછા અને સૌથી વધારે અશક્ત અને કમજોર હતા, તમને ફક્ત ઈસ્લામના કારણે ઈજ્જત અને સન્માન મળ્યું છે, સમજી લો કે, જો તમે ઈસ્લામ સિવાય કોઈ બીજા માધ્યમ દ્વારા ઈજ્જત પ્રાપ્ત કરવા ઈચ્છશો તો અલ્લાહ તઆલા તમને અપમાનિત કરશે."

અબૂબક્ર જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે, "પ્રસ્તુત આયતનો હેતુ એ છે કે, કાફિરો અને ફાજિરો સાથે દોસ્તી કરીને ઈજ્જતની તમન્ના ન કરો, હા ! મુસલમાનો દ્વારા ઈજ્જત અને શક્તિ પ્રાપ્ત કરવામાં આવે તો તેની મનાઈ નથી. કારણ કે, સૂરએ મુનાફિકૂનની આયતે એ બાબત જાહેર કરી દીધી છે કે, અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺ અને મો'મિનોને ઈજ્જત બક્ષી છે." *(જસ્સાસ, પેજ : ૩૫૨, જિલ્દ : ૨)*

અહીંયાં ઈજ્જતનો અર્થ એ હંમેશની કાયમી બાકી રહેનારી ઈજ્જત છે, દુનિયામાં તે અલ્લાહ, રસૂલે કરીમ ﷺ અને મો'મિનો માટે ખાસ હોવાનું દેખીતું છે. કારણ કે, આખિરતની ઈજ્જત કોઈ કાફિર અને મુશ્રિકને કદાપિ પ્રાપ્ત નહીં થઈ શકે અને જો તેનો અર્થ દુનિયાની ઈજ્જત લેવામાં આવે તો કામચલાઉ મુસીબતો અને અનાયાસે આવતી દુર્ઘટનાઓને છોડીને પરિણામના આધારે આ ઈજ્જત અને વિજય અંતે ઈસ્લામ અને મુસલમાનોના જ હકમાં છે. જ્યાં સુધી મુસલમાનો સાચા અર્થમાં મુસલમાન રહે તો દુનિયાની આંખોએ તેનું અવલોકન કરી લીધું છે અને અંતિમ યુગમાં પણ હઝરત ઈસા (અલૈ.)ની ઈમામત અને દોરવણીમાં મુસલમાનો સાચા ઈસ્લામ ઉપર કાયમ થઈ જશે, ફરી એકવાર તેમને જ વિજય પ્રાપ્ત થશે. વચ્ચેના કામચલાઉ યુગમાં મુસલમાનોની ઈમાનની કમજોરી અને ગુનાહોમાં ફસાયેલા રહેવાના કારણે તેઓનું અશક્ત દેખાવું, એ આ

સિદ્ધાંતની વિરોધી બાબત નથી.

આ આયત .... قَدْ نَزَّلَ عَلَيْكُمْ فِي الْكِتٰبِ માં કુર્આન મજીદની એક અન્ય આયત, જે સૂરએ અન્આમમાં હિજરત પહેલાં મક્કાએ મુકર્રમહમાં નાઝિલ થઈ ચૂકી હતી, તેનો હવાલો આપીને બતાવવામાં આવ્યું છે કે, અમે તો મનુષ્યજાતિની સુધારણા માટે પ્રથમથી જ આ હુકમ મોકલી આપ્યો હતો કે, કાફિરો અને ફાજિરોની મજલિસમાં ન બેસો અને આશ્ચર્ય છે કે, આ ગાફેલ બેદરકાર લોકો એનાથી પણ આગળ વધી ગયા કે તેમની સાથે મિત્રતા કરવા લાગ્યા અને તેમને ઈજ્જત અને શક્તિના માલિક સમજવા લાગ્યા.

સૂરએ નિસાઅ્ની પ્રસ્તુત આયત અને સૂરએ અન્આમની તે આયત કે જેનો હવાલો સૂરએ નિસાઅ્માં આપવામાં આવ્યો છે, બંનેનો હેતુ એકસરખો એ છે કે, જો કોઈ મજલિસમાં અમુક લોકો અલ્લાહ તઆલાની આયતોનો ઈન્કાર કરી રહ્યા હોય અથવા તો તેની ઠેકડી ઉડાવી રહ્યા હોય, તો જ્યાં સુધી તે આવી બેહૂદા અને વાહિયાત પ્રવૃત્તિમાં રત છે, તેમની મજલિસમાં બેસવું અને મજલિસમાં સામેલ થવું પણ હરામ છે. પછી સૂરએ અન્આમના શબ્દોમાં આ બાબતની થોડી વધારે સ્પષ્ટતા થઈ છે, કારણ કે તેના શબ્દો આ પ્રમાણે છે.

وَاِذَا رَاَيْتَ الَّذِيْنَ يَخُوْضُوْنَ فِيْٓ اٰيٰتِنَا فَاَعْرِضْ عَنْهُمْ حَتّٰى يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ

غَيْرِهٖ وَاِمَّا يُنْسِيَنَّكَ الشَّيْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ○

"જ્યારે તમે તે લોકોને જૂઓ જેઓ ઝઘડે છે અમારી આયતોમાં, તો તેમનાથી કિનારો કરી લો (દૂર હટી જાઓ), ત્યાં સુધી કે તેઓ કોઈ અન્ય બાબતમાં મશ્ગૂલ થઈ જાય અને જો તમને શયતાન ભૂલાવી દે તો યાદ આવ્યા પછી જાલિમો સાથે ન બેસો." *(૬:૬૮)*

આ આયતમાં અલ્લાહની આયતોમાં ઝઘડો કરવાનું વર્ણન થયું છે, જેમાં કાફિરો દ્વારા ઠેકડી ઉડાવવી પણ સામેલ છે અને આયતમાં ફેરબદલ કરવી અથવા વધારો-ઘટાડો કરવો અથવા કુર્આનની આયતોનો એવો અર્થ કાઢવો, જે રસૂલે કરીમ ﷺ તથા સહાબએ કિરામ (રદિ.)ની તફસીરના વિરુદ્ધ હોય તથા ઈજ્માએ ઉમ્મતના વિરુદ્ધ હોય, તે પણ આ બધામાં સામેલ છે. એટલા માટે

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ની ઝહ્હાકે રિવાયત નકલ કરી છે કે, "આ આયતના અર્થમાં તે લોકો પણ સામેલ છે, જે કુર્આનની ગલત તફસીર અથવા તેમાં તહરીફ કરે અથવા બિદ્અતો કાઢનારા છે." તેના શબ્દો આ પ્રમાણે છે دَخَلَ فِیْ هٰذِهِ الْاٰیَةِ کُلُّ مُحْدَثٍ فِی الدِّیْنِ وَکُلُّ مُبْتَدِعٍ اِلٰی یَوْمِ الْقِیٰمَةِ (مَظْهَرِی، ص ۲۶۳، ج ۲)

પોતાના અભિપ્રાયથી તફસીર કરનારની મજલિસમાં સામેલ થવું જાઇઝ નથી :

જાણ થઈ કે, જે વ્યક્તિ કુર્આને કરીમના દર્સ અથવા તફસીરમાં સલફે સાલિહીનની તફસીરનો પાબંદ નથી, બલકે તેમના વિરુદ્ધ અર્થ વર્ણન કરે છે, તેના દર્સ અને તફસીરમાં હાજરી આપવી કુર્આનની "નસ" આધારે જાઇઝ નથી અને તે સવાબના બદલે ગુનાહનું કામ છે. તફસીરે બહરે મુહીતમાં અબૂ હય્યાન (રહ.)એ ફરમાવ્યું છે કે, "આ આયતોથી જાણ થાય છે કે, જે વાતોનું જીભથી કહેવું ગુનોહ છે, તે વાતોને સ્વેચ્છાએ કાનોથી સાંભળવું પણ ગુનોહ છે." અને આ શે'ર પણ નકલ કર્યો,

وَسَمْعَکَ صُنْ عَنْ سِمَاعِ الْقَبِیْحِ   کَصَوْنِ اللِّسَانِ عَنِ النُّطْقِ بِهٖ

"પોતાના કાનોને ખરાબ વાત સાંભળવાથી બચાવો,
જેવી રીતે જીભને ખરાબ વાતો કહેવાથી બચાવો છો."

સૂરએ અન્આમની આયતમાં બીજી વાત એટલી વધારે છે કે, જો કોઈ વ્યક્તિ ભૂલથી અથવા અજાણતામાં કોઈ વ્યક્તિ અથવા એવી મજલિસમાં સામેલ થઈ ગયો, પછી જાણ થઈ તો તે જ સમયે તે મજલિસથી અલગ થઈ જવું જોઈએ. જાણ થયા પછી જાલિમ લોકો સાથે ન બેસે.

સૂરએ નિસાઅ્ અને સૂરએ અન્આમની બંને આયતોમાં એવું ફરમાવવામાં આવ્યું છે કે, જ્યાં સુધી તે લોકો આ વાહિયાત વાતચીતમાં મશ્ગૂલ રહે તે સમય સુધી તેમની મજલિસમાં બેસવું હરામ છે.

આ મસ્અલાનું બીજું પાસું એ છે કે, જ્યારે તેઓ આ વાતચીત પૂર્ણ કરીને કોઈ અન્ય વાત શરૂ કરે, તો તે સમયે તેમની સાથે મજલિસમાં બેસવું જાઇઝ છે કે કેમ ? કુર્આને કરીમે તેને ખુલ્લમ-ખુલ્લું વર્ણન નથી કર્યું, એટલા માટે ઉલમાનો એમાં મતભેદ છે. અમુકે ફરમાવ્યું કે, મનાઈનું કારણ અલ્લાહની આયતોનું

અપમાન અને તેની તહરીફ હતી, જ્યારે એ બાબત પૂર્ણ થઈ તો મનાઈ પણ પૂર્ણ થઈ ગઈ. એટલા માટે બીજી વાતો શરૂ થઈ ગયા પછી તેમની મજલિસોમાં બેસવું ગુનોહ નથી. અને અમુકે કહ્યું, એવા કાફિરો, ફાજિરો અને જાલિમ લોકોની દોસ્તી અને મજલિસોમાં બેસવું ત્યાર પછી પણ બરાબર નથી. હઝરત હસન બસરી (રહ.)નું આવું જ કહેવું છે, તેમણે સૂરએ અન્આમના આ વાક્યથી દલીલ કરી છે, فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ "યાદ આવી ગયા પછી જાલિમો સાથે ન બેસો" અને દેખીતું છે કે, જાલિમ આ વાતચીત પૂર્ણ કર્યા પછી પણ જાલિમ જ છે. એટલા માટે તેમની મિત્રતા અને તેમની મજલિસોમાં ત્યાર પછી બેસવાથી પણ બચવું જરૂરી છે. *(જસ્સાસ)*

તફસીરે મઝહરીમાં કાજી સાહબ (રહ.)એ બંનેમાં આ પ્રમાણે સુમેળ સાધ્યો છે કે, જ્યારે કાફિરો ઠેકડી ઉડાવવાની અને કુર્આનની તહરીફની વાતચીત બંધ કરીને કોઈ અન્ય વાત શરૂ કરે તો તે સમયે પણ એવા લોકોની મજલિસમાં વિના જરૂરતે સામેલ થવું હરામ છે અને જો કોઈ શરઈ જરૂરત હોય અથવા બીજી કોઈ જાઇઝ દુનિયવી જરૂરત હોય અથવા તો દા'વત વગેરેના કારણે હોય તો જાઇઝ છે.

ખરાબ લોકોની મિત્રતા કરતાં એકાંત સારું :

ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે, "આ આયતથી સાબિત થયું કે, જે મજલિસમાં કોઈ ગુનાહનું કામ થઈ રહ્યું હોય તો મુસલમાનો ઉપર "નહી અનિલ મુન્કર" (બુરાઈઓથી રોકવા)ની રૂએ એ જરૂરી છે કે, જો તે તેને રોકવાની શક્તિ ધરાવતો હોય તો શક્તિનો ઉપયોગ કરી તેને રોકે અને જો એ શક્તિ પણ ન હોય તો ઓછામાં ઓછું આ ગુનાહથી પોતાની નારાજગી અને અણગમાને પ્રગટ કરે, જેનો અદના દરજ્જો એ છે કે તે મજલિસમાંથી ઊઠી જાય." આ જ કારણ છે કે, હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)એ એક સમયે અમુક લોકોની દારૂ પીવાના ગુનાહમાં ધરપકડ કરી, તેમાંથી એક વ્યક્તિ વિશે એવું સાબિત થયું કે, તેણે રોઝો રાખ્યો હતો અને તેણે દારૂ પીધું ન હતું પરંતુ તે વ્યક્તિ તે મજલિસમાં બેઠો હતો. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)એ તેને પણ એ કારણે સજા આપી કે, તે તેમની મજલિસમાં શા માટે બેઠો ? *(બહરે મુહીત, પેજ : ૩૭૫, જિલ્દ : ૩)*

તફસીરે ઈબ્ને કષીરમાં આ સ્થળે આ હદીષ નકલ કરી છે,

مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ فَلَا يَجْلِسْ عَلٰى مَائِدَةٍ يُدَارُ عَلَيْهَا الْخَمْرُ،

(اِبْنِ كَثِيْر، ص ۵۷۶ ج ۱)

"જે વ્યક્તિ અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર ઈમાન રાખે છે, તેણે તે દસ્તરખ્વાન (અથવા તો ખાવાના ટેબલ) ઉપર પણ ન બેસવું જોઈએ, જ્યાં સુધી કે દારૂનો દૌર ચાલતો હોય." *(ઈબ્ને કષીર, પેજ : ૫૬૭, જિલ્દ : ૧)*

પ્રસ્તુત ચર્ચામાં મજલિસમાંથી ઊઠી જવા વિશે જે કંઈ કહેવામાં આવ્યું છે, તેના માટે શરત એ છે કે, શરઈ હેસિયતથી આ મજલિસ છોડી દેવામાં કોઈ ગુનોહ ન થતો હોય. દાખલા તરીકે, મસ્જિદમાં જમાઅતમાં સામેલ થવું જરૂરી બાબત છે, હવે જો ત્યાં કોઈ શરીઅતના વિરુદ્ધ કામ થવા લાગે તો તે કારણે જમાઅત ન છોડે, બલકે ફક્ત દિલથી નારાજ થઈને અણગમો પ્રગટ કરવાને પૂરતું સમજે. એ જ પ્રમાણે કોઈ અન્ય જરૂરી મજલિસ જેની જરૂરિયાત શરીઅતથી સાબિત થાય છે, જો ત્યાં અમુક લોકો કોઈ શરીઅત વિરુદ્ધ કામ કરવા માંડે તો અન્યોના ગુનાહના કારણે તે મજલિસ છોડીને પોતે ગુનાહમાં સંડોવાવું યોગ્ય નથી. એટલા માટે હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, "જો આપણે લોકોના ગુનાહોના કારણે પોતાના જરૂરી કામો છોડી દઈશું તો આપણે ફાસિકો અને ફાજિરો માટે સુન્નત અને શરીઅતને મિટાવવાનો માર્ગ મોકળો કરી આપીશું !"

ખુલાસો એ થયો કે, બાતિલની પૈરવી કરનારાઓની સાથે મજલિસ માણવાના અમુક સ્વરૂપો નીચે પ્રમાણે છે.

પ્રથમ, તેમના કુફ્રિય્યહ વાર્તાલાપ સાથે સહમત થવું એ કુફ્ર છે.

બીજું, કુફ્રિય્યહ વાર્તાલાપની જાહેરાત સમયે વિના જરૂરતે બેસી રહેવું ફિસ્ક (મોટો ગુનોહ) છે. ભલે, તે આ વાર્તાલાપથી અણગમો દર્શાવતો હોય.

ત્રીજું, કોઈ દુનિયાની જરૂરતના કારણે આવી મજલિસ (સભા)માં બેસવું મુબાહ છે.

ચોથું, હુકમોના પ્રચાર માટે જવું ઈબાદત છે.

પાંચમું, લાચારી (ઈજ્તિરાર) અને અનિચ્છાએ બેસવું મજબૂરી છે.

કુફ્ર ઉપર સહમત (રાજી) થવું કુફ્ર છે :

છેલ્લી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ એટલે કે, જો તમે એવી મજલિસમાં રાજી–ખુશીથી સામેલ રહ્યા જેમાં અલ્લાહની આયતોનો ઈન્કાર થઈ રહ્યો હતો અથવા તેની ઠેકડી ઉડાવવામાં આવી રહી હતી અથવા તેની તહરીફ થઈ રહી હતી, તો તમે તેમના ગુનાહમાં સામેલ થઈને એમના જેવા જ થઈ ગયા, એનો અર્થ એ છે કે અલ્લાહ ન ચાહે તમારી લાગણીઓ અને વિચારો પણ એવા જ છે કે, તમે તેમની કુફ્રિય્યહ વાતોને પસંદ કરવા માંડો અને તેના ઉપર રાજી થઈ જાઓ, તો હકીકતમાં તમે પણ કાફિર છો. કારણ કે, કુફ્રને પસંદ કરવું પણ કુફ્ર છે અને જો વાત એવી નથી તો "તેમના જેવા થઈ જવા"નો અર્થ એ છે કે, જેવી રીતે તેઓ ઈસ્લામ અને મુસલમાનોને નુકસાન પહોંચાડવામાં અને દીનને જૂઠાડવામાં પ્રવૃત્ત છે, તમે પણ તેમાં સામેલ થઈને તેમની મદદ કરી છે અને એટલા માટે મઆઝલ્લાહ ! તમે પણ તેમના જેવા થઈ ગયા.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૪૨–૧૪૩–૧૪૪)

اِنَّ الْمُنٰفِقِيْنَ يُخٰدِعُوْنَ اللّٰهَ وَ هُوَ خَادِعُهُمْ ۚ وَ اِذَا قَامُوْٓا اِلَى الصَّلٰوةِ قَامُوْا
كُسَالٰى ۙ يُرَآءُوْنَ النَّاسَ وَلَا يَذْكُرُوْنَ اللّٰهَ اِلَّا قَلِيْلًا ﴿١٤٢﴾ مُّذَبْذَبِيْنَ بَيْنَ ذٰلِكَ ۖ
لَآ اِلٰى هٰٓؤُلَآءِ وَلَآ اِلٰى هٰٓؤُلَآءِ ۗ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ سَبِيْلًا ﴿١٤٣﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۗ اَتُرِيْدُوْنَ
اَنْ تَجْعَلُوْا لِلّٰهِ عَلَيْكُمْ سُلْطٰنًا مُّبِيْنًا ﴿١٤٤﴾

તરજુમો :

અલબત્ત, મુનાફિકો અલ્લાહથી દગાબાજી કરે છે અને તે જ તેમને દગો આપશે; અને જ્યારે નમાઝ માટે ઊભા થાય તો નિર્માલ્ય (સુસ્ત) જેવા ઊભા થાય લોકોને બતાવવા, અને અલ્લાહને યાદ ન કરે પરંતુ ઘણું ઓછું (નામ પૂરતું). (૧૪૨) બંનેની વચ્ચે અધ્ધર લટકે છે, ન એમની તરફ ન

તેમની તરફ; અને જેને અલ્લાહ ગુમરાહ કરે તો કદાપિ તમે તેમના માટે ક્યાંય માર્ગ પામશો નહીં. (૧૪૩) હે ઈમાનવાળાઓ ! મુસલમાનોને છોડીને કાફિરોને પોતાના મિત્ર ન બનાવો, શું પોતાના ઉપર અલ્લાહનો ખુલ્લો ઈલ્જામ (દલીલ) લેવા ઈચ્છો છો ? (૧૪૪)

તફસીર :

નિ:શંક ! મુનાફિક લોકો (ઈમાન જાહેર કરવા બાબતે) અલ્લાહ સાથે ચાલબાજીઓ કરે છે (જો કે, તેમની ચાલબાજીઓ અલ્લાહથી છૂપી નથી રહી શકતી અને ભલે તેમની માન્યતા અલ્લાહ સાથે ચાલબાજી કરવાની ન પણ હોય પરંતુ તેમની આ કાર્યવાહી આવી ચાલબાજીઓ કરવા સમાન જ છે, જેમકે તેઓ એવી માન્યતા પણ ધરાવે છે) જ્યારે કે, અલ્લાહ તઆલા તેમની આ ચાલબાજીની સજા તેમને આપવાનો છે અને (કારણ કે, દિલમાં ઈમાન તો છે નહીં એટલા માટે ન તો નમાઝને ફરજ સમજે છે અને ન જ એમાં સવાબની માન્યતા ધરાવે છે, એટલા માટે) જ્યારે નમાઝ ઊભી થાય છે તો બહુ સુસ્તી (એટલે કે આળસ)થી ઊભા થાય છે (કારણ કે, અમલમાં નિખાર માન્યતા અને ઉમ્મીદથી પેદા થાય છે) ફક્ત લોકોને (પોતાની નમાઝ) બતાવે છે (જેથી તેમને મુસલમાન સમજવામાં આવે) અને (કારણ કે, તેમની નમાઝ ફક્ત નામ પૂરતી હોય છે, એટલા માટે નમાઝમાં) અલ્લાહનો ઝિક્ર (મૌખિક રીતે) નથી કરતા પરંતુ ખૂબ જ ઓછો (એટલે કે, ફક્ત નમાઝનું સ્વરૂપ બનાવે છે, જેમાં નમાઝ ફક્ત નામ પૂરતી થઈ જાય બલકે, એવું કહી શકાય કે ઉઠક-બેઠક કરે છે, કારણ કે, મોટેથી કિરાઅત કરવાની આવશ્યકતા તો મોટે ભાગે ઈમામને જ હોય છે, ઈમામત તો તેમના નસીબમાં નથી. મુક્તદી હોવાની પરિસ્થિતિમાં જો કોઈ બિલકુલ કશું ન પઢે, ફક્ત હોઠ હલાવ્યા કરે તો કોઈને શું ખબર પડે કે તે શું પઢી રહ્યો છે ? આવા મુનાફિકોથી કોઈ આશ્ચર્યની વાત નથી કે, તેઓ ફક્ત હોઠ હલાવ્યા કરતા હોય) અદ્ધરતાલ લટકી રહ્યા છે, ન (સંપૂર્ણ) આ બાજુ, ન સંપૂર્ણ તે બાજુ (કારણ કે, દેખાવમાં મો'મિનો તો કાફિરો કરતા અલગ અને બાતિનમાં કાફિરો તો મો'મિનોથી અલગ) અને જેને અલ્લાહ તઆલા ગુમરાહીમાં નાંખી દે (જેમકે અલ્લાહની આદત છે કે, કોઈ કામનો ઈરાદો માત્ર કરવાથી તે કામ થઈ જાય છે) એવા વ્યક્તિ(ના મો'મિન થવા) માટે તું કોઈ માર્ગ નહીં મેળવે (મતલબ

એ છે કે, તે મુનાફિકોના માર્ગ ઉપર આવવાની ઉમ્મીદ ન રાખો, તેમને મુનાફિકોની માનસિકતા બતાવી દેવામાં આવી તથા મો'મિનોને સંતોષ થઈ ગયો કે, હવે તેઓ તેમની શરારતોથી દિલગીર ન થાય). હે ઈમાનવાળાઓ ! તમે મો'મિનોને છોડીને કાફિરોને (ભલે મુનાફિક હોય કે કાફિર મુહાજિર હોય) દોસ્ત ન બનાવો (જેમકે મુનાફિકોની ટેવ છે, કારણ કે તમને તેમની કુફ્રની અને અદાવતની પરિસ્થિતિની જાણ થઈ ચૂકી છે) શું તમે (તેમની સાથે મિત્રતા કરીને) એવું ઇચ્છો છો કે, તમારા ઉપર (એટલે કે, પોતાના મુજરિમ હોવાની અને સજાના હકદાર હોવાની) અલ્લાહ તઆલાની સ્પષ્ટ દલીલ કાયમ કરી લો ? (સ્પષ્ટ દલીલ એ છે કે, અમે જ્યારે મનાઈ કરી હતી, પછી તમે તેનો ભંગ કેમ કર્યો ?)

મસ્અલા અને બોધપાઠ :

મસ્અલો :

قَامُوْٓا كُسَالٰى નમાઝમાં સુસ્તી કરનાર જે લોકોને અહીંયાં વખોડવામાં આવ્યા છે અહીંયાં તે અકીદહની રૂએ મુનાફિક લોકો વિશે કહેવામાં આવ્યું છે, પરંતુ જેઓ સાચો અકીદહ ધરાવે છે અને કોઈ વખતે સુસ્તી થઈ જાય છે, તો તે આ હુકમથી ખારિજ અને બાકાત છે, પછી જો કોઈ ઉઝર (શરઈ કારણ) હોય જેમકે, બીમારી, ડર, રાતનો અંધકાર વગેરે.... તો આ બાબત વખોડવા પાત્ર પણ નથી અને જો વિના કારણે આવી સુસ્તી કરે તો વખોડવા પાત્ર છે. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૪૫-૧૪૬-૧૪૭)

اِنَّ الْمُنٰفِقِيْنَ فِي الدَّرْكِ الْاَسْفَلِ مِنَ النَّارِ ۚ وَلَنْ تَجِدَ لَهُمْ نَصِيْرًا ﴿١٤٥﴾
اِلَّا الَّذِيْنَ تَابُوْا وَاَصْلَحُوْا وَاعْتَصَمُوْا بِاللّٰهِ وَاَخْلَصُوْا دِيْنَهُمْ لِلّٰهِ
فَاُولٰٓئِكَ مَعَ الْمُؤْمِنِيْنَ ۭ وَسَوْفَ يُؤْتِ اللّٰهُ الْمُؤْمِنِيْنَ اَجْرًا عَظِيْمًا ﴿١٤٦﴾ مَا
يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ اِنْ شَكَرْتُمْ وَاٰمَنْتُمْ ۭ وَكَانَ اللّٰهُ شَاكِرًا عَلِيْمًا ﴿١٤٧﴾

તરજુમો :

બેશક ! મુનાફિકો દોઝખના સૌથી નીચેના દરજ્જામાં છે અને તમે કદાપિ તેમની પાસે કોઈ મદદગાર પામશો નહીં. (૧૪૫) પરંતુ જેમણે તવબહ કરી અને પોતાની સુધારણા કરી અને અલ્લાહને મજબૂતીથી પકડયો અને માત્ર (ખાલિસ) અલ્લાહના આજ્ઞાપાલક થયા; બસ, તેઓ ઈમાનવાળાઓ સાથે છે, અને અલ્લાહ ઈમાનવાળાઓને જલદી મોટો સવાબ (બદલો) આપશે. (૧૪૬) અલ્લાહ તમને અઝાબ કરીને શું કરશે જો તમે હકને માનો (શુક્ર કરો) અને યકીન રાખો ? અને અલ્લાહ કદરદાન છે; સઘળું જાણનારો. (૧૪૭)

તફસીર :

નિઃશંક ! મુનાફિકો દોઝખના સૌથી નીચેના તબક્કામાં જશે અને (હે લોકો!) તમે હરગીઝ તેમનો કોઈ મદદગાર નહીં જુઓ (જે તેમને આ સજાથી બચાવી શકે), પરંતુ (તેમનામાંથી) જે લોકો (નિફાકથી) તવબહ કરી લે અને (મુસલમાનો સાથે જે તેમની પીડા પહોંચાડવાની વૃત્તિ હતી તેની) સુધારણા કરી લે (એટલે કે ફરી એવી પ્રવૃત્તિ ન કરે) અને (જેમકે તેઓ કાફિરોના શરણમાં રહેવાના કારણે તેમની દોસ્તી કરે છે તે કાફિરોને છોડીને) અલ્લાહ તઆલા ઉપર સંપૂર્ણ ભરોસો રાખે અને (રિયાકારી–દેખાડો છોડીને) પોતાના દીન(ના અમલો)ને ખાલિસ અલ્લાહ માટે જ કરી લે (મતલબ કે, પોતાના અકીદાઓની, વ્યવહારની, નૈતિકતાની, ચારિત્ર્યની, બાહ્ય અને આંતરિક દરેક રીતે દુરુસ્તી કરી લે) તો એ (તવબહ કરનાર) લોકો (તે) મો'મિનોની સાથે (જન્નતના દરજ્જાઓમાં) હશે (જેઓ પ્રથમથી જ સંપૂર્ણ ઈમાન ધરાવે છે) અને (તે) મો'મિનોને અલ્લાહ તઆલા (આખિરતમાં) મહાન બદલો અર્પણ કરશે (બસ, જ્યારે તેઓ મો'મિનોની સાથે હશે તો તેમને પણ મહાન બદલો મળશે અને હે મુનાફિકો !) અલ્લાહ તઆલા તમને સજા આપીને શું કરશે ? જો તમે (તેની નેઅ્મતો જે તમારા ઉપર ઇનામ કરી છે, તેનો) શુક્ર અદા કરો (આ શુક્ર અદા કરવાની સાચી રીત જે અમને પસંદ છે તે એ છે કે, તમે) ઈમાન લઈ આવો (એટલે કે, અલ્લાહ તઆલાનું કોઈ કામ અટકી નથી પડ્યું કે તમને સજા આપ્યા વિના નહીં ચાલે ! ફક્ત તમારું કુફ્ર જે અંતિમ કક્ષાનું કુફ્ર અને નેઅ્મતોની નાશુક્રી

છે, તે જ તમારી સજાનું કારણ છે. જો તે છોડી દો તો પછી તેની રહમત જ રહમત છે) અને અલ્લાહ તઆલા (તો સેવા કરનારની) મહાન કદ્ર કરનારો (અને સેવા કરનારની નિખાલસતા વગેરેને) ખૂબ જાણનારો છે (બસ, જે વ્યક્તિ ફરમાંબરદારી અને નિખાલસતાથી રહે તેને ઘણું બધુ આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

اَخْلَصُوْا دِيْنَهُمْ આ આયતથી જાણ થાય છે કે, અલ્લાહ તઆલાના ત્યાં તે જ અમલ સ્વીકાર્ય છે, જે રિયાકારી (દેખાડા)થી પવિત્ર છે અને તે અમલ ફક્ત અલ્લાહની જાત માટે જ કરવામાં આવ્યો છે. કારણ કે "મુખ્લિસ"નો અર્થ ફુકહાએ આ પ્રમાણે વર્ણન કર્યો છે કે,

اَلَّذِیْ یَعْمَلُ لِلّٰهِ لَا یُحِبُّ اَنْ یَّحْمَدَهُ النَّاسُ عَلَیْهِ، (بحوالہء مظهری)

"મુખ્લિસ (નિખાલસ) તે વ્યક્તિ છે જે ફક્ત અલ્લાહના માટે જ અમલ કરે અને તે એવી વાતને તે પસંદ નથી કરતો કે લોકો તેના અમલના વખાણ કરે."

(મઝહરીના હવાલાથી)

પારહ (૬)

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૪૮ થી ૧૫૨)

لَا یُحِبُّ اللّٰهُ الْجَهْرَ بِالسُّوْٓءِ مِنَ الْقَوْلِ اِلَّا مَنْ ظُلِمَ ؕ وَكَانَ اللّٰهُ سَمِیْعًا
عَلِیْمًا ﴿١٤٨﴾ اِنْ تُبْدُوْا خَیْرًا اَوْ تُخْفُوْهُ اَوْ تَعْفُوْا عَنْ سُوْٓءٍ فَاِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا
قَدِیْرًا ﴿١٤٩﴾ اِنَّ الَّذِیْنَ یَكْفُرُوْنَ بِاللّٰهِ وَرُسُلِهٖ وَیُرِیْدُوْنَ اَنْ یُّفَرِّقُوْا بَیْنَ
اللّٰهِ وَرُسُلِهٖ وَ یَقُوْلُوْنَ نُؤْمِنُ بِبَعْضٍ وَّنَكْفُرُ بِبَعْضٍ ۙ وَّیُرِیْدُوْنَ اَنْ
یَّتَّخِذُوْا بَیْنَ ذٰلِكَ سَبِیْلًا ﴿١٥٠﴾ ۙ اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ وَاَعْتَدْنَا
لِلْكٰفِرِیْنَ عَذَابًا مُّهِیْنًا ﴿١٥١﴾ وَالَّذِیْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ وَلَمْ یُفَرِّقُوْا بَیْنَ اَحَدٍ
مِّنْهُمْ اُولٰٓئِكَ سَوْفَ یُؤْتِیْهِمْ اُجُوْرَهُمْ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِیْمًا ﴿١٥٢﴾ ع

તરજુમો :

અલ્લાહને કોઈ બુરી વાતને જાહેર કરવી પસંદ નથી, પરંતુ જેના ઉપર જુલમ થયો હોય; અને અલ્લાહ સઘળું સાંભળનારો, જાણનારો છે. (૧૪૮) જો તમે કોઈ ખુલ્લમ-ખુલ્લી ભલાઈ કરો અથવા તેને છુપાવો અથવા બુરાઈને મા'ફ કરો, તો અલ્લાહ પણ મોટો મા'ફ કરનાર મહાન કુદરતવાળો (શક્તિશાળી) છે. (૧૪૯) બેશક ! જે લોકો ઈન્કારી છે અલ્લાહથી અને તેના રસૂલોથી, અને ઈચ્છે છે કે અલ્લાહમાં અને તેના રસૂલોમાં ફરક કાઢે (ભેદભાવ કરે), અને કહે છે અમે અમુકને માનીએ છીએ અને અમુકને નથી માનતા, અને ઈચ્છે છે કે તેના વચ્ચે એક માર્ગ કાઢે. (૧૫૦) આવા લોકો તે જ છે "અસલ કાફિર"; અને અમે કાફિરો માટે ઝિલ્લતનો (અપમાનજનક) અઝાબ તૈયાર કરી રાખ્યો છે. (૧૫૧) અને જે લોકો અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને તેના રસૂલો ઉપર, અને તેમનામાંથી કોઈને અલગ ન કર્યો (ભેદભાવ ન કર્યો), તેમને તેમનો સવાબ જલદી જ આપશે, અને અલ્લાહ મહાન બખ્શનાર મહેરબાન છે. (૧૫૨)

તફસીર :

અલ્લાહ તઆલા કોઈ ઝુબાન ઉપર (કોઈના માટે) બુરી વાત લાવે તે પસંદ નથી કરતો મઝલૂમ સિવાય (કે તે પોતાના ઉપર થયેલ અત્યાચાર વિશે કોઈ ઘટનાક્રમ સંભળાવવા અને શિકાયત કરવા લાગે તો કંઈ ગુનોહ નથી) અને અલ્લાહ તઆલા (મઝલૂમની વાત) ખૂબ સાંભળે છે (અને જાલિમના જુલમની હાલત) સારી રીતે જાણે છે, (એમાં ઈશારો છે કે, મઝલૂમને પણ ઘટનાની ખોટી રજૂઆત કરવાની પરવાનગી નથી અને આવી શિકાયત કરવી જાઈઝ તો છે પરંતુ) જો નેક કામ જાહેરમાં કરવામાં આવે અથવા તેને ગુપ્ત કરો (જેમાં મા'ફ કરવું પણ આવી ગયું) અથવા (ખાસ કરીને) કોઈ(ની) બુરાઈને મા'ફ કરી આપો તો (વધારે સારું છે કારણ કે,) અલ્લાહ તઆલા (પણ) મોટો મા'ફ કરનારો છે (તે છતાં કે,) સંપૂર્ણ કુદરતવાળો છે (કે, પોતાના અપરાધીઓ પાસેથી દરેક રીતે બદલો લઈ શકે છે, પરંતુ તે છતાં મોટે ભાગે મા'ફ જ કરી આપે છે, બસ જો તમે એવું કરો તો પ્રથમ તો અલ્લાહ તઆલાની સુન્નતનું અનુસરણ કર્યું ગણાશે અને પછી અલ્લાહ તઆલા તરફથી તમારી સાથે પણ એવો જ વર્તાવ કરવાની આશા

છે), જે લોકો કુફ્ર કરે છે અલ્લાહ તઆલાની સાથે (જેમકે તેમના અકીદહ અને નિવેદનથી જે આગળ આવે છે, સ્પષ્ટ રીતે લાગુ પડે છે) અને (કુફ્ર કરે છે) તેના રસૂલોની સાથે (એટલે કે, અમુકને તો ખૂબ વખાણે કારણ કે, યહૂદીઓ હઝરત ઈસા અલૈ. અને રસૂલે કરીમ ﷺની નુબુવ્વતના ઈન્કારી હતા અને બધાની ઉપર ઈમાન લાવવું જરૂરી છે, જેમકે આગળ આવે છે.) અને એવું ઈચ્છે છે કે, અલ્લાહ અને તેના રસૂલોની વચ્ચે (ઈમાન લાવવાના અનુસંધાને) ફરક રાખે અને (પોતાના આ અકીદાઓને જીભથી પણ) કહે છે કે, અમે (પયગમ્બરોમાંથી) અમુક ઉપર તો ઈમાન લાવ્યા છે અને અમુકના ઈન્કારી છે (આ નિવેદન અને અકીદહથી અલ્લાહની સાથે પણ કુફ્ર લાગુ પડે છે અને બધા રસૂલોની સાથે પણ કુફ્ર લાગુ પડે છે, કારણ કે અલ્લાહ તઆલાએ તો દરેક રસૂલોને રસૂલ કહ્યા છે. જ્યારે તમે અમુકનો ઈન્કાર કરો છો તો અલ્લાહ તઆલાને અને બાકીના રસૂલોને જૂઠાડવું થઈ ગયું, જે સચ્ચાઈની અને ઈમાનની વિરુદ્ધ બાબત છે) અને એવું ઈચ્છે છે કે, વચ્ચે-વચ્ચેનો એક માર્ગ કાઢીએ (કે ન તો બધા નબીઓ ઉપર ઈમાન રહે જેમકે મુસલમાનો બધા નબીઓ ઉપર ઈમાન રાખે છે અને ન જ બધાનો ઈન્કાર કરીએ જેમકે, મુશ્રિકો કરે છે, બસ) એવા લોકો ચોક્કસ કાફિર છે (કારણ કે, અમુક રસૂલો ઉપર ઈમાન ન લાવવું પણ કુફ્ર છે અને ઈમાન અને કુફ્ર વચ્ચે કોઈ સંબંધ નથી, જ્યારે ઈમાન સંપૂર્ણ નથી તો તે કુફ્ર જ છે). અને કાફિરો માટે અમે અપમાનજનક સજા તૈયાર કરી રાખી છે (તે જ એમના માટે પણ હશે) અને જે લોકો અલ્લાહ તઆલા ઉપર ઈમાન રાખે છે અને તેના બધા જ રસૂલો ઉપર પણ અને તેમાંથી કોઈનામાં પણ (ઈમાન લાવવા વિશે) તફાવત નથી કરતા અને આ લોકોને અલ્લાહ તઆલા જરૂર તેનો સવાબ આપશે અને (કારણ કે) અલ્લાહ તઆલા મોટો મા'ફ કરનારો છે (એટલા માટે ઈમાન લાવતાં પહેલા જેટલા ગુનાહો થઈ ચૂક્યા છે તે બધા મા'ફ કરવામાં આવશે અને કારણ કે, તે) મહાન રહમતવાળો છે (એટલા માટે ઈમાનની બરકતથી તેની ભલાઈઓમાં વધારો કરીને મોટો સવાબ અને સારો બદલો અર્પણ કરશે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાંથી પ્રથમ આયત અને બીજી આયત દુનિયામાંથી જુલમ અને અત્યાચારનો નાશ કરવા માટે એક કાયદા સ્વરૂપે છે, પરંતુ સામાન્ય

દુનિયાના કાયદાઓની જેમ આ કાયદો નથી કે જેનું સ્વરૂપ ફક્ત આજ્ઞા અને હુકમ સ્વરૂપે હોય છે. બલકે, પ્રોત્સાહન અને પ્રેરણાના અંદાઝ (શૈલી)માં એક નિયમ છે, જેમાં એક બાજુ તો એવી પરવાનગી આપવામાં આવી છે કે, જે વ્યક્તિ ઉપર કોઈ જુલમ કરે તો મજલૂમ તેના જુલમની શિકાયત-ફરિયાદ કોઈ અદાલતમાં કરી શકે છે, જે ન્યાય અને ઈન્સાફનો તકાદો છે અને અપરાધને રોકવા માટેનું એક માધ્યમ પણ છે. પરંતુ એની સાથે-સાથે એક શરત "સૂરએ નહ્‌લ"ની આ આયતમાં મૂકવામાં આવી છે, وَاِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوْا بِمِثْلِ مَاعُوْقِبْتُمْ بِهٖ ؕ وَلَـئِنْ صَبَـرْتُـمْ لَهُوَ خَيْرٌ لِّلصّٰبِرِيْنَ એટલે કે, જો કોઈ વ્યક્તિ તમારા ઉપર જુલમ કરે તો તમે પણ તે જુલમનો બદલો લઈ શકો છો પરંતુ શરત એ છે કે, જેટલો જુલમ અને અતિરેક તે વ્યક્તિએ કર્યો છે, બદલો એનાથી વધારે ન થવો જોઈએ, નહિતર તમે પણ જાલિમ થઈ જશો, જેનો હેતુ એ છે કે, જુલમનો જવાબ જુલમથી આપવાની પરવાનગી નથી. બલકે, જુલમનો બદલો ન્યાયથી લઈ શકાય છે, એની સાથે-સાથે એ પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, બદલો લેવો જો કે જાઈઝ છે પરંતુ સબ્ર કરવી અને મા'ફ કરી દેવું વધારે ઉત્તમ છે.

આ આયતથી એ પણ જાણ થઈ કે, જો કોઈના ઉપર અત્યાચાર થયો હોય તો, જો તે તેની ફરિયાદ અથવા શિકાયત લોકો સામે કરે તો તે ગીબત કે હરામમાં સામેલ નથી. કારણ કે, જાલિમે પોતે તેને શિકાયત કરવાની તક આપી છે. મતલબ કે, કુર્આને હકીમે એક બાજુ તો મજલૂમ ઉપર જેટલો જુલમ થયો છે એટલી મર્યાદામાં બદલો લેવાની પરવાનગી આપી છે અને બીજી બાજુ ઉચ્ચ વર્તણૂકનું શિક્ષણ તથા મા'ફ કરવાની અને દરગુજર કરવાની તથા તેના દ્વારા આખિરતમાં ઉત્તમ લાભ મેળવવાની પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે અને મજલૂમને એના ઉપર રાજી કરવામાં આવ્યો છે કે, તે પોતાના આ જાઈઝ હક ઉપર દરગુજરથી કામ લે અને જુલમનો બદલો ન લે. ઈરશાદ છે, وَاِنْ تُبْـــدُوْا خَيْرًا اَوْتُخْفُوْهُ اَوْتَعْفُوْا عَنْ سُوْٓءٍ فَاِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا قَدِيْرًا ؕ (૪ : ૧૪૯) એટલે કે, જો તમે કોઈ નેકી જાહેર કરીને કરો અથવા ગુપ્ત રીતે કરો, કોઈના જુલમ અને બુરાઈને મા'ફ કરી દો તો એ ઉત્તમ છે. કારણ કે અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનાર અને મહાશક્તિશાળી છે.

આ આયતમાં અસલ હેતુ તો જુલમને મા'ફ કરવા વિશે છે, પરંતુ તેની સાથે ખુલ્લમ-ખુલ્લું અને ગુપ્ત રીતે નેકીનું પણ વર્ણન કરીને એ તરફ ઈશારો

કરવામાં આવ્યો કે, આ મા'ફી અને દરગુજર એક મહાન નેકી છે, જે વ્યક્તિ પણ તેને અપનાવશે અલ્લાહ તઆલાની મહેરબાની અને મા'ફીનો હકદાર થઈ જશે.

છેલ્લી આયતમાં فَاِنَّ اللّٰـهَ كَانَ عَفُوًّاقَدِيْرًا ફરમાવીને એ બતાવી દીધું કે, અલ્લાહ તઆલા જલ્લ શા'નુહૂ કાદિરે મુતલક (સર્વશક્તિશાળી) છે, જેને ઈચ્છે, તેને સજા આપી શકે છે, તે છતાં તે મહાન મા'ફ કરનારો છે, હવે જ્યારે મનુષ્ય જેની શક્તિ અને અધિકારની કોઈ જ હેસિયત નથી, જો તે કોઈ બાબતનો બદલો લેવા ઈચ્છે તો શક્ય છે કે, તેનામાં બદલો લેવાની શક્તિ પણ ન હોય. એટલા માટે માનવીએ મા'ફી અને દરગુજરથી કામ લેવું જ વધારે યોગ્ય છે.

આ છે, અત્યાચાર અને જુલમની સુધારણા કરવાનો કુર્આનનો સામાજિક સિદ્ધાંત; અને એક અત્યંત રસપ્રદ રીતે એક બાજુ જુલમનો બદલો બરાબર લેવાનો હક આપીને ન્યાય અને ઈન્સાફનો શ્રેષ્ઠ કાનૂન બનાવ્યો અને બીજી બાજુ મજલૂમને ઉચ્ચ અખ્લાકની તા'લીમ આપીને મા'ફી આપવા અને દરગુજર કરવા માટે મનાવવામાં આવ્યો, જેનું ચોક્કસ પરિણામ એ આવે છે કે, જેને કુર્આને કરીમની અન્ય એક આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યું છે,

فَاِذَاالَّذِىْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ

"તમારી અને જે વ્યક્તિ વચ્ચે દુશ્મની હતી, આ પ્રકારની વર્તણૂકથી એ તમારો નિખાલસ મિત્ર બની જશે." *(૪૧ : ૩૪)*

અદાલતી ફેંસલા દ્વારા જુલમનો બદલો લઈ લેવાથી જુલમની રોકથામ ચોક્કસ થઈ જાય છે. પરંતુ બંને પક્ષોના દિલોમાં એક લાંબા ગાળાની નકારાત્મક અસર છોડી જાય છે, જે આવનાર સમયમાં ફરી એકવાર પરસ્પર ઝઘડા-ફસાદનું નિમિત્ત બની શકે છે અને આ અખ્લાકી શિક્ષણ જે કુર્આને કરીમે આપ્યું, તેના પરિણામે ઊંડી અને ખૂબ જૂની અદાવતો તથા વેર-ઝેર મિત્રતામાં પરિવર્તિત થઈ જાય છે.

ત્રીજી, ચોથી અને પાંચમી આયતોમાં કુર્આને કરીમે આ ખુલ્લો ફેંસલો આપ્યો છે કે, જે વ્યક્તિ અલ્લાહ તઆલાને માને પરંતુ તેના રસૂલો ઉપર ઈમાન ન લાવે અથવા અમુક રસૂલોને માને અને અમુકને ન માને, તે અલ્લાહ નજીક

મો'મિન નથી બલકે, ખુલ્લો કાફિર છે, જેના છુટકારાનો આખિરતમાં કોઈ માર્ગ નથી.

છુટકારાનો એકમાત્ર આધાર ઇસ્લામ છે, કોઈ અન્ય ધર્મ છુટકારાનો આધાર નથી :

કુર્આને હકીમના આ સ્પષ્ટ ફેંસલાએ તે લોકોના ખોટા માર્ગની તથા ખોટી વિચારસરણીની પોલ સંપૂર્ણ રીતે ખોલી નાંખી છે, જે લોકો બીજા ધર્મની સાથે હમદર્દી રાખી ધર્મ અને ધાર્મિક અકીદાઓને એક અંગત અને મા'મૂલી વસ્તુ તરીકે રજૂ કરવા ઇચ્છે છે અને કુર્આન તથા સુન્નતના ઉઘાડા ફેંસલાઓ વિરુદ્ધ અન્ય ધર્મના લોકોને એવું બતાવવા ઇચ્છે છે કે, મુસલમાનો નજીક છુટકારો ફક્ત ઈસ્લામ ઉપર અવલંબિત નથી. યહૂદી પોતાના ધર્મ ઉપર અને ઈસાઈ પણ પોતાના ધર્મ ઉપર રહીને છુટકારો મેળવી શકે છે. જ્યારે કે, આ લોકો બધા રસૂલોના અથવા ઓછામાં ઓછું અમુક રસૂલોના ઈન્કારી છે, આ આયત તેમના કાફિર અને જહન્નમી હોવાની જાહેરાત કરે છે.

એમાં કોઈ શંકા નથી કે, ઈસ્લામે ગેરમુસ્લિમો સાથે ન્યાય, ઈન્સાફ, હમદર્દી, ભલાઈ, અહેસાન અને રવાદારીનો વ્યવહાર કરવાનું એક ઉદાહરણ પૂરું પાડ્યું છે પરંતુ અહેસાન અને વર્તણૂક પોતાના હકો અને પોતાની મિલકતમાં હોય છે. ધાર્મિક સિદ્ધાંતો અને અકીદાઓ આપણી મિલકત નથી કે જેને આપણે કોઈને તોહફામાં આપી દઈએ, ઈસ્લામ જેવી રીતે ગેરમુસ્લિમો સાથે રવાદારી અને ભલાઈથી વર્તવાની તા'લીમમાં અત્યંત ઉદાર છે, એ જ પ્રમાણે તે પોતાની સરહદોની સુરક્ષામાં ખૂબ ચોક્કસ અને કઠોર પણ છે. તે ગેરમુસ્લિમોની સાથે હમદર્દી, ભલાઈ અને અત્યંત રવાદારીની સાથે કુફ્રના રિવાજોથી સંપૂર્ણ રીતે અલગતાનું એલાન પણ કરે છે. મુસલમાનોને ગેરમુસ્લિમોથી એક અલગ કૌમ હોવાની જાહેરાત પણ કરે છે અને પોતાના કૌમી પ્રતીકોની સંપૂર્ણ રીતે સુરક્ષા પણ કરે છે, ઈસ્લામ ઈબાદતની જેમ જ મુસલમાનો માટે સામાજિકતા પણ અન્યોથી ઉચ્ચ કક્ષાની રાખવા ઇચ્છે છે, જેના અનેક દાખલાઓ કુર્આન અને સુન્નતમાં મૌજૂદ છે.

જો ઈસ્લામ અને કુર્આનનો એ અકીદહ હોત કે, દરેક જ ધર્મ અને મિલ્લતમાં છુટકારો મળી શકે છે તો તેને ઈસ્લામના ધર્મની તબલીગ અને

પ્રચાર–પ્રસાર ઉપર આટલું જોર દેવાનો કોઈ અધિકાર ન હતો અને તેના માટે જીવ સટોસટની બાજી લગાવવી સૈદ્ધાંતિક રીતે ખોટું અને બુદ્ધિ કે તર્ક વિરુદ્ધ પણ હતું. બલકે, આવા સ્વરૂપમાં રસૂલુલ્લાહ ﷺની બઅ્ષત અને કુર્આને કરીમનું નાઝિલ થવું પણ નઊઝુબિલ્લાહ ! બેકાર અને વ્યર્થ ગણાય અને રસૂલે કરીમ ﷺ તથા ખુલફાએ રાશિદીનના બધા જ જિહાદ નિરર્થક ગણાય બલકે, તે ફક્ત રાજ્ય અને શા'સનની હવસ સિવાય કંઈ ન ગણાય. (નઊઝુબિલ્લાહ !)

આ મા'મલામાં અમુક લોકોએ સૂરએ બકરહની આયત નંબર ૬૨થી શંકા કરી છે, જેમાં ઈરશાદ છે,

إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَادُوا وَالنَّصَارَىٰ وَالصَّابِئِينَ مَنْ آمَنَ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ

وَعَمِلَ صَالِحًا فَلَهُمْ أَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ

"નિ:શંક જે લોકો ઈમાન લાવ્યા અને જે લોકો યહૂદી થયા અને નસારા અને સાબી (થયા); જેઓ ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર અને સારા કામો કર્યા તો એમના માટે તેનો બદલો તેમના રબ પાસે (છે); અને એમના ઉપર ન કોઈ ડર (હશે) અને ન તેઓ ગમગીન થશે." (૨ : ૬૨)

આ આયતમાં કારણ કે, ઈમાનિયાતની સંપૂર્ણ વિગત આપવાના બદલે ફક્ત અલ્લાહ ઉપર ઈમાન, આખિરત અને આખિરતના દિવસ ઉપર ઈમાનના વર્ણન ઉપર બસ કરવામાં આવ્યું, તો જે લોકો કુર્આનને ફક્ત અધૂરા અભ્યાસથી સમજવા ઈચ્છે છે, તેઓ તેનાથી એવું સમજી બેઠા કે, ફક્ત અલ્લાહ તઆલા અને કયામત ઉપર ઈમાન રાખવાથી છુટકારો મળી જવું પૂરતું છે. રસૂલો ઉપર ઈમાન છુટકારાની શરતમાં સામેલ નથી અને એ ન સમજી શકયા કે, કુર્આનની પરિભાષામાં અલ્લાહ ઉપરનું ઈમાન એ જ ભરોસાપાત્ર છે, જે ઈમાન રસૂલે કરીમ ﷺ ઉપરના ઈમાન સાથે હોય, નહિતર ફક્ત અલ્લાહનો ઈકરાર અને તવહીદ તો શયતાન પણ માને છે. કુર્આને કરીમે પોતે આ હકીકતને આ શબ્દોમાં સ્પષ્ટ કરી છે, فَإِنْ آمَنُوا بِمِثْلِ مَا آمَنْتُمْ بِهِ فَقَدِ اهْتَدَوْا وَإِنْ تَوَلَّوْا فَإِنَّمَا هُمْ فِي شِقَاقٍ فَسَيَكْفِيكَهُمُ اللَّهُ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ (૨:૧૩૭) એટલે કે, "તેમનું ઈમાન ત્યારે જ ભરોસાપાત્ર થશે જ્યારે તેઓ સામાન્ય (સાચા) મુસલમાનોની જેમ ઈમાન

અપનાવશે, જેમાં અલ્લાહ ઉપર ઈમાનની સાથે-સાથે રસૂલુલ્લાહ ﷺ ઉપર ઈમાન લાવવું જરૂરી છે, નહિતર ફરી સમજી લો કે તે જ લોકો ભેદભાવ અને વિરોધ-વંટોળ ઊભો કરાવવા ઈચ્છે છે. બસ, અલ્લાહ તઆલા તમારા તરફથી તેમના માટે પૂરતો છે અને તે સઘળું સાંભળનારો અને સઘળું જાણનારો છે."

આ આયતની રૂએ તો તેમાં વધારે સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું કે, જે વ્યક્તિ અલ્લાહના કોઈ એક રસૂલનો પણ ઈન્કારી છે, તે ઉઘાડો કાફિર છે અને તેના માટે જહન્નમનો અઝાબ નિશ્ચિત છે. અલ્લાહ ઉપર ઈમાન તે જ ભરોસાપાત્ર છે, જે "ઈમાન બિર્રુસૂલ"ની સાથે હોય, તેના વિના તેને "ઈમાન બિલ્લાહ" કહેવું સાચું નથી.

છેલ્લી આયતમાં ફરી હકારાત્મક સ્વરૂપે વર્ણન કર્યું કે, આખિરતનો છુટકારો ફક્ત તે જ લોકોનો હક છે, જેઓ અલ્લાહની સાથે-સાથે તેના બધા જ રસૂલો ઉપર ઈમાન રાખે. એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اِنَّ الْقُرْاٰنَ يُفَسِّرُ بَعْضُهٗ بَعْضًا،

"કુર્આનનો એક વિભાગ બીજા વિભાગનું વિવરણ (તફસીર) અને સ્પષ્ટતા (તસ્રીહ) કરે છે."

કુર્આનની તફસીર વિરુદ્ધ કોઈ બીજી તફસીર કરવી કોઈના માટે પણ જાઈઝ નથી.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૫૩-૧૫૪)

يَسْـَٔلُكَ اَهْلُ الْكِتٰبِ اَنْ تُنَزِّلَ عَلَيْهِمْ كِتٰبًا مِّنَ السَّمَآءِ فَقَدْ سَاَلُوْا مُوْسٰۤى اَكْبَرَ مِنْ
ذٰلِكَ فَقَالُوْۤا اَرِنَا اللّٰهَ جَهْرَةً فَاَخَذَتْهُمُ الصّٰعِقَةُ بِظُلْمِهِمْ ۚ ثُمَّ اتَّخَذُوا الْعِجْلَ
مِنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ فَعَفَوْنَا عَنْ ذٰلِكَ ۚ وَاٰتَيْنَا مُوْسٰى سُلْطٰنًا مُّبِيْنًا ﴿١٥٣﴾ وَ
رَفَعْنَا فَوْقَهُمُ الطُّوْرَ بِمِيْثَاقِهِمْ وَقُلْنَا لَهُمُ ادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّقُلْنَا لَهُمْ لَا
تَعْدُوْا فِى السَّبْتِ وَاَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا ﴿١٥٤﴾

તરજુમો :

(હે નબી ﷺ !) અહલે કિતાબ તમને દરખાસ્ત કરે છે કે તમે તેમના ઉપર આસમાનથી લખેલી કિતાબ ઉતારી લાવો; બસ, આથી પણ મોટી વસ્તુ મૂસા (અલૈ.) પાસે માંગી ચૂક્યા છે, અને અમને કહ્યું, અલ્લાહને બિલકુલ સામે બતાવી આપે; બસ, તેમના ઉપર તેમના ગુનાહોના કારણે વીજળી આવી પડી, પછી વાછરડાને (મઅ્બૂદ) બનાવી લીધો ઘણી બધી નિશાનીઓ પહોંચી ચૂક્યા પછી; પછી અમે તે પણ મા'ફ કર્યું અને અમે મૂસા (અલૈ.)ને ખુલ્લું વર્ચસ્વ આપ્યું. (૧૫૩) અને અમે તેમના ઉપર કરાર લેવા માટે તૂર (પહાડ) ઉઠાવ્યો અને અમે કહ્યું, દરવાજામાં સિજ્દહ કરતાં(-કરતાં) દાખલ થાઓ, અને અમે કહ્યું કે શનિવારના દિવસમાં અતિરેક ન કરો, અને અમે તેમની પાસેથી મજબૂત વચન લીધું. (૧૫૪)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ આયતો અગાઉની આયતોમાં યહૂદીઓની ખોટી માન્યતાઓનું વર્ણન કરી તેમને વખોડવામાં આવ્યા છે. આ આયતોમાં પણ તેમની અમુક અન્ય ખોટી હરકતોની એક લાંબી યાદી અને તેમની નિર્લજ્જતાના કારણે તેમને થયેલી સજા અને અઝાબનું વર્ણન છે અને આ ક્રમ દૂર સુધી ચાલ્યો ગયો છે.

તફસીર :

(હે મુહમ્મદ ﷺ !) આપની પાસે અહલે કિતાબ (યહૂદીઓ) એવી દરખાસ્ત કરે છે કે, તમે તેમની પાસે એક લખેલી કિતાબ આસમાનથી મંગાવી આપો, બસ (આપ ﷺ તે લોકોની આવી માંગણી કરવાને અજુગતું ન સમજો, કારણ કે આ ફિરકો એવો નફ્ફટ છે કે,) તેમણે (આ ફિરકાના જે લોકો મૂસા અલૈ.ના સમયમાં મૌજૂદ હતા) મૂસા (અલૈ.)ને આનાથી મોટી વાતની દરખાસ્ત કરી હતી અને એવું કહ્યું હતું કે, અમને અલ્લાહ તઆલા ખુલ્લમ-ખુલ્લો (બેપરદા) બતાવી આપો, જેનાથી તેમની ગુસ્તાખીના કારણે તેમના ઉપર વીજળીનો કડાકો આવી પડ્યો, પછી (તેમનાથી એનાથી મોટી હરકત થઈ ચૂકી છે કે,) તેમણે વાછરડાને (પૂંજા માટે) ઠરાવી લીધો હતો ત્યાર પછી કે તેમની પાસે ઘણી સ્પષ્ટ (સત્ય અને અસત્યને અલગ તારવનારી) દલીલો પહોંચી ચૂકી

હતી (એનો અર્થ તે દલીલો અને મોઅ્જિઝાઓ છે જે મૂસા અલૈ. દ્વારા ફિરઔનના ડૂબવાથી લઈ અનેક નજરે ઘટેલ ઘટનાઓ સ્વરૂપે જાહેર થઈ ચૂક્યું હતા) પછી અમે તેમને મા'ફ કરી દીધા હતા અને મૂસા (અલૈ.)ને અમે મહાન રુઆબ અર્પણ કર્યો હતો (આ રુઆબ અને અમારી મા'ફી તથા મહેરબાનીઓ છતાં આ લોકોની એવી હાલત હતી કે, તેઓ ન તો મહેરબાનીઓથી પ્રભાવિત થતા હતા અને ન જ રુઆબથી).

મસ્અલા અને બોધપાઠ :

યહૂદીઓના અમુક સરદારો રસૂલે કરીમ ﷺની સેવામાં આવ્યા અને આપ ﷺ પાસે માંગણી કરી કે, જેવી રીતે હઝરત મૂસા (અલૈ.) ઉપર આસમાનથી લખેલી કિતાબ નાઝિલ થઈ હતી, એવી જ રીતે એક કિતાબ તમે પણ આસમાનથી લાવો તો અમે ઈમાન લઈ આવીશું. તેમની આ માંગણી એટલા માટે ન હતી કે, તેઓ દિલથી ઈમાન લાવવા ઇચ્છતા હતા અને આ એમની ઈમાન લાવવા માટેની એક શરત હતી. બલકે, તેઓ હઠધર્મી અને જીદના કારણે કોઈને કોઈ બહાનું કરતા રહેતા હતા. અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરીને રસૂલે કરીમ ﷺને વાસ્તવિકતાથી વાકેફ કર્યા અને તેમને દિલાસો આપ્યો કે વાસ્તવમાં આ કૌમ જ એવી છે કે, અલ્લાહ તઆલાના રસૂલોને સતાવતી રહે છે અને અલ્લાહ તઆલા વિરુદ્ધ બગાવતો કરવા માટે મોટી-મોટી હરકતો પણ કરી ચૂકે છે. તેમના પૂર્વજોએ હઝરત મૂસા (અલૈ.) સાથે આનાથી મોટી વાતની માંગણી કરી હતી કે, અમોને અલ્લાહ તઆલા ખુલ્લમ-ખુલ્લો બતાવવામાં આવે. તેમની આ ગુસ્તાખી ઉપર આસમાનથી વીજળી આવી અને તેમને હલાક કરી દીધા, પછી તવહીદ અને અલ્લાહ વહ્દહુ લા શરીકની નિશાનીઓ અને ખુલ્લી દલીલોને સારી રીતે સમજી લીધા પછી પણ ખાલિકે હકીકી સર્જનહાર અલ્લાહની ઇબાદત છોડીને વાછરડાની પૂજા શરૂ કરી દીધી હતી. પરંતુ આ બધું હોવા છતાં અમે તેમની સાથે મા'ફી અને દરગુજરથી કામ લીધું, નહિતર તેઓનો સર્વનાશ થઈ જાય એવા તેમના કૃત્યો હતા.... અને અમે અમારા પયગમ્બર હઝરત મૂસા (અલૈ.)ને વિજય અપાવ્યો.... એક મોકો તો એવો પણ આવ્યો હતો કે, આ લોકોએ શરીઅતના માર્ગને માનવાથી સ્પષ્ટ ઇન્કાર કરી દીધો હતો, ત્યારે અમે તૂર પહાડને ઉઠાવીને તેમના ઉપર અદ્ધર કરી દીધો કે, શરીઅતને માનવી જ

પડશે નહિતર પહાડ નીચે કચડી નાંખવામાં આવશો. અમે તેમને એ પણ કહ્યું કે, જ્યારે "એલિયા" શહેરના દરવાજામાં દાખલ થાઓ તો અત્યંત આજિઝી અને અલ્લાહની ઈતાઅતની ભાવનાથી માથું નમાવીને દાખલ થજો, એ પણ અમે એમને કહી દીધું હતું કે શનિવારના દિવસે માછલીઓનો શિકાર ન કરજો, આ અમારો હુકમ છે, તેનાથી મોઢું ન ફેરવો અને આ રીતે અમે તેમની પાસેથી મજબૂત વચન લીધું હતું, પરંતુ થયું એમ કે, તેમણે એક-એક કરીને હુકમોનો વિરોધ કર્યો અને અમારા વાયદાને તોડી નાંખ્યો તેથી અમે, દુનિયામાં પણ તેમને અપમાનિત કરી દીધા અને આખિરતમાં પણ તેમને અતિ કઠોર કષ્ટદાયક સજા ભોગવવી પડશે.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૫૫ થી ૧૫૯)

فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ وَكُفْرِهِمْ بِاٰيٰتِ اللّٰهِ وَقَتْلِهِمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ

وَّقَوْلِهِمْ قُلُوْبُنَا غُلْفٌ ؕ بَلْ طَبَعَ اللّٰهُ عَلَيْهَا بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا ﴿١٥٥﴾

وَّبِكُفْرِهِمْ وَقَوْلِهِمْ عَلٰى مَرْيَمَ بُهْتَانًا عَظِيْمًا ﴿١٥٦﴾ وَّقَوْلِهِمْ اِنَّا قَتَلْنَا

الْمَسِيْحَ عِيْسَى ابْنَ مَرْيَمَ رَسُوْلَ اللّٰهِ ۚ وَمَا قَتَلُوْهُ وَمَا صَلَبُوْهُ

وَلٰكِنْ شُبِّهَ لَهُمْ ؕ وَاِنَّ الَّذِيْنَ اخْتَلَفُوْا فِيْهِ لَفِيْ شَكٍّ مِّنْهُ ؕ مَا لَهُمْ بِهٖ

مِنْ عِلْمٍ اِلَّا اتِّبَاعَ الظَّنِّ ۚ وَمَا قَتَلُوْهُ يَقِيْنًا ﴿١٥٧﴾ بَلْ رَّفَعَهُ اللّٰهُ اِلَيْهِ ؕ وَكَانَ اللّٰهُ

عَزِيْزًا حَكِيْمًا ﴿١٥٨﴾ وَاِنْ مِّنْ اَهْلِ الْكِتٰبِ اِلَّا لَيُؤْمِنَنَّ بِهٖ قَبْلَ مَوْتِهٖ ۚ

وَيَوْمَ الْقِيٰمَةِ يَكُوْنُ عَلَيْهِمْ شَهِيْدًا ﴿١٥٩﴾ ۚ

તરજુમો :

તેમને જે સજા મળી બસ તેમના વચનભંગ ઉપર અને અલ્લાહની આયતોથી ઈન્કારી થવા ઉપર અને પયગમ્બરોનું નાહક ખૂન કરવા ઉપર અને એવું

કહેવા ઉપર કે અમારા દિલ ઉપર ગિલાફ (પડદો) છે; બસ, એવું નથી બલકે અલ્લાહે તેમના દિલ ઉપર કુફ્રના કારણે મહોર લગાવી દીધી છે, બસ ઈમાન નથી લાવતા પરંતુ થોડા. (૧૫૫) અને તેમના કુફ્ર ઉપર અને મરયમ (અલૈ.) ઉપર મોટું બોહતાન બાંધવા ઉપર. (૧૫૬) અને તેમનું એવું કહેવા ઉપર કે અમે મરયમના બેટા મસીહ ઈસા (અલૈ.)ને કતલ કર્યા કે જે અલ્લાહના રસૂલ હતા અને તેમણે તેમને નથી માર્યા અને ન જ શૂળી ઉપર ચઢાવ્યા પરંતુ તેમની આગળ એવું જ સ્વરૂપ બની ગયું, અને જે લોકો એનાથી જૂદી વાતો કરે છે તો તે લોકો આ સ્થળે શંકામાં પડયા છે; તેમને તેની કંઈ ખબર નથી, માત્ર અટકળ ઉપર ચાલી રહ્યા છે અને બેશક ! (તેઓએ) તેમને કતલ નથી કર્યા. (૧૫૭) બલકે તેમને અલ્લાહે પોતાના તરફ ઉઠાવી લીધા, અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે. (૧૫૮) અને અહલે કિતાબના જેટલા ફિરકાઓ છે બસ ઈસા (અલૈ.) ઉપર યકીન લાવશે તેની મોતથી પહેલાં, અને કયામતના દિવસે તેના ઉપર ગવાહ હશે. (૧૫૯)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ આયતો અગાઉ પણ યહૂદીઓની શરારતોનું વર્ણન હતું અને તેમની શરારતોના કારણે તેમની ટીકા અને વખોડવાની સાથે-સાથે સજાનું પણ વર્ણન થયું હતું અને આ આયતોમાં પણ યહૂદીઓના અમુક અપરાધોની વિગતનો ઉલ્લેખ થયો છે. આ સંદર્ભે હઝરત ઈસા (અલૈ.) વિશે યહૂદીઓની ખોટી વિચારસરણીનો રદિયો પણ આપવામાં આવ્યો છે અને એ બાબત સ્પષ્ટ કરવામાં આવી છે કે, હઝરત ઈસા (અલૈ.)ને તેમના જુલમ અને અત્યાચારથી બચાવીને સજીવન હાલતમાં જ આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા અને આ લોકો જે દા'વો કરી રહ્યા છે કે, અમે સય્યિદના ઈસા (અલૈ.)ને કતલ કરી દીધા છે અને તેમને સૂળીએ ચઢાવી દીધા છે, તે સદંતર જૂઠો દા'વો છે, જે વ્યક્તિને તેમણે કતલ કર્યો હતો તે હઝરત ઈસા (અલૈ.) ન હતા બલકે, તેમનો હમશકલ એક અન્ય વ્યક્તિ હતો, જેને કતલ કરીને આ લોકો એવું સમજવા લાગ્યા કે, અમે હઝરત ઈસા (અલૈ.)ને કતલ કરી નાંખ્યા.

તફસીર :

બસ અમે (તેમની દુષ્ટ હરકતોના કારણે તેમને ધિક્કાર, ક્રોધ, અપમાન અને ચહેરા બદલી નાંખવા જેવી) સજાઓમાં સપડાવ્યા (એટલે કે) તેમના વચનભંગ કરવાના કારણે અને તેમના અલ્લાહના હુકમોના કુફ્ર (અને ઈન્કાર)ના કારણે અને તેમના અંબિયા (અલૈ.)ના (જે તેમના અભિપ્રાયમાં પણ) નાહક (હતું) કતલ કરવાના કારણે, અને તેમના એવું કહેવાના કારણે કે અમારા દિલો (એવા) સુરક્ષિત છે (કે વિરોધી ધર્મ એટલે કે ઈસ્લામની તેના ઉપર કોઈ અસર નહીં થાય અને અમે મજબૂત ધર્મ ઉપર છે, અલ્લાહ તઆલાએ તેનો રદિયો આપીને ફરમાવ્યું કે, આ મજબૂતી કે પરિપક્વતા નથી) બલકે, તેમના કુફ્રના કારણે તેમના દિલો ઉપર અલ્લાહ તઆલાએ મહોર લગાવી દીધી છે (કે સાચી વાત તેમના ઉપર કોઈ પ્રભાવ પાડતી નથી), બસ તેમનામાં ઈમાન નથી પરંતુ ઘણું થોડું, (અને થોડું ઈમાન સ્વીકાર્ય નથી, બસ તેઓ કાફિર જ ઠરશે) અને (અમે તેમને ધિક્કારની સજા વગેરેમાં એ કારણોથી પણ સપડાવીશું, એટલે કે) તેમના (એક ખાસ) કુફ્રના કારણે અને (તેની વિગત એ છે કે હઝરત) મરયમ (અલૈ.) ઉપર તેઓના ભારે તહોમત લગાવવાના કારણથી (જેના કારણે હઝરત ઈસા અલૈ.ને જૂઠાડવું સાબિત થાય છે, કારણ કે હઝરત ઈસા અલૈ. પોતાના મોઅ્જિઝાથી હઝરત મરયમ અલૈ. નિર્દોષ હોવાની જાહેરાત કરી ચૂક્યા છે) અને (વળી તેઓના ગર્વથી) એવું કહેવાના કારણે કે અમે મસીહ ઈસા ઇબ્ને મરયમ (અલૈ.)ને કે જેઓ અલ્લાહના રસૂલ છે તેમને કતલ કરી નાંખ્યા (આવું કહેવું પોતે અદાવતની દલીલ છે અને અંબિયા અલૈ. સાથે કોઈપણ પ્રકારનું વેર-ઝેર કુફ્ર છે, વળી તેમનો દા'વો તો કતલ કરવાનો છે અને નબીને કતલ કરવું પણ કુફ્ર છે અને દા'વો કરવો પણ કુફ્ર છે) જ્યારે કે, (આ કુફ્ર હોવા ઉપરાંત તેમનો એ દા'વો પણ ખોટો છે, કારણ કે) તેમણે (એટલે કે યહૂદીઓએ) ન તો તેમને (એટલે હઝરત ઈસા અલૈ.ને) કતલ કર્યા અને ન જ તેમને સૂળી પર ચઢાવ્યા પરંતુ તેમને (એટલે કે યહૂદીઓને) શંકા થઈ ગઈ અને જે લોકો (અહલે કિતાબમાંથી છે) તેમના (એટલે કે હઝરત ઈસા અલૈ.) વિશે મતભેદ કરે છે તે ખોટા વિચારમાં (સપડાયેલા) છે, તેમની પાસે તેના માટેની કોઈ (સાચી) દલીલ (મૌજૂદ) નથી. ફક્ત અટકળબાજીઓ સિવાય કંઈ જ નથી અને તેમણે (એટલે કે

યહૂદીઓએ) તેમને (એટલે કે હઝરત ઈસા અલૈ.ને) યકીની વાત છે કે કતલ નથી કર્યા (જેનો તેઓ દા'વો કરે છે) બલકે, તેમને અલ્લાહ તઆલાએ પોતાના તરફ (એટલે કે આસમાન ઉપર) ઉઠાવી લીધા (અને તેમના જ એક માણસને તેમનો હમશકલ બનાવી દીધો અને તે સૂળી પર ચઢી માર્યો ગયો અને એ જ કારણ છે કે, યહૂદીઓ શંકામાં છે અને આ શંકાથી અહલે કિતાબમાં ઈખ્તેલાફ અને મતભેદ પેદા થઈ ગયો) અને અલ્લાહ તઆલા મોટો જબરદસ્ત (શક્તિશાળી કુદરતવાળો) હિકમતવાળો છે, (તેણે પોતાની શક્તિ અને હિકમતથી હઝરત ઈસા અલૈ.ને બચાવી લીધા અને ઉઠાવી લીધા અને યહૂદીઓને શંકા કરવાના કારણે જાણ પણ ન થઈ) અને (યહૂદીઓને પોતાનું જૂઠ, અને ખોટાપણું ઈસા અલૈ.ની નુબુવ્વતનો ઈન્કાર એ બહું જ જલદીથી દુનિયામાં ખુલ્લું પડી જશે. કારણ કે, આયત નાઝિલ થવાના સમયથી લઈને આવનારા કોઈ યુગમાં) કોઈ વ્યક્તિ અહલે કિતાબમાંથી (બાકી) નહીં રહે, (પરંતુ તે હઝરત ઈસા અલૈ.ની નુબુવ્વતને) મૌતથી (થોડા સમય) પહેલાં (જ્યારે કે આલમે બરઝખ દેખાવા માંડે છે) જરૂર સમર્થન કરશે (બસ, તે સમયે સમર્થન કરવું નફો નહીં પહોંચાડે, પરંતુ તેમની ખોટી માન્યતા રદ કરવા માટે તે પૂરતું છે, હજુપણ જો તેઓ ઈમાન લઈ આવે તો તે લાભકારી થઈ જાય) અને (જ્યારે દુનિયા અથવા આલમે બરઝખ બંને ખતમ થઈ ચૂકશે એટલે કે,) કયામતના દિવસે તે (એટલે કે હઝરત ઈસા અલૈ.) પોતાના (ઈન્કાર કરનાર ઈન્કારીઓ) ઉપર ગવાહી આપશે.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ આલિ ઈમ્રાનની આ આયત يٰعِيْسٰٓى اِنِّىْ مُتَوَفِّيْكَ وَرَافِعُكَ اِلَىَّ માં અલ્લાહ તઆલાએ હઝરત ઈસા (અલૈ.)ના દુશ્મન યહૂદીઓના ઈરાદાઓને નિષ્ફળ બનાવવા અને હઝરત ઈસા (અલૈ.)ને તેમના ષડયંત્રોથી બચાવવાના સિલસિલામાં પાંચ વાયદા કર્યા હતા, જેની વિગત અને સંપૂર્ણ ખુલાસો તથા તફસીર સૂરએ આલિ ઈમ્રાનની તફસીરમાં વર્ણન થઈ ચૂકી છે. આ વાયદાઓમાં એક વાયદો એ પણ હતો કે, યહૂદીઓને હઝરત ઈસા (અલૈ.)ની હત્યા કરવાની શક્તિ આપવામાં નહીં આવે. બલકે, તેમને અલ્લાહ તઆલા પોતાના તરફ ઉઠાવી લેશે, આ આયતમાં યહૂદીઓની શરારતો અને જૂઠા દા'વાઓને વર્ણન કરીને તે અલ્લાહના વાયદાની પૂર્ણતા અને યહૂદીઓના ગલત દા'વાઓનું

વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે અને યહૂદીઓના હઝરત ઈસા (અલૈ.)ની હત્યા કરવાના દા'વાને રદ કરવામાં આવ્યો છે.

આ આયતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, وَمَا قَتَلُوْهُ وَمَا صَلَبُوْهُ એટલે કે, યહૂદીઓએ હઝરત ઈસા ઈબ્ને મરયમ (અલૈ.)ને કતલ નથી કર્યા અને ન જ સૂળીએ ચઢાવ્યા, બલકે પરિસ્થિતિ એવી ઉપસ્થિત થઈ કે આ ઘટનાને શંકાસ્પદ બનાવી દેવામાં આવી.

યહૂદીઓને શા માટે શંકા થઈ ? :

وَلٰكِنْ شُبِّهَ لَهُمْ તફસીરના ઈમામ ઝહ્હાક (રહ.) ફરમાવે છે કે, "ઘટના એ રીતે બની કે, જ્યારે યહૂદીઓએ હઝરત મસીહ (અલૈ.)ની હત્યા કરવાનો ઈરાદો કર્યો તો હઝરત ઈસા (અલૈ.)ના હવારી (નિકટના સાથીઓ) એક જગ્યાએ ભેગા થઈ ગયા. હઝરત મસીહ (અલૈ.) પણ તેમની પાસે હાજર થઈ ગયા, ઈબ્લીસે યહૂદીઓની એક ટૂકડીને કે જેઓ હઝરત ઈસા (અલૈ.)ની હત્યા માટે તૈયાર ઊભી હતી, હઝરત ઈસા (અલૈ.)નું સ્થળ બતાવી દીધું અને ચાર હજાર માણસોએ મકાનને ઘેરી લીધું. હઝરત ઈસા (અલૈ.)એ પોતાના હવારીઓને કહ્યું કે, તમારામાંથી કોઈ વ્યક્તિ એ માટે તૈયાર છે કે, બહાર નીકળે અને તે શહીદ થઈ જાય અને પછી જન્નતમાં મારી સાથે હોય. તેમાંથી એક વ્યક્તિએ પોતાની જાતને એ માટે રજૂ કરી, હઝરત ઈસા (અલૈ.)એ તેમને પોતાનો કુરતો અને અમામો આપ્યો, પછી તેને હઝરત ઈસા (અલૈ.) સમાન બનાવી દેવામાં આવ્યો અને જ્યારે તે વ્યક્તિ બહાર આવ્યો તો યહૂદીઓ પકડીને લઈ ગયા અને તેને સૂળી પર ચઢાવી દીધો અને હઝરત ઈસા (અલૈ.)ને ઉઠાવી લેવામાં આવ્યા." *(કુર્તુબી)*

અમુક રિવાયતોમાં છે કે, યહૂદીઓએ એક વ્યક્તિ તૈતલાનૂસને હઝરત ઈસા (અલૈ.)ને કતલ કરવા માટે મોકલ્યો હતો, હઝરત ઈસા (અલૈ.) તો મકાનમાં ન મળ્યા, એટલા માટે કે અલ્લાહ તઆલાએ તેમને ઉઠાવી લીધા હતા અને આ વ્યક્તિ જ્યારે ઘરમાંથી નીકળ્યો તો તેને હઝરત ઈસા (અલૈ.)નો હમશકલ બનાવી દેવામાં આવ્યો હતો અને યહૂદીઓ એવું સમજ્યા કે, આ જ ઈસા (અલૈ.) છે અને એટલા માટે તેમણે પોતાના જ માણસને કતલ કરી નાંખ્યો. *(મઝહરી)*

આમાંથી જે પણ પરિસ્થિતિ બની હોય બધાની શક્યતા અને સંભાવના છે, કુર્આને કરીમે કોઈ ખાસ પરિસ્થિતિ નક્કી રીતે નથી બતાવી. એટલા માટે વાસ્તવિકતાનું જ્ઞાન તો ફક્ત અલ્લાહને જ છે. અલબત્ત કુર્આને કરીમના આ વાક્ય અને અન્ય તફસીરી રિવાયતોથી એ ખુલાસો જરૂર મળે છે કે, યહૂદીઓ અને નસારાને જબરદસ્ત ગેરસમજ થઈ ગઈ હતી. વાસ્તવિક ઘટના એમનાથી ગુપ્ત રહી અને પોત–પોતાના અનુમાન અને અટકળો પ્રમાણે તેમણે જાત–જાતના દા'વાઓ કર્યા અને તેમના અંદર–અંદર જ મતભેદો પેદા થઈ ગયા. આ વાસ્તવિકતાનો કુર્આને કરીમે આ શબ્દોમાં ઈશારો કર્યો છે. وَاِنَّ الَّذِيْنَ اخْتَلَفُوْا فِيْهِ لَفِىْ شَكٍّ مِّنْهُ مَا لَهُمْ بِهٖ مِنْ عِلْمٍ اِلَّا اتِّبَاعَ الظَّنِّ وَمَا قَتَلُوْهُ يَقِيْنًا તેમની પાસે સાચા ઈલ્મના પાયા ઉપર કોઈ ચોક્કસ વાત નથી, જે–જે લોકોએ હઝરત ઈસા (અલૈ.) વિશે મતભેદ કરીને જાત–જાતના દા'વા કર્યા છે, આ બધી શંકા અને અટકળોની વાતો છે. સાચી પરિસ્થિતિ આ પ્રસંગ વિશે એ છે કે, તેમણે હઝરત મસીહ (અલૈ.)ને ચોક્કસ કતલ નથી કર્યા, બલકે, અલ્લાહ તઆલાએ તેમને પોતાના તરફ ઉઠાવી લીધા.

અમુક રિવાયતોમાં એ પણ છે કે, અમુક લોકોને આ બાબતનું યકીન થવા લાગ્યું, તો તેમણે કહ્યું કે, "આપણે તો આપણા જ માણસની હત્યા કરી નાંખી છે. એટલા માટે કે, આ મરનાર વ્યક્તિનો ચહેરો તો હઝરત મસીહ (અલૈ.) જેવો છે પરંતુ તેનું બાકીનું શરીર તેમના જેવું નથી અને એ કે, આ મરનાર જો મસીહ (અલૈ.) છે તો આપણો માણસ ક્યાં છે ? અને જો આ આપણો માણસ છે તો મસીહ (અલૈ.) ક્યાં છે ?"

وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا અલ્લાહ જલ્લ શા'નુહુ જબરદસ્ત કુદરતવાળો અને સંપૂર્ણ રીતે છવાયેલો છે. યહૂદીઓ લાખ વખતે હત્યા કરવાના ષડયંત્રો રચે, પરંતુ જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત ઈસા (અલૈ.)ની સુરક્ષાની જવાબદારી લીધી હોય તો તેની શક્તિ અને કાબૂ સામે તેમના ષડયંત્રોની શું હેસિયત છે ? તે સઘળી શક્તિનો માલિક છે, ફક્ત ભૌતિકવાદના પૂજારીઓ હઝરત ઈસા (અલૈ.)ને ઉઠાવી લેવાની વાસ્તવિકતાને ન સમજી શકે તો તે તેમની કમજોરી છે. અલ્લાહ હિકમતવાળો છે, તેના દરેક કામમાં કોઈ હિકમત અને મસ્લિહત છુપાયેલી હોય છે.

અંતે આ જ વિષયની પૂર્ણતા ઉપર ફરમાવ્યું, وَاِنْ مِّنْ اَهْلِ الْكِتٰبِ اِلَّا لَيُؤْمِنَنَّ بِهٖ قَبْلَ مَوْتِهٖ આ લોકો અત્યારે ઈર્ષ્યાના કારણે વાસ્તવિકતાની આંખોથી જોવાની કોશીશ કરતા નથી અને હઝરત ઈસા (અલૈ.) વિશે ખોટી ધારણાઓ બાંધે છે. વળી, હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની નુબુવ્વતનો પણ ઈન્કાર કરી રહ્યા છે, પરંતુ એક સમય એવો આવવાનો છે જ્યારે કે, તેમની આંખો ખુલી જશે અને તે વખતે તેમને યકીન થઈ જશે કે, હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ વિશે જે કંઈ પણ અમારી માન્યતા હતી તે બાતિલ અને ખોટી હતી.

આ આયતની એક તફસીર ઉપરોક્ત તફસીરના ખુલાસામાં વર્ણન થઈ ચૂકી છે કે, مَوْتِهٖ (મવતિહી)ની ઝમીર અહલે કિતાબ તરફ થાય છે અને આયતનો અર્થ આ સ્વરૂપમાં એ છે કે, આ યહૂદીઓ પોતાની મૌતના અમુક સમય પહેલાં જ્યારે આલમે બરઝખને જોઈ લેશે ત્યારે હઝરત ઈસા (અલૈ.)ની નુબુવ્વત ઉપર ઈમાન લઈ આવશે. જો કે, તે સમયે તેમનું ઈમાન તેમને કોઈ લાભ પહોંચાડશે નહીં. જે રીતે કે, ફિરઔનને તેના ઈમાને કોઈ લાભ આપ્યો ન હતો જે ઈમાન તે ડૂબતાં-ડૂબતાં લાવ્યો હતો.

બીજી તફસીર જેને સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના મોટા વર્ગે અપનાવી છે અને સહીહ હદીષોથી તેનું સમર્થન પણ થાય છે, તે આ છે કે مَوْتِهٖ (મવતિહી)ની ઝમીર હઝરત મસીહ (અલૈ.) તરફ જાય છે અને તેનો અર્થ એ છે કે, આ અહલે કિતાબ જો કે, તે વખતે હઝરત ઈસા (અલૈ.) ઉપર ઈમાન લાવ્યા ન હતા, યહૂદી તો તેમને નબી માનવા જ તૈયાર ન હતા. બલકે, તેમને નઊઝુબિલ્લાહ ! બહુરૂપી અને જૂઠા ઠરાવતા હતા અને નસારા જો કે, તેમના ઉપર ઈમાન લાવવાનો દા'વો કરતા હતા પરંતુ અમુક તો પોતાની અજ્ઞાનતામાં એટલે સુધી પહોંચી ગયા કે, યહૂદીઓની જેમ હઝરત ઈસા (અલૈ.)ને મરણ પામેલા અને સૂળીએ ચઢેલા હોવાની માન્યતા ધરાવતા થઈ ગયા અને અમુક તેમની સાથેના અકીદહમાં એટલી હદે આગળ વધી ગયા કે, (નઊઝુબિલ્લાહ !) તેમને અલ્લાહ અને અલ્લાહના બેટા સમજવા લાગ્યા. કુર્આને કરીમે આ આયતમાં બતાવ્યું છે કે, આ લોકોએ જો કે તે સમયે હઝરત ઈસા (અલૈ.)ની નુબુવ્વત ઉપર સાચું ઈમાન રાખ્યું નથી, પરંતુ જ્યારે કયામતના નજીકના સમયે હઝરત ઈસા (અલૈ.) આ પૃથ્વી ઉપર ફરી નાઝિલ થશે ત્યારે બધા જ અહલે

કિતાબ તેમના ઉપર સાચું ઈમાન લઈ આવશે. નસારા તો બધા જ સાચા અકીદહ સાથે મુસલમાન થઈ જશે અને યહૂદીઓમાં જે લોકો વિરોધ કરશે તેમને કતલ કરી નાંખવામાં આવશે, બાકીના મુસલમાન થઈ જશે. એ સમયે કુફ્ર અને કુફ્રના બધા જ પ્રકારોને દુનિયામાંથી નેસ્ત–નાબૂદ કરી નાંખવામાં આવશે અને પૃથ્વી ઉપર ફક્ત ઈસ્લામ અને ઈસ્લામનું જ શાસન હશે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની એક રિવાયતમાં નકલ થયું છે,

عَنْ اَبِیْ هُرَيْرَةَؓ عَنِ النَّبِیِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ قَالَ لَيَنْزِلَنَّ ابْنُ مَرْيَمَ حَكَمًا عَدْلًا فَلَيَقْتُلَنَّ الدَّجَّالَ وَلَيَقْتُلَنَّ الْخِنْزِيْرَ وَلَيَكْسِرَنَّ الصَّلِيْبَ وَتَكُوْنُ السَّجْدَةُ وَاحِدَةً لِّلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ،

ثُمَّ قَالَ اَبُوْ هُرَيْرَةَؓ وَاقْرَأُوْا اِنْ شِئْتُمْ وَاِنْ مِّنْ اَهْلِ الْكِتٰبِ اِلَّا لَيُؤْمِنَنَّ بِهٖ قَبْلَ مَوْتِهٖ، قَالَ اَبُوْ هُرَيْرَةَ قَبْلَ مَوْتِ عِيْسٰى، يُعِيْدُهَا ثَلَاثَ مَرَّاتٍ، (قُرْطُبِی)

"રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ઈસા ઇબ્ને મરયમ (અલૈ.) એક ન્યાયપ્રિય શાસક બનીને જરૂર નાઝિલ થશે, તે દજ્જાલ અને ખિન્ઝીર (સુવ્વર)ને કતલ કરશે, સલીબ (ક્રોસ)ને તોડી નાંખશે અને તે સમયે ઈબાદત ફક્ત પરવરદિગારે આલમની થશે.

ત્યાર પછી હઝરત અબૂ હુરયરહ (રદિ.)એ ફરમાવ્યું કે, તમે ઈચ્છો તો કુર્આને કરીમની આ આયત પઢી લો, જેમાં આ હકીકતનું વર્ણન કરવામાં આવ્યું છે કે, અહલે કિતાબમાંથી કોઈપણ બાકી રહેશે નહીં પરંતુ એ કે, તે તેમના ઉપર તેમની મૌતથી પહેલાં ઈમાન લાવશે. તેમણે ફરમાવ્યું, "ઈસા (અલૈ.)ની મૌતથી પહેલાં" અને ત્રણ વખતે આ શબ્દનું પુનરાવર્તન કર્યું." (કુર્તુબી)

પ્રસ્તુત આયતની આ તફસીર એક જલીલુલ કદ્ર સહાબી હઝરત અબૂહુરયરહ (રદિ.)ની સહીહ રિવાયતથી સાબિત છે, જેમાં قَبْلَ مَوْتِهٖ (કબ્લ મવતિહી)નો અર્થ હઝરત ઈસા (અલૈ.)ની મૌત પહેલાં ઠરાવવામાં આવ્યો છે, જેનાથી આયતનો અર્થ સ્પષ્ટ રીતે નક્કી થઈ ગયો કે, આ આયત કયામત નજીક હઝરત ઈસા (અલૈ.)ના નાઝિલ થવાના સંદર્ભમાં છે.

આ તફસીરની બીના પર આ આયત نَـاطِقٌ "નાતિક" (ખુલ્લમ-ખુલ્લું એ'લાન કરનારી) છે કે, હઝરત ઈસા (અલૈ.)ની હજુ સુધી વફાત થઈ નથી. બલકે, કયામત નજીક જ્યારે તેઓ આસમાનથી નાઝિલ થશે અને તેમના નાઝિલ થવાની સાથે અલ્લાહ જલ્લ શા'નુહુની જે હિકમતો જોડાયેલ છે તે હિકમતો પૂરી થઈ જશે, ત્યારે આ પૃથ્વી ઉપર જ તેમનું મૃત્યુ થશે.

આ બાબતનું સમર્થન સૂરએ ઝુખરુફની આ આયતમાં પણ થાય છે, وَإِنَّهُ لَعِلْمٌ لِّلسَّاعَةِ فَلَا تَمْتَرُنَّ بِهَا وَاتَّبِعُوْنِ "ઈસા (અલૈ.) કયામતની એક નિશાની છે, બસ તમે કયામત આવવામાં શંકા ન કરો અને મારું કહ્યું માનો." (૪૩ : ૬૧)

વિવરણકારોના એક મોટા જૂથે આ સ્થળે લખ્યું છે કે, اِنَّـــهٗ (ઈન્નહુ)ની ઝમીર હઝરત ઈસા (અલૈ.) તરફ જાય છે. તેનો અર્થ એ છે કે, હઝરત ઈસા (અલૈ.) કયામતની એક નિશાની છે, એનાથી જાણ થઈ કે, આ આયતમાં હઝરત મસીહ (અલૈ.)ના નાઝિલ થવાની ખબર આપવામાં આવી છે કે, તે કયામત નજીક નાઝિલ થશે અને તેમનું આવવું કયામતની નિશાનીઓમાંથી હશે.

આ આયતમાં એક બીજી કિરાઅત لَعَلَمٌ (લઅલમુન્) પણ નકલ થયેલ છે, તેનાથી આ અર્થ વધારે સ્પષ્ટ થઈ જાય છે. કારણ કે, عَلَمٌ بِفَتْحِ اللَّامِ નો અર્થ "નિશાની" થાય છે. હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)ની તફસીરમાં પણ આ જ બાબત જોવા મળે છે. عَنِ ابْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ عَنْهُ فِىْ قَوْلِهٖ تَعَالٰى وَاِنَّهٗ لَعِلْمٌ لِّلسَّاعَةِ، قَالَ خُرُوْجُ عِيْسٰى عَلَيْهِ السَّلَامُ قَبْلَ يَوْمِ الْقِيٰمَةِ، હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી وَاِنَّهٗ لَعِلْمٌ لِّلسَّاعَةِ વિશે નકલ થયું છે કે, તેનાથી હઝરત ઈસા (અલૈ.) ભાવાર્થ સ્વરૂપે છે, જેઓ કયામત પહેલાં તશરીફ લાવશે. *(ઇબ્ને કષીર)*

ખુલાસો એ છે કે, પ્રસ્તુત આયતમાં قَبْلَ مَوْتِهٖ (કબ્લ મવતિહી)ની સાથે હઝરત અબૂહુરયરહ (રદિ.)ની સહીહ હદીષ તફસીરમાં સામેલ કરવામાં આવે તો તેનાથી સ્પષ્ટ રીતે હઝરત ઈસા (અલૈ.) સજીવન હોવાનું અને કયામત નજીક નાઝિલ થઈને યહૂદીઓ ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું સાબિત થઈ જાય છે. આ જ પ્રમાણે આયત وَاِنَّهٗ لَعِلْمٌ لِّلسَّاعَةِ (૪૩ : ૬૧)થી પણ તફસીર પ્રમાણે ઇબ્ને અબ્બાસ (રદિ.)નો આ વિષય પાકો અને ચોક્કસ બની જાય છે.

તફસીરના ઈમામ ઇબ્ને કષીર (રહ.)એ આયત وَاِنَّهٗ لَعِلْمٌ لِّلسَّاعَةِ ની

તફસીરમાં લખ્યું છે,

وَقَدْ تَوَاتَرَتِ الْاَحَادِيْثُ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهُ اَخْبَرَ بِنُزُوْلِ عِيْسٰى عَلَيْهِ السَّلَامُ قَبْلَ يَوْمِ الْقِيٰمَةِ اِمَامًا عَادِلًا ، (اِبْنِ كَثِيْر)

"રસૂલુલ્લાહ ﷺની હદીસો આ વિશે મુતવાતિર છે કે, આપ ﷺએ કયામત પહેલાં હઝરત ઈસા (અલૈ.)ના દુનિયામાં નાઝિલ થવાની ખબર આપી છે."

(ઈબ્ને કસીર)

આ મુતવાતિર રિવાયતો અમારા ઉસ્તાદ હુજ્જતુલ ઈસ્લામ હઝરત મવલાના મુહમ્મદ અનવરશાહ કશ્મિરી (રહ.)એ ભેગી કરી છે, જેની સંખ્યા એકસોથી વધારે છે. મોહતરમ ઉસ્તાદના હુકમથી મુજ નાચિઝે આ સંગ્રહને અરબી ભાષામાં સંપાદિત કર્યો છે. હઝરત (રહ.)એ તેનું નામ اَلتَّصْرِيْحُ بِمَاتَوَاتَرَ نُزُوْلُ الْمَسِيْحِ(અત્તસ્રીહુ બિમા તવાત-ર-નુઝૂલુલ્ મસીહિ અલૈ.) રાખ્યું છે, જે તેમની હયાતીમાં જ પ્રકાશિત થઈ ચૂક્યું હતું. હાલમાં હલબે શામ (સીરિયા)ના એક મોટા આલિમ અલ્લામહ અબ્દુલ ફત્તાહ અબૂગિદાહે શરાહ (ખુલાસો) અને હાસિયાનો વધારો કરી બૈરુતમાં સુંદર લખાણ સાથે પ્રકાશિત કર્યું છે.

અંતિમ યુગમાં હઝરત ઈસા (અલૈ.)ના નાઝિલ થવાનો અકીદહ કતઈ અને ઇજ્માઈ છે, જેનો ઇન્કાર કરનાર કાફિર છે :

આ વિષયની પ્રસ્તુત આયતથી એ પણ સ્પષ્ટ થઈ ચૂક્યું છે અને તેની સંપૂર્ણ તફસીર સૂરએ આલિ ઈમ્રાનમાં આવી ચૂકી છે, તે પણ અહીંયાં જોઈ લેવામાં આવે, તેમાં તે શંકાઓનો જવાબ ઉપસ્થિત છે જે આ યુગમાં અમુક મુલ્હિદો તરફથી આ અકીદહને શંકાસ્પદ બનાવવા માટે રજૂ કરવામાં આવ્યો છે. વલ્લાહુ વલિય્યુલ હિદાયહ.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૬૦-૧૬૧)

فَبِظُلْمٍ مِّنَ الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا عَلَيْهِمْ طَيِّبٰتٍ اُحِلَّتْ لَهُمْ وَبِصَدِّهِمْ عَنْ سَبِيْلِ اللّٰهِ كَثِيْرًا ﴿١٦٠﴾ وَّاَخْذِهِمُ الرِّبٰوا وَقَدْ نُهُوْا عَنْهُ وَاَكْلِهِمْ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ ۭ وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ مِنْهُمْ عَذَابًا اَلِيْمًا ﴿١٦١﴾

તરજુમો :

બસ, યહૂદીઓના ગુનાહના કારણે અમે તેમના ઉપર ઘણી પાક વસ્તુઓ હરામ કરી જે તેમના માટે હલાલ હતી, અને એ કારણથી કે (તેઓ લોકોને) અલ્લાહના માર્ગથી ઘણું રોકતા હતા. (૧૬૦) અને એ કારણે કે વ્યાજ લેતા હતા અને તેમને તેની મનાઈ થઈ ચૂકી હતી, અને એ કારણે કે લોકોનો માલ નાહક ખાતા હતા, અને અમે કાફિરો માટે જે તેમનામાં છે દર્દનાક અઝાબ તૈયાર કરી રાખ્યો છે. (૧૬૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતોમાં યહૂદીઓની શરારતોનું અને તે શરારતોના કારણે તેમની સજાનું વર્ણન હતું. આ આયતોમાં પણ તેમના અમુક દુષ્કૃત્યોનું વર્ણન થયું છે અને સજાનો એક પ્રકાર પણ વર્ણન કર્યો છે અને તે એ કે, કયામતમાં તો તેમને સજા થશે જ અને દુનિયામાં પણ તેમની ગુમરાહીનું એક પરિણામ એ આવ્યું કે, ઘણી બધી પાક અને પવિત્ર વસ્તુઓ જે તેમના ઉપર હલાલ હતી, તે સજા સ્વરૂપે તેમના ઉપર હરામ કરવામાં આવી છે.

તફસીર :

બસ, યહૂદીઓને તેમના મોટા-મોટા ગુનાહોના કારણે (જેમાંથી ઘણા ગુનાહોનું વર્ણન સૂરએ બકરહમાં વર્ણન થઈ ચૂક્યું છે) અમે તેમને ઘણી બધી પાક (એટલે કે હલાલ અને લાભદાયક સ્વાદિષ્ટ) વસ્તુઓ જે (પ્રથમથી) તેમના માટે (પણ) હલાલ હતી, (જેમકે આયત كُلُّ الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِىٓ اِسْرَآئِيْلَ માં છે) તેમના માટે (એટલે કે હઝરત મૂસા અલૈ.ની શરીઅતમાં) હરામ કરી દીધી (જેનું વર્ણન સૂરએ અન્આમની આયત .... وَعَلَى الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا كُلَّ ذِىْ ظُفُرٍ માં છે અને ત્યાં પણ એ બતાવી દેવામાં આવ્યું છે કે, તે હલાલ પાક વસ્તુઓને તેમના ઉપર હરામ કરવી તેમના ગુનાહ અને નાફરમાનીઓની બીના ઉપર થયું હતું, ... ذٰلِكَ جَزَيْنٰهُمْ بِبَغْيِهِمْ) અને (હઝરત મૂસા અલૈ.ની શરીઅતમાં પણ આ બધું હરામ જ રહ્યું, કશું હલાલ ન થયું) એ કારણે કે (તેઓ હવે પછી પણ આવી હરકતો કરવાથી રોકાશે નહીં, દાખલા તરીકે એ કે) તેઓ (હુકમોમાં હેરફેર કરીને અથવા અલ્લાહના હુકમને છુપાવીને) ઘણા બધા લોકોને અલ્લાહ તઆલાના

માર્ગ (એટલે કે દીને હકને કબૂલ કરવા)થી અટકાવવાનું નિમિત્ત બનતા હતા (કારણ કે તેમની આવી કાર્યવાહીથી સામાન્ય લોકોને શંકા થઈ જતી હતી. બસ, આ શંકાના કારણે સચ્ચાઈ સ્વીકારવાથી દૂર જવું શક્ય હતું) અને એ કારણે કે તેઓ વ્યાજ લેતા હતા, જ્યારે કે, તેમને (તવરાતમાં) તેની મનાઈ કરવામાં આવી હતી અને એ કારણે કે તેઓ લોકોનો માલ નાહક રીતે (એટલે કે ગેરશરઈ રીતે) ખાઈ જતા હતા (બસ, આ રીતે સચ્ચાઈમાં રુકાવટ બનતા હતા અને વ્યાજ લેતા હતા અને નાજાઇઝ પદ્ધતિથી અન્યોનો માલ ખાઈ જવાના કારણે તેમની શરીઅતે આ સજામાં કોઈ છૂટછાટ ન આપી, અલબત્ત હઝરત ઈસા અલૈ.ની શરીઅતમાં એમાંથી અમુક હુકમો બદલવામાં આવ્યા હતા, જેમકે આ આયત وَلِاُحِلَّ لَكُمْ بَعْضَ الَّذِيْ حُرِّمَ عَلَيْكُمْ થી જાણ થાય છે અને શરીઅતે મુહમ્મદી ﷺમાં ઘણી બધી છૂટછાટ થઈ ગઈ, જેમકે يُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ થી સાબિત થયું છે. આ તેમની દુનિયવી સજા હતી) અને (આખિરતમાં) અમે તે લોકો માટે જેઓ તેમાંથી કાફિરો છે દર્દનાક અઝાબ તૈયાર કરી રાખ્યો છે (અલબત્ત જેઓ શરીઅતના કાયદા પ્રમાણે ઈમાન લઈ આવશે, તેમના પાછલા બધા અપરાધો મા'ફ કરવામાં આવશે).

મસ્અલા અને બોધપાઠ :

શરીઅતે મુહમ્મદી ﷺમાં પણ અમુક વસ્તુઓ હરામ છે પરંતુ તે કોઈ શારીરિક અથવા રૂહાની નુકસાનના કારણે હરામ કરવામાં આવી છે, એનાથી વિપરીત યહૂદીઓ માટે કે તેમના ઉપર જે પવિત્ર અને પાક વસ્તુઓ હરામ કરવામાં આવી હતી, તેમાં કોઈ શારીરિક અથવા રૂહાની નુકસાન ન હતું બલકે, તે બધું તેમની નાફરમાનીની સજા સ્વરૂપે હરામ કરવામાં આવ્યું હતું.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૬૨)

لٰكِنِ الرّٰسِخُوْنَ فِي الْعِلْمِ مِنْهُمْ وَالْمُؤْمِنُوْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ
اُنْزِلَ مِنْ قَبْلِكَ وَالْمُقِيْمِيْنَ الصَّلٰوةَ وَالْمُؤْتُوْنَ الزَّكٰوةَ وَالْمُؤْمِنُوْنَ بِاللّٰهِ
وَالْيَوْمِ الْاٰخِرِ ۭ اُولٰۗىِٕكَ سَنُؤْتِيْهِمْ اَجْرًا عَظِيْمًا ١٦٢

તરજુમો :

પરંતુ તેમનામાં જેઓ ઈલ્મમાં પાકા (પ્રખર વિદ્વાન) છે અને ઈમાનવાળા; બસ, જે તમારા ઉપર નાઝિલ થયું તેને માને છે અને જે તમારાથી અગાઉ નાઝિલ થયું અને આફરીન છે નમાઝ ઉપર કાયમ રહેનારાઓને; અને જે ઝકાતને આપનારા છે અને અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર યકીન રાખનારા છે; બસ, એવાઓને અમે મોટો સવાબ (બદલો) આપીશું. (૧૬૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતોમાં તે યહૂદીઓનું વર્ણન હતું જેઓ કુફ્ર ઉપર કાયમ હતા અને તેઓ આયતોમાં જણાવ્યા પ્રમાણેના ગુનાહોમાં સંડોવાયેલા હતા. હવે અહીંયાં એવા લોકોનું વર્ણન છે, જેઓ અહલે કિતાબ હતા અને જ્યારે રસૂલુલ્લાહ ﷺની બઅષત થઈ અને તે સિફતો જે તેમની કિતાબોમાં ખાતિમુન્નબિય્યિન ﷺ વિશે મૌજૂદ હતી તેને રસૂલે કરીમ ﷺમાં પૂરેપૂરી જોઈ લીધી તો ઈમાન લઈ આવ્યા. જેમકે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (રદિ.), હઝરત ઉસૈદ (રદિ.), હઝરત ષુઅ્લબા (રદિ.) વગેરે. આ આયતોમાં આ જ લોકોના વખાણ અને તેમની ખાસિયતો વર્ણન થઈ છે.

તફસીર :

પરંતુ તે (યહૂદીઓ)માંથી જે લોકો જ્ઞાન (દીન)માં પાકા (એટલે કે, શરીઅત પ્રમાણે અમલ કરવામાં મજબૂત) છે (અને તેમના આવા વલણના કારણે તેમના ઉપર સચ્ચાઈની સ્પષ્ટતા અને સચ્ચાઈના સ્વીકારને સરળ કરી દેવામાં આવ્યું, જેમકે આગળ વર્ણન થઈ રહેલ છે) અને જેઓ (તેમનામાંથી) ઈમાન લઈ આવ્યા છે કે, તે કિતાબ ઉપર પણ ઈમાન લાવે છે, જે તમારા ઉપર ઉતારવામાં આવી અને તે (કિતાબો)ના ઉપર પણ (ઈમાન લાવે છે) જે તમારાથી પહેલાં (અંબિયા અલૈ. ઉપર) નાઝિલ કરવામાં આવ્યું (જેમકે, તવરાત અને ઈન્જીલ) અને જેઓ (તેમનામાં) નમાઝની પાબંદી કરનારા છે અને જેઓ (તેમનામાં) ઝકાત આપનારા છે અને તેઓ (તેમનામાં) અલ્લાહ તઆલા ઉપર અને કયામતના દિવસ ઉપર વિશ્વાસ રાખનારા છે (બસ), આવા લોકોને અમે અવશ્ય

(આખિરતનો) ભવ્ય બદલો આપીશું.

મસ્અલા અને બોધપાઠ :

આયતમાં જે લોકો માટે સંપૂર્ણ અને ભવ્ય બદલાનો વાયદો કરવામાં આવ્યો છે, તે એટલા માટે કે, તેઓ ઈમાન અને નેક અમલોમાં સંપૂર્ણ અને પાકા છે અને જ્યાં સુધી કોઈ વ્યક્તિના છુટકારાનો સંબંધ છે તે અકીદાઓ અને જરૂરિયાતે દીનના સહીહ હોવા ઉપર અવલંબિત છે. શરત એ છે કે, તેનો અંત ઈમાન અને સઆદત (ખાત્મા બિલ ખૈર) ઉપર નસીબ થાય.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૬૩ થી ૧૬૯)

إِنَّآ أَوْحَيْنَآ إِلَيْكَ كَمَآ أَوْحَيْنَآ إِلَىٰ نُوحٍ وَّٱلنَّبِيِّـۧنَ مِنۢ بَعْدِهِۦ ۚ وَأَوْحَيْنَآ
إِلَىٰٓ إِبْرَٰهِيمَ وَإِسْمَٰعِيلَ وَإِسْحَٰقَ وَيَعْقُوبَ وَٱلْأَسْبَاطِ وَعِيسَىٰ وَأَيُّوبَ
وَيُونُسَ وَهَٰرُونَ وَسُلَيْمَٰنَ ۚ وَءَاتَيْنَا دَاوُۥدَ زَبُورًا ﴿١٦٣﴾ وَرُسُلًا قَدْ قَصَصْنَٰهُمْ
عَلَيْكَ مِن قَبْلُ وَرُسُلًا لَّمْ نَقْصُصْهُمْ عَلَيْكَ ۚ وَكَلَّمَ ٱللَّهُ
مُوسَىٰ تَكْلِيمًا ﴿١٦٤﴾ رُّسُلًا مُّبَشِّرِينَ وَمُنذِرِينَ لِئَلَّا يَكُونَ لِلنَّاسِ
عَلَى ٱللَّهِ حُجَّةٌۢ بَعْدَ ٱلرُّسُلِ ۚ وَكَانَ ٱللَّهُ عَزِيزًا حَكِيمًا ﴿١٦٥﴾ لَّٰكِنِ ٱللَّهُ
يَشْهَدُ بِمَآ أَنزَلَ إِلَيْكَ أَنزَلَهُۥ بِعِلْمِهِۦ ۚ وَٱلْمَلَٰٓئِكَةُ يَشْهَدُونَ ۚ وَكَفَىٰ بِٱللَّهِ
شَهِيدًا ﴿١٦٦﴾ إِنَّ ٱلَّذِينَ كَفَرُوا۟ وَصَدُّوا۟ عَن سَبِيلِ ٱللَّهِ قَدْ ضَلُّوا۟ ضَلَٰلًۢا
بَعِيدًا ﴿١٦٧﴾ إِنَّ ٱلَّذِينَ كَفَرُوا۟ وَظَلَمُوا۟ لَمْ يَكُنِ ٱللَّهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ
طَرِيقًا ﴿١٦٨﴾ إِلَّا طَرِيقَ جَهَنَّمَ خَٰلِدِينَ فِيهَآ أَبَدًا ۚ وَكَانَ ذَٰلِكَ عَلَى ٱللَّهِ يَسِيرًا ﴿١٦٩﴾

તરજુમો :

(હે મુહમ્મદ ﷺ !) બેશક ! અમે તમારા તરફ વહી મોકલી જેવી નૂહ

(અલૈ.) ઉપર મોકલી અને તે નબીઓ ઉપર જેઓ તેમના પછી થયા, અને ઈબ્રાહીમ (અલૈ.) ઉપર વહી મોકલી, અને ઈસ્માઈલ (અલૈ.) ઉપર, અને ઈસ્હાક (અલૈ.) ઉપર, અને યાકૂબ (અલૈ.) ઉપર અને તેની અવલાદ ઉપર, અને ઈસા (અલૈ.) ઉપર, અને ઐયૂબ (અલૈ.) ઉપર, અને યૂનુસ (અલૈ.) ઉપર, અને હારૂન (અલૈ.) ઉપર, અને સુલયમાન (અલૈ.) ઉપર અને અમે દાવુદ (અલૈ.)ને ઝબૂર આપી. (૧૬૩) અને એવા રસૂલ મોકલ્યા જેમનો અહેવાલ અમે તમને આથી પહેલાં સંભળાવ્યો, અને એવા રસૂલ જેમનો અહેવાલ તમને નથી સંભળાવ્યો; અને અલ્લાહે મૂસા (અલૈ.) સાથે બોલીને વાતો કરી. (૧૬૪) ખુશખબરી સંભળાવનાર અને ડર સંભળાવનાર પયગમ્બર મોકલ્યા, જેથી લોકોને અલ્લાહ ઉપર રસૂલો પછી ઈલ્ઝામ (બહાના)નો મોકો બાકી ન રહે, અને અલ્લાહ જબરદસ્ત છે હિકમતવાળો. (૧૬૫) પરંતુ અલ્લાહ ગવાહ છે એના ઉપર જે તમારા ઉપર નાઝિલ કર્યું કે આ નાઝિલ કર્યું છે પોતાના ઈલ્મની સાથે અને ફરિશ્તાઓ પણ ગવાહ છે, અને અલ્લાહ પૂરતો છે સત્ય જાહેર કરનારો. (૧૬૬) જે લોકો કાફિર થયા અને અલ્લાહના માર્ગથી રોક્યા તેઓ બહેકીને દૂર જઈ પડ્યા. (૧૬૭) બેશક ! જે લોકો કાફિર થયા અને હક દબાવી રાખ્યો અલ્લાહ તેમને કદાપિ બખ્શનાર નથી, અને તેમને સીધો માર્ગ બતાવશે નહીં. (૧૬૮) પરંતુ દોઝખનો માર્ગ; તેમાં હંમેશા રહ્યા કરે અને આ અલ્લાહ માટે ઘણું સરળ છે. (૧૬૯)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

يَسْـئَـلُكَ اَهْـلُ الْـكِتٰـبِ થી યહૂદીઓના એક મૂર્ખતાપૂર્ણ સવાલને નકલ કરીને તેની વિગતોનો એક આરોપયુક્ત જવાબ આપવામાં આવ્યો. અહીંયાં પણ એક બીજા વિષયથી તે સવાલને રદ કરવામાં આવી રહ્યો છે કે, તમે રસૂલ ﷺ ઉપર ઈમાન લાવવાની જે શરત મૂકી રહ્યા છો કે, તેઓ આસમાનથી લખેલી કિતાબ લાવીને બતાવે, તો બતાવો કે આ મહાન અંબિયા (અલૈ.) જેમનું વર્ણન આ આયતમાં છે, જેનો તમે પણ સ્વીકાર કરો છો અને તેમના સાચા હોવામાં તમે આ પ્રકારની માંગણી નથી કરતા, પછી જે દલીલથી તમે તે અંબિયા (અલૈ.)નો સ્વીકાર કરો છો, એટલે કે મોઅ્જિઝાઓથી; તો હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ

પાસે પણ મોઅ્જિઝા છે, માટે તેમના ઉપર ઈમાન લઈ આવો, પરંતુ વાત એ છે કે તમારી આ માંગણી સચ્ચાઈની પ્રાપ્તિ માટે નથી બલકે, દુશ્મનાવટ ઉપર આધારિત છે.

આગળ અંબિયા (અલૈ.)ની બઅ્ષતની હિકંમત પણ વર્ણન કરવામાં આવી અને રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને બતાવવામાં આવ્યું કે, આ લોકો જો તમારા ઉપર ઈમાન નથી લાવતા જેથી પોતાનો અંજામ પોતે ખરાબ કરી રહ્યા છે. તમારી નુબુવ્વતનો તો અલ્લાહ પોતે ગવાહ છે અને અલ્લાહના ફરિશ્તા પણ તેની પોતે ગવાહી આપે છે.

તફસીર :

અમે (આપને કંઈ વિશેષ પ્રકારે અનોખા રસૂલ બનાવીને નથી મોકલ્યા, તે લોકો આવી અદ્ધરતાલ માંગણીઓ કરે છે અથવા તો આવી વાતો કરે છે, બલકે,) તમારી પાસે (પણ એવી જ) વહી મોકલી છે જેવી (હઝરત) નૂહ (અલૈ.) ઉપર મોકલી હતી અને તેમના પછી અન્ય પયગમ્બરો પાસે (મોકલી હતી) અને (તેમનામાંથી અમુકના નામ પણ બતાવવામાં આવે છે, જેમકે) અમે (હઝરત) ઈબ્રાહીમ, અને ઈસ્માઈલ, અને ઈસ્હાક, અને યાકૂબ, અને યાકૂબની અવલાદ(માં જે અંબિયા ગુઝરી ચૂક્યા છે) અને ઈસા, અને અય્યુબ, અને યુનૂસ, અને હારૂન, અને સુલયમાન (અલૈ.)ની પાસે વહી મોકલી હતી અને (એવી જ રીતે) અમે દાવુદ (અલૈ. પાસે પણ વહી મોકલી હતી. જેથી તેમ)ને (કિતાબ) ઝબૂર આપી હતી અને (આ ઉપરાંત) અન્ય (ઘણા) એવા પયગમ્બરોને (પણ) વહીવાળા બનાવ્યા હતા, જેમના અહેવાલો આ પહેલાં (સૂરએ અન્આમ વગેરે મક્કી સૂરતોમાં) અમે તમને વર્ણન કરી ચૂક્યા છે અને (અમુક) એવા પયગમ્બરોને (સાહિબે વહી એટલે કે, વહીવાળા બનાવ્યા) જેમના અહેવાલ (હજુ સુધી) અમે તમને વર્ણન નથી કર્યા અને (હઝરત) મૂસા (અલૈ.ને પણ સાહિબે વહી બનાવ્યા, એટલા માટે તેમની) સાથે અલ્લાહ તઆલાએ ખાસ-ખાસ રીતે વાતચીત કરી (અને) તે સૌને (ઈમાન ઉપર) ખુશખબરી (છુટકારાની) આપનારા અને (કુફ્ર ઉપર અઝાબનો) ડર સંભળાવનારા પયગમ્બર બનાવીને એટલા માટે મોકલ્યા, જેથી લોકો પાસે અલ્લાહ તઆલાની સામે આ પયગમ્બરો (આવ્યા) પછી કોઈ ઉઝર (દેખીતુ જાહેર બહાનું પણ)

બાકી ન રહે (નહિતર કયામતમાં તેઓ એવું કહેશે કે, ઘણી બધી વસ્તુઓનું સારું અથવા ખરાબ હોવું અક્કલથી જાણી શકતા ન હતા પછી અમારી શું ભૂલ ?) અને (આ રીતે) અલ્લાહ તઆલા સંપૂર્ણ જોર (અને કાબૂ) રાખનારો છે (કે રસૂલો મોકલ્યા વિના પણ સજા આપે તો તે સાચો હકીકી માલિક હોવાના કારણે એવો અધિકાર ધરાવતો હતો અને તે પણ જુલમમાં સાબિત ન થાત, પરંતુ હકીકતમાં બહાનું કાઢવાનો હક કોઈને આપવામાં ન આવ્યો, એટલા માટે) મહાન હિકમતવાળો (પણ) છે. (આથી હિકમતથી જ રસૂલો મોકલવામાં આવ્યા, જેથી કોઈ દેખીતો ઉઝર-બહાનું પણ ન રહે. આ હિકમતનું વર્ણન વચ્ચે આવી ગયું હતું, આગળ હઝરત મુહમ્મદ ﷺની નુબુવ્વતની શંકાઓના જવાબની પૂર્ણતા ફરમાવવામાં આવે છે કે, ભલે તેઓ પોતાની આ શંકા દૂર થવા છતાં આપની નુબુવ્વતને ન સ્વીકારે) પરંતુ (વાસ્તવમાં તો સાબિત થઈ જ ચૂક્યું છે અને તેની સાબિતી ઉપર સાચી દલીલ કાયમ થઈ ચૂકી છે એટલા માટે) અલ્લાહ તઆલા આ કિતાબ દ્વારા જેને તમારા ઉપર ઉતારી છે અને (આ કિતાબ) મોકલી પણ પોતાની ઇલ્મી વિશેષતાઓ સાથે (કે જેનાથી તે કિતાબ ઉચ્ચ કક્ષાનો મોઅ્જિઝો બની ગઈ, જે નુબુવ્વતની કતઈ અને ઠોસ દલીલ પણ છે, આ કિતાબના મોઅ્જિઝા દ્વારા અલ્લાહ તઆલા આપ ﷺની) ગવાહી આપી રહ્યા છે (એટલે કે, દલીલ કાયમ કરી રહ્યા છે, જેમકે હમણા જાણ થઈ કે કિતાબનો મોઅ્જિઝો નાઝિલ ફરમાવ્યો, જે નુબુવ્વતની શ્રેષ્ઠતા અને સન્માનની દલીલ છે. બસ, દલીલથી નુબુવ્વત સાબિત થઈ ગઈ, રહ્યો સવાલ કોઈના માનવા-ન માનવાનો તો એ વિચાર જ શા માટે ?) અને (જો તબિયત જ એવું ઇચ્છતી હોય તો શ્રેષ્ઠ મખ્લૂક એટલે કે,) ફરિશ્તાઓ (આપ ﷺની નુબુવ્વતની) ખરાઈ કરી રહ્યા છે (અને મોઅ્મિનોની ખરાઈ અને સમર્થન તો ગવાહ સ્વરૂપે હતું જ, જો અમુક મૂર્ખાઓ ન માને તો ભલે !) અને (અસલી વાત એ છે કે,) અલ્લાહ તઆલાની જ ગવાહી (એટલે કે દલીલ કાયમ કરવાની હકીકત) પૂરતી છે (કોઈની ખરાઈ, સમર્થન અથવા સ્વીકારની આપ ﷺને કોઈ જ આવશ્યકતા નથી), જે લોકો (આ કતઈ દલીલો જાણ્યા પછી પણ) ઇન્કારી છે અને (નીતિરીતિ એવી છે કે, અન્યોને પણ) અલ્લાહના દીનથી રોકે છે, તેઓ (સચ્ચાઈ અને સીધા માર્ગથી) ઘણા દૂર ગુમરાહીમાં જઈ પડ્યા છે (આ તો દુનિયામાં તેમના ધર્મનો અંજામ છે

અને તેમના કૃત્યોનો બદલો આખિરતમાં જે મળશે તે સાંભળો કે,) નિઃશંક ! જે લોકો (સચ્ચાઈના) ઈન્કારી છે અને (સચ્ચાઈના અવરોધક બનીને) અન્યોનું પણ નુકસાન કરી રહ્યા છે, અલ્લાહ તઆલા તેમને કદાપિ મા'ફ કરશે નહીં અને જહન્નમના માર્ગ સિવાય કોઈ અન્ય માર્ગ (એટલે કે, જન્નતનો માર્ગ) બતાવશે નહીં, એ જ રીતે કે તે (જહન્નમ)માં હંમેશા-હંમેશા રહ્યા કરશે અને અલ્લાહ નજીક આ સજા આપવી મા'મૂલી વાત છે (આવી સજા આપવા માટે કોઈ વિશેષરૂપે તેને તૈયારી કરવી પડતી નથી કે સામાન ભેગો કરવો પડતો નથી, કારણ કે તે સર્વશક્તિમાન છે).

મસ્અલા અને બોધપાઠ :

اِنَّـآ اَوۡحَيۡـنَـآ اِلَيۡكَ كَمَآ اَوۡحَيۡنَآ اِلٰى نُوۡحٍ وَّالنَّبِيّٖنَ مِنۡۢ بَعۡدِهٖ આનાથી જાણ થઈ કે, વહી ખાસ અલ્લાહનો હુકમ અને તેનો સંદેશ હોય છે, જે પયગમ્બરો (અલૈ.) ઉપર મોકલવામાં આવે છે અને અગાઉના અંબિયાઓ ઉપર જે પ્રમાણે અલ્લાહની વહી નાઝિલ થઈ હતી, એ જ પ્રમાણે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર પણ અલ્લાહે વહી મોકલી, હવે જેણે તેને માન્યું તેણે અવશ્ય તેને માનવું જ જોઈતું હતું અને જેણે તેનો ઈન્કાર કર્યો, જાણે કે, તે બધાનો જ ઈન્કારી થઈ ગયો અને હઝરત નૂહ (અલૈ.) અને તેમના પછીના અંબિયા (અલૈ.)ની સાથે સામ્યતાનું કારણ કદાચ એ છે કે, હઝરત આદમ (અલૈ.)ના સમયથી વહીનો જે ક્રમ શરૂ થયો તો તે સમય બિલકુલ શરૂઆતની પરિસ્થિતિ હતી. હઝરત નૂહ (અલૈ.) ઉપર તેની પૂર્ણતા થઈ ગઈ. જેમકે, પ્રથમ હાલત ફક્ત શરૂઆતની તા'લીમની પરિસ્થિતિ હતી અને હઝરત નૂહ (અલૈ.)ના યુગમાં તે પરિસ્થિતિ પૂરી થઈને માનવજાત એ માટે સક્ષમ થઈ ગઈ કે, તેમની કસોટી લેવામાં આવે અને ફરમાંબરદારોને ઈનામ તથા નાફરમાનોને સજા આપવામાં આવે. એટલા માટે શરૂઆતના અંબિયા (અલૈ.)નો સિલસિલો પણ હઝરત નૂહ (અલૈ.)થી જ શરૂ થયો અને અલ્લાહની વહીનો ઈન્કાર કરનારાઓ ઉપર સૌ પ્રથમ અઝાબ પણ હઝરત નૂહ (અલૈ.)ના સમયથી જ શરૂ થયો.

ખુલાસો એ છે કે, નૂહ (અલૈ.)થી પહેલાં અલ્લાહનો હુકમ અને અંબિયા (અલૈ.)ના વિરોધ કરવાના કારણે અઝાબ નાઝિલ થતો ન હતો. બલકે, તેમને

કમજોર સમજીને ઢીલ આપવામાં આવતી હતી અને સમજાવવાની કોશીશ કરવામાં આવતી હતી. હઝરત નૂહ (અલૈ.)ના સમયમાં જ્યારે દીની શિક્ષણ ખૂબ સ્પષ્ટ રીતે જાહેર થઈ ચૂક્યું અને લોકો માટે અલ્લાહના હુકમની તાબે'દારી કરવામાં કોઈ વસ્તુની જાહેરાત બાકી ન રહી, ત્યારબાદ હવે નાફરમાનો ઉપર અઝાબ નાઝિલ થયો. પ્રથમ હઝરત નૂહ (અલૈ.)ના યુગમાં તોફાન આવ્યું, ત્યાર પછી હઝરત હૂદ, હઝરત સાલિહ, હઝરત શુએબ (અલૈ.) વગેરે અંબિયા (અલૈ.)ના ઝમાનામાં કાફિરો ઉપર અનેક પ્રકારના અઝાબો આવ્યા, હવે રસૂલે કરીમ ﷺની વહીને હઝરત નૂહ (અલૈ.)ની વહી અને તેમના પછીના અંબિયા (અલૈ.)ની વહી સાથે સરખાવીને અહલે કિતાબ અને મક્કાના મુશ્રિકોને સંપૂર્ણ રીતે ચેતવણી આપવામાં આવી કે, જે લોકો આપ ﷺની વહી એટલે કે કુર્આનને નહીં માને તે મહાન અઝાબનો હકદાર બનશે. *(ફવાઈદે અલ્લામહ ઉસ્માની)*

હઝરત નૂહ (અલૈ.) પોતે એક અલ્લાહના પ્રિય બંદા હતા, તેમને ૯૫૦ વર્ષોની ઉંમર અર્પણ કરવામાં આવી હતી. આપનો કોઈ દાંત પડ્યો ન હતો, ન જ તેમનો કોઈ બાલ સફેદ થયો હતો, તેમની શારીરિક શક્તિમાં પણ કોઈ કમજોરી આવી ન હતી અને સમગ્ર જિંદગી કૌમ તરફથી પીડાઓ સહન કરવામાં સબ્ર કરતા રહ્યા. *(મઝહરી)*

وَرُسُلًا قَدْ قَصَصْنٰهُمْ عَلَيْكَ હઝરત નૂહ (અલૈ.) પછી જે અંબિયા (અલૈ.) થયા તેમનો ઉલ્લેખ કરીને તેમાંથી અમુક જેઓ મહાન અને જલીલુલ કદ્ર અંબિયા (અલૈ.) છે તેમનું વિશેષ સ્વરૂપે વર્ણન કર્યું, જેમાં એ બતાવવાનો હેતુ હતો કે, આ બધા અંબિયા (અલૈ.) છે અને અંબિયા (અલૈ.) પાસે વિવિધ પદ્ધતિઓથી વહી આવી છે, ક્યારેક ફરિશ્તાઓ સંદેશા લઈને આવ્યા છે તો ક્યારેક લખેલી કિતાબ મળી ગઈ છે. ક્યારેક અલ્લાહ તઆલાએ પોતે સીધે-સીધી રસૂલ સાથે વાત કરી છે. મતલબ કે, જે પદ્ધતિથી પણ વહી આવી જાય તેના ઉપર અમલ કરવો વાજિબ હોય છે, એટલા માટે યહૂદીઓનું એ કહેવું કે, તવરાતની જેમ કોઈ લખેલી કિતાબ નાઝિલ થાય તો જ અમે માનીશું, નહિતર નહીં માનીએ. આ તેમની નરી મૂર્ખતા અને કુફ્ર છે.

હઝરત અબૂ ઝર ગિફારી (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, અલ્લાહ તઆલાએ એક લાખ ચોવીસ હજાર (૧,૨૪૦૦૦) અંબિયા

(અલૈ.) મોકલ્યા છે, જેમાંથી ત્રણસો તેર (૩૧૩) શરીઅત ધરાવનાર રસૂલો હતા."

رُسُلًا مُّبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ અલ્લાહ તઆલાએ પયગમ્બરોને બરાબર મોકલ્યા કે, મો'મિનોને ખુશખબરી સંભળાવે અને કાફિરોને ડરાવે, જેથી કયામતના દિવસે કોઈ બહાનું ન રહે કે, અમને તો તારી મરજી અને નામરજી ખબર જ ન હતી. જો અમને ખબર હોત તો અવશ્ય તેના ઉપર ચાલ્યા હોત. બસ, જ્યારે અલ્લાહ તઆલાએ પયગમ્બરોને મોઅ્જિઝાઓ આપીને મોકલ્યા અને પયગમ્બરોને સત્ય માર્ગ બતાવ્યો તો હવે, દીને હક સ્વીકાર ન કરવામાં કોઈ બહાનું સાંભળવામાં આવશે નહીં. અલ્લાહની વહી એવી કતઈ દલીલ છે કે, તેની સામે કોઈ અન્ય દલીલ ચાલી જ નહીં શકે, બલકે, બધી જ દલીલો આપોઆપ રદ થઈ જાય છે અને આ અલ્લાહ તઆલાની હિકમત અને તેની તદ્બીર છે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, "યહૂદીઓનું એક જૂથ રસૂલે કરીમ ﷺ પાસે આવ્યું, આપ ﷺએ ફરમાવ્યું, ખરેખર ! તમે ચોક્કસ જાણો છો કે, હું અલ્લાહનો સાચો રસૂલ છું.... તેમણે તેનો ઈન્કાર કર્યો, તો એના ઉપર આ આયત નાઝિલ થઈ لٰكِنِ اللّٰهُ يَشْهَدُ بِمَآ اَنْزَلَ اِلَيْكَ જેમાં બતાવવામાં આવ્યું કે, અલ્લાહ તઆલા આ કિતાબના મોઅ્જિઝા દ્વારા જે તેની જ્ઞાનપૂર્ણ વિશેષતાની જાહેરાત છે; તમારી નુબુવ્વત ઉપર ગવાહ છે. તેણે આ જાણીને કિતાબ નાઝિલ કરી છે કે, તમે તેના માટે સક્ષમ છો અને ફરિશ્તાઓ પણ તેના ઉપર ગવાહ છે અને સર્વજ્ઞ, સર્વવ્યાપી અલ્લાહની જાતની ગવાહી પછી કઈ દલીલની આવશ્યકતા બાકી રહી જાય છે ?"

કુર્આન મજીદ અને રસૂલે કરીમ ﷺની ખરાઈ પછી ફરમાવવામાં આવ્યું છે કે, હવે જે લોકો ઈન્કારી છે અને તવરાતમાં આપ ﷺના જે ગુણ-લક્ષણો અને નિશાનીઓ મૌજૂદ છે તેને છુપાવે છે અને લોકો સમક્ષ કંઈનું કંઈ જાહેર કરીને તેમને પણ સત્ય દીનથી અળગા રાખે છે. બસ, તેવાઓને ન તો મગફિરત (મા'ફી) નસીબ થશે અને ન જ હિદાયત, આથી હવે સારી રીતે જાણ થઈ કે, હિદાયત રસૂલે કરીમ ﷺની તાબે'દારી કરવા ઉપર અવલંબિત છે અને ગુમરાહી રસૂલે કરીમ ﷺનો વિરોધ કરવાનું નામ છે. તેનાથી યહૂદીઓના બધા વિચારો ગલત હોવાનું સાબિત થઈ ગયું.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૭૦)

يَاۤاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الرَّسُوْلُ بِالْحَقِّ مِنْ رَّبِّكُمْ فَاٰمِنُوْا خَيْرًا لَّكُمْ ۭ

وَاِنْ تَكْفُرُوْا فَاِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿۱۷۰﴾

તરજુમો :

હે લોકો ! તમારી પાસે રસૂલ આવી ચૂક્યો તમારા રબની હક વાત લઈને તો માની લો જેથી તમારું ભલું થાય, અને જો માનશો નહીં તો અલ્લાહ તઆલાનું છે જે કંઈ આસમાનોમાં અને જમીનમાં છે, અને અલ્લાહ સઘળું જાણનારો હિકમતવાળો છે. (૧૭૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

યહૂદીઓના વાંધાઓનો જવાબ અને નુબુવ્વતે મુહમ્મદિય્યાહ ﷺની શંકાઓ પછી હવે સમગ્ર દુનિયાના લોકોને સંબોધન કરવામાં આવે છે કે, તમારો છુટકારો તેમાં જ છે કે, તમે મુહમ્મદ ﷺની નુબુવ્વત ઉપર ઈમાન લઈ આવો.

તફસીર :

હે (દુનિયાના સઘળા) લોકો ! તમારી પાસે આ રસૂલ (ﷺ) સાચી વાત (એટલે કે સાચો દા'વો અને સાચી દલીલ) લઈને તમારા પરવરદિગાર (જલ્લ શા'નુહૂ) તરફથી તશરીફ લાવ્યા છે, બસ (આ દા'વાઓની સાચી દલીલનો તકાદો એ જ છે કે) તમે (તેમના ઉપર તે જે–જે ફરમાન કરે બધા ફરમાનો ઉપર) યકીન રાખો (જે પહેલેથી વિશ્વાસ રાખે છે, તે તેના ઉપર કાયમ રહે અને જે ઈમાન નથી લાવ્યા, હવે લાવે) એ તમારા માટે ઉત્તમ હશે, (કારણ કે તેનાથી તમારો છુટકારો થશે) અને જો તમે ઈન્કારી થઈ ગયા તો (તે તમારું જ નુકસાન છે, અલ્લાહ તઆલાનું કોઈ નુકસાન નથી કારણ કે,) અલ્લાહ તઆલાની (તો) મિલકત છે, આ બધું જે કંઈ (પણ).... આસમાનોમાં અને જમીનમાં (મૌજૂદ) છે, (તો આવા મોટા અઝીમુશ્શાન માલિક અને કુદરતવાળાનું શું નુકસાન પહોંચાડી શકો છો ? પરંતુ તમે પોતાની ખૈર મનાવી લો) અને અલ્લાહ તઆલા (બધાના ઈમાન અને કુફ્રને) સારી પેઠે જાણે છે (અને દુનિયામાં તે પૂરી સજા નથી

આપતો, તે એટલા માટે કે અલ્લાહ તઆલા) સંપૂર્ણ હિકમતવાળો (પણ) છે (અને હિકમતનો આ જ તકાદો છે).

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૭૧)

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ لَا تَغۡلُواْ فِي دِينِكُمۡ وَلَا تَقُولُواْ عَلَى ٱللَّهِ إِلَّا ٱلۡحَقَّۚ إِنَّمَا
ٱلۡمَسِيحُ عِيسَى ٱبۡنُ مَرۡيَمَ رَسُولُ ٱللَّهِ وَكَلِمَتُهُۥٓ أَلۡقَىٰهَآ إِلَىٰ مَرۡيَمَ وَرُوحٞ مِّنۡهُۖ
فَـَٔامِنُواْ بِٱللَّهِ وَرُسُلِهِۦۖ وَلَا تَقُولُواْ ثَلَٰثَةٌۚ ٱنتَهُواْ خَيۡرٗا لَّكُمۡۚ إِنَّمَا ٱللَّهُ إِلَٰهٞ
وَٰحِدٞۖ سُبۡحَٰنَهُۥٓ أَن يَكُونَ لَهُۥ وَلَدٞۘ لَّهُۥ مَا فِي ٱلسَّمَٰوَٰتِ وَمَا فِي ٱلۡأَرۡضِۗ وَكَفَىٰ

بِٱللَّهِ وَكِيلٗا ١٧١

તરજુમો :

હે કિતાબવાળાઓ ! પોતાના દીનની વાતમાં અતિશયોક્તિ ન કરો અને અલ્લાહની શા'નમાં ન કહો પરંતુ હક (પાકી) વાત; બેશક ! મસીહ જે છે ઈસા મરયમના પુત્ર તે રસૂલ છે અલ્લાહના અને તેનું કલામ છે જેને મરયમ તરફ નાંખ્યા, અને રૂહ છે તેના ત્યાંની; બસ, અલ્લાહને માનો અને તેના રસૂલોને, અને ન કહો કે ખુદા ત્રણ (ત્રિનિટી) છે, એ વાતને છોડી દો, તમારા માટે સારું થશે, બેશક ! અલ્લાહ એકલો મઅ્બૂદ છે, એના લાયક નથી કે તેને અવલાદ હોય, તેનું છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે, અને અલ્લાહ પૂરતો છે કાર્યસાધક. (૧૭૧)

આયતનો ક્રમ અને ગોઠવણી :

આ આયતો અગાઉની આયતોમાં યહૂદીઓને સંબોધન હતું અને તેમની ગુમરાહીઓનું વર્ણન કરવામાં આવ્યું હતું. આ આયતોમાં ખ્રીસ્તીઓને સંબોધન કરવામાં આવ્યું છે અને તેમના ખોટા અકીદાઓ અને અલ્લાહ તથા હઝરત ઈસા (અલૈ.) વિશેની તેમની ખોટી માન્યતાઓનો રદિયો આપવામાં આવ્યો છે.

તફસીર :

હે અહલે કિતાબ ! (એટલે કે ઈન્જીલવાળાઓ) તમે પોતાના દીન(ના વિષય)માં (સાચા અકીદહની) હદથી ન નીકળી જાઓ અને અલ્લાહ તઆલાની શા'નમાં ખોટી વાતો ન કહો (કે નઊઝુબિલ્લાહ ! તેને અવલાદ છે, જેમકે અમુક કહે છે إِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ અને બાકી બે અંગો એક હઝરત ઈસા અલૈ.ને કહેતા હતા અને એક હઝરત જિબ્રઈલ અલૈ.ને કહેતા હતા, જેમકે આગળની આયતમાં وَلَا الْمَلٰٓئِكَةُ الْمُقَرَّبُوْنَ ના વધારાથી જાણ થાય છે અને અમુક હઝરત મરયમ અલૈ.ને, જેમકે اِتَّخِذُوْنِىْ وَاُمِّىَ થી જાણ થાય છે, અથવા તે પોતે મસીહ અલૈ. હતા જેમકે અમુક કહેતા હતા إِنَّ اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ, મતલબ કે, આ બધા અકીદાઓ બાતિલ છે.) મસીહ જે મરયમના બેટા ઈસા (અલૈ.) છે તે બીજું કંઈ નથી માત્ર અલ્લાહના રસૂલ છે અને અલ્લાહ તઆલાનો એક કલિમહ (પેદાઈશનું ફરમાન) છે, જેને અલ્લાહ તઆલાએ (હઝરત) મરયમ (અલૈ.) સુધી (હઝરત જિબ્રઈલ અલૈ. દ્વારા) પહોંચાડ્યું હતું અને અલ્લાહ તઆલા તરફથી એક જીવ છે (કે તે જીવને હઝરત મરયમ અલૈ.ના શરીરમાં હઝરત જિબ્રઈલ અલૈ. દ્વારા પહોંચાડવામાં આવ્યો હતો, ન તો તેઓ અલ્લાહના પુત્ર છે અને ન જ તે ત્રિનિટીમાંથી એક છે જેમકે, ખ્રીસ્તીઓની માન્યતા છે) બસ, (જ્યારે આ બધી વાતો ખોટી છે તો બધા તવબહ કરી લો અને) અલ્લાહ ઉપર અને તેના બધા રસૂલો ઉપર (તેમની તા'લીમ પ્રમાણે) ઈમાન લઈ આવો (અને તે અકીદહ તવહીદ ઉપર અવલંબિત છે, માટે બસ તવહીદ ઉપર અકીદહ રાખો) અને એવું ન કહો કે (અલ્લાહ) ત્રણ છે; (એનો હેતુ શિર્ક કરવાથી અટકાવવાનો છે અને આ બધા પ્રસ્તુત નિવેદનો શિર્ક સમાન છે, માટે તેનાથી) અટકી જાઓ, તે તમારા માટે અતિઉત્તમ હશે (અને તવહીદની માન્યતામાં માનનારા થઈ જાઓ કારણ કે) હકીકી મઅ્બૂદ તો એકમાત્ર અલ્લાહ જ છે (અને) તે અવલાદ હોવાથી પવિત્ર છે, જે કંઈ આસમાનો અને જમીનમાં મૌજૂદ છે બધી જ તેની મિલકત છે (અને તેનું અવલાદ વગેરેથી પવિત્ર હોવું તથા સમગ્ર સૃષ્ટીનો એકમાત્ર માલિક હોવું એ તવહીદની દલીલ છે) અને (એક દલીલ તો એ છે કે) અલ્લાહ તઆલા કાર્યસાધક તરીકે પૂરતો છે (અને તેના સિવાય કોઈપણ કાર્ય પૂર્ણ કરવામાં કોઈપણ શક્તિ અમુક મર્યાદા સુધી પહોંચીને લાચાર અને મજબૂર

થઈ જાય છે, જ્યારે કે, અલ્લાહ તઆલા પોતાની કાર્યસાધકતામાં સંપૂર્ણ છે અને આ સંપૂર્ણ હોવાની સિફત અલ્લાહ સર્વશ્રેષ્ઠ હોવાની સૌથી મોટી દલીલ છે, અલ્લાહ સિવાય અન્ય કોઈ ચીજ પોતાની સિફતમાં સંપૂર્ણ હોઈ જ નથી શકતી, માટે તે ચીજ–વસ્તુ સૌથી મહાન કહી શકાય નહીં, કારણ કે, અલ્લાહની તવહીદ સાબિત થઈ ચૂકી છે).

મસ્અલા અને બોધપાઠ :

وَكَلِمَتُهٗ (વકલિમતુહુ) આ શબ્દમાં એ બતાવવામાં આવ્યું છે કે, હઝરત ઈસા (અલૈ.) અલ્લાહનો كَلِمَهٗ (કલિમહ) છે. મુફસ્સિરોએ તેના વિવિધ અર્થો વર્ણન કર્યા છે.

(૧) ઈમામ ગઝાલી (રહ.) ફરમાવે છે કે, "કોઈ બાળકની પેદાઈશમાં બે કારણો જવાબદાર હોય છે. એક, ગર્ભ ધારણ થવાનું કારણ અને બીજું, અલ્લાહ તઆલાનો કલિમહ كُنْ "કુન" કહેવું. ત્યાર પછી તે બાળક અસ્તિત્વમાં આવે છે..... હઝરત ઈસા (અલૈ.) વિશે કારણ કે, પ્રથમ કારણ ગર્ભ સ્થાપિત થવાનું છે, એટલા માટે બીજા કારણ બાજુ સંબંધ જોડીને તેમને كَلِمَةُ اللّٰه (કલિમતુલ્લાહ) કહેવામાં આવ્યા, જેનો અર્થ એ છે કે, તેઓ ભૌતિક કારણો વિના ફક્ત કલિમહ كُنْ "કુન"થી જન્મ્યા છે... આ પરિસ્થિતિમાં اَلْقٰهَا اِلٰى مَرْيَمَ નો અર્થ એ છે કે, અલ્લાહ તઆલાએ આ કલિમહ હઝરત મરયમ (અલૈ.) સુધી પહોંચાડ્યો, જેના પરિણામે હઝરત ઈસા (અલૈ.)નો જન્મ થયો."

(૨) અમુક લોકોએ ફરમાવ્યું કે, كَلِمَةُ اللّٰهِ (કલિમતુલ્લાહ) એ بَشَارَةُاللّٰه (બશારતુલ્લાહ)ના અર્થમાં છે, તેનો ભાવાર્થ હઝરત ઈસા (અલૈ.) છે, અલ્લાહ જલ્લ શા'નુહુએ ફરિશ્તાઓ દ્વારા હઝરત મરયમ (અલૈ.)ને હઝરત ઈસા (અલૈ.)ની જે ખુશખબરી આપી હતી, તેમાં كَلِمَهٗ (કલિમહ) શબ્દનો ઉપયોગ થયો છે. اِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ (૩ : ૪૫)

(૩) અમુકે કહ્યું કે, كَلِمَةٌ (કલિમતુ) આયત અને નિશાનીના અર્થમાં છે, જેમકે અન્ય સ્થળે આ શબ્દ આયતના અર્થમાં વાપરવામાં આવ્યો છે. وَصَدَّقَتْ بِكَلِمٰتِ رَبِّهَا (૬૬ : ૧૨)

وَرُوْحٌ مِّنْهُ (વરૂહુ મિન્હુ) આ શબ્દમાં બે વાતો ધ્યાન આપવા યોગ્ય છે.

એક એ કે, હઝરત ઈસા (અલૈ.)ને "રૂહ" કહેવાનો શું અર્થ છે ?.... અને બીજું એ કે, અલ્લાહ જલ્લ શા'નુહુ તરફ જે તેમનો સંબંધ જોડવામાં આવ્યો છે, આ સંબંધનો શું અર્થ છે ?

આ વિશે મુફસ્સિરોએ અનેક નિવેદનો કર્યા છે.

(૧) અમુક ફરમાવે છે, સામાન્ય બોલચાલમાં પ્રચલિત છે કે, જ્યારે કોઈ વસ્તુની પવિત્રતા અને પાકીઝગીને વર્ણન કરતા હોય તો અતિશયોક્તિ માટે તેને "રૂહ" કહેવામાં આવે છે. હઝરત ઈસા (અલૈ.)ના જન્મમાં કારણ કે, કોઈ પિતાના નુતફા (બીજ)ની કોઈ દખલગીરી ન હતી અને તે ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહુનો ઈરાદો અને "કલિમએ કુન"નું જ પરિણામ હતું. એટલા માટે તેઓ પોતાની પવિત્રતા અને પાકીઝગીમાં શ્રેષ્ઠતાએ પહોંચ્યા હતા. એ કારણે સામાન્ય બોલચાલના પ્રચલિત મુહાવરા અને રૂઢિપ્રયોગમાં તેમને "રૂહ" કહેવામાં આવ્યા અને અલ્લાહ તરફ તેનો સંબંધ જોડીને તેમની ઈજ્જત અને પ્રતિષ્ઠા વધારવાનો હેતુ છે. જેમકે, મસ્જિદોની પ્રતિષ્ઠા અને માન-સન્માન માટે તેની નિસ્બત અલ્લાહ સાથે જોડવામાં આવે છે. જેમકે, "મસાજિદલ્લાહ" (અલ્લાહની મસ્જિદો), કા'બાની નિસ્બત અલ્લાહ તરફ કરીને "બયતુલ્લાહ" (અલ્લાહનું ઘર) કહેવામાં આવે છે અથવા કોઈ અલ્લાહના ફરમાંબરદાર બંદાની નિસ્બત અલ્લાહ તરફ જોડીને તેને "અબ્દુલ્લાહ" (અલ્લાહનો બંદો) કહેવામાં આવે છે. એટલા માટે સૂરએ બની ઈસ્રાઈલમાં રસૂલે કરીમ ﷺ માટે આ જ શબ્દ વાપરવામાં આવ્યો છે. اَسْرٰى بِعَبْدِهٖ (અસ્રા બિ અબ્દિહિ).

(૨) અમુક લોકોએ ફરમાવ્યું કે, હઝરત ઈસા (અલૈ.)ની બઅ્ષત (આગમન)નો હેતુ એ હતો કે, લોકોના મૃત દિલોમાં રૂહાની જિંદગી ધબકતી કરી તેમને ખરા અર્થમાં સજીવન કરવામાં આવે. કારણ કે તેઓ રૂહાની જીવનનું કારણ હતા જે રીતે કે રૂહ શારીરિક જીવન માટેનું કારણ હોય છે એટલા માટે આ આધારે તેમને "રૂહ" કહેવામાં આવ્યા છે. જેમકે, પોતે કુર્આને કરીમમાં પણ આ શબ્દ વાપરવામાં આવ્યો છે. وَكَذٰلِكَ اَوْحَيْنَآ اِلَيْكَ رُوْحًا مِّنْ اَمْرِنَا (૪૨ : ૫૨) કારણ કે, કુર્આને કરીમ પણ રૂહાની જિંદગી અર્પણ કરે છે.

(૩) અમુક લોકોએ ફરમાવ્યું કે, "રૂહ"નો ઉપયોગ "રહસ્ય"ના અર્થમાં છે.

હઝરત ઈસા (અલૈ.) પોતાની આશ્ચર્યજનક પેદાઈશના કારણે અલ્લાહ જલ્લ શા'નહુની એક "નિશાની" અને "રહસ્ય" હતા. એટલા માટે તેમને "રૂહુલ્લાહ" કહેવામાં આવ્યા.

(૪) અમુક લોકોએ કહ્યું કે, અહીંયાં વ્યાકરણની દષ્ટિએ એ વિશેષતા બતાવવાનો હેતુ હતો وَرُوْحٌ مِّنْهُ કે, કારણ કે બધા જ સજીવો "રૂહ" અને જીવનમાં તથા પેદાઈશમાં એકસમાન છે, પરંતુ હઝરત ઈસા (અલૈ.)ની પેદાઈશ વિશેષ સ્વરૂપે એક અપવાદ તરીકે, કાર્ય–કારણના સંબંધ વિના સીધે–સીધી અલ્લાહ તરફથી થઈ, એટલા માટે તેમની નિસ્બત અલ્લાહ જલ્લ શા'નુહુ તરફ કરવામાં આવી.

(૫) એક નિવેદન એ પણ છે કે, "રૂહ" ફૂંકના અર્થમાં પણ હોય છે. હઝરત જિબ્રઈલ (અલૈ.)એ હઝરત મરયમ (અલૈ.)ના ગરેબાનમાં અલ્લાહ તઆલાના હુકમથી ફૂંક મારી હતી અને તેના કારણે જ તેમને ગર્ભ સ્થાપિત થયો હતો. હઝરત ઈસા (અલૈ.) એક મોઅ્જિઝા સ્વરૂપે ફક્ત ફૂંકથી પૈદા થયા હોવાના કારણે "રૂહુલ્લાહ" કહેવામાં આવ્યા. કુર્આને કરીમની બીજી આયત فَنَفَخْنَا فِيْهَا مِنْ رُّوْحِنَا (૨૧ : ૯૧)થી આ બાબત તરફ ઈશારો મળે છે.

આ ઉપરાંત અસંખ્ય સંભાવનાઓ વર્ણન કરવામાં આવે છે, મતલબ કે, તેનો અર્થ એ કદાપિ નથી કે, ઈસા (અલૈ.) અલ્લાહનો એક અંગ છે અને તે અંગ મનુષ્ય સ્વરૂપે હઝરત ઈસા (અલૈ.) તરીકે પ્રગટ થયો. નઊઝુબિલ્લાહ !

એક લતીફો (રમૂજ) :

અલ્લામહ આલૂસી (રહ.)એ એક ઘટનાનું વર્ણન કર્યું છે કે, "હારૂન રશીદના દરબારમાં એક ખ્રીસ્તી હકીમે હઝરત અલી બિન હુસૈન વાકદી સાથે મુનાજરો કર્યો અને તેમને કહ્યું કે, તમારી કિતાબમાં એવો શબ્દ મૌજૂદ છે, જેનાથી જાણ થાય છે કે, હઝરત ઈસા (અલૈ.) અલ્લાહનું જ અંગ છે અને દલીલમાં આ આયત પઢી સંભળાવી, જેમાં رُوْحٌ مِّنْهُ (રૂહુમ્મિન્હુ)નો શબ્દ આવ્યો છે. અલ્લામહ વાકદીએ તેના જવાબમાં એક બીજી આયત પઢી وَسَخَّرَ لَكُمْ مَّا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْأَرْضِ جَمِيْعًا مِّنْهُ આ આયતમાં એવું કહેવામાં આવ્યું છે કે, આસમાનો અને જમીનમાં જે કંઈ પણ છે તે બધું અલ્લાહનું જ છે અને مِنْهُ (મિન્હુ) દ્વારા તે બધી વસ્તુઓની નિસ્બત અલ્લાહ સાથે જોડી દેવામાં આવી છે અને ફરમાવ્યું કે,

رُوْحٌ مِّنْهُ નો અર્થ જો એ છે કે, હઝરત ઈસા (અલૈ.) અલ્લાહનો અંગ છે, તો પછી આ આયતનો અર્થ એ થઈ ગયો કે આસમાન અને જમીનમાં જે કંઈ પણ છે તે બધા જ અલ્લાહના અંગ છે. આ સાંભળી પેલો ખ્રીસ્તી હકીમ ચૂપ થઈ ગયો અને છેવટે મુસલમાન બની ગયો."

وَلَا تَقُوْلُوْا ثَلٰثَةٌ કુર્આન શરીફ નાઝિલ થવાના સમયે જેટલા મોટા-મોટા ખ્રીસ્તીઓના ફિરકાઓ વહેંચાયેલા હતા, તે બધાનો ત્રિનિટી વિશેનો અકીદહ ત્રણ જુદા-જુદા સિદ્ધાંતો ઉપર આધારિત હતો. એક ફિરકો કહેતો હતો કે, મસીહના સ્વરૂપમાં પોતે અલ્લાહ છે અને તે પોતે જ મસીહના સ્વરૂપમાં દુનિયામાં ઊતરી આવ્યા છે. બીજા ફિરકાનું કહેવું હતું કે, મસીહ "ઈબ્નુલ્લાહ" (અલ્લાહના બેટા) છે અને ત્રીજા ફિરકાનો એ દા'વો હતો કે, એકતાનું રહસ્ય આ ત્રણમાં છુપાયેલું છે, એટલે બાપ, બેટો અને મરયમ. આ ફિરકાના પણ બે પેટા વિભાગ હતા. બીજું જૂથ હઝરત મરયમ (અલૈ.)ની જગ્યાએ "રૂહુલ કુદુસ" (હઝરત જિબ્રઈલ અલૈ.)ને ત્રિનિટીનો એક ભાગ માનતા હતા. મતલબ કે, આ લોકો હઝરત મસીહ (અલૈ.)ને ત્રણ (ત્રિનિટી)ના સ્વરૂપમાં માનતા હતા. એટલા માટે કુર્આને કરીમે ત્રણે ફિરકાઓને અલગ-અલગ સંબોધન કર્યું છે અને એક સ્થળે એકી સાથે ભેગું પણ. અને આવું કરીને ખ્રીસ્તીઓ માટે સ્પષ્ટ કરી દીધું છે કે, <u>અલ્લાહ તઆલા માત્ર અને માત્ર એક જ છે અને મસીહ (અલૈ.) હઝરત મરયમ (અલૈ.)ના પેટે પૈદા થનાર મનુષ્ય અને અલ્લાહના સાચા રસૂલ છે, તેનાથી વધારે જે કંઈ પણ કહેવામાં આવે છે તે બધું જ વ્યર્થ અને બાતિલ છે.</u> મતલબ કે, જો અકીદહમાં વધારો-ઘટાડો હોય, જેમકે યહૂદીઓનો અકીદહ છે કે, નઊઝુબિલ્લાહ ! તેઓ બહુરૂપી હતા અને નસારાનો અકીદહ છે કે, તેઓ અલ્લાહ છે અથવા અલ્લાહના બેટા છે અથવા ત્રણમાં એક છે. આ બધું જ ખોટું અને વ્યર્થ છે.

કુર્આને કરીમે અનેક આયતોમાં એક બાજુ તો નસારા અને યહૂદીઓની ગુમરાહીને સ્પષ્ટ રીતે જાહેર કરી અને બીજી બાજુ હઝરત ઈસા (અલૈ.)ના ઉચ્ચ મરતબા અને અલ્લાહ પાસે તેમના શ્રેષ્ઠ દરજ્જાને જાહેર કર્યો છે. જેથી વધારા-ઘટાડા અને અતિશયોક્તિ કરનારા ખોટા માર્ગોના બદલે મધ્યમ કક્ષાનો સાચો માર્ગ સ્પષ્ટ અને જાહેર થઈ જાય.

ખ્રીસ્તીઓના અકીદાઓ અને તેના વિવિધ પાસાંઓ ઉપર અને તેના

મુકાબલામાં ઈસ્લામની સચ્ચાઈ ઉપર જો વિગતવાર જાણકારી પ્રાપ્ત કરવી હોય તો હઝરત મવલાના રહમતુલ્લાહ કૈરાનવી સાહબની મશ્હૂર ઈલ્મી કિતાબ "ઈજ્હારે હક"નો અભ્યાસ કરવા વિનંતી છે, જેનો અરબીમાંથી તરજુમો શરહ અને સંશોધનયુક્ત હાસિયાઓ સાથે દારુલ ઉલૂમ કરાચીથી ત્રણ જિલ્દોમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

لَهُ مَافِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا એટલે કે, આસમાનો અને જમીનમાં ઉપરથી નીચે સુધી જે કંઈ પણ બધી જ સૃષ્ટિ અને મખ્લૂક છે તે અલ્લાહની જ મિલકત અને તેના જ બંદાઓ છે. પછી એવું કહેવું કે, તેનો કોઈ ભાગીદાર છે અથવા તેનો કોઈ બેટો છે, તે કઈ રીતે શક્ય છે ? કારણ કે, અલ્લાહ તઆલા જ સઘળા કામ બનાવનાર છે, તે જ સંપૂર્ણ કાર્યસાધક છે અને કાર્યસાધક તરીકે તે પૂરતો છે. કોઈ અન્યની તેને કોઈ જરૂરત નથી, પછી બતાવો તેને ભાગીદારની કે બેટાની જરૂરિયાત કઈ રીતે હોઈ શકે છે ?

ખુલાસો એ થયો કે, ન તો કોઈ મખ્લૂકમાંથી તેનો ભાગીદાર બનવાની ક્ષમતા અને શક્તિ ધરાવે છે અને ન જ તેની પવિત્ર જાતમાં આવી કોઈ સંભાવના કે શક્યતા છે, ન જ તેને તેની આવશ્યકતા છે, જેનાથી જાણ થઈ કે, સમગ્ર મખ્લૂકમાંથી કોઈને પણ અલ્લાહનો ભાગીદાર અથવા બેટો કહેવો તે જ લોકોનું કામ છે જેઓ ઈમાન અને બુદ્ધિ બંનેથી વંચિત અને મૂર્ખ છે.

દીનમાં અતિશયોક્તિ (ગુલૂ) કરવી હરામ છે :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, لَا تَغْلُوْا فِىْ دِيْنِكُمْ આ આયતમાં અહલે કિતાબે દીનમાં જે અતિશયોક્તિ (ગુલૂ) કરી છે, તેવું કરવાની તેમને મનાઈ કરવામાં આવી છે. અતિશયોક્તિનો શાબ્દિક અર્થ હદથી આગળ વધી જવું છે અને ઈમામ જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે,

اَلْغُلُوُّ فِى الدِّيْنِ هُوَ مُجَاوَزَةُ حَدِّ الْحَقِّ فِيْهِ،

"દીન વિશે અતિશયોક્તિ (ગુલૂ) એ છે કે, દીનમાં જે વસ્તુની હદ નક્કી કરવામાં આવી છે, તેમાંથી નીકળી જવું."

અહલે કિતાબ એટલે કે યહૂદીઓ અને ખ્રીસ્તીઓ બંનેને આ હુકમ દ્વારા સંબોધન કરવામાં આવ્યું છે કે, દીનમાં અતિશયોક્તિ કરવામાં તેઓ બંને સરખા

છે અને બંને ફિરકાઓ દીનમાં અતિશયોક્તિના શિકાર બન્યા છે. કારણ કે, ખ્રીસ્તીઓએ તો હઝરત ઈસા (અલૈ.)ને માનવામાં અને તેમના માન–સન્માનમાં અતિશયોક્તિ કરી અને તેમને ખુદા અથવા ખુદાના બેટા અથવા ત્રણ ખુદાનો એક ભાગ બતાવી દીધા અને યહૂદીઓએ તેમને ન માન્યા, તેમની નુબુવ્વતનો ઈન્કાર કરીને તેઓ હદથી નીકળી ગયા કે, તેમણે રસૂલને પણ ન માન્યા બલકે નઊઝુબિલ્લાહ ! તેમના પવિત્ર પાક દામન વાલિદહ હઝરત મરયમ (અલૈ.) ઉપર તોહમત લગાવી અને હઝરત ઈસા (અલૈ.) ઉપર નઊઝુબિલ્લાહ ! નસબનો આરોપ લગાવ્યો. અસ્તગફિરૂલ્લાહ !

કારણ કે, દીનમાં અતિશયોક્તિ કરવાના અથવા હદથી નીકળી જવાના કારણે યહૂદીઓ અને ખ્રીસ્તીઓની ગુમરાહી અને તબાહી સાબિત થઈ ચૂકી હતી. એટલા માટે રસૂલે કરીમ ﷺએ પોતાની ઉમ્મતને આ બાબતમાં ખૂબ કાળજી લેવાની તાકીદ ફરમાવી છે. મુસ્નદે અહમદમાં હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ની રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

لَا تُطْرُوْنِیْ كَمَا اَطْرَتِ النَّصَارٰی عِيْسَى بْنَ مَرْيَمَ فَاِنَّمَا اَنَا عَبْدٌ فَقُوْلُوْا عَبْدُ اللّٰهِ وَرَسُوْلُهٗ

"મારા વખાણ અને તા'રીફમાં એટલી અતિશયોક્તિ ન કરો જેમકે ખ્રીસ્તીઓએ ઈસા ઈબ્ને મરયમ (અલૈ.) વિશે કરી છે. સારી રીતે સમજી લો કે, હું અલ્લાહનો બંદો છું, એટલા માટે તમે મને અલ્લાહનો બંદો અને રસૂલ કહ્યા કરો."

(આ રિવાયતને બુખારી અને ઈબ્ને માજહે પણ રિવાયત કરી છે અને તેની સનદને સહીહ કહી છે.)

ખુલાસો એ છે કે, હું અલ્લાહનો બંદો અને મનુષ્ય હોવામાં બધાના જેવો જ છું, મારો સૌથી મોટો દરજ્જો એ છે કે, હું અલ્લાહ તઆલાનો રસૂલ છું, તેનાથી આગળ વધારવું એટલે કે, અલ્લાહ તઆલાની સિફતોમાં મને શરીક ઠરાવી દેવો આ અતિશયોક્તિ છે. તમે નસારાની જેમ ક્યાંક આ રીતે અતિશયોક્તિમાં ન સપડાય જશો અને યહૂદીઓ તથા ખ્રીસ્તીઓનું દીનમાં હદથી નીકળી જવું ફક્ત અંબિયા (અલૈ.)ની હદ સુધી જ નથી રહ્યું બલકે, તેમણે તો એવી આદત જ બનાવી લીધી છે કે, અંબિયા (અલૈ.)ના હવારીઓ, અનુયાયીઓ,

તેમના નાયબો વગેરે માટે પણ આ જ પ્રમાણે અકીદહ ઈખ્તિયાર કરે છે. રસૂલને તો ખુદા બનાવી દીધા હતા અને રસૂલના અનુયાયીઓને માસૂમનો દરજ્જો આપી દીધો હતો, પછી એ પણ સંશોધન ન કર્યું કે, આ લોકો ખરેખર અંબિયા (અલૈ.)ના તાબે'દારો અને તેમની તા'લીમ ઉપર સાચી રીતે કાયમ હતા કે નહીં કે પછી તેમને ફક્ત વારસાના કારણે જ આલિમ અથવા શૈખ સમજવા લાગ્યા છે ? પરિણામ એ આવ્યું કે, પાછળથી તેમની આગેવાની એવા લોકોના હાથમાં આવી ગઈ, જેઓ પોતે તો ગુમરાહ હતા જ અને તેઓ તેમને પણ ગુમરાહીમાં વધારતા ગયા. અંતે દીન અને દીનની બાબતોના માર્ગે જ તેમનો દીન બરબાદ થઈ ગયો. કુર્આને હકીમે આ લોકોની આવી પરિસ્થિતિનું વર્ણન કરવા આ આયત નાઝિલ ફરમાવી, اِتَّخَذُوْٓا اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ એટલે કે, તે લોકોએ પોતની ધાર્મિક નેતાગીરીને પણ મઅ્બૂદનો દરજ્જો આપી દીધો છે, એ જ પ્રમાણે રસૂલને તો ખુદા બનાવી જ દીધા હતા, પરંતુ રસૂલની તાબે'દારીના નામ ઉપર તેમના ધાર્મિક નેતાઓની પણ પૂજા શરૂ કરી દીધી હતી.

એનાથી જાણ થાય છે કે દીનમાં અતિશયોક્તિ કરવી તે એવી ભયાનક વસ્તુ છે, જેનાથી પાછલી ઉમ્મતોનો દીન દીનના નામ ઉપર જ બરબાદ થઈ ગયો છે. એટલા માટે આપણા આકા હઝરત નબીએ કરીમ ﷺએ પોતાની ઉમ્મતને આ ગંભીર બીમારીથી બચાવવા માટે સંપૂર્ણ તદ્બીર અને તા'લીમ આપી છે.

હદીષમાં છે કે, હજ્જના મૌકા ઉપર રસૂલે કરીમ ﷺએ જમરાતની રમી માટે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ને ફરમાવ્યું કે, રસૂલે કરીમ ﷺ માટે કાંકરીઓ ભેગી કરી લાવો, તેમણે મધ્યમ કક્ષાની કાંકરીઓ રજૂ કરી, રસૂલે કરીમ ﷺએ તેને ખૂબ પસંદ કરી અને બે વખતે ફરમાવ્યું, بِمِثْلِهِنَّ , بِمِثْلِهِنَّ એટલે કે, આવી મધયમ કક્ષાની કાંકરીઓથી જ જમરાત ઉપર રમી કરવી જોઈએ. પછી ફરમાવ્યું,

اِيَّاكُمْ وَالْغُلُوَّ فِى الدِّيْنِ فَاِنَّمَا هَلَكَ مَنْ قَبْلَكُمْ بِالْغُلُوِّ فِىْ دِيْنِهِمْ،

"દીનમાં અતિશયોક્તિ (ગુલૂ) કરવાથી બચતા રહો કારણ કે, તમારાથી અગાઉની ઉમ્મતો દીનમાં અતિશયોક્તિ કરવાના કારણે જ હલાક અને બરબાદ થઈ ગઈ છે."

આ હદીષથી અમુક મહત્ત્વના મસ્અલાઓની જાણ થઈ.

ફાયદો :

પ્રથમ એ કે, હજ્જમાં જે કાંકરીઓ જમરાત પર ફેંકવામાં આવે છે, તેની સુન્નત પ્રમાણેની મર્યાદા એ છે કે, તે મધ્યમ કક્ષાની હોય, ન તો ઘણી નાની અને ન જ ઘણી મોટી હોય. મોટા-મોટા પથ્થર ઉઠાવવા દીનમાં અતિશયોક્તિ કરવા (હદથી આગળ વધવા) સમાન છે.

બીજી બાબત એ જાણ થઈ કે, દરેક વસ્તુની શરઈ હદ હોય છે અને તે રસૂલે કરીમ ﷺએ પોતાના કૌલ અથવા અમલથી નક્કી કરી દીધી છે. તેને ઓળંગવી દીનમાં અતિશયોક્તિ કરવા બરાબર છે.

ત્રીજી સ્પષ્ટતા એ બાબતની થઈ કે, દીનમાં અતિશયોક્તિ કરવાની વ્યાખ્યા એ છે કે, કોઈપણ કામમાં તેના સુન્નત તરીકાની હદથી આગળ વધી જવામાં આવે.

દુનિયાની મહોબ્બતની હદો :

જરૂરિયાતથી વધારે દુનિયાની માલ-દૌલત અને આનંદ-પ્રમોદની લાલચ ઈસ્લામમાં નિંદનીય છે અને તેને છોડવાની સૂચનાઓ અને માર્ગદર્શન પણ કુર્આનમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ રસૂલે કરીમ ﷺએ જ્યાં દુનિયાની લાલચ અને દુનિયાની મહોબ્બતથી મનાઈ ફરમાવી છે, ત્યાં જ પોતાના કૌલ અને અમલથી તેની હદો અને મર્યાદાઓ પણ નક્કી કરી દીધી છે. નિકાહ કરવાને પોતાની સુન્નત ઠરાવી અને તેનું પ્રોત્સાહન આપ્યું, ઔલાદના ફાયદાઓ અને તેના દરજ્જાઓ બતાવ્યા, ઘરવાળાઓ સાથે સારો વ્યવહાર અને તેમના હકો પૂરા કરવાને ફરજ ઠરાવ્યું, પોતાની અને પોતાના બાળ-બચ્ચાંની જરૂરિયાતો માટે રોજી-રોટી કમાવવાને ફરજ ઠરાવ્યું, વેપાર-ઉદ્યોગ, કળા-કારીગીરી, મજૂરી કરવાની લોકોને તાકીદ કરી, ઈસ્લામિક હુકૂમતની સ્થાપના, ઈસ્લામિક વ્યવસ્થા લાગુ પાડવાને નુબુવ્વતનો ફરજ ઠરાવીને તેના ઉપર અમલ કરી સંપૂર્ણ અરબ પ્રદેશ ઉપર એક ઈસ્લામિક શાસનવ્યવસ્થા કાયમ કરી અને ખુલફાએ રાશિદીન (રદિ.)એ તેની સીમાઓ પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તારી દીધી, આ બધાથી જાણ થાય છે કે, આવશ્યકતા પ્રમાણે આ બધી બાબતો માટે સંઘર્ષ કરવો ન તો દુનિયાની મહોબ્બતમાં સામેલ છે, ન જ તે લોભ અને લાલચ કહેવાય છે.

યહૂદીઓ અને નસારાએ આ વાસ્તવિકતા ન સમજી અને સન્યાસીપણામાં સપડાઈ ગયા. કુર્આને હકીમે તેમના બાતિલ અને વ્યર્થ રિવાજોને આ શબ્દોમાં રદ કર્યા. رَهْبَانِيَّةَ نِ ابْتَدَعُوهَا مَا كَتَبْنَاهَا عَلَيْهِمْ اِلَّا ابْتِغَآءَ رِضْوَانِ اللّٰهِ فَمَا رَعَوْهَا حَقَّ رِعَايَتِهَا (૫૭ : ૨૭) એટલે કે, તે લોકોએ પોતાના તરફથી રુહબાનિયત એટલે કે, દુનિયા છોડવાની પદ્ધતિ (સન્યાસીપણાની રીત) અપનાવી છે જે તેમના માથે જવાબદારી ન હતી, પછી તેઓએ જે વસ્તુઓ પોતે પોતાના તરફથી લાગુ પાડી હતી તેને પૂરી પણ ન કરી શક્યા.

સુન્નત અને બિદ્અતની હદો :

રસૂલે કરીમ ﷺએ ઈબાદતો, વ્યવહાર, રોજી-રોટી બધી જ વસ્તુઓમાં પોતાના નિવેદનો અને અમલથી મધ્યમ કક્ષાની હદો નક્કી કરી દીધી છે, તેનાથી પાછળ રહેવું આળસ અને ઉણપ છે અને આગળ વધી જવું તથા મર્યાદા ઓળંગવી પણ ગુમરાહી છે. એટલા માટે રસૂલે કરીમ ﷺએ બિદ્અતો અને કુરિવાજો ઉપર સખત રીતે પ્રતિબંધ મૂક્યો છે. ઈરશાદ ફરમાવ્યો,

كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌ وَكُلُّ ضَلَالَةٍ فِى النَّارِ،

"દરેક બિદ્અત ગુમરાહી છે અને ગુમરાહીનું પરિણામ જહન્નમ છે."

બિદ્અત એવી બાબતને કહેવામાં આવે છે, જે બાબતમાં રસૂલુલ્લાહ ﷺના કૌલ અને અમલમાં સ્પષ્ટ રીતે અથવા તેના સમર્થનનો કોઈ ઈશારો મૌજૂદ ન હોય.

હઝરત શાહ વલીયુલ્લાહ (રહ.)એ સ્પષ્ટ રીતે લખ્યું છે કે, "ઈસ્લામમાં બિદ્અતને એટલા માટે સખત ગુનોહ ઠરાવવામાં આવ્યો છે કે, તે દીનમાં તહરીફ (વધારો-ઘટાડો કરવા)નો માર્ગ ખોલી નાંખે છે. પાછલી ઉમ્મતોમાં આવું જ થયું કે, તેમણે પોતાની કિતાબ અને પોતાના રસૂલોની તા'લીમમાં વધારો કર્યો અને દરેક આવનારી પેઢી તેમાં વધારો કરતી જ રહી, એટલે સુધી કે, એ પણ ખબર ન રહી કે, અસલી દીન શું હતો ? અને લોકોએ કરેલો વધારો શું છે ?"

શાહ સાહબ (રહ.)એ પોતાની કિતાબ "હુજ્જતુલ્લાહિલ બાલિગહ"માં વર્ણન કર્યું છે કે, "દીનમાં તહરીફના દુનિયામાં જે-જે કારણો બને છે તેમાં

શરીઅતે ઈસ્લામે તે બધા દરવાજાઓ ઉપર એવી રીતે પહેરો બેસાડ્યો છે કે, કોઈપણ માર્ગેથી આ બીમારી ઉમ્મતમાં ન ફેલાવા પામે."

ઉલમા, મશાઇખોના સન્માન અને તાબે'દારીમાં મધ્યમ માર્ગ જરૂરી છે :

દીનમાં તહરીફના કારણોમાંથી દીન વિશે અતિશયોક્તિ (ગુલુફીદીન) એક મોટું કારણ ઠરાવવામાં આવ્યું છે, પરંતુ અફસોસ છે કે, રસૂલે કરીમ ﷺએ આટલી કાળજી રાખીને શરીઅતની ખૂબ પાબંદીઓ કરી હોવા છતાં આજે ઉમ્મતે મુસ્લિમહ આ જ "ગુલુ" (અતિશયોક્તિ)નો બુરી રીતે શિકાર બની ચૂકી છે. દીનના બધા જ ક્ષેત્રોમાં તેના ચિહ્નો નજરે પડે છે, તેમાંથી ખાસ કરીને જે બાબતો મિલ્લત માટે અત્યંત ખતરનાક અને ઘણી જ નુકસાનકારક સાબિત થઈ રહી છે તે દીની આગેવાનો અને રાહબરોનો હાલ-હવાલ છે. મુસલમાનોની એક જમાઅત તો એ તરફ ગઈ છે કે, તેમના મતે દીની આગેવાનો, પેશ્વાઓ, ઉલમા વગેરે કોઈ વસ્તુ જ નથી. તેઓ માને છે કે, અલ્લાહની કિતાબ અમારા માટે પૂરતી છે, જે રીતે તેઓ અલ્લાહની કિતાબને સમજે છે, અમે પણ સમજી શકીએ છીએ, رِجَـــــالٌ એટલે કે, તે પણ માણસ છે, અમે પણ માણસ છીએ. એનું પરિણામ એ આવ્યું કે, તેમનામાંનો દરેક અધૂરો વ્યક્તિ જે ન તો અરબી ભાષાથી વાકેફ છે, ન જ કુર્આનની સચ્ચાઈથી, ન તો તેના મઆરિફથી, ન જ રસૂલે કરીમ ﷺના વર્ણનો અને તફસીરથી, ફક્ત કુર્આનનો અનુવાદ જોઈને પોતાને કુર્આનનો આલિમ કહેવા લાગ્યો, કુર્આને કરીમની જે તફસીર અને ખુલાસો પોતે રસૂલે કરીમ ﷺએ અથવા આપ ﷺના નિવેદનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાના સહાબએ કિરામ (રદિ.) દ્વારા નકલ થયા છે, તે બધાથી અલગ હટીને જે વાત દિમાગમાં આવી ગઈ તેને નઊઝુબિલ્લાહ ! કુર્આનના નામ પર થોકી બેસાડ્યું. જ્યારે કે, જો ફક્ત પુસ્તક શિક્ષક વિના પૂરતું હોત તો અલ્લાહ તઆલાની એ કુદરત હતી કે, કિતાબના નુસ્ખા લખેલા જ લોકો સુધી પહોંચાડી દીધા હોત. રસૂલે કરીમ ﷺને મુઅલ્લિમ (કેળવણીકાર) બનાવીને મોકલવાની જરૂરત જ શું હતી ? જો વિચાર કરવામાં આવે તો જાણ થશે કે, આ બાબત ફક્ત અલ્લાહની કિતાબ માટે વિશેષ નથી. કોઈપણ જ્ઞાન અને કળાના પુસ્તકનો ફક્ત અનુવાદ જોઈને ક્યારેય કોઈ વ્યક્તિ આ કળાનો આલિમ નથી બની શકતો, ડૉક્ટરી

અથવા યુનાની હિકમતની કિતાબોનો તરજુમો જોઈને ન તો આજદિન સુધી કોઈ હકીમ અથવા ડૉક્ટર બન્યો છે અને ન જ ઍન્જિનિયરીંગના પુસ્તકોનો અભ્યાસ કરીને કોઈ ઍન્જિનિયર બન્યો છે, કપડાં સિવવા અથવા ખાવા પકાવવાના પુસ્તકો જોઈને કોઈ દરજી કે રસોઈયો નથી બની જતો. બલકે, આ બધી કળાઓ પ્રાપ્ત કરવા માટે શિક્ષક અને કેળવણીકારની જરૂરત અતિઆવશ્યક છે, પરંતુ અફસોસ ! કે, કુર્આન અને સુન્નતને એટલું સસ્તુ સમજી લેવામાં આવ્યું છે કે, તેના માટે કોઈ શિક્ષકની જરૂરત જ સમજવામાં નથી આવતી. એટલા માટે એક ઘણો મોટો ભણેલા-ગણેલા લોકોનો વર્ગ આ રીતે અતિશયોક્તિ (ગુલુફીદ્દીન)માં વહી ગયો કે, ફક્ત કુર્આનના વાંચનને પૂરતું સમજી બેઠા. ઉલમાએ સલફની તફસીરો અને વ્યાખ્યાઓને અને તેમને અનુકરણીય સમજવાને પણ ઉપેક્ષિત કરી દીધું. આમ, તેઓ દીનની હદથી નીકળી ગયા.

બીજી બાજુ મુસલમાનોનો એક મોટો સમૂહ એ પ્રકારના ગુલુફીદ્દીનમાં સંડોવાય ગયો કે, અંધાધૂંધ જેને ઈચ્છયું પોતાના ધાર્મિક રહેબર અને દીની મુક્તદા (આગેવાન) બનાવી લીધા, પછી તેમની આંધળી તકલીદ અને અનુસરણ શરૂ કરી દીધું. ન તો એ જાણવાની કોશીશ કરી કે. અમે જેને અનુકરણીય અને પેશ્વા બનાવી રહ્યા છે તે ઈલ્મ અને અમલ તથા ઈસ્લાહ અને તકવાના માપદંડમાં પૂરા છે કે કેમ ? અને ન જ એ તરફ કોઈએ ધ્યાન આપ્યું કે, જે શિક્ષણ તેઓ આપી રહ્યા છે તે કુર્આન અને સુન્નતનું વિરોધી છે કે નહીં ? ઈસ્લામી શરીઅતે ગુલૂથી બચાવીને આ બંને પદ્ધતિઓ વચ્ચેનો એક મધ્યમ કક્ષાનો માર્ગ બતાવ્યો કે, અલ્લાહની કિતાબને રિજાલુલ્લાહ એટલે કે અલ્લાહના બંદાઓથી શીખો અને રિજાલુલ્લાહને કિતાબુલ્લાહથી ઓળખો, એટલે કે, કુર્આન અને સુન્નતની મશ્હૂર તા'લીમ દ્વારા પ્રથમ તે લોકોને ઓળખો જેઓ કિતાબ અને સુન્નતના જ્ઞાનમાં પ્રવૃત્ત છે અને તેમની જિંદગી કિતાબ અને સુન્નતના રંગમાં રંગાયેલી હોય પછી જ કિતાબ અને સુન્નતના દરેક ગહન મસ્અલાઓમાં તેમની તફસીર અને સ્પષ્ટતાને પોતાના અભિપ્રાય ઉપર અગ્રિમતા આપો અને પછી તેમનું અનુસરણ કરો.

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૭૨-૧૭૩)

لَنْ يَّسْتَنْكِفَ الْمَسِيْحُ اَنْ يَّكُوْنَ عَبْدًا لِّلّٰهِ وَ لَا الْمَلٰٓئِكَةُ الْمُقَرَّبُوْنَ ؕ وَمَنْ يَّسْتَنْكِفْ عَنْ عِبَادَتِهٖ وَيَسْتَكْبِرْ فَسَيَحْشُرُهُمْ اِلَيْهِ جَمِيْعًا ﴿۱۷۲﴾ فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ اُجُوْرَهُمْ وَيَزِيْدُهُمْ مِّنْ فَضْلِهٖ ۚ وَ اَمَّا الَّذِيْنَ اسْتَنْكَفُوْا وَاسْتَكْبَرُوْا فَيُعَذِّبُهُمْ عَذَابًا اَلِيْمًا ۙ وَّلَا يَجِدُوْنَ لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿۱۷۳﴾

તરજુમો :

મસીહ (અલૈ.)ને કદાપિ એનાથી નાનમ (શરમ કે ઈન્કાર) નથી કે તે અલ્લાહનો બંદો હોય, અને ન જ ફરિશ્તાઓને જે મુકર્રબ છે; અને જેને નાનમ આવે અલ્લાહની બંદગીથી અને તકબ્બુર કરે બસ તે (અલ્લાહ) એ સૌને પોતાની પાસે એકઠા કરશે. (૧૭૨) પછી જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સારા અમલ કર્યા તો તેમને તેમનો સવાબ પૂરે-પૂરો આપશે, અને પોતાના ફઝ્લ (કૃપા)થી વધારે આપશે; અને જેમણે નાનમ અનુભવી અને તકબ્બુર કર્યો, બસ તેમને અઝાબ આપશે, દર્દનાક અઝાબ; અને પોતાના માટે અલ્લાહના સિવાય કોઈ હિમાયતી પામશે નહીં અને ન જ મદદગાર. (૧૭૩)

તફસીર :

(ખ્રીસ્તીઓ વિના જાણ્યે-વિચાર્યે હઝરત ઈસા મસીહ અલૈ.ને અલ્લાહનું અંગ બનાવી રહ્યા છે, જ્યારે કે પોતે હઝરત) મસીહ (અલૈ.ની એવી હાલત છે કે, પૃથ્વી ઉપર પોતાના નિવાસ સમયે તો તેમણે પોતે અલ્લાહના બંદા હોવાનો સ્વીકાર કર્યો અને તેમણે અલ્લાહના અંગ હોવાનો પોતે જ રદિયો આપ્યો, તે સૌને ખબર છે, પરંતુ હજુપણ આસમાન ઉપર નિવાસની પરિસ્થિતિમાં કે પૃથ્વીના નિવાસ કરતાં જે ઉચ્ચ કક્ષાનો અને ઊંચાઈ ઉપર છે અથવા કયામત સુધી તે જે હાલતમાં હોય તેમને કોઈ પૂછી જૂએ, દરેક પરિસ્થિતિમાં તેઓ) કદાપિ

અલ્લાહના બંદા બનવામાં નાનમ (અને ઈન્કાર) નહીં કરે અને ન જ મુકર્રબ ફરિશ્તાઓ (કે ક્યારેય નાનમ કે શરમ અનુભવી ઈન્કાર નહીં કરે, જેમાં હઝરત જિબ્રઈલ અલૈ. પણ સામેલ છે, જેમને ખ્રીસ્તીઓ ત્રિનિટીનો એક ભાગ માને છે, કોઈ એમને પોતે પૂછી જુએ) અને (તે નાનમ કે શરમ કેવી રીતે અનુભવે ? કારણ કે, અલ્લાહનો બંદો બનવાથી નાનમ કે શરમ અનુભવનાર અને અભિમાન કરનારનું એવું બુરું પરિણામ છે કે) જે વ્યક્તિ અલ્લાહ તઆલાની બંદગીથી નાનમ અનુભવશે અને તકબ્બુર કરશે તો (તેનું પરિણામ સાંભળી લો) અલ્લાહ તઆલા સઘળા લોકોને પોતાની પાસે (એટલે કે હિસાબ વખતે) ભેગા કરશે પછી જે લોકો (દુનિયામાં) ઈમાન લાવ્યા હશે અને તેમણે સારા કામો કર્યા હશે (એટલે કે, બંદા બનીને રહ્યા હશે, કારણ કે બંદો બનવાનું તાત્પર્ય જ એ છે કે, ઈમાન લાવે અને નેક કામો કરે) તો તેમને તો તેમનો પૂરેપૂરો સવાબ (પણ) આપશે (જે ઈમાન અને અમલો ઉપર અવલંબિત છે) અને (તે ઉપરાંત) પોતાના ફઝ્લથી હજુ વધારે (પણ) આપશે, (જેની વિગત આપવામાં આવી નથી) અને જે લોકોએ (બંદા બનવાથી) નાનમ કરી હશે અને અભિમાન કર્યું હશે તો તેમને સખત દર્દનાક સજા આપશે અને તે લોકો અલ્લાહ સિવાય કોઈ અન્યને પોતાનો મિત્ર અથવા મદદગાર નહીં ભાળે.

મસ્અલા અને બોધપાઠ :

لَنْ يَّسْتَنْكِفَ الْمَسِيْحُ اَنْ يَّكُوْنَ عَبْدًا لِّلّٰهِ.... એટલે કે, હઝરત ઈસા મસીહ (અલૈ.)ને અલ્લાહના બંદા હોવામાં કોઈ નાનમ નથી અને ન જ અલ્લાહના મુકર્રબ ફરિશ્તાઓને. એટલા માટે અલ્લાહના બંદા હોવું અને અલ્લાહની ઈબાદત કરવી તથા તેના હુકમો પૂરા કરવા ઉચ્ચ કક્ષાની શરાફત, સન્માન અને ઈજ્જત-આબરૂનું કામ છે. હઝરત ઈસા મસીહ (અલૈ.) અને મુકર્રબ ફરિશ્તાઓને આ નેઅ્મતની કદર અને કિંમત પૂછો, તેમને કઈ રીતે નાનમ કે શરમ આવી શકે છે ? અલબત્ત અપમાન અને શરમ તો અલ્લાહ સિવાય કોઈ અન્યની બંદગી કરવામાં આવવી જોઈએ, જેમકે ખ્રીસ્તીઓએ હઝરત ઈસા મસીહ (અલૈ.)ને અલ્લાહના બેટા અને મઅ્બૂદ બનાવી લીધા અને મુશ્રિકોએ ફરિશ્તાઓને બેટીઓ માનીને તેમની અને મૂર્તિઓની પૂજા શરૂ કરી દીધી. બસ, એમના માટે હંમેશાનો અઝાબ અને અપમાન છે. *(ફવાઈદે ઉસ્માની)*

આયતો : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૭૪-૧૭૫)

يَاأَيُّهَا النَّاسُ قَدْ جَاءَكُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّكُمْ وَأَنْزَلْنَا إِلَيْكُمْ نُورًا مُّبِينًا ﴿١٧٤﴾

فَأَمَّا الَّذِينَ آمَنُوا بِاللَّهِ وَاعْتَصَمُوا بِهِ فَسَيُدْخِلُهُمْ فِي رَحْمَةٍ مِّنْهُ وَفَضْلٍ

وَيَهْدِيهِمْ إِلَيْهِ صِرَاطًا مُّسْتَقِيمًا ﴿١٧٥﴾

તરજુમો :

હે લોકો ! તમારી પાસે તમારા રબ તરફથી સનદ પહોંચી ચૂકી અને અમે તમારા ઉપર સ્પષ્ટ રોશની ઉતારી. (૧૭૪) બસ, જે લોકો અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને તેને મજબૂત પકડયો તો તેમને પોતાની રહમતમાં દાખલ કરશે અને કૃપામાં, અને તેમને પોતાના તરફ સીધા માર્ગ ઉપર પહોંચાડી દેશે. (૧૭૫)

તફસીર :

હે (સઘળા) લોકો ! ચોક્કસ તમારી પાસે તમારા પરવરદિગાર પાસેથી એક (પૂરતી) દલીલ આવી ચૂકી છે (તે દલીલ રસૂલુલ્લાહ ﷺની જાત મુબારક છે) અને અમે તમારી પાસે એક સ્પષ્ટ નૂર મોકલ્યું છે (તે નૂર કુર્આન શરીફ છે, બસ રસૂલુલ્લાહ ﷺ અને કુર્આન દ્વારા જે કંઈ પણ તમને બતાવવામાં આવે તે બધું સાચું છે, જેમાં પ્રસ્તુત વિષયો પણ સામેલ છે) બસ, જે લોકો અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા (જેના માટે તવહીદ અને પોતાના બંદા હોવાની માન્યતા જરૂરી છે) અને તેમણે અલ્લાહ(ના દીન)ને (એટલે કે ઈસ્લામને) મજબૂતીથી પકડયો (જેના માટે રસૂલે કરીમ ﷺ અને કુર્આનની ખરાઈ અને સમર્થન કરવું જરૂરી છે) બસ, તેમને અલ્લાહ તઆલા પોતાની રહમતમાં (એટલે કે, જન્નતમાં) દાખલ કરશે અને પોતાની મહેરબાનીમાં (લઈ લેશે, એટલે કે જન્નતમાં દાખલ કરવા ઉપરાંત તેમને અન્ય નેઅ્મતો પણ આપશે); અને પોતાના સુધી (પહોંચવાનો) તેમને સીધો રસ્તો બતાવશે (એટલે કે, દુનિયામાં તેમને પોતાના પ્રિય અમલો ઉપર કાયમ અને અડગ રાખશે).

મસ્અલા અને બોધપાઠ :

"બુરહાન" بُرهَانُ નો શું અર્થ છે ? :

અલ્લાહનો ઈરશાદ છે قَدْ جَآءَكُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّكُمْ તેમાં بُرْهَانُ "બુરહાન"નો શાબ્દિક અર્થ "દલીલ" છે, તેનો અર્થ રસૂલે કરીમ ﷺની જાતે અકદસ છે. *(રૂહુલ મઆની)*

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺની જાતે અકદસને શબ્દ બુરહાન દ્વારા એટલા માટે સંબોધન કર્યું છે કે, તેમની જાતે મુબારક એટલે કે આપ ﷺના અખ્લાક અને નિતિમત્તાની કક્ષા, આપ ﷺના મોઅ્જિઝાઓ અને આપ ﷺ ઉપર ઉતારવામાં આવેલ કિતાબ, આ બધી વસ્તુઓ રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને તેમની રિસાલત માટે ખુલ્લમ-ખુલ્લી દલીલો છે. જેને જોઈ લીધા પછી કોઈ અન્ય દલીલની આવશ્યકતા બાકી નથી રહેતી, એટલા માટે એવું સમજવું જોઈએ કે રસૂલે કરીમ ﷺની જાત મુબારક પોતે જ એક સચોટ દલીલ છે."

"નૂર"નો અર્થ "કુર્આન મજીદ" છે. (રૂહુલ મઆની) જેમકે, સૂરએ માઈદહની આયતથી પણ જાણ થાય છે, قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّكِتٰبٌ مُّبِيْنٌ એટલે કે, તમારી પાસે અલ્લાહ તરફથી એક રોશન (પ્રકાશિત) વસ્તુ આવી ચૂકી છે અને તે સ્પષ્ટ કિતાબ એટલે કે કુર્આન છે. (બયાનુલ કુર્આન) આ આયતમાં જેને "નૂર" કહેવામાં આવ્યું છે, આગળ તેને "કિતાબે મુબીન" કહેવામાં આવ્યું છે.

જો નૂરનો ભાવાર્થ પયગમ્બરે ઈસ્લામ ﷺની જાતે અકદસ હોય અને કિતાબનો ભાવાર્થ કુર્આન મજીદ હોય તો એ પણ સાચું છે. (રૂહુલ મઆની) પરંતુ તેનાથી રસૂલે કરીમ ﷺ પોતે એવું નૂર હોવાનું સાબિત નથી થતું કે જે મનુષ્યપણાથી અથવા મનુષ્યના શારીરિક ભૌતિક બંધારણથી ભિન્ન પ્રકારનું હોય.

આયત : (સૂરએ નિસાઅ્ : આયત નં. ૧૭૬)

يَسْتَفْتُوْنَكَ ۭ قُلِ اللّٰهُ يُفْتِيْكُمْ فِي الْكَلٰلَةِ ۭ اِنِ امْرُؤٌا هَلَكَ لَيْسَ لَهٗ وَلَدٌ وَّلَهٗٓ
اُخْتٌ فَلَهَا نِصْفُ مَا تَرَكَ ۚ وَهُوَ يَرِثُهَآ اِنْ لَّمْ يَكُنْ لَّهَا وَلَدٌ ۭ فَاِنْ كَانَتَا
اثْنَتَيْنِ فَلَهُمَا الثُّلُثٰنِ مِمَّا تَرَكَ ۭ وَاِنْ كَانُوْٓا اِخْوَةً رِّجَالًا وَّنِسَاۗءً فَلِلذَّكَرِ
مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ۭ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اَنْ تَضِلُّوْا ۭ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿١٧٦﴾ ع

તરજુમો :

(હે નબી ﷺ !) તમને હુકમ પૂછે છે, બસ કહી આપો ! અલ્લાહ તમને "કલાલહ"નો હુકમ બતાવે છે; જો કોઈ પુરુષ મરી ગયો અને તેને બેટા (અવલાદ) નથી, અને તેને એક બહેન છે તો તેને અડધું પહોંચે એનું જે તે છોડી મર્યો, અને તે ભાઈ વારિસ છે તે બહેનનો જો તેને બેટા (અવલાદ) ન હોય; પછી જો બે બહેનો હોય તો તેમને તે માલનું બે તૃત્યાંશ પહોંચે જે તે છોડી મર્યો; અને જો ઘણા વ્યક્તિઓ તે જ રિશ્તાના હોય અમુક પુરુષો અને અમુક સ્ત્રીઓ તો એક પુરુષનો હિસ્સો છે બે સ્ત્રીઓ બરાબર; અલ્લાહ તમારા માટે વર્ણન કરે છે જેથી તમે ગુમરાહ ન થાઓ અને અલ્લાહ દરેક વસ્તુથી વાકેફ છે. (૧૭૬)

તફસીર :

લોકો આપ (ﷺ)ને (કલાલહની વારસા–વહેંચણી એટલે કે, જેને ન તો અવલાદ હોય ન જ માં–બાપ હયાત હોય) હુકમ પૂછે છે, તમે (જવાબમાં) ફરમાવી આપો કે, અલ્લાહ તઆલા તમને કલાલહ વિશે હુકમ બતાવે છે (તે એ છે કે,) જો કોઈ વ્યક્તિ મરી જાય જેને અવલાદ ન હોય (એટલે કે ન તો પુરુષ સંતાન, ન જ સ્ત્રી સંતાન અને ન જ માં–બાપ હયાત હોય) અને તેને એક ("ઐની" અથવા "અલ્લાતી") બહેન હોય તો તે (બહેન)ને તેના બધા જ છોડેલા માલનું અડધું મળશે (એટલે કે, બધા અગ્ર કક્ષાના હકો અદા કર્યા પછી અને બાકીના અડધા ભાગ પછી કોઈ અન્ય જરૂરી અને બાકી કરજ હશે તો તે આપવામાં આવશે, નહિતર પછી તે તેના ઉપર જ રદ થઈ જશે) અને તે વ્યક્તિ

તે (પોતાની બહેન)નો વારસદાર (સંપૂર્ણ છોડેલા માલનો) થશે, જો (તે બહેન મરી જાય અને) તેની અવલાદ ન હોય (અને માતા–પિતા પણ ન હોય) અને જો (એવી) બે બહેનો (અથવા વધારે) હોય તો તેમને તેના કુલ છોડેલા માલમાંથી બે તૃત્યાંશ મળશે (અને એક તૃત્યાંશ જરૂરી કરજ માટે; નહિતર રદ સ્વરૂપે તેમને જ મળી જશે) અને જો (એવી મય્યત કે જેની ન તો અવલાદ છે, ન જ માતા–પિતા તે મય્યત પુરુષ હોય કે સ્ત્રી) વારસામાં અમુક (એટલે કે એકથી વધારે એવા જ) ભાઈ–બહેન હોય પુરુષ અથવા સ્ત્રી તો (છોડેલો માલ એ પ્રમાણે વહેંચવામાં આવશે કે) એક પુરુષને બે સ્ત્રીઓના બરાબર હિસ્સો મળશે (એટલે કે, ભાઈને બહેન કરતાં બમણું અને બહેનને એક ઘણું, પરંતુ "ઐની" બહેનની "અલ્લાતી" ભાઈ–બહેન બધું જ સાકિત થઈ જાય છે અને ઐની બહેનથી ક્યારેક તે સાકિત થઈ જાય છે અને ક્યારેક હિસ્સો ઘટી જાય છે, જેની વિગતો ફરાઇજ–વારસા–વહેંચણીની કિતાબોમાં મૌજૂદ છે). અલ્લાહ તઆલા તમને (દીનની વાતો) એટલા માટે વર્ણન કરે છે કે, તમે (અજાણતાથી) ગુમરાહીમાં ન પડો (આ તો ભલાઈનું વર્ણન છે) અને અલ્લાહ તઆલા દરેક વસ્તુને સારી પેઠે જાણે છે (બસ, હુકમોની મસ્લિહતોથી પણ સુપેરે માહિતગાર છે અને હુકમોમાં તેની રિઆયત કરવામાં આવે છે, આ હિકમતનું વર્ણન છે).

મસ્અલા અને બોધપાઠ :

ફાયદો :

(૧) અલ્લાહનો ઈરશાદ છે, يَسْتَفْتُوْنَكَ قُلِ اللّٰهُ يُفْتِيْكُمْ فِى الْكَلٰلَةِ આ સ્થળે "કલાલહ"ના હુકમ અને તેના નાઝિલ થવાની પૂર્વભૂમિકા વર્ણન કરવાથી અમુક બાબતો જાણ થઈ. એક એ કે, જેમકે પ્રથમ وَاِنْ تَكْفُرُوْا فَاِنَّ لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ફરમાવ્યું ત્યાર પછી ઉદાહરણ તરીકે અહલે કિતાબની હાલત વર્ણન કરી હતી. એ જ રીતે ઈરશાદ فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَاعْتَصَمُوْا بِهٖ... પછી રસૂલુલ્લાહ ﷺના સહાબા (રદિ.)નું ઉદાહરણ વર્ણન કર્યું, જેથી વહીનો વિરોધ કરનારા અને ન માનનારા લોકોની ગુમરાહી અને બુરાઈ તથા વહીનું અનુસરણ કરનાર લોકોની સચ્ચાઈ અને ભલાઈ સારી રીતે સમજમાં આવી જાય.

(૨) બીજી બાબત એ પણ જાહેર થાય છે કે, અહલે કિતાબે તો એ ભયંકર

ભૂલ કરી હતી કે, અલ્લાહની જાતે અકદસ સુબ્હાનહુ વ તઆલા માટે ભાગીદાર અને ઔલાદ જેવી અત્યંત નીચ કક્ષાની માન્યતાને પોતાનું ઈમાન બનાવી લીધું અને અલ્લાહની વહીનો છાતી ઠોકીને વિરોધ કર્યો અને રસૂલુલ્લાહ ﷺના સહાબાઓની એ હાલત છે કે, તેઓ ઈમાન અને ઈબાદતોના સિદ્ધાંતોમાં તો ખરા જ પરંતુ નાના-નાના મસ્અલાઓમાં અને મા'મૂલી બાતોમાં પણ તથા એ જ રીતે જીવનની અન્ય બાબતો જેમકે, વારસા-વહેંચણી, નિકાહ વગેરેમાં વહીની રાહ જોતા હતા અને દરેક કામમાં રસૂલે કરીમ ﷺના માર્ગદર્શન અને રાહબરી ઈચ્છતા હતા. પોતાની અક્કલ અને મનેચ્છાઓના આધારે નિર્ણય કરતા ન હતા અને જો એક વખતે મનને સંતોષ ન થાય તો વારંવાર રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને પૂછતા રહેતા હતા.

ببیں تفاوتِ رہ از کجاست تا بہ کجا،

એ પણ જાણ થઈ કે, હઝરત સય્યિદુલ મુરસલીન ﷺ પણ વહીના હુકમ વિના પોતાના તરફથી કોઈ હુકમ ફરમાવતા ન હતા. જો કોઈ બાબતમાં વહીનો હુકમ મૌજૂદ ન હોય તો હુકમ કરવામાં વહી નાઝિલ થવાની રાહ જોતા, જ્યારે વહી નાઝિલ થઈ જતી ત્યારે હુકમ કરતા. વળી, ઈશારો એ પણ છે કે, એકી વખતે આખી કિતાબ નાઝિલ થઈ જવામાં જેમકે અહલે કિતાબ દરખાસ્ત કરતા હતા, કોઈ ખૂબી કે વિશેષતા ન હતી કે જે ખૂબી અને વિશેષતા જરૂરતના સમયે અને પ્રસંગ અનુસાર વિવિધ સમયે નાઝિલ થવામાં છે. કારણ કે, દરેક કોઈ પોતાની આવશ્યકતા પ્રમાણે સવાલ કરી શકે છે અને વહી દ્વારા પોતાના ઈચ્છિત સવાલનો જવાબ મેળવી શકે છે, જેમકે આ સ્થળે અને કુર્આન મજીદમાં અન્ય અનેક સ્થળે આ બાબત મૌજૂદ છે તથા આ સ્વરૂપ સૌથી વધુ લાભદાયી હોવા ઉપરાંત અલ્લાહ તબારક વ તઆલા દ્વારા સન્માનનીય પ્રતિષ્ઠાયુક્ત સંબોધન એવી મહાન ગૌરવયુક્ત શૈલીમાં ઉપસ્થિત છે, જે કોઈપણ ઉમ્મતને નસીબ નથી થયું. وَاللّٰهُ ذُوالْفَضْلِ الْعَظِيْمِ જે સહાબીની ભલાઈમાં અથવા તેના સવાલના જવાબમાં કોઈ આયત નાઝિલ થઈ તે તેના માટે કારણરૂપ ગણવામાં આવે છે અને કોઈપણ મતભેદના સમયે જેના અભિપ્રાય પ્રમાણે અથવા નિવેદન પ્રમાણે વહી નાઝિલ થઈ, કયામત સુધી તેની ખૂબી અને નેકનામી બાકી રહી ગઈ. બસ,

"કલાલહ"ના સંદર્ભમાં સવાલ અને જવાબનું વર્ણન કરીને આ પ્રકારના બધા જ સવાલો અને જવાબો તરફ ઈશારો કરી દેવામાં આવ્યો. *(ફવાઈદે ઉસ્માની)*

تَمَّتْ سُوْرَةُ النِّسَآءِ وَلِلّٰهِ الْحَمْدُ اَوَّ لَهٗ وَاٰخِرَهٗ

સૂરએ નિસાઅ્ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !

□□□□□□□□□□□

તારીખ : ૧૫ ફેબ્રુઆરી રવિવાર ૨૦૦૯ બમુતાબિક ૧૯ સફર ૧૪૩૦ હિજરી.

મૂળ તફસીરકાર : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)


ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી

પ્રકરણ : ૫

સૂરએ માઇદહ

સૂરએ માઈદહ મદની સૂરત છે, તેમાં કુલ ૧૬ રુકૂઅ્ છે અને ૧૨૦ આયતો છે.

આયત : (સૂરએ માઇદહ : આયત નં. ૧)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

હે ઈમાનવાળાઓ ! પોતાના વચનો (કૌલ-કરાર) પૂરા કરો, તમારા માટે ચાર પગવાળા જાનવરો હલાલ થયા, એના સિવાય કે જે તમને આગળ સંભળાવવામાં આવશે, પરંતુ શિકારને અહેરામની હાલતમાં હલાલ ન જાણો; બેશક ! અલ્લાહ જે ઈચ્છે હુકમ કરે છે. (૧)

સૂરત ઊતરવાની પૂર્વભૂમિકા (શા'ને નુઝૂલ) અને વિષયનો ખુલાસો :

આ સૂરએ માઈદહની શરૂઆતની આયત છે. સૂરએ માઈદહ સંજોગોવસાત્ મદની સૂરત છે અને મદની સૂરતોમાં પણ છેલ્લી સૂરત છે, એટલે સુધી કે, અમુક રિવાયતોમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) અને અસ્મા બિન્તે યઝીદથી નકલ થયું છે કે, "સૂરએ માઈદહ નબીએ કરીમ ﷺ ઉપર તે સમયે નાઝિલ થઈ હતી, જ્યારે કે તેઓ મુસાફરીમાં "અદ્બા" નામની ઊંટણી

ઉપર સવાર હતા. વહી નાઝિલ થતી વખતે જે અસામાન્ય પરિસ્થિતિ અને અસહ્ય ભાર અનુભવાતો હતો, એ જ પ્રમાણે આ વખતે પણ આવો અનુભવ થયો, એટલે સુધી કે, ઊંટણી ભાર વેંઢારવાથી લાચાર થઈ ગઈ, ત્યારે રસૂલે કરીમ ﷺ નીચે ઊતરી ગયા." આ મુસાફરી દેખીતું છે કે "હજ્જતુલ વદાઅ્"ની મુસાફરી છે, જેમકે અમુક રિવાયતોથી એનું સમર્થન પણ થયું છે. હજ્જતુલ વદાઅ્ હિજરતના દશમાં વર્ષે થઈ અને પરત આવ્યા પછી રસૂલે કરીમ ﷺનું પવિત્ર જીવન લગભગ ૮૦ દિવસ રહ્યું. ઇબ્ને હય્યાને બહરે મુહીતમાં ફરમાવ્યું છે કે, "સૂરએ માઈદહના અમુક વિભાગો "સુલહે હુદૈબિય્યહ"માં અને અમુક વિભાગો "ફત્હે મક્કા"ની મુસાફરીમાં અને અમુક "હજ્જતુલ વદાઅ્" મુસાફરી પછી નાઝિલ થયા છે." તેનાથી જાણ થાય છે કે, આ સૂરત કુર્આન નાઝિલ થવાના અંતિમ તબક્કામાં ઊતરી છે, જો કે તે અંતિમ સૂરહ ના પણ હોય.

રૂહુલ મઆનીમાં અબૂ ઉબયદ, હઝરત હમ્ઝા બિન હબીબ અને અતિય્યા બિન કૈસની આ રિવાયત નબીએ કરીમ ﷺથી નકલ થઈ છે, اَلْمَـــائِدَةُ مِنْ اٰخِرِ الْقُرْاٰنِ تَنْزِيْلًا فَاَحِلُّوْا حَلَا لَهَا وَحَرِّمُوْا حَرَامَهَا એટલે કે, "સૂરએ માઈદહ તે બાબતોમાંથી છે, જે કુર્આને કરીમના અંતિમ તબક્કામાં નાઝિલ કરવામાં આવી છે, તેમાં જે વસ્તુઓ હલાલ કરવામાં આવી છે તેને કાયમ માટે હલાલ અને જે વસ્તુઓ હરામ કરવામાં આવી છે તેને કાયમ માટે હરામ સમજો."

આ જ પ્રકારની એક અન્ય રિવાયત ઇબ્ને કષીરે "મુસ્તદ્રક હાકીમ"ના હવાલાથી હઝરત ઝુબૈર બિન નુફૈર (રદિ.)થી નકલ કરી છે કે, "તેઓ હજ્જ પછી હઝરત આઇશા સિદ્દીકહ (રદિ.)ની સેવામાં ઉપસ્થિત થયા તો તેમણે ફરમાવ્યું, ઝુબૈર ! તમે સૂરએ માઈદહ પઢો છો ? તેમણે કહ્યું કે, હા ! પઢું છું. આઇશા સિદ્દીકા (રદિ.)એ ફરમાવ્યું, આ કુર્આને કરીમની અંતિમ સૂરત છે, તેમાં જે હુકમો હલાલ અને હરામના આવ્યા છે તે સ્થાયી છે. તેમાં "નસ્ખ" (પાછળથી આ હુકમને રદ કરતો બીજો કોઈ હુકમ આવવા)ની શક્યતા નથી, તેની ખાસ કાળજી રાખો." સૂરએ માઈદહમાં પણ સૂરએ નિસાઅ્ની જેમ જ સામાજિક હુકમો, વ્યવહાર, કરાર, વાયદા-વચનો વગેરેને મોટા પ્રમાણમાં વર્ણન કરવામાં આવ્યા છે. એટલા માટે જ રૂહુલ મઆનીમાં ફરમાવ્યું છે કે, સૂરએ બકરહ અને સૂરએ આલિ ઇમ્રાનના વિષયો સમાન છે. કારણ કે, તેમાં વધારે પડતા હુકમો,

અકીદહ, તવહીદ, રિસાલત, કયામત વગેરેના આવ્યા છે અને સામાજિક જીવનને લગતા વિષયો ઉપરછલ્લા આવે છે. એ જ પ્રમાણે સૂરએ નિસાઅ્ અને સૂરએ માઇદહમાં સામાજિક વિષયોના સંદર્ભમાં વધારે વર્ણન આવ્યું છે અને તેમાં પાયાની માન્યતાઓ વિશેનો ઉલ્લેખ ઓછો જોવા મળે છે. સૂરએ નિસાઅ્માં પરસ્પર વ્યવહાર અને હુકૂકુલ ઈબાદ (અન્ય માનવો વિશે વ્યક્તિની ફરજો) ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પતિ-પત્નીના પરસ્પરના અધિકારો, અનાથ (યતીમો)ના હકો, માં-બાપ અને અન્ય સગાં-સંબંધીઓના હકોની સ્પષ્ટતા વર્ણન કરવામાં આવી છે. સુરએ માઇદહની પ્રથમ આયતમાં પણ આ તમામ વ્યવહાર અને સામાજિક રીતિ-રિવાજોના નિયમો અને તેને પૂર્ણ કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ أَوْفُوا۟ بِٱلْعُقُودِ એટલા માટે સૂરએ માઇદહનું બીજું નામ "સૂરએ ઉકૂદ" પણ છે. *(બહરે મુહીત)*

વચનબદ્ધતા અને સામાજિકતાના સંદર્ભમાં તો આ સૂરત અને વિશેષ સ્વરૂપે તેની શરૂઆતની આયત એક ખાસ હેસિયત ધરાવે છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ પણ જ્યારે અમ્રૂ બિન હઝમ (રદિ.)ને યમનના સૂબેદાર (ગવર્નર) બનાવીને મોકલ્યા અને એક ફરમાન (આદેશ) તેમને સુપરત કર્યું ત્યારે આ ફરમાનના મથાળે રસૂલે કરીમ ﷺએ આ આયત લખી હતી.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! (તમારા ઈમાનનો તકાદો એ જ છે કે) પોતાના વચનોને (જે તમે ઈમાનના અનુસંધાને અલ્લાહ તઆલાથી કર્યા છે) પૂરા કરો, (એટલે કે, શરીઅતના હુકમોને પૂરા કરો, કારણ કે, ઈમાન લાવવાથી બધા હુકમો લાગુ પડી ગયા અને આ હુકમો લાગુ પડ્યા પછી તેનો તકાદો તે હુકમો અદા કરવામાં જ છે), તમારા માટે બધા જ જાનવરો જે ઈનામ છે (જેમકે ઊંટ, બકરી, ગાય, જેનું હલાલ હોવું હવે પછીની સૂરએ અન્આમ જે મક્કી સૂરહ છે તેમાં જાણ થશે. બસ, તેના જેવા જેટલા પણ જાનવરો છે બધા) હલાલ કરવામાં આવ્યા છે (જેમકે હરણ, નીલગાય વગેરે તે પ્રાણીઓ ઊંટ, ગાય, બકરી સમાન છે કે આ જાનવરો હિંસક નથી, શિકાર કરીને ચીર-ફાડ કરનારા નથી તે અમુક અપવાદરૂપ પ્રાણીઓ સિવાય કે, જેના માટે શરીઅતે ઈસ્લામમાં અન્ય હદીષ વગેરે દલીલો મૌજૂદ છે, જેમકે ગધેડો, ખચ્ચર વગેરે. આ અપવાદો સિવાય અન્ય

તમામ જાનવરો હલાલ છે) પરંતુ જેનું વર્ણન (....حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ માં) આગળ આવે છે (કે તે بَهِيْمَةُ الْاَنْعَامِ માં સામેલ હોવા છતાં અને વિશેષ સ્વરૂપે હદીષ વગેરે દલીલો દ્વારા સાબિત થવાથી હરામ છે અને બાકીના હલાલ છે) પરંતુ (તેમાં) જે શિકાર (છે તે)ને હલાલ ન સમજજો એવી હાલતમાં કે તમે અહેરામ (અથવા હરમ)માં હોય (દાખલા તરીકે, હજ્જ, ઉમરહનો અહેરામ બાંધ્યો હોય અને તમે જુઓ કે, કોઈ શિકાર હરમની અંદર પણ મૌજૂદ છે, તેનો શિકાર કરવો હરામ છે. કારણ કે, અસલ હુકમ હરમની અંદર શિકાર હરામ હોવાનો છે, ભલે અહેરામ બાંધ્યો હોય કે ન બાંધ્યો હોય. બંને પરિસ્થિતિઓમાં પાલતું અથવા જંગલી જાનવરોનો શિકાર કરવો હરામ છે) બેશક ! અલ્લાહ તઆલા જે ઇચ્છે હુકમ કરે છે, (બસ અલ્લાહનો હુકમ દરેક પરિસ્થિતિમાં યોગ્ય જ હોય છે, બસ જે જાનવરને ઇચ્છયું હંમેશા માટે ગેરઇજ્તેરારી હરામ કરી દીધું અથવા જેને ઇચ્છયું હંમેશ માટે હલાલ કરી દીધું, જેને ઇચ્છયું કોઈ વિશેષ પરિસ્થિતિમાં હલાલ કરી દીધું અથવા હરામ કરી દીધું. તમારે દરેક પરિસ્થિતિમાં તેના હુકમ ઉપર અમલ કરવાનો છે).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરતની પ્રથમ આયતના પહેલા વાક્યમાં એક એવું ઠોસ વર્ણન છે કે, તેના વિવરણ અને સ્પષ્ટતા માટે હજારો પેજ લખી શકાય છે અને લખવામાં આવ્યા પણ છે. ઇરશાદ છે, يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَوْفُوْا بِالْعُقُوْدِ એટલે કે, "હે ઈમાનવાળાઓ ! પોતાના વચનો (કરારો)ને પૂરા કરો." તેમાં પ્રથમ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا થી સંબોધન કરીને વિષયની અગત્યતા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, તેમાં જે હુકમ છે તે વિશેષ રીતે ઈમાનનો તકાદો છે, ત્યાર પછી હુકમ ફરમાવ્યો, اَوْفُوْا بِالْعُقُوْدِ શબ્દ عُقُوْدٌ (ઉકૂદ) તે عَقْدٌ (અક્દ)નું બહુવચન છે, જેનો શાબ્દિક અર્થ "બાંધવું" થાય છે અને જે કરાર બે વ્યક્તિઓ વચ્ચે અથવા બે સમુદાયો વચ્ચે થાય છે તેને પણ "અક્દ" કહેવામાં આવે છે. એટલા માટે તેનો અર્થ "વચન" પણ થાય છે.

તફસીરના ઈમામ ઇબ્ને જરીરે મુફસ્સિરીન સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નો આ બાબત ઉપર ઇજ્માઅ્ વર્ણન કર્યો છે. ઈમામ જસ્સાસે ફરમાવ્યું કે, "કરાર કહેવામાં આવે અથવા વચન; તે એવી બાબતોને લાગુ પડે છે

જેમાં બે પક્ષો આવનારા સમયમાં કોઈ કામ કરવા અથવા છોડવાની પાબંદી (શરત) એકબીજા ઉપર નક્કી કરી લે અને બંને પક્ષો પરસ્પર સહમતીથી તે શરતોનો સ્વીકાર કરે.'' આપણી વ્યાખ્યામાં પણ "કરાર" એને જ કહેવામાં આવે છે અને કરારની આ જ ઓળખ પ્રચલિત છે. એટલા માટે આ વાક્યનો ખુલાસો એ થયો કે, પરસ્પરનો કરાર અથવા વચન બંને પક્ષોએ પૂરું કરવું આવશ્યક સમજો.

હવે જોવાનું એ છે કે, આ કરારોમાં કયો કરાર અત્રે સમજવામાં આવે ? તેમાં મુફસ્સિરીનના દેખીતી રીતે વિવિધ વિરોધાભાસી નિવેદનો નજરે પડે છે. કોઈએ એવું કહ્યું કે, એનો અર્થ તે કરાર છે જે અલ્લાહ તઆલાએ પોતાના બંદા પાસેથી ઈમાન ઉપર અડગ રહી આજ્ઞાપાલક બની રહેવાના સંદર્ભમાં લીધો છે અથવા તે કરારો છે જે અલ્લાહ તઆલાએ પોતાના હરામ અને હલાલના હુકમો અનુસંધાને પોતાના બંદાઓ પાસેથી લીધો હતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ જ વર્ણન થયું છે અને અમુક લોકોએ ફરમાવ્યું કે, કરારથી અત્રે તે કરાર છે જે લોકો પરસ્પરના વ્યવહારમાં એકબીજા સાથે કર્યા કરે છે. જેમકે નિકાહ, ખરીદ-વેચાણ અને અન્ય આર્થિક વ્યવહારો વગેરે. મુફસ્સિરીનમાંથી ઈબ્ને ઝૈદ બિન અસ્લમ (રહ.) આ જ મત ધરાવે છે અને અમુક લોકોએ એવું કહ્યું કે, કરારથી તે સોગંદનામું અને વચન છે જે અજ્ઞાનતાના યુગમાં પરસ્પર એકબીજાની મદદ માટે લેવામાં આવતા હતા. મુજાહિદ, રબીઅ્, કતાદહ (રહ.) વગેરે મુફસ્સિરોએ પણ આ જ કહ્યું છે. પરંતુ સાચી વાત એ છે કે, તેમાં કોઈ વિરોધાભાસ કે મતભેદ નથી બલકે, આ બધા જ પ્રકારના કરારો શબ્દ 'ઉકૂદ'માં સામેલ છે અને દરેકને પૂરા કરવાનું કુર્આને કરીમે માર્ગદર્શન આપ્યું છે.

ઈમામ રાગિબ અસ્ફહાનીએ ફરમાવ્યું છે કે, ''કરારના જેટલા પ્રકારો છે બધા જ આ શબ્દના હુકમમાં સામેલ છે'' અને પછી ફરમાવ્યું કે, ''તેના શરૂઆતમાં ત્રણ પ્રકારો છે, એક તે કરાર, જે મનુષ્યનો પરવરદિગારે આલમ સાથે છે. દાખલા તરીકે ઈમાન, આજ્ઞાપાલન અથવા હલાલ-હરામની મર્યાદાઓનું અનુસરણ... બીજો તે કરાર છે, જે એક વ્યક્તિનો ખુદ પોતાના નફ્સ સાથે હોય છે. જેમકે, કોઈ વસ્તુની નજર (મન્નત) માની લે અથવા કોઈ સોગંદ ખાઈને કોઈ વસ્તુને પોતાના માટે જરૂરી બનાવી લે. ત્રીજા પ્રકારમાં તે બધા જ

કરારો સામેલ છે, જે બે વ્યક્તિઓ અથવા બે ગ્રુપ કે સમુદાયો વચ્ચે અથવા બે સરકારો વચ્ચે થાય છે."

સરકારોના આંતરરાષ્ટ્રીય કરારો અથવા પરસ્પરની સમજૂતીઓ, વિભિન્ન સમુદાયોના પરસ્પર વાયદા-વચનો અને બે વ્યક્તિ વચ્ચેના દરેક પ્રકારના વ્યવહારો, નિકાહ, વેપાર-વાણિજ્ય, ભાગીદારી, ઈજારો, હિબા વગેરે તે બધા જ કરારો જે પરસ્પર જાઇઝ શરતો સાથે નક્કી થાય તે આ આયતની રૂએ પૂરા કરવા બંને પક્ષો માટે જરૂરી અને ફરજ છે અને અત્રે જાઇઝની શરત એટલા માટે લગાવી છે કે, શરીઅત વિરુદ્ધ કોઈ શરત નક્કી કરવી અથવા તેનું કબૂલ કરવું કોઈના માટે જાઇઝ નથી.

ત્યારબાદ આયતના બીજા વાક્યમાં આ સામાન્ય નિયમના વિશેષ વિભાગોનું વર્ણન કરવામાં આવ્યું છે. ઈરશાદ છે أُحِلَّتْ لَكُم بَهِيمَةُ الْأَنْعَامِ શબ્દ بَهِيمَة (બહીમહ) તે પ્રાણીઓ માટે બોલવામાં આવે છે જેમને સામાન્ય રીતે સમજદારી કે તર્કશક્તિ વિનાના સમજવામાં આવે છે. કારણ કે, સ્વાભાવિક છે કે, માનવો તેમની બોલી સમજી શકતા નથી. ઈમામ શઅ્રાનીએ ફરમાવ્યું છે કે بَهِيمَة ને بَهِيمَة એટલા માટે નથી કહેતા કે, તેમનામાં મનુષ્ય જેવી બુદ્ધિ નથી અને બુદ્ધિની વાતો તેમની સમજશક્તિથી બહાર છે. જેમકે, લોકો સામાન્ય રીતે આવો મત ધરાવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, બુદ્ધિથી કોઈ પ્રાણી, બલકે કોઈ ઝાડ કે સૃષ્ટિનો કોઈ અંશ ખાલી નથી. હા ! બુદ્ધિની કક્ષામાં ચોક્કસ ફરક છે. આ પદાર્થોમાં એટલી બુદ્ધિ નથી હોતી જેટલી કે મનુષ્યમાં હોય છે. એટલા માટે જ મનુષ્યને અલ્લાહના હુકમો પૂર્ણ કરવા માટે જવાબદાર બનાવવામાં આવ્યો, નહિતર પોતાની જીવન જરૂરિયાતની મર્યાદા સુધી દરેક જાનવર બલકે, દરેક ઝાડ અને પ્રત્યેક પદાર્થને અલ્લાહ તઆલાએ બુદ્ધિ અર્પણ કરી છે. એ જ કારણ છે કે, દરેક વસ્તુ અલ્લાહ તઆલાના વખાણ કરે છે وَإِن مِّن شَيْءٍ إِلَّا يُسَبِّحُ بِحَمْدِهِ (૧૭ : ૪૪) જો બુદ્ધિ ન હોત તો પોતાના પરવરદિગાર અને સર્જનહારને કેવી રીતે ઓળખ્યો હોત?! અને કેવી રીતે તેના વખાણ કર્યા હોત ?!

ઈમામ શઅ્રાનીના વર્ણનનો ખુલાસો એ છે કે بَهِيمَة ને بَهِيمَة એટલા માટે નથી કહેતા કે, તેની બુદ્ધિહીનતાના કારણે જાણકારી તેના માટે અસ્પષ્ટ હોય છે બલકે, એટલા માટે કે લોકો તેની ભાષા સમજી નથી શકતા અને તે પ્રાણીઓ

માનવોની ભાષા નથી સમજી શકતા. મતલબ કે, શબ્દ بَهِيمَة દરેક સજીવ માટે બોલવામાં આવે છે અને અમુક લોકોએ કહ્યું છે કે, ચાર પગવાળા પ્રાણીઓ માટે આ શબ્દનો ઉપયોગ થાય છે.

શબ્દ أَنعَام (અન્આમ) એ نَعَمٌ (નઅમુન)નું બહુવચન છે. પાલતુ પ્રાણીઓ જેવા કે, ઊંટ, ગાય, ભેંસ, બકરી વગેરે જેના આઠ પ્રકારો સૂરએ અન્આમમાં વર્ણન કરવામાં આવ્યા છે, તેમને "અન્આમ" કહેવામાં આવે છે. بَهِيمَة નો શબ્દ પ્રચલિત હતો અન્આમ أَنعَام ના શબ્દએ તેને ખાસ બનાવી દીધો. આ આયતનો અર્થ એ થયો કે, પાલતું પ્રાણીઓના આઠ પ્રકારો તમારા માટે હલાલ કરવામાં આવ્યા. શબ્દ عُقُود (ઉકૂદ)ની ચર્ચા દરમિયાન હમણાં જ આપણે જાણી ચૂક્યા કે, તેમાં બધા જ પ્રકારના કરારો સામેલ છે, તેમાં એક કરાર એ પણ છે જે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ પાસેથી હરામ અને હલાલ અનુસંધાને લીધો હતો. આ વાક્યમાં તે ખાસ કરારનું વર્ણન આવ્યું છે કે, અલ્લાહ તઆલાએ તમારા માટે ઊંટ, બકરી, ગાય, ભેંસ વગેરેને હલાલ કરી દીધું છે, તેમને શરીઅતના કાયદા પ્રમાણે ઝબહ કરીને આરોગી શકાય છે.

અલ્લાહ તઆલાના આ હુકમને તેની મર્યાદાઓમાં રહીને પૂર્ણ કરો, ન તો મજૂસી (અગ્નિપૂંજકો) અને મૂર્તિપૂંજકોની જેમ સદંતર આ જાનવરોને ઝબહ કરવાનું જ હરામ ઠરાવી લો કે, આવો નિર્ણય તો હક તઆલા શા'નુહુની હિકમત ઉપર જ વાંધો ઉઠાવવા જેવી વાત છે અને તેની નેઅ્મતોની નાશુક્રી છે, અને ન જ અન્ય માંસાહારી લોકોની જેમ દરેક પ્રકારના જાનવર કોઈપણ જાતની હલાલ-હરામની મર્યાદાનું પાલન કર્યા વિના આરોગવા માંડો. બલકે, અલ્લાહ તઆલાએ આપેલા નિયમો હેઠળ જે જાનવરોને તેણે હલાલ કર્યા છે તેને આરોગો અને જે જાનવરોને હરામ ઠરાવ્યા છે તેનાથી બચો, કારણ કે, અલ્લાહ તઆલા જ એકમાત્ર સમગ્ર સૃષ્ટિનો સર્જક છે, તે દરેક જાનવરના ગુણ-લક્ષણો અને ખાસિયતો તથા જાનવરોના માંસના સેવનથી મનુષ્યના શરીરમાં પેદા થનારી અસરોથી સારી રીતે વાકેફ છે. તે પાક અને સ્વચ્છ વસ્તુઓને મનુષ્ય માટે હલાલ કરી આપે છે, જેને ખાવાથી મનુષ્યની શારીરિક અથવા આધ્યાત્મિક તંદુરસ્તી ઉપર તથા અખ્લાક ઉપર કોઈ દુષ્પ્રભાવ નથી પડતો. અલ્લાહ ગંદા અને નાપાક જાનવરોની મનાઈ કરે છે, જે મનુષ્યના શારીરિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે

અથવા તો તેનાથી અખ્લાકમાં ખરાબી પેદા થવાનો ભય હોય છે. એટલા માટે આ સર્વસામાન્ય હુકમ દ્વારા અમુક બાબતોથી મનુષ્યને વંચિત રાખવામાં આવ્યો.

પ્રથમ બાકાત રાખવામાં આવેલ બાબત આ છે اِلَّا مَايُتۡلٰى عَلَيۡكُمۡ એટલે તે જાનવરો સિવાય કે જેનું હરામ હોવું કુર્આનમાં વર્ણન કરવામાં આવ્યું છે. દાખલા તરીકે, મૃત જાનવર અથવા સુવ્વર (ભૂંડ) વગેરે; બીજું, બાકાત રાખવામાં આવેલ જાનવર غَيۡرَ مُحِلِّى الصَّيۡدِ وَاَنۡتُمۡ حُرُمٌ છે, જેનો અર્થ એ છે કે, ચાર પગવાળા પ્રાણીઓ તમારા માટે હલાલ છે અને જંગલોના શિકાર પણ હલાલ છે પરંતુ જ્યારે તમે હજ્જ અથવા ઉમરહનો અહેરામ બાંધેલો હોય ત્યારે સામાન્ય શિકાર કરવો પણ અપરાધ અને ગુનોહ છે, તેનાથી બચો. અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યું, اِنَّ اللّٰهَ يَحۡكُمُ مَا يُرِيۡدُ એટલે કે, અલ્લાહ તઆલા જે ચાહે છે હુકમ આપે છે, કોઈને પણ એવો અધિકાર નથી કે, તેના માનવામાં ચું-ચા કરે. તેમાં કદાચ એ વાસ્તવિકતા તરફ ઈશારો છે કે મનુષ્ય માટે અમુક જાનવરોને ઝબહ કરીને ખાવામાં કોઈ જુલમ નથી, જે માલિકે બધા જ જીવ બનાવ્યા છે તેણે જ સંપૂર્ણ હિકમત અને વિવેકથી આ વ્યવસ્થા કાયમ કરી છે કે, અદનાને ઊંચાનો ખોરાક બનાવ્યો છે, પ્રાણીઓ માટે જમીનની માટી વનસ્પતિ અને વૃક્ષોનો ખોરાક છે અને પ્રાણીઓ મનુષ્યનો ખોરાક છે, મનુષ્ય કરતાં ઊંચી કક્ષાનું કોઈ સર્જન આ દુનિયામાં નથી, એટલા માટે મનુષ્ય કોઈનો ખોરાક નથી બની શકતો.

આયત : (સૂરએ માઇદહ : આયત નં. ૨)

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُحِلُّوۡا شَعَآئِرَ اللّٰهِ وَلَا الشَّهۡرَ الۡحَرَامَ وَلَا الۡهَدۡىَ وَلَا
الۡقَلَآئِدَ وَلَاۤ آٰمِّيۡنَ الۡبَيۡتَ الۡحَرَامَ يَبۡتَغُوۡنَ فَضۡلًا مِّنۡ رَّبِّهِمۡ وَرِضۡوَانًا ؕ وَ
اِذَا حَلَلۡتُمۡ فَاصۡطَادُوۡا ؕ وَلَا يَجۡرِمَنَّكُمۡ شَنَاٰنُ قَوۡمٍ اَنۡ صَدُّوۡكُمۡ عَنِ الۡمَسۡجِدِ
الۡحَرَامِ اَنۡ تَعۡتَدُوۡا ۘ وَتَعَاوَنُوۡا عَلَى الۡبِرِّ وَالتَّقۡوٰى ۖ وَلَا تَعَاوَنُوۡا عَلَى الۡاِثۡمِ
وَالۡعُدۡوَانِ ۖ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيۡدُ الۡعِقَابِ ۝٢

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! "શઆઈરિલ્લાહ" (અલ્લાહની નિશાનીઓ)ને (અપમાનિત કરવી) હલાલ ન જાણો, અને ન અદબવાળા મહિનાઓને, અને ન તે જાનવરને જે કા'બાની નિયાઝ (હરમમાં કુર્બાન થનાર) હોય, અને ન (જ) કે જેમના ગળામાં પટ્ટા નાંખી (કુર્બાની માટે) કા'બાએ લઈ જાય, અને ન (તો) હૂરમતવાળા ઘર (ખાન-એ-કા'બા) તરફ આવનારાઓને જેઓ પોતાના રબનો ફઝ્લ (કૃપા) અને તેની ખુશી ઢૂંઢે છે; અને જ્યારે અહેરામથી નીકળો તો (ઈચ્છો તો) શિકાર કરી લો, અને તમને તે કૌમની દુશ્મની કે જે તમને મસ્જિદે હરામથી રોકતી હતી તે એનું કારણ ન બને કે તમે અતિરેક (જ્યાદતી) કરવા માંડો; અને પરસ્પર (એકબીજાને) નેક કામ અને પરહેઝગારીમાં મદદ કરો અને ગુનાહ અને જુલમ (અત્યાચાર) ઉપર મદદ ન કરો, અને અલ્લાહથી ડરતા રહો; બેશક ! અલ્લાહનો અઝાબ ઘણો સખત છે. (૨)

આયતનો ક્રમ અને ગોઠવણી :

સૂરએ માઈદહની પ્રથમ આયતમાં કરાર અને વચનો પૂરા કરવાની તાકીદ કરવામાં આવી હતી, તે કરારોમાંથી એક કરાર એ પણ છે કે, અલ્લાહ તઆલાના નક્કી કરેલા હલાલની પાબંદી કરવામાં આવે. આ બીજી આયતમાં તે - કરારની બે મહત્ત્વની કલમોનું વર્ણન કરવામાં આવ્યું છે. એક, અલ્લાહના પ્રતીકોનું સન્માન અને તેને અપમાનિત કરવાથી બચવાનું માર્ગદર્શન, બીજું, પોતાના અન્ય દોસ્ત-દુશ્મન બધાની સાથે ન્યાયપૂર્ણ વર્તણૂક અને વ્યવહાર તથા અત્યાચારનો બદલો અત્યાચારથી લેવાની મનાઈ.

આ આયતના નાઝિલ થવાની પૂર્વભૂમિકા (શા'ને નુઝૂલ)માં અમુક ઘટનાઓ છે. પ્રથમ તેને સાંભળી લો, જેથી આયતનો વિષય પૂરી સ્પષ્ટતાથી હૃદયમાં અંકિત થઈ જાય. એક ઘટના હુદૈબિય્યહની છે, જેની વિગત કુર્આને બીજા સ્થળે વર્ણન કરી છે, તે એ કે, હિજરતના છઠ્ઠા વર્ષે રસૂલે કરીમ ﷺ એક હજારથી વધારે સહાબા સાથે ઉમરહનો અહેરામ બાંધીને ઉમરહ કરવાના હેતુથી મક્કહ મુકર્રમહ રવાના થયા. મક્કાની પાસે હુદૈબિય્યહના સ્થળે પહોંચીને

મક્કાવાળાઓને ખબર પહોંચાડી કે, અમે કોઈ યુદ્ધ અથવા લડાઈના હેતુથી નથી આવ્યા બલકે, ફક્ત ઉમરહ કરવા માટે આવી રહ્યા છે. અમને તેની પરવાનગી આપો. પરંતુ મક્કાના મુશ્રિકોએ પરવાનગી ન આપી અને અત્યંત કડક શરતો સાથે એવો કરાર કર્યો કે, અત્યારે બધા પોતાના અહેરામ ખોલી નાંખે અને પરત જતા રહે. આવતા વર્ષે ઉમરહ માટે એવી રીતે આવે કે હથિયારો સાથે ન હોય, ફક્ત ત્રણ દિવસ રોકાય અને ઉમરહ કરીને ચાલ્યા જાય. અન્ય બીજી ઘણી એવી શરતો હતી જેનો સ્વીકાર કરવો દેખીતી રીતે દરેક મુસલમાનના માન અને સન્માનથી વિરુદ્ધ હતું, પરંતુ રસૂલે કરીમ ﷺના હુકમથી બધા સંતોષિત થઈ ગયા. ત્યારબાદ સન હિજરી ૭માં ફરીવાર જિલ્દકદમાં તે જ શરતોને આધીન આ ઉમરહ કઝા કરવામાં આવ્યો. મતલબ કે હુદૈબિય્યહ અને તેની અપમાનજનક શરતોએ સહાબએ કિરામ (રદિ.)ના હૃદયોમાં મુશ્રિકો માટે અત્યંત નફરત અને વૈમ્નસ્યનું બીજ રોપી દીધું હતું. બીજી ઘટના એ બની કે, મક્કાના મુશ્રિકોમાંથી હાતિમ બિન હિન્દ વેપારનો માલ લઈને મદીના તય્યિબહ આવ્યો અને માલ વેચ્યા પછી પોતાનો સામાન અને પોતાના માણસોને મદીનાની બહાર છોડીને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો અને ષડયંત્ર કરી ધોકો આપવા માટે પોતે ઈસ્લામ લાવ્યો છે એવું જાહેર કર્યું કે જેથી મુસલમાનો તેનાથી સંતોષ પામી નચિંત થઈ જાય, પરંતુ નબીએ કરીમ ﷺને તેના આવતાં પહેલાં જ વહી દ્વારા ખબર થઈ ચૂકી હતી અને આપ ﷺએ તેના આવતા પહેલાં આ ખબર સહાબા (રદિ.)ને સંભળાવી દીધી હતી કે, "આપણી પાસે એક વ્યક્તિ આવશે જે શયતાનના મુખેથી વાત કરશે" અને જ્યારે તે પાછો ફર્યો તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું "આ વ્યક્તિ કુફ્ર સાથે આવ્યો અને ધોકા તથા ગદારી સાથે પાછો ફર્યો છે." આ વ્યક્તિ રસૂલે કરીમ ﷺની મજલિસથી નીકળીને સીધો મદીનાની ખહાર આવ્યો, જ્યાં મદીનાના નિવાસીઓના જાનવરો ચરી રહ્યા હતા. આ ધોકેબાજ તે જાનવરોને હાંકીને સાથે લઈ ગયો. સહાબા (રદિ.)ને આ વાતની જાણકારી થોડી વાર પછી થઈ, તેઓ તેનો પીછો કરવા નીકળ્યા પરંતુ તે તેમની પહોંચથી બહાર નીકળી ચૂક્યો હતો, પછી જ્યારે હિજરતના સાતમાં વર્ષે રસૂલે કરીમ ﷺ સહાબએ કિરામ (રદિ.) સાથે હુદૈબિય્યહના ઉમરહની કઝા માટે જઈ રહ્યા હતા ત્યારે દૂરથી પોકારવાનો અવાજ સંભળાયો. જોયું તો આ જ

હાતિમ બિન હિન્દ મદીનાના નિવાસીઓના તે જાનવરો કે જે તે પોતાની સાથે મદીનાથી ઉઠાવી લાવ્યો હતો. કુર્બાની તરીકે સાથે લઈને ઉમરહ કરવા જઈ રહ્યો હતો, તે સમયે સહાબા (રદિ.)એ નિર્ણય કર્યો કે, તેના ઉપર હુમલો કરીને તેની પાસેથી પોતાના જાનવરો છોડાવી લેવામાં આવે અને તેને અહીંયાં જ પતાવી દે.

ત્રીજી ઘટના એ બની કે, હિજરતના આઠમાં વર્ષે રમઝાનુલ મુબારકમાં મક્કા મુકર્રમહ ફતેહ થયું અને લગભગ સંપૂર્ણ અરબ ઉપર ઈસ્લામનો કબજો થઈ ગયો અને મક્કાના મુશ્રિકોને રસૂલે કરીમ ﷺએ કોઈ બદલો લીધા વિના છોડી દીધા. તેઓ સ્વતંત્ર રીતે પોતાના કામો કરતા રહ્યા, એટલે સુધી કે, પોતાના અજ્ઞાનતાના રિવાજ પ્રમાણે જ હજ્જ અને ઉમરહના અરકાનો અદા કરતા રહ્યા, તે સમયે સહાબા (રદિ.)ના દિલોમાં હુદૈબિય્યહની ઘટનાનો બદલો લેવાનો વિચાર આવ્યો કે, તેઓએ અમને જાઇઝ અને સાચી પદ્ધતિથી ઉમરહ કરવાથી રોકી રાખ્યા હતા, માટે હવે અમે શા માટે તેમને ખોટી અને નાજાઈઝ પદ્ધતિથી ઉમરહ અને હજ્જ કરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપીએ ? તેમણે વિચાર્યું કે, તેમની ઉપર હુમલો કરીને તેમના જાનવરો ઝૂંટવી લઈ તેમનો નાશ કરી નાંખીએ.

આ ઘટના ઈબ્ને જરીર, ઈકરીમા અને સુદીએ નકલ કરી છે. આ અમુક તે ઘટનાઓ હતી કે જેના કારણે આ આયત નાઝિલ થઈ, જેમાં મુસલમાનોને એવું માર્ગદર્શન અને સૂચના આપવામાં આવી કે અલ્લાહના પ્રતીકોનું માન-સન્માન અને મર્યાદા જાળવવી તમારા માટે ફરજ છે. કોઈ દુશ્મન સાથેની નફરત અને અદાવતના કારણે તેમાં ખલેલ નાંખવાની સદંતર પરવાનગી નથી, હુરમતવાળા મહિનાઓમાં હત્યા કરવી કે યુદ્ધ કરવું જાઇઝ નથી. કુર્બાનીના જાનવરોને હરમ સુધી જવાથી રોકવાની અથવા તેને ઝૂંટવી લેવાની પરવાનગી નથી અને જે મુશ્રિકો અહેરામ બાંધીને પોતાની માન્યતા પ્રમાણે અલ્લાહની કૃપા અને તેનો રાજીપો મેળવવાના ઈરાદે ચાલ્યા છે (જો કે, કુફ્રના કારણે આ માત્ર તેમના દીવાસ્વપ્ન છે તો પણ) અલ્લાહના શઆઈર (પ્રતીકો)નો તકાદો એ જ છે કે, તેમની સાથે કોઈ લડાઈ કરવામાં ન આવે. વળી, જે લોકોએ આ મુસલમાનોને ઉમરહ કરવાથી રોક્યા હતા તેમની સાથેની નફરત અને દુશ્મનીના કારણે એ રીતે બદલો લેવો જાઇઝ નથી કે, મુસલમાનો તેમને મક્કાહમાં દાખલ થવાથી અથવા હજ્જના અરકાન અદા કરવાથી રોકી રાખે. કારણ કે, આ તેમના અત્યાચારના

બદલામાં મુસલમાનો તરફથી પણ અત્યાચાર કર્યો જ ગણાશે, જે ઈસ્લામમાં જાઈઝ નથી. હવે આયતની સંપૂર્ણ તફસીર જુઓ.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! બેહુરમતી (બેઈજ્જતી) ન કરો અલ્લાહ તઆલા(ના દીન)ના પ્રતીકોની (એટલે કે, જે વસ્તુઓના સન્માનની સુરક્ષા માટે અલ્લાહ તઆલાએ અમુક હુકમો નક્કી કર્યા છે, તે હુકમો વિરુદ્ધ આચરણ કરીને તેનું અપમાન ન કરો, દાખલા તરીકે હરમ અને અહેરામ માટે એવું સન્માન નક્કી કરવામાં આવ્યું છે કે તેમાં શિકાર ન કરો, તો હવે શિકાર કરવો એ અપમાન છે અને તે હરામ છે) અને ન જ હુરમતવાળા (સન્માનનીય) મહિનાઓની (બેઅદબી કરો કે તેમાં કાફિરો સાથે લડવા લાગો) અને ન જ હરમમાં કુર્બાની થનારા જાનવરોની (બેઅદબી કરો કે, તેને કોઈની પાસેથી ઝૂંટવી લો) અને ન તો તે જાનવરોની (બેઅદબી કરો) જેના ગળામાં (તેમની નિશાની માટે) પટ્ટા બાંધ્યા છે (કે, એ અલ્લાહની નિયાઝ છે, તે હરમમાં ઝબહ કરવામાં આવનાર છે) અને ન જ તે લોકોની (માનહાની કરો) જેઓ બયતુલ હરમ (એટલે કે બયતુલ્લાહ)ના ઈરાદાથી જઈ રહ્યા છે, (અને) પોતાના પાલનહારની કૃપા અને તેના રાજીપાના યાચક રહો (એટલે કે, તે વસ્તુઓનું સન્માન કરવાથી અળગા ન રહો અથવા કાફિરો સાથે બદલો લેવાની ભાવનાથી અતિરેક ન કરો) અને (ઉપરની આયતમાં જે અહેરામની મર્યાદાના કારણે શિકાર હરામ કરવામાં આવ્યો છે, તે અહેરામ સુધી જ છે, નહિતર) જે સમયે તમે અહેરામ ખોલી નાંખો (પરવાનગી છે) શિકાર કર્યા કરો (એ શરતે કે, તે શિકાર હરમમાં ન હોય) અને (ઉપર જે જે વસ્તુઓની મનાઈ કરવામાં આવી છે) એવું ન થાય કે, તેમાં કોઈ કૌમથી કે, જેમની સાથે એ કારણે વૈમનસ્ય (દુશ્મનાવટ) છે કે, તેમણે (તમને હુદૈબિય્યહ વખતે) મસ્જિદે હરમ(માં આવવા)થી અટકાવ્યા હતા (એટલે કે, કુરૈશના કાફિરો) તે (અદાવત) તમારા માટે એનું કારણ ન બની જાય કે, તેમાં (શરીઅતની) મર્યાદાઓથી બિલકુલ બહાર નીકળી જાઓ (એટલે કે, ઉપરોક્ત હુકમો વિરુદ્ધ કૃત્યો ન કરવા માંડો. કદાપિ એવું ન કરશો) અને નેકી અને તકવા(ની વાતો)માં એકબીજાની મદદ કરતા રહો (દાખલા તરીકે આ હુકમ અદા કરવામાં અન્યોને પણ પ્રેરણા અને પ્રોત્સાહન આપતા રહો) અને ગુનાહ અને અત્યાચાર(ની વાતો)માં

એકબીજાની મદદ ન કરો (દાખલા તરીકે કોઈ કામ કરવાનો હુકમ છે અને જો કોઈ તેના વિરુદ્ધ આચરણ કરવા લાગે તો તેમાં તેની મદદ ન કરો) અને અલ્લાહ તઆલાથી ડરો (કે તેના ડરના કારણે બધા હુકમોની પાબંદી કરવી સરળ બની જાય છે) બેશક ! અલ્લાહ તઆલા (હુકમોનો વિરોધ કરનારને) સખત સજા આપનારો છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતના પ્રથમ વાક્યમાં ઈરશાદ છે يَـٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحِلُّوْا شَعَآئِرَ اللّٰهِ એટલે કે, "હે ઈમાનવાળાઓ ! અલ્લાહની નિશાનીઓ (પ્રતીકો)નું અપમાન ન કરો," તેમાં શબ્દ "શઆઈર" જેનો અર્થ "નિશાનીઓ" કરવામાં આવ્યો છે, તે "શઈરહ"નું બહુવચન છે અને "શઈરહ" તે ખાસ વસ્તુને કહે છે જે કોઈ વસ્તુની નિશાની હોય. "શઆઈરે ઈસ્લામ" (ઈસ્લામના પ્રતીકો) તે કૃત્યો અને અમલોને કહેવામાં આવે છે, જે પ્રચલિત રીતે મુસલમાન હોવાની નિશાની સમજવામાં આવે છે અને તે ખાસ નિશાનીઓ આ છે જેમકે નમાઝ, હજ્જ, ખત્ના, સુન્નત પ્રમાણે દાઢી રાખવી વગેરે. "શઆઈરીલ્લાહ"ની તફસીર આ આયતમાં વિવિધ શબ્દોમાં આવી છે, પરંતુ સ્પષ્ટ વાત એ છે જે બહરે મુહીત અને રૂહુલ મઆનીમાં હઝરત હસન બસરી (રહ.)થી નકલ થઈ છે અને ઈમામ જસ્સાસે આ બધા જ નિવેદનોને સંપાદિત કર્યા છે, તે એ કે "શઆઈરૂલ્લાહ"નો અર્થ "શરીઅત અને દીનના બધા જ નક્કી કરવામાં આવેલા વાજિબો, ફરજો અને તેની મર્યાદાઓ" છે. આ આયતમાં لَا تُحِلُّوْا شَعَآئِرَ اللّٰهِ ના ઈરશાદનો આ જ અર્થ છે કે, "અલ્લાહના પ્રતીકોનું અપમાન ન કરો." અલ્લાહના પ્રતીકોનું એક અપમાન તો એ છે કે, મૂળેથી જ તેના હુકમો અને આદેશોને ઉપેક્ષિત કરવામાં આવે, બીજું એ કે, તેના ઉપર અમલ તો કરે પરંતુ અધૂરો કરે, પૂરો ન કરે. ત્રીજું એ કે, નક્કી કરેલી મર્યાદાઓનું ઉલ્લંઘન કરી અતિરેક કરે. لَا تُحِلُّوْا شَعَآئِرَ اللّٰهِ માં આ તે સ્વરૂપોની મનાઈ કરવામાં આવી છે.

આ જ માર્ગદર્શન કુર્આને કરીમે અન્ય વિષયો હેઠળ આ રીતે ઈરશાદ ફરમાવ્યું છે, وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ (૨૨ : ૩૨) એટલે કે, જો વ્યક્તિ અલ્લાહના પ્રતીકોનું સન્માન કરે છે, તો તે દિલોના તકવાનો અસર છે. આયતના બીજા વાક્યમાં અલ્લાહના પ્રતીકોના એક ખાસ પ્રકાર એટલે કે,

હજ્જના પ્રતીકની વિગતો દર્શાવવામાં આવી છે.

ઈરશાદ છે وَلَا الشَّهْرَ الْحَرَامَ وَلَا الْهَدْيَ وَلَا الْقَلَائِدَ وَلَا آمِّينَ الْبَيْتَ الْحَرَامَ يَبْتَغُونَ فَضْلًا مِّن رَّبِّهِمْ وَرِضْوَانًا એટલે કે, પવિત્ર મહિનામાં લડાઈ-ઝઘડો કરી અથવા ખૂનામરકી કરીને તેનું અપમાન ન કરો. ચાર મહિના "અશ્હુરે હુરુમ" (સન્માનનીય મહિના) છે, જેમાં પરસ્પર લડાઈ કરવી શરઈ રૂએ હરામ હતું. તે ચાર મહિનાઓ જિલ્કદ, જિલ્હજ્જ, મુહર્રમ અને રજબ છે. પાછળથી આ હુકમ જમહુર ઉલમાના મતે મન્સૂખ (રદ) થઈ ગયો. વળી હરમે મક્કામાં કુરબાન થનારા જાનવરો અને ખાસ કરીને જેમના ગળામાં કુર્બાનીની નિશાની સ્વરૂપે પટ્ટો બાંધવામાં આવ્યો હોય તેમની બેહુરમતી (અપમાન) ન કરો, તેમાં જાનવરોની બેહુરમતીનું એક સ્વરૂપ તો એ હોય છે કે, તેમને હરમ સુધી પહોંચવાથી અટકાવી દેવામાં આવે અથવા ઝૂંટવી લેવામાં આવે. બીજું સ્વરૂપ એ છે કે, તે જાનવરો ઉપર સવારી કરવાનું અથવા દૂધ મેળવવા વગેરેનું કામ લેવામાં આવે. આ આયતે આ બધા જ સ્વરૂપોને નાજાઇઝ ઠરાવ્યા છે.

પછી ફરમાવ્યું, وَلَا آمِّينَ الْبَيْتَ الْحَرَامَ يَبْتَغُونَ فَضْلًا مِّن رَّبِّهِمْ وَرِضْوَانًا એટલે કે, તે લોકોનું અપમાન ન કરો જેઓ હજ્જ કરવાના ઈરાદે મસ્જિદે હરામ સુધી પહોંચવા ઘરોએથી નીકળ્યા છે અને આ પ્રવાસથી તેમનો હેતુ એ છે કે, તેઓ પોતાના પરવરદિગારની કૃપા અને તેની ખુશી પ્રાપ્ત કરે, આવા લોકોનું અપમાન કરવામાં ન આવે, આ પ્રવાસીઓ ઉપર આક્રમણ કરવામાં ન આવે અને ન જ તેમને કોઈ તકલીફ પહોંચાડવામાં આવે. ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યું, وَإِذَا حَلَلْتُمْ فَاصْطَادُوا એટલે પ્રથમ આયતમાં અહેરામની હાલતમાં શિકાર કરવાની જે મનાઈ કરવામાં આવી છે અહીં તેની મર્યાદા બતાવવામાં આવી છે. એટલે કે, જ્યારે તમે અહેરામથી પરવારી જાઓ તો હવે શિકાર કરવાની મનાઈ પૂરી થઈ ગઈ, હવે શિકાર કરી શકો છે.

પ્રસ્તુત આયતમાં તે કરારના વિભાગોનું વર્ણન થઈ રહ્યું છે, જે કરાર દરેક મનુષ્યએ પોતાના પરવરદિગાર સાથે કર્યો છે, તેના અમુક વિભાગોનું અહીંયાં સુધી વર્ણન થયું છે, જેમાં શરૂઆતમાં પ્રત્યેક "શઆરિલ્લાહ" (અલ્લાહની નિશાનીઓ-પ્રતીકો)નું સન્માન કરવાનું અને તેની બેહુરમતી કરવાથી બચવાનું માર્ગદર્શન અને સૂચના આપવામાં આવી છે અને પછી વિશેષ સ્વરૂપે આ

અલ્લાહના પ્રતીકોની અમુક વિગતો હજ્જ વિશે આપવામાં આવી. તેમાં હજ્જના ઈરાદાથી આવનારા પ્રવાસીઓ (ઝાઈરીન) અને તેમની સાથે આવનારા કુર્બાનીના જાનવરોને કોઈ પ્રકારની તકલીફ કે પીડા ન આપવાનો, તેમના ઉપર આક્રમણ ન કરવાનો તથા તેમના અપમાન કરવાથી બચવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ત્યારબાદ કરારના બીજા ભાગને આ પ્રમાણે ઈરશાદ ફરમાવ્યો, وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ اَنْ صَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ اَنْ تَعْتَدُوْا એટલે કે, જે કૌમે તમારી સાથે હુદૈબિય્યહની ઘટના સમયે તમને મક્કહમાં પ્રવેશવાથી અને ઉમરહ કરવાથી રોક્યા હતા, હવે જ્યારે કે તમને શક્તિ અને સામર્થ્ય પ્રાપ્ત થયું છે તો એવું ન હોવું જોઈએ કે, તમે ભૂતકાળના ક્રોધ અને તેમણે કરેલા દૂર્વ્યવહારનો બદલો લેવા માંડો અને તમે તેમને બયતુલ્લાહ તથા મસ્જિદે હરામમાં પ્રવેશવાથી અને હજ્જ કરવાથી અટકાવી દો. કારણ કે આ અત્યાચાર છે, અને ઈસ્લામ અત્યાચારનો બદલો અત્યાચાર કરીને લેવાથી મનાઈ કરે છે. બલકે, અત્યાચારના બદલામાં ન્યાય ઉપર કાયમ રહેવાનું શિખવાડે છે. તેમણે જ્યારે શક્તિ અને આધિપત્ય (કાબૂ) ધરાવતા હતા ત્યારે મુસલમાનોને મસ્જિદે હરામમાં પ્રવેશ કરવાથી અને ઉમરહ કરવાથી અત્યાચાર આદરી અટકાવ્યા હતા, તો એનો જવાબ એ ન હોવો જાઈએ કે, હવે મુસલમાનો પોતાના શાસન અને સત્તાના સમયે તેમને તેમની હજ્જ કરવાથી અટકાવી દે.

કુર્આને કરીમનું શિક્ષણ એ છે કે, ન્યાય, ઈન્સાફની બાબતમાં દોસ્ત અને દુશ્મન બધા જ એકસમાન હોવા જોઈએ. ભલે તમારો દુશ્મન ગમે એટલો સખત હોય અને તમને ગમે તેવી પીડા આપી હોય, તેમના વિશે ઈન્સાફ કરવો જ તમારો ફરજ છે.

આ ઈસ્લામની જ વિશેષતાઓમાંથી છે કે, જુલમનો જવાબ જુલમથી નહીં બલકે, ઈન્સાફથી આપવાનું શિખવાડે છે.

પરસ્પર સહાય અને સમર્થન કરવાના કુર્આનિક સિદ્ધાંતો :

وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ وَاتَّقُوا اللّٰهَ ط
اِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ આ સૂરએ માઈદહની બીજી આયતનું અંતિમ વાક્ય છે.

તેમાં કુર્આને કરીમે એક એવા સૈદ્ધાંતિક પાયાના મસ્આલા વિશે વિવેકપૂર્ણ ફેંસલો આપ્યો છે કે, જે સમગ્ર વૈશ્વિક વ્યવસ્થાની આત્મા છે અને જેના ઉપર મનુષ્યની દરેક સફળતા, પ્રગતિ અને વિકાસનો આધાર છે. બલકે, મનુષ્યના અસ્તિત્વ અને તેના જીવનનું ટકાઉપણું અવલંબિત છે અને આ મસ્અલો છે પરસ્પર સહકાર અને મદદગારીનો ! દરેક વિવેકબુદ્ધિ ધરાવનાર વ્યક્તિને ખબર છે કે, આ જગતની સંપૂર્ણ વ્યવસ્થા મનુષ્યોના પરસ્પરના સહકાર અને સહાયતા ઉપર કાયમ છે. જો એક માનવી બીજા માનવીની સહાય ન કરે તો કોઈ એકલો વ્યક્તિ ભલે તે ગમે એટલો બુદ્ધિશાળી હોય અથવા ગમે એટલો શક્તિશાળી હોય કે, આર્થિક રીતે સદ્ધર હોય, પોતાના જીવનની બધી આવશ્યકતાઓ (જરૂરતો)ને આપમેળે પૂર્ણ નથી કરી શકતો. એકલો વ્યક્તિ ન તો ખોરાક માટે ધાન કે અનાજ ઉગાડવાથી લઈ તેને ખાવા યોગ્ય બનાવવા સુધીના બધા જ તબક્કાઓ આપમેળે પસાર કરી શકે છે, ન જ પોતાના પહેરવેશ માટે રૂ ઉગાડવાથી લઈ તેના દ્વારા કારખાનામાં પોતાના શરીર લાયક પોષાક આપમેળે તૈયાર કરી શકે અને ન જ પોતાનો ભાર એક જગ્યાએથી બીજી જગ્યાએ વહન કરી શકે છે. મતલબ કે, દરેક માનવી પોતાના જીવનના દરેક ક્ષેત્રમાં અન્ય હજારો-લાખો માનવીઓનો મોહતાજ છે. તેમના પરસ્પરના સહકાર અને મદદ વડે જ સમગ્ર જગતની વ્યવસ્થા ચાલે છે અને વિચાર કરવામાં આવે તો આ સહકાર માત્ર દુનિયવી જીવનમાં જ આવશ્યક નથી બલકે, મૃત્યુથી લઈ કબરમાં દફન થવા સુધી બધા જ તબક્કાઓમાં આ સહકાર જરૂરી છે. બલકે, ત્યાર પછી પણ માનવી પોતાની પાછળ છોડેલા લોકોની દુઆએ મગફિરત અને ઈસાલે સવાબનો મોહતાજ રહે છે.

અલ્લાહ જલ્લ શા'નુહૂએ પોતાની ઉચ્ચ કક્ષાની હિકમત અને પ્રચંડ શક્તિ વડે વિશ્વની એવી ટકાઉ વ્યવસ્થા બનાવી કે, દરેક મનુષ્યને અન્ય વ્યક્તિના મોહતાજ બનાવી દીધા. ગરીબ વ્યક્તિ પૈસા માટે માલદારનો મોહતાજ છે, તો મોટામાં મોટો માલદાર પણ મહેનત અને મજૂરીના કામો માટે ગરીબનો મોહતાજ છે, ગ્રાહક વેપારીનો મોહતાજ છે, મકાન બનાવવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિ કડિયાનો, લુહાર અને સુથારનો મોહતાજ છે. જો આ પ્રમાણે પરસ્પર કાર્યોની સાંકળ ન હોત અને એકબીજાના સહકાર ફક્ત ઉચ્ચ ચારિત્ર્યના આધારે

જ નક્કી થતા હોત તો કોણ કોનું કામ કરત ? તેનું એ જ પરિણામ આવ્યું હોત જે દરેક ચારિત્ર્ય વિશેના માપદંડોનું આવી રહ્યું છે અને જો માની લો કે, કોઈ રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાયદો બનાવીને આ પ્રકારની વહેંચણી કરવામાં આવે તો પણ આ કાયદાનો અંજામ એ જ થયો હોત જેમકે, આજે દરેક પ્રકારના કાયદાઓનો થઈ રહ્યો છે. કાયદાઓ કાયદાના પુસ્તકોમાં બંધ પડ્યા છે અને સરકારી કર્મચારીઓમાં લાંચ-રૂશ્વતનું બજાર ગરમ છે. ચારે બાજુ અરાજકતા, ફરજ પ્રત્યેની નિષ્ઠાનો અભાવ, કામચોરી વગેરે દરેક સ્થળે આ બધો ભ્રષ્ટાચાર વણલખ્યા કાયદા બની ગયા છે. આ ફક્ત તે ન્યાયાધિશોના ન્યાયાધીશ, મહાશક્તિશાળી અલ્લાહ તઆલાની જ મજબૂત, સમવાયી અને સંપૂર્ણ વ્યવસ્થા છે કે, વિવિધ લોકોના દિલોમાં વિવિધ પ્રકારના કામ-ધંધાનો રસ અને ઉમંગ તથા ક્ષમતા ઉત્પન્ન કરવામાં આવે છે. તેમણે પોત-પોતાના જીવનને આ જ કામ માટે નિર્ધારિત કરી લીધું છે.

ہر یکے را بہر کارے ساختند　　میل اور ادر دلش انداختند !

અલ્લાહ તઆલાએ દરેકનું કોઈને કોઈ કામ માટે સર્જન કર્યું છે,
પછી તે કામનું આકર્ષણ તેના દિલમાં નાંખી દીધું છે.

જો કોઈ આંતરરાષ્ટ્રીય કાયદો બનાવનારી સંસ્થા અથવા કોઈ સરકાર લોકોમાં કામની વહેંચણી એ રીતે કરે કે, કોઈને લુહારનું કામ, કોઈને સુથારનું કામ તો કોઈને ખેતીવાડીના કામમાં, તો કોઈને પાણી માટે, કોઈને ખોરાક માટે નક્કી કરે તો વિચારો ! કોણ કોનું માને અને સાંભળે તથા કોણ કોના હુકમોનો આદર કરે !? શું આ બધી કાર્યોની વહેંચણી પ્રમાણે કોઈ કાર્ય કરત ખરું!?

અલ્લાહ જલ્લ શા'નુહુએ જે વ્યક્તિને જે કામ માટે પેદા કર્યો છે, તેના હૃદયમાં તે કામ માટેની રૂચી પેદા કરી દીધી છે, તે કોઈ પણ પ્રકારની કાયદાકીય મજબૂરી વિના આ સેવાને જ પોતાનું જીવન પૂર્ણ કરવાનું કામ સમજે છે, તેના દ્વારા જ પોતાની આજિવિકા કમાય છે. આ મજબૂત વ્યવસ્થાનું એ પરિણામ હોય છે કે, મનુષ્ય જીવનની બધી જ આવશ્યકતાઓ થોડા પૈસા ખર્ચ કરીને પ્રાપ્ત કરી શકાય છે. તૈયાર પકાવેલુ ભોજન, તૈયાર સીવેલાં કપડાં, તૈયાર ફર્નિચર, બાંધેલુ તૈયાર મકાન, બધું જ માનવીને થોડા રૂપિયા ખર્ચ કરવાથી સરળતાથી પ્રાપ્ત થઈ

જાય છે. જો આ વ્યવસ્થા ન હોત તો એક કરોડપતિ વ્યક્તિ પોતાની સંપૂર્ણ દૌલત ખર્ચીને ઘઉંનો એક દાણો પણ મેળવી શક્યો ન હોત. આ તે કુદરતી વ્યવસ્થાનું જ પરિણામ છે કે, તમે હૉટલમાં રોકાયને જે જે વસ્તુઓનો લાભ ઉઠાવો છો, જો તેની સમીક્ષા કરવામાં આવે તો ખબર પડશે કે, લોટ અમેરિકાનો, ઘી પંજાબનું, માંસ સિંધનો, મસાલા વિવિધ દેશોના, વસ્ત્રો અને વિવિધ ફર્નિચર વિવિધ પ્રદેશોના, કામ કરનારા વૅઈટર અને રસોઈયા વિવિધ શહેરોના આપની સેવામાં લાગેલા છે અને એક કોળિયો જે આપના મોઢા સુધી પહોંચ્યો છે, તેમાં લાખો મશીનરી અને જાનવરો તથા મનુષ્યોએ કામ કર્યું છે. આ બધા પછી તે આપના સ્વાદ પ્રમાણે ખોરાક આપને ઉપલબ્ધ કરાવી રહ્યા છે. તમે ઘરેથી સવારે નીકળો છો, ત્રણ-ચાર માઈલ ચાલો છો, જો તમારી પાસે સમય ઓછો છે તો આપને કોઈ ટેક્સી, બસ કે રીક્ષા નજીકમાં જ ઊભેલી મળે છે, જેનું લોખંડ ઑસ્ટ્રેલિયાનું, લાકડું બર્માનું, મશીનરી અમેરિકાની, ડ્રાઈવર સુબા-સરહદનો, કંડક્ટર યુ.પી.નો; મતલબ કે, ક્યાં-ક્યાંનો સામાન અને ક્યાં-ક્યાંની મખ્લૂક આપની સેવા માટે ઊભી છે ! ફક્ત થોડા પૈસા ખર્ચીને તમે તે બધાની સેવા લઈ શકો છો. તેમને કઈ સરકારે મજબૂર કર્યા હતા ? તેમને કોણે ફરજ પાડી છે કે, આ બધી વસ્તુઓ આપને ઉપલબ્ધ કરાવી આપે ? આ તે જ અલ્લાહનો કામની વહેંચણીનો અદશ્ય કાનૂન છે જેને અલ્લાહે દરેક વ્યક્તિના દિલમાં અદશ્ય રીતે લાગુ પાડ્યો છે.

આજકાલ સામ્યવાદી (Communist) દેશોમાં આ કુદરતી વ્યવસ્થાને બદલીને આ બાબતોને સરકારની જવાબદારી બનાવી લેવામાં આવી છે કે, કોણ વ્યક્તિ કયું કામ કરશે ? એટલા માટે એમને સૌ પ્રથમ જબરદસ્તી અને જુલમનો આશરો લઈ માણસની સ્વતંત્રતાને નષ્ટ કરવી પડી છે, જેના પરિણામે હજારો માનવીઓની હત્યા કરવામાં આવી, હજારો કેદ કરવામાં આવ્યા અને અન્ય બાકી રહેલા લોકોને સખત જુલમ અને જબરદસ્તીના લોખંડી પંજા દ્વારા યંત્રોની મશીનરીની જેમ ઉપયોગ કરવામાં આવ્યો, એના પરિણામે જો કોઈ સ્થળે કોઈ વસ્તુનું ઉત્પાદન વધી ગયું તો પણ માનવોનું માનવપણુ નાશ પામ્યું. એટલા માટે આ સોદો સસ્તો ન હતો. કુદરતી વ્યવસ્થામાં દરેક વ્યક્તિ સ્વતંત્ર પણ છે અને કુદરતી વહેંચણીના આધારે અમુક ખાસ-ખાસ કામો ઉપર નિયુક્ત થવા મજબૂર

પણ છે, પરંતુ આ મજબૂરી પોતાના સ્વભાવના કારણે હોવાથી તે કોઈ પણ પ્રકારનું દુઃખ અનુભવતો નથી. કઠોરથી કઠોર મહેનત અને ગમે તેવું નાનું કામ પણ પોતે આગળ વધીને કરવાની કોશીશ કરનારા દરેક યુગમાં દરેક સ્થળે મળે છે અને જો કોઈ સરકાર તેમને આ કામ માટે મજબૂર કરવા માંડે તો પ્રજા આવું કરવાથી પલાયન કરશે.

ખુલાસો એ છે કે, સમગ્ર દુનિયાની વ્યવસ્થા તાણા-વાણા જેમ જોડાયેલા પરસ્પરના સંબંધો ઉપર આધારિત છે, પરંતુ આ કલ્પનાનું એક બીજું પાસું એ પણ છે કે, જો ચોરી, લૂંટફાટ, હત્યા, અપરાધ, ખૂનામરકી વગેરે માટે આ પ્રકારના પરસ્પર સહકાર થવા માંડે અથવા ચોર અથવા ડાકુઓની મોટી-મોટી સંગઠિત અને મજબૂત ટોળકીઓ બની જાય તો આ જ સહકાર અને મદદ દુનિયાની સમગ્ર વ્યવસ્થાને છિન્ન-ભિન્ન કરી શકે છે. એટલા માટે જાણ થઈ કે, પરસ્પર સહકાર અને મદદ કરવી એક બેધારી તલવાર છે, જે ક્યારેક પોતાના ઉપર પણ વાર કરી શકે છે અને દુનિયાની વ્યવસ્થાને બરબાદ પણ કરી શકે છે. અને આ દુનિયા કારણ કે, સારા અને નરસા, ભલા અને બુરા, નેક અને દુષ્ટ આમ આ બધા જ પ્રકારોનું મિશ્રણ છે. એટલા માટે તેમાં આવું થવું કોઈ મોટી બાબત ન હતી કે, અપરાધ, હત્યા, ખૂનામરકી તથા એકબીજાને નુકસાન પહોંચાડવા માટે પરસ્પર સહકાર અને મદદની શક્તિનો ઉપયોગ થવા લાગે અને આ ફક્ત સંભાવના કે શક્યતા નથી, બલકે વાસ્તવિકતા બનીને દુનિયાની સામે આવી ગયું તો તેના પ્રત્યાઘાત સ્વરૂપે દુનિયાના બુદ્ધિશાળીઓએ પોતાની સુરક્ષા માટે વિવિધ વિચારસરણીઓ ઉપર ખાસ-ખાસ સમુદાયો અથવા કૌમોનો પાયો નાંખ્યો કે, એક સમુદાય અથવા એક કૌમ વિરુદ્ધ જ્યારે બીજો સમુદાય અથવા કૌમ આક્રમણ કરે તો તે બધા તેમના મુકાબલામાં પરસ્પર મદદ અને સહકારની શક્તિનો ઉપયોગ કરી સ્વરક્ષણ કરી શકે.

કૌમોની વહેંચણી :

અબ્દુલ કરીમ સજિસ્તાની "અલ મિલાલ વલ નિહાલ"માં લખે છે કે, "શરૂઆતમાં જ્યાં સુધી માનવીની વસ્તી વધારે ન હતી દુનિયાની ચાર દિશાઓના આધારે ચાર કૌમો બની ગઈ. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ.

તેમાંથી દરેક દિશાના લોકો પોતાની એક કૌમ અને બીજાની બીજી કૌમ સમજવા લાગ્યા અને આ જ આધારે સહકાર અને મદદ કરવાની વ્યવસ્થા કામય થઈ. ત્યારબાદ જ્યારે વસ્તી વિસ્તરતી ચાલી ત્યારે દરેક દિશાના લોકોમાં વંશ અને કૌટુંબિક આધારો ઉપર કવમિયત અને સમુદાયની કલ્પના એક સિદ્ધાંત બની ગઈ. અરબની સંપૂર્ણ વ્યવસ્થા એ જ કૌટુંબિક અને વંશના પાયા ઉપર રચાયેલી હતી. આ જ આધારે યુદ્ધો લડવામાં આવતા હતા. બનૂ હાશિમ એક કૌમ, બનૂ તમીમ બીજી કૌમ, બની ખુઝાઆ ત્રીજી કૌમ. ભારતના હિન્દુઓમાં આજ સુધી ઊંચી જાતિ અને નીચી જાતિનો ભેદભાવ આ જ પ્રમાણે ચાલી રહ્યો છે."

યુરોપની કૌમોએ આધુનિક યુગમાં પોતાનો કોઈ વંશવાદ બાકી નથી રાખ્યો અને દુનિયાના વંશવાદને તેણે સમજ્યો પણ નથી. જ્યારે દુનિયામાં વંશવાદ ચરમસીમાએ પહોંચ્યો, તો વંશ અને કુટુંબ આધારિત કૌમો અને સમુદાયોની વહેંચણીને ખતમ કરીને પછી પ્રદેશ અને રાષ્ટ્ર તથા વતન, ભાષા વગેરેની બુનિયાદ ઉપર માનવ સમુદાયના ટુકડા-ટુકડા કરીને અલગ-અલગ કૌમો કરી દેવામાં આવી અને આજે આ જ સિક્કો લગભગ આખી દુનિયામાં ચાલી રહ્યો છે. એટલે સુધી કે, આ જાદૂ મુસલમાનો ઉપર પણ ચાલી ચૂક્યું છે. અરબી, તૂર્કી, ઇરાકી, સિંધીની વહેંચણી જ નહીં બલકે, તેમાં પણ વહેંચણી થતા-થતા પેટા વિભાગો ઊભા થયા. જેમકે અરબોમાં મિસરી, શામી, હિજાજી, નજદી અને એશિયામાં પંજાબી, બંગાળી, સિંધી, હિન્દી વગેરે વગેરે અલગ-અલગ કૌમો બની ગઈ. સરકારની બધી વ્યવસ્થાઓ આ જ પ્રદેશવાદના આધારે ચલાવવામાં આવી. એટલે સુધી કે, આ પ્રાદેશિક પૂર્વગ્રહો તેમની રગ-રગમાં વ્યાપી ગયા અને દરેક રાજ્યના લોકોનો સહકાર અને મદદ આ જ આધારે લેવામાં આવ્યો.

રાષ્ટ્રીયતા અને સામૂહિકતા માટે કુર્આનનું શિક્ષણ :

કુર્આને કરીમે મનુષ્યને ફરી ભૂલેલો સબક યાદ અપાવ્યો. સૂરએ નિસાઅ્ની શરૂઆતની આયતમાં એ સ્પષ્ટ કરી દીધું કે, બધા મનુષ્યો એક જ માં-બાપની ઔલાદ છે. રસૂલે કરીમ ﷺએ તેની સ્પષ્ટતા કરતાં હજ્જતુલ વદાઅ્ના ખુત્બામાં જાહેરાત કરી દીધી કે, કોઈ અરબીને કોઈ અજમી

(બિનઅરબ) ઉપર અથવા કોઈ ગોરાને કાળા ઉપર કોઈ શ્રેષ્ઠતા નથી. શ્રેષ્ઠતાનો આધાર ફક્ત તકવા અને અલ્લાહની ફરમાંબરદારી ઉપર અવલંબિત છે. આ કુર્આનની તા'લીમને اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ (૪૯ : ૧૦)નું એલાન કરીને હબશાના કાળા હબશીઓને, તૂર્કના લાલ અને રૉમના સફેદ તથા એશિયાના નીચી જાતિના ગણાતા લોકોને અરબના કુરૈશી અને હાશમી લોકોના ભાઈ બનાવી "એક કૌમ" અને ઈસ્લામને ન માનનારી "બીજી કૌમ" બનાવી દીધી. રાષ્ટ્રીયતા અથવા બિરાદરી કે કબીલો એ બાબત ઉપર સ્થાપવામાં આવ્યો કે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺને માનનારા એક કૌમ કે સમુદાય અને ન માનનારા બીજી કૌમ કે સમુદાય છે. આ જ તે આધાર હતો કે જેના કારણે અબૂજહલ અને અબૂલહબની કૌટુંબિક સગાઈઓને રસૂલે કરીમ ﷺએ તોડી નાંખી અને બિલાલ હબશી અને સુહૈબ રૂમી સાથે સગાઈ—સંબંધ જોડી દીધો.

حسن ز بصرہ بلال ز حبش صہیب از روم   ز خاک مکہ ابوجہل ایں چہ بوالعجبی ست

હસન બસરી (રહ.) બસરાના અને બિલાલ (રદિ.) હબશા (ઈથોપિયા)ના અને સુહૈબ (રદિ.) રૉમના રહેવાસી હતા, અને અબૂજહલ મક્કા જેવી પવિત્ર ભૂમિની ઉપજ હતી, આ કેટલી નવાઈ પમાડે તેવી વાત છે !

એટલે સુધી કે, કુર્આને કરીમે એલાન કરી દીધું, خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّمِنْكُمْ مُّؤْمِنٌ એટલે કે, "અલ્લાહ તઆલાએ તમને બધાને પેદા કર્યા, પછી તમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા, અમુક કાફિર થઈ ગયા, અમુક મો'મિન." (૬૪ : ૨) બદ્ર, ઉહદ, અહઝાબ અને હુનૈનના યુદ્ધો આ જ કુર્આનની વહેંચણીના સ્પષ્ટ નમૂનાઓ હતા કે, લોહીની સગાઈવાળો ભાઈ જ્યારે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺની તાબે'દારીના વર્તુળની બહાર હોય તો મુસલમાન ભાઈનો રિશ્તો—નાતો તેનાથી કપાઈ ગયો અને તે તેની તલવારની માર હેઠળ આવી ગયો. લોહીની સગાઈ તલવાર લઈને મુકાબલા ઉપર આવી તો ઈસ્લામી ભાઈ મુકાબલા માટે પહોંચી ગયો. ગઝ્વએ બદ્ર, ઉહદ, ખંડક આ ઘટનાઓની સાક્ષી છે.

ہزار خویش کہ بیگانہ از خدا باشد   فدائی یک تن بیگانہ کہ آشنا باشد

હજારો સગાસ્નેહીઓ જો દીનથી વિમુખ હોય તો તેને છોડી દે, અને તે એક ઉપર જે પારકો છે પરંતુ અલ્લાહ સાથે સંબંધ ધરાવતો હોય તો તેના ઉપર કુર્બાન થઈ જા.

પ્રસ્તુત આયતમાં કુર્આને હકીમે સહકાર અને મદદના આ જ યોગ્ય અને સાચા-સહીહ સિદ્ધાંત બતાવ્યા છે. تَعَاوَنُوا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى وَلَا تَعَاوَنُوا عَلَى الْإِثْمِ وَالْعُدْوَانِ એટલે કે, "નેકી અને અલ્લાહથી ડરવા વિશે પરસ્પર મદદ કરો તથા બુરાઈ અને અત્યાચારમાં એકબીજાની મદદ ન કરો."

વિચાર કરો કે, તેમાં કુર્આને કરીમે એ વિષય પણ અપનાવ્યો નથી કે, મુસલમાન ભાઈઓ સાથે સહકારથી વર્તો અને ગેરમુસ્લિમોને સહકાર ન આપો. બલકે, મુસલમાનો સાથે પણ સહકારથી વર્તવાની જે અસલ બુનિયાદ છે, તે નેકી અને અલ્લાહનો ડર છે અને આ જ બે બાબતો સહકાર અને મદદની બુનિયાદ અને આધાર ઠરાવવામાં આવી.

જેનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે, મુસલમાન ભાઈ પણ જો સચ્ચાઈ વિરુદ્ધ ચાલશે અથવા જો અત્યાચાર અને જબરદસ્તી કરી રહ્યો છે તો તેના નાહક જુલમ અને જબરદસ્તીમાં તેમની મદદ ન કરો. બલકે, એવી કોશીશ કરો કે, તે નાહક જુલમ અને જબરદસ્તીથી રોકાય જાય. કારણ કે, વાસ્તવમાં આ જ સાચી મદદ છે, જેથી જુલમ અને અત્યાચારથી તેની આ દુનિયા અને આખિરત તબાહ-બરબાદ ન થાય.

સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اُنْصُرْ اَخَاكَ ظَالِمًا اَوْ مَظْلُوْمًا એટલે કે, પોતાના ભાઈની મદદ કરો, ભલે તે જાલિમ હોય અથવા મજલૂમ. સહાબએ કિરામ (રદિ.)એ જે કુર્આની તા'લીમના રંગે રંગાઈ ચૂકયા હતા, આશ્ચર્યથી પૂછ્યું કે, યા રસૂલુલ્લાહ ﷺ ! મજલૂમ ભાઈની મદદ તો સમજમાં આવે છે, પરંતુ જાલિમ (અત્યાચારી)ની મદદનો શું અર્થ છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, તેને જુલમ કરવાથી રોકો, તે જ તેની મદદ છે."

કુર્આને કરીમે આ તા'લીમને بِرٌّ وَتَقْوٰى એટલે કે નેકી અને અલ્લાહના ડરનો સિદ્ધાંત અને માપદંડ બનાવી અને આ જ પાયા ઉપર મુસ્લિમ કૌમની ઈમારત ઊભી કરી. તેના ઉપર મદદ અને સહકારનું આમંત્રણ આપ્યું, એનાથી વિપરીત اِثْمٌ وَعُدْوَانٌ ને સખત અપરાધ અને ગુનોહ ઠરાવવામાં આવ્યો, તેના ઉપર એકબીજાને સહકાર આપવાથી રોકયા. بِرٌّ وَتَقْوٰى ના બે શબ્દો અપનાવ્યા.

જમહૂર ઉલમાએ بِرّ (બિર્ર)નો અર્થ આ જગ્યાએ "ભલાઈની પ્રવૃત્તિઓ" એટલે કે "નેક અમલ" ઠરાવ્યા છે અને તકવાનો અર્થ "ગુનાહોથી રોકાઈ જવું એટલે કે, બુરાઈઓને છોડી દેવું" બતાવ્યો છે અને શબ્દ اِثْمٌ (ઈષ્મ)નો અર્થ ગુનાહ અને અપરાધનો બતાવ્યો છે. ભલે તે નક્કી કરેલ હકોમાં હોય અથવા ઈબાદતમાં હોય અને عُدْوَانٌ નો શાબ્દિક અર્થ મર્યાદા ઓળંગી જઈ હદથી વધી જવાનો છે, તેનો અર્થ જુલમ, અત્યાચાર અને બળજબરી છે.

بِرٌّوَتَقْوٰى (ભલાઈના કાર્યો) ઉપર મદદ અને સહકાર કરવા વિશે રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો اَلدَّالُّ عَلَى الْخَيْرِ كَفَاعِلِهٖ એટલે કે, "જે વ્યક્તિ કોઈ ભલાઈનો માર્ગ બતાવે તો તેનો સવાબ એવો છે, જાણે તે નેકી તેણે પોતે કરી હોય." આ હદીષ ઈબ્ને કષીરે બઝ્ઝારના હવાલાથી નકલ કરી છે અને સહીહ બુખારીમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "જે વ્યક્તિ લોકોને હિદાયત અને નેકીનું આમંત્રણ આપે તો જેટલા વ્યક્તિ તેના આમંત્રણ ઉપર નેક અમલ કરશે, તે બધાના સવાબ બરાબર તેને પણ સવાબ મળશે, તે લોકોના સવાબ કરતાં તેને કંઈ જ ઓછું કરવામાં નહીં આવે અને જે વ્યક્તિએ ગુમરાહી અથવા ગુનાહ તરફ આમંત્રણ આપ્યું તો જેટલા લોકો તેના આમંત્રણથી ગુનાહમાં સપડાશે તે બધાના ગુનાહો સમાન તેને પણ ગુનોહ થશે અને તેમના ગુનાહોમાંથી તેને કંઈ જ પણ ઓછું કરવામાં નહીં આવે."

ઈબ્ને કષીરમાં તબરાનીની રિવાયતથી નકલ થયું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જે વ્યક્તિ કોઈ જાલિમની સાથે તેની મદદ કરવા માટે ચાલ્યો, તે ઈસ્લામથી નીકળી ગયો." આના ઉપર સલફે સાલિહીને જાલિમ બાદશાહોની નોકરી અને કોઈ હોદ્દો સ્વીકારવાથી સખત પરહેઝ કરી છે કે, તેમાં તેના અત્યાચાર અને જુલમની મદદ થાય છે. તફસીરે રૂહુલ મઆનીમાં આયતે કલિમહ فَلَنْ اَكُوْنَ ظَهِيْرًا لِّلْمُجْرِمِيْنَ (૨૮ : ૧૭) હેઠળ આ હદીષ નકલ થઈ છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "કયામતના દિવસે અવાજ આપવામાં આવશે કે, ક્યાં છે જાલિમ લોકો અને તેમના મદદગારો ? એટલે સુધી કે, તે લોકો જેમણે જાલિમોની શાહી-કલમ ઠીકઠાક કરી છે તે બધા પણ એક લોઢાના તાબૂતમાં ભેગા કરીને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે."

આ છે કુર્આન અને સુન્નતનું તે શિક્ષણ ! જેણે દુનિયામાં નેકી, ન્યાય, હમદર્દી અને ઉચ્ચ ચારિત્ર્ય તથા માનવીય મૂલ્યોને ફેલાવવા માટે મિલ્લતના દરેક વ્યક્તિને એક દાઈ (પ્રચારક) બનાવીને ઊભો કરી દીધો હતો અને અપરાધો તથા જુલમ અને જબરદસ્તીનો નાશ કરવા માટે મિલ્લતના દરેક વ્યક્તિને એક એવો સૈનિક બનાવી દીધો કે, જે ગુપ્ત અને જાહેરમાં પોતાની ડ્યુટી બજાવવા માટે અલ્લાહના ડરના કારણે મજબૂર છે. આ જ હિકમતપૂર્ણ શિક્ષણ અને કેળવણીનું એ પરિણામ હતું કે, જેને દુનિયાએ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના યુગમાં જોયું, આજે પણ જો કોઈ દેશમાં યુદ્ધનો ભય ઊભો થાય છે તો નાગરિકોના રક્ષણ માટે સંરક્ષણ ખાતુ બનાવીને દરેક વ્યક્તિને યુદ્ધકળાનું શિક્ષણ આપવામાં આવે છે, પરંતુ અપરાધ અને ગુનાહોના ખાત્મા માટે કોઈ કાળજી લેવામાં આવતી નથી કે, લોકોને ભલાઈના પ્રચારક અને બુરાઈથી રોકનારા સૈનિક બનાવવાની કોશીશ કરવામાં આવતી નથી અને દેખીતું છે કે, તેની ટ્રેનીંગ ન તો લશ્કરી પરેડથી થઈ શકે છે અને ન જ નાગરિકના સંરક્ષણની પદ્ધતિઓથી થઈ શકે છે. આ કળા તો શિક્ષણ કેન્દ્રોમાં શીખવા અને શીખવવાની છે, જે આજકાલ બદકિસ્મતીથી આ બધી બાબતોથી બિલકુલ અલિપ્ત છે. بِـرُوَتَـقْـوٰى (ભલાઈના કાર્યો) અને તેનું શિક્ષણ આજકાલ સામાન્ય શિક્ષણ કેન્દ્રોમાં લગભગ પ્રતિબંધિત છે અને اِثْـمٌ وَعُدْوَانٌ (બુરાઈ અને ગુનાહના કાર્યો)નો દરેક માર્ગ ખુલ્લો છે. પછી આ બીચારી પોલીસ ક્યાં સુધી અપરાધ થતા રોકી શકે છે ? જ્યારે સમગ્ર સમાજ હલાલ અને હરામ, હક અને નાહક, સાચ અને જૂઠથી બિલકુલ પરાયા થઈને અપરાધી માનસ ધરાવતા થઈ જાય તો પછી આજે જે મોટા પ્રમાણમાં અપરાધ થઈ રહ્યા છે, જેમકે ચોરી, લૂંટફાટ, નિર્લજ્જતા, હત્યા, ખૂનામરકી, અપહરણ વગેરે સમગ્ર દેશમાં દિવસે-દિવસે વધતું જ ચાલ્યું જાય છે અને કાનૂની એજન્સીઓ તથા કાયદો લાગુ પાડનારી સંસ્થાઓ તેનો નાશ કરવાથી લાચાર છે.

એના બે જ કારણો છે કે, એક બાજુ તો સરકારો આ કુર્આનની વ્યવસ્થાથી દૂર છે, તેમના શાસકો પોતાની જિંદગીને بِـرُوَتَـقْـوٰى ના સિદ્ધાંત ઉપર નાંખવાથી ખચકાટ અનુભવે છે. જો કે, તેના પરિણામે હજારો કડવાશ અને મુસીબતો વેઠવી પડે છે. કાશ ! તે આ કડવા ઘૂંટનો એક વખતે અનુભવ કરીને તેને પી જાય અને

અલ્લાહ તઆલાની કુદરતનો નિઝામ જૂએ કે, કઈ રીતે તેને અને સામાન્ય જનતાને શાંતિ અને સલામતિ, ચેન અને રાહતની પવિત્ર જિંદગી અર્પણ થાય છે?!

બીજી બાજુ સામાન્ય જનતાએ એવું સમજી લીધું છે કે, ગુનાહો અને અપરાધોનો ખાત્મો ફક્ત સરકારોનું કામ છે, તે દરેક ગુનાહિત પ્રવૃત્તિ ઉપર પડદો નાંખવાની આદત બનાવી ચૂક્યા છે. ફક્ત સચ્ચાઈની જાહેરાત અને મદદ માટે તથા અપરાધનો નાશ કરવા માટે સાચી ગવાહીનો રિવાજ પણ તેમનામાં નથી. તેમણે એ સમજવું જોઈએ કે, અપરાધીના અપરાધ ઉપર પડદો નાંખવો અને સાક્ષી આપવાથી દૂર રહેવું ગુનાહની મદદ કરવા સમાન છે, જે કુર્આને કરીમની રૂએ હરામ અને સખત ગુનોહ છે. وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ (૫:૨)ના હુકમથી બગાવત છે.

આયત : (સૂરએ માઇદહ : આયત નં. ૩)

حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَالدَّمُ وَلَحْمُ الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ
وَالْمُنْخَنِقَةُ وَالْمَوْقُوْذَةُ وَالْمُتَرَدِّيَةُ وَالنَّطِيْحَةُ وَمَآ اَكَلَ السَّبُعُ اِلَّا مَا ذَكَّيْتُمْ ۟
وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ وَاَنْ تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ ؕ ذٰلِكُمْ فِسْقٌ ؕ اَلْيَوْمَ يَئِسَ
الَّذِيْنَ كَفَرُوْا مِنْ دِيْنِكُمْ فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِ ؕ اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ
دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا ؕ فَمَنِ اضْطُرَّ فِيْ
مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ لِّاِثْمٍ ۙ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۳

તરજુમો :

હરામ થયું તમારા ઉપર મૃત જાનવર અને લોહી અને સુવ્વરનું માંસ અને જે જાનવર ઉપર ગયરૂલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ અન્ય)નું નામ પોકારવામાં આવે અને જે ગળું દાબવાથી મરી ગયું હોય અથવા ઈજાથી અથવા ઊંચાઈએથી પડીને અથવા શિંગડુ મારવાથી અને જેને હિંસક પ્રાણી

(દરિન્દા)એ (ફાડી) ખાધું પરંતુ જેને તમે ઝબહ કરી લીધું અને હરામ છે જે કોઈ (દેવી-દેવતાના) સ્થાનક ઉપર ઝબહ (વધ) થાય અને એ કે જુગારના તીરોથી વહેંચણી કરો આ ગુનાહનું કામ છે; આજે કાફિર તમારા દીનથી નાઉમ્મીદ થઈ ગયા, બસ તેમનાથી ન ડરો અને મારાથી ડરો, આજે હું તમારા માટે તમારો દીન પૂરો કરી ચૂક્યો છું અને મેં તમારા ઉપર મારું અહેસાન પુરું કર્યું અને મેં તમારા માટે ઈસ્લામને દીન (તરીકે) પસંદ કર્યો, પછી જે કોઈ ભૂખમાં લાચાર થઈ જાય પરંતુ ગુનાહ ઉપર વલણ ન હોય તો અલ્લાહ મહાન મા'ફ કરનારો મહેરબાન છે. (૩)

તફસીર :

તમારા ઉપર (આ જાનવરો વગેરે) હરામ કરવામાં આવ્યા છે, મૃત (પ્રાણીને ઝબહ કરવાનું વાજિબ હોવા છતાં કોઈ શરઈ કારણ વિના મૃત્યુ પામે) અને લોહી (જે વહે છે) અને ડુક્કરનું માંસ (એવી જ રીતે તેના બધા અવયવો અને શરીરના ભાગો) અને જે જાનવરો કે ગયરુલ્લાહના (માટે તેમની નિકટતા પ્રાપ્ત કરવા માટે તેમના) નામ ઉપર કરવામાં આવ્યા હોય અને જે ગળું દાબવાથી મરી જાય અને જે કોઈ વાગવાથી મરી જાય અને જે ઊંચાઈએથી પડીને મરી જાય (દાખલા તરીકે, પહાડ ઉપરથી પડીને અથવા કૂવામાં પડીને મરી જાય) અને જે કોઈની ટક્કર વાગવાથી મરી જાય અને જે કોઈ હિંસક પ્રાણીના ફાડી ખાવાથી (અથવા તો તેના પકડવાથી આઘાતના કારણે મરી જાય) પરંતુ (જો આ પ્રાણી મૃત્યુ પામતાં પહેલાં જેનું مَآ اَكَلَ السَّبُعُ માં વર્ણન છે) જેને તમે (તેનો પ્રાણ નીકળતા પહેલાં શરીઅતના નિયમ પ્રમાણે) ઝબહ કરી લો (તો તે આ હરામ હોવામાં સામેલ નથી) અને (વળી) જે જાનવરો (ગયરુલ્લાહની) પૂજાવિધી માટે તેમના સ્થાનકો ઉપર વધ કરવામાં આવે (હરામ છે, બસ જીભથી ગયરુલ્લાહના નામ ઉપર ન થયું હોય તો પણ; કારણ કે હરામ હોવાનો આધાર નાપાક નિય્યતો ઉપર છે, તેની જાહેરાત ક્યારેક મૌખિક રીતે થાય છે કે, કોઈના નામ ઉપર જાનવર ઝબહ કરવામાં આવે, ક્યારેક તે પોતાની પ્રવૃત્તિ દ્વારા પણ જાહેર થાય છે કે, ક્યારેક તે જાનવરને એવી નાપાક જગ્યાઓએ ઝબહ કરે જ્યાં મૂર્તિપૂજા વગેરે થતી હોય) અને એ (પણ હરામ છે) કે, (માંસ વગેરેની) વહેંચણી તીરોના ફાલ દ્વારા કરો, આ સઘળું ગુનાહ(ના કામો અને હરામ) છે, આજના

દિવસે (એટલે કે હવે) નિરાશ થઈ ગયા કાફિર લોકો તમારા દીન(ના છવાઈ જવાથી અને તેઓ નિર્બળ થવા)થી (કારણ કે માશાઅલ્લાહ ઈસ્લામ ખૂબ ફેલાઈ ચૂક્યો) બસ તે (કાફિરો)થી ડરો નહીં (એ રીતે કે તમારા દીનને નુકસાન પહોંચાડશે) અને મારાથી ડરતા રહો (એટલે કે મારા હુકમોનો વિરોધ ન કરો) આજના દિવસે તમારો દીન મેં (દરેક રીતે) સંપૂર્ણ કરી દીધો (શક્તિમાં પણ, જેનાથી કાફિરોને નિરાશા થઈ અને હુકમો તથા કાયદાઓમાં પણ) અને (આ વિશિષ્ટતા સાથે) મેં તમારા ઉપર મારું ઈનામ પૂર્ણ કરી દીધું (દીની ઈનામ પણ કે હુકમોની પૂર્ણતા થઈ ગઈ અને દુનિયવી ઈનામ પણ કે શક્તિ પ્રાપ્ત થઈ ગઈ અને દીનની પૂર્ણતામાં બંને બાબતો આવી ગઈ) અને મેં તમારા માટે ઈસ્લામને જ દીન તરીકે (હંમેશા માટે) પસંદ કરી લીધો (એટલે કે, કયામત સુધી તમારો આ જ દીન રહેશે, તેના રદ થવાની કે અન્ય કોઈ દીન તેના બદલે આવવાની કોઈ શક્યતા નથી. બસ, તમારે મારી નેઅ્મતોનો શુક્ર અદા કરીને આ દીન ઉપર પૂરેપૂરા કાયમ રહેવાનું છે) પછી (ઉપરોક્ત હરામ વસ્તુઓને જાણી લીધા પછી એ પણ જાણી લો કે) જે વ્યક્તિ ખૂબ સખત ભૂખથી લાચાર થઈ જાય (અને તેના કારણે ઉપરોક્ત વસ્તુઓમાંથી જીવ બચાવવા જરૂર પૂરતું ખાઈ લે) એ શરતે કે કોઈ ગુનાહ તરફ તેનું વલણ ન હોય (એટલે કે, જરૂરતથી વધારે ન ખાય અને ન જ તેનાથી સ્વાદ અને લિજ્જત માણવાનો હેતુ હોય, જેમકે સૂરએ બકરહમાં غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ ની તફસીરમાં ફરમાવ્યું છે) તો ચોક્કસ અલ્લાહ તઆલા મા'ફ કરનારો છે. (જો જરૂરત પૂરી થવાનો અંદાજો ન થાય અને એકાદ લુક્મો વધારે ખાઈ લીધો તો પણ અલ્લાહ) રહમતવાળો છે (કે આવી હાલતમાં જરૂર પૂરતું ખાવાની પરવાનગી આપી દીધી).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ માઈદહની આ ત્રીજી આયત છે, જેમાં ઘણા બધા સૈદ્ધાંતિક અને તેના પેટા કાયદાઓ, હુકમો અને મસ્અલાઓ વર્ણન કરવામાં આવ્યા છે. પ્રથમ મસ્અલો હલાલ અને હરામ જાનવરોનો છે, જે જાનવરોનો માંસ મનુષ્યો માટે નુકસાનકારક છે ભલે શારીરિક રીતે તેનાથી મનુષ્યના શરીરમાં બીમારીનો ભય હોય અથવા રૂહાની રીતે તેનાથી મનુષ્યના અખ્લાક અને દિલની પરિસ્થિતિ ખરાબ થવાનો ડર હોય, તેને કુર્આને "ખબાઈશ" (નાપાક) ઠરાવીને હરામ કર્યું

છે અને જે જાનવરોમાં શારીરિક અથવા રૂહાની નુકસાન ન હોય તેને હલાલ અને પાક ઠરાવ્યા છે.

આ આયતમાં ફરમાવ્યું છે કે, તમારા ઉપર મૃત જાનવરો હરામ છે. "મુરદાર"નો અર્થ તે જાનવર છે, જે કોઈપણ રીતે શરઈ ઝબહ કરવાની પદ્ધતિ વિના કોઈ બીમારીના કારણે અથવા તો પોતાના સ્વાભાવિક મૌતથી મરી જાય. આવા મુરદા જાનવરોનો માંસ ડૉક્ટરી વિજ્ઞાન અનુસાર પણ મનુષ્ય માટે સખત નુકસાનકારક હોય છે અને રૂહાની રીતે પણ.

અલબત્ત, હદીષ શરીફમાં રસૂલે કરીમ ﷺએ બે વસ્તુઓને તેમાંથી અપવાદ ઠરાવી છે, જે હલાલ છે. એક માછલી અને બીજું તીડ. આ હદીષને મુસ્નદે અહમદ, દારેકુતની, બયહકી વગેરેએ રિવાયત કરી છે.

બીજી વસ્તુ જેને આ આયતે હરામ ઠરાવી દીધું છે, તે "લોહી" છે. કુર્આને કરીમની બીજી આયતમાં اَوْ دَمًا مَّسْفُوْحًا (૬ : ૧૪૫) ફરમાવીને બતાવવામાં આવ્યું કે, લોહીનો અર્થ "વહેતું અથવા વહી શકે તેવું લોહી" છે. એટલા માટે યકૃત (લીવર) અને તલી (સ્પ્લીન) લોહીનું સ્વરૂપ હોવા છતાં તે આ હુકમ હેઠળ આવતું નથી. પ્રસ્તુત હદીષમાં જેમ મૃત પ્રાણીથી માછલી અને તીડને હરામના હુકમમાં સમાવેશ કર્યો નથી, તે જ પ્રમાણે જિગર અને તિહાલ (યકૃત અને સ્પ્લીન)ને પણ લોહી માટેના હુકમ હેઠળ સમાવેશ કર્યો નથી.

ત્રીજી વસ્તુ لَحْمِ خِنْزِيْر (ડુક્કરનું માંસ)છે, જેને હરામ કરી છે. لَحْم "લહ્મ"નો અર્થ ડુક્કર (ભૂંડ)નું સંપૂર્ણ શરીર છે, જેમાં ચરબી, હાડકાં વગેરે બધું જ સામેલ છે.

ચોથું તે જાનવર, જે ગયરૂલ્લાહ (અલ્લાહ સિવાય અન્ય)ના નામ ઉપર કરવામાં આવે છે, પછી જો તેને ઝબહ કરતી વખતે તેના ઉપર ગયરૂલ્લાહનું જ નામ લેવામાં આવે છે, ત્યારે તો તે ખુલ્લું શિર્ક છે અને આ જાનવર સર્વસહમતિથી મુરદાર (મૃત)ના હુકમમાં ગણાશે.

જેમકે અરબના મુશ્રિકો પોતાની મૂર્તિઓના નામ ઉપર જાનવરો ઝબહ કર્યા કરતા હતા, અથવા અમુક જાહિલો કોઈ પીર-ફકીરના નામ ઉપર જાનવરો કરીને તેને ઝબહ કરતી વખતે તો અલ્લાહનું નામ લેતા હતા, પરંતુ જાનવર

ગયરૂલ્લાહના નામ ઉપર નજર કરેલું હોવાથી અને તેની ખુશ્નૂદી પ્રાપ્ત કરવા માટે કર્યું છે, એટલા માટે જમહૂર ફુકહાના મતે તે પણ مَـآاُهِـلَّ بِـهٖ لِغَيۡرِ اللّٰـهِ ના હુકમ હેઠળ જ હરામ ઠરાવવામાં આવ્યું છે.

પાંચમું مُـنۡـخَـنِقَةُ એટલે કે તે જાનવર હરામ છે, જે ગળું દબાવીને મારી નાંખવામાં આવ્યું હોય અથવા પોતે જ કોઈ જાળ વગેરેમાં ફસાઈને મરી ગયું હોય. જો કે, مُنۡخَنِقَةُ અને مَوۡقُوۡذَةُ પણ મુરદારમાં સામેલ છે, પરંતુ જાહિલ લોકો તેને હલાલ સમજતા હતા, એટલા માટે ખાસ રીતે આગળ ઉપર તેનું વર્ણન કરવામાં આવ્યું.

છઠ્ઠું مَوۡقُوۡذَةُ એટલે તે જાનવર જે સખત ઈજા થવાથી મરી ગયું હોય, જેમકે લાકડી, પથ્થર વગેરે મારવાથી મરી ગયું હોય અને જે તીર કોઈ શિકારને એવી રીતે મારી નાંખે કે, તે તેની ધાર (અણી) બાજુથી ન વાગે. એમ જ ઈજા થાય અને મરી જાય તો તે પણ مَوۡقُوۡذَةُ માં સામેલ થઈ હરામ છે.

હઝરત અદી બિન હાતિમ (રદિ.)એ રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે, "હું અમુક સમયે બુઠ્ઠા તીરથી શિકાર કરું છું, જો શિકાર તેનાથી મરી જાય તો શું હું ખાઈ શકું છું ?" રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જો આ જાનવર બુઠ્ઠું તીર વાગવાથી મરી જાય તો તે مَـوۡقُوۡذَةُમાં સામેલ છે, તેને ન ખાઓ અને જો તેને ધાર (અણી) તરફથી વાગ્યું છે અને તીરની ધારથી તે ઘાયલ થઈ ગયું છે, તો તમે ખાઈ શકો છો." આ રિવાયત જસ્સાસે અહકામુલ કુર્આનમાં પોતાની સનદથી નકલ કરી છે, તેમાં શરત એ છે કે, તીર ફેંકતી વખતે બિસ્મિલ્લાહ કહીને ફેંકવામાં આવ્યું હોય.

જે શિકાર બંદુકની ગોળી વગેરેથી મરી જાય છે, તેને પણ ફુકહાએ موقوذه માં સામેલ કરીને હરામ ઠરાવ્યું છે. ઈમામ જસ્સાસ (રહ.)એ હઝરત અબ્દુલ્લાહથી નકલ કર્યું છે કે, તેઓ ફરમાવતા હતા اَلۡمَقۡتُوۡلَةُ بِالۡبُنۡدُقَةِ تِلۡكَ الۡمَوۡقُوۡذَةُ એટલે કે, "બંદુક દ્વારા જે જાનવર કતલ કરવામાં આવે છે, તે પણ مَـوۡقُوۡذَةُ છે, એટલા માટે હરામ છે." ઈમામે આ'ઝમ અબૂહનીફા (રહ.), શાફઈ, માલિક વગેરે ફુકહા તેના ઉપર સહમત છે. *(કુર્તુબી)*

સાતમું مُتَـرَدِّيَةُ એટલે કે, તે જાનવર જે કોઈ પહાડ ઉપરથી, ટેકરા

ઉપરથી અથવા ઊંચી ઈમારત ઉપરથી પડીને અથવા કૂવા વગેરેમાં પડવાથી મરી જાય, તો તે પણ હરામ છે. એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે, "જો કોઈ શિકાર પહાડ ઉપર ઊભો છે અને તમે બિસ્મિલ્લાહ કહીને તીર તેના ઉપર ફેંકો અને તે તીર વાગવાથી નીચે પડી જાય અને મરી જાય તો તેને ન ખાઓ." કારણ કે, તેમાં એ પણ શક્યતા રહેલી છે કે, તેનું મૌત કદાચ તીર વાગવાથી ન થયું હોય બલકે, નીચે પડી જવાના આઘાતથી થયું હોય, ત્યારે તે مُتَرَدِّيَةٌ માં સામેલ થઈ જશે. એ જ પ્રમાણે જો કોઈ પક્ષી ઉપર તીર ફેંક્યું અને તે પાણીમાં પડી ગયું અને મરી ગયું, તો તેને પણ ખાવાની મનાઈ એટલા માટે કરવામાં આવી છે કે, શક્ય છે કે, તેનું મૃત્યુ તીર વાગવાના કારણે નહીં બલકે, પાણીમાં ડૂબવાના કારણે થયું હોય. *(જસ્સાસ)*

હઝરત અદી બિન હાતિમ (રદિ.)એ આ જ વિષય રસૂલે કરીમ ﷺથી રિવાયત કર્યો છે. *(જસ્સાસ)*

આઠમું, نَطِيْحَةٌ એટલે કે, તે જાનવર જે કોઈની સાથે ટક્કર થવાથી અથવા અથડાવાથી મરી ગયું હોય, જેમકે રેલગાડી, મોટર કાર વગેરે સાથે ટક્કર વાગવાથી મરી જાય અથવા તો કોઈ અન્ય જાનવર સાથે અથડાવાથી મરી જાય.

નવમું, તે જાનવર જે કોઈ હિંસક પ્રાણીના ફાડી ખાવાથી મરી જાય.

આ નવ પ્રકારના જાનવરો હરામ હોવાનું ફરમાવીને એક અપવાદ પણ વર્ણન કર્યો. ફરમાવ્યું, اِلَّا مَا ذَكَّيْتُمْ.... એટલે કે, "જો આ જાનવરોમાંથી તમે કોઈ જાનવરને જીવતું જુઓ અને તમે તેને શરઈ રીતે હલાલ કરી લીધું તો તે હલાલ થઈ જશે, તેને ખાવું જાઇઝ છે."

આ અપવાદમાં શરૂઆતના ચાર પ્રકારોનો સમાવેશ થતો નથી. કારણ કે, મુરદાર, લોહી વગેરેમાં તો આ પ્રકારની કોઈ શક્યતા જ નથી અને સુવ્વર તથા مَآ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ અલ્લાહના નામ સિવાય અન્યના નામ ઉપર ઝબહ કરવામાં આવેલું તો સદંતર કતઈ હરામ છે, તેમાં ઝબહ કરવું, ન કરવું, બધું સરખું છે. એટલા માટે હઝરત અલી (રદિ.), હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હસન બસરી, કતાદહ (રહ.) વગેરે સલફે સાલિહીન એ બાબત ઉપર સહમત છે કે, આ અપવાદ શરૂઆતના ચાર પ્રકારો પછી એટલે કે, مُنْخَنِقَةٌ અને ત્યાર પછી ઉપર

લાગુ પડે છે. એટલા માટે તેનો અર્થ એ છે કે, તે તમામ સ્વરૂપોમાં જો જાનવર જીવતું હોય અને તેનામાં જીવનની નિશાનીઓ અનુભવી શકાતી હોય અને તેવી હાલતમાં તેને શરઈ રીતે અલ્લાહના નામ ઉપર ઝબહ કરવામાં આવે તો તે હલાલ છે, ભલે તે مُنْخَنِقَةٌ હોય અથવા مَوْقُوْذَةٌ અથવા مُتَرَدِّيَةٌ અથવા نَطِيْحَةٌ અથવા જેને કોઈ હિંસક પ્રાણીએ ફાડી નાંખ્યું હોય. તેનામાં જ્યાં સુધી જીવન બાકી છે અને જો ઝબહ કરી લેવામાં આવે તો તે હલાલ થઈ જશે.

દશમું, તે જાનવર હરામ છે જેને نُصُبْ (નુસુબ) ઉપર ઝબહ કરવામાં આવ્યું હોય. "નુસ્બ" તે પથ્થર છે જે કા'બાની આજુબાજુ ઊભા કરવામાં આવ્યા હતા અને જાહિલિયતના દૌર (ઈસ્લામ અગાઉની અજ્ઞાનતાના સમય)માં લોકો તેની પૂજા કરતા હતા અને જાનવરોને તેની પાસે લાવીને કુર્બાની કર્યા કરતા હતા અને આવું કરવાને ઈબાદત સમજતા હતા.

જાહિલિયતના દૌરમાં આ બધા પ્રકારના જાનવરોને લોકો ખાવાની આદત ધરાવતા હતા જે નાપાકીમાં સામેલ છે. કુર્આને કરીમે તે બધાને હરામ ઠરાવી દીધું.

અગિયારમી વસ્તુ જેને આ આયતે હરામ ઠરાવી છે તે اِسْتِقْسَامُ بِالْاَزْلَامْ છે. اَزْلَامْ એ زَلَمٌ નું બહુવચન છે. زَلَمٌ તે તીરને કહેવામાં આવે છે, જે જાહિલિયતના દૌરમાં અરબોમાં કોઈ કામ માટે નક્કી હતા કે, તેના દ્વારા તેઓ કિસ્મત અજમાવ્યા કરતા હતા અને આ સાત તીરો હતા, જેમાંથી એક ઉપર نَعَمْ (નઅ્મ) અને બીજા ઉપર لَا (લા) એવી રીતે બીજા શબ્દો લખેલા રહેતા હતા અને આ તીરો બયતુલ્લાહના સેવક પાસે રહેતા હતા.

જ્યારે કોઈ વ્યક્તિ પોતાની કિસ્મત અથવા આવનારા કોઈ કામને લાભદાયી અથવા નુકસાનકર્તા જાણવા ઈચ્છતો હતો તો તે કા'બાના ખાદિમ પાસે જઈને અમુક રકમ નજરાનું આપીને તે તીરોને ભાથામાંથી એક-એક કરીને કાઢતો હતો, અને જેના ઉપર શબ્દ نَعَمْ નીકળી આવે તો એવું સમજતો હતો કે, આ કામ તેના માટે લાભદાયી છે અને શબ્દ لَاءْ નીકળી આવે તો સમજતો હતો કે આ કામ ન કરવું જોઈએ. હરામ જાનવરોના ક્રમમાં તેનું વર્ણન કરવાનું કારણ એ છે કે, અરબોની એ પણ આદત હતી કે, અમુક લોકો ભેગા થઈને કોઈ ઊંટ વગેરે

ઝબહ કરતા, પરંતુ માંસની વહેંચણી દરેકના ભાગ પ્રમાણે વહેંચવાના બદલે જે તે તીરોથી નક્કી થતું હતું અને તે પ્રમાણે વહેંચતા હતા તેમાં કોઈ બિલકુલ વંચિત રહેતા હતા, કોઈને વધારે માંસ મળતું હતું, તો કોઈને બિલકુલ ઓછું માંસ મળતું હતું. એટલા માટે જાનવરોના હરામના હુકમોની સાથે આ પદ્ધતિ હરામ હોવાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

ઉલમાએ ફરમાવ્યું કે, "હવે પછીની પરિસ્થિતિઓ અને ભવિષ્યની બાબતો જાણવા માટે જેટલી પણ પદ્ધતિઓ અસ્તિત્વમાં છે, ભલે તે તારા-નક્ષત્રો કે ગ્રહો દ્વારા હોય, હાથની રેખાઓ જોઈને હોય કે પછી કોઈ ફાલ વગેરે જોઈને હોય, આ બધી પદ્ધતિઓ اِسۡتِقۡسَام بِالۡاَزۡلَام હુકમ હેઠળ હરામ છે."

ઉપરોક્ત પદ્ધતિઓમાં શબ્દ قِمَار (કિમાર) એટલે કે, જુગાર માટે પણ આ શબ્દ બોલવામાં આવે છે, જેમાં ચિઠ્ઠીઓ નાંખીને અથવા તો લોટરી દ્વારા હક નક્કી કરવામાં આવતો હતો. આ પણ કુર્આનની "નસ"થી હરામ છે, જેની કુર્આને કરીમે مَيۡسِر (મયસિર)ના નામથી મનાઈ ઠરાવીને હરામ કર્યું છે. એટલા માટે હઝરત સઈદ બિન ઝુબૈર, મુજાહિદ અને શોઅ્બી (રહ.)એ ફરમાવ્યું કે, જે રીતે અરબો اَزۡلَام (અઝલામ) દ્વારા ભાગ પાડતા હતા એ જ રીતે ઈરાન અને રોમમાં શતરંજ, સોગઠાબાજી વગેરેના મોહરાઓ દ્વારા કામ લેવામાં આવતું હતું અને તે اَزۡلَامના હુકમમાં છે.

મઝહરીએ ઉપરોક્ત પ્રકારોને હરામ જાહેર કરતાં ઈરશાદ ફરમાવ્યું,

ذٰلِكُمۡ فِسۡقٌ એટલે કે, આ પદ્ધતિથી કિસ્મત જાણવી અથવા ભાગ નક્કી કરવા ફિસ્ક અને ગુમરાહી છે. ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો,

اَلۡيَوۡمَ يَئِسَ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ دِيۡنِكُمۡ فَلَا تَخۡشَوۡهُمۡ وَاخۡشَوۡنِ

"આજના દિવસે કાફિરો તમારા દીન ઉપર વર્ચસ્વ મેળવવાથી નિરાશ થઈ ચૂક્યા છે, એટલા માટે તમે તેમનો કોઈ ડર ન રાખો, અલબત્ત અલ્લાહ તઆલાથી ડરતા રહો."

આ આયત હિજરતના દશમાં વર્ષે હજ્જતુલ વદાઅ્ના અરફાના દિવસે રસૂલે કરીમ ﷺ ઉપર નાઝિલ થઈ. જ્યારે કે, મક્કા અને લગભગ આખું

અરબસ્તાન ફતેહ થઈ ચૂક્યું હતું, સંપૂર્ણ અરબ પ્રદેશ ઉપર ઈસ્લામી કાયદો લાગુ પડી ચૂક્યો હતો. એટલા માટે ફરમાવવામાં આવ્યું કે, આ અગાઉ કાફિરો એવા મન્સૂબાઓ અને ષડયંત્રો રચ્યા કરતા હતા કે, મુસલમાનોની જમાઅત અમારા મુકાબલામાં ઘણી ઓછી છે, કમજોર પણ છે અને તેમનો નાશ કરવામાં આવે, પરંતુ ન તો તેમનામાં હવે તે હિમ્મત બાકી રહી છે અને ન જ હવે તેમનામાં તે તાકાત બાકી રહી છે. એટલા માટે મુસલમાનોએ તેમનાથી નચિંત થઈને પોતાના પરવરદિગારની ફરમાંબરદારી અને ઈબાદતમાં લાગી જવું જોઈએ.

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا

આ આયત નાઝિલ થવાની એક ખાસ શા'ન છે. અરફાનો દિવસ કે જે વર્ષના બધા જ દિવસોમાં "સય્યિદુલ અય્યામ" (ફઝીલતવાળો દિવસ) છે અને સંજોગવસાત્ આ અરફો જુમ્આના દિવસે આવ્યો, જેની ફઝીલતો ઘણી પ્રખ્યાત છે. અરફાતના મેદાનમાં જબલે રહમત પાસે અરફાના દિવસે અલ્લાહ તઆલા પાસેથી રહમતના એક ખાસ સ્થળે અસરની નમાઝ પછીનો સમય કે જે સમય સામાન્ય દિવસોમાં પણ મુબારક સમય હોય છે, ખાસ કરીને જુમ્આના દિવસે તેમાં દુઆની કબુલિયતની ઘડી ઘણી બધી રિવાયતો પ્રમાણે આ સમયે આવતી હોય છે અને અરફાના દિવસે તો ખાસ આ દુઆઓ કબૂલ થવાની શક્યતા રહેલી છે. હજ્જ માટે આટલા બધા મુસલમાનોનો સૌથી મોટો સમૂહ છે, જેમાં લગભગ દોઢ લાખ સહાબએ કિરામ (રદિ.) સામેલ થયા છે, રહમતુલ્લિલ આલમીન ﷺ સહાબએ કિરામ (રદિ.) સાથે જબલે રહમત નીચે પોતાની ઊંટણી عَضْبَاءُ "અજબા" ઉપર સવાર છે અને હજ્જના મહત્ત્વના ફરજ એટલે કે, અરફાતમાં થોભવાના ફરજમાં મશ્ગૂલ છે. તેવા સમયે આ ફઝીલતો, બરકતો અને રહમતોના છાંયડાંમાં આ આયતે કરીમા રસૂલે કરીમ ﷺ ઉપર નાઝિલ થાય છે. સહાબએ કિરામ (રદિ.)નું વર્ણન છે કે, “જ્યારે રસૂલે કરીમ ﷺ ઉપર આ આયત વહી દ્વારા નાઝિલ થઈ તો નિયમ પ્રમાણે વહીનો ભાર એટલો અનુભવાયો કે, ઊંટણી તેના ભારથી દબાઈ જઈ રહી હતી, એટલે સુધી કે તે મજબૂર થઈને બેસી ગઈ.”

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, “આ આયત લગભગ કુર્આનની છેલ્લી આયત છે, ત્યાર પછી હુકમની કોઈ આયત નાઝિલ થઈ નથી. ફક્ત પ્રેરણા અને પ્રોત્સાહન માટેની અમુક આયતો છે, જે આ આયત

પછી નાઝિલ થયાનું બતાવવામાં આવે છે. આ આયતના નાઝિલ થયા પછી રસૂલે કરીમ ﷺ આ દુનિયામાં ફક્ત ૮૧ દિવસ હયાત રહ્યા. કારણ કે, સન હિજરી દશની નવમી જિલ્હજ્જામાં આ આયત નાઝિલ થઈ અને સન હિજરી અગિયારની બારમી રબીઉલ અવ્વલે રસૂલે કરીમ ﷺની વફાત થઈ."

આ આયત જે ખાસ શા'ન અને દબદબાથી નાઝિલ થઈ હતી, તેનો અર્થ પણ મિલ્લતે ઈસ્લામ અને મુસલમાનો માટે એક ઘણી મોટી ખુશખબરી અને ઈનામ તથા ઈસ્લામનો વિશિષ્ટ પ્રકારનો દસ્તાવેજ છે, જેનો ખુલાસો એ છે કે, દીને હક અને અલ્લાહની નેઅ્મતોની જે ઉચ્ચ કક્ષાની પરિસીમા છે તે દુનિયામાં મનુષ્યને અર્પણ થવાની હતી, આજે તે સંપૂર્ણ થઈ ચૂકી. મતલબ કે, હઝરત આદમ (અલૈ.)ના યુગથી દીને હક અને અલ્લાહની નેઅ્મત નાઝિલ થવાનો જે ક્રમ સતત ચાલી રહ્યો હતો અને દરેક યુગમાં દુનિયાના દરેક ખૂણામાં પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય સ્વરૂપે આ નેઅ્મતનો એક ભાગ આદમની ઔલાદને એટલે કે, માનવજાતિને અર્પણ થતો રહ્યો હતો. આજે તે દીને હક અને નેઅ્મત પૂર્ણ સ્વરૂપે ખાતમુલ અંબિયા રસૂલે કરીમ ﷺ અને તેમની ઉમ્મતને અર્પણ કરવામાં આવી.

તેમાં બધા જ અંબિયા અને રસૂલ (અલૈ.)ના સમૂહમાં સય્યિદુલ અંબિયા ﷺની શ્રેષ્ઠતા અને વિશેષ શા'ન તો જાહેર થાય જ છે, એની સાથે-સાથે બધી જ ઉમ્મતોના મુકાબલામાં ઉમ્મતે મુહમ્મદી ﷺની એક વિશિષ્ટ શા'ન પણ સ્પષ્ટ રીતે સાબિત થાય છે.

એ જ કારણ છે કે, એક વખતે અમુક યહૂદી ઉલમા હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ની સેવામાં ઉપસ્થિત થયા અને વિનંતી કરી કે, "તમારા કુર્આનમાં એક એવી આયત છે કે, જો તે યહૂદીઓ ઉપર નાઝિલ થઈ હોત તો તેમણે તેની નાઝિલ થવાની ખુશીમાં ઈદનો તહેવાર મનાવ્યો હોત." ફારૂકે આ'ઝમ (રદિ.)એ સવાલ કર્યો કે, "તે કઈ આયત છે ?" તેમણે اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ આયત પઢી. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ તેના જવાબમાં ફરમાવ્યું કે, "હા ! અમે જાણીએ છીએ કે, આ આયત કયા સ્થળે અને કયા દિવસે નાઝિલ થઈ હતી !" ઈશારો એ વાત તરફ હતો કે તે દિવસ અમારા માટે બમણી ઈદનો દિવસ હતો. એક અરફાનો અને બીજો જુમ્આનો.

ઇદ અને અન્ય તહેવારો મનાવવાનો ઇસ્લામી સિદ્ધાંત :

ફારૂકે આ'ઝમ (રદિ.)એ આ જવાબમાં એક ઇસ્લામી સિદ્ધાંત તરફ પણ ઇશારો કર્યો છે, જે દુનિયાની બધી જ કૌમો, સમાજો અને ધર્મોમાં ફક્ત ઇસ્લામની જ વિશિષ્ટતા છે, તે એ કે, દુનિયામાં દરેક કોમ અને દરેક ધર્મ તથા સમુદાયના લોકો પોતાની પરિસ્થિતિ અને વિશેષતાઓ હેઠળ પોતાની ખાસ-ખાસ ઐતિહાસિક ઘટનાઓની યાદગીરીને મનાવે છે અને તે દિવસોને તેમણે ઇદ અથવા તહેવારનું સ્વરૂપ આપી દીધું છે.

કોઈ કૌમના મોટા વ્યક્તિના જન્મદિનને અથવા મરણદિનને અથવા કોઈ રાજાના સિંહાસન ઉપર આરૂઢ થવાના દિવસે આવા તહેવાર મનાવવામાં આવે છે અને ક્યારેક કોઈ ખાસ દેશ અથવા શહેરના વિજય અથવા તો કોઈ મહાન ઐતિહાસિક ઘટનાના સંદર્ભમાં કે, જેનો હેતુ ખાસ વ્યક્તિ અથવા ખાસ પ્રસંગોની ઇજ્જત અને તેમને માન-સન્માન તથા પ્રતિષ્ઠા આપવા સિવાય કશું નથી હોતું. ઇસ્લામે વ્યક્તિપૂજાને સદંતર અમાન્ય ઠરાવ્યું છે, ઇસ્લામે તમામ અજ્ઞાનતાના કુરિવાજો જેમકે, કોઈ વ્યક્તિની યાદગીરી સ્વરૂપે કોઈ તહેવાર ઉજવવાના રિવાજને છોડીને તેના બદલે સૈદ્ધાંતિક રીતે હેતુની કે ધ્યેયની પ્રાપ્તિની યાદગીરી સ્થાપવા માટેના સિદ્ધાંતો સ્થાપિત કર્યા છે.

હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ને "ખલીલુલ્લાહ" લકબ આપવામાં આવ્યો અને કુર્આને કરીમમાં તેમની કસોટીઓ અને તે બધામાં તેમના ખરા ઊતરવાને વખાણવામાં આવ્યું. وَاِذِابْتَلٰٓى اِبْرٰهٖمَ رَبُّهٗ بِكَلِمٰتٍ فَاَتَمَّهُنَّ (૨ : ૧૨૪)નો આ જ અર્થ સમજાય છે, પરંતુ ન તો તેમનો જન્મદિવસ મનાવવામાં આવ્યો, ન જ તેમનો મૃત્યુદિન મનાવવામાં આવ્યો. તેમના વહાલસોયા પુત્ર હઝરત ઇસ્માઈલ (અલૈ.) અને તેમની વાલિદહના જન્મ અને મોત તથા અન્ય પરિસ્થિતિઓની કોઈ યાદગીરી કાયમ કરવામાં નથી આવી. બલકે, તેમના અમલોમાં જે વસ્તુ દીનના હેતુઓ પ્રાપ્ત કરવા ઉપર આધારિત હતી, તે યાદગીરીઓને ન જ ફક્ત સુરક્ષિત કરવામાં આવી બલકે, આવનારી નસ્લોના દીન અને ધર્મોનો અંગ તથા ફરજ અને વાજિબ.... ઠરાવવામાં આવ્યું. કુર્બાની, ખત્ના, સફા-મરવહ દરમિયાન દોડવું (સઈ કરવી), મિનામાં ત્રણ જગ્યાએ કાંકરીઓ મારવી. આ બધું તે જ મહાન હસ્તીઓની એવી પ્રવૃત્તિઓની યાદગીરીમાં છે, જે તેમણે પોતાની

મનેચ્છાઓ અને મનુષ્યના પ્રાકૃતિક તકાદાઓને અલ્લાહ તઆલાની ખુશ્નૂદીના મુકાબલામાં કચડી નાંખી અદા કરી અને જેમાં દરેક યુગ અને પ્રત્યેક સમયના લોકોને તેમાંથી બોધપાઠ મળે છે કે, માનવોએ અલ્લાહ તઆલાની ખુશ્નૂદી માટે પોતાની વહાલામાં વહાલી વસ્તુને પણ કુરબાન કરી દેવી જોઈએ.

આ જ પ્રમાણે ઈસ્લામમાં કોઈ મોટામાં મોટામાં વ્યક્તિની મોત અથવા જિંદગી અથવા તેના વ્યક્તિગત જીવનની કોઈ ખાસ બાબતને મનાવવાના બદલે તેમના દીનના અમલોને મનાવવામાં આવ્યા, જે કોઈ ખાસ ઈબાદતના સ્વરૂપમાં અસ્તિત્વમાં આવ્યા. જેમકે, શબે બરાઅ્ત, રમઝાનુલ મુબારક, શબે કદ્ર, યવ્મે અરફા, યવ્મે આશૂરા, બંને ઈદો વગેરે... ઈદો ફક્ત બે રાખવામાં આવી, તે પણ ખાસ દીની પદ્ધતિ પ્રમાણે. પહેલી ઈદ રમઝાનુલ મુબારક પૂર્ણ થયે શવ્વાલનો મહિનો શરૂ થવા ઉપર રાખવામાં આવી અને બીજી ઈદ હજ્જની પૂર્ણતા ઉપર નક્કી કરવામાં આવી.

ખુલાસો એ છે કે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના તે જવાબે એ બતાવી દીધું કે, યહૂદીઓ અને નસારાની જેમ અમારી ઈદો ઐતિહાસિક ઘટનાઓના આધારે નથી કે, જેમાં ઈતિહાસમાં કોઈ અગત્યની ઘટના ઘટી હોય તેને ઈદ સ્વરૂપે મનાવીએ, જેમકે અજ્ઞાનતાના યુગમાં આવા કુરિવાજો હતા અને આજકાલ આધુનિક જાહિલો તો તેને ખૂબ ફેલાવી રહ્યા છે. એટલે સુધી કે, બીજી કૌમોની નકલ કરીને મુસલમાનોને પણ આ કુરિવાજમાં સપડાવી દીધા છે.

ઈસાઈઓએ હઝરત ઈસા (અલૈ.)ના જન્મ દિવસને ઈદ સ્વરૂપે મનાવ્યો, તેમને જોઈને અમુક મુસલમાનોએ રસૂલે કરીમ ﷺના જન્મદિવસને "ઈદે મિલાદુન્નબી"ના નામથી એક ઈદ બનાવી દીધી, તે દિવસે બજારોમાં જુલૂસ કાઢવા લગ્યા અને તેમાં જાત-જાતની બિદ્અતો થવા લાગી તથા રાત્રે દીવા સળગાવવા વગેરેને ઈબાદત સમજીને કરવા લાગ્યા. કોઈને આવા તહેવારો ઉજવ્યાનો કોઈ હવાલો સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અથવા અસ્લાફે દીનના જીવનમાં જોવા નહીં મળે.

હકીકત એ છે કે, આ દિવસોને તહેવાર તરીકે મનાવવો તે કૌમોના રિવાજમાં તો ચાલી શકે છે કે, જેઓ વિશેષતા ધરાવનાર મહામાનવોના

આશ્ચર્યજનક કારનામાઓથી વંચિત છે. બે-ચાર વ્યક્તિઓ સમગ્ર કૌમમાં એ પ્રમાણે યોગ્ય હોય અને તેમાંથી પણ અમુક ખાસ નામો એવા હોય છે, જેમની યાદ મનાવવામાં આ કૌમો પોતાનો કૌમી ગર્વ અને ફખ્ર સમજે છે.

ઈસ્લામમાં આ દિવસો મનાવવાનો રિવાજ ચલાવવામાં આવે તો એક લાખ ચોવીસ હજાર ઓછા-વત્તા અંબિયા (અલૈ.) આવ્યા છે, જેમાંથી દરેકનો જન્મ બલકે, તેમના આશ્ચર્યજનક કારનામાઓની એક લાંબી યાદી છે, જે દિવસો તહેવાર તરીકે ઉજવવા જોઈએ. અંબિયા (અલૈ.) પછી ખાતમુલ અંબિયા ﷺની પવિત્ર જિંદગી ઉપર દષ્ટિપાત કરો તો આપને તેમના પવિત્ર જીવનનો કોઈ એકાદ દિવસ પણ આવા કારનામાઓથી ખાલી નહીં મળે, તો પછી આ બધા જ દિવસોને તહેવાર તરીકે ઉજવવા જોઈએ. રસૂલે કરીમ ﷺના બાળપણથી લઈને યુવાની સુધી તે વિશેષતાઓ જેણે સંપૂર્ણ અરબમાં આપ ﷺને "અમીન"નો લકબ અપાવ્યો હતો, શું તે એવી બાબત નથી કે મુસલમાનો તેની યાદગીરી સ્વરૂપે તહેવાર ઉજવે ? ત્યાર પછી કુર્આનનું નાઝિલ થવું, હિજરતનો પ્રસંગ, ગઝ્વએ બદ્ર, ઉહદ, ખંડક, ફત્હે મક્કા, હુનૈન અને તબૂકના પવિત્ર યુદ્ધો અને બધા જ ગઝ્વાતમાં રસૂલે કરીમ ﷺ સામેલ છે. એક પણ એવી ઘટના નથી કે, જે યાદગીરી મનાવવાના કાબેલ ન હોય ! એ જ પ્રમાણે રસૂલે કરીમ ﷺના અનેક મોઅ્જિઝાઓ યાદગીરી મનાવવાની વસ્તુઓ છે અને વિવિકેબુદ્ધિના અંતઃચક્ષુથી રસૂલે કરીમ ﷺના જીવન ઉપર એક દષ્ટિ નાંખશો તો તમને રસૂલે કરીમ ﷺની પવિત્ર જિંદગીમાં દરેક દિવસે નહીં પરંતુ દરેક ક્ષણ યાદગારી મનાવવાનો પ્રસંગ દેખાશે.

રસૂલે કરીમ ﷺ પછી લગભગ દોઢ લાખ સહાબએ કિરામ (રદિ.) તે સહાબા છે કે, તે બધા જ વાસ્તવમાં રસૂલે કરીમ ﷺનો એક જીવતો-જાગતો મોઅ્જિઝો છે. શું તે અન્યાય નહીં કહેવાય જો આપણે તેમની યાદગીરી ન મનાવીએ ? અને જો આ જ રિવાજ ચાલુ થઈ જશે તો પછી સહાબએ કિરામ (રદિ.) પછી ઉમ્મતના અકાબીરો, અવલિયાઓ, અલ્લાહવાળા અને ઉલમા, મશાઈખ તથા વલીઓ ઉપર નજર નાંખો, જે કરોડોની સંખ્યામાં છે. જો સહાબાઓને છોડીને આ બધા લોકોની યાદગીરી મનાવવામાં આવે તો શું તેમના હકમાં અન્યાય અને તેમની કદર ન કરવાનો આક્ષેપ નહીં લાગે ? અને જો એવું

નક્કી કરી લેવામાં આવે તો વર્ષમાં એક દિવસ પણ આવી યાદગીરી મનાવવાથી ખાલી નહીં રહે. બલકે, દરેક દિવસ, દરેક કલાક કોઈને કોઈ યાદગીરી અને કોઈને કોઈ ઈદ મનાવવી જ પડશે.

એ જ કારણ છે કે, રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)એ જાહિલિયતના આવા કુરિવાજોને અજ્ઞાનતાના રિવાજો ઠરાવી છોડી દીધા. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના ઉપરોક્ત વર્ણવેલ ફરમાનમાં પણ આ જ ઈશારો છે.

હવે, આયતનો અર્થ અને તેના હેતુઓની વિગત સાંભળો, તેમાં અલ્લાહ તબારક વ તઆલાએ રસૂલે કરીમ ﷺ અને આપની ઉમ્મતને ત્રણ વિશિષ્ટ ઈનામો અર્પણ કરવાની ખુશખબરી આપી છે. એક, દીનની પૂર્ણતા; બીજું, નેઅ્મતો પૂર્ણ થવી; ત્રીજું, શરીઅતે ઈસ્લામને આ ઉમ્મત માટે કાયમી ધોરણે નક્કી કરવું.

દીનની પૂર્ણતાનો અર્થ કુર્આનના મુફસ્સિર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) વગેરેએ એ રીતે વર્ણન કર્યો છે કે, આજે દીને હક તમામ હદો અને ફરજો તથા હુકમો અને અદબોમાં પૂર્ણ કરવામાં આવ્યો છે. હવે, તેમાં ન કોઈ વધારો અથવા તો અતિરેક કરવાની આવશ્યકતા બાકી રહે છે અને ન જ કોઈ કમી કરવાની સંભાવના છે. (રૂહુલ મઆની) એ જ કારણ છે કે, ઈસ્લામના અમુક હુકમોમાં કોઈ નવો હુકમ નાઝિલ નથી થયો. આ આયત પછી જે અમુક આયતો નાઝિલ થઈ છે, તેમાં પ્રોત્સાહન અને પ્રેરણાના વિષયો છે અથવા તો અગાઉ અત્યાર સુધી કરવામાં આવેલ હુકમોની તાકીદ છે.

આ બાબત એનાથી વિપરીત નથી કે, સિદ્ધાંતોની રૂએ અથવા ઈજ્તેહાદ હેઠળ મુજ્તહિદીન ઈમામોએ નવા-નવા ઉપસ્થિત થનારા પ્રસંગો અને સમસ્યાઓ સંદર્ભે પોતાના ઈજ્તેહાદથી શરીઅતના હુકમો વર્ણન કર્યા છે. કારણ કે, કુર્આને કરીમે જે પ્રમાણે શરીઅતના હુકમોની મર્યાદાઓ અને ફરજો વગેરે વર્ણન કર્યું છે, એ જ પ્રમાણે ઈજ્તેહાદના સિદ્ધાંતો પણ કુર્આને નક્કી કર્યા છે, તેના દ્વારા જે હુકમો કયામત સુધી કાઢવામાં આવશે, તે બધા કુર્આનના એ સ્વરૂપમાંથી જ સંશોધિત કરેલા હુકમો ગણાશે. કારણ કે, તે જ સિદ્ધાંતો હેઠળ આ હુકમો સંશોધિત થયેલા છે જે સિદ્ધાંતોને કુર્આને વર્ણન કર્યા છે.

ખુલાસો એ છે કે, દીનની પૂર્ણતાનો અર્થ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ની તફસીર પ્રમાણે એ છે કે, દીનના બધા જ હુકમો પૂર્ણ કરવામાં આવ્યા અને હવે ન તેમાં કોઈ વધારાની જરૂરત બાકી રહે છે, ન તો કોઈ હુકમ મન્સૂખ થવાની અથવા રદ થવાની કોઈ સંભાવના બાકી રહે છે. કારણ કે, ત્યાર પછી સતત ચાલી રહેલો વહીનો ક્રમ રસૂલે કરીમ ﷺની વફાત સાથે જ હંમેશાના માટે તૂટી જવાનો છે અને અલ્લાહની વહી વિના કુર્આનનો કોઈ હુકમ મન્સૂખ અથવા રદ નથી થઈ શકતો અને જે દેખીતી રીતે હુકમોમાં વધારા ઈજ્તેહાદના સિદ્ધાંત સ્વરૂપે ફુક્હા અથવા મુજ્તહિદીન તરફથી થાય છે, તે વાસ્તવમાં કોઈ વધારો, અતિશયોક્તિ કે અતિરેક નથી. બલકે, કુર્આનના હુકમોની સ્પષ્ટતા અને ખુલાસો છે.

નેઅ્મત પૂર્ણ થવાનો અર્થ મુસલમાનોનો વિજય અને તેમની પ્રગતિ તથા વિરોધીઓના પરાજિત થવાના સંદર્ભમાં છે, જે મક્કા મુકર્રમહની ફતહ સાથે જાહેર થયું અને અજ્ઞાનતાના કુરિવાજોનો નાશ કરવાથી અને તે વર્ષે હજ્જમાં કોઈ મુશ્રિક સામેલ ન થવાથી નેઅ્મતોનું પૂર્ણ થવું સાબિત થઈ ગયું.

અહીંયાં કુર્આનમાં આ બાબત પણ વિચાર કરવા યોગ્ય છે કે, દીનની સાથે "સંપૂર્ણ" (اِكْمَال ઈકમાલ)નો ઉપયોગ કરવામાં આવ્યો અને નેઅ્મતની સાથે શબ્દ اِتْمَام (ઈતમામ)નો ઉપયોગ થયો. જ્યારે કે, આ બંને શબ્દો દેખીતી રીતે એકબીજાના સમાનાર્થી છે, પરંતુ વાસ્તવમાં આ બંનેના અર્થમાં એક તફાવત એ છે જેને મુફરદાતુલ કુર્આનમાં ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.)એ આ રીતે વર્ણન કર્યો છે કે, કોઈ વસ્તુનું اِكْمَال અને تَكْمِيْل (પૂર્ણ થવું) તેને કહેવામાં આવે છે કે, તે વસ્તુ જે હેતુ અને ધ્યેય માટે હતી તે હેતુ પૂર્ણ થઈ ગયો અને શબ્દ اِتْمَام (ઈતમામ) "પૂરું થવું"નો અર્થ એ છે કે, હવે બીજી કોઈ વસ્તુની આવશ્યકતા કે જરૂરત નથી રહી. એટલા માટે اِكْمَالِ دِيْن (ઈકમાલે દીન)નો અર્થ એ થયો કે, અલ્લાહનો કાનૂન અને દીનના અહકામ આ દુનિયામાં મોકલવાનો જે મકસદ હતો, તે આજે પૂર્ણ કરી દેવામાં આવ્યો અને اِتْمَامِ نِعْمَت (ઈતમામે નેઅ્મત)નો અર્થ એ થયો કે, હવે મુસલમાન કોઈનો પણ મોહતાજ નથી, તેને પોતે અલ્લાહ જલ્લ શા'નુહૂએ વિજયી બનાવ્યો છે અને તેને શક્તિ તથા શા'સન અર્પણ કર્યું છે, જેના દ્વારા તે આ દીને હકના હુકમોને લાગુ પાડશે.

અત્રે એ વાત પણ ધ્યાન આપવા પાત્ર છે કે, આ આયતમાં દીનને તો મુસલમાનો સાથે નિસ્બત જોડીને ફરમાવવામાં આવ્યું છે અને નેઅ્મતને હક તઆલા શા'નુહૂ સાથે નિસ્બત જોડી વર્ણન થયું છે, તેનું કારણ એ છે કે દીનની જાહેરાત તેના અમલો અને પ્રવૃત્તિઓ દ્વારા થાય છે, જે ઉમ્મતના લોકો દ્વારા જાહેર થાય છે. જ્યારે કે નેઅ્મતની પૂર્ણતા સીધે-સીધી અલ્લાહ તબારક વ તઆલા તરફથી થાય છે. *(ઈબ્ને કય્યિમ, તફસીરુલ કય્યિમ)*

આ ચર્ચાથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે, દીન આજે પૂર્ણ થવાનો અર્થ એ નથી કે, અગાઉના અંબિયા (અલૈ.)ના દીન અધૂરા અને અપૂર્ણ હતા. બલકે, જેમકે તફસીરે બહરે મુહીતમાં કિફાલ મરવુઝી (રહ.)ના હવાલાથી વર્ણન થયું છે કે, દીન તો દરેક નબી અને રસૂલ (અલૈ.)ના તેમના જમાનાના સંદર્ભમાં સંપૂર્ણ હતો, એટલે કે, જે યુગમાં જે પયગમ્બર (અલૈ.) કોઈપણ શરીઅત અથવા દીન અલ્લાહ તરફથી લઈને આવ્યા, ત્યારે તે યુગ પ્રમાણે તેમનો લાવેલ દીન કૌમ માટે સંપૂર્ણ અને મુકમ્મલ દીન હતો, પરંતુ અલ્લાહ જલ્લ શા'નુહૂના જ્ઞાનમાં આ વિગત પ્રથમથી જ હતી કે, જે દીન આ યુગ અને આ કૌમ માટે સંપૂર્ણ છે તે હવે પછી આવનારા યુગમાં અને તે યુગની કૌમો માટે સંપૂર્ણ નહીં હોય. બલકે, તેને મન્સૂખ (રદ) કરીને બીજો દીન અને શરીઅત લાગુ પાડવામાં આવશે અને અંતે ઈસ્લામની શરીઅત નાઝિલ કરવામાં આવી, જે દરેક સ્વરૂપે દરેક રીતે સંપૂર્ણ અને મુકમ્મલ છે. ન તે કોઈ ખાસ યુગ માટે વિશેષ સ્વરૂપે છે અને ન કોઈ ચોક્કસ પ્રદેશ કે કૌમ સાથે જોડાયેલ છે બલકે, કયામત સુધી દરેક યુગમાં, દરેક પ્રદેશમાં, દરેક કૌમમાં આ જ શરીઅત સંપૂર્ણ અને અંતિમ શરીઅત તરીકે લાગુ પાડવામાં આવી છે.

ત્રીજું ઈનામ જે આ ઉમ્મત માટે આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે, તે એ છે કે, આ ઉમ્મત માટે અલ્લાહ જલ્લ શા'નુહૂએ પોતાના તરફથી દીને ઈસ્લામને નક્કી કરી દીધો, જે દરેક સ્વરૂપે સંપૂર્ણ છે અને છુટકારો તેના ઉપર અમલ કરવામાં જ છે.

ચર્ચાનો ઉપસંહાર (સારાંશ-ખુલાસો) એ છે કે, આ આયતે એવું બતાવી દીધું કે, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે દીને ઈસ્લામ એક ઘણી મોટી નેઅ્મત

છે, જે તેમને અર્પણ કરવામાં આવી છે અને આ જ તે દીન છે જે દરેક સ્વરૂપમાં, દરેક યુગમાં સંપૂર્ણ અને અમલ કરવા પાત્ર છે અને હવે ન તો કોઈ નવો દીન આવશે અને ન જ આ દીનમાં કોઈ સુધારો-વધારો થશે.

આ જ કારણ હતું કે, જ્યારે આ આયત નાઝિલ થઈ તો સામાન્ય મુસલમાનો તેને સાંભળીને ખુશ થઈ રહ્યા હતા, પરંતુ હઝરત ઉમર ફારૂક (રદિ.) ઉપર ગમ સવાર હતો. રસૂલે કરીમ ﷺએ તેમને રડવાનું કારણ પૂછ્યું તો કહ્યું કે, "આ આયતથી તે તરફ ઈશારો થાય છે કે, હવે તમે આ દુનિયામાં થોડા સમય માટે રહેવાના છો. કારણ કે, પૂર્ણતાની સાથે રસૂલ મોકલવાની જરૂરત પૂરી થઈ ચૂકી." રસૂલે કરીમ ﷺએ તેમની વાતને સમર્થન આપ્યું.

(તફસીરે ઈબ્ને કષીર, બહેર મુહીત વગેરે..)

એટલા માટે ત્યાર પછી આવનારા સમયે બતાવી દીધું કે, ફક્ત ૮૧ દિવસ પછી રસૂલે કરીમ ﷺ આ દુનિયાથી રવાના થઈ ગયા.

આયતના અંતમાં فَمَنِ اضْطُرَّ فِي مَخْمَصَةٍ નો સંબંધ તે જાનવરો સાથે છે, જેને આયતની શરૂઆતમાં હરામ ઠરાવવામાં આવ્યા છે અને આ વાક્યોનો અર્થ એક ખાસ પરિસ્થિતિમાં સામાન્ય કાયદામાં એક અપવાદ સ્વરૂપે છે કે, જો કોઈ વ્યક્તિ ભૂખથી લાચાર અને બેતાબ થઈ જાય અને તેને ભૂખના કારણે મૃત્યુનો ભય હોય, એવી પરિસ્થિતિમાં જો તે ઉપરોક્ત વર્ણવેલ હરામ જાનવરોમાંથી જીવ બચાવવા પૂરતું ખાઈ લે તો તેને કોઈ ગુનોહ નથી, પરંતુ શરત માત્ર એ છે કે, પેટ ભરીને અથવા સ્વાદ કે લિજ્જત માટે ખાવાનો હેતુ ન હોય, બલકે ફક્ત એટલું ખાય જેનાથી ઈજ્તિરાર (મજબૂરી)ની પરિસ્થિતિ અને ભૂખથી મૃત્યુ થવાની આશંકા દૂર થઈ જાય.

આયતમાં غَيْرَ مُتَجَانِفٍ لِّإِثْمٍ નો આ જ ભાવાર્થ છે કે, આ ખાવામાં તેનું વલણ ગુનાહ તરફ ન હોય બલકે, ફક્ત ઈજ્તિરારની પરિસ્થિતિ દૂર કરવાનું કારણ હોય. અંતે فَإِنَّ اللَّهَ غَفُورٌ رَّحِيمٌ કહીને એ તરફ ઈશારો કર્યો છે કે, હરામ વસ્તુઓ તો તેની જગ્યાએ આવા સમયે હરામ જ છે અને નાજાઇઝ જ છે. ફક્ત ઈજ્તિરારની પરિસ્થિતિના કારણે આવા વ્યક્તિ માટે તે હરામ વસ્તુઓ ખાવાનો ગુનોહ મા'ફ કરવામાં આવ્યો.

આયત : (સૂરએ માઇદહ : આયત નં. ૪)

يَسْـَٔلُوْنَكَ مَاذَآ اُحِلَّ لَهُمْ ۭ قُلْ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ۙ وَمَا عَلَّمْتُمْ مِّنَ
الْجَوَارِحِ مُكَلِّبِيْنَ تُعَلِّمُوْنَهُنَّ مِمَّا عَلَّمَكُمُ اللّٰهُ ۡ فَكُلُوْا مِمَّآ اَمْسَكْنَ
عَلَيْكُمْ وَاذْكُرُوا اسْمَ اللّٰهِ عَلَيْهِ ۠ وَاتَّقُوا اللّٰهَ ۭ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ④

તરજુમો :

(હે નબી ﷺ!) તમને પૂછે છે કે કઈ વસ્તુ તેમના હલાલ છે ? કહી આપો ! તમને હલાલ છે તય્યિબ (પાક-સાફ) વસ્તુઓ અને જે શિકારી પ્રાણીને શિકાર ઉપર દોડાવવા માટે છોડો કે તેમને તેમાંથી શિખવાડો છો જે તમને અલ્લાહે શિખવાડ્યું છે, બસ તેમાંથી ખાઓ જે તમારા માટે પકડી રાખે, અને તેના ઉપર અલ્લાહનું નામ લો અને અલ્લાહથી ડરતા રહો; બેશક ! અલ્લાહ જલદી હિસાબ લેનારો છે. (૪)

આયતનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતમાં હલાલ અને હરામ જાનવરોનું વર્ણન હતું, આ આયતમાં એ જ બાબત સંદર્ભે એક પ્રશ્નનો જવાબ છે. સહાબએ કિરામ (રદિ.)એ રસૂલે કરીમ ﷺને શિકારી કૂતરા તથા શિકારી બાજ (શકરા) દ્વારા શિકાર કરવાનો હુકમ પૂછ્યો હતો. આ આયતમાં તેનો જવાબ આપવામાં આવ્યો છે.

તફસીર :

લોકો આપ (ﷺ)ને પૂછે છે કે, (કૂતરા અને બાજના શિકાર કરેલા જાનવરમાંથી) કયું કયું જાનવર તેમના માટે હલાલ કરવામાં આવ્યું છે ? (એટલે જેટલા હલાલ શિકાર ઝબહ કરવાથી હલાલ થઈ જાય છે, શું કૂતરા અને બાજના શિકાર કરેલા તે બધા જ જાનવર હલાલ રહે છે અથવા તેમાંથી માત્ર કોઈ ખાસ જાનવર જ હલાલ હોય છે ? અથવા તો સદંતર કોઈ હલાલ નથી હોતું ? અથવા તો જે હલાલ હોય છે તેની હલાલ હોવાની શરતો શું છે ? વગેરે....) તમે (જવાબમાં) કહી આપો કે, તમારા માટે બધા જ હલાલ જાનવરો (જે શિકારના

પ્રકાર સ્વરૂપે પહેલેથી હલાલ છે અને તે બધા જ કૂતરા અને બાજ-શકરા દ્વારા શિકાર કરવાથી પણ) હલાલ રાખવામાં આવ્યા છે. (આ સવાલના પહેલા વિભાગનો જવાબ છે, આગળ બીજા વિભાગનો જવાબ એ છે કે, કૂતરા અને બાજના શિકાર હલાલ થવા માટે અમુક શરતો છે, તે એ કે) જે શિકારી જાનવરોને (દાખલા તરીકે, કૂતરા, બાજ વગેરે) તમે ખાસ પદ્ધતિથી (જેનું વર્ણન આગળ આવશે) તા'લીમ આપો (આ એક શરત છે) અને તમે તેને (શિકાર ઉપર) છોડો પણ (આ બીજી શરત છે); અને તેમને (જે તા'લીમ આપવાનું ઉપર વર્ણન થયું છે) એ પદ્ધતિથી તા'લીમ આપો કે જેવી તમને અલ્લાહે (શરીઅતમાં) તા'લીમ આપી છે (તે પદ્ધતિ એ છે કે, કૂતરાને તો એવી તા'લીમ આપવામાં આવે કે શિકાર પકડી રાખે, તેને ખાય નહીં અને બાજને એવી તા'લીમ આપવામાં આવે કે, જ્યારે તેને બોલાવે ત્યારે ભલે તે શિકાર પાછળ પડ્યો હોય, તરત જ પાછો આવી જાય. આ પ્રથમ શરતનું વર્ણન છે) તો આવા શિકારી જાનવરો જે શિકારને તમારા માટે પકડે તેને ખાઈ લો (આ ત્રીજી શરત છે જેની નિશાની ટ્રેનીંગની પદ્ધતિમાં વર્ણન થઈ ચૂકી છે. બસ, જો કોઈ કૂતરો આ શિકારને ખાવા માંડે અથવા બાજ બોલાવવાથી પાછો ન આવે તો સમજવામાં આવશે કે, આ શિકારી જાનવરો તેના કહ્યામાં નથી, એવી પરિસ્થિતિમાં એવું સમજવામાં આવશે કે, તેણે શિકાર પણ તેના માલિક માટે નથી પકડ્યો, બલકે પોતાના માટે પકડ્યો છે) અને (જ્યારે શિકાર ઉપર તે શિકારી જાનવરોને છોડવા માંડો તો) તે (જાનવર) ઉપર (એટલે કે, તેને છોડતી વખતે) અલ્લાહનું નામ પણ લઈ લો (એટલે કે, બિસ્મિલ્લાહ પઢીને છોડો. આ ચોથી શરત છે) અને (બધા જ કામોમાં) અલ્લાહથી ડરતા રહો (દાખલા તરીકે, ન શિકારમાં એવા મશ્ગૂલ થઈ જાઓ કે, નમાઝ વગેરેથી બેદરકારી થવા લાગે અથવા તો એટલી લાલચ ન કરો કે, હલાલની શરતો વિના પણ તેમાંથી ખાવા માંડો), બેશક ! અલ્લાહ તઆલા ઘણો જ જલદી હિસાબ લેનારો છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત સવાલ-જવાબમાં શિકારી કૂતરા અને બાજ (શકરા) વગેરે દ્વારા કરવામાં આવેલ શિકાર હલાલ હોવા માટે ચાર શરતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રથમ એ કે, કૂતરા અથવા બાજ તા'લીમ આપેલા અને કેળવાયેલા હોવા

જોઈએ અને તા'લીમ તથા કેળવણી માટેનો નિયમ એ ઠરાવવામાં આવ્યો કે, જ્યારે તમે કૂતરાને શિકાર ઉપર છોડો ત્યારે તે શિકારને પકડીને તમારી પાસે લઈ આવે, પોતે તેને ખાવા ન માંડે અને બાજ માટે પણ આ જ નિયમ નક્કી કર્યો છે કે, જ્યારે તમે તેને પાછો બોલાવો ત્યારે તે તરત તમારી પાસે પરત આવી જાય. ભલે તે શિકારની પાછળ પડ્યો હોય, જ્યારે આ શિકારી જાનવર આ પ્રમાણે કેળવાય જાય ત્યારે એવું સાબિત થશે કે, તે જે પણ હલાલ જાનવર કે પક્ષીનો શિકાર કરે છે તે પોતાના માટે નથી કરતા. હવે, તે શિકારી જાનવરે કરેલો શિકાર તમારો શિકાર સમજવામાં આવશે અને જો કોઈ વખતે તે આ કેળવણી અને ટ્રેનીંગ વિરુદ્ધ વર્તન કરે, દાખલા તરીકે કૂતરો પોતે શિકાર ખાવા માંડે અથવા બાજ તમારા બોલાવવાથી પાછો ન આવે, તો આ શિકાર તમારો રહ્યો નથી. એટલા માટે તે શિકારને ખાવો જાઇઝ નથી.

બીજી શરત એ છે કે, તમે પોતે જ પોતાના ઈરાદાથી કૂતરાને અથવા બાજને શિકારની પાછળ છોડો, એવું ન થાય કે તે પોતે જ કોઈ શિકારની પાછળ દોડીને તેનો શિકાર કરી લે. પ્રસ્તુત આયતમાં આ શરતને આ શબ્દ مُكَلِّبِيْنَ થી વર્ણન કરવામાં આવી છે, જેનો વાસ્તવિક અર્થ "કૂતરાઓને શિખવાડવા"નો થાય છે, પછી સામાન્ય શિકારી પ્રાણીઓને શિખવાડવું એ શિકાર ઉપર છોડવાના અર્થમાં પણ ઉપયોગ થવા લાગ્યું. જલાલૈનના કર્તાએ આ સ્થળે مُكَلِّبِيْنَ ની તફસીર اِرْسَال થી કરી છે, જેનો અર્થ "શિકાર ઉપર છોડવું" થાય છે અને તફસીરે કુર્તુબીમાં પણ આ જ કૌલ નકલ થયો છે.

ત્રીજી શરત એ છે કે, શિકારી જાનવર શિકારને પોતે ન ખાવા માંડે બલકે, તમારી પાસે લઈ આવે. આ શરતનું વર્ણન مِمَّا اَمْسَكْنَ عَلَيْكُمْ થી થયું છે.

ચોથી શરત એ છે કે, જ્યારે શિકારી કૂતરાને અથવા બાજને શિકાર ઉપર છોડો તો "બિસ્મિલ્લાહ" કહીને છોડો. જ્યારે આ ચાર શરતો પૂરી થઈ હોય અને જો જાનવર તમારી પાસે આવતા સુધીમાં મરી ચૂક્યું હોય તો પણ હલાલ છે, ઝબહ કરવાની જરૂરત નથી. ઉપરોક્ત શરતો પૂર્ણ ન થતી હોય તો ઝબહ કર્યા વગર તમારા માટે તે જાનવર હલાલ નહીં થાય.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) નજીક એક પાંચમી શરત પણ છે કે,

આ શિકારી જાનવર શિકારને ઘાયલ પણ કરે, આ શરતનો جَـــوَارِحُ શબ્દમાં ઈશારો મૌજૂદ છે.

મસ્અલો :

આ હુકમ પાળેલાં પાલતું પ્રાણીઓ સિવાયના હલાલ જાનવરો માટેનો છે કે, જે જાનવરો પોતાના કબજામાં હોતા નથી. જો કોઈ આવા પાળેલાં ન હોય એવા જંગલી જાનવરને પોતાના કાબૂમાં કરી લે તો તે જાનવર કાયદેસર શરઈ રીતે ઝબહ કર્યા વિના જાઈઝ નહીં થાય.

આયતના અંતે એ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે કે, જાનવરનો શિકાર અલ્લાહ જલ્લ શા'નુહૂ દ્વારા હલાલ તો કરવામાં આવ્યો છે, પરંતુ જો શિકારની પાછળ એટલા ઓતપ્રોત થઈ જાય કે નમાઝ અને શરીઅતના જરૂરી હુકમોથી બેદરકારી સેવવા લાગે તો તે જાઈઝ નથી.

આયત : (સૂરએ માઇદહ : આયત નં. ૫)

اَلْيَوْمَ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ۭ وَطَعَامُ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ حِلٌّ لَّكُمْ ۠
وَطَعَامُكُمْ حِلٌّ لَّهُمْ ۡ وَالْمُحْصَنٰتُ مِنَ الْمُؤْمِنٰتِ وَالْمُحْصَنٰتُ مِنَ
الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ اِذَآ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ مُحْصِنِيْنَ
غَيْرَ مُسٰفِحِيْنَ وَلَا مُتَّخِذِيْٓ اَخْدَانٍ ۭ وَمَنْ يَّكْفُرْ بِالْاِيْمَانِ فَقَدْ حَبِطَ عَمَلُهٗ ۡ
وَهُوَ فِي الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ ۝

તરજુમો :

આજે હલાલ થઈ તમને બધી તચ્યિબ (પાક-સાફ) વસ્તુઓ અને અહલે કિતાબનું ખાવું તમને હલાલ છે અને તમારું ખાવું તેમને હલાલ છે, અને તમને હલાલ છે પાકદામન મુસલમાન સ્ત્રીઓ અને તેમનામાંથી પાકદામન સ્ત્રીઓ જેમને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી, જ્યારે તેમને

તેમની મહર આપો (નિકાહના) બંધનમાં લાવવા માટે, ન મસ્તી (વાસના સંતોષવા આનંદ પ્રમોદ) કરવા માટે અને ન ગુપ્ત મજા કરવા માટે; અને જે ઈમાનથી ઈન્કારી થયો તો તેની મહેનત વ્યર્થ થઈ અને આખિરતમાં તે નુકસાનવાળાઓમાં છે. (૫)

તફસીર :

આજે (તમારા ઉપર હંમેશ માટે કાયમ રહેનાર દીનનું ઈનામ સંપૂર્ણ રીતે આપી દેવામાં આવ્યું છે, એ જ પ્રમાણે એક દુનિયાનું ઈનામ પણ આપવામાં આવ્યું કે) તમારા માટે હલાલ વસ્તુઓ (કે જે આનાથી પહેલાં હલાલ કરવામાં આવી હતી, હંમેશ માટે) હલાલ રાખવામાં આવી (કે હવે ક્યારેય આ હુકમ રદ નહીં થાય) અને જે લોકોને (તમારાથી અગાઉ આસમાની) કિતાબ આપવામાં આવી છે (એટલે કે યહૂદી અને નસારા) તેમનું ઝબહ કરેલું (પણ) તમારા માટે હલાલ છે અને (તેનું હલાલ હોવું એવું ચોક્કસ છે જેમકે) તમારું ઝબહ કરેલું તેમના માટે હલાલ છે અને પાકદામન સ્ત્રીઓ પણ, જે મુસલમાન હોય (તમારા માટે હલાલ છે) અને (જે રીતે મુસલમાન ઔરતોનું હલાલ હોવું ચોક્કસ છે, એ જ પ્રમાણે) નેક દામન ઔરતો તે લોકોમાંથી પણ જેમને તમારા અગાઉ (આસમાની) કિતાબ આપવામાં આવી છે (તમારા માટે નિકાહમાં લાવવી હલાલ છે), જ્યારે તમે તેમને તેમનું વળતર (મહર) આપી દો (એટલે કે મહર આપવી શરત તો નથી પરંતુ વાજિબ છે અને પ્રસ્તુત ઔરતો જે હલાલ કરવામાં આવી છે તો) એ પ્રમાણે કે તમે (તેમને) પત્ની બનાવો (એટલે કે નિકાહમાં લાવો, જેની શરઈ શરતો તમને ખબર છે) ન તો ખુલ્લમ-ખુલ્લી બદ્કારી તરફ અને ન જ ગુપ્ત રીતે છાનગપતિયાં કરો (આ બધા શરીઅતના હુકમો છે, જેના ઉપર ઈમાન લાવવું ફરજ છે) અને જે વ્યક્તિ ઈમાન (લાવવાની વસ્તુઓ) સાથે કુફ્ર કરશે (દાખલા તરીકે, કતઈ હલાલને હલાલ અને કતઈ હરામને હરામ હોવાનો ઈન્કાર કરશે) તો આવા વ્યક્તિના (દરેક નેક) અમલો બરબાદ (અને વ્યર્થ) થઈ જશે અને તે વ્યક્તિ આખિરતમાં ભારે નુકસાન ઉઠાવનારાઓમાંથી હશે (બસ, હલાલને હલાલ સમજો અને હરામને હરામ સમજો).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ માઈદહની પ્રથમ આયતમાં પાલતું જાનવરો જેમકે, બકરી, ગાય,

ભેંસ, ઘેટા વગેરે વિશે હલાલ હોવાનું વર્ણન થયું છે અને ત્રીજી આયતમાં જાનવરોના હરામ પ્રકારોનું વિગતવાર વર્ણન છે, પરંતુ આ વિગતના પ્રથમ વાક્યમાં આ સંપૂર્ણ વિષયનો ખુલાસો એ રીતે વર્ણન કરી દીધો છે કે, તેમાં જાનવરોના હલાલ અને હરામ હોવાની ખાસિયતો પણ જાણ થઈ અને તેનું એક માપદંડ તથા નિયમો પણ સમજમાં આવી ગયા.

ઈરશાદ થયો છે, أُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ એટલે કે, "આજે તમારા માટે બધી સ્વચ્છ પાક વસ્તુઓ હલાલ થઈ છે." 'આજ'થી મુરાદ (ભાવાર્થ) તે દિવસ છે, જે દિવસે આ આયત અને તેની આગળની આયત નાઝિલ થઈ છે. એટલે કે, "હજ્જતુલ વદાઅ્ સન હિજરી ૧૦ અને અરફાના દિવસે," મતલબ એ છે કે, જે પ્રમાણે આજે તમારો દીન સંપૂર્ણ કરી દેવામાં આવ્યો અને અલ્લાહ તઆલાની નેઅ્મત તમારા ઉપર સંપૂર્ણ થઈ ગઈ. એ જ પ્રમાણે અલ્લાહ તઆલાની પવિત્ર વસ્તુઓ જે પ્રથમથી જ તમારા માટે હલાલ હતી, હવે કાયમી ધોરણે હલાલ રાખવામાં આવી છે અને આ હુકમ મન્સૂખ (રદ) થવાની કોઈ શક્યતા નથી. કારણ કે, વહીનો ક્રમ હવે બંધ થવાનો છે.

આ વાક્યમાં طَيِّبٰتُ (તય્યિબાત) હલાલ હોવાનું વર્ણન છે અને એક બીજી આયતમાં ઈરશાદ થયો છે, يُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ (૭:૧૫૭) એટલે કે, "તય્યિબાત" (પવિત્ર વસ્તુઓ) તેમના માટે હલાલ કરે છે અને "ખબાઇશ" (નાપાક વસ્તુઓ) હરામ કરે છે, તેમાં "તય્યિબાત"ના વિરોધી શબ્દ તરીકે "ખબાઇશ" લાવીને આ બંને શબ્દોની હકીકત સ્પષ્ટ કરી દીધી.

શબ્દકોષ (લુગત)માં તય્યિબાતનો અર્થ સ્વચ્છ અને આકર્ષણ પેદા થાય એવી વસ્તુઓને કહેવામાં આવે છે અને ખબાઇશ ગંદી તથા જેનાથી મનમાં સૂગ અને નફરત ઉપજે એવી વસ્તુઓને કહેવામાં આવે છે. એટલા માટે આ આયતના આ વાક્યએ એ બતાવી દીધું કે, જેટલી વસ્તુઓ સાફ-સુથરી અને પાક છે તે મનુષ્ય માટે હલાલ કરવામાં આવી છે અને જે ગંદી તથા સૂગ જન્માવે એવી નુકસાનકારક છે, તે હરામ કરવામાં આવી છે. આ હલાલ અને હરામ કરવાનું કારણ એ છે કે, મનુષ્ય અન્ય પ્રાણીઓ જેવો નથી કે, તેની જિંદગીનો મકસદ દુનિયામાં ખાવું-પીવું, સૂવું-જાગવું અને આ બધું મૃત્યુ સુધી મર્યાદિત હોય.

બલકે, મનુષ્યને અસ્તિત્વમાં લાવીને અલ્લાહ તબારક વ તઆલાએ સમગ્ર મખ્લૂકને તેની સેવક બનાવીને એક ખાસ મકસદ અને હેતુ નક્કી કર્યો છે અને તે ઉચ્ચ કક્ષાના પવિત્ર મકસદને અખ્લાક તથા ઉચ્ચ કક્ષાના ચારિત્ર્ય વિના પ્રાપ્ત ન કરી શકાય. એટલા માટે બદ્અખ્લાક વ્યક્તિ વાસ્તવમાં મનુષ્ય કહેડાવવાના પાત્ર પણ નથી.

આથી કુર્આને કરીમે એવા લોકો વિશે ફરમાવ્યું, بَلْ هُمْ اَضَلُّ એટલે કે, "તે જાનવરોથી પણ વધારે ગુમરાહ છે" અને જ્યારે મનુષ્ય માનવતાના નક્કી કરવામાં આવેલા માપદંડ પ્રમાણે સુધારણા અને અખ્લાક ઉપર કાયમ રહે તો જરૂરી છે કે, જેટલી વસ્તુઓ મનુષ્યના અખ્લાકને ગંદા અને ખરાબ કરનારી છે તેનાથી તે સંપૂર્ણ બચતો રહે છે. મનુષ્યના અખ્લાક (નૈતિકતા) ઉપર અને તેના આસપાસના પર્યાવરણમાં ઉપલબ્ધ ચીજવસ્તુઓ ઉપર અને તે વસ્તુઓનો સમાજ ઉપર ખરાબ પ્રભાવ વગેરેથી માણસ ખૂબ વાકેફ છે અને એ દેખીતું છે કે, જ્યારે આસપાસના સામાજિક વાતાવરણથી મનુષ્યના અખ્લાક પ્રભાવિત થાય છે અને તે ખરાબ વસ્તુઓ જો માણસના શરીરનો એક ભાગ બને તો તેનાથી અખ્લાક કેટલા પ્રમાણમાં પ્રભાવિત થશે ? એટલા માટે ખાવા-પીવાની સારી વસ્તુઓમાં કાળજી રાખવી ખૂબ જરૂરી છે. ચોરી, લૂંટફાટ, લાંચ, વ્યાજ, જુગાર વગેરેની હરામ આવક ખાવાથી શરીરનો જે ભાગ બને છે તે ચોક્કસ મનુષ્યને માનવતાથી દૂર અને શયતાનિયતથી વધારે નજીક લઈ જશે.

આથી કુર્આને કરીમનો ઇરશાદ છે, يٰۤاَيُّهَا الرُّسُلُ كُلُوْا مِنَ الطَّيِّبٰتِ وَاعْمَلُوْا صَالِحًا (૨૩:૫૧) અમલે સાલેહ (સદ્કાર્યો)ના સંદર્ભમાં હલાલ ખાવાનો હુકમ આપવામાં આવ્યો છે. કારણ કે, હલાલ ખાધા વિના સદ્કાર્યો કે, નેક અમલોની કલ્પના પણ થઈ શકતી નથી. ખાસ કરીને માંસ કે જે મનુષ્યના શરીરનો અગત્યનો ભાગ બને છે, તેમાં તો એટલી કાળજી રાખવી વધારે જરૂરી છે કે, કોઈ એવો માંસ તેના ખોરાકમાં પ્રવેશ ન કરવા પામે જે તેના અખ્લાકને ખરાબ કરે, એ જ પ્રમાણે તે માંસ જે શારીરિક રીતે મનુષ્ય માટે નુકસાનકારક છે કે, બીમારી અને હલાકતના જંતુઓ તેમાં હોય છે. તેનાથી મનુષ્યએ પરહેઝ કરવી અત્યંત જરૂરી હોવાનું બધા જ જાણે છે. જેટલી વસ્તુઓને શરીઅતે "ખબાઇશ" (નાપાક) ઠરાવી છે તે ચોક્કસ મનુષ્યના શરીર અને તેની રૂહ બંનેને ખરાબ કરનારી અને

મનુષ્યના જીવનને અને તેના અખ્લાકને તબાહ–બરબાદ કરનારી છે. એટલા માટે તેને હરામ કરવામાં આવ્યું છે. એનાથી વિપરીત જે વસ્તુઓ પવિત્ર અને સ્વચ્છ છે અને જે મનુષ્યના શરીર અને રૂહની કેળવણી તથા ઉચ્ચ કક્ષાના અખ્લાકનું નિમિત્ત બને છે, તેને હલાલ ઠરાવવામાં આવી છે. મતલબ કે, કુર્આને પાકમાં أُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ વાક્યએ હલાલ અને હરામની ફિલોસોફી પણ જાહેર કરી દીધી અને તેની પાછળનો નિયમ પણ સ્પષ્ટ કરી દીધો.

હવે, રહી એ બાબત કે કઈ વસ્તુ "તય્યિબાત" એટલે કે પાક, સ્વચ્છ, ફાયદાકારક તથા આકર્ષણ જન્માવે એવી છે અને કઈ વસ્તુઓ "ખબાઈશ" એટલે કે, નાપાક, ગંદી, નુકસાનકર્તા અને નફરત પૈદા કરે એવી છે ? તેનો અસલી ફેંસલો પવિત્ર અને મુત્તકી સ્વભાવના વ્યક્તિના કોઈ વસ્તુ પ્રત્યેના આકર્ષણ અને નફરતથી જાણ થઈ જ જાય છે. એ જ કારણે જે જાનવરોને ઈસ્લામે હરામ ઠરાવ્યા છે, દરેક સમયમાં ઉચ્ચ અને પવિત્ર તબિયત (સ્વભાવ)ના માણસોએ તેને ગંદુ અને નફરત કરવાપાત્ર જ સમજ્યું છે, જેમકે મૃત જાનવર અથવા લોહી. અલબત્ત અમુક સમયે અજ્ઞાનતાના રસ્મો–રિવાજ માનવસ્વભાવ ઉપર છવાય જાય છે ત્યારે સારા અને નરસાનો ભેદ નથી રહેતો અને અમુક વસ્તુઓની નાપાકી એવા માનવીની દષ્ટિથી છુપાય જાય છે. આવી પરિસ્થિતિમાં અંબિયા (અલૈ.)નો ફેંસલો સૌના માટે હુજ્જત છે. કારણ કે, માનવોમાં સૌથી વધારે ઉચ્ચ કક્ષાનો સ્વભાવ અંબિયા (અલૈ.)નો જ છે, જેમકે અલ્લાહ તઆલાએ ખાસ રીતે તેમને આ શ્રેષ્ઠતમ્ તબિયતની ભેટ ધરી અને તેમની કેળવણીની પોતે જવાબદારી નિભાવી અને તેમની આજુબાજુ પોતાના ફરિશ્તાઓનો પહેરો લગાવી દીધો, જેનાથી તેમના દિલ અને દિમાગ ઉપર કોઈ ગલત અને ખોટા માહોલની અસર ન થઈ શકે. તેમણે જે વસ્તુઓને "ખબાઈશ" (નાપાક) ઠરાવી દીધી તે વાસ્તવમાં "ખબાઈશ" છે અને જેને "તય્યિબાત" સમજાવી તે હકીકતમાં "તય્યિબાત" (સ્વચ્છ અને પવિત્ર વસ્તુઓ) છે.

આથી નૂહ (અલૈ.)ના યુગથી લઈ ખાતમુલ અંબિયા ﷺના જમાના સુધી દરેક પયગમ્બરે મૃત જાનવરને તથા ડુક્કર (ખિન્ઝીર–ભૂંડ) વગેરેને હરામ ઠરાવીને પોત–પોતાના સમયકાળમાં એ'લાન કર્યું હતું, જેનાથી જાણ થાય છે કે, આ વસ્તુઓ એવી ખબાઈશ છે કે દરેક યુગમાં ઉચ્ચ કક્ષાની તબિયત ધરાવનાર

લોકોએ આ ગંદકીને હંમેશા નુકસાનકર્તા વસ્તુ જ સમજી છે.

હઝરત શાહ વલીયુલ્લાહ કુદ્દિસ્સિર્રુહુ દહેલવીએ ''હુજ્જતુલ્લાહુલ બાલિગહ''માં વર્ણન કર્યું છે કે, "જેટલા જાનવરો શરીઅતે ઈસ્લામે હરામ ઠરાવ્યા છે, તે બધામાં વિચાર કરવામાં આવે તો સમેટાઈને તે બધી વસ્તુઓ બે સિદ્ધાંતો હેઠળ આવી જાય છે. એક એ કે, કોઈ જાનવર પોતાની ફિતરત અને પ્રકૃતિ આધારે ખબીશ (નાપાક) છે, અને બીજું એ કે તે જાનવરનો ઝબહ કરવાનો તરીકો ખોટો છે, જેનું પરિણામ એ હશે કે, તે ઝબહ કરેલું નહીં ગણાય બલકે મુરદાર ઠરાવવામાં આવશે."

સૂરએ માઈદહની ત્રીજી આયતમાં નવ વસ્તુઓ હરામ બતાવવામાં આવી, તેમાં ડુક્કર-ભૂંડ પ્રથમ પ્રકારમાં સામેલ છે, બાકીના આઠ બીજા પ્રકારમાં સામેલ છે. કુર્આને કરીમે وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبَائِثَ ફરમાવીને સામૂહિક રીતે આ બધા જ ખબીસ જાનવરોને હરામ હોવાનો હુકમ આપ્યો અને તેની વિગતમાં અમુક વસ્તુઓ કુર્આન મજીદમાં સ્પષ્ટ રીતે વર્ણન કરી દીધી, જેમકે لَحْمِ خِنْزِيْرٍ અને دَمٍ مَّسْفُوْحٍ વગેરે. બાકી આઠ વસ્તુઓનું વર્ણન રસૂલે કરીમ ﷺને સોંપવામાં આવ્યું, રસૂલે કરીમ ﷺએ કોઈપણ જાનવરના ખબીશ હોવાની એક નિશાની એ બતાવી છે કે, "કોઈ કૌમને અઝાબ સ્વરૂપે કોઈ જાનવરના સ્વરૂપમાં મસ્ખ અને બદલી નાંખવામાં આવી હોય, આ તે નિશાની છે કે તે જાનવર પોતાની પ્રકૃતિમાં ખબીશ છે કે, જે લોકો ઉપર અલ્લાહ તઆલાનો ગુસ્સો નાઝિલ થયો, તેમને આ જાનવરની શકલ આપવામાં આવી." દાખલા તરીકે, કુર્આને કરીમમાં وَجَعَلَ مِنْهُمُ الْقِرَدَةَ وَالْخَنَازِيْرَ છે, એટલે કે અમુક કૌમોને ખિન્ઝીર અને વાંદરાઓની શકલમાં અઝાબ સ્વરૂપે મસ્ખ કરી નાંખવામાં આવ્યા છે, એનાથી સાબિત થયું કે, જાનવરોના આ બંને પ્રકારો તેમની પ્રકૃતિના આધારે ખબાઈશમાં સામેલ છે. જો તેમને કાયદેસર ઝબહ કરવામાં આવે તો પણ તે હલાલ નહીં થઈ શકે અને ઘણા બધા જાનવરો એવા પણ છે કે, જેમની ટેવો અને નિશાનીઓથી ખબીશ (નાપાક) હોવું સામાન્ય તબિયતનો વ્યક્તિ પોતે પણ અનુભવી શકે છે. દાખલા તરીકે, હિંસક પ્રાણીઓ (વાઘ, સિંહ, ચિત્તો વગેરે); જેમનું કામ જ અન્ય જાનવરોને જખ્મી કરવું, ફાડી ખાવું અને ક્રૂર રીતે જાનવરોને મારવું છે.

આથી રસૂલે કરીમ ﷺને કોઈએ વરૂ વિશે પૂછ્યું તો આપ ﷺએ

ફરમાવ્યું કે, "શું કોઈ મનુષ્ય તેને ખાઈ શકે છે ?" એ જ પ્રમાણે ઘણા એવા જાનવરોમાં કે જેમની આદત જ અન્યોને તકલીફ પહોંચાડવી, વસ્તુઓ ઉઠાવી લેવી વગેરે છે, જેમકે સાપ, વીંછી, ગરોળી, માંખી, સમડી, ગરુડ વગેરે. એટલા માટે રસૂલે કરીમ ﷺએ એક નિયમ આ પ્રમાણે વર્ણન કર્યો કે, દરેક હિંસક પ્રાણી જે દાંતોથી ફાડી ખાય છે જેમકે, વાઘ, વરૂ વગેરે અને પક્ષીઓમાં જે જાનવરો પોતાના પંજાથી શિકાર કરે છે, જેમકે બાજ (શકરો) વગેરે, આ બધા પશુ-પક્ષીઓ હરામ છે. અથવા તો એવા જાનવરો જેમની પ્રકૃતિ જ અપમાનજનક, ગંદી અને જુગુપ્સા (અણગમો) પેદા થાય એવી છે, જેમકે ઉંદર અથવા મરેલું જાનવર ખાનારા પક્ષીઓ (જેમકે ગીધ વગેરે) અને એવા પ્રાણીઓ (જેમકે ઝરખ વગેરે) અથવા ગધેડો વગેરે. આ બધી વસ્તુઓ એવી છે કે, આ જાનવરોની પ્રાકૃતિક ખાસિયતો અને તેમનું નુકસાનકારક હોવું સામાન્ય અને સરળ સ્વભાવ ધરાવનાર વ્યક્તિ પણ અનુભવી શકે છે.

ખુલાસો એ છે કે, જે જાનવરોને ઈસ્લામી શરીઅતે હરામ ઠરાવ્યા છે, તે બધામાં એક પ્રકાર તે જાનવરોનો છે જેમાં તેમની પોતાની પ્રકૃતિ પણ નાપાકીની જોવા મળે છે. બીજો પ્રકાર તે છે જેમની પોતાની જાતમાં તો કોઈ નાપાકી નથી હોતી પરંતુ આ જાનવરોની ઝબહ કરવાની પદ્ધતિ અલ્લાહ તઆલાએ નક્કી કરેલ પદ્ધતિ પ્રમાણે નથી, એટલે તેનો અર્થ એ થયો કે તે જાનવર મૂળેથી ઝબહ જ નથી થયું જેમકે, કોઈ જાનવરને ઝટકો મારીને મારી નાંખવામાં આવે અથવા ઈજા પહોંચાડીને મારવામાં આવે અથવા તો કોઈ જાનવર ઝબહ તો કરવામાં આવ્યું પરંતુ તેના ઉપર અલ્લાહના બદલે કોઈ અન્યનું નામ લેવામાં આવ્યું અથવા કોઈનું પણ નામ લેવામાં ન આવ્યું અથવા જાણીબૂજીને અલ્લાહનું નામ ઝબહ કરતી વખતે ન લીધું તો આ ઝબહ કરેલું પણ શરીઅત પ્રમાણે ભરોસાપાત્ર નથી. બલકે, આ જાનવરો એવા જ છે જેમકે કોઈ જાનવરને ઝબહ કર્યા વિના જ હલાક કરી દીધું હોય.

અહીંયાં એક વાત ખાસ ધ્યાન આપવા યોગ્ય છે કે, મનુષ્ય જે કંઈ પણ ખાઈ-પીએ છે તે બધી અલ્લાહ તઆલાની જ આપેલી નેઅ્મતો છે, પરંતુ જાનવરો સિવાય કોઈ અન્ય વસ્તુના ખાવા-પકાવવાનું હલાલ થવા ઉપર "બિસ્મિલ્લાહ" પઢવાની પાબંદી નથી કે, "અલ્લાહુ અકબર" અથવા

"બિસ્મિલ્લાહ" કહીને ખાશો અથવા પકાવશો તો જ તે જાઇઝ થશે તેના વગર તે હલાલ નહીં થાય; એવું નથી. વધારેથી વધારે એટલું છે કે, દરેક વસ્તુ ખાતી-પીતી વખતે બિસ્મિલ્લાહ કહેવું મુસ્તહબ ઠરાવવામાં આવ્યું છે, પરંતુ હલાલ જાનવરોને ઝબહ કરતી વખતે અલ્લાહનું નામ લેવું વાજિબ ઠરાવવામાં આવ્યું છે, તેમાં શું હિકમત છે ?

વિચાર કરવામાં આવે તો તફાવત સ્પષ્ટ છે કે, દરેક સજીવના જીવ એક પ્રકારે સમાન છે. એટલે કે, તેમાં એક "રૂહ" હોય છે, એટલા માટે એક સજીવ માટે બીજા સજીવને મારવું અથવા ઝબહ કરીને ખાઈ લેવું દેખીતી રીતે જાઇઝ ન હોવું જોઈએ. હવે, જેના માટે આ જાનવર જાઇઝ કરવામાં આવ્યું છે તો તેના ઉપર અલ્લાહ તઆલાનું એક મોટું ઈનામ છે. એટલા માટે જાનવરને ઝબહ કરતી વખતે અલ્લાહની આ રહમતનો શુક્રિય્યહ અને ઉપકાર માનવો જરૂરી ઠરાવવામાં આવ્યો અને તેનાથી વિપરીત અનાજ, દાણા, ફળો વગેરે કે તેમની પેદાઈશ અને ઉત્પાદન જ એટલા માટે થયું છે કે, મનુષ્ય તેને પોતાના ખોરાક તરીકે ઉપયોગીને પોતાની જરૂરિયાત પૂરી કરે. એટલા માટે તેના ઉપર બિસ્મિલ્લાહ કહેવું મુસ્તહબના દરજ્જામાં રાખવામાં આવ્યું છે, વાજિબ અને જરૂરી ઠરાવવામાં આવ્યું નથી.

આ ઉપરાંત એક કારણ એ પણ છે કે, અજ્ઞાનતાના યુગમાં એવો રિવાજ હતો કે, મુશ્રિકો જાનવરોને ઝબહ કરતી વખતે પોતાની મૂર્તિઓના નામો લેતા હતા. ઈસ્લામી શરીઅતે તેમના આ કાફિર રિવાજનો નાશ કરવા માટે યોગ્ય સ્વરૂપ અપનાવ્યું કે, ખોટા નામના બદલે સાચું નામ તજ્વીઝ કરવામાં આવ્યું અને આ કુરિવાજને એક ઉત્તમ ઈબાદતમાં પરિવર્તિત કરી દીધું કે, ઝબહ કરતી વખતે અલ્લાહનું નામ લેવું જરૂરી ઠરાવી દીધું અને આ શિર્કયુક્ત રિવાજનો નાશ કરવાનું યોગ્ય સ્વરૂપ એ જ હતું કે, ખોટા નામના બદલે અલ્લાહનું નામ તજ્વીઝ કરવામાં આવે, નહિતર જો આવું ન કરવામાં આવ્યું હોત તો પરાપૂર્વેથી ચાલી આવતા રિવાજને અને આદતને છોડવી મુશ્કેલ બની ગઈ હોત. અહીંયાં સુધી પ્રથમ વાક્યની સ્પષ્ટતા હતી, હવે બીજું વાક્ય આ છે وَطَعَامُ الَّذِيْنَ اُوتُوا الْكِتٰبَ حِلٌّ لَّكُمْ وَطَعَامُكُمْ حِلٌّ لَّهُمْ એટલે કે, "અહલે કિતાબનું ખાવું તમારા માટે હલાલ છે અને તમારું ખાવું અહલે કિતાબ માટે હલાલ છે."

આ સ્થળે જમહૂર સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના મતે ખાવાનો અર્થ ઝબહ કરેલું જાનવર છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.), હઝરત અબૂ દરદઅ્, હઝરત ઈબ્રાહીમ, કતાદહ, સુદ્દી, જહ્હાક, મુજાહિદ (રહ.) વગેરે દ્વારા પણ આ જ કૌલ નકલ કરવામાં આવ્યો છે. (રૂહુલ મઆની, જસ્સાસ) બીજા પ્રકારનું ખાવામાં અહલે કિતાબ અને મૂર્તિપૂજકો, મુશ્રિકો બધા સમાન છે કે, બધા જ રોટી, આટો, દાળ, ચોખા, ફળો વગેરે જેમાં ઝબહ કરવાની આવશ્યકતા નથી હોતી તે કોઈપણ જાઇઝ પદ્ધતિથી પ્રાપ્ત થાય તો મુસલમાન માટે તેને ખાવું જાઈઝ છે અને મુસલમાનો દ્વારા તેમને મળે તો તેમના માટે હલાલ છે. એટલા માટે આ વાક્યના વિષયનો ખુલાસો એ થયો કે, "અહલે કિતાબનું ઝબહ કરેલું મુસલમાનો માટે અને મુસલમાનોનું ઝબહ કરલું અહલે કિતાબ માટે હલાલ છે."

હવે, આ સ્થળે અમુક મસ્અલા વિચાર કરવા યોગ્ય છે. પ્રથમ એ કે, કુર્આન અને સુન્નતની પરિભાષામાં અહલે કિતાબ કોણ લોકો છે ? કિતાબનો શું અર્થ છે ? અને શું અહલે કિતાબની ઓળખ માટે જરૂરી છે કે તે લોકો અહલે કિતાબ છે જેઓ પોતાની કિતાબ ઉપર સંપૂર્ણ ઈમાન અને યકીન રાખે છે ? તેમાં તો એ દેખીતું છે કે, કિતાબનો શાબ્દિક અર્થ એટલે કે, દરેક લખેલા પેજ તેનો અર્થ નથી હોઈ શકતો. કિતાબનો અર્થ તે જ હોઈ શકે છે જે અલ્લાહ તરફથી આવી હતી, એટલા માટે ઉમ્મતના ઈજ્માઅ્થી કિતાબનો અર્થ તે કિતાબ છે જે કિતાબનું અલ્લાહ તરફથી હોવાનું કુર્આને પણ સમર્થન કર્યું છે અને એવું ચોક્કસ યકીન ધરાવતા હોય કે આ કિતાબો ચોક્કસ તે જ કિતાબો છે જેને અલ્લાહ તઆલાએ નાઝિલ કરી છે. જેમકે, તવરાત, ઝબૂર, ઈન્જીલ, સુહુફે મૂસા અને સુહુફે ઈબ્રાહીમ (અલૈ.) વગેરે. એટલા માટે જે કૌમો જો કોઈ એવી કિતાબ ઉપર ઈમાન રાખે અને તેને અલ્લાહની વહી હોવાનું ઠરાવે, જે કિતાબ અલ્લાહ તરફથી હોવાનું કુર્આન અને સુન્નતમાં ચોક્કસ માધ્યમો દ્વારા સાબિત નથી, તે કૌમો અહલે કિતાબમાં સામેલ નથી. જેમકે મક્કાના મુશ્રિકો, મજૂસીઓ (અગ્નિ પૂજકો), મૂર્તિપૂજક હિંદુઓ, બોદ્ધો, આર્યો, શીખો વગેરે.

આથી જાણ થઈ કે, યહૂદીઓ-નસારા જે તવરાત અને ઈન્જીલ ઉપર ઈમાન રાખનારા છે, કુર્આનની પરિભાષામાં અહલે કિતાબ છે. ત્રીજી એક કૌમ

જેમને સાબિઈન કહેવામાં આવે છે, તેમની હાલત શંકાસ્પદ છે. જે લોકોના મતે આ લોકો હઝરત દાવુદ (અલૈ.)ની ઝબૂર ઉપર ઈમાન ધરાવે છે તેઓ તેમને પણ અહલે કિતાબમાં સામેલ હોવાનું ઠરાવે છે અને જેમનું સંશોધન એ હોય કે, ઝબૂરથી તેમને કોઈ સંબંધ નથી, બલકે આ તો અવકાશી પદાર્થોની પૂજા કરનારી કૌમ છે તો તેઓ તેમને મૂર્તિપૂજકો અને અગ્નિપૂજકોની સાથે મુશ્રિક ઠરાવે છે. મતલબ કે, ચોક્કસ રીતે જેમને સર્વસહમતીથી અહલે કિતાબ કહેવામાં આવે છે, તેઓ યહૂદીઓ અને નસારા છે, માટે કુર્આને હકીમના આ હુકમનો ખુલાસો એ છે કે, યહૂદીઓ અને નસારાનું હલાલ (ઝબહ) કરેલું જાનવર મુસલમાનો માટે અને મુસલમાનોનું ઝબહ કરેલું જાનવર તેમના માટે હલાલ છે.

હવે રહી વાત એ કે, યહૂદીઓ અને નસારાને અહલે કિતાબ સમજવા માટે શું શરત છે ? અને શું તેમને અહલે કિતાબ કહેવા માટે એ શરત જરૂરી છે કે, તેઓ અસલી તવરાત અને ઈન્જીલ ઉપર અમલ કરતા હોય ? અથવા જે તવરાત અને ઈન્જીલનો ફેરફાર કરી નાંખવામાં આવ્યો છે તેનું અનુસરણ કરનારા અને હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મયરમ (અલૈ.)ને અલ્લાહની જાતમાં ભાગીદાર ઠરાવનારા પણ અહલે કિતાબમાં સામેલ છે ? બસ, કુર્આને કરીમની અનેક આયતોના ખુલાસાથી સ્પષ્ટ છે કે, અહલે કિતાબ હોવા માટે ફક્ત એટલી વાત પૂરતી છે કે, તેઓ કોઈ આસમાની કિતાબને માનતા હોય અને તેની તાબે'દારી કરવાના દા'વેદાર હોય. ભલે, તે તેની તાબે'દારી કરવામાં ગમે એટલી ગુમરાહીઓમાં જઈ પડ્યા હોય.

કુર્આને કરીમે જેમને અહલે કિતાબનો લકબ આપ્યો, તેમના વિશે એ પણ અનેક જગ્યાએ ઈરશાદ ફરમાવ્યો કે, આ લોકો પોતાની આસમાની કિતાબોમાં ફેરફાર (તહરીફ) કરે છે, يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَوَاضِعِهٖ (૫:૧૩) અને એ પણ ફરમાવ્યું કે, યહૂદીઓએ હઝરત ઉઝૈર (અલૈ.)ને અલ્લાહના બેટા ઠરાવી દીધા અને નસારાએ હઝરત ઈસા (અલૈ.)ને قَالَتِ الْيَهُوْدُ عُزَيْرُ بْنُ اللّٰهِ وَقَالَتِ النَّصَارَى الْمَسِيْحُ ابْنُ اللّٰهِ (૯:૩૦) આ પરિસ્થિતિઓ અને સિફતો (ખાસિયતો) હોવા છતાં કુર્આને કરીમે તેમને અહલે કિતાબ ઠરાવ્યા છે, તો જાણ થાય છે કે યહૂદીઓ અને નસારા જ્યાં સુધી સંપૂર્ણ રીતે યહૂદિય્યત અથવા નસરાનિય્યત બિલકુલ ન છોડી દે, તેઓ અહલે કિતાબમાં સામેલ છે. ભલે, તેમના અકીદાઓ ગમે તેટલા

ખોટા હોય અથવા તેઓ ગમે તેવા ગુનાહોમાં લાગેલા હોય.

ઈમામ જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં નકલ કર્યું છે કે, "હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને પોતાના ખિલાફતકાળમાં પોતાના કોઈ ગવર્નર અથવા વહીવટદારે એક પત્ર લખીને આ પૂછ્યું કે, "અહીંયાં અમુક લોકો એવા છે જેઓ તવરાત પઢે છે અને શનિવાર (યવમુસ્સબ્ત)ના દિવસનું સન્માન પણ યહૂદીઓની જેમ કરે છે પરંતુ તેઓ કયામતના દિવસ ઉપર ઈમાન ધરાવતા નથી. આવા લોકોની સાથે શું વહેવાર કરવામાં આવે ?" હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ જવાબમાં લખી જણાવ્યું કે, તેમને અહલે કિતાબનો જ એક ફિરકો સમજી લેવામાં આવે."

ફક્ત નામ પૂરતા યહૂદીઓ અને નસારાઓ જેઓ હકીકતમાં "દહરિયા" છે, તે અહલે કિતાબમાં સામેલ નથી :

આજકાલ યુરોપના ઈસાઈઓ અને યહૂદીઓમાં ઘણી મોટી સંખ્યા એવા લોકોની પણ છે, જેઓ પોતાને વસ્તી ગણતરીના આધારે યહૂદી અથવા નસરાની કહેવાડે છે પરંતુ વાસ્તવમાં તેઓ અલ્લાહના અસ્તિત્વમાં અને કોઈપણ ધર્મમાં માનતા જ નથી. ન તો તવરાત અને ઇન્જીલને અલ્લાહની કિતાબો માને છે અને ન જ મૂસા અને ઈસા (અલૈ.)ને અલ્લાહના નબી અને પયગમ્બર તરીકે સ્વીકારે છે. એ દેખીતું છે કે, તેઓ વસ્તી ગણતરીના નામના કારણે અહલે કિતાબના હુકમમાં સામેલ નથી થઈ શકતા.

નસારા વિશે હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુએ જે એવું ફરમાવ્યું છે કે, તેમનું ઝબહ કરેલું હલાલ નથી, તેનું કારણ એ બતાવ્યું કે આ લોકો નસરાનિય્યત ધર્મમાં દારૂ પીવા ઉપરાંત કોઈ વસ્તુને માનતા નથી. હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુનો ઈરશાદ છે,

رَوَى ابْنُ الْجَوْزِيِّ بِسَنَدِهٖ عَنْ عَلِيٍّ قَالَ لَاتَاْكُلُوْا مِنْ ذَبَائِحِ نَصَارٰى بَنِيْ تَغْلِبَ فَاِنَّهُمْ لَمْ يَتَمَسَّكُوْا مِنَ النَّصْرَانِيَةِ بِشَيْءٍ اِلَّا بِشُرْبِهِمُ الْخَمْرَ وَرَوَاهُ الشَّافِعِيُّ بِسَنَدٍ صَحِيْحٍ عَنْهُ (تَفْسِيْرِ مَظْهَرِىْ، ص ٣٤، جلد ٣ مائده)

"ઈબ્ને જવઝીએ સહીહ સનદ સાથે હઝરત અલી (રદિ.)નો એ કૌલ નકલ

કર્યો છે કે, નસારા બની તગલબનું ઝબહ કરેલું ન ખાઓ. કારણ કે તેમણે નસરાનિય્યત ધર્મમાંથી દારૂ પીવા સિવાય કંઈ જ લીધું નથી. ઈમામ શાફઈએ પણ સહીહ સનદ સાથે આ રિવાયત નકલ કરી છે."

(તફસીરે મઝહરી, પેજ : ૩૪, જિલ્દ : ૩, માઈદહ)

હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુના બની તગલબ વિશેના હુકમનું કારણ તેમની એ જાણકારી હતી કે, તેઓ બેદીન છે, નસરાની નથી. જો કે, નસરાની કહેવાય છે, એટલા માટે તેમના ઝબહ કરેલા જાનવર ખાવાની મનાઈ ફરમાવી. જમહૂર સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નું સંશોધન એ હતું કે, આ લોકો પણ સામાન્ય નસરાનીઓ જેવા છે, બિલકુલ દીનના ઈન્કારી નથી. એટલા માટે તેમણે તેમના ઝબહ કરેલા જાનવરને પણ હલાલ ઠરાવ્યું.

وَقَالَ جُمْهُوْرُ الْاُمَّةِ اِنَّ ذَبِيْحَةَ كُلِّ نَصْرَانِيٍّ حَلَالٌ سَوَاءٌ كَانَ مِنْ بَنِيْ تَغْلِبَ اَوْ غَيْرِهِمْ وَكَذَالِكَ الْيَهُوْدِ. (تَفْسِيْرِ قُرْطُبِیْ، ص ٧٨، جلد ٦)

"અને જમહુર ઉમ્મત કહે છે કે, નસરાનીનું ઝબહ કરેલું હલાલ છે, ભલે બની તગલબમાંથી હોય અથવા તેમના સિવાય કોઈ બીજા કબીલા અથવા સમુદાયનો હોય. એ જ પ્રમાણે દરેક યહૂદીનું ઝબહ કરેલું પણ હલાલ છે."

(તફસીરે કુર્તુબી, પેજ : ૭૮, જિલ્દ : ૬)

ખુલાસો એ છે કે, જે નસારા વિશે એ બાબત વિશ્વાસપૂર્વક જાણ થઈ જાય કે, તેઓ અલ્લાહના અસ્તિત્વને જ નથી માનતા અથવા હઝરત મૂસા (અલૈ.)ને અલ્લાહના નબી નથી માનતા, તેઓ અહલે કિતાબના હુકમમાં નથી.

અહલે કિતાબનું ઝબહ કરેલું ખાવાથી શું મતલબ છે ? :

طَعَام (તઆમ)નો શાબ્દિક અર્થ "ખાવાની વસ્તુ" થાય છે, જેમાં અરબીના શબ્દકોષ પ્રમાણે "દરેક પ્રકારના ખાવાની વસ્તુ" તેમાં સામેલ છે. પરંતુ જમહૂર ઉમ્મતના મતે આ સ્થળે ભાવાર્થ ફક્ત અહલે કિતાબના ઝબહ કરેલા જાનવરનો માંસ છે. કારણ કે, ગોસ્ત (માંસ) સિવાય બીજી ચીજવસ્તુઓ ખાવામાં અહલે કિતાબ અને બીજા મુશ્રિકો વચ્ચે કોઈ તફાવત કે ફરક નથી. ખાવા-પીવાનો સામાન્ય ખોરાક દાખલા તરીકે, ઘઉં, ચણા, ચાવલ, ફળ વગેરે

દરેક કાફિરોના હાથનું પણ હલાલ અને જાઇઝ છે. તેમાં કોઈનો કોઈ મતભેદ નથી અને જે ખાવાની ચીજવસ્તુમાં માણસની આવડત અને ઉદ્યોગ સામેલ છે, તેમાં કારણ કે, કાફિરોના વાસણો અને તેમના હાથોની પાકીનો કોઈ ભરોસો નથી. એટલા માટે કાળજી એ રાખવાની છે કે તેનાથી શક્ય હોય એટલું બચવું જોઈએ. સખત જરૂરત વિના આવી વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પરંતુ તેમાં મુશ્રિકો અને મૂર્તિપૂજકોની જે પરિસ્થિતિ છે તે જ અહલે કિતાબની પણ છે કે, નાપાકીની સંભાવના બંનેમાં બિલકુલ સરખી છે.

ખુલાસો એ છે કે, અહલે કિતાબ અને બીજા કાફિરોના ખાવામાં જે શરઈ ફરક હોઈ શકે છે તે ફક્ત તેમના ઝબહ કરેલા માંસમાં છે. એટલા માટે પ્રસ્તુત આયતમાં ઉમ્મતની સહમતીથી અહલે કિતાબનું ખાવાનો ભાવાર્થ તેમનું ઝબહ કરેલું જાનવર છે. તફસીરના ઈમામ કુર્તુબી (રહ.)એ લખ્યું છે,

وَالطَّعَامُ اِسْمٌ لِمَايُؤْكَلُ وَالذَّبَائِحُ مِنْهُ وَهُوَهٰهُنَاخَاصٌّ بِالذَّبَائِحِ عِنْدَ كَثِيْرٍ مِّنْ اَهْلِ الْعِلْمِ بِالتَّأْوِيْلِ وَاَمَّا مَا حُرِّمَ مِنْ طَعَامِهِمْ فَلَيْسَ بِدَاخِلٍ فِىْ عُمُوْمِ الْخِطَابِ.

(قُرْطُبِى، ص۷۷، ج۶)

"طَعَام (તઆમ) શબ્દ દરેક ખાવાની વસ્તુ માટે બોલવામાં આવે છે, જેમાં ઝબહ કરેલું (જાનવર) પણ સામેલ છે અને આ આયતમાં "તઆમ"નો શબ્દ ખાસ ઝબહ કરેલા (જાનવર) માટે ઉપયોગ થયો છે. મોટા ભાગના તફસીરના ઉલમા નજીક આ અહલે કિતાબના તઆમમાંથી જે વસ્તુઓ મુસલમાનો માટે હરામ છે તે આ જાહેર સંબોધનમાં સામેલ નથી." (કુર્તુબી, પેજ : ૭૭, જિલ્દ : ૬)

ત્યાર બાદ ઈમામ કુર્તુબીએ વધારે સ્પષ્ટતા કરીને આ રીતે વર્ણન કર્યું છે.

لَا خِلَافَ بَيْنَ الْعُلَمَاءِ اَنَّ مَالَا يُحْتَاجُ اِلٰى ذَبْحٍ كَالطَّعَامِ الَّذِىْ لَا مُحَاوَلَةَ فِيْهِ كَالْفَاكِهَةِ وَالْبُرِّ جَائِزٌ اَكْلُهُ اِذْلَا يَضُرُّ فِيْهِ تَمَلُّكُ اَحَدٍ. وَالطَّعَامُ الَّذِىْ تَقَعُ فِيْهِ الْمُحَاوَلَةُ عَلٰى ضَرْبَيْنِ اَحَدُهُمَامَافِيْهِ مُحَاوَلَةُ صَنْعَةٍ لَا تَعَلُّقَ لَهَا بِالدِّيْنِ كَخُبْزِهِ الدَّقِيْقَ وَعَصْرِهِ الزَّيْتَ وَنَحْوِهٖ. فَهٰذَااِنْ تَجَنَّبَ مِنَ الذِّمِّيِّ فَعَلٰى وَجْهِ التَّقَذُّرِ.

وَالضَّرْبُ الثَّانِى التَّذْكِيَةُ الَّتِىْ ذَكَرْنَا اَنَّهَا هِىَ الَّتِىْ تُحْتَاجُ اِلَى الدِّيْنِ وَالنِّيَّةِ. فَلَمَّا كَانَ الْقِيَاسُ اَنْ لَّا تَجُوْزَ ذَبَائِحُهُمْ كَمَا نَقُوْلُ اِنَّهُمْ لَا صَلَاةَ لَهُمْ وَلَا عِبَادَةَ مَقْبُوْلَةً لَهُمْ. رَخَّصَ اللّٰهُ تَعَالٰى فِىْ ذَبَائِحِهِمْ عَلٰى هٰذِهِ الْاُمَّةِ وَاَخْرَجَهَاالنَّصُّ عَنِ الْقِيَاسِ عَلٰى مَاذَكَرْنَا مِنْ قَوْلِ ابْنِ عَبَّاسٍ. (قُرْطُبِىْ سُوْرَةُ مَائِدَه، ص٧٧، ج٦)

"ઉલમા દરમિયાન એમાં કોઈ મતભેદ નથી કે, તે વસ્તુઓ જેમાં ذَكَاةٌ (કોઈ કાર્ય કરવા)ની જરૂરત નથી હોતી. દાખલા તરીકે, તે ખાવું જેમાં تَصَرُّفْ ખાસ કાર્ય કરવું પડતું નથી. જેમકે, મેવા, ઘઉં વગેરે. તે ખાવું જાઈઝ છે. એટલા માટે તેમાં કોઈનું માલિક બનવું નુકસાનકારક નથી. અલબત્ત, તે ખાવાની વસ્તુઓ જેમાં મનુષ્યને કંઈ કાર્ય કરવું પડે છે, તેના બે પ્રકારો છે. એક તે જેમાં કોઈ એવું કામ કરવું પડે જેનો દીન સાથે કોઈ સંબંધ ન હોય. દાખલા તરીકે, લોટમાંથી રોટલી બનાવવી, જૈતુનમાંથી તેલ કાઢવું વગેરે, તો કાફિર જિમ્મીની આવી વસ્તુઓથી જો કે બચવું જોઈએ, તે ફક્ત સ્વભાવગત સુગની બીના પર હશે અને બીજો પ્રકાર તે છે જેમાં ઝબહ કરવાનો અમલ કરવો પડે છે, જેના માટે દીન અને નિય્યત જરૂરી છે. જો કે, અનુમાનનો તકાદો એ હતો કે, તે (અહલે કિતાબના) કાફિરોની નમાઝ અને ઈબાદતોની જેમ તેમનો ઝબહ કરવાનો અમલ પણ કબૂલ ન હોવો જોઈતો હતો, પરંતુ અલ્લાહે આ ઉમ્મત માટે ખાસ રીતે તેમના ઝબહ કરેલાને હલાલ કરી દીધું અને હઝરત અબ્બાસ (રદિ.)એ "નસ" આધારે આ મસ્અલાને કયાસ (અનુમાન)થી ખિલાફ સાબિત કર્યો છે." *(કુર્તુબી, સૂરએ માઈદહ: પેજ : ૭૭, જિલ્દ : ૬)*

ખુલાસો એ છે કે, અહલે કિતાબના તઆમનો ભાવાર્થ ઉલમાની સર્વસહમતી પ્રમાણે આ આયતની તફસીર થકી એ ખાવાની વસ્તુઓ છે, જેનું હલાલ હોવું ધર્મ અને અકીદહ ઉપર અવલંબિત છે. એટલે કે, દરેક ખાવાની વસ્તુઓમાંથી ઝબહ થયેલ જાનવર અહલે કિતાબ સાથે વિશેષ પ્રકારનો હુકમ ધરાવે છે. કારણ કે, તે પણ અલ્લાહની મોકલેલી કિતાબો અને પયગમ્બરો ઉપર ઈમાનના દા'વેદારો છે. જો કે, તેમણે કરેલી ફેરબદલીઓએ તેમના દા'વાને આઘાત પહોંચાડ્યો છે. એટલે સુધી કે, શિર્ક અને કુફ્રમાં સપડાય ગયા છે, પરંતુ

તેનાથી વિપરીત મૂર્તિપૂજકો અને મુશ્રિકો કે, જેઓ કોઈ આસમાની કિતાબનો અથવા નબી કે રસૂલ ઉપર ઈમાન લાવવાનો દા'વો પણ નથી કરતા અને જે કિતાબો અને વ્યક્તિઓ ઉપર તેમનું ઈમાન છે તે ન તો અલ્લાહની મોકલેલી કિતાબો છે અને ન જ તે વ્યક્તિઓનું નબી કે રસૂલ હોવું અલ્લાહના કલામથી સાબિત થયું છે.

અહલે કિતાબનું ઝબહ કરેલ જાનવર હલાલ હોવાની હિકમત અને કારણ :

જે મસ્અલો ચર્ચા હેઠળ છે, તેનો આ ત્રીજો સવાલ છે. તેનો જવાબ મોટા ભાગે સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને તફસીરના ઈમામો તરફથી એ છે કે, બધા જ કાફિરોમાંથી અહલે કિતાબ યહૂદીઓ અને નસારાનું ઝબહ કરેલું અને તેમની પાકદામન સ્ત્રીઓથી નિકાહ કરવા હલાલ ઠરાવવાનું કારણ એ છે કે, તેમણે દીનમાં સેંકડો ફેરબદલીઓ (તહરીફ) કરી હોવા છતાં આ બે મસ્અલાઓમાં તેમનો ધર્મ બિલકુલ ઈસ્લામ પ્રમાણે છે. એક એ કે, તેઓ ઝબહ કરવા માટે જાનવર ઉપર અલ્લાહનું નામ લેવાના અકીદહને જરૂરી સમજે છે અને એ વિના જાનવરને મૃત તથા નાપાક સમજીને તેઓ તેને હરામ ઠરાવે છે.

આ પ્રમાણે નિકાહના મસ્અલામાં પણ જે ઔરતો સાથે ઈસ્લામમાં નિકાહ કરવા હરામ છે, તેમના ધર્મમાં પણ આવા નિકાહ હરામ છે અને જે પ્રમાણે ઈસ્લામમાં નિકાહની જાહેરાત અને ગવાહોનું સામે હોવું જરૂરી છે. એ જ પ્રમાણે તેમના ધર્મોમાં પણ આ જ હુકમો છે.

ઈમામે તફસીર ઈબ્ને કષીરે આ જ નિવેદન ઘણા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી નકલ કર્યું છે, જેની ઈબારત (લખાણ) આ પ્રમાણે છે.

(وَطَعَامُ اَهْلِ الْكِتَابِ) قَالَ ابْنُ عَبَّاسٍ وَاَبُوْاُمَامَةَ وَمُجَاهِدٌ وَسَعِيْدُ بْنُ جُبَيْرٍ وَعِكْرِمَةُ وَعَطَاءٌ وَالْحَسَنُ وَمَكْحُوْلٌ وَاِبْرٰهِيْمُ النَّخَعِيُّ وَالسُّدِّيُّ وَمُقَاتِلُ بْنُ حَيَّانَ يَعْنِىْ ذَبَائِحَهُمْ حَلَالٌ لِّلْمُسْلِمِيْنَ لِاَ نَّهُمْ يَعْتَقِدُوْنَ تَحْرِيْمَ الذَّبْحِ لِغَيْرِ اللّٰهِ وَلَا يَذْكُرُوْنَ عَلٰى ذَبَائِحِهِمْ اِلَّا اسْمَ اللّٰهِ وَاِنِ اعْتَقَدُوْا فِيْهِ تَعَالٰى مَاهُوَ مُنَزَّهٌ عَنْهُ تَعَالٰى وَتَقَدَّسَ. (اِبْنِ كَثِيْر مَائِدَةٌ، ص ١٩، ج ٣)

"ઈબ્ને અબ્બાસ (રદિ.), અબૂ ઉમામહ મુજાહિદ, સઈદ બિન ઝુબૈર, ઈકરીમા, અતાઅ્, હસન, મકહૂલ, ઈબ્રાહીમ નકઈ, સુદ્દી અને મુકાતિર બિન હય્યાન (રહ.)એ 'તઆમે અહલે કિતાબ'ની તફસીર તેમના ઝબહ કરેલ હોવાની કરી છે અને આ મસ્અલો મુસલમાનો માટે અહીંયાં સામૂહિક છે કે, તેમણે ઝબહ કરેલું (જાનવર) મુસલમાનો માટે હલાલ છે. કારણ કે, તેઓ પણ ગયરૂલ્લાહ માટે ઝબહ કરવાને હરામ સમજે છે અને પોતાના ઝબહ કરેલા ઉપર અલ્લાહ સિવાય કોઈનું નામ લેતા નથી. અલબત્ત, તેઓ અલ્લાહ વિશે એવી વાતોનો અકીદહ ધરાવતા હોય છે કે જેનાથી અલ્લાહ રબ્બુલ ઈજ્જત પાક અને મહાન છે." *(ઈબ્ને કષીર, સૂરએ માઈદહ, પેજ : ૧૯, જિલ્દ : ૩)*

ઈબ્ને કષીરના આ વર્ણનથી એક વાત એ પણ જાણ થાય છે કે, બધા જ ઉપરોક્ત સહાબા અને તાબિઈન નજીક "તઆમે અહલે કિતાબ"નો ભાવાર્થ અહલે કિતાબનું ઝબહ કરેલ જાનવર સમજાય છે અને તેના હલાલ હોવા ઉપર ઉમ્મતનો ઈજ્માઅ્ છે.

બીજી વાત એ જાણ થઈ કે, આ બધા લોકો નજીક અહલે કિતાબનું ઝબહ કરેલું હલાલ હોવાનું કારણ એ છે કે, યહૂદીઓ અને નસારાના ધર્મમાં ઘણા બધા ફેરફારો થયા હોવા છતાં ઝબહ કરવાનો મસ્અલો ઈસ્લામી શરીઅત પ્રમાણે બાકી છે કે, તેઓ પણ ગયુરૂલ્લાહ (અલ્લાહ સિવાય અન્ય)ના નામ ઉપર ઝબહ કરેલ જાનવરને હરામ કહે છે અને ઝબહ કરવા માટે અલ્લાહનું નામ લેવું જરૂરી સમજે છે. એ અલગ બાબત છે કે, અલ્લાહ તઆલાની શા'નમાં તેઓ ત્રિનિટીનો શિર્કિય્યહ અકીદહ ધરાવતા થઈ ગયા અને અલ્લાહ તથા હઝરત મસીહ (અલૈ.) અને મરયમ (અલૈ.)ને એક જ કહેવા લાગ્યા છે, જેને કુર્આને કરીમે આ શબ્દોમાં રદ કર્યું છે.

لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْا اِنَّ اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ

"બેશક ! કાફિર થઈ ગયા તે લોકો, જેમણે કહ્યું કે અલ્લાહ તો મસીહ ઈબ્ને મરયમ છે."

એનો ખુલાસો એ થયો કે, ઝબહ કરવાના સંદર્ભમાં બધી જ કુર્આનની આયતો જે સૂરએ બકરહ અને સૂરએ અન્આમમાં આવી છે, જેમાં ગયરૂલ્લાહના

નામ ઉપર ઝબહ કરેલ જાનવરને પણ અને તે જાનવરને પણ જેના ઉપર અલ્લાહનું નામ લેવામાં નથી આવ્યું, તેને હરામ ઠરાવવામાં આવ્યું છે. આ બધી આયતો પોતાની જગ્યાએ મુહકમ (મજબૂત અને સ્પષ્ટ અર્થવાળી) અને ખુલ્લી છે. સૂરએ માઈદહની આયત જેમાં "તઆમે અહલે કિતાબ"ને હલાલ ઠરાવવામાં આવ્યું છે, તે પણ આ આયતના હુકમથી જુદું નથી. કારણ કે, તઆમે અહલે કિતાબ (અહલે કિતાબના ઝબહ કરેલ જાનવર)ને હલાલ ઠરાવવાનું કારણ એ જ છે કે, તેમના ધર્મમાં પણ ગયરૂલ્લાહના નામ ઉપર ઝબહ કરેલું જાનવર અને તે જાનવર કે જેના ઉપર અલ્લાહનું નામ લેવામાં નથી આવ્યું તે હરામ છે. આધુનિક યુગમાં તવરાત અને ઈન્જીલના જે નુસ્ખાઓ આજે પણ મૌજૂદ છે, તેમાં પણ ઝબહ કરવાના અને નિકાહના હુકમો લગભગ આજે પણ તે જ છે, જે કુર્આને કરીમ અને ઈસ્લામમાં છે, તેની વિગત નિકટમાં જ વર્ણન કરવામાં આવશે. ઈન્શાઅલ્લાહ !

હા ! એવું બની શકે છે કે, અમુક જાહિલ લોકો પોતાના મઝહબના તે હુકમો વિરુદ્ધ અમલ કરે, જેમકે મુસલમાન જાહિલ લોકોમાં પોતે પણ અમુક જાહિલિયતના કુરિવાજો સામેલ થઈ ગયા છે, પરંતુ તેને ઈસ્લામ ધર્મનો હુકમ કહી શકાય નહીં. એ જ પ્રમાણે નસારાના જાહિલ લોકોની ઝબહ કરવાની પદ્ધતિ જોઈને અમુક તાબિઈન (રહ.)એ ફરમાવ્યું છે કે, "જ્યારે અલ્લાહ તઆલાએ તઆમે અહલે કિતાબને હલાલ ઠરાવ્યું અને અલ્લાહ તઆલા જાણે છે કે, તેઓ પોતાના ઝબહ કરેલા સાથે શું વર્તણૂક કરે છે, કોઈ તેના ઉપર મસીહ અને અઝીઝનું નામ લે છે, કોઈ બિસ્મિલ્લાહ વિના જ ઝબહ કરી નાંખે છે, તો જાણ થઈ કે આયતે માઈદહ જેમાં તઆમે અહલે કિતાબને હલાલ ઠરાવ્યું છે, આ આયતે અહલે કિતાબના ઝબહ કરેલાના હકમાં સૂરએ બકરહ અને સૂરએ અન્આમની તે આયતોમાં ચોક્કસ એક પ્રકારનું નસ્ખ (રદ) ઠરાવી દીધું છે, જેમાં ગયરૂલ્લાહના નામ ઉપર ઝબહ કરવાને અથવા અલ્લાહનું નામ લીધા વિના જ ઝબહ કરવાને હરામ ઠરાવવામાં આવ્યું છે."

અમુક અકાબિર ઉલમાના નિવેદનોથી જાણ થાય છે કે, જે તાબિઈન (રહ.)એ અહલે કિતાબના બિસ્મિલ્લાહ વિના ઝબહ કરેલા તથા ગયરૂલ્લાહના નામ ઉપર ઝબહ કરેલા જાનવરને હલાલ કહ્યું છે, તેમના નજીક પણ અહલે

કિતાબનો અસલ અકીદહ (જાનવર ઝબહ કરવા વિશે) ઈસ્લામથી જુદો નથી, પરંતુ તેમના જાહિલ લોકો ભૂલો કરે છે, તે છતાં પણ તે જાહિલ લોકોને અહલે કિતાબના હુકમથી અલગ નથી કર્યા અને ઝબહ કરવાના તથા નિકાહના સંદર્ભમાં તેમનો પણ એ જ હુકમ રાખવામાં આવશે, જે તેમના બાપ-દાદાના અસલ ધર્મના અનુસરણ કરનારાઓનો છે કે, તેમનું ઝબહ કરેલું જાનવર અને તેમની સ્ત્રીઓ સાથે નિકાહ કરવા જાઈઝ હતા.

ઈબ્ને અરબી (રહ.)એ અહકામુલ કુર્આનમાં લખ્યું છે કે, "મેં મારા ઉસ્તાદ અબૂલ ફતહ મુકદસીને સવાલ કર્યો કે, અત્યારના નસારા તો ગયરૂલ્લાહના નામ ઉપર ઝબહ કરે છે, દાખલા તરીકે, મસીહનું નામ અથવા અઝીઝનું નામ જાનવર ઝબહ કરતી વખતે લે છે, તો તેમનું ઝબહ કરેલું કેવી રીતે હલાલ હોઈ શકે છે ?" તેના જવાબમાં અબુલ ફતહ મુકદસીએ ફરમાવ્યું,

هُمْ مِّنْ اٰبَآئِهِمْ وَقَدْ جَعَلَهُمُ اللّٰهُ تَعَالٰى تَبْعًا لِّمَنْ كَانَ قَبْلَهُمْ مَعَ عِلْمِهٖ بِحَالِهِمْ

(اَحْكَامُ اِبْنِ عَرَبِیْ، ص ۲۲۹، جلد اول)

"તેમનો હુકમ પોતાના બાપ-દાદા જેવો છે (આજના અહલે કિતાબની) આ હાલત અલ્લાહ તઆલાને ખબર હતી પરંતુ અલ્લાહે તેમને તેમના બાપ-દાદાના તાબે બનાવી દીધા છે."

તેનો ખુલાસો એ થયો કે, અસ્લાફે ઉમ્મત (પુરોગામી ઈસ્લામિક વિદ્વાનો)માં જે ઉલમાએ અહલે કિતાબના આવા ઝબહ કરેલા જાનવરની પરવાનગી આપી છે કે, જેના ઉપર અલ્લાહનું નામ લેવામાં નથી આવ્યું બલકે ગયરૂલ્લાહનું નામ લેવામાં આવ્યું છે, તેમના નજીક પણ અસલ અહલે કિતાબનો મઝહબ એ જ છે કે, તે વસ્તુઓ તેમના મઝહબમાં પણ હરામ છે, પરંતુ તે લોકોએ ખોટું કરનાર સામાન્ય લોકોને પણ આ હુકમમાં સામેલ રાખ્યા કે, જે હુકમ અસલ અહલે કિતાબનો હુકમ છે. એટલા માટે તેમનું ઝબહ કરેલું પણ હલાલ ઠરાવી દીધું પરંતુ જમહૂર સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.) અને મુજતહિદીન ઈમામોએ એ બાબત ઉપર નજર કરી કે, અહલે કિતાબના જાહિલ સામાન્ય લોકો જો ગયરૂલ્લાહના નામ ઉપર અથવા અલ્લાહના નામ વગર ઝબહ કરે છે તો આ બાબત ઈસ્લામી હુકમના તો વિરોધ છે જ, પોતે નસારાઓના

હાલના ધર્મની પણ વિરુદ્ધ બાબત છે. એટલા માટે તેમના અમલનો હુકમ ઉપર કોઈ અસર ન થવો જોઈએ અને તેમણે એ ફેંસલો આપ્યો કે, આ લોકોનું ઝબહ કરેલું "તઆમે અહલે કિતાબ"માં સામેલ છે જ નહીં, એટલા માટે તેના હલાલ હોવાનું કોઈ કારણ જ ઉપસ્થિત થતું નથી અને તેમના કોઈ ગલત અમલ (પ્રવૃત્તિ)ના કારણે કુર્આનની આયતમાં નસ્ખનો અભિપ્રાય અપનાવવો કોઈ રીતે સહીહ નથી.

એટલા માટે બધા જ તફસીરના ઈમામો ઈબ્ને જરીર, ઈબ્ને કષીર, અબૂહય્યાન (રહ.) વગેરે આ બાબત ઉપર સહમત છે કે, સૂરએ બકરહ અને સૂરએ અન્આમની આયતોમાં કોઈ નસ્ખ (રદિયો) છે જ નહીં. આ જ જમહૂર સહાબા અને તાબિઈનનો અકીદહ છે, જેમકે ઈબ્ને કષીરના હવાલાથી ઉપર નકલ થઈ ચૂક્યું છે અને તફસીરે બહરે મુહીતમાં નીચે પ્રમાણેના શબ્દોમાં આ બાબત નકલ થઈ છે.

وَذَهَبَ اِلٰى اَنَّ الْكِتَابِىَّ اِذَالَمْ يَذْكُرِ اللّٰهَ عَلَى الذَّبِيْحَةِ وَذَكَرَ غَيْرَ اللّٰهِ لَمْ تُؤْكَلْ. وَبِهٖ قَالَ اَبُوالدَّرْدَآءِ وَعُبَادَةُ بْنُ الصَّامِتِ وَجَمَاعَةٌ مِّنَ الصَّحَابَةِ وَبِهٖ قَالَ اَبُوْ حَنِيْفَةَ وَاَبُوْيُوْسُفَ وَمُحَمَّدٌ وَزُفَرُوَ مَالِكٌ وَكَرِهَ النَّخَعِىُّ وَالثَّوْرِىُّ اَكْلَ مَاذُبِحَ وَاُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ. (بَحْرِ مُحِيْطُ، ص ۴۳۱، ج ۴)

"તેમનો મઝહબ એ છે કે, અહલે કિતાબવાળા જો ઝબહ કરેલા ઉપર અલ્લાહનું નામ ન લે બલકે, અલ્લાહ સિવાય કોઈનું પણ નામ ન લે તો તેનું ખાવું જાઈઝ નથી. આવો જ કૌલ અબૂ દરદઅ, ઉબાદા બિન સામિત અને સહાબએ કિરામ (રદિ.)ના એક સમૂહનો છે અને ઈમામ અબૂહનીફા, અબૂયૂસુફ, મુહમ્મદ, ઝફર અને માલિક (રહ.)નો આ જ મઝહબ છે. નખઈ અને ષૌરી (રહ.) તેને ખાવું મકરૂહ ઠરાવે છે." (બહરે મુહીત, પે.:૪૩૧, જિ.:૪)

કહેવાનું તાત્પર્ય એ છે કે, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) તથા ઉમ્મતના અસ્લાફોનો એ બાબતમાં કોઈ મતભેદ નથી કે, અહલે કિતાબનો અસલ ધર્મ કુર્આનના નાઝિલ થવાના સમયે પણ એ જ હતો કે, જે જાનવર ઉપર અલ્લાહ સિવાય અન્યનું નામ લેવામાં આવે અથવા તો જાણીબુજીને અલ્લાહનું

નામ લેવાનું છોડી દે તો તે હરામ છે. એ જ પ્રમાણે નિકાહના હલાલ અને હરામ હોવામાં પણ અહલે કિતાબના વાસ્તવિક ધર્મમાં આધુનિક યુગ સુધી મોટા ભાગની વસ્તુઓમાં હુકમ ઈસ્લામી શરીઅત પ્રમાણે જ છે, તેના વિરુદ્ધ જે કંઈ પણ અહલે કિતાબમાં જોવા મળે છે, તે તેમના જાહિલ અવામ (સામાન્ય જનતા)ના કુરિવાજો છે, તેને તેમના ધર્મ સાથે કોઈ લેવા-દેવા નથી.

અત્યારે ઉપસ્થિત તવરાત અને ઈન્જીલ જે વિવિધ ભાષાઓમાં છાપેલી મળે છે, તેમાં પણ આ વાતનું સમર્થન મળે છે. પ્રસ્તુત કેટલાક અવતરણો બાઈબલના જૂના કરારમાંથી આધુનિક યુગના યહૂદીઓ અને નસારા નજીક સ્વીકાર્ય છે, તે વાંચો.

ઝબહ કરવા સંબંધિત હુકમો :

(૧) જે જાનવરો આપમેળે મૃત્યુ પામે અને જેને હિંસક પ્રાણી ફાડી ખાય તેની ચરબી બીજા કાર્યમાં લાવવી હોય તો લાવો, તમે તેને કોઈપણ હાલતમાં ન ખાઓ. (Leviticus 7:24)

(૨) માંસથી ભરેલ તો પોતાના બધા ફાટકો (વાડાઓ)માં પોતાના દિલના લગાવથી અને ખુદાવંદ પોતાને આપેલી બરકત પ્રમાણે ઝબહ કરીને ખાઈ શકશે..... પરંતુ તમે લોહી બિલકુલ ન ખાશો. (Deuteronomy 12:15)

(૩) તમે મૂર્તિઓની કુર્બાનીઓનો માંસ અને લોહી અને ગળું દાબીને મારી નાંખવામાં આવેલ જાનવરો અને હરામ કાર્યોથી બચતા રહો.

(عَہِدْ نَامَۂ جَدِیْد کِتَابِ اَعْمَالْ નવો કરાર, Acts 15:29)

(૪) ઈસાઈઓના સૌથી મોટા આગેવાન I Corinthians پُوْلُسْ کَرَنْتِھُیُوْنْ ના નામે લખાયેલા પ્રથમ પત્રમાં લખે છે કે, જે કુર્બાની ગૈરકૌમો કરે છે તે શયતાનો માટે કુર્બાની કરે છે અને ન જ હું ઈચ્છું છું કે તમે શયતાનના ભાગીદાર થાઓ. તમે ખુદાવંદના પ્યાલા અને શયતાનના પ્યાલા બંનેમાંથી નથી પી શકતા. (I Corinthians 10:20-21)

(૫) حَوَارِیِّنْ کِتَابِ اَعْمَالْ માં છે, અમે આ ફેંસલો કરીને લખ્યું હતું કે, તેઓ ફક્ત મૂર્તિઓની કુર્બાનીના માંસથી અને લોહીથી અને ગળું દાબેલા જાનવરો અને ખરાબ કૃત્યોથી પોતાને બચાવી રાખશે. (Acts 21:25)

આ તવરાત અને ઇન્જીલના તે ખુલાસાઓ છે, જે આજકાલની બાઈબલમાં છે તેને બાઈબલ સોસાયટીઓએ છાપેલ છે, જેમાં સેંકડો ફેરબદલ અને સુધારા–વધારા પછી પણ કુર્આને કરીમ જેવા જ હુકમો પ્રમાણે આ વસ્તુઓ બાકી છે. કુર્આને કરીમની આયત આ પ્રમાણે છે,

حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَالدَّمُ وَلَحْمُ الْخِنْزِيْرِ وَمَا اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ وَالْمُنْخَنِقَةُ وَالْمَوْقُوْذَةُ وَالْمُتَرَدِّيَةُ وَالنَّطِيْحَةُ وَمَا اَكَلَ السَّبُعُ اِلَّا مَاذَكَّيْتُمْ وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ. (اَلْمَائِدَة ٣)

"હરામ કરવામાં આવ્યું તમારા ઉપર મૃત (પ્રાણી) અને લોહી અને સુવ્વરનું માંસ અને જેના ઉપર અલ્લાહ સિવાય (કોઈ અન્યનું નામ) પોકારવામાં આવે, અને ગળું દાબવાથી મૃત્યુ પામેલું, અને ઈજા પામીને મરેલું, અને ઊંચાઈએથી પડીને, અને શિંગડુ મારવાથી (વાગવાથી મરેલું) અને જેને હિંસક પ્રાણીએ ફાડી ખાધું પરંતુ (મરતાં પહેલાં) જો તમે ઝબહ કરી લીધું (તો હલાલ છે) અને (હરામ કરવામાં આવ્યું) જે કોઈ (મંદિરોના) સ્થાનકો ઉપર વધ કરવામાં આવ્યું હોય...." *(સૂરએ માઈદહ : ૩)*

આ આયતે મૃત એટલે કે આપમેળે મરેલા જાનવર, લોહી, ડુક્કરનું માંસ અને જેના ઉપર અલ્લાહ સિવાય કોઈ અન્યનું નામ લેવામાં આવ્યું હોય, ગળું દાબીને મારી નાંખવામાં આવ્યું હોય, વાગવાથી મરી ગયું હોય, ઊંચી જગ્યાએથી પડીને મરી ગયું હોય અથવા શિંગડું વાગવાની ઈજાથી મરી ગયું હોય અને જેને હિંસક પ્રાણીએ ફાડી ખાધું હોય... બધું હરામ છે. તવરાત અને ઇન્જીલના પ્રસ્તુત ખુલાસાઓમાં પણ ડુક્કરના માંસ સિવાય લગભગ બધું જ હરામ ઠરાવવામાં આવ્યું છે. ફક્ત ઈજા થવાથી અથવા ઊંચી જગ્યાએથી પડીને અથવા શિંગડું વાગવાથી મરેલા જાનવરની વિગતો ઉપસ્થિત નથી, પરંતુ તે બધું પણ લગભગ પોતે મરી ગયેલા અથવા ગળું દાબવાથી મરી ગયેલા જાનવરોના હુકમમાં સામેલ છે.

એ જ પ્રમાણે કુર્આને કરીમે ઝબહ કરવાના જાનવર ઉપર અલ્લાહનું નામ લેવાની તાકીદ ફરમાવી છે. كُلُوْا وَاذْكُرُوا اسْمَ اللّٰهِ عَلَيْهِ (૫:૪) અને જે જાનવર

ઉપર અલ્લાહનું નામ લેવામાં આવ્યું ન હોય તેને હરામ ઠરાવ્યું છે, لَا تَأْكُلُوا مِمَّا لَمْ يُذْكَرِ اسْمُ اللّٰهِ عَلَيْهِ (૬:૧૨૧) બાઇબલમાં 'કિતાબે ઇસ્તિસ્ના' (Deuteronomy)માં ઉપરોક્ત મુદ્દા નંબર-૨થી પણ આ જ તાકીદ સમજમાં આવે છે કે, જાનવરને અલ્લાહના નામ ઉપર ઝબહ કરવામાં આવે. એ જ પ્રમાણે નિકાહના મા'મલામાં પણ અહલે કિતાબનો ધર્મ ઘણી બધી બાબતોમાં ઇસ્લામ પ્રમાણે જ છે.

બાઈબલમાં અહબાર (Leviticus) ૧૮, ૬ થી ૧૯ જેમાં એક લાંબી યાદી હરામ વસ્તુઓની આપવામાં આવી છે, જેમાં મોટા ભાગે એ જ વસ્તુઓ છે જેને કુર્આને હરામ કહી છે. અહીંયાં સુધી કે, جَمْعُ بَيْنَ الْأُخْتَيْنِ એટલે કે, બે બહેનોને એક સાથે નિકાહમાં ભેગી કરવી હરામ હોવાની બાબત અને માસિકધર્મમાં સ્ત્રી ઉપભોગ ન કરવાની પણ વિગતો મૌજૂદ છે. વળી, બાઇબલમાં એનો પણ ખુલાસો છે કે, મૂર્તિપૂજકો અને મુશ્રિક કૌમો સાથે નિકાહ કરવા જાઇઝ નથી. પ્રસ્તુત છે તવરાતના અમુક શબ્દો,

"તો તેમની સાથે શાદી પણ ન કરો, ન એમના દિકરાઓને તમારી દિકરીઓ આપો અને ન જ પોતાના દિકરાઓ માટે તેમની દિકરીઓ લાવો. કારણ કે, તેઓ મારા પુત્રોને મારું અનુસરણ કરવાથી ભટકાવી દેશે, જેથી તે અન્ય મઅબૂદોની ઈબાદત કરે." *(Leviticus 4-3-7 اِسْتِثْنَا ۷-۳-۴)*

ખુલાસો :

ખુલાસો એ છે કે, અહલે કિતાબના ઝબહ કરેલા જાનવર અને તેમની સ્ત્રીઓ સાથે નિકાહ કરવાનું મુસલમાનો માટે હલાલ ઠરાવવામાં આવ્યું છે જ્યારે અન્ય કાફિરોના ઝબહ કરેલા જાનવર અને તેમની સ્ત્રીઓ સાથે નિકાહ કરવા હરામ ઠરાવવામાં આવ્યું. તેનું કારણ એ છે કે, આ બંને મસ્અલાઓમાં અહલે કિતાબનો અસલ ધર્મ આજે પણ ઇસ્લામી કાયદાઓ પ્રમાણે છે અને જે કંઈ પણ તેનાથી વિરુદ્ધ અમલ તેમના સામાન્ય લોકોમાં જોવા મળે છે, તે તેમનામાંના જાહિલોનો ખોટો અમલ છે. તેમના ધર્મમાં એવું નથી. એ જ પ્રમાણે જમહૂર સહાબા (રદિ.), તાબિઇન (રહ.) અને મુજતહિદીન ઇમામોના મતે સૂરએ બકરહ, સૂરએ અન્આમ અને સૂરએ માઇદહની બધી જ આયતોમાં કોઈ વિરોધાભાસ અથવા નસ્ખ (રદિયો) નથી અને જે આલિમો અને તાબિઇન

(રહ.)એ ખોટું કરનાર અહલે કિતાબના સામાન્ય લોકોના ખોટા અમલોને પણ અહલે કિતાબના હુકમોમાં સામેલ રાખ્યા છે અને સૂરએ બકરહ, સૂરએ અન્‌આમની આયતોમાં નસ્ખ (ર૬)નો જે મત અપનાવ્યો છે તેનો આધાર પણ આ જ મસ્અલાઓનો તે કૌલ છે કે, إِنَّ اللّٰـهَ هُوَا لْـمَسِيْـحُ ابْنُ مَـرْيَم (૫ : ૭૨) એટલે કે, અલ્લાહ તો ઈસા ઈબ્ને મરયમ છે. આ લોકો જો અલ્લાહનું નામ પણ લે તો તેમનાથી ઈસા ઈબ્ને મરયમનું નામ લેવાનો અર્થ સમજાય છે. એટલા માટે તેમના ઝબહ કરેલા જાનવર ઉપર અલ્લાહનું નામ લેવું અથવા હઝરત મસીહ (અલૈ.)નું નામ લેવું તેમના નજીક બરાબર છે. એ આધારે તે તાબિઈન (રહ.)એ અહલે કિતાબના ઝબહ કરેલા જાનવરમાં પરવાનગી આપી છે. ઈબ્ને અરબીએ અહકામુલ કુર્આનમાં આ આધારે સ્પષ્ટતા કરી છે.

(અહકામ, ઈબ્ને અરબી, પેજ : ૨૨૯, જિલ્દ : ૧)

પરંતુ જમહૂર ઉમ્મતે તેને કબૂલ નથી કર્યું, જેમકે તફસીરે ઈબ્ને કષીર અને તફસીરે બહરે મુહીતના હવાલાઓમાં હમણા આવી ચૂક્યું છે અને તફસીરે મઝહરીએ વિવિધ નિવેદનો કર્યા પછી લખ્યું છે,

وَالصَّحِيْحُ الْمُخْتَارُ عِنْدَنَا هُوَالْقَوْلُ الْاَوَّلُ. يَعْنِىْ ذَبَائِحَ اَهْلِ الْكِتَابِ تَارِكًا لِّلتَّسْمِيَةِ عَامِدًا اَوْعَلٰى غَيْرِ اسْمِ اللّٰهِ تَعَالٰى لَايُؤْكَلُ اِنْ عُلِمَ ذَالِكَ يَقِيْنًا اَوْكَانَ غَالِبُ حَالِهِمْ ذٰلِكَ وَهُوَ مَحْمِلُ النَّهْيِ عَنْ اَكْلِ ذَبَائِحِ نَصَارَى الْعَرَبِ وَمَحْمِلُ قَوْلِ عَلِيٍّ لَاتَاْكُلُوْا مِنْ ذَبَائِحِ نَصَارٰى بَنِىْ تَغْلِبَ فَاِنَّهُمْ لَمْ يَتَمَسَّكُوْا مِنَ النَّصْرَانِيَّةِ بِشَىْءٍ اِلَّا بِشُرْبِهِمُ الْخَمْرَ فَلَعَلَّ عَلِيًّا عَلِمَ مِنْ حَالِهِمْ اَنَّهُمْ لَا يُسَمُّوْنَ اللّٰهَ عِنْدَ الذَّبْحِ اَوْيَذْبَحُوْنَ عَلٰى غَيْرِ اسْمِ اللّٰهِ هٰكَذَا حُكْمُ نَصَارَى الْعَجَمِ اِنْ كَانَ عَادَتُهُمُ الذَّبْحَ عَلٰى غَيْرِ اسْمِ اللّٰهِ تَعَالٰى غَالِبًا لَايُؤْكَلُ ذَبِيْحَتُهُمْ. وَلَا شَكَّ اَنَّ النَّصَارٰى فِىْ هٰذَالزَّمَانِ لَا يَذْبَحُوْنَ بَلْ يَقْتُلُوْنَ بِالْوَقْذِ غَالِبًا فَلَا يَحِلُّ طَعَامُهُمْ.

(تَفْسِيْرِ مَظْهَرِىْ، ص۳۷، جلد ۳)

"અને સાચું તથા પાકું અમારા મતે તે પહેલું નિવેદન છે. એટલે એ કે, અહલે

કિતાબના ઝબહ કરેલા કે જેના ઉપર જાણીબુઝી અલ્લાહનું નામ લેવાનું છોડી દેવામાં આવ્યું હોય અથવા અલ્લાહ સિવાય અન્યનું નામ લઈને ઝબહ કરવામાં આવ્યું હોય, તે હલાલ નથી. જો વિશ્વાસપૂર્વક એવું જાણ થઈ જાય કે તેના ઉપર અલ્લાહનું નામ નથી લીધું અથવા અલ્લાહ સિવાય અન્યનું નામ લીધું છે અથવા અહલે કિતાબની સામાન્ય ટેવ એવી થઈ જાય કે જે બુઝૂર્ગોએ અરબના નસારાના ઝબહ કરેલાની મનાઈ કરી છે તેમના કૌલનો મકસદ પણ એ જ છે. એ જ પ્રમાણે હઝરત અલી (રદિ.)એ એવું ફરમાવ્યું છે કે, નસારા બની તગલીબનું ઝબહ કરેલું ખાવું જાઈઝ નથી. કારણ કે, તેમણે નસરાની ધર્મમાંથી દારૂ પીવા સિવાય અન્ય કંઈ લીધું નથી અને તેનો ભાવાર્થ પણ એ જ છે કે, હઝરત અલી (રદિ.) સમક્ષ એ સાબિત થઈ ચૂક્યું હશે કે, બની તગલીબ પોતાના ઝબહ કરેલા ઉપર અલ્લાહનું નામ લેતા નથી અથવા તો અલ્લાહ સિવાય અન્યનું નામ લે છે.

બસ, આ જ હુકમ અજમી (બિનઆરબ) નસારાનો પણ છે. જો તેમની ટેવ એવી થઈ જાય કે, સામાન્ય રીતે અલ્લાહના નામ સિવાય અન્યના નામ ઉપર ઝબહ કરે છે તો તેમનું ઝબહ કરેલું ખાવું જાઈઝ નથી અને તેમાં કોઈ શંકા નથી કે, આજકાલના નસારા તો ઝબહ જ નથી કરતા બલકે, સામાન્ય રીતે ઈજા પહોંચાડીને કતલ કરી નાંખે છે. એટલા માટે તેમનું ઝબહ કરેલું જાઈઝ નથી." *(તફસીરે મઝહરી, પેજ : ૩૭, જિલ્દ : ૩)*

આ વિગતવાર ચર્ચા ફક્ત એટલા માટે વર્ણન કરવામાં આવી છે કે, આ સ્થળે મિસ્રના મશહૂર આલિમ મુફતી અબ્દહે એક ઘણી સખત ભૂલ કરી છે, જે ભૂલ કિતાબ તથા સુન્નત અને જમહૂર ઉમ્મતના વિરુદ્ધ હોવામાં કોઈ શંકા બાકી નથી. તેમણે "તફસીરુલ મિનાર"માં આ સ્થળે બે પ્રકારની ભૂલ કરી છે.

પ્રથમ તો એ કે, અહલે કિતાબના અર્થમાં દુનિયાના કાફિરો, અગ્નિપૂજકો, હિન્દુઓ, શીખો વગેરેને સામેલ કરીને અહલે કિતાબની વ્યાખ્યા એટલી સામાન્ય બનાવી દીધી કે, આખા કુર્આનમાં જે કાફિરો અને અહલે કિતાબ તથા ગેરઅહલે કિતાબની વહેંચણી અને તફાવત કરવામાં આવ્યો છે તે બિલકુલ અર્થ વગરનું અને મહત્ત્વહીન બનાવી દીધું અને આ વહેંચણીનો જાણે કોઈ અર્થ જ નથી એવી વ્યાખ્યા કરી.

બીજી ભૂલ તેનાથી મોટી એ કરી કે, "તઆમે અહલે કિતાબ" (અહલે કિતાબનું ઝબહ કરેલા)ના અર્થમાં અહલે કિતાબના દરેક ખાવાને કોઈપણ પ્રકારની શરત વિના હલાલ ઠરાવી દીધું. ભલે તે જાનવર ઝબહ કરે અથવા ન કરે અને તેના ઉપર અલ્લાહનું નામ લે અથવા ન લે. દરેક પરિસ્થિતિમાં તે જાનવરને જે રીતે ખાવું હોય મુસલમાનો માટે હલાલ ઠરાવી દીધું.

જે સમયે તેમણે આ ફત્વો મિસ્રમાં પ્રકાશિત કર્યો, તે સમયે પોતે મિસ્રના અને દુનિયાના બધા જ અકાબિર ઉલમાએ તેને ખોટો ઠરાવ્યો, તેના ઉપર ઘણા બધા મુકાબલા થયા અને ઘણી બધી પુસ્તિકાઓ લખવામાં આવી, મુફતી અબ્દહના ફત્વો આપવાના હોદ્દાને નિલંબિત કરવાની માંગણી ચારે તરફથી ઉઠવા લાગી. આ બાજુ મુફતી સાહેબ અને તેમના વિદ્યાર્થીઓની અમુક પશ્ચિમ પરસ્ત યુરોપીયન સમાજના સમર્થનમાં બહસો ચાલી. કારણ કે, આ ફત્વો તેમના રસ્તામાં આવતી બધી જ મુશ્કેલીઓનો હલ હતો કે, યુરોપના યહૂદીઓ, નસારાઓ બલકે, નાસ્તિકો વગેરેનું દરેક પ્રકારનું ખાવા તેમના માટે હલાલ થઈ ગયું.

પરંતુ ઈસ્લામનો એ પણ મોઅ્જિઝો છે કે, શરીઅત વિરુદ્ધનું કામ કરવાનું આહ્વાન ભલે ગમે એટલા મોટા આલિમ દ્વારા કેમ ન આપવામાં આવતું હોય પરંતુ સામાન્ય મુસલમાનોના દિલો તેનાથી ક્યારેય સંતોષિત થતા નથી. આ ઘટનામાં પણ એવું જ થયું અને આખી દુનિયાના મુસલમાનોએ તેને ગુમરાહી ઠરાવી દીધી અને તે સમયે આ મા'મલો દબાય ગયો પરંતુ આધુનિક યુગના નાસ્તિકોનો મકસદ એ જ છે કે, ઈસ્લામનું નવું ઍડિશન (સ્વરૂપ) તૈયાર કરવામાં આવે કે, જેમાં યુરોપની દરેક નિરર્થક વાતો ખપી જાય અને નવા નવયુવાનોને મનેચ્છાઓ તથા મહેચ્છાઓ પૂરી કરવામાં તેમણે પાછી આ ચર્ચાને એવા અંદાઝથી ચગાવી કે જાણે તેઓ પોતે આ સંશોધન રજૂ કરી રહ્યા છે. જ્યારે કે આ બધી મુફતી અબ્દહની નકલ અને તેમના લેખો ઉપર આધારિત ચર્ચા છે. એટલા માટે જરૂરી છે કે, આ ચર્ચાને થોડી વિસ્તારથી લખવામાં આવે.

હવે, અલહમ્દુલિલ્લાહ જરૂરત જેટલું તો વર્ણન થઈ ચૂક્યું છે અને તેની સંપૂર્ણ વિગત મારી કિતાબ "ઈસ્લામી ઝબીહા"માં છે, તે વાંચવા વિનંતી છે.

બીજો મસ્અલો આ સ્થળે એ છે કે, કુર્આને કરીમના આ ઈરશાદમાં એક હુકમ જે મુસલમાનો માટે વર્ણન કરવામાં આવ્યો છે કે, "અહલે કિતાબનું ખાવા જે તમારા માટે જાઈઝ છે," એ તો દેખીતું છે પરંતુ તેનો બીજો વિભાગ એટલે કે, "મુસલમાનોનું ખાવું અહલે કિતાબ માટે જાઈઝ છે," તેનો શું હેતુ છે ? કારણ કે, અહલે કિતાબ જે કુર્આનના ઈરશાદને નથી માનતા તેમના માટે હરામ શું અને હલાલ શું ? તેના વર્ણન કરવાનો શું લાભ ?

તફસીરે બહરે મુહીત વગેરેમાં એના વિશે ફરમાવવામાં આવ્યું છે કે, વાસ્તવમાં આ હુકમ મુસલમાનોને જ બતાવવા માટે છે કે, તમારા ઝબહ કરેલા જાનવરો તેમના માટે હલાલ છે. એટલા માટે તમે પોતાના ઝબહ કરેલામાંથી કોઈ ગેરમુસ્લિમ અહલે કિતાબને ખવડાવો તો કોઈ ગુનોહ નથી. એટલે કે, પોતાની કુર્બાનીમાંથી કોઈ અહલે કિતાબને આપી શકો છો અને જો આપણા ઝબહ કરેલા જાનવરો તેમના માટે હરામ હોત તો આપણા માટે એ જાઈઝ ન હોત કે, આપણે તેમને તેમાંથી ખવડાવીએ. એટલા માટે ભલે આ હુકમ જાહેર દેખાવમાં તો અહલે કિતાબનો છે પરંતુ વાસ્તવમાં તે મુસલમાનોને સંબોધન કરે છે.

અને તફસીરે રૂહુલ મઆનીમાં સુદ્દીના હવાલાથી આ વાક્ય એક અપવાદરૂપ વર્ણન કરવામાં આવ્યું છે, તે એ છે કે, "અહલે કિતાબ યહૂદી અને નસારાના ધર્મમાં અમુક હલાલ જાનવરો અથવા તેની કોઈ વસ્તુ સજા સ્વરૂપે હરામ કરવામાં આવી હોય. એટલા માટે તે જાનવરો અથવા જાનવરોના શરીરનો ભાગ 'તઆમે અહલે કિતાબ'માં દેખીતી રીતે સામેલ નથી. પરંતુ આયતના એ વાક્યએ બતાવી દીધું છે કે, જે જાનવરો તમારા માટે હલાલ છે ભલે અહલે કિતાબ તેને હલાલ ન જાણતા હોય અને જો અહલે કિતાબનું ઝબહ કરેલું મળે તો તે પણ મુસલમાનો માટે હલાલ જ સમજવામાં આવશે. وَطَعَامُكُمْ حِلٌّ لَّهُمْ માં આ જ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે." આ ચર્ચાથી પણ અંતે આ વાક્યનો સંબંધ પોતે મુસલમાનો સાથે જ જોડાય ગયો.

અને તફસીરે મઝહરીમાં ફરમાવ્યું છે કે, "આ વાક્યનો લાભ ઝબહ કરેલાના મા'મલામાં અને નિકાહના મા'મલામાં તફાવત વર્ણન કરવાનો છે, તે ફરક આ છે કે, ઝબહ કરેલું તો બંને તરફથી હલાલ છે. અહલે કિતાબનું ઝબહ

કરેલું મુસલમાનો માટે અને મુસલમાનોનું ઝબહ કરેલું અહલે કિતાબ માટે હલાલ છે, પરંતુ સ્ત્રીઓ સાથે નિકાહનો હુકમ એવો નથી. અહલે કિતાબની સ્ત્રીઓ મુસલમાનો માટે તો હલાલ છે પરંતુ મુસલમાનોની સ્ત્રીઓ અહલે કિતાબ માટે હલાલ નથી."

ત્રીજો મસ્અલો એ છે કે, જો કોઈ મુસલમાન નઊઝુબિલ્લાહ મુર્તદ થઈને યહૂદી અથવા નસારા બની જાય તો તે અહલે કિતાબમાં સામેલ નથી. બલકે, તે મુર્તદ છે, તેનું ઝબહ કરેલું ઉમ્મતના ઇજ્માઅ્થી હરામ છે. એ જ પ્રમાણે જે મુસલમાન જરૂરિયાતે દીન અને ઇસ્લામના કતઈ હુકમોના ઇન્કાર કરવાના કારણે મુર્તદ થઈ ગયો છે, જો કે, તે કુર્આન અને રસૂલે કરીમ ﷺને માનવાનો દા'વો પણ કરતો હોય, તો પણ તે મુર્તદ જ છે, તેનું ઝબહ કરેલું હલાલ નથી. ફક્ત કુર્આન પઢવું અથવા કુર્આન પઢવાનો દા'વો કરવાથી તે અહલે કિતાબમાં સામેલ નહીં થઈ શકે. હા ! કોઈ બીજા મઝહબ અને મિલ્લતનો વ્યક્તિ પોતાનો મઝહબ છોડીને યહૂદી અથવા નસરાની બની જાય તો તે અહલે કિતાબમાં ગણાશે અને તેનું ઝબહ કરેલું હલાલ ઠરાવવામાં આવશે.

આયતનું ત્રીજું વાક્ય આ પ્રમાણે છે,

وَالْمُحْصَنٰتُ مِنَ الْمُؤْمِنٰتِ وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ اِذَآ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ مُحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ وَلَا مُتَّخِذِيْٓ اَخْدَانٍ ؕ

"તમારા માટે મુસલમાન નેક અને પાકદામન તથા પવિત્ર સ્ત્રીઓ સાથે નિકાહ હલાલ છે, એવી જ રીતે અહલે કિતાબની નેક અને પાકદામન સ્ત્રીઓ સાથે પણ નિકાહ હલાલ છે."

તેમાં બે જગ્યાએ مُحْصَنٰتُ (મુહસનાત)નો શબ્દ આવ્યો છે, જેનો અર્થ અરબી શબ્દકોષ અને રૂઢિપ્રયોગના આધારે બે પ્રકારનો થઈ શકે છે. એક, "સ્વતંત્ર સ્ત્રી" જેનો વિરોધી શબ્દ "બાંદી" છે અને બીજું, "નેક અને પાકદામન સ્ત્રીઓ" શબ્દકોષના આધારે આ સ્થળે પણ બંને અર્થ તરીકે હોય શકે છે.

એટલા માટે તફસીરના ઉલમામાંથી મુજાહિદે આ સ્થળે مُحْصَنٰتُ (મુહસનાત)ની તફસીર حَرَائِرُ (હરાઇર)થી કરી છે, જેનો ભાવાર્થ એ છે કે,

"અહલે કિતાબની આઝાદ સ્ત્રીઓ મુસલમાનો માટે હલાલ છે, બાંદીઓ (કનીઝ) હલાલ નથી." *(મઝહરી)*

પરંતુ જમહૂર ઉલમા, સહાબા (રદિ.), તાબિઈન (રહ.)ના મતે આ સ્થળે مُحْصَنٰتُ (મુહસનાત)નો અર્થ "નેક અને પાકદામન સ્ત્રીઓ" છે અને આયતનો ભાવાર્થ એ છે કે, "જે રીતે મુસલમાન નેક અને પાકદામન સ્ત્રીઓ સાથે નિકાહ જાઇઝ છે, એ જ પ્રમાણે અહલે કિતાબની નેક અને પાકદામન સ્ત્રીઓ સાથે પણ નિકાહ જાઇઝ છે." *(અહકામુલ કુર્આન, જસ્સાસ અને મઝહરી)*

પરંતુ સર્વાનુમતે જમહૂર ઉમ્મત આ સ્થળે નેક અને પાકદામન સ્ત્રીઓની શરતનો અર્થ એ નથી સમજતા કે, નેક અને પાકદામન ન હોય તેવી સ્ત્રીઓ સાથે નિકાહ કરવા જ હરામ છે. બલકે, આ શરતનો લાભ બહેતર અને યોગ્ય સ્વરૂપનું પ્રોત્સાહન અને પ્રેરણા આપવા માટે છે, ભલે તે મુસલમાન સ્ત્રી સાથે નિકાહ કરવાના હોય અથવા અહલે કિતાબની સ્ત્રી સાથે. દરેક પરિસ્થિતિમાં આ બાબત નજર સમક્ષ રહેવી જોઈએ કે, નેક અને પાકદામન સ્ત્રી સાથે નિકાહ કરવા જોઈએ, બદકાર અને દુષ્ટ સ્ત્રીઓ સાથે નિકાહનું સગપણ જોડવું કોઈ શરીફ મુસલમાનનું કામ નથી. *(મઝહરી વગેરે)*

આથી વિષયનો ખુલાસો આ વાક્યથી એ થયો કે, મુસલમાનો માટે હલાલ છે કે, કોઈ મુસલમાન સ્ત્રી સાથે નિકાહ કરે અથવા અહલે કિતાબની સ્ત્રી સાથે. અલબત્ત, બંને સ્વરૂપોમાં એ બાબતની કાળજી રાખવી જોઈએ કે, નેક અને પાકદામન સ્ત્રી સાથે નિકાહ કરે. બદકાર, દુષ્ટ અને ભરોસો ન કરી શકાય એવી સ્ત્રી સાથે નિકાહનું સગપણ જોડવું દીન અને દુનિયાની તબાહી છે, તેનાથી બચવું જોઈએ. આ આયતમાં અહલે કિતાબની શરત ઈજ્માએ ઉમ્મતથી સાબિત થઈ કે જે ગેરમુસ્લિમો અહલે કિતાબમાં સામેલ નથી તેમની સ્ત્રીઓ સાથે નિકાહ હલાલ નથી.

પાછલા વર્ણનમાં સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે, આજના યુગમાં જેટલા ફિરકાઓ અને સમુદાયો ગેરમુસ્લિમોના ઉપસ્થિત છે, તેમાં ફક્ત યહૂદી અને નસારા બે જ કૌમો એવી છે જે અહલે કિતાબમાં સામેલ થઈ શકે છે. બાકી આધુનિક ધર્મોમાંથી કોઈ પણ અહલે કિતાબમાં સામેલ નથી. અગ્નિપૂજકો

(મજૂસીઓ), મૂર્તિપૂજકો, હિન્દુ, શીખ, આર્ય સમાજ કે બોદ્ધો વગેરે અહલે કિતાબમાં સામેલ નથી. કારણ કે, એ બાબત વર્ણન થઈ ચૂકી છે કે અહલે કિતાબ્રથી તે જ લોકો સમજવામાં આવે છે જે કોઈ એવી કિતાબના માનનારા અને તેનું અનુસરણ કરવાના દાવે'દારો છે, જેનું આસમાની કિતાબ અથવા અલ્લાહની વહી હોવું કુર્આન અનુ સુન્નતની નુસૂસથી સાબિત છે અને દેખીતું છે કે, તે માત્ર તવરાત અને ઈન્જીલ જ છે, જેને માનનારી અમુક કૌમો આ સમયે દુનિયામાં મૌજૂદ છે અને બાકીની ઝબૂર તથા સુહૂફે ઈબ્રાહીમ (અલૈ.) ન તો કોઈ જગ્યાએ સુરક્ષિત છે, ન જ તેનું અનુસરણ અને તાબે'દારી કરવાનો દા'વો કરતી કોઈ કૌમ મૌજૂદ છે અને વેદ તથા ગુરુગ્રંથ અથવા તો અવેસ્તા વગેરે કિતાબો જે દુનિયામાં પવિત્ર સમજવામાં આવે છે તે અલ્લાહની વહી હોવાની અથવા આસમાની કિતાબ હોવાની કોઈ સાબિતી કે કોઈ શરઈ દલીલ ઉપસ્થિત નથી. ફક્ત એ શક્યતા છે કે, કદાચ તે ઝબૂર અને સુહૂફે ઈબ્રાહીમના બદલાયેલા સ્વરૂપો જ છે, જે બોદ્ધોની કિતાબો અથવા વેદ વગેરેના નામોથી ઓળખાય છે. પરંતુ આ ફક્ત શક્યતા અને સંભાવના છે, જે સાબિતી માટે પૂરતું નથી. એટલા માટે ઈજ્માએ ઉમ્મતથી સાબિત થઈ ગયું કે, હાલના યુગમાં વિવિધ ધર્મોમાંથી માત્ર યહૂદી અને નસારાની સ્ત્રીઓ સાથે મુસલમાનોના નિકાહ હલાલ છે અને અન્ય કોઈ કૌમની સ્ત્રીઓ સાથે જ્યાં સુધી કે તે મુસલમાન ન થઈ જાય, નિકાહ હરામ છે.

કુર્આને કરીમની આયત وَلَا تَنكِحُوا الْمُشْرِكَتِ حَتَّى يُؤْمِنَّ.... આ જ વિષય માટે આવી છે, જેનો ભાવાર્થ એ છે કે, "મુશ્રિક સ્ત્રીઓ સાથે ત્યાં સુધી નિકાહ ન કરો જ્યાં સુધી કે તેઓ મુસલમાન ન થઈ જાય" અને અહલે કિતાબના સિવાય બીજી બધી કૌમો મુશ્રિકોમાં સામેલ છે.

મતલબ કે, કુર્આને મજીદની બે આયતો આ મસ્અલા વિશે નાઝિલ થઈ છે. એકમાં એવું છે કે, મુશ્રિક સ્ત્રીઓ સાથે તે સમય સુધી નિકાહ હલાલ નથી જ્યાં સુધી કે તેઓ મુસલમાન ન થઈ જાય. બીજી સૂરએ માઈદહની આ આયત છે, જેનાથી જાણ થાય છે કે અહલે કિતાબની સ્ત્રીઓ સાથે નિકાહ જાઈઝ છે.

આથી જમહૂર ઉલમા, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)એ બંને આયતોને દલીલ બનાવી તેનો અર્થ એ ઠરાવ્યો છે કે, સૈદ્ધાંતિક સ્વરૂપે ગેરમુસ્લિમ સ્ત્રીઓ સાથે મુસલમાનોના નિકાહ ન થવા જોઈએ, પરંતુ સૂરએ

માઈદહની આ આયત અહલે કિતાબની સ્ત્રીઓ વિશેના આ હુકમમાં અપવાદ છે. એટલા માટે યહૂદીઓ અને નસારાની સ્ત્રીઓ સિવાય અન્ય કૌમની સ્ત્રીઓ સાથે જ્યાં સુધી તેઓ ઈસ્લામ ન સ્વીકારે નિકાહ નથી થઈ શકતા.

હવે, મસ્અલો એ બાકી રહ્યો કે, અહલે કિતાબ એટલે કે યહૂદી અને નસારાની સ્ત્રીઓ સાથે નિકાહની વાત તો અમુક સહાબએ કિરામ (રદિ.) નજીક પણ જાઈઝ નથી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)નો આ જ મત છે, તેમને જ્યારે કોઈ પૂછતું તો તેઓ ફરમાવતા હતા કે, અલ્લાહ તઆલાનો ઈરશાદ કુર્આને કરીમમાં સ્પષ્ટ છે. وَلَا تَنۡكِحُوا الۡمُشۡرِكٰتِ حَتّٰى يُؤۡمِنَّ એટલે કે, "મુશ્રિક સ્ત્રીઓ સાથે ત્યાં સુધી નિકાહ ન કરો જ્યાં સુધી કે, તેઓ મુસલમાન ન થઈ જાય અને હું નથી જાણતો કે એનાથી મોટું કયું શિર્ક હશે કે તેઓ ઈસા ઈબ્ને મરયમ (અલૈ.) અથવા કોઈ અન્ય અલ્લાહના બંદાને પોતાનો પરવરદિગાર અને રબ ઠરાવે છે."

(અહકામુલ કુર્આન, જસ્સાસ)

એક વખતે મયમૂન બિન મહરાને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ને સવાલ કર્યો કે, "અમે એક એવા દેશમાં વસીએ છીએ જ્યાં અહલે કિતાબ બહુમતીમાં છે, તો શું અમે તેમની સ્ત્રીઓ સાથે નિકાહ કરી શકીએ છીએ? અને તેમનું ઝબહ કરેલું ખાઈ શકીએ છીએ ?" હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ જવાબમાં આ બંને આયતો પઢીને સંભળાવી, એક તે જેમાં મુશ્રિકો સાથે નિકાહ હરામ ઠરાવવામાં આવ્યા છે અને બીજી આ સૂરએ માઈદહની આયત જેમાં અહલે કિતાબની સ્ત્રીઓ સાથે નિકાહ હલાલ હોવાનું વર્ણન છે.

મયમૂન બિન મહરાને કહ્યું, "આ બંને આયતો તો હું પણ કુર્આને મજીદમાં પઢું છું અને જાણું છું. મારો સવાલ એ છે કે, આ બંને આયતોને નજર સમક્ષ રાખી શરીઅતમાં મારા માટે શું હુકમ છે ?" તેના જવાબમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ ફરી આ બે આયતો પઢીને સંભળાવી દીધી અને પોતાના તરફથી કંઈ જ ન કહ્યું, જેનો મતલબ ઉલમાએ ઉમ્મતે એ ઠરાવ્યો છે કે, હઝરત અબદુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ને અહલે કિતાબની સ્ત્રીઓ સાથે

નિકાહ હલાલ હોવા વિશે સંતોષ ન હતો.

સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)ના મતે જો કે, કુર્આનની રૂએ અહલે કિતાબની સ્ત્રીઓ નિકાહ માટે હલાલ છે પરંતુ તેમની સાથે નિકાહ કરવાથી જે બીજા દુષણો અને ખરાબીઓ પોતાના માટે અને પોતાની ઔલાદ માટે બલકે પૂરી ઉમ્મતે ઈસ્લામિય્યહ માટે અનુભવની રૂએ ચોક્કસ પેદા થાય છે, તે બીના પર અહલે કિતાબની સ્ત્રીઓ સાથે નિકાહ કરવા તેઓ પણ મકરૂહ સમજતા હતા.

જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં શફીક બિન સલમા (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, "હઝરત હુઝયફા બિન યમાન (રદિ.) જ્યારે મદાઈન પહોંચ્યા તો ત્યાં એક યહૂદી સ્ત્રી સાથે નિકાહ કરી લીધા. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને આ બાબતની જાણ થઈ તો પત્ર લખ્યો કે, તેને તલાક આપી દો. હઝરત હુઝયફા (રદિ.)એ જવાબમાં લખ્યું કે, શું તે મારા માટે હરામ છે ? તેના જવાબમાં પછી અમીરુલ મુઅ્મિનીન ફારૂકે આ'ઝમ (રદિ.)એ જવાબમાં લખ્યું કે, હું હરામ નથી કહેતો પરંતુ તે લોકોની સ્ત્રીઓમાં સામાન્ય રીતે શીલ રક્ષા અને પાકદામની નથી હોતી. એટલા માટે મને ડર છે કે તમારા લોકોના ઘરોમાં આ રસ્તે નિર્લજ્જતા અને વ્યભિચાર પ્રવેશ ન પામી જાય." ઈમામ મુહમ્મદ બિન હસન (રદિ.)એ "કિતાબુલ આષાર"માં આ ઘટના અને ઈમામે આ'ઝમ અબૂહનીફા (રહ.)થી આ પ્રમાણે નકલ કર્યું છે કે, બીજી વખતે ફારૂકે આ'ઝમ (રદિ.)એ જ્યારે પત્ર લખ્યો ત્યારે તેના આ શબ્દો હતા.

اَعْزِمُ عَلَيْكَ اَنْ لَّا تَضَعَ كِتَابِىْ حَتّٰى تُخَلِّىَ سَبِيْلَهَا فَاِنِّىْ اَخَافُ اَنْ يَّقْتَدِيَكَ الْمُسْلِمُوْنَ فَيَخْتَارُوْا نِسَاءَ اَهْلِ الذِّمَّةِ لِجَمَالِهِنَّ وَكَفٰى بِذٰلِكَ فِتْنَةً لِّنِسَاءِ الْمُسْلِمِيْنَ. (كِتَابُ الْآثَارْ. ص١٥٦)

"આપને કસમ આપું છું કે, મારો આ પત્ર આપના હાથમાં(થી નીચે) રાખતા પહેલાં જ તેને તલાક આપીને આઝાદ કરી દો, મને એ ભય છે કે, અન્ય મુસલમાનો પણ આપનું અનુસરણ ન કરવા લાગે અને જવાબદાર લોકો અહલે કિતાબની સ્ત્રીઓને તેમની ખૂબસૂરતીના કારણે મુસલમાન સ્ત્રીઓ ઉપર

અગ્રિમતા આપવા લાગે, તો મુસલમાન સ્ત્રીઓ માટે તેનાથી મોટી મુસીબત શું હશે ?" *(કિતાબુલ આષાર, પેજ : ૧૫૬)*

આ ઘટના નકલ કરીને હઝરત મુહમ્મદ બિન હસન (રહ.)એ ફરમાવ્યું કે, "હનફી ફુકહાનો મત એ છે કે, તેઓ આ નિકાહને હરામ તો નથી કહેતા પરંતુ અન્ય દુષણો તથા ખરાબીઓના કારણે મકરૂહ સમજે છે અને અલ્લામહ ઈબ્ને હમ્મામ (રહ.)એ ફત્હુલ કદીરમાં નકલ કર્યું છે કે, હઝરત હુઝયફા (રદિ.) સિવાય હઝરત તલ્હા અને કઅ્બ બિન માલિક (રદિ.) સાથે પણ આવી જ ઘટના બની હતી કે, તેમણે સૂરએ માઈદહની આયતની બીના પર અહલે કિતાબની સ્ત્રીઓ સાથે નિકાહ કરી લીધા, પછી જ્યારે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને તેની ખબર મળી તો સખત નારાજ થયા અને હુકમ આપ્યો કે, તલાક આપી દો." *(મઝહરી)*

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નો યુગ ખયરુલ કુરૂનનો યુગ હતો, જ્યારે એવી કોઈ સંભાવના ન હતી કે, કોઈ યહૂદી અથવા નસરાની સ્ત્રી મુસલમાનની પત્ની બનીને ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ કોઈ ષડયંત્ર રચી શકે. તે સમયે તો ફક્ત એ જ ભય સામે હતો કે, ક્યાંક તેમનામાં પણ વ્યભિચારની ટેવ હોય તો તેના કારણે આપણા ઘરોમાં પણ ગંદકી ન ફેલાય જાય અથવા તો તેમની ખૂબસૂરતીના કારણે લોકો તેમને અગ્રિમતા ન આપવા લાગે, જેનું પરિણામ એ હોય કે, મુસલમાન સ્ત્રીઓ મુસીબતમાં પડી જાય પરંતુ ફારૂકી દિર્ઘદષ્ટિએ આ બધા જ દુષણોને સામે રાખી તે લોકોને તલાક આપવા મજબૂર કર્યા. જો આજનો નકશો આ લોકોની સામે હોત તો અંદાજો લગાવો કે, તેમણે આ વિશે શું અમલ કર્યો હોત? પ્રથમ તો આ લોકો જેઓ આજે પોતાના નામની સાથે વસ્તી ગણતરીના રજિસ્ટરોમાં યહૂદી અથવા ઈસાઈ લખાવે છે, તેમનામાંથી ઘણા બધા લોકો એવા છે જેઓ પોતાના અકીદહની રૂએ યહૂદિય્યત અથવા નસરાનિય્યતને એક લા'નત સમજે છે, ન તો તેમનો તવરાત કે ઈન્જીલ ઉપર અકીદહ છે, ન જ તેઓ હઝરત ઈસા (અલૈ.) કે હઝરત મૂસા (અલૈ.)ને માને છે. તેઓ અકીદહના આધારે બિલકુલ બેદીન અને દહરિયા (નાસ્તિક) છે. ફક્ત કૌમ અને રિવાજની રૂએ પોતાને યહૂદી અથવા નસરાની કહે છે.

દેખીતું છે કે, તે લોકોની સ્ત્રીઓ મુસલમાનો માટે કોઈ રીતે હલાલ નથી

અને જો માની લેવામાં આવે કે, તેઓ પોતાના મઝહબના પાબંદ પણ હોય અને તેમને પોતાના મુસલમાન ઘરોમાં જગ્યા આપવી તેમના કુટુંબ માટે દીની અને દુનિયવી આમંત્રણ આપવાનો મકસદ હોય. પરંતુ ઈસ્લામ અને મુસલમાનોના વિરુદ્ધ જે ષડયંત્રો આ માર્ગે આ અંતિમ યુગમાં થયા છે અને થઈ રહ્યા છે, જેના ઈબ્રતનાક પરિણામો રોજ આંખો સામે આવતા રહે છે કે, એક છોકરીએ પૂરી મુસલમાન કૌમ અને સલતનતને તબાહ કરી દીધી. આ એવી બાબતો છે કે, હલાલ અને હરામના મસ્અલાથી ઉપર ઉઠીને કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ તેની પાસે જવા માટે પણ તૈયાર ન થઈ શકે.

મતલબ કે, કુર્આન અને સુન્નત તથા સહાબએ કિરામ (રદિ.)ના જીવન ચરિત્ર્યની રૂએ મુસલમાનો ઉપર જરૂરી છે કે, આજકાલની અહલે કિતાબની સ્ત્રીઓને નિકાહમાં લાવવાથી સંપૂર્ણ પરહેઝ કરવામાં આવે. અંતિમ આયતમાં એ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે કે, અહલે કિતાબની સ્ત્રીઓને જો રાખવી જ હોય તો કાયદેસર નિકાહ કરીને પત્ની બનાવીને રાખે. તેમના હકો મહર વગેરે અદા કરે, તેમને રખાત અથવા અન્ય રીતે રાખવી અથવા જાહેર વ્યભિચાર કે આનંદ-પ્રમોદ માટે રાખવી આ બધું સદંતર હરામ છે. ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૬-૭)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا قُمْتُمْ اِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ وَاَيْدِيَكُمْ اِلَى الْمَرَافِقِ
وَامْسَحُوْا بِرُءُوْسِكُمْ وَاَرْجُلَكُمْ اِلَى الْكَعْبَيْنِ ؕ وَاِنْ كُنْتُمْ جُنُبًا فَاطَّهَّرُوْا ؕ
وَاِنْ كُنْتُمْ مَّرْضٰۤى اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَآءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ
النِّسَآءَ فَلَمْ تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَ
اَيْدِيْكُمْ مِّنْهُ ؕ مَا يُرِيْدُ اللّٰهُ لِيَجْعَلَ عَلَيْكُمْ مِّنْ حَرَجٍ وَّلٰكِنْ يُّرِيْدُ
لِيُطَهِّرَكُمْ وَلِيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝٦ وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ

عَلَيْكُمْ وَ مِيْثَاقَهُ الَّذِىْ وَ اثَقَكُمْ بِهٖۤ ۙ اِذْ قُلْتُمْ سَمِعْنَا وَ اَطَعْنَا ۫

وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ⑦

તરજુમો :

હે ઈમાનવાળાઓ! જ્યારે તમે નમાઝ માટે ઊઠો તો પોતાનું મોઢું અને હાથ કોણીઓ સુધી ધોઈ લો અને પોતાના માથાનો "મસહ" કરો અને પગ ઘૂંટીઓ સુધી; અને જો તમને "જનાબત" હોય (એટલે કે ગુસ્લ ફરજ છે) તો સારી રીતે પાક થાઓ (ગુસ્લ કરી લો), અને જો તમે બીમાર છો, અથવા મુસાફરીમાં, અથવા તમારામાંથી કોઈ જરૂરી હાજતેથી (બયતુલ ખલાએ જઈ) આવે, અથવા સ્ત્રીઓ પાસે ગયા હોય, પછી તમને પાણી ન મળે તો પાક માટીથી "તયમ્મુમ" કરો અને પોતાના મોઢાનો મસહ કરો અને એનાથી હાથોનો; અલ્લાહ નથી ઈચ્છતો કે તમારા ઉપર તંગી કરે અને પરંતુ ચાહે છે કે તમને પાક કરે અને પોતાનું અહેસાન તમારા ઉપર પુરું કરે જેથી તમે અહેસાન માનો. (૬) અને પોતાના ઉપર અલ્લાહનું અહેસાન યાદ કરો અને તેનો કરાર જે તમે ઠરાવ્યો હતો, જ્યારે તમે કહ્યું હતું કે અમે સાંભળ્યું અને માન્યું; અને અલ્લાહથી ડરતા રહો, (ખરેખર) અલ્લાહ દિલોની વાત સારી પેઠે જાણે છે. (૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં શરીઅતના અમુક હુકમોનું વર્ણન કરવામાં આવ્યું, જેનો સંબંધ માણસની જિંદગી અને ખાવા-પીવા સાથે છે. આ આયતમાં ઈબાદત વિશે શરીઅતના અમુક હુકમો વર્ણન કરવામાં આવ્યા છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે નમાઝ માટે ઊઠવા લાગો (એટલે કે નમાઝ પઢવાનો ઈરાદો કરો અને તમારું તે સમયે વુઝૂ ન હોય) તો (વુઝૂ કરી લો, એટલે કે) પોતાના ચહેરાને ધોઈ લો અને પોતાના બંને હાથોને કોણીઓ સહિત (ધોઈ લો), અને પોતાના માથાઓ ઉપર (ભીંજવેલો) હાથ ફેરવી લો અને પોતાના પગોને પણ ઘૂંટીઓ સહિત (ધોઈ લો) અને જો તમે જનાબત (ગુસ્લ

ફરજ હોવા)ની હાલતમાં છો તો (નમાઝ પહેલાં) સંપૂર્ણ બદન પાક કરી લો અને જો તમે બીમાર છો (અને પાણીનો ઉપયોગ નુકસાનકારક છે) અથવા મુસાફરીની પરિસ્થિતિમાં છો (અને પાણી નથી મળતું જેમકે આગળ આવે છે, આ શરઈ ઉજ્રની પરિસ્થિતિ છે) અથવા (જો બીમારી અથવા મુસાફરીનો ઉજ્ર ન હોય બલકે, એમ જ વુઝૂ અને ગુસ્લ તૂટી જાય, એ પ્રમાણે કે દાખલા તરીકે) તમારામાંથી કોઈ વ્યક્તિ (પેશાબ-પાખાના માટે) ઈસ્તિન્જાથી (પરવારીને) આવ્યો હોય (જેના કારણે વુઝૂ તૂટી જાય છે) અથવા તમે પત્નીઓ સાથે સહવાસ કર્યો હોય (જેનાથી ગુસ્લ તૂટી જાય છે અને) પછી (આ બધી પરિસ્થિતિઓમાં) તમને પાણી(નો ઉપયોગ કરવાનો મોકો) ન મળે (ભલે તે શારીરિક નુકસાન થવાના ભયે હોય અથવા તો પાણી જ ન હોય) તો (આ બધી પરિસ્થિતિઓમાં તમે પાક માટીથી "તયમ્મુમ" કરી લો એટલે કે) પોતાના ચહેરાઓ ઉપર અને હાથો ઉપર મસહ કરો તે પાક માટી(ના પ્રકાર) ઉપરથી (હાથ મારીને); અલ્લાહ તઆલાને (આ હુકમો નક્કી કરવાથી) એ મંજૂર નથી કે તમારા ઉપર કોઈ તંગી નાંખે (એટલે કે એ મંજૂર છે કે, તમારા ઉપર કોઈ તંગી ન રહે એટલા માટે પ્રસ્તુત હુકમોમાં ખાસ કરીને સર્વસામાન્ય શરીઅતના હુકમોમાં હંમેશા સરળતા અને સહૂલતનું હિત રાખ્યું છે) પરંતુ અલ્લાહ તઆલાને એ મંજૂર છે કે તમને પાક-સાફ રાખે (એટલા માટે પાકીના કાયદાઓ અને શરઈ છૂટછાટ અથવા કોઈ એક પ્રકારને પૂરતું નથી સમજવામાં આવ્યું કે, જો તે ન હોય તો પાક થવું શક્ય જ નથી. દાખલા તરીકે, ફક્ત પાણીને પાક કરવાનું માધ્યમ બનાવવામાં આવ્યું હોત તો પાણી ન મળવાની પરિસ્થિતિમાં પાક થવું શક્ય જ ન હોત. આ શારીરિક પાકી-પવિત્રતા તો ખાસ પાકીના હુકમોમાંથી છે અને દિલની પાકી બધા જ પ્રકારના હુકમોની અદાયગીમાં સામાન્ય રીતે હોય છે. બસ, આ પાકી બંનેમાં સામેલ છે અને જો આ હુકમો ન હોત તો કોઈપણ પ્રકારની પાકી પ્રાપ્ત ન થઈ હોત) અને એ (મંજૂર છે) કે તમારા ઉપર પોતાના ઇનામો પૂરા કરે.

(એટલા માટે હુકમોને પૂર્ણ કર્યા જેથી દરેક પરિસ્થિતિમાં શારીરિક અને દિલની પવિત્રતા કે જેનું પરિણામ અલ્લાહ તઆલાની નિકટતા છે, જે ઘણું જ મોટું ઇનામ છે, તે પ્રાપ્ત કરી શકો) જેથી તમે (તેના ઉપકારોનો) શુક્ર અદા કરો (શુક્રમાં તેના બધા જ ઉપકારો અને શરઈ છૂટછાટો સામેલ છે) અને તમે લોકો

અલ્લાહ તઆલાના ઈનામો જે તમારા ઉપર થયા છે તેને યાદ કરો (જેમાં સૌથી મોટું ઈનામ એ છે કે, તમારી સફળતાની રીત તમારા માટે શરઈ રૂએ નક્કી કરી) અને તે કરારને પણ (યાદ કરો) જેનાથી તમે કરાર કર્યો હતો, જ્યારે કે તમે (તેનો પાકો વાયદો પણ કરી લીધો હતો કે કરાર લેવાના સમયે તમે) કહ્યું હતું કે, અમે (આ હુકમો વિશે બધું) સાંભળ્યું અને માની લીધું (કારણ કે ઈસ્લામ લાવતી વખતે દરેક વ્યક્તિ આ બાબતનો કરાર કરે છે) અને અલ્લાહ તઆલા(નો વિરોધ કરવા)થી ડરો, નિઃશંક ! અલ્લાહ તઆલા દિલોની વાતની સારી પેઠે ખબર રાખવાવાળો છે. (એટલા માટે જે પણ કામ કરો તેમાં ઈખ્લાસ અને પાકો અકીદહ હોવો જોઈએ, મુનાફિકપણુ માન્ય નથી. મતલબ એ કે, આ હુકમોમાં પ્રથમ તો તમારો જ નફો છે પછી તમે તમારા માથે પણ એ લીધેલું છે, તો પછી વિરોધ કરવાનું કારણ હોવું જ ન જોઈએ અને જે કંઈ પણ અમલ કરો તે દિલથી થવો જોઈએ, નહિ તો તે અમલ ન કર્યા બરાબર ગણાશે).

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૮-૯-૧૦)

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ كُونُوا۟ قَوَّٰمِينَ لِلَّهِ شُهَدَآءَ بِٱلْقِسْطِ ۖ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَـَٔانُ
قَوْمٍ عَلَىٰٓ أَلَّا تَعْدِلُوا۟ ۚ ٱعْدِلُوا۟ هُوَ أَقْرَبُ لِلتَّقْوَىٰ ۖ وَٱتَّقُوا۟ ٱللَّهَ ۚ إِنَّ ٱللَّهَ خَبِيرٌۢ بِمَا
تَعْمَلُونَ ⑧ وَعَدَ ٱللَّهُ ٱلَّذِينَ ءَامَنُوا۟ وَعَمِلُوا۟ ٱلصَّٰلِحَٰتِ ۙ لَهُم مَّغْفِرَةٌ وَأَجْرٌ
عَظِيمٌ ⑨ وَٱلَّذِينَ كَفَرُوا۟ وَكَذَّبُوا۟ بِـَٔايَٰتِنَآ أُو۟لَٰٓئِكَ أَصْحَٰبُ ٱلْجَحِيمِ ⑩

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! ઊભા થઈ જનારા બની જાઓ અલ્લાહના વાસ્તે ઈન્સાફની ગવાહી આપવા માટે; અને કોઈ કૌમની દુશ્મનીના કારણે ઈન્સાફને કદાપિ ન છોડો, ન્યાય કરો; આ જ વાત તકવાની વધારે નજીક છે અને અલ્લાહથી ડરતા રહો, બેશક ! અલ્લાહને સારી પેઠે ખબર છે જે તમે કરો છો. (૮) અલ્લાહે ઈમાનવાળાઓથી વાયદો કર્યો અને જે નેક અમલ કરે છે, કે તેમના માટે બખ્શિશ અને મોટો સવાબ (બદલો) છે. (૯) અને જે લોકોએ કુફ્ર કર્યું અને અમારી આયતો જૂઠાડી તે દોઝખવાળા છે. (૧૦)

તફસીર (બયાનુલ કુર્આનમાંથી) :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલા(ની ખુશ્નુદી) માટે (હુકમોની) સંપૂર્ણ પાબંદી કરનારા (અને ગવાહી આપવાની નોબત આવે તો) ઈન્સાફની ગવાહી અદા કરનારા રહો, અને કોઈ ખાસ સમુદાયની દુશ્મની તમારા માટે એ બાબતનું કારણ ન બની જાય કે તમે (તેમની સાથેના મા'મલામાં) ન્યાય ન કરો (જરૂર દરેક મા'મલામાં) ન્યાય કર્યા કરો (એટલે કે ઈન્સાફથી વર્તો) આ તકવાથી વધારે નજીક છે (એટલે કે તે તકવાની સાથે જોડાયેલું કહેવાય છે), અને (તકવો કરવો તમારા ઉપર ફરજ છે, એટલા માટે હુકમ થયો છે કે) અલ્લાહ તઆલા(ના હુકમનો વિરોધ કરવા)થી ડરો (આ જ હકીકત તકવાની છે અને તકવો ન્યાય ઉપર અવલંબિત છે અને ન્યાય કરવો ફરજ છે) નિઃશંક ! અલ્લાહ તઆલાને તમારા બધા અમલોની પૂરેપૂરી ખબર છે. (બસ, હુકમોના વિરોધ કરવા ઉપર સજા આપવામાં આવશે) અલ્લાહ તઆલાએ એવા લોકોને જેઓ ઈમાન લઈ આવ્યા અને (તેમણે) સારા કામો કર્યા (તેમને) વાયદો કર્યો છે મગફિરત અને સારા બદલાનો; અને જે લોકોએ કુફ્ર કર્યું અને અમારા હુકમોને જૂઠાડ્યા એવા લોકો દોઝખમાં રહેનારા છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત ત્રણ આયતોમાંથી પ્રથમ આયતનો વિષય લગભગ આ જ શબ્દો સાથે સૂરએ નિસાઅ્માં પણ આવી ચૂક્યો છે. ફરક એટલો જ છે કે, ત્યાં كُونُوا قَوَّامِينَ بِالْقِسْطِ شُهَدَآءَ لِلّٰهِ (૪ : ૧૩૫) ઈરશાદ થયો હતો અને અહીંયાં كُونُوا قَوَّامِينَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ ફરમાવવામાં આવ્યું છે. આ બંને આયતોમાં શબ્દોનું આગળ-પાછળ થવા વિશે એક રસપ્રદ કારણ છે. અબૂ હય્યાને તફસીરે બહરે મુહીતમાં તેનું વર્ણન કર્યું છે, એનો ખુલાસો એ છે કે,

મનુષ્યને ન્યાય (ઈન્સાફ)થી રોકવું અને અત્યાચાર તથા જબરદસ્તીમાં સપડાવી દેવા માટે સ્વાભાવિક રીતે બે કારણો જવાબદાર છે. એક, પોતાનો નફ્સ (મનેચ્છા) અથવા પોતાના દોસ્તો, સગા-સંબંધીઓનું સમર્થન અને તરફદારી અને બીજું કારણ, કોઈ વ્યક્તિની દુશ્મની અને તેના પ્રત્યેનો વેરભાવ. સૂરએ નિસાઅ્ની આયતની રૂએ પ્રથમ વિષય માટે સંબોધન છે અને સૂરએ માઈદહની આ આયતમાં બીજા વિષય માટે સંબોધન છે.

આથી સૂરએ નિસાઅ્માં એના પછી ઈરશાદ છે, وَلَوْ عَلٰٓى اَنْفُسِكُمْ اَوِالْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ એટલે કે, "ન્યાય અને ઈન્સાફ ઉપર કાયમ રહો, ભલે તે ન્યાય અને ઈન્સાફનો હુકમ પોતે તમારી જાત અથવા તમારા માતા-પિતા અથવા દોસ્તોના વિરુદ્ધ હોય" અને સૂરએ માઇદહની આ આયતમાં પ્રસ્તુત આયત પછી ઈરશાદ ફરમાવ્યો, وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَنْ لَّاتَعْدِلُوْا એટલે કે, "કોઈ કૌમની દુશ્મની અને વેર તમને એ બાબત ઉપર પ્રોત્સાહિત ન કરે કે, તમે ઈન્સાફથી વિરુદ્ધ (ફેંસલો) કરવા લાગો."

એટલા માટે સૂરએ નિસાઅ્ની આયતનો ભાવાર્થ એ થયો કે, ન્યાય અને ઈન્સાફના મા'મલામાં પોતાના નફ્સ અને માતા-પિતા તથા રિશ્તેદારો કે સંબંધીઓની પરવા ન કરો. જો ન્યાયનો હુકમ તેમના વિરુદ્ધ હોય તો પણ તેના ઉપર કામય રહો અને સૂરએ માઇદહની આયતનો ખુલાસો એ થયો કે, ન્યાય અને ઈન્સાફના મા'મલામાં કોઈ દુશ્મનની દુશ્મનીના કારણે કોઈ ઉણપ કે ક્ષતિ ન થવા પામે કે, તેને નુકસાન પહોંચાડવા માટે ઈન્સાફ વિરુદ્ધ કામ કરવા લાગો.

એ જ કારણ છે કે, સૂરએ નિસાઅ્ની આયતમાં قِسْط એટલે કે, ઈન્સાફને અગ્ર ક્રમે રાખીને ઈરશાદ ફરમાવ્યો, كُوْنُوْا قَوّٰمِيْنَ بِالْقِسْطِ شُهَدَاءَ لِلّٰهِ અને સૂરએ માઇદહની આયતમાં لِلّٰهِ ને અગ્ર સ્થાને રાખી ઈરશાદ ફરમાવ્યો, كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَاءَ بِالْقِسْطِ જો કે, પરિણામ અને હેતુના સંદર્ભમાં આ બંને વિષયોનો ધ્યેય એક જ છે, કારણ કે, જે વ્યક્તિ ઈન્સાફ ઉપર ઊભો થશે તે અલ્લાહના માટે જ ઊભો થયો છે અને જે વ્યક્તિ અલ્લાહ માટે ઊભો થયો છે, તે ચોક્કસ ઈન્સાફ જ કરશે, પરંતુ પોતાની જાત, પોતાના દોસ્તો, સંબંધીઓના સમર્થનમાં એવો વિચાર આવી શકે છે કે, તેમના સંબંધોને ધ્યાનમાં રાખવા પણ અલ્લાહ માટે જ છે. એટલા માટે અહીંયાં શબ્દ قِسْط ને અગ્ર સ્થાને લાવીને એ બાબતનું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, એવું સમર્થન અલ્લાહ માટે નથી હોઈ શકતું, જે ન્યાય અને ઈન્સાફના વિરુદ્ધ હોય અને સૂરએ માઇદહમાં દુશ્મનો સાથે ન્યાય અને ઈન્સાફથી વર્તવાનો હુકમ આપવો હતો, તો ત્યાં لِلّٰهِ શબ્દને અગ્ર સ્થાને લાવીને માણસની સ્વાભાવગત લાગણીઓના પ્રભાવને દૂર કરવામાં આવી કે, તમે લોકો અલ્લાહ માટે ઊભા થાઓ, જેનું પરિણામ એ ચોક્કસ છે કે, તમારે દુશ્મનો સાથે પણ હંમેશા ન્યાયથી વર્તવાનું છે.

ખુલાસો એ છે કે, સૂરએ નિસાઅ્ અને સૂરએ માઈદહની બંને આયતોમાં બે વસ્તુઓ માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. એક એ કે, પોતે પોતાનો કોઈ વ્યવહાર દોસ્તો સાથે કરતા હોય કે દુશ્મનો સાથે, હંમેશા ઈન્સાફ ઉપર કાયમ રહેવાનો હુકમ છે. ન તો કોઈ સંબંધ કે સગપણને ધ્યાને રાખવામાં આવશે અથવા તો ન જ તેના કારણે કોઈ ફેંસલામાં કમજોરી આવે અને એ જ રીતે ન જ કોઈની દુશ્મની અથવા વેર તમારા ફેંસલા ઉપર ઈન્સાફના વિરુદ્ધ પ્રભાવી થાય. બીજી હિદાયત આ બંને આયતોમાં એ પણ છે કે, સાચી ગવાહી અને સત્ય વાત વર્ણન કરવાથી પાછા ન હટી જજો, જેથી ફેંસલો કરનારાઓને સાચો અને સહીહ ફેંસલો કરવામાં કોઈ મુશ્કેલી ન પડે.

કુર્આને કરીમે આ વિષય ઉપર વિવિધ આયતોમાં વિવિધ વિષયો હેઠળ એ બાબતનું જોર આપ્યું છે અને તાકીદ કરી છે કે, લોકો સાચી ગવાહી આપવામાં આળસ કે સુસ્તી ન કરે. એક આયતમાં ખૂબ સ્પષ્ટ રીતે ખુલ્લમ-ખુલ્લો હુકમ આપવામાં આવ્યો છે, وَلَا تَكْتُمُوا الشَّهَادَةَ وَمَنْ يَّكْتُمْهَا فَإِنَّهُ اٰثِمٌ قَلْبُهٗ એટલે કે, "ગવાહીને છુપાવો નહીં અને જે વ્યક્તિ છુપાવશે, તેનું દિલ ગુનેહગાર થશે," જેનાથી સાચી ગવાહી આપવી અતિઆવશ્યક અને વાજિબ થઈ જાય છે, સાચી ગવાહીને છુપાવવી સખત ગુનોહ છે તે સાબિત થાય છે.

પરંતુ તેની સાથે-સાથે કુર્આને હકીમે આ બાબત ઉપર પણ નજર રાખી છે કે, લોકોને સાચી ગવાહીથી રોકનારી વસ્તુ વાસ્તવમાં એ છે કે, ગવાહોને વારંવાર અદાલતોમાં હાજર થવું પડે છે અને વકીલોના વાહિયાત પ્રકારના પ્રશ્નોનો સામનો કરવો પડે છે, જેનું પરિણામ એ હોય છે કે, જે વ્યક્તિનું નામ કોઈ ગવાહ તરીકે આવી ગયું, તે જાણે કે, કોઈ મુસીબતમાં ફસાઈ જાય છે. પોતાના કારોબારમાં ધ્યાન પણ આપી શકતો નથી અને તેણે મફતમાં મુસીબત વહોરી લીધી હોય એમ લાગે છે.

આથી કુર્આને કરીમે જ્યાં સાચી ગવાહી દેવાને જરૂરી અને વાજિબ ઠરાવ્યું છે, ત્યાં જ આ બાબત પણ ઈરશાદ ફરમાવી وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ (૨ : ૨૮૨) એટલે કે, "વ્યવહારનું લખાણ લખનારાઓને અને ગવાહોને નુકસાન ન પહોંચાડવામાં આવે."

આજની અદાલતો (કૉર્ટો) અને તેમાં રજૂ થનારા મુકદમાઓની જો સાચી તહકીક કરવામાં આવે તો જાણ થશે કે, ખરેખર વાસ્તવિક સ્થળ ઉપરના સાચા ગવાહો ભાગ્યે જ કોઈ જગ્યાએ મળે છે. સમજદાર અને સરળ સ્વભાવના માનવી જ્યાં કંઈ પણ આવી ઘટના જૂએ છે ત્યાંથી તે દૂર ભાગે છે કે, ક્યાંક ગવાહ તરીકે નામ ન આવી જાય. પોલીસ આમ-તેમના ગવાહો પકડી લાવી કાગળિયાં પૂરા કરે છે અને પરિણામ તેનું એ જ આવી શકે છે કે, જે રાત-દિવસ જોવા મળી રહ્યું છે કે, પાંચ-દશ ટકા મુકદમાઓમાં પણ ન્યાય અને ઈન્સાફ ઉપર ફૈસલો નથી થતો અને અદાલતો પણ મજબૂર છે. જેવી ગવાહીઓ તેમની પાસે પહોંચે છે, તે તેમના દ્વારા કોઈ પરિણામ ઉપર પહોંચી શકતી નથી અને તેમના આધારે ફૈસલો આપી શકતી નથી.

પરંતુ આ પાયાની ભૂલને કોઈ જોતા નથી કે, જો ગવાહો સાથે માનવતાપૂર્ણ વ્યવહાર કરવામાં આવે અને તેમને વારંવાર પરેશાન કરવામાં ન આવે તો સારા-ભલા અને નેક લોકો તથા સાચા માણસો કુર્આનના શિક્ષણને નજર સમક્ષ રાખીને ગવાહી આપવા માટે કતરાશે નહીં, જે કંઈ પણ થઈ રહ્યું છે તે એ છે કે, કોઈપણ પ્રસંગની શરૂઆતની તહકીક જે પોલીસ કરે છે તે જ વારંવાર ગવાહને એટલો પરેશાન કરે છે કે, તે હવે પછી પોતાની ઔલાદને વસિય્યત કરીને મરે છે કે, ક્યારેય કોઈ મા'મલામાં ગવાહ ન બનજો. પછી જો મા'મલો અદાલતમાં પહોંચે છે ત્યારે ત્યાં કેસની તારીખો ઉપર તારીખો પડે છે. દરેક તારીખે આ ગવાહને હાજરી આપવાની સજા ભોગવવી પડે છે અને આ લાંબી કાર્યવાહીમાં કે, જેને ભારતીય ઉપખંડમાં અંગ્રેજો પોતાની યાદગીરી સ્વરૂપે છોડી ગયા છે, તેણે આપણી બધી જ અદાલતો અને સરકારી કચેરીઓને ગંદી કરી નાંખી છે. પ્રાચીન સમયમાં જે સાદી પદ્ધતિ હતી તે આજે પણ હિજાજ અને અમુક અન્ય દેશોમાં પ્રચલિત છે. તેના કારણે મુકદમાઓનો ભરાવો નથી થતો અને ન જ મુકદમાઓ એટલા લાંબા થાય છે કે, ગવાહો માટે ગવાહી આપવી મુસીબત બની જાય.

ખુલાસો એ છે કે, ગવાહી આપવાની પદ્ધતિ અને કાર્યવાહી જો કુર્આની શિક્ષણ પ્રમાણે બનાવવામાં આવે તો આજે પણ આપણી આંખો તેની બરકતોનો સાક્ષાત્કાર કરી શકે છે. કુર્આને કરીમે એક તરફ ઘટના જાણનારા લોકો માટે

સાચી ગવાહી અદા કરવાનું વાજિબ અને જરૂરી ઠરાવ્યું, તો બીજી બાજુ લોકોને એવી હિદાયત આપી છે કે, ગવાહોને વિના કારણે પરેશાન કરવામાં ન આવે. ખૂબ ઓછા સમયમાં તેમના નિવેદનો નોંધી તેમને ફારેગ કરી દેવામાં આવે.

પરીક્ષાઓના માર્ક્સ, સનદ, સર્ટિફિકેટ, ચૂંટણીઓના વૉટ વગેરે બધું ગવાહીના હુકમમાં સામેલ છે :

અંતે એક મહત્ત્વની વાત પણ અત્રે જાણવી જરૂરી છે, તે એ છે કે, શહાદતનો શબ્દ અને ગવાહીનો જે અર્થ આજકાલ પ્રચલિત અને મશ્હૂર થઈ ગયો છે, તે તો ફક્ત મુકદમા અને કોઈ સત્તાધીશ સામે ગવાહી આપવા સુધી સીમિત થઈ ગયો છે. પરંતુ કુર્આન અને સુન્નતની પરિભાષામાં શહાદત શબ્દ તેનાથી વધારે વિસ્તૃત અને અર્થસંભર છે. દાખલા તરીકે, કોઈ બીમારને ડૉક્ટરી સર્ટિફિકેટના આધારે પોતાની ફરજ અદા કરવા માટે યોગ્ય ન સમજવો અથવા નોકરી માટે યોગ્ય ન સમજવો, આ પણ એક ગવાહી છે, જો તેમાં વાસ્તવિકતા કરતાં ઊલટું લખવામાં આવ્યું તો તે જૂઠી ગવાહી બનીને ગુનાહે કબીરહ થઈ ગયો.

એ જ પ્રમાણે પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને જે માર્ક્સ આપવામાં આવે છે, તે પણ એક પ્રકારની ગવાહી છે અને જાણીબૂજીને અથવા બેદરકારીથી માર્ક્સમાં વધારો–ઘટાડો કરવો તે પણ જૂઠી ગવાહી છે તથા હરામ અને સખત ગુનોહ છે.

પાસ થનારા વિદ્યાર્થીઓને પોતાના કોર્ષના અંતે સનદ અથવા સર્ટિફિકેટ આપવામાં આવે છે, આ પણ તે કોર્ષ કે અભ્યાસની તેની ક્ષમતા અને કાબેલિયતની ગવાહીનું સ્વરૂપ જ છે. જો તે વ્યક્તિ વાસ્તવમાં એવો નથી, તો તે સર્ટિફિકેટ અથવા સનદ ઉપર સહી કરનાર બધા જ ગવાહો જૂઠા અને ગુનેહગાર ઠરે છે.

એ જ પ્રમાણે એસૅમ્બલીઓ અને કાઉન્સીલ વગેરેની ચૂંટણીઓમાં મત આપવો એ પણ એક પ્રકારની ગવાહી છે, જેમાં મતદાર તરફથી એ બાબતની ગવાહી આપવામાં આવે છે કે, અમારા મતે આ વ્યક્તિ તેની ક્ષમતા અને કાબેલિયતના આધારે પણ અને પ્રામાણિકતા તથા નિષ્ઠાના આધારે પણ જનતાનો પ્રતિનિધિ બનવા માટે યોગ્ય છે.

હવે, વિચાર કરો કે આપણા પ્રતિનિધિઓમાં કેટલા એવા હોય છે, જેમના

વિશે આ ગવાહી સાચી અને સહીહ સાબિત થઈ શકે છે ? પરંતુ આપણી સામાન્ય જનતાએ તેને ફક્ત હાર-જીતનો ખેલ સમજી લીધો છે. એટલા માટે કેટલાક વખતે મતના અધિકારને પૈસાઓ દ્વારા ખરીદવામાં પણ આવે છે. ક્યારેક કોઈ દાબ-દબાણ અથવા ધાક-ધમકીનો ઉપયોગ પણ કરવામાં આવે છે અને ક્યારેક જૂઠી મિત્રતા અને જૂઠા વાયદાઓના ભરોસા ઉપર આ મતાધિકારનો ઉપયોગ કરવામાં આવે છે.

સામાન્ય અભણ જનતાની વાત છોડો, બલકે ભણેલા-ગણેલા અને દીનદાર લોકો પણ અયોગ્ય વ્યક્તિઓને મત આપતી વખતે ક્યારેય એવી અનુભૂતિ નથી કરતા કે, અમે આ જૂઠી ગવાહી આપીને લા'નત અને અઝાબના હકદાર બની રહ્યા છે.

ઉમેદવારો અને પ્રતિનિધિઓની ચૂંટણી વખતે વૉટ આપવાનું કુર્આનની રૂએ એક બીજું સ્વરૂપ એ પણ છે, જેને ભલામણ અથવા સિફારસ કહેવામાં આવે છે કે, વૉટ આપનાર એવી સિફારસ કરી રહ્યો છે કે, ફલાણા ઉમેદવારને પ્રતિનિધિત્વ આપવામાં આવે. તેનો હુકમ કુર્આને કરીમના શબ્દોમાં અગાઉ વર્ણન થઈ ચૂક્યો છે. ઈરશાદ છે, وَمَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَّكُنْ لَّهٗ نَصِيْبٌ مِّنْهَا وَمَنْ يَّشْفَعْ شَفَاعَةً سَيِّئَةً يَّكُنْ لَّهٗ كِفْلٌ مِّنْهَا (૪ : ૮૫) જે વ્યક્તિ સાચી અને સારી સિફારસ કરશે, તો જેના હકમાં તે સિફારસ કરી છે, તેના નેક અમલનો હિસ્સો તેને પણ મળશે અને જે વ્યક્તિ બુરી સિફારસ કરે છે, એટલે કે કોઈ અયોગ્ય અને બુરા વ્યક્તિને સફળ બનાવવાનો પ્રયત્ન કરે છે, તેને તેના ખરાબ કર્મોનો હિસ્સો મળશે.

એનું પરિણામ એ છે કે, આ ઉમેદવાર પોતાની કારકિર્દીના પાંચ વર્ષોમાં ખોટા અને નાજાઇઝ કામો કરશે, તે બધાનો વબાલ વૉટ આપનારના માથે પણ છે.

મતનું એક ત્રીજું સ્વરૂપ વકીલાત પણ છે કે, મત આપનારો તે ઉમેદવારને પોતાના પ્રતિનિધિત્વ માટે વકીલ બનાવે છે, પરંતુ જો આ વકીલાત કોઈ વ્યક્તિગત હક સંદર્ભે હોત તો તેનો નફો અથવા નુકસાન ફક્ત તે વ્યક્તિ સુધી સીમિત રહ્યું હોત અને તેનો તે પોતે જવાબદાર હોત, પરંતુ અહીંયાં એવું નથી. કારણ કે, આ વકીલાત એક એવા હકના સંદર્ભમાં છે, જેમાં તેની સાથે આખી કૌમ સામેલ છે. એટલા માટે જો કોઈ અયોગ્ય વ્યક્તિને પોતાનો પ્રતિનિધિ

બનાવવા માટે મત આપીને સફળ કર્યો, તો સમગ્ર કૌમના હકો પાયમાલ કરવાનો ગુનોહ તેની ગરદન ઉપર પડશે.

ખુલાસો :

ખુલાસો એ છે કે, આપણા મતાધિકારના ત્રણ સ્વરૂપો છે. એક ગવાહી, બીજી સિફારસ અને ત્રીજું સામૂહિક અધિકારોની સંયુક્ત વકીલાત અને ત્રણે સ્વરૂપોમાં જે પ્રમાણે નેક અને યોગ્ય વ્યક્તિને મત આપવો મોટા સવાબનું કામ છે, એ જ પ્રમાણે તેના ફાયદાઓ પણ મળે છે. એટલા માટે કોઈ અયોગ્ય અને લાયકાત ન ધરાવતા વ્યક્તિને મત આપવો જૂઠી ગવાહી તો છે જ, પરંતુ ખરાબ સિફારસ પણ છે અને નાજાઈઝ વકીલાત પણ; તથા તેના ખરાબ પરિણામો તેના નામ-એ-આ'માલમાં લખવામાં આવશે.

આથી દરેક મુસલમાન મતદારો ઉપર ફરજ છે કે, મત આપતા પહેલાં એની સંપૂર્ણ તહકીક કરી લે કે, જેને મત આપવામાં આવે છે તેનામાં કાર્ય કરવાની ક્ષમતા છે કે નહીં ? તે પ્રામાણિક અને નિષ્ઠાવાન છે કે નહીં ? ફક્ત ગફલત અને બેદરકારીથી વિના કારણે અયોગ્ય વ્યક્તિને ચૂંટી લાવવાના ગુનાહમાં સામેલ ન થાય.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૧-૧૨)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ هَمَّ قَوْمٌ اَنْ يَّبْسُطُوْٓا اِلَيْكُمْ
اَيْدِيَهُمْ فَكَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ ۚ وَاتَّقُوا اللّٰهَ ۭ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿١١﴾
وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِيْٓ اِسْرَاۗءِيْلَ ۚ وَبَعَثْنَا مِنْهُمُ اثْنَيْ عَشَرَ نَقِيْبًا ۭ وَ
قَالَ اللّٰهُ اِنِّيْ مَعَكُمْ ۭ لَىِٕنْ اَقَمْتُمُ الصَّلٰوةَ وَاٰتَيْتُمُ الزَّكٰوةَ وَاٰمَنْتُمْ
بِرُسُلِيْ وَعَزَّرْتُمُوْهُمْ وَاَقْرَضْتُمُ اللّٰهَ قَرْضًا حَسَنًا لَّاُكَفِّرَنَّ عَنْكُمْ سَيِّاٰتِكُمْ
وَلَاُدْخِلَنَّكُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ فَمَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ مِنْكُمْ فَقَدْ
ضَلَّ سَوَاۗءَ السَّبِيْلِ ﴿١٢﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! પોતાના ઉપર અલ્લાહનું અહેસાન યાદ રાખો, જ્યારે લોકોએ ઈરાદો કર્યો કે તમારા ઉપર હાથ ચલાવે, પછી તમારાથી તેમના હાથ રોકી દીધા; અને અલ્લાહથી ડરતા રહો અને અલ્લાહ ઉપર જ ઈમાનવાળાઓને ભરોસો હોવો જોઈએ. (૧૧) અને અલ્લાહ બની ઈસ્રાઈલથી કરાર લઈ ચૂક્યો છે, અને અમે તેમનામાં બાર સરદાર નક્કી કર્યા; અને અલ્લાહે કહ્યું, હું તમારી સાથે છું જો તમે નમાઝ કાયમ રાખશો અને ઝકાત આપતા રહેશો અને મારા રસૂલો ઉપર યકીન (ઈમાન) લાવશો અને તેમની મદદ કરશો અને અલ્લાહને કરજ આપશો કરજે હસનહ (સારું કરજ) તો અલબત્ત, હું તમારાથી તમારા ગુનાહો દૂર કરી આપીશ અને તમને બગીચાઓમાં દાખલ કરી આપીશ કે જેના નીચે નહેરો વહે છે, પછી ત્યારબાદ તમારામાંથી જે કોઈ કાફિર થયો તો તે બેશક ! સીધા માર્ગથી ગુમરાહ થયો. (૧૨)

તફસીર (બયાનુલ કુર્આનમાંથી) :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલાના ઈનામોને યાદ કરો, જે તમારા ઉપર થયા છે, જ્યારે કે, એક કૌમ (એટલે કે કુરૈશના કાફિરો, ઈસ્લામની શરૂઆતમાં જ્યારે કે મુસલમાનો કમજોર હતા) એ ચિંતામાં હતી કે, તમારા ઉપર (એવી રીતે) હાથ લાંબો કરે (કે તમારો અંત આવી જાય), બસ અલ્લાહ તઆલાએ તેમનો કાબૂ તમારા ઉપર (એવી રીતે) ન ચાલવા દીધો (અને અંતે તમે જ વિજયી થયા, બસ એ નેઅ્મતને યાદ કરો) અને (હુકમો પૂર્ણ કરવામાં) અલ્લાહ તઆલાથી ડરો (કે તેની નેઅ્મતોનો શુક્રિય્યહ અદા કરો) અને (હવે પછી પણ) ઈમાનવાળાઓએ અલ્લાહ તઆલા ઉપર જ ભરોસો રાખવો જોઈએ, (જેણે પહેલાં પણ તમારા બધા કામો બનાવ્યા છે અને હવે પછી પણ આખિરત સુધી ઉમ્મીદ રાખો અને اِتَّـقُـوااللّٰـهَ માં અલ્લાહે ડર અપાવ્યો અને ભરોસો રાખવામાં ઉમ્મીદ, આમ આ બંને અમલો એકબીજાના પૂરક બનાવવામાં આવ્યા) અને અલ્લાહ તઆલાએ (હઝરત મૂસા અલૈ. દ્વારા) બની ઈસ્રાઈલ પાસેથી (પણ) વચન લીધું હતું (જેનું વર્ણન ઘણું જ જલદી આવી રહ્યું છે) અને

(આ વચનની તાકીદ માટે) અમે તેમનામાંથી (તેમના કબીલાઓની સંખ્યા પ્રમાણે) બાર સરદારો નક્કી કર્યા (કે દરેક કબીલા ઉપર એક-એક સરદાર રહે જે પોતાના હાથ નીચેના તાબા હેઠળના લોકો ઉપર હંમેશા વચન નિભાવવાની તાકીદ કરતા રહે) અને (વચનો પૂરા કરવાની વધારે તાકીદ માટે તેમને) અલ્લાહ તઆલાએ એ (પણ) ફરમાવી દીધું કે, હું તમારી પાસે છું (તમારા બુરા-ભલાની મને બધી જ ખબર છે, મતલબ એ છે કે વચન લીધા પછી તેની તાકીદ વારંવાર કરવામાં આવી અને આ વચનના વિષયનો ખુલાસો એ હતો કે,) જો તમે નમાઝની પાબંદી રાખશો અને ઝકાત અદા કરતા રહેશો અને મારા બધા રસૂલો ઉપર (જે હઝરત મૂસા અલૈ. પછી પણ આવશે) ઈમાન લાવતા રહેશો અને (દુશ્મનોના મુકાબલામાં) તેમની મદદ કરતા રહેશો અને (ઝકાત ઉપરાંત રમઝાનમાં પણ સારું એવું દાન કરતા રહીને) અલ્લાહ તઆલાને સારી રીતે (એટલે કે, નિખાલસતાથી) કરજ આપતા રહેશો તો હું જરૂર તમારા ગુનાહો તમારાથી દૂર કરી આપીશ અને તમને જરૂર (જન્નતના) એવા બગીચાઓમાં દાખલ કરીશ, જેના (મહેલોની) નીચે નહેરો વહેશે અને જે વ્યક્તિ તે (વચન અને કરાર લીધા) પછી પણ કુફ્ર કરશે તો બેશક ! તે સીધા માર્ગથી દૂર ભટકી ગયો.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ માઈદહની સાતમી આયત, જે અગાઉ પસાર થઈ ચૂકી છે, તેમાં અલ્લાહ તઆલાએ મુસલમાનો પાસેથી એક વચન અને કરાર લેવાની અને તેને માનવાની તથા સ્વીકાર કરવાની બાબત વર્ણન કરી છે. وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ وَمِيْثَاقَهُ الَّذِىْ وَاثَقَكُمْ بِهٖٓ اِذْ قُلْتُمْ سَمِعْنَا وَاَطَعْنَا وَاتَّقُوا اللّٰهَ (૫ : ૭) આ વચન અલ્લાહ અને રસૂલ ﷺના આજ્ઞાપાલન વિશે તથા શરીઅતના હુકમોના અનુસરણ વિશે હતું, જે પરિભાષાની રૂએ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ કલિમએ તવહીદ છે અને આ કલિમો પઢનાર મુસલમાન આ કરારમાં સામેલ છે. ત્યારબાદની આયતમાં કરાર અને વચનની અમુક કલમો એટલે કે, ખાસ-ખાસ શરીઅતના હુકમો વર્ણન કરવામાં આવ્યા છે, જેમાં દોસ્ત, દુશ્મન દરેકના માટે ઈન્સાફથી વર્તવાની અને સત્તા પ્રાપ્ત કરી લીધા પછી પણ દુશ્મનો સાથે બદલાની ભાવનાથી વર્તવાને બદલે ઈન્સાફ અને માનવતાપૂર્ણ વ્યવહાર કરવાની તા'લીમ આપવામાં આવી છે. આ કરાર પોતે પણ અલ્લાહનું એક ઘણું મોટું ઈનામ છે,

એટલા માટે તેને اُذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ થી શરૂ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત આયત ફરી એ જ વાક્ય اُذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْથી શરૂ કરવાથી એવું બતાવવાનું મંજૂર છે કે, જ્યારે મુસલમાનોએ પોતાના આ વચન અને કરારની પાબંદી કરી, તો અલ્લાહ તઆલાએ તેમને દુનિયા અને આખિરતમાં ઉચ્ચ દરજ્જાઓ અને શ્રેષ્ઠતા અર્પણ કરી અને તેમના દુશ્મનોના મુકાબલામાં તેમની દરેક પ્રકારે મદદ કરી, તથા દુશ્મનોનો કાબૂ મુસલમાનો ઉપર ચાલવા ન દીધો.

આ આયતમાં ખાસ રીતે એ બાબતનું વર્ણન છે કે, દુશ્મનોએ વારંવાર રસૂલે કરીમ ﷺ અને મુસલમાનોનો નાશ કરવાની તથા તેમને કતલ કરવાની યોજનાઓ બનાવી અને તૈયારીઓ કરી. પરંતુ અલ્લાહ તઆલાએ બધી જ યોજનાઓને નિષ્ફળ કરી તેમને અપમાનિત કર્યા. ઇરશાદ છે કે, "એક કૌમ એ ફિકરમાં હતી કે, તમારા ઉપર હાથ લાંબો કરે પરંતુ અલ્લાહ તબારક વ તઆલાએ તેમના હાથને તમારાથી રોકી લીધો."

સામૂહિક સ્વરૂપે તો આવી અનેક ઐતિહાસિક ઘટનાઓ ઇસ્લામમાં છે કે, કાફિરોના મનસૂબાઓ અલ્લાહ તઆલાના ફઝલો કરમથી માટીમાં ભળી ગયા, પરંતુ અમુક ખાસ-ખાસ મહત્ત્વની ઘટનાઓ એવી પણ છે, જેને મુફસ્સિર લોકોએ આ આયતના સંદર્ભમાં હોવાનું ઠરાવ્યું છે. દાખલા તરીકે, મુસ્નદે અબ્દુર્રઝ્ઝાકમાં હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે,

"કોઈ જિહાદમાં રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) એક મંઝિલ ઉપર થોભ્યા. સહાબએ કિરામ (રદિ.) વિવિધ વિભાગોમાં પોત-પોતાના ઠેકાણાઓ ઉપર આરામ કરવા લાગ્યા, રસૂલે કરીમ ﷺ એકલા જ એક ઝાડ નીચે થોભી ગયા અને પોતાનું હથિયાર એક ઝાડ ઉપર લટકાવી દીધું. દુશ્મનોમાંથી એક ગામડિયો તકનો લાભ ઉઠાવવા એ તરફ લપક્યો અને આવતાવેંત જ રસૂલે કરીમ ﷺની તલવાર ઉપર કબજો કરી લીધો અને આપ ﷺ ઉપર તલવાર ખેંચીને બોલ્યો, مَنْ يَّمْنَعُكَ مِنِّىْ આપ બતાવો ! આપને મારા હાથથી કોણ બચાવી શકે છે ? રસૂલે કરીમ ﷺએ બેધડક (નીડરતાથી) જવાબ આપ્યો, "અલ્લાહ અઝ્ઝ વ જલ્લ !" ગામડિયાએ ફરી તે પ્રશ્ન દોહરાવ્યો, مَنْ يَّمْنَعُكَ مِنِّىْ રસૂલે કરીમ ﷺએ ફરીવાર એ જ નચિંત થઈ જવાબ આપ્યો,

"અલ્લાહ અઝ્ઝ વ જલ્લ !" બે-ત્રણ વખતે આ પ્રકારની વાતચીત થતી રહી, એટલે સુધી કે, એક ગૈબી કુદરતી રુઆબે તે વ્યક્તિને મજબૂર કરી દીધો કે તલવારને મ્યાનમાં નાંખી દીધી. તે સમયે રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને બોલાવ્યા અને આ ઘટના સંભળાવી. આ ગામડિયો હજુ સુધી રસૂલે કરીમ ﷺ પાસે જ બેઠો હતો, આપ ﷺએ તેને કંઈ જ ન કહ્યું." *(ઈબ્ને કષીર)*

આ જ રીતે અમુક સહાબએ કિરામ (રદિ.)થી આ આયતની તફસીરમાં નકલ થયું છે કે, કઅ્બ બિન અશરફ યહૂદીએ એક વખતે રસૂલે કરીમ ﷺને ઘરમાં બોલાવીને તેમની હત્યા કરવાની યોજના બનાવી હતી. અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને તેની ખબર આપી દીધી અને તેની આખી યોજના ધૂળમાં મળી ગઈ. *(ઈબ્ને કષીર)*

હઝરત મુજાહિદ, ઈકરિમા (રહ.) વગેરેથી નકલ થયું છે કે, એક વખતે રસૂલે કરીમ ﷺ કોઈ મા'મલા માટે યહૂદી બનૂ નઝીર પાસે ગયા, તેમણે રસૂલે કરીમ ﷺને એક ભીંત પાસે બેસાડીને વાતોમાં મશ્ગૂલ કરી દીધા અને બીજી બાજુ અમ્ર બિન જહશને એ કામ માટે નક્કી કર્યો કે, ભીંતની પાછળથી ઉપર ચઢી પથ્થરની એક શીલા રસૂલે કરીમ ﷺ ઉપર ફેંકી દે. અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺને તેમના ઈરાદાઓની જાણ કરી દીધી અને આપ ﷺ તરત જ ત્યાંથી ઊભા થઈ ગયા. *(ઈબ્ને કષીર)*

આ ઘટનાઓમાં કોઈ વિરોધાભાસ નથી. બધી જ ઘટનાઓના સંદર્ભે ઉપરોક્ત આયત હોઈ શકે છે. પ્રસ્તુત આયતમાં રસૂલે કરીમ ﷺ અને મુસલમાનોની ગૈબી હિફાઝતનું વર્ણન કર્યા પછી ફરમાવ્યું, اِتَّقُوا اللّٰهَ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ

એમાં એક ઈરશાદ તો એ છે કે, આ ઈનામો અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺ સાથે ખાસ વિશેષ સ્વરૂપે નથી રાખ્યા બલકે, આ મદદ અને સહકાર તથા ગુપ્ત હિફાઝતના બંદોબસ્તનું અસલી કારણ અલ્લાહનો ડર (તકવા) અને અલ્લાહ ઉપરનો સંપૂર્ણ ભરોસો છે. જે કૌમ અથવા જે વ્યક્તિ કોઈપણ યુગમાં, કોઈપણ સ્થળે આ બે લક્ષણો અપનાવશે, તેમને પણ આ જ પ્રમાણે અલ્લાહ તઆલા તરફથી હિફાઝત અને મદદ થતી રહેશે. કોઈએ સાચે જ કહ્યું છે,

فضائے بدر پیدا کر فرشتے تیری نُصرت کو

اُتر سکتے ہیں گردوں سے قطار اندر قطار اب بھی

અને એવું પણ હોઈ શકે છે કે, આ વાક્યને પાછલી આયતોના સમૂહ સાથે લગાવવામાં આવે જેમાં સૌથી ખરાબ દુશ્મનો સાથે સારી વર્તણૂક કરવાનો અને ન્યાય તથા ઈન્સાફથી વર્તવાના હુકમો આપવામાં આવ્યા છે, પછી આ વાક્યમાં એ તરફ ઈશારો થયો કે, એવા સખત દુશ્મનો સાથે પણ સદ્‌વર્તાવ અને દરગુજરથી કામ લેવાનું શિક્ષણ જાહેરમાં એક રાજકીય ભૂલ અને દુશ્મનોની હિમ્મત તથા તેમની તાકાત વધવાનું કારણ સમજવામાં આવે છે, એટલા માટે, આ વાક્યમાં મુસલમાનોને એ બાબતની સૂચના આપવામાં આવી અને ચેતવવામાં આવ્યા કે, તમે અલ્લાહથી ડરનારા (તકવાવાળા) તથા અલ્લાહ ઉપર સંપૂર્ણ ભરોસો કરનારા રહો તો આ દરગુજરથી કામ લેવાની અને સદ્‌વર્તાવ કરવાની પ્રવૃત્તિ તમારા માટે કદાપિ નુકસાનકારક નહીં હોય અને દુશ્મનો તમારો વિરોધ કરવાની હિમ્મત કરવાના બદલે તમારી અસર હેઠળ લાવવામાં અને ઈસ્લામની નજીક કરવાનો સબબ બનશે. વળી, તકવા અને અલ્લાહનો ડર જ તે વસ્તુઓ છે જે કોઈપણ મનુષ્યને વાયદો અને કરારની પાબંદી ઉપર જાહેર રીતે તથા અંતઃકરણથી એટલે કે, દિલથી મજબૂર કરી શકે છે. જ્યાં આ તકવો એટલે કે, અલ્લાહનો ખૌફ નથી હોતો ત્યાં કરાર અને વચનની એવી જ હાલત થાય છે જેમકે આજકાલ સામાન્ય લોકોમાં જોવા મળે છે. આથી ઉપરની જે આયતોમાં વચનનું અને કરારનું વર્ણન છે ત્યાં ક્યારેક તો અંતિમ આયતમાં وَاتَّقُوا اللّٰهَ ફરમાવવામાં આવ્યું હતું અને અહીંયાં પણ તેનું જ પુનરાવર્તન કરવામાં આવ્યું. વળી, આ પૂરી આયતમાં એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે, મુસલમાનોને વિજય અને મદદ ફક્ત જાહેર શસ્ત્રસરંજામથી પ્રાપ્ત નથી થતો બલકે, તેની અસલ તાકાતનું માધ્યમ અને સ્ત્રોત તકવા (અલ્લાહના ડર) અને તવક્કુલ (અલ્લાહ ઉપર સંપૂર્ણ ભરોસા)ના રહસ્યમાં છુપાયેલું છે.

આ આયતમાં મુસલમાનોને કરાર અને વચન લેવા અને તે વચન પૂરું કરવા ઉપર દુનિયા અને આખિરતમાં તેના અતિઉત્તમ પરિણામોને વર્ણન કર્યા

બાદ મા'મલાનું બીજું પાસું સામે લાવવા માટે બીજી આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, આ કરાર અને વચન લેવું ફક્ત મુસલમાનો માટે ખાસ નથી. બલકે, તે અગાઉ બીજી ઉમ્મતો પાસેથી પણ આ પ્રકારના કરાર લેવામાં આવ્યા હતા, પરંતુ તેમણે પોતાનો કરાર પૂરો ન કર્યો. એટલા માટે તેમના ઉપર જાત-જાતના અઝાબો ઉતારવામાં આવ્યા. ઈરશાદ ફરમાવ્યો છે કે, અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલ પાસેથી પણ એક કરાર લીધો હતો અને તેમના કરાર લેવાનું સ્વરૂપ એ અપનાવવામાં આવ્યું હતું કે, બની ઈસ્રાઈલની સંપૂર્ણ કૌમ કે, જેઓ બાર કુટુંબો ઉપર આધારિત હતી, તેમનો દરેક કુટુંબનો એક સરદાર નક્કી કરવામાં આવ્યો અને તેમના તરફથી તેમના સરદારે જવાબદારી ઉઠાવી કે, હું અને મારું સંપૂર્ણ કુટુંબ આ અલ્લાહના કરારની પાબંદી કરીશું. એ જ પ્રમાણે તે બાર સરદારોએ સંપૂર્ણ બની ઈસ્રાઈલ કૌમની જવાબદારી લઈ લીધી અને તેમની જવાબદારી એ હતી કે, પોતે પણ આ કરારની પાબંદી કરે અને પોતાના કુટુંબો પાસે પણ કરાવે. અત્રે આ વાત પણ વર્ણન કરવા પાત્ર છે કે, ઈજ્જત અને બુઝુર્ગીના મા'મલામાં ઈસ્લામનો વાસ્તવિક સિદ્ધાંત તો એ છે કે,

بندۂ عشق شدی ترکِ نسب کن جامی

کہ دریں راہ فلاں بن فلاں چیزے نیست

હે જામી ! તું ઈશ્ક (મહોબ્બત)નો ગુલામ બની ગયો છે ! એટલા માટે
ખાનદાન-નસબની વાતો છોડી દે.

કારણ કે, ઈશ્કના રસ્તામાં ફલાણો એ ફલાણાનો પુત્ર હોવાની કોઈ હકીકત નથી.

રસૂલે કરીમ ﷺએ હજ્જતુલ વદાઅના ઐતિહાસિક ખુત્બામાં સંપૂર્ણ સ્પષ્ટતા સાથે એ બાબતનું એ'લાન કર્યું હતું કે, ઈસ્લામમાં અરબ અને અજમ (બિનઆરબ), ગોરા અને કાળા, ઊંચી જાતિ-નીચી જાતિનો કોઈ આધાર નથી. જે ઈસ્લામમાં પ્રવેશ પામી ગયા તે બધા જ મુસલમાનો ભાઈ-ભાઈ થઈ ગયા. વંશ, નસબ, રંગ, વતન, ભાષા વગેરેની વિશેષતાઓ જે અજ્ઞાનતાની મૂર્તિઓ હતી, તે બધાને ઈસ્લામે તોડી નાંખી, પરંતુ એનો અર્થ એ નથી કે, વહીવટી બાબતોમાં એકરુપતા અને વ્યવસ્થા સાચવવા માટે પણ કૌટુંબિક વિશેષતાઓને ધ્યાનમાં લેવામાં ન આવે.

એ સ્વાભાવિક બાબત છે કે, એક કુટુંબના લોકો પોતાના કુટુંબને જાણે-ઓળખે છે. અન્ય લોકો કરતાં તે પોતાના કુટુંબના લોકો ઉપર વધારે ભરોસો મૂકી શકે છે અને આ વ્યક્તિ તેની સંપૂર્ણ માનસિકતાથી વાકેફ હોવાની બીના પર તેમના જઝબાત, લાગણીઓ, ભાવનાઓ વગેરેને ધ્યાને રાખીને વ્યવહાર કરી શકે છે. આ જ હિકમત હતી કે, બની ઈસ્રાઈલના બાર કબીલાઓ પાસેથી જ્યારે વચન લેવામાં આવ્યું તો દરેક કબીલાનો એક-એક સરદાર જવાબદાર ઠરાવવામાં આવ્યો.

અને આ જ તે વ્યવસ્થા હતી કે, સહૂલત માટે, સંપૂર્ણ સંતોષ અને શાંતિ માટે આ બાબતને તે વખતે પણ ધ્યાને લેવામાં આવી જ્યારે કે બની ઈસ્રાઈલની કૌમ પાણી ન મળવાના કારણે સખત મુશ્કેલીમાં હતી. હઝરત મૂસા (અલૈ.)એ દુઆ કરી અને અલ્લાહના હુકમથી તેમણે પોતાની લાઠી એક પથ્થર ઉપર મારી તેનાથી અલ્લાહે તે પથ્થરમાંથી બાર ઝરણા બાર કબીલાઓ માટે અલગ-અલગ વહાવ્યા.

સૂરએ અઅ્રાફમાં કુર્આને કરીમે અલ્લાહ તઆલાના આ મહાન અહેસાનનું આ પ્રમાણે વર્ણન કર્યું છે.

وَقَطَّعْنَا هُمُ اثْنَتَيْ عَشَرَةَ اَسْبَاطًا اُمَمًا. اور فَانْبَجَسَتْ مِنْهُ اثْنَتَا عَشَرَةَ عَيْنًا ط

"અમે વહેંચી દીધા તેમને બાર જૂથોમાં પછી ફૂટી નીકળ્યા પથ્થરમાંથી બાર ઝરણાં (દરેક કબીલા માટે અલગ-અલગ)."

બારની સંખ્યા પણ કોઈ વિસ્મયકારી ખાસિયત અને સ્વીકૃતિ ધરાવે છે.

જે સમયે મદીનાના અન્સારો રસૂલે કરીમ ﷺને મદીના આવવા માટે આમંત્રણ આપવા હાજર થયા તો રસૂલે કરીમ ﷺએ તેમની પાસેથી કરાર લીધો હતો અને આ કરારમાં પણ અન્સારના બાર સરદારોએ જવાબદારી લઈને રસૂલે કરીમ ﷺના હાથ મુબારક ઉપર "બયઅત" કરી હતી. તેમાંથી ત્રણ સરદારો "ઔસ કબીલા"ના અને નવ સરદારો "ખઝરજ કબીલા"ના હતા.

(ઈબ્ને કષીર)

સહીહૈનમાં હઝરત જાબિર બિન સમૂરા (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલે

કરીમ ﷺએ ફરમાવ્યું કે, લોકોના કામો અને વ્યવસ્થા તે સમય સુધી ચાલતી રહેશે જ્યાં સુધી કે, બાર ખલીફાઓ તેમની આગેવાની કરશે.'' ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ આ રિવાયતને નકલ કરીને ફરમાવ્યું છે કે, આ હદીષના કોઈપણ શબ્દથી એ સાબિત નથી થતું કે, આ બાર ઈમામો એક પછી એક વારાફરતી થશે બલકે, તેમના વચ્ચે અંતર પણ હોઈ શકે છે. એટલા માટે ચાર ખલીફા સિદ્દીકે અકબર, ફારૂકે આ'ઝમ, ઉસ્માન ગની અને હઝરત અલી (રદિ.) એકધારા વારાફરતી થયા અને વચ્ચે અમુક મુદ્દત પછી હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.) ઉમ્મતના ઈજ્માઅ્થી પાંચમાં ખલીફએ બરહક (સાચા ખલીફા) માનવામાં આવે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, બની ઈસ્રાઈલ પાસેથી કરાર લેવા માટે અલ્લાહ તઆલાએ તેમના બાર કુટુંબોના બાર સરદારોને જવાબદાર ઠરાવ્યા અને તેમને ઈરશાદ ફરમાવ્યો, اِنِّی مَعَکُمْ એટલે કે, "હું તમારી સાથે છું.'' મતલબ એ છે કે, જો તમે કરારની પાબંદી કરી અને અન્યોને પાબંદી કરાવવાનો પાકો ઈરાદો કર્યો તો મારી મદદ અને સહકાર તમારી સાથે હશે. ત્યારબાદ પ્રસ્તુત આયતમાં આ કરારની અમુક શરતો અને બની ઈસ્રાઈલના કરારભંગ કરવાના કારણે તેમના ઉપર થયેલા અલ્લાહના અઝાબનું વર્ણન છે.

કરારની શરતોનું વર્ણન કરતા પહેલાં એક વાક્ય ફરમાવવામાં આવ્યું, اِنِّی مَعَکُمْ જેમાં બે વાતો બતાવવામાં આવી છે. એક એ કે, જો તમે કરાર ઉપર કાયમ રહ્યા તો મારી મદદ તમારી સાથે રહેશે અને તમે દરેક કદમ ઉપર તેનો અનુભવ કરશો. બીજું એ કે, અલ્લાહ તઆલા દરેક વખતે અને દરેક સ્થળે તમારી સાથે છે અને તે કરારની દેખરેખ રાખી રહ્યો છે. તમારા કોઈપણ ઈરાદા અને નિર્ણયની તથા ફિકર અને ચિંતાની અથવા તમારી દરેક પ્રવૃત્તિ તેના જ્ઞાનની બહાર નથી. તે તમારા એકાંતના રહસ્યોને પણ જૂએ અને સાંભળે છે, તે તમારા દિલોની નિય્યતો અને ઈરાદાઓથી પણ વાકેફ છે. કરારનો ભંગ કરીને તમે કોઈપણ રીતે તેની પકડથી બચી શકતા નથી. ત્યાર પછી કરારની શરતોમાં સૌ પ્રથમ اِقَامَتِ صَلٰوۃ નું વર્ણન છે અને પછી ઝકાત અદા કરવાનું વર્ણન છે. એનાથી જાણ થાય છે કે, નમાઝ અને ઝકાતના ફરજો ઈસ્લામ અગાઉ હઝરત મૂસા (અલૈ.)ની કૌમ ઉપર લાદવામાં આવ્યા હતા અને કુર્આનના બીજા ઈશારાઓ

અને રિવાયતોથી સાબિત થાય છે કે, આ ફરજો ફક્ત બની ઈસ્રાઈલ સાથે જ ખાસ ન હતા. બલકે, દરેક પયગમ્બર અને દરેક શરીઅતમાં હંમેશા લાદવામાં આવ્યા છે. ત્રીજી શરત કરારમાં એ છે કે, અલ્લાહ તઆલાના બધા રસૂલો ઉપર ઈમાન લાવવામાં આવે અને તેમના મકસદમાં તથા હિદાયતની દા'વતમાં તેમની મદદ કરવામાં આવે.

બની ઈસ્રાઈલમાં કારણ કે, ઘણા બધા રસૂલો આવવાના હતા. એટલા માટે તેમની ખાસિયત વિશે તેમને વિશેષરૂપે તાકીદ કરવામાં આવી અને જો કે, ઈમાનનો દરજ્જો અમલો, નમાઝ, ઝકાતથી અગ્ર ક્રમે છે પરંતુ કરારમાં અગ્રતા તેને રાખવામાં આવી જેના ઉપર અમલ અને બધી જ પ્રવૃત્તિઓ અવલંબિત છે અને ત્યાર પછી લાગુ પડતી ફરજો ઉપર અમલ કરવાનો છે. આવનારા રસૂલો તો પાછળથી આવશે, તેમના ઉપર ઈમાન લાવવું અને તેમને સહકાર આપવો વગેરે પણ પાછળથી ભવિષ્યમાં ઘટનારી ઘટનાઓ છે, એટલા માટે તેને પાછળના ક્રમમાં વર્ણન કરવામાં આવ્યું.

ચોથી શરત કરારમાં એ છે કે, اَقْرَضْتُمُ اللّٰهَ قَرْضًا حَسَنًا એટલે કે, "તમે અલ્લાહ તઆલાને કરજ આપો; સારું કરજ." સારું કરજ આપવાનો અર્થ એ છે કે, નિખાલસતાથી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરો કોઈ દુનિયવી સ્વાર્થ એમાં સામેલ ન હોય અને અલ્લાહના રસ્તામાં પોતાની પ્રિય વસ્તુ ખર્ચ કરો, રદ્દી અથવા બેકાર વસ્તુ આપી ટાળી ન દો, તેમાં અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરવાને અલ્લાહને કરજ આપવા સ્વરૂપે એટલા માટે ઓળખાવ્યું છે કે, કરજનો બદલો આપવો કાયદેસર રીતે તેમજ તાર્કિક રીતે અને નૈતિકતાની રૂએ પણ વાજિબ સમજવામાં આવે છે. એ જ પ્રમાણે એવો વિશ્વાસ રાખીને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે કે તેને તેનો બદલો અવશ્ય મળશે.

ફરજ ઝકાતનું વર્ણન અલગ સ્વરૂપે કર્યા પછી આ સ્થળે "કરજે હુસ્ના" (સારું કરજ) આપવાનું વર્ણન કરીને બતાવવામાં આવ્યું છે કે, એનો અર્થ ઝકાત સિવાય અન્ય સદકહ અને ખયરાત વગેરે પણ છે. તેનાથી એ પણ જાણ થાય છે કે, મુસલમાન ફક્ત ઝકાત અદા કરીને સઘળી આર્થિક જવાબદારીઓથી મુક્ત નથી થઈ જતો. ઝકાત સિવાય પણ અન્ય અમુક પ્રકારની આર્થિક જવાબદારીઓ

માણસના શિરે જરૂરી છે. કોઈ સ્થળે મસ્જિદ નથી તો મસ્જિદ બનાવવી અથવા દીની શિક્ષણ માટે જો સરકાર ખર્ચ નથી ઉઠાવતી તો દીની શિક્ષણની વ્યવસ્થા કરવી મુસલમાનો ઉપર જ જરૂરી છે. ફરક માત્ર એટલો જ છે કે, ઝકાત ફરજે ઐન છે અને આ (અલ્લાહના રસ્તામાં નિઃસ્વાર્થ ખર્ચ કરવો) ફરજે કિફાયહ છે.

ફરજે કિફાયહનો અર્થ એ છે કે, કૌમના અમુક વ્યક્તિઓ કૌમની એ જરૂરિયાતો પૂરી કરી આપે તો અન્ય મુસલમાનો એ ફરજમાંથી મુક્ત થઈ જશે અને જો કોઈપણ વ્યક્તિ એ ફરજ અદા ન કરે તો બધા જ ગુનેહગાર થશે. આજકાલ દીની શિક્ષણ અને મદ્રસાઓ જે આર્થિક ભીંસ અને અન્ય મુસીબતોથી ઘેરાયેલા જોવા મળે છે, તેને તે ચલાવનારા જ જાણે છે જેમણે દીનની આ મહત્ત્વની સેવાને સ્થાપિત કરી છે. ઝકાત અદા કરવાની હદ સુધી તો મુસલમાન જાણે છે કે, અમારા માથે તે ફરજ છે અને એવું જાણવા છતાં ઘણા ઓછા લોકો છે જેઓ ઝકાત અદા કરે છે અને અદા કરનારાઓમાં પણ ઘણા ઓછા લોકો છે, જેઓ પૂરો હિસાબ કરીને પૂરી ઝકાત અદા કરે છે અને જે સંપૂર્ણ ઝકાત અદા કરનારા છે તેઓ પણ બિલકુલ એવું સમજે છે કે, હવે અમારા માથે કોઈ જવાબદારી નથી. જો તેમની સામે મસ્જિદની જરૂરિયાતો આવે તો જાણે-અજાણે ઝકાતનો માલ રજૂ કરે છે અને દીની મદ્રસાની જરૂરિયાતો સામે આવે તો ફક્ત ઝકાતનો માલ આપે છે. જ્યારે કે, આ ફરજ ઝકાત સિવાય મુસલમાનો ઉપર અન્ય આર્થિક ફરજો કુર્આને કરીમની આ આયતની રૂએ ફરજ છે અને તેના ઘણા બધા ઉદાહરણો આ જ પ્રકારની આયતોથી સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

કરારની મહત્ત્વની શરત વર્ણન કર્યા પછી પણ એ બતાવ્યું કે, "જો તમે કરારની પાબંદી કરી તો તેનો બદલો એ હશે કે, તમારા પાછલા ગુનાહો પણ મા'ફ કરવામાં આવશે અને તમે કાયમી રાહત તથા સહૂલતવાળી જન્નતમાં રાખવામાં આવશો" અને અંતે એ પણ બતાવ્યું કે, તે આ સ્પષ્ટ વર્ણનો અને ઈરશાદો પછી પણ "જો કોઈએ કુફ્ર કર્યું અથવા વિરોધ કર્યો તો એક સીધો સાદો માર્ગ છોડીને તેણે પોતાના હાથે પોતાની જાતને તબાહીના ખાડામાં નાંખી દીધી."

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૩-૧૪)

فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ لَعَنّٰهُمْ وَجَعَلْنَا قُلُوْبَهُمْ قٰسِيَةً ۚ يُحَرِّفُوْنَ الْكَلِمَ
عَنْ مَّوَاضِعِهٖ ۙ وَنَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۚ وَلَا تَزَالُ تَطَّلِعُ عَلٰى خَآئِنَةٍ مِّنْهُمْ
اِلَّا قَلِيْلًا مِّنْهُمْ فَاعْفُ عَنْهُمْ وَاصْفَحْ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿۱۳﴾ وَمِنَ
الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰٓى اَخَذْنَا مِيْثَاقَهُمْ فَنَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۠
فَاَغْرَيْنَا بَيْنَهُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ؕ وَسَوْفَ يُنَبِّئُهُمُ اللّٰهُ
بِمَا كَانُوْا يَصْنَعُوْنَ ﴿۱۴﴾

તરજુમો :

બસ, તેમના કરાર તોડવા ઉપર અમે તેમના ઉપર લા'નત (ફિટકાર) કરી અને તેમના દિલોને સખત (કઠોર) કરી દીધા, કલામને તેના ઠેકાણેથી ફેરવે છે (હેરફેર કરે છે), અને તે નસીહતથી લાભ ઉઠાવવાનું ભૂલી ગયા જે તેમને કરવામાં આવી હતી, અને તમે તેમના કોઈ દગા ઉપર હંમેશા જાણકાર થતા રહો છો પરંતુ તેમનામાંથી થોડા લોકો; બસ, મા'ફ કરો અને તેમનાથી દરગુજર કરો, અલ્લાહ અહેસાન કરનારાઓને દોસ્ત રાખે છે. (૧૩) અને તે જેઓ પોતાને નસારા કહે છે તેમનાથી પણ અમે તેમનો કરાર લીધો હતો, પછી એ નસીહતથી લાભ ઉઠાવવાનું ભૂલી ગયા જે તેમને કરવામાં આવી હતી, પછી અમે તેમની વચ્ચે (આપસમાં) દુશ્મની અને કીનો કયામતના દિવસ સુધી લગાવી દીધો, અને અલ્લાહ તેમને અંતે બતાવી દેશે જે કંઈ (તેઓ) કરતા હતા. (૧૪)

તફસીર :

(પરંતુ બની ઇસ્રાઈલે પ્રસ્તુત કરારને તોડી નાંખ્યો અને તોડ્યા પછી જાત-જાતની તકલીફોમાં જેમાં ચહેરા બદલાઈ જવા જેવા અપમાન વગેરેમાં સપડાયા. બસ, આ બધો અઝાબ તેમને અલ્લાહના ઈનામો અને નેઅ્મતો અર્પણ કર્યા પછી તેના હુકમોનો વિરોધ કરવાના કારણે થયો) તો ફક્ત તેમના કરારભંગ

થવાના કારણે અમે તેમને પોતાની રહમત (એટલે કે તેની ખાસિયતો)થી દૂર કરી દીધા (અને આ જ લા'નતની હકીકત છે) અને (આ લા'નતની નિશાનીઓ એ છે કે) અમે તેમના દિલોને સખત કરી દીધા (કે સાચી વાતની તેમના ઉપર અસર જ નથી થતી અને આ દિલો સખત થવાની નિશાની એ છે કે) તે લોકો (એટલે કે તેમના ઉલમા) કલામ (અલ્લાહનું કલામ એટલે કે તવરાત)ને તેના (શબ્દો અને અર્થોની) જગ્યાએથી બદલે છે (એટલે કે શાબ્દિક હેરફેર તેમજ અર્થની હેરાફેરી કરે છે) અને (આ હેરફેરની અસર એ છે કે,) તે લોકો જે કંઈ તેમને (તવરાતમાં) નસીહત કરવામાં આવી હતી, તેમાંથી તેનો એક મોટો ભાગ (લાભનો કે જે તેમને અમલ કરવા માટે પ્રોત્સાહિત કરતો હતો) ભૂલાવી બેઠા (કારણ કે, વધારે હેરાફેરી તેમણે રસૂલે કરીમ ﷺની બઅ્‌ષતના સમર્થનમાં કરવામાં આવેલી આગાહીઓ અંગેની આયતોમાં કરી હતી અને દેખીતું છે કે, ઈમાનથી વધારે મોટો હિસ્સો કયો હશે ? મતલબ કે કરારભંગ ઉપર લા'નતના હકદાર થયા અને લા'નતના કારણે તેમના દિલો સખત થઈ ગયા અને દિલો સખત થવાના કારણે તેમણે હેરાફેરી કરી અને હેરાફેરીના કારણે તેમણે તવરાતનો મોટો ભાગ ગુમાવી દીધો) અને (પછી એવું પણ નથી કે જેટલું કરી ચૂક્યા તેના ઉપર રોકાઈ ગયા પરંતુ હાલત તો એ છે કે) આપ (ﷺ)ને રોજબરોજ (એટલે કે હંમેશા દીનની બાબતમાં) કોઈને કોઈ (નવી) ખયાનતની ખબર થતી રહે છે, જે તેમના દ્વારા થતી રહે છે. અમુક થોડા લોકો સિવાય (કે જેઓ મુસલમાન થઈ ગયા હતા); બસ તમે તેમને મા'ફ કરી દો અને તેમનાથી દરગુજર કરો, (એટલે કે જ્યાં સુધી શરઈ જરૂરત ન હોય તેમની ખયાનતોને જાહેર કરીને તેમને અપમાનિત ન કરો). નિઃશંક ! અલ્લાહ તઆલા અહેસાન કરનાર લોકો સાથે મહોબ્બત કરે છે (અને વિના જરૂરતે અપમાન ન કરવું પણ એક અહેસાન છે) અને જે લોકો (દીનના સહકારી હોવાના દા'વાથી) કહે છે કે, અમે નસારા છે અમે તેમનાથી તેનો કરાર (યહૂદીઓ પ્રમાણે જ) લીધો હતો. બસ, તેઓ પણ જે કંઈ તેમને (ઇન્જીલ વગેરેની) નસીહત કરવામાં આવી હતી તેમાંથી તેનો એક મોટો ભાગ (નફાનો કે જે તેમને અમલ કરવાથી પ્રાપ્ત થયો હોત) ગુમાવી બેઠા. (કારણ કે, એ બાબત જેને ગુમાવી બેઠા, તે તવહીદ છે અને ઈમાન છે, રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાનો જે તેમને હુકમ થયો હતો, તો તેને પણ ભૂલાવી બેઠા અને દેખીતું છે કે,

તેના કારણે તેઓ તવહીદને જ છોડી બેઠા) તો અમે તેમનામાં પરસ્પર કયામત સુધી વેર અને અદાવત નાંખી દીધી (આ તો દુનિયાની સજા થઈ) અને ઘણું જ જલદી (આખિરતમાં) કે તે પણ ખૂબ નજીક છે, તેમને અલ્લાહ તઆલા તેમનું કરેલું બતાવી દેશે (પછી તેમને સજા આપશે).

મસ્અલા અને બોધપાઠ :

આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, બની ઈસ્રાઈલે પોતાની બદ્નસીબીથી આ સ્પષ્ટ માર્ગદર્શન ઉપર ધ્યાન ન આપ્યું અને કરારનો વિરોધ કર્યો, તો અલ્લાહ તઆલાએ તેમને જાત-જાતના અઝાબોમાં નાંખી દીધા.

બની ઈસ્રાઈલ ઉપર તેમના દુષ્કૃત્યો અને બળવાખોરીના કારણે સજામાં બે પ્રકારનો અઝાબ આવ્યો. એક, જાહેર અને અનુભવી શકાય તેવો, જેમકે તેમના ઉપર લોહી અને દેડકા વગેરેનો વરસાદ થયો એ જ પ્રમાણે પથરાવ થયો અથવા જમીનનો ભાગ ઉલટાવી દેવામાં આવ્યો વગેરે, જેનું વર્ણન કુર્આને કરીમમાં વિવિધ આયતોમાં વિવિધ સ્થળોએ થયું છે.

બીજા પ્રકારનો અઝાબ માનસિક અને આધ્યાત્મિક (રૂહાની) છે કે, બળવાખોરીની સજા સ્વરૂપે તેમના દિલ અને દિમાગ ધોવાઈ ગયા. તેમનામાં વિચારવાની, સમજવાની ક્ષમતા ન રહી અને પોતાના ગુનાહોના વબાલમાં તેઓ વધારે ગુનાહો કરતા ચાલ્યા ગયા.

ઈરશાદ છે, فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ لَعَنّٰهُمْ وَجَعَلْنَا قُلُوْبَهُمْ قٰسِيَةً એટલે કે, "અમે તેમના કરારભંગ અને વચન પાલન ન કરવાના કારણે સજામાં તેમને પોતાની રહમતથી દૂર કરી દીધા અને તેમના દિલોને સખત બનાવી દીધા" કે, તેમાં કોઈ વસ્તુની સંભાવના જ બાકી ન રહી. આ જ રહમતથી દૂર કરવાને અને દિલોની સખતીને કુર્આને કરીમે સૂરએ મુતફ્ફિફીન مُطَفِّفِيْنَ માં رَانَ (રા'ન)ના શબ્દથી ઓળખાવ્યું છે. كَلَّا بَلْ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ એટલે કે, કુર્આનની સ્પષ્ટ આયતો અને ખુલ્લમ-ખુલ્લી નિશાનીઓનો વિરોધ કરવાનું કારણ એ છે કે, "તેમના દિલો ઉપર તેમના ગુનાહોના કારણે કાટ ચઢી ગયો છે."

રસૂલે કરીમ ﷺએ એક હદીષમાં ઈરશાદ ફરમાવ્યો છે,

"મનુષ્ય જ્યારે પ્રથમ કોઈ ગુનોહ કરે છે, તો તેના દિલ ઉપર એક કાળો

ડાઘ લાગી જાય છે, જેની બુરાઈનો તે દરેક સમયે એવો અનુભવ કરે છે, જેમકે કોઈ સાફ સફેદ કપડા ઉપર એક કાળો ડાઘ લાગી જાય અને દરેક સમયે તે આંખોને તકલીફ આપે છે, પછી જો તેણે આ ડાઘથી ચેતીને તવબહ કરી લીધી અને હવે પછી ગુનાહોથી બચી ગયો, તો તે ડાઘ મિટાવી દેવામાં આવે છે અને જો તેણે પરવા ન કરી બલકે, બીજા ગુનાહોમાં પ્રવૃત્ત થતો રહ્યો તો દરેક ગુનાહ ઉપર એક કાળા ડાઘાનો વધારો થતો રહે છે. એટલે સુધી કે, તેનું દિલ આ કાળા ડાઘાઓથી બિલકુલ કાળું થઈ જશે, તે સમયે તેના દિલની એવી હાલત થઈ જશે, જેમકે કોઈ વાસણને ઊંધું રાખ્યું હોય કે તેમાં કોઈ વસ્તુ નાંખવામાં આવે તો તરત જ બહાર નીકળી જાય છે. એટલા માટે કોઈ સારી વાત અથવા નેકીની વાત તેના દિલમાં ટકતી નથી, તે સમયે તેના દિલની એવી હાલત થઈ જાય છે કે, لَا يَعْرِفُ مَعْرُوْفًا وَّلَا يُنْكِرُ مُنْكَرًا એટલે કે, હવે ન તે કોઈ નેકીને નેકી સમજે છે અને ન જ બુરાઈને બુરાઈ; બલકે, મા'મલો બિલકુલ ઊલટો થવા લાગે છે કે, ઐબને હુનર, બદીને નેકી અને ગુનાહને સવાબ સમજવા લાગે છે અને પોતાની દુષ્ટતા તથા બગાવતમાં આગળ વધતો જાય છે. આ તેના ગુનાહોની રોકડ સજા છે, જે તેને દુનિયામાં જ મળી જાય છે."

અમુક અકાબીરોએ ફરમાવ્યું છે, اِنَّ مِنْ جَزَاءِ الْحَسَنَةِ بَعْدَهَا وَاِنَّ مِنْ جَزَاءِ السَّيِّئَةِ بَعْدَهَا એટલે કે, નેકીનો એક રોકડ બદલો એ છે કે, ત્યાર બાદ તેને બીજી નેકીની તવફીક મળે છે. એ જ પ્રમાણે ગુનાહની રોકડ સજા એ છે કે, એક ગુનાહ પછી તેનું દિલ બીજા ગુનાહો તરફ પ્રેરિત થવા લાગે છે, માટે જાણ થઈ કે, અલ્લાહની ફરમાંબરદારી અને ગુનાહોમાં પરસ્પર અપાકર્ષણ અને વિરોધાભાસ છે.

زر زر کشد در جہاں گنج گنج

દુનિયામાં સોનું સોનાને ખેંચે છે, ખઝાનો ખઝાનાને.

એક નેકી બીજી નેકીનું આમંત્રણ આપે છે અને એક બુરાઈ બીજી બુરાઈ અને ગુનાહ સાથે લઈ આવે છે.

બની ઈસ્રાઈલના કરારભંગની રોકડ સજા નિયમ પ્રમાણે એ મળી કે, તેઓ અલ્લાહની રહમતથી દૂર થઈ ગયા, જે સૌથી મોટું છુટકારાનું માધ્યમ છે

અને તેમના દિલો સખત થઈ ગયા, જેનાથી નોબત ત્યાં સુધી પહોંચી ગઈ કે, يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ એટલે કે, "આ લોકો અલ્લાહના કલામમાં તેમના મૂળ સ્થાનેથી હેર-ફેર કરવા લાગ્યા," એટલે કે, અલ્લાહના કલામને ફેરવી દેતા હતા. ક્યારેક શાબ્દિક રીતે તો ક્યારેક તેના અર્થોની રૂએ, તો ક્યારેક તિલાવતમાં. હેરાફેરીના આ બધા પ્રકારો કુર્આને કરીમ અને હદીષની કિતાબોમાં વર્ણન કરવામાં આવ્યા છે, જેનો સ્વીકાર આજકાલ ઘણા બધા યુરોપીયન ઈસાઈઓ પણ કરી રહ્યા છે. *(તફસીરે ઉસ્માની)*

આ આધ્યાત્મિક અને અદૃશ્ય (તકવીની) સજાનું આ પરિણામ એ આવ્યું કે, وَنَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ એટલે કે, "જે નસીહત તેમને કરવામાં આવી હતી, તેનાથી લાભ ઉઠાવવાનું ભૂલી ગયા" અને પછી ફરમાવ્યું કે, "તેમની આ સજા તેમના ગળાનો હાર બની ગઈ." وَلَا تَزَالُ تَطَّلِعُ عَلٰى خَآئِنَةٍ مِّنْهُمْ એટલે કે, "આપ (ﷺ)ને હંમેશા તેમની કોઈને કોઈ દગાબાજી અને મક્કારીની ખબર મળતી રહેશે, اِلَّا قَلِيْلًا مِّنْهُمْ અમુક થોડા લોકો સિવાય" જેમકે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (રદિ.) વગેરે જેઓ પ્રથમ અહલે કિતાબના દીન ઉપર હતા પછી સાચા મુસલમાન બની ગયા.

અહીંયાં સુધી બની ઈસ્રાઈલની દુષ્ટતા અને તેમના ખરાબ અખ્લાકનું જે વર્ણન આવ્યું, દેખીતી રીતે એનો તકાદો એ હતો કે, રસૂલે કરીમ ﷺએ તેમની સાથે અત્યંત નફરત અને અપમાનનો વ્યવહાર કરવા જોઈએ અને તેમને પાસે પણ ન આવવા દેવા જોઈએ. પરંતુ આયતના અંતિમ વાક્યમાં રસૂલે કરીમ ﷺને એવું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, فَاعْفُ عَنْهُمْ وَاصْفَحْ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ એટલે કે, "આપ ﷺ તેમને મા'ફ કરી આપો અને તેમની દુષ્ટતાને દરગુજર કરો. (તેમની સાથે નફરતનું સ્વરૂપ ન અપનાવો. કારણ કે,) અલ્લાહ તઆલા અહેસાન કરનારાઓને પસંદ કરે છે." મતલબ એ થયો કે, તેમની આવી પરિસ્થિતિ હોવા છતાં પોતાના સ્વાભાવિક તકાદાઓ ઉપર અમલ ન કરો, એટલે કે તેમની સાથે નફરતથી ન વર્તો. કારણ કે, તેમનું દિલ સખત છે અને તેમની નિર્લજ્જતાના કારણે જો કે, કોઈ નસીહત અને શિખામણની અસર તેમના ઉપર થવી અશક્ય છે, પરંતુ અહેસાન અને સારો વર્તાવ કરવાનો કિમીયો એવો છે કે, તેના દ્વારા નિર્લજ્જ લોકોમાં પણ થોડી શરમ પેદા થઈ શકે છે અને કદાચ

તેમનામાં શરમ-હયા પેદા થાય કે ન થાય, દરેક પરિસ્થિતિમાં તમારે પોતે અખ્લાક અને વ્યવહારને સારા રાખવા જરૂરી છે. અહેસાનનો વ્યવહાર અલ્લાહ તઆલાને પસંદ છે, એટલા માટે તેના દ્વારા મુસલમાનોને તો અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થઈ જ જશે.

وَمِنَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰى (૫ : ૧૪) આ આયતથી અગાઉની આયતમાં યહૂદીઓના કરારભંગ અને તેમના અઝાબનું વર્ણન હતું, આ આયતમાં નસારાની અમુક હાલતો વર્ણન કરી છે.

ઇસાઈ ફિરકાઓ (સંપ્રદાયો)માં પરસ્પર અદાવત :

આ આયતમાં અલ્લાહ તઆલાએ ઈસાઈઓના કરારભંગની એ સજા વર્ણન કરી છે કે, તેમનામાં મતભેદ, વૈમનસ્ય અને પરસ્પર અદાવત નાંખી દેવામાં આવી, જે કયામત સુધી ચાલતી રહેશે.

એના ઉપર ઈસાઈઓની હાલની પરિસ્થિતિઓથી કદાચ એવી શંકા પેદા થઈ શકે છે કે, તેઓમાં તો પરસ્પર એકતા નજરે પડે છે. તેનો જવાબ એ છે કે, આ હાલત એવા લોકોની વર્ણન થઈ છે, જે સાચા ઈસાઈઓ છે અને ઈસાઈ ધર્મની પાબંદી કરે છે અને જેઓ પોતાના ધર્મને છોડીને નાસ્તિક જેવા બની ગયા છે, તેઓ વાસ્તવમાં ઈસાઈઓની યાદીમાં સામેલ નથી. ભલે, તે એક કૌમ તરીકે પોતાને ઈસાઈ કહેતા હોય. આવા લોકોમાં જો તે ધાર્મિક મતભેદો અને પરસ્પર અદાવત ન હોય તો તે આ આયતથી વિપરીત નથી અને આયતમાં એવા લોકોનું વર્ણન છે, જેઓ ધાર્મિક રીતે ઈસાઈ છે, તેમનામાં મતભેદ અને અદાવત ખૂબ પ્રખ્યાત બાબત છે.

બયઝાવીના હાંસિયામાં તયસીરથી નકલ થયું છે કે, વાસ્તવમાં નસારાના ત્રણ ફિરકા (સંપ્રદાયો) હતા. એક "નિસ્તૂરિય્યહ" જેઓ ઈસા (અલૈ.)ને અલ્લાહનો બેટો કહેતા હતા, બીજા "યાકૂબિય્યહ" જે પોતે ઈસા (અલૈ.)ને અલ્લાહનું સંયુક્ત અંગ માનતા હતા અને ત્રીજા "મલકાઈય્યહ" જેઓ હઝરત ઈસા (અલૈ.)ને ત્રણ ખુદાઓ (ત્રિનિટી)માંથી એક માનતા હતા. અને દેખીતું છે કે, આટલા મોટા અકીદહના મતભેદો તેમનામાં પરસ્પર અદાવત અને દુશ્મનીનું કારણ થવું જરૂરી હતું.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૫ થી ૧૮)

يٰٓاَهْلَ الْكِتٰبِ قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا يُبَيِّنُ لَكُمْ كَثِيْرًا مِّمَّا كُنْتُمْ تُخْفُوْنَ مِنَ
الْكِتٰبِ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ؕ قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّكِتٰبٌ مُّبِيْنٌ ﴿۱۵﴾ يَّهْدِيْ بِهِ
اللّٰهُ مَنِ اتَّبَعَ رِضْوَانَهٗ سُبُلَ السَّلٰمِ وَيُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ
بِاِذْنِهٖ وَيَهْدِيْهِمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۱۶﴾ لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ هُوَ
الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ ؕ قُلْ فَمَنْ يَّمْلِكُ مِنَ اللّٰهِ شَيْـًٔا اِنْ اَرَادَ اَنْ يُّهْلِكَ
الْمَسِيْحَ ابْنَ مَرْيَمَ وَاُمَّهٗ وَمَنْ فِى الْاَرْضِ جَمِيْعًا ؕ وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَ
الْاَرْضِ وَمَا بَيْنَهُمَا ؕ يَخْلُقُ مَا يَشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۱۷﴾
وَقَالَتِ الْيَهُوْدُ وَالنَّصٰرٰى نَحْنُ اَبْنٰٓؤُا اللّٰهِ وَاَحِبَّآؤُهٗ ؕ قُلْ فَلِمَ يُعَذِّبُكُمْ
بِذُنُوْبِكُمْ ؕ بَلْ اَنْتُمْ بَشَرٌ مِّمَّنْ خَلَقَ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَ
لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ۫ وَاِلَيْهِ الْمَصِيْرُ ﴿۱۸﴾

તરજુમો :

હે કિતાબવાળાઓ (અહલે કિતાબ) ! ચોક્કસ તમારી પાસે અમારો રસૂલ આવ્યો છે, તમારા ઉપર ઘણી વસ્તુઓ જાહેર કરે છે જેને તમે કિતાબમાંથી છુપાવતા હતા, અને ઘણી બધી વસ્તુઓથી દરગુજર કરે છે; બેશક ! તમારી પાસે અલ્લાહના તરફથી રોશની આવી છે અને કિતાબ ખુલ્લું કરનારી. (૧૫) જેનાથી અલ્લાહ તેને સલામતીના માર્ગો હિદાયત કરે છે જે તેની ખુશી (રઝા)ના તા'બે થયો; અને તેમને પોતાના હુકમથી અંધારાઓમાંથી કાઢે છે અને તેમને સીધા માર્ગે ચલાવે છે. (૧૬) બેશક ! કાફિર થયા જેમણે કહ્યું કે અલ્લાહ તો તે જ મસીહ છે મરયમનો પુત્ર, તમે કહી આપો ! પછી અલ્લાહની આગળ કોનો બસ (તાકાત) ચાલી શકે છે જો તે ઈચ્છે કે હલાક કરે મરયમના પુત્ર મસીહને અને તેમની માંને અને જેટલા લોકો જમીનમાં

છે બધાને ? અને અલ્લાહના જ માટે છે આસમાનો અને જમીનની સલતનત અને જે કંઈ તે બંને વચ્ચે છે; જે ઈચ્છે પેદા કરે, અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર કાદિર (કાબૂ ધરાવનાર) છે. (૧૭) અને યહૂદ અને નસારા કહે છે, અમે અલ્લાહના બેટા છે અને તેના પ્યારા; તમે કહો ! પછી કેમ તમારા ગુનાહો ઉપર તમને અઝાબ કરે છે ? કોઈ નથી; બલકે તમે પણ એક માનવ છો તેની મખ્લૂકમાં, જેને ઈચ્છે બખ્શે અને જેને ઈચ્છે અઝાબ કરે; અને અલ્લાહના જ માટે છે આસમાનો અને જમીનની સલતનત અને જે કંઈ બંનેની મધ્યમાં છે, અને એના જ તરફ પાછા વળીને જવાનું છે. (૧૮)

તફસીર :

હે અહલે કિતાબ ! (એટલે કે યહૂદી અને નસારા) તમારી પાસે અમારા આ રસૂલ (મુહમ્મદ ﷺ) આવ્યા છે (જેમના જ્ઞાનની વિશિષ્ટતાની તો એવી હાલત છે કે,) કિતાબના વિષયોમાંથી જે બાબતો તમે છુપાવો છે, તેમાંથી ઘણી બાબતો(ને જાહેર કરે છે અને તે પણ એ રીતે કે, તેમણે પોતે કોઈ જ્ઞાન શીખ્યું નથી. બલકે, ફક્ત વહી દ્વારા વાકેફ થઈને) તમારી સામે સાફ-સાફ ખોલી આપે છે અને (જ્ઞાન તથા વર્તણૂકની આ વિશિષ્ટતાની એવી હાલત છે કે, જે બાબતોને તમે છુપાવી લેતા હતા તેમાંથી) ઘણી બધી બાબતોને (જાણવા અને વાકેફ હોવા છતાં અખ્લાકી રીતે તેને જાહેર કરવાથી) દરગુજર કરે છે (જ્યારે કે તેને જાહેર કરવામાં કોઈ શરઈ હિત ન હોય ફક્ત તમારી ફજેતી થતી હોય અને આવી ખાસિયત એ નુબુવ્વતની તર્કપૂર્ણ દલીલ છે અને વર્તણૂકની વિશિષ્ટતા તેની પૂરક અને સમર્થનમાં છે, આથી જાણ થઈ કે રસૂલુલ્લાહ ﷺના અન્ય મોઅ્જિઝાઓ ઉપરાંત પોતે તમારી સાથે આપ ﷺનો આવો વર્તાવ આપ ﷺની નુબુવ્વતને સાબિત કરવા માટે પૂરતો છે અને તે જ રસૂલ દ્વારા) તમારી પાસે અલ્લાહ તરફથી એક રોશન વસ્તુ આવી છે અને (તે) એક સ્પષ્ટ કિતાબ (છે) કે તેના દ્વારા અલ્લાહ તઆલા એવા લોકોને જેઓ અલ્લાહની ખુશીના ઈચ્છુક હોય, સલામતીના માર્ગો બતાવે છે. (એટલે કે, જન્નતમાં જવાના તરીકાઓ જે ખાસ અકીદાઓ અને અમલો શિખવાડ્યા છે, કારણ કે વાસ્તવમાં સંપૂર્ણ સલામતી તો જન્નતમાં જ હોઈ શકે છે કે, ન તો તેમાં કોઈ કમી હોય છે અને ન જ તેના નષ્ટ થવાનો કોઈ ભય હોય છે) અને તેમની પોતાની તવફીકથી (કુફ્ર અને ગુનાહોના)

અંધકારોમાંથી કાઢીને (ઈમાન અને ફરમાંબરદારીના) નૂર (પ્રકાશ) તરફ લઈ આવે છે અને તેમને (હંમેશા) સીધા રસ્તા ઉપર કાયમ રાખે છે, નિઃશંક ! તે લોકો કાફિર છે જેઓ એવું કહે છે કે, અલ્લાહ તઆલા ઈસા મસીહ ઇબ્ને મરયમ છે, તમે તેમને એવું પૂછો કે, જો એવું જ છે તો બતાવો કે જો અલ્લાહ તઆલા ઈસા ઇબ્ને મરયમ (જેને તમે અલ્લાહ જ સમજો છો) અને તેમની માતા (હઝરત મરયમ)ને અને જેટલું પૃથ્વી ઉપર ઉપસ્થિત છે તે બધાને (મૌત આપી) હલાક કરવા ઇચ્છે (તો) શું કોઈ વ્યક્તિ એવો છે જે અલ્લાહ તઆલાથી સહેજ પણ તેમને બચાવી શકે ? (એટલે આટલી વાતને તો તમે પણ માનો છો કે તેમને હલાક કરવું અલ્લાહની કુદરતમાં છે, તો જે જાતનો નાશ કરવો અન્યના કબજામાં હોય તે ખુદા કેવી રીતે હોઈ શકે છે ? તેનાથી મસીહ અલૈ.નો ખુદા હોવાનો અકીદહ ખોટો સાબિત થયો છે) અને (જો વાસ્તવમાં અલ્લાહ જ આ બધાનો મઅ્બૂદ છે એટલે કે,) અલ્લાહ તઆલા (તેની એવી શા'ન છે કે તેના) જ માટે આસમાનો અને જમીનની હુકૂમત છે અને જેટલી વસ્તુઓ આ બંનેના મધ્યમાં છે તેના ઉપર; અને તે વસ્તુઓને (જેવી રીતે) ઇચ્છે છે પેદા કરે છે અને અલ્લાહ તઆલાને દરેક વસ્તુઓ ઉપર સંપૂર્ણ કુદરત છે અને યહૂદીઓ તથા નસારા (બંને પક્ષો) કહે છે કે અમે અલ્લાહના પુત્રો છે અને તેના વહાલા છે (મતલબ કે, અમે કારણ કે, અંબિયા અલૈ.ની અવલાદ છે, એટલા માટે અલ્લાહ તઆલાના ત્યાં અમારું એક ખાસ સ્થાન છે કે, અમે ગુનાહ પણ કરીએ તો તેના ઉપર એટલી નારાજગી નથી થતી જેટલી અન્યો ઉપર થાય છે. જેમકે, બાપને પોતાના બેટાની નાફરમાનીની એટલી અસર નથી થતી, જેટલી કોઈ પરાયા વ્યક્તિના એવા કૃત્યથી થાય છે. તેમના આ વિચારો ખોટા અને વ્યર્થ છે અને તેને ખોટા સાબિત કરવા માટે આપ ﷺને સંબોધન થયું છે કે,) તમે (તેમને) પૂછો કે, વારું ! પછી તમને તમારા ગુનાહોના બદલામાં (આખિરતમાં) અઝાબ કેમ આપે છે ? (જેને તમે પણ માનો છો, જેમકે યહૂદીઓનો કૌલ હતો لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّا اَيَّامًا مَّعْدُوْدَةً અને જો અમને જહન્નમનો અઝાબ પણ થશે તો અમુક દિવસ હશે અને પોતે પણ હઝરત મસીહ અલૈ.નો કૌલ કુર્આનમાં પ્રસ્તુત છે... اِنَّهٗ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ حَرَّمَ اللّٰهُ عَلَيْهِ الْجَنَّةَ એટલે કે, જે વ્યક્તિએ અલ્લાહની સાથે કોઈ અન્યને ભાગીદાર ઠરાવ્યો, તો અલ્લાહ તઆલા તેના ઉપર જન્નતને હરામ કરી દે છે, આ નસારાઓના અલ્લાહ

ઉપર અવલાદ હોવાના આક્ષેપનું ઉદાહરણ હતું.

ખુલાસો એ છે કે, આખિરતના અઝાબને તેઓ પણ સ્વીકારે છે તો એ બતાવો કે શું કોઈ બાપ પોતાના પુત્ર અથવા વહાલાને અઝાબ આપે છે ? માટે તેમને સજા થવી પુત્ર હોવાનો નકાર કરે છે, એટલા માટે પોતાને અલ્લાહની અવલાદ કહેવી બાતિલ ઠરે છે.

અહીંયાં એ શંકા ન હોવી જોઈએ કે, અમુક સમયે પિતા પણ પોતાની અવલાદની સુધારણા અને કેળવણી માટે શિક્ષા કરે છે, માટે સજા થવી બેટા હોવાનો નકાર નથી કરતી. પરંતુ બાપની સજા શિક્ષા સ્વરૂપે સુધારણા માટે હોય છે, જેથી તે હવે પછી આવું કામ ન કરે અને આખિરતમાં હવે આવી શિક્ષાની કોઈ આવશ્યકતા નથી. કારણ કે, તે અમલ કરવાનું સ્થળ જ નથી બલકે, બદલો મેળવવાનું સ્થળ છે. ત્યાં કોઈ કામ આગળ ઉપર કરવાનું નથી અથવા કોઈ કામથી રોકવાની કોઈ જરૂરત કે શક્યતા નથી કે જેને શિક્ષા અથવા કેળવણી કહી શકાય. એટલા માટે ત્યાં જે સજા થશે તે ફક્ત સજા અને અઝાબ જ હોઈ શકે છે, આવો અઝાબ પોતાની અવલાદ અથવા પોતાના વહાલાઓને કદાપિ આપવામાં ન આવી શકે. એટલા માટે જાણ થઈ કે તમારી અલ્લાહના ત્યાં કોઈ આગવી વિશેષતા નથી). બલકે, તમે પણ અન્ય મખ્લૂકની જેમ એક મા'મૂલી મનુષ્ય છો, અલ્લાહ તઆલા જેને ચાહશે મા'ફ કરી દેશે અને જેને ચાહશે સજા આપશે અને અલ્લાહની જ સમગ્ર હુકૂમત આસમાનોમાં અને જમીનોમાં અને જે કંઈ તેના મધ્યમાં છે તેના ઉપર પણ છે, અને અલ્લાહ તરફ જ બધાએ પાછા વળીને જવાનું છે. (અને તેના સિવાય કોઈ અન્ય શરણનું સ્થળ છે જ નહીં).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં નસારાના એક ફિરકાની માન્યતાનો રદિયો આપવામાં આવ્યો છે કે, તેમનામાંથી એક ફિરકો એવો અકીદહ ધરાવે છે કે, હઝરત ઈસા (અલૈ.) નઊઝુબિલ્લાહ પોતે જ ખુદા છે, પરંતુ રદિયો જે દલીલ સાથે આપવામાં આવ્યો છે તે તમામ ફિરકાઓના ખોટા અકીદાઓને રદ કરે છે કે, તેઓ પણ તવહીદ (એકેશ્વરવાદ)ના વિરોધી છે. ભલે, તેઓ હઝરત ઈસા (અલૈ.) અલ્લાહના દિકરા હોવાની માન્યતા ધરાવે, અથવા તેઓની ત્રણ ખુદા

(ત્રિનિટી)માંથી એક ખુદા હોવાની માન્યતા હોય, બધા જ અકીદહ ખોટા છે અને આથી જ આ આયતમાં તે બધા અકીદાઓનો રદિયો આપવામાં આવ્યો છે.

આ સ્થળે હઝરત મસીહ (અલૈ.) અને તેમની વાલિદહનું વર્ણન કરવામાં બે હિકમતો હોઈ શકે છે. પ્રથમ તો એ કે, અલ્લાહ તઆલા સામે હઝરત ઈસા (અલૈ.)ની લાચારી વર્ણન થઈ કે, તેમને પોતાની જાતને પણ માત્ર અલ્લાહ તઆલા જ બચાવી શકે છે અને તેઓ તેમની વાલિદહને પણ અલ્લાહ તઆલાથી બચાવી શકવા સમર્થ નથી કે, જેમની ખિદમત અને સુરક્ષા દરેક નેક દિકરો પોતાના દિલથી પણ વધારે કરવાનું પસંદ કરે છે. બીજું એ કે, તેમાં તે ફિરકા (સંપ્રદાય)ની માન્યતાનો પણ રદિયો થઈ ગયો, જેઓ હઝરત મરયમ (અલૈ.)ને પણ ત્રણ ખુદાઓમાંથી એક ખુદા માને છે.

આ સ્થળે હઝરત મસીહ અને મરયમ (અલૈ.)ની મૌતને એક કાલ્પનિક સ્વરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. અલબત્ત, હઝરત મરયમ (અલૈ.)નું કુર્આન નાઝિલ થવાના સમયે કોઈ કાલ્પનિક મૌત ન થયું હતું બલકે, તેમની વફાત થઈ ચૂકી હતી, આવું વર્ણન કરવાનું કારણ વાતનું વજન વધારવા માટે છે કે, વાસ્તવમાં હઝરત ઈસા (અલૈ.)ના મૌતને કાલ્પનિક સ્વરૂપે વર્ણન કરવાનો હેતુ હતો, પરંતુ તેમની વાલિદહનું વર્ણન પણ એ વિષય હેઠળ જ કરવામાં આવ્યું, જો કે તેમની વફાત થઈ ચૂકી છે. મતલબ કે, હઝરત મસીહ (અલૈ.) અને બીજી બધી જ મખ્લૂકને આ જ રીતે મૌત આપી દેવી અમારા કબજામાં જ છે અને يَخْلُقُ مَا يَشَآءُ (૫:૧૭)માં ઈસાઈઓના આ બાતિલ અકીદહનો રદિયો આપવાનો હેતુ છે. કારણ કે, હઝરત મસીહ (અલૈ.)ને ખુદા બનાવી લેવાનો અસલ હેતુ તેમના ત્યાં એ છે કે, તેમનો જન્મ દુનિયાના ભૌતિક નિયમો વિરુદ્ધ વિના બાપે ફક્ત માં દ્વારા થયો છે, જો તેઓ પણ મનુષ્ય હોય તો કાયદા પ્રમાણે માં અને બાપ બંને દ્વારા તેમનો જન્મ થયો હોત. આ વાક્યમાં એ બાબતનો જવાબ આપવામાં આવ્યો કે, અલ્લાહ તઆલા દરેક પ્રકારની સંપૂર્ણ કુદરત અને શક્તિ ધરાવે છે કે, તે જે ઇચ્છે, જેવી રીતે ઇચ્છે, પેદા કરે. જેમકે આયત છે, اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ (૩ : ૫૯)માં આ શંકાનો જવાબ આપવામાં આવ્યો કે, હઝરત મસીહ (અલૈ.)ની પેદાઈશ સામાન્ય ભૌતિક નિયમોથી એક અલગ સ્વરૂપે થઈ હતી, પરંતુ તે તેમની ખુદાઈની દલીલ નથી બની શકતી.

જૂઓ, હઝરત આદમ (અલૈ.)ને તો અલ્લાહે માતા અને પિતા બંને વિના પેદા કર્યા હતા. માટે અલ્લાહ બધા જ પ્રકારની શકિત ધરાવે છે, તે જ સર્જનહાર માલિક તથા ઈબાદતના લાયક છે અને તેની જાતમાં અન્ય કોઈ ભાગીદાર નથી બની શકતો.

આયત : (સૂરએ માઇદહ : આયત નં. ૧૯)

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ قَدۡ جَآءَكُمۡ رَسُولُنَا يُبَيِّنُ لَكُمۡ عَلَىٰ فَتۡرَةٖ مِّنَ ٱلرُّسُلِ أَن تَقُولُواْ مَا
جَآءَنَا مِنۢ بَشِيرٖ وَلَا نَذِيرٖۖ فَقَدۡ جَآءَكُم بَشِيرٞ وَنَذِيرٞۗ وَٱللَّهُ عَلَىٰ كُلِّ شَيۡءٖ قَدِيرٞ ﴿١٩﴾

તરજુમો :

હે કિતાબવાળાઓ (અહલે કિતાબ) ! તમારી પાસે અમારો રસૂલ આવ્યો છે, તમારા ઉપર ખોલે છે રસૂલોનો ક્રમ તૂટયા પછી, ક્યાંક તમે કહેવા લાગો કે અમારી પાસે કોઈ ન આવ્યું ખુશી અથવા ડર સંભળાવનાર; બસ, તમારી પાસે ખુશી અને ડર સંભળાવનાર આવી ચૂક્યો, અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર કાદિર (કાબૂ ધરાવનાર) છે. (૧૯)

તફસીર :

હે અહલે કિતાબ ! તમારી પાસે આ તમારા રસૂલ (હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ) આવી પહોંચ્યા, જે તમને (શરીઅતની વાતો વિશે) ચોખ્ખે-ચોખ્ખું બતાવે છે. એવા સમયમાં કે રસૂલોનો (આવવાનો) ક્રમ (લાંબા સમયથી) મુલતવી હતો (અને આગલી શરીઅતોમાં ભેળ-સેળ થઈ તે શરીઅતો ગુમ થઈ ચૂકી હતી અને અંબિયા અલૈ.નો ક્રમ લાંબા સમયથી બંધ રહેવાના કારણે આ ગુમ થઈ ચૂકેલી શરીઅતોને ફરીવાર શોધવાની શક્યતા પણ રહી ન હતી. એટલા માટે હવે કોઈ રસૂલ આવવાની સખત જરૂરત હતી, તો એવા સમયે આપ ﷺનું તશરીફ લાવવું એક મોટી નેઅ્મત છે, જેને ગનીમત સમજવી જોઈએ) જેથી તમે (કયામતમાં) એવું ન કહેવા લાગો કે (દીનના મા'મલામાં ભૂલ અને ઉણપમાં આ બાબત અમારા માટે મા'ઝૂરી છે કે,) અમારી પાસે (કોઈ રસૂલ કે જે) ખુશખબરી આપનાર અને ડરાવનાર (હોય જે અમને દીનનું સાચું ઈલ્મ અને અમલ તરફ

દોરવણી કરી પ્રોત્સાહિત કરી શકે) નથી આવ્યો. (તો લો ! હવે આ બહાનાની પણ શક્યતા બાકી નથી રહી. કારણ કે,) તમારી પાસે ખુશખબરી આપનાર અને ડરાવનાર (એટલે કે, મુહમ્મદ મુસ્તફા ﷺ) આવી ચૂક્યા (માટે પોતાનો અંજામ પોતે જ વિચારી લો) અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે (કે જ્યારે ઈચ્છે રહમતના અંબાર મોકલી આપે અને જ્યારે ઈચ્છે હિકમતથી તેને રોકી લે, એટલા માટે કોઈને એવું કહેવાનો અધિકાર નથી કે, જ્યારે લાંબા સમયથી અંબિયા અલૈ.નો આ ક્રમ બંધ છે તો હવે કોઈ નબી નથી આવી શકતા. કારણ કે, આ ક્રમ એક સમય સુધી મૌકૂફ રાખવું અલ્લાહ તઆલાની હિકમતમાંથી હતું.

આ જ ક્રમના કારણે નુબુવ્વત બંધ અને પૂરી કરી દેવાનું એ'લાન તે સમય સુધી થયું ન હતું. બલકે, અગાઉના તમામ અંબિયા અલૈ. દ્વારા એ ખબર આપી દેવામાં આવી હતી કે, અંતિમ યુગમાં અંતિમ રસૂલ એક ખાસ શા'ન અને ખાસ સિફતો સાથે આવનારા છે, જેમના ઉપર નુબુવ્વત પૂર્ણ થશે. આ એ'લાન પ્રમાણે ખાતમુલ અંબિયા અલૈ. તશરીફ લઈ આવ્યા).

મસ્અલા અને બોધપાઠ :

عَلٰی فَتۡـرَۃٍ مِّنَ الرُّسُلِ માં فَتۡرَتٌ નો શાબ્દિક અર્થ "સુષુપ્ત થવું" (સુસ્ત પડવું–બંધ પડવું) અથવા "કોઈ કામને કામચલાઉ ધોરણે અટકાવી દેવું" અથવા "મુલતવી કરવું" વગેરે થાય છે. આ આયતમાં તફસીરના ઈમામોએ فَتۡـــرَتٌ (ફતરત)નો આ જ અર્થ વર્ણન કર્યો છે અને એનો ભાવાર્થ અમુક સમય માટે નુબુવ્વતનો ક્રમ અને અંબિયા (અલૈ.)નું આવવાનું બંધ રહેવાનો બતાવ્યો છે. હઝરત ઈસા (અલૈ.) પછી ખાતમુલ અંબિયા (અલૈ.)ના બઅ્ષતના યુગ સુધી નુબુવ્વત અને અંબિયા (અલૈ.)નો ક્રમ થોડા સમય માટે મુલતવી રહ્યો.

"ઝમાનાએ ફતરત" (વહી અને નુબુવ્વતનો ક્રમ મુલતવી રહેવા)ની તહકીક :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "હઝરત મૂસા અને હઝરત ઈસા (અલૈ.) વચ્ચે એક હજાર વર્ષનો યુગ છે. આ બધા સમયગાળામાં અંબિયા (અલૈ.)ની બઅષતનો ક્રમ બરાબર ચાલુ રહ્યો, તેમાં

ક્યારેય ફતરત નથી થઈ. ફક્ત બની ઈસ્રાઈલમાં એક હજાર અંબિયા (અલૈ.) આ સમયગાળામાં થયા અને બની ઈસ્રાઈલ સિવાય જે નબીઓ થયા તે આ ઉપરાંતના છે. પછી હઝરત ઈસા (અલૈ.)નો જન્મ અને નબીએ કરીમ ﷺની બઅ્‌ષત વચ્ચે ફક્ત ૫૦૦ વર્ષનો સમયગાળો છે, તેમાં અંબિયા (અલૈ.)નો ક્રમ મુલતવી રહ્યો. એટલા માટે આ યુગને "ફતરત"નો યુગ કહેવામાં આવે છે. આ અગાઉ ક્યારેય કોઈ યુગ અંબિયા (અલૈ.)ની બઅ્‌ષતથી ખાલી નથી રહ્યો.

(કુર્તુબી, ઈજાઝ સાથે)

હઝરત મૂસા (અલૈ.) અને હઝરત ઈસા (અલૈ.) વચ્ચેનો સમયગાળો અને એ જ રીતે હઝરત ઈસા (અલૈ.) અને ખાતમુલ અંબિયા ﷺ વચ્ચેના સમયગાળામાં પણ અમુક રિવાયતોમાં જેમાં તેમની ઓછી–વધતી મુદ્દતો વર્ણન થઈ છે, એનાથી અસલ મકસદ ઉપર કોઈ અસર નથી પડતો. ઈમામ બુખારી (રહ.)એ હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત કરી છે કે, "હઝરત ઈસા (અલૈ.) અને ખાતમુલ અંબિયા (અલૈ.) વચ્ચેનો સમયગાળો ૬૦૦ વર્ષનો હતો અને આ સમગ્ર સમય દરમિયાન એક પણ નબી મબઊષ નથી થયા." જેમકે સહીહ બુખારી અને મુસ્લિમ શરીફના હવાલાથી મિશ્કાત શરીફમાં હદીષ આવી છે, જેમાં રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, اَنَا اَوْلَى النَّاسِ بِعِيْسٰى એટલે કે, "હું હઝરત ઈસા (અલૈ.) સાથે બધા લોકોથી વધારે નજીક છું" અને એનો અર્થ હદીષના અંતે એ વર્ણન કર્યો છે, لَيْسَ بَيْنَنَا نَبِىٌّ એટલે કે, "અમારા બંને વચ્ચે કોઈ નબી મબઊષ થયા નથી."

સૂરએ યાસીનમાં જે ત્રણ રસૂલોનું વર્ણન છે, તે વાસ્તવમાં હઝરત ઈસા (અલૈ.)ના મોકલેલા સંદેશાવાહકો છે, જેમને શાબ્દિક અર્થના આધારે રસૂલ કહેવામાં આવ્યા છે.

ખાલિદ બિન સનાન અરબીએ તેમજ અમુકે આ યુગ "ફતરત"નો સમયકાળ હોવાનું વર્ણન કર્યું છે. તે વિશે તફસીરે રૂહુલ મઆનીમાં શિહાબના હવાલાથી વર્ણન થયું છે કે, તેમનું નબી હોવું તો સાચું છે, પરંતુ તેમનો યુગ હઝરત ઈસા (અલૈ.)થી પહેલાંનો છે; પાછળનો નથી.

"ફતરત"ના યુગના હુકમો :

પ્રસ્તુત આયતથી જાહેર થાય છે કે, કલ્પના કરો ! જો કોઈ કૌમ એવી છે

કે તેમની પાસે ન તો કોઈ રસૂલ અને ન જ કોઈ પયગમ્બર આવ્યા અથવા તો ન જ તેમના નાયબો પહોંચ્યા અને ન તો પાછલા અંબિયા (અલૈ.)ની શરીઅતો તેમની પાસે સુરક્ષિત હતી, પછી આ લોકો જો શિર્ક સિવાય અન્ય દુષ્કૃત્યોમાં અથવા ગુમરાહીમાં સપડાય જાય તો તેમને મા'ઝૂર સમજવામાં આવશે. તેઓ અઝાબના હકદાર નહીં થાય. એટલા માટે ફકીહોમાં અહલે ફતરત (ફતરતના યુગના લોકો)ના મા'મલામાં મતભેદ છે કે, તેઓને મા'ફ કરવામાં આવશે અથવા નહીં ?

જમહૂરનું વલણ એ છે કે, આશા છે કે તેઓને મા'ફ કરવામાં આવશે, જ્યારે કે, તેઓ પોતાના એ મઝહબના પાબંદ રહ્યા હોય કે જે તેમની પાસે હઝરત મૂસા (અલૈ.) સાથે સંબંધિત કરવામાં આવતો ભેળસેળવાળો મઝહબ મૌજૂદ હતો. શરત એટલી છે કે, તેઓ તવહીદના વિરોધી અને શિર્કમાં સપડાયેલા ન હોય. કારણ કે, તવહીદના મસ્અલામાં કોઈ નકલનો મોહતાજ નથી, એ બાબત દરેક વ્યક્તિ થોડુંક જ ચિંતન કરે તો પોતાની અક્કલથી પણ જાણી શકે છે.

એક સવાલ અને તેનો જવાબ :

અત્રે એવો સવાલ પેદા થઈ શકે છે કે, જે અહલે કિતાબ યહૂદી અને નસારાને આ આયતમાં સંબોધન છે, તેમના માટે જો કે, ફતરતના યુગમાં કોઈ રસૂલ નથી પહોંચ્યો પરંતુ તેમની પાસે તવરાત અને ઈન્જીલ તો મૌજૂદ હતી, તેમના ઉલમા પણ હતા, તો પછી તેમના માટે આ ઉજર (બહાનું) કરવાની શું તક હતી કે, અમારી પાસે કોઈ હિદાયત પહોંચી ન હતી ? જવાબ એ છે કે, રસૂલે કરીમ ﷺના યુગ સુધી તવરાત અને ઈન્જીલ પોતાના અસલી સ્વરૂપમાં બાકી રહી ન હતી, તેમાં ભેળસેળ થઈને જૂઠા કિસ્સા-કહાણીઓ સામેલ થઈ ગઈ હતી. આથી તેનું અસ્તિત્વ ન હોવા બરાબર હતું અને સંજોગવસાત્ ક્યાંકથી કોઈ અસલી નુસ્ખો (પ્રત) કોઈની પાસે કોઈ ગુમનામ સ્થળે સુરક્ષિત રહ્યો પણ હોય તો તેનો પણ અત્રે નકાર થતો નથી અને એ આ બાબતથી વિરોધાભાસી નથી. જેમકે, અમુક ઉલમા ઇબ્ને તયમિય્યહ વગેરેએ લખ્યું છે કે, "તવરાત અને ઈન્જીલ પોતાના અસલી સ્વરૂપમાં અમુક-અમુક સ્થળે મૌજૂદ હતી."

અંતિમ નબી ﷺના ખાસ ગુણો અને એ તરફ ઇશારો :

આ આયતમાં અહલે કિતાબને સંબોધન કરીને આ ઇરશાદ ફરમાવ્યો કે,

અમારા રસૂલ મુહમ્મદ મુસ્તફા ﷺ એક લાંબા ફતરતના યુગ પછી આવ્યા છે. તેમાં એક ઈશારો એ તરફ પણ છે કે, તમે લોકો રસૂલે કરીમ ﷺના અસ્તિત્વને ગનીમત અને મોટી નેઅ્મત સમજો. કારણ કે, એક લાંબા સમયથી વહીનો સિલસિલો બંધ હતો, હવે તે તમારા માટે ખોલવામાં આવ્યો છે.

બીજો ઈશારો એ તરફ પણ છે કે, રસૂલે કરીમ ﷺનું તશરીફ લાવવું એવા યુગ અને એવા સ્થળે થયું છે, જ્યાં ઈલ્મ અને દીનનો કોઈ પ્રકાશ ઉપસ્થિત ન હતો. અલ્લાહની મખ્લૂક અલ્લાહથી દૂર થઈને મૂર્તિપૂજામાં લાગી ગઈ હતી. આવા યુગમાં આવી કૌમની સુધારણા કરવી એ કોઈ સરળ કામ ન હતું, એવા અજ્ઞાનતાના યુગમાં આવી બગડેલી કૌમ રસૂલે કરીમ ﷺના હવાલે કરવામાં આવી. રસૂલે કરીમ ﷺના સાંન્નિધ્યમાં અને તેમના નુબુવ્વતના નૂરથી થોડા જ સમયમાં આ કૌમ આખી દુનિયા માટે જ્ઞાન, અમલ, અખ્લાક, વ્યવહાર, સામાજિકતા વગેરે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં શિક્ષક અને અનુસરણ કરવાપાત્ર ઠરાવવામાં આવી, જેનાથી રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલત તથા રસૂલે કરીમ ﷺની પયગમ્બરી સમગ્ર અંબિયા (અલૈ.) કરતાં શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાની હોવાનું સાબિત થાય છે, જે ડૉક્ટર કોઈ ઈલાજથી લાચાર થઈ ગયેલ બીમારનો ઈલાજ કરે અને એવી જગ્યાએ કરે જ્યાં ડૉક્ટરી સાધનો અને દવાઓ પણ ઉપલબ્ધ ન હોય અને પછી તે તેના ઈલાજમાં એટલો સફળ થાય કે, જે બીમાર છે તે ન જ ફક્ત તંદુરસ્ત થઈ જાય બલકે એક નિષ્ણાત તબીબ પણ બની જાય, તો આવા ડૉક્ટરની વિશિષ્ટતામાં કોને શું શંકા હોઈ શકે છે ?

એ જ પ્રમાણે એક લાંબા સમયની ફતરત પછી જ્યારે કે દરેક રીતે કુફ્ર અને ગુનાહોનો અંધકાર જ અંધકાર છવાયેલો હતો. રસૂલે કરીમ ﷺએ તા'લીમ અને કેળવણીનું એવું અજવાળું પાથર્યું કે, તેનું ઉદાહરણ અગાઉના કોઈ યુગમાં જોવા નથી મળતું. બધા જ મોઅ્જિઝાઓ એક બાજુ અને માત્ર આ એક મોઅ્જિઝો બીજી બાજુ કે, જે મનુષ્યને રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવા માટે મજબૂર કરી શકે છે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૨૦ થી ૨૬)

وَ اِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ جَعَلَ فِيْكُمْ اَنْۢبِيَآءَ
وَجَعَلَكُمْ مُّلُوْكًا ۖۗ وَّاٰتٰىكُمْ مَّا لَمْ يُؤْتِ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ ﴿٢٠﴾ يٰقَوْمِ ادْخُلُوا
الْاَرْضَ الْمُقَدَّسَةَ الَّتِيْ كَتَبَ اللّٰهُ لَكُمْ وَ لَا تَرْتَدُّوْا عَلٰٓى اَدْبَارِكُمْ فَتَنْقَلِبُوْا
خٰسِرِيْنَ ﴿٢١﴾ قَالُوْا يٰمُوْسٰٓى اِنَّ فِيْهَا قَوْمًا جَبَّارِيْنَ ۖۗ وَ اِنَّا لَنْ نَّدْخُلَهَا حَتّٰى
يَخْرُجُوْا مِنْهَا ۚ فَاِنْ يَّخْرُجُوْا مِنْهَا فَاِنَّا دٰخِلُوْنَ ﴿٢٢﴾ قَالَ رَجُلٰنِ مِنَ الَّذِيْنَ
يَخَافُوْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمَا ادْخُلُوْا عَلَيْهِمُ الْبَابَ ۚ فَاِذَا دَخَلْتُمُوْهُ فَاِنَّكُمْ
غٰلِبُوْنَ ۚۖ وَعَلَى اللّٰهِ فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٢٣﴾ قَالُوْا يٰمُوْسٰٓى اِنَّا لَنْ
نَّدْخُلَهَآ اَبَدًا مَّا دَامُوْا فِيْهَا فَاذْهَبْ اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَآ اِنَّا هٰهُنَا قٰعِدُوْنَ ﴿٢٤﴾
قَالَ رَبِّ اِنِّيْ لَآ اَمْلِكُ اِلَّا نَفْسِيْ وَ اَخِيْ فَافْرُقْ بَيْنَنَا وَ بَيْنَ الْقَوْمِ
الْفٰسِقِيْنَ ﴿٢٥﴾ قَالَ فَاِنَّهَا مُحَرَّمَةٌ عَلَيْهِمْ اَرْبَعِيْنَ سَنَةً ۚ يَتِيْهُوْنَ فِي الْاَرْضِ ؕ
فَلَا تَاْسَ عَلَى الْقَوْمِ الْفٰسِقِيْنَ ﴿٢٦﴾ ع

તરજુમો :

અને જ્યારે મૂસા (અલૈ.)એ પોતાની કૌમને કહ્યું, હે કૌમ ! અલ્લાહના અહેસાનો યાદ કરો પોતાના ઉપર જ્યારે તમારામાં નબી પેદા કર્યા અને તમને બાદશાહ કરી દીધા, અને તમને આપ્યું જે દુનિયામાં કોઈને ન આપ્યું હતું. (૨૦) હે કૌમ ! મુકદસ (પવિત્ર) ભૂમિમાં દાખલ થાઓ જે અલ્લાહે તમારા માટે મુકર્રર (નક્કી) કરી દીધી છે, અને પોતાની પીઠ તરફ પાછા ન વળો પછી નુકસાનમાં જઈ પડશો. (૨૧) બોલ્યા, હે મૂસા (અલૈ.) ! ત્યાં એક જબરદસ્ત કૌમ છે, અને અમે કદાપિ ત્યાં જઈશું નહીં એટલે સુધી કે તેઓ એમાંથી નીકળી જાય; પછી જો તેઓ એમાંથી નીકળી જશે તો અમે જરૂર દાખલ થઈશું. (૨૨) અલ્લાહથી ડરનારાઓમાંથી બે પુરુષોએ કે

અલ્લાહની તે બંને ઉપર નવાજિશ હતી કહ્યું, ઘુસી જાઓ તેમના ઉપર હુમલો કરીને દરવાજામાં, પછી જ્યારે તમે તેમાં ઘુસી જશો તો તમે જ ગાલિબ (વિજયી) થશો; અને અલ્લાહ ઉપર ભરોસો કરો જો યકીન રાખતા હોય. (૨૩) બોલ્યા, હે મૂસા (અલૈ.) ! અમે કદાપિ ત્યાં જઈશું નહીં પૂરી જિંદગી જ્યાં સુધી તેઓ તેમાં રહેશે; બસ, તું જા અને તારો રબ્બ ! અને તમે બંને લડો, અમે તો અહીંયાં બેઠા છે ! (૨૪) બોલ્યા, હે મારા રબ્બ ! મારા ઈખ્તિયારમાં નથી પરંતુ મારી જાત અને મારો ભાઈ; બસ, તું અમારામાં અને તે નાફરમાન કૌમમાં જુદાઈ કરી દે. (૨૫) કહ્યું, ચોક્કસ તે જમીન તેમના ઉપર હરામ કરવામાં આવી છે, ચાલીસ વર્ષો માથું પટકતા ફરશે પ્રદેશમાં; બસ, તમે નાફરમાન લોકો ઉપર અફસોસ ન કરો. (૨૬)

તફસીર :

(અને તે સમય પણ વર્ણન કરવાપાત્ર છે) જ્યારે (હઝરત) મૂસા (અલૈ.)એ પોતાની કૌમ (એટલે કે બની ઇસ્રાઈલ)ને (પ્રથમ જિહાદ માટે પ્રોત્સાહિત કરવા માટે એવું) કહ્યું કે, હે મારી કૌમ ! તમે અલ્લાહ તઆલાના ઈનામોને જે તમારા ઉપર થયા છે, યાદ કરો ! જ્યારે કે, અલ્લાહે તમારામાંથી ઘણા બધા પયગમ્બરો બનાવ્યા (જેમકે, હઝરત યાકૂબ અલૈ. અને હઝરત યુસૂફ અલૈ. અને પોતે હઝરત મૂસા અલૈ. અને હઝરત હારૂન અલૈ. વગેરે. કોઈ કૌમમાં પયગમ્બરો આવવા દુનિયવી અને દીની શ્રેષ્ઠતા ગણાય છે, તો આ નેઅ્મત અમે તમને આપી) અને (બીજી નેઅ્મત એ આપી કે) તમને બાદશાહત અર્પણ કરી (એટલા માટે ફિરઔનના પ્રદેશ ઉપર હમણાં કબજો જમાવી ચૂક્યા છો) અને તમને (અમુક–અમુક) તે વસ્તુઓ આપી છે જે દુનિયાવાળાઓમાંથી કોઈને નથી આપી (જેમકે, દરિયામાં માર્ગ બનાવી દેવો, દુશ્મનને આશ્ચર્યજનક રીતે ડૂબાડી દેવો જેવા વારંવાર ઇનામો આપ્યા તથા અનેક વખતે અપમાન અને તકલીફોમાંથી છુટકારો અપાવ્યો અને રાહત પહોંચાડી, એટલે તેમાં તમને ખાસ વિશેષતા આપી, પછી આ પ્રસ્તાવના પછી અસલ હેતુ તરફ હઝરત મૂસા અલૈ.એ તેમને સંબોધન કર્યું કે,) હે મારી કૌમ ! (આ નેઅ્મતો અને અહેસાનોનો તકાદો એ છે કે, અલ્લાહે જિહાદ વિશે કરેલા હુકમ ઉપર તૈયાર થઈ જાઓ અને) આ પવિત્ર પ્રદેશ (એટલે કે, સિરીયા અને તેના પાટનગર)માં (જ્યાં અમાલિકા

શાસકો છે, તેમની સામે જિહાદ કરવાના ઈરાદે) પ્રવેશ કરો કે, અલ્લાહ તઆલાએ તે તમારા હિસ્સામાં લખી દીધું છે (એટલા માટે ઈરાદો કરતાં જ વિજયી થશો) અને પાછળ (વતન તરફ) પાછા ન ચાલો કે, ફરી બિલકુલ નુકસાનમાં પડી જશો (દુનિયામાં પણ પ્રદેશના વિસ્તારથી એટલે કે વિસ્તાર વધારાથી વંચિત રહેશો અને આખિરતમાં જિહાદનો ફરજ છોડવાના કારણે ગુનેહગાર થશો), કહેવા લાગ્યા, હે મૂસા (અલૈ.) ! ત્યાં તો મોટા જબરદસ્ત વ્યક્તિઓ (રહે) છે અને અમે તો ત્યાં કદાપિ કદમ નહીં મૂકીએ, જ્યાં સુધી કે તેઓ (કોઈપણ રીતે) ત્યાંથી નીકળી ન જાય, હા ! જો તેઓ ત્યાંથી ક્યાંક અન્ય (સ્થળે) ચાલ્યા જાય, તો અમે બેશક ! જવા માટે તૈયાર છે. (હઝરત મૂસા અલૈ.ના સમર્થનમાં) તે બે વ્યક્તિઓએ (પણ) કે જે (અલ્લાહથી) ડરનારાઓ (એટલે કે, મુત્તકીઓ)માંથી હતા (અને) જેમના ઉપર અલ્લાહ તઆલાએ કૃપા કરી હતી (કે પોતાના કરાર ઉપર અડગ અને મક્કમ રહ્યા હતા, તેમણે નાહિમ્મત લોકોને સમજાવવા માટે) કહ્યું કે, તમે તેના ઉપર (ચઢાઈ કરીને આ શહેરના) દરવાજા સુધી તો ચાલો; બસ જે સમયે તમે દરવાજામાં કદમ મૂકશો તે સમયે વિજયી થઈ જશો. (મતલબ એ છે કે, જલદી વિજયી થઈ જશો, ભલે તેઓ રુઆબથી નાસી છૂટે અથવા ઘણા થોડા લોકો મુકાબલો કરવા સામે આવે) અને અલ્લાહ ઉપર નજર રાખો, જો તમે ઈમાન ધરાવનારા છે, (એટલે કે, તમે દુશ્મનોના જબરદસ્ત હોવાને લક્ષમાં ન લો, પરંતુ તે બની ઈસ્રાઈલ ઉપર આ ફરમાઈશની કોઈ અસર ન થઈ બલકે, તે બંને બુઝુર્ગોને તો તેમણે સંબોધન કરવા લાયક પણ ન સમજ્યા અને હઝરત મૂસા અલૈ.ને અત્યંત ગુસ્તાખીથી એકદમ અક્કડ જવાબ આપ્યો કે,) કહેવા લાગ્યા કે, હે મૂસા (અલૈ. ! અમે તો કહી ચૂક્યા છે કે) કદાપિ ત્યાં કદમ નહીં રાખીએ જ્યાં સુધી તેઓ ત્યાં મૌજૂદ છે, (જો લડવું જરૂરી છે તો) તું અને તારો અલ્લાહ ચાલ્યા જાઓ અને બંને (જઈને) લડી લો, અમે તો અહીંયાંથી ખસવાના નથી, (હઝરત મૂસા અલૈ.ને ખૂબ જ ગમ અને પરેશાની થઈ, તેઓ તંગ આવી જઈને) દુઆ કરવા લાગ્યા, હે મારા પરવરદિગાર ! (હું શું કરું ? તેમના ઉપર મારો કોઈ કાબૂ નથી) હા ! મારી જાત અને મારા ભાઈની જાતની ઉપર અલબત્ત (સંપૂર્ણ) ઈખ્તિયાર ધરાવું છું કે તું અમો બંને (ભાઈઓ) અને આ નાફરમાન કૌમ વચ્ચે (યોગ્ય) ફેંસલો કરી આપ.

(એટલે કે, જેના માટે જે હાલત યોગ્ય છે તે તજવીજ કરી આપ) ઈરશાદ થયો, (વારું !) તો (અમે તો આ ફેંસલો કરીએ છીએ કે,) આ પ્રદેશ તેમના હાથમાં ચાલીસ વર્ષો સુધી નહીં આવે અને ઘરે જવાનું પણ નસીબ નહીં થાય (રસ્તો નહીં મળે), આમ જ ચાલીસ વર્ષો (સુધી) પૃથ્વીમાં માથું પટકતા રહેશે (હઝરત મૂસા અલૈ.એ જ્યારે આ ફેંસલો સાંભળ્યો જેનું કોઈ ગુમાન ન હતું, વિચારતા હતા કે કોઈ મા'મૂલી શિક્ષા થઈ જશે, તો સ્વાભાવિકપણે ફિકર-ચિંતામાં પડી ગયા અને ગમ કરવા લાગ્યા તો ઈરશાદ થયો કે, હે મૂસા ! જ્યારે અમે આ નાફરમાનો માટે જે નક્કી કર્યું છે તે બરાબર જ છે) બસ, તમે આ નાફરમાન કૌમ(ની આવી તકલીફવાળી પરિસ્થિતિ) ઉપર (જરા પણ) ગમ ન કરો.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પહેલી આયતમાં તે કરારનું વર્ણન હતું, જે અલ્લાહ તઆલાએ તેમના રસૂલોની ફરમાંબરદારી કરવા વિશે બની ઈસ્રાઈલ પાસેથી લીધો હતો અને તેમની સાથે તેમના કરારભંગ અને વચનના વિરુદ્ધ કર્મો કરવા સબબ તેમને કરવામાં આવેલ સજાનું વર્ણન હતું. આ આયતોમાં તેમના કરારભંગ વિશેની એક ખાસ ઘટનાનું વર્ણન છે.

તે એ છે કે, જ્યારે ફિરઔન અને તેનું લશ્કર ડૂબી ગયું અને હઝરત મૂસા (અલૈ.) અને તેમની કૌમ બની ઈસ્રાઈલ ફિરઔનની ગુલામીથી છુટકારો મેળવીને મિસ્રની હુકૂમતના માલિક બની ગયા, ત્યારે અલ્લાહ તઆલાએ તેમને વધારે ઈનામો આપ્યા અને તેમના પૈત્રિક વતન સિરીયા દેશને પણ તેમના કબજામાં પાછો લાવવા માટે હઝરત મૂસા (અલૈ.) દ્વારા એ હુકમ આપ્યો કે, તેઓ જિહાદની નિય્યતથી અર્ઝે મુકદ્દસ (પવિત્ર ભૂમિ) એટલે કે, સિરીયામાં દાખલ થાય અને સાથે જ તેમને ખુશખબરી પણ સંભળાવી દીધી કે, એ જિહાદમાં તેઓ જ વિજયી થશે. અલ્લાહ તઆલાએ આ પવિત્ર ભૂમિને તેમના હિસ્સામાં લખી દીધી છે, તે જરૂર તેમને મળીને રહેશે, પરંતુ બની ઈસ્રાઈલ પોતાના નાફરમાનીવાળા સ્વભાવની ખાસિયતના કારણે અલ્લાહ તઆલાના ઈનામો જેવા કે, ફિરઔનનું ડૂબી જવું, મિસ્રનું ફતહ થવું, વગેરે પોતાની આંખોથી અનુભવી લીધા પછી પણ અહીંયાં પોતાના કરાર ઉપર કાયમ ન રહ્યા અને સિરીયાના જિહાદ વિશેના અલ્લાહના હુકમની નાફરમાની અને જીદ કરી બેઠા, જેની સજા

તેમને કુદરત તરફથી એ પ્રમાણે મળી કે, ચાલીસ વર્ષો સુધી એક મર્યાદિત પ્રદેશમાં અટવાઈ ગયા કે દેખીતી રીતે તેમની આજુબાજુ તો કોઈ કિલ્લો કે આડશ ન હતી, ન જ તેમના હાથો-પગોમાં બેડીઓ નાંખેલી હતી, બલકે ખુલ્લા મેદાનમાં હતા અને પોતાના વતન મિસ્ર તરફ પાછા જવા માટે દરરોજ સવારથી સાંજ સુધી મુસાફરી પણ કરતા હતા, પરંતુ સાંજે ફરી ત્યાં જ પાછા આવી જતા જ્યાંથી સવારમાં નીકળ્યા હતા. આ દરમિયાન હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન (અલૈ.)ની વફાત થઈ ગઈ, આ લોકો આ જ રીતે "વાદીએ તીહ"માં માર્યા-માર્યા ફરતા રહ્યા, ત્યાર બાદ અલ્લાહ તબારક વ તઆલાએ બીજા પયગમ્બરને તેમની હિદાયત માટે મોકલ્યા.

ચાલીસ વર્ષો આ પ્રમાણે પૂરા કર્યા પછી ફરી તેમની બાકી રહેલી નસ્લે તે સમયે તે પયગમ્બરની આગેવાનીમાં શામ (સિરીયા) અને બયતુલ મુકદસ માટે જિહાદનો ઈરાદો કર્યો અને અલ્લાહ તઆલાએ પોતાનો વાયદો પૂરો કર્યો કે, "અર્ઝે મુકદસ (પવિત્ર ભૂમિ) તમારા હિસ્સામાં લખી દેવામાં આવી છે" અને તે કિસ્સાનું આ પરિણામ છે જે ઉપરોક્ત અયતોમાં વર્ણન થયું છે. હવે, તેની વિગત કુર્આનના શબ્દોમાં જોઈ લઈએ.

હઝરત મૂસા (અલૈ.)ને જ્યારે એવો હુકમ મળ્યો કે, પોતાની કૌમને બયતુલ મુકદસ અને સિરીયાનો પ્રદેશ ફતહ કરવા માટે જિહાદનો હુકમ આપો, તો તેમણે પયગમ્બરી હિકમત અને શિખામણને નજર સમક્ષ રાખી આ હુકમ સંભળાવતા પહેલાં અલ્લાહ તઆલાના તે ઈનામોને યાદ અપાવ્યા, જે બની ઈસ્રાઈલ ઉપર અત્યાર સુધી થઈ ચૂક્યા હતા. ઈરશાદ ફરમાવ્યો, اُذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ جَعَلَ فِيْكُمْ اَنْۢبِيَآءَ وَجَعَلَكُمْ مُّلُوْكًا وَّاٰتٰكُمْ مَّا لَمْ يُؤْتِ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ એટલે કે, "અલ્લાહ તઆલાના તે ફઝ્લ અને ઈનામને યાદ કરો જે તમારા ઉપર થયા છે કે, તમારી કૌમમાં ઘણા બધા અંબિયા (અલૈ.) મોકલ્યા અને તમને પ્રદેશ અર્પણ કર્યો અને તમને તે નેઅ્મતો અને બક્ષિશો મળી જે દુનિયામાં અન્ય કોઈને નથી મળી."

તેમાં ત્રણ નેઅ્મતોનું વર્ણન છે, જેમાંથી પહેલી નેઅ્મત રૂહાની નેઅ્મત છે, તેમની કૌમમાં અંબિયા (અલૈ.) સતત અને મોટા પ્રમાણમાં મોકલવામાં આવ્યા, જેનાથી વધીને આખિરતની દષ્ટિએ બીજી કોઈ મોટી પ્રતિષ્ઠા નથી હોઈ

શકતી. તફસીરે મઝહરીમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, "કોઈ કૌમ અને કોઈ ઉમ્મતમાં એટલા મોટા પ્રમાણમાં અંબિયા (અલૈ.) નથી થયા, જેટલા કે બની ઈસ્રાઈલમાં થયા છે."

હદીષના ઈમામ ઈબ્ને અબી હાતિમે અઅ્મસ (રદિ.)થી નકલ કર્યું છે કે, "બની ઈસ્રાઈલની કૌમના અંતિમ સમયમાં જે હઝરત મૂસા (અલૈ.)થી લઈને હઝરત ઈસા (અલૈ.) સુધીનો છે, ફક્ત આ યુગમાં જ એક હજાર અંબિયા (અલૈ.) મોકલવામાં આવ્યા હતા. બીજી નેઅ્મત જેનું વર્ણન આ આયતમાં છે તે દુનિયવી અને જાહેર નેઅ્મત છે કે, તેમને પ્રદેશના માલિક બનાવ્યા અને બાદશાહત આપી હતી." તેમાં એ તરફ ઈશારો છે કે, આ બની ઈસ્રાઈલ કૌમ જે લાંબા સમય સુધી ફિરઔન અને ફિરઔનની કૌમના ગુલામ બનીને દિવસ-રાત તેમના જુલમો-સિતમના શિકાર હતી. આજે અલ્લાહ તઆલાએ તેમના દુશ્મનોને નેસ્તો-નાબૂદ કરીને તેમને તેમની પોતાની હુકૂમત અને સલતનતના માલિક બનાવી દીધા. અત્રે એ વાત વિચારપાત્ર છે કે, અંબિયા (અલૈ.)ના મા'મલામાં તો ઈરશાદ થયો جَعَلَ فِيكُمْ أَنْبِيَاءَ "અને તમારી કૌમમાંથી ઘણા લોકોને અંબિયા (અલૈ.) બનાવી દેવામાં આવ્યા," જેનો સમજવામાં આવતો અર્થ એ છે કે, સંપૂર્ણ કૌમ અંબિયા (અલૈ.) ન હતી અને આ જ વાસ્તવિકતા પણ છે કે, અંબિયા (અલૈ.) અમુક થોડા હોય છે, સમગ્ર કૌમ અને ઉમ્મત તેમની અનુયાયી હોય છે અને જ્યારે દુનિયાના પ્રદેશ અને સલતનતનું વર્ણન આવ્યું તો ત્યાં ફરમાવ્યું, وَجَعَلَكُمْ مُلُوكًا એટલે કે, "બનાવી દીધા તમને બાદશાહ !" જેનો દેખીતો સમજવામાં અર્થ એ છે કે, તમને مُلُوكٌ (મુલૂક) બનાવી દીધા. શબ્દ مُلُوكٌ (મુલૂક) એ مَلِكٌ (મલિક)નું બહુવચન છે, જેનો અર્થ પ્રચલિત ભાષામાં બાદશાહ થાય છે અને એ દેખીતું છે કે, સમગ્ર કૌમ નબી અને પયગમ્બર નથી હોતી, એ જ પ્રમાણે કોઈ પ્રદેશમાં બધી જ કૌમ બાદશાહ પણ નથી હોતી. બલકે, કૌમનો એક વ્યક્તિ અથવા અમુક લોકો શાસકો હોય છે. બાકી કૌમ તેમની પ્રજા હોય છે, પરંતુ કુર્આનના શબ્દોમાં આ બધાને مُلُوكٌ (મુલૂક) ઠરાવ્યું.

તેનું એક કારણ તો એ છે કે, જે બયાનુલ કુર્આનમાં અમુક અકાબીરોના હવાલાથી વર્ણન કરવામાં આવ્યું છે કે, પ્રચલિત પદ્ધતિ પ્રમાણે જે કૌમનો બાદશાહ હોય છે તે સલતનત અને હુકૂમતને તે સમગ્ર કૌમ સાથે જોડીને

બોલવામાં આવે છે. જેમકે, ઈસ્લામના મધ્ય યુગમાં બનુ ઉમય્યા અને બનુ અબ્બાસની હુકૂમત કહેવાતી હતી, એ જ પ્રમાણે હિન્દુસ્તાનમાં ગઝનવી અને ઘોરીઓની હુકૂમત હતી, પછી તેઓની હુકૂમતનો અંત આવ્યો અને અંગ્રેજોની હુકૂમત સમગ્ર કૌમના દરેક વ્યક્તિ સાથે જોડીને બોલવામાં આવતી હતી કે, 'હિન્દુસ્તાનમાં અંગ્રેજોની હુકૂમત છે.' એટલા માટે જે કૌમનો એક શાસક હોય, તો સમગ્ર કૌમ શાસક અને બાદશાહ સ્વરૂપે પ્રચલિત ભાષામાં રૂઢિપ્રયોગ તરીકે બોલવામાં આવે છે.

આ રૂઢિપ્રયોગ પ્રમાણે સમગ્ર બની ઈસ્રાઈલ કૌમને કુર્આને કરીમે مُلُوْكً ઠરાવી, એમાં ઈશારો એ તરફ પણ હોઈ શકે છે કે, ઈસ્લામી હુકૂમત વાસ્તવમાં લોકોની જ હુકૂમત હોય છે, લોકો જ પોતાનો અમીર અને ઈમામ નક્કી કરવાનો અધિકાર ધરાવતા હોય છે અને સામાન્ય જનતા જ પોતાના સામૂહિક અભિપ્રાય પ્રમાણે તેને હોદ્દા ઉપરથી બરતરફ પણ કરી શકે છે. એટલા માટે દેખીતા સ્વરૂપમાં ભલે એક વ્યક્તિ શાસક હોય છે પરંતુ વાસ્તવમાં તે હુકૂમત સામાન્ય જાહેર જનતાની જ હોય છે.

બીજું કારણ એ છે કે, ઈબ્ને કષીર અને તફસીરે મઝહરી વગેરેમાં અમુક સલફ (પુરોગામી વિદ્વાનો)થી નકલ થયું છે કે, શબ્દ مَلِكٌ (મલિક) બાદશાહના અર્થથી વધારે પ્રચલિત છે. એવા વ્યક્તિને પણ مَلِكٌ કહી દેવામાં આવે છે જે ખૂબ માલદાર હોય, જેની પાસે મકાન, જાયદાદ, નોકર-ચાકર વગેરે હોય અને અર્થના આધારે તે સમયે બની ઈસ્રાઈલનો દરેક વ્યક્તિ مَلِكٌ કહેવાડવાને લાયક હતો. આથી તે બધાને مُلُوْكٌ (મુલૂક) કહ્યું.

ત્રીજી નેઅ્મત જેનું વર્ણન આ આયતમાં છે, તે દેખીતું છે કે રૂહાની અને જાહેર બંને પ્રકારની નેઅ્મતોનું મિશ્રણ છે. ફરમાવ્યું, وَاٰتٰكُمْ مَّا لَمْ يُؤْتِ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ એટલે કે, "તમને તે નેઅ્મતો અર્પણ કરી, જે દુનિયામાં અન્ય કોઈને આપવામાં નથી આવી," આ નેઅ્મતોમાં રૂહાની શ્રેષ્ઠતા, નુબુવ્વત અને રિસાલત પણ સામેલ છે અને દેખીતી જાહોજલાલી સ્વરૂપે હુકૂમત, બાદશાહત, માલ-દૌલત વગેરે પણ સામેલ છે. અલબત્ત, અત્રે એવો સવાલ ઉપસ્થિત થઈ શકે છે કે, કુર્આનની "નસ" વડે તો ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ બધી જ ઉમ્મતોથી શ્રેષ્ઠ છે !

કુર્આનનો ઈરશાદ كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ (૩:૧૧૦) અને كَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا (૨:૧૪૩) એના ઉપર ગવાહ છે અને હદીષોમાં પણ અનેક રિવાયતો તેના સમર્થનમાં આવી છે. જવાબ એ છે કે, આ આયતમાં દુનિયાના અન્ય લોકોનું વર્ણન છે જે બની ઈસ્રાઈલના હઝરત મૂસા (અલૈ.)ના સમયમાં મોજૂદ હતા કે, તે સમયે સમગ્ર દુનિયામાં કોઈને પણ આ નેઅ્મતો આપવામાં આવી ન હતી જે બની ઈસ્રાઈલને મળી હતી. આવનારા યુગમાં કોઈ ઉમ્મતને તેમનાથી વધારે ઉત્તમ નેઅ્મતો મળી જાય તો તેનો નકાર નથી થઈ શકતો.

આ પ્રથમ આયતમાં હઝરત મૂસા (અલૈ.)નો જે કૌલ નકલ કરવામાં આવ્યો છે તે પ્રસ્તાવના હતી, જે હુકમ કરતા પહેલાં આગલી આયતમાં આ વિશે ઈરશાદ થયો, يٰقَوْمِ ادْخُلُوا الْاَرْضَ الْمُقَدَّسَةَ الَّتِىْ كَتَبَ اللّٰهُ لَكُمْ એટલે કે, "હે મારી કૌમ ! તમે આ અર્ઝે મુકદ્દસ (પવિત્ર ભૂમિ)માં દાખલ થઈ જાઓ, જેને અલ્લાહે તમારા હિસ્સામાં લખી રાખી છે."

અર્ઝે મુકદ્દસ (પવિત્ર ભૂમિ) પૃથ્વીના કયા ભાગને કહેવામાં આવે છે?

અર્ઝે મુકદ્દસ પૃથ્વીના કયા ભૂ ભાગને કહેવામાં આવી છે ? તેમાં મુફસ્સિરીનના વિવિધ વિરોધાભાસી અભિપ્રાયો છે. અમુકે ફરમાવ્યું કે, તે બયતુલ મુકદ્દસ છે, અમુકે કુદ્સ શહેર અને એલિયાને અર્ઝે મુકદ્દસ કહ્યું છે, અમુક અરીહા શહેર જે જોર્ડન નદી અને બયતુલ મુકદ્દસની વચ્ચે દુનિયાનું સૌથી પ્રાચીન શહેર હતું અને આજ સુધી મૌજૂદ છે અને હઝરત મૂસા (અલૈ.)ના યુગમાં તેની શ્રેષ્ઠતાની આશ્ચર્યજનક પરિસ્થિતિઓનું વર્ણન કરવામાં આવે છે; તેને સમજે છે.

અુમક રિવાયતોમાં છે કે, "આ શહેરના એક હજાર વિભાગો (સેક્ટર) હતા. દરેક ભાગમાં એક-એક હજાર બાગ હતા" અને અમુક રિવાયતોમાં છે કે, "અર્ઝે મુકદ્દસ દમાસ્કસ, પેલેસ્ટાઈન અને અમુકના મતે જોર્ડન છે." હઝરત કતાદહ (રદિ.)એ ફરમાવ્યું કે, "સિરીયાનો આખો દેશ અર્ઝે મુકદ્દસ છે." કઅ્બ બિન અહબાર (રદિ.)એ ફરમાવ્યું કે, અલ્લાહની કિતાબ (લગભગ તવરાત)માં જોયું છે કે, "સિરીયાનો આખો પ્રદેશ અલ્લાહની પૃથ્વીમાં એક ખાસ ખજાનો છે અને તેમાં અલ્લાહના વિશિષ્ટ મકબૂલ બંદાઓ રહે છે. આ જમીનને પવિત્ર

એટલા માટે કહેવામાં આવે છે કે, તેઓ અંબિયા (અલૈ.)નું વતન અને રહેઠાણ રહ્યું છે." અમુક રિવાયતોમાં છે કે, "એક દિવસે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) લેબેનોનના પહાડ ઉપર ચઢયા. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, હે ઈબ્રાહીમ ! અહીંયાંથી નજર નાંખો, જ્યાં સુધી આપની દૃષ્ટિ પહોંચશે, અમે તેને અર્ઝે મુકદ્દસ (પવિત્ર ભૂમિ) બનાવી દીધી." આ બધી રિવાયતો તફસીરે ઈબ્ને કષીર અને તફસીરે મઝહરીમાંથી નકલ કરવામાં આવી છે અને ચોખ્ખીને ચટ વાત એ છે કે, આ બધા નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી. સંપૂર્ણ સિરીયા છેલ્લી રિવાયતો પ્રમાણે અર્ઝે મુકદ્દસ છે, વર્ણન કરવામાં અમુક લોકોએ સિરીયાના કોઈ ભાગને વર્ણન કરી દીધો, કોઈએ આખો પ્રદેશ કરી દીધો. (સિરીયાનો મૂળ પ્રદેશ હાલના સિરીયા દેશ કરતાં વધારે વિસ્તૃત હતો.)

قَالُوْا يٰمُوْسٰى આ અગાઉની આયતમાં અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલને હઝરત મૂસા (અલૈ.) દ્વારા હુકમ આપ્યો હતો કે, અમાલિકા કૌમ સાથે જિહાદ કરીને સિરીયા ઉપર વિજય પ્રાપ્ત કરો અને સાથે જ એ ખુશખબરી આપી હતી કે, સિરીયાની જમીન અલ્લાહ તઆલાએ તેમના માટે લખી દીધી છે અને તેમનો વિજય નિશ્ચિત છે.

આ આયતમાં એનું વર્ણન છે કે, વિજયની ખુશખબરી આપવા છતાં બની ઈસ્રાઈલે પોતાની ટેવ મુજબ બગાવત કરી અને તેમના સ્વભાવ પ્રમાણે આ હુકમનો સ્વીકાર ન કર્યો. બલકે, હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું કે, "હે મૂસા ! આ પ્રદેશમાં તો મોટા–મોટા શક્તિશાળી લોકોનો કબજો છે, અમે તો એ પ્રદેશમાં ત્યાં સુધી પ્રવેશ નહીં કરીએ જ્યાં સુધી કે તે લોકો ત્યાં કબજેદાર છે. હા ! તેઓ ક્યાંક અન્ય સ્થળે ચાલ્યા જાય તો બેશક ! અમે ત્યાં જઈ શકીએ છીએ."

આ ઘટના જે તફસીરના ઈમામો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ઈકરીમા અને અલી બિન અબી તલહા (રદિ.) વગેરેથી નકલ થઈ છે, તે એ છે કે, "તે સમયે સિરીયાના પ્રદેશ અને બયતુલ મુકદ્દસ ઉપર અમાલિકાનો કબજો હતો, જે કૌમ કૌમે આદની કોઈ શાખામાંથી હતી અને મોટા–મોટા વિશાળ કદ–કાઠીવાળા તથા જબરદસ્ત શરીર સૌષ્ઠવ ધરાવતા લોકો ત્યાં રહેતા હતા, જેમની સાથે જિહાદ કરીને બયતુલ મુકદ્દસ ફતહ કરવાનો હુકમ હઝરત મૂસા (અલૈ.) અને તેમની કૌમને મળ્યો હતો."

હઝરત મૂસા (અલૈ.) અલ્લાહનો હુકમ પૂરો કરવા માટે પોતાની કૌમ બની ઈસ્રાઈલને સાથે લઈને સિરીયા તરફ રવાના થયા. જવું તો બયતુલ મુકદસ તરફ હતું, જ્યારે જોર્ડન નદી પસાર કરી અને દુનિયાના સૌથી પ્રાચીન શહેર આરીહા પહોંચ્યા ત્યારે ત્યાં થોભી ગયા અને બની ઈસ્રાઈલની વહીવટી વ્યવસ્થા માટે બાર સરદારોની નિમણૂક કરવી કુર્આને કરીમની પાછલી આયતોમાં વર્ણન થઈ ચૂક્યું છે. આ બાર સરદારોને આગળ મોકલ્યા કે તેઓ એમની પરિસ્થિતિઓ અને યુદ્ધના મોરચાઓની હાલત જાણીને આવે કે, જેઓ બયતુલ મુકદસ ઉપર કબજો ધરાવે છે અને જેમની સાથે જિહાદ કરવાનો હુકમ મળ્યો છે. આ લોકો બયતુલ મુકદસ પહોંચ્યા ત્યારે શહેરની બહાર જ અમાલિકા કૌમનો કોઈ વ્યક્તિ મળી ગયો અને તે એકલો બધાને કેદ પકડીને લઈ ગયો અને પોતાના બાદશાહ સામે રજૂ કર્યા કે, આ લોકો આપણી સાથે યુદ્ધ કરવા માટે આવી રહ્યા છે. શાહી દરબારમાં મશ્વરો કરવામાં આવ્યો કે, આ બધાને કતલ કરવામાં આવે અથવા તો કોઈ અન્ય સજા આપવામાં આવે. અંતે એવો ફેંસલો થયો કે, તે બધાને આઝાદ કરી દો જેથી તેઓ પોતાની કૌમ પાસે જઈને અમાલિકા કૌમની શક્તિ અને દબદબાનો પોતે આંખે જોયેલો અહેવાલ રજૂ કરે અને તેઓ ક્યારેય પણ આ બાજુ આક્રમણ કરવાનો વિચાર સુદ્ધાં દિલમાં ન લાવે.

આ સ્થળે મોટા ભાગની તફસીરની કિતાબોમાં ઈસ્રાઈલી રિવાયતોની લાંબી-લાંબી વાર્તાઓ વર્ણન થઈ છે, જેમાં તેમને મળનારા વ્યક્તિનું નામ ઔજ બિન ઈનક બતાવ્યું છે અને તેમાં તેની પ્રચંડ શક્તિ અને વિશાળ શરીર અને કદ-કાઠીનું એવું અતિશયોક્તિભર્યું વર્ણન થયું છે કે, કોઈ પણ સમજદાર વ્યક્તિ માટે તે બાબતો નકલ કરવી પણ અતિકઠિન છે.

તફસીરના ઈમામ ઈબ્ને કષીરે ફરમાવ્યું કે, ઔજ બિન ઈનકનો કિસ્સો જેનો બની ઈસ્રાઈલની કિતાબોમાં ઉલ્લેખ થયો છે, ન તો બુદ્ધિ તેને સ્વીકારી શકે છે અને ન જ તેની શરીઅતમાં કોઈ હેસિયત છે. બલકે, આ બધું જૂઠ અને અતિશયોક્તિ છે. વાત ફક્ત એટલી છે કે, અમાલિકા કૌમના લોકો હઝરત આદ (અલૈ.)ની કૌમના વંશજો હતા અને તેમના શરીર સૌષ્ઠવ અને કદ-કાઠી વિશે પોતે કુર્આને કરીમે વર્ણન કર્યું છે. આ કૌમની કદ-કાઠી અને શક્તિનો જોટો જડે

એમ ન હતો, તેમનામાંનો એક વ્યક્તિ બની ઈસ્રાઈલના બાર લોકોને કેદ પકડીને લઈ જવા ઉપર શક્તિમાન થઈ ગયો હતો.

અલબત્ત, બની ઈસ્રાઈલના બાર સરદાર અમાલિકાની કેદમાં રહીને પોતાની કૌમ પાસે અરીહા પહોંચ્યા અને હઝરત મૂસા (અલૈ.)ને તે આશ્ચર્યજનક કૌમ અને તેમની અકલ્પનીય શક્તિનું વર્ણન કર્યું. હઝરત મૂસા (અલૈ.)ના દિલ ઉપર તો આ વાતોની કોઈ અસર ન થઈ. કારણ કે, અલ્લાહ તઆલાએ તેમને વહી દ્વારા જીત અને સફળતાની ખુશખબરી સંભળાવી દીધી હતી.

مجھ کو بے دِل کردے ایسا کون ہے　　یاد مجھ کو اَنْتُمُ الْاَعْلَوْنَ ہے

હઝત મૂસા (અલૈ.) તો તેમની શક્તિ અને કદ–કાઠીની પરિસ્થિતિ સાંભળીને પોતે પોતાના સ્થળ ઉપર અડગ રહ્યા અને જિહાદની તૈયારી કરવા લાગ્યા, પરંતુ સંદેહ એ થઈ ગયો કે, બની ઈસ્રાઈલને જો વિરોધીઓની આ શક્તિની જાણ થઈ ગઈ તો તે લોકો ફસકી પડશે. એટલા માટે આ બાર સરદારોને સૂચના આપી કે, આ અમાલિકા કૌમની હાલત બની ઈસ્રાઈલને ક્યારેય ન બતાવશો. બલકે, તેને ગુપ્ત રાખજો, પરંતુ થયું એમ કે તેમાંથી દરેકે પોત–પોતાના દોસ્તોને ગુપ્ત રીતે તેની જાણ કરી દીધી. ફક્ત બે વ્યક્તિઓ જેમાંથી એકનું નામ યૂશઅ્ બિન નૂન અને બીજાનું નામ કાલિબ બિન યૂકના હતું, તેમણે હઝરત મૂસા (અલૈ.)ની સૂચના ઉપર અમલ કરીને આ રહસ્યને જાહેર ન કર્યું.

દેખીતું છે કે, બારમાંથી જ્યારે દશ લોકોએ રહસ્ય ખોલી નાંખ્યું, તો સ્વાભાવિક રીતે આ વાત બની ઈસ્રાઈલમાં ફેલાઈ ગઈ. જ્યારે અમાલિકાની પરિસ્થિતિ અને તેમની હાલતનું વર્ણન બની ઈસ્રાઈલમાં થવા લાગ્યું તો તેઓ રડવા–કકળવા લાગ્યા અને કહેવા લાગ્યા, આનાથી સારું તો એ જ હતું કે, ફિરઔનની કૌમ જેમ અમે પણ દરિયામાં ડૂબી ગયા હોત ! ત્યાંથી બચાવી લાવીને અમને અહીંયાં મૌતના મુખમાં ધકેલવામાં આવી રહ્યા છે, તે હાલતમાં બની ઈસ્રાઈલે આ શબ્દો કહ્યા, يٰمُوْسٰى اِنَّ فِيْهَا قَوْمًا جَبَّارِيْنَ وَاِنَّا لَنْ نَّدْخُلَهَا حَتّٰى يَخْرُجُوْا مِنْهَا "હે મૂસા ! આ શહેરમાં તો ઘણી જબરદસ્ત કૌમ વસે છે, જેનો મુકાબલો અમે નથી કરી શકતા. એટલા માટે જ્યાં સુધી તે લોકો ત્યાં વસે છે અમે

ત્યાં જવાનું નામ પણ નહીં લઈએ.'' આગલી આયતમાં છે કે, તેમાંથી બે વ્યક્તિઓ જેઓ અલ્લાહથી ડરનારા હતા અને જેમના ઉપર અલ્લાહે ઈનામ કર્યું હતું, તેમણે બની ઈસ્રાઈલની આ વાતચીત સાંભળી તો નસીહત સ્વરૂપે તેમને કહ્યું, તમે પ્રથમથી જ શા માટે ડરીને મરી રહ્યા છો ? જરા કદમ ઉઠાવીને બયતુલ મુકદસના શહેરના દરવાજા સુધી તો ચાલો ! અમને પાકો વિશ્વાસ છે કે, તમારા આટલું કરવાથી જ તમને વિજય પ્રાપ્ત થઈ જશે અને બયતુલ મુકદસના દરવાજામાં પ્રવેશતાની સાથે જ તમે વિજયી થઈ જશો, દુશ્મન હારીને ભાગી જશે. આ બે વ્યક્તિઓ જેમનું કુર્આને કરીમમાં વર્ણન છે, મોટા ભાગના મુફસ્સિરોના મતે તે જ બારમાંથી બે સરદારો હતા, જેમણે હઝરત મૂસા (અલૈ.)ની સૂચના ઉપર અમલ કરીને અમાલિકાની સંપૂર્ણ હાલત બની ઈસ્રાઈલને બતાવી ન હતી. એટલે કે, યૂસઅ્ બિન નૂન અને કાલિબ બિન યૂકના.

કુર્આને કરીમે આ સ્થળે આ બંને મહાનુભવોની બે ખાસિયતોનું વિશેષરૂપે વર્ણન કર્યું છે. એક اَلَّذِيْنَ يَخَافُوْنَ એટલે કે, "તે લોકો જેઓ ડરે છે," તેમાં એ વર્ણન કર્યું નથી કે, કોનાથી ડરે છે. ઈશારો આ વાત તરફ જ છે કે, ડરવાપાત્ર જો કોઈની જાત હોય તો તે સમગ્ર વિશ્વમાં એકમાત્ર અલ્લાહ જલ્લ શા'નુહુની જ જાત છે. કારણ કે, સમગ્ર કાઈનાત (સૃષ્ટિ) તેના કાબૂ હેઠળ છે, તેની ઈચ્છા અને હુકમ વિના ન તો કોઈ માનવી કોઈને સામાન્ય લાભ પહોંચાડી શકે છે અને ન જ કોઈ નુકસાન ! અને જ્યારે ડરવાપાત્ર માત્ર એક અલ્લાહની જાત જ છે અને તે નક્કી જ છે તો હવે તેને નક્કી કરવાની આવશ્યકતા નથી રહી.

આ બુઝુર્ગોનું બીજું લક્ષણ કુર્આને કરીમે એ બતાવ્યું કે, اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمَا એટલે કે, "અલ્લાહ તઆલાએ તેમના ઉપર ઈનામ ફરમાવ્યું." તેમાં એ વાત તરફ ઈશારો છે કે, જે વ્યક્તિમાં જિહાદ કરવાની કોઈ ખૂબી અથવા ભલાઈ છે, તે બધું અલ્લાહ તઆલાના ઈનામ અને બખ્શિશ છે નહિતર આ બાર સરદારોમાંથી શરીર સૌષ્ઠવ, હાથ, પગ, આંખો, કાન વગેરે જાહેર અંગો તેમજ બુદ્ધિ અને સમજદારી હઝરત મૂસા (અલૈ.)નો ખાસ સંગાથ અને તેમના નાયબ હોવાના કારણે બધાને સરખી રીતે પ્રાપ્ત હતી. આમ છતાં તે બધા જ ફસકી પડ્યા અને આ બે સરદારો અડગ રહ્યા, માટે જાણ થાય છે કે, વાસ્તવિક હિદાયત મનુષ્યની જાહેરમાં દેખાતી શક્તિ અથવા તેના પ્રયત્નો અને અમલોના તાબે નથી.

બલકે, તે અલ્લાહ તઆલાનું ઈનામ છે, અલબત્ત આ ઈનામ માટે પ્રયત્ન અને અમલ (પ્રવૃત્તિ)ની શરત ચોક્કસ લગાવવામાં આવી છે.

એનાથી જાણ થઈ કે, જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ બુદ્ધિ, સમજદારી અને હોશિયારી અર્પણ કરી છે, તેણે પોતાની શક્તિ ઉપર ગર્વ ન કરવો જોઈએ. બલકે, અલ્લાહ તઆલા પાસે હિદાયત અને તવફીક માંગવી જોઈએ. આરિફ રૂમીએ આનો ઘણો જ સરસ જવાબ આપ્યો છે.

فہم وخاطر تیز کردن نیست راہ　　جز شکستہ می نگیرد فضل شاہ

દિલો–દિમાગની ચપળતાથી કંઈ જ નથી મળતું
બાદશાહની મહેરબાની તો નમ્રતાથી મળી શકે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, બંને બુઝુર્ગોએ પોતાની કૌમને એવી નસીહત કરી કે, અમાલિકાની જાહેરમાં દેખાતી શક્તિ અને દબદબાથી ગભરાઈ ન જાઓ. અલ્લાહ ઉપર સંપૂર્ણ ભરોસો કરીને બયતુલ મુકદસના દરવાજા સુધી ચાલો તો વિજય તમારો જ છે. આ બુઝુર્ગોનો એવો ફેંસલો કે, દરવાજા સુધી પહોંચ્યા પછી તેમને વિજય જરૂર પ્રાપ્ત થઈ જશે અને દુશ્મન હારીને નાસી છૂટશે, હોઈ શકે છે કે, તેમનું આવું તારણ અમાલિકાની પરિસ્થિતિની સમીક્ષા કરવાના આધારે હોય કે તેઓ મોટા કદ–કાઠીવાળા, શક્તિવાળા હોવા છતાં દિલના કાચા છે. જ્યારે હુમલાની ખબર મળશે તો ટકી નહીં શકે અને એ પણ શક્ય છે કે, અલ્લાહનો હુકમ વિજયની ખુશખબરી સ્વરૂપે મૂસા (અલૈ.) સંભળાવી ચૂક્યા હતા, તેના ઉપર વિશ્વાસ રાખવાને કારણે પણ આવું કહ્યું હોય.

પરંતુ બની ઈસ્રાઈલે જ્યારે પોતાના પયગમ્બર હઝરત મૂસા (અલૈ.)ની વાત ન સાંભળી તો તેઓ આ બંને બુઝુર્ગોનું શું સાંભળવાના હતા ? તેમણે ફરી તે જ જવાબ વધારે ભૂંડી રીતે આપ્યો, فَاذْهَبْ اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَا اِنَّا هٰهُنَا قَاعِدُوْنَ એટલે કે, "તમે અને તમારો અલ્લાહ જઈને તેમની સાથે લડાઈ કરી લો, બસ અમે તો અહીંયાં બેસી રહીશું." જો બની ઈસ્રાઈલનો આ જવાબ ઠઠ્ઠા–મશ્કરી સ્વરૂપે હોત તો તે ચોક્કસ કુફ્ર હતું અને ત્યાર પછી હઝરત મૂસા (અલૈ.)નું તેમની સાથે રહેવું અને તીહના મેદાનમાં દુઆઓ કરવું, જેનું વર્ણન આગલી આયતોમાં આવી રહ્યું છે, તેની સંભાવના ન હતી.

આથી તફસીરના ઈમામોએ આ વાક્યનો અર્થ એ ઠરાવ્યો છે કે, "તમે જાઓ અને તેમનાથી લડી લો ! તમારો રબ તમારી મદદ કરશે. અમારામાં તો તમારી મદદ કરવાની શક્તિ નથી." આ ભાવાર્થના આધારે આ વાક્ય કુફ્રની હદથી નીકળી ગયું. જો કે, આ જવાબ અત્યંત નપાવટ હોવાના કારણે ખૂબ દિલ દુભાવનારો હતો અને એ જ કારણે બની ઈસ્રાઈલનું આ વાક્ય એક ભૂંડું ઉદાહરણ બની ગયું.

ગઝ્વએ બદ્રમાં ભૂખ્યા, નિહત્થા (હથિયાર વિનાના-નિઃશસ્ત્ર) મુસલમાનોના મુકાબલામાં એક હજાર શસ્ત્રસજ્જ નવયુવાનોનું લશ્કર આવીને ઊભું થયું અને રસૂલે કરીમ ﷺ એ જોઈને પોતાના પરવરદિગારથી દુઆ કરવા લાગ્યા, ત્યારે હઝરત મિકદાદ બિન અસ્વદ સહાબી (રદિ.) આગળ વધ્યા અને વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! અલ્લાહની કસમ છે, અમે કદાપિ એવી વાત નહીં કહીએ જે હઝરત મૂસા (અલૈ.)ની કૌમે હઝરત મૂસા (અલૈ.)ને કહી હતી فَاذْهَبْ اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَا اِنَّا هٰهُنَا قَاعِدُوْنَ બલકે, અમે આપના ડાબે-જમણે અને સામે તથા પાછળ રહીને મુકાબલો કરીશું, તમે નચિંત થઈ મુકાબલાની તૈયારી શરૂ કરો."

રસૂલે કરીમ ﷺ એ સાંભળીને અત્યંત ખુશ થયા અને સહાબએ કિરામ (રદિ.)માં પણ જિહાદના જોશની એક નવી લહેર પેદા થઈ ગઈ. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) હંમેશા ફરમાવ્યા કરતા હતા કે, "મિકદાદ બિન અસ્વદના તે કારનામા ઉપર મને ઘણો જ રશ્ક છે, કાશ ! આ સઆદત મને મળી હોત."

ખુલાસો એ છે કે, હઝરત મૂસા (અલૈ.)ની કૌમે આવી નાજુક પરિસ્થિતિમાં હઝરત મૂસા (અલૈ.)ને બિલકુલ લુખ્ખો જવાબ આપ્યો અને તેમણે પોતાના બધા વચનો અને કરારોનો ભંગ કર્યો.

કૌમની અત્યંત બેવફાઈ અને હઝરત મૂસા (અલૈ.)ની અંતિમ કક્ષાની અડગતા અને સહનશીલતા :

قَالَ رَبِّ اِنِّىْ لَاۤ اَمْلِكُ اِلَّا نَفْسِىْ બની ઈસ્રાઈલની કૌમની અગાઉ વર્ણવવામાં આવેલી હાલત અને તેમની ઘટનાઓ અને તેમની સાથે અલ્લાહ

તઆલા અને હઝરત મૂસા (અલૈ.)એ કરેલ વ્યવહારની સમીક્ષા કરનારો જો ઉપરછલ્લી નજરથી પણ એનો અભ્યાસ કરે કે, જે બની ઈસ્રાઈલ કૌમ સદીઓથી ફિરઔનની ગુલામીમાં જાત-જાતના અપમાનો અને અઝાબો બરદાશ્ત કરી રહી હતી, હઝરત મૂસા (અલૈ.)ની તા'લીમ અને તેમની બરકતથી અલ્લાહ તઆલાએ તેમને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા. તેમની આંખોની સામે અલ્લાહ જલ્લ શા'નુહુની સંપૂર્ણ કુદરતના કેવા-કેવા દશ્યો અને અવલોકનો સામે આવ્યા, ફિરઔન અને ફિરઔનની કૌમની હઝરત મૂસા અને હઝરત હારૂન (અલૈ.)ના હાથે પોતાના કાયમ કરેલા દરબારમાં હાર થઈ, જે જાદુગરો ઉપર તેમને ભરોસો હતો, તેઓ બધા હઝરત મૂસા (અલૈ.) ઉપર ઈમાન લઈ આવ્યા હતા અને હઝરત મૂસા (અલૈ.)ના સાથી બની ગયા હતા. પછી જેણે ખુદાઈનો દા'વો કર્યો હતો તે ફિરઔન અને તેની શાહી મહેલોમાં રહેનારી કૌમ અલ્લાહની કુદરતથી તેના ક્રોધનો શિકાર બની હલાક-બરબાદ થઈ ગઈ અને તેમના મહેલો તથા સરસામાનને અચાનક ઝૂંટવી લેવામાં આવ્યા અને કેવી રીતે બની ઈસ્રાઈલની આંખોની સામે તેમને દરિયામાં ડૂબાડી દેવામાં આવ્યા અને કઈ રીતે મોઅ્જિઝા સ્વરૂપે બની ઈસ્રાઈલને દરિયો પાર કરાવી દીધો અને કેવી રીતે જે દૌલત જેના ઉપર ફિરઔન ઘમંડ કર્યા કરતો હતો اَلَيۡسَ لِىۡ مُلۡكُ مِصۡرَ وَهٰذِهِ الۡاَنۡهٰرُ تَجۡرِىۡ مِنۡ تَحۡتِىۡ અલ્લાહ તઆલાએ સમગ્ર દેશ અને સંપૂર્ણ દુનિયાની નેઅ્મતો કોઈપણ પ્રકારના યુદ્ધ અને ખૂનરેજી સિવાય બની ઈસ્રાઈલને અર્પણ કરી દીધી.

આ બધી ઘટનાઓ અલ્લાહ જલ્લ શા'નુહુની કુદરતના ક્રોધનું સ્વરૂપ બનીને બની ઈસ્રાઈલની આંખો સામે જ છતું થયું હતું. હઝરત મૂસા (અલૈ.)એ આ કૌમને પ્રથમ અજ્ઞાનતા અને ગફલતથી તથા ફિરઔનની ગુલામીથી છુટકારો અપાવવામાં કેવી-કેવી ભયંકર મુસીબતો વેઠી. આ બધી બાબતો પછી પણ જ્યારે આ જ કૌમને અલ્લાહની મદદ અને ઈનામોના વાયદા સાથે સિરીયા સામે જિહાદ કરવાનો હુકમ મળ્યો, ત્યારે તે લોકોએ પોતાની અંતિમ કક્ષાની નિર્લજ્જતાનું પ્રદર્શન કર્યું અને કહેવા લાગ્યા, اِذۡهَبۡ اَنۡتَ وَرَبُّكَ فَقَاتِلَاۤ اِنَّا هٰهُنَا قٰعِدُوۡنَ દુનિયાનો મોટામાં મોટો સુધારક પણ દિલ ઉપર હાથ મૂકી જોઈ લે કે, આવી પરિસ્થિતિઓમાં અને આ બધી ઘટનાઓનું અવલોકન કર્યા પછી આ કૌમની

હરકતોની હઝરત મૂસા (અલૈ.) ઉપર શું અસર થઈ હશે ? પરંતુ અહીંયાં અલ્લાહ તઆલાના મહાન રસૂલ છે કે, તેઓ અડગ રહી મક્કમતાથી અને ધૈર્ય તથા સહનશીલતાથી પોતાના ઈરાદાઓમાં મજબૂતીથી ઊભા છે.

કૌમે સતત વાયદા ખિલાફી અને વચનભંગ કર્યો, તેનાથી લાચાર થઈને તેમણે પોતાના પરવરદિગારને ફક્ત એટલી જ દુઆ કરી اِنِّیۡ لَاۤ اَمۡلِکُ اِلَّا نَفۡسِیۡ وَاَخِیۡ કે, મને તો પોતાની જાત અને પોતાના ભાઈ સિવાય કોઈના ઉપર અધિકાર નથી. અમાલિકા કૌમ સાથે જિહાદના આંદોલનમાં કેવી રીતે ઊતરવામાં આવે ? અહીંયાં એ વાત પણ વિચારવા યોગ્ય છે કે, બની ઈસ્રાઈલની કૌમમાંથી ઓછામાં-ઓછા બે સરદારો યુસઅ્ બિન નૂન અને કાલિબ બિન યૂકના જેમણે સંપૂર્ણ રીતે હઝરત મૂસા (અલૈ.)ની તાબે'દારીની સાબિતી આપી હતી અને કૌમને સમજાવવા તથા સાચા માર્ગે લાવવામાં હઝરત મૂસા (અલૈ.) સાથે સતત કોશીશો કરી હતી. તે સમયે હઝરત મૂસા (અલૈ.)એ તેમનું પણ વર્ણન ન કર્યું, બલકે ફક્ત પોતાનો અને હઝરત હારૂન (અલૈ.)નો ઉલ્લેખ કર્યો. તેનું કારણ એ જ બની ઈસ્રાઈલની કૌમનું વચનભંગ અને કરારભંગ તથા નાફરમાની હતી કે, ફક્ત હઝરત હારૂન (અલૈ.) કે જેઓ નબી અને પયગમ્બર હોવાના કારણે "માસૂમ" હતા. આવી અત્યંત દિલગીરીભરી ક્રોધની પરિસ્થિતિમાં ફક્ત તેમનું જ વર્ણન કર્યું, જેમનો સચ્ચાઈ ઉપર કાયમ રહેવાનો હઝરત મૂસા (અલૈ.)ને દઢ વિશ્વાસ હતો. આથી જાહેરાત કરી કે, 'મને પોતાની જાત અને પોતાના ભાઈ સિવાય અન્ય કોઈના ઉપર અધિકાર નથી.'

હઝરત મૂસા (અલૈ.)એ આ દુઆ કરી કે, فَافۡرُقۡ بَیۡنَنَا وَبَیۡنَ الۡقَوۡمِ الۡفٰسِقِیۡنَ એટલે કે, "અમારા બંને અને અમારી કૌમ વચ્ચે તું જ ફેંસલો કરી આપ." આ દુઆનો ખુલાસો હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના વિવરણ પ્રમાણે એ હતો કે, "આ લોકો જે શિક્ષાના હકદાર છે, તેમને તેની સજા આપવામાં આવે અને અમે બંને જે પરિસ્થિતિના હકદાર હોય એ અમને અર્પણ કરવામાં આવે."

અલ્લાહ તઆલાએ આ દુઆને એ રીતે કબૂલ કરી કે, ઈરશાદ થયો, فَاِنَّهَا مُحَرَّمَةٌ عَلَيۡهِمۡ اَرۡبَعِيۡنَ سَنَةً ۚ يَتِيۡهُوۡنَ فِى الۡاَرۡضِ એટલે કે, "સિરીયા દેશની ભૂમિ તેમના માટે ચાલીસ વર્ષો સુધી હરામ ઠરાવવામાં આવે છે. હવે, જો તેઓ

ત્યાં જવા પણ ઈચ્છે તો નહીં જઈ શકે અને પછી એટલું જ નથી કે, સિરીયા નહીં જઈ શકે બલકે, તેઓ પોતાના વતન મિસ્ર તરફ પણ પાછા વળવા ઈચ્છે તો ત્યાં પણ નહીં જઈ શકે.'' બલકે, તેઓ હવે આ મેદાનમાં નજરબંધ થઈ ગયા છે.

અલ્લાહ તબારક તઆલાને આ સજા આપવા માટે ન તો પૉલીસની જરૂર છે અને ન જ તેની હાથકડીઓની, ન તો જેલખાનાની મજબૂત દિવાલો અને તેના લોખંડી દરવાજાઓની બલકે, જ્યારે કોઈને કેદ કરવા અથવા નજરબંધ કરવા ઈચ્છે છે તો ખુલ્લા મેદાનમાં પણ કેદ કરી શકે છે. કારણ દેખીતું છે કે, સમગ્ર સૃષ્ટિ તેની જ મખ્લૂક છે અને તેના જ હુકમોના આધીન છે. જ્યારે સમગ્ર સૃષ્ટિમાંથી કોઈને કેદનો હુકમ આપવામાં આવે છે, તો હવા, દિશાઓ, પૃથ્વી, મકાનો તેના માટે જેલરની ભૂમિકા નિભાવે છે.

خاک وباد وآب وآتش بندہ اند : بامن وتو مردہ باحق زندہ اند

માટી, હવા, પાણી, આગ એ બધા અલ્લાહના સેવકો છે;
આપણને તો એ નિર્જીવ દેખાય છે પરંતુ અલ્લાહની સામે તેઓ જીવંત છે.

એટલા માટે આ નાનું અને વિસ્તારમાં ઓછું એવું મેદાન કે જે બયતુલ મુકદ્દસ અને મિસ્રની વચ્ચે આવેલું છે, જેની સ્પષ્ટતા હઝરત મકાતિલની તફસીર પ્રમાણે કુલ ત્રીસ فَرْسَخ (ફરસખ) લંબાઈ અને નવ فَرْسَخ પહોળાઈ છે. એક فَرْسَخ (ફરસખ) જો ત્રણ માઈલ ઠરાવવામાં આવે, તો ૯૦ માઈલની લંબાઈ અને ૨૭ માઈલની પહોળાઈનો વિસ્તાર થાય અને અમુક રિવાયતો પ્રમાણે ફક્ત ૩૦ માઈલ લંબાઈ અને ૧૮ માઈલ પહોળાઈનો વિસ્તાર છે. અલ્લાહ તઆલાએ આ સમગ્ર કૌમને જેમની સંખ્યા હઝરત મકાતિલના નિવેદન પ્રમાણે ૬ લાખ વ્યક્તિઓ ઉપર આધારિત હતી. આ નાના ખુલ્લા મેદાનમાં કેદ કરવામાં આવ્યા. ૪૦ વર્ષો સુધી સતત એવી મુસીબત અને પરેશાનીમાં રહ્યા કે, માર્યા–મર્યા ફરતા હતા અને આ મેદાનમાંથી છૂટવા માટે બયતુલ મુકદ્દસ તરફ લાખ પ્રયત્નો કરવા છતાં ફરી પાછા ચાલીને ત્યાં જ આવી જતા હતા. કારણ કે, થતું એવું હતું કે, આખો દિવસ મુસાફરી કર્યા પછી જ્યારે સાંજ થતી તો એવી જાણ થતી કે તેઓ ફરી–ફરીને તે જ સ્થળે પહોંચ્યા છે જ્યાંથી તેઓ સવારે ચાલ્યા હતા.

તફસીરના ઉલમા ફરમાવે છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુ કોઈ કૌમને સજા આપે છે, તો તે સજા તેમના દુષ્કૃત્યો પ્રમાણે જ હોય છે. આ નાફરમાન કૌમે કારણ કે, એવું કહ્યું હતું, اِنَّا هٰهُنَا قٰعِدُوْنَ એટલે કે, "અમે તો અહીંયાં બેઠા છે." અલ્લાહ તઆલાએ તેમને એવું કહેવાની સજા સ્વરૂપે ચાલીસ વર્ષો સુધી ત્યાં જ કેદ કરી દીધા. ઐતિહાસિક રિવાયતો અનેક પ્રકારની છે અને ચાલીસ વર્ષોની મુદતમાં બની ઈસ્રાઈલની ઉપસ્થિત નસ્લ કે જેમણે નાફરમાની કરી હતી, બધા જ ફના થઈ ગયા અને તેમની નવી પેઢી બાકી બચી ગઈ. જે આ ચાલીસ વર્ષોની કેદથી છુટકારો મેળવીને બયતુલ મુકદ્દસમાં દાખલ થયા અથવા તેમનામાંથી પણ અમુક લોકો બાકી હતા. અલબત્ત કુર્આને કરીમે એક તો એ વાયદો કર્યો હતો كَتَبَ اللّٰهُ لَكُمْ એટલે કે, "સિરીયાનો પ્રદેશ બની ઈસ્રાઈલના હિસ્સામાં લખી દીધો છે." આ વાયદો પૂરો થવો જરૂરી હતો કે, બની ઈસ્રાઈલની કૌમ આ દેશ ઉપર કબજો કરી ત્યાં શાસન કરે, પરંતુ બની ઈસ્રાઈલના હાલના ઉપસ્થિત લોકોએ નાફરમાની કરીને અલ્લાહના આ ઇનામથી મોઢું ફેરવ્યું જેથી તેમને સજા મળી ગઈ. مُحَرَّمَةٌ عَلَيْهِمْ اَرْبَعِيْنَ سَنَةً એટલે કે, "ચાલીસ વર્ષો સુધી તેઓ પવિત્ર ભૂમિ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી વંચિત કરી દેવામાં આવ્યા," પછી તેમની નવી પેઢીમાં જે લોકો પેદા થયા તેમના હાથે આ પ્રદેશ વિજયી થયો અને અલ્લાહનો વાયદો પૂરો થયો.

આ તીહની ખીણમાં હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન (અલૈ.) પણ પોતાની કૌમ સાથે હતા, આ વાદી બની ઈસ્રાઈલ માટે કેદ અને સજા હતી પરંતુ આ બંને બુઝુર્ગો માટે અલ્લાહના ઇનામ સ્વરૂપે હતી. એ જ કારણ છે કે, ચાલીસ વર્ષોનો યુગ જે બની ઈસ્રાઈલ ઉપર અલ્લાહના ક્રોધ સ્વરૂપે પસાર થયો, તેમાં પણ અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન (અલૈ.)ની બરકતથી બની ઈસ્રાઈલને એવી-એવી નેઅ્મતો અર્પણ કરી કે, તેઓ ખુલ્લા મેદાનમાં તડકાથી લાચાર થઈ ગયા, તો હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી અલ્લાહ તઆલાએ તેમના ઉપર વાદળોનો છાંયડો કર્યો, જે પ્રમાણે આ લોકો ચાલતા હતા વાદળો તેમની સાથે-સાથે ચાલતા હતા. તરસ અને પાણીની અછત ઊભી થઈ તો અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.)ને એક એવો પથ્થર અર્પણ કર્યો કે, જે દરેક સમયે તેમની સાથે રહેતો હતો અને જ્યારે

પાણીની આવશ્યકતા ઊભી થતી તો હઝરત મૂસા (અલૈ.) પોતાની લાકડી તેના ઉપર મારતા હતા તો તેમાંથી બાર ઝરણા ફૂટી નીકળતા હતા. અંધકારની શિકાયત થતી તો અલ્લાહ તઆલા પ્રકાશનો એક એવો મિનારો તેમના માટે ઊભો કરી દેતા કે જેના પ્રકાશમાં તે બધું જ પોતાનું કામકાજ કરી લેતા.

મતલબ કે, આ તીહના મેદાનમાં ફક્ત અલ્લાહના ક્રોધનો ભોગ બનેલ લોકો જ ન હતા બલકે, અલ્લાહ તઆલાના બે પ્યારા પયગમ્બર (અલૈ.) અને તેમની સાથે બે મકબૂલ બુઝુર્ગો યૂશઅ્ બિન નૂન અને કાલિબ બિન યૂકના પણ હતા, તેમની બરકતોથી આ કેદના સમયમાં પણ તેમના ઉપર આવા ઈનામો થતા રહ્યા અને અલ્લાહ તઆલા રહીમ અને રહમાન (મહાદયાળુ અને મહાકૃપાળુ) છે. શક્ય છે કે, બની ઈસ્રાઈલના આ લોકોએ પણ એ બાબતનો અનુભવ કર્યા પછી પોતાના ગુનાહોથી તવબહ કરી લીધી હોય અને તેના બદલામાં આ ઈનામો તેમને મળી રહ્યા હોય.

સહીહ રિવાયતો પ્રમાણે આ ચાલીસ વર્ષોના સમયગાળામાં પ્રથમ હઝરત હારૂન (અલૈ.)ની વફાત થઈ ગઈ અને તેમના એક વર્ષ પછી અથવા છ મહિના પછી હઝરત મૂસા (અલૈ.) પણ આ દુનિયાથી કૂચ કરી ગયા. તેમના પછી હઝરત યૂશઅ્ બિન નૂનને અલ્લાહે નબી તરીકે બની ઈસ્રાઈલની હિદાયત માટે નિમણૂક કરી અને ચાલીસ વર્ષોની કેદ પૂરી થયા પછી બની ઈસ્રાઈલના બાકી બચેલા લોકો હઝરત યૂશઅ્ બિન નૂનની સરદારી અને આગેવાનીમાં બયતુલ મુકદસની જિહાદ માટે રવાના થયા. અલ્લાહ તઆલાના વાયદા પ્રમાણે સિરીયા તેમના હાથે વિજયી થયું અને આ દેશની અકલ્પનીય દૌલત તેમના હાથમાં આવી.

અંતિમ આયતમાં જે ઈરશાદ થયો છે કે, فَلَا تَـاْسَ عَـلَى الْـقَـوْمِ الْفٰسِقِيْنَ એટલે કે, "આ નાફરમાન કૌમ ઉપર તમે દયા ન ખાઓ." આ એ કારણે થયું છે કે, હઝરત અંબિયા (અલૈ.) પોતાના સ્વભાવ અને પ્રકૃતિમાં એવા હોય છે કે, પોતાની ઉમ્મતની તકલીફ અને પરેશાનીને સહન નથી કરી શકતા. જો તેમને સજા મળે છે તો તેઓ પણ દિલગીર અને પ્રભાવિત થતા હોય છે. એટલા માટે હઝરત મૂસા (અલૈ.)ને દિલાસો આપવામાં આવ્યો કે, "તમે તેમની સજાથી દિલગીર ન થાઓ."

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૨૭ થી ૩૨)

وقف لازم

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ ابْنَيْ اٰدَمَ بِالْحَقِّ ۘ اِذْ قَرَّبَا قُرْبَانًا فَتُقُبِّلَ مِنْ اَحَدِهِمَا

النصف

وَلَمْ يُتَقَبَّلْ مِنَ الْاٰخَرِ ؕ قَالَ لَاَقْتُلَنَّكَ ؕ قَالَ اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ ﴿٢٧﴾

لَئِنْۢ بَسَطْتَّ اِلَيَّ يَدَكَ لِتَقْتُلَنِيْ مَاۤ اَنَا بِبَاسِطٍ يَّدِيَ اِلَيْكَ لِاَقْتُلَكَ ۚ اِنِّيْۤ

اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ ﴿٢٨﴾ اِنِّيْۤ اُرِيْدُ اَنْ تَبُوْٓاَ بِاِثْمِيْ وَاِثْمِكَ فَتَكُوْنَ مِنْ

اَصْحٰبِ النَّارِ ۚ وَذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِيْنَ ﴿٢٩﴾ۚ فَطَوَّعَتْ لَهٗ نَفْسُهٗ قَتْلَ اَخِيْهِ فَقَتَلَهٗ

فَاَصْبَحَ مِنَ الْخٰسِرِيْنَ ﴿٣٠﴾ فَبَعَثَ اللّٰهُ غُرَابًا يَّبْحَثُ فِي الْاَرْضِ لِيُرِيَهٗ كَيْفَ

يُوَارِيْ سَوْءَةَ اَخِيْهِ ؕ قَالَ يٰوَيْلَتٰۤى اَعَجَزْتُ اَنْ اَكُوْنَ مِثْلَ هٰذَا الْغُرَابِ

فَاُوَارِيَ سَوْءَةَ اَخِيْ ۚ فَاَصْبَحَ مِنَ النّٰدِمِيْنَ ﴿٣١﴾ۛ مِنْ اَجْلِ ذٰلِكَ ۛۚ كَتَبْنَا

عَلٰى بَنِيْۤ اِسْرَآءِيْلَ اَنَّهٗ مَنْ قَتَلَ نَفْسًاۢ بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِي الْاَرْضِ فَكَاَنَّمَا

قَتَلَ النَّاسَ جَمِيْعًا ؕ وَمَنْ اَحْيَاهَا فَكَاَنَّمَاۤ اَحْيَا النَّاسَ جَمِيْعًا ؕ وَلَقَدْ جَآءَتْهُمْ

رُسُلُنَا بِالْبَيِّنٰتِ ۫ ثُمَّ اِنَّ كَثِيْرًا مِّنْهُمْ بَعْدَ ذٰلِكَ فِي الْاَرْضِ لَمُسْرِفُوْنَ ﴿٣٢﴾

તરજુમો :

અને તેમને આદમ (અલૈ.)ના બે પુત્રોનો સાચો અહેવાલ સંભળાવ, જ્યારે બંનેએ નિયાઝ કરી કંઈક નિયાઝ (કુર્બાની) અને એકની કબૂલ થઈ અને બીજાની કબૂલ ન થઈ; કહ્યું, હું તને મારી નાંખીશ; તે બોલ્યો, અલ્લાહ કબૂલ કરે છે તો પરહેઝગારોથી. (૨૭) જો તું મારા ઉપર મારવા માટે હાથ ચલાવીશ, હું તારા ઉપર મારવા માટે હાથ ચલાવીશ નહીં, હું અલ્લાહથી ડરું છું જે સમગ્ર જહાનનો પરવરદિગાર છે. (૨૮) હું ઈચ્છું છું કે તું મારા ગુનાહ પ્રાપ્ત કરે અને પોતાના ગુનાહ, પછી તું દોઝખવાળાઓમાં થઈ જાય અને જાલિમોની આ જ સજા છે. (૨૯) પછી તેને તેના નફ્સએ પોતાના ભાઈની

હત્યા માટે રાજી કર્યો, પછી તેને મારી નાંખ્યો; બસ, નુકસાન ઉઠાવનારાઓમાં થઈ ગયો. (૩૦) પછી અલ્લાહે એક કાગડો મોકલ્યો જે જમીન ખોતરતો હતો, જેથી તેને બતાવે કઈ રીતે પોતાના ભાઈની લાશને છુપાવે છે; બોલ્યો, હાય અફસોસ ! મારાથી આટલું ન થઈ શક્યું કે આ કાગડા સમાન થાઉં કે હું પોતાના ભાઈની લાશને છુપાવું ! પછી પસ્તાવા લાગ્યો. (૩૧) આ જ કારણે; અમે બની ઈસ્રાઈલ ઉપર લખ્યું કે જે કોઈ એક વ્યક્તિની હત્યા કરે પ્રાણના બદલા વિના અથવા (તેણે) પ્રદેશમાં ફસાદ કરી ન હોવા છતાં તો જાણે તેણે સઘળા લોકોને મારી નાંખ્યા, અને જેણે એક જીવને જીવતો રાખ્યો તો જાણે બધા લોકોને જીવતા કરી દીધા, અને તેમની પાસે અમારો રસૂલ ખુલ્લા હુકમ લાવી ચૂક્યો છે, એના ઉપર પણ તેમનામાંથી ઘણા લોકો પ્રદેશમાં હાથ ઉઠાવે છે. (૩૨)

તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ !) તમે તે અહલે કિતાબને (હઝરત) આદમ (અલૈ.)ના બે પુત્રો (એટલે કે, હાબિલ અને કાબિલ)નો કિસ્સો સાચી રીતે પઢીને સંભળાવો, (જેથી તેમનો નેક વ્યક્તિના વંશજો હોવાનો ઘમંડ નીકળી જાય, જેમકે તેઓ અમે અલ્લાહના પુત્રો છીએ, એવું કહી રહ્યા છે અને આ ઘટના તે સમયે બની હતી) જ્યારે કે બંનેએ (અલ્લાહ તઆલાના નામથી) એક એક નિયાઝ (કુર્બાની) રજૂ કરી અને તેમાંથી એકની (એટલે કે હાબિલની) તો કબૂલ થઈ ગઈ અને બીજાની (એટલે કે કાબિલની) કબૂલ ન થઈ (કારણ કે, જે મા'મલાના ફેંસલા માટે આ કુર્બાની ચઢાવવામાં આવી હતી, તેમાં હાબિલ હક ઉપર હતા, એટલા માટે તેમની કુર્બાની કબૂલ થઈ ગઈ અને કાબિલ હક ઉપર ન હતો, એટલા માટે તેની કુર્બાની કબૂલ ન થઈ. જો આવો ફેંસલો ન થયો હોત તો મા'મલો વધારે શંકાસ્પદ અને સંદિગ્ધ બની ગયો હોત, જ્યારે) તે બીજો (એટલે કે કાબિલ નિષ્ફળ થયો તો અકળાઈને) કહેવા લાગ્યો કે, હું ચોક્કસ તારી હત્યા કરી નાંખીશ, તે પ્રથમે (એટલે કે હાબિલે) જવાબ આપ્યો, (કે તારું નિષ્ફળ જવું તો તારી નાહક અને જૂઠી બાબતોની પૈરવી કરવાના કારણે છે, મારો શું વાંક-ગુનોહ? કારણ કે,) અલ્લાહ તઆલા પરહેઝગારોના અમલને કબૂલ કરે છે. (મેં તો પરહેઝગારી અપનાવી અને અલ્લાહના હુકમ ઉપર કાયમ રહ્યો, તેથી

અલ્લાહે મારી નિયાઝ કબૂલ કરી. તેં તકવાને છોડી દીધો અને અલ્લાહના હુકમોથી મોઢું ફેરવ્યું તેથી તારી નિયાઝ કબૂલ ન થઈ. બસ, તેમાં તારી ભૂલ છે કે મારી ? ન્યાય કર, પરંતુ જો આમ છતાં પણ તારો આવો જ ઈરાદો છે તો તું જાણી લે કે, મેં પાકો નિર્ધાર કરી લીધો છે કે) જો તું મારી હત્યા કરવા માટે હાથ લાંબો કરીશ તો પણ હું તને કતલ કરવા માટે કદાપિ તારા ઉપર હાથ લાંબો કરવાનો નથી. (કારણ કે,) હું તો સમગ્ર સૃષ્ટિના પરવરદિગારથી ડરું છું (કે તને કતલ કરવાનું એક કારણ પણ ઉપસ્થિત છે, એટલે કે તું મને કતલ કરવા ઈચ્છે છે, પરંતુ આ કારણ હજુ સુધી કોઈ અલ્લાહના સ્પષ્ટ હુકમ વડે મારા ઉપર જાહેર નથી થયું, એટલા માટે હું આવું બદલાનું કૃત્ય કરવું શિષ્ટાચારથી ખિલાફ સમજું છું અને તેમાં શંકાના કારણે અલ્લાહથી ડરું છું અને આ હિમ્મત તું જ બતાવે છે કે, તું મારી હત્યા કરવાનું કોઈ કારણ ઉપસ્થિત ન હોવા છતાં બલકે, તેની સ્પષ્ટ મનાઈ હોવા છતાં તું અલ્લાહથી નથી ડરતો) હું તો એવું ઈચ્છું છું કે, (મારાથી કોઈ ગુનાહનું કામ ન થાય ભલે મારા ઉપર કેટલાય જુલમ કેમ ન થાય, જેના કારણે) તું મારા ગુનાહો અને તારા ગુનાહો બધા તારા માથે રાખી દે, પછી દોઝખીઓમાં સામેલ થઈ જાય અને જુલમ કરનારાઓની આવી જ સજા હોય છે. બસ, (આમ તો પહેલેથી જ કાબિલ હાબિલને કતલ કરવાનો ઈરાદો કરી ચૂક્યો હતો અને જ્યારે એવું સાંભળ્યું કે, તે સ્વરક્ષણ પણ નહીં કરે તો તકાદો એ હતો કે, કાબિલ નરમ પડી ગયો હોત, પરંતુ નીડર થઈને હત્યાનું દુષ્કૃત્ય આચરવા માટે) તેને પોતાના નફ્સે પોતાના ભાઈની હત્યા કરવા પ્રોત્સાહિત કર્યો (પછી) અંતે તેને કતલ કરી જ નાંખ્યો, જેનાથી તે (કમ્બખ્ત) મોટું નુકસાન ઉઠાવનારાઓમાં સામેલ થઈ ગયો. (દુનિયામાં તો એ નુકસાન કે પોતાના બાવડાંનું બળ અને રૂહની રાહત અને ચૈન ગુમાવી બેઠો તથા આખિરતમાં એ નુકસાન થશે કે, તે સખત અઝાબમાં સપડાઈ જશે. હવે, જ્યારે હત્યા કરીને પરવારી ચૂક્યો તો હેરાન થઈ ગયો કે, લાશનું શું કરવું ? જેનાથી આ રહસ્ય છુપાયેલું રહે. કંઈ જ સમજમાં ન આવ્યું ત્યારે) પછી (અંતે) અલ્લાહ તઆલાએ એક કાગડો (ત્યાં) મોકલ્યો કે, તે (ચાંચ અને પંજાથી) જમીનને ખોતરતો હતો (અને ખોદીને એક બીજા મરેલા કાગડાને તે ખોદેલા ખાડામાં ધકેલીને તેના ઉપર માટી નાંખી દીધી.) જેથી (કાગડો) તે (કાબિલ)ને તા'લીમ આપે કે, પોતાના ભાઈ (હાબિલ)ની

લાશને કઈ રીતે છુપાવે ? (કાબિલે આ ઘટના જોઈને પોતાની જાતને ખૂબ તુચ્છ સમજી કે, મારામાં આ કાગડા જેટલી પણ બુદ્ધિ નથી અને પસ્તાવાથી) કહેવા લાગ્યો કે, અફસોસ ! મારી હાલત ઉપર ? શું હું આનાથી પણ ઉતરતી કક્ષાનો છું? અફસોસ ! હું આ કાગડા જેટલો જ બુદ્ધિશાળી હોત અને પોતાના ભાઈની લાશને છુપાવી (શક્યો) હોત (બસ, પોતાની આવી અપમાનિત સ્થિતિ ઉપર) ખૂબ લજ્જિત થયો. આ (ઘટનાના) કારણે; (આ બાબતથી નાહક હત્યા કરવી એક જઘન્ય અપરાધ સાબિત થાય છે) અમે (બધા જ સંબંધિત લોકોને સામાન્ય રીતે) બની ઈસ્રાઈલ ઉપર (ખાસ રીતે) આ (ફરમાન) લખી દીધું (એટલે કે નક્કી કરી દીધું) કે (નાહક હત્યા એટલો મોટો ગુનોહ છે કે) જે વ્યક્તિ કોઈ વ્યક્તિને કોઈ અન્ય વ્યક્તિના (હત્યાના) બદલા વિના (કે જેની તેણે નાહક હત્યા કરી છે) અથવા વિના કોઈ (અરાજકતા અને) ફસાદ કે જે પૃથ્વી ઉપર તેણે ફેલાવ્યું છે (મરનારની વિના વાંકે) હત્યા કરી નાંખે તો (અમુક કારણોસર આ એવો ગુનોહ થશે કે) જાણે તેણે સમગ્ર માનવજાતની હત્યા કરી નાંખી (અને અમુક કારણોસર જેણે હત્યાના ગુનાહની હિમ્મત કરીને અલ્લાહ તઆલાની નાફરમાની કરી, તેનાથી અલ્લાહ તઆલા નારાજ થયા અને તે દુનિયામાં કિસાસ-હત્યાનો બદલો આપવાનો હકદાર ઠર્યો. આખિરતમાં દોઝખનો પણ હકદાર ઠર્યો તથા આ કૃત્ય એક વ્યક્તિની અથવા એક હજાર વ્યક્તિની હત્યા કરવા સમાન થયું. મતલબ કે, આ સખત અને જઘન્ય અપરાધમાં બે અપવાદ એટલા માટે મૂક્યા છે કે, કિસાસ સ્વરૂપે કોઈને કતલ કરવો જાઈઝ છે. એ જ પ્રમાણે અન્ય સ્વરૂપ જે કોઈને કતલ કરવા માટેનું જાઈઝ સ્વરૂપ છે તેની રીત પણ આગળ ઉપર આવશે અને જે હરબી કાફિરો છે, જેમનું વર્ણન જિહાદના હુકમોમાં આવી ચૂક્યું છે, આ બધા પ્રકારો કતલ કરવાના જાઈઝ સ્વરૂપ હોવામાં સામેલ છે અને અમુક સ્વરૂપોમાં તો તે વાજિબ છે) અને (એ પણ લખી દીધું હતું કે, જે રીતે નાહક હત્યા કરવી મહાન ગુનોહ છે, તે સમગ્ર માનવજાતની હત્યા કરવા સમાન કૃત્ય છે બસ, એ જ પ્રમાણે કોઈ વાજિબ ન હોય એવી હત્યા થવાથી કોઈને બચાવી લે તો તે પણ એવો જ મહાન સવાબ છે કે) જે વ્યક્તિ કોઈ વ્યક્તિને બચાવી લે તો (તેને એવો સવાબ મળશે કે,) જાણે તેણે સમગ્ર માનવજાતને બચાવી લીધી (ગેરવાજિબની શરત એટલા માટે લગાવી છે કે, જે

વ્યક્તિને કતલ કરવો શરીઅતની રૂએ વાજિબ હોય છે તેની સિફારસ કરવી અથવા સહકાર આપવો હરામ છે અને આ વિષયની ગંભીરતા એનાથી સમજાય છે કે, જ્યારે કોઈને બચાવી લેવું આટલી મહાન બાબત છે તો ચોક્કસ કોઈની નાહક હત્યા કરવી કેટલું ધૃણાસ્પદ કૃત્ય હશે ! એટલા માટે તેના વર્ણન કરવાના ક્રમ અને વિષયની ગંભીરતા પણ مِنْ اَجْلِ ذٰلِكَ વિશે બરાબર થઈ ગઈ) અને બની ઈસ્રાઈલ પાસે (આ વિષય લખી દીધા પછી) અમારા ઘણા પયગમ્બરો પણ સ્પષ્ટ દલીલો (નુબુવ્વતની) લઈને આવ્યા (અને સમયાંતરે એના વિશે તાકીદ કરતા રહ્યા) પરંતુ ફરી તે (તાકીદ અને કાળજી) પછી પણ ઘણા બધા તેમાંથી દુનિયામાં અતિરેક કરનારા જ રહ્યા (અને તેમના ઉપર કંઈ જ અસર ન થઈ, એટલે સુધી કે, તેમાંથી અમુકે તો પોતે અંબિયા અલૈ.ની જ હત્યા કરી નાંખી).

મસ્અલા અને બોધપાઠ :

હાબિલ અને કાબિલનો કિસ્સો :

આ આયતોમાં અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને એવી સૂચના આપી છે કે, તમે અહલે કિતાબને તથા સમગ્ર ઉમ્મતને હઝરત આદમ (અલૈ.)ના બે પુત્રોનો કિસ્સો સાચે-સાચો સંભળાવી આપો.

કુર્આને કરીમ ઉપર નજર નાંખનારા જાણે છે કે, કુર્આને કરીમ કોઈ કિસ્સા-કહાણીઓ અથવા ઈતિહાસનું પુસ્તક નથી કે જેનો હેતુ કોઈ ઘટનાને પ્રથમથી અંત સુધી વર્ણન કરવાનો હોય, પરંતુ ભૂતકાળની ઘટનાઓ અને પાછલી ઉમ્મતોના અહેવાલો પોતાના પાલવમાં ઘણા બધા બોધપાઠો અને શિખામણો રાખે છે, જેના ઉપર શરીઅતના વિવિધ હુકમોનો આધાર હોય છે. આ લાભ નજર સમક્ષ રાખી કુર્આને કરીમની શૈલી દરેક સ્થળે એ છે કે, અમુક-અમુક સ્થળે કોઈ કિસ્સો અથવા ઘટના વર્ણન કરે છે અને મોટા ભાગે આખી ઘટના એક સ્થળે વર્ણન નથી થતી બલકે, તેનો જેટલો ભાગ એક સ્થળે એક હેતુ અનુસંધાને હોય છે, ઘટનાનો એટલો જ ટૂકડો વર્ણન કરવામાં આવે છે. હઝરત આદમ (અલૈ.)ના બે દિકરાઓનો આ કિસ્સો પણ આ જ શ્રેષ્ઠ શૈલીના આધારે વર્ણન કરવામાં આવી રહ્યો છે, તેમાં ઉપસ્થિત અને આવનારી પેઢીઓ

માટે ઘણી બધી ઈબ્રતો અને નસીહતો રહેલી છે અને તેના સંદર્ભથી ઘણા બધા શરીઅતના હુકમો તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

હવે, પ્રથમ કુર્આને કરીમના શબ્દોનો ખુલાસો અને તેના સંદર્ભ હેઠળ અસલ ઘટના જૂઓ, ત્યાર પછી તેનાથી સંબંધિત હુકમો અને મસ્અલાઓ વર્ણન થશે.

આ અગાઉ વર્ણન થઈ ચૂકેલી આયતોમાં બની ઈસ્રાઈલને જિહાદનો હુકમ અને તેમાં તેમની કાયરતા તથા બુઝદિલીનું વર્ણન હતું, આ ઘટનામાં તેનાથી બિલકુલ વિપરીત કોઈની નાહક અન્યાયપૂર્ણ હત્યાના જઘન્ય અપરાધ અને તેના વિધ્વંસક (ખરાબ) પરિણામોનો ઉલ્લેખ કરીને કૌમને મધ્યમ માર્ગ ઉપર લાવવાનો હેતુ છે, જે પ્રમાણે સચ્ચાઈના સમર્થનમાં અને અસત્યનો નાશ કરવામાં યુદ્ધ કરવાથી દૂર નાસવું અથવા અળગા રહેવું એક ભૂલ છે, એ જ પ્રમાણે કોઈની અન્યાયી અને નાહક હત્યા કરવી અથવા કોઈના ઉપર અન્યાયી યુદ્ધ થોપવાનું કૃત્ય પણ દુનિયા અને દીનની તબાહી અને બરબાદી છે.

પ્રથમ આયતમાં اِبْنَیْ اٰدَمَ નો શબ્દ ઉપસ્થિત છે. આમ તો દરેક વ્યક્તિ હઝરત આદમ (અલૈ.)ના પુત્રો છે, દરેકને ઈબ્ને આદમ કહી શકાય છે, પરંતુ જમહૂર તફસીરકાર ઉલમાના મતે આ સ્થળે اِبْنَیْ اٰدَمَ નો ભાવાર્થ હઝરત આદમ (અલૈ.)ના બે સગા પુત્રો હોવાનો ઉલ્લેખ થયો છે. એટલે કે, હાબિલ અને કાબિલ. અત્રે આ શબ્દ આ બંનેનો કિસ્સો વર્ણન કરવા માટે ઈરશાદ થયો છે.

ઐતિહાસિક ઘટનાઓને વર્ણન કરવામાં કાળજી અને સચ્ચાઈ વાજિબ છે :

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ ابْنَیْ اٰدَمَ بِالْحَقِّ "આ લોકોને હઝરત આદમ (અલૈ.)ના બે પુત્રોનો કિસ્સો સાચે-સાચા ઘટનાક્રમ સહિત સંભળાવી દો," તેમાં بِالْحَقِّ (બિલ્હક્ક)નો શબ્દ ઐતિહાસિક રિવાયતોને વર્ણન કરવામાં એક મહત્ત્વનો સિદ્ધાંત પણ પ્રતિપાદિત કરે છે કે, ઐતિહાસિક ઘટનાઓ અને રિવાયતો વર્ણન કરવામાં ખૂબ કાળજી રાખવી જરૂરી છે, જેમાં ન તો કોઈ અસત્ય હોય, ન જ કોઈ અતિશયોક્તિ હોય, ન તો કોઈ દગાબાજી હોય અને ન જ મૂળ ઘટનામાં કોઈ પ્રકારનું પરિવર્તન અથવા વધારો-ઘટાડો કરવામાં આવ્યો હોય. *(ઈબ્ને કસીર)*

કુર્આને ફક્ત આ સ્થળે જ નહીં બલકે અન્ય બીજા અનેક સ્થળોએ પણ આ સિદ્ધાંત ઉપર કાયમ રહેવાનું માર્ગદર્શન આપ્યું છે. એક સ્થળે إِنَّ هٰذَا لَهُوَ الْقَصَصُ الْحَقُّ (૩:૬૨) બીજા સ્થળે نَحْنُ نَقُصُّ عَلَيْكَ نَبَأَهُمْ بِالْحَقِّ (૧૮:૧૩) ત્રીજા સ્થળે ذٰلِكَ عِيسَى ابْنُ مَرْيَمَ قَوْلَ الْحَقِّ (૧૯:૩૪) આ બધા સ્થળોએ ઐતિહાસિક ઘટનાઓની સાથે શબ્દ "હક્ક" حَقّ લાવીને એ બાબતનું મહત્ત્વ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ઘટનાઓ નકલ કરતી વખતે સચ્ચાઈ અને હક્કને ધ્યાનમાં રાખવું જરૂરી છે. રિવાયતો અને ઘટનાઓના આધારે જે પ્રમાણે દુનિયામાં ખોટી માન્યતાઓ હોય છે, તે બધાનો આધાર સામાન્ય રીતે ઘટનાઓ વર્ણન કરવામાં કાળજી ન લેવાના કારણે હોય છે. થોડાક શબ્દો અને વિષય બદલી નાંખવાથી ઘટનાની વાસ્તવિકતા અને હકીકત બદલાઈ જાય છે. અગાઉ પસાર થઈ ચૂકેલી કૌમોના ધર્મો અને શરીઅતો આવી કાળજી ન લેવાના કારણે જ નાશ પામી અને તેમના ધાર્મિક પુસ્તકો અમુક અપ્રામાણિક અને અવાસ્તવિક વાર્તાઓ અને કિસ્સા-કહાણીઓના સંગ્રહ બનીને રહી ગયા. આ સ્થળે એક શબ્દ بِالْحَقِّ (બિલ હક્ક)નો વધારો કરીને આ મહાન હેતુ તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ શબ્દમાં કુર્આને કરીમનું સંબોધન એ બાબતનું પણ માર્ગદર્શન કરે છે કે, રસૂલે કરીમ ﷺ જેઓ પોતે ઉમ્મી માત્ર છે અને હજારો વર્ષો પહેલાંની ઘટનાઓ બિલકુલ સત્ય અને સાચી વર્ણન કરી રહ્યા છે, તેનું કારણ વહી-એ-ઈલાહી અને નુબુવ્વત સિવાય અન્ય શું હોઈ શકે છે ?

આ પ્રસ્તાવના પછી આ બંને પુત્રોની ઘટના કુર્આને કરીમે આ પ્રમાણે વર્ણન કરી. إِذْ قَرَّبَا قُرْبَانًا فَتُقُبِّلَ مِنْ أَحَدِهِمَا وَلَمْ يُتَقَبَّلْ مِنَ الْآخَرِ એટલે કે, આ બંનેએ અલ્લાહ તઆલા માટે પોત-પોતાની કુર્બાનીઓ રજૂ કરી, પરંતુ એકની જ કુર્બાની કબૂલ થઈ અને બીજાની કબૂલ ન થઈ.

શબ્દ "કુર્બાન" قُرْبَانٌ અને શરીઅતની પરિભાષામાં તે ઝબહ કરેલા જાનવર વગેરેને કહેવામાં આવે છે કે જે અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરવા માટે કુર્બાન કરવામાં આવે છે.

આ કુર્બાની રજૂ કરવાની ઘટના જે સત્ય અને મજબૂત પ્રમાણો આધારે વર્ણન થઈ છે અને ઈબ્ને કસીરે તેને પુરોગામી ઉલમા અને નેક લોકોના સંયુક્ત

નિવેદનો ઠરાવ્યા છે તે એ છે કે, જ્યારે હઝરત આદમ અને હવ્વા (અલૈ.) દુનિયામાં આવ્યા તો અવલાદ જન્મવાનો ક્રમ શરૂ થયો. દરેક ગર્ભાધાનમાં બે બાળકો જન્મ્યા, એક પુત્ર અને એક પુત્રી. તે સમયે જ્યારે કે, હઝરત આદમ (અલૈ.)ની અવલાદમાં બહેન અને ભાઈઓ સિવાય કોઈ ન હતું અને ભાઈ–બહેનના પરસ્પર નિકાહ નથી થઈ શકતા, તો અલ્લાહ જલ્લ શા'નુહૂએ આવશ્યકતા પ્રમાણે આદમ (અલૈ.)ની શરીઅતમાં એ વિશિષ્ટ હુકમ લાગુ પાડ્યો હતો કે, એક ગર્ભાધાન (હમલ)થી જે છોકરો અને છોકરી પેદા થયા છે, તે પરસ્પર સગા ભાઈ–બહેન સમજવામાં આવશે અને તેમની વચ્ચે નિકાહ હરામ ઠરશે. પરંતુ બીજા વખતના ગર્ભાધાનથી જે બાળકો પેદા થાય છે, તે પ્રથમ હમલથી પેદા થયેલ છોકરી કે છોકરાના સગા ભાઈ–બહેનના હુકમમાંથી નથી. બલકે, તેમના દરમિયાન નિકાહનો સંબંધ જાઇઝ છે.

પરંતુ થયું એમ કે, આ પહેલા પુત્ર કાબિલની સાથે જે છોકરી પેદા થઈ તે સ્વરૂપવાન હતી અને બીજા પુત્ર હાબિલની સાથે પેદા થનારી પુત્રી ખૂબસૂરત ન હતી. જ્યારે નિકાહનો સમય આવ્યો ત્યારે, હાબિલની સાથે પેદા થનારી કદરૂપી પુત્રી કાબિલના ભાગે આવી જેથી કાબિલ નારાજ થઈને હાબિલનો દુશ્મન બની ગયો અને તે આગ્રહ કરવા લાગ્યો કે, મારી સાથે જે પુત્રી પેદા થઈ છે તે જ મારા નિકાહમાં આપવામાં આવે. હઝરત આદમ (અલૈ.)એ કાયદા પ્રમાણે તેને ન સ્વીકાર્યું અને હાબિલ તથા કાબિલ વચ્ચેનો મતભેદ દૂર કરવા માટે કુર્બાનીની શરત નક્કી કરી કે, આ છોકરી કુર્બાનીનો સ્વીકાર થનારના નિકાહમાં આપવામાં આવે ! કારણ કે, હઝરત આદમ (અલૈ.)ને વિશ્વાસ હતો કે, કુર્બાની તેની જ કબૂલ થશે, જેનો હક છે, એટલે કે હાબિલની.

તે યુગમાં કુર્બાની કબૂલ થવાની એક સ્પષ્ટ અને ખુલ્લી નિશાની એ હતી કે, આકાશેથી એક આગ આવતી અને કુર્બાનીને ખાઈ જતી હતી (બાળી નાંખતી હતી) અને જેની કુર્બાનીને આગ ન ખાય તો તે તેની કુર્બાની કબૂલ ન થવાની નિશાની ગણાતી હતી.

હવે, પરિસ્થિતિ એવી બની કે, હાબિલ પાસે ઘેટા–બકરાં હતા, તેણે એક ઉત્તમ ઘેટાની કુર્બાની કરી; કાબિલ ખેતી કરતો હતો, તેણે અમુક અનાજ–ઘઉં

વગેરે કુર્બાની માટે રજૂ કર્યા અને થયું એમ કે, નિયમ પ્રમાણે આકાશેથી આગ આવી અને હાબિલની કુર્બાનીને ખાઈ ગઈ અને કાબિલની કુર્બાની જેમની તેમ પડી રહી, તેનાથી કાબિલનો પોતાની નિષ્ફળતા ઉપર અપમાનિત થવાનો ગમ અને ગુસ્સો વધી ગયો, પછી તેનાથી રહી ન શકાયું અને ખુલ્લમ-ખુલ્લી રીતે તેણે પોતાના ભાઈને કહી દીધું, لَاَقْتُلَنَّكَ એટલે કે, "હું તારી હત્યા કરી નાંખીશ."

હાબિલે તે સમયે તો ગુસ્સાની વાતનો જવાબ ગુસ્સા સાથે આપવાના બદલે એક શાંત અને ઠંડો સૈદ્ધાંતિક જવાબ આપ્યો, જેમાં તેની હમદર્દી અને ભલાઈ પણ હતી કે, اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ એટલે કે, "અલ્લાહ તઆલાનો નિયમ એ જ છે કે, મુત્તકી-પરહેઝગારનો અમલ કબૂલ થાય છે, જો તમે તકવા (અલ્લાહનો ડર) અને પરહેઝગારી અપનાવી હોત તો તમારી કુર્બાની પણ કબૂલ થઈ હોત. તમે એવું નથી કર્યું, તો કુર્બાની કબૂલ નથી થઈ, તેમાં મારો શું વાંક-ગુનોહ ?"

આ વાર્તાલાપમાં ઈર્ષ્યાખોરની ઈર્ષ્યાનો ઈલાજ પણ વર્ણન થઈ ગયો છે કે, ઈર્ષ્યાળુને જ્યારે એવું દેખાય છે કે, કોઈ વ્યક્તિને અલ્લાહ તઆલાએ કોઈ ખાસ નેઅ્મત અર્પણ કરી છે, જે તે ઈર્ષ્યાળુને પોતાને મળી નથી ત્યારે તેણે પોતાની વંચિતતાને પોતાના કાર્યોની ઉણપ અને ગુનાહોના કારણે હોવાનું સમજવું જોઈએ અને તેનાથી તવબહ કરવાની ચિંતા કરવી જોઈએ. ન કે તે અન્યોની આ નેઅ્મતના છીનવાય જવાની ચિંતામાં પડી જાય, કારણ કે, એ તેના લાભના બદલે નુકસાનનું કારણ છે અને અલ્લાહ પાસે સ્વીકૃતિનો આધાર તકવો છે.

(મઝહરી)

કબૂલિયત (કર્મની સ્વીકૃતી)નો આધાર નિખાલસતા અને તકવા (અલ્લાહના ડર) ઉપર છે :

અત્રે હાબિલ અને કાબિલની પરસ્પરની વાતચીતમાં એક એવું વાક્ય આવી ગયું છે, જે એક મહત્ત્વની સૈદ્ધાંતિક હેસિયત ધરાવે છે કે, "અમલો (કર્મો) અને ઈબાદતો કબૂલ થવાનો આધાર તકવા અને અલ્લાહના ડર ઉપર અવલંબિત છે," જેનામાં તકવો નથી, તેનો અમલ સ્વીકાર્ય નથી. આ કારણે પુરોગામી ઉલમાએ ફરમાવ્યું છે કે, આ આયત ઈબાદતગુજારો અને અમલ કરનારાઓ માટે

મોટી શિખામણ છે. એ જ કારણ હતું કે, હઝરત આમિર બિન અબ્દુલ્લાહ પોતાની વફાતના સમયે રડી રહ્યા હતા, લોકોએ વિનંતી કરી, "તમે તો સમગ્ર જીવન નેક અમલો અને અલ્લાહની ઈબાદતમાં મશ્ગૂલ રહ્યા, પછી રડવાનું શું કારણ છે ?" ફરમાવ્યું, "તમે આવું કહો છો પરંતુ મારા કાનોમાં અલ્લાહ તઆલાનો આ ઈરશાદ ગુંજી રહ્યો છે إِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ મને કંઈ જ ખબર નથી કે, મારી ઈબાદતો કબૂલ થઈ પણ છે કે નહીં ?"

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે, "મને એવું યકીન થઈ જાય કે, મારો કોઈ અમલ અલ્લાહ તઆલાએ કબૂલ ફરમાવી લીધો, તો તે એવી નેઅ્મત છે કે જો સમગ્ર પૃથ્વી સોનાની બનીને મારા પોતાના કબજામાં આવી જાય તો પણ તેના મુકાબલામાં હું તેને લેશમાત્ર કિંમતી નહીં સમજું."

એ જ પ્રમાણે હઝરત અબૂદરદાઅ્ (રદિ.)એ ફરમાવ્યું કે, "જો એ વાત વિશ્વાસપૂર્વક નક્કી થઈ જાય કે, મારી એક નમાઝ અલ્લાહ તઆલાના ત્યાં કબૂલ થઈ ગઈ તો મારા માટે તે સમગ્ર દુનિયા અને તેની નેઅ્મતો કરતાં વધારે છે."

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)એ એક વ્યક્તિને પત્રમાં એવી શિખામણ લખી કે, "હું તને તકવાની તાકીદ કરું છું, જેના વિના કોઈ અમલ કબૂલ નથી થતો અને તકવો ધારણ કરનારા સિવાય કોઈના ઉપર દયા કરવામાં આવતી નથી અને તેના વિના કોઈ વસ્તુ ઉપર સવાબ નથી મળતો. આ બાબતની વઅ્ઝ કરનારા તો ઘણા છે, પરંતુ અમલ કરનારા ઘણા થોડા છે."

હઝરત અલી મુર્તુઝા (રદિ.)એ ફરમાવ્યું કે, "તકવાની સાથે કોઈ નાનો અમલ પણ નાનો નથી અને જે અમલ કબૂલ થઈ જાય તે નાનો કઈ રીતે કહી શકાય છે ?"

(ઈબ્ને કસીર)

અપરાધ અને સજાના અમુક કુર્આની કાયદાઓ

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૩૩-૩૪)

إِنَّمَا جَزٰٓؤُا الَّذِيْنَ يُحَارِبُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَسْعَوْنَ فِي الْاَرْضِ فَسَادًا اَنْ يُّقَتَّلُوْٓا
اَوْ يُصَلَّبُوْٓا اَوْ تُقَطَّعَ اَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ مِّنْ خِلَافٍ اَوْ يُنْفَوْا مِنَ الْاَرْضِ
ذٰلِكَ لَهُمْ خِزْيٌ فِي الدُّنْيَا وَلَهُمْ فِي الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿٣٣﴾ اِلَّا الَّذِيْنَ
تَابُوْا مِنْ قَبْلِ اَنْ تَقْدِرُوْا عَلَيْهِمْ فَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٣٤﴾

તરજુમો :

આ જ સજા છે તેમની જે લડે છે અલ્લાહથી અને તેના રસૂલથી અને મુલ્ક (પ્રદેશ)માં ફસાદ કરવા માટે દોડે છે કે તેમને કતલ કરવામાં આવે અથવા સૂળીએ ચઢાવવામાં આવે અથવા તેમના હાથ અને પગ વિરુદ્ધ દિશાએથી કાપવામાં આવે અથવા આ સ્થળેથી દૂર (દેશનિકાલ) કરવામાં આવે; આ તેમનું દુનિયાનું અપમાન છે અને તેમના માટે આખિરતમાં મોટો અઝાબ છે. (૩૩) પરંતુ જેમણે તમારા કાબૂ પામતા પહેલાં તવબહ કરી તો જાણી લો કે અલ્લાહ તઆલા બખ્શનારો મહેરબાન છે. (૩૪)

તફસીર :

જે લોકો અલ્લાહ તઆલા સાથે અને તેના રસૂલ (ﷺ) સાથે લડે અને (આ લડવાનો અર્થ એ છે કે,) પ્રદેશમાં ફસાદ (એટલે કે, અરાજકતા અને અશાંતિ) ફેલાવે છે (મતલબ કે, તેઓ લૂંટારા અથવા ડાકુ છે, એવા વ્યક્તિને લૂંટે છે કે જેની અલ્લાહના શરઈ કાનૂનથી રસૂલે કરીમ ﷺ દ્વારા રક્ષણની જાહેરાત થઈ છે કે આ કાનૂન હેઠળ તેમને રક્ષણ આપવામાં આવ્યું છે એટલે કે, મુસલમાનો અને જિમ્મીઓને લૂંટે અથવા કતલ કરી અરાજકતા ફેલાવે છે, તો તેને અંતે અલ્લાહ અને રસૂલ ﷺ સાથે લડવું કહેવામાં આવ્યું છે કે, તેણે અલ્લાહે આપેલી સુરક્ષાને તોડી નાંખી અને કારણ કે, રસૂલ ﷺ દ્વારા તેની જાહેરાત થઈ હતી એટલે તેનો સંબંધ રસૂલ ﷺ સાથે જોડી દીધો. મતલબ કે જે

લોકો આવું દુષ્કૃત્ય આચરે છે) તેમની એ જ સજા છે કે, (પ્રથમ સ્વરૂપમાં તો) તેમને કતલ કરવામાં આવે (અથવા હાલત એવી છે કે, તે ડાકુઓએ જો કોઈને મારી નાંખ્યો હોય અને માલ લૂંટી લેવાની નોબત ન આવી હોય) અથવા (બીજા સ્વરૂપની પરિસ્થિતિ ઊભી થઈ હોય તો તેમને) સૂળીએ ચઢાવવામાં આવે (અને જો તે પરિસ્થિતિ એ છે કે, તેમણે માલ પણ લઈ લીધો છે અને હત્યા પણ કરી છે) અથવા (જો ત્રીજા પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ હોય તો) તેમના હાથ-પગ વિરુદ્ધ દિશાએથી (એટલે કે, જમણો હાથ અને ડાબો પગ) કાપી નાંખવામાં આવે. (અને પરિસ્થિતિ એવી છે કે, ફક્ત માલ લઈ લીધો હોય, કોઈને કતલ ન કર્યો હોય) અથવા (ચોથા પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ હોય તો) પૃથ્વીમાં (આઝાદ અને સ્વતંત્ર ન રહેવા દઈ તેમને ત્યાં)થી કાઢી (મૂકીને જેલમાં મોકલી) દેવામાં આવે (આ તે હાલત છે કે, ન તો કોઈનો માલ લીધો હોય, ન જ કોઈને કતલ કર્યા હોય. માત્ર આવો ઈરાદો કર્યા પછી જ તેઓની ધરપકડ થઈ હોય.) આ (ઉપરોક્ત સજાઓ તો) તેમના માટે દુનિયાનું સખત અપમાન (અને ઝિલ્લત) છે અને તેમને આખિરતમાં (જે) મોટો અઝાબ થશે (તે તો અલગ). હા ! પરંતુ જે લોકો એ પહેલાં કે તેમની ધરપકડ કરવામાં આવે, તવબહ કરી લે તો (આ પરિસ્થિતિમાં) જાણી લો કે, બેશક ! અલ્લાહ તઆલા (પોતાના હકો) મા'ફ કરી દેશે (અને તવબહ કબૂલ કરવામાં) મહેરબાની ફરમાવી દેશે (મતલબ એ છે કે, ઉપર જે સજાઓ વર્ણન થઈ છે તે અલ્લાહની હદો અને મર્યાદાઓ સ્વરૂપે છે, જે બંદાઓના મા'ફ કરવાથી મા'ફ નથી થતી, બલકે એવી બાબતો છે કે જે હુકૂકુલ ઈબાદ અને કિસાસ સ્વરૂપે છે, જે બંદાના મા'ફ કરવાથી જ મા'ફ થાય છે. બસ, જ્યારે કે ધરપકડ પહેલાં તે લોકોએ તવબહ કરી હોવાનું સાબિત થઈ જાય, તો શિક્ષા રદ થઈ જશે. જે અલ્લાહના હકો હતા તે મા'ફ થઈ જશે, પરંતુ જે બંદાના હકો બાકી રહી ગયા છે બસ, જો કોઈનો માલ લીધો હોય તો તેની જામીનગીરી આપવી પડશે અને જો કોઈની હત્યા કરી હશે તો તેનો કિસાસ લેવામાં આવશે, પરંતુ આ જામીનગીરી, વળતર કે કિસાસ મા'ફ કરવાનો હક ફક્ત તે હકદાર કે જેનો માલ લૂંટાયો છે તે અથવા જેની હત્યા કરવામાં આવી છે તેના શરઈ વારસદારોને જ છે).

મસ્અલા અને બોધપાઠ :

કુર્આનના કાયદાઓની આશ્ચર્યજનક ક્રાંતિકારી વર્ણનશૈલી :

પ્રથમ આયતોમાં હાબિલની હત્યાના કિસ્સા દ્વારા તે કૃત્ય એક મહાન અપરાધ હોવાનું વર્ણન થયું હતું. ઉપરોક્ત આયતોમાં અને ત્યારબાદની આયતોમાં ખૂનામરકી, લૂંટમાર, ડાકુગીરી અને ચોરીની શરઈ સજાઓનું વર્ણન છે. લૂંટફાટ અને ચોરીની સજાઓ વચ્ચે અલ્લાહનો ડર અને તેના આજ્ઞાપાલન દ્વારા તેની નિકટતા પ્રાપ્ત કરવાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. કુર્આને કરીમની આ વર્ણનશૈલી અત્યંત રસપ્રદ રીતે માનસિક ક્રાંતિ જન્માવનારી છે કે, તે દુનિયાના કાયદાઓના પુસ્તકોની કલમોની જેમ ફક્ત ગુનાહ અને સજાના વર્ણન કરવાને પૂરતું સમજતું નથી. બલકે, દરેક ગુનાહ અને સજાની સાથે અલ્લાહનો ડર અને આખિરત તરફ ધ્યાન કેન્દ્રિત કરાવી મનુષ્યની દિશા અને દશાને એક એવી દુનિયા તરફ વાળવામાં આવે છે, જેની કલ્પના માત્ર તેને દરેક ઉણપ અને ગુનાહોથી પવિત્ર કરી આપે છે. જો પરિસ્થિતિ અને ઘટનાક્રમ ઉપર વિચાર કરવામાં આવે તો સાબિત થશે કે, અલ્લાહનો ડર અને આખિરતની કલ્પના વિના દુનિયાનો કોઈ કાયદો, પૉલીસ અથવા લશ્કર દુનિયામાં અપરાધ સમાપ્ત કરવાની જામીનગીરી આપી શકતા નથી. કુર્આને કરીમની આ જ હિકમતપૂર્ણ શૈલી અને રસપ્રદ વર્ણન પદ્ધતિ છે, જેણે દુનિયામાં ક્રાંતિ સર્જી દીધી અને એવા મનુષ્યોનો એક એવો સમાજ પેદા કર્યો જે પોતાની પવિત્રતામાં ફરિશ્તાઓ કરતાં ઉચ્ચ સ્થાને બિરાજે છે.

શરઈ સજાઓના ત્રણ પ્રકારો :

લૂંટફાટ અને ચોરીની શરઈ સજાઓ જેનું વર્ણન પ્રસ્તુત આયતોમાં છે, તેની વિગતો અને સંબંધિત આયતોની તફસીર વર્ણન કરતા પહેલાં યોગ્ય છે કે, આ સજાઓ વિશે શરઈ પરિભાષાની અમુક સ્પષ્ટતા કરવામાં આવે, જેનાથી અજ્ઞાનતાના કારણે ઘણા ભણેલા-ગણેલા લોકો પણ શંકાનો શિકાર બની જાય છે. દુનિયાના સામાન્ય કાયદાઓમાં અપરાધની બધી સજાઓને સંબંધિત કલમો (Criminal procedure code)નું નામ આપવામાં આવે છે. ભલે તે કોઈપણ ગુનાહ વિશે હોય, જેમકે ભારતના બંધારણ અનુસાર ફલાણી કલમ,

પાકિસ્તાનના બંધારણની ફલાણી કલમ વગેરે નામોથી જે પુસ્તકો પ્રકાશિત થઈ રહ્યા છે, તેમાં દરેક પ્રકારના અપરાધોની દરેક પ્રકારની સજાઓ વર્ણન થઈ હોય છે પરંતુ શરીઅતે ઈસ્લામમાં એવું નથી. બલકે, અપરાધની સજાઓમાં ત્રણ પ્રકાર ઠરાવવામાં આવ્યા છે.

એક "શરઈ હદ", બીજું "કિસાસ" અને ત્રીજું "બંધારણ" આ ત્રણ પ્રકારોની વ્યાખ્યા અને અર્થ સમજવા માટે એ વાત જાણી લેવી જરૂરી છે કે, જે ગુનાહોથી કોઈ અન્ય વ્યક્તિને તકલીફ અથવા નુકસાન ઉઠાવવું પડે છે, તેનાથી મખ્લૂક ઉપર પણ જુલમ થાય છે અને અલ્લાહની પણ નાફરમાની થાય છે. એટલા માટે દરેક એવા ગુનાહમાં હુકૂકુલ્લાહ (અલ્લાહના હકો) અને હુકૂકુલ ઈબાદ (બંદાના હકો) બંને સામેલ હોય છે અને આવું કૃત્ય આચરનાર બંનેનો ગુનેહગાર બને છે.

અમુક ગુનાહોમાં હુકૂકુલ ઈબાદને વધારે મહત્ત્વ આપવામાં આવે છે અને અમુકમાં અલ્લાહના હકનું સ્વરૂપ વધારે સ્પષ્ટ હોય છે અને હુકમોમાં કાર્યનો આધાર આ જ સ્વરૂપો ઉપર રાખવામાં આવ્યો છે.

બીજી એ બાબત જાણવી જરૂરી છે કે, શરીઅતે ઈસ્લામે ખાસ-ખાસ ગુનાહો સિવાય અન્ય ગુનાહો માટે સજાઓનું કોઈ માપદંડ નક્કી નથી કર્યું, બલકે કાજી (ઈસ્લામિક કૉર્ટના ન્યાયાધીશ)ને એવો અધિકાર આપ્યો છે કે, દરેક યુગમાં, દરેક સ્થળે અને દરેક માહોલ પ્રમાણે, જેને જેટલી સજા આપવી જરૂરી સમજવામાં આવે તેને તે ગુનાહ માટે લાગુ કરવામાં આવે. એ પણ જાઈઝ છે કે, દરેક સ્થળે અને દરેક યુગમાં ઈસ્લામી હુકૂમત શરઈ કાયદાઓ ધ્યાનમાં રાખીને કાજીઓના અધિકાર ઉપર કોઈ મર્યાદા કે પાબંદી લગાવી આપે અને ગુનાહો અને ખાસ સજાઓનું કોઈ ચોક્કસ માપદંડ આપીને તેને તેનો પાબંદ બનાવી આપે, જેમકે અગાઉના વીતી ગયેલા યુગમાં એવું જ થતું રહ્યું છે અને હાલના સમયે બધા જ દેશોમાં લગભગ આ જ સ્વરૂપ પ્રચલિત છે.

હવે સમજો કે, જે ગુનાહોની સજા કુર્આન અને સુન્નતે નક્કી નથી કરી બલકે, શાસકોની મુનસફી (વિવેકબુદ્ધિ) ઉપર છોડી દીધી છે, તે સજાઓને શરીઅતની પરિભાષામાં "તા'ઝીરાત" કહેવામાં આવે છે અને જે ગુનાહોની

સજાઓ કુર્આન અને સુન્નતે નક્કી કરી દીધી છે તે બે પ્રકારો ઉપર આધારિત છે. એક તે, જેમાં અલ્લાહ તઆલાને ગાલિબ (સર્વોપરી) ઠરાવવામાં આવ્યો છે, તેવી સજાને "હદ" કહેવામાં આવે છે, જેનું બહુવચન "હુદૂદ" છે. બીજી તે, જેમાં હુકૂકુલ ઈબાદને શરીઅતની રૂએ મહત્તમ માનવામાં આવે છે, એવી સજાને "કિસાસ" કહેવામાં આવે છે. કુર્આને કરીમે, "હુદૂદ" અને "કિસાસ"નું વર્ણન સંપૂર્ણ સ્પષ્ટતાથી વિગતવાર પોતે કરી આપ્યું છે. બાકીના "તા'ઝીરી" ગુનાહોની સજાની વિગતોનું વર્ણન રસૂલે કરીમ ﷺ અને જે તે સમયના શરઈ શાસકોની મુનસફી ઉપર છોડવામાં આવ્યું છે.

ખુલાસો એ છે કે, કુર્આને કરીમે જે ગુનાહોની સજાને હુકૂકુલ્લાહ તરીકે નક્કી કરીને લાગુ પાડી છે, તેને "હુદૂદ" કહેવામાં આવે છે અને જેને હુકૂકુલ ઈબાદ તરીકે જાહેર કરી છે, તેને "કિસાસ" કહેવામાં આવે છે અને જે ગુનાહોની સજા નક્કી નથી કરી તેને "તા'ઝીર" કહેવામાં આવે છે. સજાના આ ત્રણ પ્રકારોના હુકમો ઘણી બધી બાબતોમાં વિવિધ પ્રકારના છે, જે લોકો પોતાના પ્રચલિત બોલચાલના આધારે દરેક ગુનાહની સજાને તા'ઝીર કહે છે અને શરીઅતની પરિભાષામાં તફાવત નથી કરતા, એના કારણે તેને શરીઅતના હુકમોમાં મોટા ભાગે ઘણી ભૂલોનો સામનો કરવો પડે છે.

તા'ઝીરી સજાઓ પરિસ્થિતિ અનુસાર ઓછામાં ઓછી અને હળવી પણ કરી શકાય છે અને અતિ કઠોર તથા ભારે પણ; અને એ જ રીતે મા'ફ પણ થઈ શકે છે. તેમાં ઈસ્લામી હુકૂમતના શાસકોના અધિકારો ખૂબ વિશાળ છે પરંતુ હુદૂદમાં કોઈ હુકૂમત અથવા કોઈ શાસક અથવા અમીરને નાનું સરખું પરિવર્તન અથવા સુધારો-વધારો કરવાની પણ પરવાનગી નથી અને ન તો સ્થળ અથવા યુગ બદલાવાથી આ સજાઓ ઉપર કોઈ અસર પડે છે, ન જ કોઈ અમીર અથવા શાસક તેને મા'ફ કરવાનો અધિકાર ધરાવે છે. શરીઅતે ઈસ્લામમાં હુદૂદ ફક્ત પાંચ છે. ડાકુગીરી (લૂંટફાટ), ચોરી, વ્યભિચાર, વ્યભિચારનો આક્ષેપ (તોહમત)ની સજાઓ કુર્આને કરીમની "નસ"થી સાબિત થયેલ છે અને પાંચમી દારૂ પીવાની હદ (સજા) છે, જે સહાબએ કિરામ (રદિ.)ના ઈજ્માઅથી સાબિત થયેલ છે. આ પ્રમાણે કુલ પાંચ ગુનાહોની સજાઓ નક્કી થઈ ગઈ, જેને "હુદૂદ" કહેવામાં આવે છે. આ સજાઓ જે રીતે કોઈ શાસક અથવા અમીર મા'ફ નથી

કરી શકતો, એ જ પ્રમાણે તવબહ કરી લેવાથી પણ તેની દુનિયવી સજામાં મા'ફી નથી થતી. હા ! આખિરતનો ગુનોહ નિખાલસ તવબહ કરવાથી મા'ફ થઈને ત્યાંનું ખાતું સ્વચ્છ થઈ જાય છે, તેમાં ફક્ત લૂંટફાટની સજામાં એક અપવાદ છે કે, જો ડાકુ પોતાની ધરપકડ થતા પહેલાં તવબહ કરી લે અને પોતાની લૂંટફાટનો ભોગ બનેલાઓના અધિકારો પૂરા કરે, તો પણ આ હદ રદ થઈ જાય છે. ધરપકડ કર્યા પછી તવબહ ભરોસાપાત્ર નથી, તે ઉપરાંત અન્ય 'હદો' તવબહથી પણ દુનિયાના હકમાં મા'ફ નથી થતી, ભલે આ તવબહ ધરપકડ પહેલાં કરી હોય અથવા પછી કરી હોય. બધા જ તા'ઝીરી અપરાધોમાં હક પ્રમાણે સિફારસો સાંભળી શકાય છે. અલ્લાહની હદોમાં સિફારસ કરવી જાઇઝ પણ નથી અને તેનું સાંભળવું પણ જાઇઝ નથી. રસૂલે કરીમ ﷺએ એની સખત મનાઈ કરી છે. હુદૂદની સજાઓ સામાન્ય રીતે ઘણી કઠોર હોય છે અને તેને લાગુ પાડનાર કાયદો પણ ઘણો કઠોર હોય છે, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કે વધારો-ઘટાડો કરવાની કોઈને પરવાનગી નથી, ન જ અન્ય કોઈ આ સજા મા'ફ કરી શકે છે. જ્યાં સજા અને કાયદાની આ કડકાઈ રાખવામાં આવી છે, ત્યાં જ મા'મલાને મધ્યમમાર્ગી બનાવવા માટે અપરાધ અને અપરાધની સંપૂર્ણ સાબિતી માટે શરતો પણ અત્યંત કડક અને કઠણ રાખવામાં આવી છે. આ શરતોમાંથી કોઈ એક શરત પણ ઓછી હશે તો 'હદ' (સજા) રદ થઈ જશે. બલકે, નાની સરખી શંકા પણ સાબિતીમાં જોવામાં આવે તો "હદ" રદ થઈ જશે. ઈસ્લામનો અડગ સ્થાયી કાયદો એમાં આ પ્રકારે છે કે, اَلْحُدُوْدُ تَنْدَرِءُ بِالشُّبْهَاتِ એટલે કે, "હદને સામાન્ય શંકાથી પણ રદ કરવામાં આવે."

અત્રે એ પણ સમજી લેવું જોઈએ કે, જે સ્વરૂપોમાં શરીઅતની હદ કોઈ શંકા અથવા કોઈ શરત પૂરી ન થતી હોવાના કારણે રદ થઈ જાય ત્યારે એ જરૂરી નથી કે, ગુનેહગારને ખુલ્લી છૂટ મળી જાય, જેનાથી તે ગુનાહ કરવાની વધારે હિમ્મત કરે. બલકે, શાસક તેને યોગ્ય પરિસ્થિતિ પ્રમાણે તા'ઝીરી સજા આપી શકે છે અને શરીઅતની તા'ઝીરી સજાઓ પણ મોટે ભાગે શારીરિક સજાઓ હોય છે, જેમાં દાખલો બેસાડવા માટે અને અપરાધોને સંપૂર્ણ રીતે નેસ્તો-નાબૂદ કરવા માટેની જોગવાઈ હોય છે. કલ્પના કરો કે, વ્યભિચારની સાબિતી માટે ફક્ત ત્રણ ગવાહો મળ્યા અને ગવાહો સાચા છે, તેમના ઉપર જૂઠું બોલવાની કોઈ શંકા નથી

થઈ શકતી, પરંતુ શરીઅતના કાયદાની રૂએ ચોથો ગવાહ ન હોવાના કારણે તેના ઉપર શરીઅતની હદ (સજા) લાગુ નહીં થાય પરંતુ તેનો એ અર્થ નથી કે, તે વ્યભિચારીને ખુલ્લી છૂટ આપવામાં આવે, બલકે, જે તે સમયનો ઈસ્લામી શરીઅતનો શાસક તેને યોગ્ય તા'ઝીરી સજા આપશે, જે કોરડા લગાવવાના સ્વરૂપમાં હશે અથવા ચોરીની સાબિતી માટે જે શરતો નક્કી છે, તેમાં કોઈ સુધારો અથવા શંકા પેદા થવાના કારણે તેના ઉપર શરીઅતની હદ એટલે કે, હાથ કાપવાની સજા લાગુ નથી પાડી શકાતી, ત્યારે તેનો એ અર્થ નથી કે, તે બિલકુલ સ્વતંત્ર થઈ ગયો. બલકે, તેને અન્ય તા'ઝીરી સજાઓ પરિસ્થિતિઓ અનુસાર આપી શકાય છે.

"કિસાસ"ની સજા પણ "હુદૂદ"ની જેમ કુર્આનમાં નક્કી છે કે, જીવના બદલામાં જીવ લેવામાં આવશે અને ઈજાના બદલામાં તે પ્રમાણેની ઈજા આપવાની સજા આપવામાં આવશે. પરંતુ તફાવત એ છે કે, હુદૂદને અલ્લાહ તઆલાની નક્કી કરેલી સજા સ્વરૂપે લાગુ પાડવામાં આવી છે. જો હકદાર માણસ મા'ફ કરવા ઈચ્છે તો પણ તે મા'ફ નહીં થાય અને સજા રદ નહીં થાય. દાખલા તરીકે, જેનો માલ ચોરી કર્યો છે, તે મા'ફ પણ કરી દે તો ચોરીની શરઈ સજા મા'ફ નહીં થાય. એનાથી વિપરીત કિસાસની સજા કે તેને બંદાના હક સ્વરૂપે કુર્આન અને સુન્નતે હુદૂદથી ઉપરવટ ઠરાવ્યું છે. એ જ કારણ છે કે, હત્યાનો ગુનોહ હત્યારા ઉપર સાબિત થઈ ગયા પછી પણ અધિકાર મરણ પામેલ વ્યક્તિના વારસદારોના હવાલે કરવામાં આવે છે કે, તે ઈચ્છે તો કિસાસ (વળતર) લઈ લે અને જો તે ઈચ્છે તો હત્યારાને ઈસ્લામી શરીઅતના માધ્યમથી મૌતની સજા અપાવે અથવા તો બિલકુલ મા'ફ કરી દે.

એ જ પ્રમાણે ઈજાના કિસાસમાં પણ આવી જ પરિસ્થિતિ છે. આ વાત તમે આ અગાઉ જાણી ચૂક્યા છો કે, 'હદ' અથવા 'કિસાસ' રદ થઈ જવાથી એ જરૂરી નથી કે, ગુનેહગારને ખુલ્લી છૂટ મળી જાય બલકે, જે તે સમયનો શાસક તેને તા'ઝીરી સજા જેટલી યોગ્ય સમજે, આપી શકે છે. એટલા માટે એ શંકા ન કરવી જોઈએ કે, હત્યાનો ગુનેહગાર તેના હાથે હત્યા થયેલ વારસદારોના મા'ફ કરવાથી છોડી દેવામાં આવે. જો આવું થશે તો હત્યારાઓની હિમ્મત વધી જશે અને હત્યાની વારદાતો સામાન્ય થઈ જશે. કારણ કે, તે વ્યક્તિનો જીવ લેવો તો 2

જેની હત્યા થઈ છે તેના વારસદારોનો હક હતો, પરંતુ તેમણે તો મા'ફ કરી દીધું પરંતુ હવે જે તે સમયની ઈસ્લામિક સરકાર બીજા લોકોની સુરક્ષા માટે એ અધિકાર ધરાવે છે કે, તેને આજીવન કેદની સજા આપીને આ ભયને દૂર કરી આપે.

અહીંયાં સુધી શરીઅતની સજાઓ, હુદૂદ, કિસાસ અને તા'ઝીરાતની ઈસ્લામિક પરિભાષા તથા તેના સંદર્ભમાં જરૂરી જાણકારીનું વર્ણન થયું. હવે, તેના વિશેની આયતોની તફસીર અને હુદૂદની વિગત જોઈ લઈએ. પ્રથમ આયતમાં એવા લોકોની સજાનું વર્ણન છે, જે અલ્લાહ અને રસૂલે કરીમ ﷺ સાથે મુકાબલો અને યુદ્ધ કરે છે અને પૃથ્વીમાં ફસાદ ફેલાવી અરાજકતા ફેલાવે છે.

અહીંયાં પ્રથમ વાત વિચારવા યોગ્ય એ છે કે, અલ્લાહ અને રસૂલ ﷺ સાથે યુદ્ધ અને પૃથ્વી ઉપર ફસાદ ફેલાવવાનો શું અર્થ છે ? અને કોણ લોકો તેના હુકમ હેઠળ આવે છે ? શબ્દ مُحَارَبَة એ શબ્દ حَرْبٌ થી બન્યો છે અને તેનો અસલી અર્થ "મિટાવી દેવું" અથવા "ઝૂંટવી લેવું" થાય છે અને રૂઢિપ્રયોગમાં આ શબ્દ سَلْم ના વિરુદ્ધાર્થી તરીકે ઉપયોગ થાય છે, જેનો અર્થ "શાંતિ અને સલામતી" છે. હવે, જાણ થઈ કે حَرْبٌ નો અર્થ "અશાંતિ અને અરાજકતા ફેલાવવા"નો થાય છે. દેખીતું છે કે, એકાદ-બે હત્યા અથવા ચોરીની ઘટનાઓ જાહેર શાંતિના ભંગનું કારણ નથી બનતી બલકે, આવી પરિસ્થિતિ ત્યારે જ ઊભી થાય છે, જ્યારે કે, કોઈ શક્તિશાળી ગૃપ, ડાકુગીરી અથવા હત્યા કરવા માટે ઊભી થાય. એટલા જ માટે ફુક્હાએ આ સજાના હકદાર ફક્ત તે ગેંગ અથવા વ્યક્તિને ઠરાવ્યા છે, જે શસ્ત્રસજ્જ થઈને સામાન્ય નાગરિકોને લૂંટે છે અને હુકૂમતના કાયદા-કાનૂનોને પોતાની શક્તિથી તોડવા ઈચ્છે છે, જેને બીજા શબ્દોમાં "બગાવત" (વિદ્રોહ) પણ કહેવામાં આવે છે. સામાન્ય વ્યક્તિગત અપરાધ કરનાર ચોર અથવા ખિસ્સાકાતરુ વગેરે તેમાં સામેલ નથી.

(તફસીરે મઝહરી)

બીજી વાત અત્રે એ ધ્યાન આપવા યોગ્ય છે કે, આ આયતમાં مُحَارَبَة નો અલ્લાહ અને રસૂલે કરીમ ﷺ સાથે સંબંધ જોડવામાં આવ્યો છે. જ્યારે કે ડાકુગીરી અથવા બગાવત કરનાર જેઓ ઈસ્લામી શાસનનો મુકાબલો અથવા

બળવો કરે છે તે નાગરિકો ઉપર અત્યાચાર કરે છે, પરંતુ જ્યારે કોઈ શક્તિશાળી ગેંગ સંપૂર્ણ બળપૂર્વક અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺના કાયદાઓને તોડવા ઈચ્છે છે, તો જો કે જાહેરમાં તેમનો મુકાબલો સામાન્ય જનતા અને નાગરિકો વચ્ચે હોય છે, પરંતુ વાસ્તવમાં તેમનું યુદ્ધ હુકૂમત સામે જ હોય છે અને ઈસ્લામી હુકૂમતમાં અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના કાનૂન લાગુ પાડવામાં આવ્યા હોય ત્યારે તેમણે આ ડાકુગીરી અને બગાવત પણ અલ્લાહ અને રસૂલે કરીમ ﷺ સાથે જ કરેલી કહેવાશે.

ખુલાસો એ છે કે, પ્રથમ આયતમાં જે સજાનું વર્ણન છે, તે એવા ડાકુઓ અને બાગીઓ ઉપર લાગુ પડે છે, જેઓ પોતાની સામૂહિક શક્તિ સાથે આક્રમણ કરીને જાહેર શાંતિ અને સલામતીનો ભંગ કરે છે અને હુકૂમતના કાયદાઓને જાહેરમાં તોડવાનો પ્રયત્ન કરે છે અને દેખીતું છે કે, તેના વિવિધ સ્વરૂપો હોઈ શકે છે, જેમકે માલ લૂંટી લેવો, આબરૂ ઉપર હુમલો કરવો, હત્યા કરવી, ખૂનામરકી કરવી.... આ બધું જ તેના ભાવાર્થમાં સામેલ છે. એટલે مقاتله અને محاربه શબ્દ વચ્ચેના તફાવતની જાણ થઈ કે, શબ્દ مُقَاتَلَة (મુકાતલહ) ખૂનરેજ લડાઈઓને કહેવામાં આવે છે. ભલે તેમાં કોઈની હત્યા થાય કે ન થાય અને ભલે તેમાં માલ લૂંટાય કે ન લૂંટાય અને શબ્દ مُحَارَبَة (મુહારબહ) બળપૂર્વક અશાંતિ ફેલાવી જાહેર સલામતીનો ભંગ કરી અરાજકતા ફેલાવવાનું નામ છે. એટલા માટે આ શબ્દ સામૂહિક શક્તિથી સામાન્ય જનતાના જાન-માલ અને આબરૂમાંથી કોઈ વસ્તુ ઉપર આક્રમણ કરવા માટે ઉપયોગ થાય છે, જેને લૂંટફાટ, ડાકુગીરી અથવા બગાવત વગેરેથી ઓળખવામાં આવે છે.

આ ગુનાહની સજા કુર્આને કરીમે પોતે નક્કી કરી છે અને અલ્લાહના હક અનુસાર સરકારી અપરાધ તરીકે પણ લાગુ પાડી છે, જેને શરીઅતની પરિભાષામાં "હદ" (સજા) કહેવામાં આવે છે. હવે, સાંભળો કે, ડાકુગીરી અને લૂંટમારની શરઈ સજા શું છે ? પ્રસ્તુત આયતમાં લૂંટમારની ચાર સજાઓ નક્કી કરવામાં આવી છે.

اَنْ يُّقَتَّلُوْٓا اَوْ يُصَلَّبُوْٓا اَوْ تُقَطَّعَ اَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ مِّنْ خِلَافٍ اَوْ يُنْفَوْا مِنَ الْاَرْضِ

એટલે કે, "તેમને કતલ કરવામાં આવે અથવા શૂળી (ફાંસી)એ ચઢાવવામાં આવે, અથવા તેમના હાથ અને પગ વિરુદ્ધ દિશાએથી કાપી નાંખવામાં આવે અથવા

તેમને દેશ નિકાલો આપવામાં આવે.'' તેમાંથી પ્રથમ ત્રણ સજાઓમાં مُبَالَغَة (મુબાલગા)નો શબ્દ بَابِ تَفْعِيل (બાબે તફઈલ)થી ઉપયોગ થયો છે, જે تَكْرَارِ فِعْل (તકરારે ફિઅ્લ) કોઈ કાર્યને વારંવાર અને સાતત્ય જાળવી સખત રીતે કરવામાં આવતું હોવાની દલીલ કરે છે, તેમાં બહુવચનના ક્રિયાપદનો ઉપયોગ કરીને એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે, તેમને કતલ કરવા અથવા શૂળી ઉપર ચઢાવવા અથવા હાથ-પગ કાપવા સામાન્ય સજાઓની જેમ નથી કે, જે પ્રમાણે કોઈ એક વ્યક્તિ ઉપર અપરાધ સાબિત થવાથી ફક્ત તે વ્યક્તિ ઉપર સજા લાગુ પાડવામાં આવે છે. બલકે, આ ગુનોહ કોઈ (ડાકુની) ગેંગમાંથી કોઈ એક વ્યક્તિથી પણ થઈ ગયો તો પૂરે-પૂરી આખી ગેંગને કતલ કરવા અથવા શૂળીએ ચઢાવવા અથવા હાથ-પગ કાપવાની સજા આપવામાં આવશે.

વળી, આનાથી એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે, આ કતલ કરવું અથવા શૂળીએ ચઢાવવું વગેરે કિસાસ સ્વરૂપે નથી કે, જેમાં માર્યા ગયેલ વ્યક્તિના વારસદારોના મા'ફ કરવાથી મા'ફ થઈ જશે. બલકે, આ શરઈ હદની સજા અલ્લાહ તઆલાએ લાગુ પાડેલ હદ સ્વરૂપે આપવામાં આવશે. જે લોકોને નુકસાન પહોંચાડ્યું છે જો તેઓ મા'ફ પણ કરી દે તો પણ શરઈ રૂએ તેમની સજા મા'ફ થશે નહીં. આ બંને હુકમો تَفْعِيل ના ક્રિયાપદમાં ઉલ્લેખ કરવાથી નક્કી થાય છે. *(તફસીરે મઝહરી વગેરે)*

ડાકુગીરીની આ ચાર સજાઓ શબ્દ أَوْ (અવ) સાથે વર્ણન થઈ છે, જે અમુક વસ્તુઓમાં અધિકાર આપવા માટે પણ ઉપયોગ થાય છે અને કોઈ વસ્તુની વહેંચણી માટે પણ; એટલા માટે ઉમ્મતના ફુક્હા, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના એક સમૂહે શબ્દ أَوْ (અવ)ને પસંદગી કરવાના અર્થમાં ઠરાવીને નક્કી કર્યું છે કે, આ ચાર સજાઓમાં ઈમામ અથવા અમીરને શરઈ રીતે અધિકાર આપવામાં આવ્યો છે કે, ડાકુઓની તાકાત તેમના ગુનાહોની અને અપરાધોની કક્ષા તથા તેમણે લોકોમાં ફેલાવેલા ભયને નજર સમક્ષ રાખી તેમની પરિસ્થિતિ પ્રમાણે તેમના માટે આ ચાર સજાઓમાંથી કોઈ એક લાગુ કરે.

સઈદ બિન મુસયબ (રદિ.), અતાઅ્ (રદિ.), હસન બસરી, ઝહ્હાક, નખઈ, મુજાહિદ (રહ.) અને ચારે ઈમામો (રહ.)માંથી ઈમામ માલિક (રહ.)નો

પણ આ જ મત છે અને ઈમામ અબૂ હનીફા, ઈમામ શાફઈ અને ઈમામ અહમદ બિન હમ્બલ (રહ.) તથા સહાબાના એક સમૂહ અને તાબિઈન (રહ.)એ શબ્દ اَوْ (અવ)ને આ જગ્યાએ વહેંચણી કરી પસંદગી કરવાના અર્થમાં લાવીને આયતનો ભાવાર્થ એ ઠરાવ્યો છે કે, દરેક ડાકુ અને ચોર-લૂંટારાઓની વિવિધ પરિસ્થિતિઓમાં વિવિધ સજાઓ નક્કી છે, તેનું સમર્થન એક હદીષથી પણ થાય છે, જેમાં ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે, "રસૂલુલ્લાહ ﷺએ અબૂ બુરદહ અસ્લમી સાથે સુલેહનો કરાર કર્યો હતો, પરંતુ તેણે કરારભંગ કર્યો અને અમુક લોકો મુસલમાન થવા માટે મદીના તય્યિબહ આવી રહ્યા હતા તેમને લૂંટી લીધા. આ ઘટનામાં જિબ્રઈલ અમીન (અલૈ.) આ સજાનો હુકમ લઈને નાઝિલ થયા કે, જે વ્યક્તિ કોઈને કતલ કરે અને માલ પણ લૂંટી લે, તેને શૂળીએ ચઢાવવામાં આવે અને જેણે ફક્ત હત્યા કરી અને માલ ન લૂંટયો તેને કતલ કરવામાં આવે અને જેણે કોઈ હત્યા ન કરી ફક્ત માલ લૂંટી લીધો, તેના હાથ અને પગ વિરોધી દિશાએથી કાપી નાંખવામાં આવે અને જે તેમનામાંથી મુસલમાન થઈ જાય, તેમનો ગુનોહ મા'ફ કરી દેવામાં આવે અને જેણે હત્યા અને ખૂનામરકી કશું જ ન કર્યું, ફક્ત લોકોને ડરાવ્યા જેનાથી જાહેર શાંતિ અને સલામતીનો ભંગ થયો, તેને દેશ નિકાલો આપવામાં આવે. જો તે લોકોએ દારુલ ઈસ્લામમાંથી કોઈ મુસલમાન અથવા ગેરમુસ્લિમ નાગરિકની હત્યા કરી છે પરંતુ માલ નથી લૂંટયો તો તેમની સજા اَنْ يُّقَتَّلُوْٓا એટલે કે, તે બધાને કતલ કરી નાંખવામાં આવે. જો કે, હત્યા કરવાનું કૃત્ય પ્રત્યક્ષ રીતે ફક્ત અમુક લોકોએ જ કર્યું હોય અને જો કોઈ ડાકુઓ કોઈની હત્યા પણ કરે અને માલ પણ લૂંટે તો તેમની સજા اَوْ يُصَلَّبُوْٓا છે. એટલે કે, તેમને શૂળીએ ચઢાવવામાં આવે, જેનું સ્વરૂપ એ છે કે, તેમને જીવતા શૂળીએ લટકાવી દેવામાં આવે, પછી ભાલા વગેરેથી પેટ ચીરી નાંખવામાં આવે અને જો તે લોકોએ ફક્ત માલ લૂંટયો છે, કતલ નથી કર્યા તો તેમની સજા اَنْ تُقَطَّعَ اَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ مِّنْ خِلَافٍ છે. એટલે કે, તેમનો જમણો હાથ કાડાંઓ પરથી અને ડાબો પગ ઘૂંટી પરથી કાપી નાંખવામાં આવે અને તેમાં પણ આ માલ લૂંટવાનું કૃત્ય અમુક પ્રત્યક્ષ રીતે કર્યું હોય, ત્યારે પણ સજા આ રીતે આખી (ડાકુઓની) ગેંગ માટે સરખી હશે. કારણ કે, કામ કરનારાઓએ જે કંઈ કર્યું છે તે પોતાના સાથીઓની મદદ, સહકાર અને ભરોસાથી કર્યું છે. એટલા

માટે બધા જ આ ગુનાહમાં સામેલ છે. અને જો હજુ સુધી હત્યા અને ખૂનામરકીનો કોઈ ગુનોહ તેમણે કર્યો નથી અને તે પહેલાં જ તે લોકો પકડાઈ ગયા, તો તેમની સજા اَوْ يُنْفَوْا مِنَ الْاَرْضِ છે, એટલે કે તેમને દેશનિકાલો આપવામાં આવે.

દેશનિકાલો આપવાનો અર્થ ફુકહાના એક સમૂહના મતે એ છે કે, તેમને દારુલ ઈસ્લામમાંથી કાઢી મૂકવામાં આવે અને અમુકના મતે એ છે કે, જે સ્થળ ઉપર લૂંટફાટ કરી છે, ત્યાંથી કાઢી મૂકવામાં આવે. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ આ પ્રકારની ઘટનાઓમાં એ ફેંસલો કર્યો હતો કે, જો ગુનેહગારને ત્યાંથી કાઢીને અન્ય શહેરોમાં સ્વતંત્ર છોડી દેવામાં આવશે, તો ત્યાં આ લોકોને પણ તેઓ સતાવશે. એટલે આવા અપરાધીઓને જેલખાનામાં બંધ કરી દેવા જોઈએ. અત્રે તેમને જમીનમાંથી કાઢી મૂકવાની જે વાત કહેવામાં આવી છે, તેનો અર્થ એ છે કે, જમીન ઉપર ક્યાંય સ્વતંત્ર હરવા-ફરવા ન દેવા. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ પણ આ જ અભિપ્રાયને અપનાવ્યો છે.

રહ્યો સવાલ એ કે, આ રીતે સશસ્ત્ર આક્રમણો આજકાલ સામાન્ય રીતે ફક્ત માર-ધાડ કે લૂંટફાટ કે હત્યા અથવા ખૂનામરકી સુધી પૂરતા નથી રહ્યા. બલકે, મોટે ભાગે સ્ત્રીઓની આબરૂ લૂંટવામાં આવે છે તથા અપહરણ વગેરેની ઘટનાઓ પણ બનતી રહે છે અને કુર્આન મજીદનું વાક્ય وَيَسْعَوْنَ فِى الْاَرْضِ فَسَادًا આ પ્રકારના બધા જ ગુનાહોને સામેલ કરે છે, હવે આવા દોષીઓ કઈ સજાના હકદાર રહેશે ? તેમાં દેખીતું છે કે, ઈમામ અને અમીર (શાસક)ને અધિકાર છે કે, તે ચારે સજાઓમાંથી પરિસ્થિતિ અનુસાર જે યોગ્ય હશે, તે લાગુ પાડશે અને વ્યભિચારની શરઈ સાબિતી મળી જાય તો વ્યભિચારની હદ પણ લાગુ પાડવામાં આવશે.

એ જ પ્રમાણે જો સ્વરૂપ એવું હોય કે, ન તો કોઈની હત્યા કરી હોય, ન જ માલ લૂંટ્યો હોય પરંતુ અમુક લોકોને ઘાયલ કર્યા હોય તો ઘાયલનો ક્રિસાસ કાયદા પ્રમાણે લાગુ કરવામાં આવશે. *(તફસીરે મઝહરી)*

છેલ્લી આયતમાં ફરમાવ્યું, ذٰلِكَ لَهُمْ خِزْىٌ فِى الدُّنْيَا وَلَهُمْ فِى الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ એટલે કે, "આ શરઈ સજાઓ જે દુનિયામાં તેમના ઉપર લાગુ

પાડવામાં આવી છે, તે તો તેમના માટે દુનિયાનું અપમાન છે અને સજાનો એક નમૂનો છે અને આખિરતની સજા તેનાથી પણ વધારે કઠોર અને લાંબા ગાળાની છે." એનાથી જાણ થઈ કે, દુનિયાની સજાઓ કિસાસ તથા તા'ઝીરાતથી તવબહ વિના આખિરતની સજા મા'ફ નથી થતી. હા ! સજા પામેલ વ્યક્તિ જો દિલથી તવબહ કરી લે, તો મા'ફ થઈ જશે.

બીજી આયત إِلَّا الَّذِينَ تَابُوا مِن قَبْلِ أَن تَقْدِرُوا عَلَيْهِمْ માં એક અપવાદ વર્ણન કરવામાં આવ્યો છે, તે એ છે કે, ડાકુ અને બાગી સરકાર દ્વારા ધરપકડ થતા પહેલાં અને તેના ઉપર કાબૂ મેળવતા પહેલાં જ્યારે કે તે સ્વતંત્ર અને પોતાની શક્તિ ઉપર ડટેલો છે, એવી પરિસ્થિતિમાં જો તે ડાકુગીરીથી તવબહ કરી લે અને ડાકુગીરી છોડી દે, તો તેના ઉપરની શરઈ હદ રદ થઈ જશે અને આ અપવાદ સામાન્ય કાયદાઓ અને હુદૂદથી અલગ છે. કારણ કે, અન્ય અપરાધો જેમકે ચોરી, વ્યભિચાર વગેરેમાં ગુનોહ કર્યા પછી અને કાજીની અદાલતમાં તે ગુનોહ સાબિત થઈ ગયા પછી પણ જો અપરાધી સાચા દિલથી તવબહ પણ કરી લે, તો ભલે તેની તવબહથી આખિરતની સજા મા'ફ થઈ જશે પરંત દુનિયામાં "શરઈ હદ" મા'ફ નહીં થાય. જેમકે અમુક આયતો પછી ચોરીની સજાના વિષય હેઠળ એનું વિગતવાર વર્ણન આવશે.

આ અપવાદની હિકમત એ છે કે, એક બાજુ ડાકુની સજામાં આવી કડકાઈ અપનાવવામાં આવી છે કે, આખી ગેંગમાંથી કોઈ એકે પણ કોઈ એક પણ ગુનોહ કર્યો હોય તો તેની સજા આખી ગેંગને આપવામાં આવે છે. એટલા માટે બીજી બાજુ આ અપવાદ દ્વારા મા'મલો હળવો કરી દેવામાં આવ્યો કે, તવબહ કરી લો તો દુનિયાની સજા પણ મા'ફ થઈ જશે, આ બાબતમાં એક રાજકીય મસ્લિહત (ડિપ્લોમેસી) પણ છે.... કે, એક શક્તિશાળી ગ્રૃપ ઉપર દરેક સમયે કાબૂ મેળવવો સરળ નથી હોતું. એટલા માટે તેમને ગુનોહ છોડવાથી પ્રોત્સાહન આપવા અને પ્રેરિત કરવા માટે આ દરવાજો ખુલ્લો રાખવામાં આવ્યો છે કે, જેથી તેઓ તવબહ તરફ કેન્દ્રિત થઈ જાય અને શરણે આવી જાય.

વળી, એમાં એ પણ મસ્લિહત છે કે, કોઈ વ્યક્તિને કતલ કરવો એ અંતિમ કક્ષાની સજા છે, એમાં ઈસ્લામી કાયદાઓનું વલણ એ છે કે, તે ઓછામાં

ઓછી લાગુ પાડવામાં આવે અને જ્યારે કે, લૂંટમારના કિસ્સામાં એક આખી ડાકુઓની ગેંગને કતલ કરવું જરૂરી હોય છે. એટલા માટે લૂંટફાટ છોડવાનું પ્રોત્સાહન આપવાના હેતુથી તેમની સુધારણાનું આમંત્રણ પણ સાથે-સાથે આ રીતે લાગુ પાડવામાં આવ્યું, એનો જ એ પ્રભાવ અને અસર હતી કે, અલી અસદી જે મદીના તય્યિબહની પાસે એક ગેંગ બનાવીને આવનારા-જનારાઓ ઉપર લૂંટમાર કરતો હતો; એક દિવસે કાફલામાં કોઈ કારીના મુખેથી આ આયત તેના કાનમાં પડી يٰعِبَادِىَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ અને એ સાંભળી તે કારીની પાસે પહોંચ્યા અને તેમને ફરીવાર આયત પઢવાની દરખાસ્ત કરી, બીજી વખતે આ આયત સાંભળીને તરત જ પોતાની તલવાર મ્યાનમાં નાંખી દીધી અને ડાકુગીરીથી તવબહ કરીને મદીના તય્યિબહ પહોંચ્યા, તે વખતે મદીના ઉપર મરવાન બિન હકમ શાસક હતો. હઝરત અબૂહુરયરહ (રદિ.) તેમને તેમનો હાથ પકડીને મદીનાના અમીર પાસે લઈ ગયા અને કુર્આનની પ્રસ્તુત આયત પઢીને ફરમાવ્યું કે, તમે આ વ્યક્તિને કોઈ સજા નથી આપી શકતા.

હુકૂમત પણ તેમની અરાજકતા અને ડાકુગીરીથી લાચાર થઈ ગઈ હતી, માટે બધાને તેની ડાકુગીરી છોડવાની ઘોષણાનો આનંદ થયો.

એ જ પ્રમાણે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુના સમયકાળમાં પણ હારિષા બિન બદ્ર બળવો કરીને નીકળી ગયા અને ખૂનામરકીનો ધંધો અપનાવી લીધો, પરંતુ પાછળથી અલ્લાહ તઆલાએ તવફીક આપી અને તવબહ કરીને પાછા વળ્યા, ત્યારે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ તેમના ઉપર શરઈ હદ (સજા) લાગુ ન કરી.

અત્રે આ વાત વિચારવા અને યાદ રાખવા યોગ્ય છે કે, શરઈ હદ મા'ફ થઈ જવાથી એ જરૂરી નથી બની જતું કે, હુકૂકુલ ઈબાદ (બંદાના હકો) જે તેમણે બરબાદ કર્યા હતા, તે પણ મા'ફ થઈ જાય છે. બલકે, તેમને જે કોઈનો પણ માલ લૂંટી લીધો છે તે માલ તેને પાછો આપવો જરૂરી છે. જો કોઈની હત્યા કરી છે અથવા ઘાયલ કર્યો છે, તો તેનો કિસાસ (વળતર) તેના ઉપર જરૂરી છે. અલબત્ત, કારણ કે કિસાસ હુકૂકુલ ઈબાદ છે, તો માર્યા ગયેલાના વારસદારો અથવા જેમનો અધિકાર છે, તે મા'ફ કરી દે તો મા'ફ થઈ જશે અને જે કોઈ આર્થિક નુકસાન કોઈને પહોંચાડ્યું છે, તેનું વળતર આપીને તે મા'ફ કરાવવું જરૂરી છે. ઈમામે

આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને જમહૂર ફુક્હાનો આવો જ અભિપ્રાય છે અને જો વિચાર કરવામાં આવે તો એ બાબત દેખીતી છે કે, હુકૂકુલ ઈબાદ અદા કરીને મુક્ત થવું પોતે જ તવબહનો એક ભાગ છે, તેના વિના તવબહ સંપૂર્ણ જ નથી થતી. એટલા માટે કોઈ ડાકુની તવબહ તે સમય સુધી તવબહ માનવામાં નહીં આવે, જ્યાં સુધી કે તે હુકૂકુલ ઈબાદને અદા કરીને મા'ફ ન કરાવી લે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૩૫ થી ૪૦)

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابْتَغُوْٓا اِلَيْهِ الْوَسِيْلَةَ وَجَاهِدُوْا فِيْ سَبِيْلِهٖ

لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٣٥﴾ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا لَوْ اَنَّ لَهُمْ مَّا فِي الْاَرْضِ جَمِيْعًا وَّمِثْلَهٗ

مَعَهٗ لِيَفْتَدُوْا بِهٖ مِنْ عَذَابِ يَوْمِ الْقِيٰمَةِ مَا تُقُبِّلَ مِنْهُمْ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٣٦﴾

يُرِيْدُوْنَ اَنْ يَّخْرُجُوْا مِنَ النَّارِ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنْهَا ۫ وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿٣٧﴾

وَالسَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا نَكَالًا مِّنَ

اللّٰهِ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٣٨﴾ فَمَنْ تَابَ مِنْۢ بَعْدِ ظُلْمِهٖ وَاَصْلَحَ فَاِنَّ اللّٰهَ يَتُوْبُ عَلَيْهِ ؕ

اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٣٩﴾ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ

يُعَذِّبُ مَنْ يَّشَآءُ وَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٤٠﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરતા રહો અને એના સુધી "વસીલહ" ઢૂંઢો, અને એના માર્ગમાં જિહાદ કરો જેથી તમારું ભલું થાય. (૩૫) જે લોકો કાફિર છે જો તેમની પાસે જમીનમાં જે કંઈ છે બધું હોય અને એની સાથે એટલું જ બીજું હોય જેથી પોતાના બદલામાં આપે કયામતના દિવસે અઝાબથી, તો તેમની પાસેથી સ્વીકારાશે નહીં, અને તેમના માટે અઝાબ દર્દનાક છે. (૩૬) ઈચ્છશે કે આગથી નીકળી જાય અને તેઓ એનાથી નીકળનારા નથી, અને તેમના માટે અઝાબ કાયમી છે. (૩૭) અને ચોરી

કરનાર પુરુષ અને ચોરી કરનારી સ્ત્રી; કાપી નાંખો એમના હાથ એમની કમાણીની સજામાં, અલ્લાહ તરફથી શિક્ષા છે; અને અલ્લાહ ગાલિબ (વર્ચસ્વ ધરાવનાર) હિકમતવાળો છે. (૩૮) પછી જેણે તવબહ કરી પોતાના જુલમ પછી, અને સુધારણા કરી તો અલ્લાહ તઆલા એની તવબહ કબૂલ કરે છે; બેશક ! અલ્લાહ મહાન બખ્શનારો મહેરબાન છે. (૩૯) તમને ખબર નથી ? કે અલ્લાહના જ માટે છે આસમાનો અને જમીનની સલતનત, જેને ચાહે અઝાબ કરે અને જેને ચાહે બખ્શે; અને અલ્લાહ બધી વસ્તુઓ ઉપર કાદિર (શક્તિ ધરાવનાર) છે. (૪૦)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલા(ના હુકમોનો વિરોધ કરવા)થી ડરો (એટલે કે ગુનાહો છોડી દો) અને (આજ્ઞાપાલન દ્વારા) અલ્લાહ તઆલાની નિકટતા (વસીલો) ઢૂંઢો (એટલે કે, જરૂરી હુકમોના પાબંદ રહો) અને (જરૂરી હુકમોમાં ખાસ કરીને) અલ્લાહ તઆલાના માર્ગમાં જિહાદ કરો, આશા છે કે (આવી રીતે) તમે (સંપૂર્ણ) સફળતા પામી લો (અને સફળતા અલ્લાહ તઆલાની રજામંદીથી પ્રાપ્ત થાય છે અને દોઝખથી છુટકારો મળે છે); ખરેખર, જે લોકો કાફિર છે જો (ધારી લો કે,) તેમના(માંથી દરેક) પાસે દુનિયાભરની બધી જ વસ્તુઓ હોય (જેમાં બધા જ જાહેર–ગુપ્ત ખજાનાઓ પણ આવી ગયા) અને (તે વસ્તુઓની શું વાત ? બલકે,) આ વસ્તુઓની સાથે એટલી જ અન્ય વસ્તુઓ પણ હોય, જેથી તે તેને (બદલા તરીકે) કયામતના દિવસે આપીને અઝાબથી છૂટી જાય, તો પણ તે વસ્તુઓ કદાપિ તેમની પાસેથી સ્વીકારવામાં નહીં આવે (અને તેઓ અઝાબથી નહીં બચી શકે, બલકે) તેમને દર્દનાક અઝાબ થશે (પછી અઝાબમાં દાખલ થઈ ગયા પછી તેઓ) એ બાબતની ઈચ્છા (અને તમન્ના) કરશે કે, દોઝખમાંથી (કોઈપણ રીતે) નીકળી જઈએ અને (એ ઈચ્છા ક્યારેય પૂરી થશે નહીં) તે તેમાંથી કદાપિ નીકળનારા નથી અને તેમનો અઝાબ કાયમી હશે (એટલે કે, સજા ટાળવાની તેમની કોઈ યુક્તિ ચાલશે નહીં અને ન જ તેમને સજાથી છુટકારો મળશે).

અને જે પુરુષ ચોરી કરે અને (એ જ પ્રમાણે) જે સ્ત્રી ચોરી કરે, બસ (તેમનો હુકમ એ છે કે, હે શાસકો !) તે બંનેના જમણા હાથ (કાંડા પરથી) કાપી

નાંખો તેમના (એ ચોરીના) કૃત્યના બદલામાં (અને આ બદલો) સજા તરીકે (છે) અલ્લાહ તરફથી; અને અલ્લાહ તઆલા ઘણો શક્તિશાળી છે (જે સજા ઇચ્છે નક્કી કરી દે અને) મહાન હિકમતવાળો છે (કે યોગ્ય જ સજા નક્કી કરે છે). પછી જે વ્યક્તિએ (શરીઅતના કાયદા પ્રમાણે) તવબહ કરી પોતાના આ અતિરેક (એટલે કે ચોરી) કર્યા પછી અને (હવે પછીના સમય માટે) અમલોને ઠીકઠાક રાખે (એટલે કે ચોરી વગેરે ન કરે, પોતાની તવબહ ઉપર કાયમ રહે) તો બેશક ! અલ્લાહ તઆલા તેના (હાલ) ઉપર (રહમતની સાથે) ધ્યાન આપશે (કે તવબહથી પાછલા ગુનાહો મા'ફ ફરમાવી દેશે અને તવબહ ઉપર કાયમ રહેવાના કારણે વધારે અર્પણ કરશે) બેશક ! અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનારો છે (કે તેના ગુનાહો મા'ફ કરી દીધા) મહાન રહમતવાળો છે (કે હવે પછી વધારે અર્પણ કરશે, હે સાંભળનાર !) શું તું નથી જાણતો (એટલે કે, બધા જ જાણે છે) કે અલ્લાહ માટે જ સાબિત છે હુકૂમત બધા આસમાનોની અને જમીનની ! તે જેને ઇચ્છે સજા આપે અને જેને ઇચ્છે મા'ફ કરી આપે અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કુદરત (કાબૂ) ધરાવે છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોથી અગાઉ આવી ચૂકેલી આયતમાં લૂંટફાટ અને બગાવતની શરઈ સજાઓ અને તેના હુકમો વિગતવાર આવ્યા હતા અને આગળ ત્રણ આયતો પછી ચોરીની સજાનું વર્ણન આવ્યું છે. વચ્ચેની ત્રણ આયતોમાં આજ્ઞાપાલન, અલ્લાહની ઇબાદત તથા જિહાદનું પ્રોત્સાહન અને પ્રેરણા આપવાની સાથે-સાથે કુફ્ર અને ગુનાહોની તબાહી વર્ણન કરવામાં આવી છે. કુર્આને કરીમની આ ખાસ શૈલી ઉપર વિચાર કરો, તો જાણ થશે કે કુર્આને કરીમની સામાન્ય વર્ણન શૈલી એવી છે કે, ફક્ત અધિકાર જતાવીને કોઈ સજાની કલમ અથવા કાયદાને વર્ણન કરીને છોડી દેવામાં આવતું નથી. બલકે, એક ઉચ્ચ કક્ષાની કેળવણીના અંદાજથી માનસમાં ઘર કરી ગયેલ ગુનાહોના જંતુઓને સાફ પણ કરવામાં આવે છે. અલ્લાહ તઆલા અને આખિરતનો ડર તથા જન્નતની કાયમી નેઅ્મતો અને રાહતોને રસપ્રદ રીતે વર્ણન કરીને તેનાથી દિલોમાં ગુનાહ પ્રત્યે ધૃણા ઉપજાવવામાં આવે છે. આ જ કારણ છે કે, મોટા ભાગના ગુનાહોના

કાયદાઓ અને સજા પાછળ اِتَّقُوا اللّٰهَ વગેરેનો હેતુ હોય છે. અહીંયાં પણ પ્રથમ આયતમાં ત્રણ બાબતોનો હુકમ આપવામાં આવ્યો છે.

પ્રથમ اِتَّقُوا اللّٰهَ એટલે કે, અલ્લાહ તઆલાથી ડરો. કારણ કે, અલ્લાહનો ડર જ એવી બાબત છે જે મનુષ્યને સાચી રીતે જાહેરમાં અને એકાંતમાં ગુનાહોથી રોકી શકે છે.

બીજો ઈરશાદ છે, وَابْتَغُوْا اِلَيْهِ الْوَسِيْلَةَ એટલે કે, અલ્લાહ તઆલાની નિકટતા (વસીલો) તલાશ કરો. શબ્દ وَسِيْلَهٌ (વસીલહ) એ وَسْلٌ (વસ્લુન) ક્રિયાપદથી બનેલ છે, જેનો અર્થ "મળવાનો" અથવા "જોડવાનો" થાય છે. આ શબ્દ سِيْن (સીન) અને صَاد (સાદ) બંનેથી લગભગ એક જ અર્થમાં આવે છે. ફરક એટલો છે કે, وَصْلٌ (વસ્લુન) જ્યારે صَاد (સુઆદ)થી આવે ત્યારે તેનો અર્થ ફક્ત મળવાનો અથવા જોડવાનો થાય છે અને وَسْلٌ જ્યારે سِيْن (સીન)થી આવે ત્યારે તેનો અર્થ ભાવનાત્મક રીતે મહોબ્બત અને લાગણીથી મળવાનો ઉપયોગ થાય છે.

સિહાહે જોહરી અને મુફરદાતુલ કુર્આનમાં રાગિબ અસ્ફહાનીએ તેની છણાવટ કરી છે, એટલા માટે صَاد (સુઆદ) સાથે وُصْلَه (વુસ્લહ) અને وَصِيْلَه (વસીલહ) દરેક તે વસ્તુને કહેવામાં આવે છે, "જે બે વસ્તુઓ વચ્ચે મેળ-મિલાપ અને જોડ પેદા કરી દે. ભલે તે મેળ-મિલાપ અને જોડ ભાવનાત્મક રીતે અને મહોબ્બતથી હોય અથવા કોઈ અન્ય સ્વરૂપે" અને سِيْن (સીન) સાથે શબ્દ وَسِيْلَهٌ (વસીલહ)નો અર્થ એ છે કે, "જે કોઈને કોઈ અન્ય સાથે મહોબ્બત અને લાગણી સાથે મેળવી આપે." *(લિસાનુલ અરબ, મુફરદાત -રાગિબ)*

અલ્લાહ તઆલા તરફ વસીલહ (માધ્યમ) દરેક તે બાબત છે, જે બંદાને મહોબ્બત અને લાગણી વડે પોતાના મઅ્બૂદની નજીક પહોંચાડી દે. એટલા માટે સલફે સાલિહીન (અગાઉ થઈ ચૂકેલા નેક લોકો)એ આ આયતમાં વસીલહની તફસીર ઈતાઅત, નિકટતા, ઈમાન અને નેક અમલ હોવાની કરી છે. હાકિમની રિવાયત પ્રમાણે હઝરત હુઝયફા (રદિ.)એ ફરમાવ્યું કે, "વસીલહનો અર્થ નિકટતા અને ઈતાઅત છે." અને ઈબ્ને જરીર (રહ.)એ હઝરત અતાઅ્, મુજાહિદ અને હસન બસરી (રહ.) વગેરેથી પણ આવું જ નકલ કર્યું છે.

ઈબ્ને જરીર (રહ.) વગેરેએ હઝરત કતાદહ (રહ.)થી આ આયતની તફસીર આ નકલ કરી છે, تَقَرَّبُوْا اِلَيْهِ بِطَاعَتِهٖ وَالْعَمَلِ بِمَا يُرْضِيْهِ એટલે કે, "અલ્લાહ તઆલા તરફ નજદીકી પ્રાપ્ત કરો, તેની ફરમાંબરદારી અને રજામંદીના કામ કરીને." આથી આ આયતની તફસીરનો ખુલાસો એ થયો કે, "અલ્લાહ તઆલાની નજદીકી તલાશ કરો; ઈમાન અને નેક અમલો દ્વારા."

મુસ્નદે અહમદ (રહ.)ની એક સહીહ હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "વસીલહ જન્નતની એક ઉચ્ચ કક્ષા છે, જેના ઉપર કોઈ દરજ્જો નથી અને અલ્લાહ તઆલાથી દુઆ કરો કે, તે દરજ્જો મને અર્પણ કરે."

સહીહ મુસ્લિમની એક હદીષમાં છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, જ્યારે મુઅઝ્ઝિન અઝાન આપે છે ત્યારે તમે તે જ શબ્દો કહેતા રહો જે મુઅઝ્ઝિન કહે છે, ત્યાર પછી મારા ઉપર દુરૂદ પઢો અને મારા માટે વસીલહની દુઆ કરો."

આ હદીષોથી જાણ થઈ કે, "વસીલહ" જન્નતનો એક ખાસ દરજ્જો છે, જે રસૂલે કરીમ ﷺ માટે વિશિષ્ટરૂપે છે અને પ્રસ્તુત આયતમાં દરેક મો'મિનને વસીલહ માંગવા અને શોધવાનો હુકમ દેખીતી રીતે આ વિશેષતાના નકાર સ્વરૂપે છે, પરંતુ જવાબ સ્પષ્ટ છે કે જે પ્રમાણે હિદાયતનું ઉચ્ચ કક્ષાનું સ્થાન રસૂલે કરીમ ﷺ માટે વિશેષ સ્વરૂપે છે અને આપ ﷺ હંમેશા તેના માટે દુઆ કર્યા કરતા હતા પરંતુ તેના શરૂઆતના અને મધ્યમ કક્ષાના દરજ્જાઓ દરેક મો'મિન માટે સામાન્ય છે. એ જ રીતે વસીલહનો ઉચ્ચ કક્ષાનો દરજ્જો રસૂલે કરીમ ﷺ માટે વિશેષ સ્વરૂપે અને તેના નીચલી કક્ષાના દરજ્જાઓ બધા મો'મિનો માટે રસૂલે કરીમ ﷺ દ્વારા અને માધ્યમથી જ આમ અને જાહેર છે.

હઝરત મુજદ્દીદ અલફે ષાની (રહ.)એ પોતાના પત્રોમાં અને કાજી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.)એ તફસીરે મઝહરીમાં એ બાબત ઉપર ધ્યાન દોર્યું છે કે, "શબ્દ وَسِيْلَةٌ (વસીલહ)માં મહોબ્બત અને લાગણીનો અર્થ સામેલ હોવાના કારણે તેમાં તે તરફ ઈશારો છે કે, વસીલહના દરજ્જાઓમાં પ્રગતિ અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺની મહોબ્બત ઉપર અવલંબિત છે અને મહોબ્બત પેદા થાય છે, સુન્નતની તાબે'દારીથી. કારણ કે, અલ્લાહ તઆલાનો

ઈરશાદ છે, فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ (૩ : ૩૧) એટલા માટે જે કોઈ પોતાની ઈબાદતમાં, વ્યવહારમાં, વર્તણૂકમાં, સમાજમાં અને પોતાના જીવનના બધા જ ક્ષેત્રોમાં જેટલી પણ રસૂલે કરીમ ﷺની તાબે'દારી કરશે એટલી જ અલ્લાહ તઆલાની મહોબ્બત તેને પ્રાપ્ત થશે અને તે પોતે અલ્લાહ તઆલા નજીક મહબૂબ બની જશે અને જેટલી વધારે મહોબ્બત વધશે, એટલી જ અલ્લાહ તઆલાની નિકટતા વધારે પ્રાપ્ત થશે."

શબ્દ "વસીલહ"ની શબ્દકોષ આધારે સ્પષ્ટતા અને સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)ની તફસીરોથી જ્યારે એ જાણ થઈ કે, "દરેક તે વસ્તુ જે અલ્લાહ તઆલાની ખુશી અને નજદીકીનું માધ્યમ બને, તે વ્યક્તિ માટે તે વસ્તુ અલ્લાહ તઆલા નજીક પહોંચવાનો વસીલહ છે," તેમાં જે રીતે ઈમાન અને નેક અમલો પણ સામેલ છે, એ જ પ્રમાણે અંબિયા (અલૈ.) અને નેક લોકોનું સાંન્નિધ્ય અને મહોબ્બત પણ સામેલ છે. કારણ કે, તેઓ પણ અલ્લાહની ખુશીના કારણોમાં સામેલ છે અને એટલા માટે તેમને વસીલહ બનાવીને અલ્લાહ તઆલા પાસે દુઆ કરવી દુરુસ્ત છે. જેમકે, હઝરત ઉમર (રદિ.)એ દુષ્કાળના સમયમાં હઝરત અબ્બાસ (રદિ.)ને વસીલહ બનાવીને અલ્લાહ તઆલા પાસે વરસાદ માંગ્યો ત્યારે અલ્લાહ તઆલાએ તે કબૂલ ફરમાવી.

એક રિવાયતમાં રસૂલે કરીમ ﷺએ પોતે એક નાબીના (આંધળા) સહાબી (રદિ.)ને આ રીતે દુઆ કરવાની સૂચના આપી اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ وَاَتَوَجَّهُ اِلَيْكَ بِنَبِيِّكَ مُحَمَّدٍ نَبِىِّ الرَّحْمَةِ (منار)

પ્રસ્તુત આયતમાં પ્રથમ તકવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે, પછી ઈમાન અને નેક અમલો દ્વારા અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરવાનું ફરમાન, અને છેવટે ઈરશાદ ફરમાવ્યો, وَجَاهِدُوْا فِىْ سَبِيْلِهٖ "જિહાદ કરો અલ્લાહના રસ્તામાં" જો કે, નેક અમલોમાં જિહાદ પણ સામેલ હતો પરંતુ નેક અમલોમાં જિહાદનું ઉચ્ચ સ્થાન બતાવવા માટે તેને અલગથી વર્ણન કરવામાં આવ્યું, જેમકે હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, وَذِرْوَةُ سَنَامِهِ الْجِهَادُ એટલે કે, "ઈસ્લામનું ઉચ્ચ સ્થાન જિહાદ છે." બીજું, આ સ્થળે જિહાદનું મહત્ત્વ વર્ણન કરવાની એ હિકમત પણ છે કે, પાછલી આયતોમાં પૃથ્વી ઉપર ફસાદ,

અરાજકતા ફેલાવવાને હરામ અને નાજાઇઝ ઠરાવી તથા તેની દુનિયવી અને આખિરતની સજાઓ વર્ણન કરવામાં આવી હતી. જિહાદ પણ જાહેર સ્વરૂપે પૃથ્વી ઉપર ફસાદનું સ્વરૂપ લાગે છે. એટલા માટે શક્ય હતું કે, કોઈ નાવાકેફ વ્યક્તિ જિહાદ અને ફસાદનો તફાવત ન સમજી શકે, એટલા માટે પૃથ્વી ઉપર ફસાદ અને અરાજકતાની મનાઈ કર્યા પછી જિહાદનો હુકમ અગત્યતા સાથે વર્ણન કરીને બંનેમાં તફાવત સ્વરૂપે શબ્દ سَبِيْلِه થી ઈશારો ફરમાવ્યો. કારણ કે, લૂંટફાટ, ડાકુગીરી વગેરેમાં જે ખૂનામરકી કરવામાં આવે છે, હત્યાઓ કરવામાં આવે છે, માલ લૂંટવામાં આવે છે, તે ફક્ત પોતાના સ્વાર્થી હેતુઓ અને ઈચ્છાઓ તથા પોતાના નીચ કક્ષાના ધ્યેયો પ્રાપ્ત કરવા માટે હોય છે અને જિહાદની નોબત પણ આવે છે તો તે ફક્ત અલ્લાહ તઆલાના કલિમહને બુલંદ કરવા માટે તથા જુલમ અને અત્યાચારનો નાશ કરવા માટે હોય છે, જેમાં જમીન અને આસમાનનો ફરક છે. બીજી અને ત્રીજી આયતમાં કુફ્ર અને શિર્ક તથા ગુનાહોના મોટા વબાલને એવી શૈલીમાં વર્ણવવામાં આવ્યું છે કે, તેના ઉપર થોડોક જ વિચાર કરવામાં આવે તો તે મનુષ્યના જીવનમાં એક મહાન ક્રાંતિ પેદા કરી શકે છે તથા માનવીને કુફ્ર, શિર્ક, ગુનાહો બધું છોડવા ઉપર મજબૂર કરી દે છે.

તે ક્રાંતિકારી વિચાર આ છે કે, સામાન્ય રીતે મનુષ્ય જે ગુનાહોમાં સપડાયેલો હોય છે, તે પોતાની મનેચ્છાઓ, જરૂરિયાતો અથવા બાલ-બચ્ચાંઓની ઈચ્છાઓની પૂર્તિ માટે હોય છે અને તે બધાનો હેતુ માલ અને દૌલત ભેગી કરવાનો હોય છે. એટલા માટે માલ-દૌલત ભેગી કરવામાં હલાલ અને હરામનો તફાવત કર્યા વિના મંડી પડે છે. આ આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂએ તેની આ ખોટી નીતિરીતિના ઈલાજ માટે ફરમાવ્યું કે, આજે બે-પાંચ દિવસની જિંદગી અને તેની રાહતો માટે જે વસ્તુઓને તમે હજારો મહેનતો અને પ્રયત્નો કરીને ભેગી કરો છો અને આમ છતાં બધું ભેગું નથી થતું. આ નાજાઇઝ લોભ અને લાલસાનું પરિણામ એ આવે છે કે, કયામતનો અઝાબ જ્યારે સામે આવશે તો તે સમયે જો આ લોકો ઈચ્છશે કે, દુનિયામાં પ્રાપ્ત કરેલ માલ-દૌલત અને સઘળો સામાન, બધું જ બદલા અને ફિદિયામાં આપીને પોતાની જાતને અઝાબથી બચાવી લે પરંતુ ત્યાં એ બાબત અશક્ય છે. બલકે, ધારી લો કે, સમગ્ર દુનિયાની માલ-દૌલત અને બધો જ સામાન આ એક વ્યક્તિને મળી જાય. બલકે,

એટલું પૂરતું નથી ધારી લો કે, એટલો જ બીજો માલ પણ તેને મળી જાય અને એ બધાને પોતાની જાતને અઝાબથી બચાવવા માટે ફિદિયો અને વળતર સ્વરૂપે આપી દે, તો પણ આખિરતમાં કોઈ વસ્તુ સ્વીકાર્ય થશે નહીં અને તેને આખિરતના અઝાબથી છુટકારો નહીં મળે.

ત્રીજી આયતમાં એ પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, કાફિરનો આ અઝાબ કાયમી હશે, જેનાથી તે ક્યારેય છુટકારો નહીં મેળવી શકે.

ચોથી આયતમાં પણ અપરાધની સજાઓ નક્કી કરવામાં આવી છે અને ચોરીની શરઈ સજાનું વર્ણન કરવામાં આવ્યું છે. શરઈ સજાઓના ત્રણ પ્રકારો છે, જે અગાઉ વર્ણન થઈ ચૂક્યા છે. ચોરીની સજા તેના "હુદૂદ"ના પ્રકારમાં સામેલ છે, કારણ કે, કુર્આને કરીમે આ સજાને પોતે નક્કી કરી છે. શાસકોની મુનસફી ઉપર છોડવામાં નથી આવ્યું અને અલ્લાહ તઆલાએ પોતે તેને નક્કી કરી છે, એટલા માટે આ સજાને حَدِّ سَرِقَةُ (હદ્દે સરકહ) કહેવામાં આવે છે. આયતમાં ઈરશાદ છે, اَلسَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا نَكَالًا مِّنَ اللّٰهِ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ એટલે કે, "ચોરી કરનાર પુરુષ અને ચોરી કરનાર સ્ત્રીના હાથ કાપી નાંખો તેમના (આ) કૃત્યના બદલામાં; અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે."

અત્રે એ બાબત વિચારવા પાત્ર છે કે, કુર્આનના હુકમોમાં સંબોધન સામાન્ય રીતે પુરુષોને હોય છે અને સ્ત્રીઓને પણ તેમાં સ્વાભાવિક રીતે સામેલ સમજવામાં આવે છે. જેમકે, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત અને અન્ય હુકમોમાં કુર્આન અને સુન્નતનો આ જ સિદ્ધાંત છે પરંતુ ચોરીની સજા અને વ્યભિચારની સજામાં ફક્ત પુરુષોના વર્ણનને પૂરતું સમજ્યું નથી. બલકે, પુરુષ અને સ્ત્રી જાતિ (Gender)ને અલગ-અલગ સંબોધન કરીને હુકમ આપ્યો છે.

તેનું કારણ એ છે કે, હદ (સજા)નો મા'મલો છે, જેમાં થોડી પણ શંકા કે સંદેહ ઉપજે તો તે રદ થઈ જાય છે. એટલા માટે સ્ત્રીઓને પુરુષોના સંબોધનમાં સામેલ સમજવાને પૂરતું સમજવામાં આવ્યું નથી. બલકે, સ્પષ્ટ રીતે સ્ત્રીઓનો ઉલ્લેખ કરીને પણ વર્ણન થયું છે.

બીજી બાબત આ સ્થળે વિચારવા પાત્ર એ છે કે, શબ્દ سَرِقَةٌ નો શાબ્દિક

અર્થ અને શરીઅતની પરિભાષામાં તેની વ્યાખ્યા શું છે ? કામૂસમાં છે કે, કોઈ વ્યક્તિ બીજાનો માલ કોઈ સુરક્ષિત જગ્યાએથી તેની પરવાનગી વિના છુપાવીને લઈ લે, તેને سَـرِقَـةٌ (ચોર) કહેવામાં આવે છે. આ જ તેની શરઈ પરિભાષા છે અને તેમાં વ્યાખ્યાની રૂએ ચોર સાબિત થવા માટે અમુક શરતો જરૂરી છે.

એક એ કે, તે માલ કોઈ વ્યક્તિ અથવા ગૃપની વ્યક્તિગત માલિકીનો હોય. ચોરનારો તેમાં ન તો કોઈ માલિકી ધરાવતો હોય, ન જ તેની માલિકીની શંકા હોય અને ન તો એવી વસ્તુઓ હોય જેમાં સામાન્ય જનતાના હકો સમાન રીતે રહ્યા હોય. જેમકે, કોઈ સાર્વજનિક સંસ્થા અને તેની ચીજવસ્તુઓ, આથી જાણ થાય છે કે કોઈ વ્યક્તિએ કોઈ એવી વસ્તુ લઈ લીધી જેમાં તેની માલિકી અથવા માલિકી હોવાની શંકા છે અથવા જેમાં દરેક નાગરિના હકો સમાન છે, તો حَـدِّ سَـرِقَـةٌ તેના ઉપર ચોરીની હદ લાગુ પાડવામાં નહીં આવે. શાસક પોતાની મુનસફી પ્રમાણે તેને તા'ઝીરી સજા કરી શકે છે.

બીજી વસ્તુ ચોર સાબિત થવા માટે માલ સુરક્ષિત હોવો જરૂરી છે. એટલે કે, કોઈ બંધ મકાન દ્વારા અથવા કોઈ રખેવાળ કે ચોકીદાર દ્વારા માલ સુરક્ષિત હોય, જે માલ કોઈ સુરક્ષિત જગ્યાએ ન હોય તેને કોઈ વ્યક્તિ ઉઠાવી લે તો તે પણ ચોરીની "હદ"ની સજા માટે યોગ્ય નહીં થાય અને માલ સુરક્ષિત હોવામાં શંકા પણ થઈ જાય, ત્યારે પણ સજાની હદ રદ થઈ જશે. ગુનોહ અને તા'ઝીરી સજાનો મા'મલો અલગ બાબત છે.

ત્રીજી શરત, વિના પરવાનગીએ લઈ લીધું હોવું જોઈએ, જે માલ લઈને અથવા ઉઠાવીને વાપરવાની કોઈને પરવાનગી આપી દીધી છે, તે તેને સંપૂર્ણ લઈ લે તો ચોરીની હદ લાગુ નહીં થાય અને પરવાનગીની શંકા પણ પેદા થઈ જાય, તો પણ હદ(ની સજા) રદ થઈ જશે.

ચોથી શરત, છુપાવીને લઈ લેવું છે, કારણ કે બીજાનો માલ જાહેરમાં લૂંટી લેવામાં આવે તો તે ચોરી નથી બલકે લૂંટફાટ છે, જેની સજા અગાઉ વર્ણન થઈ ચૂકી છે. મતલબ કે, ગુપ્ત રીતે ન હોય તો ચોરીની હદ તેના ઉપર લાગુ નહીં થાય.

આ શરતોની વિગતો સાંભળવાથી એ જાણ થઈ ગઈ હશે કે, આપણી

પ્રચલિત બોલચાલની ભાષામાં જેને ચોરી કહેવામાં આવે છે, તેની એક સામાન્ય અને લાંબી વ્યાખ્યા છે, તેનાથી ચોરીના આરોપી તમામ વ્યક્તિઓ ઉપર ચોરીની હદ એટલે કે હાથ કાપવાની શરઈ સજા લાગુ નથી થતી. બલકે, ચોરીના ફક્ત તે સ્વરૂપમાં જ ચોરીની શરઈ હદ લાગુ પડે છે, જેમાં ઉપર મુજબની આ બધી જ શરતો પૂરી થતી હોય.

એની સાથે જ એ પણ જાણ થઈ ચૂકી છે કે, જે સ્વરૂપોમાં ચોરીની શરઈ હદ રદ થઈ જાય તો એ જરૂરી નથી કે, અપરાધીને ખુલ્લી છૂટ મળી જાય બલકે, જે-તે સમયનો શાસક પોતાની મુનસફી પ્રમાણે તેને તા'ઝીરી સજા આપી શકે છે, જે શારીરિક સજા એટલે કે, કોરડા મારવાની સજા સ્વરૂપે પણ હોઈ શકે છે.

એ જ પ્રમાણે એવું પણ ન સમજવામાં આવે કે, જે સ્વરૂપોમાં ચોરીની કોઈ શરત પૂર્ણ ન થવાના કારણે ચોરીની શરઈ હદ લાગુ ન થઈ તો તે શરઈ રીતે જાઈઝ અને હલાલ છે. તેનું કારણ ઉપર બતાવવામાં આવી ચૂક્યું છે. અહીંયાં ગુનોહ અને આખિરતના અઝાબનું વર્ણન નથી, દુનિયાની સજા અને તે પણ ખાસ પ્રકારની સજાનું વર્ણન છે. આમ, કોઈ વ્યક્તિનો માલ તેની દિલી ખુશી વિના કોઈપણ રીતે લઈ લેવામાં આવે, તો તે હરામ અને આખિરતના અઝાબનું કારણ બને છે. જેમકે કુર્આને કરીમની આયત لَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ (૨:૧૮૮)માં તેનો ખુલાસો મૌજૂદ છે.

અત્રે આ વાત પણ વર્ણન કરવાપાત્ર છે કે, ચોરીમાં જે શબ્દો કુર્આને કરીમમાં આવે છે, તે વ્યભિચારમાં પણ છે, પરંતુ ચોરીની બાબતમાં પુરુષનું પહેલાં વર્ણન થયું છે અને સ્ત્રીનું પછી, જ્યારે વ્યભિચારમાં તેનાથી ઊલટું છે, પ્રથમ સ્ત્રીનું વર્ણન કરવામાં આવ્યું છે. ચોરીની સજામાં વર્ણન થયું છે, اَلسَّارِقُ وَالسَّارِقَةُ (૫:૩૮) અને વ્યભિચારની સજામાં ફરમાવ્યું કે, اَلزَّانِيَةُ وَالزَّانِىْ (૨૪:૨) આ વર્ણનમાં પુરુષ-સ્ત્રીના ઉલટ-સુલટ ક્રમની હિકમતો મુફસ્સિરો (વિવરણકારો)એ અનેક પ્રકારની લખી છે, તેમાં વધારે જે યોગ્ય લાગે છે, તે એ છે કે, ચોરીના ગુનાહમાં પુરુષ સ્ત્રી કરતાં વધારે કઠણ હોય છે. કારણ કે, તેને અલ્લાહ તઆલાએ આર્થિક ઉપાર્જનની જે શક્તિ આપી છે, તે સ્ત્રીને પ્રાપ્ત થઈ નથી. પુરુષ ઉપર આર્થિક ઉપાર્જનના આટલા બધા દરવાજાઓ અને માધ્યમો ખુલ્લા હોવા છતાં ચોરીના અપમાનજનક અપરાધોમાં સંડોવાયો છે, એ

તેના અપરાધને વધારે સંગીન બનાવે છે અને વ્યભિચારના કિસ્સામાં સ્ત્રીને અલ્લાહ તઆલાએ સ્વાભાવિક લજ્જા અને શરમ સાથે એવો માહોલ અર્પણ કર્યો છે કે, તે બધી જ વસ્તુઓ હોવા છતાં જો વ્યભિચાર આચરે તો આ બેહયાઈ અને નિર્લજ્જ કૃત્ય આચરવું તેના માટે સખત અપરાધ સમજવામાં આવે છે. એટલા માટે ચોરીના કિસ્સામાં પુરુષના વર્ણનને અગ્રિમતા આપવામાં આવી છે અને વ્યભિચારની બાબતમાં સ્ત્રીનું વર્ણન અગ્ર ક્રમે છે.

પ્રસ્તુત આયતના શબ્દોમાં ચોરીની શરઈ સજાનું વર્ણન કર્યા પછી બે વાક્યો ઈરશાદ ફરમાવ્યા છે. એક, جَزَآءً بِمَا كَسَبَا એટલે કે, "સજા બદલો છે, તેમના દુષ્કૃત્યોનો." બીજું વાક્ય ફરમાવ્યું, نَكَالًا مِّنَ اللّٰهِ તેમાં બે શબ્દો છે, نَكَالً અને مِنَ اللّٰهِ શબ્દ نَكَالً નો અર્થ અરબી શબ્દકોષમાં એવી સજાનો છે કે, "જેને જોઈને અન્યોને પણ શિખામણ મળે અને ગુનાહો કરવાથી દૂર રહે." એટલા માટે نَكَالً નો તરજુમો આપણા રૂઢિપ્રયોગ આધારે "ઈબ્રતનાક સજા" થાય છે, તેમાં ઈશારો એ છે કે, હાથ કાપવાની સખત સજા ખાસ હિકમત ઉપર આધારિત છે કે, એક વ્યક્તિ ઉપર આ સજા લાગુ પાડવામાં આવશે તો બધા જ કાંપી ઉઠશે અને સમાજમાં ચોરીના ધૃણાસ્પદ કૃત્યનું પ્રમાણ ઓછું થઈ જશે. બીજો શબ્દ مِنَ اللّٰه વધારીને એક મહત્ત્વના વિષય તરફ ઈશારો કર્યો, તે એ છે કે, ચોરીના અપરાધના બે સ્વરૂપો છે. એક એ કે, તેમાં કોઈ બીજા વ્યક્તિનો માલ તેની પરવાનગી વિના અને હક વિના લઈ લેવામાં આવે, તે એના ઉપર જુલમ થયો. બીજું એ કે, તેણે અલ્લાહ તઆલાના હુકમની અવગણના કરી તેનો ભંગ કર્યો. પ્રથમ સ્વરૂપથી આ સજા મજલૂમનો હક છે અને તેનો તકાદો એ છે કે, જેનો હક છે જો તે સજા મા'ફ કરી દે તો મા'ફ થઈ જશે, જેમકે કિસાસના બધા મસ્અલાઓમાં આ જ પ્રમાણે છે. બીજા સ્વરૂપ મુજબ આ સજા અલ્લાહ તઆલાના હુકમનું ઉલ્લંઘન કર્યું છે એટલે તેનો તકાદો એ છે કે, જે વ્યક્તિના માલની ચોરી કરી છે, જો તે મા'ફ પણ કરી આપે તો પણ મા'ફ નહીં થાય. જ્યાં સુધી કે અલ્લાહ તઆલા તેને મા'ફ ન કરે, જેને શરીઅતની પરિભાષામાં "હદ" અથવા "હુદૂદ" કહેવામાં આવે છે. શબ્દ مِنَ اللّٰهِ (મિનલ્લાહ)થી આ બીજું સ્વરૂપ નક્કી કરીને એ તરફ ઈશારો કર્યો કે, આ સજા "હદ" છે, "કિસાસ" નથી. એટલે કે, તેને સરકારી ગુનોહ કરવાના કારણે આ સજા આપવામાં આવી છે.

એટલા માટે જેની ચોરી કરી છે, તે મા'ફ પણ કરી દે તો તેના મા'ફ કરવાથી પણ સજા રદ થશે નહીં.

અંતિમ આયતમાં وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ફરમાવીને એ શંકાનો જવાબ આપી દીધો, જેની આજકાલ સામાન્ય રીતે લોકો ચર્ચા કરી રહ્યા છે કે, આ સજા ઘણી કઠોર છે અને અમુક ગુસ્તાખ, અજ્ઞાન લોકો તો એવું કહેવાથી પણ ખચકાતા નથી કે, આ જંગલી સજા છે. નઊઝુબિલ્લાહ ! ઈશારો એ તરફ ફરમાવ્યો કે, આ સખત સજા લાગુ પાડવી ફક્ત અલ્લાહ તઆલાના મજબૂત અને જબરદસ્ત હોવાના લીધે નથી બલકે, તેના હુકમ ઉપર આધારિત છે. જે શરીઅતની સજાઓને આજકાલ યુરોપના કહેવાતા બુદ્ધિશાળીઓ કઠોર અને જંગલી કહે છે, તેની હિકમત અને જરૂરત તથા ફાયદાઓની ચર્ચા આ જ આયતોની તફસીર પછી વિગતવાર આગળ આવશે.

બીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, فَمَنْ تَابَ مِنْ بَعْدِ ظُلْمِهٖ وَاَصْلَحَ فَاِنَّ اللّٰهَ يَتُوْبُ عَلَيْهِ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ؕ એટલે કે, જે વ્યક્તિ પોતાના દુષ્કૃત્યો અને ચોરીથી રોકાઈ જાય અને પોતાના આચરણની સુધારણા કરી લે, અલ્લાહ તઆલા તેને મા'ફ કરી દેશે. કારણ કે, અલ્લાહ ઘણો જ મોટો બખ્શનારો અને મહેરબાન છે. ડાકુગીરીની શરઈ સજા જેનું વર્ણન અમુક આયતો પહેલાં આવ્યું હતું, તેમાં પણ મા'ફીનું વર્ણન છે અને ચોરીની સજા પછી પણ મા'ફીનું વર્ણન છે, પરંતુ બંને સ્થળે મા'ફીના વર્ણનમાં એક વિશેષ તફાવત છે અને આ તફાવતની બીના પર બંને સજાઓમાં મા'ફીનો ભાવાર્થ ફુકહાના મતે અલગ-અલગ છે. ડાકુગીરીની સજામાં તો અલ્લાહ તઆલાએ અપવાદ સ્વરૂપે ફરમાવ્યું, اِلَّا الَّذِيْنَ تَابُوْا مِنْ قَبْلِ اَنْ تَقْدِرُوْا عَلَيْهِمْ (૫ : ૩૪) જેનો હેતુ એ છે કે, ડાકુગીરીની જે શરઈ સજા આયતમાં વર્ણન થઈ છે, તેમાંથી આ સ્વરૂપ અપવાદ છે કે, ડાકુઓ ઉપર હુકૂમત કાબૂ મેળવે અથવા તેમની ધરપકડ કરે તે પહેલાં જો તેઓ તવબહ કરી લે તો તેમની આ શરઈ સજા મા'ફ કરી દેવામાં આવશે અને ચોરીની સજા પછી જે મા'ફીનું વર્ણન છે, તેમાં તેમની દુનિયવી સજા અપવાદમાં સામેલ નથી. બલકે, આખિરતના આધારે તેમની તવબહ કબૂલ થઈ હોવાનું વર્ણન છે, જેમાં فَاِنَّ اللّٰهَ يَتُوْبُ عَلَيْهِ ؕ તરફ ઈશારો મૌજૂદ છે કે, જે-તે સમયના શાસક ચોરની આ તવબહના કારણે શરઈ સજામાં બાંધછોડ નહીં કરે. બલકે,

અલ્લાહ તઆલા તેમના ગુનાહને મા'ફ કરીને આખિરતની સજાથી છુટકારો આપશે. એટલા માટે બધા જ ફુકૂહા લગભગ આ બાબત ઉપર સહમત છે કે, ડાકુ જો ધરપકડ થતાં પહેલાં તવબહ કરી લે તો તેના ઉપર ડાકુગીરીની શરઈ સજા લાગુ નહીં થાય, પરંતુ ચોર જો ચોરી કર્યા પછી ભલે ધરપકડ પહેલાં અથવા પછી ચોરીથી તવબહ કરી લે તો ચોરીની દુનિયવી હદ સજા સ્વરૂપે મા'ફ નહીં થાય. ગુનાહની મા'ફી આખિરતના આધારે થશે અને તેની તવબહના કારણે તેને આખિરતમાં છુટકારો મળવાનો ઈન્કાર થઈ શકતો નથી.

પછીની આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يُعَذِّبُ مَنْ يَّشَآءُ وَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ એટલે કે, "શું તમને ખબર નથી કે, આસમાનો અને જમીનની સલતનત અને હુકૂમત ફક્ત અલ્લાહ તબારક વ તઆલા માટે જ છે અને તેની એ શા'ન છે કે, જેને ઈચ્છે છે અઝાબ આપે છે, જેને ઈચ્છે છે મા'ફ કરી આપે છે અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કુદરત (કાબૂ) ધરાવે છે."

આ આયતની પાછળની આયત સાથે યોગ્ય ગોઠવણી આ પ્રમાણે છે કે, લૂંટફાટ અને ચોરીની શરઈ હદો જેમાં હાથ-પગ અથવા ફક્ત હાથ કાપી નાંખવાના સખત હુકમો છે. દેખીતી દૃષ્ટિએ આ હુકમો માનવતાની ઉચ્ચતા અને સન્માન વિરુદ્ધ અને તેના સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ હોવાના મરતબાની વિરુદ્ધનો લાગે છે. પરંતુ આ શંકાના નિવારણ માટે આ આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતે સમગ્ર વિશ્વના એકમાત્ર હકીકી માલિક હોવાનું વર્ણન કર્યું, પછી પોતાના સંપૂર્ણ શક્તિશાળી હોવાનું વર્ણન કર્યું અને વચ્ચે એ ઈરશાદ ફરમાવ્યો કે, તે ફક્ત સજા અથવા અઝાબ જ નથી આપતો બલકે, મા'ફ પણ કરે છે અને આ મા'ફી અથવા સજાનો આધાર તેની હિકમત ઉપર છે. કારણ કે, તે જે પ્રમાણે માલિક અને સર્વશક્તિમાન છે, એ જ પ્રમાણે તે મહાન હિકમતવાળો પણ છે. જે પ્રમાણે તેની કુદરત અને સલતનતનો કોઈ તાગ મેળવવો મનુષ્યની શક્તિ બહારની વાત છે, એ જ પ્રમાણે તેની હિકમતોનું સંપૂર્ણ માપ કાઢવું પણ મનુષ્યની બુદ્ધિ અને તર્કમાં સમાય શકે એમ નથી અને સૈદ્ધાંતિક રીતે ચિંતન-મનન કરનાર લોકોને અમુક પૂરતા પ્રમાણમાં કંઈક જાણ થઈ જાય છે, જેનાથી તેમના દિલો સંતોષિત થઈ જાય છે.

ઈસ્લામી સજાઓ વિશે યુરોપના લોકો અને તેમના શિક્ષણ તથા સભ્યતાથી પ્રભાવિત થયેલ લોકો સામાન્ય રીતે આવા વાંધાઓ કાઢતા ફરે છે કે, આ સજાઓ કઠોર છે અને અમુક અડધા ઘડા અને ખાલી ચણા જેવા લોકો તો એવું કહેવાથી પણ ખચકાતા નથી કે, આ સજાઓ જંગલી છે અને માનવ અધિકારોની વિરુદ્ધ છે.

તે વિશે પ્રથમ એ બાબત સામે રાખો કે જે ઉપરોક્ત ફકરાઓમાં વર્ણન થઈ ચૂકી છે કે, કુર્આને કરીમે ફક્ત પાંચ અપરાધોની સજાઓ પોતે નક્કી કરીને લાગુ પાડી છે, જેને શરીઅતની પરિભાષામાં "હદ" કહેવામાં આવે છે. ડાકુગીરી–લૂંટફાટની સજા જમણો હાથ અને ડાબો પગ, ચોરીની સજા ડાબો હાથ કાડાં ઉપરથી કાપવો, વ્યભિચારની સજા અમુક સ્વરૂપોમાં સો કોરડા મારવા અને અમુક સ્વરૂપોમાં 'સંગસાર' કરીને કતલ કરી નાંખવાની સજા અને વ્યભિચારની જૂઠી તોહમત કોઈના ઉપર લગાવવાની સજા ૮૦ કોરડા અને દારૂ પીવાની શરઈ હદ જે સહાબા (રદિ.)ના ઈજ્માઅ્થી ૮૦ કોરડાઓ નક્કી કરવામાં આવ્યા છે. આ પાંચ ગુનાહો સિવાય બધા જ ગુનાહોની સજા જે–તે સમયના શાસકની મુનસફી ઉપર અવલંબિત છે કે, ગુનાહ અને ગુનેહગારની પરિસ્થિતિનું આકલન કરી જેટલી અને જેવી ઇચ્છે સજા આપે, તેમાં એવું પણ બની શકે છે કે, સજાઓની હદ લાગુ કરવાની કોઈ ખાસ વ્યવસ્થા ઈલ્મવાળા લોકો અને સલાહ આપવાની ક્ષમતા ધરાવનાર લોકોના મશવરાથી નક્કી કરીને કાજી અથવા જજને તેના બાધ્ય બનાવવા જોઈએ. જેમકે, આજકાલ સામાન્ય રીતે એસૅમ્બલીઓ દ્વારા ફોજદારી કાયદાઓ નક્કી કરવામાં આવે છે અને કાજી અને જજ નક્કી કરેલ સજાઓની જોગવાઈ અનુસાર મર્યાદાઓમાં રહીને સજાઓ જાહેર કરે છે. અલબત્ત ઉપરોક્ત ગુનાહોમાં જેની સજાઓ કુર્આન અને ઈજ્માઅ્થી નક્કી કરવામાં આવી છે, તેમાં કોઈ ગૃપ અથવા એસૅમ્બલી પરિવર્તન કે ફેરબદલીનો કોઈ અધિકાર ધરાવતા નથી. બલકે, તેમાં પણ જો અપરાધની સાબિતી શરીઅતે ઠરાવેલ માપદંડ અથવા ગવાહીઓથી ન થઈ શકે અથવા અપરાધની સાબિતી તો મળે પરંતુ જે શરતો સાથે આ સજા લાગુ પાડવામાં આવે છે તે શરતો પૂર્ણ ન થતી હોય અને અપરાધ કાજી અથવા જજ સામે સાબિત થાય તો આ સ્વરૂપમાં પણ શરઈ હદ લાગુ નહીં થાય. બલકે, ફોજદારી કાયદા અનુસાર સજા આપવામાં

આવશે, તેની સાથે શરીઅતનો એ કાયદો પણ નક્કી અને અટલ છે કે, શંકાનો ફાયદો અપરાધીને મળે છે. અપરાધની સાબિતીથી અથવા અપરાધની શરતોમાંથી કોઈ વસ્તુમાં શંકા ઊભી થઈ જાય તો શરીઅતની હદ રદ થઈ જાય છે, પરંતુ આવી પરિસ્થિતિમાં પણ જો અપરાધ અન્ય રીતે સાબિત થાય તો ફોજદારી સજા આપી શકાય છે.

જાણ થઈ કે, આ ગુનાહોના ઘણા બધા સ્વરૂપો એવા નીકળશે કે તેમાં શરીઅતની હદો લાગુ પાડવામાં નહીં આવે. બલકે, ફોજદારી સજાઓ આપીને શાસક કે સરકારે નક્કી કરેલ સજાઓ આપવામાં આવશે. ફોજદારી સજાઓ ઈસ્લામી શરીઅતે નક્કી નથી કરી બલકે, દરેક સમયમાં દરેક પરિસ્થિતિ પ્રમાણે સામાન્ય રીતે જે તે દેશના કાયદાઓ પ્રમાણે તેમાં પરિવર્તન અને ફેરબદલ કે સુધારા–વધારા કરી શકાય છે. આથી તેના ઉપર કોઈને પણ કોઈ પ્રકારનો વાંધો ઉઠાવવાની સંભાવના રહેતી નથી. હવે, ચર્ચા ફક્ત ઉપરોક્ત પાંચ ગુનાહોની સજાઓની છે, તેમાં પણ અમુક ખાસ સ્વરૂપો બાકી રહ્યા છે. દાખલા તરીકે, ચોરીને જ લઈ લો અને જુઓ કે, ઈસ્લામી શરીઅતે હાથ કાપવાની સજા દરેક જ ચોરી ઉપર લાગુ નથી કરી કે, જેને સામાન્ય બોલચાલની ભાષામાં ચોરી કહેવામાં આવે છે બલકે, ચોર પુરુષ અને ચોર સ્ત્રીનો જે ચોરીના ગુનાહ સબબ હાથ કાપવામાં આવે છે તેની એક ખાસ શરઈ વ્યાખ્યા છે, જેની વિગત ઉપર વર્ણન થઈ ચૂકી છે કે, કોઈનો માલ સુરક્ષિત જગ્યાએથી સુરક્ષાનો ભંગ કરી નાજાઇઝ પદ્ધતિથી ગુપ્ત રીતે કાઢી લે. આવી વ્યાખ્યાની રૂએ ઘણા બધા સ્વરૂપો જેને સામાન્ય બોલચાલની ભાષામાં ચોરી કહેવામાં આવે છે તે ચોરીની વ્યાખ્યામાંથી નીકળી જાય છે. દાખલા તરીકે, સુરક્ષિત સ્થળે માલ મૂક્યો હોવાની શરતથી જાણ થઈ કે, જાહેર પબ્લીક સ્થળોએ દાખલા તરીકે, મસ્જિદ, ઈદગાહ, બગીચા, ક્લબો, સ્ટેશન, વેઈટીંગ રૂમ, રેલવે, જહાઝ વગેરે જાહેર સ્થળો ઉપર મૂકવામાં આવેલ માલની કોઈ ચોરી કરે અથવા ઝાડ ઉપર લાગેલા ફળો ચોરી લે અથવા મધની ચોરી કરે તો તેના ઉપર શરીઅતની હદ લાગુ નહીં થાય બલકે, અન્ય દેશોના કાયદાઓની જેમ ફોજદારી સજા લાગુ કરવામાં આવશે. એ જ પ્રમાણે તે વ્યક્તિ જેને તમારા ઘરમાં પ્રવેશ કરવાની પરવાનગી આપવામાં આવી છે, ભલે તે તમારો નોકર હોય અથવા મજૂર કે કડિયો અથવા કોઈ દોસ્ત કે રિશ્તેદાર, જો

તે તમારા મકાનમાંથી કોઈ વસ્તુ લઈ જાય તો તે જો કે, બોલચાલની ભાષામાં ચોરી કરેલી કહેવાશે પરંતુ તેમાં ફોજદારી સજાની જોગવાઈ છે, હાથ કાપવાની શરઈ સજા લાગુ નહીં પડે. કારણ કે, તેણે તમારા ઘરમાં તમારી પરવાનગીથી પ્રવેશ કર્યો છે, તેના કિસ્સામાં મકાનની સુરક્ષાની શરત પૂર્ણ થતી નથી.

એ જ પ્રમાણે જો કોઈએ કોઈનું ખિસ્સુ કાપી લીધું અથવા હાથમાંથી કોઈ ઘરેણું અથવા રોકડ રકમ ઝૂંટવી લીધી અથવા ધોકો આપીને વસૂલ કરી લીધી અથવા અમાનત લઈને ફરી ગયો. આ બધી વસ્તુઓ હરામ અને નાજાઇઝ છે તથા સામાન્ય બોલચાલની ભાષામાં તેને ચોરી કહેવાય છે, પરંતુ તે બધા અપરાધો માટે ફોજદારી સજાની જોગવાઈ છે. તે જે તે સમયની સરકારોના કાયદાઓ ઉપર અવલંબિત છે. આવા કિસ્સાઓમાં ચોર માટેની શરઈ સજાના માપદંડ આધારે હદ લાગુ નહીં પડે. એટલા માટે તેનો હાથ કાપવામાં નહીં આવે.

એ જ પ્રમાણે કફનની ચોરી કરનારનો હાથ કાપવામાં નહીં આવે, કારણ કે, તે સુરક્ષિત સ્થળ નથી. બીજું એ કે, કફન ઉપર મય્યતની માલિકી નથી. હા ! તેનું આ કૃત્ય સખત હરામ છે, તેના ઉપર ફોજદારી સજા નિયમ અનુસાર આપવામાં આવશે. એ જ પ્રમાણે જો કોઈએ એક સંયુક્ત ભાગીદારીના માલમાંથી ચોરી કરી લીધી, જેમાં એક ભાગ તેનો પણ છે. ભલે તે વારસાનો માલ હોય અથવા વેપારની ભાગીદારીનો માલ હોય તો આ માલમાં ચોરી કરનારનો પોતાની માલિકીનો પણ અમુક હિસ્સો તેમાં સામેલ હતો. એટલા માટે આ માલિકીની શંકાના કારણે શરીઅતની શરઈ હદ લાગુ નહીં થાય બલકે, ફોજદારી સજા આપવામાં આવશે.

આ બધી શરતો તો ગુનાહની સાબિતી પૂર્ણ થવા માટે જરૂરી છે, જેનું સામૂહિક માળખું તમે જોઈ ચૂક્યા છો. હવે, બીજી બાબત સાબિતીઓ પૂર્ણ થવી છે. શરઈ હુદૂદને લાગુ પાડવામાં ઈસ્લામી શરીઅતે ખૂબ કાળજીપૂર્વક માપદંડો, ગવાહીઓ વગેરેમાં સામાન્ય વ્યવહારો કરતા વિશેષ કાળજી રાખી છે, વ્યભિચારની સજામાં તો બે ગવાહોના બદલે ચાર ગવાહોની શરત ઠરાવી છે, અને તે પણ જ્યારે કે તેઓ એવા નજરે જોનારા ગવાહો છે જેમાં કોઈપણ શબ્દ શંકાસ્પદ ન હોય. ચોરી વગેરેની ઘટનામાં જો કે, બે જ ગવાહો પૂરતા છે પરંતુ તે બે ગવાહો માટે સામાન્ય ગવાહોની શરતો ઉપરાંત અમુક વધારાની શરતો પણ

નક્કી કરવામાં આવી છે. દાખલા તરીકે, બીજા વ્યવહારોમાં જરૂરતની તકોમાં કાજીને અધિકાર આપ્યો છે કે, કોઈ ફાસિક દુષ્ટ આદમી વિશે જો કાજીને એવો સંતોષ થઈ જાય કે, તે વ્યક્તિનું આચરણ દુષ્ટ કક્ષાનું જ છે પરંતુ તે જૂઠું નથી બોલતો, તો કાજી તેની ગવાહી કબૂલ કરી શકે છે, પરંતુ શરઈ હુદૂદમાં કાજીને તેની ગવાહી કબૂલ કરવાનો અધિકાર નથી. સામાન્ય મા'મલાઓમાં એક પુરુષ અને બે સ્ત્રીઓની ગવાહી ઉપર ફેંસલો કરી શકાય છે, પરંતુ શરઈ હદ લાગુ પાડવામાં બે પુરુષોની ગવાહી જરૂરી છે. સામાન્ય મા'મલાઓમાં ઈસ્લામી શરીઅતે લાંબો સમય પસાર થઈ જવાની કોઈ મર્યાદા નક્કી નથી કરી. ઘટનાના કેટલાય સમય પછી કોઈ ગવાહી આપે તો કબૂલ કરી શકાય છે, પરંતુ "શરઈ હદ"ની બાબતમાં જો તાત્કાલિક ગવાહી ન આપે બલકે એક મહિનો અથવા તેનાથી વધારે સમય પસાર કર્યા પછી ગવાહી આપે, તો તે સ્વીકાર્ય નથી.

ચોરીની હદ લાગુ પાડવાની શરતોનો સામૂહિક મુસદ્દો જે અત્રે વર્ણન કરવામાં આવ્યો છે તેની વિગતો ફિક્હે હનફીની અત્યંત પ્રમાણિત કિતાબ "બદાએ ઉસ્સનાએઅ્"માંથી સંપાદિત કર્યો છે.

આ બધી શરતોનો ખુલાસો એ છે કે, શરીઅતની હદ ફક્ત એવા સ્વરૂપમાં જ લાગુ પાડવામાં આવશે, જ્યારે કે પવિત્ર શરીઅતે નક્કી કરેલ શરતો પ્રમાણે ગુનોહ પૂર્ણ થતો હોય અને તેની સાબિતી પણ સંપૂર્ણ હોય અને સંપૂર્ણ પણ એવી કે, તેનું કોઈ પણ પાસું શંકાસ્પદ ન હોય. આથી જાણ થઈ કે, શરીઅતે ઈસ્લામે જ્યાં આ ગુનાહોની સજા હિકમતના તકાદા પ્રમાણે સખત અને કઠોર પ્રકારની નક્કી કરી છે, ત્યાં જ શરીઅતની હદો લાગુ પાડવામાં પણ અત્યંત કાળજી રાખી છે. શરઈ હુદૂદની ગવાહીના માપદંડો પણ સામાન્ય ઘટનાઓના ગવાહીના માપદંડોથી અલગ અને ખૂબ જ ચીવટ તથા કાળજી ઉપર આધારિત છે, તેમાં થોડી ઘણી પણ જો ઉણપ કે ત્રુટી રહી જાય તો શરઈ હદને ફોજદારી ગુનાહમાં પરિવર્તિત કરવામાં આવે છે. એ જ પ્રમાણે ગુનાહની પૂર્ણતાની બાબતમાં કોઈ ઉણપ અથવા ક્ષતિ જોવામાં આવે, તો પણ શરઈ હદ રદ થઈ જાય છે. જો કે, તેના માટે ફોજદારી સજા બાકી રહી જાય છે, જેનું દેખીતું સ્વરૂપ એ હશે કે, "શરઈ હુદૂદ"ને લાગુ પાડવાની નોબત જવલ્લે જ આવે છે. સામાન્ય પરિસ્થિતિઓમાં શરઈ હુદૂદવાળા ગુનાહોમાં પણ ફોજદારી સજાઓ લાગુ

પાડવામાં આવે છે, પરંતુ જ્યાં કોઈ ગુનાહની સંપૂર્ણ સાબિતી શરતો સાથે પ્રમાણિત થઈ જાય ત્યારે તે એક ટકો કિસ્સાઓમાં ભલે હોય તો પણ તેની સજા અત્યંત કઠોર અને ઈબ્રતનાક આપવામાં આવે છે, જેનો ભય લોકોના દિલ અને દિમાગ ઉપર છવાય જાય છે અને તેઓ આ ગુનાહની પાસે જવાથી પણ ધ્રૂજી ઊઠે છે. આમ, હંમેશ માટે ગુનાહોનો નાશ થઈ જાય છે તથા જાહેર શાંતિ અને સલામતી સ્થાપિત થઈ જાય છે. એનાથી વિપરીત ફોજદારી કાયદાઓમાં જે ધંધાદારી અપરાધીઓ હોય છે, તેમની નજરમાં આવા કાયદાઓ એક રમત સમાન છે, જેની સાથે તેઓ ખૂબ હળવાશથી રમત રમે છે. જેલખાનામાં બેઠાં-બેઠાં પણ પોતાના ધંધાને ખૂબ ચમકાવે છે અને જેલમાં બેઠાં-બેઠાં પણ પોતાના અપરાધનું જાળ ફેલાવેલું રાખે છે. જે દેશોમાં શરીઅની હદો લાગુ પાડવામાં આવે છે, તેમની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવે તો હકીકત સામે આવી જશે કે ત્યાં તમને ન તો ઘણા લોકોના હાથ કાપેલા નજરે પડશે, ન જ વર્ષોના વર્ષો આપને કોઈ સંગસારીની ઘટના નજરે પડશે. પરંતુ આ શરઈ સજાઓની ધાક દિલો ઉપર એવી છે કે, ત્યાં ચોરી, લૂંટફાટ અને નિર્લજ્જતાનું નામો-નિશાન નજરે નહીં પડે. સાઉદી અરેબિયાની પરિસ્થિતિથી તો સામાન્ય મુસલમાનો સીધે-સીધા વાકેફ છે. કારણ કે, હજ્જ અને ઉમરહના પ્રસંગે દરેક સમાજના, દરેક દેશના લોકો ત્યાં હાજર થાય છે. દિવસમાં પાંચ વખતે દરેક વ્યક્તિ એવું જૂએ છે કે, દુકાનો ખુલ્લી હોય છે, લાખોનો સામાન તેમાં પડેલો હોય છે અને દુકાનનો માલિક દુકાન બંધ કર્યા વિના જ નમાઝના સમયે હરમ શરીફમાં પહોંચી જાય છે અને ખૂબ સંતોષ સાથે નમાઝ અદા કર્યા પછી જ આવે છે. તેને ક્યારેય એવો વસવસો થતો નથી કે, તેની દુકાનમાંથી કોઈ વસ્તુ ગાયબ થઈ જશે. વળી, આ એક દિવસની વાત નથી, આખી જિંદગી આ જ પ્રમાણે પસાર થાય છે. દુનિયાના કોઈપણ વિકસિત અને સભ્યતાવાળા કહેવાતા દેશમાં કોઈ આવું કરીને જોઈ લે, તો એક જ દિવસમાં સેંકડો ચોરીઓ અને લૂંટફાટની વારદાતો બનશે. માનવ અધિકારો અને માનવ સભ્યતાના દા'વેદારો વિચિત્ર છે કે, ધંધાદારી અપરાધીઓ ઉપર દયા ખાય છે પરંતુ સમગ્ર માનવ સમાજ ઉપર દયા ખાતા નથી કે, જેમની જિંદગી આ ધંધાદારી અપરાધી લોકોએ ત્રાસદાયક બનાવી દીધી છે. વાસ્તવિકતા એ છે કે, એક અપરાધી ઉપર દયા ખાવી સમગ્ર માનવજાતિ

ઉપર જુલમ કરવા સમાન છે અને જાહેર શાંતિ તથા સલામતી ભંગ થવાનું સૌથી મોટું કારણ બને છે. એ જ કારણ છે કે, અલ્લાહ રબ્બુલ આલમીન નેક લોકો, ખરાબ લોકો, મુત્તકીઓ, વલીઓ, કાફિરો, ફાજિરો વગેરે બધાને જ રોઝી આપે છે. સાપ, વીંછી, વાઘ, વરુ, સિંહ વગેરેને પણ રોઝી આપે છે, તેની રહમત સમગ્ર વિશ્વ ઉપર છવાયેલી છે, તેણે જ્યારે શરીઅતની હદનો હુકમ કુર્આનમાં નાઝિલ ફરમાવ્યો તો સાથે એ પણ ફરમાવ્યું وَلَا تَأْخُذْكُمْ بِهِمَا رَأْفَةٌ فِي دِيْنِ اللّٰهِ એટલે કે, અલ્લાહની હદો મુજરિમો ઉપર લાગુ પાડવામાં કદાપિ દયા ન ખાવી જોઈએ અને બીજી બાજુ કિસાસને માનવ સમાજની જિંદગી ઠરાવી છે. وَلَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ يّٰۤاُولِي الْاَلْبَابِ જાણ થાય છે કે, ઈસ્લામી હદોનું ઉલ્લંઘન કરનારા એવું ઈચ્છતા જ નથી કે ગુનાહોનો નાશ થાય, નહિતર જ્યાં સુધી દયા અને કોઈની સાથે સદ્‌વર્તાવ કરવાનો સંબંધ છે, ઈસ્લામી શરીઅતથી વધારે તે કોણ શિખવાડી શકે છે, જેણે યુદ્ધના મેદાનમાં પણ પોતાના કાતિલ દુશ્મનોના હકનો ખ્યાલ રાખવાનું શિખવાડ્યું છે અને હુકમ આપ્યો છે કે, ઔરત સામે આવી જાય તો હાથ રોકી લો, બાળક સામે આવી જાય તો હાથ રોકી લો, ઘરડો સામે આવી જાય તો હાથ રોકી લો. જો અન્ય ધર્મનો ધાર્મિક વિદ્વાન કે સંત તમારા મુકાબલામાં યુદ્ધ માટે ભાગીદાર નથી થયો અને પોતાના ધર્મ પ્રમાણે પૂજાપાઠમાં મશ્ગૂલ હોય તો તેને કતલ ન કરો.

આ બધાથી વધીને આશ્ચર્યની વાત એ છે કે, આ ઈસ્લામી સજાઓ ઉપર વાંધા ઉઠાવવા માટે તે લોકોની જ જીભ ઉપડે છે, જેમના હાથ અત્યાર સુધીમાં લાખો બેગુનાહ નિર્દોષ લોકોના ખૂનથી રંગાયેલા છે, જેમના વિશે કોઈ યુદ્ધ અને મુકાબલાની કલ્પના પણ નથી થઈ શકતી કે જેમાં સ્ત્રીઓ, બાળકો, ઘરડાઓ બધાને બચાવવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય બલકે, જેમના ક્રોધની આગને હિરોશીમા અને નાગાસાકીની ઘટના પણ ઠંડી નથી કરી શકી, બલકે દરરોજ કોઈ નવા ખતરનાકથી ખતરનાક બૉમ્બ બનાવવાના અખતરામાં પ્રવૃત્ત છે. આપણે એના સિવાય શું કહી શકીએ કે, અલ્લાહ તઆલા તેમની આંખો ઉપરથી સ્વાર્થના પડદા હટાવી દે અને દુનિયામાં શાંતિ સ્થાપવામાં સહીહ ઈસ્લામની પદ્ધતિઓ તરફ આવવાની હિદાયત આપે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૪૧-૪૨-૪૩)

يَاَيُّهَا الرَّسُوْلُ لَا يَحْزُنْكَ الَّذِيْنَ يُسَارِعُوْنَ فِي الْكُفْرِ مِنَ الَّذِيْنَ قَالُوْٓا اٰمَنَّا
بِاَفْوَاهِهِمْ وَلَمْ تُؤْمِنْ قُلُوْبُهُمْ ۚ وَمِنَ الَّذِيْنَ هَادُوْا ۚ سَمّٰعُوْنَ لِلْكَذِبِ سَمّٰعُوْنَ
لِقَوْمٍ اٰخَرِيْنَ ۙ لَمْ يَاْتُوْكَ ؕ يُحَرِّفُوْنَ الْكَلِمَ مِنْۢ بَعْدِ مَوَاضِعِهٖ ۚ يَقُوْلُوْنَ
اِنْ اُوْتِيْتُمْ هٰذَا فَخُذُوْهُ وَاِنْ لَّمْ تُؤْتَوْهُ فَاحْذَرُوْا ؕ وَمَنْ يُّرِدِ اللّٰهُ فِتْنَتَهٗ
فَلَنْ تَمْلِكَ لَهٗ مِنَ اللّٰهِ شَيْـًٔا ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ لَمْ يُرِدِ اللّٰهُ اَنْ يُّطَهِّرَ
قُلُوْبَهُمْ ؕ لَهُمْ فِي الدُّنْيَا خِزْيٌ ۚۖ وَّلَهُمْ فِي الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿۴۱﴾ سَمّٰعُوْنَ
لِلْكَذِبِ اَكّٰلُوْنَ لِلسُّحْتِ ؕ فَاِنْ جَآءُوْكَ فَاحْكُمْ بَيْنَهُمْ اَوْ اَعْرِضْ عَنْهُمْ ۚ
وَاِنْ تُعْرِضْ عَنْهُمْ فَلَنْ يَّضُرُّوْكَ شَيْـًٔا ؕ وَاِنْ حَكَمْتَ فَاحْكُمْ بَيْنَهُمْ بِالْقِسْطِ ؕ
اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ﴿۴۲﴾ وَكَيْفَ يُحَكِّمُوْنَكَ وَعِنْدَهُمُ التَّوْرٰىةُ فِيْهَا حُكْمُ
اللّٰهِ ثُمَّ يَتَوَلَّوْنَ مِنْۢ بَعْدِ ذٰلِكَ ؕ وَمَآ اُولٰٓئِكَ بِالْمُؤْمِنِيْنَ ﴿۴۳﴾ ع

તરજુમો :

હે રસૂલ ! તેમનો ગમ ન કરો જેઓ દોડીને કુફ્રમાં પડે છે, તે લોકો જેઓ પોતાના મોઢાંથી કહે છે અમે મુસલમાન છે, અને તેમના દિલ મુસલમાન નથી; અને તે જેઓ યહૂદી છે, જૂઠું બોલવા માટે જાસૂસી કરે છે, તેઓ બીજી જમાઅતના જાસૂસ છે જે તમારા સુધી નથી આવી, વાતને એનું ઠેકાણું છોડીને બદલી નાંખે છે; કહે છે, જો તમને આ હુકમ મળે તો કબૂલ કરી લેજો અને જો આ હુકમ ન મળે તો બચતા રહેજો; અને જેને અલ્લાહે ગુમરાહ કરવા ઇચ્છયું, બસ અલ્લાહના ત્યાં તમે તેમના માટે કંઈ કરી શકતા નથી, આ તે જ લોકો છે જેમને અલ્લાહે ઇચ્છયું નહીં કે તેમના દિલ પાક કરે, તેમને દુનિયામાં ઝિલ્લત છે અને તેમને આખિરતમાં મોટો અઝાબ છે.

(૪૧) જાસૂસી કરનારા જૂઠું બોલવા માટે અને મોટું હરામ ખાનારા; બસ, જો તેઓ તમારી પાસે આવે તો તેમનામાં ફેંસલો કરી આપો અથવા તેમનાથી મોઢું ફેરવી લો, અને જો તમે તેમનાથી મોઢું ફેરવી લેશો તો તેઓ તમારું કંઈ જ બગાડી શકશે નહીં, અને જો તમે ફેંસલો કરો તો તેમનામાં ઈન્સાફથી ફેંસલો કરો; બેશક ! અલ્લાહ ઈન્સાફ કરનારાઓને દોસ્ત રાખે છે. (૪૨) અને તેઓ તમને કઈ રીતે મુન્સિફ બનાવશે ? અને તેમની પાસે તો તવરાત છે જેમાં અલ્લાહનો હુકમ છે, પછી તેના પછી ફરી જાય છે અને તેઓ કદાપિ માનનારા નથી. (૪૩)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરએ માઈદહના ત્રીજા રુકૂઅ્થી અહલે કિતાબનું વર્ણન ચાલી રહ્યું છે. વચ્ચે અમુક-અમુક ટૂંકા વિષયો ખાસ-ખાસ યોગ્ય વસ્તુસ્થિતિ આધારે વર્ણન થયા હતા. હવે, આગળ ફરી અહલે કિતાબનું વર્ણન દૂર સુધી ચાલ્યું ગયું છે. અહલે કિતાબમાં યહૂદીઓ અને નસારાના બે ફિરકા તો હતા જ, એક ત્રીજો ફિરકો તેમાં સામેલ થઈ ગયો હતો, જે વાસ્તવમાં યહૂદી હતો પરંતુ મુનાફિકપણું અપનાવી દંભી રીત અપનાવી મુસલમાન થઈ ગયો હતો. તે લોકો મુસલમાનો સામે પોતાના ઈસ્લામને જાહેર કરતા હતા અને જ્યારે પોતાના સહધર્મી યહૂદીઓમાં બેસતા ત્યારે ઈસ્લામ અને મુસલમાનોની ઠઠ્ઠા-મશ્કરી કરતા હતા, પ્રસ્તુત ત્રણ આયતો આ જ ત્રણ ફિરકાઓના આવા આચરણ અને તેમની પરિસ્થિતિના સંદર્ભમાં છે, જેનાથી જાહેર થાય છે કે, આ લોકો અલ્લાહ તઆલાના હુકમો અને હિદાયતોમાં તા'વીલ (યુક્તિપૂર્વકની બાંધછોડ) કરીને તેને પોતાની મનેચ્છાઓ પ્રમાણે બનાવવાની કોશીશમાં અને ચિંતામાં રહેતા હતા. પ્રસ્તુત આયતોમાં આવા લોકોનું દુનિયા અને આખિરતમાં અપમાન અને તેમના ખરાબ પરિણામનું વર્ણન છે. આ સંદર્ભમાં મુસલમાનોને અમુક પાયાની સૂચનાઓ અને શરીઅતના હુકમો વર્ણન કર્યા છે.

આયતો ઊતરવાની પૂર્વભૂમિકા :

પ્રસ્તુત આયતો નાઝિલ થવાનું કારણ બે ઘટનાઓ છે, જે રસૂલે કરીમ ﷺના સમયકાળમાં મદીના મુનવ્વરહના આસપાસના રહેનારા યહૂદી

કબીલાઓમાં બની હતી. એક ઘટના હત્યા અને કિસાસની અને બીજી ઘટના વ્યભિચાર અને તેની સજાની છે.

એ વાત તો કોઈ ઇતિહાસના જાણનાર માટે ગુપ્ત નથી કે, ઈસ્લામ આવ્યા અગાઉ દરેક સ્થળે દરેક પ્રદેશમાં અને દરેક વર્ગના લોકોમાં અત્યાચાર અને જોર–જબરદસ્તીની બોલબાલા હતી. દરેક તાકતવર કમજોરને, ઈજ્જતવાળો બેઈજ્જતને ગુલામ બનાવી રાખતો હતો. મજબૂત અને આબરૂદાર વ્યક્તિઓ માટે અલગ કાયદાઓ હતા તથા કમજોર અને માન–મોભા વિનાના લોકો માટે બીજા કાયદાઓ હતા, જેમકે આજે પણ પોતાને ધાર્મિક અને સભ્ય સમાજ કહેનારા ઘણા સુસંસ્કૃત ગણાતા લોકોમાં કાળા અને ગોરાનો કાયદો જુદો–જુદો છે. (આ મૂળ તફસીર લખાઈ ત્યારે દક્ષિણ આફ્રિકા અને અન્ય અમુક દેશોમાં કાળા–ગોરાના રંગભેદ આધારે દેશના બંધારણમાં એક જ બાબત માટે અલગ–અલગ કાયદાઓની જોગવાઈ હતી. –અનુવાદક) માનવતાના ઉપકારક રસૂલે કરીમ ﷺએ આવીને માનવજાતિને માનવતા અને માનવ અધિકારોનો સબક શિખવાડયો, રસૂલે કરીમ ﷺએ મદીના તય્યિબહ આવતાં પહેલાં મદીનાની આજુબાજુ યહૂદીઓના બે કબીલાઓ બનુ કુરયઝા અને બનુ નજીર વસવાટ કરતા હતા. તેમનામાંથી બનુ નજીર શક્તિ અને દબદબામાં તથા દૌલત અને ઈજ્જતમાં બનુ કુરયઝા કરતાં વધારે હતા. એટલે સુધી કે, બનુ નજીરને બનુ કુરયઝાએ એ અપમાનજનક કરાર કરવા માટે મજબૂર કર્યા હતા કે, જો બનુ નજીરનો કોઈ વ્યક્તિ બનુ કુરયઝાના કોઈ વ્યક્તિની હત્યા કરે, તો તેનો કિસાસ એટલે કે, જીવના બદલે જીવ લેવાનો તેમને હક ન હશે. બલકે, ફક્ત ૭૦ વસક ("વસક" અરબોનું વજન કરવાનું એક માપ હતું, જે આજના યુગ પ્રમાણે લગભગ ૧૯૫.૩૦ કિ.ગ્રા. થાય છે) ખજૂરો ખૂનબહા (વળતર) તરીકે આપવામાં આવશે અને જો ઘટના તેનાથી ઊલટી હોય, એટલે કે બનુ કુરયઝાનો કોઈ વ્યક્તિ બનુ નજીરના કોઈ વ્યક્તિની હત્યા કરે તો કાયદો એ હશે કે, તેના હત્યારાને કતલ કરવામાં આવશે અને "ખૂનબહા" (હત્યાનું વળતર) પણ લેવામાં આવશે અને તે બનુ નજીરના ખૂનબહાથી બમણુ એટલે કે, ૧૪૦ વસક ખજૂરો છે, એટલું જ નહીં બલકે, તેની સાથે એ પણ કે, જો તેમની સ્ત્રીની હત્યા થઈ હોય તો તેના બદલામાં બનુ કુરયઝાનો એક પુરુષ કતલ કરવામાં આવશે અને જો

હત્યા થયેલ વ્યક્તિ પુરુષ હોય તો બનુ કુરયઝાના બે પુરુષોની હત્યા કરવામાં આવશે અને જો બનુ નજીરના ગુલામને કતલ કરવામાં આવ્યો હોય તો તેના બદલામાં બનુ કુરયઝાના આઝાદ વ્યક્તિને કતલ કરવામાં આવશે અને જો બનુ નજીરના કોઈ વ્યક્તિનો બનુ કુરયઝાના કોઈ વ્યક્તિએ એક હાથ કાપી નાંખ્યો હોય તો બનુ કુરયઝાના વ્યક્તિના બે હાથ કાપી નાંખવામાં આવશે, એક કાન કાપી નાંખ્યો હોય તો બે કાન કાપી નાંખવામાં આવશે. ઈસ્લામ પહેલાં આ કાયદો બંને કબીલાઓ વચ્ચે લાગુ પાડવામાં આવેલ હતો અને બનુ કુરયઝા પોતાની અશક્તિ અને લાચારીના કારણે આ અન્યાયી કાયદો માનવા માટે મજબૂર હતા.

જ્યારે રસૂલે કરીમ ﷺ હિજરત કરીને મદીના તશરીફ લાવ્યા અને મદીના એક દારુલ ઈસ્લામ બની ગયું, આ બંને કબીલાઓ હજુ પણ ન તો ઈસ્લામમાં દાખલ થયા હતા અને ન જ કોઈ કરારની રૂએ ઈસ્લામના હુકમોના પાબંદ હતા, પરંતુ ઈસ્લામી કાનૂનના ન્યાય અને તેની જાહેર સરળતા અને સહૂલતોને દૂરથી અનુભવી રહ્યા હતા. આ સમય દરમિયાન એક ઘટના બની કે, બનુ કુરયઝાના એક વ્યક્તિએ બનુ નજીરના એક વ્યક્તિની હત્યા કરી નાંખી તો બનુ નજીરે ઉપરોક્ત કરાર પ્રમાણે બનુ કુરયઝા પાસે બમણી દિય્યત (વળતર)ની ખૂનબહા તરીકે માંગણી કરી. બનુ કુરયઝા જો કે, ઈસ્લામમાં દાખલ થયા ન હતા, ન જ નબીએ કરીમ ﷺ સાથે તે સમય સુધી તેમનો કોઈ કરાર થયો હતો, પરંતુ આ લોકો યહૂદી હતા, તેમનામાં ઘણા બધા ભણેલા-ગણેલા લોકો હતા, જે તવરાતની આગાહીઓ પ્રમાણે જાણતા હતા કે, રસૂલે કરીમ ﷺ જ અંતિમ યુગના નબી છે, જેમના આવવાની ખુશખબરી તવરાતે આપી છે, પરંતુ ધાર્મિક પૂર્વગ્રહ અથવા દુનિયવી લાલચના કારણે તેઓ ઈમાન લાવ્યા ન હતા અને એવું પણ જોઈ રહ્યા હતા કે, રસૂલે કરીમ ﷺનો ધર્મ માનવીય સમાનતા, ન્યાય, અને ઈન્સાફનો ઝંડેધારી છે. એટલા માટે બનુ નજીરના જુલમથી બચવા માટે આ એક સહારો અને આધાર મળ્યો અને તેમણે બમણી દિય્યત આપવાથી એવું કહીને ઈન્કાર કરી દીધો કે, આપણે બંને એક જ કુટુંબના એક જ પ્રદેશના નાગરિકો છે અને આપણા બંનેનો ધર્મ પણ એક જ છે, એટલે કે આપણા બંને કબીલાઓ યહૂદી જ છે, તો આ અન્યાયી વ્યવહાર જે આજ સુધી તમારી જબરદસ્તી અને જુલમથી અમારી કમજોરીના કારણે અમારી સાથે થતો રહ્યો છે, હવે અમે તેને

ચાલવા નહીં દઈએ.

આ જવાબથી બનૂ નજીરમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઊઠી અને લગભગ એવું લાગતું હતું કે, બંને વચ્ચે યુદ્ધ છેડાય જશે, પરંતુ તો પણ અમુક ઘરડાઓ અને વડીલોના મશ્વરાથી એવું નક્કી થયું કે, આ મા'મલાનો ફૈસલો રસૂલે કરીમ ﷺ પાસે કરાવવામાં આવે. બનૂ કુરયઝા તો એવું ઇચ્છતા જ હતા કારણ કે, તેઓ જાણતા હતા કે રસૂલે કરીમ ﷺ બનૂ નજીરના અત્યાચારને મંજૂરી અને માન્યતા નહીં આપે. બનૂ નજીરે પણ પરસ્પર સલાહ-મશ્વરો કર્યો અને સુલેહની રૂએ એ બાબત ઉપર મજબૂર થઈ ગયા, પરંતુ તેમણે એવું ષડયંત્ર રચ્યું કે, રસૂલે કરીમ ﷺની પાસે મુકદ્દમો લઈ જતા પહેલાં કોઈ એવા લોકોને આગળ મોકલ્યા, જે વાસ્તવમાં તો તેમના સહધર્મી યહૂદીઓ જ હતા, પરંતુ તેમણે મુનાફિક બનીને ઈસ્લામની જાહેરાત કરી અને રસૂલુલ્લાહ ﷺ પાસે આવતા-જતા હતા અને તેમનો હેતુ એ હતો કે, આ લોકો કોઈપણ પ્રકારે મુકદ્દમાના ફૈંસલાથી પહેલાં આ મા'મલામાં રસૂલે કરીમ ﷺનું વલણ અને તેમની વિચારસરણી જાણી લે અને આ જ તાકીદ તેમના લોકોને પણ કરી દીધી કે, રસૂલે કરીમ ﷺ જો આપણી માંગણી પ્રમાણે ફૈંસલો કરે, તો તેને સ્વીકારી લેવો અને જો તેનાથી વિરુદ્ધ ફૈંસલો કરે તો તેને સ્વીકાર ન કરવો.

આ આયતની પૂર્વભૂમિકા સ્વરૂપે આ ઘટનાને વિગતવાર વર્ણન કરીને બગવીએ લખ્યું છે અને મુસ્નદે અહમદ તથા અબૂદાવુદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા તેનો ખુલાસો વર્ણન થયો છે. *(મઝહરી)*

આ જ પ્રમાણે એક બીજી ઘટના વ્યભિચારની છે, જેની વિગત બગવી (રહ.)એ એવી નકલ કરી છે કે, ખયબરના યહૂદીઓમાં આ ઘટના બની અને તવરાતની નક્કી કરેલ સજા પ્રમાણે તે બંનેને સંગસાર કરવા જરૂરી હતા પરંતુ આ બંને કોઈ એક મોટા કુટુંબના વ્યક્તિઓ હતા. યહૂદીઓએ પોતાની જૂની ટેવ પ્રમાણે તેમની સજામાં નરમી થાય એમ ઇચ્છ્યું અને તેમને એ ખબર હતી કે, ઈસ્લામ ધર્મમાં ઘણી સહૂલતો આપવામાં આવી છે, એ બીનાએ તેમણે એવું સમજ્યું કે, ઈસ્લામમાં તેમની સજામાં કોઈ ઘટાડો થશે. ખયબરના લોકોએ પોતાના કુટુંબી બનુ કુરયઝા પાસે સંદેશ મોકલ્યો કે, આ ઘટનાનો ફૈંસલો મુહમ્મદ (ﷺ) પાસે કરાવી આપે અને બંને ગુનેહગારોને પણ સાથે મોકલી આપ્યા.

તેમનો ઈરાદો એવો હતો કે, જો રસૂલે કરીમ ﷺ કોઈ હલકી સજા લાગુ પાડે તો માની લેવી નહિતર ઈન્કાર કરી દેવો. બનુ કુરયઝાએ પ્રથમ તો ખચકાટ અનુભવ્યો કે, ખબર નહીં, આપ ﷺ શું ફૈસલો કરે ? અને ત્યાં ગયા પછી તેને માનવો જ પડે. પરંતુ અમુક સમય ચર્ચા-વિચારણા કર્યા પછી નક્કી કર્યું કે, તેમના અમુક આગેવાનો રસૂલે કરીમ ﷺની સેવામાં આ ગુનેહગારોને લઈને જાય અને આપ ﷺ પાસે તેનો ફૈસલો કરાવે.

આથી કઅ્બ ઈબ્ને અશરફ વગેરેનું એક પ્રતિનિધિ મંડળ આ ગુનેહગારોને સાથે લઈ રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયું અને સવાલ કર્યો કે, શાદીશુદા પુરુષ અને સ્ત્રી જો વ્યભિચારનું દુષ્કૃત્ય આચરે તો તેમની શું સજા છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, શું તમે મારો ફૈસલો માનશો ? તેમણે ઈકરાર કર્યો તે જ સમયે હઝરત જિબ્રઈલ (અલૈ.) અલ્લાહ તઆલાનો આ હુકમ લઈને આવ્યા કે, તેમની સજા સંગસાર કરી દેવાની અથવા કતલ કરી નાંખવાની છે. આ લોકોએ જ્યારે આ ફૈસલો સાંભળ્યો તો તેઓ હતપ્રભ બની ગયા અને આ ફૈસલો માનવાથી ઈન્કાર કરી દીધો.

જિબ્રઈલ (અલૈ.)એ રસૂલુલ્લાહ ﷺને મશ્વરો આપ્યો કે, તમે તે લોકોને એવું કહો કે, મારા આ ફૈસલાને માનવા અને ન માનવા માટે ઈબ્ને સૂરિયાને હકમ (લવાદ) બનાવી દો અને હઝરત જિબ્રઈલે ઈબ્ને સૂરિયાનું ચારિત્ર્ય અને નૈતિકતા રસૂલે કરીમ ﷺને બતાવી આપી. આપ ﷺએ આવેલા પ્રતિનિધિ મંડળને પૂછ્યું કે, શું તમે આ યુવાનને ઓળખો છો ? જે સફેદ રંગનો છે પરંતુ એક આંખે મા'ઝૂર છે, ફિદકમાં રહે છે, જેને ઈબ્ને સૂરિયા કહેવામાં આવે છે. બધાએ ઈકરાર કર્યો. રસૂલે કરીમ ﷺએ પૂછ્યું, તમે લોકો તેને કેવો સમજો છો ? તેમણે કહ્યું કે, યહૂદી વિદ્વાનોની રૂએ પૃથ્વી ઉપર તેનાથી મોટો કોઈ વિદ્વાન નથી. આપ ﷺએ ફરમાવ્યું, તેને બોલાવો.

આથી તેને બોલાવવામાં આવ્યો, રસૂલે કરીમ ﷺએ તેને કસમ આપીને પૂછ્યું કે, "આવી પરિસ્થિતિમાં તવરાતનો શું હુકમ છે ?" તે બોલ્યો કે, "કસમ તે જાતની જેની કસમ તમે મને આપી છે. જો તમે એ કસમ ન આપી હોત અને મને એ ભય ન હોત કે જૂઠી વાત કહેવાની હાલતમાં તવરાત મને સળગાવી નાંખે,

હું આ હકીકત કદાપિ જાહેર ન કરત. હકીકત એ છે કે, ઈસ્લામના હુકમની જેમ જ તવરાતમાં પણ એ જ હુકમ છે કે, તે બંનેને સંગસાર કરીને કતલ કરી નાંખવામાં આવે."

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "પછી તમારા ઉપર શું આફત આવી કે તમે તવરાતના હુકમનો વિરોધ કરી રહ્યા છો ?" ઈબ્ને સૂરિયાએ કહ્યું, "અસલ વાત એ છે કે, વ્યભિચારની શરઈ સજા અમારા ધર્મોમાં પણ આ જ છે પરંતુ અમારો એક શાહજાદો આ ગુનાહમાં સંડોવાઈ ગયો, અમે તેને જતો કરી છોડી દીધો, તેને સંગસાર ન કર્યો, પછી આ જ ગુનોહ એક સામાન્ય માણસથી થયો અને જવાબદારોએ તેને સંગસાર કરવાની ઈચ્છા દર્શાવી, તો આરોપીના જૂથના લોકોએ વિરોધ કર્યો કે, જો શરઈ સજા તેને આપવી હોય તો પહેલાં શાહજાદાને આપો, નહિતર અમે આ સજા અમારા ઉપર લાગુ નહીં થવા દઈએ. આ વાત વધી તો બધાએ મળીને સૂલેહ કરી લીધી કે, બધાના માટે એક જ સરખી સજા નક્કી કરવામાં આવે અને તવરાતના હુકમને છોડી દેવામાં આવે. એટલા માટે અમે મારપીટ કરીને મોઢું કાળું કરી જુલૂસ કાઢવાની સજા નક્કી કરી અને હવે અમારામાં આ જ રિવાજ થઈ ગયો."

તફસીર :

હે રસૂલ (ﷺ) ! જે લોકો કુફ્ર(ની વાતો)માં દોડી-દોડીને પડે છે (એટલે કે તેમની સાથે કોઈ જાતના ખચકાટ વિના હળી-મળી રસપૂર્વક તેમની સાથે વાતો કર્યા કરે છે) તમને તે ગમગીન ન કરે (એટલે કે, આપ ﷺ તેમના કુફ્રથી ગમગીન અને દિલગીર ન થાઓ) ભલે તેઓ એવા લોકોમાંથી હોય, જેઓ પોતાના મોઢાથી તો (જૂઠું બોલીને) કહે છે કે, અમે ઈમાન લાવ્યા અને તેમના દિલ યકીન (એટલે કે ઈમાન) લાવ્યા નથી અને (અત્રે આ મુનાફિકો બાબતે કહેવાયું છે જેઓ એક ઘટનામાં રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા હતા અને) ભલે તે લોકોમાંથી હોય જેઓ યહૂદી છે (જેમકે બીજી ઘટનામાં એ લોકો હાજર થયા હતા), એ (બંને પ્રકારના) લોકો (પ્રથમથી જ દીન બાબતે પોતાના માર્ગ ભટકેલા આલિમો પાસેથી) ખોટી વાતો સાંભળવાની ટેવ ધરાવે છે (અને તેમની ગલત વાતોના સમર્થન માટે અહીંયાં આવીને) તમારી વાતો બીજી કૌમ

તરફથી કાન ધરી-ધરીને સાંભળે છે, જે કૌમની એવી હાલત છે કે (એક તો) તેઓ તમારી પાસે (અભિમાન અને અદાવતના કારણે પોતે) નથી આવ્યા (બલકે, બીજાઓએ મોકલ્યા છે અને બીજાઓએ મોકલ્યા તો છે, પરંતુ સચ્ચાઈના સંશોધન માટે નહીં બલકે, કદાચ પોતાના ફેરબદલ કરવામાં આવેલ હુકમો પ્રમાણે તેના સમર્થનમાં કોઈ વાત મળી જાય. કારણ કે, પ્રથમથી જ તેઓ); કલામ(-એ-ઈલાહી) એમ છતાં કે તે (કલામ) પોતાના (સત્ય) જગ્યાએ (કાયમ) હોય છે (શબ્દોની હેરાફેરીથી અથવા અર્થોની દષ્ટિએ અથવા બંને રીતે) બદલતા રહે છે (એટલા માટે આ આદત પ્રમાણે "દિય્યત" અને "રજમ"ના હુકમને પણ પોતાના નક્કી કરેલા રિવાજ દ્વારા બદલી નાંખ્યો, પછી એ સંભાવનાથી કે કદાચ શરીઅતે મુહમ્મદિય્યહ ﷺ દ્વારા આ રિવાજને કોઈ સહારો મળી જાય. એટલે સુધી કે, પોતાના જાસૂસોને મોકલ્યા. ત્રીજું એ કે, પોતાના બદલી નાંખેલ રિવાજ પ્રમાણે વાત શોધવા માટે તેમની પાસે રહેતા હતા બલકે, વિશેષતઃ એ કે, જનારાઓને) કહે છે કે, જો તમને (ત્યાં જઈને) એ હુકમ મળી જાય (જે આપણે બદલી નાંખ્યો છે) ત્યારે તો તે કબૂલ કરી લેજો (એટલે કે તે પ્રમાણે અમલ કરવાનો ઈકરાર કરી લેજો) અને જો તમને એ હુકમ (જે આપણે બદલી નાંખ્યો છે) ન મળે, તો (તેને કબૂલ કરવાથી) એહતિયાત રાખજો, (બસ આ મોકલનારી કૌમમાં જેની જાસૂસી કરવા આ લોકો આવ્યા છે, અમુક ખરાબીઓ થઈ, પ્રથમ, અભિમાન અને વેર-ઝેરના કારણે પોતે હાજર ન થયા, બીજું, સચ્ચાઈના સંશોધન કરવાનો હેતુ ન હતો બલકે, સચ્ચાઈને ફેરબદલ કરીને તેનું સમર્થન પ્રાપ્ત કરવાની ચિંતામાં હતા. ત્રીજું, અન્યોને પણ સત્ય કબૂલ કરવાથી રોકતા હતા, અહીંયાં સુધી આવનારા અને મોકલનારાઓની અલગ-અલગ ટીકા થઈ છે. આગળ એ બધાની સામૂહિક ટીકા થાય છે) અને (અસલ વાત એ છે કે,) જેનું ખરાબ (અને માર્ગ ભટકેલ) હોવું અલ્લાહને જ મંજૂર હોય (જો કે આ મંજૂરીનું સર્જન તે ગુમરાહના ગુમરાહ થવાના ઈરાદા પછી જ થાય છે) તો તેના માટે અલ્લાહ સામે (હે શ્રોતાગણ) તારું કંઈ જ ચાલી નહીં શકે (કે આ ગુમરાહીને પેદા ન થવા દે, આ તો એ વિશેનો સામાન્ય નિયમ થયો. હવે, એ સમજી લો કે) આ લોકો એવા (જ) છે, અલ્લાહ તઆલાને તેમના દિલોનું (કુફ્રની વાતથી) પાક કરવું મંજૂર ન થયું (કારણ કે, આ લોકો ઈરાદો જ

નથી કરતા. એટલા માટે અલ્લાહ તઆલા તેમને પવિત્ર નથી કરતો બલકે, તેમના ગુમરાહીના ઈરાદાના કારણે સ્વાભાવિક રીતે તેમનું ખરાબ હોવું જ મંજૂર છે. બસ, પ્રસ્તુત નિયમના કારણે કોઈ વ્યક્તિ તેમને હિદાયત નથી આપી શકતો. મતલબ એ કે, તેઓ પોતે ખરાબ રહેવાનો ઈરાદો રાખે છે અને તેમના ઈરાદા પછી આ કૃત્યના બદલાની ઉપરોક્ત પ્રમાણે સ્વાભાવિક ઈલાહી ટેવ છે અને અલ્લાહની એ ટેવને કોઈ રોકી નથી શકતું. આથી તે લોકોના સાચા માર્ગ ઉપર આવવાની આશા શું રાખી શકાય ? એનાથી રસૂલે કરીમ ﷺને વધારે સંતોષ થઈ શકે છે જેનાથી કલામ શરૂ થયું હતું. બસ, કલામના આરંભ અને અંતનો વિષય સંતોષ આપવાનો થયો. આગળ તે અમલોનું વર્ણન ફરમાવે છે કે,) એ (બધા) લોકો માટે દુનિયામાં અપમાન છે અને આખિરતમાં તે (બધા) માટે મોટી સજા છે (એટલે કે, દોઝખમાં; મુનાફિકોનું એ અપમાન થયું કે, મુસલમાનોને તેમના દોગલાપણાની જાણ થઈ ગઈ અને બધા જ તેમને અપમાનજનક દૃષ્ટિથી જોતા હતા ! યહૂદીઓને કતલ અને કેદ તથા દેશનિકાલ કરવાના વર્ણનની રિવાયતો મશહૂર છે અને આખિરતમાં અઝાબ થવો દેખીતું છે) એ લોકો (દીન વિશે) ખોટી વાતો સાંભળવાની ટેવ ધરાવે છે (જેમકે, અગાઉ આવી ચૂક્યું) મોટા હરામ (માલ)ને ખાનારા છે (અને લાલચે તેમને હુકમોમાં ખોટું વર્ણન કરવાનો કે જેના બદલામાં અમુક ભેટ-સોગાતો વગેરે મળે છે, તેમને તેના રસિયા બનાવી દીધા. જ્યારે તે લોકોની આવી હાલત છે) તો જો આ લોકો (પોતાનો કોઈ મુકદ્દમો લઈને) તમારી પાસે (ફેંસલો કરાવવા માટે) આવે, તો (આપ ﷺને અધિકાર છે) ભલે તમે તે (મા'મલા)માં ફેંસલો કરી આપો અથવા તેને ટાળી દો અને જો આપ (ﷺનો એ જ અભિપ્રાય હોય કે, તમે) તેમને ટાળી જ આપો તો (એવી શંકા ન કરો કે, કદાચ તેઓ નાખુશ થઈને વેર વાળે, કારણ કે) તેમની મજાલ નથી કે, તમને જરાપણ નુકસાન પહોંચાડી શકે (કારણ કે, અલ્લાહ તઆલા તમારો નિગેહબાન અને સાર સંભાળ રાખનાર છે) અને જો (ફેંસલો કરવાનું નક્કી કરી લો અને) તમે ફેંસલો કરો તો તેમની વચ્ચે ન્યાય (એટલે કે ઈસ્લામ)ના નિયમ પ્રમાણે ફેંસલો કરો. બેશક ! અલ્લાહ તઆલા ન્યાય કરનારાઓ સાથે મહોબ્બત કરે છે (અને હવે તે ન્યાય ઈસ્લામના કાયદામાં નક્કી થઈ ગયો છે. બસ, તે જ લોકો અલ્લાહના પ્યારા હશે જે આ કાયદા પ્રમાણે ફેંસલો કરે છે) અને

(આશ્ચર્યની વાત છે કે) તે (દીનના મા'મલામાં) તમારી પાસે એવો ફેંસલો કરાવે કે જ્યારે કે તેમની પાસે તવરાત (મૌજૂદ) છે, જેમાં અલ્લાહનો હુકમ (લખી આપ્યો) છે. (જેને માનવાનો તેઓ દા'વો કરે છે, પ્રથમ તો આ વાત અસંભવ છે) પછી (આ આશ્ચર્ય તેનાથી વધારે બેવડાઈ જાય છે કે,) તે (ફેંસલો કરાવવા આવ્યા) પછી (જ્યારે આપ ﷺનો ફેંસલો સાંભળે છે, તો તે ફેંસલાથી પણ) હટી જાય છે (એટલે કે, પ્રથમ તો આવી હાલતમાં ફેંસલો કરવા આવવું જ આશ્ચર્યની વાત હતી, પરંતુ એ સંભાવનાથી તે શંકા દૂર થઈ શકતી હતી કે, કદાચ આપ ﷺનું સાચા હોવું તેમના ઉપર જાહેર થઈ ગયું છે એટલા માટે આવ્યા છે, પરંતુ જ્યારે આ ફેંસલાને ન માન્યો તો તે આશ્ચર્ય બેવડાઈ ગયું કે, હવે તો તેની શક્યતા પણ ન રહી બલકે, એ શું વાત હતી કે, જેના કારણે તેઓ ફેંસલો કરાવવા આવ્યા છે) અને (તેનાથી દરેક બુદ્ધિશાળી વ્યક્તિને અંદાજો થઈ ગયો કે) આ લોકો કદાપિ વિશ્વાસ ધરાવનારા નથી (અત્રે તેઓ આપ ﷺ ઉપર ભરોસો હોવાના કારણે નથી આવ્યા, પોતાનો સ્વાર્થ સાધવા માટે આવ્યા છે અને જ્યારે ન માનવું ઈમાન ન હોવાની દલીલ છે તો તેનાથી એ પણ જાણ થઈ કે, જે રીતે તેમને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર કોઈ ભરોસો નથી, એ જ પ્રમાણે પોતાની કિતાબ ઉપર પણ સંપૂર્ણ ઈમાન નથી, નહિતર તેને છોડી તેઓ શા માટે ફેંસલો કરાવવા માટે અહીંયાં આવ્યા ? મતલબ કે, બંને બાજુથી હાથ ધોઈ બેઠેલા છે કે, જેનાથી તેમનો ઈન્કાર જ સાબિત થાય છે. એટલા માટે તેમનો કોઈ વિશ્વાસ નથી અને જેના ઉપર પોતાનું ઈમાન હોવાનો દા'વો કરે છે તેના ઉપર પણ તેમને કોઈ ભરોસો નથી).

મસ્અલા અને બોધપાઠ :

આ ત્રણ આયતો અને ત્યાર પછીની આયતો જે કારણો અને ઘટનાઓના સંદર્ભમાં નાઝિલ થઈ છે, તેનું વિગતવારનું વર્ણન અગાઉ આવી ચૂક્યું છે, જેનો ખુલાસો એ છે કે, યહૂદીઓની જૂની ટેવ એ હતી કે ક્યારેક પોતાના સગાં-વહાલાંઓની મહોબ્બતમાં તો ક્યારેક હોદ્દા અને માલની લાલચમાં લોકોની ઈચ્છા પ્રમાણે ફતવા બનાવી લેતા હતા. દાખલા તરીકે, સજાઓના મા'મલામાં એવો રિવાજ સામાન્ય થઈ પડ્યો હતો કે, જ્યારે કોઈ મોટા વ્યક્તિનો ગુનોહ સાબિત થઈ જાય તો તવરાતની કઠોર સજાને હળવી સજામાં ફેરવી નાખતા

હતા. તેમની આ હાલતને પ્રસ્તુત આયતમાં આ શબ્દોમાં વર્ણન કરવામાં આવી છે
يُحَرِّفُوْنَ الْكَلِمَ مِنْ بَعْدِ مَوَاضِعِهِ

જ્યારે રસૂલે કરીમ ﷺ મદીના તય્યિબહ તશરીફ લઈ ગયા અને ઈસ્લામી શરીઅતની આશ્ચર્યજનક વ્યવસ્થા તેમની સામે આવી, જેમાં સરળતા અને સહૂલતનો ઘણો ખ્યાલ રાખવામાં આવ્યો હતો અને અપરાધને નાબૂદ કરવા માટે સજાઓનું એક યોગ્ય માળખું હતું, તે સમયે તેઓ લોકોને તવરાતની કઠોર સજાઓ આપવાના બદલે તેને હળવી કરી લેતા હતા, હવે તેમને આ તક પણ મળી કે આવી ઘટનાઓમાં રસૂલે કરીમ ﷺને "હકમ" (ફેંસલો કરનાર) બનાવી આપે. જેથી રસૂલે કરીમ ﷺના શરીઅતના સરળ અને નરમ હુકમોથી ફાયદો પણ ઉઠાવી લે અને તવરાતમાં હેર-ફેર કરવાના અપરાધી પણ ન બને. પરંતુ તેમાં પણ તેમની આ ચાલબાજી અને શરારત રહેતી હતી કે, કાયદેસર હકમ બનાવતા પહેલાં કોઈ પદ્ધતિથી પોતાના હકમાં નિર્ણય ફતવા સ્વરૂપે શું છે તે જાણી લે, પછી રસૂલે કરીમ ﷺનો આ હુકમ તેમની ઈચ્છા પ્રમાણે હોય તો તેમને હકમ બનાવીને ફેંસલો કરાવી લે, નહિતર તેમને છોડી દે. આ સિલસિલાની જે ઘટનાઓ વર્ણન કરવામાં આવી છે, તેમાં કારણ કે, રસૂલે કરીમ ﷺને દુઃખ પહોંચતું હતું, એટલા માટે શરૂઆતની આયતમાં રસૂલે કરીમ ﷺને સાંત્વના આપવામાં આવી છે કે, આ બાબતથી તમે ગમગીન ન થાઓ, અંતે તો તમારા માટે ભલાઈ જ છે.

પછી આ સૂચના આપી કે, આ લોકો નિખાલસ રીતે તમને હકમ બનાવી રહ્યા નથી. બલકે, તેમની નિય્યતોમાં ફસાદ છે. પછી પાછળની આયતોમાં રસૂલે કરીમ ﷺને અધિકાર આપ્યો કે, તમે ઈચ્છો તો તેમના મા'મલાનો ફેંસલો કરી આપે અથવા તો ટાળી દો, તમને અધિકાર છે અને એવી પણ સૂચના આપી કે, જો તમે ટાળવા ઈચ્છો તો તેઓ તમને કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે. فَاحْكُمْ بَيْنَهُمْ اَوْ اَعْرِضْ عَنْهُمْ...... નો આ જ ભાવાર્થ છે અને ત્યાર પછીની આયતમાં ઈરશાદ છે કે, જો તમે ફેંસલો આપવાનું જ પસંદ કરો તો તેમાં તમને એ સૂચના આપવામાં આવી કે, ફેંસલો ન્યાય અને ઈન્સાફ આધારે હોવો જોઈએ. જેનો અર્થ એ છે કે, ફેંસલો પોતાની શરીઅત પ્રમાણે કરે. કારણ કે, રસૂલે કરીમ ﷺની બઅ્સત પછી અગાઉની તમામ શરીઅતો અને તેના કાયદાઓ રદ થઈ ગયા છે

તે કાયદાઓ સિવાય કે, જે ઈલાહી કાનૂનો કુર્આને કરીમ અને શરીઅતે મુસ્તફવી ﷺમાં બાકી રાખવામાં આવ્યા છે. એટલા માટે પાછળની આયતોમાં અલ્લાહના કાનૂન વિરુદ્ધ કોઈ અન્ય કાનૂન કે, રસમો-રિવાજ ઉપર ફેંસલો કરવાને અત્યાચાર અને ફિસ્ક તથા કુફ્ર ઠરાવવામાં આવ્યું છે.

ઇસ્લામી હુકૂમતમાં ગૈરમુસ્લિમોના મુકદ્દમાનો નિયમ :

અત્રે એ વાત યાદ રાખવા યોગ્ય છે કે, આ યહૂદીઓ જેઓ રસૂલે કરીમ ﷺની અદાલતમાં મુકદમો લઈને આવ્યા હતા અને રસૂલે કરીમ ﷺ તથા આપ ﷺની શરીઅત ઉપર તેમનું ઈમાન ન હતું અને ન જ તેઓ મુસલમાનોના તા'બા હેઠળના જિમ્મી લોકો હતા. અલબત્ત, રસૂલે કરીમ ﷺ સાથે તેમને યુદ્ધ ન કરવાનો કરાર થયો હતો. એ જ કારણે રસૂલે કરીમ ﷺને અધિકાર આપવામાં આવ્યો કે, તેઓ ઇચ્છે તો પોતાની શરીઅત પ્રમાણે ફેંસલો કરે અને જો ઇચ્છે તો ટાળી દે. કારણ કે, તે લોકોની કોઈ જવાબદારી ઈસ્લામી હુકૂમત ઉપર નથી અને જો તેઓ જિમ્મી હોત અને ઈસ્લામી હુકમતના શરણે ગયા હોત તો મુસ્લિમ સત્તાધીશો ઉપર ફેંસલો કરવો ફરજ થયો હોત અને ટાળી દેવું નાજાઈઝ હોત. કારણ કે, તેમના હકોની દેખરેખ રાખવી અને તેમને અત્યાચારથી બચાવવા ઈસ્લામી સરકારની જવાબદારી છે. જેમકે, મુસલમાનોના હકો અને તેમના ઉપર થતા અત્યાચારો દૂર કરવા ઈસ્લામી હુકૂમતનો ફરજ છે. એટલા માટે હવે પછી આવનારી એક આયતમાં આવો પણ ઈરશાદ છે وَاَنِ احْكُمْ بَيْنَهُمْ بِمَا اَنْزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ એટલે કે, "જો આ લોકો પોતાનો મા'મલો તમારી પાસે લાવે તો તમે તેનો ફેંસલો પોતાની શરીઅત પ્રમાણે કરી આપો."

આ આયતમાં અધિકાર આપવાના બદલે એક નક્કી ફેંસલો આપવાનો હુકમ આપવામાં આવ્યો છે. ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં આ બંનેની સમીક્ષા આ રીતે કરી છે કે, "પ્રથમ આયતમાં જેમાં આવો અધિકાર આપવામાં આવ્યો છે તે એવા ગેરમુસ્લિમોના સંદર્ભમાં છે, જે ઈસ્લામી હુકૂમતના નાગરિકો અથવા જિમ્મી નથી. બલકે, પોતાના પ્રદેશમાં રહે છે અને તેમની સાથે કોઈ કરાર થઈ ગયો છે. જેમકે, બનૂ કુરયઝા અને બનૂ નઝીરની પરિસ્થિતિ હતી કે, ઈસ્લામી હુકૂમત સાથે તેમને એ સિવાય કોઈ સંબંધ ન હતો

કે, એ કરાર દ્વારા તેઓ યુદ્ધ ન કરવાના પાબંદ થઈ ગયા હતા અને બીજી આયત તે ગેરમુસ્લિમોના સંદર્ભમાં છે, જેઓ મુસલમાનોના જિમ્મી, ઈસ્લામી હુકૂમતના નાગરિકો અને ઈસ્લામી હુકૂમતના તા'બા હેઠળ રહેનારા છે.''

હવે, અત્રે એ બાબત વિચાર કરવા યોગ્ય છે કે, પ્રથમ જે આયતમાં અધિકાર આપવામાં આવ્યો છે તે અને બીજી આયત બંનેમાં રસૂલે કરીમ ﷺને એવી સૂચના આપવામાં આવી છે કે, જ્યારે પણ તમે તે ગેરમુસ્લિમોના મા'મલામાં ફેંસલો કરો તો અલ્લાહ તઆલાના નાઝિલ કરેલ હુકમ અનુસાર એટલે કે, શરીઅતના કાનૂન પ્રમાણે કરો અને ગેરમુસ્લિમોની મનેચ્છાઓ અથવા તેમના ધર્મ પ્રમાણે ફેંસલો ન કરો.

એનો ખુલાસો એ છે કે, આ હુકમ તે ઘટનાઓના સંદર્ભમાં છે જેનું વર્ણન આ આયતોનો શા'ને નુઝૂલ છે, જેનો વાંચકો અભ્યાસ કરી ચૂક્યા છે કે, આ એક કતલના સજાના મા'મલાની અને તેની દિય્યત (વળતર)ની બાબત હતી અને બીજી ઘટના એક વ્યભિચાર અને તેની સજાની હતી. આ પ્રકારના મા'મલાઓમાં એટલે કે, અપરાધ અને તેની સજાઓમાં સમગ્ર દુનિયાનો એ જ નિયમ છે કે, આખા દેશનો એક જ કાયદો હોય છે, જેને સામાન્ય નિયમ કહેવામાં આવે છે અને આ સામાન્ય નિયમમાં દરેક વર્ગના, ધર્મના, જાતિ-જ્ઞાતિના લોકો એક જ હોય છે, તેમાં કોઈ ભેદભાવ કરવામાં આવતો નથી. દાખલા તરીકે, ચોરની સજા હાથ કાપવાની છે તો આ ફક્ત મુસલમાનો માટે ખાસ નથી બલકે, દેશના દરેક નાગરિકો માટે એ જ સજા હશે. એ જ પ્રમાણે હત્યા અને વ્યભિચારની સજાઓ પણ બધાના માટે સરખી હશે, પરંતુ તેનાથી એ જરૂરી નથી હોતું કે, ગેરમુસ્લિમોના વ્યક્તિગત અને સંપૂર્ણ ધાર્મિક મા'મલાઓમાં પણ ઈસ્લામી શરીઅત પ્રમાણે ફેંસલો કરવો જરૂરી હોય.

પોતે નબીએ કરીમ ﷺએ દારૂ અને ડુક્કરને મુસલમાનો માટે હરામ ઠરાવ્યું અને તેની સજા નક્કી કરી, પરંતુ ગેરમુસ્લિમોને તેનાથી બાકાત રાખ્યા. ગેરમુસ્મિોના નિકાહ-શાદી વગેરે વ્યક્તિગત મા'મલાઓમાં ક્યારેય દખલગીરી ન કરી, તેમને તેમના ધર્મ પ્રમાણે જે નિકાહ થયા હોય, તેને માન્ય રાખ્યા.

હિજ્રના નિવાસી અગ્નિપૂજકો અને નજરાન તથા વાદીએ કૂરાના

યહૂદીઓ અને નસારા ઈસ્લામી હુકૂમતના જિમ્મી બન્યા અને રસૂલે કરીમ ﷺને એ ખબર હતી કે, યહૂદીઓ અને નસારાઓમાં ઈદ્દત પસાર કર્યા વિના અથવા ગવાહો વિના પણ નિકાહ માન્ય છે, પરંતુ રસૂલે કરીમ ﷺએ તેમના વ્યક્તિગત મા'મલાઓમાં કોઈ દખલગીરી ન કરી અને તેમની નિકાહને માન્ય ઠરાવ્યા.

ખુલાસો એ છે કે, ગેરમુસ્લિમો જેઓ ઈસ્લામી હુકૂમતના નાગરિકો છે, તેમની વ્યક્તિગત તથા ધાર્મિક બાબતોમાં ફેંસલો તેમના જ ધર્મ અને વિચારસરણી પ્રમાણે કરવામાં આવશે અને જો મુકદમો ચલાવવાની જરૂરત જણાય તો તેમના જ ધર્મના ન્યાયાધીશ નક્કી કરી ફેંસલો કરાવવામાં આવશે.

અલબત્ત, જો તેઓ મુસ્લિમ ન્યાયાધીશ પાસે પોતાનો મુકદ્દમો લઈ જાય અને બંને પક્ષો વાદી-પ્રતિવાદી આ ફેંસલાથી રાજી હોય તો પછી મુસ્લિમ ન્યાયાધીશ ફેંસલો પોતાની શરીઅત પ્રમાણે જ કરશે. કારણ કે, હવે તે બંને પક્ષો તરફથી લવાદના હુકમમાં પણ છે. આયત اَنِ احْكُمْ بَيْنَهُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ આગળ આવે છે, તેમાં ઈસ્લામી શરીઅત પ્રમાણે ફેંસલો આપવાનો જે હુકમ નબીએ કરીમ ﷺએ આપ્યો છે અથવા તો તેની રૂએ સામાન્ય કાનૂન જે બંધારણનો કાનૂન છે, જેમાં કોઈપણ વર્ગના લોકો વચ્ચે કોઈ ભેદભાવ નથી કરી શકાતો અથવા એ આધાર ઉપર છે કે, આ લોકો પોતે રસૂલે કરીમ ﷺનો હુકમ સ્વીકાર કરીને તેમની પાસે જ ફેંસલો કરાવવા માટે આવ્યા, તો દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺનો ફેંસલો તે જ હોવો જોઈએ, જેના ઉપર આપ ﷺનું ઈમાન છે અને આપ ﷺની શરીઅતનો હુકમ છે.

ઉપરની આયતોમાંથી પ્રથમ આયતમાં રસૂલે કરીમ ﷺને દિલાસો આપવામાં આવ્યો, ત્યારબાદ યહૂદીઓના ષડયંત્રની તેમને જાણ કરવામાં આવી يٰٓاَيُّهَا الرَّسُوْلُ لَا يَحْزُنْكَ થી અંત સુધી એનું જ વર્ણન છે, જેનાથી એ જાહેર કરવામાં આવ્યું છે કે, રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થનાર પ્રતિનિધિ મંડળ મુનાફિકો છે, તેઓનું યહૂદીઓ સાથે ગુપ્ત ગઠબંધન છે અને તેમણે જ તેમને મોકલ્યા છે. એ રીતે પાછળથી આવનાર પ્રતિનિધિ મંડળની અમુક ખરાબ ટેવોનું વર્ણન કરીને મુસલમાનોને તેમની બુરી ટેવોથી ચેતવ્યા છે અને મોઘમ રીતે એવી સૂચના પણ આપી કે, આ ટેવો કાફિરાના ટેવો છે અને તેનાથી બચો અને તેનાથી દૂર રહેવાનો પ્રબંધ કરો.

યહૂદીઓની એક ખરાબ ટેવ :

પ્રથમ ટેવ આ બતાવી سَمّٰعُوْنَ لِلْكَذِبِ એટલે કે, આ લોકો જૂઠી અને ખોટી વાતો સાંભળવાની ટેવ ધરાવે છે અને પોતાને આલિમ કહેવાડનાર ગદ્દાર યહૂદીઓના એવા આંધળા અનુયાયીઓ છે કે, તવરાતના હુકમનો ખુલ્લો વિરોધ થતો હોવાનું જોવા છતાં તેમનું અનુસરણ કરતા રહે છે અને તેમની આ ગલત-સલત વર્ણન કરેલી વાતો અને કહાણીઓ સાંભળતા રહે છે.

સામાન્ય જનસમૂહ માટે ઉલમાનું અનુસરણ કરવાનું માપદંડ :

એમાં જે રીતે હેરાફેરી કરનારા અને અલ્લાહ તથા રસૂલે કરીમ ﷺના હુકમોમાં ખોટી વાતો સામેલ કરનારાઓ માટે ચેતવણીઓ છે, એ જ પ્રમાણે તે લોકોને પણ સખત અપરાધી ઠરાવવામાં આવ્યા છે, જે આવા લોકોના ઈમામ બનીને બિનભરોસાપાત્ર તથા ખોટી રિવાયતો સાંભળવાની ટેવ બનાવી ચૂક્યા છે. એમાં મુસલમાનો માટે એક અગત્યની સૈદ્ધાંતિક સૂચના એ છે કે, જો કે, અભણ જનતા માટે દીન ઉપર અમલ કરવાનો માર્ગ ફક્ત એ જ છે કે, ઉલમાના ફતવા અને તેમની તા'લીમ ઉપર અમલ કરે, પરંતુ આ જવાબદારીથી સામાન્ય જનતા પણ છટકી નથી શકતી કે, ફતાવા લેવા અને અમલ કરતાં પહેલાં પોતાના આગેવાનો કે જેનું તેઓ અનુસરણ કરી રહ્યા છે તેના વિશે એટલી તહકીક કરે કે, આ બીમારી માટે કયો ડૉક્ટર નિષ્ણાત છે ? કયો હકીમ સારો છે ? તેની શું-શું ડીગ્રીઓ છે ? તેની પાસે જનાર દર્દીઓની શું હાલત થાય છે ? શક્ય એટલી તહકીક કર્યા પછી પણ જો તે કોઈ ખોટા ડૉક્ટર અથવા હકીમની જાળમાં ફસાઈ જાય અથવા તે કોઈ ભૂલ કરે તો બુદ્ધિશાળીઓ પાસે તે ટીકાપાત્ર હોતો નથી, પરંતુ જે વ્યક્તિ તહકીક કર્યા વિના જ કોઈ બહુરુપિયાની જાળમાં ફસાઈ જાય ત્યારે તે બુદ્ધિશાળીઓની દૃષ્ટિએ પોતે જ આત્મહત્યાનો જવાબદાર છે.

આ જ હાલત સામાન્ય જનતા માટે દીની કાર્યો વિશે પણ છે કે, જો તેમણે પોતાની વસ્તીના જ્ઞાની અને કળાના અનુભવી નિષ્ણાત લોકોની તહકીક કર્યા પછી કોઈ આલિમની "તકલીદ" (અનુસરણ) શરૂ કરી અને તેના ફતવા ઉપર અમલ કર્યો તો તે સામાન્ય જનતામાં પણ મા'ઝૂર સમજવામાં આવશે અને અલ્લાહ પાસે પણ. આવી જ ઘટનાઓ સંદર્ભે રસૂલે કરીમ ﷺની હદીષમાં

ઈરશાદ છે, فَاِنَّ اِثْمَهٗ عَلٰى مَنْ اَفْتٰى એટલે કે, આવી પરિસ્થિતિમાં જો આલિમ અને મુફતીએ ભૂલ કરી અને કોઈ મુસલમાને તેના ખોટા ફતવા ઉપર અમલ કરી લીધો, તો તેનો ગુનોહ તેને નહીં થાય બલકે, તે આલિમ અને મુફતીને થશે અને તે પણ એ સમય સુધી જ્યારે કે, તે આલિમે જાણીબૂજીને તે ભૂલ કરી હોય અથવા શક્ય એટલી પ્રમાણિકતાથી ફતવો આપતા પહેલાં વિચાર, ચિંતન અને સંશોધન ન કર્યું હોય અથવા એ કે, તે આલિમ જ ન હોય અને લોકોને ધોકો આપીને આ હોદ્દા ઉપર ચઢી બેઠો હોય.

પરંતુ જો કોઈ વ્યક્તિ તહકીક વિના ફક્ત એ વિચારે કોઈને આલિમ અથવા "મુક્તદા" (અનુસરણ કરવાપાત્ર) ઠરાવે અને તેના કૌલ ઉપર અમલ કરે અને ખરી રીતે તે વ્યક્તિમાં આ ક્ષમતા અને યોગ્યતા નથી, ત્યારે તેનો વબાલ ફક્ત તે મુફતી અથવા આલિમ ઉપર નથી બલકે, આ વ્યક્તિ પણ બરાબરનો દોષી છે, જેણે તહકીક વિના જ પોતાના ઈમાનની લગામ એવા વ્યક્તિના હવાલે કરી જે વાસ્તવમાં ઈલ્મથી કોરો છે. આવા જ લોકો વિશે કુર્આનમાં આ ઈરશાદ આવ્યો છે, سَمّٰعُوْنَ لِلْكَذِبِ એટલે કે, આ લોકો જૂઠી વાતો સાંભળવાની ટેવ ધરાવે છે. પોતાના મુક્તદા કે જેમનું તેઓ અનુસરણ કરી રહ્યા છે, તેમના આચરણ, તેમની પ્રામાણિકતા અને નિષ્ઠાની તહકીક કર્યા વિના જ તેમની પાછળ દોરવાઈ રહ્યા છે અને તેમની પાયા વિનાની ઘડી કાઢેલી ગલત રિવાયતો સાંભળવાની અને માનવાની ટેવ ધરાવે છે.

કુર્આને કરીમે યહૂદીઓની આવી હાલત વર્ણન કરી છે અને મુસલમાનોને સંભળાવ્યું છે કે, તમે તેનાથી સુરક્ષિત રહો, પરંતુ આજે દુનિયામાં મુસલમાનોની ઘણી મોટી બરબાદીનું એક કારણ એ પણ છે કે, તેઓ દુનિયાના વ્યવહારોમાં તો ખૂબ હોશિયાર ચુસ્ત અને ચાલાક છે, બીમાર હોય તો સારાથી સારા ડૉક્ટર અને હકીમને શોધી કાઢે છે, કોઈ મુકદમો ઊભો થાય તો સારા-સારા વકીલો અને બેરિસ્ટરો શોધી લાવે છે, કોઈ મકાન બનાવવું હોય તો ઉચ્ચ કક્ષાના આર્કિટેક અને ઍન્જીનિયરોની ભાળ મેળવી લે છે, પરંતુ દીનના મા'મલામાં એવો ઉદાર છે કે, જેની દાઢી અને કુરતો જોઈ લીધો, જેને બે શબ્દો બોલતાં સાંભળી લીધો, તેને પોતાનો મુક્તદા આલિમ, મુફતી અને રહેબર માની લીધો, એની તહકીક પણ ન કરી કે, તેણે કાયદેસર કોઈ મદ્રસામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું પણ છે કે કેમ ? નિષ્ણાત

ઉલમાની સેવામાં રહીને દીન પ્રત્યે કોઈ લગાવ પેદા કર્યો છે કે કેમ ? કોઈ ઇલ્મી સેવાઓ કરી છે કે કેમ ? સાચા બુઝુર્ગો અને અલ્લાહવાળાઓના સાંન્નિધ્યમાં રહીને અલ્લાહનો ડર અને પવિત્રતા જન્માવી છે કે કેમ ? વગેરે....

એનું પરિણામ એ આવ્યું છે કે, મુસલમાનોમાં જે લોકો દીન તરફ કેન્દ્રિત પણ થાય છે તે જાહિલ, અજ્ઞાની, વાઅ્ઝ કરનારાઓ અને દુકાનો ખોલીને બેઠેલા પીરોની જાળમાં ફસાઈને દીનના સાચા રસ્તાથી દૂર સુધી ભટકી જાય છે, તેમનું દીની ઇલ્મ ફક્ત કિસ્સા-કહાણીઓ સુધી સીમિત રહી જાય છે, જે બાબત મનેચ્છાઓની અવરોધક ન બને તેનાથી ખુશ થાય છે. તેઓ એવી ગલતફહમીમાં રાચે છે કે, અમે દીન ઉપર ચાલી રહ્યા છે, મોટી ઇબાદતો કરી રહ્યા છે, પરંતુ વાસ્તવમાં તેમના અમલોને કુર્આને કરીમે આવા શબ્દોમાં વર્ણન કર્યા છે. اَلَّذِيْنَ ضَلَّ سَعْيُهُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ يَحْسَبُوْنَ اَنَّهُمْ يُحْسِنُوْنَ صُنْعًا એટલે કે, “આ તે લોકો છે જેમના પ્રયત્નો અને આચરણો દુનિયામાં જ બરબાદ થઈ ગયા છે અને તેઓ પોતે એવું સમજી રહ્યા છે કે, અમે તો ઘણો સારો અમલ કર્યો.”

ખુલાસો એ છે કે, કુર્આને કરીમે આ મુનાફિક યહૂદીઓની હાલત سَمّٰعُوْنَ لِلْكَذِبِ ના શબ્દોમાં વર્ણન કરીને એક મહત્ત્વનો મોટો સિદ્ધાંત બતાવ્યો કે, જાહિલ લોકો માટે ઉલમાની પૈરવી કરવી તો જરૂરી જ છે, પરંતુ તેમના માટે એ બાબત આવશ્યક છે કે, તહકીક વિના કોઈ આલિમને પોતાનો મુક્તદા (અનુસરણ કરવાપાત્ર) ન બનાવી લે અને નાવાકેફ લોકોથી ગલત-સલત વાતો સાંભળવાની આદત ન પાડે.

યહૂદીઓની બીજી ખરાબ ટેવ :

આ મુનાફિકોની બીજી ખરાબ ટેવ એ બતાવી છે કે, سَمّٰعُوْنَ لِقَوْمٍ اٰخَرِيْنَ لَمْ يَاْتُوْكَ એટલે કે, આ લોકો જાહેરમાં તો રસૂલે કરીમ ﷺ પાસે એક દીની મા'મલાનો હુકમ પૂછવા આવે છે, પરંતુ વાસ્તવમાં તેમનો હેતુ ન તો દીન છે, ન જ દીની બાબતોનો હુકમ જાણવાનો છે. બલકે, આ એક એવી યહૂદી કૌમના જાસૂસો છે, જેઓ પોતાના અભિમાનના કારણે રસૂલે કરીમ ﷺ પાસે પોતે નથી આવતા, તેમની ઇચ્છા પ્રમાણે ફક્ત એવું ચાહે છે કે, વ્યભિચારની સજા વિશે રસૂલે કરીમ ﷺનો વિચાર જાણીને તેમને બતાવી આપે, પછી માનવા - ન

માનવાનો નિર્ણય પોતે કરશે; તેમાં મુસલમાનોને પણ એવી ચેતવણી આપવામાં આવી છે કે, કોઈ દીની આલિમ પાસેથી ફતવો જાણવા માટે જરૂરી છે કે, પૂછવાની નિય્યત અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના હુકમને જાણવાની અને તેના ઉપર અમલ કરવાની હોવી જોઈએ. ફક્ત મુફતીઓનો અભિપ્રાય જાણી પોતાની મનેચ્છા પ્રમાણે હુકમ શોધવા, એ ખુલ્લમ-ખુલ્લું મનેચ્છાઓ અને શયતાનનું અનુસરણ છે અને તેનાથી બચવું જોઈએ.

ત્રીજી ખરાબ ટેવ; અલ્લાહની કિતાબમાં ફેરફાર કરવો :

ત્રીજી ખરાબ ટેવ આ લોકોમાં આ વર્ણન કરવામાં આવી છે કે, આ યહૂદી અલ્લાહના કલામને તેના સ્થળેથી હટાવીને ખોટા અર્થ કરી અલ્લાહના હુકમોમાં ફેરફાર કરતા રહેતા હતા, તેમાં એવું સ્વરૂપ પણ સામેલ છે કે, તવરાતના શબ્દોમાં અમુક ફેરફાર કરી નાંખે અથવા તો શબ્દો તો તે જ રહેવા દે, પરંતુ તેના અર્થોમાં ખોટી રીતે તા'વીલ અને યુક્તિપૂર્વકની બાંધછોડ કરી અર્થમાં ફેરફાર કરી નાંખે. યહૂદીઓ આ બંને પ્રકારના ફેરફાર કરવાની ટેવ ધરાવતા હતા.

મુસલમાનો માટે એમાં પણ ચેતવણી છે કે, કુર્આને કરીમની સુરક્ષાની અલ્લાહ તઆલાએ પોતે જવાબદારી લીધી છે. તેમાં શાબ્દિક ફેરફાર કરવાની તો કોઈ હિંમત નથી કરી શકતું કે, લખેલ પ્રતોમાં અને લાખો મનુષ્યના દિલોમાં અલ્લાહનું કલામ એક ઝબર-ઝેરની ભૂલ વિના સુરક્ષિત છે અને તેમાં નાની સરખી પણ કોઈ ભૂલ કરે તો તે તરત જ પકડાઈ જાય છે, પરંતુ અર્થોમાં ફેરફાર દેખીતી સ્વરૂપે થઈ શકે છે અને એવો ફેરફાર કરનારાઓ મોજૂદ પણ છે, પરંતુ તેની સુરક્ષા માટે અલ્લાહ તઆલાએ એવી વ્યવસ્થા કરી છે કે, આ ઉમ્મતમાં કયામત સુધી એક એવો સમૂહ અસ્તિત્વ ધરાવતો રહેશે જેઓ કુર્આન અને સુન્નતના સહીહ અર્થો સાથે કાયમ રહેશે. તેઓ ફેરફાર કરનારાઓના ષડયંત્રોને ખુલ્લા પાડતા રહેશે.

ચોથી ખરાબ ટેવ; લાંચ-રુશ્વત :

બીજી આયતમાં તેમની એક બુરી ટેવ આ વર્ણન કરી છે, اَکّٰلُوْنَ لِلسُّحْتِ એટલે કે, આ લોકો سُحْت (સુહ્ત) લાંચ ખાવાની ટેવ ધરાવે છે. سُحْت નો શાબ્દિક અર્થ "કોઈ વસ્તુના પાયા અને જડ ખોદી નાંખી તેને બરબાદ કરવા"નો

થાય છે. આ અર્થમાં કુર્આને કરીમે ફરમાવ્યું, فَيُسْحِتَكُمْ بِعَذَابٍ એટલે કે, "જો તમે પોતાના આ દુષ્કૃત્યથી બચશો નહીં તો અલ્લાહ તઆલા પોતાના અઝાબથી તમારો સત્યાનાશ કરી નાંખશે." એટલે કે, તમારા મૂળિયાં અને બુનિયાદોને ખતમ કરી દેવામાં આવશે. કુર્આન મજીદમાં આ સ્થળે سُحُتْ નો અર્થ "રુશ્વત" છે. હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ, ઈબ્રાહીમ નખઈ, હસન બસરી, મુજાહિદ, કતાદહ, જહ્હાક (રહ.) વગેરેએ તેની તફસીર રુશ્વત હોવાની કરી છે.

રુશ્વતને سُحُتْ કહેવાનું કારણ એ છે કે, તે ફક્ત આપનારને નહીં બલકે, લેનારને પણ બરબાદ કરી નાંખે છે. બલકે, લાંચ-રુશ્વત સમગ્ર દેશ અને મિલ્લતની બુનિયાદો અને જડો તથા શાંતિ અને સલામતીને તબાહ-બરબાદ કરનારી વસ્તુ છે. જે દેશમાં અથવા જે સરકારી ખાતામાં રુશ્વતનું ચલણ હોય ત્યાં કાયદો ખતમ થઈ જાય છે અને કાયદો જ તે વસ્તુ છે જે દેશ અને મિલ્લતમાં શાંતિ સ્થાપી શકે છે. જો તે જ ખતમ થઈ જાય તો ન તો કોઈનો જીવ સુરક્ષિત રહે છે, ન જ આબરૂ, ન તો ઈજ્જત અને ન જ માલ. એટલા માટે ઈસ્લામી શરીઅતે તેને سُحُتَ ફરમાવીને સખત હરામ ઠરાવ્યું છે અને તેના દરવાજા બંધ કરવા માટે શાસકો અને અધિકારીઓને જે ભેટ-સોગાતો અને તોહફા આપવામાં આવે છે, તેને પણ સહીહ હદીષમાં રુશ્વત ઠરાવીને હરામ કરવામાં આવ્યું છે. *(જસ્સાસ)*

એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો છે કે, "અલ્લાહ તઆલા લાંચ લેનાર અને આપનાર ઉપર ફિટકાર (લા'નત) વરસાવે છે અને તે વ્યક્તિ ઉપર પણ કે જે તે બંને વચ્ચે દલાલ બની સંપર્કનું માધ્યમ બને છે."

(જસ્સાસ)

રુશ્વત (લાંચ)ની શરઈ પરિભાષા એ છે કે, જેનું વળતર લેવું શરઈ રૂએ યોગ્ય ન હોય તેનું પણ વળતર લેવામાં આવે. દાખલા તરીકે, કોઈ કામ કોઈ વ્યક્તિની ફરજમાં સામેલ છે અને તેને પૂરું કરવાની જવાબદારી તેના માટે જરૂરી છે, હવે તે કામ માટે કોઈ પક્ષ પાસેથી વળતર લેવું. જેમકે, સરકારનો કોઈ અધિકારી અથવા ક્લાર્ક સરકારી નોકરીની રૂએ પોતાની ફરજ અદા કરવા માટે બંધાયેલો છે, તે એની જવાબદારી છે. હવે, જો કોઈ વ્યક્તિ પોતાનું કામ લઈને ત્યાં જાય અને તેની પાસેથી જો પેલો અધિકારી કે ક્લાર્ક કામના બદલામાં કોઈ રકમ લે તો આ લાંચ-રુશ્વત છે. એ જ પ્રમાણે છોકરીના માં-બાપના માથે તેની

શાદી કરાવવાની જવાબદારી છે, તેનું કોઈ વળતર હોઈ નથી શકતું, જો માં-બાપ જેની સાથે તેનું સગપણ કરે તેની પાસેથી કોઈ વળતર લે તો તે પણ રુશ્વત (લાંચ) છે. અથવા નમાઝ, રોઝા અને હજ્જ તથા કુર્આનની તિલાવત વગેરે ઈબાદતો છે, તે મુસલમાનની જવાબદારી છે, આ અમલો કરવાનું કોઈની પાસેથી જો વળતર લેવામાં આવે તો તે પણ રુશ્વત છે. કુર્આનનું શિક્ષણ આપવું અને ઈમામત કરાવવી આ બાબતમાં અપવાદ છે.

(عَلٰى فَتْوَى الْمُتَاءَ خِّرِيْنَ અલા ફતાવા અલ મુતઅખ્ખિરીન)

પછી જે વ્યક્તિ રુશ્વત લઈને કોઈ કામ હક પ્રમાણે કરે, તો તે લાંચ-રુશ્વત લેવાનો ગુનેહગાર છે અને આ માલ તેના માટે سُحت અને હરામ છે અને જો લાંચ-રુશ્વત લઈને હક વિરુદ્ધ કામ કર્યું, તો આ બીજો સખત ગુનોહ અને કોઈનો હક મારવા સમાન છે અને અલ્લાહના હુકમને બદલવો તે ઉપરાંત વધારાનો ગુનોહ છે. અલ્લાહ તઆલા મુસલમાનોને તેનાથી બચાવે. આમીન.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૪૪ થી ૫૦)

إِنَّآ أَنْزَلْنَا التَّوْرٰىةَ فِيْهَا هُدًى وَّنُوْرٌ ۚ يَحْكُمُ بِهَا النَّبِيُّوْنَ الَّذِيْنَ أَسْلَمُوْا
لِلَّذِيْنَ هَادُوْا وَالرَّبّٰنِيُّوْنَ وَالْأَحْبَارُ بِمَا اسْتُحْفِظُوْا مِنْ كِتٰبِ اللّٰهِ وَكَانُوْا
عَلَيْهِ شُهَدَآءَ ۚ فَلَا تَخْشَوُا النَّاسَ وَاخْشَوْنِ وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا ۚ
وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ أَنْزَلَ اللّٰهُ فَأُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ ﴿٤٤﴾ وَكَتَبْنَا عَلَيْهِمْ
فِيْهَآ أَنَّ النَّفْسَ بِالنَّفْسِ ۙ وَالْعَيْنَ بِالْعَيْنِ وَالْأَنْفَ بِالْأَنْفِ وَالْأُذُنَ
بِالْأُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ ۙ وَالْجُرُوْحَ قِصَاصٌ ۚ فَمَنْ تَصَدَّقَ بِهٖ فَهُوَ
كَفَّارَةٌ لَّهٗ ۚ وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ أَنْزَلَ اللّٰهُ فَأُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٤٥﴾
وَقَفَّيْنَا عَلٰٓى اٰثَارِهِمْ بِعِيْسَى ابْنِ مَرْيَمَ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ
التَّوْرٰىةِ ۖ وَاٰتَيْنٰهُ الْإِنْجِيْلَ فِيْهِ هُدًى وَّنُوْرٌ ۙ وَّمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ

التَّوْرٰىةِ وَهُدًى وَّمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٤٦﴾ وَلْيَحْكُمْ اَهْلُ الْاِنْجِيْلِ بِمَآ اَنْزَلَ
اللّٰهُ فِيْهِ ؕ وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿٤٧﴾ وَاَنْزَلْنَآ
اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ الْكِتٰبِ وَمُهَيْمِنًا
عَلَيْهِ فَاحْكُمْ بَيْنَهُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ عَمَّا جَآءَكَ مِنَ
الْحَقِّ ؕ لِكُلٍّ جَعَلْنَا مِنْكُمْ شِرْعَةً وَّمِنْهَاجًا ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً
وَّاحِدَةً وَّلٰكِنْ لِّيَبْلُوَكُمْ فِيْ مَآ اٰتٰىكُمْ فَاسْتَبِقُوا الْخَيْرٰتِ ؕ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ
جَمِيْعًا فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٤٨﴾ وَاَنِ احْكُمْ بَيْنَهُمْ بِمَآ
اَنْزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ وَاحْذَرْهُمْ اَنْ يَّفْتِنُوْكَ عَنْ بَعْضِ مَآ اَنْزَلَ اللّٰهُ
اِلَيْكَ ؕ فَاِنْ تَوَلَّوْا فَاعْلَمْ اَنَّمَا يُرِيْدُ اللّٰهُ اَنْ يُّصِيْبَهُمْ بِبَعْضِ ذُنُوْبِهِمْ ؕ وَاِنَّ
كَثِيْرًا مِّنَ النَّاسِ لَفٰسِقُوْنَ ﴿٤٩﴾ اَفَحُكْمَ الْجَاهِلِيَّةِ يَبْغُوْنَ ؕ وَمَنْ اَحْسَنُ مِنَ
اللّٰهِ حُكْمًا لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿٥٠﴾ ع

તરજુમો :

બેશક ! અમે તવરાત નાઝિલ કરી કે એમાં હિદાયત અને રોશની છે, એના ઉપર પયગમ્બર કે જે અલ્લાહના હુકમબરદાર હતા યહૂદને હુકમ કરતા હતા, અને (એ જ રીતે) હુકમ કરતા હતા દૂરવેશ અને આલિમ એ કારણે કે તેઓ અલ્લાહની કિતાબ ઉપર નિગેહબાન (દેખરેખ રાખનાર) ઠરાવવામાં આવ્યા હતા, અને એની ખબરગીરી ઉપર મુકર્રર હતા; બસ, તમે લોકોથી ન ડરો અને મારાથી ડરો, અને મારી આયતો ઉપર થોડી કિંમત ન ખરીદો, અને જે કોઈ એના પ્રમાણે હુકમ ન કરે કે જે અલ્લાહે ઉતાર્યું બસ તે જ લોકો કાફિર છે. (૪૪) અને અમે તેમના ઉપર તે કિતાબમાં લખી દીધું કે જીવના બદલે જીવ, અને આંખના બદલે આંખ, અને નાકના બદલે નાક, અને કાનના બદલે કાન, અને દાંતના બદલે દાંત, અને ઝખ્મોનો બદલો તેના

બરાબર જેટલો; જેણે મા'ફ કરી દીધું તો તે ગુનાહથી પાક થઈ ગયો, અને જે કોઈ એ પ્રમાણે હુકમ ન કરે કે જે અલ્લાહે ઉતાર્યું, બસ તે જ લોકો છે જાલિમ. (૪૫) અને પાછળ મોકલ્યા અમે તેમના જ કદમો ઉપર મરયમના પુત્ર ઈસા (અલૈ.)ને તવરાતની ખરાઈ કરનાર જે અગાઉથી હતી, અને અમે તેમને ઈન્જીલ આપી જેમાં હિદાયત અને રોશની હતી, અને પોતાનાથી આગલી કિતાબ તવરાતની ખરાઈ કરતી હતી, અને માર્ગ બતાવનારી અને ડરનારાઓ માટે નસીહત હતી. (૪૬) અને ઈન્જીલવાળાઓને જોઈએ કે એ પ્રમાણે હુકમ કરે કે જે અલ્લાહે એમાં ઉતાર્યું, અને જે કોઈ એના પ્રમાણે હુકમ ન કરે કે જે અલ્લાહે ઉતાર્યું; બસ તે જ લોકો છે નાફરમાન. (૪૭) અને તમારા ઉપર અમે સાચી કિતાબ ઉતારી આગલી કિતાબોની ખરાઈ કરનારી, અને તેઓના વિષયો ઉપર નિગેહબાન; બસ, તમે તેમનામાં એના પ્રમાણે હુકમ કરો કે જે અલ્લાહે ઉતાર્યું, અને તેમની ખુશી ઉપર ન ચાલો સીધો માર્ગ છોડીને કે જે તમારી પાસે આવ્યો; તમારામાંથી દરેકને અમે એક દસ્તૂર (બંધારણ) અને માર્ગ આપ્યો, અને અલ્લાહે ઈચ્છયું હોત તો તમને એક દીન ઉપર કરી દીધા હોત, પરંતુ તમને પોતાના આપેલા હુકમોમાં અજમાવવા ઈચ્છે છે; બસ તમે દોડીને ભલાઈઓ લો, અલ્લાહની પાસે તમારે બધાએ પહોંચવાનું છે, પછી બતાવી આપશે જે વાતમાં તમને મતભેદ હતો. (૪૮) અને આ ફરમાવ્યું કે તેમનામાં એ પ્રમાણે હુકમ કરો કે જે અલ્લાહે ઉતાર્યું અને તેમની ખુશી ઉપર ન ચાલો, અને તેમનાથી બચતા રહો કે તમને બહેકાવી ન દે કોઈ એવા હુકમથી જે અલ્લાહે તમારા ઉપર ઉતાર્યો, પછી જો ન માને તો જાણી લો કે અલ્લાહે એવું જ ઈચ્છયું છે કે તેમને તેમના ગુનાહોની કંઈ સજા પહોંચાડી દે, અને બેશક ! લોકોમાં ઘણા નાફરમાન છે. (૪૯) હવે શું કુફ્રના વખતનો હુકમ ઈચ્છે છે ! અને અલ્લાહથી બહેતર યકીન કરનારાઓ માટે હુકમ કરનાર કોણ છે ? (૫૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ સૂરએ માઈદહનો સાતમો રુકૂઅ્ છે, તેમાં અલ્લાહ તઆલાએ યહૂદી, નસારા અને મુસલમાનોને સમાન રીતે એક મહત્ત્વના અને વિશેષ પ્રકારના શરીઅતના હુકમ ઉપર ચેતવણી આપીને ફરમાવ્યું છે જેનું વર્ણન સૂરએ

માઇદહમાં ભિન્ન-ભિન્ન સ્વરૂપે.... આગળથી ચાલ્યું આવે છે અને આ મા'મલો છે અલ્લાહ જલ્લ શા'નુહૂ સાથે કરેલા તે કરારો અને વાયદાઓના ભંગનો; અને તેના મોકલેલા હુકમોમાં ફેરબદલ અને પરિવર્તન તથા તા'વીલોનો; જે યહૂદી અને નસારાની કાયમી ટેવ બની ચૂકી હતી.

આ રુકૂઅ્માં અલ્લાહ તઆલાએ પ્રથમ તવરાત ધરાવનાર યહૂદીઓને સંબોધન કરીને તેમની આ ખોટી પદ્ધતિ અને તેના પરિણામ ઉપર શરૂઆતની બે આયતોમાં ચેતવણી આપેલ છે અને તેના સંદર્ભમાં કિસાસ સંબંધી અમુક હુકમો પણ વિષયની યોગ્યતા આધારે વર્ણન કરવામાં આવ્યા છે કે, પાછલી આયતોમાં જે યહૂદીઓની ઘટના અને ષડયંત્રનું વર્ણન કરવામાં આવ્યું છે તે કિસાસના સંદર્ભમાં હતું. બનૂ નઝીર દિય્યત અને કિસાસમાં સમાનતાના નિયમમાં માનતા ન હતા, બલકે બનૂ કુરયઝાને પોતાનાથી ઓછી દિય્યત (વળતર) ઉપર મજબૂર કરી રાખ્યા હતા અને બંને આયતોમાં યહૂદીઓને અલ્લાહ તઆલાએ નાઝિલ કરેલ તે વિશેના કાયદાના વિરુદ્ધમાં પોતાનો કાયદો બનાવી લેવાના કારણે સખત ચેતવણી ફરમાવી અને એવું કરનારાઓને કાફિર અને અત્યાચારી ઠરાવ્યા.

ત્યારબાદ ત્રીજી આયતમાં ઇન્જીલ ધરાવનાર નસારાને આ વિષયનું સંબોધન કરીને અલ્લાહે નાઝિલ કરેલ કાયદાઓ વિરુદ્ધ કોઈ કાયદો બનાવવા વિશે સખત ચેતવણી આપી અને આવું કરનારાઓને બળવાખોર અને નાફરમાન ઠરાવ્યા.

ત્યારબાદ ચોથી, પાંચમી અને છટ્ઠી આયતમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને મુસલમાનોને આ વિષય વિશે માર્ગદર્શન અને સૂચના આપવામાં આવી છે કે, તેઓ અહલે કિતાબની આ બીમારીમાં સપડાય ન જાય કે, હોદ્દા અને માલની લાલચમાં અલ્લાહ તઆલાના હુકમો બદલવા માંડે અને અલ્લાહના કાયદા વિરુદ્ધ કોઈ કાયદો પોતાના તરફથી ઘડી કાઢે.

આ સંદર્ભમાં એક મહત્ત્વનો સૈદ્ધાંતિક મસ્અલો એ પણ વર્ણન કર્યો કે, જો કે, અકીદાઓના સિદ્ધાંતો અને અલ્લાહ જલ્લ શા'નુહૂની તાબે'દારીની બાબતમાં બધા જ અંબિયા (અલૈ.) એક જ અકીદહ અને એક જ તરીકાના પાબંદ છે, પરંતુ હિકમતના તકાદાના કારણે દરેક પયગમ્બરને તેમના યુગની યોગ્યતા આધારે

શરીઅત આપવામાં આવી છે, જેમાં ઘણા બધા મુખ્ય અને ગૌણ હુકમો અલગ-અલગ પ્રકારના છે અને એ બતાવ્યું કે, દરેક પયગમ્બરને જે શરીઅતો આપવામાં આવી, તેને તેમના જમાના પ્રમાણે હિકમતના તકાદા અનુસાર અનુસરવું વાજિબ હતું અને જ્યારે તેને મન્સૂખ (રદ) કરીને બીજી શરીઅતો લાવવામાં આવી તો તે સમયે એ જ હિકમત અને મસ્લિહત પ્રમાણે તે અનુસરણ માટે વાજિબ થઈ ગઈ. તેમાં શરીઅતોના ભિન્ન-ભિન્ન સ્વરૂપે આવતા રહેવાની કે બદલાતા રહેવાની એક ખાસ હિકમત તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે.

તફસીર :

અમે (મૂસા અલૈ. ઉપર) તવરાત નાઝિલ ફરમાવી હતી, જેમાં (સાચા અકીદાઓની પણ) હિદાયત હતી અને (આચરણ માટેના હુકમોની પણ) સ્પષ્ટતા હતી. (બની ઈસ્રાઈલના) અંબિયા (અલૈ.) જેઓ કે (લાખો વ્યક્તિઓના આગેવાન અને અનુસરણ કરવાપાત્ર મુક્તદા હોવા છતાં) અલ્લાહ તઆલાના તાબે'દાર હતા અને તે (તવરાત) પ્રમાણે યહૂદીઓને હુકમ આપ્યા કરતા હતા અને (એ જ પ્રમાણે તેમનામાંના) અલ્લાહવાળા અને ઉલમા પણ (એના જ પ્રમાણે હુકમ આપતા હતા કે તે, એ સમયની શરીઅત હતી) એ કારણે કે તેઓને (એટલે કે, અલ્લાહવાળા અને ઉલમા-વિદ્વાનોને) આ અલ્લાહની કિતાબ (ઉપર અમલ કરવા અને કરાવવા)ની દેખરેખનો હુકમ (અંબિયા અલૈ. દ્વારા) આપવામાં આવ્યો અને તેઓ તેના (એટલે કે, તેઓ તેના ઉપર આચરણ કરવા અને કરાવવાના) ઈકરાર કરનારા થઈ ગયા હતા (કારણ કે તેમને એવો હુકમ થયો હતો અને તેમણે આ હુકમનો સ્વીકાર કર્યો હતો, એટલા માટે હંમેશા તેના પાબંદ રહ્યા) બસ, (હે આ યુગના યહૂદી માલદારો અને વિદ્વાનો ! જ્યારે હંમેશાથી તમારા બધાના આગેવાન અને જેમનું અનુસરણ કરવાપાત્ર છે, તે લોકો તવરાતને માનતા ચાલ્યા આવે છે, તો) તમે પણ (મુહમ્મદ ﷺની રિસાલત વિશે જે હુકમ તવરાતમાં છે) લોકો વિશે (એવી) શંકા ન કરો (કે અમે સમર્થન કરીશું તો સામાન્ય જનસમૂહની દૃષ્ટિમાં અમારા હોદ્દામાં ફરક પડી જશે) અને (ફક્ત) મારાથી ડરો (કે સમર્થન ન કરવા ઉપર સજા થશે) અને મારા હુકમોના બદલામાં (દુનિયાનો) થોડો માલ (જે તમે પોતાના સામાન્ય લોકો પાસેથી વસૂલ કરો છો) ન લો (કે આ જ હોદ્દાની મહોબ્બત અને માલની મહોબ્બત તમારા માટે સમર્થન

ન કરવાનું કારણ બને છે) અને (યાદ રાખો કે) જે વ્યક્તિ અલ્લાહ તઆલાએ નાઝિલ કર્યા પ્રમાણે હુકમ ન કરે (બલકે, ગેરશરઈ હુકમોને ઈરાદાપૂર્વક શરીઅતના હુકમો બતાવીને તે પ્રમાણે હુકમ કરે) બસ, એવા લોકો બિલકુલ કાફિર છે. (જેવું આ યહૂદીઓ તમારી સાથે કરી રહ્યા છે, તે મુહમ્મદ ﷺની રિસાલતના અકીદહમાં પણ અને આ'માલમાં પણ જેમકે, રજમ વગેરેના હુકમમાં પોતાની મનેચ્છાઓને અલ્લાહનો હુકમ બતાવીને ઝિલ્લત અને નામોશીમાં સપડાઈ રહ્યા છે) અને અમે તે (યહૂદી)ઓ ઉપર તે (તવરાત)માં આ વાત ફરજ કરી હતી કે, (જો કોઈ વ્યક્તિ કોઈની નાહક ઈરાદાપૂર્વક હત્યા કરી નાંખે અથવા ઘાયલ કરે અને ભોગ બનેલા હકદારો દા'વો કરે તો) પ્રાણના બદલે પ્રાણ, અને આંખના બદલે આંખ, અને નાકના બદલે નાક, અને કાનના બદલે કાન, અને દાંતના બદલે દાંત, અને (એ જ પ્રમાણે બીજા) ખાસ જખ્મોનો પણ બદલો છે. પછી જે વ્યક્તિ (આ કિસાસ એટલે કે, બદલો લેવાનો હકદાર થઈને પણ) એ (કિસાસ-વળતર)ને મા'ફ કરી દે, તો (મા'ફ કરવું) એ (મા'ફ કરનારા)ના માટે (તેના ગુનાહોનો) કફ્ફારો (એટલે કે, ગુનાહોથી દૂર થવાનું કારણ) બની જશે (એટલે કે, મા'ફ કરવું સવાબનું કારણ છે) અને (કારણ કે, યહૂદીઓએ આ હુકમને છોડી દીધો હતો, એટલા માટે વારંવાર ચેતવણીઓ સંભળાવવામાં આવે છે કે) જે વ્યક્તિ અલ્લાહ તઆલાએ નાઝિલ કર્યા પ્રમાણે હુકમ ન કરે (જેનો અર્થ ઉપર આવી ચૂક્યો છે) બસ, આવા લોકો બિલકુલ અત્યાચાર કરી રહ્યા છે (અને ઘણું ખરાબ કામ કરી રહ્યા છે) અને અમે તે (અંબિયા)ઓની પાછળ (જેનું વર્ણન يَحْكُمُ بِهَا النَّبِيُّوْنَ માં આવ્યું છે હઝરત) ઈસા ઇબ્ને મરયમ (અલૈ.)ને એવી પરિસ્થિતિમાં (પયગમ્બર બનાવીને) મોકલ્યા કે તેઓ પોતાનાથી અગાઉની કિતાબ એટલે કે, તવરાતનું સમર્થન કરતા હતા (જે રિસાલત એટલે કે રસૂલ હોવાના ફરજોમાંથી છે કે, તેઓ તે બધી જ અલ્લાહની કિતાબોનું સમર્થન કરે) અને અમે તેમને ઇન્જીલ આપી જેમાં (તવરાતની જેમ જ સાચા અકીદાઓની પણ) હિદાયત હતી અને (આચરણ કરવાના હુકમોની પણ) સ્પષ્ટતા હતા અને (ઇન્જીલ) પોતાનાથી અગાઉની કિતાબ (એટલે કે, તવરાત)નું સમર્થન (પણ) કરતી હતી (કે આ પણ રિસાલતની ફરજોમાંથી છે કે બધી જ ઇલાહી કિતાબોનું સમર્થન કરે) અને તે

ખુલ્લમ-ખુલ્લી હિદાયત અને શિખામણ હતી અલ્લાહથી ડરનારાઓ માટે અને (ઇન્જીલ આપીને હુકમ કર્યો હતો કે) ઇન્જીલવાળાઓએ અલ્લાહે જે કંઈ નાઝિલ કર્યું છે તેના પ્રમાણે હુકમ કર્યા કરવો જોઈએ અને (તે યુગના નસારાઓ સાંભળી રાખો કે,) જે વ્યક્તિ અલ્લાહ તઆલાના નાઝિલ કરેલા પ્રમાણે હુકમ ન કરે (અને તેનો અર્થ ઉપર વર્ણન થઈ ચૂક્યો છે) તો એવા લોકો બિલકુલ બેહુકમી કરનારા છે (અને ઇન્જીલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના રસૂલ હોવાની ખબર આપી રહી છે, તો તમે તેના વિરુદ્ધ કેમ ચાલી રહ્યા છો ?) અને (તવરાત અને ઇન્જીલ પછી) અમે આ કિતાબ (એટલે કે, કુર્આન) આપ (ﷺ)ની પાસે મોકલી છે, જે પોતે પણ સચ્ચાઈ (અને સીધા માર્ગ)ની સાથે મૌજૂદ છે અને તેનાથી અગાઉ જે (આસમાની) કિતાબો (આવી ચૂકી) છે (જેમકે તવરાત, ઇન્જીલ અને ઝબૂર) તેમનું પણ સમર્થન કરે છે (કે તે પણ અલ્લાહ તરફથી જ નાઝિલ થઈ છે) અને (કારણ કે તે કિતાબ એટલે કે, કુર્આન કયામત સુધી સુરક્ષિત અને અમલ કરવાપાત્ર છે અને તેમાં આ આસમાની કિતાબોનું સમર્થન પણ ઉપસ્થિત છે. એટલા માટે તે કિતાબ) એ કિતાબો(ના સાચા હોવા વિશે)ની (હંમેશા માટે) સંરક્ષક (ગવાહ) છે, (કારણ કે કુર્આનમાં હંમેશા એ સુરક્ષિત રહેશે કે તે કિતાબો અલ્લાહ તરફથી જ નાઝિલ થઈ છે. જ્યારે કુર્આન આવી કિતાબ છે) તો તેઓના (એટલે કે અહલે કિતાબના) પરસ્પરના મા'મલાઓમાં (જ્યારે કે, આપની સામે મજલિસમાં રજૂ થાય) આ જ મોકલેલી કિતાબ પ્રમાણે ફૈસલો કર્યા કરો અને આ જે સાચી કિતાબ આપને મળી છે, તેનાથી દૂર થઈને તેમની (શરીઅત વિરુદ્ધ) મનેચ્છાઓ અને ફરમાઇશો ઉપર (હવે પછી પણ) અમલ ન કરો (જેમકે આજ સુધી તેમની દરખાસ્ત અને વિનંતી છતાં આપ ﷺએ સાફ ઇન્કાર કરી દીધો, એટલે કે આપ ﷺનો અભિપ્રાય એકદમ યોગ્ય જ છે, તેના ઉપર જ હંમેશા કાયમ રહેજો અને હે અહલે કિતાબ ! તમે આ કુર્આનમાં સત્ય જાણવાથી અને તેનો ફૈસલો માનવાથી કેમ ઇન્કાર કરો છો ? શું નવો દીન આવવો કોઈ આશ્ચર્યની વાત છે ? અંતે) તમારામાંથી દરેક (ઉમ્મત)ના માટે (રસૂલે કરીમ ﷺથી અગાઉ) અમે ખાસ શરીઅત અને ખાસ બંધારણ તજ્વીઝ કર્યું હતું (દાખલા તરીકે, યહૂદીઓની શરીઅત અને બંધારણ તવરાત હતી અને નસારાની શરીઅત અને બંધારણ ઇન્જીલ હતી, પછી જો ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે

શરીઅત અને બંધારણ કુર્આન નક્કી કરવામાં આવ્યું, જેનું સત્ય હોવું પણ દલીલોથી સાબિત છે, તો ઈન્કાર કરવાનું કારણ શું ?) અને જો અલ્લાહ તઆલાને (બધાને એક જ તરીકા અને શરીઅત ઉપર રાખવું) મંજૂર હોત તો (તે તેની પણ શક્તિ ધરાવતો હતો કે,) તમને સૌ (યહૂદી અને નસારા અને ઈસ્લામના માનનારાઓ)ને (એક જ શરીઅત આપીને) એક જ ઉમ્મતમાં કરી આપત (અને નવી શરીઅત ન આવી હોત, જેનો તમે વિરોધ કરો છો) પરંતુ (પોતાની હિકમતથી) એવું નથી કર્યું (બલકે, દરેક ઉમ્મતને અલગ-અલગ બંધારણ આપ્યું) જેથી જે દીન તમને (દરેક યુગમાં નવો-નવો) આપ્યો છે, તેમાં તમારા સૌની (તમારા અનુસરણ કરવાની જાહેરાત માટે) કસોટી કરી લે (કારણ કે, મોટાભાગે સ્વાભાવિક બાબત છે કે, નવા બંધારણથી વિરોધ અને ઈન્કાર તરફ વલણ થાય છે પરંતુ જે વ્યક્તિ સાચી બુદ્ધિ, સમજદારી અને ન્યાયથી કામ લે છે, તે તેની હકીકત જાહેર થયા પછી પોતાના સ્વભાવને તેને માનવા માટે મજબૂર કરી આપે છે અને આ એક મહાન કસોટી છે, જો બધાની એક જ શરીઅત હોત તો આ શરીઅતની શરૂઆતના સમયે જે લોકો હતા, તેમની તો કસોટી થઈ જાત પરંતુ અન્ય જેઓ તેમના અનુયાયીઓ અને આ તરીકાથી અજાણ હોત તેમની કસોટી ન થઈ હોત અને હવે દરેક ઉમ્મતની કસોટી થઈ ચૂકી છે. પરીક્ષાનું એક સ્વરૂપ એ હોય છે કે, વ્યક્તિને જે વસ્તુથી રોકવામાં આવે, ભલે તે હકારાત્મક હોય કે નકારાત્મક તે વસ્તુ કરવાની લાલચ ઉત્પન્ન થાય છે અને આ કસોટી શરીઅતને મજબૂત અને સ્થિર બનાવે છે અને શરીઅતની એકતામાં લાભદાયી છે, જેમાં ગુનાહોથી રોકવામાં આવે છે અને તેની હકીકતમાં કોઈ શંકા નથી હોતી. આ કસોટીઓની સામૂહિકતા દરેક ઉમ્મતના નેક લોકો અને સામાન્ય જનસમૂહ બધાના માટે સર્વસામાન્ય થઈ ગઈ. જેમકે પ્રથમ સૂરતમાં ફક્ત નેક લોકો સાથે વિશેષ સ્વરૂપે છે. બસ, જ્યારે નવી શરીઅતમાં આ હિકમત છે) તો (પૂર્વગ્રહ છોડીને) લાભદાયક વાતો તરફ (એટલે કે, તે અકીદાઓ, આચરણો અને હુકમો તરફ જેના ઉપર કુર્આન શરીફ હુકમ આપે છે) દોડો. (એટલે કે કુર્આન ઉપર ઈમાન લાવી તેના ઉપર ચાલો. એક દિવસે) તમારા બધાએ અલ્લાહની જ પાસે પાછા વળીને જવાનું છે, પછી તે તમને બધાને બતાવી દેશે જેમાં તમે (સ્પષ્ટ સચ્ચાઈ સાબિત થઈ ગયા છતાં દુનિયામાં ફોગટમાં) મતભેદ કર્યા કરતા હતા

(એટલા માટે આ ખોટા વિરોધને છોડીને સત્યને કે જે હવે કુર્આન ઉપર અવલંબિત છે, કબૂલ કરી લો) અને (કારણ કે, આ અહલે કિતાબે એવો ઘમંડ કર્યો કે, તમને દરખાસ્ત તો પોતાની તરફેણમાં નિર્ણય કરવા માટે કરે છે, જેમાં એ સંભાવના છે જ નથી, એટલા માટે તેમની હિમ્મત તોડવા માટે અને તેમને સંભળાવીને હંમેશા-હંમેશા માટે નાઉમ્મીદ કરી દેવા માટે) અમે (વારંવાર) હુકમ આપીએ છીએ કે, તમે તેઓના (એટલે કે અહલે કિતાબના) પરસ્પરના મા'મલાઓમાં (જ્યારે કે, આપ ﷺની મજલિસમાં રજૂ થાય) તે મોકલેલી કિતાબ પ્રમાણે ફૈસલો કરી આપો અને તેમની (શરીઅત વિરુદ્ધની) મનેચ્છાઓ (અને ફરમાઈશો) ઉપર (હવે પછી પણ અગાઉની જેમ જ) કાળજી રાખજો કે તેઓ આપ (ﷺ)ને અલ્લાહ તઆલાના મોકલેલા કોઈ હુકમથી ફેરવી ન દે (એટલે કે, જો કે તેની શક્યતા તો નથી, પરંતુ ફક્ત આવો ઈરાદો કરવાથી પણ તે સવાબનું કારણ બનશે) પછી (કુર્આન શરીફમાં આટલી સ્પષ્ટતા હોવા છતાં અને તેનો ફૈસલો સત્ય હોવા છતાં) જો આ લોકો (કુર્આનથી અને આપ ﷺનો ફૈસલો જે કુર્આન પ્રમાણે હશે, તેનાથી) વાંધો ઉઠાવે, તો યકીન કરી લો કે બસ, અલ્લાહને જ મંજૂર છે કે, તેમના અમુક ગુનાહો ઉપર (દુનિયામાં) તેની સજા આપી દે (અને તે અમુક ગુનાહ ફૈસલા ન માનવાના છે અને કુર્આનની સચ્ચાઈને ન માનવાની સજા સંપૂર્ણ રીતે આખિરતમાં મળશે. કારણ કે, પ્રથમ ગુનોહ જિમ્મી હોવાના વિરુદ્ધ છે, બીજો ગુનોહ ઈમાનના વિરુદ્ધ હરબિય્યત-બગાવતની સજા દુનિયામાં હોય છે અને કુફ્રની સજા તો આખિરતમાં મળશે જ, એટલા માટે જ્યારે યહૂદીઓની બદમાશી અને તેમનો કરારભંગ કરવાની પ્રવૃત્તિઓ હદથી વધી ગઈ તો તેમને કત્લ કરવાની અને કેદની સજા તથા દેશનિકાલની સજા આપવામાં આવી) અને (હે મુહમ્મદ ﷺ ! તેમની આ હાલત સાંભળીને તમને ગમ જરૂર થશે પરંતુ તમે વધારે ગમ ન કરો, કારણ કે) વધારે પડતા લોકો તો (દુનિયામાં હંમેશાથી) બેહુકમ જ હોય છે, આ લોકો (કુર્આનના ફૈસલાને છોડીને જો કે, તે બિલકુલ ન્યાય આધારિત છે, છતાં તેનો વિરોધ કરીને) પછી શું આ અજ્ઞાનતાના યુગનો ફૈસલો ઈચ્છે તો (જેનાથી તેમણે આકાશી શરીઅતો વિરુદ્ધ પોતે નવા કાયદાઓ ઘડી લીધા હતા, જેનું વર્ણન બુદ્ધિશાળીઓના યુગના સંદર્ભમાં આ જ રુકૂઅના આગળના રુકૂઅમાં يَـٰٓأَيُّهَا الرَّسُوْلُની પ્રસ્તાવનામાં આવી ચૂક્યું છે. હાલાં

કે, તે સદંતર ન્યાય અને દલીલોના વિરુદ્ધ બાબત છે, એટલે કે જ્ઞાની થઈને પણ જ્ઞાનનો વિરોધ કરવો અને જહાલતની માંગણી કરવી આશ્ચર્યજનક બાબત છે) અને ફેંસલો કરવામાં અલ્લાહ તઆલાથી કોણ સારો (ફેંસલો કરનારો) હશે ? (બલકે, કોઈ તેના સમકક્ષ પણ નથી, બસ અલ્લાહના ફેંસલાને છોડીને અન્યોના ફેંસલાની માંગણી કરવી અજ્ઞાનતા નથી તો બીજું શું છે ? પરંતુ આ વાત પણ) વિશ્વાસ (અને ઈમાન) ધરાવનારાઓ માટે જ (છે, કારણ કે, આવું સમજવું બુદ્ધિના સત્ય માર્ગ ઉપર હોવા ઉપર આધારિત છે અને કાફિરોના નસીબમાં તે નથી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો,

اِنَّآ اَنۡزَلۡنَا التَّوۡرٰىةَ فِيۡهَا هُدًى وَّنُوۡرٌ એટલે, "અમે અમારી કિતાબ તવરાત મોકલી જેમાં સત્યનું માર્ગદર્શન અને એક વિશેષ નૂર (પ્રકાશ) હતું." એમાં એ વાત તરફ ઈશારો કરવામાં આવ્યો હતો, આજે જે રીતે તવરાતની શરીઅતને મન્સૂખ (રદ) કરવામાં આવી રહી છે, તેમાં તવરાતનું કોઈ સન્માન ઘટાડવામાં નથી આવી રહ્યું. બલકે, યુગ પરિવર્તનના કારણે હુકમોના પરિવર્તનની આવશ્યકતા હેઠળ આવું કરવામાં આવ્યું, નહિતર તવરાત પણ અમારી જ નાઝિલ કરેલી કિતાબ છે. તેમાં બની ઈસ્રાઈલ માટે હિદાયતના સિદ્ધાંતો પણ ઉપલબ્ધ છે અને એક ખાસ નૂર (પ્રકાશ) પણ; જે આધ્યાત્મિક રીતે તેમના દિલો ઉપર પ્રભાવી થાય છે.

ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો, يَحۡكُمُ بِهَا النَّبِيُّوۡنَ الَّذِيۡنَ اَسۡلَمُوۡا لِلَّذِيۡنَ هَادُوۡا وَالرَّبّٰنِيُّوۡنَ وَالۡاَحۡبَارُ એટલે કે, તવરાતને અમે એટલા માટે નાઝિલ કરી હતી, કે જ્યાં સુધી તેની શરીઅતને રદ કરવામાં ન આવે, તે સમય સુધી આવનારા નબીઓ અને તેમના નાયબો, અલ્લાહવાળાઓ અને વિદ્વાનો (ઉલમા) બધા જ આ તવરાત પ્રમાણે ફેંસલો કર્યા કરે. એના જ કાયદાને દુનિયામાં લાગુ પાડે, તેમાં અંબિયા (અલૈ.)ના નાયબોના બે પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ رَبّٰنِيُّوۡنَ અને બીજું اَحۡبَار શબ્દ رَبَّانِىْ (રબ્બાની) એ رَبّ (રબ્બ)થી બને છે, જેનો અર્થ છે "અલ્લાહવાળાઓ" અને اَحۡبَارُ (અહ્‌બાર) એ حِبۡر (હિબ્ર)નું

બહુવચન છે. યહૂદીઓના રૂઢિપ્રયોગમાં વિદ્વાનને "હિબ્ર" કહેવામાં આવતા હતા. જો કે, એ વાત દેખીતી છે કે જેઓ અલ્લાહવાળા હોય છે, જરૂરી છે કે તેમને અલ્લાહ તઆલાના જરૂરી હુકમોનું આવશ્યક જ્ઞાન પણ હોય, નહિતર જ્ઞાન વિના આચરણ શક્ય નથી અને ઈલાહી હુકમોના અનુસરણ અને આચરણમાં કોઈ વ્યક્તિ અલ્લાહવાળો નહીં બની શકે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલા પાસે વિદ્વાન (આલિમ) તેને જ કહેવામાં આવે છે જે પોતાના ઈલ્મ (જ્ઞાન) ઉપર આચરણ પણ કરે છે. નહિતર તે આલિમ જે અલ્લાહના હુકમોથી વાકેફ હોવા છતાં જરૂરી ફરજો અને વાજિબો ઉપર અમલ નથી કરતો અને ન જ તેના તરફ ધ્યાન આપે છે, તે અલ્લાહ અને રસૂલે કરીમ ﷺ પાસે જાહિલો અને અજ્ઞાનીઓથી બદ્તર છે. તેનું પરિણામ એ હોવું જોઈએ કે, દરેક અલ્લાહવાળો આલિમ હોવો જ જોઈએ અને દરેક આલિમ અલ્લાહવાળો; પરંતુ આ સ્થળે આ બંને બાબતોને ભિન્ન-ભિન્ન સ્વરૂપે વર્ણન કરીને એ બાબત ઉપર ધ્યાન દોરવામાં આવ્યું છે કે, જો કે, અલ્લાહવાળા માટે જ્ઞાન જરૂરી છે અને આલિમ માટે અમલ જરૂરી છે, પરંતુ જેના ઉપર જે રંગ વધારે છવાયેલો હશે તે આધારે જ તેનું નામ રાખવામાં આવશે, જે વ્યક્તિનું ધ્યાન વધારે પડતું ઈબાદતો, આચરણ અને ઝિક્રુલ્લાહમાં કેન્દ્રિત રહે છે અને દીનનું જ્ઞાન ફક્ત આવશ્યકતા પ્રમાણે પ્રાપ્ત કરી લે છે, તે "રબ્બાની" એટલે કે "અલ્લાહવાળા" કહેવાય છે, જેને વર્તમાન સમયમાં ઈસ્લામિક પરિભાષામાં શૈખ, મુરશદ, પીર વગેરે નામ આપવામાં આવે છે અને જે વ્યક્તિ આચરણમાં નિષ્ઠા પેદા કરી તેનો નિષ્ણાત બનીને લોકોને શરીઅતના હુકમો બતાવવાની અને શિખવાડવાની સેવામાં વધારે પડતા પ્રવૃત્ત રહે છે તથા ફરજો, વાજિબો અને સુન્નતે મુઅક્કિદહ ઉપરાંત નફ્લ ઈબાદતોમાં વધારે સમય વ્યતિત નથી કરી શકતો, તેને "હિબ્ર" અથવા "આલિમ" કહેવામાં આવે છે.

ખુલાસો એ છે કે, તેમાં શરીઅત અને તરીકત, ઉલમા, મશાઈખનું વાસ્તવિક ઐક્ય પણ બતાવી દેવામાં આવ્યું અને કાર્ય કરવાની પદ્ધતિ તથા દરેકની પ્રવૃત્તિના આધારે તેમનામાં તફાવત પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યો, જેનાથી જાણ થાય છે કે, ઉલમા, સુફીઓ વગેરે કોઈ બે ફિરકા અથવા બે અલગ-અલગ સમુદાયો નથી. બલકે, બંનેના જીવનનો હેતુ અલ્લાહ અને તેના

રસૂલે કરીમ ﷺનું અનુસરણ અને આજ્ઞાપાલનતા જ છે. અલબત્ત તેને પ્રાપ્ત કરવા માટે તેમની પદ્ધતિમાં તફાવત જરૂર નજરે પડે છે.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, بِمَا اسْتُحْفِظُوْا مِنْ كِتَابِ اللّٰهِ وَكَانُوْا عَلَيْهِ شُهَدَآءَ એટલે કે, આ અંબિયા અને તેમના બંને પ્રકારના નાયબો, ઉલમા અને મશાઈખ તવરાતના હુકમો લાગુ પાડવા માટે એટલા માટે બંધાયેલા હતા કે, અલ્લાહ તઆલાએ તવરાતની સુરક્ષા કરવાની જવાબદારી તેમને સોંપી હતી અને તેમની પાસેથી જ તેની સુરક્ષાનો કરાર અને વચન લીધું હતું.

અહીંયાં સુધી તવરાત અલ્લાહની કિતાબ હોવાનું તથા તે હિદાયત અને નૂર હોવાનું વર્ણન હતું અને એ પણ ઉલ્લેખ હતો કે, અંબિયા (અલૈ.) તથા તેમના નાયબો, મશાઈખો અને ઉલમાએ તેની સુરક્ષા કરી. ત્યારબાદ સમકાલીન (એક જ સમયકાળના) યહૂદીઓને તેમના ખોટો માર્ગ ધારણ કરવાના વાસ્તવિક કારણો તરફ ધ્યાન દોરવવામાં આવ્યું છે કે, તમે તમારા પૂર્વજોના પગલે ચાલીને તવરાતની સુરક્ષા કરવાના બદલે તેના હુકમોમાં ફેરફાર અને પરિવર્તન કરો છો, જેમકે તવરાતમાં ખૂબ સ્પષ્ટ રીતે વિગતપૂર્વક અંતિમ યુગના નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ આવવાની ભવિષ્યવાણી અને યહૂદીઓને તેમના ઉપર ઈમાન લાવવાની હિદાયતનું વર્ણન ઉપસ્થિત હતું. આ લોકોએ તેનો વિરોધ કર્યો અને રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાના બદલે તેમનો વિરોધ શરૂ કરી દીધો અને સાથે જ તેમની આ ભયંકર ભૂલનું કારણ પણ વર્ણન કર્યું કે, તે તમારી હોદ્દાની મહોબ્બત અથવા દૌલતની મહોબ્બત છે કે, તમે રસૂલે કરીમ ﷺને સાચા રસૂલ તરીકે જાણતા-ઓળખતા હોવા છતાં તેમનું અનુસરણ કરવાથી એટલા માટે ગભરાઓ છો કે, હમણા તો તમે પોતાની કૌમના આગેવાન અને અનુસરણ કરવાપાત્ર સન્માનનીય ગણાઓ છો. યહૂદીઓનો સામાન્ય જનસમૂહ તમારું અનુસરણ કરે છે, જો તમે ઈસ્લામ સ્વીકારી લીધો તો તમે મુસલમાન હોવાના સ્વરૂપમાં એક સામાન્ય વ્યક્તિ બની જશો અને તમારી આ આગેવાની નષ્ટ પામશે. બીજું, તે લોકોએ એ ધંધો બનાવી લીધો હતો કે, મોટા અને પ્રભાવશાળી લોકો પાસેથી લાંચ-રૂશ્વત લઈને તેમના માટે તવરાતના હુકમોમાં ફેરફાર કરીને સરળતા પેદા કરી દીધી હતી, તેના ઉપર ધ્યાન અને ચેતવણી અપાવવા માટે સમકાલીન યહૂદીઓને ફરમાવવામાં આવ્યું કે,

فَلَا تَخْشَوُا النَّاسَ وَاخْشَوْنِ وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا ؕ એટલે કે, "તમે લોકોથી ન ડરો કે તેઓ તમારું અનુસરણ છોડી દેશે અથવા વિરોધી બની જશે અને તમે દુનિયાનો થોડો માલ લઈને તેમના માટે અલ્લાહના હુકમમાં ફેરફાર ન કરો કે, આ તમારા માટે દીન અને દુનિયાની બરબાદી છે." કારણ કે, وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ એટલે કે, જે લોકો અલ્લાહના નાઝિલ કરેલ હુકમોને જરૂરી નથી સમજતા અને તે પ્રમાણે ફેંસલો નથી આપતા, બલકે તેના વિરુદ્ધ ફેંસલો કરે છે તે કાફિર અને ઈન્કારી છે, જેની સજા જહન્નમનો કાયમી અઝાબ છે.

ત્યારબાદ બીજી આયતમાં કિસાસના હુકમો આ જ અનુસંધાને વર્ણન થયા છે કે, અમે આ હુકમો તવરાતમાં નાઝિલ કર્યા છે. ઈરશાદ છે, وَكَتَبْنَا عَلَيْهِمْ فِيْهَآ اَنَّ النَّفْسَ بِالنَّفْسِ وَالْعَيْنَ بِالْعَيْنِ وَالْاَنْفَ بِالْاَنْفِ وَالْاُذُنَ بِالْاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ وَالْجُرُوْحَ قِصَاصٌ એટલે કે, "અમે યહૂદીઓ માટે તવરાતમાં કિસાસનો આ હુકમ નાઝિલ કરી દીધો હતો કે, પ્રાણના બદલે પ્રાણ, આંખના બદલે આંખ, નાકના બદલે નાક, કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત અને ખાસ જખમોનો બદલો (પણ) છે."

બનૂ કુરયઝા અને બનૂ નઝીરનો જે મુકદમો રસૂલે કરીમ ﷺ સમક્ષ રજૂ થયો હતો કે, બનૂ નઝીરે પોતાની શક્તિ અને મોભાના બળે બનૂ કુરયઝાને એ વાત માનવા ઉપર મજબૂર કરી રાખ્યા હતા કે, બનૂ નઝીરના કોઈ વ્યક્તિની બનૂ કુરયઝાનો વ્યક્તિ હત્યા કરે તો તેનો કિસાસ પણ પ્રાણના બદલે પ્રાણ લેવામાં આવે તે ઉપરાંત દિય્યત પણ લેવામાં આવે અને જો ઘટના તેનાથી વિપરીત હોય એટલે કે, બનૂ નઝીરનો કોઈ વ્યક્તિ બનૂ કુરયઝાના કોઈ વ્યક્તિને મારી નાંખે તો તેનો કિસાસ નહીં હોય, ફક્ત દિય્યત આપવામાં આવે; તે પણ બનૂ નઝીર કરતાં અડધી હશે.

આ આયતમાં અલ્લાહ તઆલાએ તે લોકોના આ અત્યાચારનો અંત લાવી દીધો કે, પોતે તો તવરાતમાં..... પણ કિસાસ અને દિય્યતના એકસમાન હોવાના હુકમો મૌજૂદ છે, આ લોકો જાણીબૂઝીને તે હુકમથી મોઢું ફેરવે છે અને ફક્ત હીલા-હવાલા કરીને પોતાનો મુકદમો રસૂલે કરીમ ﷺ પાસે લાવે છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ

ط الظّٰلِمُوْنَ هُمُ એટલે કે, જે અલ્લાહે નાઝિલ કરેલા હુકમો પ્રમાણે ફેંસલો ન કરે, તે કાફિર છે. કારણ કે, તે અલ્લાહના હુકમોનો ઇન્કારી અને બાગી–બળવાખોર છે. ત્રીજી આયતમાં પ્રથમ હઝરત ઈસા (અલૈ.)ના આગમનનું વર્ણન થયું છે કે, તેઓ પાછલી કિતાબ એટલે કે, તવરાતનું સમર્થન કરવા માટે મોકલવામાં આવ્યા હતા. પછી ઇન્જીલનું વર્ણન છે કે, તે પણ તવરાતની જેમ જ હિદાયત (માર્ગદર્શન) અને નૂર (પ્રકાશ) છે.

ચોથી આયતમાં ઇરશાદ ફરમાવ્યો કે, ઇન્જીલવાળાઓએ જે હુકમો અલ્લાહ તઆલાએ ઇન્જીલમાં નાઝિલ કર્યા છે તે પ્રમાણે હુકમો લાગુ પાડવા જોઈએ અને જે લોકો અલ્લાહના નાઝિલ કરેલા હુકમો વિરુદ્ધ અન્ય હુકમ લાગુ પાડશે, તેઓ નાફરમાન અને બળવાખોર છે.

કુર્આન એ તવરાત અને ઇન્જીલનું સમર્થક અને સંરક્ષક છે :

પાંચમી અને છઠ્ઠી આયતોમાં નબીએ કરીમ ﷺને સંબોધન છે કે, અમે તમારા ઉપર કુર્આન નાઝિલ કર્યું, જે પોતાનાથી અગાઉની કિતાબો તવરાત અને ઇન્જીલનું સમર્થન પણ કરે છે અને તેનું સંરક્ષક (મુહાફિઝ) પણ છે. કારણ કે, જ્યારે તવરાતવાળાઓએ તવરાતમાં અને ઇન્જીલવાળાઓએ ઇન્જીલમાં ફેરફાર અને પરિવર્તન કર્યું, તો કુર્આન જ તે સંરક્ષક અને દેખરેખ રાખનાર સાબિત થયું જેણે આ ફેરફારોનો પર્દાફાશ કરીને સચ્ચાઈ અને હકીકતને સ્પષ્ટ કરી દીધી અને તવરાત તથા ઇન્જીલની વાસ્તવિક તા'લીમ આજે પણ કુર્આન દ્વારા જ દુનિયામાં બાકી અને સલામત છે. જ્યારે કે, આ કિતાબોના વારસદારોએ અને તેનું અનુસરણ કરવાના દાવે'દારોએ તેનું સ્વરૂપ એવું બગાડી નાંખ્યું છે કે, સત્ય અને અસત્યમાં તફાવત કરવો અશક્ય થઈ ગયો. અંતિમ આયતમાં રસૂલે કરીમ ﷺને એવો જ હુકમ આપવામાં આવ્યો જેવો હુકમ તવરાતવાળાઓ અને ઇન્જીલવાળાઓને આપવામાં આવ્યો હતો કે, આપ ﷺના હુકમો અને ફેંસલાઓ બધા જ અલ્લાહના નાઝિલ કરેલા હુકમો પ્રમાણે થવા જોઈએ અને તેમના ષડયંત્રોથી ચેતેલા રહે. આ વર્ણન કરવાનું એક ખાસ કારણ એ હતું કે, યહૂદીઓના અમુક ઉલમા રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને તેમણે કહ્યું કે, "તમે જાણો છો કે, અમે યહૂદીઓના ઉલમા અને આગેવાનો છે. જો

અમે મુસલમાન થઈ ગયા તો તેઓ બધા પણ મુસલમાન થઈ જશે પરંતુ અમારી એક શરત એ છે કે, અમારો એક મુકદ્દમો તમારી કૌમના લોકો સાથે છે અને આ મુકદ્દમો અમે તમારી પાસે લાવીશું. જો તમે તે મુકદ્દમામાં અમારી તરફેણમાં ફેંસલો કરી આપો તો અમે મુસલમાન થઈ જઈશું.'' પરંતુ અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને આ બાબતે ચેતવણી આપી કે, તમે તે લોકોના મુસલમાન થઈ જવાને નજર સમક્ષ રાખી ન્યાય અને ઈન્સાફ તથા અલ્લાહ તઆલાએ નાઝિલ કરેલ હુકમ વિરુદ્ધ કદાપિ ફેંસલો ન કરજો અને એની પરવા કદાપિ ન કરો કે, તેઓ મુસલમાન થશે કે નહીં થાય !

અંબિયા (અલૈ.)ની શરીઅતમાં ગૌણ બાબતો અને નિયમોમાં ભિન્નતા અને તેની હિકમત :

આ આયતમાં અન્ય માર્ગદર્શનની સાથે–સાથે એક અગત્યના સૈદ્ધાંતિક પ્રશ્નનો જવાબ પણ વર્ણન કરવામાં આવ્યો છે. તે એ કે, જ્યારે બધા જ અંબિયા (અલૈ.) અલ્લાહ તઆલા તરફથી જ મોકલવામાં આવ્યા છે અને તેમના ઉપર નાઝિલ કરવામા આવેલ કિતાબો, સહીફાઓ તથા તેમની શરીઅતો, બધું જ અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી જ છે. તો પછી તે કિતાબો અને શરીઅતોમાં ભિન્નતા અને તફાવત કેમ છે ? અને આવનારી શરીઅત અને કિતાબ પાછલી શરીઅત અને કિતાબને રદ શા માટે કરે છે ? તેનો જવાબ અલ્લાહની હિકમત અનુસાર પ્રસ્તુત આયતમાં વર્ણન કરવામાં આવ્યો છે. لِكُلٍّ جَعَلْنَا مِنْكُمْ شِرْعَةً وَّمِنْهَاجًا وَلَوْشَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ لِّيَبْلُوَكُمْ فِيْمَا اٰتَاكُمْ فَاسْتَبِقُوا الْخَيْرٰتِ એટલે કે, અમે તમારામાંથી દરેક વર્ગ માટે એક ખાસ શરીઅત અને આચરણની પદ્ધતિ બનાવી છે, જેમાં મૂળ સિદ્ધાંતો સમાન અને સર્વસામાન્ય હોવાની સાથે–સાથે અમુક ગૌણ હુકમોમાં તફાવત મસ્લિહતના આધારે હોય છે અને જો અલ્લાહ તઆલાએ ચાહ્યું હોત તો તેના માટે એ કોઈ મુશ્કેલ કામ ન હતું કે, તમને બધાને (એટલે કે, અગાઉની શરીઅતો અને હાલની મુહમ્મદી શરીઅત) એક જ ઉમ્મત, એક જ મિલ્લત બનાવી આપી હોત, બધાની એક જ કિતાબ, એક જ શરીઅત હોત. પરંતુ અલ્લાહ તઆલાએ આવું એટલા માટે પસંદ ન કર્યું કે, લોકોની કસોટી કરવાનો હેતુ હતો કે, તે કોણ લોકો છે જેઓ ઈબાદતોની વાસ્તવિકતાથી વાકેફ થઈને દરેક સમયે અલ્લાહના હુકમને માનવા

માટે અને તેના ઉપર આચરણ કરવા માટે તૈયાર રહે છે, જે કોઈ પણ નવી કિતાબ અથવા શરીઅત આવે છે તેનું અનુસરણ કરે છે તથા અગાઉની કિતાબ અને શરીઅત તેમને કેટલીય વહાલી હોય, તેમના પૂર્વજોના ધર્મને છોડવું તેમના માટે કેટલુંય કષ્ટદાયક હોય, પરંતુ તેઓ દરેક સમયે આજ્ઞાનું પાલન કરવા માટે તત્પર રહે છે; અને તે કોણ છે જે આ વાસ્તવિકતાથી બેદરકાર રહીને કોઈ ખાસ શરીઅત અથવા કિતાબને પોતાનો જીવનધ્યેય બનાવી બેસે અને તેના બાપ-દાદાના ધર્મ વિરુદ્ધ કોઈ વાત કે અલ્લાહના કોઈ હુકમને ધ્યાને ન ધરે ?

શરીઅતોના આ તફાવતમાં એક મોટી હિકમત એ છે કે, તેના દ્વારા દરેક સમયકાળમાં દરેક વર્ગના લોકોને સાચી ઈબાદત અને પોતે અલ્લાહના બંદા હોવાની વાસ્તવિકતાથી જ્ઞાત કરાવવામાં આવે છે કે, વાસ્તવમાં ઈબાદત એ માત્ર બંદગી, અનુસરણ અને પૈરવી જે નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, ઝિક્ર અને તિલાવત ઉપર અવલંબિત રહેવાનું નામ નથી અને ન જ આ આચરણો પોતે કોઈ પોતાના અસ્તિત્વમાં એક હેતુ છે. બલકે, આ બધાનો હેતુ ફક્ત એક જ અલ્લાહના હુકમો અને આજ્ઞાઓનું પાલન કરવાનો છે. એ જ કારણ છે કે, જે સમયોમાં નમાઝની મનાઈ કરવામાં આવી છે, તે સમયોમાં નમાઝ પઢવાથી કોઈ સવાબ નથી મળતો બલકે, તે ગુનાહનું કારણ બને છે. ઈદ વગેરે દિવસોમાં રોઝો રાખવાની મનાઈ છે તો તે દિવસે રોઝો રાખવો ગુનોહ છે. નવમી જિલ્હજ્જા સિવાય કોઈપણ દિવસે કોઈ મહિનામાં અરફાતના મેદાનમાં ભેગા થઈ દુઆ અને ઈબાદત કરવું નવમી જિલ્હજ્જા પ્રમાણે મહત્ત્વનું નથી. કારણ કે, આ ખાસ ઈબાદત અને દુઆ નવમી જિલ્હજ્જાના દિવસે વિશેષ સ્વરૂપે કરવામાં આવે છે. આમ, આ જ પ્રમાણે બીજી દરેક ઈબાદતોની પરિસ્થિતિ આવી જ છે. જ્યાં સુધી તેને કરવાનો હુકમ છે, ત્યાં સુધી તે ઈબાદતો છે અને જ્યારે જે મર્યાદા અને સીમા ઉપર આવીને તેનાથી રોકવામાં આવે છે, ત્યારે આ જ ઈબાદતો હરામ અને નાજાઈઝ બની જાય છે. અજ્ઞાન લોકો આ વાસ્તવિકતાને જાણતા નથી હોતા, જે ઈબાદતો તેમની ટેવ બની જાય છે, બલકે, જે રસમો-રિવાજને તેઓ ઈબાદતો સમજીને અપનાવી લે છે અને તેમાં અલ્લાહ તથા રસૂલે કરીમ ﷺના સ્પષ્ટ આદેશો અને હુકમોને પણ ઉપેક્ષિત કરે છે. આ જ તે બિદ્અતો અને કુરિવાજો દીનનો એક અંગ બની જાય છે, જે પાછલી શરીઅતો અને કિતાબોના ફેરફાર

કરવાના કારણે બન્યું હતું. અલ્લાહ જલ્લ શા'નુહૂએ અનેક પયગમ્બરો ઉપર વિવિધ કિતાબો અને શરીઅતો નાઝિલ કરીને માનવજાતિને એ જ શિખવાડ્યું છે કે, કોઈ એક અમલ અથવા કોઈ એક પ્રકારની ઈબાદતને પોતાનો જીવન ધ્યેય ન બનાવી લે, બલકે સાચા અર્થમાં અલ્લાહના આજ્ઞાપાલક બંદા બને અને જે સમયે પાછલા આચરણોને છોડી દેવાનો હુકમ થાય, તરત જ તેને છોડી દે અને જેના ઉપર અમલ કરવાનો હુકમ કરવામાં આવે, તેના ઉપર તાત્કાલિક અમલ શરૂ કરી દે.

તદુપરાંત વિવિધ શરીઅતોમાં તફાવતની એક મોટી હિકમત એ પણ છે કે, દુનિયાના દરેક યુગના અને દરેક વર્ગના માનવોનો સ્વભાવ અને પ્રકૃતિ ભિન્ન પ્રકારની હોય છે. યુગ પરિવર્તન માનવ સ્વભાવમાં પરિવર્તન લાવવા માટે પ્રભાવી કારણ હોય છે. જો બધા જ ગૌણ હુકમો એકસમાન કરી આપવામાં આવે તો મનુષ્ય માટે ઘણી મુશ્કેલી ઊભી થઈ જાય. એટલા માટે અલ્લાહની હિકમતનો તકાદો એ જ થયો કે, દરેક યુગમાં દરેકના સ્વભાવ અને લાગણીઓને ધ્યાનમાં રાખીને ગૌણ હુકમોમાં યોગ્ય પરિવર્તન કરવામાં આવ્યું. અહીંયાં નાસિખ (રદ કરનાર) અને મન્સૂખ (રદ થનાર)નો એ અર્થ નથી થતો કે, હુકમ આપનારને પ્રથમથી પરિસ્થિતિની જાણ ન હતી એટલે એક પ્રકારનો હુકમ આપી દીધો, પછી નવી પરિસ્થિતિની જાણ થઈ ત્યારે તેને રદ કરી દીધો અથવા પ્રથમ કોઈ બેદરકારી અથવા ભૂલના કારણે કોઈ હુકમ લાગુ પાડ્યો હતો, પછી જાણ થયા પછી તેને બદલી નાંખ્યો બલકે, શરીઅતમાં નાસિખ અને મન્સૂખ (કોઈ હુકમને અન્ય હુકમ વડે બદલવો અથવા તેમાં ફેરફાર કરવા)નું ઉદાહરણ બિલકુલ એક ડૉક્ટર અને હકીમના નુસ્ખા પ્રમાણે છે કે, જેમાં દવાઓ ક્રમાનુસાર બદલવામાં આવે છે, તે હકીમ અથવા ડૉક્ટરને પહેલેથી જ અનુભવના આધારે એ અંદાજો હોય છે કે, ત્રણ દિવસ આ દવાનો ઉપયોગ કર્યા પછી બીમારની હાલત બદલાશે અને ત્યારે તેને ફલાણી-ફલાણી દવા આપવામાં આવશે, આથી તે પાછલો નુસ્ખો રદ કરીને નવી દવા આપે છે, માટે એવું કહેવું બિલકુલ યોગ્ય નથી હોતું કે પાછલો નુસ્ખો ખોટો હતો એટલા માટે ડૉક્ટરે તેને રદ કર્યો. બલકે, વાસ્તવિકતા એ હોય છે કે, બીમારીના પાછલા દિવસોમાં તે જ નુસ્ખો જરૂરી અને યોગ્ય હતો અને પાછળથી પરિસ્થિતિમાં સુધારો થતાં આ બીજો નુસ્ખો સાચો અને જરૂરી છે.

પ્રસ્તુત આયતોમાં આવેલા સ્પષ્ટ અને અસ્પષ્ટ હુકમોનો ખુલાસો :

પ્રથમ, શરૂઆતની આયતોથી જાણ થઈ કે, યહૂદીઓનો મુકદમો રસૂલે કરીમ ﷺ સમક્ષ રજૂ થયો હતો અને રસૂલે કરીમ ﷺએ તેનો ફેંસલો કર્યો, તો આ ફેંસલો તવરાતની શરીઅત પ્રમાણે હતો. એનાથી સાબિત થયું કે, પાછલી શરીઅતોમાં અલ્લાહે જે હુકમો નાઝિલ કર્યા હતા, જ્યાં સુધી કુર્આને અથવા અલ્લાહની વહીએ તેને મન્સૂખ (રદ) ન કર્યા ત્યાં સુધી તે કાયદેસર ચાલુ રહ્યા હતા. જેમકે, યહૂદીઓના મુકદમાઓમાં કિસાસની સમાનતા અને વ્યભિચારની સજામાં સંગસાર કરવાનો હુકમ તવરાતમાં પણ હતો. પછી કુર્આને પણ તેને જેમનો તેમ એ જ પ્રમાણે બાકી રાખ્યો.

એ જ પ્રમાણે બીજી આયતમાં જખ્મોના કિસાસનો હુકમ જે તવરાતના હવાલાથી વર્ણન કરવામાં આવ્યો છે, ઈસ્લામમાં પણ એ જ હુકમ રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યો. આ જ કારણે જમહૂર ઉલમાએ ઈસ્લામના (ઈસ્લામિક વિદ્વાનોનો સર્વાનુમતે) અભિપ્રાય અનુસાર કાયદો એ છે કે, અગાઉની શરીઅતોના તે હુકમો જેને કુર્આને મન્સૂખ નથી કર્યા તે આપણી શરીઅતમાં પણ લાગુ પડશે અને તેનું અનુસરણ કરવું વાજિબ છે. એ જ કારણ છે કે, પ્રસ્તુત આયતમાં તવરાતવાળાઓને તવરાત પ્રમાણે અને ઈન્જીલવાળાઓને ઈન્જીલ પ્રમાણે હુકમ આપવા અને અમલ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. જ્યારે કે, આ બંને કિતાબો અને તેમની શરીઅતો રસૂલે કરીમ ﷺના આગમન પછી મન્સૂખ થઈ ચૂકી છે. મતલબ એ છે કે, તવરાત અને ઈન્જીલના જે હુકમો કુર્આને રદ નથી કર્યા, તેના ઉપર આજે પણ અમલ કરવો વાજિબ છે.

ત્રીજો હુકમ આ આયતોથી એ સાબિત થાય છે કે, અલ્લાહ તઆલાએ નાઝિલ કરેલ હુકમ વિરુદ્ધ હુકમ આપવો અમુક સ્વરૂપોમાં કુફ્ર છે. જ્યારે કે, હુકમ આપનારના અકીદાઓ પણ એ પ્રમાણેના જ હોય અને અમુક સ્વરૂપોમાં આ બાબત અત્યાચાર અને દુરાચાર છે. જ્યારે કે, અકીદાની રૂએ અલ્લાહના આ હુકમોને તો સત્ય માને છે પરંતુ આચરણ તેના વિરુદ્ધ કરે છે.

ચોથો હુકમ આ આયતોમાં એ આવ્યો છે કે, લાંચ-રૂશ્વત લેવી સદંતર હરામ છે અને ખાસ કરીને અદાલતી ફેંસલાઓમાં લાંચ-રૂશ્વત લેવી ઘણો જ જઘન્ય અપરાધ છે.

પાંચમો હુકમ આ આયતોથી એ સ્પષ્ટ થાય છે કે, બધા જ અંબિયા (અલૈ.) અને તેમની શરીઅતો સૈદ્ધાંતિક રીતે તો બિલકુલ એકસમાન અને સરખી છે પરંતુ અમુક ગૌણ હુકમોમાં તેમનામાં તફાવત છે અને આ તફાવત અલ્લાહની હિકમતો ઉપર આધારિત છે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૫૧ થી ૫૮)

وقف لازم وقف منزل عند البعض وقف غفران يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْيَهُوْدَ وَالنَّصٰرٰۤى اَوْلِيَآءَ ۘ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ

وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿٥١﴾ فَتَرَى

الَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ يُّسَارِعُوْنَ فِيْهِمْ يَقُوْلُوْنَ نَخْشٰۤى اَنْ تُصِيْبَنَا

دَآئِرَةٌ ؕ فَعَسَى اللّٰهُ اَنْ يَّاْتِىَ بِالْفَتْحِ اَوْ اَمْرٍ مِّنْ عِنْدِهٖ فَيُصْبِحُوْا عَلٰى مَاۤ اَسَرُّوْا

فِىْۤ اَنْفُسِهِمْ نٰدِمِيْنَ ﴿٥٢﴾ وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْۤا اَهٰٓؤُلَآءِ الَّذِيْنَ اَقْسَمُوْا

بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ ۙ اِنَّهُمْ لَمَعَكُمْ ؕ حَبِطَتْ اَعْمَالُهُمْ فَاَصْبَحُوْا خٰسِرِيْنَ ﴿٥٣﴾

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَنْ يَّرْتَدَّ مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَسَوْفَ يَاْتِى اللّٰهُ بِقَوْمٍ

يُّحِبُّهُمْ وَيُحِبُّوْنَهٗۤ ۙ اَذِلَّةٍ عَلَى الْمُؤْمِنِيْنَ اَعِزَّةٍ عَلَى الْكٰفِرِيْنَ ۫ يُجَاهِدُوْنَ فِىْ

سَبِيْلِ اللّٰهِ وَلَا يَخَافُوْنَ لَوْمَةَ لَآئِمٍ ؕ ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ

وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿٥٤﴾ اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ

يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ ﴿٥٥﴾ وَمَنْ يَّتَوَلَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَ

ع الَّذِيْنَ اٰمَنُوْا فَاِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغٰلِبُوْنَ ﴿٥٦﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا

تَتَّخِذُوا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا وَّلَعِبًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ

قَبْلِكُمْ وَالْكُفَّارَ اَوْلِيَآءَ ۚ وَاتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٥٧﴾ وَاِذَا نَادَيْتُمْ اِلَى

الصَّلٰوةِ اتَّخَذُوْهَا هُزُوًا وَّلَعِبًا ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ ﴿٥٨﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! યહૂદ અને નસારાને દોસ્ત ન બનાવો, તેઓ પરસ્પર એકબીજાના દોસ્ત છે; અને જે કોઈ તમારામાંથી તેમનાથી દોસ્તી કરે તો તે તેમનામાંથી જ છે; બેશક ! અલ્લાહ જાલિમ લોકોને હિદાયત નથી કરતો. (૫૧) હવે તમે તેમને જોશો જેમના દિલોમાં બીમારી છે, તેમને દોડીને મળે છે, કહે છે કે અમને ડર છે કે, અમારા ઉપર ખરાબ હાલત (ઝમાનાની ગર્દિશ) ન આવી જાય, બસ નિકટ છે કે અલ્લાહ જલદી વિજય જાહેર કરી દે અથવા પોતાની પાસેથી કોઈ હુકમ, તો પોતાના મનની છુપી વાત ઉપર પસ્તાવા લાગે. (૫૨) અને મુસલમાન કહે છે, શું આ તે જ લોકો છે જે અલ્લાહની તાકીદથી કસમો ખાતા હતા કે અમે તમારી સાથે છે ? તેમના અમલ બરબાદ થયા; પછી નુકસાનમાં રહી ગયા. (૫૩) હે ઈમાનવાળાઓ! જે કોઈ તમારામાં પોતાના દીનથી ફરશે તો અલ્લાહ નિકટમાં એવી કૌમને લાવશે કે અલ્લાહ તેમને ચાહે છે અને તેઓ તેને ચાહે છે, મુસલમાનો ઉપર નરમદિલ છે, કાફિરો ઉપર જબરદસ્ત છે, અલ્લાહના માર્ગમાં લડે છે અને કોઈના આક્ષેપથી ડરતા નથી, આ અલ્લાહની કૃપા (ફઝલ) છે જેને ચાહે આપશે, અને અલ્લાહ વિશાળતાવાળો ખબરદાર છે. (૫૪) તમારો મિત્ર તો તે જ અલ્લાહ છે અને તેનો રસૂલ અને જેઓ ઈમાનવાળા છે કે જેઓ નમાઝ ઉપર કાયમ છે અને ઝકાત આપે છે અને આજિઝી (અલ્લાહને કાકલૂદી) કરનારા છે. (૫૫) અને જે કોઈ અલ્લાહ અને તેના રસૂલને દોસ્ત રાખે અને ઈમાનવાળાઓને, તો તે જ અલ્લાહની જમાઅત બધા ઉપર ગાલિબ (વિજયી) છે. (૫૬) હે ઈમાનવાળાઓ ! ન બનાવો પોતાના દોસ્ત તે લોકોને જેઓ તમારા દીનને ઠઠ્ઠો અને રમત ઠરાવે છે એ લોકો જેમને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી અને ન કાફિરોને, અને અલ્લાહથી ડરો જો તમે ઈમાનવાળા છો. (૫૭) અને જ્યારે તમે નમાઝ માટે (અઝાન) પોકારો છો તો તેઓ એને ઠઠ્ઠો અને રમત ઠરાવે છે, આ એટલા માટે કે તે લોકો બુદ્ધિહીન (મૂર્ખ) છે. (૫૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પ્રસ્તુત આયતોમાં ત્રણ મહત્ત્વના સૈદ્ધાંતિક વિષયોનું વર્ણન છે, જે

મુસલમાનોની સામૂહિક અને મિલ્લી એકતાના અસ્તિત્વ માટે તથા તેમની સંગઠનશક્તિને મજબૂત બનાવી ટકાવી રાખવા માટેના પાયાના મજબૂત સિદ્ધાંતો છે. પ્રથમ એ કે, મુસલમાનો ગેરમુસ્લિમો સાથે સદ્‌વર્તાવ, હમદર્દી, ભલાઈ, ન્યાય અને ઈન્સાફ તથા ઉપકાર અને સન્માનજનક વ્યવહાર બધું જ કરી શકે છે અને એવું કરવું જ જોઈએ કે, તેને આવો વ્યવહાર કરવાનું ઈસ્લામે શિક્ષણ આપ્યું છે, પરંતુ તેમની સાથે કોઈ એવી ગાઢ મિત્રતા રાખવામાં ન આવે અથવા તેમની સાથે એટલા ઓળ-ઘોળ થવામાં ન આવે કે જેનાથી ઈસ્લામની વિશિષ્ટ નિશાનીઓ ભેળસેળ થઈ જાય; એની પરવાનગી નથી. આ જ તે મસ્અલો છે જે تَرْكِ مَوَالَاتْ (તર્કે મવાલાત)ના નામથી પ્રખ્યાત છે.

બીજો વિષય એ છે કે, જો કોઈ સ્થળે મુસલમાનો કોઈ સમયે આ પાયાના સિદ્ધાંતોથી હટીને ગેરમુસ્લિમોની સાથે ઓળ-ઘોળ અને ઓતપ્રોત થઈ જાય તો એનાથી ઈસ્લામને કોઈ નુકસાન અથવા ક્ષતિ કે હાનિ નહીં પહોંચે. કારણ કે, ઈસ્લામની સુરક્ષા કરવી તથા તેને ટકાવી રાખવાની જવાબદારી અલ્લાહ તઆલાએ લીધી છે, તેને કોઈ મિટાવી નહીં શકે. જો કોઈ કૌમ ગદ્દારી કરે અને ઈસ્લામ અને શરીઅતની હદોને તોડી નાંખે બલકે, કલ્પના કરો કે, સમૂળગો ઈસ્લામ જ છોડી બેસે, તો અલ્લાહ તઆલા કોઈ અન્ય કૌમને ઊભી કરી દેશે, જે ઈસ્લામના સિદ્ધાંતોને કાયમ કરી લેશે.

ત્રીજો વિષય એ છે કે, જ્યારે એક બાજુ નકારાત્મક પાસાની જાણ થઈ તો હવે મુસલમાનોની ગાઢ મિત્રતા તો માત્ર અલ્લાહ તબારક વ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺ અને તેમના ઉપર ઈમાન લાવનારાઓની સાથે જ હોઈ શકે છે. આ સામૂહિક વિષયો ઉપરોક્ત આ પાંચ આયતોમાં વર્ણન થયા છે. હવે, આ આયતોની તફસીર જોઈ લઈએ.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમે (મુનાફિકોની જેમ) યહૂદ અને નસારાને (પોતાના) દોસ્ત ન બનાવો, તેઓ (પોતે જ) એકબીજાના મિત્ર છે, (એટલે કે યહૂદી-યહૂદી પરસ્પર અને ખ્રીસ્તી-ખ્રીસ્તી પરસ્પર, મતલબ એ છે કે દોસ્તી બરાબરવાળા સાથે હોય છે, બસ તેમનામાં પરસ્પર તો સમાનતા છે પરંતુ તમારી

અને તેમની કોઈ સમાનતા નથી) અને (જ્યારે આ હુકમથી જાણ થઈ કે, દોસ્તી દીન આધારિત સમાન લોકો સાથે જ હોય છે તો) જે વ્યક્તિ તમારામાંથી તેમની સાથે દોસ્તી કરશે, બેશક ! તે (કોઈ ખાસ સમાનતાના આધારે) તેમનામાંથી જ થઈ ગયો (અને જો કે આ કૃત્ય દેખીતું છે પરંતુ) બાકી અલ્લાહ તઆલા (આવા કૃત્યની) બુદ્ધિ જ નથી આપતો એવા લોકોને જેઓ (કાફિરોથી દોસ્તી કરીને) પોતાનું નુકસાન કરી રહ્યા છે (એટલે કે, દોસ્તીમાં રાચેલા હોવાના કારણે આ વાત તેમની સમજમાં જ નથી આવતી અને કારણ કે આવા લોકો આવા કૃત્યને સમજતા નથી); એટલા માટે (હે જોનારાઓ !) તમે એવા લોકોને કે જેમના દિલમાં (નિફાકનો) રોગ છે, જુઓ છો કે દોડી–દોડીને તે (કાફિરો)માં ઘૂસે છે (અને કોઈ ટીકા કરે તો હીલા–હવાલા અને વાતો બનાવવા માટે એવું) કહે છે કે, (અમારું તેમની સાથે મળવું દિલથી નથી બલકે, અમે દિલથી તો તમારી સાથે જ છે. ફક્ત એક મસ્લિહતના કારણે તેમની સાથે મળીએ છીએ, તે એ છે કે) અમને ભય છે કે (કદાચ યુગ પરિવર્તનના કારણે) અમારા ઉપર કોઈ દુર્ઘટના આવી જાય (જેમકે દુકાળ, તંગી વગેરે અને આ યહૂદીઓ અમારા શાહુકાર છે, તેમની પાસેથી કરજ અને ઉધાર મળી જાય છે, જો જાહેરમાં મેળ–મિલાપ નહીં રાખીએ તો સમય પડ્યે અમને તકલીફ પડશે, દેખીતો ط نَخْشٰى اَنْ تُصِيْبَنَا دَآئِرَةٌ નો આ અર્થ લેતા હતા પરંતુ દિલમાં તેનો મતલબ એ હતો કે, કદાચ અંતે મુસલમાનો ઉપર કાફિરો વિજય પ્રાપ્ત કરી લે અને કદાચ આપણે તેમની જરૂર પડી જાય, એટલા માટે તેમની સાથે દોસ્તી રાખવી જોઈએ.) બસ, ઘણો જ જલદી આશા (વાયદો) છે કે, અલ્લાહ તઆલા (મુસલમાનોને સંપૂર્ણ) વિજય (આ કાફિરોના મુકાબલામાં જેમની સાથે તે દોસ્તી કરી રહ્યા છે) આપી દે (જેમાં મુસલમાનોના પ્રયત્નોની પણ દખલગીરી હશે) અથવા કોઈ અન્ય બાબત ખાસ પોતાના તરફથી (જાહેર કરી દે, એટલે કે તેમના નિફાકને સ્પષ્ટ રીતે વહી દ્વારા જાહેરાત કરી દે, જેમાં મુસલમાનોના પ્રયત્નોની વાસ્તવમાં કોઈ દખલગીરી નથી. મતલબ એ કે, મુસલમાનોનો વિજય અને તેમનો પર્દાફાશ બંને ઘટનાઓ ઘણી જ જલદી બનવાની છે) પછી (તે સમયે) પોતાના (પાછલા) ગુપ્ત દિલી વિચારો ઉપર પસ્તાવો થશે (કે અમે કેવું સમજતા હતા કે કાફિરો વિજયી થશે અને આ તો તેનાથી બિલકુલ ઊલટું થઈ ગયું, એક પસ્તાવો તો પોતાના ભૂલ ભરેલા વિચાર

ઉપર હશે કે, આવો પસ્તાવો સ્વાભાવિક બાબત છે અને બીજો પસ્તાવો પોતાના નિફાક ઉપર થશે, જેના કારણે તેઓ આજે અપમાનિત થયા مَـــا اَسَــرُّوْا માં આ બંને સામેલ છે અને ત્રીજો પસ્તાવો એ છે કે, કાફિરો સાથે દોસ્તી કરવી બેકાર થઈ અને મુસલમાનો સામે પણ બુરા સાબિત થયા છે. કારણ કે, દોસ્તી مَـا اَسَرُّوْا ઉપર અવલંબિત હતી. એટલા માટે આ બંને પસ્તાવાનું વર્ણન કરીને ત્રીજા પ્રકારના પસ્તાવાને વર્ણન કર્યા વિના સમજાવી દેવામાં આવ્યો) અને (જ્યારે આ વિજયના સમયે તે લોકોનો નિફાક પણ સામે આવી જશે, અને પરસ્પર તેમનું નિફાક એટલે કે દોગલાપણુ ખુલી જશે તો આપસમાં) મુસલમાન લોકો (આશ્ચર્યથી) કહેશે, અરે ! શું આ તે જ લોકો છે કે ખૂબ બઢી-ચઢીને (અમારી સામે) કસમો ખાયા કરતા હતા કે અમે (દિલથી) તમારી સાથે છે ? (આ તો કંઈ બીજું જ સાબિત થયું, અલ્લાહ તઆલા ફરમાવે છે કે) આ લોકોની સમગ્ર કાર્યવાહી (કે બંને પક્ષો સાથે ભલા બનીને રહેવા ઈચ્છતા હતા) બરબાદ થઈ ગઈ, જેનાથી (બંને બાજુથી) નિષ્ફળ રહ્યા, (કારણ કે કાફિરો તો પરાજિત થયા, તેમનો સાથ આપવો બેકાર ગયો અને મુસલમાનો સામે રહસ્ય જાહેર થઈ ગયું, તેમની સાથે પણ ભલું બનવું મુશ્કેલ થઈ ગયું. આ તો તેનું જ ઉદાહરણ થયું از یں سو راندہ ازاں سو ماندہ ન ઘરના, ન ઘાટના) હે ઈમાનવાળાઓ ! (એટલે કે જે લોકો આ આયત નાઝિલ થઈ તે સમયે ઈમાનવાળા છે) જે વ્યક્તિ તમારામાંથી પોતાના (આ) દીનથી ફરી જશે તો (ઈસ્લામનું કોઈ નુકસાન નથી, કારણ કે ઈસ્લામની સેવા કરવા માટે) અલ્લાહ તઆલા ઘણો જ જલદી (તેમની જગ્યાએ) એવી કૌમને પેદા કરી દેશે જેનાથી અલ્લાહ તઆલાને મહોબ્બત હશે અને તેમને અલ્લાહ તઆલાથી મહોબ્બત હશે, તેઓ મુસલમાનો સાથે નરમ હશે અને કાફિરો ઉપર સખત હશે (કે તેમની સાથે) જિહાદ કરતા હશે અલ્લાહના રસ્તામાં, અને (દીન અને જિહાદની બાબતમાં) તે લોકો કોઈ ટીકા કરનારની ટીકાથી ગભરાશે નહીં (જેમકે મુનાફિકોની હાલત છે કે, તેઓ દબાતા-દબાતા જિહાદ માટે જતા હતા પરંતુ ગભરાતા રહેતા હતા કે, કાફિરો કે જેમની સાથે દિલથી દોસ્તી છે, તેઓ ટીકા કરશે અથવા સંજોગવસાત્ જેમના મુકાબલામાં જિહાદ માટે જઈ રહ્યા છે, કદાચ તે જ પોતાના દોસ્ત અને વહાલા હોય તો બધા આ જોઈને સાંભળીના મહેણા મારશે કે, આવા લોકોને મારવા ગયા હતા ?) આ

(સઘળું કાંઈ) અલ્લાહ તઆલાની મહેરબાની છે, જેને ઈચ્છે છે અર્પણ કરે છે અને અલ્લાહ તઆલા બહુ ઉદાર છે (કે જો ઈચ્છે તો બધાને સારી સિફતો આપી શકે છે પરંતુ) સર્વજ્ઞાની (પણ) છે (તેના જ્ઞાનમાં જેને આપવાની મસ્લિહત હોય છે, તેને જ આપે છે) તમારા મિત્ર તો માત્ર (જેનાથી તમે દોસ્તી રાખવા ઈચ્છો) અલ્લાહ તઆલા અને તેના રસૂલ (ﷺ) અને ઈમાનવાળા લોકો છે, જેઓ કે આ પ્રમાણે નમાઝની પાબંદી રાખે છે, અને ઝકાત આપે છે કે, તેમના (દિલો)માં ખુશૂઅ્ (અલ્લાહ પ્રત્યે એકાગ્રતા) હોય છે (એટલે કે, અકીદાઓ, અખ્લાક અને શારીરિક આચરણો તથા આર્થિક અમલો બધામાં જ મજબૂત છે) અને જે વ્યક્તિ (ઉપરોક્ત વર્ણન પ્રમાણે) અલ્લાહ સાથે દોસ્તી રાખશે અને તેના રસૂલ (ﷺ) સાથે અને ઈમાનવાળાઓ સાથે, બસ (તે અલ્લાહના ગૃપ "હિજબુલ્લાહ"માં સામેલ થઈ ગયો અને) અલ્લાહની જમાઅત બેશક ! ગાલિબ છે (અને કાફિરો પરાજિત છે, વિજયી બનેલાની પરાજિત થયેલા સાથે સાંઠ-ગાંઠ અને દોસ્તીની ચિંતા કરવી ફક્ત એક હાસ્યાસ્પદ બાબત જ છે) હે ઈમાનવાળાઓ ! જે લોકોને તમારાથી અગાઉ (આસમાની) કિતાબ (એટલે કે, તવરાત અને ઈન્જીલ) મળી ચૂકી છે (એટલે કે, યહૂદીઓ અને નસારાને) જે એવા છે કે, તેમણે તમારા દીનને હંસી-મઝાક અને રમત બનાવી રાખ્યો છે (જે તેમના જૂઠાડવાની નિશાની છે) તેમને અને (એ જ પ્રમાણે) બીજા કાફિરોને (પણ જેમકે મુશ્રિકો વગેરેને) દોસ્ત ન બનાવો (કારણ કે, અસલ શરત કુફ્ર અને દીનને જૂઠાડવાની તે બંનેમાં સમાન છે) અને અલ્લાહ તઆલાથી ડરો, જો તમે ઈમાનવાળા છો. (એટલે કે, ઈમાનવાળા તો છો જ, પરંતુ જે વસ્તુથી અલ્લાહ તઆલાએ મનાઈ કરી છે, તેને ન કરો) અને (જે દીનના સિદ્ધાંતો સાથે મઝાક કરે છે, એ જ પ્રમાણે પાયાના અકીદાઓ સાથે પણ જેમકે,) જ્યારે તમે નમાઝ માટે (અઝાન દ્વારા) એલાન કરો છો, તો આ લોકો (તમારી) એ (ઈબાદત)ની સાથે (જેમાં અઝાન અને નમાઝ બંને આવી ગયું) હંસી-મઝાક અને રમત રમે છે (અને) આ (પ્રવૃત્તિ) એ કારણે કરે છે કે, તેઓ એવા લોકો છે જેઓ બિલકુલ બુદ્ધિહીન છે (નહિતર સત્યને સમજ્યા હોત તો તેની સાથે હંસી-મઝાક ન કરી હોત).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો છે કે, તેઓ

યહુદીઓ અને નસારા સાથે "મવાલાત" એટલે કે, ગાઢ મિત્રતા ન રાખે. જેમકે સામાન્ય ગેરમુસ્લિમોનો અને યહૂદી તથા નસારાનો પોતે જ એક નિયમ છે કે, તેઓ ગાઢ મિત્રતા ફક્ત પોતાની કૌમ સુધી જ સીમિત રાખે છે, મુસલમાનો સાથે આવો વ્યવહાર કરતા નથી.

પછી જો કોઈ મુસલમાન તેનો ભંગ કરીને કોઈ યહૂદી અથવા નસરાની સાથે ગાઢ મિત્રતા કરી લે તો તે ઈસ્લામી દષ્ટિએ મુસલમાનના બદલે તે જ કાફિર કૌમમાંથી ગણવાપાત્ર થશે.

આયત ઊતરવાની પૂર્વભૂમિકા :

તફસીરના ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ ઈકરિમા (રદિ.)ની રિવાયતથી વર્ણન કર્યું છે કે, આ આયત એક ખાસ પ્રસંગે નાઝિલ થઈ છે. તે એ કે, રસૂલે કરીમ ﷺએ મદીના તય્યિબહમાં સ્થાયી થયા પછી આજુબાજુના યહૂદીઓ અને નસારા સાથે એક કરાર એવો કરી લીધો હતો કે, તેઓ મુસલમાનો સાથે ન તો પોતે યુદ્ધ કરશે અને ન જ કોઈ યુદ્ધ કરનાર લોકોની મદદ કરશે. બલકે, મુસલમાનો સાથે મળીને તે યુદ્ધ કરનાર કૌમનો મુકાબલો કરશે, એ જ પ્રમાણે મુસલમાનો પણ તે લોકો સાથે ન તો યુદ્ધ કરશે, ન જ તેમના વિરુદ્ધ કોઈ કૌમની મદદ કરશે, બલકે વિરોધી કૌમનો મુકાબલો કરશે. અમુક સમય સુધી આ કરાર ઉપર બંને પક્ષો કાયમ રહ્યા, પરંતુ યહૂદીઓ પોતાની ષડયંત્રકારી પ્રવૃત્તિઓ અને ઈસ્લામ દુશ્મન સ્વભાવના કારણે આ કરાર ઉપર લાંબો સમય ટકી ન શક્યા અને મુસલમાનો વિરુદ્ધ મક્કાના મુશ્રિકો સાથે ષડયંત્રો કરીને તેમને પોતાના કિલ્લામાં બોલાવવા માટે પત્ર લખ્યો. રસૂલે કરીમ ﷺને જ્યારે આ ષડયંત્રની જાણ થઈ તો આપ ﷺએ તેમના મુકાબલા માટે મુજાહિદીનની એક બટાલિયનને મોકલી. બનુ કુરયઝાના આ યહૂદી એક બાજુ તો મક્કાના મુશ્રિકો સાથે મળીને ષડયંત્ર રચી રહ્યા હતા અને બીજી બાજુ મુસલમાનોમાં ઘૂસીને મુસલમાનો સાથે દોસ્તીનો દા'વો કરી રહ્યા હતા અને આ બાજુ મુસલમાનો વિરુદ્ધ મુશ્રિકો માટે જાસૂસીનું કામ પણ કરતા હતા. એટલા માટે આ પ્રસ્તુત આયત નાઝિલ થઈ, જેણે મુસલમાનોને યહૂદી અને નસારાની ગાઢ મિત્રતાથી રોકી લીધા, જેથી મુસલમાનોની ખાસ-ખાસ ખબરો તેઓ જાણી ન શકે. તે સમયે અમુક સહાબએ કિરામ (રદિ.) હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.) વગેરેએ તો ખુલ્લમ-ખુલ્લા

તે લોકો સાથે પોતાનો કરાર પૂરો થયો હોવાનું જાહેર કરીને "મવાલાત" પૂરો થયો હોવાની જાહેરાત કરી દીધી અને અમુક લોકો જેઓ મુનાફિકપણે મુસલમાનો સાથે મળેલા હતા અથવા હજુ તેમનું ઈમાન તેમના દિલોની ઊંડાઈઓ સુધી ન પહોંચ્યું હતું, તે લોકો યહૂદીઓ સાથે પોતાનો સંબંધ તોડી નાંખવાથી એવો ભય અનુભવતા હતા કે, શક્ય છે કે મુશ્રિકો અને યહૂદીઓના ષડયંત્રો સફળ થઈ જાય અને મુસલમાનો પરાજિત થઈ જાય, માટે અમારે તે લોકો સાથે સંબંધ ટકાવી રાખવો જોઈએ કે જેથી તે સમયે તેઓ અમારી મુસીબત ન બને. અબ્દુલ્લાહ બિન ઉબયે આ જ કારણે કહ્યું કે, "તે લોકોની સાથે સંબંધ તોડવાથી મને ભય લાગે છે, એટલા માટે હું એવું નથી કરી શકતો." આ બાબત ઉપર બીજી આયત નાઝિલ થઈ.

فَتَرَى الَّذِيۡنَ فِىۡ قُلُوۡبِهِمۡ مَّرَضٌ يُّسَارِعُوۡنَ فِيۡهِمۡ يَقُوۡلُوۡنَ نَخۡشٰٓى اَنۡ تُصِيۡبَنَا دَآئِرَةٌ

એટલે કે, "ગાઢ મિત્રતા છોડવાનો શરઈ હુકમ સાંભળીને તે લોકો કે, જેમના દિલોમાં નિફાકનો રોગ છે, પોતાના કાફિર દોસ્ત તરફ દોડવા લાગે અને કહેવા લાગે કે, તેમની સાથે સંબંધ તોડવાથી અમને ભય છે."

અલ્લાહ જલ્લ શા'નુહૂએ તેના જવાબમાં ફરમાવ્યું, فَعَسَى اللّٰهُ اَنۡ يَّاۡتِىَ بِالۡفَتۡحِ اَوۡ اَمۡرٍ مِّنۡ عِنۡدِهٖ فَيُصۡبِحُوۡا عَلٰى مَاۤ اَسَرُّوۡا فِىۡۤ اَنۡفُسِهِمۡ نٰدِمِيۡنَ એટલે કે, આ લોકો તો એવું વિચારે છે કે, મુશ્રિકો અને યહૂદીઓ મુસલમાનો ઉપર વિજય પ્રાપ્ત કરી લેશે, પરંતુ અલ્લાહ તઆલા ફેંસલો ફરમાવી ચૂક્યો છે કે, એવું નહીં થાય. બલકે, ખૂબ જ નિકટમાં મક્કા ઉપર વિજય પ્રાપ્ત થશે અને મક્કા ઉપર વિજય પ્રાપ્ત થતા પહેલાં અલ્લાહ તઆલા આ મુનાફિકોના નિફાકનો પર્દાફાશ કરીને તેમને અપમાનિત કરી દેશે, ત્યારે તે સમયે આ લોકો પોતાના ગુપ્ત વિચારો ઉપર પસ્તાવો કરશે.

ત્રીજી આયતમાં એની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે વર્ણન થઈ છે કે, જ્યારે મુનાફિકોના નિફાકનો પર્દાફાશ થઈ જશે અને તેમની દોસ્તીના દા'વાઓ અને કસમોની પોલ ખુલી જશે, ત્યારે મુસલમાનો આશ્ચર્યમાં પડી જશે અને કહેશે કે, શું આ તે જ લોકો છે જેઓ અમારી સામે અલ્લાહ તઆલાની ખોટી કસમો ખાઈને મિત્રતાનો દા'વો કર્યા કરતા હતા ? અને આજે તેમનો એવો અંજામ આવ્યો કે, તેમના બધા ઈસ્લામી આચરણો જે ફક્ત દેખાડા માટે કર્યા કરતા હતા

વ્યર્થ થઈ ગયા અને અલ્લાહ જલ્લ શા'નુહૂએ આ આયતોમાં જે મક્કા વિજયનું અને મુનાફિકોના અપમાનિત થવાનું વર્ણન કર્યું છે તેને અમુક દિવસો પછી તે બધું જ બધા લોકોએ પોતાની આંખો સામે બનતું જોઈ લીધું.

ચોથી આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, ગેરમુસ્લિમો સાથે ગાઢ મિત્રતા અને તેમની સાથે ઓત-પ્રોત થઈ જવાની મનાઈ કરવામાં આવી છે. આ બાબત પોતે મુસલમાનોના ફાયદા માટે છે, નહિતર ઈસ્લામ તે દીને હક છે જેની સુરક્ષાની જવાબદારી અલ્લાહ તઆલાએ લઈ લીધી છે. કોઈ વ્યક્તિ અથવા સમુદાયની ખોટી અવધારણાઓ અથવા અવજ્ઞાઓ (નાફરમાની) તેને કંઈ નુકસાન પહોંચાડી શકતી નથી. મુસલમાનોમાંથી જો કોઈ વ્યક્તિ અથવા કોઈ સમૂહ ખરેખર ઈસ્લામને છોડી જ દે અને બિલકુલ મુર્તદ થઈ જાય અને ગેરમુસ્લિમોમાં હળી-મળી જાય, તેનાથી પણ ઈસ્લામને કોઈપણ પ્રકારની ક્ષતિ કે હાનિ પહોંચી શકતી નથી. કારણ કે, સર્વશક્તિમાન અલ્લાહ રબ્બુલ ઈજ્જતે તેની સુરક્ષાની જવાબદારી લીધી છે, તે તરત જ કોઈ અન્ય સમાજને, કૌમને આચરણના મેદાનમાં લઈ આવશે, જેઓ અલ્લાહ તઆલાના દીનની સુરક્ષા અને તેના પ્રચાર-પ્રસારનો ફરજ અદા કરશે અને તેમનું કામ ન જ કોઈ વ્યક્તિ ઉપર અવલંબિત છે, ન કોઈ મોટા-મોટા સંગઠનો અથવા સંસ્થાઓ ઉપર આધારિત છે, તે જ્યારે ઈચ્છે છે ત્યારે મુટ્ઠીભર લોકોથી હજારો વ્યક્તિઓનું કામ લઈ લે છે, તણખલાથી જંગલનું કામ લઈ લે છે. કોઈએ સાચે જ કહ્યું છે,

اِنَّ الْمَقَادِيْرَ اِذَاسَاعَدَتْ اَلْحَقَتِ الْعَاجِزَ بِالْقَادِرِ،

"અલ્લાહની તકદીર જ્યારે કોઈની સહાયક બની જાય છે તો એક લાચાર અને કમજોર વ્યક્તિ પાસેથી શક્તિશાળી અને માંધાતાઓ જેવું કામ લઈ લે છે."

આ આયતમાં જ્યાં આ ઉલ્લેખ થયો છે કે, મુસલમાન મુર્તદ થઈ જાય તો કોઈ પરવા નથી. અલ્લાહ તઆલા એક અન્ય સમુદાય ઊભો કરશે, ત્યાં આ પવિત્ર જમાઅતના અમુક ગુણ-લક્ષણોનું પણ વર્ણન કર્યું છે કે આ જમાઅત અમુક ચોક્કસ ખાસિયત ધરાવતી હશે, દીનની સેવા કરનારાઓએ આ ખાસિયતો અને ખસલતો ધ્યાનમાં રાખવી જોઈએ. કારણ કે, આ આયતથી જાણ થાય છે કે, આ ખાસિયતો અને ગુણ-લક્ષણો તથા ટેવો ધરાવનાર વ્યક્તિ અલ્લાહનો મકબૂલ અને મહબૂબ બંદો છે.

તેમનો પ્રથમ ગુણ કુર્આને કરીમે એ બતાવ્યો છે કે, અલ્લાહ તઆલા તેમને મહોબ્બત કરશે અને તેઓ અલ્લાહ તઆલાને મહોબ્બત કરશે. આ ગુણના બે વિભાગો છે; એક, તે લોકોની મહોબ્બત અલ્લાહ સાથે હોવી, એ બાબત તો અમુક હદે સમજી શકાય છે કે તે મનુષ્યના અધિકારમાં છે. એક વ્યક્તિને કોઈની સાથે જો સ્વાભાવિક પ્રેમ ન હોય તો ઓછામાં ઓછું બૌદ્ધિક અને તાર્કિક રીતે પણ તે પોતાના ઈરાદાઓને, કાર્યોને તેના તા'બે રાખી શકે છે અને સ્વાભાવિક મહોબ્બત પણ જો કે, કોઈના અધિકારમાં નથી પરંતુ તેના કારણો પણ વ્યક્તિના અધિકારમાં હોઈ શકે છે. દાખલા તરીકે, અલ્લાહ તઆલાની મહાનતા, તેની મોટાઈ અને તેની સંપૂર્ણ શક્તિ તથા માનવજાતિ ઉપર અને સમગ્ર સૃષ્ટિ ઉપર તેના અધિકારો અને ઈનામોની કલ્પના કરવામાં આવે અને તેના ઉપર ચિંતન-મનન કરવામાં આવે તો આ બાબત અલ્લાહ તઆલાની મહોબ્બત ચોક્કસ સ્વાભાવિક રીતે વ્યક્તિના દિલમાં જન્માવી શકે છે.

પરંતુ બીજો વિભાગ એટલે કે, અલ્લાહ તઆલાની મહોબ્બત તે લોકોની સાથે હશે, એમાં તો દેખીતું એમ લાગે છે કે, તેમાં વ્યક્તિના અધિકાર અને આચરણની કોઈ દખલગીરી નથી હોઈ શકતી અને જે વસ્તુઓ આપણી શક્તિ અને કાબૂ બહારની હોય છે, તેને સંભળાવવા અને બતાવવાથી દેખીતું કોઈ પરિણામ પ્રાપ્ત નથી થઈ શકતું.

પરંતુ કુર્આને કરીમની અન્ય આયતોમાં ચિંતન કરીશું તો જાણ થશે કે, મહોબ્બતના આ વિભાગોના કારણો પણ મનુષ્યના અધિકાર ક્ષેત્રમાં જ છે અને જો માનવી તે કારણોનો ઉપયોગ કરે, તો અલ્લાહ તઆલાની મહોબ્બત તેમના દિલોમાં ચોક્કસ પેદા થશે અને આ કારણોને કુર્આન શરીફે قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ (૩ : ૩૧)માં વર્ણન કર્યા છે. એટલે કે, હે રસૂલ ﷺ તમે લોકોને બતાવી આપો કે, જો તમને અલ્લાહ તઆલા સાથે મહોબ્બત છે તો મારું અનુસરણ કરો અને પરિણામ એ આવશે કે, અલ્લાહ તઆલા તમારી સાથે મહોબ્બત રાખશે.

આ આયતથી જાણ થાય છે, જે વ્યક્તિઓ એવું ઈચ્છે છે કે અલ્લાહ તઆલા તેમની સાથે મહોબ્બત રાખે, તેમણે સુન્નતે રસૂલ ﷺ પ્રમાણે પોતાની

જિંદગી વ્યતિત કરવી જોઈએ અને જિંદગીના પ્રત્યેક ક્ષેત્રમાં દરેક કાર્યમાં સુન્નતનું અનુસરણ કરવાની ટેવ બનાવી લેવી જોઈએ, આવા જીવન વિશે અલ્લાહ તઆલાનો વાયદો છે કે, તે તેમનાથી મહોબ્બત કરશે અને આ આયતથી એ પણ જાણ થઈ કે, કુફ્ર અને ઈરતિદાદ (ઈસ્લામથી ફરી જનારા)નો મુકાબલો તે જ સમુદાય કરી શકે છે જેઓ સુન્નતને અનુસરનાર છે. તેઓ શરીઅતના હુકમો પ્રમાણે આચરણ કરવામાં કોઈ ઉણપ રાખતા નથી અને પોતાના તરફથી સુન્નત વિરુદ્ધ કોઈ નવી બિદ્અતો દીનમાં લાગુ પાડતા નથી.

બીજો ગુણ આ સમુદાયનો એ બતાવવામાં આવ્યો છે કે, اَذِلَّةٍ عَلَى الْمُؤْمِنِيْنَ اَعِزَّةٍ عَلَى الْكَافِرِيْنَ તેમાં શબ્દ اذِلّه કામૂસમાં કરેલ ખુલાસા પ્રમાણે ذَلِيل (ઝલીલ) અથવા ذَلُوْل (ઝલૂલ) બંનેનું બહુવચન હોઈ શકે છે. ઝલીલનો અરબી ભાષામાં અર્થ તે જ છે, જે ઉર્દૂ ભાષામાં પ્રખ્યાત છે અને ઝલુલનો અર્થ નરમ, સરળ વગેરે છે. એટલે કે, જે સરળતાથી કાબૂ હેઠળ આવી જાય. જમહૂર વિવરણકારોના મતે આ સ્થળે આ જ અર્થ છે. એટલે કે, આ લોકો મુસલમાનો સામે નરમ હશે, જો કોઈ બાબતમાં વિરોધ પણ હશે તો સરળતાથી લડાઈ-ઝઘડો છોડી વિવાદ ઉપર કાબૂ પામી લેશે. ભલે આ વિવાદમાં સચ્ચાઈ તેમના તરફ હોય, જેમકે સહીહ હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે, اَنَا زَعِيْمٌ بِبَيْتٍ فِي رَبَضِ الْجَنَّةِ لِمَنْ تَرَكَ الْمِرَاءَ وَهُوَ مُحِقٌّ એટલે કે, "હું એવા વ્યક્તિને જન્નતની મધ્યમાં મકાન અપાવવાની જવાબદારી લઉં છું, જે સચ્ચાઈ ઉપર હોવા છતાં ઝઘડો છોડી દે."

માટે આ શબ્દનો અર્થ એ થયો કે, આ લોકો મુસલમાનો પાસેથી પોતાના હકો અને મા'મલાઓમાં કોઈ ઝઘડો કે વાદ-વિવાદ નહીં કરે. બીજો શબ્દ اَعِزَّةٍ عَلَى الْكَافِرِيْنَ આવ્યો છે, તેમાં પણ اَعِزّة એ عزيز નું બહુવચન છે. જેનો અર્થ "ગાલિબ" (છવાયેલો-વર્ચસ્વ ધરાવનાર), શક્તિશાળી થાય છે. અર્થ એ થયો કે, આ લોકો અલ્લાહ અને તેના દીનના વિરોધીઓના મુકાબલામાં ખૂબ કઠોર અને સખત છે અને તે વિરોધીઓ તેમને જેર નહીં કરી શકે.

અને બીજા વાક્યોને મેળવવાથી ભાવાર્થ એવો નીકળે છે કે, તે એક એવી કૌમ કે સમુદાય હશે, જેમની મહોબ્બત અને અદાવત, દોસ્તી અને દુશ્મની પોતાના વ્યક્તિગત અધિકારો અને વ્યવહારોના બદલે ફક્ત અલ્લાહ અને તેના

રસૂલે કરીમ ﷺ અને દીને ઈસ્લામ ખાતર હશે. એટલા માટે તેમની લડાઈનું કેન્દ્ર અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના નિષ્ઠાપૂર્વકના આજ્ઞાપાલકો સામે નહીં હોય બલકે, તેઓનું યુદ્ધ દીનના દુશ્મનો અને નાફરમાનોની સામે હશે. સૂરએ ફત્હમાં પણ એક આયત આ જ વિષયના સંદર્ભમાં આવી છે. اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ (૪૮ : ૨૯)

પ્રથમ ખાસિયતનું પરિણામ હકો અને અધિકારોની પૂર્ણતા હતી અને બીજી ખાસિયતનું પરિણામ બંદાના હકો તથા વ્યવહારોમાં મધ્યમ માર્ગ છે. ત્રીજી ખાસિયત આ સમુદાયની આ વર્ણન કરવામાં આવી છે, يُجَاهِدُوْنَ فِىْ سَبِيْلِ اللّٰهِ એટલે કે, આ લોકો દીને હકના પ્રચાર અને પ્રસાર માટે જિહાદ કરતા રહેશે, તેનો અર્થ એ છે કે, કાફિરો અને મુર્તદોના મુકાબલા માટે ફક્ત પ્રખ્યાત પ્રકારની ઈબાદત કરવી અથવા નરમ અથવા કઠોર થવું પૂરતું નથી. બલકે, એ પણ જરૂરી છે કે, દીનને ટકાવી રાખવા માટેનો અને તેને સ્થાપવાનો જઝબો અને ભાવના પણ હોવી જોઈએ અને આ જ ભાવનાની પૂર્ણતા માટે ચોથી ખાસિયત આ બતાવવામાં આવી, وَلَا يَخَافُوْنَ لَوْمَةَ لَآئِمٍ એટલે કે, દીનને ટકાવવા-સ્થાપવા અને હકના કલિમાની સરબુલંદી કરવાની કોશીશમાં આ લોકો કોઈ ટીકાકારની ટીકાની પણ પરવા નહીં કરે.

જો વિચાર કરવામાં આવે તો જાણ થશે કે, કોઈપણ ચળવળ ચલાવનારાના માર્ગમાં બે પ્રકારના અવરોધો હોય છે. એક વિરોધી શક્તિઓનું બળ અને બીજું, પોતાનાઓના મહેણા-ટોણા અને ટીકા. અનુભવો સાક્ષી છે કે, જે લોકો કોઈ આંદોલન કે ચળવળ ચલાવવાનો પાકો નિર્ધાર કરીને ઊભા થાય છે, તેઓ મોટા ભાગે વિરોધી શક્તિઓથી તો પરાજિત નથી થતા. જેલ, ભૂખ, જખમ, ખૂન બધું જ સહન કરી લે છે પરંતુ પોતાનાઓના મહેણા-ટોણા, લા'ન-તાન અને ટીકા મોટા-મોટા પાકો નિર્ધાર ધરાવનારાઓના પણ કદમ ડગમગાવી દે છે. કદાચ એટલા જ માટે અલ્લાહ તઆલાએ તેનું મહત્ત્વ બતાવવા માટે આટલું કહેવા ઉપર બસ કર્યું કે, આ લોકો કોઈ ટીકાકારની પરવા કર્યા વિના પોતાનો સંઘર્ષ ચાલુ રાખે છે.

અંતિમ આયતમાં એવું પણ બતાવી દેવામાં આવ્યું કે, આ સિફતો, ખાસિયતો અને સારી ટેવો અલ્લાહ તઆલાનું ઈનામ છે. તે જેને ઈચ્છે છે અર્પણ

કરે છે, મનુષ્ય ફક્ત પોતાના પ્રયત્નો અને આચરણોથી અલ્લાહની દયા અને કૃપા વિના તેને પ્રાપ્ત નથી કરી શકતો.

આયતના શબ્દોના ખુલાસાથી એ સ્પષ્ટ થઈ ચૂક્યું કે, જો મુસલમાનોમાંથી અમુક લોકો મુર્તદ પણ થઈ જાય તો તેનાથી ઈસ્લામને કોઈ ક્ષતિ કે હાનિ પહોંચશે નહીં બલકે, તેની સુરક્ષા અને મદદ માટે અલ્લાહ જલ્લ શા'નુહૂ એક ઉચ્ચ પ્રકારના આચરણ ધરાવતો સમુદાય ઊભો કરી આપશે.

લગભગ બધા જ વિવરણકારોએ નોંધ્યું છે કે, આ આયત વાસ્તવમાં આવનારા ફિત્નાઓની આગાહીઓ અને તેનો હિમ્મતપૂર્વક મુકાબલો કરીને સફળ થનારા સમુદાય માટે ખુશખબરી છે. ભવિષ્યમાં આવનારા ઈરતિદાદના ફિત્નાના જીવાણુઓ તો નુબુવ્વતના સમયકાળના અંતિમ દિવસોમાં જ ફેલાવા લાગ્યા હતા અને રસૂલે કરીમ ﷺની વફાત પછી તેનો ચેપ ખૂબ ફેલાયો અને સમગ્ર અરબ પ્રદેશમાં તેનું તોફાન ઊભું થઈ ગયું. એવા સમયે આ ખુશખબરી પામનારી જમાઅત કે જે સહાબએ કિરામ (રદિ.)ની જમાઅત છે, જેમણે પ્રથમ ખલીફા હઝરત સિદ્દીકે અકબર (રદિ.) સાથે મળીને તેમની આગેવાનીમાં આ ઈરતિદાદના ફિત્નાનો મુકાબલો કર્યો.

ઘટના એમ હતી કે, સૌ પ્રથમ તો મુસયલમા કજ્જાબે રસૂલે કરીમ ﷺ સાથે નુબુવ્વતમાં ભાગીદાર હોવાનો દા'વો કર્યો અને એટલે સુધી હિમ્મત કરી કે, રસૂલે કરીમ ﷺના સંદેશાવાહકોને એવું કહીને પાછા કાઢ્યા કે, જો તબ્લીગ અને પ્રચારનો આ જાહેર નિયમ ન હોત કે, સંદેશાવાહકો અને એલચીઓને કતલ કરવામાં નથી આવતા તો મેં તેમને કતલ કરી નાંખ્યા હોત. મુસયલમા પોતાના દા'વામાં સદંતર જૂઠો હતો, પછી રસૂલે કરીમ ﷺને તેના વિરુદ્ધ જિહાદની તક ન મળી, એટલે સુધી કે, આપ ﷺ આ ફાની દુનિયાથી સિધાવી ગયા.

ત્યાર પછી યમનમાં કબીલએ મુજ્જઝના સરદાર અસ્વદે અનસીએ પોતાની નુબુવ્વતની જાહેરાત કરી દીધી. રસૂલે કરીમ ﷺએ પોતાના તરફથી નક્કી કરેલ યમનના ગવર્નરને તેનો મુકાબલો કરવાનો હુકમ આપી દીધો, પરંતુ જે રાત્રે તેને કતલ કરવામાં આવ્યો, તેના આગલા જ દિવસે નબીએ કરીમ ﷺનો ઈન્તેકાલ થઈ ગયો. સહાબએ કિરામ (રદિ.) સુધી આ ખબર રબિઉલ અવ્વલના

અંતિમ દિવસોમાં પહોંચી. એ જ પ્રમાણે આ ઘટના કબીલએ બનૂ અસદમાં બની કે, તેના સરદાર તુલયહા બિન ખુવયલદે પણ નુબુવ્વતનો દા'વો કર્યો.

આ ત્રણે કબીલાની જમાઅતો તો રસૂલે કરીમ ﷺની મૃત્યુશૈયાની બીમારીના સમયે જ મુર્તદ થઈ ચૂકી હતી. રસૂલે કરીમ ﷺની વફાતની ખબરે આ ઈરતિદાદના ફિત્નાએ એક તોફાની સ્વરૂપ ધારણ કરી લીધું. અરબના સાત કબીલાઓ વિવિધ સ્થળો ઉપર ઈસ્લામ અને તેમની હુકૂમતથી ફરી ગયા અને બળવો કર્યો. તેમણે સમકાલીન ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ને ઈસ્લામી કાયદા પ્રમાણે ઝકાત આપવાનો ઈન્કાર કરી દીધો.

સરવરે કાઈનાત ફખરે દો આલમ ﷺના ઈન્તેકાલ પછી પ્રદેશ અને મિલ્લતની જવાબદારી પ્રથમ ખલીફા હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ના ખભા ઉપર આવી પડી. એક બાજુ આ લોકો ઉપર પયગમ્બરે ઈસ્લામ ﷺની વફાતના હાદસાનો ઘેરો શોક અને આઘાત હતો અને બીજી બાજુ આ ફિત્નાઓ અને બળવાઓનું ચારે બાજુથી ઊઠવું. હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺના ઈન્તેકાલ પછી જે આઘાત મારા વાલિદ (પિતા) હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ને લાગ્યો, જો તે કોઈ મજબૂત પહાડ ઉપર પણ પડી જાય તો તે ટૂકડે-ટૂકડા થઈ જાય, પરંતુ અલ્લાહ તબારક વ તઆલાએ તેમને સબ્ર અને સહનશીલતાના તે ઉચ્ચ સ્થાન ઉપર બિરાજમાન કર્યા હતા કે, તેમણે તમામ આફતો અને મુશ્કેલીઓનો સંપૂર્ણ મક્કમતાથી અને હિમ્મતપૂર્વક મુકાબલો કર્યો અને છેવટે તેઓ તેમાં સફળ રહ્યા."

બળવાઓના મુકાબલો દેખીતું છે કે, શક્તિ પ્રદર્શન કરીને જ કરી શકાય છે પરંતુ પરિસ્થિતિની ગંભીરતા એટલી હદે પહોંચી ચૂકી હતી કે, હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ-મશ્વરો કર્યો, ત્યારે કોઈનો ફૈંસલો અને અભિપ્રાય એવો ન હતો કે, આ સમય બળવાખોરોનો મુકાબલો કરવાનો અને કઠોર પગલાં લેવાનો છે. ભય એ હતો કે, સહાબએ કિરામ (રદિ.) જો ગૃહ યુદ્ધમાં મશ્ગૂલ થઈ જાય તો બહારની શક્તિઓ આ નવા સ્થપાયેલા ઈસ્લામી દેશ ઉપર આક્રમણ કરી શકે છે. પરંતુ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ સહાબએ કિરામ (રદિ.) સામે એક એવું પ્રવચન કર્યું કે, તેઓ

પણ જિહાદ માટે જોશ અને ઉમંગથી અભિપ્રેત થઈને પ્રોત્સાહિત થઈ ગયા. આ ખુત્બામાં તેમણે પોતાની મક્કમતા, નીડરતા અને નક્કર ઈરાદાને આવા શબ્દોમાં વર્ણન કર્યું,

"જે લોકો મુસલમાન થયા પછી રસૂલે કરીમ ﷺના લાવેલા હુકમો અને ઈસ્લામના કાયદાઓનો ઈન્કાર કરે તો મારી ફરજ છે કે, હું પણ તેમના વિરુદ્ધ જિહાદ કરું. જો મારા મુકાબલા માટે દુનિયાના બધા જ જિન્નાતો અને મનુષ્યો દુનિયાના બધા જ વૃક્ષો અને પર્વતો ભેગા થઈ જાય અને કોઈ મારી તરફેણમાં ઊભો ન રહે, તો પણ હું એકલો મારી ગરદનથી આ જિહાદના ફરજને પૂર્ણ કરીશ."

અને આવું કહીને ઘોડા ઉપર સવાર થઈ ગયા અને ચાલવા માંડયા, તે સમયે સહાબએ કિરામ (રદિ.) આગળ આવ્યા અને સિદ્દીકે અકબર (રદિ.)ને પોતાની જગ્યાએ બેસાડીને વિવિધ મોરચાઓ ઉપર વિવિધ લોકોની નિયુક્તિની યોજના બનાવી.

એટલા માટે હઝરત અલી મુર્તુજા (રદિ.), હસન બસરી (રહ.), ઝહ્હાક (રહ.), કતાદહ (રદિ.) વગેરે જમહૂર તફસીરના ઈમામોએ વર્ણન કર્યું છે કે, આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) અને તેમના સાથીદારોના સંદર્ભમાં આવી છે. તે જ સૌ પ્રથમ ઉપરોક્ત ખાસિયતો ધરાવનારી કૌમ સાબિત થયા, જે સમુદાયને અલ્લાહ તઆલાએ અમલના મેદાનમાં લાવવાનું પ્રસ્તુત આયતમાં વર્ણન કર્યું હતું.

પરંતુ આ બધું એ બાબતનો નકાર નથી કરતું કે, કોઈ અન્ય ગૃપ કે સમુદાય પણ આ આયત હેઠળ ન આવી શકે. એટલા માટે જે લોકોએ આ આયત હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.) અથવા બીજા સહાબએ કિરામ (રદિ.) માટે હોવાનું ઠરાવ્યું છે, તે પણ આ બાબતનું વિરોધી નથી. બલકે, સાચું પણ એ જ છે કે, આ બધા લોકો અને કયામત સુધી આવનાર દરેક તે મુસલમાન કુર્આનની હિદાયત અને માર્ગદર્શન પ્રમાણે કુફ્ર અને ઈરતિદાદનો મુકાબલો કરતા જ રહેશે, તે બધાના સંદર્ભમાં આ આયત લાગુ પડે છે. મતલબ કે, સહાબએ કિરામ (રદિ.)નો એક સમૂહ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની આગેવાનીમાં તેમના

માર્ગદર્શન પ્રમાણે આ આયતના સંદર્ભમાં સામેલ છે. કારણ કે, તે સમૂહ ઈરતિદાદના ફિત્નાના મુકાબલા માટે ઊભો થયો હતો. હઝરત ખાલિદ બિન વલીદ (રદિ.)ને એક મોટું લશ્કર આપીને મુસયલમા કઝ્ઝાબના મુકાબલા માટે યમામા તરફ રવાના કર્યા, ત્યાં મુસયલમા કઝ્ઝાબના ટોળાએ ઘણી મોટી શક્તિ પ્રાપ્ત કરી લીધી હતી. તેની સાથે સખત યુદ્ધ થયું, અંતે મુસયલમા કઝ્ઝાબ હઝરત વહશી (રદિ.)ના હાથે માર્યો ગયો અને તેના અનુયાયીઓએ તવબહ કરીને ફરીવાર મુસલમાન હોવાની જાહેરાત કરી અને મુસલમાનો સાથે ભળી ગયા. એ જ પ્રમાણે તલયહા બિન ખુવયલદ્દના મુકાબલામાં પણ હઝરત ખાલિદ (રદિ.)ને જ મોકલવામાં આવ્યા, તે બહાર ભાગી છૂટયા, પછી અલ્લાહ તઆલાએ તેને આપમેળે જ ફરીવાર ઈસ્લામની તવફિક બક્ષી અને તે મુસલમાન બનીને પાછો આવ્યો.

હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની ખિલાફતના પહેલા મહિના, એટલે કે રબિઉલ અવ્વલના અંતિમ દિવસોમાં જ અસ્વદે અનસીને કતલ કરવાની અને તેની કૌમ ફરીવાર આજ્ઞાપાલક અને તાબે'દાર થવાની ખબર પહોંચી ગઈ હતી અને આ જ ખબર સૌ પ્રથમ વિજયની ખબર હતી, જે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને આવી પરિસ્થિતિમાં મળી હતી. એ જ રીતે દરેક મોરચેથી ઝકાતનો ઈન્કાર કરનાર બીજા કબીલાઓના મુકાબલામાં અલ્લાહ તઆલાએ સહાબએ કિરામ (રદિ.)ને વિજય અપાવ્યો.

આ રીતે અલ્લાહ તબારક વ તઆલાનો આ ઈરશાદ ત્રીજી આયતના અંતે થયો છે فَاِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغٰلِبُوْنَ એટલે કે, "અલ્લાહવાળાઓની જમાઅત (હિજબુલ્લાહ) જ ગાલિબ (વિજયી) બનીને રહેશે." આ આયતની એક અમલી તફસીર દુનિયાએ પોતાની આંખો સમક્ષ જોઈ લીધી અને જ્યારે કે, ઈતિહાસ અને ઘટનાઓના આધારે આ વાત નિઃશંક સાબિત થઈ ચૂકી છે કે, રસૂલે કરીમ ﷺની વફાત પછી અરબના કબીલાઓના ઈરતિદાદનો ફિત્નો ફેલાઈ ગયો હતો ત્યારે અલ્લાહ તઆલાએ આ ફિત્નાનો મુકાબલો કરવા માટે જે કૌમ ઊભી કરી તે હઝરત સિદ્દીકે અકબર (રદિ.) અને તેમના સહાબએ કિરામ (રદિ.) જ હતા. માટે આ આયતથી એ પણ સાબિત થઈ ગયું કે, જે ગુણો અને ખાસિયતો આ સમૂહમાં હોવાનું કુર્આન શરીફે વર્ણન કર્યું છે, તે બધા જ ગુણો હઝરત સિદ્દીકે

અકબર (રદિ.) અને તેમના સાથી સહાબએ કિરામ (રદિ.)માં મૌજૂદ હતા.

પ્રથમ એ કે, અલ્લાહ તઆલા તેમને મહોબ્બત કરે છે.

બીજું એ કે, તેઓ અલ્લાહ તઆલાને મહોબ્બત કરે છે.

ત્રીજું એ કે, આ બધા લોકો મુસલમાનો સાથે વ્યવહારમાં ખૂબ જ નરમ અને સરળ છે, જ્યારે કાફિરોના મા'મલામાં ખૂબ જ કઠોર.

ચોથું એ કે, તેમનો જિહાદ બિલકુલ અલ્લાહના માર્ગમાં જ હતો, જેમાં તેમને કોઈની ટીકા વગેરેની બિલકુલ પરવા ન હતી.

અંતિમ આયતમાં આ વાસ્તવિકતા બિલકુલ સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે, આ બધા ગુણો અને ખાસિયતો પછી દરેક વખતે આ ખાસિયતો ઉપર આચરણ કરવું અને પછી તેના દ્વારા ઈસ્લામના મિશનમાં સફળતા મેળવવી, આ બધી નરી યુક્તિઓ અથવા શક્તિ, અથવા સંખ્યાના બળે પ્રાપ્ત થતી બાબત નથી. બલકે, આ ફક્ત અલ્લાહ તઆલાનો કરમ છે, તેની કૃપાદૃષ્ટિ છે, તે જેને ઈચ્છે છે તેને આ નેઅ્મત અર્પણ કરે છે.

પાછળ ચાર આયતોમાં મુસલમાનોને કાફિરો સાથે ગાઢ મિત્રતા રાખવાની મનાઈ કરવામાં આવી હતી. પાંચમી આયતમાં યોગ્ય પદ્ધતિથી એવું બતાવવામાં આવ્યું હતું કે, મુસલમાનોની ગાઢ મિત્રતા અને દોસ્તીનો વિશેષ સંબંધ ખાસ જેમની સાથે હોઈ શકે છે, તે કોણ છે ? તેમાં સૌ પ્રથમ અલ્લાહ તબારક વ તઆલા ત્યાર પછી તેના રસૂલે કરીમ ﷺનો ઉલ્લેખ છે કે, વાસ્તવમાં મો'મિનની હૃદયપૂર્વકની ભાવનાત્મક દોસ્તી દરેક સમયે અલ્લાહ તઆલા સાથે જ હોઈ શકે છે અને તે અલ્લાહ જ એકમાત્ર મો'મિનોનો વલી હોઈ શકે છે. તેના સંબંધ સિવાયના દરેક સંબંધો અને દરેક મિત્રતા નષ્ટ થનાર છે અને રસૂલે કરીમ ﷺ સાથેનો સંબંધ પણ વાસ્તવમાં અલ્લાહ તબારક વ તઆલા સાથેનો જ સંબંધ છે, તેનાથી ભિન્ન નથી. ત્રીજા નંબરે મુસલમાનોના સાચા મિત્ર અને નિખાલસ દોસ્તો તે મુસલમાનોને ઠરાવવામાં આવ્યા છે, જેઓ ફક્ત નામ માત્રના મુસલમાનો નથી બલકે, સાચા મુસલમાનો છે, જેમની ત્રણ ખાસિયતો અને નિશાનીઓ આ બતાવવામાં આવી છે.

اَلَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رَاكِعُوْنَ પ્રથમ એ કે, તેઓ

નમાઝને તેની સંપૂર્ણ શરતો સાથે નિયમિત અદા કરે છે. બીજું એ કે, પોતાના માલમાંથી ઝકાત આપે છે. ત્રીજું એ કે, તે લોકો અલ્લાહ સામે પોતાને લાચાર સમજે છે અને લોકો સાથે સદ્‌વર્તાવ કરે છે. પોતાના અમલો અને સદ્‌કૃત્યો ઉપર ગર્વ તથા અભિમાન નથી કરતા.

આ આયતના ત્રીજા વાક્ય وَهُمْ رَاكِعُوْنَ માં શબ્દ "રુકૂઅ્"નો શું અર્થ સમજી શકાય છે ? અત્રે તફસીરના ઈમામોમાંથી અમુકે કહ્યું છે કે, "રુકૂઅ્"નો ભાવાર્થ આ જગ્યાએ પારિભાષિક રુકૂઅ્‌ના અર્થમાં છે, જે નમાઝનો એક ફરજ છે અને يُقِيْمُوْنَ الصَّلٰوةَ પછી وَهُمْ رَاكِعُوْنَ નું વાક્ય એ હેતુથી લાવવામાં આવ્યું છે કે, મુસલમાનોની નમાઝને અન્ય ધર્મોની પૂજા કરવાની પદ્ધતિથી એક અલગ વિશેષ સ્વરૂપ આપવાનો મકસદ છે. કારણ કે, નમાઝ તો યહૂદીઓ અને નસારા પણ પઢે છે, પરંતુ તેમાં રુકૂઅ્ નથી હોતો. રુકૂઅ્ ફક્ત ઈસ્લામની નમાઝનો જ એક વિશિષ્ટ અમલ છે. *(મઝહરી)*

પરંતુ જમહૂર વિવરણકારોએ લખ્યું છે કે, રુકૂઅ્ رُكُوْعٌ નો આ સ્થળે પારિભાષિક રુકૂઅ્ હોવાનો અર્થ નથી. બલકે, તેનો શાબ્દિક અર્થ હોવાનું સમજાય છે. એટલે કે, ઝુકવું, આજિઝી અને વિનવણી કરવી અને તફસીરે મઝહરી તથા બયાનુલ કુર્આન વગેરેમાં પણ આ જ અર્થ લેવામાં આવ્યો છે, માટે આ વાક્યનો અર્થ એ થયો કે, તે લોકો પોતાના નેક અમલો ઉપર અભિમાન કરતા નથી. બલકે, વિનવણી કરવી અને અલ્લાહ સામે લાચારી બતાવવી તેમની ટેવ છે.

અને અમુક રિવાયતોમાં છે કે, આ વાક્ય હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ માટે એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થયું છે. તે એ કે, એક દિવસે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ નમાઝમાં મશ્ગૂલ હતા, જ્યારે તેઓ રુકૂઅ્‌માં ગયા તો કોઈ સવાલ કરનારે આવીને સવાલ કર્યો. હઝરત અલી (રદિ.)એ રુકૂઅ્‌ની હાલતમાં જ પોતાની એક આંગળીમાંથી વીંટી કાઢીને તેના તરફ ફેંકી દીધી. ગરીબ ફકીરની જરૂરત પૂરી કરવામાં એટલી વાર લગાડવાનું પણ પસંદ ન કર્યું કે, નમાઝ પૂરી કરીને તેની જરૂરત પૂરી કરે. દાન કરવામાં આ ઉતાવળ અલ્લાહ તઆલાને ખૂબ પસંદ પડી અને આ વાક્ય દ્વારા તેમના આ અમલની કદ્ર કરી.

આ રિવાયતની સનદમાં મુજ્તહીદીન અને મુહદ્દીસીન ઉલમાએ ઘણું બધું લખ્યું છે, પરંતુ જો આ રિવાયતને સાચી ઠરાવવામાં આવે તો તેનો નિષ્કર્ષ એ નીકળશે કે, મુસલમાનો માટે ગાઢ મિત્રતાપાત્ર વ્યક્તિ નમાઝ અને ઝકાતની પાબંદી કરનાર સામાન્ય મુસલમાન છે અને તેમાં વિશેષ સ્વરૂપે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ આવી દોસ્તીના વધારે હકદાર છે. જેમકે, એક બીજી સહીહ હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઇરશાદ છે, مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ، એટલે કે, "હું જેનો દોસ્ત છું અલી પણ તેનો દોસ્ત છે." *(રવાહુ અહમદ અઝ મઝહરી)*

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઇરશાદ છે, اَللّٰهُمَّ وَالِ مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ એટલે કે, "યા અલ્લાહ ! તમે તે વ્યક્તિને મહબૂબ બનાવી લો, જે અલી મુર્તઝા (રદિ.) સાથે મહોબ્બત રાખે છે અને તે વ્યક્તિને દુશ્મન બનાવી લો જે હઝરત અલી (રદિ.) સાથે દુશ્મની રાખે છે."

હઝરત અલી (રદિ.)ને આ ખાસ શ્રેષ્ઠતાથી કદાચ એટલા માટે નવાઝવામાં આવ્યા છે કે, રસૂલે કરીમ ﷺને હવે પછી આવનારા અમુક ફિત્નાઓની જાણ થઈ ગઈ હતી કે, અમુક લોકો હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ સાથે વેર અને દુશ્મની રાખશે અને તેમના મુકાબલામાં બગાવતનો ઝંડો ઊંચો કરી બળવો કરશે. જેમકે, ખવારિજના ફિત્નાના સંદર્ભમાં આ બાબત જાહેર થઈ.

મતલબ કે, પ્રસ્તુત આયતના શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) ભલે આ ઘટનાના સંદર્ભમાં હોય, પરંતુ આયતના શબ્દો સર્વસામાન્ય છે, જે બધા જ સહાબએ કિરામ (રદિ.) અને બધા જ મુસલમાનોને પોતાના અર્થમાં સામેલ રાખે છે. હુકમની રૂએ કોઈ વ્યક્તિની કોઈ આગવી વિશેષતા નથી. એટલા માટે જ્યારે કોઈએ હઝરત ઇમામ બાકિર (રહ.)ને પૂછ્યું કે, "આ આયતમાં اَلَّذِيْنَ اٰمَنُوْا થી હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ ભાવાર્થ તરીકે છે ?" ત્યારે તેમણે જવાબ આપ્યો, "તેઓ પણ મો'મિનીનમાં સામેલ હોવાની હેસિયતથી આ આયતના ભાવાર્થમાં સામેલ છે."

ત્યારબાદ બીજી આયતમાં તે લોકોને વિજય અને મદદ તથા તેમના દુનિયા ઉપર વિજયી થવાની ખુશખબરી આપવામાં આવી છે, જેઓ પ્રસ્તુત

કુર્આનની આયતોના હુકમોની અદાયગી કરીને ગેરમુસ્લિમો સાથે ગાઢ મિત્રતા કરવાથી અટકી જાય અને ફક્ત અલ્લાહ તબારક વ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺ તથા ઈમાનવાળાઓને પોતાનો દોસ્ત બનાવે.

وَمَنْ يَّتَوَلَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَالَّذِيْنَ اٰمَنُوْا فَاِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغٰلِبُوْنَ તેમાં ઈરશાદ ફરમાવ્યું કે, આ અલ્લાહના હુકમો પૂર્ણ કરનાર મુસલમાન અલ્લાહને ખૂબ પ્રિય છે અને પછી એવી ખુશખબરી સંભળાવી કે, અલ્લાહના પ્રિય બંદાઓ જ અંતે વિજયી થઈને રહેશે.

અત્રે આવનાર ઘટનાઓનું પણ એવું સમર્થન કરી દીધું કે, દરેક જોનારાઓએ પોતાની આંખોથી જોઈ લીધું કે, સહાબએ કિરામ (રદિ.) બધા ઉપર વિજયી થઈને રહ્યા. જે શક્તિઓ પણ તેમનાથી ટકરાતી હતી તેઓ ચૂર-ચૂર થઈ જતી. પ્રથમ ખલીફા હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ના મુકાબલામાં અંદરના ફિત્નાઓ અને બગાવતો ઊભી થઈ ત્યારે અલ્લાહ તબારક વ તઆલાએ તે બધા ઉપર વિજય અપાવ્યો. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના મુકાબલામાં દુનિયાની મોટી-મોટી શક્તિઓ કૈસર (રૉમન સામ્રાજ્ય) અને કિસરા (ફારસ-ઈરાન) પણ આવ્યા, તો પણ અલ્લાહ તબારક વ તઆલાએ તેમનું નામો-નિશાન મિટાવી દીધું અને ત્યાર બાદ ખલીફાઓ અને મુસલમાનોમાં જ્યાં સુધી આ હુકમોની પાબંદી રહી કે, મુસલમાનોને ગેરમુસ્લિમો સાથે ભેળસેળ ન કર્યા અને તેમની સાથે ગાઢ મિત્રતાનો સંબંધ સ્થાપિત ન કર્યો, તેઓ હંમેશા વિજયી અને ઉપરવટ જ રહ્યા.

છટ્ઠી આયતમાં ફરી આ હુકમનું તાકીદ સ્વરૂપે પુનરાવર્તન કરવામાં આવ્યું છે જે રુકૂઅની શરૂઆતમાં વર્ણન થયું હતું, જેનો અર્થ આ છે કે, "હે ઈમાનવાળાઓ ! તમે તે લોકોને પોતાના ગાઢ મિત્ર અથવા દોસ્ત ન બનાવો, જે તમારા દીનને ખેલ-તમાશો ઠરાવે છે અને આ બે સમુદાયો છે. એક અહલે કિતાબ અને બીજા સામાન્ય કાફિરો અને મુશ્રિકો."

ઈમામ અબૂ હય્યાને બહરે મુહીતમાં વર્ણન કર્યું છે કે, શબ્દ "કુફ્ફાર"માં તો અહલે કિતાબ પણ સામેલ હતા, પછી ખાસ વિશેષ સ્વરૂપે અહલે કિતાબને અલગથી વર્ણન કરવાનું આ સ્થળે કદાચ એ કારણ છે કે, અહલે કિતાબ જો કે,

જાહેરમાં બીજા કાફિરો કરતાં ઈસ્લામથી વધારે નજીક હતા, પરંતુ અનુભવે એ બતાવ્યું કે, તેમનામાંથી ઘણા ઓછા લોકોએ ઈસ્લામ સ્વીકાર કર્યો અને એ જ કારણ છે કે, રસૂલે કરીમ ﷺના સમયકાળમાં અને ત્યાર પછીના યુગમાં ઈમાન લાવનાર લોકોની આંકડાકીય સમીક્ષા કરવામાં આવે તો તેમાં બહુમતી સામાન્ય કાફિરોની જ નીકળશે, અહલે કિતાબમાંથી મુસલમાન થનારાની સંખ્યા ઘણી ઓછી હશે.

આનું કારણ એ છે કે, અહલે કિતાબને એ બાબતનું ગર્વ અને અભિમાન છે કે, અમે અલ્લાહના દીન અને આસમાની કિતાબના પાબંદ છે. આ ગર્વ અને અભિમાને તેમને સચ્ચાઈનો સ્વીકાર કરવાથી અટકાવી દીધા અને મુસલમાનો સાથે ઠઠ્ઠો-મશ્કરી વધારે પડતો તેમણે જ કર્યો. આ શરારત અને ઠઠ્ઠો-મશ્કરી કરવાની ટેવની એક ઘટના એ છે કે, જે સાતમી આયતમાં આ પ્રમાણે વર્ણન કરવામાં આવી છે. وَاِذَا نَادَيْتُمْ اِلَى الصَّلٰوةِ اتَّخَذُوْهَا هُزُوًا وَّلَعِبًا એટલે કે, "જ્યારે મુસલમાન નમાઝ માટે અઝાન આપે છે, ત્યારે આ લોકો તેમની મઝાક ઉડાવે છે," આ પ્રસંગ ઈબ્ને અબી હાતિમના હવાલાથી તફસીરે મઝહરીમાં આ પ્રમાણે નકલ થયું છે કે, મદીના તય્યિબહમાં એક ખ્રીસ્તી હતો. જ્યારે અઝાનમાં તે اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ શબ્દો સાંભળતો તો એવું કહ્યા કરતો હતો اَحْرَقَ اللّٰهُ الْكَاذِبَ એટલે કે, "જૂઠાઓને અલ્લાહ સળગાવી દે."

અંતે તેની પોતાની આ બદ્દુઆ જ તેનું સમગ્ર કુટુંબ સળગીને રાખ થઈ જવાનું કારણ બની. જેની ઘટના એ રીતે બની કે, રાત્રે જ્યારે તે સૂઈ રહ્યો હતો, તેનો કોઈ નોકર જરૂરતથી આગ લેવા માટે ઘરમાં આવ્યો, તેની ચીંગારી ઊડીને કપડાં ઉપર પડી અને બધા સૂઈ ગયા પછી આગ ભડકી ઊઠી અને તે આગમાં બધા જ સળગીને રાખ થઈ ગયા.

આ આયતના અંતે ફરમાવ્યું, ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ એટલે કે, "દીને હક સાથે આ ઠઠ્ઠા-મશ્કરીનું કારણ એના સિવાય કંઈ જ નથી હોઈ શકતું કે આ લોકો બુદ્ધિહીન છે."

તફસીરે મઝહરીમાં કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.) ફરમાવે છે કે, "અલ્લાહ તઆલાએ તેમને બુદ્ધિહીન કહ્યા છે. જ્યારે કે, દુનિયાના વ્યવહારોમાં

તેમની બુદ્ધિ અને સમજદારી ખૂબ પ્રખ્યાત અને મશ્હૂર છે. એનાથી જાણ થઈ કે, એવું બની શકે છે કે, કોઈ વ્યક્તિ એક પ્રકારના કાર્યમાં તો ખૂબ હોશિયાર અને બુદ્ધિશાળી હોય, પરંતુ બીજા પ્રકારના કાર્યમાં તે બુદ્ધિથી બિલકુલ કામ ન લેતો હોય અને તેની બુદ્ધિ તેમાં ચાલતી જ ન હોય. એટલા માટે તેમાં તે બેવકૂફ અને બુદ્ધિહીન સાબિત થાય છે.'' કુર્આને કરીમે આ જ વિષયને બીજી આયતમાં આ રીતે વર્ણન કર્યો છે.

يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ (૩૦ : ૭)

એટલે કે, ''આ લોકો દુનિયવી જિંદગીના પ્રચલિત કાર્યોને તો ખૂબ સારી રીતે જાણે છે પરંતુ પરિણામ અને આખિરતથી બિલકુલ ગાફેલ છે.''

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૫૯-૬૦-૬૧)

قُلْ يٰٓاَهْلَ الْكِتٰبِ هَلْ تَنْقِمُوْنَ مِنَّآ اِلَّآ اَنْ اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا وَمَآ
اُنْزِلَ مِنْ قَبْلُ ۙ وَاَنَّ اَكْثَرَكُمْ فٰسِقُوْنَ ﴿٥٩﴾ قُلْ هَلْ اُنَبِّئُكُمْ بِشَرٍّ مِّنْ ذٰلِكَ
مَثُوْبَةً عِنْدَ اللّٰهِ ۭ مَنْ لَّعَنَهُ اللّٰهُ وَغَضِبَ عَلَيْهِ وَجَعَلَ مِنْهُمُ الْقِرَدَةَ وَ
الْخَنَازِيْرَ وَعَبَدَ الطَّاغُوْتَ ۭ اُولٰٓئِكَ شَرٌّ مَّكَانًا وَّاَضَلُّ عَنْ سَوَآءِ السَّبِيْلِ ﴿٦٠﴾
وَاِذَا جَآءُوْكُمْ قَالُوْٓا اٰمَنَّا وَقَدْ دَّخَلُوْا بِالْكُفْرِ وَهُمْ قَدْ خَرَجُوْا بِهٖ ۭ وَاللّٰهُ اَعْلَمُ بِمَا
كَانُوْا يَكْتُمُوْنَ ﴿٦١﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહો, હે કિતાબવાળાઓ ! તમને અમારાથી શું જીદ છે પરંતુ એ જ કે અમે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને જે નાઝિલ થયું અમારા ઉપર અને જે પહેલાં ઊતરી ચૂક્યું, અને એ જ કે તમારામાં ઘણા નાફરમાન છે. (૫૯) તમે કહો, હું તમને બતાવું ! તેમનામાં અલ્લાહના ત્યાં કોનો બુરો બદલો છે ? તે જ જેના ઉપર અલ્લાહે લા'નત કરી અને તેના ઉપર ગઝબ (ક્રોધ) ઉતાર્યો અને તેમનામાંથી અમુકને વાંદરા કરી દીધા અને

અમુકને સુવ્વર; અને જેમણે શયતાનની બંદગી કરી તે જ લોકો દરજ્જામાં બદ્તર (અતિખરાબ) છે, અને સીધા માર્ગથી ઘણા બહેકેલા (ભટકેલા) છે. (૬૦) અને જ્યારે તમારી પાસે આવે છે તો કહે છે અમે ઈમાન લાવ્યા છે, અને હાલત એ છે કે કાફિર જ આવ્યા હતા અને કાફિર જ ચાલ્યા ગયા; અને અલ્લાહ સારી પેઠે જાણે છે જે કંઈ (તેમણે) છુપાવેલ હતું. (૬૧)

તફસીર :

આપ (ﷺ) કહી આપો કે, હે અહલે કિતાબ ! તમે અમારામાં શું ખામી જૂઓ છો ? એ જ કે, અમે ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર અને તેની કિતાબ ઉપર, જે અમારી પાસે મોકલવામાં આવી છે (એટલે કે, કુર્આન) અને તે કિતાબ ઉપર (પણ) જે (અમારાથી) અગાઉ મોકલવામાં આવી ચૂક્યું છે (એટલે કે, તમારી કિતાબ તવરાત અને ઈન્જીલ) ? એમ છતાં તમારામાંથી મોટા ભાગના લોકો ઈમાનથી વંચિત છે (કે ન તો કુર્આન ઉપર તેમનું ઈમાન છે જે ન તો પોતે કુર્આનનો સ્વીકાર કરે છે અને ન જ તવરાત અને ઈન્જીલ ઉપર ઈમાન રાખે છે, કારણ કે, જો તેના ઉપર ઈમાન હોત તો તેમાં રસૂલે કરીમ ﷺ અને કુર્આન ઉપર ઈમાન લાવવાની સ્પષ્ટ સૂચના અને માર્ગદર્શન મૌજૂદ છે, માટે તેઓ તેના ઉપર જરૂર ઈમાન લાવ્યા હોત. કુર્આનનો ઈન્કાર કરવો એ બાબતની સાક્ષી છે કે, તવરાત અને ઈન્જીલ ઉપર પણ તેમનું ઈમાન નથી. આ હાલત તો તમારા લોકોની થઈ અને અમે તેનાથી ઊલટું બધી જ કિતાબો ઉપર પણ ઈમાન રાખીએ છીએ, તો ખામી અમારામાં નથી, ખુદ તમારી જાતમાં છે. તમે વિચાર કરો,) અને તમે તેમને કહી આપો કે, (જો આમ છતાં પણ તમે અમારા તરીકાને ખરાબ સમજતા હોય તો આવો) શું હું (સારા અને ભલામાં સરખામણી કરવા માટે) તમને એવો તરીકો બતાવું જે (અમારા) આનાથી (એટલે કે આ તરીકાથી) પણ (જેને તમે ખરાબ સમજી રહ્યા છો) અલ્લાહના ત્યાં સજા મળવામાં વધારે ખરાબ છે. એ તે લોકોનો તરીકો છે, જેને (તેમના આચરણોના કારણે) અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી દૂર કરી દીધા અને તેમના ઉપર ક્રોધિત થયો અને તેમને વાંદરા અને ડુક્કરો બનાવી દીધા અને તેમણે શયતાનની ઈબાદત કરી, (હવે જોઈ લો કે, કોનો તરીકો ખરાબ છે ? તે તરીકો જેમાં ગયરુલ્લાહની ઈબાદત અને તેના લીધે સજાની વબાલ હોય તે ? અથવા તે તરીકો કે, જે ફક્ત અને ફક્ત

તવહીદ અને અંબિયા અલૈ.ની નુબુવ્વતની ગવાહી આપતો હોય અને તેનું સમર્થન કરતો હોય ? હવે સરખામણી કરો, પરિણામ તમારી સામે છે કે,) એવા લોકો (જેમના તરીકાનું હમણા વર્ણન કરવામાં આવ્યું છે, આખિરતમાં) સ્થળના આધારે પણ (જે તેમને સજા સ્વરૂપે મળશે) ઘણા જ ખરાબ છે (કારણ કે, તે સ્થળ દોઝખ છે) અને (દુનિયામાં) સીધા રસ્તાથી પણ તેઓ ખૂબ દૂર છે (ઈશારો એ છે કે, તમે લોકો ઉપર હસો છો બલકે, ઠઠ્ઠો-મશ્કરી કરવાપાત્ર તો તમારો તરીકો છે. આ બધી ટેવો તમારામાં જોવા મળે છે કે, યહૂદીઓએ વાછરડાને અને ખ્રીસ્તીઓએ હઝરત ઈસા મસીહ અલૈ.ને મઅ્બૂદ બનાવી લીધા, પછી પોતાના ઉલમા, મશાઈખને અલ્લાહના અધિકારો સોંપી દીધા હોવાની માન્યતા ધરાવો છો, એટલા માટે યહૂદીઓએ જ્યારે શનિવારના દિવસના હુકમોનો વિરોધ કર્યો, ત્યારે અલ્લાહ તઆલાનો અઝાબ આવ્યો અને તેઓને વાંદરા બનાવી દેવામાં આવ્યા અને આકાશમાંથી મન્ન અને સલવા ઉતાર્યું, તે છતાં તેમણે નાશુક્રી કરી. આ બધા જઘન્ય અપરાધોના કારણે તેમના ચહેરા-મહોરા વાંદરા અને સુવ્વરો જેવા બનાવી દેવામાં આવ્યા. આગળ ઉપર પણ એક અન્ય સમુદાયનું વર્ણન છે, જેઓ મુનાફિક હતા કે તેઓ મુસલમાનો સામે ઈસ્લામની જાહેરાત કરતા હતા, પરંતુ અંદરખાને તેઓ યહૂદી જ હતા) અને જ્યારે આ (મુનાફિક) લોકો તમો લોકો પાસે આવે છે, તો કહે છે કે અમે ઈમાન લાવ્યા છે. જ્યારે કે, તેઓ કુફ્ર લઈને જ (મુસલમાનોની મજલિસમાં) આવ્યા હતા અને કુફ્ર સાથે જ ચાલ્યા ગયા. અને અલ્લાહ તઆલા સઘળું જાણે છે, જેને તેઓ (પોતાના હૃદયમાં) ગુપ્ત રાખે છે (એટલા માટે તેમનો નિફાક અલ્લાહ સામે કામ નહીં આપે અને તેમને કુફ્રની અત્યંત કઠોર સજા ભોગવવી પડશે).

મસ્અલા અને બોધપાઠ :

اَكْثَرَكُمْ فَاسِقُوْنَ માં અલ્લાહ તઆલાએ યહૂદીઓ અને ખ્રીસ્તીઓને સંબોધન કરવામાં "બધા"ના બદલે "મોટા ભાગના" ઈમાનથી વંચિત હોવાનું વર્ણન કર્યું છે. તેનું કારણ એ છે કે, તે લોકોમાંથી અમુક લોકો એવા પણ હતા, જેઓ દરેક પરિસ્થિતિમાં મો'મિન જ રહ્યા, જ્યાં સુધી રસૂલુલ્લાહ ﷺની બઅ્ષત ન થઈ હતી ત્યાં સુધી તવરાત અને ઈન્જીલના હુકમોના તાબે'દાર હતા અને તેના ઉપર જ ઈમાન રાખતા હતા અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ મબ્ઊષ

થયા (મોકલવામાં આવ્યા) અને કુર્આન નાઝિલ થયું, તો તેમના ઉપર પણ ઈમાન લાવ્યા અને કુર્આન ઉપર અમલ કરી તેમની તાબે'દારી કરવા લાગ્યા.

દા'વત અને તબ્લીગના કાર્યમાં જેને સંબોધન કરો છો તેના ગમા-અણગમાને ધ્યાનમાં રાખવું જોઈએ :

અહીંયાં قُلْ هَلْ اُنَبِّئُكُمْ માં જે પરિસ્થિતિ એક ઉદાહરણ સ્વરૂપે એવા લોકોની વર્ણન થઈ છે, જેના ઉપર અલ્લાહની લા'નત અને ક્રોધ નાઝિલ થયો છે તે વાસ્તવમાં આ યહૂદીઓ જ હતા. કારણ આ હતું કે, તેમના ઉપર એવો આક્ષેપ કરવામાં આવતો હતો કે, તમે આવા છો, પરંતુ કુર્આને કરીમે વર્ણનની શૈલી બદલીને એક ઉદાહરણ રજૂ કર્યું, જેમાં પયગમ્બર તરીકે દા'વતની એક ખાસ પદ્ધતિ બતાવી કે, વર્ણન કરવાની શૈલી એવી અપનાવવી જોઈએ જેનાથી તમે જેને સંબોધન કરો છો તે ઉશ્કેરાઈ ન જાય.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૬૨-૬૩)

وَتَرٰى كَثِيْرًا مِّنْهُمْ يُسَارِعُوْنَ فِى الْاِثْمِ وَالْعُدْوَانِ وَاَكْلِهِمُ السُّحْتَ ۭ لَبِئْسَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٦٢﴾ لَوْلَا يَنْهٰىهُمُ الرَّبّٰنِيُّوْنَ وَالْاَحْبَارُ عَنْ قَوْلِهِمُ الْاِثْمَ وَاَكْلِهِمُ السُّحْتَ ۭ لَبِئْسَ مَا كَانُوْا يَصْنَعُوْنَ ﴿٦٣﴾

તરજુમો :

અને તમે તેમનામાં ઘણાને જોશો કે ગુનાહ અને જુલમ ઉપર દોડે છે અને હરામ ખાવા ઉપર; ઘણા બુરા કામ છે જે કરી રહ્યા છે. (૬૨) કેમ તેમના દૂરવેશ અને ઉલમા ગુનાહની વાત કહેવાથી રોકતા નથી અને હરામ ખાવાથી ? ઘણા બુરા (અત્યંત ખરાબ) અમલ છે જે કરી રહ્યા છે. (૬૩)

તફસીર :

અને આપ (ﷺ) તે (યહૂદી)ઓમાં ઘણા વ્યક્તિઓ એવા જૂઓ છો, જેઓ દોડી-દોડીને ગુનાહ (એટલે કે, જૂઠ) અને જુલમ અને હરામ (માલ) ખાવા તૂટી પડે છે. વાસ્તવમાં તેમનું આચરણ અત્યંત ખરાબ છે. (આ તો

સામાન્ય જનસમૂહની પરિસ્થિતિ હતી, આગળ તેમના ખાસ લોકોનું પણ વર્ણન છે કે,) તેમના મશાઇખ અને ઉલમા ગુનાહની વાત કહેવાથી (તેમને તે મસ્અલાની જાણ હોવા છતાં અને પરિસ્થિતિ જાણતા હોવા છતાં) કેમ રોકતા નથી? વાસ્તવમાં આ અત્યંત ખરાબ ટેવ છે.

મસ્અલા અને બોધપાઠ :

યહૂદીઓનું નૈતિક અધઃપતન :

પ્રસ્તુત આયતમાં યહૂદીઓમાંથી મોટા ભાગના લોકોના નૈતિક અધઃપતનનું અને તેમનું આચરણ વ્યર્થ હોવાનું વર્ણન છે, એનાથી સાંભળનારને શિખામણ મળે છે કે, તેઓ પણ આવા કૃત્યો અને તેના કારણોથી બચેલા રહે.

સામાન્ય રીતે યહૂદીઓની આવી જ પરિસ્થિતિ હતી, જો કે તેમનામાં અમુક સજ્જનો પણ હતા. કુર્આને કરીમે તેમને અપવાદ સ્વરૂપે વર્ણન કરવામાં શબ્દ كَثِيْرًا નો ઉપયોગ કર્યો છે અને અત્યાચાર, અતિરેક તથા હરામ માલ ખાવો જો કે, اِثْم શબ્દ એટલે કે, ગુનાહના અર્થમાં સામેલ છે, પરંતુ આ બંને પ્રકારના ગુનાહોની તબાહી અને તેના કારણે સંપૂર્ણ શાંતિ અને સલામતી નષ્ટ થવાની સ્પષ્ટતા કરવા માટે તેનું વર્ણન આગવા સ્વરૂપે કર્યું છે. *(બહરે મુહીત)*

તફસીરે રૂહુલ મઆની વગેરેમાં છે કે, આ લોકો વિશે "દોડી-દોડીને ગુનાહો ઉપર તૂટી પડવા"નો ઉલ્લેખ કરીને કુર્આને કરીમે એ તરફ ઈશારો કર્યો છે કે, આ લોકો તે બુરી ટેવો અને આદતોના અપરાધી છે અને આ બુરા આચરણો કરવાની ટેવ તેમના ચારિત્ર્યમાં વણાઈ ચૂકી છે, તેમના લોહીમાં એવી બુરી ખસલતો દોડી રહી છે કે વિના ઈરાદે પણ તેઓ એ જ માર્ગે ચાલી પડે છે.

એનાથી જાણ થઈ કે, નેક અમલ હોય અથવા ખરાબ; જ્યારે કોઈ વ્યક્તિ તેને વારંવાર કરે છે, ત્યારે ધીરે-ધીરે તે માણસના સ્વભાવ સાથે વણાઈ જાય છે અને પાકી ટેવ બની જાય છે. પછી તે આચરણ કરવામાં તેને કોઈ મુશ્કેલી કે તકલીફ પડતી નથી. ખરાબ ટેવોમાં યહૂદીઓ એ હદે પહોંચી ચૂક્યા હતા કે, તેને જાહેર કરવા માટે ઈરશાદ ફરમાવવામાં આવ્યો, يُسَارِعُوْنَ فِى الْاِثْمِ અને એ જ પ્રમાણે સારી ટેવોમાં જે પ્રમાણે અંબિયા (અલૈ.), અવલિયા વગેરેની હાલત છે, તેમના માટે પણ કુર્આનેيُسَارِعُوْنَ فِى الْخَيْرَاتِ(૩:૧૧૪) શબ્દોનો ઉપયોગ કર્યો છે.

અમલોની સુધારણા માટેની પદ્ધતિ :

આચરણની સુધારણા માટે સૌથી વધારે કાળજી લેનારા સૂફી લોકો અને અલ્લાહના વલીઓ છે. આ લોકોએ આ જ કુર્આની ઇરશાદોના આધારે એવો મહત્ત્વનો સિદ્ધાંત અપનાવ્યો કે, જેટલા પણ ખરાબ અને સારા અમલો વ્યક્તિ કરે છે, વાસ્તવમાં તેનો અસલ સ્ત્રોત તે ગુપ્ત ઇચ્છાઓ અને વર્તણૂક હોય છે, જે મનુષ્યના સ્વભાવ (Unconscious Mind)માં વણાઈ જાય છે. એટલા માટે ખરાબ આચરણો અને અપરાધોને રોકવા માટે તેમની દૃષ્ટિ હંમેશા આ જ ગુપ્ત સ્ત્રોતો ઉપર હોય છે અને તેની સુધારણા કરવામાં આવે છે, ત્યારે તે બધા જ આચરણો આપમેળે સુધરવા લાગે છે. દાખલા તરીકે, કોઈના હૃદયમાં દુનિયાની લાલચ અને માલની મહોબ્બત છવાયેલી હોય ત્યારે તેના પરિણામે તે લાંચ પણ લે છે, વ્યાજ પણ ખાય છે અને તક મળે તો ચોરી કે લૂંટફાટ સુધીની નોબત પહોંચી શકે છે. સૂફીયાએ કિરામ આ રૂહાની બીમારીઓનો અલગ-અલગ ઈલાજ કરવાના બદલે એવો નુસ્ખો અપનાવે છે, જેનાથી આ બધી બીમારીઓનો પાયો નાશ પામે છે અને તે એ છે કે, દુનિયાનું અસ્થાયીપણું અને તેની અય્યાશીઓ તથા આનંદ-પ્રમોદ ઝેરયુક્ત હોવાની સંકલ્પના હૃદયમાં દૃઢ કરાવવામાં આવે છે.

એ જ પ્રમાણે કોઈના હૃદયમાં અભિમાન, ગર્વ, ક્રોધ વગેરે જેવી રૂહાની બીમારીઓ છે અને અન્યોને તુચ્છ સમજી તેમનું અપમાન કરે છે. મિત્રો અને પાડોશીઓ સાથે કાયમ ઝઘડતો રહે છે. એવા લોકોને આખિરતની ચિંતા અને અલ્લાહ તઆલાની સામે જવાબ આપવા માટે હાજર થવાની સંકલ્પના દૃઢ કરાવવાનો ઈલાજ અપનાવવામાં આવે છે, જેના કારણે આ ખરાબ અમલો અને ટેવો આપોઆપ નાશ પામે છે.

ખુલાસો એ છે કે, કુર્આનના આ ઈશારાથી જાણ થાય છે કે, મનુષ્યમાં અમુક સુષુપ્ત સ્વભાવગત ટેવો હોય છે, જે મનુષ્યના સ્વભાવનો અભિન્ન અંગ બની જાય છે. આ સુષુપ્ત ટેવો અને વલણો ખરાબ હોય તો વ્યક્તિ ખરાબ અમલ કરવા તરફ પ્રેરાય છે અને તે તરફ આપોઆપ દોડવા માંડે છે. સંપૂર્ણ સુધારણા માટે આવા ગુપ્ત અજાગૃત મન (Unconscious Mind)માં ધરબાયેલા વલણો અને સુષુપ્ત ટેવોને સુધારવી અત્યંત જરૂરી છે.

ઉલમા (વિદ્વાનો) ઉપર સામાન્યજનોના આચરણોની જવાબદારી છે :

બીજી આયતમાં યહૂદીઓના મશાઈખો (ધાર્મિક આગેવાનો) અને ઉલમા (વિદ્વાનો) માટે ખૂબ કઠોર ચેતવણી ઉચ્ચારવામાં આવી છે, તેઓ દુષ્ટ લોકોને દુષ્કૃત્યો આચરવાથી કેમ રોકતા નથી ? કુર્આને કરીમમાં આ સ્થળે બે શબ્દોનો ઉપયોગ થયો છે. એક رَبّٰنِيُّوْنَ જેનો તરજુમો છે, "અલ્લાહવાળા" એટલે કે, ઈબાદતગુઝાર, ઝાહિદ (અલ્લાહના માર્ગમાં સતત સંઘર્ષરત રહેનાર) જેને સામાન્ય બોલચાલની પ્રચલિત ભાષામાં "દૂરવેશ", "પીર" અથવા "મશાઈખ" કહેવામાં આવે છે અને બીજો શબ્દ اَحْبَارُ (અહબાર)નો ઉપયોગ કરવામાં આવ્યો છે. યહૂદીઓના ઉલમાને "અહબાર" કહેવામાં આવે છે, એનાથી જાણ થાય છે કે "અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર" (ભલાઈનો હુકમ કરવાની અને બુરાઈથી રોકવા)ની વાસ્તવમાં બે વર્ગો ઉપર જવાબદારી છે. એક મશાઈખ અને બીજા ઉલમા અને અમુક વિવરણકારોએ ફરમાવ્યું કે, رَبّٰنِيُّوْنَ નો અર્થ તે ઉલમા છે, જેમને ઈસ્લામી હુકૂમત તરફથી જવાબદારી સોંપીને સત્તા આપવામાં આવી છે અને اَحْبَارُ "અહબાર"નો અર્થ સામાન્ય ઉલમા છે. આમ, દુરાચારોથી રોકવાની જવાબદારી અધિકારીઓ (શાસકો) અને ઉલમા બંને ઉપર હોય છે અને બીજી અમુક આયતોમાં તેની સ્પષ્ટતા પણ આવી છે.

ઉલમા અને મશાઇખો માટે સૂચના (ચેતવણી) :

અંતિમ આયતમાં ઉલ્લેખ થયો لَبِئْسَ مَا كَانُوْا يَصْنَعُوْنَ એટલે કે, આ મશાઈખો અને ઉલમાની એવી ખતરનાક બુરી ટેવ છે કે, તેઓ પોતાના હોદ્દાની ફરજ એટલે કે, અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરને છોડી બેસે છે તથા કૌમને, સમાજને બરબાદી અને નાશ થવાના આરે જતી નિહાળતા હોવા છતાં તેમને એવું કરવાથી રોકતા નથી.

વિવરણકાર ઉલમાએ વર્ણન કર્યું છે કે, પ્રથમ આયત જેમાં સામાન્ય જનસમૂહના દૂરાચારોનું વર્ણન હતું, તેના અંતે لَبِئْسَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ફરમાવવામાં આવ્યું અને બીજી આયત જેમાં મશાઈખ અને ઉલમાની ભૂલો ઉપર ચેતવણી આપવામાં આવી, તેના અંતે لَبِئْسَ مَا كَانُوْا يَصْنَعُوْنَ ના શબ્દોનો ઉલ્લેખ થયો. કારણ એ છે કે, અરબી શબ્દકોષના આધારે શબ્દ فِعْلُ તો દરેક કાર્યમાં સામેલ

હોય છે, ભલે તે ઈરાદાપૂર્વક કરવામાં આવે અથવા વિના ઈરાદે; અને શબ્દ صُنْع (અમલ) ફક્ત તે કામ માટે બોલવામાં આવે છે, જે ઈરાદાપૂર્વક કરવામાં આવ્યું હોય અને શબ્દ صُنْع અને صَنْعَتْ ને એવા કાર્ય માટે કહેવામાં આવે છે, જેમાં પોતાના અધિકારથી ઈરાદો કરેલ હોય અને તે કાર્યને વારંવાર પુનરાવર્તિત સ્વરૂપે કરવાની આદત અને મકસદ સ્વરૂપે કરવામાં આવે છે. એટલા માટે સામાન્ય જનસમૂહના દૂરાચારોના પરિણામમાં તો ફક્ત શબ્દ عَمَل (અમલ)ને અપનાવ્યો لَبِئْسَ مَا كَانُوا يَعْمَلُونَ અને ખાસ મશાઈખ ઉલમાના દૂરાચારોના પરિણામ માટે صُنْع શબ્દ અપનાવવામાં આવ્યો. لَبِئْسَ مَا كَانُوا يَصْنَعُونَ તેમાં એ તરફ ઈશારો હોઈ શકે છે કે, તેમના ઉલમા અને મશાઈખ આવું ખોટું વલણ જાણીબૂજીને અપનાવતા હતા કે, જો અમે તેમને દુષ્કૃત્યોથી અટકાવીશું તો તેઓ અમારું કહ્યું માનશે અને તેનાથી રોકાઈ જશે, પછી તેઓને લોકોની ભેટ-સોગાતોની લાલચ હોય છે, આથી તેમનો ભરોસો ખોઈ બેસવાના ડરથી તેમના દિલોમાં સચ્ચાઈના સમર્થન માટેનું કોઈ વલણ કે ભાવના પેદા થતી નથી. આ બાબત તે દૂરાચારીઓના દુષ્કૃત્યો કરતાં પણ વધારે સખત અને ખતરનાક બાબત છે.

જેનો ખુલાસો એ છે કે, જે કૌમના લોકો અપરાધ અને ગુનાહોમાં સપડાયેલા હોય અને તેમના મશાઈખ અને ઉલમાનું એવું વલણ હોય કે, જો અમે તેમને રોકીશું તો તેઓ ચોક્કસ રોકાઈ જશે. આવી પરિસ્થિતિ હોવા છતાં પણ તેઓ લાલચ અથવા ડરના કારણે આ અપરાધો અને ગુનાહોથી સામાન્ય જનસમૂહને રોકવાનો પ્રયત્ન કરતા નથી, એવા સમયે તેમનો ગુનોહ મૂળ મુજરિમો અને દુરાચારીઓના ગુનાહો કરતાં પણ વધારે સખત અને ધિક્કારપાત્ર છે. એટલા માટે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "મશાઈખ અને ઉલમા માટે સમગ્ર કુર્આનમાં આ આયતથી વધારે કઠોર ચેતવણી ક્યાંય આપવામાં આવી નથી." અને તફસીરના ઈમામ ઝહ્હાકે ફરમાવ્યું છે, "મારા મતે મશાઈખ અને ઉલમા માટે આ આયત સૌથી વધારે ખૌફનાક છે."

(ઈબ્ને જરીર અને ઈબ્ને કસીર)

કારણ એ છે કે, આ આયતની રૂએ તેમના ગુનાહો બધા જ ચોરો, ડાકૂઓ અને દરેક પ્રકારના દૂરાચારીઓના ગુનાહો કરતાં પણ વધારે જઘન્ય અને કઠોર

થઈ જાય છે. (અલ્લાહની પનાહ) ! પરંતુ યાદ રાખો, આ કઠોર ચેતવણી અને ધમકી એ જ સ્વરૂપમાં લાગુ પડે છે કે, જ્યારે મશાઈખ અને ઉલમાને એવું અનુમાન પણ હોય કે તેમની વાત સાંભળવામાં અને માનવામાં આવશે અને જે જગ્યાએ દેખીતા ચિહ્નો અને અનુભવોથી એવું ચોક્કસપણે અનુમાન હોય કે, તેમનું કોઈ સાંભળશે નહીં બલકે, તેમના મુકાબલા માટે ઊભા થઈ જશે અને તેમને પીડા આપશે, ત્યારે ત્યાં હુકમ એવો છે કે, તેમની જવાબદારી તો મુલતવી થઈ જાય છે પરંતુ શ્રેષ્ઠ અને ઉત્તમ બાબત તો એ જ છે કે, કોઈ માને કે ન માને આ લોકોએ પોતાની ફરજ પૂરી કરવી જોઈએ અને તેમાં કોઈની ટીકા અથવા પીડાની ચિંતા ન કરવી જોઈએ. જેમકે, અમુક આયતોમાં પ્રથમ અલ્લાહ તઆલાએ સ્વીકૃતિપ્રાપ્ત મુજાહિદો (માત્ર અલ્લાહ ખાતર તેના માર્ગમાં પવિત્ર યુદ્ધ કરનાર)ના ગુણ-લક્ષણો અને ખાસિયતોનું વર્ણન કર્યું છે. وَلَا يَخَافُوْنَ لَوْمَةَ لَآئِمٍ એટલે કે, "આ લોકો અલ્લાહના માર્ગમાં અને સત્યને પ્રસ્થાપિત કરવા માટે કોઈ ટીકાકારની ટીકાની પણ પરવા કરતા નથી."

ખુલાસો એ છે કે, જે સ્થળે વાત સાંભળવા અને માનવાની શક્યતા વધારે હોય ત્યાં મશાઈખ અને ઉલમા બલકે, દરેક મુસલમાન ઉપર કે જેને આ દુષ્કૃત્યો અને દૂરાચારોની ખબર હોય તેના માટે ફરજ છે કે તે ગુનાહોથી રોકવા અને તેનાથી અટકાવવા માટે પોતાના શક્ય એટલા તમામ પ્રયત્નો આદરે. ભલે, હાથથી (શારીરિક રીતે), જીભથી (મૌખિક રીતે ટોકીને) અથવા ઓછામાં ઓછું આ દુષ્કૃત્યો પ્રત્યે પોતાના હૃદયપૂર્વકની ઘૃણા અને નફરત જાહેર કરીને; અને જે સ્થળે એવું ચોક્કસ અનુમાન હોય કે, તેની વાત સાંભળવામાં નહીં આવે અથવા તો તેના વિરુદ્ધ દુશ્મની ભડકી ઊઠશે, ત્યારે એવી પરિસ્થિતિમાં ગુનાહ આચરતા રોકવું અથવા અટકાવવું ફરજ તો નથી પરંતુ શ્રેષ્ઠ અને ઉત્તમ બાબત તો એ જ છે કે, જે કોઈપણ પરિસ્થિતિ માટે "અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર" સંબંધે સહીહ હદીષોમાં વર્ણન થયું છે કે, પોતે સદ્કૃત્યોને અપનાવો, ભલાઈના કામો કરો, બુરા અમલોથી બચતા રહો અને સાથે-સાથે અન્યોને પણ ભલાઈ તરફ આમંત્રણ આપો અને બુરાઈથી રોકતા રહો. બુરાઈથી રોકવાની અને ભલાઈ તરફ આમંત્રણ આપવાની ફરજ મુસલમાનો ઉપર અને ખાસ કરીને ઉલમા અને મશાઈખ ઉપર નાંખીને ઈસ્લામે દુનિયામાં શાંતિ અને સલામતી પેદા

કરવા માટે એક એવો મહત્ત્વનો સિદ્ધાંત બનાવી દીધો કે, તેના ઉપર જો સંપૂર્ણપણે અમલ થવા લાગે તો સમગ્ર કૌમ ખૂબ સરળતાથી બધી જ બુરાઈઓથી અને દૂરાચારોથી મુક્ત થઈ પવિત્ર બની શકે છે.

ઉમ્મતની સુધારણાની રીત :

ઈસ્લામના શરૂઆતના યુગમાં અને ત્યારબાદના યુગમાં પણ જ્યાં સુધી આ પાયાના સિદ્ધાંત ઉપર અમલ થતો રહ્યો, મુસલમાનોની સમગ્ર કૌમ જ્ઞાન, આચરણ, નૈતિકતા અને ચારિત્ર્યના આધારે સમગ્ર દુનિયામાં ઉચ્ચ કક્ષાએ વિશેષતા ભોગવતી રહી અને જ્યારથી મુસલમાનોએ આ ફરજને ઉપેક્ષિત કરી દીધી તથા અપરાધોને રોકવાની જવાબદારી ફક્ત સરકારો અને પૉલિસની હોવાનું સમજી પોતે તેનાથી અલિપ્ત થઈને બેસી ગયા, પછી તેનું પરિણામ એ જ આવ્યું, જે આજે દરેક સ્થળે આપણી સામે છે કે, માં-બાપ અને સમગ્ર કુટુંબ દીનદાર અને શરીઅતના પાબંદ છે પરંતુ ઔલાદ અને સગાં-સંબંધીઓ તેનાથી બિલકુલ ઊલટી દિશાએ છે. તેમની વિચારસરણી અને ચિંતનની દિશા પણ અલગ છે તથા આચરણમાં પણ તેઓ ભિન્ન છે. એટલા માટે મિલ્લતની સામૂહિક સુધારણા માટે કુર્આન અને હદીષમાં "અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર" ઉપર ખાસ ભાર આપવામાં આવ્યો છે. કુર્આને કરીમે આ કામ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની તે વિશેષતાઓમાં સામેલ કર્યું છે કે, જેનો વિરોધ કરનાર સખત ગુનાહમાં સપડાઈને અઝાબનો હકદાર ઠરાવવામાં આવે છે. હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "જ્યારે કોઈ કૌમમાં ગુનાહના કામ કરવામાં આવે અને કોઈ વ્યક્તિ તે કૌમમાં રહે છે છતાં તેને અટકાવતો નથી, તો નિકટ છે કે અલ્લાહ તઆલા તે તમામ લોકો ઉપર અઝાબ મોકલી આપે." *(બહરે મુહીત)*

ગુનાહો પ્રત્યે નફરત અને ધૃણા જાહેર ન કરવા સબબ ચેતવણીઓ અને ધમકીઓ :

માલિક બિન દીનાર (રહ.) ફરમાવે છે કે, "એક સ્થળે અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓને હુકમ આપ્યો કે, ફલાણી વસ્તીને તબાહ કરી નાંખો. ફરિશ્તાઓએ વિનંતી કરી કે, તે વસ્તીમાં તો તમારો ફલાણો ઈબાદતગુઝાર બંદો પણ રહે છે. હુકમ આપવામાં આવ્યો કે, તેને પણ અઝાબ ચખાડો, કારણ

કે, અમારી નાફરમાનીઓ અને ગુનાહોને જોઈને તેને તેના ઉપર ગુસ્સો આવતો ન હતો અને તેનો ચહેરો ક્યારેય ક્રોધના કારણે બદલાયો નથી.''

હઝરત યૂશઅ્ ઈબ્ને નૂન (અલૈ.) ઉપર અલાહ તઆલાએ વહી મોકલી કે, ''તમારી કૌમના એક લાખ વ્યક્તિઓ અઝાબ દ્વારા હલાક કરવામાં આવશે.'' હઝરત યૂશઅ્ (અલૈ.)એ વિનંતી કરી કે, ''યા રબ્બુલ આલમીન ! દુરાચારીઓના નાશનું કારણ તો દેખીતું છે, પરંતુ સદાચારીઓ (નેક લોકો)ને શા માટે હલાક કરવામાં આવી રહ્યા છે ?'' તો ઈરશાદ થયો કે, ''આ નેક અને ભલા લોકો પણ તે દુરાચારીઓ સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર રાખે છે. તેમની સાથે ખાય-પીએ છે અને તેમના આનંદ-પ્રમોદમાં ભાગીદાર બને છે. મારી નાફરમાનીઓ અને ગુનાહો જોઈને ક્યારેય તેમના ચહેરાઓ ઉપર અણગમાનો ભાવ સુદ્ધાં નથી આવતો.'' *(આ બધી રિવાયતો બહરે મુહીતમાંથી નકલ કરવામાં આવી છે.)*

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૬૪ થી ૬૭)

وَقَالَتِ الْيَهُوْدُ يَدُ اللّٰهِ مَغْلُوْلَةٌ ۚ غُلَّتْ اَيْدِيْهِمْ وَلُعِنُوْا بِمَا قَالُوْا ۘ بَلْ يَدٰهُ
مَبْسُوْطَتٰنِ ۙ يُنْفِقُ كَيْفَ يَشَآءُ ۚ وَلَيَزِيْدَنَّ كَثِيْرًا مِّنْهُمْ مَّآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ
طُغْيَانًا وَّكُفْرًا ۚ وَاَلْقَيْنَا بَيْنَهُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۚ كُلَّمَآ
اَوْقَدُوْا نَارًا لِّلْحَرْبِ اَطْفَاَهَا اللّٰهُ ۙ وَيَسْعَوْنَ فِى الْاَرْضِ فَسَادًا ۚ وَاللّٰهُ لَا
يُحِبُّ الْمُفْسِدِيْنَ ﴿٦٤﴾ وَلَوْ اَنَّ اَهْلَ الْكِتٰبِ اٰمَنُوْا وَاتَّقَوْا لَكَفَّرْنَا عَنْهُمْ سَيِّاٰتِهِمْ
وَلَاَدْخَلْنٰهُمْ جَنّٰتِ النَّعِيْمِ ﴿٦٥﴾ وَلَوْ اَنَّهُمْ اَقَامُوا التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ
اِلَيْهِمْ مِّنْ رَّبِّهِمْ لَاَكَلُوْا مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ اَرْجُلِهِمْ ۚ مِنْهُمْ اُمَّةٌ مُّقْتَصِدَةٌ ۚ
وَكَثِيْرٌ مِّنْهُمْ سَآءَ مَا يَعْمَلُوْنَ ﴿٦٦﴾ يٰٓاَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ ۚ
وَاِنْ لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهٗ ۚ وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ۚ اِنَّ اللّٰهَ
لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿٦٧﴾

તરજુમો :

અને યહૂદીઓ કહે છે, અલ્લાહનો હાથ બંધ થઈ ગયો; તેમના જ હાથો બંધ થઈ જાય અને તેમને આવું કહેવા ઉપર લા'નત છે; બલકે તેના તો બંને હાથ ખુલેલા છે, જે રીતે ઈચ્છે ખર્ચ કરે છે; અને તેમનામાં ઘણાઓની શરારત અને ઈન્કાર વધશે એ કલામથી જે તારા પરવરદિગાર તરફથી તારા ઉપર ઊતર્યું, અને અમે તેમનામાં દુશ્મની અને વેર કયામતના દિવસ સુધી નાંખી રાખ્યું છે, જ્યારે કદી લડાઈના માટે આગ સળગાવે છે અલ્લાહ તેને બુઝાવી દે છે, અને મુલ્ક (પ્રદેશ)માં ફસાદ કરતા(-કરતા) દોડે છે, અને અલ્લાહ ફસાદ કરનારાઓને પસંદ નથી કરતો. (૬૪) અને જો અહલે કિતાબ ઈમાન લાવ્યા હોત અને ડર્યા હોત તો અમે તેમનાથી તેમની બુરાઈઓ દૂર કરી આપત, અને તેમને નેઅ્મતના બગીચાઓમાં દાખલ કરી આપત. (૬૫) અને જો તેઓ તવરાતને કાયમ રાખત અને ઈન્જીલને અને એને કે જે તેમના ઉપર તેમના પરવરદિગાર તરફથી ઊતર્યું, તો ખાતા હોત પોતાની ઉપરથી અને પોતાના પગોની નીચેથી, તેમનામાં અમુક લોકો સીધા માર્ગ ઉપર છે અને તેમનામાં ઘણા બધા બુરા કામ કરી રહ્યા છે. (૬૬) હે રસૂલ (ﷺ) ! પહોંચાડી દો જે તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી ઊતર્યું, અને જો એવું ન કર્યું તો તમે તેનો કંઈ સંદેશ ન પહોંચાડ્યો; અને અલ્લાહ તમને લોકોથી બચાવી લેશે, બેશક ! અલ્લાહ કાફિર કૌમને માર્ગ નથી બતાવતો. (૬૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળની આયતોમાં યહૂદીઓના અમુક અહેવાલોનું વર્ણન હતું. આગળ તે આયતોથી પણ વધારે અમુક ખાસ પરિસ્થિતિઓનું વર્ણન છે, જેની ઘટના એ પ્રમાણે બની છે કે, નબાશ બિન કૈસ અને ફિનહાસ નામના યહૂદી કબીલા કૈનકાઅ્ના આગેવાને અલ્લાહ તઆલા વિશે અત્યંત અપમાનજનક શબ્દો બખીલાઈ વગેરેના કહ્યા, જેનું વર્ણન આગળ આવે છે, તેના વિશે આગલી આયત નાઝિલ થઈ.

(كَذَا فِى الْبَابِ بِرِوَايَةِ الطَّبْرَانِيِّ عَنِ ابْنِ عَبَّاسٍ وَبِرِوَايَةِ اَبِى الشَّيْخِ عَنْهُ)

તફસીર :

અને યહૂદીઓએ કહ્યું કે, અલ્લાહ તઆલાનો હાથ બંધ થઈ ગયો છે; (એટલે કે નઊઝુબિલ્લાહ બખીલાઈ કરવા લાગ્યો છે, પરંતુ વાસ્તવમાં) તેમના જ હાથ બંધ છે, (એટલે કે, હકીકતમાં તેઓ પોતે આ દુર્ગુણમાં એટલે કે કંજૂસાઈમાં સપડાયેલા છે અને તેઓ અલ્લાહ વિશે આવી ઐબ કાઢે છે) અને પોતે આવું કહેવાથી તેઓને (અલ્લાહની) રહમતથી દૂર કરી દેવામાં આવ્યા. (જેનો પ્રભાવ દુનિયામાં અપમાન અને કેદ તથા કતલ વગેરે દ્વારા સામે આવ્યો અને આખિરતમાં જહન્નમનો અઝાબ તથા અલ્લાહ તઆલાના ક્રોધના મુસ્તહિક પણ બન્યા અને) બલકે, તેના બંને હાથ ખુલ્લા છે (એટલે કે તે ઘણો મહેરબાન અને દયાળુ છે પરંતુ હિકમતવાળો પણ છે એટલા માટે) જે પ્રમાણે ઈચ્છે છે, ખર્ચ કરે છે (બસ, યહૂદીઓ ઉપર જે તંગી થઈ તેનું કારણ એ હિકમત છે કે તેમના કુફ્રના વબાલના કારણે તેમને આ સજા ચખાડવાનો હેતુ છે, ન તો બખીલાઈ કે ન જ કંજૂસાઈ તેનું કારણ છે) અને (યહૂદીઓના કુફ્ર અને શરારતોની એવી પરિસ્થિતિ છે કે તેમને આ તવફીક જ નહીં થાય, દાખલા તરીકે પોતાનું નિવેદન બાતિલ હોવાનું દલીલ દ્વારા સાબિત થઈ જાય તો પણ તવબહ કરતા નથી. બલકે,) જે વિષય તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી મોકલવામાં આવે છે તે તેમનામાંના ઘણા બધા માટે શરારત અને કુફ્ર વધવાનું કારણ બની જાય છે (એ રીતે કે તેઓ તેનો પણ ઈન્કાર કરે છે અમે અમુકમાં તો પ્રથમથી જ ઘમંડ અને કુફ્ર હતું, પછી તે ખૂબ વધી ગયું) અને (તેમના કુફ્રના કારણે જે તેમના ઉપર લા'નત કરવામાં આવી, એટલે કે તેમને રહમતથી દૂર કરી દેવામાં આવ્યા. તેના ચિહ્નો દુનિયામાં એ છે કે) તેમનામાં પરસ્પર (દીન વિશે) કયામત સુધી અદાવત અને વેર નાખી દીધું (એટલા માટે તેમનામાં વિવિધ ફિરકાઓ છે અને દરેક ફિરકો એકબીજાનો દુશ્મન છે, એટલા માટે પરસ્પર અદાવતો અને વૈમનસ્યના કારણે) જ્યારે કદી (મુસલમાનો સાથે) લડાઈની આગ ભડકાવવા ઈચ્છે છે (એટલે કે, લડવાનો ઈરાદો કરે છે તો) અલ્લાહ તઆલા તેને બુઝાવી દે છે (અને શાંત કરી દે છે, એટલે કે તેઓ દબાય જાય છે અથવા તો લડાઈમાં પરાજિત થઈ જાય છે અને પરસ્પર મતભેદના કારણે તેમનામાં એકતાની કોઈ નોબત જ આવતી નથી) અને (જ્યારે યુદ્ધ નથી કરી શકતા તો પોતાનું વેર બીજી રીતે

વાળવાનો પ્રયત્ન કરે છે કે) પ્રદેશમાં (ગુપ્ત રીતે) ફસાદ કરતા ફરે છે (જેમકે નવમુસ્લિમોને ભડકાવે છે, એકબીજાની ઉશ્કેરણી કરે છે, સામાન્ય જનસમૂહને તવરાતના ભેળસેળિયા વિષયો સંભળાવીને ઈસ્લામથી રોકે છે વગેરે) અને અલ્લાહ તઆલા (કારણ કે) ફસાદ કરનારને પસંદ કરતો નથી (એટલા માટે તેમના ઉપર ક્રોધિત થાય છે અને તે જ કારણથી ફસાદ કરનાર અને અરાજકતા ફેલાવનારને સખત સજા થશે. ભલે દુનિયામાં પણ થાય અને આખિરતમાં તો ચોક્કસ થશે.) અને જો આ અહલે કિતાબ (યહૂદીઓ અને નસારા જે સત્યના ઇન્કારી છે, જેમકે હઝરત મુહમ્મદ ﷺની રિસાલત અને કુર્આનની હકીકત વગેરે, આ બધા ઉપર) ઈમાન લઈ આવ્યા હોત અને (રસૂલે કરીમ ﷺના માધ્યમથી જે કાર્યો કુફ્ર અને ગુનાહ હોવાનું બતાવવામાં આવ્યું છે, તે બધાથી રોકાઈને) તકવો (એટલે કે, ગુનાહોથી બચાવ) અપનાવ્યો હોત તો અમે ચોક્કસ તેમની બધી (પાછલી) બુરાઈઓ (કુફ્ર અને શિર્ક તથા ગુનાહો જેમાં બધા નિવેદનો અને અહેવાલો આવી ગયા તે બધી બુરાઈઓને) મા'ફ કરી આપી હોત અને (મા'ફ કરીને) ચોક્કસ તેમને રાહત (અને આરામ)ના બગીચાઓમાં (એટલે કે, જન્નતમાં) પ્રવેશ કરાવ્યો હોત (આ તો આખિરતની બરકતો થઈ), અને જો આ લોકો (ઈમાન અને તકવા, જે ઉપરોક્ત મુજબ અપનાવવા માટે કહેવામાં આવ્યું છે, જેને બીજા શબ્દોમાં એવું કહી શકાય છે કે) તવરાતની અને ઇન્જીલની અને જે કિતાબ તેમના પરવરદિગાર તરફથી (હવે) તેમની પાસે (રસૂલે કરીમ ﷺના માધ્યમથી) મોકલવામાં આવી (એટલે કે, કુર્આન) તેની સંપૂર્ણ પાબંદી કરી લીધી હોત (એટલે કે, તેમાં જે-જે બાબતો ઉપર અમલ કરવાનું લખ્યું છે, બધા ઉપર સંપૂર્ણ આચરણ કરી લીધું હોત, તેમાં રિસાલતનું સમર્થન કરવું પણ સામેલ છે જો કે, તેમાંથી જે ફેરફાર કરી નાંખવામાં આવેલા સ્પષ્ટ હુકમો છે તે અને એ જ રીતે જે હુકમો રદ કરવામાં આવ્યા છે તે બધા આમાંથી નીકળી જાય છે. કારણ કે, આ બધી કિતાબોનો સમૂહ તેના ઉપર અમલ કરવાનું નથી કહેતો પરંતુ એવું કરવાથી રોકે છે, જો તેઓ ઈમાન લાવીને ઉપર મુજબ આચરણ કરે) તો આ લોકો (એ કારણે કે) ઉપરથી (એટલે કે આસમાનથી પાણી વરસવાથી) અને નીચેથી (એટલે કે જમીનમાંથી સારું ઉત્પાદન થવાથી) ખૂબ છૂટથી ખાતા હોત (અને વાપરતા હોત, આમ આ

ઈમાનની દુનિયવી બરકતોનું વર્ણન થયું, પરંતુ તેઓ કુફ્ર ઉપર અડગ રહ્યા અને એટલા માટે તંગીમાં પડી ગયા, જેમાંથી અમુકે અલ્લાહ તઆલાની શા'નમાં કંજૂસીનો સંબંધ જોડવાની ગુસ્તાખી કરી પરંતુ એમ છતાં બધા યહૂદીઓ અને નસારા એકસરખા નથી. કારણ કે,) તેમનામાંથી (જ) એક જમાઅત સીધા માર્ગ ઉપર ચાલનારી (પણ) છે (જેમકે, યહૂદીઓમાં હઝરત અબ્દુલ્લાહ બિન સલામ રદિ. અને તેમના મિત્રો અને ખ્રીસ્તીઓમાં હઝરત નજ્જાશી અને તેમના મિત્રો, પરંતુ આવા લોકો ઘણા થોડા છે) અને (બાકીના) વધારે પડતા તેમનામાં એવા છે કે, તેમનું આચરણ ઘણું જ ખરાબ છે. (કારણ કે, કુફ્ર અને ઘમંડથી વધારે બીજો શું દુરાચાર હોઈ શકે છે ?) હે રસૂલ (ﷺ) ! જે કંઈ તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર નાઝિલ કરવામાં આવ્યું છે, તમે (લોકોને) પહોંચાડી આપો અને જો (કે, આ બાબત અશક્ય હોવા છતાં કલ્પના કરો કે,) તમે એવું ન કર્યું, તો (એવું સમજવામાં આવશે જેમકે) તમે અલ્લાહ તબારક વ તઆલાનો કોઈ સંદેશ જ નથી પહોંચાડ્યો (કારણ કે, આ સંપૂર્ણ અને ઠોસ ફરજ છે જેમકે આ ફરજને પૂરેપૂરી છોડી દેવાથી તે છૂટી ગયેલી ગણાય છે, એ જ પ્રમાણે તેમાંથી અમુક બાબતો છોડવાથી પણ તે ફરજ છૂટી ગયેલી ગણાશે) અને (તબ્લીગ વિશે કાફિરોથી લેશમાત્ર ન ડરો, કારણ કે) અલ્લાહ તઆલા તમને લોકોથી (એટલે કે, આપ ﷺના વિરુદ્ધ ઊભા થઈ નઊઝુબિલ્લાહ ! તમારી હત્યા કરી નાંખે વગેરે બાબતોથી) સુરક્ષિત રાખશે (અને) ખરેખર, અલ્લાહ તઆલા કાફિર લોકોને (આ પ્રમાણે તમારી હત્યા કરવા માટે તમારા સુધી) માર્ગ નહીં આપે.

મસ્અલા અને બોધપાઠ :

યહૂદીઓની ગુસ્તાખી અને બેહૂદગીનો જવાબ :

અલ્લાહ તઆલા ફરમાવે છે, وَقَالَتِ الْيَهُوْدُ આ આયતમાં યહૂદીઓના એક સખત અને તદ્દન નીચ કક્ષાના ગુનાહયુક્ત નિવેદનનું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેઓ કમ્બખ્ત એવું કહેવા લાગ્યા હતા કે, (નઊઝુબિલ્લાહ!) "અલ્લાહ તંગદસ્ત (ગરીબ) થઈ ગયો."

ઘટના એમ બની હતી કે, અલ્લાહ તઆલાએ મદીનાના યહૂદીઓને માલદાર અને પૈસાપાત્ર બનાવ્યા હતા. પરંતુ જ્યારે રસૂલે કરીમ ﷺ મદીનામાં

તશરીફ લાવ્યા અને આપ ﷺ દ્વારા ઈસ્લામનું આમંત્રણ તેમને પહોંચ્યું, ત્યારે આ જાલિમોએ પોતાની સમાજ ઉપરની આગેવાની અને પોતાના અજ્ઞાનતાના કુરિવાજો દ્વારા પ્રાપ્ત થનારી ભેટ-સોગાતો બંધ થવાના ભયે સચ્ચાઈના આમંત્રણ ઠુકરાવીને રસૂલે કરીમ ﷺનો વિરોધ કર્યો, આથી તેની સજા સ્વરૂપે અલ્લાહ તઆલાએ તેમના માટે દુનિયામાં પણ તંગી ઊભી કરી દીધી અને તેઓ તંગદસ્ત બની ગયા. તેના કારણે આ નાલાયકોએ પોતાના મુખેથી એવા વેણ કાઢયા કે, (નઊઝુબિલ્લાહ !) "અલ્લાહ તઆલાના ખજાનામાં કમી આવી ગઈ અથવા તો અલ્લાહ તઆલા બખીલ બની ગયો," તેના જવાબમાં આ આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે, હાથ તો આવું કહેનારના જ બંધાશે અને આવું કહેવા સબબ તેમના ઉપર લા'નત થશે, જેની અસર આખિરતના અઝાબ અને દુનિયામાં અપમાન તથા ઝિલ્લત સ્વરૂપે સામે આવ્યું. અલ્લાહ તઆલાના હાથ હંમેશા ખુલ્લા જ છે, તેની ઉદારતા અને સખાવત હંમેશાથી છે અને ચિરકાળ રહેશે, પરંતુ જે પ્રમાણે તે ગની અને ઉદાર છે એ જ પ્રમાણે હિકમતવાળો પણ છે. હિકમતના તકાદા પ્રમાણે ખર્ચ કરે છે, જેના ઉપર યોગ્ય સમજે છે, પોતાની મહેરબાની કરી છૂટછાટ અર્પણ કરે છે અને જેને યોગ્ય સમજે છે, તેના ઉપર તંગી કરે છે.

પછી ફરમાવ્યું કે, આ શરારતખોર લોકો છે. રસૂલે કરીમ ﷺ ઉપર જે કુર્આની વહી નાઝિલ થાય છે, તેનાથી ફાયદો ઉઠાવવાનો બદલે તેનો ઈન્કાર કરી કુફ્ર ઉપર અડગ રહે છે. અલ્લાહ તઆલા મુસલમાનોને તેમની શરારતથી બચાવવા માટે તેમને પરસ્પર સખત મતભેદોમાં નાંખી દે છે, જેના કારણે તેઓ મુસલમાનો વિરુદ્ધ ન તો ખુલ્લું યુદ્ધ કરવાની હિમ્મત કરી શકે છે અને ન જ તેમની સામે તેમનું કોઈ ષડયંત્ર ચાલી શકે છે. كُلَّمَآ اَوْقَدُوْا نَارًا لِّلْحَرْبِ اَطْفَاَهَا اللّٰهُ માં સ્પષ્ટ રીતે ખુલ્લા યુદ્ધની નિષ્ફળતા અને يَسْعَوْنَ فِى الْاَرْضِ فَسَادًا માં ગુપ્ત ષડયંત્રોની નિષ્ફળતાનું વર્ણન છે.

ઈલાહી હુકમો ઉપર સંપૂર્ણ અમલ કરવાથી દુનિયામાં પણ બરકતો પ્રાપ્ત થાય છે :

આયત નં. ૬૪માં યહૂદીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું છે, તવરાત અને ઈન્જીલની હિદાયતો અને અંબિયા (અલૈ.)ના ફરમાનોથી આ લોકોએ કોઈ

લાભ ન ઉઠાવ્યો. દુનિયાની લાલચમાં સપડાઈને બધું જ ભૂલાવી બેઠા, જેના પરિણામે દુનિયામાં પણ તંગીનો શિકાર બન્યા, પરંતુ હજુ પણ જો આ લોકો ઈમાન અને અલ્લાહનો ડર અપનાવે, તો અલ્લાહ તેમની બધી પાછલી ભૂલોને મા'ફ કરી આપશે અને તેમને નેઅ્મતોથી ભરેલા બગીચાઓ અર્પણ કરશે.

અલ્લાહના હુકમો ઉપર સંપૂર્ણ અમલ કઈ રીતે થાય છે ? :

અલ્લાહ તઆલા ફરમાવે છે, وَلَوْ اَنَّهُمْ اَقَامُوا التَّوْرٰاةَ આ આયતમાં તે જ ઈમાન અને તકવાની અમુક વિગત ઉપસ્થિત છે, જેના ઉપર દુનિયાની બરકતો અને રાહતોનો વાયદો પાછલી આયતોમાં કરવામાં આવ્યો છે અને તેની વિગત એમ છે કે, તવરાત અને ઈન્જીલ તથા ત્યાર પછી અંતિમ કિતાબ કુર્આન મજીદ મોકલવામાં આવી, તેને કાયમ કરે. અહીંયાં અમલ કરવાના બદલે શબ્દ اِقَامَتْ (ઈકામત) એટલે કે, "કાયમ કરવું" લાવવામાં આવ્યો છે, તેનો હેતુ એ છે કે આ શિક્ષણ ઉપર સંપૂર્ણ અને સાચો અમલ ત્યારે જ કર્યો કહેવાશે જ્યારે કે, તેમાં ન તો કોઈ ઉણપ કે ક્ષતિ બાકી રહે અથવા ન જ તેમાં કોઈ અતિરેક કરવામાં આવે. જે પ્રમાણે કોઈ થાંભલાને ત્યારે જ કાયમ થયેલો કહી શકાય છે જ્યારે કે, તે કોઈપણ દિશાએ નમેલો ન હોય, બિલકુલ સીધો ઓળંબે ઊભેલો હોય.

કહેવાનું તાત્પર્ય એ છે કે, યહૂદીઓ જો આજે પણ તવરાત અને ઈન્જીલ તથા કુર્આને કરીમની હિદાયતો ઉપર ઈમાન લઈ આવે અને તેના ઉપર આપેલ માર્ગદર્શન પ્રમાણે સંપૂર્ણ આચરણ કરે, અને આ આચરણમાં ન તો તેમાં કોઈ ઉણપ કે ક્ષતિ રહેવા પામે અથવા તો ન જ તેમાં કોઈ અતિરેક કરી મર્યાદા વટાવે. એટલે કે, પોતે ઘડી કાઢેલા રીત-રિવાજોને દીન ન ઠરાવે, તો આખિરતની નેઅ્મતોના હકદાર બની જશે અને દુનિયામાં પણ તેમના માટે રોઝીના દરવાજા ખોલી નાંખવામાં આવશે. ઉપરથી રોઝીનો વરસાદ થશે અને નીચે પૃથ્વીમાંથી પણ રોઝી પેદા થશે. અત્રે નીચે ઉપરનો અર્થ દેખીતી રીતે એ છે કે, સરળતાથી સતત રોઝી અર્પણ થશે. *(તફસીરે કબીર)*

ઉપરની આયતમાં તો ફક્ત આખિરતની નેઅ્મતોનો વાયદો હતો, આ આયતમાં દુનિયવી આરામ અને રાહતનો વાયદો પણ ખૂબ વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યો છે. તેનું કારણ કદાચ એ હોય કે, યહૂદીઓના દુષ્કૃત્યો તથા

તવરાત અને ઈન્જીલના હુકમોમાં ફેરફાર અને તા'વીલ કરવી તથા આયતોને તોડવી-મરોડવી વગેરેનું મોટું કારણ તેમની દુનિયાપરસ્તી અને માલની લાલચ હતી અને આ તે આફત હતી, જેના કારણે તેમણે કુર્આને કરીમ અને રસૂલે કરીમ ﷺની સ્પષ્ટ નિશાનીઓ જોઈને પણ તેને અપનાવવાના બદલે વિરોધ કર્યો. તેમને ભય એ હતો કે, જો અમે મુસલમાન થઈ જઈશું તો અમારી આ આગેવાની ખતમ થઈ જશે અને અમને ધાર્મિક નેતા હોવાની હેસિયતથી જે ભેટ-સોગાતો અને હદિયા મળતા હતા, તેનો ક્રમ બંધ થઈ જશે. અલ્લાહ તઆલાએ તેમના આ ભ્રમને દૂર કરવા માટે એ પણ વાયદો કર્યો કે, જો તેઓ બિલકુલ સાચી રીતે ઈમાન લાવે અને સદ્કૃત્યો કરે તો તેમની દુનિયાની દૌલત અને રાહતમાં પણ કોઈ કમી નહીં થાય, બલકે તેમાં વધારો થશે.

એક શંકાનો જવાબ :

ઉપરોક્ત વિગતથી એ જાણ થઈ કે, આ વાયદો જે યહૂદીઓ સાથે કરવામાં આવ્યો હતો તે રસૂલે કરીમ ﷺના સમયમાં જે યહૂદીઓ મોજૂદ હતા તેમના માટે હતો. તેઓએ જો તે હુકમોને માની લીધા હોત તો દુનિયામાં પણ તેમને દરેક પ્રકારની નેઅ્મતો અને રાહતો આપવામાં આવી હોત. એટલા માટે તે સમયે જે લોકોએ ઈમાન અને અમલે સાલિહ (ભલાઈના કૃત્યો) અપનાવ્યા નેમને આ નેઅ્મત સંપૂર્ણ રીતે મળી. જેમકે, હબશાના બાદશાહ નજ્જાશી અને અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.) વગેરે. આનાથી એ જરૂરી નથી થઈ જતું કે, જ્યારે કોઈ ઈમાન લાવે અને નેક અમલોનો પાબંદ થઈ જાય ત્યારે દુનિયામાં તેના માટે રોઝી વિસ્તારવામાં આવે છે અને જો એમ ન કરે, તો તેના ઉપર રોઝીની તંગી અવશ્ય થઈ જાય છે ! કારણ કે, અત્રે કોઈ સામાન્ય કાયદો કે નિયમ વર્ણન કરવાનો હેતુ નથી બલકે, એક વિશેષ સમુદાયને ખાસ પરિસ્થિતિમાં એક વાયદો કરવામાં આવ્યો હતો.

અલબત્ત ઈમાન અને અમલે સાલિહ (નેક અને ભલા અમલો) ઉપર સામાન્ય કાયદા અને નિયમ સ્વરૂપે પવિત્ર જીવન અર્પણ થવાનો વાયદો સર્વસામાન્ય છે, પરંતુ એ રોઝીની છૂટછાટના સ્વરૂપમાં પણ હોઈ શકે છે અને દેખીતી તંગીના સ્વરૂપમાં પણ; જેમકે, અંબિયા (અલૈ.) અને અવલિયા (અલૈ.)ની પરિસ્થિતિ આ બાબત ઉપર ગવાહ છે કે, તે બધાને હંમેશા રોઝીની

છૂટછાટ નથી મળી, પરંતુ બધાને પવિત્ર જિંદગી ચોક્કસ અર્પણ કરવામાં આવી હતી.

અંતિમ આયતમાં ન્યાયના તકાદાના કારણે એ પણ વર્ણન થયું કે, જે રીતે અત્રે યહૂદીઓના દુરાચારો અને તેમની ખોટી નીતિરીતિઓ વર્ણન થઈ છે, તે પ્રમાણે બધા જ યહૂદીઓની પરિસ્થિતિ નથી. બલકે, مِنْهُمْ اُمَّةٌ مُّقْتَصِدَةٌ તેમનામાં એક નાનો વર્ગ એવો પણ છે, જે સીધા રસ્તા ઉપર છે, પરંતુ તેમનામાં મોટા ભાગના દુરાચારી અને દુષ્ટ લોકો છે. સીધા માર્ગ ઉપર હોવાના ભાવાર્થમાં એવા લોકો છે, જેઓ પહેલાં યહૂદી અથવા નસરાની હતા પછી કુર્આને કરીમ અને રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લઈ આવ્યા. આ બંને આયતોમાં અને તેનાથી અગાઉ સતત બે રુકૂઅ્માં યહૂદીઓ અને ખ્રીસ્તીઓની ખોટી નીતિ અને ખોટા માર્ગની હઠધર્મી તથા તેમના ઈસ્લામ વિરુદ્ધના ષડયંત્રોનું વર્ણન ચાલી રહ્યું હતું.

તબ્લીગ (ઇસ્લામના પ્રચાર-પ્રસાર)ની તાકીદ અને રસૂલે કરીમ ﷺને આપવામાં આવેલો દિલાસો (તસલ્લી) :

યહૂદીઓના વિરોધનો એક પ્રભાવ સ્વાભાવિક રીતે મનુષ્યની પ્રકૃતિના તકાદા આધારે એ પણ હોઈ શકતો હતો કે, નબીએ કરીમ ﷺ દ્વારા તેમની આશા છોડી દેવામાં આવે અથવા તેમના ન માનવાના કારણે મજબૂર થઈને તબ્લીગ અને રિસાલતના પ્રચાર-પ્રસારમાં કમી થઈ જાય અને બીજો પ્રભાવ એ પણ પડી શકતો હતો કે, રસૂલે કરીમ ﷺ તેમના વિરોધ અને દુશ્મનીની તથા તેમની પરપીડન વૃત્તિની પરવા કર્યા વિના રિસાલતના પ્રચારમાં લાગેલા રહે અને તેના પરિણામે રસૂલે કરીમ ﷺને તે દુશ્મનોના હાથે તકલીફ અને મુસીબતો ઉઠાવવી પડે. એટલા માટે ત્રીજી આયતમાં એક બાજુએ તો રસૂલે કરીમ ﷺને આ તાકીદનો હુકમ કરવામાં આવ્યો કે, જે કંઈ પણ તમારા ઉપર અલ્લાહ તઆલા તરફથી નાઝિલ કરવામાં આવ્યું છે, તે બધું વિના કોઈ ખચકાટ તમે લોકોને પહોંચાડી આપો. કોઈ તેને ખરાબ સમજે અથવા સારું, તેનો વિરોધ કરે અથવા તેને સ્વીકારે, તમે પોતાની તબ્લીગ અને પ્રચારની પ્રવૃત્તિ ચાલુ રાખો અને બીજી બાજુ રસૂલે કરીમ ﷺને એવી ખુશખબરી આપીને સાંત્વના આપવામાં આવી કે, તબ્લીગ અને રિસાલતના પ્રચારના સિલસિલામાં આ કાફિરો તમારું કશું બગાડી નહીં શકે, અલ્લાહ તઆલા પોતે તમારી સુરક્ષા કરશે.

આ આયતમાં એક વાક્ય ચિંતન કરવા યોગ્ય છે, فَاِنْ لَّمْ تَفْعَلْ فَمَابَلَّغْتَ رِسَالَتَهٗ જેનો અર્થ એ છે કે, જો અલ્લાહનો કોઈ એક હુકમ પણ આપ ﷺએ ઉમ્મતને ન પહોંચાડ્યો તો તમે પોતાની પયગમ્બરીની ફરજમાંથી મુક્ત થશો નહીં. એ જ કારણ હતું કે, રસૂલે કરીમ ﷺએ પોતાની સમગ્ર જિંદગી આ ફરજ સંપૂર્ણ હિંમત અને શક્તિ ખર્ચીને પૂર્ણ કર્યો અને હજ્જતુલ વદાઅ્ના મશ્હૂર ખુત્બામાં એની જાહેરાત કરી, જે એક સ્વરૂપે ઇસ્લામનું બંધારણ હતું અને બીજા સ્વરૂપે એક દયાળુ અને કૃપાળુ તથા માતા-પિતાથી પણ વધારે રહમદિલ પયગમ્બરે ઈસ્લામ ﷺની અંતિમ વસિય્યત હતી.

હજ્જતુલ વદાઅ્ના પ્રસંગે રસૂલે કરીમ ﷺની એક નસીહત :

આ ખુત્બામાં રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ના એક મોટા સમૂહની સામે મહત્ત્વની સૂચનાઓ અને હિદાયતો આપ્યા પછી ઉપસ્થિત શ્રોતાજનોને એક સવાલ કર્યો હતો. اَلَا هَلْ بَلَّغْتُ "જુઓ ! શું મેં તમને દીન પહોંચાડી દીધો ?" સહાબએ કિરામ (રદિ.)એ સ્વીકાર કર્યો અને કહ્યું કે, "ચોક્કસ પહોંચાડી દીધો." ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યું કે, "તમે એના ઉપર ગવાહ રહેજો," તેની સાથે જ આ પણ ફરમાવ્યું કે, فَلْيُبَلِّغِ الشَّاهِدُ الْغَائِبَ એટલે કે, "જે લોકો આ સભામાં હાજર છે, તેઓ જે હાજર નથી તેમના સુધી મારી વાત પહોંચાડી આપે." ગેરહાજરમાં તે લોકો પણ સામેલ છે, જેઓ તે સમયે દુનિયામાં મૌજૂદ હતા પરંતુ તે જલસામાં હાજર ન હતા અને તે લોકો પણ સામેલ છે, જેઓ હજુ પેદા થયા ન હતા, તેમને સંદેશ પહોંચાડવાની પદ્ધતિ દીનના ઈલ્મનો પ્રચાર અને પ્રસાર હતી. જેને સહાબએ કિરામ (રદિ.) અને તાબિઈન (રહ.)એ સંપૂર્ણ પ્રયત્નો દ્વારા પૂર્ણ કર્યું.

એની જ આ અસર હતી કે, સામાન્ય પરિસ્થિતિમાં સહાબએ કિરામ (રિદ્વાનુલ્લાહિ અલયહિમ અજ્મઈન)એ રસૂલે કરીમ ﷺના ફરમાનો, નિવેદનો અને કાર્યો વગેરેને અલ્લાહની એક મોટી અમાનત સમજી અને તેમાંથી લેશમાત્ર ઓછું-વધતું કર્યા વિના એવી કોશીશો કરી કે, રસૂલે કરીમ ﷺના મુખ મુબારકથી સાંભળેલું કોઈ વાક્ય એવું બાકી ન રહી જાય કે જે ઉમ્મત સુધી જેમનું તેમ ન પહોંચે. જો કોઈ ખાસ કારણ અથવા મજબૂરીના કારણે કોઈએ કોઈ ખાસ

હદીષને લોકો સામે વર્ણન ન કરી, તો પોતાના મૃત્યુથી પહેલાં બે-ચાર વ્યક્તિઓને જરૂર સંભળાવી દીધી, જેથી તેઓ આ અમાનતથી મુક્ત થઈ જાય. સહીહ બુખારીમાં હઝરત મઆઝ (રદિ.)ની એક હદીષના સંદર્ભમાં આવી જ ઘટના આવેલ છે કે, اَخْبَرَ بِهٖ مُعَاذٌ عِنْدَ مَوْتِهٖ تَاَثُّمًا એટલે કે, "હઝરત મઆઝ (રદિ.)એ આ હદીષ પોતાની મૌત પહેલાં વર્ણન કરી, જેથી આ અમાનત ન પહોંચાડવાના કારણે ગુનેહગાર ન થઈ જાય."

આયતનું બીજું વાક્ય وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ છે, જેમાં ખુશખબરી આપવામાં આવી છે કે, હજારો વિરોધ હોવા છતાં દુશ્મનો રસૂલે કરીમ ﷺનું કંઈ જ બગાડી શકવાના નથી.

હદીષમાં છે કે, આ આયત નાઝિલ થતા પહેલાં અમુક સહાબએ કિરામ (રદિ.) રસૂલે કરીમ ﷺની સુરક્ષા માટે સામાન્ય રીતે સતત તેમની સાથે રહેવા લાગ્યા અને મુસાફરીમાં પડાવ નાંખ્યો હોય એવી પરિસ્થિતિમાં તેમની સુરક્ષા કરતા હતા. આ આયત નાઝિલ થયા પછી રસૂલે કરીમ ﷺએ તે બધાને રજા આપી દીધી કે, હવે કોઈ પહેરા અથવા સુરક્ષાની આવશ્યકતા રહી નથી. અલ્લાહ તઆલાએ આ કામની પોતે જવાબદારી લઈ લીધી છે.

એક હદીષમાં હઝરત હસન (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જ્યારે મને તબ્લીગ અને રિસાલતના હુકમો મળ્યા ત્યારે મારા દિલમાં એક મોટો ડર હતો કે, દરેક બાજુથી લોકો મને જૂઠાડશે અને વિરોધ કરશે, પછી જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે શાંતિ અને સંતોષ પ્રાપ્ત થઈ ગયો."

(તફસીરે કબીર)

એટલા માટે આ આયત નાઝિલ થયા પછી કોઈની હિંમત નથી થઈ કે, તબ્લીગ અને રિસાલતના પ્રચાર-પ્રસારના મુકાબલામાં રસૂલે કરીમ ﷺનું કોઈ અહિત કરે. યુદ્ધ અને જિહાદમાં કામચલાઉ ધોરણે કોઈ તકલીફ પહોંચી જાય, તો તે બાબતનો નકાર ન થઈ શકે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૬૮–૬૯)

قُلْ يَٰٓأَهْلَ ٱلْكِتَٰبِ لَسْتُمْ عَلَىٰ شَىْءٍ حَتَّىٰ تُقِيمُوا۟ ٱلتَّوْرَىٰةَ وَٱلْإِنجِيلَ وَمَآ أُنزِلَ
إِلَيْكُم مِّن رَّبِّكُمْ ۗ وَلَيَزِيدَنَّ كَثِيرًا مِّنْهُم مَّآ أُنزِلَ إِلَيْكَ مِن رَّبِّكَ طُغْيَٰنًا وَ
كُفْرًا ۖ فَلَا تَأْسَ عَلَى ٱلْقَوْمِ ٱلْكَٰفِرِينَ ﴿٦٨﴾ إِنَّ ٱلَّذِينَ ءَامَنُوا۟ وَٱلَّذِينَ هَادُوا۟
وَٱلصَّٰبِـُٔونَ وَٱلنَّصَٰرَىٰ مَنْ ءَامَنَ بِٱللَّهِ وَٱلْيَوْمِ ٱلْءَاخِرِ وَعَمِلَ صَٰلِحًا فَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٦٩﴾

તરજુમો :

(હે નબી ﷺ !) કહી આપો, હે કિતાબવાળાઓ ! તમે કોઈ માર્ગ ઉપર નથી જ્યાં સુધી તવરાત અને ઇન્જીલને કાયમ ન કરો અને જે તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી ઊતર્યું; અને તેમનામાં ઘણાઓને આ કલામથી જે તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી ઊતર્યું શરારત અને કુફ્ર વધશે; બસ, તમે એ કાફિર કૌમ ઉપર અફસોસ ન કરો. (૬૮) બેશક ! જે મુસલમાન છે અને જે યહૂદી છે અને ફિરકએ સાબી અને નસારા; જે કોઈ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવે અને નેક અમલ કરે, ન તેમના ઉપર ડર છે અને ન (જ) તેઓ ગમગીન થશે. (૬૯)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં અહલે કિતાબને ઈસ્લામ સ્વીકાર માટે પ્રોત્સાહન અને પ્રેરણા આપવામાં આવી હતી અને અહીંયાં પ્રસ્તુત તરીકાને જેના સત્ય હોવાના તેઓ દા'વેદાર હતા, અલ્લાહ સમીપ તે નકામું, વ્યર્થ અને છુટકારા માટે અપૂરતું હોવાનું અને છુટકારા માટે ઈસ્લામ જ એકમાત્ર માર્ગ હોવાનું વર્ણન છે અને ત્યારબાદ પણ તેમના કુફ્ર ઉપર અડગ રહેવાના કારણે રસૂલે કરીમ ﷺને દિલગીર થયા વિના મક્કમ રહેવાનો તથા દિલાસો અપવાનો વિષય પણ અત્રે રજૂ થયો છે અને વચ્ચે એક ખાસ પ્રસંગને અનુરૂપ આવશ્યકતા અનુસાર તબલીગ એટલે કે, ઈસ્લામના પ્રચાર–પ્રસારનો વિષય પણ રજૂ થયો છે.

તફસીર :

આપ (ﷺ તે યહૂદીઓ અને નસારાને) કહી આપો કે, હે અહલે કિતાબ! તમે કોઈ પણ માર્ગ ઉપર નથી (કારણ કે, અસ્વીકૃત માર્ગ ઉપર હોવું માર્ગ ઉપર ન હોવા બરાબર જ છે), જ્યાં સુધી કે, તવરાતની અને ઇન્જીલની અને જે કિતાબ (હવે) તમારી પાસે (રસૂલે કરીમ ﷺના માધ્યમ દ્વારા) તમારા પરવરદિગાર તરફથી મોકલવામાં આવી છે (એટલે કે, કુર્આને કરીમ) તેની પણ સંપૂર્ણ પાબંદી નહીં કરો ! (જેનો ભાવાર્થ અને તેની પ્રેરણા તથા બરકતો ઉપર મુજબ વર્ણન થઈ ચૂકી છે) અને (હે મુહમ્મદ ﷺ ! કારણ કે, તેમાં મોટા ભાગના લોકો પૂર્વગ્રહ અને નિંદા કરવામાં સપડાયેલા છે, એટલા માટે એ) જરૂર (છે કે) જે વિષય આપ (ﷺ) પાસે તમારા પરવરદિગાર તરફથી મોકલવામાં આવ્યો છે, તે તેમનામાંથી ઘણાઓની શરારત અને કુફ્ર વધવાનું કારણ બની જાય છે (અને એ પણ શક્ય છે કે, તમને તેનાથી રંજ અને ગમ પણ થાય પરંતુ જ્યારે એવી જાણ થઈ ગઈ કે, આ લોકો પૂર્વગ્રહથી પીડાય છે) તો તમે તે કાફિર લોકો(ની હાલત) ઉપર ગમ ન કર્યા કરો, અને બેશક ! જેઓ મો'મિન (મુસલમાન) છે, અને યહૂદી, અને સાબી ફિરકાના અને નસારા (તે બધામાં) જે વ્યક્તિ વિશ્વાસ રાખે છે અલ્લાહ(ની જાત અને સિફાત) ઉપર અને કયામત ઉપર અને નેક કામો કરે છે (એટલે કે, શરીઅતના કાયદા અનુસાર આચરણ કરે) તેવા લોકો ઉપર (આખિરતમાં) ન તો કોઈ ભય હશે, ન જ તેઓ ગમગીન (દિલગીર) થશે.

મસ્અલા અને બોધપાઠ :

અહલે કિતાબને ઈલાહી શરીઅતના અનુસરણનું માર્ગદર્શન :

પ્રથમ આયતમાં અહલે કિતાબ યહૂદી અને નસારાને ઈલાહી શરીઅતના અનુસરણનું માર્ગદર્શન એ વિષય હેઠળ વર્ણન કરવામાં આવ્યું હતું કે, જો તમે શરીઅતના હુકમોની પાબંદી ન કરી, તો તમે કંઈ જ નથી. મતલબ એ કે, શરીઅતે ઇસ્લામની પાબંદી વિના તમારા બધા જ ગુણો, અમલો બધું જ વ્યર્થ છે, તમને અલ્લાહ તબારક વ તઆલાએ એક સ્વાભાવિક વિશેષતા એ અર્પણ કરી છે કે, તમે અંબિયા (અલૈ.)ની ઔલાદ છો. બીજું કે, તવરાત અને ઇન્જીલની જ્ઞાનપૂર્ણ વિશેષતાઓ પણ તમને પ્રાપ્ત થઈ છે.

તમારામાંથી ઘણા લોકો દૂરવેશ અને અલ્લાહવાળા પણ છે, અલ્લાહના માર્ગમાં ઈબાદત અને રિયાઝત પણ કરે છે, પરંતુ આ બધી વસ્તુઓની કિંમત અલ્લાહ સમીપ ફક્ત એ બાબત ઉપર અવલંબિત છે કે, શરીઅતે ઈલાહિય્યહની તાબે'દારી કરો, તેના વિના ન તો કોઈ ફઝીલત કામ આવશે, ન જ ઈલ્મી વિશેષતાઓ તમારા છુટકારાનું માધ્યમ બની શકશે, ન જ તમારી ઈબાદતો અને રિયાઝતો તમને છુટકારો અપાવી શકશે.

આ ફરમાનોમાં મુસલમાનોને પણ એ માર્ગદર્શન મળ્યું છે કે, કોઈની દૂરવેશી, સુલૂક, તરીકત, મુજાહદાત, રિયાઝત, કશ્ફ અને ઈલ્હામ (આ બધી બાબતો ઈબાદતોના સંદર્ભમાં ઈસ્લામિક પારિભાષિક શબ્દો દ્વારા વ્યક્ત થઈ છે, જેની વ્યાખ્યાઓ શબ્દકોષમાં જોઈ લેવી. -અનુવાદક) વગેરે તે સમય સુધી અલ્લાહ સમીપ શ્રેષ્ઠતા અને છુટકારાની બાબત નથી જ્યાં સુધી કે તે વ્યક્તિ શરીઅતનો સંપૂર્ણ પાબંદ ન હોય.

આ આયતમાં શરીઅતે ઈલાહિય્યહની પૈરવી માટે ત્રણ વસ્તુઓનું અનુસરણ કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પ્રથમ તવરાત, બીજું ઈન્જીલ જે યહૂદીઓ અને નસ઼ારા માટે નાઝિલ થઈ ચૂક્યું છે. ત્રીજું, مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ એટલે કે, "જે કંઈ અલ્લાહ તઆલા તરફથી તમારી પાસે મોકલવામાં આવ્યું."

જમહૂર વિવરણકાર સહાબા (રદિ.), તાબિઈન (રહ.) એ બાબતે સહમત છે કે એનો ભાવાર્થ કુર્આન શરીફ છે, જે બધી જ ઉમ્મતના આમંત્રણ માટે, જેમાં યહૂદીઓ, નસારા વગેરે પણ સામેલ છે તે નબીએ કરીમ ﷺ મારફતે મોકલવામાં આવ્યું. આથી આયતનો અર્થ એ થશે કે, જ્યાં સુધી તમે તવરાત, ઈન્જીલ અને કુર્આન શરીફના લાવેલા હુકમો ઉપર સાચો-સાચો અને સંપૂર્ણ અમલ નહીં કરો ત્યાં સુધી તમારી પેઢી, વંશ અથવા જ્ઞાનની કોઈપણ વિશેષતાઓ અલ્લાહ સમીપ સ્વીકાર્ય અને ભરોસાપાત્ર નહીં થાય.

અત્રે એક વાત વર્ણન કરવાપાત્ર છે કે, આ આયતમાં તવરાત અને ઈન્જીલ જેમ કુર્આનમાં ટૂંકા નામનું વર્ણન કરી દેવાના બદલે એક લાંબા વાક્ય وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ નો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેમાં શું હિકમત છે? બની શકે છે કે, તેમાં તે હદીષોના વિષય તરફ ઈશારો હોય, જેમાં રસૂલે કરીમ

ﷺએ ફરમાવ્યું છે કે, "જે પ્રમાણે મને ઇલ્મ અને હિકમતનો ખજાનો કુર્આને કરીમ આપવામાં આવ્યું, એ જ પ્રમાણે બીજા જ્ઞાન અને ગૂઢાર્થો (મઆરિફ) પણ અર્પણ કરવામાં આવ્યા છે, જેને એક સ્વરૂપે કુર્આનની સ્પષ્ટતા પણ કહી શકાય છે." હદીષના શબ્દો આ પ્રમાણે છે,

اَلَا اِنِّی اُوْتِيْتُ الْقُرْاٰنَ وَمِثْلَهٗ مَعَهٗ اَلَا يُوْشِكُ رَجُلٌ شَبْعَانُ عَلٰی اَرِيْكَتِهٖ يَقُوْلُ عَلَيْكُمْ بِهٰذَا الْقُرْاٰنِ فَمَا وَجَدْتُّمْ فِيْهِ مِنْ حَلَالٍ فَاَحِلُّوْهُ وَمَا وَجَدْتُّمْ فِيْهِ مِنْ حَرَامٍ فَحَرِّمُوْهُ وَاِنَّ مَا حَرَّمَ رَسُوْلُ اللّٰهِ (ﷺ) كَمَا حَرَّمَ اللّٰهُ،

(اَبُوْدَاوٗدُ، اِبْنِ مَاجَهْ،دَارِمِیْ وَغَيْرُهَا)

"યાદ રાખો કે, મને કુર્આન આપવામાં આવ્યું અને તેની સાથે તેના જેવા બીજા પણ જ્ઞાન આપવામાં આવ્યા, આવનાર યુગમાં એવું થવાનું છે કે, કોઈ પેટભર્યો રાહતપસંદ એવું કહેવા માંડે કે, તમારે ફક્ત કુર્આન પૂરતું છે, જે તેમાં હલાલ છે, ફક્ત તેને જ હલાલ સમજો અને જે તેમાં હરામ છે તેને જ હરામ સમજો. જ્યારે કે, હકીકત એમ છે કે જે વસ્તુને અલ્લાહના રસૂલ ﷺએ હલાલ ઠરાવી છે, તે પણ એવી જ હરામ છે જેવી રીતે કે, અલ્લાહ તઆલાના કલામ દ્વારા હરામ કરેલી વસ્તુ હરામ છે." (અબૂદાવુદ, ઇબ્ને માજહ, દારમી વગેરે)

હુકમોના ત્રણ પ્રકાર :

પોતે કુર્આન શરીફ પણ આ વિષયનું સાક્ષી છે وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰی ؕ اِنْ هُوَ اِلَّا وَحْیٌ يُّوْحٰی એટલે કે, "રસૂલે કરીમ ﷺ કોઈ વાત પોતાના તરફથી નથી કહેતા, જે કંઈ તેઓ કહે છે તે બધું અલ્લાહ તઆલા તરફથી વહી હોય છે" અને જે પરિસ્થિતિમાં રસૂલે કરીમ ﷺ કોઈ વાત પોતાના ઇજ્તિહાદ અને અનુમાન (કયાસ) દ્વારા કહે છે અને વહી દ્વારા પણ આપ ﷺને તેના વિરુદ્ધ કોઈ સૂચના નથી મળતી તો અંતે તે અનુમાન અને કયાસ અથવા ઇજ્તિહાદ પણ વહીનો હુકમ બની જાય છે.

જેનો ખુલાસો એ થયો કે, રસૂલે કરીમ ﷺએ જે હુકમો ઉમ્મતને આપ્યા, તેમાં એક તો એ છે, જે કુર્આને કરીમમાં સ્પષ્ટ રીતે વર્ણન થયા છે. બીજા તે છે, જે

ખુલ્લમ-ખુલ્લા કુર્આન શરીફમાં વર્ણન થયા નથી. બલકે, રસૂલે કરીમ ﷺ ઉપર અલગ પ્રકારે વહી દ્વારા નાઝિલ થયા છે. ત્રીજું તે, જે આપ ﷺએ પોતાના ઈજ્તિહાદ અને કયાસથી કોઈ હુકમ આપ્યો અને પછી અલ્લાહ તઆલાએ તે હુકમ વિરુદ્ધ કોઈ સૂચના અને જ્ઞાન નાઝિલ ન કર્યું, ત્યારે તે પણ વહીનો હુકમ બની ગયો. આ ત્રણે પ્રકારના હુકમોનું અનુસરણ કરવું વાજિબ છે અને مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ માં સામેલ છે.

કદાચ પ્રસ્તુત આયતમાં કુર્આનનું ટૂંકું નામ છોડીને આ લાંબું વાક્ય وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ તરફ ઈશારો કરવા માટે લાવવામાં આવ્યું છે કે, આ બધા જ હુકમોનું અનુસરણ જરૂરી અને વાજિબ છે, જે કુર્આન શરીફમાં ખુલ્લમ-ખુલ્લું વર્ણન થયું હોય અથવા રસૂલે કરીમ ﷺએ તે હુકમો આપ્યા હોય.

બીજી બાબત આ આયતમાં ચિંતન કરવાપાત્ર છે, તે એ છે કે તેમાં યહૂદીઓ અને નસારાને તવરાત, ઈન્જીલ તથા કુર્આન શરીફના હુકમો ઉપર અમલ કરવાની સૂચના આપવામાં આવી છે. જ્યારે કે, તેમાંથી અમુક હુકમો અમુક હુકમોના નાસિખ (રદ કરનાર) છે. ઈન્જીલે તવરાતના અમુક હુકમોને મન્સૂખ (રદ) ઠરાવ્યા અને કુર્આને તવરાત અને ઈન્જીલના ઘણા બધા હુકમોને મન્સૂખ ઠરાવ્યા, તો પછી ત્રણે ઉપર ભેગો અમલ કઈ રીતે શક્ય છે ?

જવાબ સ્પષ્ટ છે કે, દરેક આવનારી કિતાબે પાછલી કિતાબોના જે હુકમોને બદલી નાંખ્યા, તો બદલાયેલા તરીકા ઉપર આચરણ કરવું જ બંને કિતાબો ઉપર અમલ ગણાશે. રદ કરવામાં આવેલ હુકમો ઉપર અમલ કરવો બંને કિતાબોના હુકમનો વિરોધ કર્યા સમાન ગણાશે.

રસૂલુલ્લાહ ﷺને એક સાંત્વના (તસલ્લી) :

અંતે રસૂલે કરીમ ﷺને તસલ્લી આપવા માટે ઈરશાદ થયો કે, અહલે કિતાબ સાથે અમારી આ બાંધછોડની નીતિ અને કૃપાદષ્ટિ હોવા છતાં તેમનામાંના ઘણા લોકો એવા હશે કે, તેઓ અલ્લાહની કૃપા અને મહેરબાનીથી કોઈ લાભ નહીં ઉઠાવે બલકે, તેમનું કુફ્ર અને દુશ્મનાવટ વધતી જ ચાલશે, તેના કારણે તમે ગમગીન ન થશો અને એવા લોકો માટે કોઈ દિલગીરી ન દર્શાવશો.

ચાર કૌમોને ઈમાન અને નેક કાર્યો કરવાનું પ્રોત્સાહન અને આખિરતમાં છુટકારાનો વાયદો :

બીજી આયતમાં અલ્લાહ તઆલાએ ચાર કૌમોને સંબોધન કરીને ઈમાન અને સારા આચરણોનું પ્રોત્સાહન આપ્યું છે તથા તેના ઉપર જ આખિરતમાં સફળતાનો વાયદો કર્યો છે. તેમાંથી પ્રથમ اَلَّذِيْنَ اٰمَنُوْا એટલે કે, મુસલમાનો છે, બીજા اَلَّذِيْنَ هَادُوْا એટલે કે યહૂદીઓ, ત્રીજા صَابِئُوْنَ એટલે કે, શા'બી અને ચોથા نَصَارٰى એટલે ખ્રીસ્તીઓ. તેમાં ત્રણ કૌમો મુસલમાન, યહૂદી અને ખ્રીસ્તી તો પ્રખ્યાત છે કે દુનિયાના મોટા ભાગના પ્રદેશોમાં મૌજૂદ છે. "શા'બીઊન" અથવા "શા'બીના" નામથી વર્તમાન સમયમાં કોઈ કૌમ પ્રખ્યાત નથી. આથી તેમને ઓળખાવવા માટે ઉલમાએ વિવિધ નિવેદનો કર્યા છે. તફસીરના ઈમામ ઈબ્ને કષીરે કતાદહ (રહ.)ના હવાલાથી એક નિવેદન નકલ કર્યું છે કે, "શા'બીઊન" તે લોકો છે જેઓ ફરિશ્તાઓની ઈબાદત કરે છે અથવા કિબ્લાની વિરુદ્ધ દિશામાં નમાઝ પઢે છે અને આસમાની કિતાબ ઝબૂરની તિલાવત કરે છે (જે હઝરત દાવુદ અલૈ. ઉપર નાઝિલ કરવામાં આવી હતી).

કુર્આને કરીમની આ તા'લીમથી દેખીતું તે બાબતનું પણ સમર્થન થાય છે કે, ચાર આસમાની કિતાબો જેનું કુર્આન મજીદમાં વર્ણન છે, તે તવરાત, ઝબૂર, ઈન્જીલ અને કુર્આન શરીફ છે અને આ આયતમાં આ ચાર કિતાબોના માનનારાઓનું વર્ણન આવી ગયું.

આ વિષયની એક આયત લગભગ આ જ શબ્દો સાથે સૂરએ બકરહમાં આવી ચૂકી છે, اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَادُوْا وَالنَّصٰرٰى وَالصّٰبِئِيْنَ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَعَمِلَ صَالِحًا فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ۝ (૨:૬૨) તેમાં સ્થળના તકાદા પ્રમાણે અમુક શબ્દોમાં અગ્ર સ્થાને અને અમુકને પાછલા ક્રમે વર્ણન કરવા સિવાય કોઈ તફાવત નથી.

અલ્લાહ તઆલા સમીપ આધાર નેક કામો અને ભલાઈ જ છે :

આ બંને આયતોના વિષયનો ખુલાસો એ છે કે, અલ્લાહના દરબારમાં કોઈ વંશ, પ્રદેશ, સમાજ વગેરેની વિશેષતાનું કંઈ જ ઉપજવાનું નથી. જે વ્યક્તિ સંપૂર્ણ તાબે'દારી, અનુસરણ અને સંપૂર્ણ ઈમાન ધરાવી નેક અમલો અપનાવશે,

ભલે તે પ્રથમથી ગમે તેવો હોય અલ્લાહના ત્યાં સ્વીકૃત છે અને તેની સેવાની કદર કરવામાં આવશે અને એ દેખીતું છે કે, કુર્આને કરીમ નાઝિલ થયા બાદ સંપૂર્ણ ઈતાઅત મુસલમાન બનવા ઉપર જ અવલંબિત છે. કારણ કે, પાછલી કિતાબો તવરાત અને ઈન્જીલમાં પણ તેનું માર્ગદર્શન મૌજૂદ છે અને કુર્આને કરીમ તો ખુલ્લમ-ખુલ્લું એટલા માટે જ નાઝિલ થયું છે. આથી કુર્આનના નાઝિલ થયા પછી અને ખાતિમુન્નબિય્યિન ﷺની બઅ્‌ષત પછી કુર્આન અને રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવ્યા વિના ન તો તવરાત અને ઈન્જીલનું અનુસરણ સહીહ થઈ શકે છે અને ન જ ઝબૂરનું. એટલા માટે આ આયતનો અર્થ એ થયો કે, તે તમામ કૌમોમાંથી જે મુસલમાન થઈ જશે, તે જ આખિરતમાં છુટકારા અને સવાબનો હકદાર થશે, તેમાં એ શંકાનો પણ જવાબ થઈ ગયો કે, આ કુફ્ર અને ગુનાહો તથા ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ શરારતો જે હજુ સુધી તેઓ કરતા રહ્યા છે, મુસલમાન થઈ ગયા પછી તેમનો અંજામ શું થશે ? જાણ થઈ કે, પાછલા બધા જ ગુનાહો અને ભૂલો મા'ફ કરવામાં આવશે અને આખિરતમાં ન તો તે લોકોને કોઈ ભય હશે અને ન જ તેઓને કોઈ રંજ, ગમ કે દિલગીરીનો સામનો કરવો પડશે.

વિષય ઉપર દૃષ્ટિપાત કરવાથી જાહેરમાં એ જાણ થાય છે કે, અહીંયાં મુસલમાનોનું વર્ણન ન થવું જોઈએ. કારણ કે, તેઓ ઈમાન અને ઈતાઅતની તે કક્ષા ઉપર છે જે આ આયતનો હેતુ છે. અહીંયાં વર્ણન ફક્ત તે લોકોનું કરવું જોઈએ જેમને તે સ્થાન સુધી આમંત્રણ આપવાનું છે પરંતુ આ શૈલીમાં ખાસ મુસલમાનોનું વર્ણન તેમની સાથે કરીને એક વિશેષ સ્વરૂપની સાહિત્યિક ઉચ્ચતા સ્થાપવામાં આવી. એનું દૃષ્ટાંત એવું છે કે, કોઈ શાસક અથવા રાજા કોઈ એવી પરિસ્થિતિમાં એવું કહે કે, અમારો કાયદો સર્વસામાન્ય છે. ભલે, તે અમારા પક્ષનો હોય અથવા અમારો વિરોધી, જે વ્યક્તિ પણ અમારા હુકમોનું પાલન કરશે, તે ઈનામ અને ભેટ-સોગાતોના પાત્ર બનશે. હવે, દેખીતું છે કે રાજા કે શાસકના વફાદાર લોકો તો તેના હુકમોનું પાલન કરી જ રહ્યા છે, એટલા માટે આવું સંભળાવવું વાસ્તવમાં એ લોકો માટે નથી, પરંતુ એવા લોકો માટે છે જેઓ તેનો વિરોધ કરી રહ્યા છે, પરંતુ આ સ્થળે વફાદારોનું પણ વર્ણન કરવાની હિકમત એ છે કે, અમારી વફાદારો સાથે જે પ્રમાણે હમદર્દી અને કૃપાદૃષ્ટિ છે, તે કોઈ

વંશ અથવા કૌમની વિશેષતાના આધારે નથી. બલકે, તેમના આ વફાદારીના ગુણ ઉપર આ બધી ભેટ-સોગાતો, ઈનામો અને કૃપાદષ્ટિ અવલંબિત છે. જો વિરોધીઓ પણ હુકમો પૂર્ણ કરવાની નીતિ અપનાવશે તો તેઓ પણ અમારી આ કૃપાદષ્ટિના અને અમારા ઈનામોના હકદાર બનશે.

ઉપરોક્ત વર્ણન કરવામાં આવેલ ચાર પ્રકારના લોકોને સંબોધન કરીને જે બાબતનું માર્ગદર્શન આપવામાં આવ્યું, તેના ત્રણ વિભાગો છે. (૧) ઈમાન બિલ્લાહ (અલ્લાહ ઉપર ઈમાન), (૨) ઈમાન બિલ્ યવમિલ્ આખિર (કયામતના દિવસ ઉપર ઈમાન) અને (૩) અમલે સાલિહ (સત્યનિષ્ઠ ભલાઈનું આચરણ).

રિસાલત ઉપર ઈમાન વિના છુટકારો નથી :

દેખીતું છે કે, આ આયતમાં બધા જ ઈમાનિયાત અને ઈસ્લામના અકીદાઓની વિગતો વર્ણન કરવાનો હેતુ નથી, ન જ એનો કોઈ મોકો છે. ઈસ્લામની અમુક પાયાની માન્યતાઓનું વર્ણન કરીને ઈસ્લામના બધા જ અકીદાઓ તરફ ઈશારો કરવાનો અને તેના તરફ આમંત્રણ આપવાનો હેતુ છે અને ન જ એ કોઈ જરૂરી બાબત છે કે, દરેક આયતમાં જ્યાં પણ ઈમાનનો ઉલ્લેખ કરવામાં આવે, તેમાં સંપૂર્ણ વિગત ત્યાં જ વર્ણન થઈ જાય. એટલા માટે આ સ્થળે રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન અથવા નુબુવ્વત ઉપર ઈમાનનું વર્ણન સ્પષ્ટ અને ખુલ્લમ-ખુલ્લું ન હોવાથી કોઈ સામાન્ય બુદ્ધિ ધરાવનાર અને ન્યાયી તથા સમજદાર વ્યક્તિ માટે શંકાની કોઈ સંભાવના નથી. ખાસ કરીને જ્યારે કે, સંપૂર્ણ કુર્આન અને તેની સેંકડો આયતો ઈમાન બિર્રિસાલત (રસૂલે કરીમ ﷺ અલ્લાહના નબી અને રસૂલ હોવાનું ઈમાન)ની વિગતો અને સ્પષ્ટતાઓથી ભરી પડી છે, જેમાં આ બધી સ્પષ્ટતાઓ ઉપસ્થિત છે કે, રસૂલે કરીમ ﷺ અને તેમના ફરમાનો ઉપર સંપૂર્ણ ઈમાન લાવ્યા વિના છુટકારો નથી અને કોઈ ઈમાન તથા અમલ એના વિના સ્વીકૃત અને ભરોસાપાત્ર નથી. પરંતુ મુલ્હિદો (નાસ્તિકો)ના એક સમૂહે કે, જેઓ યેન-કેન પ્રકારે કુર્આનમાં પોતાની ધિક્કારપાત્ર વિચારસરણીને થોપવા ઈચ્છે છે તેમણે આ આયતમાં રિસાલતનો સ્પષ્ટ ઉલ્લેખ ન હોવાના કારણે એક નવી વિચારસરણી બનાવી લીધી છે, જે

કુર્આન અને સુન્નતની અસંખ્ય સ્પષ્ટતાઓ અને ખુલાસાઓથી તદ્દન વિપરીત અને વિરોધાભાસી છે, તે એ કે, દરેક વ્યક્તિ પોતાના ધર્મ એટલે કે, યહૂદી, નસરાની એટલે સુધી કે, મૂર્તિપૂજક હિન્દુઓ વગેરે ધર્મો પાળતા રહેવા છતાં પણ જો ફક્ત અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન રાખે, અને નેક કામો કરે તો આખિરતના છુટકારાનો હકદાર બની શકે છે. આખિરતના છુટકારા માટે ઈસ્લામમાં પ્રવેશ મેળવવો આવશ્યક નથી. નઊઝુબિલ્લાહ !

અલ્લાહ તઆલાએ જેમને કુર્આને કરીમની તિલાવતની તવફીક અને ઉપરથી સાચું ઈમાન અર્પણ કર્યું છે તેઓ કુર્આનની સ્પષ્ટતાઓ દ્વારા આ શંકા દૂર કરવા કોઈ બહુ મોટી વિદ્વતાપૂર્ણ દષ્ટિના મોહતાજ નથી. કુર્આને કરીમનો ઉર્દૂ તરજુમો જાણનારા લોકો પણ આ વિચારસરણીની ભૂલને સરળતાથી સમજી શકે છે. ઉદાહરણ સ્વરૂપે અમુક આયતો અત્રે રજૂ કરવામાં આવે છે.

કુર્આને કરીમે જે સ્થળે ઈમાનનું વિગતવાર વર્ણન કર્યું, તેમાં સૂરએ બકરહમાં આ પ્રમાણે વર્ણન છે.

كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ لَانُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ،

"બધા ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર, અને તેના ફરિશ્તાઓ ઉપર, અને તેની કિતાબો ઉપર, અને તેના રસૂલો ઉપર, એ પ્રમાણે કે તેના રસૂલો દરમિયાન કોઈ તફાવત કરતા નથી." (૨ : ૨૮૫)

આ આયતમાં સ્પષ્ટ રીતે ઈમાનની જે વિગત વર્ણન કરવામાં આવી છે, તેમાં એ પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, કોઈ એક અથવા અમુક રસૂલો ઉપર ઈમાન લઈ આવવું સદંતર છુટકારા માટે પૂરતું નથી. બલકે, તમામ રસૂલો ઉપર ઈમાન લાવવું શરતમાં સામેલ છે. જો કોઈ એક રસૂલ ઉપર પણ ઈમાન નહીં લાવે તો તેનું ઈમાન અલ્લાહ સમીપ સ્વીકાર્ય અને ભરોસાપાત્ર નથી. બીજી જગ્યાએ ઈરશાદ છે,

اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَرُسُلِهٖ وَيُرِيْدُوْنَ اَنْ يُّفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَرُسُلِهٖ وَيُرِيْدُوْنَ اَنْ يَّتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ۙ اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ

"જે લોકો અલ્લાહ અને તેના રસૂલોનો ઈન્કાર કરે છે અને એવું ઈચ્છે છે કે,

અલ્લાહ અને તેના રસૂલો વચ્ચે તફાવત કરે કે અલ્લાહ ઉપર તો ઈમાન લઈ આવે પરંતુ તેના રસૂલો ઉપર ઈમાન ન હોય અને તેઓ એવું ઈચ્છે છે કે, કુફ્ર અને ઈસ્લામ વચ્ચે એક વચ્ચેનો માર્ગ કાઢવામાં આવે, તો સમજી લો કે, વાસ્તવમાં તેઓ જ કાફિર છે." (૪ : ૧૫૧)

રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

لَوْ كَانَ مُوْسٰى حَيًّا لَمَا وَسِعَهُ اِلَّا اتِّبَاعِىْ،

"ધારી લો કે, કદાચ હઝરત મૂસા (અલૈ.) પણ જો આજે જીવતા હોત તો તેમને મારું અનુસરણ કર્યા વિના છૂટકો ન હતો."

માટે જો હવે કોઈ એવું કહે કે, દરેક ધર્મવાળા પોત-પોતાના ધર્મો ઉપર અમલ કરે તો રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવ્યા વિના અને મુસલમાન થયા વિના પણ તે જન્નત અને આખિરતની સફળતા પામી શકે છે. આવું કહેવું કુર્આને કરીમની ઉપરોક્ત આયતોનો ખુલ્લો વિરોધ છે.

આ ઉપરાંત જો દરેક ધર્મ અને સમાજના લોકોમાં કોઈ એવી સમાન બાબત હોય કે, તેના ઉપર દરેક યુગમાં આચરણ કરી લેવાથી છુટકારો અને સફળતા માટે પૂરતું ગણાય, તો પછી ખાતિમુલ અંબિયા ﷺની બઅ્ષત અને કુર્આને કરીમ નાઝિલ કરવાનો હેતુ જ અર્થ વગરનો થઈ ગયો અને એક શરીઅત પછી બીજી શરીઅત મોકલવી વ્યર્થ ગણાય, પછી શરીઅતો મોકલવાની શું જરૂર હતી ? વધુથી વધુ એવા લોકોનું અસ્તિત્વમાં આવવું પૂરતું હતું, કે જેઓ જે તે શરીઅતો અને આસમાની કિતાબોને ટકાવી રાખવાનું અને તેના ઉપર અમલ કરવાનું અને કરાવવાનું કાર્ય કાળજીપૂર્વક કરતા રહે, જે સામાન્ય રીતે દરેક ઉમ્મત અને મિલ્લતના વિદ્વાનો અને ઉલમાનો ફરજ છે અને આ સ્વરૂપમાં કુર્આને કરીમનો આ ઈરશાદ لِكُلٍّ جَعَلْنَا مِنْكُمْ شِرْعَةً وَّمِنْهَاجًا ط (૫ : ૪૮) એટલે કે, "અમે તમારામાંથી દરેક ઉમ્મત માટે એક ખાસ શરીઅત અને ખાસ માર્ગ બતાવ્યો છે." આ બધું અર્થહીન બની ગયું હોત.

પછી તેની આવશ્યકતા જ શું રહી જાય છે કે, રસૂલે કરીમ ﷺએ પોતાના ઉપર અને પોતાના ઉપર નાઝિલ થયેલી કિતાબ કુર્આને કરીમ ઉપર ઈમાન ન લાવનાર બધા જ યહૂદીઓ અને નસારા સાથે તથા અન્ય કૌમો સાથે ન

જ ફક્ત ઈસ્લામનું આમંત્રણ આપવાનો સંઘર્ષ કર્યો બલકે, તેમની સાથે પવિત્ર યુદ્ધો પણ કર્યા અને હથિયારો તથા શસ્ત્રસંરજામોનો પણ આ યુદ્ધોમાં ઉપયોગ કર્યો અને જો વ્યક્તિ માટે અલ્લાહના ત્યાં સ્વીકૃત અને મહબૂબ થવા માટે ફક્ત અલ્લાહ ઉપર અને આખિરત ઉપર ઈમાન લઈ આવવું પૂરતું હોત તો ઈબ્લીસ મલઊનને કયા ગુનાહના આધારે મરદૂદ કહેવામાં આવે છે ? શું તેનું અલ્લાહ ઉપર ઈમાન ન હતું ? અથવા તે કયામતના દિવસનો કે આખિરતનો ઈન્કારી હતો? તેણે તો ખૂબ ક્રોધિત હોવાની પરિસ્થિતિમાં પણ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ (૩૪:૭૯) કહીને આખિરત ઉપર ઈમાનનો સ્વીકાર કર્યો છે.

વાસ્તવિકતા એ છે કે, આ ભૂલ તે વિચારસરણીની ઉપજ છે કે, જેઓ ધર્મને જ્ઞાતિના જમણવારની જેમ કોઈને નોતરામાં આપી શકાય એવી બાબત સમજે છે અને એવું સમજે છે કે, તેના દ્વારા અન્ય કૌમો સાથે સંબંધ મજબૂત કરી શકાય છે બલકે, કુર્આને કરીમે ખોલી-ખોલીને સ્પષ્ટ કરી દીધું છે કે, ગેરમુસ્લિમો સાથે હમદર્દી સદ્વ્યવહાર, ઉપકાર અને ભલાઈનો વ્યવહાર કરવો જોઈએ, પરંતુ દીનની મર્યાદાનું સંપૂર્ણ પાલન કરી તેની સુરક્ષા કરવી જોઈએ. દીનની હદોની સંપૂર્ણ દેખરેખ રાખીને આવો વ્યવહાર કરી શકાય છે.

કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં જો ધારી લો કે, રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાનું બિલકુલ વર્ણન ન થયું હોત તેમ છતાં કુર્આનની આયતોમાં જેનો ઉપરોક્ત ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં એ બાબતની સખત તાકીદ ઉપસ્થિત છે અને તે રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવા બાબતે પૂરતી હતી પરંતુ જો ચિંતન કરવામાં આવે, તો પોતે આ આયતમાં પણ રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાની બાબત તરફ સ્પષ્ટ રીતે ઈશારો મૌજૂદ છે. કારણ કે, કુર્આનની પરિભાષામાં અલ્લાહ ઉપર ઈમાન તે જ ભરોસાપાત્ર છે, જેમાં અલ્લાહની બતાવેલી બધી વસ્તુઓ ઉપર ઈમાન હોય. કુર્આને કરીમે પોતાની આ પરિભાષાને આ શબ્દોમાં સ્પષ્ટ કરી દીધું છે. فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَاۤ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا (૨ : ૧૩૭) એટલે કે, જેવી રીતે સહાબએ કિરામ (રદિ.)નું ઈમાન હતું, ફક્ત તે જ ઈમાન બિલ્લાહ કહેવાડવાનું હકદાર છે અને દેખીતું છે કે, તેમાં ઈમાનનો મોટો અગત્યનો વિભાગ રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાનો હતો. એટલા માટે مَنْ اٰمَنَ بِاللّٰهِ શબ્દોમાં પોતે જ ઈમાન બિર્રસૂલ ﷺ સામેલ છે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૭૦-૭૧)

لَقَدْ اَخَذْنَا مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ وَاَرْسَلْنَآ اِلَيْهِمْ رُسُلًا ؕ كُلَّمَا جَآءَهُمْ رَسُوْلٌۢ بِمَا لَا تَهْوٰٓى اَنْفُسُهُمْ ۙ فَرِيْقًا كَذَّبُوْا وَفَرِيْقًا يَّقْتُلُوْنَ ﴿۷۰﴾ وَحَسِبُوْٓا اَلَّا تَكُوْنَ فِتْنَةٌ فَعَمُوْا وَصَمُّوْا ثُمَّ تَابَ اللّٰهُ عَلَيْهِمْ ثُمَّ عَمُوْا وَصَمُّوْا كَثِيْرٌ مِّنْهُمْ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿۷۱﴾

તરજુમો :

ખરેખર, અમે બની ઈસ્રાઈલ પાસેથી પાકો કરાર લીધો હતો અને તેમના તરફ રસૂલ મોકલ્યા, જ્યારે તેમની પાસે કોઈ રસૂલ તે હુકમ લાવ્યો જે તેમના મન (નફ્સ)ને પસંદ ન પડયો તો ઘણાઓને જૂઠાડયા અને ઘણાઓને કતલ કરી નાંખતા હતા. (૭૦) અને વિચાર્યું કે કંઈ ખરાબી થશે નહીં; બસ, આંધળા થઈ ગયા અને બહેરા, પછી અલ્લાહે તેમની તવબહ કબૂલ કરી, ફરી તેમનામાંથી ઘણા આંધળા અને બહેરા થયા; અને અલ્લાહ સઘળું જુએ છે જે કંઈ તેઓ કરે છે. (૭૧)

તફસીર :

અમે બની ઈસ્રાઈલ પાસેથી (તવરાતમાં બધા જ પયગમ્બરોનું સમર્થન અને તેમનું અનુસરણ કરવાનો) કરાર લીધો અને (આ કરાર યાદ અપાવવા માટે) અમે તેમની પાસે ઘણા પયગમ્બરો મોકલ્યા (પરંતુ તેમની એ પરિસ્થિતિ હતી કે,) જ્યારે તેમની પાસે કોઈ પયગમ્બર એવો હુકમ લાવ્યો જે તેમનું દિલ ઈચ્છતું ન હતું (તો તેનો વિરોધ કરવા લાગ્યા) બસ, અમુકને (તો) જૂઠાડતા અને અમુકની (બેધડક) હત્યા કરી નાંખતા. અને (હંમેશા દરેક શરારત ઉપર જ્યારે સજા અથવા મોહલત આપવામાં આવી ત્યારે તેમણે) એ જ અનુમાન લગાવ્યું કે, કંઈ જ સજા નહીં થાય. આ (માન્યતા)થી તેઓ વધારે આંધળા અને બહેરા (જેવા) બની ગયા (કે ન તો અંબિયા અલૈ.ની સચ્ચાઈને જોઈ અને ન જ તેમના કલામને સાંભળ્યું), પછી (એક મુદ્દત પછી) અલ્લાહ તઆલાએ તેમના ઉપર (રહમતની સાથે) ધ્યાન આપ્યું (કે અન્ય કોઈ પયગમ્બરને મોકલ્યા કે, હવે તો

સીધા માર્ગ ઉપર આવે ! પરંતુ) તો પણ (આ જ પ્રમાણે) આંધળા અને બહેરા બની રહ્યા છે, (એટલે બધા તો નહીં પરંતુ) તેમનામાંના ઘણા બધા ! અને અલ્લાહ તઆલા તેમના (આ) અમલોને સારી રીતે જોઈ રહ્યો છે (એટલે કે, તેમની ધારણા ખોટી છે, એટલા માટે તેમને સમયે-સમયે સજા પણ થતી રહી પરંતુ તેમની આ જ પ્રણાલિકા રહી, એટલે સુધી કે હવે આપ ﷺની સાથે આ જ પ્રમાણે જૂઠાડવાની નીતિ અને વિરોધ કરવાનો વર્તાવ શરૂ કર્યો).

મસ્અલા અને બોધપાઠ :

બની ઇસ્રાઈલનો કરારભંગ :

كُلَّمَا جَآءَهُمْ رَسُوْلٌۢ بِمَا لَا تَهْوٰٓى اَنْفُسُهُمْ એટલે કે, જ્યારે બની ઈસ્રાઈલની પાસે તેમના રસૂલો કોઈ હુકમ લઈને આવતા, જે તેમની મરજી પ્રમાણે ન હોય તો કરાર અને વચન તોડીને અલ્લાહ સાથે ગદ્દારી કરતા રહેતા હતા. અલ્લાહ તઆલાના પયગમ્બરોમાંથી અમુકને જૂઠાડતા અને અમુકની હત્યા કરી નાંખતા. આ તો તેમના "ઈમાન બિલ્લાહ" અને "અમલે સાલિહ"ની પરિસ્થિતિ હતી. હવે, "ઈમાન બિલ્ યવમિલ્ આખિર" (કયામતના દિવસ ઉપર ઈમાન)નો અંદાજો એનાથી લગાવી લો કે, તેઓ આ પ્રમાણે સખત અત્યાચાર અને બળવાખોર અપરાધો આચરીને બિલકુલ નચિંત થઈને બેઠા હતા. જાણે કે તેમની આવી પ્રવૃત્તિઓની તેમને કોઈ શિક્ષા જ નહીં થાય અને જુલમ તથા બગાવતના ખરાબ પરિણામો ક્યારેય સામે નહીં આવે. આવી ધારણા બાંધીને અલ્લાહની નિશાનીઓ અને અલ્લાહના કલામ સાથે આંધળા અને બહેરા થઈ ગયા અને જે દુષ્કૃત્યોનું આચરણ કરતા હતા તે બધી પ્રવૃત્તિઓ કરતા રહ્યા. એટલે સુધી કે, અમુક અંબિયા (અલૈ.)ને તો તેમણે કતલ કરી નાંખ્યા અને અમુકને કેદ કર્યા. અંતે અલ્લાહ તઆલાએ તેમના માથા ઉપર બુખ્તે નસર નામના જાલિમને થોપી દીધો. ત્યારબાદ એક લાંબા સમય પછી ફારસના રાજાએ બુખ્તે નસરની અપમાનજનક કેદમાંથી છોડાવીને બેબિલૉનના શાસક પાસેથી બયતુલ મુકદ્દસને પાછું આપ્યું. તે સમયે આ લોકોએ તવબહ કરી અને પોતાની પરિસ્થિતિની સુધારણા તરફ ધ્યાન આપ્યું, ત્યારે અલ્લાહ તઆલાએ તેમની તવબહ કબૂલ કરી, પરંતુ અમુક સમય પછી ફરી પાછી એવી જ શરારતો શરૂ કરી અને બિલકુલ આંધળા-બહેરા થઈને હઝરત ઝકરિયા (અલૈ.) અને હઝરત

યહ્યા (અલૈ.)ની હત્યા કરવાની હિંમત કરી બેઠા તથા હઝરત ઈસા (અલૈ.)ની હત્યા કરવા તૈયાર થઈ ગયા. *(ફવાઈદે ઉસ્માની)*

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૭૨ થી ૭૬)

لَقَدْ كَفَرَ الَّذِينَ قَالُوٓا إِنَّ اللّٰهَ هُوَ الْمَسِيحُ ابْنُ مَرْيَمَ ۖ وَقَالَ الْمَسِيحُ
يٰبَنِيٓ إِسْرَآءِيلَ اعْبُدُوا اللّٰهَ رَبِّي وَرَبَّكُمْ ۖ إِنَّهُ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ
حَرَّمَ اللّٰهُ عَلَيْهِ الْجَنَّةَ وَمَأْوٰىهُ النَّارُ ۖ وَمَا لِلظّٰلِمِينَ مِنْ أَنْصَارٍ ﴿٧٢﴾ لَقَدْ
كَفَرَ الَّذِينَ قَالُوٓا إِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ ۘ وَمَا مِنْ إِلٰهٍ إِلَّآ إِلٰهٌ وَّاحِدٌ ۚ وَإِنْ لَّمْ
يَنْتَهُوا عَمَّا يَقُولُونَ لَيَمَسَّنَّ الَّذِينَ كَفَرُوا مِنْهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٧٣﴾ أَفَلَا
يَتُوبُونَ إِلَى اللّٰهِ وَيَسْتَغْفِرُونَهُ ۚ وَاللّٰهُ غَفُورٌ رَّحِيمٌ ﴿٧٤﴾ مَا الْمَسِيحُ ابْنُ مَرْيَمَ
إِلَّا رَسُولٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ۖ وَأُمُّهُ صِدِّيقَةٌ ۖ كَانَا يَأْكُلَانِ
الطَّعَامَ ۗ انْظُرْ كَيْفَ نُبَيِّنُ لَهُمُ الْاٰيٰتِ ثُمَّ انْظُرْ أَنّٰى يُؤْفَكُونَ ﴿٧٥﴾ قُلْ أَتَعْبُدُونَ
مِنْ دُونِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَكُمْ ضَرًّا وَّلَا نَفْعًا ۖ وَاللّٰهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٧٦﴾

તરજુમો :

બેશક ! કાફિર થયા, જેમણે કહ્યું અલ્લાહ તે જ મસીહ છે મરયમનો પુત્ર; અને મસીહ (અલૈ.)એ કહ્યું છે કે, હે બની ઈસ્રાઈલ ! અલ્લાહની બંદગી કરો, રબ્બ છે મારો અને તમારો; બેશક ! જેણે અલ્લાહનો શરીક (ભાગીદાર) ઠરાવ્યો બસ, અલ્લાહે તેના ઉપર જન્નત હરામ કરી, અને તેનું ઠેકાણું દોઝખ છે, અને ગુનેહગારોની મદદ કરવાવાળું કોઈ નથી. (૭૨) બેશક ! કાફિર થયા, જેમણે કહ્યું અલ્લાહ ત્રણ (ત્રિનિટી)માં એક છે; જ્યારે કે કોઈ મઅ્બૂદ નથી એક મઅ્બૂદના સિવાય; અને જો એ વાતથી અટકશે નહીં કે (જે) કહે છે તો બેશક ! તેમનામાંથી કુફ્ર ઉપર કાયમ રહેનારાઓને દર્દનાક અઝાબ પહોંચશે. (૭૩) અલ્લાહની આગળ કેમ તવબહ કરતા

નથી અને તેનાથી ગુનાહ બખ્શાવતા (નથી) ? અને અલ્લાહ મહાન બખ્શનારો મહેરબાન છે. (૭૪) મરયમનો પુત્ર મસીહ નથી પરંતુ રસૂલ ! તેમનાથી પહેલાં ઘણા રસૂલ ગુઝરી ચૂક્યા, અને તેમની માં વલી (સિદ્દીકહ) છે, બંને ખાવું ખાતા હતા; જુઓ અમે કઈ રીતે તેમને દલીલો બતાવીએ છીએ ? પછી જુઓ તેઓ ક્યાં ઊલટા (ઉંધા) જઈ રહ્યા છે ! (૭૫) તમે કહી આપો ! શું તમે અલ્લાહને છોડીને એવી વસ્તુની બંદગી કરો છો જે માલિક નથી તમારા બુરાની અને ન (જ) ભલાઈની ? અને અલ્લાહ તે જ છે સઘળું સાંભળવાવાળો જાણવાવાળો. (૭૬)

તફસીર :

બેશક ! તે લોકો કાફિર થઈ ચૂક્યા, જેમણે એવું કહ્યું કે, અલ્લાહ મસીહ ઈબ્ને મરયમ (અલૈ.) જ છે (એટલે કે, બંને એક જ સંયુક્ત છે) જ્યારે કે, (હઝરત) મસીહ (અલૈ.)એ કહ્યું હતું, હે બની ઈસ્રાઈલ ! તમે અલ્લાહ તઆલાની ઈબાદત કરો, જે મારો પણ પરવરદિગાર છે અને તમારો પણ પરવરદિગાર છે (અને તેમણે આ નિવેદન વડે પોતાના બંદા હોવાની સ્પષ્ટતા કરી દીધી છે, પછી તેમને નઊઝુબિલ્લાહ ! અલ્લાહ કહેવું એવી જ વાત છે કે, "મુદ્દઈ સુસ્ત ગવાહ ચુસ્ત" દા'વેદારને કંઈ પડી નથી અને ગવાહ અધીરો થઈ રહ્યો છે) બેશક ! જે વ્યક્તિ અલ્લાહ તઆલા સાથે (કોઈને તેની ખુદાઈમાં અથવા ખુદાઈ સિફતોમાં) ભાગીદાર ઠરાવે છે, બસ તેના ઉપર અલ્લાહ જન્નત હરામ કરી દે છે અને તેનું ઠેકાણું (હંમેશા માટે) દોઝખ છે અને એવા અત્યાચારીઓનો કોઈ મદદગાર હશે નહીં (કે તેમને દોઝખથી બચાવીને જન્નતમાં પહોંચાડી શકે અને જેવી રીતે હઝરત ઈસા અલૈ. અલ્લાહ સાથે સંયુક્ત હોવાની માન્યતા કુફ્ર છે, એ જ પ્રમાણે ત્રિનિટીની માન્યતા પણ કુફ્ર છે. બસ,) નિઃશંક ! તે લોકો પણ કાફિર છે, જેઓ કહે છે કે અલ્લાહ તઆલા ત્રણ (મઅ્બૂદો)માં એક (ત્રિનિટી) છે. જ્યારે કે, એકમાત્ર તે મઅ્બૂદ સિવાય કોઈ મઅ્બૂદ નથી (ન બે અને ન ત્રણ, જ્યારે આવો અકીદહ જ કુફ્ર અને શિર્ક છે તો .....اِنَّـهٗ مَنۡ يُّشۡرِكۡ પ્રમાણે જે સજા નક્કી છે, તે તેમના ઉપર પણ લાગુ પડશે) અને જો આ (બંને અકીદાઓથી) લોકો પોતાના (કુફ્રિય્યહ) નિવેદનોથી અટકશે નહીં તો (સમજી રાખો કે) જે લોકો તેમનામાં કાફિર રહેશે તેમના ઉપર (આખિરતમાં) દર્દનાક

અઝાબ આવી પડશે. શું (આ વિષયો એટલે કે તવહીદ અને તેના વિરુદ્ધ કરવા ઉપર ચેતવણીઓ અને ધમકીઓ સાંભળ્યા) પછી પણ (પોતાની તે માન્યતાઓ અને નિવેદનોથી) અલ્લાહ સમક્ષ તવબહ નથી કરતા અને તેની મા'ફી નથી ઈચ્છતા ? જ્યારે કે અલ્લાહ તઆલા (જ્યારે કોઈ તવબહ કરે છે તો) મહાન મા'ફ કરનારો (અને) મહાન રહમતવાળો છે ! (હઝરત) મસીહ ઈબ્ને મરયમ (અલૈ. ખુદા અથવા ખુદાના કોઈ અંગ) કંઈ પણ નથી, ફક્ત એક પયગમ્બર છે, જેમના અગાઉ અન્ય પયગમ્બરો (મોઅ્જિઝાઓ સાથે) ગુઝરી ચૂક્યા છે (જેમને ખ્રીસ્તીઓ ખુદા નથી માનતા, બસ જો પયગમ્બરી અથવા તાર્કિક દલીલથી કોઈ ખુદા બની જતું હોત તો બધાને જ ખુદા માનવું જોઈએ અને જો ખુદા હોવાની આ દલીલ નથી, તો હઝરત મસીહ અલૈ.ને શા માટે ખુદા કહો છો ? મતલબ કે, જ્યારે અન્યોને ખુદા નથી કહેતા તો હઝરત ઈસા અલૈ.ને પણ ન કહો) અને (એ જ પ્રમાણે) તેમની વાલિદહ (પણ ખુદા નથી બલકે, તે) એક "વલી" સ્ત્રી છે (જેમકે, અન્ય સ્ત્રીઓ પણ વલી થઈ ચૂકી છે અને બંને વ્યક્તિઓ ખુદા ન હોવાની દલીલોમાંથી એક સરળ અને સ્પષ્ટ દલીલ આ છે કે,) બંને (વ્યક્તિઓ) ખાવું ખાતા હતા (અને જે વ્યક્તિ ખાવું ખાય છે, તે તેનો મોહતાજ હોય છે અને ભોજન કરવું ભૌતિક જરૂરિયાતોમાંથી છે. આમ, ભૌતિકતાની જરૂરિયાત અસ્તિત્વ ટકાવી રાખવા માટે હોય છે અને આમ, આ શક્ય-અશક્ય તથા કાર્ય અને કારણથી સંબંધ ધરાવતી બાબત છે. માટે જે વ્યક્તિ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે કાર્ય-કારણનો મોહતાજ હોય, તે ખુદા હોઈ જ ન શકે) જૂઓ (તો ખરા !) અમે કેટલી સ્પષ્ટ દલીલો તેમની સામે વર્ણન કરી રહ્યા છે, પછી જૂઓ તેઓ કઈ ઊંધી દિશાએ જઈ રહ્યા છે ? આપ (ﷺ) કહી આપો ! શું અલ્લાહના સિવાય એ(વી મખ્લૂક)ની ઈબાદત કરો છો જે ન તો તમને કોઈ નુકસાન પહોંચાડવાનો અધિકાર ધરાવે છે અને ન જ લાભ પહોંચાડવાનો (અધિકાર ધરાવે છે અને પોતે લાચાર હોવું તો ખુદાઈ શા'નની બિલકુલ વિરોધી બાબત છે). જ્યારે કે, અલ્લાહ તઆલા સઘળું સાંભળે છે, સઘળું જાણે છે (તો પણ અલ્લાહથી નથી ડરતા ? અને પોતાના કુફ્ર અને શિર્કથી અટકતા નથી ?)

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, اِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ એટલે કે, નસારાના

મતે હઝરત મસીહ (અલૈ.), રૂહૂલ કુદ્દસ (પવિત્ર આત્મા) અને અલ્લાહ અથવા બીજા શબ્દોમાં કહીએ તો હઝરત ઈસા (અલૈ.), હઝરત મરયમ (અલૈ.) અને અલ્લાહ આ ત્રણે મળીને અલ્લાહ છે. નઊઝુબિલ્લાહ ! આ ત્રણમાંથી એક હિસ્સેદાર અલ્લાહ થયો પછી તે ત્રણે એક અને તે એક ત્રણ છે. ખ્રીસ્તીઓની સામાન્ય માન્યતા આ જ પ્રમાણે છે અને અતાર્કિક તથા ગુમરાહ અકીદહના સમર્થનમાં ગોળ-ગોળ અને સંદિગ્ધ લખાણો રજૂ કરે છે અને જ્યારે કોઈની સમજમાં કશું નથી આવતું તો તેને અક્કલ દ્વારા સમજાવી ન શકાય એવી બાબત ઠરાવે છે. *(ફવાઈદે ઉસ્માની)*

હઝરત ઈસા (અલૈ.) ઈલાહી હોવાનો રદિયો :

હઝરત ઈસા (અલૈ.) સર્વશક્તિમાન નથી. અલ્લાહ તઆલા ફરમાવે છે, قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ એટલે કે, જેવી રીતે અન્ય અંબિયા (અલૈ.) દુનિયામાં આવ્યા અને અમુક દિવસો રહીને આ ફાની દુનિયામાંથી કૂચ કરી ગયા અને તેમને કોઈ કાયમી જીવન પ્રાપ્ત ન થયું હતું કે જે માત્ર ઈલાહીની જ શા'ન છે. એ જ પ્રમાણે હઝરત મસીહ (અલૈ.) પણ તેમના જ જેવા એક મનુષ્ય છે જેમને અનંતકાળ સુધીનું કાયમી દુનિયવી જીવન પ્રાપ્ત નથી. એટલા માટે તેઓ ઈલાહી નથી હોઈ શકતા.

થોડો વિચાર કરો તો જાણ થશે કે, જે વ્યક્તિ ખાવા-પીવાનો મોહતાજ છે તે લગભગ દુનિયાની દરેક બાબતોનો મોહતાજ છે. જમીન, હવા, પાણી, સૂર્ય અને પ્રાણીઓ વગેરે બધી જ જરૂરિયાતની ચીજવસ્તુઓથી તે અલિપ્ત નથી રહી શકતો, જે સાબિત થયેલ બાબત છે અને નક્કર દલીલો સાથે સાબિત થયેલ છે. જે વ્યક્તિ ખાવા અને પીવાની જરૂરતથી ઉપરવટ ન હોય તે દુનિયાની કોઈ આવશ્યક ભૌતિક બાબતથી છુટકારો મેળવી નથી શકતો. પછી તમે જ કહો કે, જે વ્યક્તિ તમામ મનુષ્યોની જેમ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા કાર્ય-કારણના ભૌતિક સંબંધોથી ઉપરવટ ન હોય તે ખુદા કઈ રીતે બની શકે છે ? આ એવી નક્કર અને સ્પષ્ટ દલીલ છે, જેને વિદ્વાન અથવા અજ્ઞાની બધા જ સમાન રીતે સમજી શકે છે. એટલે કે, ખાવું-પીવું ખુદાના દરજ્જાથી વિરુદ્ધ બાબત છે. જો કે, ન ખાવું પણ કોઈ ઈલાહિય્યતની દલીલ નથી, નહિતર બધા જ ફરિશ્તાઓ ખુદા બની ગયા હોત. નઊઝુબિલ્લાહ. *(ફવાઈદે ઉસ્માની)*

હઝરત મરયમ (અલૈ.) નબી હતા કે વલી ? :

હઝરત મરયમ (અલૈ.)ના જન્મ અને નુબુવ્વત વિશે વિવિધ મતભેદો છે. પ્રસ્તુત આયતમાં તેમના વખાણમાં શબ્દ صِدِّيْقَةٌ (સિદ્દીકહ) વડે દેખીતી રીતે એ તરફ ઈશારો થયો હોવાનું જાણ થાય છે કે, હઝરત મરયમ (અલૈ.) وَلِیٌ "વલી" હતા, નબી ન હતા. કારણ કે, વખાણમાં ઉચ્ચ કક્ષાનું વર્ણન કરવામાં આવે છે. જો હઝરત મરયમ (અલૈ.)ને નુબુવ્વત મળી હોત તો અહીંયાં نَبِيَّةٌ (નબિય્યહ) કહેવામાં આવ્યું હોત. બલકે, અહીંયાં صِدِّيْقَةٌ "સિદ્દીકહ" કહેવામાં આવ્યું છે, જે "વલી"નો દરજ્જો છે. *(રૂહુલ મઆનીના ટૂંક સારમાંથી)*

જમહૂર ઉમ્મતની તહકીક એ જ છે કે, સ્ત્રીઓમાં નુબુવ્વત નથી આવી. આ હોદ્દો પુરુષો માટે જ ખાસ વિશિષ્ટ રહ્યો છે. وَمَا اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا رِجَالًا نُوْحِیْ اِلَيْهِمْ مِّنْ اَهْلِ الْقُرٰی (يُوسُف، ركوع ١٢) *(ફવાઈદે ઉસ્માની)*

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૭૭ થી ૮૧)

قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ لَا تَغْلُوْا فِیْ دِيْنِكُمْ غَيْرَ الْحَقِّ وَلَا تَتَّبِعُوْۤا اَهْوَآءَ قَوْمٍ قَدْ
ضَلُّوْا مِنْ قَبْلُ وَاَضَلُّوْا كَثِيْرًا وَّ ضَلُّوْا عَنْ سَوَآءِ السَّبِيْلِ ﴿٧٧﴾ لُعِنَ الَّذِيْنَ
كَفَرُوْا مِنْۢ بَنِیْۤ اِسْرَآءِيْلَ عَلٰى لِسَانِ دَاوٗدَ وَعِيْسَى ابْنِ مَرْيَمَ ؕ ذٰلِكَ بِمَا
عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ﴿٧٨﴾ كَانُوْا لَا يَتَنَاهَوْنَ عَنْ مُّنْكَرٍ فَعَلُوْهُ ؕ لَبِئْسَ مَا
كَانُوْا يَفْعَلُوْنَ ﴿٧٩﴾ تَرٰى كَثِيْرًا مِّنْهُمْ يَتَوَلَّوْنَ الَّذِيْنَ كَفَرُوْا ؕ لَبِئْسَ مَا
قَدَّمَتْ لَهُمْ اَنْفُسُهُمْ اَنْ سَخِطَ اللّٰهُ عَلَيْهِمْ وَفِی الْعَذَابِ هُمْ خٰلِدُوْنَ ﴿٨٠﴾ وَلَوْ
كَانُوْا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالنَّبِیِّ وَمَاۤ اُنْزِلَ اِلَيْهِ مَا اتَّخَذُوْهُمْ اَوْلِيَآءَ وَلٰكِنَّ
كَثِيْرًا مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿٨١﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહો, હે અહલે કિતાબ ! પોતાના દીનની વાતમાં

નાહકની અતિશયોક્તિ (ગુલૂ) ન કરો, અને તે લોકોની મનેચ્છાઓ ઉપર ન ચાલો જેઓ પહેલાં ગુમરાહ થઈ ચૂક્યા અને ઘણાઓને ગુમરાહ કરી ગયા અને સીધા માર્ગથી બહેકી (ભટકી) ગયા. (૭૭) મલઊન (શાપિત) થયા બની ઈસ્રાઈલમાંના કાફિર દાવુદ (અલૈ.)ની જીભ ઉપર અને ઈસા મરયમના બેટા (અલૈ.)ની; આ એટલા માટે કે તેઓ નાફરમાન હતા અને હદથી ગુજરી (મર્યાદા ઓળંગી) ગયા હતા. (૭૮) પરસ્પર બુરા કામથી રોકતા ન હતા જે તેઓ કરી રહ્યા હતા, કેટલું ખરાબ કામ છે જે કરતા હતા! (૭૯) તમે તેમનામાં ઘણા લોકો જુઓ છો કાફિરો સાથે દોસ્તી કરે છે, તેમણે પોતાના માટે કેટલો બુરો સામાન મોકલ્યો! તે એ કે તેમના ઉપર અલ્લાહનો ગઝબ (ક્રોધ) થયો, અને તેઓ હંમેશા અઝાબમાં રહેવાવાળા છે. (૮૦) અને જો તેઓ અલ્લાહ ઉપર યકીન રાખત અને નબી ઉપર અને જે નબી ઉપર ઊતર્યું (તેના ઉપર), તો કાફિરોને દોસ્ત ન બનાવત પરંતુ તેમનામાં ઘણા લોકો નાફરમાન છે. (૮૧)

તફસીર :

આપ (ﷺ તે નસારાને) કહી આપો કે, હે અહલે કિતાબ! તમે તમારા દીન(ના મા'મલા)માં નાહક અતિશયોક્તિ ન કરો (અને મર્યાદા ન વટાવો) અને તે (અતિશયોક્તિના વિષય)માં તે લોકોની મનેચ્છાઓ (તથા વાહિયાત અને વ્યર્થ વાતો) ઉપર ન ચાલો જે (તે સમય) અગાઉ પોતે પણ ભૂલમાં પડી ચૂક્યા છે અને (પોતાની સાથે) ઘણા બધાઓને (લઈને ખોટા માર્ગે ડૂબ્યા છે અને તેમને પણ) ભૂલમાં નાંખી ચૂક્યા છે અને (તેમની ભૂલના કારણે સત્ય બદલાય ગયું નથી અને એવું નથી કે આ બાબત અસત્ય હોવાની જાણ પણ ન થાય, બલકે) તે લોકો સીધા માર્ગ(ઉપલબ્ધ હોવા છતાં જાણીબૂજી તેના)થી દૂર (અને અલગ) થઈ ગયા હતા (એટલે કે, જ્યારે તેમની ભૂલ દલીલોથી સાબિત થઈ ગઈ, પછી તેનું અનુસરણ કરવાનું કેમ નથી છોડતા ?) બની ઈસ્રાઈલમાં જે લોકો કાફિર હતા તેમના ઉપર (અલ્લાહ તઆલા તરફથી સખત) લા'નત કરવામાં આવી હતી (ઝબૂર અને ઇન્જીલમાં જેની જાહેરાત હઝરત) દાવુદ (અલૈ.) અને (હઝરત) ઈસા ઇબ્ને મરયમ (અલૈ.)ની જીભેથી (થઈ, એટલે કે ઝબૂર અને ઇન્જીલમાં

કાફિરો ઉપર લા'નત લખવામાં આવી હતી, જેમકે કુર્આન મજીદમાં પણ છે فَلَعْنَةُ اللّٰهِ عَلَى الْكٰفِرِيْنَ કારણ કે, આ કિતાબો હઝરત દાવુદ અને હઝરત ઈસા અલૈ. ઉપર નાઝિલ થઈ. એટલા માટે આ વિષય તેમના મુખેથી જાહેર થયો અને) આ લા'નત એ કારણે થઈ કે, તેમણે (ઈમાન વિશેના) હુકમનો વિરોધ કર્યો (કે જે કુફ્ર છે) અને (આ વિરોધમાં) મર્યાદાથી (ઘણે દૂર) નીકળી ગયા (એટલે કે, તેમનું કુફ્ર પણ સખત હતું, પછી સખતની સાથે-સાથે નીચ કક્ષાનું પણ હતું અને તેમણે તેના ઉપર પોતાની માન્યતાનો આધાર લગભગ ભવિષ્ય માટે પણ અવલંબિત રાખ્યો હતો એટલા માટે) જે ખરાબ કૃત્ય (એટલે કે કુફ્ર) તેમણે (અપનાવી) કરી રાખ્યું હતું, તેનાથી (હવે પછી આવનારા સમયમાં પણ) અટકવાના ન હતા (બલકે, તેના ઉપર અડગ હતા. પછી તેમનું કુફ્ર સખત અને કઠોર હોવાના કારણે તેમના ઉપર વધારે સખત લા'નત કરવામાં આવી) વાસ્તવમાં તેમનું (આ ઉપરોક્ત પ્રમાણેનું) કૃત્ય (અને તે પણ ખૂબ સખત અને કઠોર) બેશક ! ઘણું જ ખરાબ હતું (કે તેના ઉપર તેમની સજા નક્કી કરવામાં આવી) તમે તેમનામાંથી (એટલે કે યહૂદીઓમાંથી) ઘણા બધા લોકોને જોશો કે, (મુશ્રિક) કાફિરો સાથે દોસ્તી કરે છે (એટલા માટે મદીનાના યહૂદીઓ અને મક્કાના મુશ્રિકોમાં મુસલમાનોની દુશ્મનીના કારણે જેનો હેતુ કુફ્રના અનુયાયીઓનું સંગઠન હતું, પરસ્પર ખૂબ સાઠ-ગાંઠ હતી) જે કામ તેમણે આગળ (ભોગવવા) માટે કર્યું છે (એટલે કે કુફ્ર, જે કાફિરો સાથે દોસ્તીનું અને મો'મિનો સાથે વેર-ઝેરનું કારણ છે) બેશક ! તે ઘણું ખરાબ છે કે, (તેના કારણે) અલ્લાહ તઆલા તેમના ઉપર (હંમેશા માટે) નાખુશ થયો અને (આ નાખુશીનું કાયમી પરિણામ એ હશે કે) એ લોકો અઝાબમાં હંમેશા માટે રહેશે અને જો આ (યહૂદી) લોકો અલ્લાહ ઉપર ઈમાન રાખતા હોત અને પયગમ્બર (એટલે કે, હઝરત મૂસા અલૈ.) ઉપર (ઈમાન રાખતા હોત, જેનો તેઓ દા'વો કરી રહ્યા છે) અને તેમની કિતાબ ઉપર (ઈમાન રાખતા હોત) જે તે (પયગમ્બર અલૈ.)ની પાસે (ઉપર) મોકલવામાં આવી હતી (એટલે કે તવરાત) તો તેઓને (એટલે કે મુશ્રિકોને) દોસ્ત ન બનાવ્યા હોત, પરંતુ તેમાં મોટા ભાગના લોકો ઈમાન(ના વર્તુળ)થી બહાર જ છે (એટલા માટે કાફિરો સાથે તેમનું સંગઠન અને સાંઠગાંઠ બંધાઈ ગઈ).

મસ્અલા અને બોધપાઠ :

બની ઇસ્રાઈલના ખોટા અને જૂઠા પ્રપંચોનું એક બીજું પાસું :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, قُلْ يَـٰٓأَهْلَ الْكِتَـٰبِ لَا تَغْلُوا۟ فِى دِينِكُمْ પાછલી આયતમાં બની ઈસ્રાઈલની શરારત અને તેમના અત્યાચાર તથા અતિરેકનું વર્ણન કરવામાં આવ્યું હતું કે, અલ્લાહ તઆલાના મોકલેલા રસૂલ (અલૈ.) જે તેમના માટે શ્રેષ્ઠ જીવન સંદેશ અને તેમની દુનિયા અને આખિરતને શણગારવાનું બંધારણ લઈને આવ્યા હતા, તેમને પોતાની ઈચ્છિત મંઝિલ સુધી પહોંચાડવાના બદલે અને તેમનું માન-સન્માન કરવાના બદલે તેમણે તેમની સાથે દુષ્ટતાથી વર્તન કર્યું, فَرِيقًا كَذَّبُوا۟ وَفَرِيقًا يَقْتُلُونَ એટલે કે, "અમુક અંબિયા (અલૈ.)ને જૂઠાડ્યા અને અમુકની તો હત્યા કરી નાંખી."

પ્રસ્તુત આયતોમાં તે જ બની ઈસ્રાઈલના ખોટા અનાચારો અને દુરાચારોનું બીજું પાસું બતાવવામાં આવ્યું છે કે, આ અજ્ઞાનીઓ શરારત અને અવજ્ઞા કરવામાં એ હદે પહોંચી ચૂક્યા હતા કે, તેમણે અલ્લાહ તઆલાના રસૂલોને જૂઠા કહ્યા અને અમુકની તો હત્યા કરી નાંખી અથવા તો માર્ગ ભટકી જઈ ખોટા માર્ગે એવા દરજ્જે પહોંચી ગયા કે, રસૂલોના માન-સન્માનમાં અતિશયોક્તિ કરીને તેમને ખુદા જ બનાવી બેઠા. لَقَدْ كَفَرَ الَّذِينَ قَالُوٓا۟ إِنَّ اللَّهَ هُوَ الْمَسِيحُ ابْنُ مَرْيَمَ એટલે કે, "તે બની ઈસ્રાઈલ કાફિર થઈ ગયા, જેમણે એવું કહ્યું કે અલ્લાહ તો ઈસા ઈબ્ને મરયમ (અલૈ.)નું જ નામ છે." નઊઝુબિલ્લાહ.

અહીંયાં તો આ નિવેદન ફક્ત નસારાએ કહ્યું હોવાનું પ્રસ્તુત છે. અન્ય સ્થળે આ અતિરેક અને ગુમરાહી યહૂદીઓએ પણ કરી હોવાનું વર્ણન છે. قَالَتِ الْيَهُودُ عُزَيْرٌ ابْنُ اللَّهِ وَقَالَتِ النَّصَـٰرَى الْمَسِيحُ ابْنُ اللَّهِ એટલે કે, "યહૂદીઓએ તો એમ કહી આપ્યું કે, હઝરત ઉઝૈર (અલૈ.) અલ્લાહના દિકરા છે અને નસારાએ એવું કહ્યું કે, હઝરત ઈસા ઈબ્ને મરયમ (અલૈ.) અલ્લાહના બેટા છે."

"ગુલૂ"નો અર્થ મર્યાદાના વર્તુળથી બહાર નીકળી જવાનો છે. દીનમાં ગુલૂનો અર્થ એ છે કે, માન્યતા અને આચરણમાં દીને જે હદો નક્કી કરી છે તેનું ઉલ્લંઘન કરી અતિશયોક્તિ કરવી. દાખલા તરીકે, અંબિયા (અલૈ.)ના સન્માનની

હદ એ છે કે, તેમને અલ્લાહની મખ્લૂકમાં સૌથી શ્રેષ્ઠ સમજવા જોઈએ. આ હદથી આગળ વધીને જો કોઈ તેમને ખુદા અથવા ખુદાના બેટા જ કહી આપે, તો માન્યતાની દૃષ્ટિએ આ બાબત "ગુલૂ" અથવા અતિશયોક્તિ છે.

બની ઇસ્રાઈલની "ઇફરાત" (કોઈના હોદ્દા અથવા અધિકાર વિશે અતિશયોક્તિ કરવી) અને "તફરીત" (કોઈના હોદ્દા અથવા અધિકારને હલકુ પાડી અપમાનજનક નીચી કક્ષાનું માનવું) :

આમ અંબિયા (અલૈ.)ની બાબતમાં બની ઈસ્રાઈલના આ બે વિરોધાભાસી આચરણો કે, યા તો તેમણે અંબિયા (અલૈ.)ને જૂઠા કહ્યા અથવા તો તેમની હત્યા કરી નાંખવા સુદ્ધાંમાં ખચકાટ ન અનુભવ્યો અથવા તો એવો અતિરેક અને અતિશયોક્તિ કરી કે, તેમને પોતે જ ખુદા અથવા ખુદાના બેટા ઠરાવી દીધા. આ એ જ "ઈફરાત" અને "તફરીત" છે જે અજ્ઞાનતાના કાળના મુખ્ય દુર્ગુણમાંથી છે. અરબની મશ્હૂર કહેવત اَلْجَاهِلُ اِمَّامُفْرِطٌ اَوْمُفَرِّطٌ એટલે કે, અજ્ઞાની વ્યક્તિ ક્યારેક મધ્યમ માર્ગ અને વચ્ચેનો રસ્તો છોડી દે છે બલકે, ક્યારેક તેમાં અતિશયોક્તિ કરી બેસે છે અથવા તો કોઈ બાબતને હલકુ પાડી તેને નીચલા દરજ્જાનો બતાવે છે. અહીંયાં "ઈફરાત"નો અર્થ "મર્યાદા વટાવી અતિશયોક્તિ કરવા"નો થાય છે અને "તફરીત"નો અર્થ "કોઈ ફરજ પૂર્ણ કરવામાં ઉણપ રાખવી" અને "હોય તેના કરતા ઓછું કરવું." આ ઈફરાત અને તફરીત વિશે એ પણ શક્ય છે કે, તે બની ઈસ્રાઈલના બે વિરોધી વર્ગો તરફથી પ્રચલિત થયું હોય અને એ પણ શક્ય છે કે, એક જ વર્ગના આ બે વિરોધી આચરણો વિવિધ અંબિયા (અલૈ.) સાથે કરવામાં આવ્યા હોય કે, અમુકને તો જૂઠાડી તેમની હત્યા કરવાની કક્ષાએ પહોંચી ગયા અને અમુકને તો ખુદા બનાવી બેઠા.

આ આયતોમાં અહલે કિતાબને સંબોધન કરીને જે માર્ગદર્શન તેમને અને કયામત સુધી આવનારી પેઢીઓને આપવામાં આવ્યું છે, તે દીન અને ધર્મ અને તેના અનુસરણ કરવા માટેના એક પાયાના સિદ્ધાંતનું સ્વરૂપ ધરાવે છે કે, તેનાથી લેશમાત્ર આમ-તેમ થવાથી મનુષ્ય ગુમરાહીની ગુફામાં ધકેલાય જાય છે. એટલા માટે તેની સ્પષ્ટતા સમજી લઈએ.

અલ્લાહ જલ્લ શા'નુહૂ સુધી પહોંચવાની રીત :

હકીકત એમ છે કે, સમગ્ર દુનિયા અને તેમાં ઉપસ્થિત દરેક પદાર્થ અને મખ્લૂકનો એકમાત્ર માલિક અને સર્જનહાર ફક્ત એક અલ્લાહ જલ્લ શા'નુહૂ જ છે, સઘળી તેની જ મિલકત છે અને સર્વત્ર તેનો જ હુકમ છે, તેનું જ અનુસરણ અને તાબે'દારી દરેક વ્યક્તિ ઉપર જરૂરી છે, પરંતુ બીચારો મનુષ્ય માટીનું પૂતળું પોતાની ભૌતિક જરૂરિયાતોની વિટંબળાઓમાં ઘેરાયેલો છે ! તેની સમગ્ર પહોંચ જાતે કુદુસ સુધી અથવા તેના હુકમો અને માર્ગદર્શન પ્રાપ્ત કરવા સુધી કઈ રીતે હોઈ શકે ? અલ્લાહ જલ્લ શા'નુહૂએ પોતાની કૃપાથી તેના માટે બે માર્ગો અને માધ્યમો નક્કી કર્યા, જેથી તેના દ્વારા મનુષ્યને અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણેનું "પ્રિય અને અપ્રિય" તથા "કરો અને ન કરો"નું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે. તે માધ્યમોમાં એક, અલ્લાહની કિતાબો જે મનુષ્ય માટે કાયદો અને માર્ગદર્શક પત્રિકાનું સ્વરૂપ ધરાવે છે અને બીજું, પોતાના એવા ખાસ ચૂંટી કાઢેલા અતિપ્રિય બંદાઓ જેને અલ્લાહ તઆલાએ મનુષ્યોમાંથી જ ચૂંટી કાઢ્યા છે અને તેમને પોતાની પ્રિય અને અપ્રિય બાબતોનો તાદશ્ય નમૂનો બનાવીને તથા પોતાની કિતાબની સજીવન તફસીર બનાવીને મોકલ્યા, જેને દીનની પરિભાષામાં રસૂલ અથવા નબી (અલૈ.) કહેવામાં આવે છે. કારણ કે, અનુભવો સાક્ષી છે કે, કોઈ કિતાબ ભલે ગમે એટલી ઠોસ અને વિગતવાર કેમ ન હોય, કોઈ મનુષ્યની સુધારણા અને કેળવણી માટે પૂરતી નથી હોતી. બલકે, સ્વાભાવિક રીતે મનુષ્યનો કેળવણીકાર અને સુધારક માત્ર મનુષ્ય જ હોય શકે છે. એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ માનવોની સુધારણા અને કેળવણી માટે બે ક્રમ (સિલસિલા) રાખ્યા. એક, "કિતાબુલ્લાહ" (અલ્લાહની કિતાબ) અને બીજું, "રિજાલુલ્લાહ" (અલ્લાહના અલ્લાહવાળા બંદાઓ), તેમાં અંબિયા (અલૈ.) અને પછી તેમના વારસદાર અને નાયબો, ઉલમા, મશાઈખ બધા જ સામેલ છે. રિજાલુલ્લાહના આ ક્રમ વિશે પ્રાચીન સમયથી દુનિયામાં "ઈફરાત" અને "તફરીત"ની ભૂલો થતી આવી છે. દરેક ધર્મમાં જેટલા પણ વિવિધ સંપ્રદાયો ઉપસ્થિત થયા, તે બધા જ આ એક ભૂલની પેદાવાર છે કે, ક્યાંક તો તેમાં મર્યાદા વટાવીને વ્યક્તિપૂજાની નોબત સુધી પહોંચી ગયા અને ક્યાંક તો તેનાથી બિલકુલ વિરુદ્ધ આચરણ કરીને حَسْبُنَا كِتَابُ اللّٰهِ ના ગલત અર્થો કાઢી તેને પોતાનું પ્રતીક બનાવી લીધું. એક

બાજુ રસૂલે કરીમ ﷺને બલકે, પીરોને પણ આલિમુલ ગયૂબ અને ખાસ ખુદાઈ સિફતોના માલિક સમજી બેઠા અને ક્યાંક તો પીરપૂજા બલકે, કબ્રપૂજા સુધી પહોંચી ગયા. વળી, એનાથી વિપરીત બીજી બાજુ અલ્લાહના રસૂલ ﷺને પણ ફક્ત એક ચિઠ્ઠીના ચાકર અને માત્ર સંદેશાવાહક સ્વરૂપે સમજવામાં આવ્યા. નઊઝુબિલ્લાહ !

પ્રસ્તુત આયતોમાં રસૂલોનું અપમાન કરનારાઓને પણ કાફિર ઠરાવવામાં આવ્યા છે અને તેમને હદથી વધારીને અલ્લાહ તઆલા સમકક્ષ કહેનારાઓને પણ કાફિર કહેવામાં આવ્યા છે. આયત لَا تَغْلُوْا فِىْ دِيْنِكُمْ આ જ વિષયની પ્રસ્તાવના છે, જેણે સ્પષ્ટ અને ચોખ્ખો ખુલાસો કરી દીધો કે, દીન વાસ્તવમાં અમુક મર્યાદાઓ અને સીમાઓનું જ નામ છે. મર્યાદાઓ અને સીમાઓમાં ઉણપ રાખી તેમાં ઓછું કરવું અથવા હલકું પાડવું જે પ્રમાણે મોટો ગુનોહ છે, તે જ પ્રમાણે આ મર્યાદાઓનું ઉલ્લંઘન કરી કોઈ બાબતને હદથી વધારી અતિશયોક્તિ કરવી પણ મહાન અપરાધ છે. જે પ્રમાણે રસૂલો અને તેના નાયબોની વાત ન માનવી, તેમનું અપમાન કરવું વગેરે જઘન્ય અપરાધ અને મોટો ગુનોહ છે, એ જ પ્રમાણે તેમને અલ્લાહ તઆલાની ખાસ વિશિષ્ટ સિફતોના માલિક અથવા તો તેના સમકક્ષ સમજી લેવું તેનાથી પણ મોટો ગુનોહ છે.

ન્યાયી રીતે જ્ઞાનપૂર્ણ સંશોધન કરવું "ગુલૂ" (અતિશયોક્તિ) નથી :

પ્રસ્તુત આયતમાં لَا تَغْلُوْا فِىْ دِيْنِكُمْ સાથે غَيْرَ الْحَقِّ લાવવામાં આવ્યું છે, જેનો અર્થ એ છે કે, નાહક ગુલૂ (અતિશયોક્તિ) ન કરો. વિવિધ વિવરણકારોના મતે આ શબ્દનો તાકીદ માટે ઉપયોગ થયો છે. કારણ કે, "ગુલૂ ફિ દીન" (દીનમાં અતિશયોક્તિ) હંમેશા અસત્ય અને નાહક જ હોય છે, તેના હક હોવાની સંભાવના જ નથી. અલ્લામહ જમખશરી (રહ.) વગેરેએ આ સ્થળે ગુલૂના બે પ્રકારો ઠરાવ્યા છે. એક, નાહક અને બાતિલ જેની મનાઈ આ સ્થળે કરવામાં આવી છે. બીજું, હક અને જાઇઝ જેના ઉદાહરણમાં કોઈ બાબતમાં ન્યાયી રીતે જ્ઞાનપૂર્ણ સંશોધનને રજૂ કર્યું છે, જેમકે અકીદહના મસ્અલાઓમાં મુતકલ્લિમીન (વિદ્વાન થિયોલૉજીસ્ટ) અને ફિક્હી મસ્અલાઓમાં ફુકહાઓની રીત રહી છે, તેમના સમીપ એ પણ જો કે ગુલૂ છે પરંતુ "ગુલૂ-એ-હક્ક" અને જાઇઝ છે તથા

જમહૂરનું સંશોધન એ છે કે, આ બાબત ગુલૂની વ્યાખ્યામાં સામેલ જ નથી. કુર્આન અને સુન્નતના મસ્અલાઓમાં ઊંડી દષ્ટિ ધરાવવી અને ખૂબ ગહન સંશોધન સુધી પહોંચવું જેટલી મર્યાદામાં રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) તથા તાબિઈન (રહ.)થી સાબિત થયું છે, તે ગુલૂમાં સામેલ નથી અને જો કોઈ આ બાબતમાં પણ ગુલૂની મર્યાદા સુધી પહોંચે તો તે પણ ટીકાપાત્ર છે.

બની ઇસ્રાઈલને મધ્યમમાર્ગ ઉપર ચાલવાનું માર્ગદર્શન :

પ્રસ્તુત આયતના અંતે ઉપસ્થિત બની ઈસ્રાઈલને સંબોધન કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું કે, وَلَا تَتَّبِعُوْٓا اَهْوَآءَ قَوْمٍ قَدْ ضَلُّوْا مِنْ قَبْلُ وَاَضَلُّوْا كَثِيْرًا એટલે કે, "તે કૌમની મનેચ્છાઓનું અનુસરણ ન કરો, જે તમારાથી પહેલાં પોતે પણ માર્ગ ભટકી ચૂક્યા હતા અને અન્યોને પણ તેમણે ગુમરાહ કરી રાખ્યા હતા," ત્યારબાદ તેમની ગુમરાહીની હકીકત અને કારણનો આ શબ્દોમાં ઉલ્લેખ કર્યો, وَضَلُّوْا عَنْ سَوَآءِ السَّبِيْلِ એટલે કે, "આ લોકો "સીરાતે મુસ્તકીમ" (સીધા માર્ગ)થી હટી ગયા હતા," જે ઈફરાત અને તફરીતની વચ્ચેનો મધ્યમ માર્ગ હતો તેનાથી ભટકી ગયા હતા. એ જ પ્રમાણે આ આયતમાં ગુલૂ (અતિશયોક્તિ) અને ઈરાફત-તફરીત ભયંકર નુકસાનકર્તા ભૂલ હોવાની જાહેરાત અને તેના કારણો પણ આવી ગયા અને મધ્યમ માર્ગ એટલે કે, સીરાતે મુસ્તકીમ ઉપર કાયમ રહેવું પણ આવી ગયું.

બની ઇસ્રાઈલનો ભયાનક અંજામ :

બીજી આયતમાં ઈફરાત-તફરીતના લીધે બની ઈસ્રાઈલના ખરાબ પરિણામ ભોગવવાનું વર્ણન થયું છે, જેઓ આ ઈફરાત અને તફરીતની ગુમરાહીમાં સપડાયેલા હતા તેમના ઉપર અલ્લાહ તઆલાની લા'નત (ફિટકાર) થઈ. પ્રથમ હઝરત દાવુદ (અલૈ.)ના મુખેથી, જેના પરિણામે તેમના ચહેરાઓ બદલાઈને ડુક્કર જેવા બની ગયા. ત્યારબાદ હઝરત ઈસા (અલૈ.)ના મુખેથી પણ આ લા'નત તેમના ઉપર થોપવામાં આવી, જેનો પ્રભાવ દુનિયામાં એ પડ્યો કે, તેઓની શકલો બદલાઈને વાંદરાની શકલો બની ગઈ અને અમુક વિવરકારોએ નોંધ્યું છે કે, આ સ્થળે માત્ર બે પયગમ્બરોના મુખેથી તેમના ઉપર લા'નત કરવાનું વર્ણન વિષયવસ્તુના તકાદાના સંદર્ભમાં છે. વાસ્તવિકતા તો એમ છે કે,

તેમના ઉપર લા'નતની શરૂઆત હઝરત મૂસા (અલૈ.)ના સમયથી શરૂ થઈ અને તેનો અંત હઝરત ખાતમુલ અંબિયા ﷺ ઉપર આવ્યો. આ પ્રમાણે સતત ચાર પયગમ્બરોના મુખે તે લોકો ઉપર લા'નત થોપવામાં આવી જેમણે અંબિયા (અલૈ.)નો વિરોધ કર્યો અથવા જેમણે તેમને મર્યાદાથી આગળ વધારી અલ્લાહ તઆલાની સિફતોના ભાગીદાર બનાવી દીધા.

અંતે બંને આયતોમાં કાફિરો સાથે ગાઢ મિત્રતાની અને રાઝદારી (રહસ્યની વાતોની આપ-લે) રાખવાની મનાઈ કરવામાં આવી તથા તેના ભયાનક અને વિધ્વંસક પરિણામોનું વર્ણન કરવામાં આવ્યું, જેમાં એક બાજુ તો એ ઈશારો હોઈ શકે છે કે, બની ઈસ્રાઈલની આ સમગ્ર ખોટી નીતિરીતિ અને ગુમરાહી તેમના ખોટા પ્રકારના માહોલ અને કાફિરો સાથે તેમની હૃદયપૂર્વકની ગાઢ મિત્રતા કરવાના પરિણામે હતી, જેણે તેમને બરબાદીના ખાડામાં ધકેલી દીધા હતા.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૮૨ થી ૮૬)

لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِيْنَ اٰمَنُوا الْيَهُوْدَ وَالَّذِيْنَ اَشْرَكُوْا ۚ وَ
لَتَجِدَنَّ اَقْرَبَهُمْ مَّوَدَّةً لِّلَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰى ؕ ذٰلِكَ بِاَنَّ
مِنْهُمْ قِسِّيْسِيْنَ وَرُهْبَانًا وَّاَنَّهُمْ لَا يَسْتَكْبِرُوْنَ ﴿٨٢﴾

પારહ : (૭)

وَاِذَا سَمِعُوْا مَآ اُنْزِلَ اِلَى الرَّسُوْلِ تَرٰٓى اَعْيُنَهُمْ تَفِيْضُ مِنَ الدَّمْعِ مِمَّا عَرَفُوْا
مِنَ الْحَقِّ ۚ يَقُوْلُوْنَ رَبَّنَآ اٰمَنَّا فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ ﴿٨٣﴾ وَمَا لَنَا لَا نُؤْمِنُ بِاللّٰهِ
وَمَا جَآءَنَا مِنَ الْحَقِّ ۙ وَنَطْمَعُ اَنْ يُّدْخِلَنَا رَبُّنَا مَعَ الْقَوْمِ الصّٰلِحِيْنَ ﴿٨٤﴾
فَاَثَابَهُمُ اللّٰهُ بِمَا قَالُوْا جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ
وَذٰلِكَ جَزَآءُ الْمُحْسِنِيْنَ ﴿٨٥﴾ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ
الْجَحِيْمِ ﴿٨٦﴾ ع

તરજુમો :

તમે બધા લોકોથી વધારે મુસલમાનોના દુશ્મન યહૂદીઓ અને મુશ્રિકોને પામશો, અને મુસલમાનોની મહોબ્બતમાં સૌથી નજીક તે લોકોને પામશો જેઓ કહે છે કે અમે નસારા છે, આ એટલા માટે કે નસારામાં આલિમ (વિદ્વાનો) છે અને દૂરવેશ છે, અને એટલા માટે કે તેઓ તકબ્બુર નથી કરતા. (૮૨) અને જ્યારે એને સાંભળે છે જે રસૂલ ઉપર ઊતર્યું તો તમે તેમની આંખોને જુઓ તો કે આંસુઓથી ઊભરાય છે, એ કારણથી કે તેમણે સત્ય વાતને ઓળખી લીધી; કહે છે, હે અમારા પરવરદિગાર ! અમે ઈમાન લાવ્યા, બસ તું અમને માનનારાઓની સાથે લખી લે. (૮૩) અને અમને શું થયું કે અમે યકીન ન લાવીએ અલ્લાહ ઉપર અને એ વસ્તુ ઉપર જે અમને સત્ય સાથે પહોંચી અને એની આશા રાખીએ કે અમને અમારો રબ્બ નેકબખ્તો (સાલિહીન) સાથે સામેલ રાખે. (૮૪) પછી તેમને અલ્લાહે આવું કહેવા ઉપર બદલામાં એવા બગીચા આપ્યા કે જેના નીચે નહેરો વહે છે, તેમાં જ રહ્યા કરે અને આ છે નેકી કરનારાઓનો બદલો. (૮૫) અને જે લોકો ઈન્કારી થયા અને અમારી આયતોને જૂઠાડવા લાગ્યા તેઓ દોઝખના રહેવાવાળાઓ છે. (૮૬)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉ યહૂદીઓનું મુશ્રિકો સાથે દોસ્તી રાખવા બાબતનું વર્ણન હતું, આગળ તેમની સાથે હળી–મળીને મુશ્રિકો પણ મુસલમાનો સાથે વેરભાવ રાખતા હતા તેનો ઉલ્લેખ થયો છે કે, આ બંને સમુદાયોની દોસ્તીનું અસલી કારણ તેઓની માન્યતા મુજબ બંનેના સમાન શત્રુ મુસલમાનો હતા; તે હતું. અને કારણ કે, દરેક બાબતમાં કુર્આન મજીદ ન્યાય અને ઈન્સાફનું સૌથી મોટું દાવે'દાર છે. એટલા માટે યહૂદી અને નસારામાં પણ બધાને એક જ કક્ષામાં સામેલ ગણવામાં આવ્યા નથી, જેઓમાં કોઈ ગુણ અને વિશેષતા હતી તેની પણ જાહેરાત કરવામાં આવી. દાખલા તરીકે, નસારાની એક ખાસ જમાઅતમાં યહૂદીઓ કરતા મુસલમાનો પ્રત્યે પૂર્વગ્રહ ઓછો હોવાનું અને તે નસારામાં જેમણે સત્યનો સ્વીકાર કરી લીધો હતો, તેના માટે તેઓ સારા બદલાના અને વખાણપાત્ર હતા;

તેનું વર્ણન થયું. આ ખાસ વર્ગ હબશાના ખ્રીસ્તીઓનો છે, જ્યારે મદીનાની હિજરત પહેલાં મુસલમાનો પોતાનું વતન મક્કા છોડીને હબશા ચાલ્યા ગયા હતા ત્યારે તેમણે તેમને કોઈ જ તકલીફ આપી ન હતી અને જે બીજા ખ્રીસ્તીઓ એમના જેવા જ હોય, તેઓ પણ હુકમની દષ્ટિએ તેમનામાં જ સામેલ છે અને તેમનામાંથી જેમણે સત્યનો સ્વીકાર કરી લીધો હતો, તે નજ્જાશી બાદશાહ અને તેના સાથીદારો છે કે, તેઓ હબશામાં પણ કુર્આન સાંભળીને રડયા અને મુસલમાન થઈ ગયા અને ત્રીસ વ્યક્તિઓ રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને કુર્આન સાંભળીને રડ્યા અને ઈસ્લામનો સ્વીકાર કર્યો. આ જ ઘટના આ આયતનો શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) છે.

તફસીર :

(ગેરમુસ્લિમોમાં) બધા લોકોથી વધારે મુસલમાનો સાથે અદાવત રાખનારા તમે તે યહૂદીઓ અને મુશ્રિકોને જોશો અને તે (ગેરમુસ્લિમ લોકો)માં મુસલમાનોની સાથે દોસ્તી રાખવામાં સૌથી નજીક (અન્યો કરતાં) તે લોકોને જોશો, જે પોતાને નસારા કહે છે (સૌથી નજીકનો અર્થ એ છે કે, મિત્ર તો તે પણ નહીં હોય, પરંતુ અન્ય કાફિરો કે, જેમનું વર્ણન ઉપર થયું છે તેમના કરતાં તેઓ સારા છે) આ (દોસ્તીની નજીક હોવું અને ઓછી દુશ્મનાવટ હોવી) એ કારણે છે કે, તે (નસારા)ઓમાં ઘણા વિદ્વાનો છે અને ઘણા બધા દુનિયા છોડી બેઠેલા (દૂરવેશો) છે, (અને જ્યારે કોઈ કૌમમાં આવા લોકો મોટા પ્રમાણમાં હોય તો સામાન્ય જનસમૂહમાં પણ સત્ય સાથે વધારે દુશ્મની નથી હોતી, જો કે ખાસ અને આમ, સત્યનો સ્વીકાર કદાચ ન પણ કરે) અને એ કારણે કે એ (નસારા) લોકો અભિમાની નથી (દુનિયા છોડવાના ગુણને લીધે સત્ય તરફ વલણ અપનાવે છે અને તેમનામાં વિનમ્રતાનું પાસું પણ છે કે, તેઓ સચ્ચાઈ સામે થોડા નરમ પડી જાય છે, એટલા માટે તેમનામાં વધારે દુશ્મની નથી. આથી તેમનો દુનિયા છોડવાનો ગુણ તથા વિદ્વતાનું અસ્તિત્વ એ બાબતનું કારણ બને છે કે, તેઓ અભિમાની નથી હોતા. એનાથી વિપરીત યહૂદીઓ અને મુશ્રિકો દુનિયાની મહોબ્બત ધરાવતા હોવાના કારણે અભિમાની હોય છે અને યહૂદીઓમાં પણ અમુક સત્યવાદી ઉલમા હતા, તેઓ મુસલમાન થઈ ગયા હતા, પરંતુ તેમની સંખ્યા ખૂબ ઓછી હોવાના કારણે સામાન્ય જનસમૂહ ઉપર તેમનો કોઈ પ્રભાવ

ન હતો. એટલા માટે તેમનામાં મુસલમાનો પ્રત્યે વેરભાવ છે, જે વેરભાવ અને દુશ્મનાવટ સખત હોવાનું કારણ બને છે. એટલા માટે યહૂદીઓ તો ઓછા ઈમાન લાવ્યા અને મુશ્રિકોમાંથી જ્યારે દુશ્મનાવટ ઓછી થઈ, ત્યારે તેમણે ઈમાન લાવવાનું શરૂ કર્યું) અને (અમુક તેમનામાં.... જેઓ અંતે મુસલમાન થઈ ગયા હતા, એવા છે કે) જ્યારે તેઓ આ (કલામ)ને સાંભળે છે, જે રસૂલ (ﷺ) તરફ મોકલવામાં આવ્યું છે (એટલે કે, કુર્આન) તો પોતાની આંખોમાંથી આંસુઓ વહેતા જૂએ છે. એ કારણથી કે, તેમણે સત્ય (દીન, એટલે કે ઈસ્લામના સત્ય દીન હોવા)ને ઓળખી લીધું (મતલબ એ કે, સચ્ચાઈ સાંભળીને પ્રભાવિત થાય છે અને) એવું કહે છે કે, હે અમારા પરવરદિગાર ! અમે મુસલમાન થઈ ગયા તો અમને પણ તે લોકોની સાથે ગણી લે, (એટલે કે તેમનામાંથી ગણી લે) જેઓ (મુહમ્મદ ﷺ અને કુર્આન સત્ય હોવાનું) સમર્થન કરે છે.... અને અમારી પાસે શું બહાનું છે કે, અમે અલ્લાહ તઆલા ઉપર (શરીઅતની તા'લીમ પ્રમાણે મુહમ્મદ ﷺ) અને જે સત્ય (દીન હવે) અમને પહોંચેલ છે, તેના ઉપર ઈમાન ન લાવીએ ? અને (પછી) એ વાતની આશા (પણ) રાખીએ કે અમારો પરવરદિગાર અમને નેક (સ્વીકૃત) લોકોની યાદીમાં દાખલ કરશે (બલકે, આ ઉમ્મીદ ઈસ્લામ ઉપર અવલંબિત છે, એટલા માટે મુસલમાન થવું જરૂરી છે) બસ, તેવા (લોકો)ને અલ્લાહ તઆલા તેમના (આ) નિવેદન (અને માન્યતા)ના બદલામાં (જન્નતના) એવા બગીચાઓ આપશે, જેના (મહેલોની) નીચેથી નહેરો વહેતી હશે (અને) તેઓ તેમાં હંમેશા-હંમેશા માટે રહેશે અને નેકી કરનારાઓનો આ જ સારો બદલો છે અને (તેનાથી વિપરીત) જે લોકો કાફિર રહ્યા અને અમારી આયતો (અને હુકમ)ને જૂઠા કહેતા રહ્યા, તે લોકો દોઝખ(માં રહેવા)વાળા છે.

મસ્અલા અને બોધપાઠ :

અહલે કિતાબના અમુક સત્યપ્રિય લોકો :

આ આયતોમાં મુસલમાનો સાથે વેરભાવ અને અદાવતનું માપદંડ બતાવી તે અહલે કિતાબનું વર્ણન કર્યું છે, જેઓ પોતાની સત્ય પ્રિયતા, ન્યાય પ્રિયતા અને અલ્લાહના ડરના કારણે મુસલમાનો સાથે વૈમનસ્ય કે વેરભાવ રાખતા ન હતા, પરંતુ આવા ગુણ ધરાવતા લોકો સંખ્યામાં ઘણા ઓછા હતા. જેમકે, હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને સલામ (રદિ.) વગેરે. નસારામાં તેમના કરતાં આવા લોકોની

સંખ્યા વધારે હતી. ખાસ કરીને, રસૂલે કરીમ ﷺના સમયકાળમાં હબશા દેશના રાજા નજ્જાશી તથા તેના અધિકારીઓ અને સામાન્ય પ્રજામાં આવા લોકોની સંખ્યા ઘણી વધારે હતી અને એ જ કારણે જ્યારે મક્કા મુકર્રમહથી મુસલમાનો કુરૈશના જુલમો-સિતમથી તંગ આવી ગયા, ત્યારે રસૂલે કરીમ ﷺએ તેમને હબશા હિજરત કરી જવાની સલાહ આપી અને ફરમાવ્યું કે, મેં સાંભળ્યું છે કે, હબશાનો રાજા ન તો જુલમ કરે છે અને ન જ કોઈના ઉપર જુલમ થવા દે છે. એટલા માટે મુસલમાનો અમુક સમય માટે ત્યાં ચાલ્યા ગયા.

આ સલાહ ઉપર અમલ કરીને પ્રથમ વખતે અગિયાર લોકો હબશા તરફ જવા નીકળ્યા, જેમાં હઝરત ઉસ્માન ગની (રદિ.) અને તેમની પત્ની એટલે કે, રસૂલે કરીમ ﷺની વહાલસોયી દિકરી હઝરત રૂકૈય્યહ (રદિ.) પણ સામેલ હતા. ત્યાર પછી હઝરત જા'ફર ઈબ્ને અબી તાલિબ (રદિ.)ની આગેવાનીમાં મુસલમાનોનો એક મોટો કાફલો સ્ત્રીઓ ઉપરાંત ૮૨ પુરુષો ઉપર આધારિત હતો, તેઓ હબશા પહોંચી ગયા. હબશાના રાજા અને ત્યાંના નિવાસીઓએ તેમને ખૂબ આદર-સત્કાર સાથે આવકાર્યા. આ લોકો ત્યાં શાંતિ અને સલામતીથી ખૂબ સારી રીતે રહેવા લાગ્યા.

મક્કાના કુરૈશીઓના ક્રોધે તેમને રજા ન આપી કે તેઓ આ લોકોને કોઈ બીજા દેશમાં શાંતિથી જીવન ગુજારવા દે. તેમણે પોતાના એક પ્રતિનિધિ મંડળને ઘણી બધી ભેટ-સોગાતો લઈને હબશાના રાજા પાસે રવાના કર્યા અને એવી દરખાસ્ત કરી કે મુસલમાનોને પોતાના દેશમાંથી હાંકી કાઢે, પરંતુ હબશાના રાજાએ પરિસ્થિતિની તહકીક કરી અને હઝરત જા'ફર બિન અબી તાલિબ (રદિ.) તથા તેમના સાથીદારો પાસેથી ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામ ﷺ બાબતે જાણ્યું. આ પરિસ્થિતિ અને ઈસ્લામની તા'લીમને હઝરત ઈસા (અલૈ.) અને ઇન્જીલની ભવિષ્યવાણીઓ પ્રમાણે જોઈને કે, જેમાં હઝરત ખાતમુલ અંબિયા ﷺની બઅ્ષતનું વર્ણન અને તેમની તા'લીમનો ટૂંક અહેવાલ તથા તેમના સહાબા (રદિ.)ની હાલત વગેરેનો ઉલ્લેખ થયો હતો, તે ખૂબ પ્રભાવિત થયો અને તેણે કુરૈશના પ્રતિનિધિ મંડળની ભેટ-સોગાતો પાછી આપી તેમને સ્પષ્ટ જવાબ આપી દીધો કે, હું આવા લોકોને મારા દેશમાંથી કાઢી મૂકવાનો ક્યારેય હુકમ નથી આપી શકતો.

હઝરત જા'ફર બિન અબી તાલિબ (રદિ.)ના પ્રવચનની નજ્જાશી બાદશાહ ઉપર અસર :

હઝરત જાફર બિન અબી તાલિબ (રદિ.)એ નજ્જાશીના દરબારમાં ઈસ્લામ અને તેની તા'લીમનો એક ટૂંકો પરંતુ ખૂબ સચોટ અહેવાલ રજૂ કર્યો હતો અને પછી તે લોકોના ત્યાં સ્થાયી થવાથી ન જ ફક્ત તેમના દિલોમાં બલકે, ત્યાંના શાસકો અને સામાન્ય જનતા બધાના દિલોમાં ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામ ﷺની સાચી મહોબ્બત અને સન્માન પેદા કરી દીધું, જેનું પરિણામ એ હતું કે, જ્યારે રસૂલે કરીમ ﷺએ મદીના તય્યિબહ તરફ હિજરત કરી અને ત્યાં તેમને અને તેમના સહાબા (રદિ.)ને સંતોષ થઈ ગયાની જાણ થઈ અને હબશાના મુહાજિરોએ મદીના તય્યિબહ જવાનો ઈરાદો કર્યો, ત્યારે હબશાના બાદશાહ નજ્જાશીએ તેમની સાથે પોતાના સહધર્મી નસારાના મોટા-મોટા ઉલમા-મશાઈખનું એક પ્રતિનિધિ મંડળ રસૂલે કરીમ ﷺની સેવામાં મોકલ્યું, જે સિત્તેર વ્યક્તિઓ ઉપર આધારિત હતું જેમાંથી ૬૨ લોકો હબશાના હતા અને આઠ લોકો સિરીયાના હતા.

હબશાના રાજાના પ્રતિનિધિ મંડળની રસૂલે કરીમ ﷺની સેવામાં હાજરી :

આ પ્રતિનિધિ મંડળ રસૂલે કરીમ ﷺની સેવામાં એક દૂરવેશ (ફકીરી) અને પાદરીની વેશભૂષામાં હાજર થયા. રસૂલે કરીમ ﷺએ સૂરએ યાસીન પઢીને સંભળાવી, આ લોકો સાંભળતા ચાલ્યા જતા હતા અને તેમની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. બધાએ કહ્યું કે, આ કલામ તે કલામ સાથે કેટલી સામ્યતા ધરાવે છે ! જે હઝરત ઈસા (અલૈ.) ઉપર નાઝિલ થતું હતું અને આ બધા જ લોકો મુસલમાન થઈ ગયા.

તેમના પરત ફર્યા પછી ઈથોપિયા (હબશા)ના રાજા નજ્જાશીએ પણ ઈસ્લામ સ્વીકાર કરવાની જાહેરાત કરી અને પોતાનો એક પત્ર આપીને પોતાના પુત્રને એક બીજા પ્રતિનિધિ મંડળનો આગેવાન બનાવી મોકલ્યો. પરંતુ અચાનક આ જહાઝ સમંદરમાં ડૂબી ગયું. મતલબ કે, હબશાનો બાદશાહ અને ત્યાંના શાસકો, અધિકારીઓ અને સામાન્ય જનતાએ ઈસ્લામ અને મુસલમાનોની સાથે

ન જ ફક્ત સન્માનપૂર્વક ન્યાયપૂર્ણ વ્યવહાર કર્યો બલકે, અંતે પોતે પણ મુસલમાન થઈ ગયા.

જમહૂર વિવરણકારોએ નોંધ્યું છે કે, પ્રસ્તુત આયત આ જ લોકો વિશે નાઝિલ થઈ છે. لَتَجِدَنَّ اَقْرَبَهُمْ مَّوَدَّةً لِّلَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰى અને ત્યાર પછીની આયતમાં તેમનું અલ્લાહ તઆલાના ડરથી રડવાનું અને સચ્ચાઈને કબૂલ કરવાનું વર્ણન કરવામાં આવ્યું. આ બાબત ઉપર પણ જમહૂર મુફસ્સિરોની સર્વસહમતી છે કે, જો કે આ આયતો નજ્જાશી અને તેના મોકલેલા પ્રતિનિધિ મંડળ વિશે નાઝિલ થઈ છે પરંતુ તેના શબ્દો જાહેર અને સામાન્ય છે, એટલા માટે સામાન્યપણે તે દરેકને લાગુ પડે છે. એટલે કે, આ હુકમમાં તે બધા જ નસારા સામેલ છે જેઓ હબશાના નિવાસીઓની જેમ જ ન્યાયપ્રિય અને સત્યનિષ્ઠ હોય, એટલે કે ઈસ્લામ આવતા પહેલાં ઈન્જીલનું અનુસરણ કરતા હતા અને ઈસ્લામ આવ્યા પછી ઈસ્લામની પૈરવી કરવા લાગ્યા.

યહૂદીઓમાં પણ જો કે, અમુક લોકો આવા જ પ્રકારના મોજૂદ હતા જેઓ હઝરત મૂસા (અલૈ.)ના સમયમાં તવરાત ઉપર અમલ કરતા રહ્યા, પછી ઈસ્લામ આવ્યા પછી તેમણે ઈસ્લામનો સ્વીકાર કર્યો, પરંતુ તેમની સંખ્યા એટલી ઓછી હતી કે, ઉમ્મતો અને કૌમોના વર્ણન સમયે તેમનો ઉલ્લેખ કરી શકાય એમ નથી. બાકીના યહૂદીઓની પરિસ્થિતિ અને હાલત તો બિલકુલ જાહેર જ હતી કે, તેઓ મુસલમાનોની દુશ્મનાવટમાં અને તેમની પડતી માટે સૌથી વધારે આગળ પડતો ભાગ લેતા હતા. એટલા માટે પાછળની આયતોમાં યહૂદીઓની આવી પરિસ્થિતિનું વર્ણન થયું છે. لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِيْنَ اٰمَنُوا الْيَهُوْدَ એટલે કે, "મુસલમાનોની સાથે અદાવતમાં સૌથી વધારે સખત યહૂદીઓ છે."

કહેવાનું તાત્પર્ય એ છે કે, આ આયતમાં નસારાના એક ખાસ વર્ગના વખાણ કરવામાં આવ્યા છે, જેઓ અલ્લાહનો ડર રાખતા હતા અને સત્યપ્રિય હતા. તેમાં નજ્જાશી અને તેના સત્તાધીશો, અધિકારીઓ અને મુસલમાનોના હિમાયતકર્તા લોકો પણ સામેલ છે અને અન્ય નસારાઓ પણ કે, જેમનામાં આ પ્રકારના ગુણ-લક્ષણો હતા અથવા હવે પછીના યુગમાં આવા ગુણ-લક્ષણો ધરાવનાર પણ તેમાં સામેલ છે. પરંતુ તેનો.... અર્થ એ નથી કે, અને ન જ કોઈ

એવો અર્થ આ આયતોથી પણ નીકળી શકે છે કે, નસારા ભલે ગમે તેટલા ગુમરાહ થઈ જાય અને ઈસ્લામ દુશ્મનીમાં ગમે તેવા કઠોર પગલાં ભરે અને પ્રવૃત્તિઓ કરે, તેમને દરેક પરિસ્થિતિમાં મુસલમાનોના દોસ્ત સમજવામાં આવે અને મુસલમાનો એમના તરફ દોસ્તીનો હાથ લાંબો કરે. કારણ કે, આ ઈસ્લામના માર્ગદર્શન પ્રમાણે ખોટી અને પ્રસંગોથી અને પરિસ્થિતિઓથી બિલકુલ વિરોધાભાસી બાબત છે. એટલા માટે ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે, અમુક અજ્ઞાનીઓ જે એવું વિચારે છે કે, આ આયતોમાં બધા જ નસારાઓના વખાણ છે અને તેઓ યહૂદીઓ કરતાં દરેક રીતે સારા છે, આવું વિચારવું સદંતર અજ્ઞાનતા છે. કારણ કે, જો સામાન્ય રીતે બંને વર્ગોની ધાર્મિક માન્યતાઓની સરખામણી કરવામાં આવે તો ખ્રીસ્તીઓનું મુશ્રિક હોવું વધારે જાહેર અને સ્પષ્ટ છે અને મુસલમાનો સાથે તેમનો વ્યવહાર જોવામાં આવે તો વર્તમાન સમયમાં ખ્રીસ્તીઓ પણ ઈસ્લામ દુશ્મનીમાં યહૂદીઓ કરતાં કોઈ રીતે પાછા પડે એમ નથી. હા ! એ સાચું છે કે, નસારામાં એવા લોકોનું પ્રમાણ વધારે છે જેઓ ખુદાનો ડર અને સત્યપ્રિયતા ધરાવે છે. તેના પરિણામે તેમને ઈસ્લામ સ્વીકાર કરવાનો શ્રેય પણ પ્રાપ્ત થયો હતો અને આ આયતો આ બંને વર્ગો વચ્ચેના આ તફાવતને સ્પષ્ટ કરવા માટે નાઝિલ થઈ છે. પોતે આ જ આયતના અંતમાં કુર્આને આ હકીકતને આવા શબ્દોમાં સ્પષ્ટ કરી દીધી છે. ذٰلِكَ بِاَنَّ مِنۡهُمۡ قِسِّيۡسِيۡنَ وَرُهۡبَانًا وَّاَنَّهُمۡ لَا يَسۡتَكۡبِرُوۡنَ એટલે કે, નસારાના વખાણ આ આયતોમાં કરવામાં આવ્યા છે તેનું કારણ એ છે કે તેમના ઉલમા (વિદ્વાનો) અને અલ્લાહથી ડરનારા દુનિયા છોડીને પાદરી બની ચૂકેલા લોકો પણ સારી એવી સંખ્યામાં છે અને તેમનામાં અભિમાન નથી હોતું કે, તેઓ બીજાઓની વાતો ઉપર વિચાર કરવા માટે તૈયાર જ ન થાય; એવું નથી હોતું. જો સરખામણી કરવામાં આવે તો યહૂદીઓની પરિસ્થિતિ આવી ન હતી, તેમનામાં અલ્લાહનો ડર અને સત્યપ્રિયતા ન હતી, તેમના વિદ્વાનો પણ દુનિયા છોડવાના બદલે પોતાના જ્ઞાનને ફક્ત આર્થિક ઉપાર્જનનું માધ્યમ બનાવતા હતા અને દુનિયાપ્રાપ્તિમાં એવા મસ્ત બની રચ્યા-પચ્યા રહેતા હતા કે, સત્ય-અસત્ય અને હલાલ-હરામની કોઈ દરકાર કે પરવા કરતા ન હતા.

કૌમ કે મિલ્લતનો અસલી આત્મા સત્યપ્રિય નિષ્ઠાવાન ઉલમા (વિદ્વાનો) અને મશાઇખ છે :

પ્રસ્તુત આયતના વર્ણનથી એક મહત્ત્વની વાત એ જાણમાં આવી કે, કૌમ કે મિલ્લતનો અસલી આત્મા (રૂહ) સત્યનિષ્ઠ અલ્લાહથી ડરનાર ઉલમા અને મશાઈખ છે. તેમનું અસ્તિત્વ સંપૂર્ણ કૌમની જિંદગી છે, જ્યાં સુધી કોઈ કૌમમાં આવા ઉલમા અને મશાઈખ મૌજૂદ છે, જેઓ દુનિયાની ઈચ્છાઓ અને ભૌતિકતા પાછળ દોટ નથી મૂકતા અને અલ્લાહથી ડરે છે તો તે કૌમ ભલાઈ અને બરકતથી વંચિત નથી રહેતી.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૮૭-૮૮)

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحَرِّمُوْا طَيِّبٰتِ مَآ اَحَلَّ اللّٰهُ لَكُمْ وَلَا تَعْتَدُوْا ؕ اِنَّ اللّٰهَ
لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿۸۷﴾ وَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۪ وَّاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اَنْتُمْ
بِهٖ مُؤْمِنُوْنَ ﴿۸۸﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તે તય્યિબ (પાકસાફ, લિજ્જતવાળી) વસ્તુઓને હરામ ન ઠરાવો જે અલ્લાહે તમારા માટે હલાલ કરી આપી, અને હદથી ન વધો (મર્યાદા ન ઓળંગો), બેશક ! અલ્લાહ હદથી વધનારાઓને પસંદ નથી કરતો. (૮૭) અને અલ્લાહના આપેલામાંથી જે વસ્તુઓ હલાલ તય્યિબ (પાક) હોય ખાઓ, અને અલ્લાહથી ડરતા રહો જેના ઉપર તમે ઈમાન રાખો છો. (૮૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અહીંયાં સુધી અહલે કિતાબ વિશે ચર્ચા હતી, આગળ ફરી એકવાર ગૌણ હુકમોનું વર્ણન થશે, જેનો ઉલ્લેખ સૂરતની શરૂઆતમાં અને અમુક વચ્ચે-વચ્ચે પણ થયો છે અને સ્થળ અગત્યતાના આધારે એક ખાસ પ્રકારનો ક્રમ પણ ગોઠવવામાં આવ્યો. તે એ કે, ઉપર વખાણ કરવાના સંદર્ભમાં "રુહબાનિયત"

(સન્યાસીપણા)નું વર્ણન થયું છે. જો કે, આ તેના અનુસંધાનમાં એક ખાસ વિભાગ એટલે કે, દુનિયા છોડી દેવી અને દુનિયાની મહોબ્બતથી અલિપ્ત થઈ જવું છે, પરંતુ શક્યતા એ હતી કે કોઈ વ્યક્તિ રુહબાનિયત સમકક્ષ ગુણો અને ખાસિયતોને વખાણ કરવા પાત્ર સમજી બેસે, એટલા માટે આ સ્થળે એ બાબતનો ઉલ્લેખ કરવો યોગ્ય છે કે, અલ્લાહે જે વસ્તુઓને હલાલ કરી છે તેને પોતાના માટે હરામ કરવાની અત્રે મનાઈ કરવામાં આવી છે. *(બયાનુલ કુર્આનના સારમાંથી)*

તફસીર :

હે ઈમાનવાળાઓ ! જે વસ્તુઓ અલ્લાહ તઆલાએ તમારા માટે હલાલ કરી છે, (ભલે તે ખાવા-પીવા અથવા પહેરવાના પ્રકારમાંથી હોય અથવા અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓના સ્વરૂપમાં હોય) તેમાં સ્વાદિષ્ટ (અને આકર્ષક) વસ્તુઓ(ના સ્વરૂપમાં ટેક લઈને પોતાની ઉપર તેને) હરામ ન કરો અને (શરીઅતની) હદોથી (જે હલાલ અને હરામ વિશે અલ્લાહે નક્કી કરી છે) આગળ ન વધો, બેશક ! અલ્લાહ તઆલા (શરીઅતની) હદથી નીકળી જનારાઓને પસંદ કરતો નથી અને અલ્લાહ તઆલાએ જે વસ્તુઓ તમને આપી છે, તેમાંથી હલાલ અને આકર્ષક વસ્તુઓને ખાઓ (પીઓ અને વાપરો) અને અલ્લાહ તઆલાથી ડરો, જેના ઉપર તમે ઈમાન ધરાવો છો. (એટલે કે, હલાલને હરામ ઠરાવવું અલ્લાહની ખુશી વિરુદ્ધ છે, તેનાથી ડરો અને એવું કરવાની ચેષ્ટા ન કરો).

મસ્અલા અને બોધપાઠ :

દુનિયાનો ત્યાગ જો અલ્લાહની નક્કી કરેલી હદોની અંદર હોય તો જાઇઝ છે, નહિતર હરામ છે :

પ્રસ્તુત આયતોમાં એ બતાવવામાં આવ્યું છે કે, જો કે, દુનિયાનો ત્યાગ કરવો અને દુનિયાની ઇચ્છાઓ તથા તેની સ્વાદિષ્ટ મજેદાર ચીજ-વસ્તુઓને ત્યાગવી એક કક્ષા સુધી પ્રિય અને પસંદ હોય છે, પરંતુ તેમાં પણ અલ્લાહની નક્કી કરેલી સીમાઓ અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરી આગળ વધવું જોઈએ નહીં. આવું કરવું ટીકાપાત્ર અને હરામ છે, જેની વિગત નીચે પ્રમાણે છે.

કોઈ હલાલ વસ્તુને હરામ ઠરાવવાની ત્રણ કક્ષાઓ (દરજ્જાઓ) છે :

કોઈ હલાલ વસ્તુને હરામ ઠરાવવાની ત્રણ કક્ષાઓ (દરજ્જાઓ) છે. (૧) આ બાબત માન્યતા અને અકીદહની દષ્ટિએ હરામ સમજી લેવામાં આવે, (૨) મૌખિક રીતે ટેક લઈને કોઈ વસ્તુને પોતાના માટે હરામ ઠરાવી લે. દાખલા તરીકે, કસમ ખાઈ લે કે, ઠંડુ પાણી નહીં પીઉં અથવા ફલાણા પ્રકારના હલાલ ખાણાને નહીં ખાઉં અથવા ફલાણું જાઈઝ કામ નહીં કરું અને (૩) અકીદહ અને મૌખિક વગેરે સ્વરૂપમાંથી ન હોય, ફક્ત આચરણની દષ્ટિએ હંમેશા માટે કોઈ એવો શિરસ્તો અપનાવે કે, કોઈ હલાલ વસ્તુને છોડી દેવાનો નિર્ણય કરી લે.

પ્રથમ સ્વરૂપમાં જો એ વસ્તુનું હલાલ હોવું સ્પષ્ટ દલીલોથી સાબિત થયું હોય, તો તેને હરામ સમજનાર અલ્લાહના કાયદાનો ખુલ્લમ-ખુલ્લો વિરોધ કરવાના કારણે કાફિર થઈ જશે.

બીજા સ્વરૂપમાં જો સોગંદ વગેરે ખાઈને કોઈ હલાલ વસ્તુને પોતાના માટે હરામ ઠરાવી લે તો કસમ માન્ય ગણાશે. કસમના શબ્દો ઘણા છે, જે ફિક્હની કિતાબોમાં વિગતવાર વર્ણન થયા છે, તેમાં એક ઉદાહરણ આ પ્રમાણે છે કે, સ્પષ્ટ શબ્દોમાં કહે કે, "હું અલ્લાહની કસમ ખાઉં છું કે ફલાણી વસ્તુ ખાઈશ નહીં અથવા ફલાણું કામ નહીં કરું." અથવા એવું કહે કે, "હું ફલાણી વસ્તુને મારા માટે હરામ કરું છું," તેનો હુકમ એ છે કે, વિના જરૂરતે આવી કસમ ખાવી ગુનોહ છે અને તેના માટે જરૂરી છે કે, તે આ કસમ તોડી નાંખે અને તેનો કફ્ફારો અદા કરે, જેની વિગત આગળ આવશે.

ત્રીજી કસમ એ છે કે, જેમાં માન્યતાની દષ્ટિએ તો મૌખિક નિવેદન દ્વારા કોઈ હલાલ વસ્તુને હરામ કરવામાં નથી આવી પરંતુ આચરણમાં એવું વર્તન કરે છે જેમકે કોઈ હરામ વસ્તુ સાથે કરવામાં આવે છે કે, કાયમી રીતે તેને છોડવાની ટેવ બનાવી લે છે. તેનો હુકમ એ છે કે, જો હલાલને છોડવું સવાબ સમજતો હોય તો તે બિદ્અત છે અને સન્યાસીપણું છે, જે મહાન ગુનોહ હોવું કુર્આન અને સુન્નતની "નસ" દ્વારા સાબિત થયેલ છે, તેનો વિરોધ કરવો વાજિબ છે અને જો કોઈ આવી પાબંદી પોતાના માટે કાયમ રાખે તો તે ગુનોહ છે. હા ! જો કોઈ આવી પાબંદી સવાબની નિય્યતે ન કરે બલકે કોઈ અન્ય કારણે કરે, દાખલા તરીકે કોઈ શારીરિક અથવા માનસિક બીમારીના કારણે કોઈ ખાસ વસ્તુને કાયમી

ધોરણે છોડી દે તો તેમાં કોઈ ગુનોહ નથી. અમુક સૂફી લોકોની અને બુઝુર્ગોની હલાલ વસ્તુઓ છોડવાની જે રિવાયતો નકલ થઈ છે, તે બધી આ પ્રકારમાં સામેલ છે કે, તેમણે તેને પોતાના માટે આ વસ્તુઓને નુકસાનકારક સમજી અથવા બુઝૂર્ગોએ તેને નુકસાનકર્તા બતાવી. એટલા માટે ઈલાજના કારણે તેને છોડી દીધી. જો આવું કર્યું હોય તો તેમાં કોઈ વાંધો નથી.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَلَا تَعْتَدُوْا اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ એટલે કે, "અલ્લાહની હદોથી આગળ ન વધો, કારણ કે, અલ્લાહ તઆલા આવા સીમાઓથી આગળ વધનારાને પસંદ કરતો નથી."

સીમાનું ઉલ્લંઘન કરી મર્યાદા બહાર નીકળી જવાનો અર્થ એ છે કે, કોઈ હલાલ વસ્તુને વિના કોઈ કારણે સવાબ સમજીને છોડી દેવામાં આવે, જેને નાવાકેફ વ્યક્તિ તકવો સમજે છે અને અલ્લાહ તઆલા સમીપ તે ખોટું અને નાજાઈઝ કૃત્ય છે, આથી બીજી આયતમાં ફરમાવ્યું, وَاتَّقُوا اللّٰهَ الَّذِىْٓ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ એટલે કે, "જે હલાલ પાક રોજી અલ્લાહ તઆલાએ તમને અર્પણ કરી છે તેને ખાઓ અને અલ્લાહ તઆલા ઉપર તમારું ઈમાન છે, તેનાથી ડરતા રહો."

આ આયતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, હલાલ પાક વસ્તુઓને સવાબ સમજીને છોડી દેવું તકવો નથી. બલકે, તકવો એમાં છે કે તે અલ્લાહ તઆલાની નેઅ્મત સમજીને તેનો ઉપયોગ કરે અને અલ્લાહનો શુક્ર અદા કરે. હા ! કોઈ શારીરિક અથવા માનસિક બીમારીના કારણે ઈલાજ માટે કોઈ વસ્તુને છોડી દીધી, તો તે તેમાં સામેલ નથી.

આયત : (સૂરએ માઇદહ : આયત નં. ૮૯)

لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا عَقَّدْتُّمُ الْاَيْمَانَ ۚ فَكَفَّارَتُهٗٓ
اِطْعَامُ عَشَرَةِ مَسٰكِيْنَ مِنْ اَوْسَطِ مَا تُطْعِمُوْنَ اَهْلِيْكُمْ اَوْ كِسْوَتُهُمْ اَوْ تَحْرِيْرُ
رَقَبَةٍ ۭ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ ۭ ذٰلِكَ كَفَّارَةُ اَيْمَانِكُمْ اِذَا حَلَفْتُمْ ۭ
وَاحْفَظُوْٓا اَيْمَانَكُمْ ۭ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٨٩﴾

તરજુમો :

અલ્લાહ તમને તમારી બેહૂદા (વાહિયાત) કસમો ઉપર પકડતો નથી, પરંતુ એના ઉપર પકડે છે જે કસમને તમે મજબૂત બાંધી (પાકી કસમ ખાધી); બસ, તેનો કફ્ફારો દશ મોહતાજોને ખાવા આપવું છે, મધ્યમ કક્ષાનું ખાવા જે પોતાના ઘરવાળાઓને આપો છો, અથવા દશ મોહતાજોને કપડાં પહેરાવી આપવા અથવા એક ગુલામ આઝાદ કરવો; પછી જેને પ્રાપ્ત ન હોય તો ત્રણ દિવસના રોઝા રાખવાના છે; આ તમારી કસમોનો કફ્ફારો છે જ્યારે કસમો ખાઈ બેસો, અને પોતાની કસમોની હિફાઝત રાખો, આ જ રીતે અલ્લાહ તમારા માટે પોતાના હુકમ વર્ણન કરે છે જેથી તમે અહેસાન માનો. (૮૯)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર હલાલ વસ્તુઓને હરામ કરી લેવા બાબતનું વર્ણન હતું. કારણ કે, અમુક સમયે આવી પરિસ્થિતિ કોઈ કસમ ખાઈ લેવાથી બનતી હોય છે, એટલા માટે ત્યારબાદ કસમો ખાવાના હુકમોનું વર્ણન થયું.

તફસીર :

અલ્લાહ તઆલા તમારો (દુનિયવી) હિસાબ નથી કરતો (એટલે કે, કફ્ફારો વાજિબ નથી કરતો) તમારી કસમોમાં વાહિયાત કસમો (તોડવા) ઉપર પરંતુ (આવી) પકડ તેના ઉપર કરે છે કે, તમે કસમોને (ભવિષ્ય માટે) કાયમ કરી દો (અને પછી તેને તોડી નાંખો); બસ એ (કસમ તોડવા)નો કફ્ફારો (એ છે કે) દશ મોહતાજોને મધ્યમ કક્ષાનું ખાવા ખવડાવો, જે પોતાના ઘરવાળાઓને (સામાન્ય રીતે) ખવડાવો છો અથવા તેઓને (એટલે કે દશ મોહતાજોને) કપડાં આપો (મધ્યમ કક્ષાના) અથવા એક ગુલામ (પુરુષ અથવા બાંદી) આઝાદ કરો (એટલે કે, ત્રણે બાબતનો અધિકાર છે, જે ઈચ્છે તેના ઉપર અમલ કરે) અને જેને (આ ત્રણેમાંથી એક પણ) પ્રાપ્ત ન હોય, તો (તેનો કફ્ફારો) ત્રણ દિવસના (ક્રમાનુસાર) રોઝા છે. આ (જે વર્ણન થયું તે) કફ્ફારો છે તમારી (એવી) કસમોનો જ્યારે કે, તમે કસમ ખાઈ બેસો (અને પછી તેને તોડી નાંખો) અને (કારણ કે, આ કફ્ફારો વાજિબ છે એટલા માટે) પોતાની કસમોનું ધ્યાન રાખ્યા

કરો (ક્યાંક એવું ન થાય કે, કસમ તોડી નાંખો અને કફ્ફારો પણ ન આપો અને અલ્લાહ તઆલાએ જે પ્રમાણે આ હુકમ તમારા દુનિયવી અને દીની સુધારણા માટેનો વર્ણન કર્યો છે) એ જ પ્રમાણે અલ્લાહ તઆલા તમારા માટે પોતાના (અન્ય) હુકમો (પણ) વર્ણન કરે છે, જેથી તમે (આ નેઅ્મત એટલે કે, મખ્લૂકના હિતોનો ખ્યાલ રાખ્યા હોવાનો) શુક્ર કરો.

મસ્અલા અને બોધપાઠ :

કસમ ખાવાના અમુક સ્વરૂપો અને તે વિશેના હુકમો :

આ આયતમાં કસમ ખાવાના અમુક સ્વરૂપોનું વર્ણન છે. અમુકનું વર્ણન સૂરએ બકરહમાં પણ આવી ચૂક્યું છે અને ખુલાસો બધાનો એ છે કે, જો કોઈ ભૂતકાળની બની ચૂકેલી ઘટના ઉપર જાણીબૂજીને જૂઠી કસમ ખાય લે, તેને ફિક્હની પરિભાષામાં يَمِيْنِ غَمُوْس (યમીને ગમૂસ) કહેવામાં આવે છે. દાખલા તરીકે, એક વ્યક્તિએ કામ કરી લીધું અને તે જાણે છે કે, મેં આ કામ કર્યું છે અને પછી જાણીબૂજીને કસમ ખાય લે કે, મેં તે કામ કર્યું જ નથી તો આ જૂઠી કસમ સખત ગુનાહે કબીરહ અને દુનિયા-આખિરતની વબાલનું કારણ બને છે, પરંતુ એના ઉપર કોઈ કફ્ફારો વાજિબ નથી થતો, એના માટે તવબહ અને ઈસ્તિગફાર કરવો જરૂરી છે. એટલા માટે તેને ફિક્હની પરિભાષામાં "યમીને ગમૂસ" કહેવામાં આવે છે. કારણ કે, "ગમૂસ"નો અર્થ "ડૂબાડી દેવા"નો થાય છે અને આ કસમ મનુષ્યને ગુનાહના વબાલમાં ડૂબાડી દે છે.

બીજું સ્વરૂપ એ છે કે, ભૂતકાળની કોઈ ઘટનાને પોતાના મતે સાચી સમજીને કસમ ખાઈ બેસે, પરંતુ વાસ્તવમાં તે બાબત ખોટી હોય. દાખલા તરીકે, કોઈ માધ્યમથી તેને જાણ થઈ કે ફલાણો વ્યક્તિ આવી ગયો છે તો તેના ઉપર ભરોસો કરીને તેણે કસમ ખાઈ લીધી કે, તે આવી ગયો છે. પાછળથી જાણ થઈ કે આ બાબત સાચી ન હતી, તેને يَمِيْنِ لَغْو (યમીને લગ્વ) કહેવામાં આવે છે. એ જ પ્રમાણે ઈરાદા વિના જીભથી કસમ નીકળી જાય, તો તેને પણ "યમીને લગ્વ" કહેવામાં આવે છે, તેનો હુકમ એ છે કે તેનો કફ્ફારો પણ નથી અને તેનો ગુનોહ પણ નહીં થાય.

ત્રીજા સ્વરૂપની કસમ એ છે કે, ભવિષ્યમાં કોઈ કામ કરવા અથવા ન

કરવાની કસમ ખાવામાં આવે, તેને يَمِيْنِ مُنْعَقِدَهْ (યમીને મુન્અકિદહ) કહેવામાં આવે છે. તેનો હુકમ એ છે કે, આ કસમને તોડી નાંખવાના સ્વરૂપમાં કફ્ફારો વાજિબ થાય છે અને અમુક સ્વરૂપોમાં તેનો ગુનોહ પણ થાય છે; અને અમુકમાં નથી થતો.

આ સ્થળે કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં દેખીતી રીતે "લગ્વ"થી આ જ કસમ હોવાનું નક્કી થાય છે, જેના માટે કફ્ફારો નથી હોતો, ભલે ગુનોહ થાય અથવા ન થાય. કારણ કે, عَقَّدْتُّمُ الْاَيْمَانَ ના મુકાબલામાં مُوَاخَذَهْ પ્રસ્તુત છે, એનાથી જાણ થઈ કે, અહીંયાં مُوَاخَذَهْ (મુઆખઝહ) એટલે કે, "પકડ"થી એ જ અર્થ સમજાય છે કે તેના માટે ફક્ત દુનિયામાં પકડ થશે જે કફ્ફારા સ્વરૂપે હોય છે.

સૂરએ બકરહની આયતમાં ઈરશાદ છે, لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا كَسَبَتْ قُلُوْبُكُمْ (૨ : ૨૨૫) તેમાં "લગ્વ"નો અર્થ બે પ્રકારનો છે, જે વિના ઈરાદે જીભથી નીકળી જાય અથવા પોતાના મતે કોઈ વાતને સાચી સમજીને કસમ ખાઈ લે પરંતુ વાસ્તવમાં તે વાત ખોટી નીકળે, એનાથી વિપરીત તે કસમનો પ્રકાર જે ઉપરોક્ત વર્ણન થયો છે કે જેમાં જાણીબૂજીને જૂઠું બોલવામાં આવ્યું હોય જેને "યમીને ગમૂસ" કહેવામાં આવે છે, તેના માટે આ આયતનો અર્થ એ થયો કે, "યમીને લગ્વ" માટે તો કોઈ ગુનોહ નથી, પરંતુ ગુનોહ "યમીને ગમૂસ" ઉપર છે જેમાં જાણીબૂજીને જૂઠું બોલવામાં આવ્યું હોય. તો આ રીતે સૂરએ બકરહમાં આખિરતના ગુનાહનું વર્ણન છે અને સૂરએ માઈદહની ઉપરોક્ત આયતમાં દુનિયવી હુકમ એટલે કે "કફ્ફારા"નું વર્ણન છે, જેનું તાત્પર્ય એ થયું કે, "યમીને લગ્વ" માટે અલ્લાહ તઆલા તમારી પકડ નહીં કરે. એટલે કે, કફ્ફારો વાજિબ નહીં થાય. બલકે, કફ્ફારો ફક્ત એવી કસમ ઉપર જરૂરી કરવામાં આવ્યો છે, જે ભવિષ્યમાં કોઈ કામ કરવા અથવા ન કરવા વિશે કસમ ખાધી હોય અને પછી તેને તોડી નાંખી હોય. ત્યારબાદ કફ્ફારાની વિગતવાર સ્પષ્ટતા આ રીતે વર્ણન કરવામાં આવી.

فَكَفَّارَتُهٗٓ اِطْعَامُ عَشَرَةِ مَسٰكِيْنَ مِنْ اَوْسَطِ مَا تُطْعِمُوْنَ اَهْلِيْكُمْ اَوْ كِسْوَتُهُمْ اَوْ تَحْرِيْرُ رَقَبَةٍ ؕ એટલે કે, ત્રણ કામોથી કોઈ એક પોતાના અધિકારથી કરી લેવામાં આવે. પ્રથમ એ કે, દશ મિસ્કીનોને મધ્યમ કક્ષાનું ખાવું (ભોજન) સવાર

અને સાંજનું બે વખતનું ખવડાવવામાં આવે અથવા દશ મિસ્કીનોને સતર સારી રીતે ઢાંકી શકાય એવું કપડું આપવામાં આવે. દાખલા તરીકે, એક લેંઘો અથવા લૂંગી અથવા લાંબો કુરતો અથવા કોઈ ગુલામ અથવા બાંદી જે પોતાની મિલકતમાં હોય, તેને આઝાદ કરવામાં આવે.

ત્યાર પછી ઈરશાદ છે, فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ એટલે કે, જો કોઈ કસમ તોડી નાંખનારો આ આર્થિક કફ્ફારાને અદા કરવાની શક્તિ ન ધરાવતો હોય, એટલે કે દશ ફકીરોને ખાવું ન ખવડાવી શકતો હોય અથવા કપડું ન આપી શકતો હોય અથવા તો તેનામાં ગુલામ આઝાદ કરવાની શક્તિ ન હોય તો પછી તેનો કફ્ફારો એ છે કે, ત્રણ દિવસના રોઝા રાખે. બલકે રિવાયતમાં આ સ્થળે ત્રણ રોઝા સતત રાખવાનો હુકમ આવ્યો છે. એટલા માટે ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને અમુક અન્ય ઈમામોના મતે કસમના કફ્ફારાના ત્રણ રોઝા સતત એકધારા (મુસલસલ) રાખવા જરૂરી છે.

પ્રસ્તુત આયતમાં કસમના કફ્ફારા વિશે પ્રથમ શબ્દ اِطْعَامُ (ઈત્આમ) આવ્યો છે અને "ઈત્આમ"નો અરબી શબ્દકોષ પ્રમાણે અર્થ "ખાવું ખવડાવવું" થાય છે અને "કોઈને ખાવું આપી દેવા"નો પણ થાય છે. એટલા માટે ફુક્હાએ પ્રસ્તુત આયતનો અર્થ એ ઠરાવ્યો છે કે, કફ્ફારો દેનારાને બે પ્રકારનો અધિકાર આપવામાં આવ્યો છે કે, દશ મિસ્કીનોની દા'વત કરીને ખાવું ખવડાવી આપે અથવા તો ખાવું તેમને સોંપી આપે. પરંતુ પ્રથમ સ્વરૂપમાં એ જરૂરી છે કે, મધ્યમ કક્ષાનું ખાવા જે સ્વાભાવિક પોતાના ઘરમાં ખાતા હોય છે તે દશ મિસ્કીનોને બે સમયે પેટ ભરીને ખવડાવી દે અને બીજા સ્વરૂપમાં એક મિસ્કીનને એક ફિત્રના પ્રમાણ જેટલું આપી દે. દાખલા તરીકે, પોણા બે શેર (જૂના માપ-તોલ પ્રમાણે) ઘઉં અથવા તેની કિંમત; તેમાંથી જે કંઈ ઇચ્છે તેને અપનાવે, પરંતુ રોઝા રાખવા ફક્ત એવા જ સ્વરૂપમાં યોગ્ય હોઈ શકે છે, જ્યારે કે તેનામાં ઉપરોક્ત આર્થિક ખર્ચ કરવાની શક્તિ ન હોય.

કસમ તોડતાં પહેલાં કફ્ફારો અદા કરી શકાય નહીં :

અંતિમ આયતમાં ચેતવણી માટે બે બાબતો ઈરશાદ કરવામાં આવી. પ્રથમ كَفَّارَةُ اَيْمَانِكُمْ اِذَا حَلَفْتُمْ એટલે કે, "આ તમારી કસમનો કફ્ફારો છે

જ્યારે કે તમે કસમ ખાઈ લીધી.'' ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને અન્ય મોટા ભાગના ઈમામોના મતે તેનો અર્થ એ છે કે, જ્યારે તમે કોઈ આવનાર સમયમાં કામ કરવા અથવા ન કરવાની કસમ ખાઈ લીધી, પછી તેના વિરુદ્ધ કામ કરી કસમ તોડી નાંખી તો તેનો કફ્ફારો તે છે જેનું વર્ણન ઉપર થઈ ચૂક્યું છે. તેનો ખુલાસો એ છે કે, કફ્ફારાની અદાયગી કસમ તૂટી ગયા પછી કરવી જોઈએ. કસમ તોડતાં પહેલાં જો કફ્ફારો આપવામાં આવશે તો તે સ્વીકાર્ય અને માન્ય નથી. કારણ એ છે કે, કફ્ફારો વાજિબ થવાનું કારણ કસમનું તોડવું છે. જ્યાં સુધી કસમ નથી તૂટી, ત્યાં સુધી કફ્ફારો વાજિબ જ નથી થયો, માટે જે રીતે નમાઝ પોતાના નક્કી કરેલ સમય પહેલાં પઢવાથી અદા થતી નથી, જે પ્રમાણે રમઝાનના રોઝા રમઝાન આવતા પહેલાં રાખવાથી માન્ય નહીં ગણાય, એ જ પ્રમાણે કસમ તોડતાં પહેલાં કસમનો કફ્ફારો અદા કરવાથી તે માન્ય અને સ્વીકાર્ય નથી.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, وَاحْفَظُوْٓا اَيْمَانَكُمْ એટલે કે, ''પોતાની કસમની હિફાઝત કરો.'' મતલબ એ છે કે, જો કોઈ વસ્તુની કસમ ખાઈ લીધી છે, તો આવશ્યકતા વિના શરઈ અથવા સ્વાભાવિક કસમને ન તોડો અને અમુક લોકોએ કહ્યું છે કે તેનો ભાવાર્થ એ છે કે, કસમ ખાવામાં ઉતાવળથી કામ ન લો, પોતાની કસમને સુરક્ષિત રાખો, જ્યાં સુધી કોઈ સખત મજબૂરી ન હોય, કસમ ન ખાઓ. *(મઝહરી)*

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૯૦-૯૧-૯૨)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ
الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٩٠﴾ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ
الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِي الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ ۚ
فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ ﴿٩١﴾ وَاَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاحْذَرُوْا ۚ فَاِنْ
تَوَلَّيْتُمْ فَاعْلَمُوْٓا اَنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿٩٢﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! આ જે શરાબ (દારૂ) છે અને જુગાર અને મૂર્તિઓ અને પાસાઓ; બધા જ શયતાનના ગંદા કામો છે; બસ તેનાથી બચતા રહો જેથી તમે છુટકારો પામો. (૯૦) શયતાન તો એ જ ઈચ્છે છે કે તમારામાં શરાબ અને જુગાર દ્વારા દુશ્મની અને વેર નાંખે, અને તમને અલ્લાહની યાદથી રોકે અને નમાઝથી; બસ, હજુ પણ તમે અટકશો ? (૯૧) અને અલ્લાહનો હુકમ માનો અને રસૂલનો હુકમ માનો અને બચતા રહો, પછી જો તમે ફરી જશો તો જાણી લો કે અમારા રસૂલની જવાબદારી માત્ર ખોલીને પહોંચાડી દેવાની છે. (૯૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર હલાલ વસ્તુઓને છોડી દેવાને પોતાના માટે જરૂરી બનાવી લેવાની મનાઈ કરવામાં આવી હતી અને અમુક હરામ વસ્તુઓનો ઉપયોગ કરવાથી પણ રોકવામાં આવ્યા હતા.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! વાત એ જ છે કે, દારૂ અને જુગાર અને મૂર્તિઓ (વગેરે) અને ફાલના તીર, આ બધી ગંદી વાતો શયતાની કામો છે; બસ, તેનાથી બિલકુલ બચીને રહો, જેથી તમે (તેના નુકસાનોથી બચતા રહો, જેનું વર્ણન આગળ ઉપર આવી રહ્યું છે અને) છુટકારો પામો (અને તેમાં દુનિયાના નુકસાનો પણ છે અને દીનના પણ, જેનો ઉલ્લેખ આ પ્રમાણે છે કે), શયતાન તો એવું ઈચ્છે છે કે દારૂ અને જુગાર દ્વારા તમારા વચ્ચે (પરસ્પરના વ્યવહારમાં) વેર-ઝેર અને (દિલોમાં) દુશ્મનાવટ ઊભી કરી દે, (જેથી દેખીતું છે કે, દારૂ પીવામાં તો સભાનતા પણ જતી રહે છે, વ્યક્તિ ગાળા-ગાળી અને દંગા-ફસાદ કરતો ફરે છે, તે ઉપરાંત તેમાં એક પ્રકારનો સ્વાભાવિક અણગમો પણ ઉપજતો હોય છે અને જુગારમાં જે વ્યક્તિ તલ્લીન રહે છે તે હંમેશા ક્રોધ અને ગુસ્સાનો ભોગ બને છે અને જ્યારે તેને કોઈ નુકસાન થાય છે ત્યારે તેનાથી સંલગ્ન અન્ય લોકો પણ તેનાથી પ્રભાવિત થાય છે. આમ, આ તો કુટેવો અને દુનિયવી નુકસાનો ગણાય) અને (શયતાન તો એવું ઈચ્છે છે કે, આ જ દારૂ અને જુગાર દ્વારા) અલ્લાહ

તઆલાના ઝિક્રથી અને નમાઝથી (કે જે અલ્લાહને યાદ કરવાનો સૌથી શ્રેષ્ઠ તરીકો છે) તમને રોકી રાખે (એટલા માટે આ પણ જાહેર બાબત છે; કારણ કે દારૂમાં તો તે સભાનતા ખોઈ બેસે છે અને જુગારમાં એક પ્રકારનો નશો હોય છે કે, વ્યક્તિ એટલી અંતિમ કક્ષાએ તેમાં ડૂબી જાય છે કે તે બરબાદ થઈ જાય છે. બલકે, તે ભયંકર નુકસાનમાં પહોંચે છે અને તે નુકસાન પૂરું કરવાના શક્ય પ્રયત્નો કરે છે પરંતુ તેમાં તે સફળ નથી થતો. આમ, આ કુટેવો અને ખરાબ કૃત્યોના નુકસાનો છે); બસ, (તમે બતાવો) શું હજુ પણ તમે (તેનાથી) નહીં બચો? અને (તમે બધા જ હુકમોમાં) અલ્લાહ તઆલાનું આજ્ઞાપાલન કરતા રહો અને રસૂલ (ﷺ)નું આજ્ઞાપાલન કરતા રહો અને (હુકમના વિરુદ્ધ આચરણ કરવાથી) બચતા રહો અને જો (આજ્ઞાપાલન કરવાથી) વિરોધ કરતા રહ્યા, તો જાણી લો કે અમારા રસૂલ (ﷺ)ના જિમ્મે ફક્ત સાફ-સાફ (ખુલ્લમ-ખુલ્લું હુકમને) પહોંચાડી દેવાનું હતું (અને તેઓ તેને સારી રીતે પૂર્ણ કરી ચૂક્યા છે. હવે, તમારી પાસે બહાનાબાજીની કોઈ સંભાવના બાકી નથી).

મસ્અલા અને બોધપાઠ :

સૃષ્ટિનું સર્જન મનુષ્યના લાભ માટે જ કરવામાં આવ્યું છે :

આ આયતોમાં આ બાબત બતાવવી મંજૂર છે કે, સૃષ્ટિના માલિકે સમગ્ર સૃષ્ટિને મનુષ્યની સેવા માટે પેદા કરી અને દરેક વસ્તુને મનુષ્યની સેવામાં લગાવી દીધી અને માનવીને સમગ્ર સૃષ્ટિનો સર્વોપરી બનાવ્યો છે. મનુષ્ય ઉપર ફક્ત એક મર્યાદા બાંધવામાં આવી કે, અમારી મખ્લૂક (સર્જન)થી ફાયદો ઉઠાવવાની જે હદ અને સીમા નક્કી ઠરાવવામાં આવી છે, તેનું ઉલ્લંઘન કરવામાં ન આવે અને જે વસ્તુઓને તમારા માટે હલાલ અને પાક-પવિત્ર બનાવી છે તેને પોતાના માટે હરામ ઠરાવી લેવી અલ્લાહની નાશુક્રી અને અપકાર છે અને ઉપકારનો બદલો એ રીતે આપે કે જે વસ્તુઓના કોઈ ખાસ ઉપયોગને હરામ ઠરાવવામાં આવ્યો છે તેનો ભંગ કરી નાફરમાની કરે તો એ અલ્લાહના હુકમ સામે બળવો છે. બંદાનું કામ તો એ છે કે, માલિકની સૂચના અને માર્ગદર્શન પ્રમાણે તેની સૃષ્ટિના દરેક તત્ત્વનો ઉપયોગ કરે અને તેમાં જ તેના બંદાપણા (અબ્દિય્યહ)નું રહસ્ય છુપાયેલું છે.

પ્રથમ આયતમાં દારૂ, જુગાર, મૂર્તિઓ અને જુગારના તીરો; આ ચાર વસ્તુઓ હરામ કરવામાં આવી છે. આ જ વિષયની એક આયત લગભગ આ જ શબ્દો સાથે સૂરએ બકરહમાં પણ આવી ચૂકી છે. يَـٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ તેમાં આ ચાર વસ્તુઓને ગંદી رِجْسٌ (રિજ્સ) કહ્યું. "રિજ્સ" અરબી ભાષામાં એવી ગંદી વસ્તુને કહેવામાં આવે છે, જેનાથી માણસની તબિયતમાં એક પ્રકારની નફરત (ધૃણા) અને સૂગ પેદા થાય છે. આ ચાર વસ્તુઓ એવી છે કે, જો મનુષ્યમાં જરા પણ સદ્બુદ્ધિ હોય અને નિર્મળ સ્વભાવ ધરાવતો હોય, તો આપમેળે જ તે આ વસ્તુઓથી ધૃણા કરશે અને તેને નફરતની દૃષ્ટિથી નિહાળશે.

اَزْلَامُ "અઝ્લામ"ની સ્પષ્ટતા :

આ ચાર વસ્તુઓમાંથી એક اَزْلَامُ (અઝ્લામ) છે, જે زَلَمٌ (ઝલમ)નું બહુવચન છે. અઝ્લામ તે તીરોને કહેવામાં આવે છે, જેના ઉપર ચિટ્ઠીઓ નાંખીને (કુર્રા અંદાજી કરીને) અરબસ્તાનમાં જુગાર રમવાનો રિવાજ પ્રચલિત હતો, જેનું સ્વરૂપ એ હતું કે, દશ વ્યક્તિઓ ભાગીદારીમાં એક ઊંટ ઝબહ કરતા હતા, પછી તેના માંસની વહેંચણી કરવાના બદલે તેના દશ બરાબર સરખા ભાગ કરતા, તેમાં એક પ્રકારનો જુગાર રમતા અને તે એ કે, દશ તીરોમાંથી સાત તીરો ઉપર અમુક નક્કી ભાગના નિશાનો બનાવી રાખતા હતા. જેમકે, કોઈ તીર ઉપર એક, કોઈ તીર ઉપર બે અને કોઈ તીર ઉપર ત્રણ... અને ત્રણ તીર તેમાંથી બિલકુલ સાદા અને કોરા રાખતા હતા, જેના ઉપર કશું લખવામાં આવતું ન હતું. આ તીરોને ભાથામાં મૂકીને હલાવતા હતા, પછી દરેક ભાગીદાર એક-એક કરીને તે ભાથામાંથી તીર કાઢતા હતા અને જેટલા ભાગના તીર જેના નામ ઉપર નીકળી આવે, તેને તે ભાગનો હકદાર સમજી લેવામાં આવતો હતો અને જેના નામ ઉપર કોરું તીર નીકળે તે વ્યક્તિ ભાગથી વંચિત રહી જતો હતો, જેમકે આજના યુગમાં ઘણા બધા પ્રકારની લોટરીઓ આ જ પદ્ધતિ ઉપર માર્કેટમાં ચાલી રહી છે. આ પ્રમાણેની કુર્રા અંદાજી "કિમાર" એટલે કે જુગાર છે, જે કુર્આને કરીમની દૃષ્ટિએ હરામ છે.

ચિટ્ઠીઓ નાંખી વહેંચણી કરવાનું જાઇઝ સ્વરૂપ :

હા ! ચિટ્ઠીઓ નાંખી વહેંચણી કરવાના પ્રકારમાંથી એક પ્રકારનું જાઇઝ

સ્વરૂપ રસૂલે કરીમ ﷺ દ્વારા સાબિત થયેલ છે, તે એ કે, જ્યારે બધાના હિસ્સા સરખા હોય અને સરખી રીતે હિસ્સાની વહેંચણી કરવામાં આવી હોય, પછી તે હિસ્સાઓને નક્કી કરવા માટે ચિઠ્ઠી નાંખવામાં આવે. દાખલા તરીકે, એક મકાનને ચાર ભાગીદારો વચ્ચે વહેંચવું છે, તો કિંમત પ્રમાણે તે મકાનના ચાર બરાબર હિસ્સા કરવામાં આવે, હવે નક્કી એ કરવાનું છે કે, કયો હિસ્સો કયા ભાગીદાર પાસે રહે? તે નક્કી કરવા માટે બધા ભાગીદારો જો પરસ્પર સંપૂર્ણ સહમત અને રાજીખુશી ન હોય કે કયો ભાગ કોને મળે એવી પરિસ્થિતિમાં ચિઠ્ઠી નાંખી ફેંસલો કરવો જાઇઝ છે અથવા દાખલા તરીકે, કોઈ વસ્તુ મેળવવાની એક હજાર લોકો ઈચ્છા રાખે છે અને દરેકના હકો સરખા છે, (દા.ત. કોઈ દુકાન ઉપર કોઈ વસ્તુ ખરીદવા માટે એક હજાર ગ્રાહકો ઊભા છે, પરંતુ જે વસ્તુ ખરીદવાની તેઓ ઈચ્છા ધરાવે છે) તે વસ્તુની સંખ્યા માત્ર સો છે, તો આવા સમયે ચિઠ્ઠી નાંખી ફેંસલો કરી શકાય છે.

"અઝ્લામ" દ્વારા ચિઠ્ઠી નાંખી માંસની વહેંચણી કરવાનો કુરિવાજ હરામ હોવા વિશે સૂરએ માઈદહની એક આયતમાં આ અગાઉ આવી ચૂક્યું છે, وَاَنْ تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ "અને એ કે તમે તીરો દ્વારા વહેંચણી નક્કી કરો છો." (૫ : ૩)

ખુલાસો એ છે કે, પ્રસ્તુત આયતમાં જે ચાર વસ્તુઓ હરામ હોવાનો ઉલ્લેખ છે, તેમાંથી બે વસ્તુઓ એટલે કે, مَيْسِر અને اَزْلَام પરિણામના આધારે એક જ છે. બાકી ત્રણમાં એક اَنْصَاب છે, જે نُصُبٌ નું બહુવચન છે અને એવી વસ્તુઓને نُصُب કહેવામાં આવે છે જે ઈબાદત માટે ઊભી કરવામાં આવી હોય. ભલે પછી તે મૂર્તિ હોય, ઝાડ હોય કે પછી પથ્થર હોય વગેરે.

દારૂ અને જુગારના શારીરિક અને માનસિક નુકસાનો :

આ આયત નાઝિલ થવાની પૂર્વભૂમિકા (શા'ને નુઝૂલ) અને ત્યાર પછી આવનારી આયતથી જાણ થાય છે કે, આ આયતનો અસલ હેતુ બે વસ્તુઓ હરામ કરવાનો અને તેના નુકસાનોનો ઉલ્લેખ કરવાનો છે. એટલે કે, દારૂ અને જુગાર. انصاب (અન્સાબ) એટલે કે, મૂર્તિઓનું વર્ણન તેની સાથે મેળવી દેવામાં આવ્યું કે, જેથી સાંભળનાર સમજી લે કે, દારૂ અને જુગારનો મા'મલો એટલો સખત અને જઘન્ય અપરાધ છે, જેવી રીતે કે મૂર્તિપૂજા.

ઈબ્ને માજહની એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો છે شَارِبُ الْخَمْرِ كَعَابِدِ الْوَثَنِ એટલે કે, "દારૂ પીનારા એવા ગુનેહગારો છે જેમકે, મૂર્તિપૂજા કરનારા" અને અમુક રિવાયતોમાં છે કે, شَارِبُ الْخَمْرِ كَعَابِدِ اللَّاتِ وَالْعُزّٰى એટલે કે, "દારૂ પીનારા એવા છે જેમકે "લાત" અને "ઉઝ્ઝા" (મૂર્તિઓ)ની પૂજા કરનારા."

કહેવાનું તાત્પર્ય એ છે કે, અહીંયાં દારૂ અને જુગાર સખત રીતે હરામ હોવાનું અને તેના માનસિક તથા શારીરિક નુકસાનોનું વર્ણન કરવાનો હેતુ છે. પ્રથમ માનસિક અને ભૌતિક નુકસાનો رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ ના શબ્દો દ્વારા વર્ણન કરવામાં આવ્યા, જેનો અર્થ એ છે કે, આ વસ્તુઓ સાલસ સ્વભાવ ધરાવનાર વ્યક્તિ માટે પણ ગંદી અને નફરતપાત્ર વસ્તુઓ તથા શયતાની ચરખો છે, જેમાં ફસાઈ ગયા બાદ મનુષ્ય અસંખ્ય નુકસાનો અને ભયંકર ખરાબીઓના ખાડામાં જઈ પડે છે. આ માનસિક નુકસાનો વર્ણન કર્યા પછી હુકમ આપવામાં આવ્યો فَاجْتَنِبُوْهُ એટલે કે, "જ્યારે આ વસ્તુઓ આવી નુકસાનકર્તા છે તો તેનાથી બચેલા રહો અને પરહેઝ કરો."

અંતે ફરમાવ્યું, لَعَلَّكُمْ تُفْلِحُوْنَ જેમાં બતાવવામાં આવ્યું છે કે, તમારી દુનિયા અને આખિરતની ભલાઈ એ બાબત ઉપર અવલંબિત છે કે તમે તે વસ્તુઓથી બચતા રહો.

ત્યારબાદ બીજી આયતમાં દારૂ અને જુગારના દુનિયવી અને જાહેર નુકસાનોનું વર્ણન આ શબ્દોમાં કર્યું, اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ وَالْمَيْسِرِ એટલે કે, "શયતાન તો એવું ઈચ્છે છે કે, તમને દારૂ અને જુગારમાં સંડોવીને તમારા વચ્ચે વેર-ઝેર અને દુશ્મનાવટનો પાયો નાંખે."

આ આયતો નાઝિલ થવા પાછળ એક ઘટના કારણભૂત છે જેમાં, દારૂના નશામાં એવી ચેષ્ટાઓ થઈ કે, જે પરસ્પર ગુસ્સા અને ક્રોધનું અને પછી લડાઈનું કારણ બની ગઈ અને આ કોઈ અચાનક ઘટતી ઘટના નથી હોતી. બલકે, દારૂના નશામાં જ્યારે વ્યક્તિ હોશ ખોઈ બેસે છે, ત્યારે તેના દ્વારા આવી ચેષ્ટાઓ અને હરકતો થવી નવાઈની વાત નથી.

એ જ પ્રમાણે જુગાર વિશે છે કે, હારનારો જો કે પોતાની હાર માનીને તે

સમયે નુકસાન ઉઠાવી લે છે પરંતુ પોતાના હરીફ ઉપર મનમાં ક્રોધિત થાય છે અને આ ક્રોધમાં તેના હરીફ માટે વૈમનસ્ય તથા દુશ્મનાવટના ભાવ પેદા થવો સ્વાભાવિક છે. હઝરત કતાદહ (રદિ.) આ આયતની તફસીરમાં ફરમાવે છે કે, "અમુક અરબોની ટેવ હતી કે, જુગારમાં પોતાના બાળ-બચ્ચાં અને માલ-સામાન બધું જ હારીને અત્યંત રંજ અને ગમમાં જીવન પસાર કરતા હતા."

અંતિમ આયતમાં પછી તે વસ્તુઓની એક અન્ય ખરાબી આવા શબ્દોમાં વર્ણન થઈ. وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ એટલે કે, "આ વસ્તુઓ તમને અલ્લાહની યાદ અને નમાઝથી ગાફિલ (બેદરકાર) કરી દે છે."

આ ખરાબી જાહેર આધ્યાત્મિક અને આખિરતની ખરાબી છે, જેની દુનિયવી ખરાબી ત્યાર પછી પુનરાવર્તિત સ્વરૂપે વર્ણન કરવામાં આવી છે, એનાથી ઈશારો એ હોઈ શકે છે કે, અસલ જે જિંદગી તરફ અંગૂલી નિર્દેશ છે અને જેની ચિંતા કરવાપાત્ર છે, તે જિંદગી આખિરતની જિંદગી છે જે હંમેશા રહેનારી છે. બુદ્ધિશાળીઓ સમીપ તેની જ વિશેષતાઓ ઈચ્છિત હોય છે અને તે જ તેમને આકર્ષિત કરનારી હોવી જોઈએ અને તેની ખરાબીથી ડરવું જોઈએ. દુનિયાની અમુક દિવસની જિંદગીની વિશેષતા કે ખૂબી ન તો કોઈ ગર્વ કરવાપાત્ર બાબત છે, ન જ તેની ખરાબી કોઈ વધારે રંજ અને ગમ કરવાપાત્ર બાબત છે. એટલા માટે કે, આ બંને પરિસ્થિતિઓ થોડા દિવસોમાં પૂરી થઈ જવાની છે.

دورانِ بقا چو بادِ صحرا بگزشت   تلخی و خوشی و زشت و زیبا بگزشت

જીવનનું ચક્ર જંગલની હવાની જેમ ચાલ્યું ગયું,
સુખ-દુઃખ, સારું-ખરાબ બધું જ કંઈ ચાલ્યું ગયું.

અને એવું પણ કહી શકાય છે કે, અલ્લાહનો ઝિક્ર અને નમાઝથી ગફલત તથા બેદરકારી એ દુનિયા અને આખિરત તથા શરીર અને રૂહ (આત્મા) બંનેના માટે નુકસાનકારક છે. આખિરત અને રૂહ માટે તો નુકસાનકારક હોવું દેખીતું છે કે, અલ્લાહ તઆલાથી ગફલત કરનારની અને બેનમાઝીની આખિરત તબાહ થવાની છે કારણ કે, તેની રૂહ મૃત્યુ પામી ચૂકી છે. જરા વિચાર તો કરો કે, અલ્લાહ તઆલાથી ગાફિલ થયેલની દુનિયા પણ તેના માટે તેના જીવનો વબાલ

હોય છે કે, જયારે અલ્લાહથી ગાફિલ થઈને તેનો અંતિમ ધ્યેય દુનિયાની માલ-દૌલત, ઈજ્જત-આબરૂ અને હોદ્દા વગેરે થઈ જાય ત્યારે તે એટલા બધા બખેડા પોતાની સાથે લઈને આવે છે કે, તે પોતે એક આગવો ગમ હોય છે, જેમાં સંડોવાઈને મનુષ્ય પોતાના અંતિમ ધ્યેય એટલે કે, રાહત અને આરામ તથા સંતોષ અને શાંતિથી વંચિત થઈ જાય છે અને તે રાહતનો સામાન મેળવવામાં એવો મસ્ત થઈ જાય છે કે, પોતે રાહતને જ ભૂલી જાય છે. જો કોઈ સમયે તેની પાસેથી આ માલ-દૌલત અથવા ઈજ્જત-આબરૂ કે હોદ્દો જતો રહે છે અથવા જે ઉપલબ્ધ છે તેનાથી ઓછું થઈ જાય છે, ત્યારે તેના રંજ અને ગમની કોઈ સીમા નથી રહેતી. મતલબ કે, આ માત્ર દુનિયાદાર મનુષ્યો બંને પરિસ્થિતિઓમાં રંજ અને ચિંતા તથા ગમના સમંદરમાં ડૂબેલા જ રહે છે.

اگر دنیا نباشد دردمندیم   وگر باشد بمہرش پائے بندیم

દુનિયા ન હોવાની હાલતમાં અમો ચિંતાતૂર રહીએ છીએ,
અને જો દુનિયા હોય તો તેની મહોબ્બતમાં પગ બંધાયેલા રહે છે.

એનાથી વિપરીત એવો વ્યક્તિ કે જેનું દિલ અલ્લાહની યાદથી પ્રકાશિત અને નમાઝના નૂરથી ઝળહળે છે, દુનિયાનો માલ, ઈજ્જત અને હોદ્દો તેના કદમોમાં આવી પડે છે અને તેને સાચી રાહત અને સંતોષ પહોંચાડે છે અને જો આ વસ્તુઓ જતી રહે તો તેનું દિલ તેનાથી પ્રભાવિત નથી થતું. કારણ કે, તેમની પરિસ્થિતિ આવી હોય છે.

نہ شادی داد سامانے نہ غم آورد نقصانے   بہ پیشِ ہمّتِ ما ہر چہ آمد بود مہمانے

ન દુનિયવી માલ-સામાન હોવામાં ખુશી થાય છે, ન દુનિયાના નુકસાનથી દુઃખ;
અમારા મજબૂત મનોબળના કારણે દરેક વસ્તુ મહેમાન સ્વરૂપે હોય છે.
(જેમ મહેમાન આવે છે, જાય છે; આમ દુઃખ-સુખ આવે છે, જાય છે.)

ખુલાસો એ છે કે, જો વિચારપૂર્વક જોવામાં આવે તો અલ્લાહનો ઝિક્ર અને નમાઝથી ગફલત આખિરત અને દુનિયા બંને રીતે નુકસાનકર્તા છે. એટલા માટે શક્ય છે કે, رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ થી માત્ર આખિરતનું અને રૂહાની નુકસાનનું વર્ણન કરવાનો અત્રે હેતુ છે અને يُوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ થી માત્ર દુનિયવી અને શારીરિક નુકસાન બતાવવાનો હેતુ રહ્યો હોય અને يَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ

وَعَنِ الصَّلٰوةِ દ્વારા દીન અને દુનિયાની સંયુક્ત રીતે તબાહી અને બરબાદીનું વર્ણન કરવાનો હેતુ હોય.

અહીંયાં એ વાત પણ ધ્યાને લેવા જેવી છે કે, અલ્લાહના ઝિક્રમાં તો નમાઝ પણ સામેલ છે, તો પછી નમાઝનું અલગથી વર્ણન કરવામાં શું હિકમત છે ? કારણ એ છે કે, તેમાં નમાઝનું મહત્ત્વ દર્શાવવા અને તે અલ્લાહના ઝિક્રના બધા જ પ્રકારોમાં શ્રેષ્ઠ અને ઉત્તમ હોવા તરફ ઈશારો કરવા માટે અત્રે નમાઝનું આગવું વર્ણન પણ કરવામાં આવ્યું છે.

બધા જ દીની તથા દુનિયવી, શારીરિક અને માનસિક નુકસાનોની વિગત બતાવ્યા પછી આ વસ્તુઓથી બચેલા રહેવાનું માર્ગદર્શન એક ખૂબ જ રસપ્રદ શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે. ઈરશાદ છે, فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ એટલે કે, "જ્યારે આ બધા નુકસાનો તમારી જાણમાં આવી ગયા તો હવે પણ શું તેનાથી તમે નહીં બચો ?"

આ બંને આયતોમાં દારૂ અને જુગાર વગેરેની સખત રીતે મનાઈ કરી તેને હરામ ઠરાવવાનો ઉલ્લેખ હતો, જે અલ્લાહના કાનૂનની એક કલમ છે. ત્રીજી આયતમાં આ હુકમને સરળ કરવા અને તેના ઉપર આચરણ કરવાને સહજ બનાવવા માટે કુર્આને કરીમે પોતાની ખાસ શૈલીમાં વર્ણન કર્યું, وَاَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاحْذَرُوْا، فَاِنْ تَوَلَّيْتُمْ فَاِنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ જેનો ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺનું અનુસરણ કરવાનો હુકમ તમારા જ લાભમાં છે. જો તમે ન માન્યું તો અલ્લાહ જલ્લ શા'નુહૂનું કોઈ નુકસાન નથી અને ન જ તેના રસૂલ ﷺનું કોઈ નુકસાન છે. અલ્લાહ તઆલા આ નફા-નુકસાનથી ઉપરવટ હોવું તો દેખીતું છે. રસૂલે કરીમ ﷺ વિશે એવો વિચાર આવી શકે છે કે, જો તેમની વાત ન માનવામાં આવી તો તેમના સવાબ અને તેમના હોદ્દામાં કદાચ કોઈ ફરક પડી જાય. આ શંકાને દૂર કરવા માટે ઈરશાદ ફરમાવવામાં આવ્યો, فَاِنْ تَوَلَّيْتُمْ فَاِنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ એટલે કે, "તમારામાંથી જો કોઈપણ અમારા રસૂલ ﷺની વાત નહીં માને, તો પણ તેમના દરજ્જામાં કંઈ ફરક નહીં પડે. કારણ કે જેટલું કાર્ય તેમને સોંપવામાં આવ્યું તેટલું તેઓ કરી ચૂક્યા. એટલે કે, સાફ-સાફ અને સ્પષ્ટ રીતે અલ્લાહ તઆલાના હુકમો ખોલી-ખોલીને તેમણે પહોંચાડી દીધા અને ત્યારબાદ જો કોઈ વ્યક્તિ નથી

માનતો તો તે પોતાનું જ નુકસાન કરે છે, અમારા રસૂલ ﷺનું તેનાથી કંઈ જ બગડવાનું નથી."

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૯૩ થી ૯૬)

لَيْسَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جُنَاحٌ فِيْمَا طَعِمُوْٓا اِذَا مَا اتَّقَوْا وَّ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ثُمَّ اتَّقَوْا وَّاٰمَنُوْا ثُمَّ اتَّقَوْا وَّاَحْسَنُوْا ؕ وَاللّٰهُ يُحِبُّ
الْمُحْسِنِيْنَ ﴿۹۳﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَيَبْلُوَنَّكُمُ اللّٰهُ بِشَيْءٍ مِّنَ الصَّيْدِ تَنَالُهٗٓ ع
اَيْدِيْكُمْ وَرِمَاحُكُمْ لِيَعْلَمَ اللّٰهُ مَنْ يَّخَافُهٗ بِالْغَيْبِ ۚ فَمَنِ اعْتَدٰى بَعْدَ
ذٰلِكَ فَلَهٗ عَذَابٌ اَلِيْمٌ ﴿۹۴﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْتُلُوا الصَّيْدَ وَاَنْتُمْ حُرُمٌ ؕ
وَمَنْ قَتَلَهٗ مِنْكُمْ مُّتَعَمِّدًا فَجَزَآءٌ مِّثْلُ مَا قَتَلَ مِنَ النَّعَمِ يَحْكُمُ بِهٖ
ذَوَا عَدْلٍ مِّنْكُمْ هَدْيًا بٰلِغَ الْكَعْبَةِ اَوْ كَفَّارَةٌ طَعَامُ مَسٰكِيْنَ اَوْ عَدْلُ ذٰلِكَ
صِيَامًا لِّيَذُوْقَ وَبَالَ اَمْرِهٖ ؕ عَفَا اللّٰهُ عَمَّا سَلَفَ ؕ وَمَنْ عَادَ فَيَنْتَقِمُ اللّٰهُ
مِنْهُ ؕ وَاللّٰهُ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ﴿۹۵﴾ اُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ وَطَعَامُهٗ مَتَاعًا لَّكُمْ وَ
لِلسَّيَّارَةِ ۚ وَحُرِّمَ عَلَيْكُمْ صَيْدُ الْبَرِّ مَا دُمْتُمْ حُرُمًا ؕ وَاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اِلَيْهِ
تُحْشَرُوْنَ ﴿۹۶﴾

તરજુમો :

જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા તેમના ઉપર એમાં ગુનોહ નથી જે કંઈ પહેલાં ખાઈ ચૂક્યા, જ્યારે કે હવે પછી માટે ડરી ગયા અને ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા, પછી ડરતા રહ્યા અને યકીન કર્યું, પછી ડરતા રહ્યા અને નેકી કરી; અને અલ્લાહ નેકી કરનારાઓને દોસ્ત રાખે છે. (૯૩) હે ઈમાનવાળાઓ ! અલબત્ત, અલ્લાહ તમને એક વાતથી અજમાવશે એ શિકારમાં કે જેના ઉપર તમારા હાથ અને તમારા ભાલા પહોંચ્યા છે, જેથી

અલ્લાહ જાણી લે કોણ તેનાથી જોયા વિના ડરે છે ? પછી તેણે એ પછી અતિરેક કર્યો તો તેના માટે દર્દનાક અઝાબ છે. (૯૪) હે ઈમાનવાળાઓ ! શિકાર ન મારો જે વખતે તમે અહેરામમાં હોવ, અને જો કોઈ તમારામાં તેને જાણીબૂઝી મારે તો તેના ઉપર તે મારેલા સમાન બદલો છે જાનવરમાંથી જે તમારામાંથી બે ભરોસાપાત્ર વ્યક્તિ તજ્વીજ (નક્કી) કરે, એ રીતે કે તે બદલાનું જાનવર નિયાઝ સ્વરૂપે કા'બા સુધી પહોંચાડવામાં આવે અથવા તેના ઉપર કફ્ફારો છે અમુક મોહતાજોને ખવડાવવું અથવા એના બરાબર રોઝા, જેથી પોતાના કામની સજા ચાખે; અલ્લાહે મા'ફ કર્યું જે થઈ ચૂક્યું અને જે કોઈ ફરી કરશે તેનાથી અલ્લાહ બદલો લેશે અને અલ્લાહ જબરદસ્ત બદલો લેનારો છે. (૯૫) તમારા માટે દરિયાનો શિકાર હલાલ થયો અને દરિયાનું ખાવું; તમારા ફાયદા માટે અને બધા મુસાફરોના; અને તમારા ઉપર જંગલનો શિકાર હરામ થયો જ્યાં સુધી તમે અહેરામમાં રહો, અને અલ્લાહથી ડરતા રહો જેની પાસે તમે એકઠા થશો. (૯૬)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

લુબાબમાં મુસ્નદે અહમદની રિવાયત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થઈ છે કે, જ્યારે ઉપરની આયતમાં દારૂ અને જુગાર હરામ હોવાનો હુકમ નાઝિલ થઈ ચૂક્યો ત્યારે અમુક લોકોએ વિનંતી કરી કે, યા રસૂલુલ્લાહ ﷺ ! ઘણા લોકો જેઓ શરાબ પીતા હતા અને જુગારનો માલ ખાતા હતા, તે હરામ થતાં પહેલાં જ મૃત્યું પામ્યા અને હવે, જાણ થઈ કે, આ બાબતો હરામ છે તો તેમની શું હાલત થશે ? તેના વિશે આ આયત ....لَيْسَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا નાઝિલ થઈ.

અને પાછલી આયત يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحَرِّمُوْا طَيِّبٰتِ માં હલાલ વસ્તુઓને પોતાના માટે હરામ ઠરાવી લેવાની મનાઈનું વર્ણન હતું. હવે, આ આયત ...يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَيَبْلُوَنَّكُمُ اللّٰهُ بِشَيْءٍ દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે કે, અલ્લાહ તઆલાને સંપૂર્ણ અધિકાર છે કે, અમુક વિશેષ પરિસ્થિતિઓમાં અમુક ખાસ-ખાસ વસ્તુઓને હરામ ઠરાવે. *(બયાનુલ કુર્આન)*

તફસીર :

એવા લોકો ઉપર કે જેઓ ઈમાન ધરાવે છે અને નેક કામો કરે છે,

(તેમને) એ બાબતમાં કોઈ ગુનોહ નથી, જેને તેઓ ખાતા-પીતા હોય (અને તે સમયે તે હલાલ હોય, ભલે પાછળથી હરામ થઈ જાય તો તેમને તેનો ગુનોહ કેવી રીતે થાય ?) જ્યારે કે, (ગુનાહનું કોઈ કામ કર્યું જ ન હોય, બલકે, આવી બાબતથી બચવાની એક સારી વાત એ છે કે) તે લોકો (અલ્લાહના ડરથી તે સમયે નાજાઇઝ થયેલ વસ્તુઓથી) બચતા હતા અને (દલીલ આ ડરની એ છે કે તે લોકો) ઈમાન ધરાવતા હતા (જે અલ્લાહના ડરનું મુખ્ય કારણ છે) અને નેક કામો કરતા હોય (જ્યારે કે તે અલ્લાહના ડરની નિશાની છે અને આવી પરિસ્થિતિમાં તેઓ આખી જિંદગી રહ્યા, એટલા માટે જો તે હલાલ વસ્તુઓ જેને તેઓ પહેલાં ખાતા-પીતા હતા અને હવે તે હલાલ વસ્તુઓ હરામ થઈ ચૂકી, તો) પછી (તેનાથી પણ તેમણે અલ્લાહના ડરના કારણે) પરહેઝ કરવા માંડી હોય અને (આ ડર પણ પાછલી દલીલનું ઉદાહરણ જ છે કે, આ લોકો) ઈમાન ધરાવે છે અને ખૂબ સારા કાર્યો કરે છે (જે ઈમાન ઉપર આધારિત છે બસ આ જ કારણ અને અલ્લાહના ડરની નિશાનીનું સંયુક્ત મિશ્રણ છે. મતલબ એ કે, દરેક સમયે કોઈપણ હરામ થયેલ બાબતથી બચવામાં તેમનો આ જ શિરસ્તો રહ્યો છે. કોઈ બે-ત્રણ બાબતોમાં આવી વિશિષ્ટતા નથી બલકે, હંમેશા તેઓ પરહેઝગારી અપનાવે છે, માટે આવી હરામ વસ્તુઓથી બચવાના કારણે અમારી કૃપાદષ્ટિ તેમને કેવી રીતે ગુનેહગાર ગણે ?) અને (તેમનો આ ખાસ તરીકો કે જે ઉપરોક્ત વર્ણન થયો કે ભલાઈ ફક્ત ગુનાહ ન કરવાના કારણે નથી બલકે, તેમના આવા નેક કાર્યોના લીધે તેમને સવાબ અને અલ્લાહની દોસ્તી પ્રાપ્ત થવાની તક પણ મળે છે. કારણ કે,) અલ્લાહ તઆલા આવા નેક અમલો કરનાર સાથે મહોબ્બત રાખે છે (બસ, તેમનું અપ્રિય હોવું કેવી રીતે શક્ય છે ? તે લોકો તો અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરી તેના પ્રિય હોવાની કક્ષાએ પહોંચ્યા છે).

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલા અમુક શિકારથી તમારી કસોટી કરશે, જેના સુધી (તમારાથી દૂર ન ભાગવાના કારણે) તમારા હાથ અને તમારો ભાલો પહોંચી શકે છે (મતલબ કે, કસોટી એ કે અહેરામની હાલતમાં તમારા ઉપર શિકારને હરામ કરીને અજમાવશે, જેનો ખુલાસો આગળ આવે છે) જેથી અલ્લાહ તઆલા (દેખીતી રીતે પણ) જાણી લે કે કોણ વ્યક્તિ તેમાં (એટલે કે, તેના અઝાબથી) જોયા વિના ડરે છે (અને હરામથી કે જે અઝાબનું કારણ છે,

બચવાની કોશીશ કરે છે. એ જ પ્રમાણે એ પણ જાણ થઈ કે, આ શિકાર હરામ છે); બસ, જે વ્યક્તિ તે (હરામ થયા) પછી (જેના ઉપર પરિસ્થિતિ પણ દલીલ કરી રહી છે, શરઈ) હદથી નીકળી જશે. (એટલે કે, મનાઈ કરેલ શિકાર કરશે) તેના માટે દર્દનાક સજા (નક્કી ઠરાવી) છે (એટલા માટે શિકારી જાનવર તેમની આજુબાજુ ઘુમતા રહેતા હતા; જો કે, સહાબા રદિ.માંથી ઘણા શિકારની ટેવ ધરાવતા હતા, આથી તેમાં તેમની ફરમાંબરદારીની પરીક્ષા થઈ રહી હતી, જેમાં તેઓ પૂરા ઉતર્યા અને આગળ હવે મનાઈની વધારે સ્પષ્ટતા આવે છે કે,) હે ઈમાનવાળાઓ ! જંગલી શિકારને (તે અપવાદ સિવાય કે જેની શરીઅતે છૂટ આપી છે) કતલ ન કરો, જ્યારે કે તમે અહેરામની હાલતમાં હોવ. (એ જ પ્રમાણે જ્યારે કે શિકાર હરમમાં હોય ભલે શિકારી અહેરામમાં ન હોય, એનો પણ આ જ હુકમ છે) અને જે વ્યક્તિ તમારામાંથી તેને જાણીબૂજીને મારશે, તો તેના ઉપર (આ કૃત્યનો) બદલો વાજિબ થશે, જે (કિંમતમાં મારેલા જાનવરના) બરાબર હશે તે જાનવર પ્રમાણે કે જેને તેણે કતલ કર્યું છે, જે (અંદાઝો લગાવવા માટે)નો ફૈસલો તમારામાંથી બે ન્યાયી વ્યક્તિઓ કરશે (કે દીનદારીમાં પણ ભરોસાપાત્ર હોય તથા કોઠાસૂઝ ધરાવનાર અનુભવી પણ હોય, પછી તે મારેલા જાનવરની કિંમતનો અંદાઝો લગાવ્યા પછી અધિકાર છે) ભલે (એટલી કિંમતનું કોઈ એવું જાનવર ખરીદી લે કે,) તે (જાનવર) ખાસ પશુઓની શ્રેણીમાંથી હોય (એટલે કે, ઊંટ, ગાય, ભેંસ, બકરી નર હોય અથવા માદા) એ શરતે કે, નિયાઝ તરીકે કા'બા(ની પાસે) પહોંચાડી આપે (એટલે કે, હરમની અંદર પહોંચાડવામાં આવે) અને ભલે (એટલી કિંમતનું અનાજ વગેરેનો) કફ્ફારો ફકીરોને આપી દેવામાં આવે (એટલે કે, એક ફકીરને એક સદકએ ફિત્ર પ્રમાણે આપવામાં આવે) અને ભલે તે (અનાજ)ના બરાબર રોઝા રાખવામાં આવે, (પ્રમાણ સરખું હોવાનું સ્વરૂપ એ છે કે, દરેક ફકીરના ભાગે એટલે કે ફિત્રાના બદલામાં એક રોઝો; અને આ એટલા માટે નક્કી કર્યું છે) જેથી પોતાના કરેલા કૃત્યની સજા ચાખે (તે વ્યક્તિથી વિપરીત કે જેણે જાણીબૂઝીને શિકાર નથી કર્યો કે, જો કે, તેના ઉપર બદલો તો એ જ વાજિબ છે પરંતુ તેની તે બાબત સજા સ્વરૂપે નહીં બલકે હરમમાં શિકાર ન કરવાના હુકમનો ભંગ થવાના કારણે અને અહેરામની હાલતમાં શિકાર કર્યો હોવાના કારણે તે હરામ કામ કરી બેઠો છે, માટે તેનો બદલો છે અને આ

બદલો અદા કરી દેવાથી) અલ્લાહ તઆલાએ અગાઉ થઈ ચૂકેલું મા'ફ કરી દીધું અને જે વ્યક્તિ ફરીવાર આવી હરકત કરશે (કારણ કે, મોટા ભાગના કિસ્સામાં પ્રથમવાર કરતાં બીજીવાર તે ગુનાહનું પુનરાવર્તન કરવાની હિંમત વધારે હોય છે) તો (આ કારણ ઉપરાંત પ્રસ્તુત બદલાનું વર્ણન કે જે મુખ્ય હરામ કૃત્ય કરવાના કારણે છે. આખિરતમાં) અલ્લાહ તઆલા તેનો (આ ગુનાહની હિંમત કરવાના કારણે) બદલો લેશે (અલબત્ત, જો તવબહ કરી લે તો બદલાનું કારણ સમાપ્ત થઈ જશે) અને અલ્લાહ તઆલા જબરદસ્ત બદલો લઈ શકે છે. તમારા માટે (અહેરામની હાલતમાં) દરિયા (એટલે કે, પાણી)નો શિકાર પકડવો અને તેને ખાવું (બધું) હલાલ કરવામાં આવ્યું છે, તમારા લાભના કારણે (અને તમારા) મુસાફરોના (ફાયદાના) કારણે (કે મુસાફરીમાં તેને પોતાનું ભાથું બનાવે) અને ખુશ્કીનો શિકાર (ભલે અમુક સ્વરૂપોમાં ખાવો હલાલ હોય પરંતુ) પકડવો (અથવા તેમાં નક્કી કરવું) તમારા માટે હરામ કરવામાં આવ્યું છે, જ્યાં સુધી કે તમે અહેરામની હાલતમાં રહો અને અલ્લાહ તઆલા(નો વિરોધ કરવા)થી ડરો, જેની પાસે તમને ભેગા (કરીને હાજર) કરવામાં આવશે.

મસ્અલા અને બોધપાઠ :

સંશોધકોએ લખ્યું છે કે, તકવો (એટલે કે દીનની નુકસાનકર્તા વાતોથી બચવા)ની કેટલીય કક્ષાઓ છે અને ઈમાન તથા આસ્થાના તકાદાઓ પણ શક્તિ અને કમજોરીના આધારે વિવિધ પ્રકારના છે. અનુભવ અને શરઈ "નુસૂસ"થી સાબિત છે કે, જે પ્રમાણે મનુષ્ય ઝિક્ર અને ચિંતન, સારા આચરણો અને અલ્લાહ માટે જિહાદમાં પ્રગતિ કરે છે, એ જ પ્રમાણે અલ્લાહનો ડર અને તેનું સન્માન તથા પ્રતિષ્ઠાની કલ્પનાથી હૃદય પ્રકાશિત થઈને ઈમાન અને વિશ્વાસ મજબૂત અને ટકાઉ થતો રહે છે. અલ્લાહ તરફના આકર્ષણની આ જ પ્રગતિ અને ઉચ્ચતા તરફ આ આયતમાં તકવા અને ઈમાનના પુનરવર્તનથી ઈશારો કર્યો અને "સુલૂક"ની અંતિમ કક્ષા (અહેસાન) અને તેના વિભાગો તરફ પણ માર્ગદર્શન આપ્યું છે.

(તફસીરે ઉસ્માની)

મસ્અલો :

صَيْدٌ (સયૂદ) હરમની હદોમાં અને અહેરામની હાલતમાં હરામ છે અને

આ બાબત પ્રચલિત છે, ભલે હલાલ જાનવર હોય અથવા હરામ જાનવર હોય.
(لِاِطْلَاقِ الْاٰيَةِ) *(અલ ઈતલાકુલ આયહ)*

મસ્અલો :

صَيْـــــــــد (સયૂદ) તે જાનવરોને કહેવામાં આવે છે, જે જંગલી હોય. સ્વાભાવિક રીતે મનુષ્ય પાસે ન રહેતા હોય, બસ જે સ્વાભાવિક પાલતુ પ્રાણીઓ છે જેમકે, ઘેટું, બકરી, ગાય, ઊંટ વગેરે તેમને ઝબહ કરવું અને ખાવું હલાલ છે.

મસ્અલો :

અલબત્ત, જે જાનવર દલીલથી આ હુકમમાં અપવાદ જાહેર થઈ ગયું, તેને પકડવું, મારવું હલાલ છે. જેમકે, દરિયાઈ જાનવરનો શિકાર; અલ્લાહ તઆલા ફરમાવે છે, اُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ અને અમુક ભૂચર (જમીન ઉપર રહેનારા જાનવરો.) અમુક આ પ્રકારના જાનવરોને (તેના નુકસાનોથી બચવા માટે) મારવું જાઈઝ છે, જેમકે કાગડો, સમડી, વરુ, સાપ, વીંછી, હડકાયું કૂતરું અને તે જંગલી જાનવર જે તમારા ઉપર હુમલો કરે તેને મારવું જાઈઝ છે. હદીષમાં આવા જાનવરોને મારવા માટે આ હુકમમાં અપવાદ સ્વરૂપે છૂટ છે, તેનાથી જાણ થઈ કે, اَلصَّيْدُ (પ : ૯પ)માં અલિફ-લા'મ શરતનો છે.

મસ્અલો :

જે હલાલ જાનવરોનો શિકાર અહેરામ બાંધેલી હાલતમાં અથવા અહેરામ બાંધ્યો ન હોય એવી હાલતમાં કરવામાં આવે, તેનું ખાવું અહેરામ બાંધેલ વ્યક્તિ માટે જાઈઝ છે. જ્યારે કે, તે જાનવરને મારવામાં મદદગાર અથવા સલાહકાર ન હોય. હદીષમાં આવો જ ઈરશાદ છે અને આયતના શબ્દો لَا تَقْتُلُوْا માં પણ એ તરફ ઈશારો છે. કારણ કે, અહીંયાં لَا تَقْتُلُوْا ફરમાવ્યું છે, لَا تَاْكُلُوْ કહેવામાં આવ્યું નથી.

મસ્અલો :

હરમના શિકારને જે પ્રમાણે જાણીબૂજીને મારવા ઉપર બદલો આપવો વાજિબ છે, એ જ પ્રમાણે ભૂલથી અથવા અજાણતામાં આવું કરવાથી પણ તે વાજિબ થશે. *(અબ્રૂરજર્રૂહ)*

મસ્અલો :

જેમકે પ્રથમ વખતે બદલો વાજિબ છે, એ જ પ્રમાણે જો બીજા-ત્રીજા વખતે આ રીતે જાનવર મારે તો પણ તે વાજિબ છે.

મસ્અલો :

આ બદલાનો ખુલાસો એ છે કે, જે સ્થળે અને જે જગ્યાએ આ જાનવર કતલ થયું છે, શ્રેષ્ઠ તો એ જ છે કે, બે ન્યાયી વ્યક્તિ પાસે અને જાઈઝ એ પણ છે કે, એક જ ન્યાયપ્રિય વ્યક્તિ પાસે આ જાનવરની કિંમતનો અંદાજો કરાવી લે, પછી તેમાં એવી સ્પષ્ટતા છે કે, તે મારવામાં આવેલ જાનવર જો હરામ હોય તો પણ તેની આ કિંમત એક બકરીની કિંમતથી વધારે વાજિબ નહીં થાય અને જો તે જાનવર હલાલ હતું તો જે પ્રમાણે અંદાજો કરવામાં આવશે તે બધું વાજિબ થશે અને બંને પરિસ્થિતિમાં હવે તેને ત્રણ સ્વરૂપોમાં બદલો આપવાનો અધિકાર છે. ભલે, તેની કિંમત પ્રમાણે કોઈ જાનવર કુર્બાનીની શરત પ્રમાણે ખરીદી લે અને હરમની હદોમાં ઝબહ કરે. ફકીરોમાં માંસ વહેંચી દે અથવા તો તેની કિંમત બરાબરનું અનાજ સદકએ ફિત્રની શરતો પ્રમાણે દરેક ફકીરને "અડધો સાઅ્" (હાલના પ્રમાણે ૧.૬૨૦ કિ.ગ્રા.) આપી દે અથવા તો "અડધા સાઅ્" પ્રમાણે એક ફકીર ગણી જેટલા ફકીરને તે પહોંચી શકે છે, એટલા રોઝા રાખી લે અને અનાજ વહેંચવામાં તથા રોઝા રાખવામાં હરમના સ્થળની શરત લગાવવામાં આવી નથી અને જો કિંમત અડધા સાઅ્થી પણ ઓછી નક્કી થઈ હોય તો તેને અધિકાર છે કે ભલે એક જ ફકીરને આપી દે અથવા એક રોઝો રાખી લે. આ પ્રમાણે જો દરેક ફકીરને અડધો સાઅ્ આપે અને અડધા સાઅ્થી ઓછું બચી જાય, તો પણ એ જ રીત છે કે, ભલે તે બાકી બચેલું એક ફકીરને આપી દે અથવા એક રોઝો રાખી લે. અડધા સાઅ્નું વજન આપણા વજનના આધારે પોણા બે શેર અથવા ૧.૬૨૦ કિ.ગ્રા. લગભગ થાય છે.

મસ્અલો :

ઉપરોક્ત અંદાજા પ્રમાણે જેટલા ફકીરોનો જે હિસ્સો ઠરે, જો તેને બે સમયનું પેટ ભરીને ખાવું ખવડાવી આપે તો તે પણ જાઈઝ છે.

મસ્અલો :

જો આ કિંમત બરાબર ઝબહ કરવા માટે જાનવર નક્કી કરવામાં આવે, પરંતુ અમુક રકમ વધી છે તો આ વધેલી રકમમાં તેને અધિકાર છે કે, તે બીજું જાનવર ખરીદી લે અથવા તો તેનું અનાજ આપી દે અથવા અનાજના હિસાબ ગણી રોઝા રાખી લે. જે પ્રમાણે કતલ કરવામાં બદલો વાજિબ છે, એ જ પ્રમાણે આવા જાનવરને ઘાયલ કરવા બાબતે પણ અંદાજો લગાવવામાં આવશે કે, આ જાનવર ઘાયલ થવાથી તેની કેટલી કિંમત ઓછી થઈ ગઈ ? પછી એ પ્રમાણે ઉપરોક્ત પ્રમાણેના ત્રણ સ્વરૂપોના આધારે કિંમત નક્કી કરી બદલો આપવો જાઈઝ છે.

મસ્અલો :

અહેરામની હાલતમાં જે જાનવરનો શિકાર કરવો હરામ છે, તેને ઝબહ કરવું પણ હરામ છે. જો તેને ઝબહ કરશે તો તેનો હુકમ પણ મુરદાર જાનવર જેવો થઈ જશે. (وَفِیْ لَاتَقْتُلُوْا اِشَارَۃٌ اِلٰی اَنَّ ذَبْحَہٗ کَالْقَتْلِ)

મસ્અલો :

જો જાનવરને મારવાનું સ્થળ જંગલ છે, તો જે વસ્તી તેની સૌથી નજીક હોય ત્યાં તેના પ્રચલિત રિવાજને આધારે જ કિંમતનો અંદાજો લગાવવામાં આવશે.

મસ્અલો :

(અહેરામની હાલતમાં મસ્જિદે હરામમાં) શિકાર કરવા માટે ઈશારો કરવો અથવા મદદ કરવી પણ શિકાર કરવામાં સામેલ છે અને તે હરામ છે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૯૭ થી ૧૦૦)

جَعَلَ اللّٰہُ الْکَعْبَۃَ الْبَیْتَ الْحَرَامَ قِیٰمًا لِّلنَّاسِ وَالشَّھْرَ الْحَرَامَ وَالْھَدْیَ
وَالْقَلَآئِدَ ؕ ذٰلِکَ لِتَعْلَمُوْٓا اَنَّ اللّٰہَ یَعْلَمُ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الْاَرْضِ
وَاَنَّ اللّٰہَ بِکُلِّ شَیْءٍ عَلِیْمٌ ﴿۹۷﴾ اِعْلَمُوْٓا اَنَّ اللّٰہَ شَدِیْدُ الْعِقَابِ وَاَنَّ

اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٩٨﴾ مَا عَلَى الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ ؕ وَاللّٰهُ يَعْلَمُ

مَا تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ﴿٩٩﴾ قُلْ لَّا يَسْتَوِى الْخَبِيْثُ وَالطَّيِّبُ وَلَوْ اَعْجَبَكَ

ع ۱۳ كَثْرَةُ الْخَبِيْثِ ۚ فَاتَّقُوا اللّٰهَ يٰۤاُولِى الْاَلْبَابِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿١٠٠﴾ ع

તરજુમો :

અલ્લાહે કા'બાને કે જે બુઝૂર્ગીવાળું (એહતિરામવાળું પવિત્ર) ઘર છે લોકો માટે કયામ (થોભવાનું-ટકાવવા)નું કારણ કરી દીધું, અને બુઝૂર્ગીવાળા મહિનાઓને અને કુર્બાનીને કે જે કા'બાની નિયાઝ હોય અને જેમના ગળામાં પટ્ટા નાંખીને કા'બાએ લઈ જાય; આ એટલા માટે કે તમે જાણી લો, બેશક ! અલ્લાહને ખબર છે જે કંઈ કે આસમાનોમાં અને જમીનમાં છે, અને અલ્લાહ દરેક વસ્તુથી સારી પેઠે વાકેફ છે. (૯૭) જાણી લો કે બેશક ! અલ્લાહનો અઝાબ સખત છે અને બેશક ! અલ્લાહ મહાન બખ્શનારો મહેરબાન છે. (૯૮) રસૂલના જિમ્મે નથી પરંતુ પહોંચાડી દેવું, અને અલ્લાહને ખબર છે જે તમે જાહેરમાં કરો છો અને જે છુપાવીને કરો છો. (૯૯) તમે કહી આપો કે નાપાક અને પાક બરાબર (સમાન) નથી, ભલે તને નાપાકનું વધારે હોવું ભલું લાગે; બસ, હે બુદ્ધિશાળીઓ ! અલ્લાહથી ડરતા રહો જેથી તમારો છુટકારો થાય. (૧૦૦)

તફસીર :

અલ્લાહ તઆલાએ કા'બાને કે જે અદબવાળું મકાન છે, લોકો(ના હિતો)ને કાયમ રાખવાનું કારણ ઠરાવ્યું છે અને (એ જ પ્રમાણે) સન્માનવાળા મહિનાઓને પણ અને (એ જ પ્રમાણે) હરમમાં કુર્બાની માટેના જાનવરોને પણ અને (એ જ પ્રમાણે) તે જાનવરોને પણ જેમના ગળામાં (તે નિશાનીના માટે) પટ્ટા હોય (કે આ અલ્લાહની નિયાઝ છે, જે હરમમાં ઝબહ થશે) આ (નિયમ દુનિયવી હિતો ઉપરાંત) તે (દીની મસ્લિહતો) માટે (પણ) છે, જેથી (તમારી માન્યતા દુરુસ્ત અને પાકી થઈ જાય, એ પ્રમાણે કે તમે તેની મસ્લિહતોની દલીલો દ્વારા) એ વાતનું પાકું યકીન કરી લો કે, બેશક ! અલ્લાહ તઆલા (જ) તો બધા જ

આસમાનો અને જમીનોમાંની ચીઝોનું (સંપૂર્ણ) જ્ઞાન ધરાવે છે. (કારણ કે, એવો હુકમ નક્કી કરવો, જેમાં ભવિષ્ય માટે એવી મસ્લિહતો અને લાભકારી યોજનાઓ છે કે, માનવીની બુદ્ધિ તેને કલ્પી શકતી નથી અને એ જ અલ્લાહની તે સર્વજ્ઞ હોવાની સિફતની દલીલ છે) અને (આ પ્રસ્તુત જાણકારી સાથે જ્ઞાનના સંપૂર્ણ સંબંધથી દલીલ કરીને વિશ્વાસ કરી લો કે,) બેશક ! અલ્લાહ તઆલા બધી વસ્તુઓને ખૂબ સારી પેઠે જાણે છે. (કારણ કે, તેના જ્ઞાન અને જાણ બહાર કોઈ વસ્તુ નથી. જાણ થઈ કે, વ્યક્તિગત જ્ઞાનનો સંબંધ સામૂહિક જ્ઞાન સાથે સરખો હોય છે.) તમે યકીન રાખી જાણી લો કે, અલ્લાહ તઆલા સજા પણ સખત આપનારો છે, અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનાર અને મહાન રહમતવાળો (પણ) છે, (માટે તેના હુકમોનો વિરોધ ન કર્યા કરો અને જે કંઈ ભૂલો થઈ ગઈ છે, શરીઅતના કાયદા પ્રમાણે તવબહ કરી લો) રસૂલ (ﷺ)ની જવાબદારી તો ફક્ત પહોંચાડી આપવાની છે (બસ, તે ખૂબ સારી રીતે પહોંચી ચૂક્યું, હવે તમારી પાસે કોઈ બહાનું કે હીલો બાકી રહ્યો નથી) અને અલ્લાહ તઆલા સઘળું જાણે છે, જે કંઈ તમે (જીભથી અથવા ગણગણીને) જાહેર કરો છો અને જે કંઈ (દિલમાં) ગુપ્ત રાખો છો. (બસ, તમારે જોઈએ કે જાહેર અને અંતરમન બંને રીતે ઈતાઅત કરો) આપ (હે મુહમ્મદ ﷺ! તેમને એ પણ) ફરમાવી આપો કે, નાપાક અને પાક (એટલે કે, ગુનાહ અને ફરમાંબરદારી તથા ગુનાહ કરનારો અને તાબે'દારી કરનારો બંને) સમાન નથી (બલકે, ગુનાહ નાપાક અને તિરસ્કૃત છે, અને નેકી પાક અને સ્વીકૃત છે. બસ, અનુસરણ કરીને સ્વીકૃત બનવું જોઈએ, ગુનાહ કરીને તિરસ્કૃત ન બનવું જોઈએ, ભલે, હે જોનારાઓ !) તમને નાપાક વસ્તુઓનું વધુ પ્રમાણ (જેમકે મોટા ભાગે દુનિયામાં એવું જ બનતું હોય છે) આશ્ચર્યમાં નાંખતું હોય (કે આ વસ્તુઓ નાપસંદ હોવા છતાં શા માટે તેનું પ્રમાણ વધારે છે ? પરંતુ એ સમજી લો કે, વધારે પ્રમાણમાં હોવું જે કશા હિકમતના કારણે છે તે છુટકારાની દલીલ નથી. કોઈ વસ્તુ બહુમતીમાં હોવી અથવા લઘુમતીમાં હોવી એ સત્યનું માપદંડ નથી અને જ્યારે કે, અલ્લાહ તઆલાના જ્ઞાન અને તેની પકડ કરવાની શક્તિથી એની જાણ થઈ ગઈ) તો (વસ્તુઓના પ્રમાણને માપદંડ તરીકે ન જુઓ બલકે,) અલ્લાહ તઆલા(ના હુકમનો વિરોધ કરવા)થી ડરતા રહો, જેથી તમે (સંપૂર્ણ રીતે) સફળ થાઓ. (તે જન્નત અને અલ્લાહની ખુશ્નૂદી છે).

મસ્અલા અને બોધપાઠ :

શાંતિ અને સલામતીના ચાર માધ્યમો :

પ્રથમ આયતમાં અલ્લાહ તઆલાએ ચાર વસ્તુઓને લોકોના થોભવા માટેનું તથા શાંતિ અને સલામતીનું કારણ બતાવ્યું છે.

પ્રથમ કા'બા છે. "કા'બા" શબ્દ અરબી ભાષામાં એવા મકાનને કહે છે, જે ચતુષ્કોણ હોય. અરબસ્તાનમાં કબીલએ ખષ્અમનું બનાવેલું એક અન્ય મકાન પણ આ જ નામ ધરાવતું હતું, જેને "કા'બએ યમાનીયા" કહેવામાં આવતું હતું. એટલા માટે અલ્લાહ તઆલાએ આ કા'બાને વિશિષ્ટ સ્વરૂપે બતાવવા માટે કા'બા શબ્દની સાથે اَلْبَيْتَ الْحَرَامَ (અલ બયતુલ હરામ)નો શબ્દ વધારી દીધો.

قِيَامٌ (કિયામ) શબ્દ અને قِوَامٌ (કિવામ) સર્વનામ છે, આ તે વસ્તુઓને કહેવામાં આવે છે, જેના ઉપર કોઈ વસ્તુનું થોભવું અથવા તેનું અસ્તિત્વ અવલંબિત હોય. એટલા માટે قِيَامًا لِّلنَّاسِ નો અર્થ એવો થાય છે કે, કા'બા પોતાનાથી સંબંધિત લોકોના થોભવાનું તથા બાકી રહેવાનું કારણ અને માધ્યમ છે.

અને શબ્દ نَاسٌ "નાસુન" શબ્દકોષમાં "સામાન્ય જનસમૂહ" (આમ જનતા) માટે બોલવામાં આવે છે. આ જગ્યાએ ચોક્કસ સ્થળના કારણે તે ખાસ મક્કાવાળા અથવા અરબસ્તાનના લોકોના ભાવાર્થ તરીકે હોઈ શકે છે અને સામાન્ય રીતે દુનિયાના બધા જ મનુષ્યો પણ આ ભાવાર્થમાં સામેલ હોઈ શકે છે અને દેખીતું એ જ છે કે, સમગ્ર દુનિયાના મનુષ્યો તેમાં સામેલ છે. અલબત્ત, મક્કા અને અરબસ્તાન એક ખાસ વિશેષ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે, એટલા માટે આ આયતનો ભાવાર્થ એ હોય શકે છે કે, અલ્લાહ તઆલાએ કા'બા બયતુલ્લાહ અને જે વસ્તુઓનો ઉલ્લેખ આગળ આવે છે, તેને સંપૂર્ણ દુનિયાના મનુષ્યો માટે થોભવાનું અને તેમના અસ્તિત્વ ટકાવી રાખવા માટેનું તથા શાંતિ અને સલામતીનું માધ્યમ બનાવી દીધું છે. જ્યાં સુધી દુનિયાના દરેક દેશ, દરેક ખૂણા અને દરેક દિશાના લોકો આ બયતુલ્લાહ તરફ મોઢું કરી નમાઝ અદા કરતા રહેશે અને બયતુલ્લાહની હજ્જ થતી રહેશે, એટલે કે, જેમના ઉપર હજ્જ ફરજ છે, તેઓ હજ્જ અદા કરતા રહેશે, તે સમય સુધી આ સમગ્ર દુનિયા કાયમ અને

સુરક્ષિત રહેશે અને જો એક વર્ષ પણ એવું પસાર થાય કે, કોઈ હજ્જ ન કરે અથવા કોઈ બયતુલ્લાહ તરફ રૂખ કરી નમાઝ અદા ન કરે, તો સમગ્ર દુનિયા ઉપર સામૂહિક અઝાબ આવી જશે.

"બયતુલ્લાહ" સમગ્ર વિશ્વનું કેન્દ્ર છે :

આ વિષયને તફસીરના ઈમામ હઝરત અતાઅ્ (રહ.)એ આ શબ્દોમાં વર્ણન કર્યો છે, لَوْتَرَكُوْهُ عَامًا وَاحِدًا لَمْ يُنْظَرُوْا وَلَمْ يُؤَخَّرُوْا (بَحْرِمُحِيْط) (બહરે મુહીત) એનાથી જાણ થાય છે કે, બયતુલ્લાહનું મહત્ત્વ સમગ્ર દુનિયાનું કેન્દ્ર હોવાના સ્વરૂપે છે. જ્યાં સુધી તેના તરફ મોઢું કરી નમાઝ પઢવામાં આવશે અથવા હજ્જ થતી રહેશે, દુનિયા ટકી રહેશે અને જો કોઈ સમયે બયતુલ્લાહનું આ સન્માન અને પ્રતિષ્ઠા સમાપ્ત થઈ જાય, ત્યારે દુનિયા પણ સમાપ્ત કરી દેવામાં આવશે. રહી વાત આ જગતના અસ્તિત્વ અને તેની વ્યવસ્થાની, તો તેની અને બયતુલ્લાહની વચ્ચે શું સંબંધ છે ? બસ, તેની હકીકતની જાણ થવી આવશ્યક નથી, જે પ્રમાણે ચુંબક અને લોખંડ તથા વિદ્યુતશક્તિ અને તણખલાનું એકબીજા તરફ આકર્ષાવું વગેરેના પરસ્પરના સંબંધની વાસ્તવિકતા કોઈને ખબર નથી, પરંતુ તે એક એવી હકીકત છે જે પ્રયોગસિદ્ધ બાબત છે, તેનો કોઈ ઇન્કાર કરી શકતું નથી. બયતુલ્લાહ અને આ વિશ્વની વ્યવસ્થાના પરસ્પરના સંબંધની હકીકતનો સ્વીકાર પણ માનવીના કબજાની વાત નથી, તે સમગ્ર સૃષ્ટિના સર્જનહારના બતાવવાથી જ જાણ થઈ શકે છે. બયતુલ્લાહનું સમગ્ર દુનિયાના અસ્તિત્વ ટકી રહેવા માટેનું કારણ હોવું એક રૂહાની રહસ્ય છે. જાહેર દૃષ્ટિએ તેને પામી લેવું શક્ય નથી, પરંતુ અરબ અને મક્કાના લોકો માટે તે શાંતિ અને સલામતીનું કારણ હોવું અનુભવો અને અવલોકનોથી સાબિત થયેલ બાબત છે.

બયતુલ્લાહનું અસ્તિત્વ સમગ્ર વિશ્વ માટે શાંતિનું કારણ છે :

દુનિયામાં શાંતિનું વાતાવરણ સરકારોના કાયદાઓ અને તેની પકડના કારણે હોય છે, તેના કારણે ડાકુઓ, ચોર, હત્યારાઓ, ખુનામરકી કરનારા વગેરેની હિંમત નથી થતી, પરંતુ અરબના અજ્ઞાનતાના કાળમાં ન તો કોઈ કાયદેસરની સરકાર સ્થાપિત થઈ હતી અને ન જ જાહેર શાંતિ માટે કોઈ સર્વમાન્ય કાયદો હતો. રાજકીય વ્યવસ્થા ફક્ત કબીલાઓના આધાર ઉપર

સ્થાપિત થયેલ હતી. એક કબીલો જ્યારે ઇચ્છે બીજા કબીલાની જાન-માલ, ઇજ્જત-આબરૂ બધી જ વસ્તુઓ ઉપર હુમલો કરી શકતો હતો. એટલા માટે કોઈ કબીલા માટે કોઈપણ સમયે શાંતિ અને સલામતીનું વાતાવરણ કાયમી ધોરણે ન હતું. અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ શક્તિ વડે મક્કએ મુકર્રમહમાં બયતુલ્લાહને હુકૂમત (સરકાર)ની જગ્યાએ સ્થાપીને શાંતિ અને સલામતીનું માધ્યમ બનાવ્યું. જેવી રીતે સરકારના કાયદાઓનો વિરોધ કરવાની હિંમત કોઈ સમજદાર વ્યક્તિ નથી કરી શકતો, એ જ પ્રમાણે બયતુલ્લાહ શરીફના સન્માન અને પ્રતિષ્ઠા અલ્લાહ તઆલાએ અજ્ઞાનતાના કાળમાં પણ સામાન્ય લોકોના દિલોમાં એ પ્રમાણે બેસાડી દીધી હતી કે, તેનું સન્માન જાળવવા માટે તેઓ પોતાની બધી જ લાગણીઓ અને ઇચ્છાઓને પણ પાછળ છોડી દેતા હતા.

અજ્ઞાન અરબોનું યુદ્ધખોર માનસ અને તેમના કબીલાઓની પરસ્પરની દુશ્મનાવટ સમગ્ર વિશ્વમાં એક અનોખા દાખલા સ્વરૂપે હતી. અલ્લાહ તબારક વ તઆલાએ બયતુલ્લાહ અને તેનાથી સંલગ્ન દરેક વસ્તુનું એટલું સન્માન અને પ્રતિષ્ઠા તેમના દિલોમાં નાંખી દીધી હતી કે, તેમનો કેવોય પણ જાની દુશ્મન અથવા સખતથી સખત અપરાધી હોય, પરંતુ જો તે હરમ શરીફમાં પ્રવેશ કરી લે, તો અત્યંત ગમ અને ક્રોધ હોવા છતાં તેને કશું જ કહેતા ન હતા. એટલે સુધી કે, જો પિતાનો હત્યારો હરમમાં બેટાને મળી જાય, તો બેટો પોતાની નજરોને નીચી કરી ત્યાંથી પસાર થઈ જતો હતો.

એ જ પ્રમાણે જે વ્યક્તિ હજ્જ અને ઉમરહ માટે નીકળ્યો હોય અથવા જે જાનવર હરમ શરીફમાં કુર્બાની માટે લાવવામાં આવ્યું હોય, તેનું પણ એટલું જ સન્માન અરબસ્તાનમાં પ્રચલિત હતું કે, કોઈ ખરાબથી ખરાબ વ્યક્તિ પણ તેને કોઈ નુકસાન ન પહોંચાડતા હતા અને જો તે જાની દુશ્મન પણ છે, તો આવી પરિસ્થિતિમાં જ્યારે કે, તેણે હજ્જ અથવા ઉમરહની કોઈ નિશાની, દાખલા તરીકે એહરામ અથવા ફૂલહાર પહેર્યો હોય તો તેને સદંતર કશું જ કહેતા કે કરતા ન હતા.

સન હિજરી ૬માં એટલે કે, જ્યારે રસૂલે કરીમ ﷺ સહાબએ કિરામ (રદિ.)ના એક ખાસ જૂથ સાથે ઉમરહ માટે અહેરામ બાંધી બયતુલ્લાહના ઇરાદાથી રવાના થયા અને હરમની હદો નજીક હુદૈબિય્યહના સ્થળે થોભીને

હઝરત ઉસ્માન ગની (રદિ.)ને અમુક સાથીઓ સાથે મક્કા મોકલ્યા કે, મક્કાના સરદારોને કહી આપે કે, મુસલમાનો આ સમયે કોઈ યુદ્ધની નિય્યતથી નથી આવ્યા. બલકે, ઉમરહ અદા કરવા માટે આવ્યા છે. એટલા માટે તેમના માર્ગમાં કોઈ અવરોધ ઊભો કરવામાં ન આવે.

કુરૈશના સરદારોએ ઘણી જ ચર્ચા-વિચારણા પછી એક પ્રતિનિધિ રસૂલે કરીમ ﷺની સેવામાં મોકલ્યો. આપ ﷺએ તેને જોયો તો કહ્યું કે, "આ વ્યક્તિ બયતુલ્લાહના સન્માનની લાજ રાખનારો છે. એટલા માટે પોતાની કુર્બાનીના જાનવર જેના ઉપર કુર્બાનીનું નિશાન કર્યું છે, તેને સામે કરી દો. તેણે જ્યારે એ નિયાઝ (કુર્બાનીના જાનવર) જોયા, તો બેશક ! એવો સ્વીકાર કર્યો કે, લોકોને બયતુલ્લાહથી કદાપિ ન રોકવા જોઈએ."

ખુલાસો એ છે કે, સન્માનનીય હરમની પ્રતિષ્ઠા અને સન્માન અજ્ઞાનતાના કાળમાં પણ અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં એવું જમાવેલ હતું કે, તેના કારણે શાંતિ અને સલામતી સ્થાપિત રહેતી હતી, તેના સન્માનના કારણે ફક્ત હરમ શરીફમાં આવનારા-જનારા લોકોથી સામાન્ય નાગરિકો એવા પ્રભાવિત થઈ જતા હતા કે, આ લોકો હજ્જ અને ઉમરહ માટે નીકળ્યા છે અને હજ્જની કોઈ નિશાની તેમના ઉપર લાગેલી છે. દુનિયામાં ચારેબાજુના લોકોને તેનાથી કોઈ લાભ શાંતિ અને સલામતીના સંદર્ભમાં ન થતો હતો, પરંતુ અરબસ્તાનમાં જે પ્રમાણે બયતુલ્લાહના મકાન અને તેના આજુબાજુના વિસ્તારોમાં હરમની ઇજ્જત અને પ્રતિષ્ઠા સર્વમાન્ય હતી. એ જ પ્રમાણે હજ્જના મહિનાઓનો પણ ખાસ અદબ હતો કે, તે મહિનાઓને اَشْهُرِ حُرُمْ (અશહુરિહુરુમ) કહેતા હતા, તેની સાથે રજબને પણ અમુક લોકોએ સામેલ રાખ્યો હતો. આ મહિનાઓમાં હરમની બહાર પણ ખૂનામરકી કે યુદ્ધ કરવું બધા જ અરબો હરામ સમજતા હતા અને તેનાથી બચતા હતા.

આથી કુર્આને કરીમે قِيَامًا لِّلنَّاسِ થવામાં કા'બાની ત્રણ વસ્તુઓને સામેલ કરી છે. પ્રથમ اَلشَّهْرَ الْحَرَامَ એટલે કે, ઇજ્જત અને અદબવાળો મહિનો. અહીંયાં કારણ કે, شَهْرُ "શહરુ" શબ્દ એકવચનમાં લાવવામાં આવ્યો છે, એટલા માટે બધા જ વિવરણકારોએ નોંધ્યું છે કે, આ સ્થળે "શહરે હરમ"નો અર્થ

જિલ્હજ્જાનો મહિનો છે, જેમાં હજ્જના અરકાન અને અમલો અદા કરવામાં આવે છે અને અમુક લોકોએ ફરમાવ્યું કે, આ શબ્દ જો કે, એકવચન છે પરંતુ તેનો અર્થ તેના સમકક્ષ મહિનાઓ પણ છે. એટલા માટે બધા જ અશ્હુરુહુરુમ (અદબના મહિનાઓ) તેમાં સામેલ છે.

બીજી બાબત هَدْىٌ (હદ્ય) છે, هَدْىٌ તે જાનવરોને કહેવામાં આવે છે, જેમની કુર્બાની હરમ શરીફમાં કરવામાં આવે. આવા જાનવરો જે વ્યક્તિ સાથે હોય, તો સામાન્ય રીતે અરબોનો એવો રિવાજ હતો કે, તેને કશું જ કહેતા ન હતા. તે શાંતિ અને સલામતી સાથે મુસાફરી કરતો હતો અને પોતાનો મકસદ પૂર્ણ કરી શકતો હતો. એટલા માટે هَـــدْىٌ પણ શાંતિ અને સલામતી સ્થાપિત થવાનું એક કારણ હતું.

ત્રીજી વસ્તુ قَلَائِـدُ (કલાઇદ) છે, قَلَائِـدُ એ قَلَادَةٌ (કલાદહ)નું બહુવચન છે. ગળામાં હાર માટે આ શબ્દ બોલવામાં આવે છે. અજ્ઞાનતાના કાળમાં અરબોનો રિવાજ એ હતો કે, જે વ્યક્તિ હજ્જ માટે નીકળતો તો પોતાના ગળામાં એક ખાસ પ્રકારનો હાર નિશાની સ્વરૂપે નાંખી રાખતો હતો, જેથી તેને જોઈને લોકો સમજી લેતા હતા કે, આ વ્યક્તિ હજ્જ માટે જઈ રહ્યો છે, તેને કોઈ તકલીફ પહોંચાડતું ન હતું. એ જ પ્રમાણે કુર્બાનીના જાનવરોના ગળામાં પણ આ જ પ્રમાણે હાર નાંખવામાં આવતા હતા, તેને પણ قَلَائِــدُ કહેવામાં આવે છે. એટલા માટે قَلَائِدُ પણ શાંતિ અને સલામતી સ્થાપવાનું એક માધ્યમ હતું.

અને જો વિચાર કરવામાં આવે તો ત્રણે વસ્તુઓ شَهْـرِ حَرَامُ , هَدْىٌ અને قَلَائِـــــــدُ બધી જ બયતુલ્લાહથી સંલગ્ન બાબતોમાંથી છે, તેનું સન્માન પણ બયતુલ્લાહના સન્માનનો જ એક ભાગ છે. ખુલાસો એ છે કે, બયતુલ્લાહ અને તેનાથી સંલગ્ન બાબતોને અલ્લાહ તઆલાએ દુનિયાની સમગ્ર મનુષ્યજાતિ માટે અને ખાસ કરીને અરબો અને મક્કાના લોકો માટે તથા બધી જ દીન અને દુનિયાની પ્રવૃત્તિઓ તથા દરેક માટે ટકી રહેવાનું અને કાયમ રહેવાનું માધ્યમ બનાવ્યું છે.

قِيَــامًــا لِّلــنَّــاسِ ની તફસીરમાં અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું છે કે, તેનો ભાવાર્થ એ છે કે, બયતુલ્લાહ અને સન્માનનીય હરમને સૌના માટે સલામત

બનાવવામાં આવ્યું છે. અમુકે ફરમાવ્યું કે, તેનો ભાવાર્થ મક્કાના લોકો માટે રોઝી-રોટીની છૂટછાટ છે કે, ત્યાંની જમીનમાં કોઈ વસ્તુ પેદા થતી નથી, છતાં અલ્લાહ તઆલા દુનિયાની બધી વસ્તુઓ ત્યાં પહોંચાડતા રહે છે.

અમુકે કહ્યું કે, મક્કાના લોકો જેઓ બયતુલ્લાહના સેવકો અને સંરક્ષક કહેવાતા હતા, તે લોકોને અલ્લાહવાળા સમજીને હંમેશા તેમની સાથે સન્માન અને ઈજ્જતનો વ્યવહાર કરવામાં આવતો હતો. قِيَامًا لِّلنَّاسِ નો ભાવાર્થ આ જ ખાસ સન્માન હોવાનો અર્થ છે.

ઈમામ અબ્દુલ્લાહ રાઝી (રહ.)એ ફરમાવ્યું કે, "આ બધા નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી. શબ્દ قِيَامًا لِّلنَّاسِનો સમજવામાં આવતો પ્રચલિત અર્થ છે, તેમાં આ બધી જ વસ્તુઓ સામેલ છે કે, અલ્લાહ તઆલાએ બયતુલ્લાહને બધા જ લોકોના અસ્તિત્વ ટકાવી રાખવાનું અને આર્થિક ઉપાર્જન તથા સુધારણા અને સફળતાનું માધ્યમ બનાવ્યું છે અને અરબસ્તાનના લોકોને અને મક્કાના નિવાસીઓને વિશેષ સ્વરૂપે તેની જાહેર અને છુપી બરકતોથી નવાજવામાં આવ્યા છે."

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, ذٰلِكَ لِتَعْلَمُوْا اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ وَاَنَّ اللّٰهَ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ એટલે કે, "અમે દુનિયામાં બયતુલ્લાહને અને તેનાથી સંલગ્ન બાબતોને લોકો માટે શાંતિ અને સલામતી અને સ્થિરતા તથા અસ્તિત્વનું માધ્યમ બનાવ્યું છે." તેનો અનુભવ અરબસ્તાનના નિવાસીઓ વિશેષ સ્વરૂપે કરતા રહે છે. આ એટલા માટે કહેવામાં આવ્યું છે કે, બધા જ લોકો આ જાણી લે કે, અલ્લાહ તઆલા જમીન અને આસમાનની દરેક વસ્તુઓની સંપૂર્ણ જાણકારી ધરાવે છે અને તે જ તેની વ્યવસ્થા કરી શકે છે.

બીજી આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો اِعْلَمُوْا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ وَاَنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ એટલે કે, "સમજી લો કે, અલ્લાહ તઆલા સખત અઝાબ આપનારો છે અને એ કે, અલ્લાહ તઆલા ખૂબ મા'ફ કરનારો મહાકૃપાળુ પણ છે." એમાં બતાવવામાં આવ્યું કે, હલાલ અને હરામના જે હુકમો આપવામાં આવ્યા છે તે હિકમત અને મસ્લિહત માટે છે. તેના અનુસરણ કરવામાં જ તમારા માટે ભલાઈ છે, તેનો વિરોધ કરવાથી સખત અઝાબ અને

વબાલ આવી પડશે, સાથે જ એ પણ બતાવામાં આવ્યું કે, મનુષ્ય ભૂલ અથવા બેદરકારીથી કોઈ ગુનોહ કરી બેસે તો અલ્લાહ તઆલા તરત અઝાબ નથી આપતો. બલકે, તવબહ કરનાર અને લજ્જિત થનાર લોકો માટે મગફિરત (મા'ફી)નો દરવાજો ખુલ્લો રાખે છે.

ત્રીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, مَا عَلَى الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ؕ એટલે કે, અમારા રસૂલ ﷺની જવાબદારી તો એટલી જ છે કે, અમારા હુકમો મખ્લૂકને પહોંચાડી આપે, પછી તેઓ માને અથવા ન માને, તેનો નફો અને નુકસાન તેમને જ પહોંચશે. તેમની નાફરમાનીથી અમારા રસૂલ ﷺને કંઈ જ નુકસાન થવાનું નથી અને એ પણ સમજી લો કે, અલ્લાહ તઆલાને કોઈ ધોકો નથી આપી શકતું, તે તમારા જાહેર અને બાતિન (ખુલ્લી અને ગુપ્ત) બધી જ પ્રવૃત્તિઓથી સારી પેઠે વાકેફ છે.

ચોથી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, قُلْ لَّا يَسْتَوِى الْخَبِيْثُ وَالطَّيِّبُ અરબી ભાષામાં طَيِّبٌ (તય્યિબ) અને خَبِيْثٌ (ખબીષ) બે વિરુદ્ધાર્થી શબ્દો છે. "તય્યિબ" દરેક વસ્તુના શ્રેષ્ઠતમ્ અને પસંદ કરવામાં આવેલ ભાગને કહેવામાં આવે છે અને "ખબીષ" દરેક વસ્તુના ખરાબ અને રદ્દી ભાગને કહેવામાં આવે છે. આ આયતમાં મોટા ભાગના મુફસ્સિરો સમીપ "ખબીષ"નો અર્થ હરામ અને નાપાક વસ્તુઓ છે અને તય્યિબનો અર્થ પાક અને હલાલ હોવાનો છે. આ આયતનો ભાવાર્થ એ થયો કે, અલ્લાહ તઆલા સમીપ બલકે, દરેક બુદ્ધિશાળી વ્યક્તિ સમીપ પાક અને નાપાક અથવા હલાલ અને હરામ એકસમાન નથી હોઈ શકતું.

આ સ્થળે ખબીષ અને તય્યિબ બાબતોમાં પોતાના સર્વસામાન્યપણાના આધારે હરામ અને હલાલ માલ-દૌલત પણ સામેલ છે અને સારા તથા ખરાબ મનુષ્યો પણ, ભલા અને ખરાબ કૃત્યો પણ; અને સારી-નરસી વર્તણૂંક પણ, મતલબ કે, આયતની સ્પષ્ટતા એ છે કે, કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ સમીપ નેક અને ખરાબ, ભલું અને બુરું બરાબર નથી હોઈ શકતું. પ્રાકૃતિક નિયમના આધારે અલ્લાહ તઆલા સમીપ હલાલ અને હરામ અથવા પાક અને નાપાક વસ્તુઓ એકસમાન નથી હોઈ શકતી. એ જ પ્રમાણે દુરાચારી દુષ્ટ માણસ અને સદાચારી ભલો માણસ પણ એકસમાન નથી.

આગળ ઈરશાદ ફરમાવ્યો, وَلَوْ اَعْجَبَكَ كَثْرَةُ الْخَبِيْثِ જો કે, જોનારાઓને અમુક સમયે ખરાબ અને નાપાક ચીજવસ્તુઓ મોટા પ્રમાણમાં (મોટી સંખ્યામાં) હોવાના કારણે પ્રભાવિત અને આકર્ષિત કરે છે અને પોતાની આસપાસ નાપાક અને ખરાબ વસ્તુઓ મોટા પ્રમાણમાં વિસ્તરેલી તથા છવાયેલી હોવાના કારણે તેઓ તેને જ સારી સમજવા લાગે છે, પરંતુ આવી બાબત મનુષ્યની જ્ઞાન અને સમજશક્તિની બીમારી છે અને તેનામાં સારા–નરસાના પારખાની માનસિક ત્રુટી અને ઉણપ છે.

આ આયત ઊતરવાની પૂર્વભૂમિકા :

આ આયત ઊતરવાની પૂર્વભૂમિકાના સંદર્ભમાં અમુક રિવાયતોમાં છે કે, જ્યારે ઈસ્લામમાં દારૂ હરામ કરવામાં આવ્યું અને તેના ખરીદ–વેચાણની પણ મનાઈ કરવાનું ઠરાવવામાં આવ્યું, ત્યારે એક વ્યક્તિએ જેનો કારોબાર દારૂ વેચવાનો હતો અને તેના દ્વારા તેણે અમુક માલ ભેગો કરી રાખ્યો હતો, તેણે રસૂલે કરીમ ﷺને સવાલ કર્યો કે, "યા રસૂલુલ્લાહ ﷺ ! આ માલ જે દારૂના વેપારથી મારી પાસે ભેગો થયો છે, જો હું તેને કોઈ નેક કામમાં ખર્ચ કરું, તો શું તે મારા માટે લાભદાયક હશે ?" આપ ﷺએ ફરમાવ્યું કે, "જો તમે તેને હજ્જ અથવા જિહાદ વગેરેમાં ખર્ચ કરશો તો તે અલ્લાહ સમીપ મચ્છરની એક પાંખ સમાન પણ કિંમત ધરાવશે નહીં. અલ્લાહ તઆલા પાક અને હલાલ ચીજવસ્તુઓ સિવાય કોઈ વસ્તુનો સ્વીકાર કરતો નથી."

હરામ માલની આ ખામી તો આખિરતના આધારે થઈ અને જો ગહન દૃષ્ટિથી સમીક્ષા કરવામાં આવે અને બધા કાર્યોના અંતિમ પરિણામને દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવે તો જાણ થશે કે, દુનિયાના વેપાર–વાણિજ્યમાં પણ હલાલ અને હરામ માલ એક સમાન નથી હોતો. હલાલથી જેટલો લાભ અને સારા પરિણામો તથા વાસ્તવિક આરામ અને રાહત પ્રાપ્ત થાય છે, તે કદાપિ હરામ માલથી પ્રાપ્ત થતું નથી.

તફસીરે દૂર્રે મન્સૂરમાં ઈબ્ને અબી હાતિમના હવાલાથી નકલ થયું છે કે, "તાબિઈન (રહ.)ના યુગના ખલીફએ રાશિદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)એ જે પાછલા અમીરોના સમયમાં તેમણે જે ખોટા ટેક્સ લાદયા હતા, તે

બંધ કર્યા અને જે લોકોના માલને નાજાઈઝ પદ્ધતિથી લઈ લેવામાં આવ્યો હતો, તેને પરત કર્યો આથી સરકારી બયતુલ માલ ખાલી થઈ ગયો. આવક ખૂબ મર્યાદિત થઈ ગઈ ત્યારે એક પ્રાંતના ગવર્નરે તેમની સેવામાં એક પત્ર લખ્યો કે, બયતુલ માલ (સરકારી તિજોરી)ની આવક ખૂબ ઘટી ગઈ છે, એવી ચિંતા થવા લાગી છે કે, સરકારનું કામકાજ આ પ્રમાણે કઈ રીતે ચાલશે ? હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)એ આ આયત લખી મોકલાવી قُلْ لَّا يَسْتَوِى الْخَبِيْثُ وَالطَّيِّبُ وَلَوْ اَعْجَبَكَ كَثْرَةُ الْخَبِيْثِ અને લખ્યું કે, તમારાથી અગાઉના લોકોએ અત્યાચાર અને જબરદસ્તીથી જેટલો ખજાનો ભર્યો હતો, તમે તેનાથી વિપરીત ન્યાય અને ઈન્સાફની સ્થાપના કરીને પોતાના ખજાનાને ઓછો કરી લો અને કોઈની પરવા ન કરો. સરકારના કામો આ જ ઓછા ખર્ચમાં પૂર્ણ કરો."

આ આયત જો કે, એક ખાસ ઘટનાના અનુસંધાનમાં નાઝિલ થઈ છે કે, સંખ્યાનું વધતું-ઓછું હોવું કોઈ મહત્ત્વપૂર્ણ બાબત નથી. બહુમતી અથવા લઘુમતી એ ભલાઈ અને બુરાઈનું કે સારા-નરસાનું માપદંડ નથી. મનુષ્યના માથાં અથવા હાથ ગણીને ૫૧ હાથોને ૪૯ હાથોના મુકાબલામાં સચ્ચાઈ અને હક ઉપર હોવાનું સમજી ન શકાય.

બલકે, જો દુનિયાના દરેક વર્ગની પરિસ્થિતિ ઉપર અછડતો દષ્ટિપાત કરશો તો સમગ્ર દુનિયામાં ભલાઈનું પ્રમાણ અને સંખ્યા ઓછી તથા બુરાઈની સંખ્યા વધારે નજરે પડશે. ઈમાનના મુકાબલામાં કુફ્ર, તકવા અને પરહેઝગારી તથા દયાનતદારી અને પ્રમાણિકતાના મુકાબલામાં દુષ્ટતા અને અધમતા, ન્યાય-ઈન્સાફના મુકાબલામાં જુલમ, જબરદસ્તી. જ્ઞાનના મુકાબલામાં અજ્ઞાનતા, જહાલત. બુદ્ધિના મુકાબલામાં મૂર્ખતા વધારે પ્રમાણમાં હોવાનો અનુભવ થશે, જેનાથી એ બાબતનો વિશ્વાસ ચોક્કસપણે આવી જાય છે કે, કોઈ બાબત અથવા કોઈ વર્ગ સંખ્યામાં બહુમતી ધરાવતો હોય તો તેનું બહુમતીમાં હોવું સારા અથવા નરસા હોવાની સદંતર કોઈ દલીલ કે માપદંડ નથી હોઈ શકતું. બલકે, કોઈ બાબતની ભલાઈ અને શ્રેષ્ઠતા તે વસ્તુની અથવા તે વર્ગની વ્યક્તિગત પરિસ્થિતિઓ અને આચરણોના વર્તુળમાં હોય છે. પરિસ્થિતિઓ અને વર્તણૂક સારી હોય ત્યારે તે સારી નહિતર બુરી હોય છે. કુર્આને કરીમમાં આ હકીકતને وَلَوْ اَعْجَبَكَ كَثْرَةُ الْخَبِيْثِ ના શબ્દો દ્વારા સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

હા ! સંખ્યાનું મોટું પ્રમાણ અથવા બહુમતી ઈસ્લામમાં અમુક સમયે નિર્ણાયક ઠરાવવામાં આવે છે, તે એવા સ્થળે અને એવી જગ્યાએ જ્યાં શક્તિની દલીલ અથવા વ્યક્તિગત ખૂબીઓમાં સરખાપણાનો ફૈસલો આપનાર કોઈ સત્તાધીશ અથવા શાસક ઉપસ્થિત ન હોય, આવી પરિસ્થિતિમાં સામાન્ય જનતાનો ઝઘડો સમાપ્ત કરવા માટે સંખ્યાના બળને અગ્રિમતા આપવામાં આવે છે. જેમકે, ઈમામના હોદ્દાનો મસ્અલો છે, ત્યાં કોઈ ઈમામ અને અમીર ફૈસલો કરનારો મૌજૂદ નથી એટલા માટે બહુમતી અભિપ્રાયને અમુક સમયે વિવાદ ટાળવા માટે અગ્રિમતા આપી દેવી જોઈએ. એવું કદાપિ નથી કે, જે વસ્તુને બહુમતી લોકો અપનાવી લે, તે જ વસ્તુ હલાલ અને જાઇઝ તથા સત્ય ઉપર હોવી જોઈએ.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યું, فَاتَّقُوا اللّٰهَ يَا أُولِى الْأَلْبَابِ એટલે કે, "હે બુદ્ધિશાળીઓ ! અલ્લાહથી ડરો." જેમાં એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, કોઈ વસ્તુના સંખ્યાબળ અથવા બહુમતીથી પ્રભાવિત થવું અથવા બહુમતીને લઘુમતીના મુકાબલામાં હક અને સત્યનું માપદંડ ઠરાવવું બુદ્ધિશાળીઓનું કામ નથી. એટલા માટે બુદ્ધિશાળીઓને સંબોધન કરીને તેમને આવું ખોટું વલણ અપનાવવાથી فَاتَّقُوا اللّٰهَ નો હુકમ આપ્યો.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૦૧-૧૦૨-૧૦૩)

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْـَٔلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ ۚ وَاِنْ تَسْـَٔلُوْا
عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ تُبْدَ لَكُمْ ؕ عَفَا اللّٰهُ عَنْهَا ؕ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ﴿۱۰۱﴾
قَدْ سَاَلَهَا قَوْمٌ مِّنْ قَبْلِكُمْ ثُمَّ اَصْبَحُوْا بِهَا كٰفِرِيْنَ ﴿۱۰۲﴾ مَا جَعَلَ اللّٰهُ مِنْۢ
بَحِيْرَةٍ وَّلَا سَآئِبَةٍ وَّلَا وَصِيْلَةٍ وَّلَا حَامٍ ۙ وَّلٰكِنَّ الَّذِيْنَ كَفَرُوْا يَفْتَرُوْنَ
عَلَى اللّٰهِ الْكَذِبَ ؕ وَاَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ ﴿۱۰۳﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો કે જો તમારા ઉપર ખોલવામાં આવે

તો તમને બુરી લાગે, અને જો આ વાતો પૂછશો એવા વખતમાં કે કુર્આન નાઝિલ થઈ રહ્યું છે તો તમારા ઉપર જાહેર કરી દેવામાં આવશે; અલ્લાહે તેમનાથી દરગુઝર કર્યું છે અને અલ્લાહ મહાન બખ્શનારો સહનશીલતાવાળો છે. (૧૦૧) આવી વાતો તમારાથી પહેલાં એક જમાઅત (કૌમ) પૂછી ચૂકી છે, પછી તે વાતોથી ઈન્કારી થઈ ગયા. (૧૦૨) અલ્લાહે મુકર્રર નથી કર્યું "બહીરહ" અને ન "સાઈબહ" અને ન "વસીલહ" અને ન "હામી", અને પરંતુ કાફિર અલ્લાહ ઉપર બોહતાન બાંધે છે અને તેમનામાં ઘણાઓને અક્કલ નથી. (૧૦૩)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! એવી (વ્યર્થ) વાતો ન પૂછો (જેમાં એવી સંભાવના હોય કે) જો તમારી સમક્ષ જાહેર કરવામાં આવે તો તમને નાપસંદ હોવાનું કારણ બને (એટલે કે, એવી સંભાવના હોય કે જવાબ તમારી ઈચ્છાથી વિરુદ્ધ આવે, તો તમને નાપસંદ પડે) અને (જેમાં એવી સંભાવના હોય કે) જો તમે કુર્આન નાઝિલ થવાના સમયકાળ (અને વહી ઊતરવાના સમય)માં આ વાતોને પૂછો તો તમારી સામે જાહેર કરી દેવામાં આવે (એટલે કે સવાલ કરવામાં તો બીજી સંભાવના એ છે કે, જવાબ મળી જાય અને જવાબ મળવામાં પ્રથમ શક્યતા એ હોય કે, તે તમને નાપસંદ પડે અને આ બંને સંભાવનાઓ જો કે સામૂહિક સ્વરૂપે કાયદો નથી પરંતુ સવાલ ઉપર આધારિત વાસ્તવિકતા છે. બસ, આવો સવાલ કરવાની મનાઈ છે. ખૈર) પાછલા સવાલો (જે-તે સમય સુધી કરી ચૂક્યા હોય તે તો) અલ્લાહ તઆલાએ મા'ફ કરી દીધા (પરંતુ હવેથી આવું ન કરશો) અને અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનારો છે (એટલા માટે પાછલા સવાલો મા'ફ કરી દીધા અને) ખૂબ સહનશીલ છે. (એટલા માટે જો હવે પછી કંઈક એનો ભંગ થઈ જાય અને દુનિયામાં સજા ન આપે તો ધોકામાં ન રહેજો કે હવે પછી કોઈ અઝાબ અથવા સજા નહીં થાય) આવી વાતો તમારાથી અગાઉ(ના યુગમાં) અન્ય (ઉમ્મતોના) લોકોએ પણ (પોતાના પયગમ્બરોથી) પૂછી હતી પછી (તેનો જવાબ મળ્યો તો) એ બાબતોનો હક અદા ન કર્યો (એટલે કે, તે જવાબો પ્રમાણે જે સંબંધિત હુકમો હતા, તે પ્રમાણે આચરણ ન કર્યું અને જે સંબંધિત ઘટનાઓ વિશે જવાબ હતો તેનાથી પ્રભાવિત ન થયા. બસ, ક્યાંક તમારી પણ આવી જ

નોબત ન આવે ! એટલા માટે ઉત્તમ એ જ છે કે, આવા સવાલો કરવાનું છોડી દો) અલ્લાહ તઆલાએ ન તો "બહીરહ"ની શરત લગાવી છે અને ન જ "સાઈબહ"ની અને ન તો "વસીલહ"ની અને ન જ "હામી"ની, પરંતુ જે લોકો કાફિર છે તેઓ (આ રિવાજો બાબતે) અલ્લાહ તઆલા ઉપર આક્ષેપ લગાવે છે (કે અલ્લાહ તઆલા તે અમલોથી ખુશ થાય છે) અને મોટા ભાગના કાફિર (દીનની) બુદ્ધિ ધરાવતા નથી (અને તેનાથી કામ લેતા નથી. બલકે, ફક્ત પોતાના વડીલોની દેખાદેખીમાં આવી અજ્ઞાનતામાં રાચેલા છે).

મસ્અલા અને બોધપાઠ :

વિના જરૂરતે સવાલ કરવાની મનાઈ :

આ આયતોમાં એ બાબત ઉપર ચેતવણી આપવામાં આવી છે કે, અમુક લોકોને અલ્લાહના હુકમોમાં વિના જરૂરતે પિષ્ટપેષણ કરવાનો તથા બાલની ખાલ કાઢવાનો શોખ હોય છે અને જે હુકમો આપવામાં આવ્યા નથી, તેના વિશે કોઈ આવશ્યકતા વિના સવાલો કર્યા કરે છે. આ આયતમાં તેમને એવી સૂચના આપવામાં આવી છે કે, તેઓ એવા સવાલો ન કરે જેના પરિણામે તેમના ઉપર કોઈ તકલીફ આવી પડે અથવા તો તેમના ગુપ્ત રહસ્યો જાહેર થવાથી તેઓ અપમાનિત થાય.

આયતો ઊતરવાની પૂર્વભૂમિકા :

આ આયતોનો શા'ને નુઝૂલ (આયતો ઊતરવાની પૂર્વભૂમિકા) મુસ્લિમની રિવાયતો પ્રમાણે એ છે કે, જ્યારે હજ્જ ફરજ થવાનો હુકમ નાઝિલ થયો, ત્યારે અકઅ્ બિન હાબિસ (રદિ.)એ સવાલ કર્યો કે, "શું દર વર્ષે અમારા ઉપર હજ્જ ફરજ છે ?" રસૂલે કરીમ ﷺએ આ સવાલનો જવાબ ન આપ્યો, પછી તેમણે ફરીવાર સવાલ કર્યો. રસૂલે કરીમ ﷺએ ત્યારે પણ મૌન ધારણ કર્યું, તેમણે ત્રીજીવાર આ સવાલ કર્યો, તો તે વખતે રસૂલે કરીમ ﷺએ ગુસ્સે થઈ ચેતવણી આપી કે, "જો હું તમારા સવાલના જવાબમાં એવું કહી આપું, હા ! દર વર્ષે હજ્જ ફરજ છે તો એવું જ થઈ જાય અને પછી તમે તેને પૂર્ણ કરી શકશો નહીં." ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો, "જે વસ્તુઓ વિશે હું તમને હુકમ ન આપું તેને તેવી જ રહેવા દો, તેમાં ખણખોદ કરી સવાલો ન કર્યા કરો, તમારાથી અગાઉની ઉમ્મતો

આવા જ મોટા પ્રમાણમાં સવાલો કરવાથી હલાક થઈ ચૂકી છે કે, જે વસ્તુઓ અલ્લાહે અને તેના રસૂલોએ ફરજ ન કરી હતી તેમણે સવાલ કરી કરીને તેને ફરજ કરાવી લીધું અને પછી તેનો ભંગ કરવામાં રાચી પડ્યા. તમારી પ્રણાલિકા તો એવી હોવી જોઈએ કે, જે કામનો હું હુકમ આપું તેને પોતાની શકિત અનુસાર પૂર્ણ કરો અને જે વસ્તુથી મનાઈ કરું, તેને છોડી દો (તેનો અર્થ એ છે કે, જે બાબતો વિશે મૌન ધારણ કરવામાં આવ્યું છે, તેમાં ખણખોદ ન કર્યા કરો)."

રસૂલે કરીમ ﷺ પછી નુબુવ્વત અને વહીનો ક્રમ પૂર્ણ થઈ ચૂક્યો છે

આ આયતમાં મોઘમ રીતે એ પણ ઈરશાદ કરવામાં આવ્યો, اِنْ تَسْـَٔلُوْا عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ تُبْدَ لَكُمْ એટલે કે, "કુર્આન નાઝિલ થવાના સમયમાં જો તમે આવા સવાલો કરશો તો વહી દ્વારા તેના જવાબો આવી જશે." તેમાં કુર્આન નાઝિલ થવાની સાથે આ બાબતને જોડીને એ તરફ ઈશારો કર્યો છે કે, કુર્આન ઊતરવાની પૂર્ણતા પછી નુબુવ્વત અને વહીનો ક્રમ બંધ થઈ જશે.

નુબુવ્વત સમાપ્ત થયા પછી અને વહીના ક્રમ પૂર્ણ થઈ ગયા પછી આવા સવાલોથી જો કે કોઈ ફરક નથી પડતો કે, કોઈ નવો હુકમ આવશે અથવા જે વસ્તુઓ ફરજ નથી તે ફરજ થશે અથવા વહી દ્વારા ગુપ્ત રહસ્યો જાહેર કરી દેવામાં આવશે, તેમ છતાં અનાવશ્યક સવાલો કરવા અને નાની-નાની વાતમાં ખોટી-ખોટી તહકીકોમાં પડી જવું તથા વિના જરૂરતે બિનપયોગી વસ્તુઓ વિશે સવાલો કર્યા કરવા વહીનો સિલસિલો પૂર્ણ થયા પછી પણ વખોડવાપાત્ર છે અને તેની મનાઈ કરવામાં આવી છે. કારણ કે, તેમાં પોતાનો અને અન્યોનો સમય બરબાદ થાય છે. રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, مِنْ حُسْنِ اِسْلَامِ الْمَرْءِ تَرْكُهٗ مَا لَا يَعْنِيْهِ એટલે કે, "મુસલમાન થવાની એક ખૂબી એ છે કે, વ્યકિત વ્યર્થ અને નકામી વાતોને છોડી દે છે." એનાથી જાણ થઈ કે, ઘણા બધા મુસલમાનો જે બિલકુલ વ્યર્થ અને નકામી રિસર્ચમાં લાગેલા રહે છે. દાખલા તરીકે, મૂસા (અલૈ.)ની વાલિદહનું નામ શું હતું ? નૂહ (અલૈ.)ના જહાઝની લંબાઈ-પહોળાઈ શું હતી ? જેનો કોઈ પ્રભાવ અથવા અસર માણસના આચરણ ઉપર નથી પડતો, આવા બિનજરૂરી સવાલો કરવા તિરસ્કૃત છે, ખાસ કરીને જ્યારે કે એ પણ ખબર હોય કે આવા સવાલો કરનાર લોકો મોટા ભાગે જરૂરી

અને મહત્ત્વના દીનના મસ્અલાઓથી બેખબર હોય છે. ફુઝૂલ અને વ્યર્થ કામોમાં પડવાનું પરિણામ એ જ હોય છે કે, વ્યક્તિ મહત્ત્વની જરૂરી બાબતો અને કામોથી વંચિત થઈ જાય છે. રહી વાત, ફુકહા (ઇસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)ની, તો તેઓ પોતે જ ઘણા બધા સ્વરૂપોના મસ્અલાઓ કાઢીને અને સવાલો ઉપસ્થિત કરીને તેના હુકમ વર્ણન કરી આપે છે. બસ, આ અનાવશ્યક વસ્તુ નથી. ફુકહાએ સંભવિત ભવિષ્યમાં ઘટનાર ઘટનાઓ વિશે હુકમો બતાવી દીધા છે કે, આવનારી પેઢીઓને આની જરૂરત હશે. આથી તેઓ ફુઝૂલ અને વિના મતલબના સવાલો ન હતા. ઇસ્લામની તા'લીમમાં આ પણ એક તા'લીમ છે કે, જ્ઞાન હોય અથવા આચરણ, કોઈપણ કામ હોય અથવા કોઈ વક્તવ્ય કે નિવેદન, જ્યાં સુધી તેમાં કોઈ દીન અથવા દુનિયાનો ફાયદો દૃષ્ટિ સમક્ષ ન હોય. તેમાં ઓત-પ્રોત થઈને સમય બરબાદ ન કરવો જોઈએ.

બહીરહ, સાઈબહ વગેરેની વ્યાખ્યા :

બહીરહ, સાઈબહ, વસીલહ, હામી; આ બધા અજ્ઞાનતાના યુગના કુરિવાજો અને પ્રતીકો છે. વિવરણકારોના તેના વિવરણમાં ઘણા બધા મતભેદો છે. શક્ય છે કે, તેમાંથી દરેક શબ્દ જુદા-જુદા સ્વરૂપોમાં લાગુ પડતો હોય. આપણે માત્ર સઈદ બિન મુસયબની તફસીરને સહીહ બુખારીના હવાલાથી નકલ કરીએ છીએ.

બહીરહ :

બહીરહ એટલે તે જાનવર જેનું દૂધ મૂર્તિઓના નામ ઉપર વક્ફ કરવામાં આવતું હતું, તેને કોઈ પોતાના વ્યક્તિગત ઉપયોગમાં લેતું ન હતું.

સાઈબહ :

સાઈબહ એટલે તે જાનવર જે મૂર્તિઓના નામ ઉપર વર્તમાન સમયમાં જે રીતે સાંઢ વગેરેને છોડી દેવામાં આવે છે, તે સ્વરૂપે હતું.

હામી :

હામી એટલે તે નર ઊંટ, જે એક ખાસ સંખ્યામાં પટ્ટી બાંધેલ હોય, જેને મૂર્તિઓના નામ ઉપર છોડવામાં આવતા હતા.

વસીલહ :

વસીલહ એટલે તે ઊંટણી જે સતત નારી જાતિના બચ્ચાં જણે અને વચ્ચે નર બચ્ચું પેદા ન થાય, તેને પણ મૂર્તિઓના નામ ઉપર છોડી દેતા હતા.

આ ઉપરાંત એવી વસ્તુઓ શિર્કના પ્રતીકોમાંથી હતી, જેમકે જે જાનવરોનો માંસ, દૂધ અથવા સવારી વગેરેથી લાભ ઉઠાવવો અલ્લાહ તઆલાએ જાઈઝ કર્યું છે, તેના હલાલ હોવાને પોતાના માટે પોતાના તરફથી હરામ કરી લેવું અથવા પાબંદી લગાવવી, જાણે કે, પોતાના માટે શરીઅતના જાઈઝ-નાજાઈઝ હુકમો પોતે જ તજ્વીઝ કરવા બરાબર કૃત્ય હતું અને સૌથી મોટો અત્યાચાર તો એ હતો કે, પોતાના આ શિર્કયુક્ત કુરિવાજોને અલ્લાહ તઆલાની ખુશી અને તેની નિકટતાનું માધ્યમ હોવાની કલ્પના કરતા હતા. તેનો જવાબ આપવામાં આવ્યો છે કે, અલ્લાહ તઆલાએ કદાપિ આવા કુરિવાજો નક્કી કર્યા નથી. તેમના વડીલોએ અલ્લાહ તઆલા ઉપર આવું બોહતાન બાંધી આક્ષેપ લગાવ્યો છે અને મોટા ભાગની બુદ્ધિહીન પ્રજાએ તેનો સ્વીકાર કરી લીધો છે. મતલબ કે, અહીંયાં એ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે, જે રીતે વ્યર્થ, ફુઝૂલ નકામા સવાલ કરીને શરીઅતના હુકમોમાં તંગી કરવી અને તેને સ્વજાતે કઠોર બનાવવા હરામ છે, એનાથી કેટલોય ઘણો વધીને અપરાધ એ છે કે, શરીઅતના હુકમ વિના ફક્ત પોતાના અભિપ્રાય અને મનેચ્છાઓના કારણે કોઈ વસ્તુ પોતાના માટે હલાલ અને હરામ નક્કી કરી લેવામાં આવે. *(ફવાઈદે ઉસ્માની)*

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૦૪-૧૦૫)

وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا اِلٰى مَآ اَنْزَلَ اللّٰهُ وَاِلَى الرَّسُوْلِ قَالُوْا حَسْبُنَا مَا وَجَدْنَا

عَلَيْهِ اٰبَآءَنَا ؕ اَوَلَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْلَمُوْنَ شَيْـًٔا وَّلَا يَهْتَدُوْنَ ﴿۱۰۴﴾ يٰۤاَيُّهَا

الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ ۚ لَا يَضُرُّكُمْ مَّنْ ضَلَّ اِذَا اهْتَدَيْتُمْ ؕ

اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ جَمِيْعًا فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۱۰۵﴾

તરજુમો :

અને જ્યારે તેમને કહેવામાં આવે છે, આવો એના તરફ કે જે અલ્લાહે

નાઝિલ કર્યું અને રસૂલના તરફ; તો કહે છે, અમને પૂરતું છે તે જેના ઉપર અમે પોતાના બાપ-દાદાઓને પામ્યા; ભલા ! જો તેમના બાપ-દાદાઓ ન કંઈ ઈલ્મ (જ્ઞાન) રાખતા હોય અને ન માર્ગ જાણતા હોય તો પણ એવું જ કરશે !? (૧૦૪) હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર તમારી જાતની ફિકર જરૂરી છે, તમારું કંઈ જ નથી બગાડતો જે કોઈ ગુમરાહ થયો જ્યારે કે તમે માર્ગ ઉપર હોય, અલ્લાહની પાસે તમારા સૌને પાછા વળીને જવાનું છે, પછી તે તમને બતાવી દેશે જે કંઈ તમે કરતા હતા. (૧૦૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતોમાં રિવાજોના પૂજારી કાફિરોની એક પ્રકારની અજ્ઞાનતાનું વર્ણન હતું અને એવી-એવી અજ્ઞાનતાઓ તેમનામાં મોટા પ્રમાણમાં હતી કે, જેને સાંભળીને મો'મિનોને રંજ અને અફસોસ થતો હતો. આથી હવે, આગળ મો'મિનોને એ સંદર્ભે ઈરશાદ છે કે, તમે શા માટે દિલગીર થાઓ છો ? તમને પોતે પોતાની સુધારણાનો અને અન્યોની સુધારણાનો પોતાની શક્તિ અને સામર્થ્ય અનુસાર પ્રયત્ન કરવાનો હુકમ છે, બાકી આ પ્રયત્નો ઉપર પરિણામ આવવું તમારા અધિકાર ક્ષેત્રમાં નથી. એટલા માટે "કારે ખુદ કુન, કારે બૈગાના મકુન" (પોતાનું કામ કરો, બીજાના કામની ચિંતા ન કરો) ઉપર અમલ કરો.

તફસીર :

જ્યારે તેમને કહેવામાં આવે છે કે, અલ્લાહ તઆલાએ જે હુકમો નાઝિલ ફરમાવ્યા છે, તેના તરફ અને રસૂલ (ﷺ જેમના તરફ આ હુકમો નાઝિલ થયા છે)ના શરણમાં જાઓ, (જે હુકમ તેમના દ્વારા સત્ય સાબિત થાય સત્ય સમજો અને જે અસત્ય હોય તેને અસત્ય અને બાતિલ સમજો) તો કહે છે કે, અમને (તે હુકમો અને રસૂલ ﷺની આવશ્યકતા નથી. અમારા માટે તો) તે જ (રીત-રસમો વગેરે) પૂરતું છે જેના ઉપર અમે પોતાના વડીલોને જોયા છે, (અલ્લાહ તઆલા ફરમાવે છે કે) શું (તે તરીકો તેમના માટે દરેક પરિસ્થિતિમાં પૂરતો છે ?) જો કે તેમના વડીલો (દીનની) કંઈ જ સમજ ન રાખતા હોય અને ન જ (કોઈ આસમાની કિતાબની) હિદાયત ધરાવતા હોય. હે ઈમાનવાળાઓ ! પોતાની (સુધારણાની) ફિકર કરો (અસલી કામ તમારી જવાબદારીનું એ જ છે

બાકી અન્યોની સુધારણા વિશે એવું છે કે, જ્યારે તમે પોતાના તરફથી પોતાની સંપૂર્ણ શક્તિ પ્રમાણે સુધારણાની કોશીશ કરી રહ્યા હોય પરંતુ અન્યો ઉપર તેની અસર નથી થતી તો તમે તે અસર કેમ નથી થતી; તેની ફિકર-ચિંતામાં ન પડો કારણ કે,) જ્યારે તમે (દીનના) માર્ગે ચાલી રહ્યા છો (અને દીનના હુકમોને અને આવશ્યક ફરજોને પૂર્ણ કરી રહ્યા છો અને એ રીતે પોતાની સુધારણા કરી રહ્યા છો અને બીજાઓની સુધારણાની પણ કોશીશ કરી રહ્યા છો) તો જે વ્યક્તિ (તમારી સુધારણાની કોશીશ છતાં) ગુમરાહ રહે તો તે(ના ગુમરાહ રહેવા)થી તમારું કોઈ નુકસાન નથી (અને જે પ્રમાણે સુધારણા વગેરેમાં મર્યાદાથી વધારે ફિકર-ચિંતા કરવામાં આવે ત્યારે કદાચ તેઓની હિદાયતથી નાઉમ્મીદ થવાના સ્વરૂપમાં ક્રોધિત થઈને દુનિયામાં જ તેમના ઉપર સજા નાઝિલ થવાની તમન્ના કરી બેસો તો એવું કરવાની પણ મનાઈ છે. કારણ કે, સત્ય અને અસત્યનો સંપૂર્ણ ફેંસલો તો આખિરતમાં થવાનો છે. એટલા માટે કે,) અલ્લાહ પાસે જ તમારે બધાને પાછા વળવાનું છે, પછી તે તમને બતાવી આપશે જે કંઈ તમે કરી રહ્યા હતા (અને બતાવીને સત્ય ઉપર સવાબ અને બાતિલ ઉપર અઝાબનો હુકમ લાગુ પાડશે).

મસ્અલા અને બોધપાઠ :

આયતો ઊતરવાની પૂર્વભૂમિકા :

અજ્ઞાનતાના કુરિવાજોમાંથી એક કુરિવાજ પોતાના બાપ-દાદા અને પૂર્વજોના તરીકાનું અનુસરણ કરવાનો પણ હતો, જેના કારણે તેઓ દરેક પ્રકારની બુરાઈઓમાં સંડોવાઈ ગયા હતા અને દરેક પ્રકારની ભલાઈઓથી વંચિત થઈ ગયા હતા. તફસીરે દૂર્રે મન્થૂરમાં ઉબય ઇબ્ને હાતિમના હવાલાથી નકલ થયું છે કે, "તેમનામાંથી કોઈ ખુશનસીબ જો સત્ય વાત માનીને મુસલમાન થઈ જતો હતો તો તેને એવું મહેણું મારવામાં આવતું હતું કે, તેં તારા બાપ-દાદાને મૂર્ખ ઠરાવ્યા છે કે, તેમના તરીકાને છોડીને બીજો તરીકો અપનાવી લીધો." તેમની આવી ગુમરાહી ઉપર આ આયત નાઝિલ થઈ. وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا اِلٰى مَا اَنْزَلَ اللّٰهُ وَاِلَى الرَّسُوْلِ قَالُوْا حَسْبُنَا مَا وَجَدْنَا عَلَيْهِ اٰبَآئَنَا એટલે કે, "જ્યારે કહેવામાં આવે છે કે, તમે અલ્લાહ તઆલાના નાઝિલ કરેલ સત્ય હુકમો તથા રસૂલ ﷺના શરણમાં જાઓ, જે દરેક સ્વરૂપમાં હિકમત અને મસ્લિહત તથા તમારી

સુધારણા અને સફળતાની જામીનગીરી છે, તો તેમની પાસે એના સિવાય કોઈ જવાબ નથી હોતો કે અમારા માટે તો એ જ તરીકો પૂરતો છે, જેના ઉપર અમે અમારા બાપ-દાદા અને પૂર્વજોને જોયા છે."

આ તે શયતાની દલીલ છે જેણે લાખો મનુષ્યોને સામાન્ય સમજબૂઝ અને જ્ઞાન તથા કળાના માલિક હોવા છતાં માર્ગ ભટકાવી દીધા. કુર્આને કરીમે તેના જવાબમાં ઈરશાદ ફરમાવ્યું, اَوَلَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْلَمُوْنَ شَيْـًٔا વિચાર કરનારાઓ માટે કુર્આને આ એક વાક્યથી કોઈ વ્યક્તિ અથવા વર્ગના અનુસરણ કરવાનો એક સાચો સિદ્ધાંત વર્ણન કરીને આંધળાઓ માટે પણ દૃષ્ટિ પ્રદાન કરી તથા જાહિલ અને ગાફેલ માટે પણ સચ્ચાઈનો સામાન સંપૂર્ણ રીતે અર્પણ કર્યો છે અને તે એ કે, એ બાબત યોગ્ય જ છે કે, "જે ન જાણતો હોય તે જાણનારાનું અને જે નાવાકેફ છે તે વાકેફનું અનુસરણ કરે." હિદાયતના માપદંડથી હટીને પોતાના પૂર્વજો અથવા કોઈ મિત્રનું અનુસરણ કરવાને પોતાનો જીવન માર્ગ બનાવી લેવો અને જાણ્યા વિના જ તેને પોતાનો રાહબર સમજી લેવો અને તે અમને ક્યાં પહોંચાડશે તેવું સમજ્યા વિના જ તેમના પૂંછડે-પૂંછડે ફરવું નરી મૂર્ખતા જ છે.

અયોગ્ય અને સામર્થ્યહીન વ્યક્તિને પોતાનો આગેવાન અને લીડર નક્કી કરવો સર્વનાશ અને બરબાદીને આમંત્રણ આપવા સમાન છે :

કુર્આને કરીમના આ વાક્યએ સમગ્ર માનવજાતને એક સ્પષ્ટ અને જાહેર હિકમતની શિખામણ આપી છે કે, માનવજાતનું કોઈ લક્ષણ તેને લીડર અને આગેવાન બનાવવા માટે કદાપિ પૂરતું નથી. બલકે, દરેક મનુષ્ય માટે સૌ પ્રથમ તો એ જરૂરી છે કે, પોતાની જિંદગીનો હેતુ અને પોતાના જીવનધ્યેયની દિશા નક્કી કરે, પછી તે હેતુ પ્રાપ્ત કરવા માટે એ જૂએ કે, કોઈ એવો વ્યક્તિ છે જે આ મકસદપ્રાપ્તિ સુધીના માર્ગને જાણનારો છે ? અને તે માર્ગ ઉપર તે વ્યક્તિ પોતે પણ ચાલી રહ્યો છે ? જ્યારે કોઈ એવો વ્યક્તિ મળી જાય ત્યારે બેશક ! તેની પાછળ ચાલવામાં, તેનું અનુસરણ કરવામાં ઈચ્છિત મંઝિલ સુધી પહોંચી શકાય છે. એ જ વાસ્તવિકતા છે મુજ્તહિદ ઈમામોના અનુસરણની ! તેઓ દીન જાણનારા પણ છે અને તેના ઉપર આચરણ કરનારા પણ છે. એટલા માટે ન જાણનારાઓ તેમનું અનુસરણ કરવાથી દીનનો મકસદ એટલે કે, અલ્લાહ અને

રસૂલે કરીમ ﷺની આજ્ઞાપાલન કરવાની ઇચ્છિત મંઝિલ પ્રાપ્ત કરી શકે છે અને જે માર્ગ ભટકેલા લોકો હોય, ઇચ્છિત મંઝિલને પોતે જ ન જાણતા હોય અથવા તો જાણીબૂજીને ઇચ્છિત મંઝિલથી વિરુદ્ધ દિશાએ ચાલી પડ્યા હોય, તેમની પાછળ ચાલવું અથવા તેમનું અનુસરણ કરવું પ્રત્યેક બુદ્ધિશાળીના મતે પોતાના પ્રયત્નો અને આચરણોને વ્યર્થ કરવા સમાન છે. બલકે, પોતાની જાતને સર્વનાશનું આમંત્રણ આપવા સમાન છે. આ ઇલ્મ, હિકમત અને આધુનિક વિચારસરણીના યુગમાં પણ અફસોસ છે કે, ઘણા ભણેલા-ગણેલા બુદ્ધિશાળી સમજવામાં આવતા લોકો આ વાસ્તવિકતા ઉપર વિચાર કરતા નથી અને આજે કૌમો અને જ્ઞાતિઓના સર્વનાશનું સૌથી મોટું કારણ આ જ અસમર્થ અને અયોગ્ય તથા માર્ગ ભટકેલા લોકોને આગેવાન અને લીડર બનાવી તેમની પાછળ ચાલવું છે.

આગેવાનીનું માપદંડ :

કુર્આને કરીમે આ વાક્યને આગેવાનીનું ખૂબ યોગ્ય અને સ્પષ્ટ માપદંડ બનાવ્યું છે, તેમાં બે બાબતો છે. એક જ્ઞાન અને બીજું સત્ય માર્ગ ઉપર હોવું. જ્ઞાનનો અર્થ ઇચ્છિત મંઝિલ સુધી પહોંચવાની પદ્ધતિઓથી પરીચિત હોવું; અને સીધા માર્ગ ઉપર હોવાનો અર્થ તે હેતુપ્રાપ્તિ માટે ઇચ્છિત માર્ગ ઉપર ચાલવું. એટલે કે, સાચું જ્ઞાન અને મજબૂત આચરણ, એ જ આગેવાનીનું સાચું માપદંડ છે.

ખુલાસો :

ખુલાસો એ છે કે, જે વ્યક્તિને આગેવાન અથવા લીડર બનાવવામાં આવે તો પ્રથમ એ જોવું જોઈએ કે, જે હેતુ માટે તેને આગેવાન બનાવવામાં આવી રહ્યો છે, તે ઇચ્છિત હેતુ અને તેના તરીકાથી સંપૂર્ણ વાકેફ છે કે કેમ ? પછી એ જૂઓ કે, તે પોતે તે સાચા માર્ગ ઉપર ચાલી પણ રહ્યો છે કે કેમ ? અને તેનું આચરણ પોતાના જ્ઞાન પ્રમાણે છે કે કેમ ?

મતલબ કે, કોઈને આગેવાન બનાવવા માટે સાચા ઇલ્મ અને મજબૂત આચરણના માપદંડથી તેને ચકાસવો જરૂરી છે. ફક્ત બાપ-દાદા હોવું અથવા તે વ્યક્તિ કે લોકોનું પોતાના પૂર્વજ હોવું અથવા તો ઘણા બધા લોકોના લીડર હોવું

અથવા તો માલદાર હોવું અથવા તો શાસક કે સત્તાધીશ હોવું, એવી કોઈ યોગ્ય બાબતો કે સાચું માપદંડ નથી કે જેથી તેમને પોતાના રાહબર અને આગેવાન સમજવામાં આવે.

આગેવાનની ચકાસણી કરવાની રીત :

કુર્આને કરીમે આ સ્થળે પૂર્વજોના અનુસરણ કરનારા લોકો ભૂલમાં પડેલા હોવાની સ્પષ્ટતા કરી દીધી અને તેની સાથે જ કોઈ અન્યની ટીકા-ટિપ્પણી કરવાની અને તેના ભૂલ ઉપર હોવાની જાણ કરી તેના પ્રત્યે અંગૂલિ નિર્દેશ કરવાની એક ખાસ પ્રભાવશાળી પદ્ધતિ પણ બતાવી આપી કે, જેનાથી જેને સંબોધન કરવામાં આવી રહ્યું છે તેને મનદુઃખ ન થાય અથવા તો તે ક્રોધિત ન થાય કે ઉશ્કેરાટ ન અનુભવે. કારણ કે, પૂર્વજોના ધર્મનું અનુસરણ કરનારાઓના જવાબમાં એવું કહેવામાં નથી આવ્યું કે, તમારા બાપ-દાદા અજ્ઞાની અથવા માર્ગ ભટકેલા છે. બલકે, એક પ્રશ્નાર્થસૂચક શૈલીમાં એવો પ્રશ્ન કરી કહેવામાં આવ્યું છે કે, "શું પૂર્વજોનું અનુસરણ એવી પરિસ્થિતિમાં પણ કોઈ યોગ્ય વાત હોઈ શકે છે? જ્યારે કે પૂર્વજોમાં જ્ઞાન ન હોય અથવા તો તેઓ તેના ઉપર આચરણ ન કરતા હોય ?"

અલ્લાહના બંદાઓની સુધારણાની ફિકર-ચિંતા કરનારાઓને એક તસલ્લી (દિલાસો) :

બીજી આયતમાં અલ્લાહના બંદાઓની સુધારણામાં પોતાનું સર્વસ્વ લૂંટાવનારા મુસલમાનોને તસલ્લી આપવામાં આવી છે કે, જ્યારે તમે તબ્લીગ અને તા'લીમ (પ્રચાર અને પ્રસાર)નો પોતાની શક્તિ અને સામર્થ્ય અનુસાર હક અદા કર્યો અને શિખામણ તથા ભલાઈની સંપૂર્ણ કોશીશ કરી અને જો ત્યાર પછી પણ કોઈ ગુમરાહી ઉપર મક્કમ રહે, તો તમે તેની ફિકર-ચિંતામાં ન પડો. આવી પરિસ્થિતિમાં અન્યોની ગુમરાહી અથવા ખોટી રીત-ભાતથી ખોટા માર્ગે હોવાથી તમારું કંઈ જ નુકસાન નહીં થાય. અલ્લાહનો ઈરશાદ છે, يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ لَا يَضُرُّكُمْ مَّنْ ضَلَّ اِذَا اهْتَدَيْتُمْ એટલે કે, "હે મુસલમાનો ! તમે પોતાની ચિંતા કરો, જ્યારે તમે સીધા માર્ગ ઉપર ચાલી રહ્યા છો, ત્યારે જે વ્યક્તિ માર્ગ ભટકેલો રહે તો તેનાથી તમારું કોઈ નુકસાન નથી."

આ આયતના જાહેર શબ્દોથી કારણ કે, એવું સમજવામાં આવે છે કે, દરેક વ્યક્તિને ફક્ત પોતાના આચરણ અને પોતાની સુધારણાની ફિકર કરવું પૂરતું છે. અન્ય લોકો કંઈ પણ કરતા રહે, તેના ઉપર ધ્યાન આપવાની કોઈ આવશ્યકતા નથી અને એ કે, આ બાબત કુર્આનના અનેક ખુલાસાઓથી વિરુદ્ધ છે કે, જેમાં અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર (ભલાઈની આજ્ઞા આપવી અને દુષ્કૃત્યોથી અટકાવવા)ને ઈસ્લામનો મહત્ત્વનો ફરજ અને આ ઉમ્મતનો એક વિશિષ્ટ ગુણ ઠરાવવામાં આવ્યો છે. એટલા માટે આ આયત નાઝિલ થવાથી અમુક લોકોને શંકાઓ ઊભી થઈ. તેમણે રસૂલે કરીમ ﷺને આ બાબતે સવાલો કર્યા ત્યારે તેમણે સ્પષ્ટતા કરી કે, આ આયત અમ્ર બિલ મઅ્રૂફના હુકમોના વિરુદ્ધ નથી. અમ્ર બિલ મઅ્રૂફને છોડી આપશો તો અપરાધીઓની સાથે તમે પણ સામેલ થશો. એટલા માટે તફસીરે બહરે મુહીતમાં હઝરત સઈદ બિન ઝુબૈર (રદિ.)થી આ આયતની તફસીર નકલ થઈ છે કે, તમે પોતાના આવશ્યક શરઈ કાર્યોને અદા કરતા રહો, જેમાં જિહાદ અને અમ્ર બિલ મઅ્રૂફ પણ સામેલ છે. આ બધું કંઈ કરવા પછી પણ જે લોકો માર્ગ ભટકેલા રહે, તો તેનાથી તમને કોઈ નુકસાન નથી. કુર્આને કરીમના શબ્દ إِذَا اهْتَدَيْتُمْ માં વિચાર કરો, તો આ તફસીર આપમેળે સ્પષ્ટ થઈ જાય છે. કારણ કે, એનો અર્થ એ છે કે, "જ્યારે તમે સીધા માર્ગ ઉપર ચાલી રહ્યા છો, ત્યારે અન્યોની ગુમરાહી તમારા માટે નુકસાનકર્તા નથી" અને દેખીતું છે કે, જે વ્યક્તિ અમ્ર બિલ મઅ્રૂફનો ફરજ છોડી આપે, તે સીધા માર્ગ ઉપર ચાલી નથી રહ્યો.

તફસીરે દૂર્રે મન્સૂરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની ઘટના નકલ થઈ છે કે, "તેમની સમક્ષ કોઈએ સવાલ રજૂ કર્યો કે, ફલાણા-ફલાણા વ્યક્તિઓમાં પરસ્પર સખત ઝઘડો છે, તેઓ એકબીજાને મુશ્રિક કહે છે, આ સાંભળી ઈબ્ને ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે, શું તમારો એવો વિચાર છે કે, હું તમને એવું કહી આપું કે, જાઓ ! એ લોકો સાથે યુદ્ધ કરો ! કદાપિ નહીં, જાઓ ! તે લોકોને વિનમ્રતાથી સમજાવો, સ્વીકાર કરે તો ઠીક અને ન કરે તો તેમની ફિકર છોડીને પોતાની ફિકર-ચિંતામાં લાગી જાઓ. પછી આ જ આયત હઝરત ઈબ્ને ઉમર (રદિ.)એ પોતાના જવાબના સમર્થનમાં ગવાહી સ્વરૂપે તિલાવત કરી."

ગુનાહોની રોકથામના વિષયમાં હઝરત સિદ્દીકે અકબર (રદિ.)નો એક ખુત્બો (પ્રવચન) :

આયતના જાહેર શબ્દો ઉપર ઉપરછલ્લો દષ્ટિપાત કરવામાં જે શંકા થઈ શકતી હતી, તેને દષ્ટિ સમક્ષ રાખી હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ એક પ્રવચન આપ્યું. ઈરશાદ ફરમાવ્યો કે, "તમે લોકો આ આયતને પઢો છો અને તેનો અયોગ્ય સ્થળે ઉપયોગ કરો છો. એટલે (સમજો છો કે) અમ્ર બિલ મઅ્રૂફની આવશ્યકતા નથી, સારી પેઠે સમજી લો કે, મેં પોતે રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળ્યું છે કે, જે લોકો કોઈ ગુનોહ થતો જૂએ અને (પોતાની યથાશકિત) તેને રોકવાનો પ્રયત્ન ન કરે તો (શક્ય છે કે) જલદી જ અલ્લાહ તઆલા અપરાધીઓની સાથે તે અન્ય લોકોને પણ અઝાબમાં પકડી લે."

આ રિવાયત તિરમિઝી, ઈબ્ને માજહમાં ઉપસ્થિત છે અને અબૂ દાવુદના શબ્દોમાં આ પ્રમાણે છે કે, "જે લોકો કોઈ જાલિમને અત્યાચાર કરતો જૂએ અને તેના અત્યાચારને (પોતાની શકિત પ્રમાણે) ન રોકે, તો અલ્લાહ તઆલા બધાને અઝાબમાં પકડી લેશે."

"મઅ્રૂફ" અને "મુન્કર"નો અર્થ :

અગાઉ વિગતવાર એ બાબતને જાણી ચૂક્યા છે કે, દરેક મુસલમાન માટે અતિઆવશ્યક છે કે, તે મુન્કર એટલે કે, નાજાઇઝ કૃત્યોની રોકથામ કરે અથવા ઓછામાં ઓછું તેનાથી પોતાની નફરત અને ધૃણાની જાહેરાત કરે. હવે, એ જાણી લો કે મઅ્રૂફ અને મુન્કર કોને કહે છે ?

શબ્દ مَعْرُوْفٌ (મઅ્રૂફ) مَعْرِفَةٌ (મઅ્રિફહ)થી અને مُنْكَرٌ (મુન્કર) اِنْكَارٌ (ઈન્કાર)થી બનેલ શબ્દ છે. મઅ્રિફહ એટલે "કોઈ વસ્તુને ચિંતન અને મનન કરીને સમજી અથવા ઓળખી શકાય છે." તેનો વિરુદ્ધાર્થી શબ્દ "ઈન્કાર" છે, "જે ન માનવા અને ન ઓળખવાને કહેવામાં આવે છે." આ બંને શબ્દો પરસ્પર વિરુદ્ધાર્થી સમજવામાં આવે છે. કુર્આને કરીમમાં એક સ્થળે ફરમાવવામાં આવ્યું છે, يَعْرِفُوْنَ نِعْمَةَ اللّٰهِ ثُمَّ يُنْكِرُوْنَهَا (૧૬ : ૮૩) એટલે કે, "અલ્લાહની સંપૂર્ણ શકિતનો સાક્ષાત્કાર કર્યા પછી તેની નેઅ્મતોને ઓળખે છે, પરંતુ ત્યારબાદ પોતાની દુશ્મનાવટના કારણે ઈન્કાર કરે છે, જાણે કે, આ નેઅ્મતોને

જાણતા જ નથી." એનાથી જાણ થઈ કે, "મઅ્રૂફ"નો શાબ્દિક અર્થ "ઓળખેલી પરિચીત વસ્તુ"નો થાય છે અને "મુન્કર" "અપરિચીત વસ્તુ"ને કહેવામાં છે. ઈમામ રાગિબ અસ્ફહાનીએ મુફરદાતુલ કુર્આનમાં મઅ્રૂફ અને મુન્કર વિશે શરઈ પરિભાષા આ પ્રકારે વર્ણવી છે કે, "મઅ્રૂફ દરેક એવી પ્રવૃત્તિ અને કૃત્યને કહેવામાં આવે છે, જેનું ભલાઈ અથવા સારું હોવું બુદ્ધિ અથવા શરીઅત અનુસાર ઓળખવામાં આવતું હોય" અને "મુન્કર દરેક તે પ્રવૃત્તિનું નામ છે, જે બુદ્ધિ અથવા શરઈ રીતે અપરિચીત હોય અને જેને ખરાબ સમજવામાં આવતું હોય." એટલા માટે "અમ્ર બિલ મઅ્રૂફ"નો અર્થ સારા અને ભલા આચરણો તરફ આમંત્રણ આપવાનો અને "નહી અનિલ મુન્કર"નો અર્થ બૂરી તથા ખરાબ પ્રવૃત્તિઓથી અટકાવવાનો થાય છે.

મુજ્તહિદીન ઇમામોના કોઈ એક મસ્અલાના વિરોધાભાસી નિવેદનોમાં કશું "મુન્કરે શરઈ" (શરીઅતમાં પ્રતિબંધિત) નથી હોતું :

પરંતુ આ સ્થળે ગુનાહ અને સવાબ અથવા આજ્ઞાપાલન કે, અવજ્ઞાના બદલે મઅ્રૂફ અને મુન્કરનો શબ્દ ઉપયોગ કરવામાં કદાચ એ તરફ પણ ઈશારો હોઈ શકે છે કે, તે જટિલ અને ઈજ્તેહાદી મસ્અલાઓ જેમાં કુર્આન અને સુન્નતમાં સ્પષ્ટ હુકમ ન હોવાના કારણે અથવા શંકા થવાના કારણે બે વિરોધાભાસી અભિપ્રાયો હોય અને તે બીના ઉપર તેમાં ઉમ્મતના ફુકહાના નિવેદનો વિવિધ પ્રકારના હોય, તે આ મુન્કરના વર્તુળથી બાકાત છે. મુજ્તહિદીન ઈમામો (સંશોધનકાર વિદ્વાનો)ની ઈજ્તેહાદની શા'ન (સંશોધનની કક્ષા) વિશે ઉમ્મતના ઉલમામાં પ્રચલિત છે કે, જો કોઈ મસ્અલામાં તેમના બે વિરોધાભાસી નિવેદનો હોય તો તેમાંથી કોઈને પણ "મુન્કરે શરઈ" કહી શકાય નહીં. બલકે, તે બંને બાબતો મઅ્રૂફમાં સામેલ છે. આવા મસ્અલાઓમાં એક અભિપ્રાયને સત્ય સમજનાર લોકોને એ અધિકાર નથી હોતો કે, કોઈ બીજા તેનાથી વિપરીત મત ધરાવનારનો એવો ઈન્કાર કરે જાણે કે તે કોઈ ગુનોહ કરી રહ્યો હોય. એ જ કારણ છે કે, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)માં ઘણા બધા ઈજ્તેહાદી વિરોધાભાસો અને વિરોધાભાસી મત-મતાંતર હોવા છતાં એવું ક્યાંય નોંધવામાં નથી આવ્યું કે, તેઓએ એકબીજાને ફાસિક (દુષ્ટ) અથવા ગુનેહગાર હોવાનો ફત્વો આપ્યો હોય. ચર્ચા, જ્ઞાનગોષ્ઠી અથવા જ્ઞાનપૂર્ણ વાદ તથા લેખન બધું જ

કંઈ થતું હતું અને દરેક પોતાના અભિપ્રાયને અગ્રિમતા આપવાનું કારણ રજૂ કરતા હતા તથા અન્યો ઉપર વાંધો ઉઠાવતા હતા, પરંતુ કોઈએ પણ પોતાના વિરોધાભાસી મતના કારણે કોઈને ગુનેહગાર ન કહ્યા હતા, ન જ ગુનેહગાર સમજ્યા હતા.

ખુલાસો એ છે કે, ઈજ્તેહાદી મતભેદના સમયે દરેક વિદ્વાન વ્યક્તિને અધિકાર છે કે, જે બાબતને વધારે અમલ કરવા યોગ્ય અને સત્યની સમીપ સમજે તેને અપનાવે, પરંતુ અન્યોની પ્રવૃત્તિઓ કે તે બાબતના અમલને મુન્કર (ગુનોહ) સમજી તેનો ઈન્કાર ન કરે. કારણ કે, આવું કરવાનો કોઈને અધિકાર નથી, તેનાથી સ્પષ્ટ થયું કે ઈજ્તેહાદી મસ્અલાઓમાં યુદ્ધ અથવા નફરત કે વાદ-વિવાદ અને એકબીજા પ્રત્યે વૈમનસ્ય ફેલાવનારા લખાણો કે વિષયો અમ્ર બિલ મઅ્રૂફ અથવા નહી અનિલ મુન્કરમાં સામેલ નથી. આ મસ્અલાઓ ફક્ત અભણ અને અજ્ઞાની લોકોના કારણે જ યુદ્ધનું મેદાન બને છે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૦૬ થી ૧૦૮)

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا شَهَادَةُ بَيْنِكُمْ اِذَا حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ حِيْنَ الْوَصِيَّةِ
اثْنٰنِ ذَوَا عَدْلٍ مِّنْكُمْ اَوْ اٰخَرٰنِ مِنْ غَيْرِكُمْ اِنْ اَنْتُمْ ضَرَبْتُمْ فِي الْاَرْضِ
فَاَصَابَتْكُمْ مُّصِيْبَةُ الْمَوْتِ ط تَحْبِسُوْنَهُمَا مِنْ بَعْدِ الصَّلٰوةِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ اِنِ
ارْتَبْتُمْ لَا نَشْتَرِيْ بِهٖ ثَمَنًا وَّلَوْ كَانَ ذَا قُرْبٰى لا وَلَا نَكْتُمُ شَهَادَةَ لا اللّٰهِ اِنَّآ
اِذًا لَّمِنَ الْاٰثِمِيْنَ ﴿١٠٦﴾ فَاِنْ عُثِرَ عَلٰٓى اَنَّهُمَا اسْتَحَقَّآ اِثْمًا فَاٰخَرٰنِ يَقُوْمٰنِ
مَقَامَهُمَا مِنَ الَّذِيْنَ اسْتَحَقَّ عَلَيْهِمُ الْاَوْلَيٰنِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ لَشَهَادَتُنَآ
اَحَقُّ مِنْ شَهَادَتِهِمَا وَمَا اعْتَدَيْنَآ ز اِنَّآ اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ ﴿١٠٧﴾ ذٰلِكَ اَدْنٰٓى اَنْ
يَّاْتُوْا بِالشَّهَادَةِ عَلٰى وَجْهِهَآ اَوْ يَخَافُوْٓا اَنْ تُرَدَّ اَيْمَانٌۢ بَعْدَ اَيْمَانِهِمْ ط وَاتَّقُوا
اللّٰهَ وَاسْمَعُوْا ط وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿١٠٨﴾ ع

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમારી વચ્ચે જ્યારે કે કોઈને તમારામાં મૌત (નજીક આવી) પહોંચે બે ભરોસાપાત્ર વ્યક્તિ ગવાહ તમારામાંથી વસિય્યતના સમયે હોવા જોઈએ અથવા બે ગવાહ બીજા હોય તમારા સિવાય જો તમે પ્રદેશમાં સફર કર્યો હોય, પછી તમને મૌતની મુસીબત પહોંચે; તો તે બંનેને નમાઝ પછી ઊભા કરો, તે બંને અલ્લાહની કસમ ખાય જો તમને શંકા પડે, કહે કે અમે કસમના બદલે માલ નથી લેતા, ભલે કોઈને અમારાથી નિકટનું સગપણ (કરાબત) પણ હોય, અને અમે અલ્લાહની ગવાહી નથી છુપાવતા નહિતર અમે બેશક ! ગુનેહગાર છીએ. (૧૦૬) પછી જો ખબર થઈ જાય કે તે બંને સત્ય વાત દબાવી ગયા તો તેમની જગ્યાએ તેમનામાંથી બે ગવાહ બીજા ઊભા થાય કે જેમનો હક દબાયો છે, જે સૌથી વધારે મય્યતના નજીક હોય; પછી અલ્લાહની કસમ ખાય કે અમારી ગવાહી પહેલાંઓની ગવાહી કરતાં તહકીકી (સાચી) છે, અને અમે અતિરેક નથી કર્યો નહિતર અમે બેશક ! જાલિમ છીએ. (૧૦૭) એમાં ઉમ્મીદ છે કે ગવાહીને ઠીક રીતે અદા કરે અને ડરે કે અમારી કસમ તેમની કસમ પછી ઊલટી પડશે, અને અલ્લાહથી ડરતા રહો અને સાંભળી રાખો અને અલ્લાહ નાફરમાનોને સીધા માર્ગ ઉપર નથી ચલાવતો. (૧૦૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં દીનની સુધારણા અનુસંધાને હુકમો હતા, આગળ દુનિયાની સુધારણાના અમુક હુકમોનું વર્ણન કરવામાં આવ્યું છે અને એમાં ઈશારો કરવામાં આવ્યો છે કે, અલ્લાહ તઆલા પોતાની રહમત અને કૃપાદષ્ટિ અનુસાર આખિરતની સુધારણા જેમ જ દુનિયાની સુધારણા પણ કરે છે.

(બયાનુલ કુર્આન)

શા'ને નુઝૂલ (આયતો ઊતરવાની પૂર્વભૂમિકા) :

પ્રસ્તુત આયતો ઊતરવાની પૂર્વભૂમિકા (શા'ને નુઝૂલ) એ છે કે, એક બુદિયલ નામનો મુસલમાન વ્યક્તિ તમિમ અને અદ્દી નામના બે વ્યક્તિઓ સાથે કે જેઓ તે સમયે ખ્રીસ્તી હતા; વેપાર અર્થે સિરીયા ગયો. સિરીયા પહોંચીને

બુદિયલ બીમાર થઈ ગયો, તેણે પોતાના માલની લીસ્ટ (યાદી) લખીને માલમાં મૂકી દીધી અને પોતાના બંને સાથીઓને જાણ ન કરી. બીમારી જ્યારે વધી ગઈ તો તેણે બંને ખ્રીસ્તી સાથીઓને વસિય્યત કરી કે, મારો બધો સામાન મારા વારસદારોને પહોંચાડી આપજો. તેમણે બધો સામાન લાવીને તેના વારસદારોના હવાલે કરી દીધો, પરંતુ ચાંદીનો એક પ્યાલો જેના ઉપર સોનાના વરકથી નકશીકામ કરવામાં આવ્યું હતું, તેમાંથી કાઢી લીધો. વારસદારોને માલમાંથી માલની યાદી મળી, તેમણે મરનારના ખ્રીસ્તી મિત્રોને પૂછ્યું કે, મરનારે કોઈ માલ વેચ્યો હતો ? અથવા વધારે બીમાર રહ્યા હોય તો ઈલાજ વગેરેમાં ખર્ચ થયો હતો ? તે બંનેએ નકારમાં જવાબ આપ્યો. અંતે મા'મલો નબીએ કરીમ ﷺની અદાલતમાં રજૂ થયો, કારણ કે વારસદારો પાસે ગવાહો ન હતા, માટે તે બંને ખ્રીસ્તીઓને કસમ ખવડાવવામાં આવી કે, અમે મય્યતના માલમાં કોઈપણ પ્રકારની ખયાનત કરી નથી, ન જ કોઈ વસ્તુ અમે છુપાવી છે. છેવટે કસમ ઉપર ફૈસલો તેમના હકમાં કરી આપવામાં આવ્યો. અમુક સમય પછી એ વાત જાહેર થઈ કે, તે પ્યાલો તે બંનેએ મક્કામાં એક સોનીને વેચ્યો છે. જ્યારે તેમને સવાલ કર્યો તો કહેવા લાગ્યા કે, "અમે મરનાર પાસેથી ખરીદી લીધો હતો. કારણ કે, ખરીદારી કરતી વખતે ગવાહ મૌજૂદ ન હતા, એટલા માટે અમે પહેલાં વર્ણન કર્યું ન હતું. કદાચ, શક્ય છે કે અમને જૂઠાડવામાં પણ આવે !"

મરનારના વારસદારો ફરી નબીએ કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા, હવે પ્રથમ સ્વરૂપથી વિપરીત મરનારના ખ્રીસ્તી સાથીદારો ખરીદારી કરવાના દા'વેદાર હતા જ્યારે કે, વારસદારો તેનો ઈન્કાર કરી રહ્યા હતા, બંને પાસે ગવાહો હતા નહીં. એટલા માટે વારસદારોમાંથી બે વ્યક્તિઓ કે જે મરનારના ખૂબ નિકટના સગા હતા કસમ ખાધી કે, "પ્યાલો મરનારની જ મિલકત હતી અને આ બંને ખ્રીસ્તીઓએ જૂઠી કસમ ખાધી છે." એટલા માટે જે (૧૦૦૦ દિરહમ) કિંમત ઉપર તેમણે ખરીદ્યો હતો, તેમણે તે વારસદારોને આપવા પડ્યા.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમારા માટે આપસ(ના વ્યવહાર)માં (દાખલા તરીકે, વારસદારોને માલ સોંપવા માટે) બે વ્યક્તિઓને વસિય્યતના ગવાહો

બનાવવા યોગ્ય છે (જો કે બિલકુલ ગવાહ ન બનાવવા પણ જાઇઝ છે) જ્યારે કે તમારામાંથી કોઈને મોત આવવા લાગે (એટલે કે) જ્યારે વસિય્યત કરવાનો સમય હોય; (અને) તે બે વ્યક્તિઓ એવા હોય કે દીનદાર હોય અને તમારામાંથી (એટલે કે મુસલમાનોમાંથી) હોય અથવા ગેરકૌમના બે વ્યકિઓ હોય, જો (મુસલમાન ન મળે, દાખલા તરીકે) તમે ક્યાંક મુસાફરીમાં હોય, પછી તમને મોતની મુસીબત આવી પડે (અને આ બધી બાબતો વાજિબ નથી પરંતુ યોગ્ય અને ઉત્તમ બાબત છે, નહિતર જે પ્રમાણે બિલકુલ વસિય્યતના ગવાહો ન બનાવવા જાઇઝ છે, એ જ પ્રમાણે જો કોઈ એક ગવાહ હોય અથવા તે ન્યાયી ન હોય અથવા મુસાફરીમાં ગેરમુસ્લિમને ગવાહ બનાવે, બધું જાઇઝ છે, પછી વસિય્યતના ગવાહોનો હુકમ એ છે કે) જો (કોઈ કારણથી તેમના ઉપર) તમને (તે વારસદારોને) શંકા હોય તો (હે મુકદમાનો ફૈસલો કરનાર અધિકારીઓ ! એવી રીતે ફૈસલો કરો કે પ્રથમ વારસદારોને કારણ કે તેઓ દા'વેદાર છે, એ બાબતની ગવાહી આપવા માટે બોલાવો કે તેમણે એટલે કે વસિય્યતના ગવાહોએ ફલાણી વસ્તુ દાખલા તરીકે મરનારના ખ્રીસ્તી સાથીદારોએ પ્યાલો લઈ લીધો છે અને જો તે વારસદારો ગવાહ ન લાવી શકે તો તે વસિય્યતના ગવાહોને કારણ કે, તેઓ સત્ય ઉપર હોવાના દાવે'દાર છે. એ પ્રમાણે કસમ ખવડાવો કે) તે બંને (વસિય્યતના ગવાહો)ને નમાઝ પછી (દાખલા તરીકે, અસર પછી) રોકી લો (કારણ કે મોટા ભાગે તે સમયે હાજરજનોની સંખ્યા વધારે હોય છે, તો આવા સમયે જૂઠી કસમ ખાનારો કંઈને કંઈ શરમાશે. વળી, આ સમય પણ ખૂબ બરકતવાળો છે, અમુક તેનો પણ ખ્યાલ હોય છે અને આ સ્થળ તથા સમયની પસંદગી કરવાનો હેતુ જૂઠી કસમથી દરેકને બચાવવાનો છે, તો સ્થળ અને સમયની પવિત્રતા તથા નમાઝીઓના સમૂહની સામે) ફરી બંને (એ પ્રમાણે) અલ્લાહની કસમ ખાય કે, (કસમના શબ્દો સાથે એવું કહે કે) અમે આ કસમના બદલામાં કોઈ (દુનિયા)નો નફો કમાવવા નથી ઈચ્છતા (કે દુનિયાનો નફો પ્રાપ્ત કરવા માટે કસમમાં સાચું બોલવાનું છોડી આપીએ) ભલે (આ ઘટનામાં અમારો) કોઈ સગો પણ (કેમ ન) હોય (કે જેના લાભ માટે અમે તેનો લાભ સમજીને જૂઠી કસમ ખાઈ લઈએ અને હવે તો કંઈ એવું પણ નથી, જ્યારે બે પ્રકારના ફાયદા માટે અમે જૂઠું નથી બોલતા, તો પછી આ મસ્લિહત માટે શા

માટે જૂઠું બોલીશું ?) અને અલ્લાહની વાત (એટલે કે અલ્લાહ તરફથી જે વાત કહેવાનો અમને હુકમ છે તે)ને અમે છુપાવીશું નહીં (નહિતર) અમે (જો એવું કરીએ તો) એવી પરિસ્થિતિમાં સખત ગુનેહગાર થઈશું (આવું કરવાનો હેતુ તેમને ખોટું બોલવાથી બચાવવાનો છે તથા આ બાબત સચ્ચાઈને જાહેર કરવાની અને જૂઠના હરામથી બચીને અલ્લાહની પ્રતિષ્ઠા અને સન્માનના વિરુદ્ધ ખોટા સોગંદથી બચવાની પદ્ધતિ છે. હવે, બંનેની કસમો પછી જો સત્તાધીશનો અભિપ્રાય હોય તો કોઈને જૂઠો કહ્યા વિના અસલ વિષયની કસમ ખાય. દાખલા તરીકે, "અમને મરનારે પ્યાલો આપ્યો નથી" અને તેના ઉપર મુકદમાનો ફેંસલો કરી દેવો જોઈએ, એટલા માટે આ આયતની ઘટનામાં પણ આવું જ થયું) પછી (ત્યારબાદ) જો (કોઈ રીતે જાહેરમાં) એની જાણ થઈ જાય કે, બંને વસિય્યતના ગવાહો કોઈ ગુનાહને પાત્ર ઠર્યા છે. (દાખલા તરીકે, આયતની ઘટનામાં જેમકે, અગાઉ વર્ણન કરી દેવામાં આવ્યું છે કે પ્યાલો મક્કામાં મળ્યો અને બંને વસિય્યતના ગવાહોને બોલાવીને પૂછવાથી તેમણે તે પ્યાલો મરનાર પાસેથી ખરીદી કર્યો હોવાનો દા'વો કર્યો, જેનાથી મરનાર પાસેથી પ્યાલો લેવાનો એકરાર કરવાનું ચોક્કસપણે સાબિત થાય છે અને તે તેમના પ્રથમ સોગંદપૂર્વક કરેલા નિવેદનથી વિરોધી બાબત છે, જેમાં તેઓએ સદંતર કોઈ વસ્તુ લેવાનો જ ઈન્કાર કર્યો હતો. કારણ કે, આવો એકરાર કરવો તેમની વાતને ખોટી ઠરાવે છે એટલા માટે જાહેરમાં તેઓ પોતાના જ વિરોધાભાસી નિવેદનોના કારણે અપ્રમાણિક અને જૂઠા ઠરે છે, તો આવી પરિસ્થિતિમાં મુકદમાનું વલણ બદલાઈ જશે. વસિય્યતના ગવાહો જે પ્રથમ કોઈ વસ્તુ ખરીદ-વેચાણ ન કર્યા હોવાના દા'વેદાર હતા અને હવે આ પ્યાલો ખરીદ કર્યા હોવાના દા'વેદાર બની ગયા અને વારસદારો કે જેઓ પ્રથમ આ વસિય્યતના ગવાહોએ ખયાનત કરી હોવાની દાવે'દારી કરતા હતા, હવે તેમનો પક્ષ વધારે મજબૂત થઈ ગયો. એટલા માટે હવે, આ ફેંસલાનું સ્વરૂપ એવું થઈ ગયું કે, પ્રથમ તે વસિય્યતના ગવાહો કે જેઓ પ્યાલો ખરીદવાની દાવે'દારી કરે છે, તેમને બોલાવવામાં આવે અને તેઓ ગવાહ રજૂ ન કરી શકે તો) તે (વારસદાર) લોકોમાંથી જેના મુકાબલામાં (આ વસિય્યતના ગવાહો દ્વારા પ્રસ્તુત) ગુનોહ થયો હતો અને (જે શરીઅતના કાયદેસરના હકદારો છે. દાખલા તરીકે, પ્રસ્તુત આયતમાં) બે વ્યક્તિઓ (હતા) જે (વારસામાં હક અને મીરાષમાં

મરનારની) સૌથી વધુ નજીક છે, (જે પ્રમાણે અગાઉ કસમ ખાવા માટે) તે બંને (વસિય્યતના ગવાહો) ઊભા થયા હતા (હવે) આ બંને (કસમ માટે) ઊભા થાય, પછી બંને (એવી રીતે) અલ્લાહની કસમ ખાય કે (મતલબ કે, કસમના શબ્દો સાથે એવું કહે કે) અમે વિશ્વાસપૂર્વક અમારી આ કસમમાં (કે અમે બિલકુલ શંકારહિત જાહેરમાં અને વાસ્તવમાં પણ અમારા અભિપ્રાયમાં સાચા છે) આ બંને (વસિય્યતના ગવાહો)ની કસમથી વધારે સાચા છે, (કારણ કે તેની વાસ્તવિકતાની જો કે અમને જાણ નથી પરંતુ દેખીતા કારણોથી એટલે કે, તેમના પોતાના વિરોધાભાસી નિવેદનોથી તેમની વાત શંકાસ્પદ બની ગઈ છે) અને અમે (સત્ય વાતમાં) જરા પણ હદ ઓળંગી નથી (નહિતર) અમે (જો આવું કરીએ તો) આવી પરિસ્થિતિમાં સખત જાલિમ ઠરીશું.

(કારણ કે, પારકો માલ જાણીબૂજીને વિના પરવાનગીએ લઈ લેવો અત્યાચાર છે. આ કસમ પણ એક પ્રકારની સામાવાળાના અભિપ્રાયને ખોટો ઠરાવવાની બાબત છે અને આવું ફેંસલો કરનાર કાઝીના અભિપ્રાયના આધારે થયું છે. પછી સોગંદપૂર્વકનું નિવેદન મૂળ વિષય ઉપર લાવવામાં આવે, હવે તેનો આધાર અન્યની એટલે કે, વસિય્યતના ગવાહોની પ્રવૃત્તિ ઉપર છે, એટલે કે નિવેદન એવું હશે કે, "અલ્લાહની કસમ અમારી જાણ મુજબ આ દાવે'દારોએ મરનાર પાસેથી પ્યાલો ખરીદયો નથી" હવે આ ઘટનામાં કારણ કે, વાસ્તવિક જાણકારી અને ઘટનાની નજરે જોયાની કોઈ સાબિતી નથી હોઈ શકતી, એટલા માટે આ સાંયોગિક પૂરાવાઓને વધારે મજબૂત ગણીને કસમ ખાવામાં આવી છે, જેમકે શબ્દ اَحَقُّ આવ્યો છે, જેનો હેતુ એ થયો કે તેનો આધાર મારા નિવેદન ઉપર છે, એટલા માટે કસમ ખાઉં છું કે, જે રીતે તેમાં જાહેર જૂઠની સાબિતી નથી, એ જ પ્રમાણે વાસ્તવિક ઘટના પણ જૂઠી નથી અને મારું આ અનુમાન વધારે લાભકારક છે કે, અહીંયાં કસમ જાણકારી ઉપર છે અને કારણ કે, તેનું જૂઠ તેના પોતાના ઈકરાર વિના ક્યારેય સાબિત નથી થઈ શકતું. એટલા માટે જે હક મરાઈ રહ્યો છે, તે સખત પ્રકારનો જુલમ કહેવાશે. એમાં કોઈ આશ્ચર્યની વાત નથી કે, અહીંયાં આ અત્યાચારીઓ માટે આવું કહેવામાં આવ્યું હોય)

આ (કાયદો જે સામૂહિક રીતે આ આયતોમાં પ્રસ્તુત થયો) ઘણું જ નજીક

છે કે આવી પ્રવૃત્તિના માધ્યમથી તે (વસિય્યતના ગવાહ) લોકો ઘટનાને સાચી રીતે જાહેર કરી આપે (જો વધારાના માલની સોંપણી નથી કરવામાં આવી, કસમ ખાય લે અને જો સોંપણી થઈ છે, તો ગુનાહથી ડરીને ઈન્કાર કરી દે. આ હિકમત તો ગવાહોના સોગંદમાં છે) અથવા એ વાતથી ડરી(ને કસમ ખાવાથી રોકાઈ) જાય કે, તેમની પાસેથી તે કસમ લીધા પછી (વારસદારો ઉપર) કસમ ધ્યાને લેવામાં આવશે (ત્યારબાદ અમારે અપમાનિત થવું પડશે, આ હિકમત વારસદારોના કસમ ખાવામાં છે અને તે બધી શંકાઓમાં હકદારને તેનો હક પહોંચાડવાનો છે કે, જે શરીઅતનો મૂળ તકાદો છે, કારણ કે જો વારસદારોના ગવાહોની કસમ શરીઅત પ્રમાણે ન હોત, અને ગવાહો માલની સોંપણી કરવામાં સાચા હોત તો પણ તેમની તોહમતને દૂર કરવા માટેની કોઈ રીત ન હોત, પરંતુ હવે સાચા હોવાના સમયે તેમનો છુટકારો થઈ ગયો હોત અને જૂઠા હોવાના સમયે જૂઠી કસમથી ડરીને ઈન્કાર કરે તો વારસદારોનો હક સાબિત થઈ જાય છે અને જો વારસદારોની કસમ શરીઅત પ્રમાણે ન હોત અને શરઈ રીતે હકનો ઈન્કાર થતો હોત તો હકને સાબિત કરવાનું કોઈ સ્વરૂપ ન હતું અને જો શરઈ રીતે હકનો ઈન્કાર ન થતો હોત તો વસિય્યતના ગવાહોને હક ઉપર સાબિત હોવાની કોઈ રીત ન હતી અને હવે વારસદારોનો હક હોવાના સમયે તેમના હકની સાબિતી થઈ શકે છે અને હક ન હોવાના સમયે કસમથી ઈન્કાર કરવાથી વસિય્યતના ગવાહોનો હક સાબિત થઈ જશે. બસ, બે શંકાઓ વસિય્યતના ગવાહોની કસમની હિકમતમાંથી છે કે, يَّاْتُوْا بِالشَّهَادَةِ બંનેને સામેલ છે અને તેમાં બે શંકાઓ વસિય્યતના ગવાહોની પહેલી સોગંદમાં સામેલ છે અને પ્રથમ શક يَّخَافُوْٓا ની દલીલ છે. બસ, સામૂહિક રીતે બે કસમોમાં સૌ શંકાઓ દૂર થઈ જશે) અને અલ્લાહ તઆલાથી ડરો (અને વ્યવહાર તથા હકની બાબતમાં જૂઠું ન બોલો) અને (તેના હુકમોને) સાંભળો (એટલે કે, માનો) અને (જો તેના હુકમો વિરુદ્ધ કરશો તો ફાસિક-દુરાચારી બની જશો) અલ્લાહ તઆલા ફાસિક (દુરાચારી-દુષ્ટ) લોકોને (કયામતના દિવસે ફરમાંબરદાર લોકોના દરજ્જાઓ તરફ) માર્ગદર્શન નહીં કરે. (બલકે, છુટકારો મેળવવાના સમયે પણ તેઓ નુકસાનમાં રહેશે, તો શા માટે તેઓ આ નુકસાન પોતાના માટે પસંદ કરે છે?)

મસ્અલા અને બોધપાઠ :

મસ્અલો :

મરનાર જે વ્યક્તિને માલ સોંપીને તેના વિશે જેને આપવા-અપાવવાનું કહી જાય તો તે "વસી" કહેવાશે. વસી એક વ્યક્તિ પણ હોઈ શકે છે અને તેનાથી વધુ પણ હોઈ શકે છે.

મસ્અલો :

"વસી"નું મુસલમાન અથવા ન્યાયી હોવું ભલે મુસાફરીની પરિસ્થિતિ હોય અથવા સ્થાયી હોય ઉત્તમ છે, પરંતુ જરૂરી નથી.

મસ્અલો :

વિવાદની પરિસ્થિતિમાં જે ફરિયાદ કરે તે "મુદ્દઈ" (દાવે'દાર) કહેવામાં આવે છે અને જ્યારે બીજા પક્ષને "મુદ્દઆ અલયહ" (સામાવાળા) કહેવામાં આવે છે.

મસ્અલો :

પ્રથમ મુદ્દઈ પાસેથી ગવાહી લેવામાં આવે છે, જો શરીઅતના નિયમો અનુસાર ગવાહો રજૂ કર્યા, તો મુકદ્દમાનો ફેંસલો તેની તરફેણમાં થાય છે અને જો રજૂ ન કરી શકે તો "મુદ્દઆ અલયહ" પાસેથી સોગંદ લેવામાં આવે અને મુકદ્દમાનો ફેંસલો તેની તરફેણમાં થાય છે. અલબત્ત, જો કસમ ખાવાથી ઈન્કાર કરી દે તો પછી ફેંસલો મુદ્દઈની તરફેણમાં થાય છે.

મસ્અલો :

સોગંદને વધારે વજનદાર અને મહત્ત્વની બનાવવા માટે ચોક્કસ સમય અને સ્થળ નક્કી કરવામાં આવે, જેમકે ઉપરોક્ત આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે. આ બાબત ન્યાયાધીશની વિવેકબુદ્ધિ અને અભિપ્રાય ઉપર આધારિત છે, જરૂરી નથી. આ આયતથી પણ એ જરૂરી હોવાનું સાબિત નથી થયું અને બીજી આયતો તથા રિવાયતોથી પણ તે જરૂરી હોવાનું સાબિત નથી થયું.

મસ્અલો :

જો મુદ્દઆ અલયહ (Respondent) પોતાની કોઈ પ્રવૃત્તિ વિશે કસમ ખાય, તો શબ્દો આ પ્રમાણે હોય છે કે, "મને આ કૃત્યની જાણ નથી."

મસ્અલો :

જો વારસાના મુકદમામાં વારસદાર મુદ્દઆ અલયૂહ હોય તો જેમને શરઈ રૂએ વારસો મળવાનો છે, તો તેમણે સોગંદ લેવા પડશે. ભલે, તે એક હોય અથવા અનેક અને જો વારસદાર નથી તો તેમના ઉપર સોગંદ જરૂરી નથી. *(બયાનુલ કુર્આન)*

એક કાફિરની ગવાહી બીજા કાફિરના મા'મલામાં સ્વીકાર્ય છે :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, يَـٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا شَهَادَةُ بَيْنِكُمْ (اِلٰى قَوْلِهٖ) اَوْ اٰخَـرَانِ مِنْ غَيْرِكُمْ આ આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો છે કે, જ્યારે તમારામાંથી કોઈનું મૌત આવવા લાગે તો તે એવા વ્યક્તિઓને વસી બનાવે, જે તમારામાંથી હોય અને નેક હોય અને જો પોતાની કૌમનો કોઈ વ્યક્તિ ન મળે તો ગેરકૌમ (એટલે કે કાફિર)ને (વસી) બનાવો.

આથી ઈમામ અબૂ હનીફા (રહ.)એ આ મસ્અલો બતાવ્યો છે કે, કાફિરની ગવાહી વિશે હુકમ એ છે કે અમુકની ગવાહી અમુક માટે જાઈઝ છે. કારણ કે, આ આયતમાં કાફિરની ગવાહી મુસલમાનો માટે જાઈઝ ઠરાવવામાં આવી છે, જેમકે اَوْ اٰخَـرٰنِ مِـنْ غَيْـرِكُمْ થી જાહેર થાય છે, માટે કાફિરની ગવાહી અમુકની અમુક ઉપર અગ્રિમતાના ધોરણે જાઈઝ છે, પરંતુ પાછળથી આયત يَـٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اِذَاتَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰى اَجَلٍ مُّسَمًّى فَاكْتُبُوْهُ (اِلٰى قَوْلِهٖ) وَاسْتَشْهِدُوْا شَهِيْدَيْـنِ مِنْ رِّجَالِكُمْ (૨ : ૨૮૨)થી કાફિરોની ગવાહી મુસલમાનો માટે રદ થઈ ગઈ. પરંતુ કાફિરોની પરસ્પર અમુકની ગવાહી અમુક માટે એ જ પ્રમાણે માન્ય છે. *(કુર્તુબી, અહકામુલ કુર્આન લિલ્ જસ્સાસ)*

ઈમામ સાહબના અભિપ્રાયનું સમર્થન આ હદીષથી પણ થાય છે કે, એક યહૂદીએ વ્યભિચાર કર્યો, તો તેમના લોકોએ તેનો ચહેરો કાળો કરી રસૂલે કરીમ ﷺના દરબારમાં રજૂ કર્યો. રસૂલે કરીમ ﷺએ તેની પરિસ્થિતિ જોઈને કારણ પૂછ્યું, તેમણે કહ્યું કે, તેણે વ્યભિચાર કર્યો છે. રસૂલે કરીમ ﷺએ ગવાહોની ગવાહી પછી તેને "રજમ" કરવાનો હુકમ આપી દીધો. *(જસ્સાસ)*

જે વ્યક્તિ ઉપર કોઈનો હક હોય, તો તે તેને જેલમાં મોકલી શકે છે

تَـحْبِسُوْنَهُمَـا આ આયતથી એક સિદ્ધાંતની જાણ થાય છે કે, જે વ્યક્તિ

ઉપર કોઈનો કોઈ કાયદેસરનો હક હોય, તો તેના હક માટે જરૂર પડ્યે તેને જેલમાં મોકલી શકાય છે. *(કુર્તુબી)*

مِنْۢ بَعْدِ الصَّلٰوةِ "સલાત"થી અત્રે અસરની નમાઝ હોવાનું સમજાય છે, તે સમયને અપનાવવાનું કારણ એ હોય છે કે, તે સમયની માન-મર્યાદા અહલે કિતાબના લોકો ખૂબ કરતા હતા. જૂઠું બોલવાથી તે સમયે મોટે ભાગે તેઓ અટકી જતા હતા, એનાથી જાણ થાય છે કે, કસમ ખાવામાં કોઈ ખાસ સમય અથવા ખાસ સ્થળ વગેરેની પસંદગી કરી તેના મહત્ત્વને વધારવું જાઇઝ છે. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૦૯-૧૧૦)

يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ فَيَقُوْلُ مَاذَآ اُجِبْتُمْ ؕ قَالُوْا لَا عِلْمَ لَنَا ؕ اِنَّكَ اَنْتَ عَلَّامُ
الْغُيُوْبِ ﴿١٠٩﴾ اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ اذْكُرْ نِعْمَتِيْ عَلَيْكَ وَعَلٰى وَالِدَتِكَ ۘ
اِذْ اَيَّدْتُّكَ بِرُوْحِ الْقُدُسِ ۟ تُكَلِّمُ النَّاسَ فِى الْمَهْدِ وَكَهْلًا ۚ وَاِذْ عَلَّمْتُكَ الْكِتٰبَ
وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ۚ وَاِذْ تَخْلُقُ مِنَ الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ بِاِذْنِيْ فَتَنْفُخُ
فِيْهَا فَتَكُوْنُ طَيْرًا ۢ بِاِذْنِيْ وَتُبْرِئُ الْاَكْمَهَ وَالْاَبْرَصَ بِاِذْنِيْ ۚ وَاِذْ تُخْرِجُ
الْمَوْتٰى بِاِذْنِيْ ۚ وَاِذْ كَفَفْتُ بَنِيْٓ اِسْرَآءِيْلَ عَنْكَ اِذْ جِئْتَهُمْ بِالْبَيِّنٰتِ فَقَالَ
الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ﴿١١٠﴾

તરજુમો :

જે દિવસે અલ્લાહ બધા પયગમ્બરોને ભેગા કરશે, પછી કહેશે, તમને શું જવાબ મળ્યો હતો ? તેઓ કહેશે, અમને ખબર નથી, તું જ છે છુપી વાતોને જાણવાવાળો. (૧૦૯) જ્યારે અલ્લાહ કહેશે, હે ઈસા મરયમના પુત્ર (અલૈ.) ! મારું અહેસાન યાદ કરો જે તમારા ઉપર થયું અને તમારી માં ઉપર; જ્યારે મેં તમારી "રૂહુલ કુદુસ" (પવિત્ર રૂહ)થી મદદ કરી, તમે ખોળામાં લોકો સાથે વાતચીત કરતા હતા અને મોટી ઉંમરમાં, અને જ્યારે મેં તમને કિતાબ શિખવાડી અને હિકમતની વાતો અને તવરાત અને ઈન્જીલ,

અને જ્યારે તમે ગાળા (ભીની ગુંદેલી માટી)માંથી જાનવરનું સ્વરૂપ બનાવતા હતા મારા હુકમથી પછી એમાં ફૂંક મારતા હતા તો ઉડનારું (પક્ષી) થઈ જતું મારા હુકમથી, અને જન્મજાત આંધળાઓને સારા કરતા હતા અને કોઢવાળાને મારા હુકમથી, અને જ્યારે મુરદાંઓને બહાર કાઢી ઊભા કરતા હતા મારા હુકમથી, અને જ્યારે મેં બની ઈસ્રાઈલને તમારાથી રોક્યા જ્યારે તમે તેમની પાસે નિશાનીઓ લઈને આવ્યા તો જેઓ તેમનામાં કાફિર હતા કહેવા લાગ્યા, બીજું કંઈ નથી આ તો ઉઘાડો જાદૂ છે. (૧૧૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર વિવિધ પ્રકારના હુકમોનું વર્ણન થયું છે અને વચ્ચે-વચ્ચે તેના ઉપર આચરણ કરવાનું પ્રોત્સાહન અને પ્રેરણા આપવામાં આવી છે તથા તેનો વિરોધ કરવાથી ચેતવણી આપી છે. એની જ તાકીદ સ્વરૂપે આગળની આયતમાં કયામતના ભયાનક દૃશ્યો અને ઘટનાઓ યાદ અપાવવામાં આવી છે, જેથી તે આજ્ઞાપાલનનું મહત્ત્વનું કારણ બને તથા આજ્ઞાનો અનાદર કરવાથી રોકાઈ જવાનું કારણ સાબિત થાય અને મોટા ભાગે કુર્આન મજીદની વર્ણનશૈલી આવી જ છે. પછી સૂરતની પૂર્ણતાએ અહલે કિતાબનો વાર્તાલાપ વર્ણન થયો છે, જે તે પહેલાં અનેક આયતોમાં વર્ણન થઈ ચૂક્યો છે, જેનો હેતુ અહલે કિતાબને હઝરત ઈસા (અલૈ.) વિશે અમુક વિષયો સંભળાવવાનો છે, જેમાં તેમની અલ્લાહના બંદા અને મનુષ્યજાત હોવાની સાબિતી તથા તેમના ખુદા કે ખુદાના બેટા હોવાનો નકાર થયો છે. (જો કે, આ સંબોધન મુજબની પરિસ્થિતિનું નિર્માણ કયામતમાં થશે.)

તફસીર :

(તે દિવસ પણ કેટલો ભયાનક હશે !) જે દિવસે અલ્લાહ તઆલા બધા જ પયગમ્બરોને (પોત-પોતાની ઉમ્મતો સહિત) ભેગા કરશે, પછી (તે ઉમ્મતોમાંથી જેઓ ગુનેહગાર હશે, તો તેમને ધમકી આપવાના હેતુથી સંભળાવવા માટે તે પયગમ્બરોને) ઈરશાદ ફરમાવશે કે, તમને (આ ઉમ્મતો તરફથી) શું જવાબ મળ્યો હતો ? તેઓ વિનંતી કરશે કે, (જાહેર જવાબમાં તો અમને ખબર છે અને તેનું વર્ણન પણ તેઓ કરી દેશે પરંતુ તેમના દિલોની જે કંઈ

ગુપ્ત વાતો હોય તેની) અમને ખબર નથી (તેને હે પરવરદિગાર ! તું જ સારી પેઠે જાણે છે કારણ કે,) બેશક ! તું ગુપ્ત વાતોને સારી પેઠે જાણનારો છે. (મતબલ એ કે એક દિવસ એવો આવશે, જેમાં આચરણ અને બધી જ પ્રવૃત્તિઓની છાનબીન થશે. એટલા માટે તમારે વિરોધ કરવાથી અને ગુનાહોથી ડરતા રહેવું જોઈએ અને તે જ દિવસે હઝરત ઈસા અલૈ.ની સાથે ખાસ પ્રકારનો વાર્તાલાપ પણ થશે.) જ્યારે કે, અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવશે કે, હે મરયમના બેટા ઈસા (અલૈ.) ! મારા ઈનામોને યાદ કરો (જેથી આનંદ અને લિજ્જતમાં તાજગી આવે), જે તમારા ઉપર અને તમારી વાલિદહ ઉપર (વિવિધ સમયે વિવિધ સ્વરૂપોમાં થયા છે, દાખલા તરીકે) જ્યારે મેં તમારું રૂહુલ કુદુસ (એટલે કે, હઝરત જિબ્રઈલ અલૈ.) દ્વારા મદદ અને સમર્થન કર્યું, (અને) તમે લોકો સાથે (બંને પરિસ્થિતિઓમાં સમાન રીતે) વાર્તાલાપ કરતા હતા (માં ના) ખોળામાંથી પણ અને મોટી ઉંમરમાં પણ (બંને વાતચીતમાં કોઈ તફાવત ન હતો) અને જ્યારે કે, મેં તમને (આસમાની) કિતાબો અને સમજદારીની વાતો, અને (વિશેષ રૂપે) તવરાત અને ઈન્જીલની તા'લીમ આપી અને જ્યારે કે તમે માટીના ગાળાથી એક સ્વરૂપ બનાવતા હતા, જેવા પક્ષીની શકલ બનાવતા મારા હુકમથી પછી તમે તેમાં (કૃત્રિમ રીતે) ફૂંક મારતા હતા, જેનાથી તે (સાચે-સાચનું સજીવન) પક્ષી બની જતું હતું મારા હુકમથી; અને તમે સાજા કરી દેતા હતા જન્મજાત આંધળાઓને અને કોઢની બીમારીવાળાઓને મારા હુકમથી; અને જ્યારે કે તમે મૃત્યુ પામેલાને (કબ્રોમાંથી) કાઢીને (અને ચલાવીને) ઊભા કરી દેતા હતા મારા હુકમથી; અને જ્યારે કે મેં બની ઈસ્રાઈલ(માંથી જેઓ આપના વિરોધીઓ હતા અને તેઓ)થી તમને (એટલે કે, તમને કતલ અથવા હલાક થવાથી) અટકાવી રાખ્યા, જ્યારે (તેમણે તમને નુકસાન પહોંચાડવા ઈચ્છ્યું, જ્યારે કે) તમે તેમની પાસે (પોતાની નુબુવ્વતની) દલીલો (મોઅ્જિઝાઓ) લઈને આવ્યા હતા, પછી તેમનામાં જેઓ કાફિર હતા, તેમણે કહ્યું હતું કે આ (મોઅ્જિઝાઓ) ખુલ્લમ-ખુલ્લા જાદૂ સિવાય બીજું કંઈ જ નથી.

મસ્અલા અને બોધપાઠ :

કયામતના દિવસે અંબિયા (અલૈ.)ને સૌ પ્રથમ સવાલ કરવામાં આવશેઃ

يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ કયામતમાં જો કે, શરૂઆતથી અંત સુધી પેદા

થનારા બધા જ મનુષ્યો એક ખુલ્લા મેદાનમાં ઊભા હશે અને કોઈપણ ખૂણાનો, કોઈપણ પ્રદેશનો, કોઈપણ યુગનો, વ્યક્તિ આ મેદાનમાં હાજરી આપશે અને સૌને પોતાના સમગ્ર જીવનના આચરણોનો હિસાબ આપવો પડશે, પરંતુ અત્રે આ વર્ણનમાં વિશેષ સ્વરૂપે અંબિયા (અલૈ.)નું વર્ણન કરવામાં આવ્યું. يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ એટલે કે, "તે દિવસને યાદ કરો, જે દિવસે અલ્લાહ તઆલા બધા રસૂલોને હિસાબ માટે ભેગા કરશે," આવું કહેવાનો અર્થ એ છે કે, ભેગા તો સમગ્ર દુનિયાના હઝરત આદમ (અલૈ.)થી અંત સુધીના બધા જ મનુષ્યોને કરવામાં આવશે ! પરંતુ સૌ પ્રથમ સવાલ અંબિયા (અલૈ.)ને કરવામાં આવશે, જેથી સમગ્ર મખ્લૂક જોઈ લે કે, આજના દિવસે કોઈ હિસાબ અને સવાલ-જવાબથી બાકાત નથી. પછી રસૂલોને જે સવાલ કરવામાં આવશે તે એ છે કે, مَاذَآ اُجِبْتُمْ એટલે કે, "જ્યારે કે તમે અંબિયા (અલૈ.)એ પોત-પોતાની ઉમ્મતના લોકોને અલ્લાહ તઆલા અને સત્ય દીન તરફ બોલાવ્યા તો તેમણે તમને શું જવાબ આપ્યો હતો ? તેમણે તમારા બતાવેલા હુકમો ઉપર અમલ કર્યો? અથવા તમારો વિરોધ કે ઇન્કાર કર્યો ?"

આ સવાલનું સંબોધન જો કે, અંબિયા (અલૈ.)ને કરવામાં આવશે, પરંતુ વાસ્તવમાં તેનો હેતુ આવું તેમની ઉમ્મતોને સંભળાવવાનો હશે કે, ઉમ્મતોએ જે નેક અથવા ખરાબ અમલો કર્યા છે, તેની ગવાહી સૌ પ્રથમ તે રસૂલો પાસેથી લેવામાં આવશે. ઉમ્મતો માટે આ સમય ખૂબ નાજુક હશે કે, તેઓ તો એવા ભયાનક કયામતના મંજરમાં પોત-પોતાના અંબિયા (અલૈ.) પાસેથી આશા રાખીને બેઠા હશે કે, તેઓ તેમની ભલામણ કરીને તેમને બચાવે. આ બાજુ અંબિયા (અલૈ.)ને તેમના જ સંદર્ભમાં આ સવાલ કરવામાં આવશે, તો દેખીતું છે કે, અંબિયા (અલૈ.) કોઈ ખોટી અથવા વાસ્તવિકતાથી વિરુદ્ધ વાત તો કહી નથી શકતા. એટલા માટે અપરાધીઓ અને ગુનેહગારોને એવી શંકા થશે કે, જ્યારે પોતે અંબિયા (અલૈ.) જ અમારા ગુનાહોના સાક્ષી બનશે, તો હવે કોણ છે જે અમારી ભલામણ અથવા મદદ કરી શકે છે ?

અંબિયા (અલૈ.) આ સવાલનો જવાબ આ રીતે આપશે, قَالُوْا لَا عِلْمَ لَنَا اِنَّكَ اَنْتَ عَلَّامُ الْغُيُوْبِ એટલે કે, "અમને તેમના ઈમાન અને અમલનું કોઈ જ્ઞાન નથી, હે પરવરદિગાર ! તું પોતે જ તમામ ગયૂબની વાતો અને ગુપ્ત રહસ્યોને સારી પેઠે જાણનાર છે."

એક શંકા અને તેનો જવાબ :

અત્રે સવાલ એ ઉપસ્થિત થાય છે કે, દરેક રસૂલની ઉમ્મતના તે લોકો જેઓ તેમની વફાત પછી પેદા થયા, તેમના વિશે તો અંબિયા (અલૈ.)નો આ જવાબ સ્પષ્ટ અને ચોખ્ખો છે કે, તેમના ઈમાન અને અમલની તેમને ખબર નથી કારણ કે, ગુપ્ત વાતોનું જ્ઞાન અલ્લાહ તઆલા સિવાય કોઈને નથી પરંતુ ઉમ્મતની એક ઘણી મોટી સંખ્યા તે લોકોની પણ છે, જેઓ પોતે અંબિયા (અલૈ.)ની અનથક કોશીશો દ્વારા મુસલમાન થયા અને પછી તેમના હુકમોનું અનુસરણ કરતા રહ્યા, એ જ પ્રમાણે તે કાફિરો કે, જેમણે અંબિયા (અલૈ.)ની વાત ન માની અને વિરોધ તથા દુશ્મનીથી વર્તતા રહ્યા, તેમના વિશે આવું કહેવું કેવી રીતે સાચું હશે કે, અમને તેમના ઈમાન અને અમલનું જ્ઞાન નથી ? તફસીરે બહરે મુહીતમાં છે કે, ઈમામ અબ્દુલ્લાહ રાઝી (રહ.)એ આ સવાલના જવાબમાં ફરમાવ્યું કે, અત્રે બે બાબતો ભિન્ન-ભિન્ન છે. એક જ્ઞાન, જેનો અર્થ સંપૂર્ણ યકીન (વિશ્વાસ) છે અને બીજું અનુમાન, એટલે કે નક્કી અનુમાન છે અને દેખીતું છે કે, એક વ્યક્તિ બીજા વ્યક્તિની સામે હોવા છતાં તેના ઈમાન અને અમલની ગવાહી જો આપી શકે છે તો ફક્ત પોતાના નક્કર અભિપ્રાય અને અનુમાનના આધારે જ આપી શકે છે, નહિતર દિલોની ગુપ્ત વાતો અને વાસ્તવિક ઈમાનનું રહસ્ય કે જે દિલ સાથે સંબંધ ધરાવે છે, તે તો ચોક્કસ કોઈને અલ્લાહની વહી સિવાય જાણ થઈ શકતી નથી. દરેક ઉમ્મતમાં મુનાફિકોનો વર્ગ રહ્યો જ છે, જેઓ જાહેરમાં ઈમાન લાવતા હતા અને હુકમોનું અનુસરણ પણ કરતા હતા પરંતુ તેમના દિલમાં ઈમાન ન હતું અને ન જ તેમનામાં પૈરવી કરવાની કોઈ ભાવના હતી. તેઓ જે કંઈ પણ કરી રહ્યા હતા, તે માત્ર રિયાકારી અને દેખાડો હતો. હા ! દુનિયાના બધા જ હુકમો જાહેર પ્રવૃત્તિઓ ઉપર લાગુ પડે છે. જે વ્યક્તિ પોતાને મુસલમાન કહે અને અલ્લાહના હુકમોનું પાલન કરે તથા ઇસ્લામ અને ઈમાન વિરુદ્ધ કોઈ નિવેદન કે પ્રવૃત્તિ કર્યાનું સાબિત ન થાય, અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતો આવા નેક મો'મિનોને સાલિહ (ભલા અને નેક) લોકો કહેવા માટે મજબૂર છે. ભલે તેમના દિલમાં ઈમાન નિખાલસતાપૂર્વક હોય અથવા તેઓ મુનાફિક હોય અને એટલા જ માટે રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો.

نَحۡنُ نَحۡكُمُ بِالظَّوَاهِرِ وَاللّٰهُ مُتَوَلِّى السَّرَآئِرِ

"અમે તો જાહેર પ્રવૃત્તિઓ (અમલો) ઉપર હુકમ લાગુ પાડીએ છીએ, દિલોના ગુપ્ત રહસ્યોની દેખરેખ રાખનાર પોતે અલ્લાહ જલ્લ શા'નુહૂ જ છે."

આ જ સિદ્ધાંત હેઠળ દુનિયામાં અંબિયા (અલૈ.) અને તેમના નાયબો, ખલીફાઓ તથા વિદ્વાનો (ઉલમા) જાહેર પ્રવૃત્તિઓ ઉપર સારું અનુમાન લગાવી તેના પ્રમાણે મો'મિન અને નેક વ્યક્તિ હોવાની ગવાહી આપી શકે છે, પરંતુ આજે તે દુનિયા કે જેનો સમગ્ર આધાર સારા અનુમાન અને નેક ગુમાન ઉપર હતો, તે સમાપ્ત થઈ ચૂકી છે. કારણ કે, આ મહશરનું મેદાન છે, જ્યાં બાલની પણ ખાલ (ચામડું) કાઢવામાં આવશે. સચ્ચાઈ સામે લાવવામાં આવશે, અપરાધીઓના મુકાબલામાં પ્રથમ અન્ય લોકોની ગવાહીઓ લેવામાં આવશે, તેમાં જો અપરાધી સંતોષિત નહીં થાય અને પોતાના ગુનાહનો સ્વીકાર નહીં કરે, તો ખાસ પ્રકારના સરકારી ગવાહોને ઉપસ્થિત કરવામાં આવશે. અપરાધીઓના મોઢાં અને જીભ ઉપર તાળું મારી દેવામાં આવશે અને તેમના હાથ–પગ, ચામડી વગેરે શરીરના અવયવો પાસેથી ગવાહી લેવામાં આવશે. તે તેની દરેક પ્રવૃત્તિની સંપૂર્ણ હકીકત વર્ણન કરી આપશે, اَلۡيَوۡمَ نَخۡتِمُ عَلٰۤى اَفۡوَاهِهِمۡ وَتُكَلِّمُنَاۤ اَيۡدِيۡهِمۡ وَتَشۡهَدُ اَرۡجُلُهُمۡ بِمَا كَانُوۡا يَكۡسِبُوۡنَ તે સમયે મનુષ્યને જાણ થઈ જશે કે, મારા બધા જ અવયવો રબ્બુલ આલમીનની સિક્રેટ પોલીસ (ગુપ્તચર) હતી, તેમના નિવેદનો લીધા પછી ઈન્કાર કરવાનું કોઈ સ્વરૂપ બાકી નહીં બચે. મતલબ કે, તે દુનિયામાં કોઈ હુકમ ફક્ત અનુમાન અને અંદાજો લગાવીને આપવાનું નહીં ચાલે, બલકે જાણકારી અને સંપૂર્ણ વિશ્વાસપૂર્વકના અવલોકન ઉપર દરેક વસ્તુનો આધાર હશે અને એ પણ જાણ થઈ ચૂકી છે કે, કોઈ વ્યક્તિના ઈમાન અને અમલની વાસ્તવિક પરિસ્થિતિનું જ્ઞાન અલ્લાહ સિવાય કોઈને ખબર નથી. એટલા માટે અંબિયા (અલૈ.)ને જ્યારે મહશરમાં આ સવાલ થશે مَاذَاۤ اُجِبۡتُمۡ ત્યારે તેઓ આ સવાલની હકીકતને ઓળખી લેશે કે, આ સવાલ દુનિયામાં નથી થઈ રહ્યો કે, જેનો જવાબ બાહ્ય સ્વરૂપ અને અનુમાનના આધારે આપી શકાય. બલકે, આ સવાલ મહશર વિશે થઈ રહ્યો છે, જેનું યકીન કે વિશ્વાસ કોઈ અનુમાન ઉપર ચલાવી લેવામાં નહીં આવે. એટલા માટે એવો જવાબ આપવો કે અમને તેના વિશે કોઈ જ્ઞાન

નથી એટલે કે, ચોક્કસ વિશ્વાસપૂર્વકનું જ્ઞાન નથી; બિલકુલ યોગ્ય અને દુરુસ્ત છે.

એક સવાલ અને તેનો જવાબ; અંબિયા (અલૈ.)ની મહાન કૃપાદષ્ટિનો જાહેર અહેવાલ :

અત્રે એ સવાલ ઉપસ્થિત થાય છે કે, ઉમ્મતોના સ્વીકારની અને અસ્વીકારની તથા આજ્ઞાપાલન અને અનાદરની જે ઘટનાઓ રજૂ થશે, તેમાં જે પ્રમાણે વધારે પડતું અનુમાન તેમને પ્રાપ્ત થયું છે, તે સવાલના જવાબમાં તેઓએ તે વર્ણન કરી દેવું જોઈતું હતું અને ફક્ત એ સવાલના જવાબ વિશેની સંપૂર્ણ વિશ્વાસપૂર્વકની જાણકારીનો હવાલો અલ્લાહ તઆલા ઉપર છોડી શકાતો હતો, પરંતુ અત્રે અંબિયા (અલૈ.)એ પોતાની જાણકારી અને રજૂ થનાર ઘટનાઓનું વર્ણન જ નથી કર્યું. અલ્લાહના જ્ઞાનનો હવાલો આપી મૌન થઈ ગયા ?

તેમાં વિવેકબુદ્ધિ એ હતી કે, અંબિયા (અલૈ.) પોતાની ઉમ્મતો અને સામાન્ય રીતે દરેક અલ્લાહની મખ્લૂક માટે અનહદ દયાળુ હોય છે, અંબિયા (અલૈ.) તેમના વિશે એવી કોઈ વાત પોતાની જીભથી કહેવા નહીં ઇચ્છે, જેનાથી તેઓ પકડમાં આવી જાય. હા ! કોઈ મજબૂરી થાય અને કહેવું પડે તો અલગ વાત છે. અત્રે વિશ્વાસપૂર્વકનું જ્ઞાન ન હોવાનો ઉજર (બહાનુ) મૌજૂદ હતો, એટલા માટે આ ઉજરથી કામ લઈ પોતાની જીભથી પોતાની ઉમ્મત વિરુદ્ધ કંઈ કહેવાથી બચી શકતા હતા અને એટલા જ માટે તેઓ આવો જવાબ આપી તેનાથી બચી ગયા.

મહશરમાં પાંચ વસ્તુઓનો સવાલ :

ખુલાસો એ છે કે, આ આયતમાં કયામતના ભયંકર દશ્યોની એક ઝલક ઉપસ્થિત કરવામાં આવી કે, અહીંયાં હિસાબ-કિતાબમાં અલ્લાહ તઆલાના સૌથી વધારે પ્રિય અને સ્વીકૃત બંદા એટલે કે નબીઓ અને રસૂલો સામે ઊભા છે. તેઓ ધ્રુજી રહ્યા છે અને ડરી રહ્યા છે, તો અન્યોની શું પરિસ્થિતિ હશે ? એટલા માટે તે દિવસની ચિંતા આજથી જ હોવી જોઈએ અને જિંદગીની પ્રથમ ફુરસદને એ હિસાબની તૈયારી માટે ગનીમત સમજવી જોઈએ.

તિરમિઝી શરીફની એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

لَا تَـزُوْلُ قَـدَمَـا ابْـنِ اٰدَمَ يَـوْمَ الْقِيَامَةِ حَتّٰى يُسْئَلَ عَنْ خَمْسٍ عَنْ عُمْرِهٖ فِيْمَا اَفْنَاهُ وَعَنْ شَبَابِهٖ فِيْمَا اَبْلَاهُ وَعَنْ مَالِهٖ مِنْ اَيْنَ اكْتَسَبَهٗ وَاَيْنَ اَنْفَقَهٗ وَمَا ذَاعَمِلَ بِمَا عَلِمَ،

"કોઈ વ્યક્તિના કદમ મહશરમાં તે સમય સુધી આગળ નહીં સરકી શકશે જ્યાં સુધી કે, તેની પાસેથી પાંચ સવાલોના જવાબ ન લઈ લેવામાં આવે. એક એ કે, તેણે પોતાની જિંદગીને લાંબા અને મોટા ભાગના રાત-દિવસ કયા કાર્યમાં ખર્ચ કર્યા ? બીજો એ કે, ખાસ યુવાનીનો સમય જે શક્તિ અને પ્રવૃત્ત રહેવાનો (જીવન)કાળ હતો, તેને કયા કાર્યોમાં ખર્ચ કર્યો ? ત્રીજો એ કે, સમગ્ર જિંદગીમાં તેણે જે માલ પ્રાપ્ત કર્યો તે ક્યાંથી અને કયા હલાલ અથવા હરામ તરીકાઓથી કમાયો ? ચોથો એ કે, માલને કયા જાઈઝ અથવા નાજાઈઝ કાર્યોમાં ખર્ચ કર્યો ? પાંચમો એ કે, પોતાના જ્ઞાન ઉપર કેવો અમલ કર્યો ?"

અલ્લાહ તઆલાએ પોતાની મહાન કૃપાદષ્ટિ અને રહમતના કારણે આ પરીક્ષાનું સવાલ પેપર પ્રથમથી જ નબીએ કરીમ ﷺ દ્વારા ઉમ્મતને બતાવી દીધું. હવે, ઉમ્મતનું કાર્ય ફક્ત એટલું જ રહી ગયું છે કે, આ સવાલોના હલ શીખે અને તેની સુરક્ષા કરે. પરીક્ષા પહેલાં જ સવાલો બતાવી દીધા પછી પણ જો કોઈ તેમાં નાપાસ કે નિષ્ફળ થાય તો તેનાથી વધારે વંચિત કોણ હોઈ શકે છે ?

હઝરત ઈસા (અલૈ.) સાથે વિશિષ્ટ સવાલ-જવાબ :

પ્રથમ આયતમાં તો સામાન્ય રીતે બધા જ અંબિયા (અલૈ.)ની પરિસ્થિતિ અને તેમના સવાલ-જવાબનું વર્ણન હતું. બીજી આયતમાં અને ત્યાર પછી સૂરતના અંત સુધી નવ આયતોમાં વિશેષ સ્વરૂપે બની ઈસ્રાઈલના અંતિમ પયગમ્બર હઝરત ઈસા (અલૈ.)નું વર્ણન અને તેમના ઉપર અલ્લાહ તઆલાના વિશિષ્ટ પ્રકારના ઈનામોની અમુક વિગતનું વર્ણન છે તથા મહશરમાં તેમને થનારા એક ખાસ સવાલ અને તેના જવાબનો ઉલ્લેખ છે, જે આગળની આયતોમાં આવી રહ્યો છે.

આ સવાલ અને જવાબનું તાત્પર્ય અને હેતુ પણ બની ઈસ્રાઈલ અને સમગ્ર મખ્લૂકને એ ભયાનક દૃષ્ય બતાવવાનું છે કે, આ મેદાનમાં જયારે

કલિમતુલ્લાહ અને રવહુલ્લાહ હઝરત ઈસા (અલૈ.)થી સવાલ થાય છે કે, તમારી ઉમ્મતે તમને અલ્લાહના ભાગીદાર બનાવ્યા હતા ? ત્યારે તેઓ સમગ્ર સન્માન, ઈજ્જત અને નુબુવ્વતની પવિત્રતા હોવા છતાં અમુક હદે ગભરાઈને પોતે તેનાથી બેઝાર હોવાની જાહેરાત અલ્લાહ અજ્જ-વજલ્લની બારગાહમાં રજૂ કરશે, અને તે ઈન્કાર કોઈ એક રીતે નહીં, પરંતુ વારંવાર વિવિધ વિષયો હેઠળ કરશે કે, મેં તેમને આ પ્રમાણેની તા'લીમ કદાપિ ન આપી હતી. પ્રથમ વિનંતી કરી, سُبْحٰنَكَ مَا يَكُوْنُ لِيْٓ اَنْ اَقُوْلَ مَا لَيْسَ لِيْ بِحَقٍّ એટલે કે, "પવિત્ર છે તું અને મારી શું મજાલ હતી કે હું આવી વાતો કહું જેનો મને અધિકાર ન હતો?"

મસીહુલ્લાહ (અલૈ.) આ બાબતથી પોતાની અલિપ્તતા અને લેવા-દેવા ન હોવાનું બીજું પાસું આ રીતે રજૂ કરશે કે, અલ્લાહ તઆલાને પોતાનો ગવાહ બનાવીને કહે છે કે, "જો મેં આવું કહ્યું હોત તો, હે પરવરદિગાર ! તેનું ચોક્કસ તને જ્ઞાન હોત કારણ કે, મારા દિલના ભેદથી તું વાકેફ છે, મારા નિવેદનો અને પ્રવૃત્તિઓની તો વાત જ શું કરવી ? હે પરવરદિગાર ! તું તો ગુપ્ત રહસ્યોના ભેદોને ખૂબ સારી પેઠે જાણનારો છે."

આવી પ્રસ્તાવના બાંધી મૂળ પ્રશ્નનો ઉત્તર આપશે.

હઝરત ઈસા (અલૈ.)નો જવાબ અલ્લાહ રબ્બુલ ઇજ્જતની બારગાહમાં:

એટલે એ કે, મેં મારી ઉમ્મતને તે જ તા'લીમ આપી હતી, જેનો હે પરવરદિગાર ! તેં મને હુકમ આપ્યો હતો. اَنِ اعْبُدُوا اللّٰهَ رَبِّيْ وَرَبَّكُمْ એટલે કે, "અલ્લાહ તઆલાની ઈબાદત કરો, જે મારો પણ પરવરદિગાર છે અને તમારો પણ," પછી એવી તા'લીમ આપ્યા બાદ હું જ્યાં સુધી તે લોકો વચ્ચે રહ્યો, હું તેમના જ નિવેદનો અને પ્રવૃત્તિઓનો સાક્ષી હતો (તે સમય સુધી તેમનમાંથી કોઈ આવું શિર્કિય્યહ કલામ કહેતું ન હતું), પછી જ્યારે હે પરવરદિગાર ! તેં મને ઉઠાવી લીધો, ત્યારબાદ આ લોકો તારી જ દેખરેખમાં હતા, તું જ તેમના નિવેદનો અને પ્રવૃત્તિઓથી સારી પેઠે વાકેફ છે.

હઝરત ઈસા (અલૈ.) ઉપર અમુક ખાસ ઇનામોનું વર્ણન :

આ આયતોમાં હઝરત ઈસા (અલૈ.)ના જે સવાલ અને જવાબનું વર્ણન

કરવામાં આવ્યું છે, તે અગાઉ તે ખાસ ઈનામોનું પણ વર્ણન હતું, જે વિશેષરૂપે હઝરત ઈસા (અલૈ.) ઉપર થયા હતા અને મોઅ્જિઝાઓ સ્વરૂપે તેમને અર્પણ કરવામાં આવ્યા હતા. આ સંયુક્ત મિશ્રણમાં એક બાજુ ખાસ-ખાસ ઈનામો છે તો બીજી બાજુ તેમની પાસેથી જવાબ માંગવામાં આવશે, તેમાં એ દૃષ્ય ઊભું કરીને બની ઈસ્રાઈલની આ બંને કૌમોને ચેતવણી આપવામાં આવી છે, જેમાંથી એકે તો તેમનું અપમાન અને બેઈજ્જતી કરીને તેમના ઉપર જાત-જાતના આક્ષેપો કર્યા, તોહમતો લગાવી અને તેમને સતાવ્યા અને બીજી કૌમ કે, જેમણે તેમને ખુદા અથવા ખુદાના બેટા બનાવી લીધા. ઈનામોનું વર્ણન કરીને પ્રથમ કૌમને અને સવાલ-જવાબનો ઉલ્લેખ કરીને બીજી કૌમને ચેતવણી આપવામાં આવી. અહીંયાં તે બધા ઈનામોનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. તેમાંથી એક વાક્ય વધારે ધ્યાન આપવા યોગ્ય છે, જેમાં ઈરશાદ થયો છે تُكَلِّمُ النَّاسَ فِي الْمَهْدِ وَكَهْلًا એટલે કે, એક ખાસ સ્વરૂપનો મોઅ્જિઝો જે હઝરત ઈસા (અલૈ.)ને આપવામાં આવ્યો તે એ છે કે, તેઓ લોકો સાથે નવજાત શિશુ અવસ્થામાં પણ વાતચીત કરતા હતા અને આધેડ ઉંમરે પહોંચ્યા પછી પણ; શિશુ અવસ્થામાં અને આધેડ વયે બંને હાલતમાં સમાન જ વાતચીત કરતા હતા.

એમાં પ્રથમ વાત મોઅ્જિઝો અને ખાસ ઈનામ હોવાનું તો દેખીતું છે. જન્મના શરૂઆતના દિવસોમાં બાળક શિશુ અવસ્થામાં વાતચીત કરવાપાત્ર નથી હોતું. કોઈ બાળક માં ના ખોળામાં અથવા ઘોડિયામાં બોલવા લાગે, તો આ એક આગવી વિશેષતા છે. આધેડ ઉંમરમાં બોલવું અથવા વાતચીત કરવી જેનો ઉલ્લેખ થયો છે તો તે વર્ણન કરવાપાત્ર અથવા કોઈ ખાસ વિશેષતા નથી. દરેક વ્યક્તિ આ ઉંમરમાં વાતચીત કરી શકે છે અને બોલી શકે છે, પરંતુ હઝરત ઈસા (અલૈ.)ની વિશેષ પરિસ્થિતિ ઉપર વિચાર કરીએ, તો તે પણ મોઅ્જિઝો હોવું સ્પષ્ટ અને દેખીતું છે. કારણ કે, હઝરત ઈસા (અલૈ.) આધેડ ઉંમરે પહોંચતા પહેલાં જ આ દુનિયામાંથી આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા હતા. હવે, અહીંયાં લોકો સાથે તેમનો વાર્તાલાપ કરવો આધેડ ઉંમરમાં પહોંચ્યા પછી ત્યારે જ શક્ય હોઈ શકે છે, જ્યારે કે તેઓ ફરીવાર આ દુનિયામાં તશરીફ લાવે. જેમકે, મુસલમાનોનો સર્વગ્રાહી અને સામૂહિક અકીદહ (માન્યતા) છે. જે કુર્આન અને સુન્નતના ખુલાસાઓથી સાબિત છે, એનાથી જાણ થઈ કે જે પ્રમાણે હઝરત ઈસા

(અલૈ.)ની નવજાત શિશુ અવસ્થામાં વાતચીત કરવી એક મોઅ્જિઝો હતો, એ જ પ્રમાણે આધેડ ઉંમરમાં વાતચીત કરવી પણ; એટલે કે, આ દુનિયામાં ફરીવાર પાછા આવી વાતચીત કરવી પણ એક મોઅ્જિઝો જ ગણાશે.

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૧૧ થી ૧૧૫)

وَاِذْ اَوْحَيْتُ اِلَى الْحَوَارِيّٖنَ اَنْ اٰمِنُوْا بِيْ وَبِرَسُوْلِيْ ۚ قَالُوْٓا اٰمَنَّا وَاشْهَدْ
بِاَنَّنَا مُسْلِمُوْنَ ﴿١١١﴾ اِذْ قَالَ الْحَوَارِيُّوْنَ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ هَلْ يَسْتَطِيْعُ رَبُّكَ
اَنْ يُّنَزِّلَ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ ۭ قَالَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١١٢﴾
قَالُوْا نُرِيْدُ اَنْ نَّاْكُلَ مِنْهَا وَتَطْمَىِٕنَّ قُلُوْبُنَا وَنَعْلَمَ اَنْ قَدْ صَدَقْتَنَا
وَنَكُوْنَ عَلَيْهَا مِنَ الشّٰهِدِيْنَ ﴿١١٣﴾ قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ اللّٰهُمَّ رَبَّنَآ اَنْزِلْ
عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً مِّنْكَ ۚ
وَارْزُقْنَا وَاَنْتَ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿١١٤﴾ قَالَ اللّٰهُ اِنِّيْ مُنَزِّلُهَا عَلَيْكُمْ ۚ فَمَنْ
يَّكْفُرْ بَعْدُ مِنْكُمْ فَاِنِّيْٓ اُعَذِّبُهٗ عَذَابًا لَّآ اُعَذِّبُهٗٓ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ ﴿١١٥﴾

તરજુમો :

અને જ્યારે મેં હવારીઓના દિલમાં નાંખી દીધું કે મારા ઉપર ઈમાન લાવો અને મારા રસૂલ ઉપર તો કહેવા લાગ્યા, અમે ઈમાન લાવ્યા અને તમે ગવાહ રહો કે અમે ફરમાંબરદાર છે. (૧૧૧) જ્યારે હવારીઓએ કહ્યું, હે ઈસા મરયમના પુત્ર (અલૈ.)! તમારો પરવરદિગાર કરી શકે છે કે અમારા ઉપર ભરેલો ખ્વાન (ખુમચો) આસમાનથી ઉતારે ? બોલ્યા, અલ્લાહથી ડરો જો તમે ઈમાનવાળા હોવ. (૧૧૨) બોલ્યા કે અમે ઇચ્છીએ છીએ કે એમાંથી ખાઈએ અને અમારા દિલો સંતોષિત થઈ જાય અને અમે જાણી લઈએ કે તમે અમને સાચું કહ્યું અને અમે એના ઉપર ગવાહ છીએ. (૧૧૩) ઈસા મરયમના પુત્ર (અલૈ.)એ કહ્યું, હે અલ્લાહ અમારા રબ્બ ! અમારા ઉપર

આસમાનથી ભરેલો ખ્વાન (થાળ) ઉતાર કે તે દિવસ અમારા માટે આગલાઓ અને પાછલાઓ માટે ઈદ રહે અને તારા તરફથી નિશાની હોય, અને અમને રોજી આપ, અને તું જ સૌથી બહેતર રોજી આપનારો છે. (૧૧૪) અલ્લાહે કહ્યું, બેશક ! હું તમારા ઉપર તે ખ્વાન ઉતારીશ, પછી જે કોઈ તમારામાં ત્યાર પછી નાશુક્રી કરશે તો હું તેને તે અઝાબ આપીશ જે દુનિયામાં કોઈને નહીં આપું. (૧૧૫)

તફસીર :

અને જ્યારે કે, મેં હવારીઓને (ઈન્જીલમાં તમારી ભાષામાં) હુકમ આપ્યો કે, તમે મારા ઉપર અને મારા રસૂલ (હઝરત ઈસા અલૈ.) ઉપર ઈમાન લાવો, તેમણે (જવાબમાં તમને) કહ્યું કે, અમે (અલ્લાહ અને રસૂલ એટલે કે, તમારા ઉપર) ઈમાન લાવ્યા અને તમે ગવાહ રહેજો કે અમે (અલ્લાહના અને તમારા) સંપૂર્ણ ફરમાંબરદાર છીએ, તે સમય યાદ રાખવા યોગ્ય છે જ્યારે કે હવારીઓએ (હઝરત ઈસા અલૈ.ને) વિનંતી કરી કે, હે મરયમના બેટા ઈસા (અલૈ.) ! શું તમારો પરવરદિગાર એવું કરી શકે છે (એટલે કે કોઈ બાબત હિકમત વિરુદ્ધ હોવી વગેરે તેના માર્ગમાં તેનો અવરોધ તો નથી ને ?) કે અમારા ઉપર આસમાનથી કંઈ ખાવાનું (તૈયાર રાંધેલું) ઉતારવામાં આવે ? તેમણે કહ્યું કે, અલ્લાહથી ડરો જો તમે ઈમાનવાળા છો (મતલબ એ કે, તમે તો ઈમાન ધરાવો છો, એટલા માટે અલ્લાહથી ડરો અને મોઅ્જિઝાઓની ફરમાઇશ જરૂરત વિના ન કરો, કારણ કે તે સભ્યતા અને અદબના વિરુદ્ધ બાબત છે. માટે તેનાથી બચો) તેઓ બોલ્યા કે, (અમારો હેતુ વિના જરૂરતે ફરમાઈશ કરવાનો નથી બલકે, એક મસ્લિહતના કારણે આવી દરખાસ્ત કરીએ છીએ, તે એ કે) અમે (એક તો) એવું ઈચ્છીએ છીએ કે (બરકત પ્રાપ્ત કરવા માટે) તેમાંથી ખાઈએ અને બીજું એવું ઈચ્છીએ છીએ કે અમારા દિલોને (ઈમાન ઉપર) સંપૂર્ણ સંતોષ થઈ જાય અને (સંતોષનો અર્થ એ છે કે) અમારું એ યકીન વધી જાય કે, તમે (તમારા રસૂલ હોવાના દા'વામાં) અમને સાચું કહો છો (કારણ કે, જે પ્રમાણે દલીલો વધતી જાય છે, દા'વા ઉપર વિશ્વાસ અને યકીન વધતું જાય છે) અને (ત્રીજું એ કે, અમે એવું ઈચ્છીએ છીએ કે) અમે (તે લોકોની સામે જેમણે આ મોઅ્જિઝો જોયો નથી) ગવાહી આપનારાઓમાંથી થઈ જઈએ (કે અમે આવો મોઅ્જિઝો જોયો છે, જેથી

તેમની સામે રિસાલતની સાબિતી રજૂ કરી શકીએ અને આ બાબત હિદાયતનું માધ્યમ બની જાય) મરયમના પુત્ર ઈસા (અલૈ.)એ (જ્યારે એ જોયું કે, આ દરખાસ્તમાં તેમનો હેતુ સાચો છે, તો તેમણે અલ્લાહ તઆલાથી) દુઆ કરી કે, હે અલ્લાહ અમારા પરવરદિગાર ! અમારા ઉપર આસમાનથી ખાવા ઉતાર કે તે (ખાણીપીણીથી ભરેલો થાળ) અમારા માટે (એટલે) અમારામાંથી જે આગલા (એટલે કે, વર્તમાન સમયમાં) છે અને જે પાછળના (યુગમાં આવનારા) છે, બધાના માટે એક ખુશીની વાત બની જાય (હાજરજનોની ખુશી ખાવાના લીધે અને દરખાસ્તનો સ્વીકાર થવાના લીધે છે અને પાછળથી આવનાર લોકોની ખુશી પોતાના પૂરોગામી બુઝૂર્ગોને આ ઈનામ મળ્યું હોવાથી તે ખાસ નેઅ્મત હોવાથી મો'મિનો માટે) અને (મારી પયગમ્બરી ઉપર) તારા તરફથી એક નિશાની બની જાય (કે તેનાથી મો'મિનોનો વિશ્વાસ વધી જાય અને જે હાજર છે અથવા પાછળથી આવનાર અથવા ગેરહાજર છે, એવા ઈન્કારીઓ ઉપર દલીલ કાયમ થઈ જાય અને આ હેતુ બધા જ મો'મિનો અને અન્યો માટે સર્વસામાન્ય છે) અને તું અમને (તે ભરેલો થાળ) અર્પણ કર અને તું સૌથી વધારે સારું અર્પણ કરનારો છે (કારણ કે, બધાની દુનિયા પોતાના નફા માટે અને તારી દુનિયા મખ્લૂકના નફા માટે છે, એટલા માટે અમે પોતાના નફાને રજૂ કરીને તારી પાસે ભરેલા થાળની દરખાસ્ત કરીએ છીએ) અલ્લાહ તઆલાએ (જવાબમાં) ઈરશાદ ફરમાવ્યો કે, (તમે લોકોને કહી આપો કે) હું તે ખાવા (આસમાનથી) તમારા લોકો ઉપર ઉતારનારો છું, પછી જે વ્યક્તિ તમારામાંથી ત્યારબાદ (તેની) નાશુક્રી કરશે (એટલે કે, તેના વાજિબ હકોને બૌદ્ધિક રીતે અને વહીએ ઈલાહી પ્રમાણે અદા નહીં કરે) તો હું તેમને એવી સજા આપીશ કે તે સજા (તે સમયના) દુનિયાવાળાઓમાંથી કોઈને નહીં આપી હોય.

મસ્અલા અને બોધપાઠ :

મો'મિનોએ મોઅ્જિઝાની માંગણી કરવી જોઈએ નહીં :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, قَالَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ જ્યારે હવારીઓએ હઝરત ઈસા (અલૈ.) પાસે આસમાનથી مَـــائِـدَةً (માઈદહ) "ખાણીપીણીનો થાળ" ઉતારવાની માંગણી કરી, તો હઝરત ઈસા (અલૈ.)એ જવાબમાં ફરમાવ્યું કે, જો તમે ઈમાનવાળા છો તો અલ્લાહથી ડરતા રહો. તેનાથી

જાણ થાય છે કે, ઈમાન ધરાવનાર વ્યક્તિ માટે એ યોગ્ય નથી કે, તે એવા પ્રકારની કોઈ ફરમાઈશ કરીને અલ્લાહની કસોટી કરે અથવા પ્રાકૃતિક અને ભૌતિક સિદ્ધાંતો વિરુદ્ધ કોઈ વસ્તુની માંગણી કરે. બલકે, તેને તો રોઝી વગેરેના તે જ માધ્યમોની માંગણી કરવી જોઈએ, જે અલ્લાહે નક્કી કરી રાખ્યા છે.

જ્યારે કોઈ નેઅ્મત અસામાન્ય અને મોટી હોય ત્યારે તેની નાશુક્રી કરવાનો વબાલ પણ ખૂબ ભયંકર હોય છે :

અલ્લાહ તઆલા ફરમાવે છે, فَاِنِّىْٓ اُعَذِّبُهٗ عَذَابًا لَّآ اُعَذِّبُهٗٓ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ આ આયતથી જાણ થાય છે કે, જ્યારે નેઅ્મત અસામાન્ય અને મોટી હોય તો તેનો શુક્ર કરવાનો તકાદો અને તાકીદ પણ સામાન્ય કરતાં વધારે હોવી જોઈએ અને નાશુક્રી કરવાથી અઝાબ પણ અસામાન્ય અને ખૂબ અનોખા પ્રકારનો થાય છે.

આસમાનથી થાળ નાઝિલ થયો અથવા નહીં ? તે વિષયમાં મુફસ્સિર લોકોનો મતભેદ છે. જમહૂર મુફસ્સિરો થાળ ઊતર્યો હોવાનો અભિપ્રાય ધરાવે છે, એટલા માટે તિરમિઝીની હદીષમાં હઝરત અમ્માર બિન યાસિર (રદિ.)થી નકલ થયું છે કે, "આસમાનથી થાળ નાઝિલ થયો, તેમાં રોટી અને માંસ હતું" અને આ હદીષમાં એ પણ છે કે, તે લોકોએ (એટલે કે, અમુકે) ખયાનત કરી અને આગલા દિવસ માટે ઉઠાવીને મૂકી દીધો, બસ તેઓ વાંદરા અને ડુક્કર જેવી શકલમાં તબદીલ થઈ ગયા. નઊઝુબિલ્લાહી મિન ગઝબિલ્લાહ.

આ હદીષથી એ પણ જાણ થાય છે કે, તેઓ તેમાંથી ખાતા પણ હતા જેમકે, نَاْكُلَ માં તેનો આ હેતુ પણ વર્ણન થયો છે, અલબત્ત તેને આગલા સમય માટે બચાવી રાખવાની મનાઈ હતી. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૧૬-૧૧૭-૧૧૮)

وَاِذْ قَالَ اللّٰهُ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ اتَّخِذُوْنِيْ وَاُمِّيَ اِلٰهَيْنِ

مِنْ دُوْنِ اللّٰهِ ۭ قَالَ سُبْحٰنَكَ مَا يَكُوْنُ لِيْٓ اَنْ اَقُوْلَ مَا لَيْسَ لِيْ ۤ بِحَقٍّ ۭ

إِنْ كُنْتُ قُلْتُهٗ فَقَدْ عَلِمْتَهٗ ؕ تَعْلَمُ مَا فِيْ نَفْسِيْ وَلَآ اَعْلَمُ مَا فِيْ نَفْسِكَ ؕ اِنَّكَ اَنْتَ
عَلَّامُ الْغُيُوْبِ ﴿۱۱۶﴾ مَا قُلْتُ لَهُمْ اِلَّا مَآ اَمَرْتَنِيْ بِهٖٓ اَنِ اعْبُدُوا اللّٰهَ رَبِّيْ وَرَبَّكُمْ ۚ
وَكُنْتُ عَلَيْهِمْ شَهِيْدًا مَّا دُمْتُ فِيْهِمْ ۚ فَلَمَّا تَوَفَّيْتَنِيْ كُنْتَ اَنْتَ الرَّقِيْبَ عَلَيْهِمْ ؕ
وَاَنْتَ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدٌ ﴿۱۱۷﴾ اِنْ تُعَذِّبْهُمْ فَاِنَّهُمْ عِبَادُكَ ۚ وَاِنْ تَغْفِرْ لَهُمْ
فَاِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۱۱۸﴾

તરજુમો :

અને જ્યારે અલ્લાહ કહેશે, હે મરયમના પુત્ર ઈસા (અલૈ.)! શું તમે લોકોને કહ્યું કે મને અને મારી માંને અલ્લાહના સિવાય બે મઅ્બૂદ ઠરાવી લો? કહ્યું, તું પાક છે, મને યોગ્ય નથી કે એવી વાત કહું જેનો મને હક નથી, જો મેં એવું કહ્યું હશે તો તને જરૂર ખબર હશે, તું જાણે છે જે મારા મનમાં છે અને હું નથી જાણતો જે તારા મનમાં છે; બેશક! તું જ છુપી વાતોનો જાણનાર છે. (૧૧૬) મેં તેમને કંઈ નથી કહ્યું પરંતુ જે તેં મને હુકમ કર્યો કે અલ્લાહની બંદગી કરો જે રબ્બ છે મારો અને તમારો, અને હું તેમનાથી ખબરદાર (જાણકાર) હતો જ્યાં સુધી તેમનામાં રહ્યો, પછી જ્યારે તેં મને ઉઠાવી લીધો તો તું જ તેમની ખબર રાખનારો હતો, અને તું દરેક વસ્તુથી ખબરદાર (જાણકાર) છે. (૧૧૭) જો તું તેમને અઝાબ આપે તો તે તારા બંદા છે, અને જો તું તેમને મા'ફ કરી આપે તો તું જ જબરદસ્ત હિકમતવાળો છે. (૧૧૮)

તફસીર :

અને તે સમય પણ વર્ણન કરવાપાત્ર છે, જયારે કે અલ્લાહ તઆલા (કયામતમાં હઝરત ઈસા અલૈ.ને કાફિર નસારાને સંભળાવવા માટે) ફરમાવશે કે, હે મરયમના બેટા (હઝરત) ઈસા (અલૈ.)! (તે લોકોમાં જેમની માન્યતા ત્રિનિટીની હતી, એટલે કે અલ્લાહ સાથે હઝરત ઈસા અલૈ. અને મરયમને ખુદાઈના ભાગીદાર સમજતા હતા તો) શું તમે તે લોકોને કહી આપ્યું હતું કે, મને (એટલે કે હઝરત ઈસા અલૈ.ને) અને મારી માં (હઝરત મરયમ અલૈ.)ને પણ અલ્લાહ સિવાય મઅ્બૂદ ઠરાવી આપો? તો હઝરત ઈસા (અલૈ.) વિનંતી કરશે

કે (તવબહ ! તવબહ !) હું તો (પોતે પોતાના અકીદહમાં) તને (તારો કોઈ ભાગીદાર ઠરાવવાથી) ઉપરવટ સમજું છું, (જેમકે) તું (વાસ્તવમાં આ બધી ગંદકીથી) પાક છે (તો આવી પરિસ્થિતિમાં) મારા માટે કઈ રીતે યોગ્ય હતું કે, મેં એવી વાત કહી હોય જેને કહેવાનો મને કોઈ અધિકાર નથી (ન તો મારી પોતાની માન્યતા ત્રિનિટીની હતી બલકે, હું પોતે જ તવહીદ એટલે કે, એકમાત્ર અલ્લાહના મઅ્બૂદ હોવાની માન્યતા ધરાવું છું અને ન જ મેં અલ્લાહના સંદેશ પહોંચાડવામાં આવો કોઈ સંદેશ આપ્યો હતો અને મારી આવી ત્રિનિટીની માન્યતાનો સંદેશ તેમને ન કહેવાની દલીલ એ છે કે) જો મેં (વાસ્તવમાં તેમને આવું) કહ્યું હોત તો તને તેનું (ચોક્કસ) જ્ઞાન હોત (પરંતુ જ્યારે તું પણ એ બાબત જાણે છે કે, મેં એવું કશું કહ્યું નથી અને સાચે જ મેં નથી કહ્યું અને કહેવાની પરિસ્થિતિમાં હે પરવરદિગાર ! તને તેનું જ્ઞાન હોવું એટલા માટે જરૂરી છે કે,) તું તો મારા દિલની ગુપ્ત વાતોને પણ જાણે છે (તો જે જીભથી કહ્યું હોય, તેનું જ્ઞાન તને કેમ ન હોય ?) અને હું (બીજી અન્ય મખ્લૂકની જેમ જ એટલો લાચાર અને મજબૂર છું કે,) તારા જ્ઞાનમાં જે કંઈ છે, તેને (તારા બતાવ્યા વિના) નથી જાણતો (જેવી રીતે અન્ય મખ્લૂકની પણ આવી જ પરિસ્થિતિ છે. બસ,) બધા જ ગય્બ (ગુપ્ત રહસ્યો)ને જાણનારો તું જ છે (બસ, જ્યારે તારી આટલા મોટા પ્રમાણમાં પ્રતિષ્ઠા અને અને તારી સિફતો મને ખબર છે, તો હું ઉલૂહિય્યતમાં કઈ રીતે ભાગીદારીનો દા'વો કરી શકું છું ? આટલે સુધી તો આ વાતને કહેવાનો નકાર થયો, આગળ પણ તે બાબતના નકારની સાબિતી એ છે કે,) મેં તો તેમને બીજું કંઈ જ નથી કહ્યું ફક્ત તારું (ફરમાન); જે તેં મને કહેવાનો હુકમ આપ્યો હતો કે, તમે અલ્લાહની બંદગી અપનાવો, જે મારો પણ પરવરદિગાર છે અને તમારો પણ પરવરદિગાર છે અને (અહીંયાં સુધી તો ઈસા અલૈ.એ પોતાની પરિસ્થિતિ વિશે કહ્યું, આગળ તે લોકોની હાલત વિશે કહે છે, કારણ કે ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ اتَّخِذُوْنِىْ માં જો કે, સ્પષ્ટ સ્વરૂપે સવાલ એ છે કે, આપે આવું વાક્ય કહ્યું છે કે નહીં ? પરંતુ ઈશારો તેમાં પણ પ્રશ્ન હોવાનું જાણ થાય છે કે, આ ત્રિનિટીની માન્યતા ક્યાંથી પેદા થઈ ? બસ, હઝરત ઈસા અલૈ. તે વિષયમાં એવી વિનંતી કરશે કે,) હું તે (લોકોની હાલત) ઉપર જાણકાર રહ્યો (અલબત્ત, એ સમય સુધીની પરિસ્થિતિનો તો હું પોતે ગવાહ છું, તેના વિશે વર્ણન કરી શકું છું)

ત્યારબાદ તેં મને ઉઠાવી લીધો (એટલે કે, પ્રથમ વખતે તો આસમાન ઉપર સજીવન સદેહે અને બીજા વખતે મૃત્યુ સ્વરૂપે) તો (તે સમયે ફક્ત) તું જ તેમના (અહેવાલ) ઉપર દેખરેખ રાખનાર રહ્યો, અને (તે સમયની મને કંઈ જાણ નથી કે તેમની આ ગુમરાહીનું કારણ શું છે ? અને મને તેની જાણ કઈ રીતે હોય ? કારણ કે) તું જ દરેક વસ્તુની સારી પેઠે ખબર રાખનાર છે (આટલે સુધી તો પોતાની અને તેમની પરિસ્થિતિની વિનંતી કરી, આગળ તેમના અને અલ્લાહ તઆલાના મા'મલા વિશે વિનંતી કરે છે કે) જો તું તેમને (આ અકીદહ ઉપર) સજા આપે તો (તને અધિકાર છે, કારણ કે) આ તારા જ બંદા છે (અને તું તેમનો માલિક છે અને માલિકને અધિકાર છે કે, પોતાના બંદાઓને તેના ગુનાહો ઉપર સજા આપે) અને જો તું તેમને મા'ફ કરી દે તો (પણ તું તેનો અધિકાર ધરાવે છે, કારણ કે) તું જબરદસ્ત (શક્તિશાળી) છે (તું મા'ફી આપવા માટે પણ શક્તિ ધરાવે છે અને) હિકમતવાળો (પણ) છે, (તો તારી મા'ફી પણ હિકમત પ્રમાણે જ હશે, એટલા માટે તેમાં પણ કોઈ બુરાઈ નથી હોઈ શકતી. મતલબ એ છે કે, બંને પરિસ્થિતિમાં તને અધિકાર છે, તું જ કુલમુખ્તિયાર છે, તેમાં મારી કોઈ જ દખલગીરી નથી).

(મતલબ કે, હઝરત ઈસા અલૈ.ની વિનંતી પ્રથમ ....سُبْحٰنَكَ માં પોતાના ત્રિનિટીના અકીદહથી કોઈ લેવા-દેવા ન હોવા વિશે હતી, ત્યારબાદ બીજી વિનંતી وَكُنْتُ عَلَيْهِمْ દ્વારા પોતાને તે ત્રિનિટીની તા'લીમથી કોઈ લેવા-દેવા ન હોવાની અને તેમના આ અકીદહને વિગતપૂર્વક જાણતા ન હોવા સુધીની જાહેરાત કરી અને ત્રીજી વિનંતી اِنْ تُعَذِّبْهُمْ માં તેમના વિશે પોતાના તરફથી કોઈ પ્રવૃત્તિ કરવાની અથવા એ વિશે કોઈ લેવા-દેવા ન હોવાની જાહેરાત થઈ અને અહીંયાં હેતુ એ હતો કે, અલ્લાહ તબારક વ તઆલાના હઝરત ઈસા અલૈ. સાથેના આ સંબોધન દ્વારા તે કાફિરોને પોતાની મૂર્ખતા અને નિષ્ફળતા ઉપર અફસોસ થાય.)

મસ્અલા અને બોધપાઠ :

મહત્ત્વની નોંધ :

અલ્લાહ તઆલા ફરમાવે છે, ...وَاِذْ قَالَ اللّٰهُ يٰعِيْسٰى "અલ્લાહ

તઆલા દરેક વસ્તુને જાણનારો છે." આથી હઝરત ઈસા (અલૈ.)થી એટલા માટે સવાલ નથી કરી રહ્યો કે તેને જાણ નથી. બલકે, અલ્લાહ તઆલાનો હેતુ તેમની કૌમ નસારાની ટીકા કરવાનો અને વખોડવાનો છે કે, તેમણે તેમને ઇલાહી માની લીધા હતા, પરંતુ હઝરત ઈસા (અલૈ.) પોતે તમારી માન્યતાથી વિરુદ્ધ પોતાના અલ્લાહના બંદા હોવાનો ઇકરાર કરી રહ્યા છે અને તમારા આક્ષેપથી પોતે કાંઈ લેવા-દેવા ન હોવાનું જાહેર કરી રહ્યા છે. *(ઇબ્ને કષીર)*

فَلَمَّا تَوَفَّيْتَنِي كُنْتَ اَنْتَ الرَّقِيْبَ عَلَيْهِمْ ط હઝરત ઈસા (અલૈ.)ની વફાત અથવા આસમાન તરફ તેમના ઉઠાવી લેવા વગેરેની ચર્ચા સૂરએ આલિ ઇમ્રાનની આયત اِنِّىْ مُتَوَفِّيْكَ وَرَافِعُكَ (૩ : ૫૫) હેઠળ પસાર થઈ ચૂકી છે, ત્યાં વાંચી લેવામાં આવે. فَلَمَّا تَوَفَّيْتَنِي આ આયતને હઝરત ઈસા (અલૈ.)ની વફાતની અને તેમના આસમાન તરફ ઉઠાવી લેવા વિશેની ઇન્કારની દલીલ બનાવવી સાચું નથી. એટલા માટે કે આ ચર્ચા કયામતના દિવસે થશે અને તે સમયે આસમાનથી નાઝિલ થયા બાદ તેમને વાસ્તવિક મૌત આવી ચૂકી હશે. આથી ઇબ્ને કષીરે હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)ની રિવાયતથી એક હદીષ નકલ કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, જ્યારે કયામતનો દિવસ આવશે તો અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતોને બોલાવવામાં આવશે, પછી હઝરત ઈસા (અલૈ.)ને બોલાવવામાં આવશે, ત્યારબાદ અલ્લાહ તઆલા તેમને પોતાની નેઅ્મતો યાદ અપાવશે અને તેમને પોતાની નજીક કરીને ફરમાવશે કે, "હે મરયમના બેટા ઈસા (અલૈ.) ! اُذْكُرْ نِعْمَتِىْ عَلَيْكَ وَعَلٰى وَالِدَتِكَ " અહીંયાં સુધી કહીને ફરમાવશે يٰعِيْسَى ابْنَ مَرْيَمَ ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ اتَّخِذُوْنِىْ وَاُمِّىَ اِلٰهَيْنِ مِنْ دُوْنِ اللّٰهِ ઈસા (અલૈ.) ઇન્કાર કરશે કે, "પરવરદિગાર મેં આવું નથી કહ્યું." પછી નસારાને સવાલ કરવામાં આવશે, તો એ લોકો કહેશે કે, "હા ! તેમણે અમને આ જ હુકમ આપ્યો હતો." ત્યારબાદ તેમને દોઝખ તરફ હાંકવામાં આવશે.

અલ્લાહ તઆલાનો ઇરશાદ છે, اِنْ تُعَذِّبْهُمْ فَاِنَّهُمْ عِبَادُكَ એટલે કે, "(હે પરવરદિગાર !) તું પોતાના બંદાઓ ઉપર જુલમ અને બિનજરૂરી સખતી નથી કરી શકતો." આથી જો તેમને સજા આપીશ તો તે બિલકુલ ન્યાયોચિત જ હશે અને ધારી લો કે, મા'ફ કરી આપીશ તો આ મા'ફી પણ અયોગ્ય નહીં હોય.

કારણ કે, તું જબરદસ્ત અને છવાયેલો છે. એટલા માટે કોઈ અપરાધી તારા કાબૂ બહાર નીકળીને ભાગી નથી શકતો કે, તેના ઉપર તારો કોઈ કાબૂ જ ન રહે અને કારણ કે, તું હિકમતવાળો પણ છે. એટલા માટે એ પણ શક્ય નથી કે, કોઈ અપરાધીને અમસ્તો જ છોડી દેવામાં આવે. મતલબ કે, જે ફેંસલો તું તે અપરાધીઓના હકમાં કરીશ તે બિલકુલ હિકમતપૂર્ણ અને શક્તિ મુજબ ન્યાયપૂર્ણ જ હશે. હઝરત ઈસા (અલૈ.)નો આ વાર્તાલાપ કારણ કે, મહશરમાં થશે જ્યાં કાફિરોના હકમાં કોઈ સિફારશ અને દુઆ અથવા દયા વગેરેની માંગણી નથી થઈ શકતી. એટલા માટે હઝરત મસીહ (અલૈ.)એ عَزِيزٌ حَكِيمٌ (અઝીઝુન હકીમ)ની જગ્યાએ غَفُورٌ رَّحِيمٌ (ગફૂરુર્રહીમ) વગેરે સિફતોને ન અપનાવી, તેનાથી વિપરીત હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ દુનિયામાં પરવરદિગાર પાસે વિનંતી કરી હતી إِنَّهُنَّ أَضْلَلْنَ كَثِيرًا مِّنَ النَّاسِ فَمَن تَبِعَنِي فَإِنَّهُ مِنِّي وَمَنْ عَصَانِي فَإِنَّكَ غَفُورٌ رَّحِيمٌ (૧૪ : ૩૬) "હે પરવરદિગાર ! આ મૂર્તિઓએ ઘણા બધા મનુષ્યોને ગુમરાહ કરી દીધા, તો જે તેમનામાંથી મારા તાબે'દાર હોય, તે મારો માણસ છે અને જેણે મારી નાફરમાની કરી, તો પછી તું મહાકૃપાળુ દયાળુ છે." એટલે કે, હજુ મોકો છે કે, તું પોતાની રહમતથી આવનારા સમયમાં તેમને તવબહ અને સત્ય તરફ આવવાની તવફીક આપીને તેમના પાછલા ગુનાહો મા'ફ ફરમાવી આપ. *(ફવાઈદે ઉસ્માની)*

ઇબ્ને કષીર (રહ.)એ અબૂ ઝર ગિફારી (રહ.)થી નકલ કર્યું છે કે, "રસૂલે કરીમ ﷺ એક વખતે આખી રાત એક જ આયત પઢતા રહ્યા અને તે આયત إِن تُعَذِّبْهُمْ فَإِنَّهُمْ عِبَادُكَ છે. પછી જ્યારે સવાર થઈ, ત્યારે મેં વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! આપ આ જ આયત પઢતા રહ્યા રુકૂઅ્ તેનાથી જ અને સિજ્દહ તેનાથી જ કરતા રહ્યા, એટલે સુધી કે સવાર થઈ ગઈ, તો ફરમાવ્યું કે, મેં મારા પરવરદિગાર પાસે મારા માટે શફાઅત (સિફારસ)ની દરખાસ્ત કરી, તો મને (શફાઅત) અર્પણ કરવામાં આવી અને તે ઇન્શાઅલ્લાહ તઆલા એવા વ્યક્તિ માટે મળવાની છે, જેણે અલ્લાહ તઆલા સાથે કોઈ વસ્તુને ભાગીદાર ન ઠરાવી હોય."

બીજી રિવાયતમાં આવે છે કે, "રસૂલે કરીમ ﷺએ પ્રસ્તુત આયત પઢીને આસમાન તરફ હાથ ઉઠાવ્યા અને કહ્યું, اَللّٰهُمَّ أُمَّتِي એટલે કે, "મારા પાક

પરવરદિગાર ! મારી ઉમ્મત તરફ કૃપાની દૃષ્ટિ નાંખ" અને પછી રસૂલે કરીમ ﷺ રડવા લાગ્યા, આથી અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ (અલૈ.) દ્વારા રડવાનું કારણ પૂછયું, તો રસૂલે કરીમ ﷺએ જિબ્રઈલ અમીન (અલૈ.)ને પોતાના પ્રસ્તુત નિવેદનની જાણકારી આપી. એના ઉપર અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ (અલૈ.)ને ફરમાવ્યું કે, પાછા જાઓ અને (હઝરત) મુહમ્મદ (ﷺ)ને કહી આપો કે, અમે ઘણા જ જલદી તમને તમારી ઉમ્મત વિશે રાજી કરી આપીશું અને તમને નાખુશ નહીં કરીએ."

આયતો : (સૂરએ માઇદહ : આયત નં. ૧૧૯-૧૨૦)

قَالَ اللّٰهُ هٰذَا يَوْمُ يَنْفَعُ الصّٰدِقِيْنَ صِدْقُهُمْ ؕ لَهُمْ جَنّٰتٌ تَجْرِىْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ رَضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿١١٩﴾
لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا فِيْهِنَّ ؕ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿١٢٠﴾ ع

તરજુમો :

અલ્લાહે ફરમાવ્યું, આ દિવસ છે કે સાચાઓને તેમનું સત્ય કામ આવશે, તેમના માટે બગીચા છે જેના નીચે નહેરો વહે છે, તેમાં જ હંમેશા રહ્યા કરશે, અલ્લાહ તેમનાથી રાજી થયો અને તેઓ એનાથી રાજી થયા, આ જ છે મોટી સફળતા. (૧૧૯) અલ્લાહના જ માટે સલતનત છે આસમાનોની અને જમીનની અને જે કંઈ તેના મધ્યમાં છે, અને તે દરેક વસ્તુ ઉપર કાદિર (કાબૂ ધરાવનાર) છે. (૧૨૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર બંને રુકૂઅમાં કયામતના દિવસે બધા જ અમલો અને સમગ્ર જીવન દરમિયાન કરેલ પ્રવૃત્તિઓનો હિસાબ-કિતાબ અને સવાલ-જવાબ થવાનું વર્ણન હતું. હવે, આગળ આ જ તપાસ અને હિસાબના પરિણામનો ઉલ્લેખ કરવામાં આવે છે.

તફસીર :

(તે બધો જ વાર્તાલાપ જે ઉપર વર્ણન થયો, ત્યારબાદ) અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવશે કે, આ (કયામતનો દિવસ) તે દિવસ છે કે જે લોકો (દુનિયામાં અકીદાઓ, પ્રવૃત્તિઓ અને મૌખિક નિવેદનોમાં) સાચા હતા (કે તેઓનું સાચા હોવું જાહેર થઈ રહ્યું છે, જેમાં અંબિયા અલૈ. છે કે, જેમને સંબોધન થઈ રહ્યું છે અને મો'મિનો જેમના ઈમાનની અંબિયા અલૈ. અને ફરિશ્તાઓ ગવાહી આપી રહ્યા છે, બધા જ સામેલ છે અને તેમાં રસૂલના સમર્થન અને ખરાઈનો ઈશારો તથા હઝરત ઈસા અલૈ.ના સમર્થન તરફ પણ ઈશારો થયો છે અને તેઓ પણ આ સંબોધનમાં સામેલ છે. મતલબ કે, આ બધા લોકો જેઓ દુનિયામાં સાચા હતા) તેમનું સાચા હોવું (આજે) તેમના કામ લાગશે (અને તે કામ લાગવું એ છે કે) તેમને (જન્નતના) બગીચા (રહેવા માટે) મળશે, જેના (મહેલોની) નીચે નહેરો વહેતી હશે, જેમાં તેઓ સદાકાળ રહેશે (અને આ નેઅ્મતો કેમ ન મળે ? કારણ કે) અલ્લાહ તઆલા તેમનાથી રાજી અને ખુશ, અને તેઓ અલ્લાહ તઆલાથી રાજી અને ખુશ છે (અને જે વ્યક્તિથી અલ્લાહ રાજી-ખુશી હોય તેને આવી નેઅ્મતો મળે છે) આ (જે કંઈ વર્ણન થયું તે) મહાન સફળતા છે (કે દુનિયાની કોઈ સફળતા આ સફળતાના તોલે આવી શકતી નથી).

મસ્અલા અને બોધપાઠ :

قَالَ اللّٰهُ هٰذَا يَوْمُ يَنْفَعُ الصّٰدِقِيْنَ صِدْقُهُمْ સામાન્ય રીતે વાસ્તવિક પરિસ્થિતિ અનુસારની પ્રવૃત્તિને સચ્ચાઈ અને તેનાથી વિપરીત અને વિરોધી બાબતને જૂઠ કહેવામાં આવે છે. પરંતુ કુર્આન અને સુન્નતથી જાણ થાય છે કે, સાચ અને જૂઠ આચાર-વિચાર બંનેમાં હોય છે. એટલે કે, તેના માપદંડમાં વ્યક્તિનું નિવેદન અને આચરણ બંને સામેલ છે, એટલા માટે આ હદીષમાં વાસ્તવિકતાના વિરોધી આચરણને જૂઠ કહેવામાં આવ્યું છે.

مَنْ تَحَلّٰى بِمَا لَمْ يُعْطَ كَانَ كَلَابِسِ ثَوْبَىْ زُوْرٍ (مِشْكوٰة)

"જો કોઈ પોતાને એવા ઘરેણાથી શણગારે જે તેને આપવામાં આવ્યા નથી, એટલે કોઈ એવા ગુણ અથવા અમલનો દા'વો કરે જે તેનામાં નથી, તો જાણે કે તેણે જૂઠના બે કપડાં પહેર્યાં." *(મિશ્કાત)*

એક બીજી હદીષમાં જાહેર અથવા એકાંતમાં સારી નમાઝ પઢનારને સાચો બંદો કહેવામાં આવ્યો છે. ઈરશાદ છે,

اِنَّ الْعَبْدَ اِذَا صَلّٰى فِى الْعَلَانِيَةِ فَاَحْسَنَ وَصَلّٰى فِى السِّرِّ فَاَحْسَنَ قَالَ اللّٰهُ تَعَالٰى

هٰذَا عَبْدِىْ حَقًّا (مِشْكوٰة)

"જે વ્યક્તિ જાહેરમાં સારી રીતે નમાઝ પઢે છે અને એકાંતમાં પણ એવી જ રીતે અદા કરે છે, તો આવા વ્યક્તિ વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે કે, તે મારો સાચો બંદો છે." *(મિશ્કાત)*

رَضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ એટલે કે, અલ્લાહ તેમનાથી જ રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા અને એક હદીષમાં આવે છે કે, જન્નત મળ્યા પછી અલ્લાહ તઆલા ફરમાવશે, સૌથી મોટી નેઅ્મત એ છે કે, હું તમારાથી રાજી છું. હવે, કદાપિ તમારાથી નારાજ નહીં થાઉં.

ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ એટલે કે, આ જ સૌથી મોટી સફળતા છે. દેખીતું છે કે, આનાથી વધીને બીજી કઈ સફળતા હશે કે, સૃષ્ટિનો સર્જનહાર અને માલિક અલ્લાહ જલ્લ જલાલુહુ રાજી થઈ જાય ! فَلِلّٰهِ الْحَمْدُ اَوَّلَهٗ وَاٰخِرَهٗ

અલ્હમ્દુલિલ્લાહ સૂરએ માઈદહ પૂરી થઈ.

તારીખ : ૩૧ માર્ચ ૨૦૦૯ બમુતાબિક ૪ રબિઉલ આખર ૧૪૩૦ હિજરી.

મૂળ તફસીરકાર : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)

ગુજરાતી અનુવાદ : ઈલ્યાસ પટેલ ખાનપુરી

□□□□□□□□□

અલ્હમ્દુલિલ્લાહ !

ત્રીજી જિલ્દ (ભાગ-૩)

સમાપ્ત

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

૨૦/૧૦/૨૦૧૩

૪/૧૨/૧૪૩૪

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

કિતાબનું નામ : **મઆરિફુલ કુર્આન (ગુજરાતી)**

ભાગ : ૩ (ત્રીજો)

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)
૪૬, રહમત નગર સોસાયટી,
આબાદ નગરની મસ્જિદ સામે,
બાયપાસ રોડ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ –૩૯૨૧૫૦
ફોન નં. (૦૨૬૪૪) ૨૨૧૪૮૬, મો. ૯૮૯૮૭૯૭૩૯૪

પ્રત સંખ્યા : ૧૧૦૦ (અગિયારસો)

પ્રકાશક : હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહબ (દા.બ.)
સ્થાપક તથા મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ,
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ,
(ગુજરાત–ઈન્ડિયા)
ફોન નં.: (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨
પ્રેસિડેંટ : મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલઃ લંડન–યુ.કે.
પ્રેસિડેંટ : મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત (લંડન–યુ.કે.)

પ્રકાશન વર્ષ : જાન્યુઆરી ૨૦૧૨, રબિઊલ અવ્વલ ૧૪૩૩ હિજરી

હદિયો :

ટાઇપ સેટિંગ : સફવાન ઈલ્યાસ પટેલ (ખાનપુરી)
સાલેહ પ્રિન્ટર્સ, મો. ૭૫૬૭૯૩૪૪૩૬

Printed By : Rabbani Offset Printers, Motia Park, Bhopal.
Mo. 09303137321, (O) (0755) 3064655

મેળવવાનું સ્થળ

:: ઇન્ડિયામાં ::

જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ
ફોન નંબર :
(૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨

:: ઇંગ્લેન્ડમાં ::

Maulana Ismail Bhuta
101, Windsor Road,
London E7 ORA (U.K.)
Ph. (Fax) 020 8471 7866



કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

મઆરિફુલ કુર્આન

ગુજરાતી


મૂળ લેખક

હઝરત મવલાના મુફ્તી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

અનુવાદક

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)





પ્રકાશક

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ, ગુજરાત (ઇન્ડિયા)